
# પરમાત્મ પ્રકાશ પ્રવચન

ભાગ-૫





ॐ

श्री सिद्ध परमात्मने नमः।
श्री सीमंधरदेवाय नमः।
श्री सद्गुरुदेवाय नमः।
श्री निजशुद्धात्माने नमः।

# પરમાત્મપ્રકાશ પ્રવચન

## ભાગ–૫

**અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**શ્રી પરમાત્મપ્રકાશ ગાથા ૪૧ થી ૭૯ સુધીના**
**સ્વાનુભવ મુદ્રિત ૩૨ અક્ષરશઃ પ્રવચનો**


**પ્રકાશન તથા પ્રાપ્તિસ્થાન**
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
''સ્વરુચિ'' બંગલો, નિર્મલા કોન્વેન્ટ રોડ,
સવાણી હોલવાળી શેરીમાં–યોગી નિકેતન પ્લોટ,
રાજકોટ–૩૬૦૦૦૭
મો.૯૩૭૪૧૦૦૫૦૮, ૯૪૨૮૦૦૪૯૭૨

| વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|
| ૨૫૪૬ | ૨૦૭૬ | ૨૦૨૦ |

**પ્રકાશન**

**ઉત્તમ ક્ષમાવણી પર્વ**

**ભાદરવા વદ ૧, તા.૩-૯-૨૦૨૦**

**પ્રથમ આવૃતિ : ૫૦૦**

**કિંમત : સ્વાધ્યાય**

**પ્રાપ્તિસ્થાન**

(૧) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ
જી. ભાવનગર - ૩૬૪૨૫૦, ફોન-(૦૨૮૪૬)૨૪૪૩૩૪

(૨) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, રાજકોટ
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ-૩૬૦૦૦૧

(૩) શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ, રાજકોટ
'સ્વરુચિ' બંગલો, નિર્મલા કોન્વેન્ટ રોડ, સવાણી હોલની શેરીમાં,
યોગી નિકેતન પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૭, મો.૯૩૭૪૧૦૦૫૦૮

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
પ્લોટ નં.૧૯૨૪/બી-૬,
શાંતિનાથ બંગલોઝ
શશીપ્રભુ માર્ગ, રૂપાણીસર્કલ પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,
ડો. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧
મો.૯૮૨૫૦૭૫૦૬૧

# પ્રસ્તાવના

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામી દ્વારા પ્રવર્તમાન જિનશાસન અખંડ મોક્ષમાર્ગથી આજે પણ સુશોભિત છે. તેમની દિવ્યધ્વનિમાં પ્રકાશિત થયેલ મોક્ષમાર્ગ ત્યારબાદ થયેલ અનેક આચાર્યો તથા સંતો દ્વારા અખંડપણે પ્રકાશિત થઈ રહ્યો છે. આચાર્યોની પરંપરાનો ઈતિહાસ જોવામાં આવે તો શ્રી યોગીન્દુદેવ ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં થયા. તેઓશ્રીએ સ્વયંની સાતિશય અનુભવલેખની દ્વારા અનેક મહાન પરમાગમોની રચના કરી. તેઓશ્રીએ સ્વાનુભવદર્પણ, પરમાત્મપ્રકાશ, યોગસાર, દોહાપાહુડ ઈત્યાદિ અનેક વીતરાગી ગ્રંથોની રચના કરી છે. પરમાત્મ પ્રકાશ ગ્રંથ તેઓશ્રીની જ કૃતિ છે. આ ગ્રંથમાં તેઓશ્રીની સ્વરૂપની ભાવના તથા તેના આશ્રયે ઉત્પન્ન થયેલ સ્વસંવેદનજ્ઞાન, વીતરાગી અતીન્દ્રિય સુખનો રસ પ્રત્યેક ગાથામાં નીતરે છે. ભવ્ય જીવોના હિતાર્થે થયેલ ગ્રંથરચના પાઠકવર્ગને પણ અત્યંત રસ ઉત્પન્ન થવાનું નિમિત્ત થાય છે. તેઓશ્રીની લેખનીમાં દ્રવ્યદૃષ્ટિનું જોર દર્શાવતી અનેક ગાથાઓ ગ્રંથમાં જોવામાં આવે છે.

પરમાત્મ પ્રકાશ ગ્રંથના ટીકાકાર શ્રી બ્રહ્મદેવજી પણ અધ્યાત્મરસિક મહાન આચાર્ય હતા. તેઓનું મૂળ નામ 'દેવ' અને બાલબ્રહ્મચારી હોવાથી બ્રહ્મચર્યનો ઘણો રંગ હોવાને લીધે 'બ્રહ્મ' એની ઉપાધિ જતાં 'બ્રહ્મદેવ' નામ પડેલ હતું. તેઓ ઈ.સ. ૧૦૭૦થી ૧૧૧૦ના અરસામાં થયેલ હોવાનું માનવામાં આવે છે. પંડિત દૌલતરામજીએ સંસ્કૃત ટીકાનો આધાર લઈ અન્વયાર્થ તથા તેમના સમયની પ્રચલિત દેશભાષા ઢુંઢારીમાં સુબોધ ટીકા રચેલ છે. ગ્રંથ બે મહાઅધિકારોમાં વિભાજીત થયેલ છે. આત્મા પરમાત્મા કઈ રીતે થાય તેનું અત્યંત સુંદર વર્ણન જોવામાં આવે છે. પ્રથમ અધિકારમાં ભેદવિવિક્ષાથી આત્મા-બહિર્‌આત્મા, અંતરઆત્મા અને પરમાત્મા એમ ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. દરેક સંસારી જીવે ભેદજ્ઞાન નિરંતર ભાવવું જોઈએ તેનું વિસ્તારથી વર્ણન કરી પરમાત્મા થવાની ભાવના બતાવી છે. દ્વિતીય અધિકારમાં પ્રથમ મોક્ષ અને મોક્ષના ફળની રુચિ થવા અર્થે સર્વપ્રથમ મોક્ષ અને મોક્ષના ફળનું સ્વરૂપ બતાવેલ છે.

પ્રવર્તમાન શાસનમાં આપણા સૌના પરમતારણહાર ભાવિતીર્થાધિનાથ શાસન દિવાકર અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ લુપ્તપ્રાયઃ થયેલ અખંડ મોક્ષમાર્ગને ફરીને જાગૃત કરી ભરતક્ષેત્રના જીવો પર અવિસ્મરણીય અનંત ઉપકાર કર્યો છે. જન્મ-મરણથી મુક્ત થવું અને સાદિઅનંત સ્વરૂપસુખમાં બિરાજમાન થવાનો માર્ગ પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંબુદ્ધત્વ યોગ પ્રગટ કરી પ્રકાશિત કર્યો છે. તેઓશ્રીનો આ કાળમાં ઉદય એ

એક એવી અપૂર્વ ઘટના છે, જેમ સૂર્ય પ્રકાશિત થતાં કમળો ખીલી ઉઠે છે, તેવી જ રીતે ભવ્ય જીવોનો આત્મા રસવિભોર થઈ પુલકિત થઈ ખીલી ઉઠે છે. અનેક જીવો મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા પ્રત્યે પ્રયત્નશીલ બન્યા છે. અને પંચમ કાળના છેડા સુધી તેમના દ્વારા પ્રસ્થાપિત મોક્ષમાર્ગ અખંડપણે ચાલતો રહેશે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક અધ્યાત્મ શાસ્ત્રો ઉપર અનુભવરસ ઝરતા પ્રવચનો કરેલ છે. તેમાંનો એક ગ્રંથ છે-પરમાત્મ પ્રકાશ. પ્રસ્તુત ગ્રંથ ઉપરના પ્રવચનો ડી.વી.ડી.માં આજે મોજૂદ છે, તે સાંભળતા તેઓશ્રીની અમીરસ ઝરતી વાણીના દર્શન થાય છે. તેઓશ્રીના પ્રત્યેક પ્રવચનોમાં અનેક પડખેથી આત્મસ્વરૂપને પ્રકાશતું તત્ત્વ પ્રકાશમાન થાય છે. તેઓશ્રીના ઉગ્ર અધ્યાત્મપરિણતિના દર્શન વાણી દ્વારા થઈ શકે છે. પૂર્વાપર અવિરોધ વાણી, અનુભવશીલપણું, આત્માને સતત જાગૃત કરનાર વાણીનો લ્હાવો જેમણે પ્રત્યક્ષ લીધો છે તેઓ ધન્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કોઈપણ પ્રકારના સંસ્કૃત, વ્યાકરણના અભ્યાસ વિના આચાર્યોના હૃદય ખોલીને જે અનુપમ ભાવો તેમણે જગત સમક્ષ પ્રકાશિત કર્યા છે તે અલૌકિક છે! સ્વલક્ષે સ્વયંના ભાવો સાથે મેળવીને તેને સમજવામાં આવે તો તે એક અપૂર્વ કલ્યાણનું કારણ છે. પૂજ્ય ગુરુદેવશ્રી માટે કે તેમની વાણી માટે કંઈ પણ કહેવું, લખવું કે બોલવું તે સૂર્યને દીપક બતાવવા સમાન છે. તેમ છતાં તેઓશ્રીનો અમાપ ઉપકાર હૃદયગત થતાં શબ્દો તેની મેળાએ જ ભક્તિભાવથી નીકળી પડે છે. તેઓશ્રીના ઉપકારનો બદલો તો કોઈ રીતે વાળી શકાય તેમ નથી, માત્ર તેમના દ્વારા પ્રકાશિત પંથ ઉપર શુદ્ધ ભાવનાથી પ્રયાણ કરીએ તે જ ભાવના છે.

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સ્થાપિત અનેક જિનમંદિરોમાં આજે તેમના પ્રવચનો નિમયિતપણે સંભળાઈ રહ્યાં છે. અનેક મુમુક્ષુઓ તેનો લાભ લઈ મોક્ષમાર્ગમાં આરૂઢ થવા પ્રયત્નશીલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી ગ્રંથારૂઢ થાય તેવી સૌ કોઈની ભાવના હોવાથી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનોને શબ્દશઃ ગ્રંથારૂઢ કરવાના નિર્ણયના ફળસ્વરૂપે પરમાત્મ પ્રકાશ ગ્રંથ ઉપરના પ્રવચનોનો પ્રથમ ભાગ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આવું સૌભાગ્ય પ્રાપ્ત થયું તેનું શ્રેય પણ પૂજ્ય ગુરુદેવશ્રીને જ જાય છે.

તેઓશ્રીની સાતિશય વાણી નિત્ય શ્રવણ કરવી તે અપૂર્વ સૌભાગ્ય છે. આજે અનેક જિનમંદિરોમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સી.ડી. પ્રવચનો સાંભળતી વખતે મુમુક્ષુઓ તેમના અક્ષરશઃ પ્રવચનોને સાંભળવાનો લાભ લઈ રહ્યા છે. અનેક મુમુક્ષુજીવોની ભાવના હોવાથી પરમાત્મ પ્રકાશ ગ્રંથ ઉપરના પ્રવચનો પ્રકાશિત કરવાનો અમારા ટ્રસ્ટે નિર્ણય લીધો. પૂજ્ય ગુરુદેવશ્રીના આ ગ્રંથ ઉપર બે વખત પ્રવચનો થયા છે. તેમાંના ઈ.સ. ૧૯૭૬-૭૭માં થયેલાં કુલ ૨૪૫ પ્રવચનોને આઠ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવના છે. પ્રવચનોને સૌપ્રથમ સાંભળીને કમ્પ્યુટરમાં ઉતારી લેવામાં આવે છે. ત્યારબાદ તેને સાંભળીને જ્યાં વાક્યો પૂર્ણ જરૂર લાગી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. જે ગાથા ઉપરના પ્રવચન ઉપલબ્ધ ન હોય

અથવા ખૂટતા હોય તો તેને આ પહેલાં ચાલેલા પ્રવચનોમાંથી લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં થયાં છે તેમને ગુજરાતીમાં અનુવાદિત કર્યા છે. આ પ્રવચનોના પ્રથમ પ્રુફને તપાસતી વખતે ફરીથી તેને સાંભળીને તપાસવામાં આવે છે. ત્યારબાદ પ્રેસ ઉપર પ્રકાશન અર્થે મોકલવામાં આવે છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવો તથા યથાવત જળવાઈ રહે તેની પૂર્ણ ચીવટ રાખવાનો પ્રયત્ન કરેલ છે. તેમ છતાં પ્રમાદવશ ક્યાંય ચૂક રહી જવા પામી હોય તો વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે શુદ્ધ અંતઃકરણથી ક્ષમા યાચીએ છીએ. પાઠકવર્ગને કોઈ ક્ષતિ લક્ષગોચર થાય તો તેઓને વિનંતી છે કે તેની જાણ કરે, જેથી બીજી આવૃત્તિના પ્રકાશન વખતે તે ચૂક નિવારી શકાય.

આ અક્ષરશઃ પ્રવચનો ડી.વી.ડી. ઉપરથી કમ્પ્યૂટરાઈઝડ કરવાનું કાર્ય **શ્રી નિલેષભાઈ જૈન-ભાવનગર** દ્વારા તથા દરેક પ્રવચનોને સાંભળી-વાંચીને ચેક કરવાનું કાર્ય **શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ, શ્રી મણીભાઈ ગાલા, દેવલાલી તથા અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ** છે, તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપરના સંપૂર્ણ પ્રવચન છપાવવા માટેની દાનરાશી **શ્રી ખારા પરિવાર – વિશાખાપટ્ટનમ દ્વારા સ્વ. શ્રી શશીકાંતભાઈ ખારાના સ્મરણાર્થે આપવામાં આવેલ છે.** તેની આવી ઉદાર ભાવના અને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની સમર્પણતા બદલ ટ્રસ્ટ તેમનો આભાર વ્યક્ત કરે છે.

અંતમા જિનેન્દ્ર પરમાત્મા, સર્વ આચાર્ય ભગવંતો, જ્ઞાની સદ્‌ગુરુ પરમપુરુષના ઉપકારને હૃદયગત કરી, તેમના ચરણોમાં ફરી ફરી વંદન કરી તેઓશ્રીના ચરણોમાં નતમસ્તક થઈએ છીએ. સર્વ જીવો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીને વાંચી, સાંભળી આત્મકલ્યાણને પ્રાપ્ત થાય અને શાશ્વત સાદિઅનંત સમાધિસુખને પ્રાપ્ત થાય તે જ ભાવના.

આ પુસ્તક atmadharma.com તથા vitragvani.com. પર મૂકવામાં આવેલ છે.

**લિ. ટ્રસ્ટીગણ**

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ,**

**રાજકોટ**

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧૨૩ | ૦૩–૧૧–૧૯૭૬ | ૪૧–૪૨ | ૦૦૨ |
| ૧૨૪ | ૦૪–૧૧–૧૯૭૬ | ૪૨–૪૩ | ૦૧૩ |
| ૧૨૫ | ૦૫–૧૧–૧૯૭૬ | ૪૩ | ૦૨૯ |
| ૧૨૬ | ૦૬–૧૧–૧૯૭૬ | ૪૩–૪૪ | ૦૪૧ |
| ૧૨૭ | ૦૮–૧૦–૧૯૭૬ | ૪૫–૪૩–૧ | ૦૫૬ |
| ૧૨૮ | ૦૯–૧૧–૧૯૭૬ | ૪૬–૧ | ૦૭૧ |
| ૧૨૯ | ૧૦–૧૧–૧૯૭૬ | ૪૭– ૪૮ | ૦૮૪ |
| ૧૩૦ | ૧૧–૧૧–૧૯૭૬ | ૪૮–૪૯ | ૦૯૭ |
| ૧૩૧ | ૧૨–૧૧–૧૯૭૬ | ૪૯–૫૦ | ૧૧૧ |
| ૧૩૨ | ૧૩–૧૧–૧૯૭૬ | ૫૧ | ૧૨૬ |
| ૧૩૩ | ૧૪–૧૧–૧૯૭૬ | ૫૨ | ૧૪૨ |
| ૧૩૪ | ૧૬–૧૧–૧૯૭૬ | ૫૨–૫૩ | ૧૫૫ |
| ૧૩૫ | ૧૭–૧૧–૧૯૭૬ | ૫૩ થી ૫૫ | ૧૭૦ |
| ૧૩૬ | ૧૮–૧૧–૧૯૭૬ | ૫૫–૫૬ | ૧૮૫ |
| ૧૩૭ | ૧૯–૧૧–૧૯૭૬ | ૫૬ | ૧૯૯ |
| ૧૩૮ | ૨૦–૧૧–૧૯૭૬ | ૫૭ | ૨૧૪ |
| ૧૩૯ | ૨૧–૧૧–૧૯૭૬ | ૫૮ | ૨૨૯ |
| ૧૪૦ | ૨૩–૧૧–૧૯૭૬ | ૫૯–૬૦ | ૨૪૨ |
| ૧૪૧ | ૨૪–૧૧–૧૯૭૬ | ૬૧ | ૨૫૮ |
| ૧૪૨ | ૨૫–૧૧–૧૯૭૬ | ૬૧–૬૨ | ૨૭૦ |
| ૧૪૩ | ૨૬–૧૧–૧૯૭૬ | ૬૩–૬૪ | ૨૮૪ |
| ૧૪૪ | ૨૮–૧૧–૧૯૭૬ | ૬૪–૬૫ | ૨૯૮ |
| ૧૪૫ | ૨૮–૧૧–૧૯૭૬ | ૬૬–૬૭ | ૩૧૫ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| ૧૪૬ | ૩૦–૧૧–૧૯૭૬ | ૬૭ | ૩૩૧ |
| ૧૪૭ | ૦૧–૧૨–૧૯૭૬ | ૬૭–૬૮ | ૩૪૩ |
| ૧૪૮ | ૦૨–૧૨–૧૯૭૬ | ૬૯–૭૦ | ૩૫૮ |
| ૧૪૯ | ૦૩–૧૨–૧૯૭૬ | ૭૧–૭૨ | ૩૭૩ |
| ૧૫૦ | ૦૪–૧૨–૧૯૬૬ | ૭૨ થી ૭૪ | ૩૮૮ |
| ૧૫૧ | ૦૫–૧૨–૧૯૭૬ | ૭૪–૭૫ | ૪૦૨ |
| ૧૫૨ | ૦૭–૧૨–૧૯૭૬ | ૭૫–૭૬ | ૪૦૯ |
| ૧૫૩ | ૦૮–૧૨–૧૯૭૬ | ૭૬–૭૭ | ૪૨૧ |
| ૧૫૪ | ૦૯–૧૨–૧૯૭૬ | ૭૭ થી ૭૯ | ૪૩૩ |

# શ્રી સદ્‌ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

ॐ

।। श्री परमात्मने नमः ।।

श्रीमद्योगीन्दुदेवविरचितः

# પરમાત્મપ્રકાશ પ્રવચન

## ભાગ-૫

अथ यदा ज्ञानी जीव उपशाम्यति तदा संयतो भवति कामक्रोधादिकषाय[१] वशं गतः पुनरसंयतो भवतीति निश्चिनोति –

१६७) जाँवइ णाणिउ उवसमइ तामइ संजदु होइ।
होइ कसायहँ वसि गयउ जीउ असंजदु सो।।४१।।

यावत् ज्ञानी उपशाम्यति तावत् संयतो भवति।
भवति कषायाणां वशे गतः जीवः असंयतः स एव।।४१।।

जांवइ इत्यादि। जांवइ यदा काले णाणिउ ज्ञानी जीवः उवसमइ उपशाम्यति तामइ तदा काले संजदु होइ संयतो भवति। होइ भवति कसायहं वसि गयउ कषायवशं गतः जीउ जीवः। कथंभूतो भवति। असंजदु असंयतः। कोऽसौ। सोइ स एव पूर्वोक्तजीव इति। अयमत्र भावार्थः। अनाकुलत्वलक्षणस्य स्वशुद्धात्मभावनोत्थपारमार्थिकसुखस्यानुकूलपरमोपशमे यदा ज्ञानी तिष्ठति तदा संयतो भवति तद्विपरीत परमाकुलत्वोत्पादककामक्रोधादौ परिणतः पुनरसंयतो भवतीति। तथा चोक्तम् – 'अकसायं तु चरित्तं कषायवसगदो असंजदो होदि। उवसमइ जम्हि काले तक्काले संजदो होदि'।।४१।।

---

आगे ऐसा कहते हैं कि जिस समय ज्ञानी जीव शांतभावको धारण करता है, उसी समय संयमी होता है, तथा जब क्रोधादि कषायके वश होता है, तब असंयमी होता है –

**गाथा – ४१**

अन्वयार्थ :– [ यदा ] जिस समय [ ज्ञानी जीवः ] ज्ञानी जीव [ उपशाम्यति ] शांतभावको प्राप्त होता है, [ तदा ] उस समय [ संयतः भवति ] संयमी होता है, और [ कषायाणां ] क्रोधादि कषायोंके [ वशे गतः ] आधीन हुआ [ स एव ] वही जीव [ असंयतः ] असंयमी [ भवति ] होता है।

---

१. પાઠાન્તર :- वशं गत = संगतः

**भावार्थ :- आकुलता रहित निज शुद्धात्माकी भावनासे उत्पन्न हुआ निर्विकल्प (असली) सुखका कारण जो परम शांतभाव उसमें जिस समय ज्ञानी ठहरता है, उसी समय संयमी कहलाता है, और आत्मभावनामें परम आकुलताके उपजानेवाले काम क्रोधादिक अशुद्ध भावोंमें परिणमता हुआ जीव असंयमी होता है, इसमें कुछ संदेह नहीं है। ऐसा दूसरी जगह भी कहा है ' अकसायं' इत्यादि। अर्थात् कषायका जो अभाव है, वही चारित्र है, इसलिये कषायके आधीन हुआ जीव असंयमी होता है, और जब कषायोंको शांत करता है, तब संयमी कहलाता है।।४१।।**

---

**હવે, જે સમયે જ્ઞાની જીવ ઉપશમભાવમાં સ્થિત હોય છે તે સમયે સંયત હોય છે અને જે સમયે કામક્રોધાદિ કષાયને વશ હોય છે ત્યારે તે અસંયત હોય છે, એમ નક્કી કરે છે :**

**ભાવાર્થ : અનાકુળતા જેનું લક્ષણ છે એવા, સ્વશુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન પારમાર્થિક સુખને અનુકૂળ પરમ ઉપશમભાવમાં જ્યારે જ્ઞાની સ્થિત હોય છે ત્યારે તે સંયત હોય છે અને તેનાથી વિપરીત પરમાત્મામાં આકુળતાના ઉત્પાદક કામક્રોધાદિમાં પરિણમેલો હોય છે ત્યારે અસંયત હોય છે. કહ્યું પણ છે કે –**

**''अकसायं तु चरितं कसायवसगदो असंजदो होदि।।**
**उवसमइ जम्हि काले तक्काले संजदा होदि।।''**

**અર્થ : અકષાયભાવ (કષાયનો અભાવ) તે ચારિત્ર છે, કષાયને વશ થયેલો જીવ અસંયત હોય છે અને જે કાળે કષાયને ઉપશમાવે છે તે કાળે જીવ સંયત હોય છે. ૪૧.**

---

## વીર સંવત ૨૫૦૨, કારતક સુદ ૧૨, બુધવાર
## તા. ૦૩-૧૧-૧૯૭૬, ગાથા-૪૧,૪૨ પ્રવચન નં. ૧૨૩

'પરમાત્મપ્રકાશ' ૪૧ ગાથા. '**આગે ઐસા કહતે હૈં કિ જિસ સમય જ્ઞાની,** આહાહા..! **જીવ શાંતભાવકો ધારણ કરતા હૈ,...**' જે કાળે આત્મા આત્માને વશ થઈને શાંતિ પ્રગટ કરે છે ત્યારે તે સાધુ હોય છે. શાંતભાવ કહો—અકષાયભાવ (કહો). સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત જેને અકષાયભાવમાં વશ થવું ... એ ત્યાં સુધી સંયતિ છે. '**ઉસી સમય સંયમી હોતા હૈ,...**' આહાહા..! પંચમહાવ્રત પાળે છે એમ કરે માટે સંયમી (છે) એમ નહિ. આત્મામાં જે વીતરાગ અવિકારી સ્વભાવ (છે) એને વશ થઈને શાંતભાવ જેણે પ્રગટ કર્યો છે. આહાહા..! વ્યાખ્યા જુઓ! અઠ્યાવીશ મૂળગુણ પાળે એ સાધુપણું છે એમ નથી કહ્યું અહીંયાં. આહાહા..!

આત્મા વીતરાગસ્વરૂપે છે એને વશ થઈને કષાયનું વશપણું છોડી દઈને.. આહાહા..! જેણે અંદર શાંત સમતાભાવ, વીતરાગી આનંદના સ્વાદવાળી સ્થિરતા પ્રગટ કરી છે એને સંયત કહે છે. કહો, આ તો ભાષા.. પેલા કહે, અઠ્યાવીશ મૂળગુણ પાળે તો સાધુ. અઠ્યાવીશ મૂળગુણ પાળે તો સાધુ, એ વાત તો લીધી નહિ અહીંયાં.

ભગવાનઆત્મા અંદર કષાયને વશ ન થતાં (અકષાયભાવમાં રહે તે સાધુ છે). એ શુભભાવ છે એ કષાય છે. આહાહા..! એને વશ ન થતાં શાંતભાવ, આત્મા શાંતરસનો પિંડ-કંદ છે. શાંતરસ છે. અકષાય સ્વભાવની મૂર્તિ છે. એને આશ્રયે જે અકષાયભાવ પરિણમે છે એને અહીંયાં સંયતિ કહેવામાં આવે છે. મૂળ અહીંયાં આત્મા વીતરાગસ્વરૂપ છે એને આધીન થઈને જેણે અકષાયભાવ, શાંતભાવ પ્રગટ કર્યો છે. શાંત અકષાય વીતરાગ પરિણતિ (પ્રગટ થઈ છે) એને અહીંયાં સાધુ કહે છે. આ બધું બહારથી અત્યારે તો એ ચાલે છે આ પંચમહાવ્રત પાળે, અઠ્યાવીશ મૂળગુણ પાળે, સમતિ, ગુપ્તિ પાળે, ગૃહસ્થાશ્રમ છોડે એ સાધુ. 'દેવીલાલજી'! એવી વ્યાખ્યા તો અત્યાર સુધી સાંભળી છે. આ તો કહે છે, બાપુ! તને ખબર નથી. આહાહા..! સમ્યગ્દર્શન પણ આત્માને તાબે થયેલાને પ્રતીતિ થાય છે. તો સંયમ છે એ તો આત્માને તાબે થઈને અકષાય પરિણતિ—શાંતભાવ—સમભાવ, વીતરાગભાવ જે પ્રગટ કરે છે એને સંયત-મુનિપણું હોય છે. બધા વાંધા કાઢે ને.

'**તથા જબ ક્રોધાદિ કષાયકે વશ હોતા હૈ,...**' સ્વભાવની રુચિ છોડી, સ્વભાવનો આશ્રય છોડી અને રાગના કણરૂપ જે ક્રોધ, સ્વભાવથી વિરૂદ્ધ એ વિકારને વશ થાય છે એ અસંયતિ છે. આ કહે, છકાયની દયા પાળે તે સંયતિ છે. અને છકાયની દયા ન પાળે તે અસંયતિ છે. સંપ્રદાયમાં તો એમ ચાલે છે. 'જયસુખભાઈ'! આહાહા..! એ વાત સત્ય નથી. શાંત સ્વભાવ ભગવાન, જેમાં કષાયનો કણ નથી અને શાંતભાવની પૂર્ણતા પડી છે એવો જે આત્માનો સ્વભાવ, એને તાબે થઈને જેણે અકષાય શાંતભાવ પ્રગટ કર્યો છે અને એને રાગ હોવા છતાં રાગને તાબે થતો નથી, રાગને વશ થતો નથી. આહાહા..! એમ કહે છે. સમજાણું કાંઈ? એને પંચમહાવ્રત આદિના વિકલ્પ આવે પણ એને એ વશ થતો નથી. આહાહા..! કહો, 'મીઠાલાલજી'! વ્યાખ્યા તો જુદી જાતની છે. 'મુળચંદભાઈ'! નગ્નપણું, અઠ્યાવીશ મૂળગુણ પાળે, પંચમહાવ્રત પાળે એ ચારિત્ર, એ વ્યાખ્યા તો આવી નહિ. નગ્નપણું એ અજીવની પર્યાય, પંચમહાવ્રત એ કષાયની પર્યાય, એને જે તાબે (થાય), તેનો સ્વામી થાય એ તો અસંયમી છે. આહાહા..!

અહીં 'પરમાત્મપ્રકાશ' છે ને. એટલે પરમાત્મપ્રકાશ તે ભગવાનઆત્માનો સ્વભાવ પરમાત્મસ્વરૂપ જ છે. વીતરાગ અકષાય શાંતરસની મૂર્તિ પ્રભુ છે. એને વશ થઈને જેણે શાંતરસ પ્રગટ કર્યો... આહાહા..! જેણે સમભાવ, વીતરાગી પરમાનંદના રસમાં સ્વાદ ઉત્પન્ન કર્યા જેણે, (તે સંયત છે). આહાહા..! અહીં પહેલું એ લીધું કે વીતરાગી પરમાનંદનો એક સ્વભાવરસનો સ્વાદ તે સમભાવ, તે મુનિપણું. અહીંયાં ઉપશાંતભાવ તે મુનિપણું એમ સિદ્ધ કરે છે. ત્યાં આનંદની દશા જેણે પ્રગટ કરી છે... આહાહા..! અતીન્દ્રિય આનંદના

જેને વેદન વર્તે છે, રાગનું નહિ, એને અહીંયાં સંયત સાધુ કહે છે. અહીં કહે છે કે જેને ઉપશમભાવ અકષાયભાવ પ્રગટ થયો છે, તેને સંયત કહીએ અને રાગનો નાનામાં નાનો કણ હોય, પંચમહાવ્રતનો શુભરાગ (હોય) એને જે વશ થાય તે અસંયમી છે. આહાહા..! સમજાણું આમાં?

**'ક્રોધાદિ કષાયકે વશ હોતા હૈ,...'** આમ ભાષા સીધી છે, પણ એનો ભાવ ગૂઢ છે. ભગવાનઆત્મા વીતરાગમૂર્તિ છે એમાંથી જેણે વીતરાગરસ પ્રગટ કર્યો છે, એ ઉપશમરસમાં જ એ પડ્યો છે. આહાહા..! એને સંયત કહીએ. 'તારાચંદજી'! આ વ્યાખ્યા તો ક્યાંય (સાંભળી ન હોય). શ્વેતાંબરમાં તો પંચમહાવ્રત પાળે, નગ્ન થઈને લુગડા છોડે એટલે સાધુ. એ તો કયાંય આવ્યું નહિ આમાં. આહાહા..! જે આત્મા શાંત વીતરાગસ્વરૂપ, એને આધીન થાય તેને ઉપશમભાવ પ્રગટ થાય છે. અને એ આધીનપણું ત્યજીને રાગને આધીન થાય છે તે અસંયમી-અસંયત છે. આહાહા..! આકરી વાત, ભાઈ!

પંચમહાવ્રતના પરિણામ છે (તે) રાગ છે. રાગ છે તે ક્રોધ છે. સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે. આહાહા..! એને તાબે થાય છે. કષાયને વશ થાય છે. કષાય શબ્દે પંચમહાવ્રતના પરિણામ, સમિતિ, ગુપ્તિનો ભાવ એ બધો કષાય છે. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! એવું આ સાંભળ્યું હતું મુનિપણું આવું? તમે દીધે રાખતા હશો ન્યાં. આમ હોય ને તેમ હોય ને ફલાણું. મોઢા આગળ બેસાડે ને ભાષણ કરવા માટે. પણ જે જાણ્યું (હોય) એ કહે ને, બીજું ક્યાંથી કહે ઈ? આહાહા..! બે વાત. અકષાય સ્વભાવ શુદ્ધાત્મા એવો ભગવાન, એને તાબે થઈને, વશ થઈને જેણે વીતરાગી પર્યાય ઉપશમ પ્રગટ થયો તે સાધુ. અને જેને રાગનો કણ છે તેને તાબે થયો, એનો સ્વામી થયો, એને વશ થયો એ અસંયમી. આહાહા..! પંચમહાવ્રતના પરિણામ આવે ખરા, પણ એને વશ થઈ જાય એ અસંયમી છે, એમ કહે છે. એટલે અને (જેનો) આત્મા અકષાયસ્વભાવને વશ થયો છે. આહાહા..! એને અહીંયાં ઉપશમભાવ એટલે સાધુ કહે છે. સમજાય છે?

વીતરાગી સ્વભાવ આત્માનો અને વીતરાગી માર્ગ ભગવાન એ વીતરાગી પરિણામ આત્માને આધીન ઉત્પન્ન થાય તેને અહીંયાં મોક્ષના માર્ગમાં સાધુ તરીકે કહે છે. પણ જે રાગને વશ થાય, રાગ હોય એ જુદી વાત છે, પણ એને તાબે થાય, આ ચીજ મારી છે અને મારું કર્તવ્ય છે... આહાહા..! એને અસંયમી કહેવામાં આવે છે. બાહ્યમાં નગ્ન હોય, હજારો રાણી છોડી હોય, પંચમહાવ્રત નિરતિચાર પાળતો હોય, પણ એ રાગને તાબે થઈ ગયો છે તે મિથ્યાદૃષ્ટિ અસંયમી છે એમ કહે છે. આહાહા..! ઝીણી વાતું બહુ, બાપુ! આહાહા..! એ કહેશે.

**૧૬૭) जाँवइ णाणिउ उवसमइ तामइ संजदु होइ।**
**होइ कसायहँ वसि गयउ जीउ असंजदु सो।।४१।।**

આહાહા..! કેટલી વાત! એ પંચમહાવ્રતના ભાવ પાળતો હોય, રાખતો હોય એ

રાગનો ભાવ છે એને તાબે થયો છે, એ મારું કર્તવ્ય છે અને એ મારી ફરજ છે કે મારે આ રાગ કરવો (જોઈએ), એ રાગને વશ થયેલો છે એ અસંયમી છે. એ પંચમહાવ્રત પાળતો હોય, નગ્ન મુનિ હોય, જંગલમાં વસતો હોય પણ જે રાગના કણને તાબે થયો છે તેને અસંયમી કહે છે. આહાહા..! આમ વીતરાગનો માર્ગ છે. જિનવરદેવ-પરમેશ્વર, ગણધર અને ઈન્દ્રોની વચ્ચે આમ ફરમાવતા હતા એ આ વાણી છે. આહાહા..!

મુમુક્ષુ :- મહાવ્રત પાળે એટલે આચાર્ય થઈ જાય?

ઉત્તર :- અંદર અકષાયભાવ છે એ શાંતિ છે.

મુમુક્ષુ :- મહાવ્રત પાળે એટલે આચાર્ય થઈ જાય?

ઉત્તર :- મહાવ્રત પાળતો હોય છતાં એને વશ થાય તે અસંયમી છે. તાબે થયો, તાબેની વાત છે. આહાહા..! એ રાગનો કણ છે એ (કષાય છે). આ વીતરાગ માર્ગ છે. આહાહા..! વીતરાગમાર્ગમાં રાગને કણને વશ થઈ જાય છે એ અસંયમી છે.

મુમુક્ષુ :- ઉપાય તો છે ને?

ઉત્તર :- રખડવાનો ઉપાય છે. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

'પરમાત્મપ્રકાશ' છે. બીજી રીતે કહીએ તો એ પરમાત્મસ્વરૂપ અવિકારીસ્વરૂપ એ આત્મા. આત્મા શુદ્ધાત્મા તે પરમાત્મસ્વરૂપ તે આત્મા. એને તાબે થઈને જે શુદ્ધ પરિણતિ ઉપશમભાવ પ્રગટ કર્યો છે, વીતરાગી પરમ આનંદના રસના સ્વાદવાળો ભાવ પ્રગટ કર્યો છે.. આહાહા..! તેને સાધુ કહીએ, સંયમી કહીએ. પણ જે એ રાગને વશ પડ્યો (છે), એ નાનામાં નાનો કણ શુભરાગ (છે), એ અઠ્યાવીશ મૂળગુણ એ રાગ છે એને તાબે થઈ ગયો છે તે અસંયમી છે એમ કહે છે. આહાહા..! આ તો કોઈ દિ' સાંભળ્યું ન હોય એવી વાતું છે.

'**જિસ સમય...**' શબ્દ એમ છે ને? '**यदा**' '**यदा**'. આવે છે ને ગીતામાં? યદા-યદા. અહીં '**यदा**' એટલે જે સમયે. '**જિસ સમય જ્ઞાની,** આહાહા..! **જીવ શાંતભાવકો પ્રાપ્ત હોતા હૈ,...**' અકષાયભાવને પ્રાપ્ત થાય છે. આહાહા..! અકષાયભાવ એનું પરિણમન કરીને એને પ્રાપ્ત થયો છે. આહાહા..! '**ઉસ સમય સંયમી હોતા હૈ,...**' એ સમયે એ સંયમી છે, એ કાળે એ સંયમી છે. સમજાણું કાંઈ? ૪૧ ગાથા. '**ઔર ક્રોધાદિ કષાયોંકે આધીન હુઆ...**' ભારે, ભાઈ! આહાહા..! કષાયનો એક કણ છે પણ એને તાબે થઈ ગયો છે, એ તો અસંયમી છે. આહાહા..! જૈનનું સાધુપણું અલૌકિક છે. જૈનનું સાધુપણું-સંયતપણું અલૌકિક છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છોડી દીધું હતું, અસંયમી થઈ ગયા. અસંયમી હતા.

અહીં .. એ કષાયને વશ થયા નહોતા પણ કષાય ઉત્પન્ન થયો હતો. વશ થઈ જાય તો મિથ્યાદૃષ્ટિ છે. પણ કષાયની અસ્થિરતામાં જોડાઈ ગયા. દૃષ્ટિ તો સ્વભાવ ઉપર જ હતી. પણ કષાયની અસ્થિરતામાં જોડાઈ ગયા, અસંયતિ થઈ ગયા. અહીંયાં તો અસંયતિ, જ્ઞાની

સામે એને લીધો છે ને? '**જ્ઞાની જીવ શાંતભાવકો પ્રાપ્ત હોતા હૈ,...**' એની સામે અસંયમી લીધો. પણ એ અસંયમી .. ને એટલે શુભભાવ પણ .. છે.

મુમુક્ષુ :- એ તો મિથ્યાદૃષ્ટિ થયો.

ઉત્તર :- એમ જ છે. આહાહા..! 'નવલચંદભાઈ'! આવી વાતું છે.

મુમુક્ષુ :- આવું તો કો'ક જ કરી શકે.

ઉત્તર :- કો'ક કરે એ જ સાધુ. વીતરાગી સાધુ બાપા! કાંઈ સાધારણ વાત છે? આહાહા..! પરમેશ્વરપદ છે. પંચપરમેષ્ઠી છે ને? પંચપરમેષ્ઠી છે. જે સાધુને... તીર્થંકરના વજીર ગણધરદેવ જેને ચાર જ્ઞાન, ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં પ્રગટ કરે એવા ગણધર પણ જેને નમસ્કાર કરે. એ ગણધર પણ નમો લોએ સવ્વસાહૂણં. હે સંત! તારા ચરણમાં અમારો નમસ્કાર. એ સંતપણું કેવું હોય! સમજાણું કાંઈ?

જેને અકષાયભાવ.. આહાહા..! કેવી શૈલી લીધી છે! વસ્તુ ભગવાનઆત્મા અકષાયનો કંદ છે. આનંદકંદ કહો, અકષાયકંદ એ ચારિત્રનો. એમ. એ ચારિત્રના સ્વરૂપે બિરાજમાન છે. આત્મા વીતરાગી કહો, ચારિત્રસ્વરૂપ કહો, અકષાયસ્વરૂપ (કહો), ઉપશરસનો કંદ કહો, એવા આત્માને તાબે-વશ થઈને જેણે ઉપશમ ભાવ પ્રગટ કર્યો છે. હવે એ આત્મા કોણ છે એની ખબરું ન મળે અને ઉપશમભાવ ક્યાંથી આવે એને? આહાહા..! આત્માની વાત જ ન મળે. વાત તો આ કરો ને આ કરો ને આ કરો. વ્રત કરો, અપવાસ કરો. ઓલા કહે, જાત્રા કરો, ભક્તિ કરો. શેત્રુંજયની ૯૯ જાત્રા કરો. ૯૯ શું લાખ, કરોડ કર. ન્યાં ક્યાં ધર્મ હતો? એ તો શુભરાગ છે. એને તાબે થઈ જાય છે એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ? એ અસંયતિ છે અને તદ્દન રુચિ જ પલટી ગઈ છે માટે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અંતરના ભાવ ઉપર આધાર છે. કોઈ બાહ્યની ક્રિયા ઉપર આધાર નથી. આહાહા..! આવો માર્ગ વીતરાગનો. દિગંબર સંતો આમ કહે છે. આ દિગંબર સંત છે પોતે. 'યોગીન્દ્રદેવ' છે. નગ્ન મુનિ દિગંબર (છે). પંચ મહાવ્રતના વિકલ્પ છે, પણ અંદર ત્રણ કષાયના અભાવનું આનંદકંદનું મુનિપણું છે એને એ મુનિ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જંગલમાં વસનારા મુનિ થયા. અંદર આનંદના કંદમાં વસતા હતા એ. આહાહા..! એ વીતરાગીભાવની છોળું ઉછાળતા હતા અંદર. એને સંયતિ અને મુનિ કહીએ. અને જેને ગણધરનો નમસ્કાર પહોંચે. આહાહા..! અને જે કષાયનો કણ, ભલે એવી ને એવી પંચમહાવ્રતની ક્રિયા હોય, નગ્નપણું હોય, હજારો રાણી છોડી હોય, નિર્દોષ (આહાર લેતો હોય), એને માટે કરેલો આહાર ચોકા આદિથી પણ ન લેતો હોય. સમજાણું? ચોકા આદિનો જે આહાર લે છે એ તો અસંયમી છે જ. એ તો એને ઉદ્દેશિક આહાર છે, એ તો સંયમી નથી. આહાહા..! પણ (જે) નિર્દોષ આહાર લ્યે છે, પણ આહારનો જે ભાવ વિકલ્પ છે એને તાબે થઈને, વશ થઈને અકષાયભાવને ભૂલી જાય છે... સમજાણું કાંઈ? આહાહા..! એ અસંયમી છે.

**ભાવાર્થ :-** '**આકુળતા રહિત નિજ શુદ્ધાત્માકી ભાવનાસે...**' દેખો! આહાહા..! ભગવાનઆત્મા નિજ શુદ્ધાત્મા-આત્મા, એને આત્મા કહીએ. વિકલ્પ જે રાગ છે એ આત્મા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? પંચ મહાવ્રતનો વિકલ્પ છે એ અજીવ છે. એ આત્મા નથી. આહાહા..!

મુમુક્ષુ :- આત્મા નથી તો પુદ્‌ગલ છે?

ઉત્તર :- એ પુદ્‌ગલ જ છે. આસ્રવને પુદ્‌ગલના જ પરિણામ કહ્યા છે. આહાહા..!

એક કોર ભગવાનઆત્મા-એક કોર રામ અને એક કોર ગામ. એક કોર અવિકારી સ્વરૂપ ભગવાનઆત્મા અને એક બાજુ વિકલ્પથી માંડીને આખું જગત. એ આ જીવની અપેક્ષાએ બધા એ અજીવ છે. આહાહા..!

મુમુક્ષુ :- આ જીવ પણ અજીવ થયો બીજાની અપેક્ષાએ.

ઉત્તર :- એ પણ અજીવ થયો, એમ જ છે. એમાં શું છે? આ આત્મા શુદ્ધાત્મા સિવાય બધી ચીજોને અણાત્મા કીધી છે. આ આત્મા નથી માટે અણાત્મા. એનો ભલે આત્મા હોય. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમ જ છે.

કળશમાં આવ્યું નથી? આત્મા.. કળશમાં આવ્યું છે પહેલું. એની વ્યાખ્યા થઈ ગઈ છે. એક કોર ભગવાનઆત્મા, આહાહા..! છ દ્રવ્યથી ભિન્ન. કાલે આવ્યું ને? વિકલ્પથી ભિન્ન અને એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય એ પર્યાયથી પણ ભિન્ન. આહાહા..! એવો જે ભગવાનઆત્મા જેને 'સમયસાર'ની ૪૯મી ગાથામાં 'કુંદકુંદાચાર્યે' એમ કહ્યું કે '**છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી...**' ભિન્ન ભગવાનઆત્મા તે અવ્યક્ત છે. પહેલો બોલ છે. અવ્યક્તના છ બોલ છે. ૪૯મી ગાથા, 'સમયસાર'.

'**છ દ્રવ્યસ્વરૂપ લોક...**' એમાં ભગવાન પણ આવ્યા, સિદ્ધ આવ્યા, કેવળી આવ્યા, બધા આવ્યા. '**છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત...**' એટલે બાહ્ય છે. ભગવાનઆત્મા એ છ દ્રવ્ય જ્ઞેય અને વ્યક્તથી ભિન્ન છે. અવ્યક્ત છે એટલે પરથી ભિન્ન છે. એમ. આહાહા..! અરે..! તેથી 'ધર્મદાસ ક્ષુલ્લકે' એવું લખ્યું છે કે આત્મા સપ્તમ (દ્રવ્ય) હો જાતા હૈ. આહાહા..! એ ગાથાનો અર્થ કર્યો છે. આત્મા સપ્તમ હો જાતા હૈ. 'શાંતિભાઈ'! કોઈ દિ' સાંભળ્યું ન હોય. સાતમું (દ્રવ્ય) થઈ જાય છે એમ કહ્યું છે. એક કોર ભગવાનઆત્મા અને એક કોર આખું જગત. એ જગત અને આ જગતેશ બે તદ્દન (ભિન્ન) ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો એવી (વાત છે) કે '**આકુલતા રહિત નિજ શુદ્ધાત્માકી ભાવનાસે...**' અંતરમાં આનંદમાં એકાગ્રતા. અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાનમાં એકાગ્રતા. એનાથી '**ઉત્પન્ન હુઆ નિર્વિકલ્પ (અસલી) સુખકા...**' દેખો! આહાહા..! આકુળતા એટલે દુઃખના ભાવથી રહિત નિજ શુદ્ધાત્માની ભાવના. એનો અર્થ કે પરદ્રવ્ય તરફનો જેટલો વિકલ્પ છે

એ બધી આકુળતાને ઉત્પન્ન કરનાર છે. આહાહા..! એ ભગવાનની ભક્તિ અને ભગવાનની જાત્રાનો ભાવ આકુળતા છે-રાગ છે. આહાહા..! આવે ખરો. સમકિતીને પણ એ ભાવ આવે, પણ છે આકુળતા અને રાગ. આહાહા..! માર્ગ આ સાંભળ્યો જાય નહિ, સાંખ્યો જાય નહિ એવી વાત છે.

એ અહીં કહે છે, જુઓ! પર તરફના વલણવાળી આકુળતાથી રહિત. એમ. આ બાજુ વલણ છે ને? નિજ શુદ્ધાત્મા કહેવું છે ને? પરદ્રવ્યની ભાવનાના વિકલ્પથી રહિત, પરદ્રવ્યના વલણથી રહિત, પરદ્રવ્યમાં પછી ત્રણલોકના નાથ, સિદ્ધ કે પંચપરમેષ્ઠી, એ પરદ્રવ્યના વલણથી રહિત એટલે ... આહાહા..! એ આકુળતા રહિત એટલે પંચમહાવ્રતાદિના વિકલ્પથી રહિત. સમજાણું કાંઈ?

'**નિજ શુદ્ધાત્માકી ભાવના...**' નિજ શુદ્ધાત્મા પૂર્ણાનંદ પ્રભુ, એની એકાગ્રતા. આની (પરની) એકાગ્રતાથી ભિન્ન અને આમાં એકાગ્રતા. પરદ્રવ્યના વલણના વિકલ્પની એકાગ્રતાથી રહિત એટલે આકુળતાથી રહિત. આહાહા..! આત્માથી સહિત. આહાહા..! ભાઈ! વીતરાગ જિનેશ્વરનો માર્ગ, એમાં દિગંબર માર્ગ એ જ જૈનધર્મ છે. બાકી જૈનધર્મ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? 'બલુભાઈ'! ... કેમકે એ બધા રાગના પોષક છે. રાગથી ધર્મ મનાવવો, પાંચ મહાવ્રતથી અને એનાથી ધર્મ થાય, ચારિત્ર થાય. એ જૈનધર્મ જ નથી. અજૈનધર્મ છે.

અહીંયાં આચાર્યદેવ પોકારે છે. આહાહા..! પરદ્રવ્યના વલણવાળી વૃત્તિ છે તે આકુળતા છે. એ આકુળતાથી રહિત થઈને નિજ શુદ્ધાત્માની એકાગ્રતા. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ ઝીણો, બાપુ! લોકોને મળ્યો નથી. આહાહા..! '**નિજ શુદ્ધાત્માકી ભાવનાસે...**' એટલે એકાગ્રતાથી. પરદ્રવ્યના તરફના વલણવાળો ભાવ વિકલ્પ હતો અને આકુળતા હતી. આહાહા..! એનાથી રહિત '**નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન હુઆ નિર્વિકલ્પ (અસલી) સુખકા કારણ...**' આહાહા..! અંતર અતીન્દ્રિય આનંદના સુખનું કારણ '**જો પરમ શાંતભાવ...**' આહાહા..! સમજાણું કાંઈ? એ પરમશાંતભાવ અતીન્દ્રિય આનંદને ઉત્પન્ન કરવાનું કારણ છે, એમ કહે છે. આહાહા..! '**સુખકા કારણ જો પરમ શાંતભાવ...**' આહાહા..! વિકલ્પ જે રાગ છે એ દુઃખનું કારણ છે. અને આ આત્મા અતીન્દ્રિય સુખનુ કારણ એ શાંતભાવ છે, એ અકષાયભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**(અસલી) સુખકા...**' ભાષા જોઈ! આ તો કૃત્રિમ છે, કલ્પના છે. ઇન્દ્રિયોમાં સુખ છે અને શુભભાવમાં સુખ છે, એ તો કલ્પિત અને અજ્ઞાનભાવ છે. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ શુભ છે એ દુઃખ છે. એ આકુળતા છે એ અપેક્ષાએ. એ કષાયભાવ છે. કષાય અને અકષાય બેની વાત લેવી છે ને? આહાહા..! કહો, 'રસિકભાઈ'! આવું કોઈ દિ' સાંભળ્યું હતું ત્યાં? 'મૂળચંદભાઈ' એમ કહે છે, સંભળાવનાર નહોતા. ... ભાઈ કહેતા હતા. લાયકાત નહોતી માટે સંભળાવનાર મળ્યા નહોતા. લાયકાત નહોતી. આહાહા..! ગાથા તે ગાથાઓ કરી છે ને! ... ગુલાંટ ખવડાવી.

પરદ્રવ્યના વલણવાળો વિકલ્પ છે તે આકુળતા છે. આહાહા..! તેથી તે આકુળતારહિત અને શુદ્ધાત્માની ભાવનાસહિત. આહાહા..! નિજ શુદ્ધાત્મા ભગવાન આનંદનો નાથ છે. અતીન્દ્રિય આનંદનું (ધામ છે), આત્મા અતીન્દ્રિય સુખનો સાગર છે. એમાં દુઃખની ગંધ નથી. દુઃખ શબ્દે વિકલ્પ, રાગ એની ગંધ જ નથી એનામાં. અકષાયભાવ વર્ણવવો છે ને?

મુમુક્ષુ :- ત્રિકાળ સ્વભાવમાં ક્યાં છે.

ઉત્તર :- ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ છે. આહાહા..! એ અકષાયભાવનો પિંડ છે. એ અકષાયભાવથી, શુદ્ધાત્મામાં અકષાયભાવ છે એનાથી ઉત્પન્ન થયેલો. છે? ભાવના. એની ભાવનાથી ઉત્પન્ન થયેલું સુખ. અસલી સુખ. આહાહા..! આત્મા નિર્વિકલ્પ વીતરાગમૂર્તિ પ્રભુ, એની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલું અસલી સુખ, અતીન્દ્રિય આનંદ, એ આનંદનું કારણ શાંતભાવ છે. આહાહા..! ભાષા જુઓ! ક્યાંય મળે એવું નથી. સમજાણું કાંઈ? 'જયસુખભાઈ'! આવો માર્ગ છે. ઓલામાં તો કહે, વ્રત પાળો, અપવાસ કરો. એ બધો વિકલ્પ છે, બાપુ! રાગ છે, કષાય છે. આહાહા..! એવા કષાયની આકુળતાથી રહિત, અકષાયસ્વરૂપ એવા શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન થયેલું અસલી સુખ, અસલી આનંદ. જુઓ! આ મુનિપણું. એ અતીન્દ્રિય આનંદ.. છે ને? એનું કારણ પરમશાંતભાવ. આહાહા..! અકષાય શાંત... શાંત... શાંત... શાંત... કષાય અશાંત છે, ત્યારે આ શાંત છે. આહાહા..!

'**જિસ સમય જ્ઞાની ઠહરતા હૈ,...**' દેખો! એવો પરમ શાંતમય, શાંતભાવ '**ઉસમેં જિસ સમય જ્ઞાની ઠહરતા હૈ,...**' જે સમયે ઠરે છે. આહાહા..! '**ઉસી સમય સંયમી કહલાતા હૈ,...**' એ સમયે એને સંયમી કહેવામાં આવે છે. આહાહા..! માણસો તો ભિન્ન ગામના છે ઘણા. આહાહા..! છે? યોગીન્દ્રદેવે તો ગજબ કામ કર્યું છે! આકુળતા જે પરદ્રવ્યના વલણવાળી વૃત્તિ (છે). ચાહે તો તીર્થંકર ભગવાન તરફ હો, એ પણ વિકલ્પ છે એ આકુળતા છે, દુઃખ છે. આહાહા..! આમ પરદ્રવ્યના વલણવાળો ભાવ દુઃખ છે એનાથી રહિત નિજ શુદ્ધાત્માની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલું અસલી સુખ. આહાહા..! સુખ આનંદ ઉત્પન્ન થયો એ ચારિત્ર છે. અતીન્દ્રિય આનંદ ઉત્પન્ન થયો એવા શાંતભાવમાં.. જે પરમશાંતભાવ, '**ઉસમેં જિસ સમય જ્ઞાની ઠહરતા હૈ,...**' આહાહા..! નિર્વિકલ્પ આનંદમાં જ્યારે ઠરે છે. શાંતભાવ. '**ઉસી સમય સંયમી કહલાતા હૈ,...**' એ સમયે એને સંયતિ કહીએ. સમજાણું કાંઈ?

આ શૈલી એવી વર્ણવી છે ને. ૧૪૪માં આવ્યું હતું ને? કે સમકિતી ક્યારે કહેવાય? કે જેને ભગવાનઆત્મા સમકિતદશામાં જાણવામાં, માનવામાં આવ્યો, સમકિતની-પ્રતીતની પર્યાયમાં પૂર્ણાનંદનો આત્મા દેખવામાં આવ્યો, શ્રદ્ધવામાં આવ્યો ત્યારે એને સમકિત કહીએ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈ થઈ જાય. એને પોતાનો માની લે તો. પણ કષાયને વશ થાય તો

અસંયમી તો થઈ જાય. આહાહા..! અને એને પોતાનું માની લે એ એને તાબે (થયો), એને-રાગને જ વશ થઈ ગયો તો તો મિથ્યાદષ્ટિ છે. આહાહા..! ભગવાનઆત્મા શાંતરસનો કંદ પ્રભુ, એને તાબે થવું છોડી દઈને રાગને વશ થાય (તો તે મિથ્યાદષ્ટિ છે). જ્ઞાનીને રાગ આવે પણ તાબે નથી થતો. સમજાણું કાંઈ? એને પંચમહાવ્રતના વિકલ્પ આવે સાચા, પણ તાબે થતો નથી. એનું સ્વામીપણું એને નથી, એનું ધણીપણું એને નથી. આહાહા..! આવું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલું, એટલું. એ પોણી સેકન્ડ છઠ્ઠે ગુણસ્થાને. એ પછી સાતમું તરત જ આવે. સાતમું તરત જ આવે. શાંતભાવમાં છે. આહાહા..!

વીતરાગનો એક એક બોલ એવો અલૌકિક છે કે એને સમજવા માટે તો ઘણો પ્રયત્ન જોઈએ, ભાઈ! એ કાંઈ વાડામાં મળે એવું નથી અત્યારે. આહાહા..! 'વાડા બાંધી બેઠા રે પોતાનો પંથ કરવાને.' આહાહા..!

ભગવાન.. ભાષા કેટલી કરી છે! એનો આશય આ છે. આકુળતારહિતનો અર્થ એ કે શુભ-અશુભભાવ છે તે આકુળતા છે. એનાથી રહિત શુદ્ધાત્મા પરમાત્મસ્વરૂપે પોતે બિરાજમાન છે. એની ભાવના એ વર્તમાન એકાગ્રતાની પર્યાય છે. એની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલો અસલી આનંદ છે. અતીન્દ્રિય આનંદ છે. એ અતીન્દ્રિય આનંદનું કારણ શાંતભાવ છે. આહાહા..! એ વીતરાગભાવ છે. સમજાણું કાંઈ?

'**ઉસમે કુછ સંદેહ નહીં હૈ.**' છે? '**આત્મભાવનામેં પરમ આકુલતાકે ઉપજાનેવાલે કામ...**' '**આત્મભાવનામેં પરમ આકુલતાકે ઉપજાનેવાલા કામ ક્રોધાદિક...**' દેખો! આહાહા..! '**આત્મભાવનામેં પરમ આકુલતાકે ઉપજાનેવાલા...**' આહાહા..! કામ એટલે ઈચ્છા, ક્રોધ એટલે દ્વેષ, માન. '**અશુદ્ધ ભાવોંમેં પરિણમતા હુઆ,** આહાહા..! એ **જીવ અસંયમી હોતા હૈ,...**' ... આ 'સોનગઢ'નું નથી. આહાહા..! '**પરમ આકુલતાકે ઉપજાનેવાલા...**' '**આત્મભાવનામેં...**' જુઓ! આહાહા..! '**પરમ આકુલતાકે ઉપજાનેવાલા...**' રાગ અને દ્વેષ. એ '**અશુદ્ધ ભાવોમેં પરિણમતા હુઆ...**' આહાહા..! જ્ઞાનીને અશુભભાવ આવે છે, પણ એનો જાણનાર રહે છે. એનો સ્વામી થતો નથી. અને અજ્ઞાની શુભભાવ આવે એનો સ્વામી થાય છે. કારણ કે ચૈતન્યનો સ્વામી સ્વભાવ શું છે એની ખબર નથી. ભગવાન આનંદનો નાથ સ્વસ્વામીસંબંધ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય શુદ્ધ એનો એ સ્વામી છે આત્મા, એની તો એને ખબર નથી. આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયે શુદ્ધ છે એની તો એને ખબર નથી. આહાહા..! સાધારણ માણસને એવું લાગે (કે) આ બધું પાગલપણા જેવી વાતું છે. આવું ક્યાંથી કાઢ્યું નવું? આ નવું ક્યાં છે? આ નવું છે? આ તો હજારો વર્ષ પહેલાના શાસ્ત્રો છે. સમજાણું કાંઈ?

'**ઐસા દૂસરી જગહ ભી કહા હૈ.**' એમાં સંદેહ ન કરવો કે રાગને તાબે થયો તે સાધુ હશે? એમ સંદેહ ન કરવો. આહાહા..! તો હજી એને ગુરુ કેવા સંયમી હોય એની ખબર ન

મળે એને ધર્મની ખબર ક્યાંથી આવી? આહાહા..! આમ તો પચ્ચીસ મિથ્યાત્વમાં કહે છે, નહિ? સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ, કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ. ઘડિયા તો બોલે છે. પડિક્કમણામાં નહિ? પણ કોને કહેવા સાધુ અને કોને કુસાધુ કહેવા, એની ખબર ન મળે. એ તો સમજતા.. વાત સાચી છે.

અમારા 'મૂળચંદજી' એમ કહેતા. ક્રિયાઓ બધી કરીએને વહોરવાની? નિર્દોષ આહાર-પાણી લેતા. અમારા ગુરુ ને ગુરુભાઈ બંને નિર્દોષ આહાર, હોં! એના માટે કરેલો ન લે. બહુ સખત ક્રિયા હતી. પછી ઈ એમ કહેતા કે આપણે જો આ સાધુ ન હોઈએ તો સાધુ હશે કોણ? (સંવત) ૧૯૭૯-૮૦ની સાલની વાત છે. હજી સમકિતના ઠેકાણા નથી અને સાધુપણું આવ્યું ક્યાંથી? ગૃહીત મિથ્યાત્વ... પંચમઆરામાં ભગવાને સાધુ કીધા છે. આપણે આવી ચોખ્ખી ક્રિયા કરીએ, આપણે સાધુ ન હાઈએ તો કોણ હોય? એને માટે કરેલું પાણીનું બિંદુ ન લે, હોં! ગામડામાં જાય તો એને માટે કરેલું પાણી ન લે. કાઠી માંથી છાશ લે. ઘણા વર્ષ કર્યા છે. અમે પણ બધું કર્યું છે ને. પણ એ બધી બાહ્ય (ક્રિયા છે). દાખલો આપ્યો છે ને?

'**ઐસા દૂસરી જગહ ભી કહા હૈ,...**' ગાથા છે અંદર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાંનું છે?

મુમુક્ષુ:- અકષાયં

ઉત્તર :- એ તો છે પણ ક્યાંની વાત છે? ક્યા સૂત્રની, ક્યા શાસ્ત્રની એ નથી.

**अकसायं तु चरितं कसायवसगदो असंजदो होदि।।**

**उवसमइ जम्हि काले तक्काले संजदा होदि।।**

પોતાની ગાથાને અનુકૂળ છે ને એટલે બીજી ગાથા પણ લીધી. '**અર્થાત્ કષાયકા જો અભાવ હૈ, વહી ચારિત્ર હૈ,...**' ... ભગવાનની તીર્થંકરની ભક્તિ કરવી એ કષાય? રાગ છે, કષાય છે. ભલે શુભ હો. એને ખબર ક્યાં છે? પરદ્રવ્ય તરફ લક્ષ જાય એ રાગ છે. શાસ્ત્રમાં તો ત્યાં સુધી કહ્યું છે, '**परदव्वादो दुग्गइ**'. પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યાં દુર્ગતિ એટલે રાગ ઉત્પન્ન થાય છે. એ ચૈતન્યની ગતિ નથી. એમ કહ્યું છે. રાગ હોય છે ખરો અશુભથી બચવા. સમકિતીને પણ ભક્તિ, પૂજા હોય છે, પણ એ રાગ અશુભથી બચવા પૂરતું છે. એનો સ્વામી છે અને એ મારી ચીજ છે એમ નહિ. તેમ એનાથી ધર્મ થાય છે એમ નહિ. આહાહા..! શરતું બહુ.

અનંતકાળ રખડતા ગયો, બાપુ! ચોર્યાશીના અવતાર કરી કરીને કીડા, કાગડા, કૂતરા, નરકના ભવો એ અનંત ભવ વીતરાગ વર્ણવે છે. એણે દુઃખ વેઠ્યા છે મિથ્યાત્વથી. સાધુ થઈને પણ મિથ્યાત્વમાં હતો ને. અનંતવાર સાધુ થયો છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' ... 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્મજ્ઞાન એ પંચમહાવ્રતના વિકલ્પથી ભિન્ન ચીજ છે એનું જ્ઞાન ન કર્યું, એનું

ભાન ન કર્યું, ચોર્યાશીના અવતારમાં .. આહાહા..! એવું દ્રવ્યલિંગ ધારણ કરીને પણ ચોર્યાશીમાં કોઈ સ્થાન બાકી નથી રહ્યું એટલા અનંતા ભવ કર્યા છે. સમજાણું કાંઈ? 'છ ઢાળા'માં આવે છે. પહેલી ઢાળમાં. ઓહોહો..!

'**કષાયકા જો અભાવ હૈ, વહી ચારિત્ર હૈ,** આહાહા..! **ઈસલિયે કષાયકે આધીન હુઆ જીવ અસંયમી હોતા હૈ,...**' આહાહા..! શૈલી તે શૈલી દિગંબર સંતોની! '**ઔર જબ કષાયોંકો શાંત કરતા હૈ, તબ સંયમી કહલાતા હૈ.**' શાંત ઉપશમભાવ, અતીન્દ્રિય આનંદના સ્વાદવાળો .. શાંતભાવ... આહાહા..! ત્યારે સંયમી કહેવાય છે. એ ૪૧ થઈ. ૪૨.

'**આગે જિસ મોહસે મનમેં કષાયેં હોતીં હૈ, ઉસ મોહકો તૂ છોડ,...**' જે કોઈ પદાર્થ કે જે કોઈ રાગ, જેનાથી કષાય થાય તેને છોડ. એ વિશેષ લેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ येन कषाया भवन्ति मनसि तं मोहं त्यजेति प्रतिपादयति –**

**१६८) जेण कसाय हवंति मणि सो जिय मिल्लहि मोहु।**
**मोह–कसाय–विवज्जयउ पर पावहि सम–बोहु।।४२।।**

**येन कषाया भवन्ति मनसि तं जीव मुञ्च मोहम्।**
**मोहकषायविवर्जितः परं प्राप्नोषि समबोधम्।।४२।।**

**जेण इत्यादि। जेण येन वस्तुना वस्तुनिमित्तेन मोहेन वा। किं भवति। कसाय हवंति क्रोधादिकषाया भवन्ति। क्व भवन्ति। मणि मनसि सो तं जिय हे जीव मिल्लहि मुञ्च। कम्। तं पूर्वोक्ते मोहु मोहं मोहनिमित्तपदार्थं चेति। पश्चात् किं लभसे त्वम्। मोह–कषाय–विवज्जियउ मोहकषायविवर्जितः सन् पर परं नियमेन पावहि प्राप्नोषि। कं कर्मतापन्नम्। सम–बोहु समबोधं रागद्वेषरहितं ज्ञानमिति। तथाहि। निर्मोहनिजशुद्धात्मध्यानेन निर्मोहस्वशुद्धात्मतत्त्वविपरीतं हे जीव मोहं मुञ्च, येन मोहेन मोहनिमित्तवस्तुना वा निष्कषायपरमात्मतत्त्वविनाशकाः क्रोधादिकषाया भवन्ति पश्चान्मोहकषायाभावे सति रागादिरहितं विशुद्धज्ञानं लभसे त्वमित्यभिप्रायः। तथा चोक्तम् – 'तं वत्थुं मुत्तव्वं जं पडि उपज्जए कसायग्गी। तं वत्थुमल्लिएज्जो (तद् वस्तु अंगीकरोति, इति टिप्पणी) जत्थुवसम्मो कसायाणं।।'।।४२।।**

---

**आगे जिस मोहसे मनमें कषायें होतीं हैं, उस मोहको तू छोड़, ऐसा वर्णन करते हैं –**

**गाथा – ४२**

**अन्वयार्थ :– [ जीव ] हे जीव; [ येन ] जिस मोहसे अथवा मोहके उत्पन्न करनेवाली वस्तुसे [ मनसि ] मनमें [ कषायाः ] कषाय [ भवंति ] होवें, [ तं मोहम् ] उस मोहको अथवा मोह निमित्तक पदार्थको [ मुंच ] छोड़, [ मोहकषायविवर्जितः ] फिर मोहको छोड़नेसे मोह कषाय रहित हुआ तू। [ परं ] नियमसे [ समबोधम् ] राग द्वेष रहित ज्ञानको [ प्राप्नोषि ] पावेगा।**

**भावार्थ :– निर्मोह निज शुद्धात्माके ध्यानसे निर्मोह निज शुद्धात्मतत्त्वसे विपरीत मोहको हे जीव छोड़। जिस मोहसे अथवा मोह करनेवाले पदार्थसे कषाय रहित परमात्मतत्त्वरूप ज्ञानानंद स्वभावके विनाशक क्रोधादि कषाय होते हैं, इन्हींसे संसार है, इसलिये मोह कषायके अभाव होने पर ही रागादि रहित निर्मल ज्ञानको तू पा सकेगा। ऐसा दूसरी जगह भी कहा है। 'तं वत्थुं' इत्यादि। अर्थात् वह वस्तु मन वचन कायसे छोड़नी चाहिये, कि जिससे कषायरूप अग्नि उत्पन्न हो, तथा उस वस्तुका अंगीकार करना चाहिये, जिससे कषायें शांत हों। तात्पर्य यह है, कि विषयादिक सब सामग्री और मिथ्यादृष्टि पापियोंका संग सब तरहसे मोहकषायको उपजाते हैं, इससे ही मनमें कषायरूपी अग्नि दहकती रहती है। वह सब प्रकारसे छोड़ना चाहिये, और सत्संगति तथा शुभ सामग्री (कारण) कषायोंको उपशमाती है, – कषायरूपी अग्निको बुझाती है, इसलिये उस संगति वगैरहको अंगीकार करनी चाहिये।।४२।।**

---

**હવે, જેનાથી (જે મોહથી) મનમાં કષાય થાય છે તે મોહને તું છોડ. એમ વર્ણન કરે છે :**

**ભાવાર્થ : નિર્મોહ એવા નિજશુદ્ધાત્માના ધ્યાન વડે નિર્મોહ એવા સ્વશુદ્ધાત્મતત્ત્વથી વિપરીત મોહને હે જીવ! તું છોડ, કે જે મોહથી અથવા મોહના નિમિત્તભૂત વસ્તુથી નિષ્કષાય પરમાત્મતત્ત્વના વિનાશક એવા ક્રોધાદિ કષાયો થાય છે. મોહકષાયનો અભાવ થતાં તું રાગાદિરહિત વિશુદ્ધ જ્ઞાનને પામીશ એવો અભિપ્રાય છે. વળી ભગવતી આરાધના ગાથા ૨૬૨માં કહ્યું પણ છે કે 'तं वत्थुं मुत्तव्वं जं पडि उपज्जए कसायग्गी। तं वत्थुमल्लिएज्जो (तद् वस्तु अंगीकरोति, इति टिप्पणी) जत्थुवसम्मो कसायाणं।।' (અર્થ : જેના નિમિત્તથી કષાયરૂપી અગ્નિ ઉત્પન્ન થાય છે તે વસ્તુ છોડવી જોઈએ અને જેના નિમિત્તથી કષાયો ઉપશાંત થાય છે તે વસ્તુનો આશ્રય કરવો જોઈએ-તે વસ્તુને અંગીકાર કરવી જોઈએ.) ૪૨.**

---

## વીર સંવત ૨૫૦૨, કારતક સુદ ૧૩, ગુરુવાર
## તા. ૦૪-૧૧-૧૯૭૬, ગાથા-૪૨, ૪૩, પ્રવચન નં. ૧૨૪

આ 'પરમાત્મપ્રકાશ' છે. 'પરમાત્મપ્રકાશ' 'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ ૧૩૦૦ વર્ષ પહેલા જંગલમાં વસતા હતા. એમણે જગતના હિતને માટે કરુણાથી આ 'પરમાત્મપ્રકાશ' રચ્યું. એની ૪૧મી ગાથા. ૪૦ ચાલી ગઈ. ૪૨.

૪૧ (ગાથામાં) એ ચાલ્યું કે જે કોઈ મુનિ અથવા આત્માર્થી પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યને વશ—તાબે થાય છે ત્યારે એને સંયમ અને ધર્મ થાય છે. પણ કોઈ પ્રાણી રાગ અને

પુણ્યાદિના ભાવ કષાય છે, તેને તાબે થઈ જાય તો એ અસંયમી, અચારિત્રી થઈ જાય છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ!

અહીંયાં ૪૨માં કહે છે, **'આગે જિસ મોહસે મનમેં કષાયેં હોતી હૈં,...'** ભગવાનઆત્મા તો નિર્મોહસ્વરૂપ છે. નિર્દોષ ચૈતન્યમૂર્તિ આ આત્મા (છે). એનાથી વિરૂદ્ધ જે મોહ, પરપદાર્થમાં સાવધાની થઈને રાગાદિ થવા, એને કષાય થાય છે. **'ઉસ મોહકો તૂ છોડ,...'** પરપદાર્થ તરફના વલણમાં રાગાદિ થાય છે એ મોહ થાય છે, એને છોડ. અને જે પદાર્થથી મોહ ઉત્પન્ન થાય છે, એ પદાર્થનું લક્ષ છોડ. આહાહા..! ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ અંદર નિર્દોષ વીતરાગસ્વભાવથી ભરેલી ચીજ આત્મા છે. પુણ્ય અને પાપના ભાવ સદોષ છે, એ એમાં નથી. એવા આત્માને પ્રાપ્ત કરવા, મનમાં કષાય ઉત્પન્ન થાય છે એને છોડ. એનાથી તને અકષાયસ્વભાવ આત્માની પ્રાપ્તિ થશે. ઈ કહે છે. ૪૨.

**१६८) जेण कसाय हवंति मणि सो जिय मिल्लहि मोहु।**
**मोह-कसाय-विवज्जयउ पर पावहि सम-बोहु।।४२।।**

**અન્વયાર્થ :-** 'હે જીવ...' એમાં શબ્દાર્થ છે ને? **'જિસ મોહસે અથવા મોહકે ઉત્પન્ન કરનેવાલી વસ્તુસે...'** આહા..! પરપદાર્થ તો મોહમાં નિમિત્ત છે. પરપદાર્થમાં લક્ષ હોય છે ત્યારે મોહ, રાગ જ ઉત્પન્ન થાય છે. આહાહા..! એમ કહે છે. સમજાય છે કાંઈ? પોતાના સ્વભાવની દૃષ્ટિ કરવા માટે હે જીવ **'જિસ મોહસે અથવા મોહકે ઉત્પન્ન કરનેવાલી વસ્તુસે મનમેં કષાય હોવેં, ઉસ મોહકો...'** સર્વથા છોડી દે. **'મોહ નિમિત્તક પદાર્થકો છોડ...'** આહાહા..! પરપદાર્થના લક્ષે તો કષાય અગ્નિ ઉત્પન્ન થાય છે. કષાય અગ્નિને છોડ અને જેનાથી મોહ ઉત્પન્ન થાય છે એવા પદાર્થને પણ લક્ષમાંથી છોડી દે. 'મૂળચંદભાઈ'! ઝીણી વાત, બાપુ!

મુમુક્ષુ :- મોહ તો કરે ત્યારે થાય ને?

ઉત્તર :- કરે છે, કહે છે ને. કરે છે (પણ) પરના નિમિત્તે કરે છે ને? લક્ષ પર ઉપર જાય માટે મોહ કરે છે ને. આશ્રય કરે, નિજ સ્વભાવનો આશ્રય કરે તો વીતરાગતા, સમ્યગ્દર્શન થાય.

આ 'પરમાત્મપ્રકાશ' છે. પોતાનું સ્વરૂપ અંદરમાં તો પરમાત્મપ્રકાશસ્વરૂપ જ છે. એમાં જે પુણ્ય અને પાપની કષાય અગ્નિ દેખાય છે તે એનું સ્વરૂપ નથી. એ તો પરપદાર્થના લક્ષે પોતામાં, પોતાથી મોહ ઉત્પન્ન થાય છે. આહાહા..! પરપદાર્થના લક્ષે પોતામાં પોતાને કારણે કષાય અગ્નિ ઉત્પન્ન થાય છે. એ કષાય અગ્નિ પરપદાર્થના લક્ષે થાય છે તેને છોડી દે. અને જેના નિમિત્તે મોહ ઉત્પન્ન થાય છે એ પદાર્થ પણ લક્ષમાંથી છોડી દે. નિજ ભગવાનઆત્મા ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રને પ્રાપ્ત કરવાથી સ્વભાવનો આશ્રય થાય છે. નિજ આત્માનો આશ્રય થાય છે, પરના આશ્રયમાં તો મોહ જ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભગવાન! અનંતકાળમાં એણે પોતાની ચીજ અંદર શું છે,

એનું જ્ઞાન કે પ્રતીતિ કે અનુભવ કદી કર્યો નથી. લીધું ને? 'મુનિવ્રત ધાર અનંતબૈર..' 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહાહા..! પરપદાર્થના લક્ષે મહાવ્રતાદિ, અઠ્યાવીસ મૂળગુણ અનંતવાર પાળ્યા. પણ એનો આશ્રય છોડીને કદી સ્વનો આશ્રય કર્યો નથી. આત્મજ્ઞાન-અંદર ચૈતન્યમૂર્તિ ભગવાનના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, એ કદી કર્યું નથી. પરના આશ્રયે પંચમહાવ્રતની ક્રિયાઓ કરી. એ તો રાગનું કારણ છે. સમજાય છે કાંઈ?

કહે છે, કષાય થાય એ મોહનો છોડ. '**ફિર મોહકો છોડનેસે મોહ કષાય રહિત હુઆ તૂ નિયમસે રાગ દ્વેષ રહિત જ્ઞાનકો પાવેગા.**' આહાહા..! પર તરફનું લક્ષ છોડવાથી અને પરના લક્ષે ઉત્પન્ન થતાં કષાય-પુણ્ય-પાપના ભાવને છોડવાથી તને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થશે. સમજાય છે કાંઈ? સ્વપદાર્થના આશ્રયે આત્મજ્ઞાન, સમ્યગ્દર્શન થાય છે. અને પરપદાર્થના આશ્રયે કષાય અગ્નિ ઉત્પન્ન થાય છે. બહુ સૂક્ષ્મ વાત કરે છે. ચાહે તો સ્ત્રી, કુટુંબ, પરિવાર હો કે ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે. તો પરદ્રવ્ય ઉપર લક્ષ જવાથી તો રાગ જ ઉત્પન્ન થશે. કોઈને શુભરાગ થાય અને કોઈને અશુભરાગ થાય, પણ ઉત્પન્ન થાય છે રાગ. આહાહા..!

અહીં પરમાત્મપ્રકાશ છે ને. આત્માનું પરમાત્મ સ્વરૂપ જ અંદર છે. એનો આશ્રય કરવાથી પરદ્રવ્યનું લક્ષ અને પરદ્રવ્યથી પોતામાં ઉત્પન્ન થતો કષાય અગ્નિ, એને છોડ તો આત્મજ્ઞાન પ્રાપ્ત થશે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! અનંતવાર ચોર્યાશીના અવતાર કરી કરીને (રખડી મર્યો). શુભભાવ થયા તો સ્વર્ગ આદિ મળ્યા. શુભભાવથી-પુણ્યથી. અશુભભાવથી નરક, પશુયોનિ થઈ. પણ નિજાત્માનો આશ્રય કર્યો નહિ. તેથી કહે છે, પર તરફના લક્ષે તો મોહ જ ઉત્પન્ન થશે. આહાહા..!

નિજ વસ્તુ આનંદકંદ પ્રભુ સચ્ચિદાનંદ, આત્મા સત્ ચિદાનંદ છે. સત્ એટલે શાશ્વત, જ્ઞાન અને અતીન્દ્રિય આનંદથી ભરપુર ભર્યો છે. આહાહા..! એ નિજાત્માનો આશ્રય કરવા માટે પરપદાર્થનો આશ્રય અને પરપદાર્થનું લક્ષ છોડ. કહો, 'દેવીલાલજી'! બે વાત છે. એક કોર આત્મા અને એક કોર પરપદાર્થ. તો પરપદાર્થ ઉપર લક્ષ જશે તો રાગ જ ઉત્પન્ન થશે. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હોય, એમના ઉપર લક્ષ જશે તો શુભરાગ થશે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, વેપાર-ધંધા ઉપર લક્ષ જશે તો પાપરાગ થશે. આહાહા..! એટલે પરપદાર્થના લક્ષે તો રાગ જ ઉત્પન્ન થાય છે. રાગ શબ્દે પર તરફનો મોહ. સમજાય છે કાંઈ? આહાહા..!

'**મોહકો છોડનેસે મોહ કષાય રહિત હુઆ...**' પર તરફના કષાયથી અને લક્ષથી રહિત થયો. '**નિયમસે રાગ દ્વેષ રહિત જ્ઞાનકો પાવેગા.**' ભગવાનઆત્મા રાગ-દ્વેષ, પુણ્ય-પાપથી રહિત છે. આહાહા..! એવા આત્માને પર તરફના આશ્રયનું લક્ષ છોડી દે અને પરનું લક્ષ છોડી દે અને પરના લક્ષે કષાય અગ્નિ થાય એને છોડી દે. આહાહા..! તો પોતાના આશ્રયે જ્ઞાન એટલે અકષાયભાવ પ્રાપ્ત થશે. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :- 'નિર્મોહ નિજ શુદ્ધાત્માકે ધ્યાનસે...'** નિર્મોહ નિજ શુદ્ધાત્માના

ધ્યાનથી. નિજ શુદ્ધાત્મા અંદર છે, એ તો મોહરહિત નિર્દોષ ભગવાન આત્મસ્વરૂપ છે. આહાહા..! ભાવાર્થ છે? ભાવાર્થ. '**નિર્મોહ નિજ શુદ્ધાત્મા...**' આ મોહની સામે નાખ્યું. પર તરફના લક્ષે મોહ ઉત્પન્ન થાય છે અને આત્મા નિર્મોહસ્વરૂપ છે. આહાહા..! નિર્મોહ એટલે પરની સાવધાનીના ભાવથી ભગવાન રહિત છે. ભગવાન એટલે આત્મા. આનંદનું મંદિર છે, અતીન્દ્રિય આનંદની ખાણ-નિધાન છે, આહાહા..! ગોદામ છે. ભગવાનઆત્મા ગુણનું ગોદામ છે. ખબર નથી, શું ચીજ છે. બહારની વખારું હોય પાંચ-પચીસ લાખની ધૂળમાં, એમાં ઓહો..! (થઈ જાય). ધૂળેય નથી, સાંભળને! ન્યાં તો એકલું દુઃખ છે. પર તરફના લક્ષે તો દુઃખ જ ઉત્પન્ન થશે. જરી સૂક્ષ્મ વાત કરે છે. કષાયની ઉત્પત્તિ પરપદાર્થના લક્ષે જ ઉત્પન્ન થાય છે. પરના લક્ષે અને પરના આશ્રયે કષાય ઉત્પન્ન થાય છે એને છોડી દે તો તને જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા પ્રાપ્ત થશે, એમ કહે છે. આહાહા..!

સમ્યગ્દર્શનમાં તારા આત્માની પ્રાપ્તિ ક્યારે થશે? સમ્યગ્દર્શન. પર તરફનો મોહ અને પર તરફનું લક્ષ છોડી તો નિર્મોહ એવા શુદ્ધાત્માની પ્રાપ્તિ તને થશે. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ જિનવાણી એમ કહે છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જિનવાણીમાં એમ કહ્યું કે '**નિર્મોહ નિજ શુદ્ધાત્માના ધ્યાનથી..**' આહાહા..! જેમાં રાગાદિ મોહ આત્મદ્રવ્યમાં છે જ નહિ. એવો નિર્મોહ નિજ શુદ્ધાત્મા, ભગવાનઆત્મા એ તો (તેનાથી રાગથી, મોહથી) પર છે. તીર્થંકર, પંચપરમેષ્ઠી આદિ પર છે. કેમકે પર તરફ લક્ષ જશે તો રાગ જ ઉત્પન્ન થશે. ભલે શુભરાગ હો, પણ રાગ ઉત્પન્ન થશે. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે અને પરદ્રવ્ય ઉપર લક્ષ જશે તો રાગ જ ઉત્પન્ન થશે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, આ પાપના ધંધા ઉપર લક્ષ જશે તો એકલું પાપ જ છે. પાપ અને પુણ્ય બેય પરદ્રવ્યના આશ્રયે, લક્ષે ઉત્પન્ન થાય છે. તો પોતાનો આત્મા નિર્મોહ નિજ શુદ્ધાત્મા, નિજ શુદ્ધાત્મા, પોતાનો પવિત્ર ભગવાનઆત્મા.. આહાહા..! એના ધ્યાનથી. પેલા પરના ત્યાગથી અને આ પોતાના ધ્યાનથી. પર તરફના લક્ષે તો આર્ત અને રૌદ્રધ્યાન જ ઉત્પન્ન થશે. આહાહા..! અહીંયાં તો (કહે છે કે) દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ લક્ષ જશે તો શુભરાગ જ ઉત્પન્ન થશે. પણ છે રાગ, છે પુણ્યબંધનું કારણ. આહાહા..!

'**નિર્મોહ નિજ શુદ્ધાત્માકે ધ્યાનસે નિર્મોહ નિજ શુદ્ધાત્મતત્ત્વસે વિપરીત...**' જુઓ! ભગવાનઆત્મા શુદ્ધાત્મતત્ત્વથી વિપરીત એ મોહ છે. પર તરફના ઝુકાવથી જે પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય છે એ મોહ છે. આહાહા..! છે? '**નિર્મોહ નિજ શુદ્ધાત્મતત્ત્વસે વિપરીત મોહકો...**' આહાહા..! '**હે જીવ છોડ.**' બહુ થોડા શબ્દોમાં (ગૂઢ વાત કરી છે). 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત જંગલમાં વસતા હતા. દિગંબર સંતો તો જંગલમાં જ વસતા હોય છે. સદા આવો એક જ માર્ગ છે. મુનિ છે એને તો વસ્ત્રનો દોરો પણ હોતો નથી અને અંદરમાં રાગનો કણ પણ હોતો નથી, એમ કહે છે. પોતાના સ્વભાવના આશ્રયે એને તો વીતરાગતા ઉત્પન્ન થાય છે. આહાહા..! પરના આશ્રયે મોહ ઉત્પન્ન થાય છે. પોતાનો આત્મા નિર્મોહ આત્મતત્ત્વ છે, એના આશ્રયે નિર્મોહ આત્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે.

આવી વાત છે. બેના લક્ષફેર છે. આહા..!

'**હે જીવ છોડ. જિસ મોહસે અથવા મોહ કરનેવાલે પદાર્થસે કષાય રહિત...**' આહાહા..! જુઓ! આવ્યું. '**પરમાત્મતત્ત્વરૂપ જ્ઞાનાનંદ સ્વભાવકે વિનાશક ક્રોધાદિ કષાય હોતે હૈં,...**' શું કહ્યું? આહાહા..! જે મોહથી અથવા મોહ કરવાવાળા નિમિત્ત પદાર્થથી લક્ષ છોડ. કેમકે એ કષાયથી રહિત પરમાત્મતત્ત્વરૂપ આત્મા, જ્ઞાનાનંદ જેનો-ભગવાનઆત્માનો સ્વભાવ છે, એનો વિનાશક ક્રોધાદિ કષાય છે. એ શુભ અને અશુભભાવ છે એ આત્માની શાંતિનો નાશ કરનારા છે. આહાહા..! સૂક્ષ્મ માર્ગ છે, ભગવાન! અનંતકાળ અનંતકાળ થયો. ચોર્યાશીના અવતાર... સ્વર્ગમાં પણ (ગયો). શુભભાવ કર્યા. વ્રત, તપ અનંતવાર કર્યા. એ શુભભાવથી સ્વર્ગમાં ગયો. પછી પટકાયો. ચાર ગતિમાં રખડવા ગયો. આહા..! ભગવાનઆત્મા પોતાનો સ્વભાવ પ્રાપ્ત થતાં... છે?

'**મોહ કરનેવાલે પદાર્થસે કષાય રહિત પરમાત્મતત્ત્વરૂપ જ્ઞાનાનંદ સ્વભાવકે વિનાશક...**' એ પુણ્ય-પાપના ભાવ, '**ક્રોધાદિ કષાય હોતે હૈં, ઈન્હીંસે સંસાર હૈ,...**' આહાહા..! અહીં તો મુનિને જેટલા પંચમહાવ્રતના વિકલ્પ ઉઠે છે એ સંસાર છે. જગતની વાત આકરી પડે, પ્રભુ! જગપંથ છે. 'સમયસાર નાટક'માં 'બનારસીદાસે' કહ્યું. એ જ વાત અહીંયાં કહે છે. પરપદાર્થ તરફ લક્ષ ઉત્પન્ન થાય, પંચમહાવ્રત એ રાગ છે (કેમ કે) એ પર તરફના લક્ષે ઉત્પન્ન થાય છે. આહાહા..! એવા રાગને છોડ. અને રાગથી રહિત '**પરમાત્મતત્ત્વરૂપ જ્ઞાનાનંદ સ્વભાવકે વિનાશક ક્રોધાદિ કષાય હોતે હૈં, ઈન્હીંસે સંસાર હૈ,...**' આહાહા..! પર તરફના મોહને છોડીને નિજ સ્વરૂપની પ્રાપ્તિ થાય તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી તો મુક્તિ થાય છે.

અધિકાર શું ચાલે છે? અધિકાર મોક્ષમાર્ગનો ચાલે છે. આ અધિકાર મોક્ષમાર્ગનો છે. તો મોક્ષમાર્ગ પોતાનો ભગવાન શુદ્ધાત્મા પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, એનો આશ્રય કરવાથી, તેની સન્મુખ જોવાથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય છે એ મોક્ષનું કારણ છે. અને એને છોડીને પર તરફના લક્ષે રાગ-કષાય ઉત્પન્ન થાય છે એ સંસાર છે. આહાહા..! સંસાર કોઈ સ્ત્રી, કુટુંબ, પરિવાર એ સંસાર નથી. એ તો પરદ્રવ્ય છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, પાંચ-પચીસ કરોડ પૈસા-ધૂળ, એ સંસાર નથી, એ તો અજીવતત્ત્વ છે. સંસાર તો એને કહે છે કે પોતાનું નિર્મોહ આત્મતત્ત્વથી વિપરીત પરના લક્ષવાળા મિથ્યાત્વ ને રાગ-દ્વેષ ભાવ એ સંસાર છે. સમજાય છે કાંઈ? જુઓ! ઈ કહે છે.

'**ઈન્હીંસે સંસાર હૈ,...**' આહાહા..! અહીં તો પરમાત્મા એટલું કહે છે, સર્વજ્ઞ કહે છે એ જ સંતો દિગંબર સંતો કહે છે, એ કંઈ પોતાના ઘરની વાત નથી કરતા. કેવળી પરમાત્મા વીતરાગે જે માર્ગ કહ્યો એ જ દિગંબર સંતો જગત પાસે આડતિયા થઈને જાહેર કરે છે. માલ આ છે. જિનવરદેવના ઘરનો માલ આ છે. જેણે મોહરહિત નિર્મોહ શુદ્ધાત્મા, એનાથી વિપરીત જે કષાય, તેનો ત્યાગ કરવાથી નિર્મોહ શુદ્ધાત્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! રાગનો ત્યાગ અને નિર્મોહ આત્માનું ગ્રહણ. સિદ્ધાંત આવો છે. ચાહે તો

પરદ્રવ્ય વીતરાગ હો, પણ વીતરાગની ભક્તિ ઉપર લક્ષ જશે તો શુભરાગ જ થશે. એના તરફના લક્ષથી આત્માની પ્રાપ્તિ થાય છે એમ વસ્તુ નથી. આહાહા..! ઈ કહે છે.

નિર્મોહ સ્વભાવ ભગવાનઆત્મા, એનાથી વિપરીત જે મોહ છે, રાગાદિ પુણ્યાદિ ભાવ, એ બધો સંસાર છે. આકરી વાતું. લોકોને આ તત્ત્વ ભગવાન અંદર દેહદેવળમાં (બિરાજે છે, એની ખબર નથી). આ દેહ તો માટી ધૂળ જડ છે. આ તો માટી છે, પુદ્ગલ માટી છે. અને કર્મ અંદર છે એ માટી અજીવતત્ત્વ છે. અને પાપના પરિણામ ઉત્પન્ન થાય છે એ આસ્રવતત્ત્વ છે અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઉત્પન્ન થાય છે એ પુણ્યાસ્રવ તત્ત્વ છે. આહાહા..! એ પુણ્ય-પાપના આસ્રવતત્ત્વથી મોહસહિતપણું છે. ભગવાન એનાથી નિર્મોહ આત્મતત્ત્વ છે. તો મોહના ત્યાગથી નિર્મોહ આત્માની પ્રાપ્તિ થાય છે. સમજાય છે કાંઈ? 'જયસુખભાઈ'! આવો માર્ગ ઝીણો બહુ, બાપુ! વીતરાગ પરમેશ્વર જિનવરદેવ...

મુમુક્ષુ :- બંનેને છોડવા..

ઉત્તર :- બંનેને છોડવાથી પોતાનો સ્વભાવ મોહરહિત દૃષ્ટિ પ્રાપ્ત થશે.

મુમુક્ષુ :- પદાર્થનો મોહ છોડવો.

ઉત્તર :- પદાર્થનું લક્ષ છોડવું. પદાર્થ તો છૂટા જ પડ્યા છે. લક્ષ છોડવું અને તેના લક્ષે જે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે એને છોડવા. કેમકે નિર્મોહ શુદ્ધાત્મતત્ત્વ ભગવાન અંદર છે, એમાં-વસ્તુમાં મોહ, રાગ-દ્વેષ છે જ નહિ. સમજાય છે કાંઈ? કાલે કહ્યું હતું ને? પરમ દિ'. વીત-રાગ છે. પરમાત્મા વીતરાગ છે. તો એનો અર્થ શું થયો? કે વીતરાગ એટલે રાગરહિત છે. તો પહેલા રાગસહિત હતા. વીતરાગની વીતરાગ પ્રતિમા છે કે વીતરાગ ભગવાન સાક્ષાત હો, વીતરાગ છે એનો અર્થ શું? પહેલા રાગ હતો એ રાગરહિત થયા. ચાહે તો પુણ્યનો રાગ હો, પણ એ રાગ છે. તો રાગરહિત થયો તો વીતરાગ વસ્તુ સત્‌સ્વરૂપ જે છે, એ વીતરાગસ્વરૂપે વસ્તુ છે એ રહી ગઈ. આહાહા..! રાગ છૂટીને વીતરાગ (થયા). રાગને છોડી, રાગરહિત થઈને એકલી વીતરાગમૂર્તિ રહી ગઈ. આત્મા વીતરાગમૂર્તિ સ્વરૂપ છે એ રહ્યો. એ વસ્તુનો સ્વભાવ છે. રાગ એ કંઈ વસ્તુનો સ્વભાવ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**નિર્મલ જ્ઞાનકો તૂ પા સકેગા.**' આહાહા..! '**મોહ કષાયકે અભાવ હોને પર...**' અર્થાત્ આત્મા સિવાય જેટલી પરવસ્તુ છે એ તરફનો મોહ છૂટશે તો તને ભગવાન નિર્મોહ આત્મા પ્રાપ્ત થશે. સમ્યગ્દર્શનમાં નિર્મોહ આત્મા પ્રાપ્ત થશે. આહાહા..! '**ઐસા દૂસરી જગહ ભી કહા હૈ.**' ટીકાકાર કહે છે કે અહીંયાં 'યોગીન્દ્રદેવે' તો કહ્યું (પણ બીજે પણ કહ્યું છે). 'ભગવતી આરાધના'. 'ભગવતી આરાધના' છે ને? એમાં આ શ્લોક લીધો છે, એ શ્લોકનો આધાર આપ્યો છે.

'**तं वत्थुं**' ઈત્યાદિ. **અર્થાત્ યહ વસ્તુ મન વચન કાયસે છોડની ચાહિયે,...**' જુઓ! એ વસ્તુ મન, વચન અને કાયાથી છોડવી જોઈએ. કઈ વસ્તુ? '**કિ જિસસે કષાયરૂપ અગ્નિ ઉત્પન્ન હો,...**' આહાહા..! '**વહ વસ્તુ મન વચન કાયસે છોડની ચાહિયે, કિ જિસસે કષાયરૂપ અગ્નિ ઉત્પન્ન હો, તથા ઉસ વસ્તુકા અંગીકાર કરના ચાહિયે, જિસસે કષાયેં શાંત**

**હોં.**' સત્સમાગમથી, સત્સમાગમ શ્રવણથી અંદર કષાય શાંત થાય છે. અસત્સંગને છોડવો, પોતાના પદાર્થ સિવાય બીજા પદાર્થનો મોહ છોડવો અને સત્સંગ-પોતાનો સત્સંગ કરવામાં પર સત્સંગ જે વિકારરહિત મુનિ, ધર્માત્મા આદિ છે, એ વિકારરહિત વાત કરશે. એ મુનિ તો વીતરાગતા કહેશે. તો એના સંગથી કષાય મંદ થશે. સમજાય છે કાંઈ?

કહ્યું હતું ને? 'આત્માવલોકન'માં. 'આત્માવલોકન' એક શાસ્ત્ર છે, 'દીપચંદજી' કૃત. 'અનુભવપ્રકાશ', 'ચિદ્વિલાસ', 'આત્માવલોકન'. એક 'દીપચંદજી સાધર્મી' થયા છે, એમણે એમાં લખ્યું છે કે મુનિ તો વીતરાગભાવમાં પ્રવર્તે છે. રાગમાં નથી પ્રવર્તતા. આહાહા..! વીતરાગભાવમાં પ્રવર્તે છે. 'ભગવતી આરાધના'માં એમ કહે છે, આધાર આપે છે કે '**વસ્તુ મન વચન કાયસે છોડની ચાહિયે, કિ જિસસે કષાયરૂપ અગ્નિ ઉત્પન્ન હો,...**' આહાહા..! પોતાનો સ્વભાવ આત્મા સિવાય પરપદાર્થનું લક્ષ છોડવું જોઈએ કે જેથી કષાય અગ્નિ ઉત્પન્ન ન થાય. આહાહા..! સમજાય છે કાંઈ? ઓહોહો..! શૈલી તો દિગંબર સંતોની અલૌકિક છે. '**परदव्वादो दुग्गइ**'. એવો 'કુંદકુંદાચાર્યદેવ'નો 'મોક્ષપ્રાભૃત'માં પાઠ છે કે, પોતાની વસ્તુ ભગવાન વીતરાગમૂર્તિના આશ્રય સિવાય પરદ્રવ્યનો આશ્રય કરીશ તો રાગ જ ઉત્પન્ન થશે. એ ચૈતન્યની ગતિ નહિ. રાગથી સ્વર્ગાદિ મળે એ દુર્ગતિ છે. એક મોક્ષગતિ જ સુગતિ છે. આહાહા..! સ્વર્ગમાં પણ રાગનું દુઃખ છે. એ સુખી નથી. વિષયમાં રાગ આવે છે અને ઈન્દ્રાણીનો ભોગ રાગ અને ઝેર છે. ત્યાં સુખ નથી. સમજાય છે કાંઈ? તેમ આ કરોડોપતિ, અબજોપતિ સુખી છે એમ નથી, દુઃખી છે. એ ધૂળ ઉપર લક્ષ જાય છે તો એને રાગ જ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એ ન હોય તો કામ કોણ કરે?

ઉત્તર :- કોણ કરતું હતું કામ? લક્ષ્મી તો ધૂળ છે, અજીવ છે, માટી છે. પરદ્રવ્ય છે. મૂર્ત છે. એના ઉપર લક્ષ જાય છે તો રાગ, મોહ જ ઉત્પન્ન થાય છે. દુઃખ જ ઉત્પન્ન થાય છે. ઈ કહે છે. પરદ્રવ્યનું લક્ષ કરવાથી તો દુઃખ જ ઉત્પન્ન થશે. આહાહા..!

મુમુક્ષુ :- શાસ્ત્ર તો પરદ્રવ્ય છે.

ઉત્તર :- શાસ્ત્ર ઉપર લક્ષ જાય તોપણ રાગ ઉત્પન્ન થાય છે. ઝીણી વાત છે, ભગવાન! 'પદ્મનંદિ પંચવિંશતિઃ'માં તો ત્યાં સુધી કહ્યું છે. 'પદ્મનંદિ આચાર્ય'. પચીસ અધ્યાય છે. ત્યાં તો ત્યાં સુધી કહ્યું છે કે જે બુદ્ધિ શાસ્ત્રમાં જાય છે એ બુદ્ધિ વ્યભિચારિણી બુદ્ધિ છે. એવો પાઠ છે. નિજઘર છોડી પરમાં જાય છે એ બુદ્ધિ વ્યભિચારિણી છે. એ.. 'શાંતિભાઈ' આવી વાત છે, આવો માર્ગ છે, ભાઈ! અરેરે..!

અહીં તો ભગવાન ત્રિલોકનાથ જિનવરદેવ આમ કહે છે, એમ સંતો કહે છે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય બે ચીજ છે. એકકોર ભગવાનઆત્મા શુદ્ધ આત્મા અને એક બાજુ રાગથી માંડીને આખું જગત એ પરદ્રવ્ય છે. તો પરદ્રવ્યનું લક્ષ કરવાથી તો રાગ જ ઉત્પન્ન થશે. કષાય અગ્નિ. આહાહા..! અને પોતાના દ્રવ્યના આશ્રયે, આ પરનો આશ્રય છોડીને કષાયને છોડ અને પોતાનો આશ્રય કરવાથી વીતરાગ આત્માની પ્રાપ્તિ થશે. આહાહા..! સમજાય છે

કાંઈ? આ વાત તો સીધી છે.

મુમુક્ષુ :- સમકિત થાય પછી પણ વ્યભિચારિણી બુદ્ધિ છે કે સમકિત પહેલા?

ઉત્તર :- પછી પણ વ્યભિચારી બુદ્ધિ છે. રાગ થાય છે ને? મિથ્યાત્વ નહિ. પણ રાગ થાય છે ને? રાગ એ સ્વરૂપથી વિપરીત ભાવ છે. ભગવાનઆત્માનું સ્વરૂપ તો જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ પ્રભુ છે. એમાં રાગ છે એ તો વિપરીત ભાવ છે, વ્યભિચાર છે. આવી વાત છે. બાપુ! તેથી માણસને સત્ય માર્ગનું સ્પષ્ટીકરણ, વીતરાગમાર્ગનું સ્પષ્ટીકરણ થતાં લોકો ધ્રુજી ઉઠે છે. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ 'સીમંધર' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. ત્યાંથી આવીને 'કુંદકુંદાચાર્યે' શાસ્ત્ર બનાવ્યા. એ શાસ્ત્રોની બધા શાસ્ત્રોમાં છાપ છે. સમજાય છે કાંઈ? ભગવાન 'કુંદકુંદાચાર્ય' ૨૦૦૦ વર્ષ પહેલાં થયા. સંવત ૪૯. અહીંથી ભગવાન પાસે ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્મા બિરાજે છે. 'સીમંધરપ્રભુ' અત્યારે બિરાજે છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે. ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. સદેહે ગયા હતા. દિગંબર મુનિ. નામ નથી આવતું? 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો'. ત્રીજે નંબરે 'કુંદકુંદ' આવ્યા છે. પહેલા ભગવાન, પછી વજીર ગણધર, પછી 'કુંદકુંદાચાર્ય'. ભગવાન પાસે ગયા હતા. આઠ દિવસ રહીને (અહીંયાં આવી) 'સમયસાર' આદિ બનાવ્યા. એ 'સમયસાર' આદિની બધામાં છાપ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ટૂંકામાં તો એમ કહે છે કે પોતાનો આત્મા જે સ્વ આશ્રય કરે છે એ તો નિર્મોહ વસ્તુ છે. એની દૃષ્ટિ નિર્મોહ થાય તો એની દૃષ્ટિ કરશે. અને પર તરફનું લક્ષ છે તો મોહ છે. એ મોહભાવથી પોતાના લક્ષથી ચ્યુત થશે. આહાહા..! સમજાય છે કાંઈ? એવું છે. 'સમયસાર નાટક'માં કહ્યું નહિ? કે મુનિ છે, સાચા વીતરાગી મુનિ, ભાવલિંગ જેને અતીન્દ્રિય આનંદનું વેદન છે, પ્રચુર અતીન્દ્રિય આનંદનું અંતર વેદન છે એ મુનિ છે. એમને પણ મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે એ જગપંથ છે. 'દેવીલાલે' પ્રશ્ન કર્યો કે સમકિતીને શું? આહાહા..!

મુમુક્ષુ :- સમકિત થયા પહેલા વ્યભિચારિણી બુદ્ધિ માનશે તો શાસ્ત્ર વાંચશે નહિ.

ઉત્તર :- પહેલા પણ છે અને પછી પણ (વ્યભિચારિણી) છે. ઝીણી વાત છે, બાપુ! એ તો પહેલા કહી ગયા ને? 'પરમાત્મપ્રકાશ'માં પહેલા કહ્યું. દિવ્યધ્વનિથી પણ આત્મા પ્રાપ્ત નહિ થાય. કેમકે દિવ્યધ્વનિ એ પરપદાર્થ છે. એના લક્ષથી પોતામાં જે જ્ઞાન થાય છે એ પરલક્ષીજ્ઞાન છે. એનાથી આત્માનું જ્ઞાન નથી થતું. આહાહા..! પહેલા આવી ગયું છે. સમજાય છે કાંઈ? આહાહા..! અને જેણે રાગનો કણ આદરણીય અને ઉપાદેય માન્યો, તેને આત્મા હેય થઈ ગયો. જેણે શુભરાગ, પુણ્યરાગને પણ ઉપાદેય માન્યો, એ આદરણીય છે એમ માન્યું એને આત્મા હેય થઈ ગયો. અને જેને આત્મા ઉપાદેય થયો, તેને રાગ હેય થઈ ગયો. બેય અરસપરસ વાત છે. આહા..! કંઈ દરકાર કરી નહિ અને જિંદગી ચાલી જાય. વીતરાગ શું કહે છે અને માર્ગ શું છે, એની ખબર ન મળે. આહાહા..! સમજાય છે કાંઈ?

બે વાત છે. એકકોર ભગવાન નિર્મોહી આત્મ શુદ્ધાત્મતત્ત્વ છે. નવ તત્ત્વ છે ને? તો

આત્મા જે છે એ શુદ્ધાત્મા તત્ત્વ એ જીવતત્ત્વ છે. અને પુણ્ય-પાપ ઉત્પન્ન થાય છે એ તો આસ્રવતત્ત્વ છે. એ ભિન્ન તત્ત્વ છે. અને કર્મ ને શરીર આ માટી ને પૈસો એ તો અજીવતત્ત્વ -ધૂળતત્ત્વ છે. આહાહા..! તો અજીવથી અને પુણ્ય-પાપ આસ્રવથી ભગવાન તત્ત્વ ભિન્ન છે. નહિતર બે તત્ત્વ એક થઈ જશે. આહા..!

અહીંયાં પરમાત્મા 'યોગીન્દ્રદેવ' સંત છે. મહામુનિ વીતરાગી દિગંબર છે. જંગલમાં વસતા હતા. સમજાય છે કાંઈ? આ 'પરમાત્મપ્રકાશ' જંગલમાં બનાવ્યું છે. તો કહે છે, ૪૨ ગાથામાં અલ્પ (શબ્દોમાં) બહુ (ભર્યું છે). ભગવાન! ભગવાન તરીકે બોલાવે છે. ૭૨ ગાથામાં (સમયસારમાં) આવ્યું છે ભગવાનઆત્મા. આહાહા..! ભગ નામ આનંદની લક્ષ્મી, જ્ઞાન અને આનંદની લક્ષ્મીનો ભંડાર ભગવાનઆત્મા છે. આ ધૂળની લક્ષ્મી નહિ. આ પાંચ-પચીસ કરોડ રૂપિયા મળે તો અમે બાદશાહ થઈ ગયા. દુઃખીના દાળિયા છે. એય..! આહાહા..! એ પૈસાવાળા દુઃખી, દેવ દુઃખી, અનુકૂળ સામગ્રીવાળા પણ દુઃખી. કેમકે અનુકૂળ સામગ્રીમાં લક્ષ જાય છે તો રાગ થાય છે એ રાગ છે એ દુઃખ છે. આહાહા..! આવી વાતું.

અહીં તો બે વાત (છે). એક ઘા ને બે કટકા. એક ઘા મારે અને કટકા થાય બે. એમ ભેદજ્ઞાન કરવાથી બે ભિન્ન પડી જાય છે. પર તરફના આશ્રયે રાગ થાય છે અને ભગવાનની પ્રાપ્તિ રાગથી રહિત અરાગી પરિણામથી ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? દરકાર કરી નથી. એણે અનંતકાળ આમ ને આમ ગાળ્યો. કાં બાયડી, છોકરા ને કાંઈક પાંચ-પચાસ લાખ ધૂળ મળે ત્યાં જાણે અમે મોટા થઈ ગયા. સમજાણું કાંઈ? એ તો આમાં કહ્યું ને? 'પરમાત્મપ્રકાશ'માં આવી ગયું ને? હવે આવશે, નહિ? ૬૦મી ગાથા. નહિ? હવે ૬૦માં આવશે. લ્યો, એ ૬૦ જ આવી. જુઓ! પાનું ફેરવતા ૬૦..૬૦. છ અને મીંડું-૬૦ ગાથા, આપણે ૪૨મી ચાલે છે. ૬૦ આવી જુઓ. '**पुण्णेण होइ विहवो**' પુણ્યથી વૈભવ આ ધૂળ મળે. આ રાગ ને પૈસા ને આબરૂ ને બાયડી, છોકરા, કુટુંબ અનુકૂળ (મળે) એ '**पुण्णेण होइ विहवो**'. પાઠ છે? '**विहवेण मओ**' વૈભવથી મદ ચડશે, એને મદ ચડશે. અમે પૈસા રળ્યા, અમે પૈસાવાળા. છે? અંદર અર્થમાં છે. જુઓ! અર્થ.. અર્થ. '**પુણ્યસે ઘરમેં ધન હોતા હૈ, ઔર ધનસે અભિમાન,...**' થાય છે. છે અર્થમાં? 'બાબુભાઈ'! ગયા તમારા? 'બલુભાઈ' ગયા. ઈ કહે, જવું ગોઠતું નથી. જવું ગોઠતું નથી તો શું કરવા જાઓ છો? આહાહા..!

ભગવાનનું ઘર પ્રાપ્ત થવું, બાપુ! બહુ અલૌકિક વાતું છે. જૈનદર્શન એ અલૌકિક (છે). એવી ચીજ બીજે ક્યાંય ત્રણકાળમાં બીજે ક્યાંય નથી. અહીં તો સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની અસ્તિ સિદ્ધ કરી. એકલો આત્મા જ છે એમ નહિ. આત્મા સિવાય અનંત પદાર્થો ભિન્ન છે. એમ બે પદાર્થ સિદ્ધ કર્યા ભિન્ન અનંત. પણ છતાં એક સ્વ પદાર્થનો આશ્રય છોડીને પરનો આશ્રય જેટલો કરે છે એટલો વ્યભિચાર, રાગ અને દુઃખ છે. આહાહા..! માટે તે કષાય... અહીં કીધું ને? જુઓને! અહીં શું કહે છે? એ પુણ્યથી વૈભવ મળે. પુણ્યથી ઘરમાં વૈભવ મળે, એમ કીધું ને? ઘરમાં ધન (આવે). ધન આ ધૂળ. આહાહા..! અને '**ધનસે અભિમાન, માનસે બુદ્ધિભ્રમ હોતા હૈ...**' બુદ્ધિભ્રમ થઈ જાય. કાંઈક પાંચ-પચાસ લાખ,

કરોડ, બે કરોડ મળે ત્યાં.. ઓહોહો..! શું છે? ધૂળેય નથી, સાંભળને! આહાહા..! અને **'બુદ્ધિકે ભ્રમ હોનેસે (અવિવેકસે) પાપ હોતા હૈ,...'** આહાહા..! **'ઈસલિયે ઐસા પુણ્ય હમારે ન હોવે.'** ધર્માત્મા એમ કહે છે કે આવા પુણ્ય અમને ન હો. પુણ્ય ન હો, બાપુ! અમારે પુણ્ય જોઈતું નથી. આહાહા..! અમારે તો ભગવાનઆત્મા (કે જે) પુણ્યના, પાપના ભાવ અને ફળ રહિત છે (એ જોઈએ છે). પુણ્ય-પાપના ભાવ અને પુણ્ય-પાપના ફળ સંયોગી. એનાથી પ્રભુ અંદર રહિત છે. અરેરે..! એને ક્યાં બેસે આ વાત? સમજાણું કાંઈ? અમને આવા પુણ્ય ન હો. 'જયસુખભાઈ'!

મુનિરાજ એમ કહે છે. આહાહા..! અમને એવા પુણ્ય ન હો. જે પુણ્યથી પૈસા મળે અને અભિમાન ચડી જાય, મતિભ્રમ થઈ જાય, અમને કાંઈક આવડત, ઘણી આવડત છે માટે પૈસા ભેગા કર્યા અને આને આવડત નથી માટે પૈસા નથી થયા, (એમ માનનારા) મૂઢ છે. પૈસા તો પૂર્વના પુણ્યથી મળે છે, તારા પુરુષાર્થથી મળે છે? બધો વ્યવસ્થિત પ્રયત્ન કરે માટે પૈસા મળે છે? બુદ્ધિના બારદાન ખાલી હોય છે. બારદાન સમજ્યા? બુદ્ધિના ખાલી કોથળા. બે-બે લાખ મહિને પેદા કરે છે. પાંચ-પાંચ લાખ અત્યારે પેદા કરે છે. બુદ્ધિના બારદાન-ખાલી. અને બુદ્ધિના ખાં હોય એને બે હજાર પેદા કરવા પરસેવા ઉતરે છે. મહિને બે હજાર પેદા કરવા (પરસેવા ઉતરે), એ શું બુદ્ધિનું ફળ છે? કેમ 'ગોપાણી'? શું હશે?

મુમુક્ષુ :- પુણ્યને લીધે આ મળે છે?

ઉત્તર :- તો કોને લઈને મળે છે? પુણ્યને લઈને બુદ્ધિહીનને મળે છે અને બુદ્ધિવાળાને પુણ્ય ન હોય તો નથી મળતું.

મુમુક્ષુ :- અમે મહેનત કરીએ છીએ ને?

ઉત્તર :- કર્યા, રાગ કરે? ઈ કરે શું? રાગ. દેહની ક્રિયા કરી શકે? આ તો જડ માટી છે. આ તો અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વની ક્રિયા આત્મા કરી શકે? અજ્ઞાની. કરી શકે રાગ, મોહ અને મિથ્યા ભ્રાંતિ. આહાહા..! હમણાં તમારા પૈસા ગયા નહિ? 'માણેકલાલ'માં ગયા ને હમણાં? ઈ પૈસા જવાના હતા. પાપનો ઉદય હોય ત્યારે જાય. ૧૫૦ તોલા સોનું હતું.

મુમુક્ષુ :- ધ્યાન ન રાખ્યું એટલે.

ઉત્તર :- ધ્યાન રાખ્યા રહે? એ જવાની જડની ક્રિયા (છે). આહા..! એનામાં ક્રિયાવતી શક્તિ છે તેથી એને કારણે એ પરમાણુ એમ જાય છે. બીજા કહે, હું લઈ જાઉં છું, એ વાત ખોટી છે.

મુમુક્ષુ :- કોક લઈ ગયા નહિ?

ઉત્તર :- કોણ લઈ જાય? આહાહા..! વીતરાગમાર્ગ ઝીણો બહુ, ભગવાન! બાપુ! જિનવરદેવ, એમાં પણ આ દિગંબર ધર્મ એ જૈનધર્મ. એ સિવાય ધર્મ છે નહિ. આ પરમસત્ય (છે). આહાહા..! એને સાંભળવા મળે નહિ, એ બિચારા ક્યાં જાય? આહાહા..!

અહીં તો કહે છે.. આહાહા..! મુનિરાજ એમ કહે છે, અમારે એવું પુણ્ય ન હો. 'યોગીન્દ્રદેવ'. બીજા કરતાં અમે ચડિયાતા થઈ ગયા, વધી ગયા. પિતાજી પાસે કંઈ નહોતું.

અમે બાહુબળે પૈસા કમાણા છીએ. ધૂળેય નથી, સાંભળને! તારું બાહુબળ કેવું? આહાહા..! અભિમાન છે, અભિમાન. તારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે. અહીં તો પરમાત્મા એમ કહે છે, આ તો પુણ્યની વાત કરી, પણ જે ભાવે પુણ્ય બંધાય એ ભાવ પણ મોહ છે. સમજાય છે કાંઈ? એ મોહ તરફનું લક્ષ છોડી દે. એ રાગ અગ્નિ છે. આહાહા..! 'છ ઢાળા'માં આવે છે. 'છ ઢાળા'માં નથી આવતું? 'રાગ આગ દાહ દહે સદા'. કોને ખબર છે? ભગવાન આ ધૂળ આડે આખો દિ' નવરો નથી. 'છ ઢાળા'માં આવે છે. 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત સેઈએ.' (ઢાળ-૬, પદ-૧૫) 'છ ઢાળા'માં આવે છે. રાગરૂપી આગ. ભલે શુભરાગ હોય તો એ આગ છે. 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત સેઈએ.' વીતરાગભાવ સમતાભાવનું સેવન. એ આત્માના અવલંબને સમતાભાવ ઉત્પન્ન થાય છે. પરને કારણે સમતાભાવ ઉત્પન્ન થતો નથી. આહાહા..! અને એ સમતાભાવની વ્યાખ્યા તો આપણે આવી ગઈ. જેમાં વીતરાગી આનંદનો સ્વાદ આવે. આહાહા..! એને સમભાવ કહીએ. જેને અંતર આત્માનો વીતરાગી આનંદ છે, એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ અનુભવમાં આવે છે, એને સમતા-સમભાવ કહેવાય છે. અમે સમભાવ રાખીએ છીએ, એમ નહિ. આહાહા..!

અહીં આવ્યું, '**જિસસે કષાયેં શાંત હો. તાત્પર્ય યહ હૈ કિ વિષયાદિક સબ સામગ્રી...**' આહાહા...! પાંચ ઇન્દ્રિયોના વિષયોની બધી સામગ્રી. '**ઔર મિથ્યાદષ્ટિ પાપિયોંકા સંગ સબ તરહસે મોહકષાયકો ઉપજાતે હૈં,...**' જેની દૃષ્ટિ મિથ્યાત્વ છે એ કષાયનું પોષણ કરશે. એ કષાયમાં ધર્મ સ્થાપશે. તેનો સંગ છોડી દે. આહાહા..! '**વિષયાદિક સબ સામગ્રી...**' એટલે પાંચ ઇન્દ્રિયના વિષયની સામગ્રી. આહાહા..! '**ઔર મિથ્યાદષ્ટિ પાપિયોંકા સંગ સબ તરહસે મોહકષાયકો ઉપજાતે હૈં,...**' આહાહા..!

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિ પુણ્યશાળી હોય તો?

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ પાપીઓ છે. ઈ પાપી છે. મિથ્યાદૃષ્ટિ પાપી છે, પુણ્યશાળી નથી.

મુમુક્ષુ :- પૂર્વનું પુણ્ય હોય.

ઉત્તર :- તોય એને પાપી કીધા છે. 'ગોમ્મટસાર'માં મિથ્યાદૃષ્ટિને અશુભભાવ જ કીધો છે. જેની દૃષ્ટિ(માં) રાગથી ધર્મ થાય, પુણ્યથી ધર્મ થાય, એ વ્યવહારના વ્રત, તપની ક્રિયા કરીએ તો ધર્મ થાય એ (માનનારા) મિથ્યાદૃષ્ટિ પાપી છે. આહાહા..! 'ગોમ્મટસાર'માં એને અશુભભાવ કીધો છે. એને શુભભાવ થાય છે ખરો, પણ એની ગણતરી નથી. મિથ્યાત્વનું જોર છે. વિપરીત શ્રદ્ધાના જોરમાં એને પાપી કીધો છે. 'ગોમ્મટસાર'. આહા..!

મુમુક્ષુ :- અજ્ઞાનીએ દ્રવ્યલિંગીનો સંગ કરવો કે ન કરવો?

ઉત્તર :- હવે ઈ તમારે સમજવું એમાં. જે કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ શુભ છે, એનાથી ધર્મ માને, મનાવે—એનો સંગ તો મિથ્યાત્વનો પોષક છે. એ તો આવી ગયું છે, બહુ, બપોરે હજી આવશે. આ 'પુણ્ય-પાપ અધિકાર'માં આવ્યું નહિ? 'સમયસાર'. વ્રત, તપ, શીલ, નિયમ એ બધા શુભભાવ, શુભકર્મ છે. એ કંઈ ધર્મ નથી. આહાહા..! એને જે ધર્મ મનાવે એ તો મિથ્યાદૃષ્ટિ પાપી છે. આવી વાત છે, ભાઈ! એનો સંગ '**સબ તરહસે**

**મોહકષાયકો ઉપજાતે હૈં,...**' આહાહા..!

'**ઈસસે હી મનમેં કષાયરૂપી અગ્નિ દહકતી રહતી હૈ.**' આહાહા..! મિથ્યાશ્રદ્ધાવાળાનો સંગ કરવાથી મિથ્યાશ્રદ્ધા ઉત્પન્ન થાય છે. મિથ્યાશ્રદ્ધા એ અગ્નિ છે, ઈ કષાય અગ્નિ છે. આહાહા..! જિનવરદેવનો માર્ગ, બાપા! એક ક્ષણ પણ જેને સમ્યગ્દર્શન થાય એને કષાય અગ્નિ અંદરથી છૂટી જાય. આહાહા..! શુભભાવ છૂટીને ભેદજ્ઞાન થઈ જાય. આહાહા..! '**ઈસસે હી મનમેં કષાયરૂપી અગ્નિ દહકતી રહતી હૈ.** આહાહા..! **વહ સબ પ્રકારસે છોડના ચાહિયે,...**' આહા..!

'**સત્સંગતિ તથા શુભ સામગ્રી (કારણ) કષાયોંકો ઉપશમાતી હૈ...**' નિમિત્તથી કથન છે. સત્સંગતિ. સત્સંગિતમાં વીતરાગભાવ સ્થાપશે. સમકિતી કે મુનિ ધર્માત્મા સાચા હશે એ તો વીતરાગભાવનો જ ધર્મ બતાવશે, રાગનો ધર્મ એ નહિ બતાવે. રાગ આવે, બતાવશે. રાગ હોય છે. સમકિતીને પણ ભક્તિ, પૂજાનો રાગ હોય છે. પણ એ રાગ પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહિ, એમ એ બતાવશે. સમજાય છે કાંઈ? આ તો 'પરમાત્મપ્રકાશ' છે. '**સત્સંગતિ તથા શુભ સામગ્રી (કારણ) કષાયોંકો ઉપશમાતી હૈ...**' શુભ સામગ્રી એટલે દેવ, ગુરુની પૂજા, ભક્તિમાં રાગ મંદ થાય છે, એટલું. '**કષાયરૂપી અગ્નિકો બુઝાતી હૈ, ઈસલિયે ઉસ સંગતિ વગૈરહકો અંગીકાર કરની ચાહિયે.**' જેમાં અવિકારી સ્વભાવની પ્રરૂપણા થતી હોય તો એના સંગમાં અકષાયભાવ ઉત્પન્ન થશે. સમજાય છે કાંઈ? આકરી વાત, ભગવાન! શું થાય? અરેરે..! પંચમકાળ, પરમાત્માના વિરહ પડ્યા. તીર્થંકરોની હાજરી નહિ. કેવળી ભગવાન રહ્યા મહાવિદેહમાં. આહાહા..!

અહીં તો પરમાત્માનો પોકાર આ છે, તારો સ્વદ્રવ્ય સ્વભાવ શુદ્ધાત્માની સન્મુખ થવાથી તને ધર્મ થશે અને પરદ્રવ્યની વિમુખતાથી (ધર્મ) થશે. સ્વદ્રવ્યથી વિમુખ થઈ પરદ્રવ્ય સન્મુખ જઈશ તો રાગ થશે. એમ કહે છે, વાત તો એમ લ્યે છે. આહાહા..! અરેરે..! લોકોને અંદર આત્મા વીતરાગસ્વરૂપી છે, એની વીતરાગી દૃષ્ટિએ તે પ્રાપ્ત થાય એમ છે. સમજાણું કાંઈ?

'**ઈસલિયે ઉસ સંગતિ વગૈરહકો અંગીકાર કરની ચાહિયે.**' લ્યો! ૪૨ (ગાથા) થઈ. બહુ સરસ વાત! ઓહોહો..! 'પરમાત્મપ્રકાશ'ની એક એક ગાથા, ગજબ વાત! સમ્યગ્દર્શન છે ઈ વીતરાગી પર્યાય છે. પર્યાય છે, સમભાવ છે. કેમકે એ પરનો આશ્રય છોડી સ્વ ત્રિકાળી ભગવાન શુદ્ધાત્માનો આશ્રય કરીને સમ્યગ્દર્શન થાય છે. ધર્મની પહેલી સીઢી. ધર્મનું પહેલું સોપાન. એ સમ્યગ્દર્શન કઈ રીતે ઉત્પન્ન થાય, એ ૧૧મી ગાથામાં આવ્યું. '**भूदत्थमस्सिदो खलु**' ત્રિકાળી ભુતાર્થ સત્યાર્થ પ્રભુ ધ્રુવ, એના આશ્રયે-અવલંબને સમ્યગ્દર્શન થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રના આશ્રયે પણ સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..! એ 'સમયસાર' ૧૧મી ગાથામાં (છે). આહાહા..! એનો આ વિસ્તાર કર્યો છે. એ પહેલા આપણે આવી ગયું કે સમભાવ એટલે શુભાશુભભાવથી રહિત અને વીતરાગી આનંદસ્વરૂપ એવા વીતરાગી આનંદના સ્વાદ સહિત (છે) એને સમભાવ કહે છે. એને વીતરાગતા કહે છે.

એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! બહારથી માની લે, અમે ધર્મ કર્યો. આ જાત્રા કરી ત્યાં ધર્મ થઈ ગયો, એમ માને. એ તો શુભભાવ છે. શુભભાવ પુણ્ય છે. પોતાની જાત્રા કરવાથી, અંદર આત્માનો આનંદ છે એમાં આરૂઢ થવાથી વીતરાગભાવ થાય એ પરમાર્થ યાત્રા છે. એવી વાત છે, આકરી વાત છે.

હવે કહે છે, ૪૩ આવી ને? '**હેયોપાદેય તત્ત્વકો જાનકર...**' હેય એટલે કે પર તરફનો રાગ અને પર તરફની બધી ચીજો હેય છે. એનો સાર અહીં પાછો લીધો. અને ભગવાન શુદ્ધાત્મા એ જ ઉપાદેય છે. ભેદજ્ઞાન. 'ભેદજ્ઞાન સાબુ ભયો' આવે છે ને? 'નિર્મલ નીર, સમરસ નિર્મલ નીર, ધોબી અંતરાત્મા ધોવે નિજ ગુણ ચીર' 'સમયસાર નાટક'માં (સંવર દ્વાર પદ-૯) આવે છે. 'બનારસીદાસ', 'ટોડરમલ' આદિ મહાપુરુષો ઘણું કામ કરી ગયા. 'મોક્ષમાર્ગ પ્રકાશક', 'બનારસીદાસ' 'સમયસાર નાટક' જબ્બર!

અહીંયાં કહે છે, '**હેયોપાદેય તત્ત્વકો જાનકર...**' આ માથે કહ્યું ને? બે. પરદ્રવ્ય તરફ (લક્ષ જવાથી) રાગ ઉત્પન્ન થાય છે તે હેય છે. રાગ હેય છે અને પરદ્રવ્ય પણ હેય છે. આહાહા..! '**પરમશાંતભાવસે સ્થિત હોકર...**' હેયતત્ત્વને હેય કરીને અને ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુને અંગીકાર-ઉપાદેય કરીને. આહાહા..! '**પરમશાંતભાવસે સ્થિત હોકર...**' રાગરહિત, કષાયરહિત શાંતભાવ સમ્યગ્દર્શન, જ્ઞાન શાંતભાવમાં સ્થિત થઈને '**જિનકે નિઃકષાયભાવ હુઆ...**' જેને કષાયરહિત ભાવ થયો. એ '**નિજ શુદ્ધાત્મામેં જિનકી લીનતા હુઈ,...**' આહાહા..! નિજ શુદ્ધાત્મા, ભગવાન પરમાત્મા એ તો પર છે. '**નિજ શુદ્ધાત્મામેં જિનકી લીનતા હુઈ, વે હી જ્ઞાની પરમ સુખી હૈં,...**' બાકી બધા દુઃખી છે. સમજાય છે કાંઈ? અબજોપતિ છે અત્યારે, આપણા હિન્દુસ્તાનમાં પણ. 'અમેરિકા'માં તો અબજોપતિનો પાર ન મળે. પણ બધા દુઃખી.

અહીં કહે છે, '**નિજ શુદ્ધાત્મામેં જિનકી લીનતા હુઈ,...**' પર તરફનો જે વિકલ્પ ઉઠે છે એ રાગ છે, એ હેય છે. અને રાગ હેય છે તો જેના લક્ષે ઉત્પન્ન થાય છે એ ચીજ પણ હેય છે. અને પોતાનો આત્મા છે એ શુદ્ધ રાગ રહિત છે. તો એ સ્વભાવને આશ્રય કરવાથી રાગરહિત પરિણતિમાં આત્મા પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શન રાગરહિત પર્યાય છે. એમાં આત્મા પ્રાપ્ત થાય છે. એમાં લીન થઈને શાંતભાવ... છે ને? સુખી છે. આહા..! શાંતભાવમાં સ્થિત થઈને જ્ઞાની પરમ સુખી છે. ધર્મી વીતરાગી પરિણતિમાં રહે છે એ સુખી છે. સમ્યગ્દષ્ટિ પણ સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય છે. અકષાયભાવ છે. આહાહા..! સમ્યગ્દષ્ટિ જીવને સમ્યગ્દર્શનનો વિષય જે પૂર્ણાનંદનો નાથ, એનો આશ્રય કરવાથી આનંદ ઉત્પન્ન થાય છે, એ સુખી છે. મિથ્યાદષ્ટિ અબજોપતિ, દેવ હોય, રાજા હોય, શેઠીયા હોય એ બધા દુઃખી છે, દુઃખી. દુનિયાથી જુદી ચીજ છે ભઈ આ તો. આ તો વીતરાગ જિનેશ્વરદેવ પરમેશ્વર પરમાત્માનું આ ફરમાન છે. દુનિયાથી નિરાળું છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

अथ हेयोपादेयतत्त्वं ज्ञात्वा परमोपशमे स्थित्वा येषां ज्ञानिनां स्वशुद्धात्मनि रतिस्त एव सुखिन इति कथयति –

१६९) तत्तातत्तु मुणेवि मणि जे थक्का सम-भावि।
ते पर सुहिया इत्थु जगि जहँ रइ अप्प-सहावि।।४३।।
तत्त्वातत्त्वं मत्वा मनसि ये स्थिताः समभावे।
ते परं सुखिनः अत्र जगति येषां रतिः आत्मस्वभावे।।४३।।

तत्तातत्तु इत्यादि। तत्तातत्तु मुणेवि अन्तस्तत्त्वं बहिस्तत्त्वं मत्वा। क्व। मणि मनसि जे ये केचन वीतरागस्वसंवेदनप्रत्यक्षज्ञानिनः थक्का स्थिता। क्व। सम-भावि परमोशमपरिणामे ते पर त एव सुहिया सुखिनः इत्थु जगि अत्र जगति। के ते। जहं रइ येषां रतिः। क्व। अप्प-सहावि स्वकीयशुद्धात्मस्वभावे इति। तथाहि। यद्यपि व्यवहारेणानादिबन्धनबद्धं तिष्ठति तथापि शुद्धनिश्चयेन प्रकृतिस्थित्यनुभागप्रदेशबन्धरहितं, यद्यप्यशुद्धनिश्चयेन स्वकृतशुभाशुभ-कर्मफलभोक्ता तथापि शुद्धद्रव्यार्थिकनयेन निजशुद्धात्मतत्त्वभावनोत्थवीतराग-परमानन्दैकसुखामृतभोक्ता, यद्यपि व्यवहारेण कर्मक्षयानन्तरं मोक्षभाजनं भवति तथापि शुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धद्रव्यार्थिकनयेन सदा मुक्तमेव, यद्यपि व्यवहारेणेन्द्रियजनितज्ञानदर्शनसहितं तथापि निश्चयेन सकलविमलकेवलज्ञानदर्शनस्वभावं, यद्यपि व्यवहारेण स्वोपात्तदेहमात्रं तथापि निश्चयेन लोकाकाशप्रमितासंख्येयप्रदेशं, यद्यपि व्यवहारेणोपसंहारविस्तारसहितं तथापि मुक्तावस्थायामुपसंहारविस्ताररहितं चरमशरीर-प्रमाणप्रदेशं, यद्यपि पर्यायार्थिकनयेनोत्पादव्ययध्रौव्ययुक्तं तथापि द्रव्यार्थिकनयेन नित्यटङ्कोत्कीर्णज्ञायकैकस्वभावं निजशुद्धात्मद्रव्यं पूर्वं ज्ञात्वा तद्विलक्षणं परद्रव्यं च निश्चित्य पश्चात् समस्तमिथ्यात्वरागादिविकल्पत्यागेन वीतरागचिदानन्दैकस्वभावे स्वशुद्धात्मतत्त्वे ये रतास्त एव धन्या इति भावार्थः। तथा चोक्तं परमात्मतत्त्वलक्षणे श्रीपूज्यपादस्वामिभिः- नाभावो सिद्धिरिष्टा न निजगुणहतिस्तत्तपोभिर्न युक्तैः। अस्त्यात्मानादिबद्धः स्वकृतजफलभुक् तत्क्षयान्मोक्षभाजी। ज्ञाताद्रष्टा स्वदेहप्रमितिरुप-समाहारविस्तारधर्मा। ध्रौव्योत्पत्तिव्ययात्मा स्वगुणयुत इतो नान्यथा साध्यसिद्धिः'।।४३।।

---

आगे हेयोपादेय तत्त्वको जानकर परम शांतभावमें स्थित होकर जिनके निःकषायभाव हुआ और निजशुद्धात्मामें जिनकी लीनता हुई, वे ही ज्ञानी परम सुखी हैं, ऐसा कथन करते हैं–

गाथा – ४३

अन्वयार्थ :– [ ये ] जो कोई वीतराग स्वसंवेदन प्रत्यक्षज्ञानी जीव [ तत्त्वातत्त्वं ] आराधने योग्य निज पदार्थ और त्यागने योग्य रागादि सकल विभावोंको [ मनसि ] मनमें [ मत्वा ]

जानकर [ समभावे स्थिताः ] शांतभावमें तिष्ठते हैं, और [ येषां रतिः ] जिनकी लगन [ आत्मस्वभावे ] निज शुद्धात्म स्वभावमें हुई है, [ ते परं ] वे ही जीव [ अत्र जगति ] इस संसारमें [ सुखिनः ] सुखी हैं।

भावार्थ :– यद्यपि यह आत्मा व्यवहारनयकर अनादिकालसे कर्मबंधनकर बँधा है, तो भी शुद्धनिश्चयनयकर प्रकृति, स्थिति, अनुभाग, प्रदेश–इन चार तरहके बंधनोंसे रहित है, यद्यपि अशुद्धनिश्चयनयसे अपने उपार्जन किये शुभ–अशुभ कर्मोंके फलका भोक्ता है, तो भी शुद्धद्रव्यार्थिकनयसे निज शुद्धात्मतत्त्वकी भावनासे उत्पन्न हुए वीतराग परमानंद सुखरूप अमृतका ही भोगनेवाला है, यद्यपि व्यवहारनयसे कर्मोंके क्षय होनेके बाद मोक्षका पात्र है, तो भी शुद्ध पारिणामिक परमभावग्राहक शुद्ध द्रव्यार्थिकनयसे सदा मुक्त ही है, यद्यपि व्यवहारनयकर इन्द्रियजनित मति आदि क्षयोपशमिकज्ञान तथा चक्षु आदि दर्शन सहित है तो भी निश्चयनयसे सकल विमल केवलज्ञान और केवलदर्शन स्वभाववाला है, यद्यपि व्यवहारनयकर यह जीव नामकर्मसे प्राप्त देहप्रमाण है, तो भी निश्चयनयसे लोकाकाशप्रमाण असंख्यातप्रदेशी है, यद्यपि व्यवहारनयसे प्रदेशोंके संकोच विस्तार सहित है, तो भी सिद्ध–अवस्थामें संकोच विस्तारसे चरमशरीरप्रमाण प्रदेशवाला है, और यद्यपि पर्यायार्थिकनयसे उत्पाद व्यय ध्रौव्यकर सहित है, तो भी द्रव्यार्थिकनयकर टंकोत्कीर्ण ज्ञानके अखंड स्वभावसे ध्रुव ही है। इस तरह पहिले निज शुद्धात्मद्रव्यको अच्छी तरह जानकर और आत्मस्वरूपसे विपरीत पुद्गलादि परद्रव्योंको भी अच्छी तरह निश्चय करके अर्थात् आप परका निश्चय करके बादमें समस्त मिथ्यात्व रागादि विकल्पोंको छोड़कर वीतराग चिदानंद स्वभाव शुद्धात्मतत्त्वमें जो लीन हुए हैं, वे ही धन्य हैं। ऐसा ही कथन परमात्मतत्त्वके लक्षणमें श्रीपूज्यपादस्वामीने कहा है, 'नाभाव' इत्यादि। अर्थात् यह आत्मा व्यवहारनयकर अनादिका बँधा हुआ है, और अपने किये हुए कर्मोंके फलका भोक्ता है, उन कर्मोंके क्षयसे मोक्षपदका भोक्ता है, ज्ञाता है, देखनेवाला है, अपनी देहके प्रमाण हैं, संसार–अवस्थामें प्रदेशोंके संकोच विस्तारको धारण करता हैं, उत्पाद, व्यय, ध्रौव्य सहित है, और अपने गुण पर्याय सहित है। इसप्रकार आत्माके जाननेसे ही साध्यकी सिद्धि है, दूसरी तरह नहीं है।।४३।।

---

હવે, હેય–ઉપાદેય તત્ત્વને જાણીને પરમ ઉપશમભાવમાં સ્થિત થઈને જે જ્ઞાનીઓને સ્વશુદ્ધાત્મામાં રતિ થઈ તેઓ જ સુખી છે, એમ કહે છે :

ભાવાર્થ : જોકે આ શુદ્ધાત્મદ્રવ્ય વ્યવહારનયથી અનાદિકાળથી બંધનથી બંધાયેલો છે તોપણ શુદ્ધ નિશ્ચયનયથી પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ એ ચાર પ્રકારના બંધથી

રહિત છે, તથા અશુદ્ધનિશ્ચયનયથી સ્વપ્રકૃત (પોતે ઉપાર્જન કરેલા) શુભ-અશુભ કર્મના ફળનો ભોક્તા છે તોપણ શુદ્ધદ્રવ્યાર્થિકનયથી નિજશુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન એક (કેવળ) વીતરાગ પરમાનંદરૂપ સુખામૃતનો ભોક્તા છે, તેમજ વ્યવહારનયથી કર્મના ક્ષય ટાણે જ મોક્ષનું ભાજન થાય છે તોપણ શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયથી સદા મુક્ત જ છે, જો-કે વ્યવહારનયથી ઇન્દ્રિયજનિત જ્ઞાનદર્શન સહિત છે તોપણ નિશ્ચયનયથી સકળ-વિમળ કેવળજ્ઞાન-કેવળદર્શનસ્વભાવવાળો છે, તથા વ્યવહારનયથી પોતાના ઉપાર્જેલા દેહ જેવડો જ છે તોપણ નિશ્ચયનયથી લોકાકાશપ્રમાણ અસંખ્યાતપ્રદેશી છે, વ્યવહારનયથી પ્રદેશોના સંકોચ-વિસ્તાર સહિત છે તોપણ મુક્ત-અવસ્થામાં સંકોચ-વિસ્તાર રહિત ચરમશરીરપ્રમાણ પ્રદેશવાળો છે, જોકે પર્યાયર્થિકનયથી ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્ત છે તોપણ દ્રવ્યાર્થિકનયથી નિત્ય ટંકોત્કીર્ણ જ્ઞાયક જ જેનો એક સ્વભાવ છે. એવા નિજશુદ્ધાત્મદ્રવ્યને પ્રથમ જાણીને અને નિજશુદ્ધાત્મ દ્રવ્યથી વિલક્ષણ પરદ્રવ્યનો નિશ્ચય કરીને પછી સમસ્ત મિથ્યાત્વરાગાદિ વિકલ્પનો ત્યાગ કરીને વીતરાગ ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે, એવા સ્વશુદ્ધાત્મતત્ત્વમાં જેઓ રત થયા તેઓ જ ધન્ય છે, શ્રી પૂજ્યપાદસ્વામીએ પરમાત્મતત્ત્વના લક્ષણમાં પણ કહ્યું છે કેઃ

नाभावो सिद्धिरिष्टा न निजगुणहतिस्तत्तपोभिर्न युक्तैः।
अस्त्यात्मानादिबद्धः स्वकृतजफलभुक् तत्क्षयान्मोक्षभाजी।।
ज्ञातादृष्टा स्वदेहप्रमितिरुपसमाहारविस्तार धर्मा।
ध्रौव्योत्पत्तिव्ययात्मा स्वगुणयुत इतो नान्यथा साध्यसिद्धिः।।

(સિદ્ધભક્તિ-૨)

(અર્થ : કોઈ પોતાનો કે પોતાના ગુણનો અભાવ કરવા માટે તપશ્ચર્યાદિ વિધિની પ્રવૃત્તિ કરે જ નહિ.

આત્મા અનાદિથી કર્મો વડે બંધાયેલો, પોતે ઉપાર્જેલા શુભાશુભ કર્મનો ભોક્તા તેના ક્ષયથી મોક્ષનો ભોક્તા, જ્ઞાતા-દ્રષ્ટા, સંસાર-અવસ્થામાં સ્વદેહ પ્રમાણરૂપ, સંકોચ-વિસ્તારના સ્વભાવવાળો, ઉત્પાદ વ્યયધ્રૌવ્યસ્વરૂપ અને પોતાના ગુણથી યુક્ત છે, આવા સ્વરૂપે આત્માને જાણવાથી સાધ્યની સિદ્ધિ છે, અન્ય પ્રકારે જાણવાથી સાધ્યની સિદ્ધિ થતી નથી. ૪૩.

---

यह श्लोक अपूर्ण है, भाषामें 'नाभाव' आदि लिखा है।

## વીર સંવત ૨૫૦૨, કારતક સુદ ૧૪, શુક્રવાર
## તા. ૫-૧૧-૧૯૭૬, ગાથા-૪૩, પ્રવચન નં. ૧૨૫

૪૩ ગાથા. પહેલેથી શરૂ. '**આગે હેયોપાદેય તત્ત્વકો જાનકર...**' ૪૩, પહેલી પંક્તિ. હેય એટલે આત્મા સિવાય રાગાદિ બધા પદાર્થ હેય છે અને પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એ ઉપાદેય છે. એમ '**હેયોપાદેય તત્ત્વકો જાનકર પરમ શાંતભાવમેં સ્થિત હોકર...**' વીતરાગી પરિણામમાં શાંત (ભાવમાં) સ્થિર થઈને. ઝીણી વાત છે, ભાઈ! શુભ અને અશુભ પરિણામ જે છે એ વિષમભાવ, રાગ, વિકાર છે. એનાથી ખસીને નિજ શુદ્ધાત્મામાં સમભાવથી સ્થિર રહે. 'સમામૃત સેઈયે'. રાગ, પુણ્ય-પાપના ભાવથી રહિત પોતાના સમભાવમાં જે સ્થિત રહે છે.. આહાહા..! અને '**નિઃકષાયભાવ હુઆ...**' શુભ-અશુભભાવ છે એ તો કષાય છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપકષાય છે અને દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિના ભાવ પુણ્યકષાય છે. બંને કષાયથી રહિત, ખસીને પોતાનો શુદ્ધ નિઃકષાય સ્વભાવમાં જે લીન થાય છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

'**નિજ શુદ્ધાત્મામેં જિનકી લીનતા હુઈ,...**' નિજ-પોતાનો શુદ્ધ આત્મા પવિત્ર ભગવાન, એમાં જેની લગની લાગી, રતિ લાગી '**વે હી જ્ઞાની પરમ સુખી હૈં,...**' એ ધર્મી જગતમાં પરમસુખી છે. બાકી બધા દુઃખી છે. રાજા, શેઠિયાઓ, આ કરોડોપતિ, અબજોપતિ એ બિચારા દુઃખી છે.

મુમુક્ષુ :- જ્ઞાનીની દૃષ્ટિએ દુઃખી છે.

ઉત્તર :- અજ્ઞાનીને ભાન કે દિ' હતું, દુઃખનું અને સુખનું? અજ્ઞાની એમ માને કે આ સુખી છે. અહીં તો આચાર્ય ભગવાન એમ કહે છે, જે કોઈ આત્મા નિજ શુદ્ધાત્મા પવિત્ર ભગવાન, એમાં પુણ્ય-પાપના વિકલ્પથી રહિત થઈને, સમભાવમાં સ્થિત થાય, એ આત્મામાં લીન થાય, આત્માની જેને લગની લાગી હોય એ સુખી છે. 'તારાચંદજી'! આહાહા..! ધૂળમાંય સુખ નથી. અબજોપતિ, કરોડોપતિ ઘણા છે. સમજાય છે કાંઈ? જડના પતિ એ તો જડ છે. ભેંસનો પતિ તો પાડો હોય. એમ લક્ષ્મી જડ છે એનો સ્વામી થાય-પતિ થાય એ જડ છે, એને ચૈતન્યની ખબર નથી. સમજાય છે કાંઈ? વીતરાગમાર્ગ જગતથી જુદી જાતનો છે.

સર્વજ્ઞ જિનવરદેવ ત્રિલોકનાથ જિનવર તીર્થંકર પરમેશ્વર એમ ફરમાવે છે.. આહાહા..! એકવાર ભગવાન! સાંભળ તો ખરો. આહાહા..! તારા આત્મામાં આનંદ છે, અંદર અતીન્દ્રિય આનંદ છે. આહાહા..! એ આનંદ બહાર નથી. લક્ષ્મીમાં નથી, સ્ત્રીમાં નથી, આબરૂમાં નથી, એના મોટા હજીરા પાંચ-પચાસ લાખના મકાન-બંગલા હોય (એમાં)

ધૂળમાંય સુખ નથી. મૂઢ અજ્ઞાની અનાદિનો પરમાં સુખ માને છે એ મિથ્યાદૃષ્ટિ દુઃખી છે. આહાહા..!

ભગવાન સર્વજ્ઞદેવ પરમાત્મા જિનેશ્વરદેવનું એ ફરમાન છે કે '**નિજ શુદ્ધાત્મામેં જિનકી લીનતા હુઈ,...**' આહાહા..! પુણ્ય-પાપના ભાવમાંથી પણ જેની લીનતા છૂટી છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીની વાત ચાલે છે ને. આહાહા..! જેને આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શાંતસ્વરૂપ, વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા (છે) એમાં જેની લગની લાગી છે, લીનતા છે, '**વે હી જ્ઞાની પરમ સુખી હૈં,...**' કહો, સમજાય છે કાંઈ? એ સુખી છે. બાકી રાજા, દેવ, આ શેઠિયાઓ, દુનિયા એને એમ કહે, આ શેઠ છે, એ બધા દુઃખી છે. એ કષાયની અગ્નિથી બળી રહ્યા છે. સમજાય છે કાંઈ? એ જે જીવ ધર્મી છે-સમ્યગ્દૃષ્ટિ છે, જેણે આત્મા પરમાનંદની મૂર્તિ છે એને જેણે અનુભવમાં લીધો છે, સમજાય છે કાંઈ? એ આત્મા આનંદમૂર્તિ પ્રભુ! સમ્યગ્દૃષ્ટિ જીવ, સમ્યગ્જ્ઞાની જીવ, આત્મા શુદ્ધ ચૈતન્ય છે એમાં એની લીનતા છે. પુણ્ય અને પાપના ભાવમાં ધર્મીની લીનતા નથી. તો પુણ્ય-પાપના ફળરૂપે આ બહારની ધૂળ આદિ મળે એમાં ધર્મીની લીનતા નથી. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! છે?

'**વે હી જ્ઞાની પરમ સુખી હૈં, ઐસા કથન કરતે હૈં-**'

**અન્વયાર્થ :-** '**જો કોઈ વીતરાગ સ્વસંવેદન પ્રત્યક્ષજ્ઞાની જીવ...**' આહાહા..! આટલા શબ્દોમાં તો ઘણું ભર્યું છે. જેણે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યા છે, એ પુણ્ય-પાપના ભાવથી ભિન્ન પડી, ભેદજ્ઞાન કરી, નિજ શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં લીન થયો છે, એ વીતરાગ.. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ વીતરાગી પર્યાયમાં છે. આહાહા..! '**વીતરાગ સ્વસંવેદન...**' પોતાનું-સ્વ આત્માનું, સં-પ્રત્યક્ષ. આહા..! પ્રત્યક્ષ વેદન કરનાર જ્ઞાની, આહાહા..! એને ધર્મી કહીએ. જેને ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદના વેદનમાં વીતરાગી સ્વસંવેદનજ્ઞાન જ છે, એ પ્રત્યક્ષ આત્માના આનંદનો અનુભવ કરે છે. આહાહા..! સમકિતી હોય, ગૃહસ્થાશ્રમમાં હોય, છ ખંડના રાજમાં ચક્રવર્તી પડ્યા હોય, પણ અંદર જેને આત્મજ્ઞાન થયું છે, એ અંતરમાં રાગરહિત પોતાનું નિજ વીતરાગસ્વરૂપના સ્વસંવેદનમાં સુખી છે. કહો, આવી વ્યાખ્યા. આમાં શું સમજવું? આ કઈ જાતનો ઉપદેશ?

ભગવાન! અંતર વીતરાગ સર્વજ્ઞદેવ જિનવરદેવનો આ ઉપદેશ છે. જેમાં દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ ઉત્પન્ન થાય છે એ પણ રાગ છે, એ દુઃખ છે. દુનિયાને ક્યાં ખબર છે? આહાહા..! એ રાગ છે એ દુઃખી છે. રાગથી ભિન્ન પડી પોતાના વીતરાગી સ્વસંવેદન જ્ઞાન અને આનંદનું વેદન કરે છે એ જ્ઞાની જીવ એક જ જગતમાં સુખી છે. 'સુખીયા જગતમેં સંત, દુરિજન દુઃખીયા'. જેને આત્મજ્ઞાન થયું, આત્મદર્શન થયું, આત્માનું વીતરાગી સ્વસંવેદન થયું એ જ એક જીવ સુખી છે. કહો, 'જાદવજીભાઈ'! તમે બધા દુઃખી છો, એમ કહે છે. પૈસાવાળા બધા. દસ લાખ ને વીસ લાખ ને કરોડ ને બે કરોડ ને... અબજો રૂપિયા છે અત્યારે વાણિયા પાસે. સમજાણું કાંઈ? એ પરના લક્ષમાં જે મમતા કરે છે એ દુઃખી છે. ભગવાનઆત્મામાં.. આહાહા..! પરમાનંદ સ્વરૂપ પ્રભુ આત્માનું છે. અતીન્દ્રિય આનંદનું

સ્વરૂપ. એ અતીન્દ્રિય આનંદ સ્વરૂપમાં રાગથી રહિત થઈને સમભાવથી શાંતિમાં ઠરે છે એ જ એક સુખી છે. એ ધર્મી સુખી છે. સમજાય છે કાંઈ? લ્યો.

**'આરાધને યોગ્ય નિજ પદાર્થ...'** જુઓ! ધર્મીને સેવવાયોગ્ય આરાધવાયોગ્ય તો આત્મા છે. નિજ પદાર્થ પ્રભુ ચૈતન્ય સચ્ચિદાનંદ મૂર્તિ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. આહાહા..! કેમ બેસે? અહીં બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ. બે બીડી પીવે તો પાયખાનામાં દિશા-જંગલ ઊતરે. એટલી તો જેની પરાધીનતા. દુઃખી (છે). હવે એને એમ કહે કે પ્રભુ! તું આનંદનો નાથ છો. તારામાં તો સચ્ચિદાનંદ સત્ આનંદ ભર્યો છે. ઈ કહે છે. **'આરાધને યોગ્ય નિજ પદાર્થ...'** છે. આહાહા..! સેવવા યોગ્ય, દૃષ્ટિ કરવા યોગ્ય, જ્ઞાનમાં જ્ઞેય બનાવવા યોગ્ય નિજ પદાર્થ છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! વીતરાગમાર્ગ કંઈક જુદી જાત છે. એવો માર્ગ બીજે ક્યાંય નથી. વીતરાગ સર્વજ્ઞ સિવાય અન્યમાં ક્યાંય નથી.

એ અહીં કહે છે, નિજ પદાર્થ સેવવા યોગ્ય છે. ભગવાન પરમાત્માની સેવા, પૂજા એ પણ રાગ છે. આહાહા..! કેમકે પરપદાર્થ છે. સેવા છે ને? **'આરાધને યોગ્ય નિજ પદાર્થ...'** આહાહા..! ધર્મીને-સમ્યગ્દૃષ્ટિને સુખના પંથે પડેલો છે એવા આત્માને તો એક આત્મા જ આરાધવા યોગ્ય છે. આ દેવ-દેવી નથી આરાધતા લોકો? ફલાણી દેવી ને ઢીકણી દેવી. એ તો બધા જડ જેવા દેવો છે એને આરાધે, એમાં શું છે? મિથ્યાત્વ છે. અહીંયાં તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની પણ સેવા કરવી એ રાગભાવ છે. નિજ પદાર્થની સેવા કરવી એ વીતરાગભાવ છે. આહાહા..! અરે..! આવી વાતું ક્યાં? 'તારાચંદજી'! પ્રભુનો માર્ગ આવો છે, ભાઈ! લોકોને મળ્યો નથી. બિચારા, આહાહા..! બહારમાં ગુંચાઈ ગયા. આબરૂમાં ને પુણ્યમાં ને પુણ્યના ફળમાં, આહાહા..! દુઃખી.. દુઃખી.. દુઃખી.. દુઃખી છે. એ દુઃખની જ્વાળા, કષાયની અગ્નિમાં બળે છે. આહાહા..!

અહીં ઈ કહે છે, **'આરાધને યોગ્ય નિજ પદાર્થ ઔર ત્યાગને યોગ્ય રાગાદિ સકલ વિભાવોંકી...'** છે? રાગાદિ, પુણ્યાદિ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ ત્યાગવા યોગ્ય છે. આહાહા..! એક કોર ભગવાન રામ-આત્મા અને એક કોર આખું ગામ. વિકલ્પ રાગથી માંડીને બધી પરચીજ. એ તરફનો વિભાવ છોડવા લાયક છે. આહાહા..! કહો, 'જયસુખભાઈ'! હવે આવી વાતું. આહા..! વકીલાત થાય ને મહિને બે-પાંચ હજાર પેદા થાય તો બસ જાણે.. ખુબ કમાણા ને ખુબ જાણે થયું. ધૂળેય નથી, સાંભળને! દુઃખી છો.

ભગવાન ત્રિલોકનાથ જિનવરદેવ એમ કહે છે, પોતાની ચીજ જે આનંદમૂર્તિ એ જ સેવા કરવા લાયક છે, દૃષ્ટિ કરવા લાયક છે, આદર કરવા લાયક છે. આહાહા..! અને રાગાદિ ભાવ.. ભગવાન એમ કહે છે કે અમારા પ્રત્યેનો જે રાગ છે એ પણ તારે ત્યાગવા યોગ્ય છે. સમજાય છે કાંઈ? આહાહા..! ક્યાં આવ્યું?

**'આરાધને યોગ્ય નિજ પદાર્થ ઔર ત્યાગને યોગ્ય રાગાદિ સકલ વિભાવ...'** આહાહા..! ચાહે તો શુભરાગ શુભભાવ હો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો શુભરાગ હો કે એની

પૂજા, ભક્તિનો શુભરાગ હો, ધર્મીજીવને તો રાગ હેય છે. આહાહા..! અરે..! એને (અજ્ઞાનીને) ખબર નથી કે આ ધર્મ શું ચીજ છે. જિનવરદેવ ત્રિલોકનાથ ગણધર અને ઇન્દ્રોની વચ્ચે આ કહેતા હતા. ગણધર અને ઇન્દ્રો એકાવતારી, એક ભવતારી, એમાં પરમાત્મા આ કહેતા હતા. ઈ આ વાત છે. આ 'પરમાત્મપ્રકાશ' છે. આ ગ્રંથનું નામ 'પરમાત્મપ્રકાશ' છે. ભગવાન પરમાત્મસ્વરૂપ છે. આહાહા..! વીતરાગી આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. એની સેવા કરવી અને રાગાદિનો ત્યાગ કરવો. આહાહા..! 'મૂળચંદભાઈ'!

'**મનમેં જાનકર...**' શું મનમાં જાણીને? કે આત્મા પવિત્ર શુદ્ધ વીતરાગમૂર્તિ છે એ જ સેવવાલાયક, આરાધવાલાયક છે અને રાગાદિ બધા પદાર્થ ત્યાગવા યોગ્ય છે. એમ '**મનમેં જાનકર...**' છે? '**समभावे स्थिताः**' '**શાંતભાવમેં તિષ્ઠતે હૈં,...**' સમભાવ નામ વીતરાગી આનંદની દશામાં સમભાવના ગર્ભમાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે. આહાહા..! એને સમભાવ કહીએ. જેમાં—સમભાવમાં આત્માના અતીન્દ્રિય આનંદનો ગર્ભ પડ્યો છે. એ આનંદના વેદનને અહીંયાં સમભાવ કહે છે. આહાહા..! આ વાત. વાતે વાતે ફેર. 'જયસુખભાઈ'! દુનિયામાં નથી કહેતા? 'આણંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે ને એક ત્રાંબિયાના તેર.' એક લાખ રૂપિયે ન મળે એવો માણસ.. એમ અહીં પ્રભુ કહે છે, તારે ને મારે તત્ત્વની દૃષ્ટિમાં મોટો ફેર છે. જગતની દૃષ્ટિવંત ને પરમાત્માની દૃષ્ટિનો મોટો ફેર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**શાંતભાવમેં તિષ્ઠતે હૈં, ઔર જિનકી લગન નિજ શુદ્ધાત્મ સ્વભાવમેં હુઈ હૈ,...**' આહાહા..! આનંદમૂર્તિ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો કંદ,.. આહાહા...! એમાં જેની લગની લાગી. સમ્યગ્દૃષ્ટિની લગની ત્યાં છે. સમજાય છે કાંઈ? '**નિજ શુદ્ધાત્મ સ્વભાવમેં હુઈ હૈ, વે હી જીવ ઈસ સંસારમેં સુખી હૈં.**' આ જગતમાં જે પ્રાણી આત્માના આનંદમાં લીન છે, રત છે અને દૃષ્ટિમાં રાગાદિનો ત્યાગ વર્તે છે, એ પ્રાણી જગતમાં સુખી છે. કહો, 'જયસુખભાઈ'! આ તમે બધા વકીલો પાંચ-પાંચ હજાર પેદા કરે ને આઠ-આઠ હજાર મહિનાના પગાર હોય, દસ હજારના પગાર હોય, એ બધા દુઃખી છે, એમ કહે છે. એ તો અત્યારે એવું કાંઈક હશે. પગાર ઓછા કર્યા છે? આહાહા..! અહીં તો કહે છે કે અબજો રૂપિયા. એક દિવસની પાંચ-પાંચ લાખની પેદાશ હો, દસ લાખની પેદાશ હો, એ પ્રાણી દુઃખી છે. કેમકે એની પરવસ્તુમાં મમતા છે. એ ચીજ મારી છે અને મને સુખનું કારણ છે. છે દુઃખનું નિમિત્ત. એમાં માને છે કે મને સુખનું નિમિત્ત છે. મિથ્યાદૃષ્ટિ મૂઢ દુઃખી છે. આહાહા..! 'તારાચંદજી'! બે હજારના પગારવાળા ને પાંચ હજારના પગારવાળા. આહા..!

અહીં પરમાત્મા કહે છે, જગતમાં એક સુખી છે કે જે આત્માના આનંદસ્વરૂપમાં જે સમભાવથી લીન થાય છે, પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પડે છે એ જ પ્રાણી જગતમાં સુખી છે. વીતરાગમાર્ગમાં એને સુખી કહે છે. અજ્ઞાનીના માર્ગમાં દુનિયા ગમે તે માનો. આહાહા..! છે? એ '**जगति**' એટલે '**ઈસ સંસારમેં સુખી હૈં.**' હવે જરી નયનો અધિકાર લે છે. સૂક્ષ્મ છે, થોડું ધ્યાન રાખજો. ભાઈ! આ તો વીતરાગનો માર્ગ છે.

પરમેશ્વર સર્વજ્ઞદેવ, જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાણા, જેની સો-સો ઈન્દ્રો સેવા કરે, તળિયા ચાટે, એ પરમાત્મા કોણ છે? ભાઈ! જિનેશ્વરદેવ, જેની સભામાં ગણધરો, ઈન્દ્રો, સિંહ ને વાઘ ને નાગ જંગલમાંથી ચાલ્યા આવતા હોય. સભામાં બેઠા હોય. આહાહા..! ભગવાન બિરાજે છે. 'સીમંધરપ્રભુ' મહાવિદેહમાં અત્યારે બિરાજે છે. 'મહાવીર' ભગવાન તો મોક્ષ પધાર્યા, એ તો સિદ્ધ થઈ ગયા. 'સીમંધર' ભગવાન મનુષ્યપણે બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે. એમની વાણી સવાર, બપોર, સાંજ વાણી નીકળે છે. ૐ ધ્વનિ. એમાંથી ગણધર આદિ શાસ્ત્ર રચે છે, એ શાસ્ત્રમાંથી આ એક શાસ્ત્ર છે. આહાહા..! એમાં ભગવાનની વાણીમાં એમ આવ્યું, પ્રભુ! આત્માને તો પ્રભુ કહે છે. સમજાય છે કાંઈ?

છોકરાની મા ઘોડિયામાં સુવડાવે ને? ત્યારે એના વખાણ કરે. મારો દીકરો ડાહ્યો છે ને હોંશિયાર છે ને ફલાણો છે, એમ કહે છે ને? એના ગાણા ગાય ત્યારે એ સૂઈ જાય. મારો દીકરો ડાહ્યો છે ને પાટલે બેસીને નાહ્યો છે. એવું આવે છે. તમારી મારવાડી ભાષા પણ કાંઈક હશે. વખાણ કરે તો પેલો સૂઈ જાય. અહીં પરમાત્મા કહે છે કે તારી મા તને ગાણા ગાઈને સુવડાવે છે, અમે તારા સ્વરૂપના વખાણ કરીને તને જગાડીએ છીએ. જાગ રે જાગ, નાથ! આ ઊંઘે પડીને પડ્યો છો અનાદિથી. આહાહા..! રાગના પ્રેમમાં તું દુઃખી છો. તને ખબર નથી. સમ્યગ્દર્શન શું કહેવાય, એની તને ખબર નથી. આહાહા..!

સમ્યગ્દર્શન એને કહીએ કે જે પુણ્ય-પાપના ભાવથી ખસીને પોતાના નિજાત્માની રુચિ-દૃષ્ટિ અંદર કરી અને જેને સમભાવથી શાંતિનું વેદન આવ્યું, એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. સમજાય છે કાંઈ? શ્રાવક તો ક્યાંય રહી ગયા. એ તો પછી. સમ્યગ્દર્શન થયા પછી શ્રાવક થવાય. હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી, શ્રાવક ક્યાંથી થઈ ગયા? આહાહા..! સમજાય છે કાંઈ? કહે છે, આ સુખી છે. હવે ભાવાર્થ. જરી ઝીણી વાત છે, ધ્યાન રાખજો. આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! જિનવરદેવ ત્રણલોકનો નાથ, જેને સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોક પર્યાયમાં જણાય જાય છે. એવો પ્રભુ, એનો માર્ગ એ કોઈ અલૌકિક માર્ગ છે. હવે નય ઉતારે છે, ભાઈ! અર્થ તો કર્યો, હવે નય ઉતારે છે.

**ભાવાર્થ :- 'યદ્યપિ યહ આત્મા વ્યવહારનયકર અનાદિકાલસે કર્મબંધનકર બંધા હૈ,...'** નિમિત્ત જડકર્મ છે, એ વ્યવહારથી નિમિત્તથી બંધાયેલો છે એમ કહેવાય છે. વ્યવહારનય એટલે નિમિત્તને વ્યવહારનય કહીએ, પોતાના સ્વભાવને નિશ્ચય કહીએ. નિમિત્ત જે કર્મ છે, એ વ્યવહારનયકર નિમિત્તના સંબંધે અનાદિકાળથી કર્મબંધનથી બંધાયેલો છે. હો, **'તો ભી શુદ્ધનિશ્ચયનયકર...'** આહાહા..! ભગવાનઆત્મા **'પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ-ઈન ચાર તરહકે બંધનોંસે રહિત હૈ,...'** આહાહા..! અત્યારે રહિત છે, હોં! કર્મ જડ છે. આઠ કર્મ જડ છે. એને નિમિત્ત છે તો વ્યવહાર કહે છે. એનાથી વ્યવહારથી બંધાયો છે એમ કહેવામાં આવે છે. નિશ્ચયથી ભગવાનઆત્મા, પ્રકૃતિ-કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ-રસ અને પ્રદેશથી ભગવાનઆત્મા તો ભિન્ન છે. આહાહા..! અત્યારે, હોં!

'શાંતિભાઈ'! આવી વાતું છે, બાપા! આહાહા..! દુનિયા ક્યાં પડી છે, માર્ગ ક્યાં રહ્યો છે એની દુનિયાને કાંઈ ખબર નથી. આહા..!

'**શુદ્ધનિશ્ચયનયકર...**' એટલે પવિત્ર સત્ય દૃષ્ટિથી જોઈએ તો. પવિત્ર સત્ય દૃષ્ટિથી જોવામાં આવે તો.. સમજાય છે કાંઈ? પ્રકૃતિ કર્મની, હોં! જ્ઞાનાવરણી આદિ પ્રકૃતિ છે ને? સ્થિતિ (એટલે) મુદ્દત હોય ને? ૩૩ સાગર આદિ. અનુભાગ (એટલે) કર્મમાં રસ આપવાની શક્તિ. અને પ્રદેશ (એટલે) પરમાણુની સંખ્યા. '**ઈન ચાર તરહકે બંધનોંસે રહિત હૈ,...**' આહાહા..! સમ્યગ્દૃષ્ટિ બંધનરહિત આત્માને માને છે. આહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ, બંધ નિમિત્તથી છે એવું જ્ઞાન કરે છે. આદરણીયમાં તો કર્મથી રહિત (આત્માને જ માને છે). આહાહા..! '**ઈન ચાર તરહકે બંધનોંસે રહિત હૈ,...**' એને એ સ્વીકારે છે. આહાહા..! અબદ્ધસ્પૃષ્ટ ભગવાનઆત્મા કર્મથી અને રાગથી એ બંધાયો નથી. વસ્તુસ્થિતિ અંદર ચૈતન્ય નિર્મળાનંદ પ્રભુ, 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. 'ચેતનરૂપ અનૂપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો' ચેતનરૂપ-જાગૃતરૂપ, ચેતનારૂપ. અનૂપ-જેને ઉપમા નથી. અમૂરત-જેમાં રૂપ, રંગ, સ્પર્શ નથી. 'ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો'. મારું પદ તો સિદ્ધ સમાન ત્રિકાળ છે. સમ્યગ્દૃષ્ટિ પોતાના સિદ્ધ સ્વભાવને આત્મા માને છે. આહાહા..! આવી વાતું હવે. ઓલું દયા પાળવાનું કહે, વ્રત કરવાનું કહે, અપવાસ (કરવાનું કહે) તો સમજાય પણ ખરું. એમાં શું સમજવું હતું? અજ્ઞાન છે અનાદિથી. આહાહા..! સમજાણું કાંઈ? એ તો રાગની ક્રિયા છે. એમાં શું સમજવું હતું? એ તો અનાદિથી કરતો આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' મુનિવ્રત ધારણ કર્યા, નગ્ન મુનિ દિગંબર (થઈને) અઠ્ઠાવીસ મૂળગુણ પાળ્યા, પાંચ મહાવ્રત લીધા, હજારો રાણીનો ત્યાગ કર્યો એવા પંચ મહાવ્રત.. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' સ્વર્ગમાં ગ્રૈવેયક છે. નવ પાસડા છે ગળા-ગ્રીવાને ઠેકાણે. આ લોક-બ્રહ્માંડ ભગવાને ઊભા પુરુષને આકારે લોકને દીઠો છે. એમાં ગ્રીવાને ઠેકાણે ગ્રૈવેયક દેવ છે. ત્યાં મુનિવ્રત ધારણ કરીને, પંચ મહાવ્રત પાળીને અનંતવાર ઊપજ્યો. પણ રાગરહિત મારી ચીજ શું છે, એનું સમ્યગ્દર્શન ન કર્યું. 'આતમજ્ઞાન બિના લેશ સુખ ન પાયો.' એ મહાવ્રતધારી પણ દુઃખી છે. આહાહા..! આ વાતું તે.. એ રાગરહિત પ્રભુઆત્મા આનંદમૂર્તિ છે એનું આતમજ્ઞાન કર્યું નહિ તો એ સુખી થયો નહિ. આહાહા..! આવી વાતું છે, ભાઈ! નવા માણસને તો એવું લાગે, આ તે શું કહે છે? આ વીતરાગમાર્ગ હશે જિનવરનો? એવું લાગે. કારણ કે પ્રથા બધી આખી ફરી ગઈ. વીતરાગ ત્રિલોકનાથનો મૂળ માર્ગ છે એ બધો ફેરવી નાખ્યો. આહાહા..!

અહીં પરમાત્મા એમ કહે છે, કર્મનો જડનો નિમિત્ત તરીકે વ્યવહાર તરીકે સંબંધ હો, (તે) જાણવાલાયક છે. પણ અંદર આત્મા કર્મથી રહિત છે. કર્મની પ્રકૃતિ, સ્થિતિથી રહિત છે. એ આત્મા આદરણીય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**યદ્યપિ અશુદ્ધનિશ્ચયનયસે**

**અપને ઉપાર્જન કિયે શુભ-અશુભ કર્મકે ફલકા ભોક્તા હૈ,...**' શું કહે છે? અશુદ્ધનિશ્ચયથી પર્યાયમાં પોતાની દશામાં '**અશુદ્ધનિશ્ચયનયસે અપને ઉપાર્જન કિયે શુભ-અશુભ કર્મકે ફલકા ભોક્તા હૈ,...**' એટલે રાગનો ભોક્તા છે એ અશુદ્ધનિશ્ચયનયથી છે. સમજાય છે કાંઈ? લક્ષ્મી કે સ્ત્રી, કુટુંબ કે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો જે રાગ, ઈ અશુદ્ધનિશ્ચયથી એની પર્યાયમાં છે અને એનો એ ભોક્તા અશુદ્ધનિશ્ચયથી છે. આહાહા..! રાગનો ભોક્તા, હોં! પૈસાનો ને સ્ત્રીનો ભોક્તા તો આત્મા છે જ નહિ. કેમકે એ તો પરવસ્તુ જડ છે, માટી છે-ધૂળ છે. સ્ત્રીનું શરીર પણ માંસ ને હાડકા ને ચામડાના પુદ્‌ગલ છે, જડ માટી છે આ તો. એનો ભોક્તા અજ્ઞાની પણ નથી. અજ્ઞાની એના પ્રત્યે પ્રેમ કરીને રાગને ભોગવે છે તો 'હું પરને ભોગવું છું' એમ અજ્ઞાની માને છે. સમજાય છે કાંઈ? આહાહા..! વાતે વાતે ફેર. અજ્ઞાની પણ સ્ત્રીના શરીરને ભોગવતો નથી, લક્ષ્મીને ભોગવતો નથી. લાડવાને ભોગવતો નથી. એ તો પરવસ્તુ છે. ભોક્તા અશુદ્ધનિશ્ચયથી તેના પ્રત્યે પ્રેમ કરીને રાગ ઉત્પન્ન થાય છે એ રાગનો ભોક્તા છે. આહાહા..! આવો માર્ગ છે.

મુમુક્ષુ :- .. ભોક્તા નહિ?

ઉત્તર :- જડનો ભોક્તા શું (થાય)? જડ રૂપી છે, આત્મા તો અરૂપી છે. જડને કદી અડતોય નથી. જડને આત્મા કદી અડતો નથી. અશુદ્ધનિશ્ચયથી રાગને અડે છે. આહાહા..! બહુ વાતમાં ફેર. જાણે માર્ગ કોઈ નવો હશે, એમ લાગે. પ્રભુનો અનાદિનો માર્ગ આ છે. સમજાય છે કાંઈ? ઈ કહે છે.

'**અશુદ્ધનિશ્ચયનયસે અપને ઉપાર્જન કિયે શુભ-અશુભ કર્મોંકે ફલકા...**' અહીંયાં રાગ-દ્વેષ લેવા. એનો અજ્ઞાની ભોક્તા છે. આહાહા..! '**તો ભી શુદ્ધદ્રવ્યાર્થિકનયસે...**' જુઓ હવે ધર્મીજીવ કોને ભોગવે છે? શુદ્ધદ્રવ્યાર્થિકનય (એટલે) શુદ્ધ દ્રવ્યનું (જેને) પ્રયોજન (છે). ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય ભગવાનથી જે નયનું પ્રયોજન એ શુદ્ધને જોવાનું છે, એવા '**નિજ શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાસે ઉત્પન્ન હુએ...**' જોયું! શુદ્ધાત્મતત્ત્વનો ભોગવટો નહિ. અજ્ઞાની રાગને ભોગવે છે, અશુદ્ધનિશ્ચયથી. જ્ઞાની દ્રવ્યને ભોગવતો નથી. પણ વસ્તુ જે છે એની એકાગ્રતા થઈને-ભગવાનઆત્મામાં ભાવના-એકાગ્રતા થઈને-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ થયો એનો એ ભોક્તા છે.

જેમ અજ્ઞાની પરદ્રવ્યને ભોગવતો નથી, એ રાગ અને દ્વેષનો ભોક્તા છે. એમ જ્ઞાની સ્વદ્રવ્યનો ભોક્તા નથી. ભોક્તા તો સ્વદ્રવ્યની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલ અતીન્દ્રિય આનંદ, સમ્યગ્દર્શન આદિનો ભોક્તા છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, ભાઈ! વસ્તુ તો જેમ છે તેમ છે. આહા..! શું થાય? માર્ગ જ બીજો (છે). અરે..! દુનિયાની અટપટીમાં ગૂંચાઈને માણસ એમ ને એમ મરી જાય છે. આહા..! ધર્મને બહાને પણ શુભની ક્રિયાઓ, ભક્તિ, જાત્રા, પૂજા, વ્રત, તપના શુભભાવને લોકો ધર્મ માને.

કહે છે કે ધર્મનો ભોગવટો કોને છે? સમ્યગ્દૃષ્ટિને શું (ભોગવટો છે)? જે શુદ્ધ

ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મા પવિત્ર છે, એની ભાવના-એમાં એકાગ્ર થઈને જે આનંદ ઉત્પન્ન થયો, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ઉત્પન્ન થયા એનો એ ભોક્તા છે. અજ્ઞાની પરદ્રવ્યનો ભોક્તા નથી, રાગ-દ્વેષનો ભોક્તા છે. જ્ઞાની સ્વદ્રવ્ય ત્રિકાળનો ભોક્તા નથી, પણ એમાં એકાગ્ર થઈને આનંદ (પ્રગટ થયો) તે આનંદદશાનો ભોક્તા છે. આહાહા..! શૈલી તો જુઓ! શૈલી. પરમાત્મા વીતરાગદેવ (કહે છે) એ વાત ક્યાંય નથી. વીતરાગ સિવાય ક્યાંય નથી. સત્યનો એક અંશેય નથી. આહાહા..! અને આ માર્ગ સમજવો મહા કઠણ પડે. આહા..! શું કહ્યું? જુઓ!

'**શુદ્ધદ્રવ્યાર્થિકનયસે નિજ શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાસે ઉત્પન્ન હુએ...**' શું? '**વીતરાગ પરમાનંદ એક સુખરૂપ અમૃત...**' ન્યાં એમ જોઈએ, ભાઈ! ન્યાં 'એક' (શબ્દ) નાખવો જોઈએ. એક જોઈએ. અંદર 'એક' શબ્દ છે. આહાહા..! ભગવાનઆત્મા શરીરથી તો ભિન્ન, કર્મથી ભિન્ન-જુદો અને પુણ્ય-પાપના ભાવથી પણ ભિન્ન (છે). આહાહા..! અહીંયાં તો એક સમયની (પર્યાયથી પણ ભિન્ન છે). શુદ્ધદ્રવ્યાર્થિકનયથી.. આહાહા..! પવિત્ર આત્મા જે પૂર્ણાનંદનો નાથ છે, એની દૃષ્ટિ કરનારી નયથી જોઈએ તો '**નિજ શુદ્ધાત્માતત્ત્વકી ભાવનાસે ઉત્પન્ન...**' ભગવાન નિજ શુદ્ધાત્મ વસ્તુ ત્રિકાળી, એની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલ '**વીતરાગ પરમાનંદ એક સુખરૂપ અમૃત...**' આહાહા..! વીતરાગ પરમાનંદ અતીન્દ્રિય પરમાનંદનો જ્ઞાની ભોક્તા છે. આહાહા..! અરે..! આવી વાતું.

'**વીતરાગ પરમાનંદ એક સુખરૂપ અમૃતકા હી ભોગનેવાલા હૈ,...**' આહાહા..! રાગ છે એટલું દુઃખ છે, પણ એ ગૌણપણે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભોક્તા પણ જુદી જાત. અજ્ઞાની રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકલ્પની જે વૃત્તિ ઉઠે છે એને ભોગવે છે. ધર્મી શુદ્ધાત્મતત્ત્વની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલ પરમાનંદ એક સ્વભાવ સુખને ભોગવે છે. અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાનઆત્મા છે. જે ભગવાન કેવળીને આનંદ ઉત્પન્ન થાય છે, સર્વજ્ઞ પરમેશ્વરને અનંત (છે એ) આનંદ આવ્યો ક્યાંથી? અધ્ધરથી બહારથી આવ્યો? આત્મામાં અનંત અતીન્દ્રિય આનંદ પડ્યો છે. એ શક્તિરૂપે હતો એ વ્યક્તરૂપે થયો. પરમાત્માને પ્રગટ થયો. આહાહા..! એ પરમાનંદનો અંશ ધર્મી જીવને શુદ્ધ આત્માની એકાગ્રતાથી (પ્રગટ થયો છે). ભાવના કહો એકાગ્રતા કહો. ભાવના એટલે અમસ્તો આમ (વિકલ્પ) નહિ, અંદર એકાગ્રતા. આહાહા..! તેનાથી ઉત્પન્ન થયેલ '**વીતરાગ પરમાનંદ એક સુખરૂપ અમૃતકા હી ભોગનેવાલા હૈ,...**' આહાહા..! એ ધર્મી સુખનો ભોક્તા છે. અજ્ઞાની રાગ-દ્વેષ અને દુઃખનો ભોક્તા છે. આહાહા..! 'જયસુખભાઈ'! આવું તો કોઈ દિ' સાંભળ્યું ન હોય. એને તો પ્રેમ છે. એને તો પ્રેમ થઈ ગયો છે. છોકરાને થોડો હતો, એમાં આ વધી ગયા. આહા..!

આ તો બાપુ! આત્માની ચીજ છે, ભાઈ! અનાદિ જન્મ-મરણમાં ગોથા ખાઈને મરી ગયો છે. દુઃખી થઈ થઈને કીડાના, કાગડાના, હાથીના, કીડીના ભવ કરી કરીને (મરી ગયો). નરકના, નિગોદના.. આ શું કહેવાય? લસણ, ડુંગળીની એક કટકીમાં અસંખ્ય શરીર, એક

શરીરમાં અનંત જીવ. આ લસણ, ડુંગળી. ત્યાં અનંતવાર રહ્યો છો, પ્રભુ! તું ત્યાં. તને ખબર નથી. અહીં બહાર જરી શરીર ઠીક મળ્યું ને કાંઈક પાંચ-પચાસ લાખ પૈસા મળ્યા ને ધૂળ મળી હોય ત્યાં અમે સુખી છીએ. ધૂળેય નથી, સાંભળને! પાગલ છો. પાગલ છે, પાગલ. આહાહા..!

ત્રણલોકનો નાથ સર્વજ્ઞ વીતરાગ, એમની સભામાં તો કરોડો મનુષ્યો, કરોડો દેવો (આવે છે). ભગવાન બિરાજે છે, અત્યારે સભામાં મહાવિદેહમાં સાક્ષાત્ વીસ તીર્થંકર બિરાજે છે. વિદ્યમાન વીસ તીર્થંકર, સાંભળ્યું છે ને? બિરાજે છે. મનુષ્યપણે, હોં! આ 'મહાવીર' આદિ તો ણમો સિદ્ધાંણમાં ચાલ્યા ગયા. આ તો ણમો અરિહંતાણંમાં છે. હજી શરીરસહિત છે, વાણી નીકળે છે. આહાહા..! એ ભગવાન આમ કહે છે કે માર્ગ આ છે, બાપા! ભરતમાં હો કે ઐરાવતમાં હો કે મહાવિદેહમાં હો, ધર્મ તો બધે એક જાતનો છે. બીજા જાતનો ધર્મ હોતો નથી. આહાહા..!

અહીં (કહ્યું), '**ભોગનેવાલા હૈ,...**' બે વાત થઈ. બે થઈને? '**યદ્યપિ વ્યવહારનયસે કર્મોંકે ક્ષય હોનેકે બાદ મોક્ષકા પાત્ર હૈ,...**' મોક્ષનો પાત્ર એટલે પર્યાયમાં ત્યારે મોક્ષ થાય છે. '**વ્યવહારનયસે કર્મોંકે ક્ષય હોનેકે બાદ...**' મોક્ષપર્યાય થાય છે. '**તો ભી...**' આહાહા..! હવે આ (કહે છે). '**શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનયસે સદા મુક્ત હી હૈ,...**' આહાહા..! ભગવાન સ્વભાવ શુદ્ધ પરમપારિણામિક સહજ ભાવ. ભાષા પણ કોઈ દિ' સાંભળી ન હોય. '**શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક...**' શુદ્ધ સ્વભાવ જે ધ્રુવ ત્રિકાળ, એ પરમપારિણામિકભાવ '**શુદ્ધ દ્રવ્યાર્થિકનયસે સદા મુક્ત હી હૈ,...**' પ્રભુ! આત્મા છે એ બંધમાં આવ્યો જ નથી. બંધ અને મુક્તિ તો પર્યાયમાં થાય છે. આહાહા..! ભગવાન વસ્તુ છે એ તો સદા ત્રિકાળ મુક્ત જ છે. અબદ્ધસ્પૃષ્ટ કહ્યું ને?

જૈનશાસન કોણે દીઠું? કે જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ, સામાન્ય, વિશેષ રહિત એવા અભેદને અંદર દેખે, માને, અનુભવે એણે જૈનશાસન જોયું. ૧૪-૧૫ ગાથા, 'સમયસાર'. આહાહા..! તો અબદ્ધ કહો કે મુક્ત કહો. આહાહા..! અત્યારે આત્મા મુક્તસ્વરૂપ છે, એમ કહે છે. કર્મના સંબંધનો બંધ અને અભાવની મુક્તિ, એ બેય જેમાં નથી. એ તો ત્રિકાળ મુક્તસ્વરૂપ છે. આહાહા..! શુદ્ધ પારિણામિક, પારિણામિક એટલે સહજ. જેને કોઈ પરની અપેક્ષા નથી. પરમભાવ, એવા પરમભાવને જાણનારી '**શુદ્ધદ્રવ્યાર્થિકનયસે સદા મુક્ત હી હૈ,...**' પ્રભુ! આહાહા..! 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. 'બનારસીદાસ' કહે છે, 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' મારું ત્રિકાળ પદ તો સિદ્ધ સમાન છે. આહાહા..! પર્યાયમાં રાગનો સંબંધ છે અને પર્યાયમાં મુક્તિ છે. વસ્તુ તો મુક્તસ્વરૂપ છે. આહાહા..! કેટલી વાત આમાં યાદ રાખવી? બધી વાત નવી લાગે. એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, તેઈન્દ્રિયા, ચૌરેન્દ્રિયા, પંચેન્દ્રિયા અભિહયા વતીયા જીવીયાઓ મિચ્છામી દુક્કડમ, લ્યો. એ વાત તો આમાં ક્યાંય આવી નહિ. તસ્સઉતરીકરેણેંણ કરે, લ્યો ને. એમાં આવે છે ને તાવકાય ઠાણેણં માણેણં ઝાણેણં અપ્પાણં વોસીરામી એ તો બધી રાગની ક્રિયાની વાતું છે, બાપુ! તને ખબર નથી. આહાહા..!

ભગવાન તો રાગથી મુક્ત ત્રિકાળ છે, એમ કહે છે. મોક્ષની પર્યાય છે.. એ તો પહેલા કહ્યું, એ વ્યવહારનયથી છે. કર્મના ક્ષય થવાથી મોક્ષપર્યાય છે એ તો વ્યવહાર, પર્યાય છે. આહાહા..! મોક્ષ જે સિદ્ધ છે એ તો એક પર્યાય છે. જીવનો એક પર્યાયનો ભેખ છે. વસ્તુ તો ત્રિકાળ મુક્ત છે. આહાહા..! સમજાય છે કાંઈ? મુક્તસ્વરૂપ છે તો એમાંથી મુક્તિની પર્યાય પ્રાપ્ત થાય છે. આહાહા..! ઝીણું પડે. સાધારણે જેણે સાંભળ્યું ન હોય ને. પણ માર્ગ તો આ છે, પ્રભુ! અનંત તીર્થંકરો જિનવરદેવોએ માર્ગ તો આ કહ્યો છે. 'શાંતિભાઈ'! આ બધું સાંભળ્યું ન હોય. 'શાંતિભાઈ'ને કહું છું. ન્યાં મોઢા આગળ થઈને ફરતા જ્યાં ત્યાં. આ પણ સાચું છે ને આ પણ સાચું છે. આ તો કહે છે, આ એક જ સાચું છે, બીજું સાચું નથી. બીજું સત્ય નથી. થોડી થોડી ગુજરાતી આવી જાય છે. ભાઈએ વળી હિંદીનુ કહ્યું છે. કાલે પણ હિન્દીમાં આવ્યું હતું, હોં! 'આગ્રા'ના પચાસ માણસ આવ્યા હતા. કાલે હિન્દીમાં થયું હતું. માણસ આવે છે ને? જાત્રા નીકળે. પાલીતાણા, ગિરનાર આવે તો અહીં જોવા માટે ઉતરે.

આ તો જોવાની વસ્તુ થઈ ગઈ ને! આ એક મકાન ૨૬ લાખનું છે. આરસપહાણ. અને આ ભગવાનની વાણી કોતરાયેલી છે. પોણા ચાર લાખ અક્ષર છે. આખા હિન્દુસ્તાનમાં પહેલુંવહેલું (થયું છે). કેમકે મશીનથી કોતરાયેલું છે. હિન્દુસ્તાનમાં મશીન જ કોઈ દિ' આવ્યું નહોતું. 'ઇટાલી'થી અહીંયાં મશીન આવ્યું છે. અહીંયાં મશીન છે. એનાથી પોણા ચાર લાખ અક્ષર પાંચ મહિનામાં કોતરાઈ ગયા. હાથે લખે તો બે વર્ષ થાય. આવા અક્ષર હાથે ન થાય. આ તો એકધારા અક્ષર છે. જિનવાણી.. જિનવાણી. આ વીતરાગ વાણી છે. આહા..! 'સુધાસમ ધર્મ સાધની ધર્મશાળા...' આ ધર્મશાળા છે. ભગવાનની વાણીના ગોદામમાં બેઠા છીએ. આહા..! માતાના ખોળામાં બેસે ને! એમ આ જિનવાણીના ખોળામાં છે. આહા..! ચારે કોર છે. હેઠે, ઉપર. આહા..! કુદરતે બની ગયું, કોણ કરે? આ મકાન-બકાન આત્મા કરી શકે નહિ, હોં! પરદ્રવ્યની પર્યાય ત્રણકાળમાં આત્મા કરી શકે નહિ. એના કારણે જન્મક્ષણે પર્યાયની ઉત્પત્તિનો કાળ છે તો થઈ ગયું છે. આત્મા શું કોઈ પરને કરી શકે? આહાહા..! આકરું લાગે. શુભરાગ હો. પણ એ પુણ્યબંધનું કારણ છે.

મુમુક્ષુ :- શુભરાગથી ક્યાં થાય?

ઉત્તર :- રાગથી ક્યાં થાય છે? એની મેળાએ થાય છે. રાગથી થાય તો 'રામજીભાઈ'ને ઘણો ભાવ હતો. એ તો થવાનું હોય એ થયું છે ને. આહાહા..!

સદા મુક્ત છે. એ.. 'દેવીલાલજી'! કોણ? આ ભગવાન અંદર આત્મા. રતન, ચૈતન્યરતન. જેમ ડાબલીમાં (રત્ન) ભિન્ન છે. ડબ્બા કહે છે ને? ડબ્બી ભિન્ન છે. એમ શરીરરૂપી ડબ્બી અને રાગરૂપી વિકારથી અંદર ભગવાન ભિન્ન છે. આહાહા..! શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જુએ તો ભગવાન તો મુક્તસ્વરૂપ જ છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવને મુક્તસ્વરૂપ જુએ છે. આહાહા..! અબદ્ધસ્વરૂપ જુએ છે (એમ કહો) કે મુક્તસ્વરૂપ જુએ છે (એમ કહો), એ જૈનશાસન છે. આહાહા..! એ જૈનશાસન બીજી ચીજ છે, અલૌકિક ચીજ

છે, બાપુ! આહાહા..! જૈનધર્મ સિવાય, જૈનશાસન સિવાય આ વાત ક્યાંય નથી. સત્ય વાત છે એની એના સંપ્રદાયને ખબર નથી, તો બીજામાં તો છે જ ક્યાં? આહાહા..! વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથની વાણીમાં આત્મા મુક્તસ્વરૂપે સદા જોયો છે. આહાહા..!

'**યદ્યપિ વ્યવહારનયકર ઇન્દ્રિયજનિત મતિ આદિ ક્ષયોપશમિકજ્ઞાન...**' છે. મતિ આદિ ક્ષયોપશમ છે ને? જ્ઞાનની પર્યાયમાં વિકાસ છે ને? મતિ આદિ, શ્રુત આદિ. '**ચક્ષુ આદિ દર્શન સહિત હૈ...**' આ ચક્ષુથી દેખવું. અંદર પર્યાયમાં, હોં! પર્યાય. '**તો ભી નિશ્ચયનયસે સકલ વિમલ કેવળજ્ઞાન ઔર કેવલદર્શન સ્વભાવવાલા હૈ,...**' આહાહા..! ભગવાન તો અંદર કેવળ-એકલું જ્ઞાન, એકલું દર્શન, સ્વરૂપની ગાંઠડી છે. આહાહા..! એને ખોલે તો કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થાય છે. વ્યવહારનયથી આ મતિ, શ્રુત જે જ્ઞાનના વિકાસનો અંશ દેખાય છે એ તો વ્યવહારનયથી છે. આહાહા..! પર્યાય છે ને? નિશ્ચયથી તો ભગવાન કેવળજ્ઞાન ને કેવળદર્શનની મૂર્તિ છે. કેવળજ્ઞાન પર્યાય નહિ. ભગવાન અરિહંતને જે કેવળજ્ઞાન છે એ તો પર્યાય છે. આ તો કેવળજ્ઞાન, દર્શન સ્વભાવ છે ત્રિકાળ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

'**સકલ વિમલ...**' આહાહા..! પૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન, કેવળદર્શન સ્વભાવવાળો એમ કહ્યું. કેવળજ્ઞાન, દર્શન સ્વભાવવાળો ભગવાન છે. આહાહા..! જેમ સાકરનો સ્વભાવ મીઠાશ છે, એમ ભગવાનનો સ્વભાવ કેવળજ્ઞાન, કેવળદર્શન છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ વસ્તુ શું છે એ કદી સાંભળ્યું નથી, નજર કરી નથી. જગતની મજૂરી કરી કરીને મરી ગયો અને ધર્મને નામે પણ વ્રત ને ભક્તિ ને પૂજા એ રાગની મજૂરી છે. 'તારાચંદજી'! આહાહા..! પણ ભગવાન ત્રણલોકનો નાથ એમ કહે કે તારી ચીજ છે એ અંદર મુક્તસ્વરૂપ જ છે. પર્યાયમાં બંધન છે, પર્યાયથી મુક્તિ થાય છે, પણ દ્રવ્યને મુક્ત કહેવું, એ નહિ, એ તો મુક્તસ્વરૂપ જ ત્રિકાળ છે. બંધાયો જ નથી તો પછી મુક્ત ક્યાંથી થાય? આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિનો વિષય-ધ્યેય મુક્તસ્વરૂપ પરમાત્મા પ્રત્યે-આત્મા પ્રત્યે છે. પરમાત્મા કહો કે આત્મા કહો. આહાહા..! થોડા પાંચ-પચાસ હજાર એક દિવસમાં મળી જાય, કમાય તો રાજી રાજી થઈ જાય. લાપસીના આંધણ કરો. લાપસી કહે છે? શું કહે છે? કહો, એટલામાં તારા લાપસો.

મુમુક્ષુ :- હલવા.

ઉત્તર :- શીરાને હલવો કહે. કંસાર કહે, કંસાર. નહિ? તમારે કંસાર કહે છે? લાપસી કહે છે. લાપસી મૂકો, આજે પચાસ હજાર પેદા થયા છે. તને શું થયું? તને તો દુઃખ થયું. આ પૈસા મને મળ્યા, એ મમતા થઈ તો એ મમતામાં તો તને દુઃખ થયું.

મુમુક્ષુ :- દુઃખને કારણે સુખી થાય?

ઉત્તર :- માને છે મૂઢ. ત્યાં ક્યાં સુખ હતું. આહાહા..! વાત તો એવી છે. પ્રભુ! આ તો વીતરાગમાર્ગ બાપા! જિનેશ્વરદેવ, જેણે ચક્રવર્તીપદ છોડીને 'શાંતિનાથ', 'કુંથુનાથ',

'અરનાથ' ત્રણ ચક્રવર્તી હતા. ત્રણ તીર્થંકર હતા, ચક્રવર્તી હતા, કામદેવ હતા. કામદેવ એટલે એના જેવું રૂપ અઢી દ્વિપમાં નહોતું, એવું જેનું રૂપ. 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ' ત્રણ. તીર્થંકર, ચક્રવર્તી અને કામદેવ ત્રણ પદવી હતી. આહાહા..! એ ૯૬-૯૬ હજાર સ્ત્રી. એક (મુખ્ય) સ્ત્રીની હજાર દેવ સેવા કરે. એક સ્ત્રી એવી મોટી રતન (જેવી હોય). બળખો છોડે એમ છોડી દીધું. એ ચીજ મારી નહિ. મારી (ચીજ) મારી પાસે છે. આહાહા..! હું તો મારી પાસે જાઉં છું. આહાહા..!

એ 'પ્રવચનસાર'માં આવે છે, મુનિ દીક્ષા લે છે. સાચા મુનિ, હોં! મુનિ તો હજી સમ્યગ્દર્શન થાય પછી મુનિપણું આવે છે. હજી સમ્યગ્દર્શનના ઠેકાણા ન હોય. સમ્યગ્દૃષ્ટિ છે, આત્માનો અનુભવ છે. પછી દીક્ષા લેવા નીકળે છે ત્યારે સ્ત્રીને કહે છે, હે શરીરને રમાડનારી સ્ત્રી! શરીરને રમાડનારી, મને રમાડનારી નહિ. રજા દે. હું મારી અનુભૂતિ અનાદિની છે અંદર છે એની પાસે જાઉં છું. મારી આનંદની અનુભૂતિ અંદરમાં છે એની પાસે હું જાઉં છું. આહાહા..! આ મોક્ષ અંદર પડ્યો છે, મારી અનુભૂતિ પાસે હું જાઉં છું.

માતા-પિતાને એમ કહે, માતા-પિતા શરીરના જનેતા! શરીરના જનેતા, જનક-પિતા. મારા જનક નથી, હું તો આત્મા છું. આહા..! એકવાર રજા દે, મા! હું મારો આનંદમૂર્તિ ભગવાનઆત્મા, એની પાસે હું જાઉં છું. આહા..! આહાહા..! એવો જે મુક્તસ્વભાવ, એની પાસે જવા માટે આજ્ઞા માગે છે. માતા! હવે ફરીને હું માતા નહિ કરું, માતા! એકવાર રોવું હોય તો રોઈ લે, પણ અમે તો અમારા આત્માના આનંદમાં ચાલ્યા જઈશું. ફરીને જનેતા-માતા હું નહિ કરું. અમે તો મુક્તિમાં જઈશું. આહાહા..! એ ચક્રવર્તીનું રાજ છોડીને એકલા વનમાં ચાલ્યા જાય છે.

એ અહીં કહે છે, એ મુક્તસ્વરૂપને પ્રાપ્ત કરવા માટે. આહાહા..! '**કેવલજ્ઞાન ઔર કેવલદર્શન સ્વભાવવાલા હૈ,...**' આહાહા..! ભગવાન તો પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ દર્શન સ્વભાવનો પિંડ છે. આહાહા..! એ શક્કરકંદનો દૃષ્ટાંત નહોતો આપ્યો? શક્કરિયા-શક્કરકંદ. શક્કરકંદ છે ને? એની થોડી લાલ છાલ છે. એ સિવાય આખો શક્કરકંદ છે. શક્કરકંદ એટલે સાકરની મીઠાશનો પિંડ. આ શક્કરકંદ નથી આવતા? લોકો ખાય છે ને? વૈષ્ણવ લોકો શિવરાત્રીએ બાફીને ખાય. એ શક્કરકંદની ઉપલી લાલ છાલ છે એને ન જુઓ તો આખી ચીજ શક્કરકંદ છે. શક્કર નામ સાકરની મીઠાશનો પિંડ છે. એમ ભગવાનઆત્મા પુણ્ય ને પાપના વિકલ્પની છાલ ન જુઓ તો અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા તો છે. આહા..! પણ કેમ બેસે? ઈ શક્કરકંદનું બેસે, પણ આ ન બેસે એને. સમજાય છે કાંઈ?

ત્રણલોકનો નાથ આનંદ અને જ્ઞાનથી પૂર્ણ ભરેલો પ્રભુ પોતે છે. આહાહા..! સ્વયં પોતે છે. નિશ્ચયથી તો એ છે. આહાહા..! પછી પ્રદેશની વ્યાખ્યા થોડી કરશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, કારતક વદ ૧, રવિવાર
## તા. ૭-૧૧-૧૯૭૬, ગાથા-૪૩, ૪૪, પ્રવચન નં. ૧૨૬

આ 'પરમાત્મપ્રકાશ' ચાલે છે. ૪૩ ગાથા છે. શું કહે છે? પાઠ તો એવો છે, '**तत्तातत्तु मुणेवि**' ભગવાન આત્મતત્ત્વ શું છે અને રાગાદિ પરતત્ત્વ શું છે? બેને જાણીને આત્મામાં લીન થવું એ ધર્મ છે. પાઠ છે ને? '**तत्तातत्तु मुणेवि मणि जे थक्का सम–भावि। ते पर सुहिया इत्थु**' જે આત્મા આનંદસ્વરૂપ ચૈતન્યસ્વભાવ કેવળજ્ઞાન, કેવળદર્શન એનો સ્વભાવ છે. કેવળજ્ઞાન જે કેવળી પરમાત્માને થાય છે એ તો પર્યાય-અવસ્થા છે. અહીં સુધી આવ્યું છે, જુઓ!

'**निश्चयनयसे सकल विमल केवलज्ञान और केवलदर्शन स्वभाववाला है,...**' અંદર વચ્ચે આવ્યું છે. છે? આ આત્મા પર્યાય અને વર્તમાન અવસ્થાથી જુઓ તો ઇન્દ્રિયજનિત ક્ષયોપશમજ્ઞાન છે, પણ એનો ત્રિકાળી સ્વભાવ જુઓ તો એક જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ છે. આહાહા..! કેવળજ્ઞાન અને કેવળદર્શન સ્વરૂપે છે. એ દૃષ્ટિમાં લેવા લાયક છે. સમજાય છે કાંઈ? વર્તમાન પર્યાયમાં... અહીંયાં આવ્યું છે. '**इन्द्रियजनित मति आदि क्षयोपशमिक ज्ञान तथा चक्षु आदि...**' છે. ચક્ષુદર્શન આદિ. પર્યાયમાં-વર્તમાન હાલતમાં. પણ '**तो भी निश्चयनयसे...**' જુઓ, અંતર ભગવાનઆત્માનું સ્વરૂપ નિત્યાનંદ પ્રભુ, એ કેવળજ્ઞાન અને કેવળદર્શન સ્વભાવવાળો છે. આહા..! આ આત્મા એવો છે. પર્યાયમાં મતિજ્ઞાનાદિ છે. સ્વભાવમાં એકલા જ્ઞાન, દર્શનથી પરિપૂર્ણ પ્રભુ છે. એ પર્યાયની દૃષ્ટિ છોડીને.. સૂક્ષ્મ વાત છે, ભાઈ! એ જ્ઞાન, દર્શન, આનંદસ્વરૂપ આત્મા છે એમાં દૃષ્ટિ કરવી, એનું નામ સમ્યગ્દર્શન-ધર્મની પહેલી સીઢી-ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ!

દેહાદિ, વાણી આદિ એ તો પર છે. અરે..! એમાં જે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય છે એ પુણ્ય છે, એ પણ પર છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાના ભાવ થાય છે એ પાપ છે. એ પુણ્ય-પાપથી રહિત, વર્તમાન પર્યાયથી પણ રહિત,... આહાહા..! કેવળજ્ઞાન, કેવળદર્શન (સ્વરૂપ છે). કેવળ એટલે એકલું જ્ઞાન, એકરૂપ જ્ઞાન, એકરૂપ દર્શન એ પરમાત્મપ્રકાશનો સ્વભાવ છે. આહાહા..! એના ઉપર દૃષ્ટિ કરવી અને પર્યાય અને પરદ્રવ્યને જાણવા, જાણીને એનું લક્ષ છોડીને નિજ સ્વરૂપમાં રહેવું, દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન છે. પછી સ્વરૂપમાં લીન થવું એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ નગ્નપણું કે પંચમહાવ્રતનો ભાવ એ ચારિત્ર નથી. આહાહા..! એ તો રાગ છે, આસ્રવ છે. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા દેહથી ભિન્ન, કર્મથી ભિન્ન-જુદો, પુણ્ય-પાપના ભાવથી ભિન્ન અને વર્તમાન પર્યાયમાં મતિજ્ઞાનાદિ અલ્પ જ્ઞાન છે એનાથી પણ ભિન્ન.. આહાહા..! એવા તત્ત્વને જાણીને અને રાગાદિ બધા અજીવતત્ત્વ છે, પર છે એમ જાણી, પોતામાં દૃષ્ટિ લગાવવી અને પોતામાં સ્થિર થવું એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં સુધી આવ્યું છે.

**'યદ્યપિ વ્યવહારનયકર યહ જીવ નામકર્મસે પ્રાપ્ત દેહપ્રમાણ હૈ,...'** વ્યવહારથી જુઓ તો આ શરીર પ્રમાણે ભગવાનઆત્મા છે. **'તો ભી નિશ્ચયનયસે લોકાકાશપ્રમાણ અસંખ્યપ્રદેશી હૈ,...'** આહાહા..! એની ખબર ન હોય. આત્માના અસંખ્ય પ્રદેશ છે. જેમ સોનાની સાંકળી હોય છે ને? સાંકળી કહે છે? ચેઈન. એમાં હજાર મકોડા હોય ને? હજાર. એમ આત્મામાં અસંખ્ય પ્રદેશ છે. સાંકળી આખી છે એવો આત્મા. સાંકળી-ચેઈન, એના મકોડા હોય છે એમ આત્માના પ્રદેશ છે. અસંખ્ય પ્રદેશી આત્મા છે. એ સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી. આહાહા..! અસંખ્ય પ્રદેશી ભગવાનઆત્મા નિશ્ચયથી તો એ અસંખ્ય પ્રદેશી છે. લોકાકાશના જેટલા પ્રદેશ છે એટલા એના પ્રદેશ છે. વ્યવહારથી દેહપ્રમાણે રહે છે. પણ એ દેહપ્રમાણની દૃષ્ટિ છોડી અસંખ્ય પ્રદેશમાં અનંત આનંદ પડ્યો છે... આહાહા..! તેના ઉપર દૃષ્ટિ લગાવવી. એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'વ્યવહારનયસે પ્રદેશોંકે સંકોચ વિસ્તાર સહિત હૈ,...'** આ અસંખ્ય પ્રદેશ છે ને એનો સંકોચ વિસ્તાર (થાય છે). એક હજાર જોજનનો મચ્છ, એમાં આત્મપ્રદેશ વિસ્તાર પામે છે. અને એક અંગુલના અસંખ્ય ભાગમાં જ્યારે રહે છે (ત્યારે સંકોચ પામે છે). લસણ, ડુંગળી. ડુંગળી સમજ્યા? પ્યાજ. એનો એક રાઈ જેટલો ટુકડો લ્યો તો એમાં અસંખ્ય શરીર છે અને એક શરીરમાં અનંતગુણા જીવ છે. તો એ પ્રદેશનો સંકોચ થયો. અને વિસ્તાર થયો તો એક હજાર યોજનનો મચ્છ થાય એટલો વિસ્તાર થઈ જાય છે અને લોક પ્રમાણે સમુદ્ઘાત કરે તો લોકપ્રમાણે થઈ જાય છે. એટલા અસંખ્ય પ્રદેશ છે. હજી આત્મા કોને કહેવો એની ખબર ન મળે. એનું ક્ષેત્ર શું? એનો ભાવ શું? એનું દ્રવ્ય શું? આહાહા..! સમજાય છે કાંઈ? આજે તો તમારી હિન્દી ચાલી. હિન્દી લોકો આવ્યા છે ને.

આ આત્મા.. આ દેહ તો માટી-ધૂળ અજીવતત્ત્વ છે અને અંદર પુણ્ય-પાપના ભાવ પણ આસ્રવતત્ત્વ છે અને અંદર જે મતિજ્ઞાનાદિની જે અલ્પ જ્ઞાનની પર્યાય છે એ તો વર્તમાન પૂરતી વ્યવહાર છે. આહા..! પણ એનો ત્રિકાળી સ્વભાવ અતીન્દ્રિય આનંદ (છે). એ સમભાવમાં જ્યારે સમતાભાવ પ્રગટ થાય છે, પુણ્ય-પાપથી રહિત સમકિતનો ભાવ (પ્રગટે) એ સમતાભાવ છે, એ સમતાભાવમાં અતીન્દ્રિય આનંદનો ગર્ભમાં અનુભવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એને સમતા કહે છે. જેમાં આત્માનો વીતરાગી સ્વભાવ અને અતીન્દ્રિય આનંદ સ્વભાવ, એનો પર્યાયમાં સમભાવમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો જોઈએ. સમજાય છે કાંઈ? આમ સમભાવ સમભાવ કરે એ સમભાવ નહિ.

સમભાવ તો પુણ્ય-પાપના ભાવથી ભિન્ન પડી અંદર કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણાનંદ

સ્વરૂપમાં જ્યાં એકાગ્ર થાય છે તો એ સમભાવમાં (આનંદનો અનુભવ થાય છે). પુણ્ય-પાપના ભાવ એ વિષમભાવ છે. એનાથી રહિત જ્યારે સમભાવ થયો તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ એમાં આવે છે. એને વીતરાગી પર્યાય અને સમ્યગ્દર્શન પર્યાય કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આમ તો અનંતવાર, 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' ઈ 'છ ઢાળા'માં આવે છે. ઈ ક્યાં પડી છે. દરકાર (ક્યાં છે). મુનિવ્રત ધાર-અનંત વાર મુનિવ્રત ધારણ કર્યા. એ તો પુણ્યભાવ છે, શુભભાવ છે, આસ્રવ છે. મુનિવ્રત-પંચમહાવ્રત આદિ વ્યવહાર મુનિધર્મ એ આસ્રવ છે. આહાહા..!

મુમુક્ષુ :- શું ભૂલ રહી ગઈ?

ઉત્તર :- એક ભૂલ-આત્મા શું છે એનું જ્ઞાન ન કર્યું. એક આત્મજ્ઞાન વિના લેશ સુખ ન પામ્યો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આત્મજ્ઞાન બિન...' આત્મા અંદર ચીજ શું છે, ભગવાનસ્વરૂપ (તેને જાણી નહિ). 'પરમાત્મપ્રકાશ' છે ને! પરમાત્મસ્વરૂપ જ એનું છે. એની દૃષ્ટિ અને એનો અનુભવ ન કર્યો. એનું જ્ઞાન ન કર્યું તો એને ચોર્યાશી લાખના અવતાર મટ્યા નહિ. અનંતવાર દ્રવ્યલિંગી સાધુ થયો પણ આતમજ્ઞાન વિના. એ આત્મજ્ઞાન એટલે અનુભવ. આહાહા..! પુણ્ય-પાપનો અનુભવ છે એ તો દુઃખનો અનુભવ છે. સમજાય છે કાંઈ? એનાથી રહિત ભગવાનઆત્માનો અનુભવ, વસ્તુની દૃષ્ટિ કરીને જે પર્યાયમાં અનુભવ થાય છે એમાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થાય છે, એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મની પહેલી સીઢી કહે છે. આહા..! વાત એવી છે, બાપુ! સમજાય છે કાંઈ? આ જાત્રા કે ભક્તિ કે પૂજા એ બધા શુભભાવ છે, એ તો પુણ્ય છે. અશુભથી બચવા એ ભાવ આવે છે. ધર્મ નહિ. ધર્મ તો આ. આહાહા..!

અસંખ્ય પ્રદેશમાં દૃષ્ટિ કરવી. અસંખ્ય પ્રદેશી વસ્તુ (છે) એમાં અનંત અનંત ગુણનો વાસ છે. આહાહા..! પોતાનો દેશ એ છે. અસંખ્ય પ્રદેશ આત્માનો સ્વ-દેશ છે. આ કાઠિયાવાડ ને ગુજરાત ને મારવાડ એ કંઈ આત્માનો દેશ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અસંખ્ય પ્રદેશ છે. અસંખ્ય.. અસંખ્ય. લોકાકાશના જેટલા પ્રદેશ છે એટલા એક જીવના પ્રદેશ છે. દરેક પ્રદેશમાં અનંત ગુણ છે. 'કલ્યાણજીભાઈ'! આહાહા..! એ અહીં કહે છે.

વ્યવહારનયથી સંકોચ વિસ્તાર થાય છે. '**તો ભી સિદ્ધ-અવસ્થામેં સંકોચ વિસ્તારસે...**' રહિત છે. ભગવાન સિદ્ધ તો ત્યાં અસંખ્ય પ્રદેશે સ્થિર થયા છે. પછી સંકોચ વિસ્તાર થતો નથી. મૂળ ચીજ તો ઈ છે. '**ચરમશરીરપ્રમાણ પ્રદેશવાલા હૈ, ઔર યદ્યપિ પર્યાયાર્થિકનયસે...**' શું કહે છે? ભગવાનઆત્મા પર્યાય નામ ભેદદૃષ્ટિથી જુઓ તો ઉત્પાદ, વ્યય, ધ્રુવ સહિત છે. આહાહા..! 'તત્ત્વાર્થ સૂત્ર'માં આવે છે ને? 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્'. 'ઉમાસ્વામી' (રચિત) 'તત્ત્વાર્થ સૂત્ર' દસલક્ષણી પર્વમાં ચાલે છે ને? એમાં 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્' (અને) 'સત્ દ્રવ્ય લક્ષણં' (આવે છે). એ ત્રણને જાણવા એ તો પર્યાયનયનો વિષય છે. નવી અવસ્થા ઉત્પન્ન થાય છે, જૂની અવસ્થાનો વ્યય થાય છે, ધ્રુવ

ધ્રુવ રહે છે. આહાહા..! એ ત્રણને જોવા એ પર્યાયનયનો વિષય છે. આહાહા..! વ્યવહારનયથી ત્રણ ભેદ છે. આ આત્માના, હોં! આ શરીર, વાણી, મન એ તો જડ પર છે. એ અતત્ત્વ છે. એટલે આ તત્ત્વ નહિ ઈ પરતત્ત્વમાં જાય છે. પુણ્ય પરિણામ એ પરતત્ત્વમાં જાય છે. પુણ્ય તત્ત્વમાં જાય છે.

ભગવાનઆત્મા.. આહા..! ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત.. આહાહા..! એમાં પણ કાલે રાત્રે કહ્યું હતું કે જે ઉત્પાદ પર્યાય આત્મામાં થાય છે એને પૂર્વના વ્યયની અપેક્ષા નથી અને રાગનો વ્યય થાય છે એને ઉત્પાદની અપેક્ષા નથી. અને ધ્રુવ છે એને ઉત્પાદ-વ્યયની અપેક્ષા નથી. આહાહા..! આવો માર્ગ. 'જયસુખભાઈ'! આ બધું લોજીકથી તો આવે છે. આહા..! એને ખબર નથી. એણે બહારની ક્રિયાકાંડ અનંતવાર કરી. પૂજા, ભક્તિ, વ્રત, તપ, અપવાસ એ બધી ક્રિયા રાગની ક્રિયા છે, એ ધર્મ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. આહાહા..! જે સમયમાં નવી પર્યાય ઉત્પન્ન થાય છે એને ઉત્પાદ કહે છે અને એ જ સમયે ઉત્પાદ થાય છે, આગળપાછળ નહિ. જે સમયે જે ઉત્પાદ થવાનો છે તે તે જ સમયે ઉત્પાદ થાય છે. જેમકે ઉત્પાદમાં રાગનું ઉત્પન્ન થવું. તો રાગનો ઉત્પન્ન થવાનો કાળ જ એ છે. અને પૂર્વના રાગનો વ્યય થાય છે અને ધ્રુવ ચીજ કાયમ રહે છે. એ ત્રણને જોવા એ તો પર્યાયનય-વ્યવહારનયનો વિષય છે. આહાહા..!

મુમુક્ષુ :- પ્રમાણનો વિષય નથી?

ઉત્તર :- એ તો ભેદ છે ને. ત્રણ અંશ ગણવા છે. અહીં તો પર્યાયનયનો વિષય લેવો છે. ત્રણ જુદાં છે ને.

'**પર્યાયાર્થિકનયસે ઉત્પાદ વ્યય ધ્રૌવ્યકર સહિત હૈ,...**' ઈ પર્યાય છે. પ્રમાણનું જ્ઞાન તો ધ્રુવનું જ્ઞાન અને ઉત્પાદ-વ્યયનું જ્ઞાન એ પ્રમાણ (છે). અહીં તો એક એક ભિન્ન ભિન્ન છે એનું નામ પર્યાયનયનો વિષય છે. ઝીણી વાત છે, ભાઈ! દિગંબર ધર્મ સૂક્ષ્મ બહુ. એ સિવાય બીજે ક્યાંય આ ચીજ નથી. 'કુંદકુંદાચાર્ય'ની આ બધા શાસ્ત્રમાં છાપ છે. સમજાય છે કાંઈ? કેમકે એ ભગવાન પાસે ગયા હતા. 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯, બે હજાર વર્ષ પહેલા (થયા). ભગવાન 'સીમંધર' પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ 'સમયસાર' આદિ શાસ્ત્ર બનાવ્યા. આ પોણા ચાર લાખ અક્ષર છે ને? એ એમના બનાવેલા છે. 'કુંદકુંદાચાર્ય' આ વચ્ચે છે ને? 'કુંદકુંદાચાર્ય'. આ 'પરમાત્મપ્રકાશ' છે. 'યોગીન્દ્રદેવ' મુનિ થયા, ૧૩૦૦ વર્ષ પહેલા. 'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ જંગલમાં રહેનારા, એમણે આ 'પરમાત્મપ્રકાશ' બનાવ્યું છે. એમાં ટીકાકાર કહે છે કે આત્માને જાણવામાં પહેલા તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ ભેદથી જાણવું એ પર્યાય છે.

'**દ્રવ્યાર્થિકનયકર ટંકોત્કીર્ણ જ્ઞાનકે અખંડ સ્વભાવસે...**' આહાહા..! અરે..! દ્રવ્ય એટલે પદાર્થની દૃષ્ટિથી જોઈએ તો તે વસ્તુ ભગવાનઆત્મા ટંકોત્કીર્ણ જ્ઞાનની મૂર્તિ અખંડ છે. આહાહા..! જે સમકિતનો વિષય છે. સમજાય છે કાંઈ? આવો માર્ગ પહેલો તો હજી સમજવો કઠણ પડે. માર્ગ એવો છે, બાપુ! વીતરાગમાર્ગ જિનવરદેવ ત્રિલોકનાથ પરમેશ્વરે જે

એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા, એમને ઈચ્છા વિના દિવ્યધ્વનિ નીકળી. એ દિવ્યધ્વનિમાંથી શાસ્ત્ર બનાવ્યા. સમજાય છે કાંઈ? આ 'પરમાત્મપ્રકાશ' પણ દિવ્યધ્વનિનો સાર છે. આહાહા..!

કહે છે, આત્મામાં બે પ્રકાર (છે). ઉત્પાદ-વ્યય-ધ્રુવ જે થાય છે એ ત્રણ ભેદ પર્યાયનયથી છે. અને દ્રવ્યાર્થિકનયથી જુઓ, દ્રવ્ય વસ્તુ જે ત્રિકાળ છે એ તો એકરૂપ જ્ઞાયકભાવ '**ટંકોત્કીર્ણ જ્ઞાનકે અખંડ સ્વભાવસે ધ્રુવ હી હૈ.**' આહાહા..! જે સમ્યગ્દર્શનનો વિષય છે એ આ. ટંકોત્કીર્ણ એટલે જેમ ટાંકણાથી ખોદીને અંદરથી કાઢે ને? એમ ભગવાન અંદર ચૈતન્ય બિરાજમાન છે. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' 'જિન સો હી હૈ આત્મા' વીતરાગ સ્વરૂપે આત્મા છે એને જિન કહીએ. 'અન્ય સો હી હૈ કર્મ'. પુણ્ય અને પાપ, શરીર, વાણી આદિ પરચીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**દ્રવ્યાર્થિકનયકર ટંકોત્કીર્ણ જ્ઞાનકે અખંડ સ્વભાવસે ધ્રુવ હી હૈ.**' ધ્રુવ જ છે. '**ઈસ તરહ પહલે નિજ શુદ્ધાત્મદ્રવ્યકો...**' લ્યો. કહે છે કે આ રીતે પહેલા '**નિજ શુદ્ધાત્મદ્રવ્યકો અચ્છી તરહ જાનકર...**' આહાહા..! પ્રથમમાં પ્રથમ આત્માને આ રીતે વ્યવહારનયથી, નિશ્ચયનયથી જે રીતે છે તે રીતે જાણવો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નય એટલે જ્ઞાનનો વિષય છે, જ્ઞાનનો પર્યાય છે. વ્યવહારનો વિષય વર્તમાન છે અને નિશ્ચયનો વિષય ત્રિકાળ છે. નય એ જ્ઞાનનો અંશ છે. શ્રુતજ્ઞાનનો એક પેટા ભાગ છે. એ નયના બે પ્રકાર છે-વ્યવહાર અને નિશ્ચય. વર્તમાન પર્યાય આદિને જોવા એ વ્યવહાર છે. ત્રિકાળીને જોવો એ નિશ્ચય છે. માર્ગ આ તો વીતરાગનો (છે). દુનિયા તો બહારથી માની બેઠી છે કે આ ધર્મ છે ને આ ફલાણું છે. આવી ચીજ દુર્લભ ચીજ છે. અનંતકાળમાં અનંતવાર દિગંબર સાધુ થઈને નવમી ગ્રૈવેયક ગયો તોપણ મિથ્યાદૃષ્ટિ રહ્યો.

મુમુક્ષુ :- ત્યારે તો દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન હતું.

ઉત્તર :- દ્રવ્ય, ગુણ, પર્યાયનું શાસ્ત્રનું જ્ઞાન હતું પણ અંતર દ્રવ્યની દૃષ્ટિ નહોતી. આહાહા..! અંતર વસ્તુ ચૈતન્યમૂર્તિ ભગવાન સહજાત્મસ્વરૂપ. સહજાત્મ-સહજ સ્વરૂપ પારિણામિકભાવરૂપ વસ્તુ, એની દૃષ્ટિ નથી. એ દૃષ્ટિ વિના બધું કર્યું. મહાવ્રત પાળ્યા, આસ્રવ કર્યો, બધું કર્યું. બધા એકડા વિનાના મીંડા નીકળ્યા. શું કહે છે? એકડા વિના મીંડા. ઓહો..!

અહીં એ કહે છે, પ્રથમમાં પ્રથમ શુદ્ધાત્મદ્રવ્યને. જુઓ. '**નિજ શુદ્ધાત્મદ્રવ્યકો...**' ભગવાન સર્વજ્ઞ છે એ તો પર છે. શબ્દ છે ને? પ્રથમમાં પ્રથમ વસ્તુ એ છે કે આત્માને જાણવો. દ્રવ્યે શું છે, પર્યાયે શું છે, અસંખ્ય પ્રદેશે શું છે, સંકોચ વિકાસ કેમ છે સંકોચ વિકાસ કેમ નથી એ એણે પ્રથમ જાણવું. આહાહા..! '**અચ્છી તરહ જાનકર...**' પાછું એમ ને એમ નહિ. અચ્છી તરહ એટલે જેમ છે તે રીતે જ્ઞાન કરીને આહાહા..! પૂર્ણાનંદનો નાથ

પ્રભુ, નિત્યાનંદ પ્રભુની દૃષ્ટિ કરી અને એને જાણીને '**ઔર આત્મસ્વરૂપસે વિપરીત પુદ્‌ગલાદિ પરદ્રવ્યોંકો ભી અચ્છી તરહ જાનકર...**' આહાહા..! ભગવાન આત્મસ્વભાવથી આ બધા ભિન્ન છે. પુણ્ય અને પાપ આદિ વિપરીત. '**પુદ્‌ગલાદિ પરદ્રવ્યોંકો...**' શરીર, વાણી, જડ આ તો માટી-ધૂળ છે. એમ પૈસા, આબરૂ, કીર્તિ એ બધું ધૂળ છે, અજીવ છે. ભગવાનઆત્માને જાણીને પરદ્રવ્ય શું છે તેને બરાબર જાણવા. આહાહા..! લક્ષ્મી પણ પોતાની નથી. સ્ત્રી, કુટુંબ, પરિવાર પણ પોતાના નથી. પોતાની પર્યાયમાં અલ્પજ્ઞતા છે એટલો પણ આત્મા નથી. આહાહા..! આ તો આ મારી સ્ત્રી ને આ મારા દીકરા ને આ મારા બાપ (માને). આત્માને દીકરા-બાપ કેવા? અહીં તો પર્યાયની અલ્પતા એ પણ ત્રિકાળમાં નથી. રાગ ને સ્ત્રી ને કુટુંબ ને પૈસા ને મકાન મારા, અજ્ઞાનીની ભ્રમણા છે. તારી ચીજ તારાથી ભિન્ન કેમ રહે? અને ભિન્ન રહે એ તારી ચીજ ક્યાંથી થઈ ગઈ?

અહીંયાં ઈ કહે છે, '**શુદ્ધાત્મદ્રવ્યકો અચ્છી તરહ જાનકર આત્મસ્વરૂપસે વિપરીત...**' એ પુદ્‌ગલ, પાંચ દ્રવ્ય છે ને? પુદ્‌ગલ, આકાશ, કાળ આદિ. એ પરદ્રવ્યનો પણ સારી રીતે નિર્ણય કરીને. આહાહા..! '**આપ પરકા નિશ્ચય કરકે બાદમેં સમસ્ત મિથ્યાત્વ રાગાદિ વિકલ્પોંકો છોડકર...**' આહાહા..! પુણ્ય એ ધર્મ છે, પાપમાં મજા છે એવું જે મિથ્યાદૃષ્ટિપણું છે એ છોડી દે. આહાહા..! '**નિશ્ચય કરકે બાદમેં સમસ્ત મિથ્યાત્વ રાગાદિ વિકલ્પોંકો છોડકર...**' વિકલ્પ એ રાગની લાગણી વિકાર છે. મિથ્યાત્વ પણ વિકાર છે અને રાગાદિ પુણ્ય-પાપ, દયા, દાન, વ્રતાદિ પણ વિકાર છે. એને છોડીને. આહાહા..! '**વીતરાગ ચિદાનંદ એક સ્વભાવ શુદ્ધાત્મતત્ત્વમેં જો લીન હુએ હૈં,...**' આહાહા..! આત્મા વીતરાગ ચિદાનંદ એક સ્વભાવ. ત્યાં એક જોઈએ. એક બધે ઠેકાણે પડ્યો રહ્યો છે. અર્થ કરનારને એ એક ખ્યાલમાં બહુ નથી રહ્યો. '**વીતરાગ ચિદાનંદ એક સ્વભાવ શુદ્ધાત્મતત્ત્વમેં જો લીન હુએ હૈં,...**' આહાહા..! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ આત્મા, એના તત્ત્વમાં—ચિદાનંદ તત્ત્વમાં જે લીન થયા છે '**વે હી ધન્ય હૈં.**' આ માર્ગ છે. આહાહા..!

પુણ્ય-પાપના વિકલ્પથી પણ ખસીને, શુદ્ધાત્મ વીતરાગ ચિદાનંદ સ્વરૂપમાં દૃષ્ટિ કરીને લીન થવું, એ ધન્ય છે. એણે મોક્ષમાર્ગ પ્રગટ કર્યો અને અલ્પકાળમાં એનો મોક્ષ થશે. આ ક્રિયાકાંડથી ધર્મ થાય છે એમ ત્રણકાળમાં નથી. ક્રિયાકાંડ-આ દયા, દાન, વ્રત, તપ આદિ મોક્ષનો માર્ગ નથી, એ તો બંધનો માર્ગ છે. આહાહા..! આવે છે. વચ્ચે અશુભથી બચવા આવો શુભભાવ આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ આવે છે, પણ છે એ બંધનું કારણ. આહાહા..! સમજાય છે કાંઈ?

'**શુદ્ધાત્મતત્ત્વમેં જો લીન હુએ હૈં, વે હી ધન્ય હૈં.**' આહા..! '**वीतरागचिदानन्दैक-स्वभावे स्वशुद्धात्मतत्त्वे ये रतास्त एव धन्या**' લ્યો. રતા છે ને? લીન.. લીન. રતાનું લીન કર્યું. આહાહા..! ભગવાનસ્વરૂપ પરમાત્મા પોતાના નિજ સ્વરૂપને જાણીને અને પોતાથી ભિન્ન પુદ્‌ગલાદિ જડને જાણી, સ્વરૂપમાં દૃષ્ટિ કરીને લીન થવું. અહીં તો ઉત્કૃષ્ટ વાત લે છે

ને. એમાં દૃષ્ટિ કરી એમાં લીન થવું એ ધન્ય છે. એણે મોક્ષમાર્ગ પ્રાપ્ત કરી લીધો. આહાહા..! બાકી ક્રિયાકાંડમાં ધર્મ માને છે, એ ધર્મનું કારણ છે એમ માને છે એ બધું મિથ્યાશલ્ય છે. સમજાય છે કાંઈ? આવે છે, પણ એ નિશ્ચયનું કારણ નથી. સમજાય છે કાંઈ? અત્યારે મોટી ગડબડી એ ચાલે છે ને? કે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે. રાગ કરતાં કરતાં વીતરાગદશા થશે. લસણ ખાતા ખાતા કસ્તૂરીનો ઓડકાર આવશે. એવી વાત છે.

અહીંયાં આચાર્ય મહારાજ ઈ કહે છે, આહા..! પોતાના શુદ્ધાત્મદ્રવ્યમાં લીન થયા, આહાહા..! એ મોક્ષમાર્ગ છે, એ ધન્ય છે. '**ઐસા હી કથન પરમાત્મતત્ત્વકે લક્ષણમેં શ્રીપૂજ્યપાદસ્વામીને કહા હૈ,...**' આ જે કીધું એ પ્રમાણે ત્યાં છે. '**યહ આત્મા વ્યવહારનયકર અનાદિકા બંધા હુઆ હૈ,...**' રાગથી, કર્મથી, નિમિત્તથી વ્યવહારનયથી બંધાયો છે. '**ઔર અપને કિયે હુએ કર્મોંકે ફલકા ભોક્તા હૈ, ઉન કર્મોંકે ક્ષયસે મોક્ષપદકા ભોક્તા હૈ,...**' આહા..! ખરેખર તો એ રાગનો નાશ થઈને આનંદનો ભોક્તા (થાય) તે આત્મા છે. આહાહા..! છે? '**મોક્ષપદકા ભોક્તા હૈ, જ્ઞાતા હૈ,...**' આહાહા..! જાણનાર-દેખનાર ભગવાનઆત્મા છે. એ સિવાય બધી ચીજ તો જ્ઞાતાનું જ્ઞેય છે. બીજી ચીજ જાણવાલાયક જ્ઞેય છે. આત્મા જ્ઞાતા છે તે જ ઉપાદેય-આદરણીય છે. આકરી વાતું આમાં. છે?

'**દેખનેવાલા હૈ,...**' એ તો ચૌદ બ્રહ્માંડ લોકાલોકને જાણનાર-દેખનાર ભગવાનઆત્મા છે, કોઈ ચીજનો કરનાર નથી. પોતા સિવાય કોઈ ચીજને બનાવે, રચે (એ એનું સ્વરૂપ નથી). આહાહા..!

મુમુક્ષુ :- ધંધો-વેપાર ન કરવો?

ઉત્તર :- ધંધો-વેપાર કોણ કરે? એ તો જડથી થાય છે. ઝીણી વાત, ભાઈ! અહીં તો કહ્યું ને, નિજ તત્ત્વથી એ તો અન્ય તત્ત્વ પુદ્‌ગલ આદિતત્ત્વ છે. એ ધંધામાં પૈસા લેવા-દેવા એ બધી જડની ક્રિયા છે, આત્માની ક્યાં છે? આહાહા..!

મુમુક્ષુ :- ... ઉઘરાણીએ જાવું કે ન જાવું?

ઉત્તર :- રાગ આવે છે. ઉઘરાણીએ જાવાની ક્રિયા તો દેહથી થાય છે. પોતાથી નથી થતી. આહાહા..! આ તો ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ જિનવરદેવની વાણીનો આ સાર છે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ જ્યાં સુધી દૃષ્ટિમાં આવે નહિ, ત્યાં સુધી બધું ફોગટ છે, સંસાર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**અપની દેહકે પ્રમાણ હૈ,...**' અત્યારે તો શરીરપ્રમાણે છે ને? '**સંસાર-અવસ્થામેં પ્રદેશોંકે સંકોચ વિસ્તારકો ધારણ કરતા હૈ, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સહિત હૈ...**' જે કીધું એનો (ભાવાર્થ) છે. '**ઔર અપને ગુણ પર્યાય સહિત હૈ.**' ઉત્પાદ-વ્યય-ધ્રુવ. '**ઈસપ્રકાર આત્માકે જાનનેસે હી...**' આવા ભગવાનઆત્માને જાણવાથી જ '**સાધ્યકી સિદ્ધિ હૈ,...**' ત્યારે મોક્ષની સિદ્ધિ છે. સાધ્ય મોક્ષ છે. આહાહા..! નિવૃત્તિ ક્યારે લે? સમજે ક્યારે?

સંસારના કામ આડે નિવૃત્તિ નથી. અહીં તો કહે છે, રાગના વિકલ્પથી પણ આત્મામાં નિવૃત્તિ છે. આહાહા..! **'ઇસપ્રકાર આત્માકે જાનનેસે હી સાધ્યકી સિદ્ધ હૈ, દૂસરી તરહ નહીં હૈ.'** બીજે રસ્તે મોક્ષનો માર્ગ ઉત્પન્ન થતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- મોક્ષનો માર્ગ એટલે?

ઉત્તર :- સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. 'સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણી મોક્ષમાર્ગઃ'. 'તત્ત્વાર્થ સૂત્ર'નું પહેલું સૂત્ર છે. એ સમ્યગ્દર્શન, જ્ઞાન એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ કંઈ સમ્યગ્દર્શન નથી. એ તો વ્યવહાર છે, વિકલ્પ છે. આહાહા..! પોતાનું પૂર્ણ સ્વરૂપ જ્ઞાન અને આનંદથી પરિપૂર્ણ ભગવાનઆત્માનું શરણ લઈને, આશ્રય લઈને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય છે. એ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? જેટલો પરનો આશ્રય કરે એટલો બંધનો માર્ગ છે. ભલે ત્રિલોકનાથ તીર્થંકરની પૂજા અને આશ્રય કરે એ પણ રાગ અને બંધનું કારણ છે.

મુમુક્ષુ :- વ્યાખ્યાન સાંભળવું ઈ..

ઉત્તર :- વ્યાખ્યાન સાંભળવાનો વિકલ્પ એ રાગ છે, બંધનું કારણ છે. આવો માર્ગ છે, ભાઈ! આ તો વીતરાગ સર્વજ્ઞ જિનવરદેવ, જેણે વ્યવહારરત્નત્રયને છોડીને નિશ્ચયરત્નત્રય અંગીકાર કર્યા. સમજાય છે કાંઈ? ત્યારે એ કેવળજ્ઞાન, મુક્તિને પામ્યા. આહાહા..!

**'આગે જો સંયમી પરમ શાંતભાવકા હી કર્તા હૈ,...'** જુઓ! મુનિ-સાચા મુનિ છે એ તો રાગના પણ કર્તા નથી. પંચમહાવ્રતનો વિકલ્પ ઊઠે છે એના કર્તા નથી. આહાહા..! છે? **'આગે જો સંયમી...'** સમ્યગ્દર્શન સહિત જેને ચારિત્રદશા પ્રગટ થઈ છે, આહાહા..! અંતરમાં આનંદનું પ્રચુર સ્વસંવેદન થયું છે. સમ્યગ્દર્શન સહિત પૂર્ણાનંદના નાથના સ્વીકાર સહિત, જેને આનંદનું વેદન પ્રચુર આવ્યું છે એને સંયમી કહે છે. એ સંયમી **'પરમ શાંતભાવકા હી કર્તા હૈ,...'** આહાહા..! એ દેહની ક્રિયાનો કર્તા નથી, વાણીનો કર્તા નથી, પુણ્ય-પાપના ભાવનો કર્તા નથી. આહાહા..! બહુ વાતું (આકરી).

એ **'શાંતભાવકા હી કર્તા હૈ,...'** આહાહા..! એ તો વીતરાગી પરિણતિનો જ કર્તા છે. આહાહા..! એ પણ વ્યવહાર છે. જીવને કર્તા કહેવો એ વ્યવહાર છે. શાંતભાવનો કર્તા શાંતભાવ પર્યાય છે. વીતરાગ પરિણતિ જે ધર્મ, એ પરિણતિનો કર્તા પરિણતિ-પર્યાય છે. દ્રવ્યને (કર્તા) કહેવો એ વ્યવહારનયથી કહેવું છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'ઉસકી નિંદા દ્વારા સ્તુતિ તીન ગાથાઓંમેં કહતે હૈં-'** જ્ઞાનીને શાંત વીતરાગી પર્યાયમાં સંયમદશા પ્રગટ છે. એ મુનિની નિંદા દ્વારા સ્તુતિ કરશે. નિંદા દ્વારા સ્તુતિ. એટલે? કર્મ છે એ એનું અને બંધન છે. અને બંધન છે તે બંધુ છે. અનાદિના સાથે (છે). એને જેણે મારી નાખ્યા. કર્મને જેણે મારી નાખ્યા. બંધુને માર્યા. બંધ છે ને? બંધ. બંધ અને બંધુનો નાશ કર્યો એ સંયમી મુનિની નિંદા તરીકે સ્તુતિ છે. પ્રભુ! તેં તો બંધને બંધુને મારી નાખ્યા. અનાદિથી કર્મ સાથે રહેતા હતા. કદી છૂટ્યા નહોતા, એનો તેં નાશ કરી નાખ્યો. તારા બંધુ હતા, તારી સાથે રહેતા હતા. **'નિંદા દ્વારા સ્તુતિ તીન ગાથાઓંમેં કરતે હૈં-'** ૪૪.

अथ योऽसावेवोपशमभावं करोति तस्य निन्दाद्वारेण स्तुतिं त्रिकलेन कथयति –

१७०) बिण्णि वि दोस हवंति तसु जो सम-भाउ करेइ।
बंधु जि णिहणइ अप्पणउ अणु जगु गहिलु करेइ।।४४।।
द्वौ अपि दोषौ भवतः तस्य यः समभावं करोति।
बन्धं एव निहन्ति आत्मीयं अन्यत् जगद् ग्रहिलं करोति।।४४।।

बिण्णि वि इत्यादि। बिण्णि वि द्वावपि। द्वौ कौ। दोस दोषौ हवंति भवतः तसु यस्य तपोधनस्य जो सम-भाउ करेइ यः समभावं करोति रागद्वेषत्यागं करोति। कौ तौ द्वौ। दोषौ बंधु जि णिहणइ बन्धमेव निहन्ति। कथंभूतं बन्धम्। अप्पणउ आत्मीयं अणु पुनः जगु जगत् प्राणिगणं गहिलु करेइ ग्रहिलं पिशाचसमानं विकलं करोति। अयमत्र भावार्थः। समशब्देनात्राभेदनयेन रागादिरहित आत्मा भण्यते, तेन कारणेन योऽसौ समं करोति वीतरागचिदानन्दैकस्वभावं निजात्मानं परिणमति तस्य दोषद्वयं भवति। कथमिति चेत्। प्राकृतभाषया बन्धुशब्देन ज्ञानावरणादिबन्धा भण्यन्ते गोत्रं च येन कारणेनोपशमस्वभावेन परमात्मस्वरूपेण परिणतः सन् ज्ञानावरणादिकर्मबन्धं निहन्ति तेन कारणेन स्तवनं भवति, अथवा येन कारणेन बन्धुशब्देन गोत्रमपि भण्यते तेन कारणेन बन्धुधाती लोकव्यवहारभाषया निन्दापि भवतीति। तथा चोक्तम्। लोकव्यवहारे ज्ञानिनां लोकः पिशाचो भवति लोकस्याज्ञानिजनस्य ज्ञानि पिशाच इति।।४४।।

---

आगे जो संयमी परम शांतभावका ही कर्ता है, उसकी निंदा द्वारा स्तुति तीन गाथाओंमें करते हैं –

गाथा – ४४

अन्वयार्थ :– [ यः ] जो साधु [ समभावं ] राग-द्वेषके त्यागरूप समभावको [ करोति ] करता है, [ तस्य ] उस तपोधनके [ द्वौ अपि दोषौ ] दो दोष [ भवतः ] होते हैं। [ आत्मीयं बंधं एव निहंति ] एक तो अपने बंधको नष्ट करता है, [ पुनः ] दूसरे [ जगद् ग्रहिलं करोति ] जगत्के प्राणियोंको बावला-पागल बना देता है।

भावार्थ :– यह निंदा द्वारा स्तुति है। प्राकृत भाषामें बंधु शब्दसे ज्ञानावरणादि कर्मबंध भी लिया जाता है, तथा भाईको भी कहते हैं। यहाँ पर बंधु-हत्या निंद्य है, इससे एक तो बंधु-हत्याका दोष आया तथा दूसरा दोष यह है, कि जो कोई इनका उपदेश सुनता है, वह वस्त्र आभूषणका त्यागकर नग्न दिगंबर हो जाता है। कपड़े उतारकर नंगा हो जाना उसे लोग गहला-पागल कहते हैं। ये दोनों लोकव्यवहारमें दोष हैं, इन शब्दोंके ऐसे अर्थ ऊपरसे निकाले हैं। परंतु दूसरे अर्थमें कोई दोष नहीं है, स्तुति ही है। क्योंकि कर्मबंध नाश करने ही योग्य है, तथा जो

**समभावका धारक है, वह आप नग्न दिगम्बर हो जाता है, और अन्यको दिगम्बर कर देता है, सो मूढ़ लोग निंदा करते हैं। यह दोष नहीं है गुण ही है। मूढ़ लोगोंके जाननेमें ज्ञानीजन बावले हैं, और ज्ञानियोंके जाननेमें जगतके जन बावले हैं। क्योंकि ज्ञानी जगतसे विमुख हैं, तथा जगत् ज्ञानियोंसे विमुख है।।४४।।**

**હવે, જે સંયમી ઉપશમભાવને કરે છે તેની નિંદા દ્વારા સ્તુતિ ત્રણ ગાથાસૂત્રો દ્વારા કહે છે :**

**ભાવાર્થ : અહીં અભેદનયથી 'સમ' શબ્દથી રાગાદિ રહિત આત્મા સમજવો; તેથી જે કોઈ સમતા કરે છે - વીતરાગ ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા નિજ આત્મારૂપે પરિણમે છે - તેને બે દોષ ઊપજે છે. કેવી રીતે? પ્રાકૃત ભાષામાં 'બંધુ' શબ્દથી જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ કહેવાય છે અને ભાઈ પણ કહેવાય છે. જે કારણે ઉપશમ (શાંત) સ્વભાવથી પરમાત્મસ્વરૂપે પરિણમ્યો થકો જ્ઞાનાવરણાદિ કર્મબંધને હણે છે તે કારણે સ્તુતિ થાય છે; જે કારણે 'બંધુ' શબ્દનો અર્થ ભાઈ પણ લેવાય છે તે 'બંધુઘાતી' એ અર્થથી લોકવ્યવહારભાષાથી નિંદા પણ થાય છે (આ દોષ નથી પણ ગુણ છે, આ નિંદા દ્વારા સ્તુતિ છે.)**

**વળી, કહ્યું પણ છે કે - 'लोकव्यवहारे ज्ञानिनां लोकः पिशाच भवति लोकस्याज्ञानिजनस्य ज्ञानि पिशाच इति।।' (અર્થ : લોકવ્યવહારમાં જ્ઞાનીઓને જગતના લોકો પિશાચ (પાગલ) લાગે છે, જ્યારે લોકના મૂઢ અજ્ઞાની જનોને જ્ઞાની પિશાચ લાગે છે.) ૪૪.**

## ગાથા-૪૪ ઉપર પ્રવચન

**१७०) बिण्णि वि दोस हवंति तसु जो सम-भाउ करेइ।**
**बंधु जि णिहणइ अप्पणउ अणु जगु गहिलु करेइ।।४४।।**

આહાહા..! 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત મુનિ આત્મજ્ઞાની અનુભવી, આત્માની શાંતિના વેદનારા. જંગલમાં આ શાસ્ત્ર બનાવ્યું. આ વનશાસ્ત્ર છે. મુનિ વનમાં રહેતા હતા અને આનંદમાં રહેતા હતા. આહાહા..! વનમાં રહેતા હતા એ વ્યવહાર છે. અતીન્દ્રિય આનંદમાં રહેતા હતા. એ 'યોગીન્દ્રદેવે' આ 'પરમાત્મપ્રકાશ' બનાવ્યું છે. દિગંબર સંત હતા. જેને વસ્ત્રનો એક કટકો પણ નહોતો. વસ્ત્રનો એક કટકો રાખે તો એ મુનિ થઈ શકે નહિ. અને નગ્ન હોય, પણ ભાવલિંગ ન હોય તો એ સાધુ નથી. એવા નગ્નપણા તો અનંતવાર ધારણ કર્યા. 'મુનિવ્રત ધાર અનંત બૈર' એ શરીર અને રાગ બેથી ભિન્ન ભગવાનઆત્માનો અનુભવ ન કર્યો તો એ મુનિ નથી, સંયમી નથી. આહાહા..!

અહીં કહે છે, જુઓ! **'જો સાધુ રાગ-દ્વેષકે ત્યાગરૂપ સમભાવકો કરતા હૈ,...'** આહાહા..! એ 'છ ઢાળા'માં આવે છે. નહિ? 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત સેઈએ.' 'છ ઢાળા.. છ ઢાળા'માં આવે છે ને? પાઠશાળામાં ભણાવે છે. 'છ ઢાળા'. એમાં ઈ કહ્યું છે, 'રાગ આગ દાહ દહે સદા.' ચાહે તો શુભરાગ હો, એ આગ છે. કષાયઅગ્નિ છે. આહાહા..! આ વીતરાગમાર્ગ. આવે છે ને? 'છ ઢાળા'માં આવે છે. 'બાબુભાઈ'! રાગ-ચાહે તો શુભ હો, ભક્તિનો, દયા-દાનનો, વ્રતનો પણ રાગ આગ (છે). 'રાગ આગ દાહ દહે સદા'. એ રાગ આત્માની શાંતિને બાળે છે, આહાહા..! સળગાવે છે. સમજાય છે કાંઈ? માર્ગ, બાપા! બહુ અલૌકિક છે. સત્યની વાત લોકોને સાંભળવા પણ મળી નથી. બહારની વાતું. આમ કરવું ને તેમ કરવું. વ્રત કરવા ને અપવાસ કરવા. એ તો બધી રાગની ક્રિયા છે. એ રાગ તો દાહ અગ્નિ જેવો કષાયઅગ્નિ છે. ઈ કહે છે.

**'રાગ-દ્વેષકે ત્યાગરૂપ સમભાવકો કરતા હૈ,...'** આહાહા..! સ્ત્રી, કુટુંબ, દુકાન છોડ્યા તો તપસ્વી છે, એમ નથી કહ્યું. પરના ગ્રહણત્યાગ તો આત્મામાં છે જ નહિ. સ્ત્રી, કુટુંબને ગ્રહણ પણ કર્યા નથી અને છોડ્યા પણ નથી. એ તો છૂટા પર જ છે. રાગને ગ્રહણ કર્યો છે તો રાગને છોડવો. સમજાય છે કાંઈ? ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો, બધાને છોડીને **'સમભાવકો કરતા હૈ, ઉસ તપોધનકે...'** આહાહા..! આનંદરૂપી તપસ્યાનું ધન જેની પાસે છે. આહાહા..! આ ધૂળના ધણી બધા શેઠિયાઓ કહેવાય છે એ તો બધા ધનરહિત છે. એ લક્ષ્મી (આદિ) ધનસહિત છે, એ જીવ ધનરહિત છે. નિજ આત્માના ધનરહિત ઈ છે. આ તો તપોધન! આહાહા..! જેમાં આત્માના અતીન્દ્રિય આનંદનો ઉગ્ર સ્વાદ આવ્યો, એનું નામ તપોધન. તપરૂપી લક્ષ્મી. અપવાસ આદિ નહિ, હોં! ઈચ્છાનો નિરોધ થઈને અતીન્દ્રિય અમૃતનો સ્વાદ આવવો એ તપોધન છે, એને તપરૂપી લક્ષ્મી કહે છે. આહાહા..! આ તમારા પૈસા-ફૈસા, ધૂળની લક્ષ્મી અહીંયાં ગણતા નથી કે આ કરોડ રૂપિયા છે ને પાંચ કરોડ છે ને દસ કરોડ છે. ધૂળ છે, માટી પુદ્‌ગલ છે. એ ધન તારું ક્યાંથી થઈ ગયું? આહા..!

અંતર તપોધન. પુણ્ય અને પાપના ભાવ અંદરમાં છે એને છોડીને અંતરના આશ્રયે સમભાવ જેણે પ્રગટ કર્યો (એ તપોધન છે). એ સમભાવની વ્યાખ્યા પહેલા ત્યાં આવી ગઈ છે. સમભાવ એને કહીએ કે વીતરાગી આનંદ જેમાં આવે, એને સમભાવ કહીએ. સમજાય છે કાંઈ? સમભાવ, સમભાવ કરે, એ સમતા નહિ. સમતા-સમભાવ એને કહીએ, જેમાં અંતરનો વીતરાગી અતીન્દ્રિય આનંદનો પ્રગટ અનુભવ થાય. આહાહા..! એનું નામ સમભાવ છે. એ સમભાવની વ્યાખ્યા પહેલા આવી ગઈ છે. સમજાણું કાંઈ? પહેલા આવી ગઈ. આહા..! માર્ગ બીજો છે, બાપા! આહાહા..!

આ તો ત્રિલોકનાથ જિનવરદેવ પરમેશ્વર સમવસરણમાં પ્રભુ બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં 'સીમંધર' ભગવાન વર્તમાન બિરાજે છે. એની અહીંયા પ્રતિષ્ઠા થઈ છે ને. માનસ્તંભ, મંદિર અને સમવસરણ. ત્રણેમાં એ છે. કાલે આવ્યા હતા ઈ બોલ્યા હતા. ડૉક્ટર રાત્રે આવ્યા હતા ને? ભાઈ! ડૉક્ટર હતા ઈ બોલ્યા હતા. 'સીમંધર' ભગવાન કી જય. કીધું,

આને પરિચય છે. આહા..! રાત્રે પેલા ડૉક્ટર આવ્યા હતા ને. એ ગયા. બપોરે વ્યાખ્યાનમાં આવે તો આવે. ત્યાં સાધુ છે ને? 'ઋષભસાગર' એક દિગંબર સાધુ છે. મહારાષ્ટ્રમાં. દિગંબર સાધુ 'ઋષભસાગર'. એને અહીંની બધી પ્રતીતિ સારી લાગી. એ જ વાત ત્યાં કરે છે. અહીંનું સમ્યગ્દર્શન પુસ્તક છે ઈ ત્યાં વાંચે છે. સમ્યગ્દર્શન પુસ્તક છે. અને એ અહીં આવ્યા હતા. ચોમાસુ 'ઇન્દોર'માં હતું. અહીં આવ્યા તો કહેતા હતા, મહારાજ! આ હિન્દુસ્તાનમાં ભાવલિંગી સાધુ તો કોઈ છે નહિ. પોતે સાધુ, ૮૫ વર્ષની ઉંમર. કાલે તો કહેતા હતા હવે તો ૧૦૪ વર્ષની છે. અહીં આવ્યા ત્યારે ૯૫ કહેતા હતા. ૯૫ તો નહિ હોય, ગામડાના માણસને ખબર ન હોય. કાલે ડૉક્ટર કહેતા હતા, એની ૧૦૪ વર્ષની ઉંમર છે. ૧૦૪ તો નહીં હોય, ૯૪ હશે. અહીં ૯૫ કહેતા હતા. શેત્રુંજયથી ૧૪ માઈલ ચાલીને આવ્યા હતા. ગામડાના માણસ એટલે શરીર જરી... ૮૫ વર્ષ તો હશે. નવ વર્ષ થયા એટલે અત્યારે ૯૪ થયા. એના ૧૦૪ કહેતા હતા. એને આ વાત બહુ રુચિ ગઈ. ઓહોહો..! આ માર્ગ જ ક્યાંય નથી. અમે સાધુ નથી. દિગંબર મુનિ છે. આ વસ્તુ, દ્રવ્યદૃષ્ટિ વસ્તુ શું, આત્મા શું, એની અનુભવદૃષ્ટિ વિના બધું નિરર્થક છે. આવી વાત તો અમને સાંભળવા મળી નથી. એ કહેતા હતા.

'કર્ણાટક'માં એક 'ભવ્યસાગર' દિગંબર સાધુ છે. 'કર્ણાટક'માં. અહીંના શાસ્ત્રનો સ્વાધ્યાય કર્યો. એક શેઠ છે, ત્યાં 'કર્ણાટક'માં 'માણેકચંદજી' શેઠ છે. એને એવી લાગી, ૧૭ વર્ષની દીક્ષા છે, દસ અને સાત. સત્રહ કહે છે ને? ૧૭ વર્ષની દીક્ષા છે અને શીઘ્રકવિ છે. આસુકવિ. એકદમ કવિતા બનાવે. અહીં અમારી પાસે બહુ કવિતા આવી છે. આઠ પત્ર આવ્યા છે એના. ઓહો..! આ માર્ગ! અમે સાધુ નથી. એમ લખ્યું છે બિચારાએ. અમે મુનિ નથી, જતિ નથી. આ તમે સમ્યગ્દર્શનની વાત કરો છો એની તો અમને ખબરેય નથી. આત્મધર્મ જોઈને એવો ઉલ્લાસ આવ્યો કે હું ત્યાં આવવા માગું છું. પણ આત્મધર્મના ૫૦૦ ગ્રાહક બનાવીને આવવા ઈચ્છું છું. આત્મધર્મ શું ચીજ છે! આહાહા..! એમ લખ્યું છે. હવે એક કોર પેલા વિરોધ કરે. 'લલિતપુર'માં. આ 'રમેશભાઈ'ના ગામમાં. એને ન્યાં માર્યા હતા. અરે..! પ્રભુ! કોઈ ઉપર એવું હોય? બધા ભગવાન છે અંદર. કોઈ પ્રત્યે વેર વિરોધ હોય જ નહિ. સમજાય છે કાંઈ?

ખરેખર તો એનું દ્રવ્ય છે એ સાધર્મી દ્રવ્ય છે. એ આત્મા જે શુદ્ધ છે એ ઉપાદેય છે. બધા જીવોનો આત્મા શુદ્ધ ઉપાદેય છે. 'પ્રવીણભાઈ'! એનો આત્મા, હોં! આહાહા..! સાધર્મી છે. પર્યાયને ન જુઓ. ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ બિરાજે છે એ સાધર્મી છે. વેર વિરોધ કોઈ ઉપર કરવો નહિ. પર્યાયમાં ભૂલ હોય તો જાણવી. સત્ત્વેષુ મૈત્રી. બધા પ્રાણી પ્રત્યે મૈત્રી. આહા..! વિરોધી કોણ છે? આહાહા..!

અહીં કહે છે, એ મુનિના બે દોષ છે. '**ઉસ તપોધનકે દો દોષ હોતે હૈં. એક તો અપને બંધકો નષ્ટ કરતા હૈ,...**' છે? બંધ એટલે બંધુ, એમ કરીને લેશે. અનાદિના જે કર્મ સાથે હતા એનો મુનિએ નાશ કરી નાખ્યો. તો પોતાના બંધુનો નાશ કર્યો. એ નિંદા દ્વારા સ્તુતિ

છે. સમજાય છે કાંઈ? આહાહા..! આઠ કર્મ અનાદિથી સાથે રહે છે. નિગોદથી માંડી અનાદિથી. નવમી ગ્રૈવેયક દિગંબર સાધુ થઈને મિથ્યાદષ્ટિ ગયો એની પાસે આઠ કર્મ હતા. આહા..! મુનિને કહે છે કે હે મુનિ! તમે તો શાંતભાવ પ્રગટ કર્યો, આનંદના નાથને જાગૃત કર્યો છે. આહા..! તો આપે તો કર્મનો નાશ કર્યો છે. તો કર્મ તો બંધ છે. બંધને બંધુ કહીએ. બંધુનો આપે નાશ કરી નાખ્યો. એમ નિંદા દ્વારા સ્તુતિ છે. કહો, 'હીરાલાલજી'! હમણાં ક્યાં બહાર ગયા હતા? અહીં પૂછ્યું હતું કો'કને. તો કહ્યું, હમણાં નથી. આહાહા..!

**'દૂસરે જગતકે પ્રાણિયોંકો બાવલા-પાગલ બના દેતા હૈ.'** કેમકે મુનિ છે, આત્મજ્ઞાની વીતરાગી સંત છે. એ વીતરાગપણાનો ઉપદેશ આપે. નગ્ન મુનિ થઈ જાય એટલે લોકો પાગલ કહે. લોકોને પાગલ બનાવે છે અને બંધુનો નાશ કરે છે. સમજાય છે કાંઈ? દિગંબર સંત આત્મજ્ઞાની ધ્યાની. વસ્ત્રનો એક કટકો નહિ. માની કૂંખે જેવા જન્મ્યા એવું શરીર અને અંદરમાં વીતરાગી મૂર્તિ આત્મા, એનો અનુભવ છે. આહાહા..! કહે છે કે એક તો બંધુનો-કર્મનો નાશ કર્યો અને એમનો ઉપદેશ સાંભળીને જે નગ્ન દિગંબર થઈ જાય છે એ પાગલ બાવલા થઈ જાય છે, દુનિયાની દૃષ્ટિએ. સમજાણું કાંઈ? ઘેલા બની જાય છે, ઘેલા. બાવલા કહ્યું ને? બાવલા-પાગલ બનાવી દે છે. આહાહા..!

**ભાવાર્થ :- 'યહ નિંદા દ્વારા સ્તુતિ હૈ. પ્રાકૃત ભાષામેં બંધુ શબ્દસે જ્ઞાનાવરણાદિ કર્મબંધ ભી લિયા જાતા હૈ,...'** લ્યો. પ્રાકૃત ભાષામાં. કર્મનો બંધ છે ને? તો બંધુ શબ્દથી જ્ઞાનાવરણાદિ કર્મબંધ પણ લેવાય છે. **'તથા ભાઈકો ભી કહતે હૈં.'** બંધુ. ભાઈને બંધુ કહે છે ને? **'યહાં પર બંધુ-હત્યા નિંદ્ય હૈ,...'** ભાઈનો નાશ નિંદ્ય છે. **'ઈસસે એક તો બંધુ-હત્યાકા દોષ આયા...'** કર્મબંધનો નાશ કર્યો એ દોષ આવ્યો. સ્તુતિ છે. **'દૂસરા દોષ યહ હૈ કિ જો કોઈ ઈનકા ઉપદેશ સુનતા હૈ,** આહાહા..! છે. **વહ વસ્ત્ર આભૂષણકા ત્યાગકર નગ્ન દિગંબર હો જાતા હૈ.'** દુનિયા કહે કે આ પાગલ છે. આહાહા..! પ્રભુ! મુનિ! તમે તો બંધુનો નાશ કર્યો અને દુનિયાને પાગલ બનાવો છો. સ્તુતિ છે. આહાહા..!

આમ રાજકુમાર ૨૫-૨૫ વર્ષની ઉંમરના હોય, ઘરે હજારો રાણી હોય. પણ જ્યાં આ વાત સાંભળે અને અંદરથી.. આહાહા..! મારો ભગવાન અંદર શણગાર સહિત છે. અંદરમાં અનંત ગુણનો પિંડ છે. એવી દૃષ્ટિ કરીને લીન થાય છે ત્યારે નગ્ન થઈ જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! અંદરમાં રાગથી રહિત અને બહારમાં વસ્ત્રથી રહિત. આહાહા..! આ મુનિપણું (છે). સમજાય છે કાંઈ? આહાહા..! અહીંયાં ઉત્કૃષ્ટ માર્ગ કહે છે ને! સમ્યગ્દર્શન છે એ નીચલા દરજ્જાનો માર્ગ છે અને ચારિત્રસહિત છે એ મૂળમાર્ગ છે. ચારિત્તં ખલુ ધમ્મો. ચારિત્ર તે ધર્મ. અને ચારિત્રનું કારણ સમ્યગ્દર્શન, જ્ઞાન હોય તો. આહાહા..!

બંધુ-હત્યાનો દોષ આવે છે અને બીજો (દોષ) **'કપડે ઉતારકર નંગા હો જાના ઉસે લોગ ગહલા-પાગલ કહતે હૈં. યે દોનોં લોકવ્યવહારમેં દોષ હૈં, ઈન શબ્દોંકે ઐસે અર્થ ઉપરસે નિકાલે હૈં. પરંતુ દૂસરે અર્થમેં કોઈ દોષ નહીં હૈ, સ્તુતિ હી હૈ.'** આહાહા..! છે ને?

**'ક્યોંકિ કર્મબંધ નાશ કરને હી યોગ્ય હૈ, તથા જો સમભાવકા ધારક હૈ, વહ આપ નગ્ન દિગંબર હો જાતા હૈ,...'** આહાહા..! જેને અંદર સમ્યગ્દર્શન સહિત વીતરાગી પર્યાય પ્રગટ થઈ એ તો બાહ્યમાં નગ્ન થઈ જાય છે. સમજાય છે કાંઈ? ચારિત્ર પ્રગટ થાય અને વસ્ત્રસહિત હોય, એમ ત્રણકાળમાં બને નહિ. વસ્તુની સ્થિતિ આવી છે. આહાહા..! તીર્થંકર પણ જ્યાં સુધી વસ્ત્રસહિત છે ત્યાં સુધી મુનિ નથી. સંસારમાં છે ને. પાઠ છે, 'અષ્ટપાહુડ'માં છે. તીર્થંકર પણ જ્યાં સુધી વસ્ત્રસહિત છે તો એમને મુક્તિ નહિ થાય. કેમકે વસ્ત્ર રાખવા એ મમતાભાવ છે. મુનિની દશામાં એ વસ્ત્રનો મમતાભાવ હોતો નથી. શ્વેતાંબર લોકો જે વસ્ત્રસહિત સાધુ કહે છે એ વાત ભગવાનના ઘરની નથી. 'બાબુભાઈ'! આ બધા શ્વેતાંબર છે. આ 'કલ્યાણભાઈ' અગ્રેસર છે. આ 'બાબુભાઈ'. આ તો પૂર્વનું હતું. વસ્ત્રસહિત સાધુપણું જેણે સ્થાપ્યું એ મિથ્યાદૃષ્ટિ છે. વસ્ત્રસહિત સાધુપણું કદી હોય નહિ. અને વસ્ત્રરહિત એકલું નગ્નપણું પણ અંતર અનુભવ વિના સાધુ હોય નહિ. આહાહા..! બેય વાત છે. સમજાય છે કાંઈ? અહીંયાં ઈ કહે છે.

**'કપડે ઉતારકર નંગા હો જાના ઉસે લોગ પાગલ કહતે હૈં. યે દોનોં લોકવ્યવહારમેં દોષ હૈં, ઈન શબ્દોંકે ઐસે અર્થ ઉપરસે નિકાલે હૈં. પરંતુ દૂસરે અર્થમેં કોઈ દોષ નહીં હૈ, સ્તુતિ હી હૈ. ક્યોંકિ કર્મબંધ નાશ કરને હી યોગ્ય હૈ, તથા જો સમભાવકા ધારક હૈ, વહ આપ નગ્ન દિગંબર હો જાતા હૈ,...'** આહાહા..! જેને અંદરમાં વીતરાગતા પ્રગટ થઈ, સમ્યગ્દર્શન સહિત ચારિત્ર પ્રગટ થયું, સમભાવ પ્રગટ થયો એ નગ્ન થઈ જાય છે. સમજાય છે કાંઈ? એ સ્તુતિ છે. આહાહા..! **'ઔર અન્યકો દિગંબર કર દેતા હૈ,...'** બીજાને પણ દિગંબર કરી નાખે. મુનિ જંગલમાં વસે. આનંદ.. આનંદ.. આનંદ. સમભાવ વીતરાગી આનંદનો અનુભવ, એ અંતરનો દિગંબર છે અને બહારમાં વસ્ત્રરહિત એ બહારનો દિગંબર છે. બેય હોય છે. એ દોષ નથી.

**'સો મૂઢ લોગ નિંદા કરતે હૈં. યહ દોષ નહીં હૈ, ગુણ હી હૈ. મૂઢ લોગોંકે જાનનેમેં જ્ઞાનીજન બાવલે હૈં,...'** મૂઢ લોકોના જાણવામાં જ્ઞાનીજન પાગલ છે. આહાહા..! **'ઔર જ્ઞાનિયોંકે જાનનેમેં જગતકે જન બાવલે હૈં.'** આહાહા..! નગ્ન દિગંબર આત્મધ્યાની આનંદમાં રમનારા, અતીન્દ્રિય આનંદમાં રમનારા. એને અંતરથી સમભાવ પ્રગટ થયો છે તો બહારમાં વસ્ત્ર નથી. તો દુનિયા એને પાગલ કહે. સમજાય છે કાંઈ? આહાહા..! અને જ્ઞાનીઓ જગતને પાગલ કહે છે. રાગથી ધર્મ માને છે ને પુણ્યથી ધર્મ માને છે. અને વીતરાગભાવ વિના સાધુપણું માને છે એ બધા પાગલ છે. જ્ઞાની જગતને પાગલ માને છે અને જગત જ્ઞાનીને પાગલ કહે છે. અરસપરસ છે.

**'જ્ઞાની જગતસે વિમુખ હૈં,** આહાહા..! **તથા જગત જ્ઞાનિયોંસે વિમુખ હૈ.'** આહા..! આ વાત સાંભળી જાય નહિ. સમભાવ. જે દયા, દાનના વિકલ્પને પણ આસ્રવ માને. આહા..! અને એને છોડીને સ્વરૂપમાં સમભાવમાં રહે એ મુનિ છે. અને બહારમાં નગ્ન મુનિ હોય. એ અપેક્ષાએ સ્તુતિ કરી છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

अथ –

१७१) अण्णु वि दोसु हवेइ तसु जो सम–भाउ करेइ।
सत्तु वि मिल्लिवि अप्पणउ परहँ णिलीणु हवेइ।।४५।।
अन्यः अपि दोषो भवति तस्य यः समभावं करोति।
शत्रुमपि मुक्त्वा आत्मीयं परस्य निलीनः भवति।।४५।।

अण्णु वि इत्यादि। अण्णु वि न केवलं पूर्वोक्त अन्योऽपि दोसु दोषः हवेइ भवति तसु तस्य तपोधनस्य। यः किं करोति। जो सम–भाउ करेइ यः कर्ता समभावं करोति। पुनरपि किं करोति। सत्तु वि मिल्लिवि शत्रुमपि [१]मुञ्चति। कथंभूतं शत्रुम्। अप्पणउ आत्मीयम्। पुनश्च किं करोति। परहं णिलीणु हवेइ परस्यापि लीनः अधीनो भवति इति। अयमत्र भावार्थः यो रागादिरहितस्य समभावलक्षणस्य निजपरमात्मनो भावनां करोति स पुरुषः शत्रुशब्दवाच्यं ज्ञानावरणादिकर्मरूपं निश्चयशत्रु मुञ्चति परशब्दवाच्यं परमात्मानमाश्रयति च तेन कारणेन तस्य स्तुतिर्भवति। अथवा यथा लोकव्यवहारेण बन्धनबद्धं निजशत्रुं मुक्त्वा कोऽपि केनापि कारणेन तस्यैव परशब्दवाच्यस्य शत्रोरधीनो भवति तेन कारणेन स निन्दां लभते तथा शब्दच्छलेन तपोधनोऽपीति।।४५।।

---

आगे समभावके धारक मुनिकी फिर भी निंदा–स्तुति करते हैं –

गाथा – ४५

अन्वयार्थ :– [ यः ] जो [ समभावं ] समभावको [ करोति ] करता है, [ तस्य ] उस तपोधनके [ अन्यः अपि दोषः ] दूसरा भी दोष [ भवति ] है। क्योंकि [ परस्य निलीनः ] परके आधीन [ भवति ] होता है, और [ आत्मीयं अपि ] अपने आधीन भी [ शत्रुम् ] शत्रुको [ मुंचति ] छोड़ देता है।

भावार्थ :– जो तपोधन धन धान्यादिका राग त्यागकर परम शांतभावको आदरता है, राजा–रंकको समान जानता है, उसके दोष कभी नहीं हो सकता। सदा स्तुतिके योग्य है, तो भी शब्दकी योजनासे निंदा द्वारा स्तुति की गई है, वह इस तरहसे है कि शत्रु शब्दसे कहे गये जो ज्ञानावरणादि कर्म–शत्रु उनको छोड़कर पर शब्दसे कहे गये परमात्माका आश्रय करता है। इसमें निंदा क्या हुआ, बल्कि स्तुति ही हुई। परंतु लोकव्यवहारमें अपने आधीन शत्रुको छोड़कर किसी कारणसे पर शब्दसे कहे गये शत्रुके आधीन आप होता है, इसलिये लौकिक–निंदा हुई; यह शब्दके निंदा–स्तुति की गई। वह शब्दसे श्लेष होनेसे रूपअलंकार कहा गया है।।४५।।

---

१. પાઠાન્તર :– मुञ्चति = मुक्त्वा

**હવે, સમતાના ધારક મુનિની ફરી નિંદા-સ્તુતિ કરે છે :**

**ભાવાર્થ : જે રાગાદિરહિત સમભાવસ્વરૂપ નિજપરમાત્માની ભાવના કરે છે તે પુરુષ 'શત્રુ' શબ્દથી વાચ્ય એવા જ્ઞાનાવરણાદિ કર્મરૂપ નિશ્ચયશત્રુને છોડે છે અને 'પર' શબ્દથી વાચ્ય એવા પરમાત્માનો આશ્રય કરે છે, તે કારણે તેની સ્તુતિ થાય છે અથવા જેવી રીતે લોકવ્યવહારમાં બંધનથી બંધાયેલ નિજશત્રુને છોડીને કોઈ પણ કારણે પોતે જ 'પર' શબ્દથી વાચ્ય એવા શત્રુને આધીન થાય છે તેથી નિંદા પામે છે, તેવી રીતે તપોધન પણ શબ્દના છળથી નિંદા પામે છે. ૪૫.**

---

## વીર સંવત ૨૫૦૨, કારતક વદ ૨, સોમવાર
## તા. ૮-૧૧-૧૯૭૬, ગાથા-૪૫, ૪૬-૧, પ્રવચન નં. ૧૨૭

'પરમાત્મપ્રકાશ'. ૪૫-ગાથા. '**આગે સમભાવકે ધારક મુનિકી ફિર ભી નિંદા-સ્તુતિ કરતે હૈં-**' નિંદા દ્વારા સ્તુતિ. એક ગાથા થઈ. ત્રણ ગાથા છે.

**૧૭૧) अण्णु वि दोसु हवेइ तसु जो सम-भाउ करेइ।**
**सत्तु वि मिल्लिवि अप्पणउ परहँ णिलीणु हवेइ।।४५।।**

**અન્વયાર્થ :- 'જો સમભાવકો કરતા હૈ,...'** એટલે પુણ્ય અને પાપના બેય વિકારી ભાવને છોડીને પોતાના આત્મામાં વીતરાગતાભાવ-સમભાવ કરે છે. એ પહેલા આવી ગયું છે. ૩૯ ગાથા. વીતરાગ પરમાનંદ અનુભવ સહિત જે સમભાવ, એને સમભાવ કહીએ. જેમાં આત્માનો આનંદ, વીતરાગી પરમાનંદનો અનુભવ સહિત જે સમભાવ, એને વીતરાગતા અથવા સમભાવ કહીએ. સમજાણું કાંઈ? એટલે જેના સમભાવમાં પુણ્ય-પાપની આકુળતા રહિત નિરાકુળતા, આનંદની વીતરાગદશા, એને સમભાવ કહીએ. આહાહા..! એ સમભાવ ધારક મુનિની.. એવો જે સમભાવ... આહાહા..! એના ધરનાર મુનિની '**ફિર ભી નિંદા-સ્તુતિ કરતે હૈં-**'

'**સમભાવકો કરતા હૈ, ઉસ તપોધનકે દૂસરા ભી દોષ હૈ.**' મુનિની વાત છે ને તપોધન? જેને અતીન્દ્રિય આનંદ અને વીતરાગતારૂપી ધન પ્રગટ્યું છે. આ ધૂળ-ધન નહિ. જેને અંતર આનંદ અને જ્ઞાનની લક્ષ્મી ભંડારમાં પડી છે, એ જેણે પ્રગટ કરી છે. સમજાણું કાંઈ? જેણે પોતાનો ભગવાનઆત્મા એની સન્મુખ થઈને, પરથી-રાગાદિથી વિમુખ થઈને સમભાવ એટલે વીતરાગી પર્યાય અતીન્દ્રિય આનંદ ગર્ભિત વીતરાગભાવ (પ્રગટ કર્યો છે) એને સમભાવ કહે છે. તે મોક્ષનો માર્ગ છે. એની આ નિંદા કરે છે. નિંદા દ્વારા સ્તુતિ.

'**જો સમભાવકો કરતા હૈ, ઉસ તપોધનકે દૂસરા ભી દોષ હૈ. ક્યોંકિ પરકે આધીન**

**હોતા હૈ,...**' પર એટલે પોતાનો સ્વભાવ જે પરમાત્મા છે એને આધીન થાય છે. એને અહીં પર કહ્યું છે. વીતરાગભાવ-સમભાવ મોક્ષનો માર્ગ જે એને પ્રગટ્યો છે, એ પરને આધીન થાય છે. પર એટલે પરમાત્મા. એને આધીન. આમ બહારમાં એમ કહે કે પરને આધીન થાય તે દુઃખરૂપ છે. અહીં તો પરાધીન એટલે... આહાહા..! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન એવું જે નિજ સ્વરૂપ-પરમાત્મા... 'પરમાત્મપ્રકાશ' છે ને. નિજ સ્વરૂપ જ પરમાત્મા છે. પરમ ઉત્કૃષ્ટ પારિણામિક સ્વભાવભાવ એવો જે નિજ પરમાત્મા એ પર. પરને આધીન થાય છે. એ દોષ છે એનો. દોષ દ્વારા સ્તુતિ છે. આહાહા..!

'**ઔર અપને આધીન ભી શત્રુકો છોડ દેતા હૈ.**' આઠ કર્મ છે એ પોતાને આધીન છે, એ શત્રુને છોડી દે છે. આહાહા..! આઠ કર્મ છે અથવા અશુદ્ધતા છે મૂળ તો. મૂળ તો અશુદ્ધતા છે જે શત્રુ છે. પોતાને વશ છે એને છોડી દે છે. અને પર એવો ભગવાનઆત્મા એને વશ થાય છે. એ રીતે દોષમાંથી સ્તુતિ કરી. સમજાણું કાંઈ? '**છોડ દેતા હૈ.**' આઠ કર્મ અથવા આઠ કર્મના નિમિત્તે ઉપાદાન અશુદ્ધતા જે આત્માની, એ નિજ સ્વાધીન છે, એ દુશ્મન પોતાને આધીન છે, એ દુશ્મનને છોડી દે છે. વશ થયા છે એને છોડી દે છે. અને પરને આધીન થાય છે. પર (એટલે) ભગવાનઆત્મા... આહાહા..! સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાન પ્રભુ, એને આધીન થાય છે. એનો આશ્રય લઈને એમાં ઠરે છે. આહાહા..!

એ 'પરમાત્મપ્રકાશ'માં ત્રણ ગાથાઓ સ્તુતિની છે. પણ નિંદા દ્વારા સ્તુતિ. એમ. પહેલામાં એમ આવ્યું હતું ને આઠ કર્મ એના બંધુ છે. અનાદિથી સાથે રહેનારા (છે) એનો એણે ઘાત કર્યો. બંધુનો ઘાત કર્યો. અને એનો ઉપદેશ સાંભળે. આત્મા વીતરાગી દશા પ્રગટ કરવાનો (ઉપદેશ સાંભળે). આહાહા..! મુનિઓનો ઉપદેશ તો વીતરાગી જ હોય છે. વીતરાગભાવ પ્રગટ કરવાનો ઉપદેશ આપે તો એ સાંભળનારા વીતરાગી ભાવ પ્રગટ કરીને બહારથી નગ્ન થઈ જાય. એ બાવલા થઈ જાય. જગતને હિસાબે નાગા. આહાહા..! પોતે તો વીતરાગભાવમાં રમે છે, પણ ઉપદેશ પણ વીતરાગભાવનો આપતા, શ્રવણ કરનારા વીતરાગભાવ પ્રગટ કરવા માટે બાહ્ય અને અભ્યંતર નગ્ન દશા, દિગંબર દશા ધારણ કરે છે. તો જગતને હિસાબે એ તો બાવલા કહેવાય માળા નાગા. કાંઈ... આહાહા..!

**ભાવાર્થ :-** '**જો તપોધન...**' જેને આનંદરૂપી ધન પ્રગટ્યું છે. આહાહા..! આ તપોધન. જેને અંદર આત્મામાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સ્વચ્છતા અને અતીન્દ્રિય શાંતિ-ચારિત્ર, એવી જે લક્ષ્મી, એને તપોધને ઇચ્છા નિરોધ કરી અને અનિચ્છા અમૃતનો સાગર પર્યાયમાં ઉછાળ્યો છે, એને તપોધન કહીએ. એ લક્ષ્મીવાળા છે. તપરૂપી લક્ષ્મીવાળા. આહાહા..! આ ભિખારા છે એ પૈસારૂપી લક્ષ્મીવાળા. આ તપોધન એ બાદશાહ છે.

મુમુક્ષુ :- તપ એટલે ઉપવાસ? ઉપવાસ ન હોય તો...

ઉત્તર :- એની ક્યાં વાત છે? અહીં શું કીધું? સમભાવ ગર્ભિત વીતરાગતા, આનંદ ગર્ભિત એ તપ છે. તપયન્તિ ઈતિ તપઃ ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. જેમ સોનું

ગેરુથી ઓપે છે. સોનું-સોનું ગેરુથી ઓપે-શોભે. એમ ભગવાનઆત્મા આનંદમૂર્તિ છે એને ઉગ્ર વીતરાગભાવથી શોભા કરે એને અહીં તપ કહેવામાં આવે છે. આહાહા..! તપયન્તિ ઇતિ તપઃ. આત્મા આનંદથી આમ તપે છે. અંદરથી જાજ્વલ્યમાન જ્યોતિ! આહાહા..! અતીન્દ્રિય આનંદના સ્વાદમાં તપે છે એ. સમજાણું કાંઈ?

એ તપરૂપી જેને આ તપરૂપી ધન છે. અપવાસ-બપવાસ એ તો બધી લાંઘણું છે. ઉપ-વાસ. ભગવાન અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનમૂર્તિ (છે) એના ઉપ એટલે સમીપે વસવું. અને આત્માના ભાન વિના છે એ તો અપવાસ છે. અપ-વાસ-માઠોવાસ છે. આહાહા..! એ તો રાગમાં વસ્યા છે અને એને માને છે કે અપવાસ. એ છે તો અપ-વાસ. વાત સાચી. અપ એટલે માઠો વાસ. આહાહા..! સમ્યગ્દર્શન વિના, આત્મજ્ઞાનના ભાન વિના જે બધી તપસ્યાઓ છે એ બધી લાંઘણું મિથ્યાત્વના પોષક છે. આહાહા..! આ પર્યુષણ હોય ને આઠ અપવાસ કરાવે ને? એ બધા મિથ્યાત્વના પોષક છે. આહાહા..! અધર્મ પોતે કરે છે અને અધર્મ બીજાને કરાવે છે. આહાહા..! સમજાણું કાંઈ? સ્થાનકવાસીમાં તો તપ અને ત્યાગ બહુ. આટલા અપવાસ કર્યા અને આટલી લાંઘણું કરી. અઠમને પારણે એક પહોર ચડાવ્યો. પચ્ચીસ અપવાસનું ફળ આવે એને. આહાહા..! એ તો બધી આત્મજ્ઞાન વિના (લાંઘણું છે). અને આત્મજ્ઞાન એ દિગંબર ધર્મ સિવાય આત્મજ્ઞાન ક્યાંય થાય નહિ. કેમકે સત્ય વસ્તુ છે ત્યાં. એ સત્યનો આશ્રય કરે છે તેને આત્મજ્ઞાન થાય છે. બીજે સંપ્રદાયમાં એ વસ્તુ છે જ નહિ. સત્ય છે જ નહિ. આહાહા..! એથી એ બીજાના બધા અપવાસ કહેવાય છે.

આ ભગવાનના માર્ગમાં દિગંબર દર્શન, વસ્તુ રાગ વિનાની અને કપડા વિનાના મુનિ, વસ્તુ રાગ વિનાની અને કપડા વિનાના મુનિ, એવો જે માર્ગ એવો જેને અંતરમાં અનુભવમાં આવ્યો છે... આહાહા..! એ તપરૂપી ધન જેને અતીન્દ્રિય આનંદની છોળ ઊઠી છે. સમભાવ વીતરાગભાવમાં... આહાહા..! એ અતીન્દ્રિય આનંદને ચાટે છે. એને તપ કહીએ.

મુમુક્ષુ :- ત્યાગ કોને કહેવો?

ઉત્તર :- મિથ્યાત્વનો ત્યાગ તે ત્યાગ છે. એ અપવાસ હું કરું છું અને મેં પરનો ત્યાગ કર્યો એ મિથ્યાત્વભાવ છે. પરનો ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ નહિ. એને ઠેકાણે, મેં આહાર છોડ્યો અને મેં આ અપવાસ ગ્રહણ કર્યો—એ મિથ્યાત્વભાવ છે, બાપુ! જરી વાત ઝીણી બહુ, બાપુ! જૈનદર્શન એવું ઝીણું છે.

અહીં એ કહે છે, **'જો તપોધન ધન ધાન્યાદિકા રાગ ત્યાગકર...'** ભાષા જુઓ! આ બાજુ ધન અને રાગનો ત્યાગ અને આ બાજુ તપોધન. સમજાણું કાંઈ? આહાહા..! લક્ષ્મી ઉપરનું લક્ષ છોડી દઈ, રાગનો ત્યાગ કરી અને જે તપોધન છે. આહાહા..! માર્ગ બહુ જુદી જાતનો, ભાઈ! આહાહા..! જે સ્વમાં અનંત આનંદ અને જ્ઞાન પડ્યું છે એની સન્મુખ થયો છે. સન્મુખ થયો એટલે દશા વીતરાગી આનંદસહિત જેની દશા પ્રગટી છે. એનું નામ તપ કહીએ. અને તે કાળે આમ અંદરમાં રાગનો ત્યાગ, બાહ્યમાં ધન આદિનો ત્યાગ (થાય) એને

ત્યાગ વ્યવહારે કહીએ. આહાહા..!

**'તપોધન...'** એક બાજુ તપોધન કીધું. આમ તો તપોધન એક નાત થાય છે. સાંભળી (છે)? અમારે 'ગઢડા'માં છે. બ્રાહ્મણ થાય. તપોધન થાય છે. તપોધન છે ત્યાં. એક વકીલ છે ત્યાં 'ગઢડા'માં. તપોધન. ઈ તપોધન નહિ. એ નામ તપોધન. એ આ અપવાસ આદિ છે એ રાગનો ભાગ છે. એ કાંઈ તપ નથી, ધર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! **'તપોધન...'** અસ્તિથી કીધું. અતીન્દ્રિય આનંદ અને સમભાવ જ્યાં પ્રગટ્યો છે ત્યાં આગળ વિષમભાવનો ત્યાગ છે. પુણ્ય-પાપ એ વિષમભાવ છે. અને એના નિમિત્તોનો ત્યાગ વ્યવહારે કહેવામાં આવે છે.

**'ધન ધાન્યાદિકા રાગ ત્યાગકર...'** આ આવ્યું ને? ભાઈ! 'નવલચંદભાઈ'! રાગનો ત્યાગ આવ્યો. આહાહા..! **'રાગ ત્યાગકર પરમ શાંતભાવકો આદરતા હૈ,...'** આહાહા..! સમ્યગ્દર્શનમાં શાંતભાવ (છે) એ જઘન્ય છે. સમ્યગ્દર્શનમાં શાંતભાવ છે પણ જઘન્ય (છે). અનંતાનુબંધીનો અભાવ છે એટલો છે અને આ મુનિને ઉત્કૃષ્ટ શાંતભાવ છે. જેને ત્રણ કષાયનો નાશ થઈ અને વીતરાગરૂપી સમતાનો રસ જેને પ્રગટ્યો છે. આહાહા..! **'પરમ શાંતભાવકો આદરતા હૈ,...'** આમ શાંતની વ્યાખ્યા ઝીણી છે.

અંતર વીતરાગસ્વરૂપ ભગવાન, એમાંથી વીતરાગતા કાઢવી, એને અહીંયાં શાંતભાવ કહે છે. કોઈ ક્રોધ કરે અને ક્ષમા કરે એ કાંઈ વસ્તુ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આવું વસ્તુનું સ્વરૂપ (છે). ચૈતન્યહીરો અંદર અણમુલી કિંમત છે એની. એવો ચૈતન્યહીરો ભગવાન, દેહદેવળના હાડકામાં ભિન્ન બિરાજે છે. જેને રાગનો પણ ત્યાગ છે જેમાં. આહાહા..! વસ્તુ તો એવી છે. પણ જેણે રાગના ત્યાગની દશા પ્રગટ કરી અને અતીન્દ્રિય આનંદની સમતા જેણે પ્રગટ કરી.. આહાહા..! એ તપોધન...

**'રાજા-રંકકો સમાન જાનતા હૈ,...'** રાજા હોય કે રંક હોય એ બધા સરખા. આહાહા..! પુણ્યના ફળવાળા હોય કે પાપના ફળ(વાળા હોય) બેય સરખા, એની પ્રત્યે સમભાવ છે. રાજા કાંઈક કરોડો-અબજોની પેદાશવાળો હોય તો આ અધિક છે એમ શાંતભાવ-સમભાવવાળાને હોતું નથી. સમજાણું કાંઈ? અને ગરીબ માણસ હીન છે, દીન છે એમ શાંતભાવ-સમભાવવાળાને હોતું નથી. આહાહા..! **'રાજા-રંકકો સમાન જાનતા હૈ, ઉસકે દોષ કભી નહીં હો સકતા.'** એને દોષ કદી હોય શકે નહિ. આહા..! **'સદા સ્તુતિકે યોગ્ય હૈ,...'** આહાહા..! ધન્ય અવતાર! જેને સમ્યગ્દર્શનસહિત અતીન્દ્રિય આનંદની ઉગ્રતા સમભાવની પ્રગટી છે.. આહાહા..! એ તો સ્તુતિને યોગ્ય છે, પ્રશંસાને યોગ્ય છે.

**'તો ભી શબ્દકી યોજનાસે...'** શબ્દની યોજનાથી **'નિંદા દ્વારા સ્તુતિ કી ગઈ હૈ,...'** એ શ્લેષરૂપ અંલકાર છે. નીચે કર્યું છે. **'વહ ઈસ તરહસે હૈ કિ શત્રુ શબ્દસે કહે ગયે જો જ્ઞાનાવરણાદિ કર્મ-શત્રુ ઉનકો છોડકર...'** શત્રુ પોતાને તાબે હતા એને છોડી દીધા. આહાહા..! દુશ્મન વશ થઈ ગયો હતો એને છોડી દીધા. આ બધા મોટા હોય છે ને? શું? ડાકુ-ડાકુ. એ ડાકુ કેટલાક વશ થઈ ગયા છે ને? ત્યાં કેવું 'બેગમગચ્છ'?

મુમુક્ષુ :- ચંબલ-ચંબલ.

ઉત્તર :- ના. 'બેગમગચ્છ'. 'બેગમગચ્છ'માં અમે ગયા હતા ત્રણ-ચાર વાર. ત્યાં ઉતર્યા હતા ત્યાં એ લોકોનું જેલખાનું હતું. ત્યાં મોટા મોટા ડાકુઓ હતા. ત્રણ તો મોટા ડાકુ અને એ સિવાય ૨૦-૨૫ બીજા. 'બેગમગચ્છ' હતું ને? એને ખબર પડી કે મહારાજ અહીં છે. નજીક અમે અહીં હતા અને એનું જેલખાનું સામે બહુ નજીક હતું. એને બહાર જવાની છૂટ. આઠ-દસ દિવસ ઘરે જઈ આવે. પણ પાછું આવવું જોઈએ અહીં. મોટા ડાકુ ત્રણ તો હતા. મોટા લાખોને મારી નાખે ને. બિચારા એ લોકોએ કહ્યું કે અમારે મહારાજના દર્શન કરવા છે. મહારાજ અહીં નજીક આવ્યા છે. પછી હુકમ મગાવ્યો હતો એ લોકોએ. શેઠ સાથે હતા. 'ભગવાનદાસ' 'સાગર'વાળા બધા અંદર અમે જેલમાં ગયા. પાછા બારણા બંધ કરી દે ને. જેલમાં પછી આવ્યા. બધા હતા બિચારા. મોટા ડાકુ જબરા ત્રણ તો. મહા લૂંટ કરીને કંઈક... પણ અહીં તો કીધું, બાપુ! અજ્ઞાનથી આ બધું થાય છે. આત્મા એ (નહિ). આત્મા તો આનંદકંદ છે, પ્રભુ! અજ્ઞાનને લઈને આ બધું આવું (થાય છે). એ તો બિચારા સાંભળતા હતા. દસેક મિનિટ વ્યાખ્યાન આપ્યું. પછી એણે બધાએ માળા ચડાવી, મૂકી. આ માળા નથી આવતી ઓલી? સુતરની રંગીત રેશમ જેવી. રેશમ જેવી. છે તો રૂની. પણ ડાકુએ ઊભા થઈને પગે (મૂકી). કીધું, બાપા! આ તો આત્માનો માર્ગ (છે). અજ્ઞાનપણે જીવ શું ન કરે? સાંભળે પણ એને ક્યાં બિચારાને... આ તો નજીક હતા, તદ્દન નજીક ઉતરેલા. અમે બહાર ઉતર્યા હતા, ગામ બહાર ઉતર્યા હતા. અને ત્યાં જેલખાનું જોડે હતું. આહાહા..! એ ડાકુ વશ થઈ ગયા હતા. વશ થયેલા એને છોડી દીધા. હવે જાવ.

અહીં કહે છે કે આઠ કર્મ વશ હતા એને છોડી દીધા. શત્રુ વશ પડ્યા હતા એને છોડી દીધા. એ નિંદા દ્વારા સ્તુતિ છે. આહાહા..! ખરેખર જ્ઞાનાવરણીય આદિ કર્મ શત્રુ નથી. શત્રુ તો એનો પૂર્ણ વિકારીભાવ એ શત્રુ છે. નિશ્ચયથી શત્રુ પોતાનો વિકારીભાવ એ શત્રુ છે. એમ કહ્યું. કર્મ તો જડ છે, એ તો પર છે એની સાથે શું? એ તો નિમિત્ત છે એ તો જ્ઞેય છે. પણ અહીં નિમિત્તથી વાત કરી છે.

'**જો જ્ઞાનાવરણાદિ કર્મ-શત્રુ ઉનકો છોડકર પર શબ્દસે કહે ગયે પરમાત્માકા આશ્રય કરતા હૈ.**' આહાહા..! પરનો અર્થ એ કર્યો. પરમાત્મા પોતે.. આહાહા..! જેની જ્ઞાનની નજરુંમાં પરમાત્મા વર્તે. આહાહા..! જેની જ્ઞાનની નજરુંમાં પરમાત્મા આમ વર્તે. આહાહા..! એ પરને આશ્રયે થયો. આહાહા..! '**પરમાત્માકા આશ્રય કરતા હૈ. ઈસમેં નિંદા ક્યા હુઈ, બલ્કિ સ્તુતિ હી હુઈ. પરંતુ લોકવ્યવહારમેં અપને આધીન શત્રુકો છોડકર કિસી કારણસે પર શબ્દસે કહે ગયે શત્રુકે આધીન આપ હોતા હૈ,** આહાહા..! **ઈસલિયે લૌકિક-નિંદા હુઈ; યહ શબ્દકે નિંદા-સ્તુતિ કી ગઈ.**' એ દ્વારા સ્તુતિ કરી છે, કે ઓહો..! પ્રભુ! રાગાદિ દુશ્મન તારે આધીન હતા, એને તમે છોડી દીધા અને ભગવાન પરમાત્માને આધીન તમે થયા. આહાહા..!

મહાપ્રભુની જેણે ઓથ લીધી, પૂર્ણાનંદનો નાથ ભગવાન અંદર ચૈતન્ય હીરલો એ ચૈતન્ય ભગવાનની જેણે ઓથ લીધી. ઓથ સમજો છો? ઓથ-ઓથ, આશરો, શરણ.

શરણ-શરણ. શરણ કહે છે. એની ઓથ લીધી કહે. મોટાની ઓથ લે છે ને ગરીબ માણસો? શરણ લે. આહાહા..! એમ હે નાથ! સમભાવે આપે આત્માનો આશ્રય લીધો. પરમાત્માનો આશ્રય લીધો. રાગાદિ જે દુશ્મન હતા એ તમારે વશ હતા એને છોડી દીધા. આહાહા..! જુઓ! આ 'પરમાત્મપ્રકાશ'. આહાહા..! માર્ગ એવો છે, બાપુ!

મુમુક્ષુ :- આગલી ગાથામાં લીધું, હત્યા કરે છે.

ઉત્તર :- હત્યા કરે છે એ. અહીં કહે છે, શત્રુ છે. બીજી રીતે બતાવ્યું ને. બંધુ છે ને એ બંધુ? બંધ એટલે બંધુ. એમ. બંધુની હત્યા કરનારા. એમ કરીને એણે વખાણ કર્યા એમ તો. આપે શત્રુનો તો નાશ કરી નાખ્યો. આહાહા..! બંધુ તરીકે હતા. બંધ તરીકે અનાદિથી સાથે (હતા). અનાદિથી સાથે ને સાથે કર્મ હતા. આ ભાયું તો હજી જુદા પણ પડી જાય. થોડા વર્ષ રહે. પછી મોટા વૃદ્ધ થઈ ગયા ૫૦, ૬૦, ૪૦ વર્ષે સૌ જુદા થઈ જાય. અને આ તો અનાદિથી આત્મા કર્મ અનાદિથી સાથે ને સાથે છે એમ ને એમ. કોઈ સમય છોડ્યો નથી એણે. આહાહા..! એવા શત્રુને, બંધુને મારી નાખ્યા તેં. આહાહા..! એ દ્વારા સ્તુતિ છે. આ તો અધ્યાત્મની વાતું છે, બાપુ! '**ઇસલિયે લૌકિક-નિંદા હુઈ; યહ શબ્દકે નિંદા-સ્તુતિ કી ગઈ. વહ શબ્દસે શ્લેષ હોનેસે રૂપઅલંકાર કહા ગયા હૈ.**' લ્યો!

---

अथ –

**१७२) अण्णु वि दोसु हवेइ तसु जो समभाउ करेइ।**
**वियलु हवेविणु इक्कलउ उप्परि जगहँ चडेइ।।४६।।**

**अन्यः अपि दोषः भवति तस्य यः समभावं करोति।**
**विकलः भूत्वा एकाकी उपरि जगतः आरोहति।।४६।।**

**अण्णु वि इत्यादि। अण्णु वि न कैवलं पूर्वोक्तऽन्योऽपि दोसु हवेइ भवति। तसु तस्य तपस्विनः। यः किं करोति। जो सम-भाउ करेइ यः कर्ता समभावं करोति। पुनरपि किं करोति। वियलु हवेविणु विकलः कलरहितः शरीररहितो भूत्वा इक्कलउ एकाकी पश्चात् उप्परि जगहं चडेइ उपरितनभागे जगतो लोकस्यारोहणं करोतीति। अयमत्राभिप्रायः। यः तपस्वी रागादि-विकल्परहितस्य परमोपशमरूपस्य निजशुद्धात्मनो भावनां करोति स सकलशब्दवाच्यं शरीरं मुक्त्वा लोकस्योपरि तिष्ठति तेन कारणेन स्तुतिं लभते अथवा यथा कोऽपि लोकमध्ये चित्तविकलो भूतः सन् निन्दां लभते तथा शब्दच्छलेन तपोधनोऽपीति।।४६।।**

---

**आगे समदृष्टिकी फिर भी निंदा-स्तुति करते हैं –**

**गाथा – ४६**

**अन्वयार्थ :– [ यः ] जो तपस्वी महामुनि [ समभावं ] समभावको [ करोति ] करता है, [ तस्य ] उसके [ अन्यः अपि ] दूसरा भी [ दोषः ] दोष [ भवति ] होता है, जोकि [ विकलः**

**भूत्वा ] शरीर रहित होके अथवा बुद्धि धन वगैरः से भ्रष्ट होकर [ एकाकी ] अकेला [ जगतः उपरि ] लोकके शिखर पर अथवा सबके ऊपर [ आरोहति ] चढ़ता है।**

**भावार्थ :– जो तपस्वी रागादि रहित परम उपशमभावरूप निज शुद्धात्माकी भावना करता है, उसकी शब्दके छलसे तो निंदा है, कि विकल अर्थात् बुद्धि वगैरह से भ्रष्ट होकर लोक अर्थात् लोकोंके ऊपर चढ़ता है। यह लोक–निंदा हुई। लेकिन असलमें ऐसा अर्थ है, कि विकल अर्थात् शरीर से रहित होकर तीन लोकके शिखर (मोक्ष) पर विराजमान हो जाता है। यह स्तुति ही है। क्योंकि जो अनंत सिद्ध हुए, तथा होंगे, वे शरीर रहित निराकार होके जगत् के शिखर पर विराजे हैं।।४६।।**

---

**હવે, સમભાવને ધારક મુનિની ફરી પણ નિંદા–સ્તુતિ કરે છે :**

**ભાવાર્થ : જે તપસ્વી રાગાદિ વિકલ્પ રહિત પરમ–ઉપશમરૂપ નિજશુદ્ધાત્માની ભાવના કરે છે તે 'કળ' શબ્દથી વાચ્ય એવા શરીરને છોડીને લોકાગ્રે સ્થિત થાય છે તે કારણે સ્તુતિ પામે છે અથવા જેવી રીતે કોઈલોકમાં ધનથી રહિત થયો થકો નિંદાને પામે છે, તેવી રીતે તપોધન પણ શબ્દના છળથી નિંદા પામે છે. ૪૬.**

---

## ગાથા-૪૬ ઉપર પ્રવચન

**'આગે સમ્યગ્દષ્ટિકી ફિર ભી નિંદા–સ્તુતિ કરતે હૈં–'** સમ્યગ્દષ્ટિકી. આહાહા..! ૪૬.

**१७२) अण्णु वि दोसु हवेइ तसु जो समभाउ करेइ।**
**वियलु हवेविणु इक्कलउ उप्परि जगहँ चडेइ।।४६।।**

**અન્વયાર્થ :–** આહાહા..! **'જો તપસ્વી મહામુનિ સમભાવકો...'** અતીન્દ્રિય આનંદસહિત જેને સમભાવ પ્રગટ થયો છે. એ મુનિ સાચા સંત. જેને અતીન્દ્રિય આનંદ અને વીતરાગતા પ્રગટ થઈ છે તે સાચા સંત. મહાવ્રત પાળે અને નગ્ન છે માટે એ સાધુ છે એમ નથી. આહાહા..! **'જો તપસ્વી મહામુનિ સમભાવકો કરતા હૈ,...'** આહાહા..! પણ સમભાવની વ્યાખ્યા આ કરી. સર્વથા રાગ-દ્વેષ છોડી અને વીતરાગતાની દશા પ્રગટ કરે, અતીન્દ્રિય આનંદના ઉગ્ર સ્વાદમાં આવે એને સમતા અને સમભાવ કહે છે. એ મુનિની સ્થિતિ હોય છે. આહાહા..!

ભાવલિંગી સંત સાચા.. આહાહા..! જેને નિંદર પણ પોણી સેકન્ડની હોય. પાછલી રાતે.. આવે છે ને 'છ ઢાળા'માં? 'પીછલી રયણી...' એક પડખું એ બાજુ હોય તો એ બાજુ, બસ. આ બાજુ હોય તો આ બાજુ. પડખું ફેરવે નહિ. આહાહા..! એ મુનિની દશા, બાપુ! સાચા મુનિ ભાવલિંગીની શું સ્થિતિ! લોકોને ખબર નથી. નગ્ન થયા એટલે થઈ ગયા

મુનિ. પંચ મહાવ્રતના વિકલ્પ ધાર્યા એણે માન્યા. આહાહા..!

અહીં તો કહે છે કે જેણે... આહાહા..! '**સમભાવકો કરતા હૈ, ઉસકે દૂસરા ભી દોષ હોતા હૈ, જોકિ શરીર રહિત હોકે અથવા બુદ્ધિ ધન વગૈરઃ સે ભ્રષ્ટ હોકર...**' આ અજ્ઞાનની બુદ્ધિ અને મતિજ્ઞાનની બુદ્ધિ એ પણ છોડી દીધું આપે તો. આહાહા..! કેવળજ્ઞાન પામે તો આ બુદ્ધિ છોડી દીધી, ભ્રષ્ટ થઈ ગયા. આહાહા..! '**બુદ્ધિ ધન વગૈરહ સે ભ્રષ્ટ હોકર...**' ઠીક! અલ્પ જ્ઞાનની બુદ્ધિ હતી એ છોડી દીધી, પ્રભુ! આપે મહા સમભાવ પ્રગટ કરીને કેવળજ્ઞાન લીધું. આહાહા..! સમજાય છે કાંઈ? '**બુદ્ધિ ધન વગૈરઃ...**' અહીં પણ જે બુદ્ધિ અને ધન વિનાના હોય એને પાગલ કહે ને? બુદ્ધિ ન હોય, ધન ન હોય તો થઈ રહ્યું. આહાહા..!

અહીંયાં કહે છે, '**બુદ્ધિ ધન વગૈરઃસે ભ્રષ્ટ હોકર અકેલા...**' કોઈ ન મળે સાથે. આહાહા..! '**લોકકે શિખર પર અથવા સબકે ઊપર ચઢતા હૈ.**' જેમ અહીં ગાંડો માણસ બીજા ઉપર ચડવા માગે ને? આહાહા..! જેને અંતરમાં સમ્યગ્દર્શન સહિત વીતરાગતા પ્રગટી છે એ તો શરીરરહિત થઈ, બુદ્ધિધન રહિત થઈ લોકની ઉપર ચડશે. જ્યાં સિદ્ધ સ્થાન છે ત્યાં. આહાહા..! '**લોકકે શિખર પર અથવા સબકે ઉપર...**' '**जगतः उपरि**' આહાહા..!

**ભાવાર્થ :-** '**જો તપસ્વી રાગાદિ રહિત પરમ ઉપશમભાવરૂપ...**' જુઓ! હવે આવ્યું. મહાવ્રતના પરિણામ પણ રાગ છે. એ આસ્રવ છે. આહાહા..! ભાવસંતને એનાથી રહિત '**પરમ ઉપશમભાવરૂપ...**' પરમ ઉપશમરસ. સમતા... સમતા... સમતા... શેની? એ '**નિજ શુદ્ધાત્માકી ભાવના...**' નિજ શુદ્ધાત્માની ભાવના એ પરમ શાંતભાવ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનની ભાવના કરે એ તો રાગ છે. પરમાત્મા પંચ પરમેષ્ઠીની ભક્તિ આદિ એ તો રાગ છે. આ તો નિજ શુદ્ધાત્માની. આહાહા..! રાગાદિ રહિત થઈ... આહાહા..! અંદર ચૈતન્ય હીરો ભગવાન પરમસ્વભાવ, એમાં જે લપેટ થઈ જાય છે, એકાકાર થઈ જાય છે. (એ) ભાવના. પરમસ્વભાવની ભાવના એટલે એકાગ્રતા.. આહાહા..! કરે છે.

'**ઉસકી શબ્દકે છલસે તો નિંદા હૈ, કિ વિકલ અર્થાત્ બુદ્ધિ વગૈરહ સે ભ્રષ્ટ હોકર લોક અર્થાત્ લોકોંકે ઊપર ચઢતા હૈ.**' બુદ્ધિ ન મળે, લક્ષ્મી ન મળે અને લોક ઉપર મોટા થઈને બેઠા. આહાહા..! '**યહ લોક-નિંદા હુઈ. લેકિન અસલમેં ઐસા અર્થ હૈ, કિ વિકલ અર્થાત્ શરીરસે રહિત હોકર...**' '**વિકલ અર્થાત્ શરીરસે રહિત હોકર તીન લોકકે શિખર (મોક્ષ) પર બિરાજમાન હો જાતા હૈ.**' આહાહા..! એ વિકલ કહેવાય. વિકલ એટલે આમ ગાંડો કહેવાય અને અહીં વિકલ એટલે વિકળ. કળ એટલે શરીરરહિત. વિ-રહિત, કળ-શરીર. વિકળ. શરીર રહિત. આહાહા..! અને આમ વિકળ એટલે બુદ્ધિ વિનાના માણસ. ધન અને બુદ્ધિ વિનાના એ ગાંડા વિકલ કહેવાય. આહાહા..!

મુમુક્ષુ :- એનો અર્થ એ થયો કે અક્કલ ન હોય અને પૈસા હોય તો વિકલ....

ઉત્તર :- એ જ કહેવાનો હતો. હોય પૈસાવાળા અને હોય આમ ગાંડા જેવા પણ કહેવાય ડાહ્યા. કરોડપતિ. અને ગરીબ માણસ હોય ડાહ્યા તો (એમ કહે કે) એને બુદ્ધિ ક્યાં છે? આહાહા..! દુનિયાની અવળાઈ છે બધી. પૈસાવાળાના છોકરા હોય સમજવા જેવા, મૂર્ખા જેવા હોય તોપણ ડાહ્યા કહેવાય. ભાઈ સાહેબ.. ભાઈ સાહેબ.. ભાઈ સાહેબ (કરે). અને ગરીબ માણસના છોકરા હોય ડાહ્યા, હોશિયાર. માંડ પચાસ-સો રૂપિયાનો પગાર લાવતા હોય. એ તો અત્યારે પચાસ-સોનો (પગાર થઈ ગયો). પહેલા તો પાંચ રૂપિયાનો પગાર મહિને હતો. બસ. અઢી રૂપિયાનો. અને દોઢ રૂપિયા વધે. પેલા તો ખર્ચ ક્યાં હતો. ગરીબના છોકરા હોશિયાર હોય. પણ આ પૈસા બહુ આવતા ન હોય, પગાર સાધારણ હોય તો એ સાધારણ કહેવાય અને ઓલા બુદ્ધિ વિનાના બારદાન હોય ખાલી, પણ લાખ-બે લાખ પેદા કરતા હોય.

મુમુક્ષુ :- શેઠના છોકરા તો...

ઉત્તર :- શું થાય બહારમાં તો? બહારમાં તો પૈસાને માન છે દુનિયાને. અંતરમાં તો તપોધનનું માન છે.

જેણે ઇચ્છા તોડી નાખી અને અતીન્દ્રિય આનંદનો ઊભરો આવ્યો છે પર્યાયમાં. આહાહા..! જેમ દરિયામાં કાંઠે ભરતી આવે છે ને ભરતી? દરિયાને કાંઠે પાણીની ભરતી (આવે), એમ આત્માની પર્યાયરૂપી કાંઠે અતીન્દ્રિય આનંદની ભરતી (આવે છે). આહાહા..! એ શરીરરહિત થઈ જાય છે. વિકળ થઈ જાય છે. વિકળ એટલે શરીરરહિત. આહાહા..! ઓહોહો..! શું આ...!

'**પરમ ઉપશમભાવરૂપ નિજ શુદ્ધાત્માકી...**' આહાહા..! પરમ ઉપશમરસભાવ અકષાયભાવ, વીતરાગભાવ '**નિજ શુદ્ધાત્માકી ભાવના કરતા હૈ,...**' ભગવાનઆત્મા નિજ શુદ્ધાત્મામાં જે એકાગ્રતા કરે છે, બહારનું ભૂલી જાય છે. આહાહા..! '**ઉસકી શબ્દકે છલસે તો નિંદા હૈ,...**' લોકમાં તો એ કહેવાય કે આ લોક ઉપર ચડે છે. બુદ્ધિ વિનાનો માથે ત્રણ માળમાં ચડી ગયો, ફલાણે ચડી ગયો. કો'કના મકાન હોય ત્યાં ચડી જાયને માથે? '**અસલમેં ઐસા અર્થ હૈ, કિ વિકલ અર્થાત્ શરીરસે રહિત હોકર તીન લોકકે શિખર (મોક્ષ) પર વિરાજમાન હો જાતા હૈ. યહ સ્તુતિ હૈ. ક્યોંકિ જો અનંત સિદ્ધ હુએ,...**' આહાહા..! '**અનંત સિદ્ધ હુએ, તથા હોંગે, વે શરીર રહિત નિરાકાર હોકે...**' વિકળ-વિકળ. '**શરીર રહિત નિરાકાર હોકે જગત કે શિખર પર વિરાજે હૈં.**' આહાહા..! સમજાણું કાંઈ?

બહારના માણસ ધન અને બુદ્ધિ વિનાનાને વિકળ કહેવાય. આ ધન અને બુદ્ધિ વિનાના વિકળ કહેવાય. સ્વરૂપની લક્ષ્મીવાળાને શરીરરહિતને વિકળ કહે છે. આહાહા..! એ ૪૬ ગાથા થઈ. !

अथ स्थलसंख्याबाह्यं प्रक्षेपकं कथयति –

१७३) जा णिसि सयलहँ देहियहँ जोग्गिउ तहिं जग्गेइ।
जहिं पुणु जग्गइ सयलु जगु सा णिसि मणिवि सुवेइ।।४६*१।।
या निशा सकलानां देहिनां योगी तस्यां जागर्ति।
यत्र पुनः जागर्ति सकलं जगत् तां निशां मत्वा स्वपिति।।४६*१।।

जा णिसि इत्यादि। जा णिसि या वीतरागपरमानन्दैकसहजशुद्धात्मावस्था मिथ्यात्वरागाद्यन्धकारावगुण्ठिता सती रात्रिः प्रतिभाति। केषाम्। सयलहं देहियहं सकलानां स्वशुद्धात्मसंवित्तिरहितानां देहिनाम्। जोग्गिउ तहिं जग्गेइ परमयोगी वीतरागनिर्विकल्पस्व–संवेदनज्ञानरत्नप्रदीपप्रकाशेन मिथ्यात्वरागादिविकल्पजालान्धकारमपसार्य स तस्यां तु शुद्धात्मना जागर्ति। जहिं पुणु जग्गइ सयलु जगु यत्र पुनः शुभाशुभमनोवाक्कायपरिणामव्यापारे परमात्मतत्त्वभावनापराङ्मुखः सन् जगज्जागर्ति स्वशुद्धात्मपरिज्ञानरहितः सकलोऽज्ञानी जनः सा णिसि मणिवि सुवेइ तां रात्रिं मत्वा त्रिगुप्तिगुप्तः सन् वीतरागनिर्विकल्पसमाधियोगनिद्रायां स्वपिति निद्रां करोतीति। अत्र बहिर्विषये शयनमेवोपशमो भण्यत इति तात्पर्यार्थः।।४६*१।।

---

आगे स्थलसंख्याके सिवाय क्षेपक दोहा कहते हैं –

गाथा – ४६*१

अन्वयार्थ :– [ या ] जो [ सकलानां देहिनां ] सब संसारी जीवोंकी [ निशा ] रात है, [ तस्यां ] उस रात में [ योगी ] परम तपस्वी [ जागर्ति ] जागता है, [ पुनः ] और [ यत्र ] जिसमें [ सकलं जगत् ] सब संसारी जीव [ जागर्ति ] जाग रहे हैं, [ तां ] उस दशाको [ निशां मत्वा ] योगी रात मानकर [ स्वपिति ] योग निद्रामें सोता है।

भावार्थ :– जो जीव वीतराग परमानंदरूप सहज शुद्धात्माकी अवस्थासे रहित हैं, मिथ्यात्व रागादि अंधकार से मंडित हैं, इसलिये इन सबोंको वह परमानंद अवस्था रात्रिके समान मालूम होती है। कैसे ये जगतके जीव हैं, कि आत्म–ज्ञानसे रहित हैं, अज्ञानी हैं, और अपने स्वरूपसे विमुख हैं, जिनके जाग्रत–दशा नहीं हैं, अचेत सो रहे हैं, ऐसी रात्रि में वह परमयोगी वीतराग निर्विकल्प स्वसंवेदन ज्ञानरूपी रत्नदीपके प्रकाशसे मिथ्यात्व रागादि विकल्प–जालरूप अंधकारको दूरकर अपने स्वरूपमें सावधान होनेसे सदा जागता है। तथा शुद्धात्माके ज्ञानसे रहित शुभ, अशुभ, मन, वचन, कायके परिणमनरूप व्यापारवाले स्थावर जंगम सकल अज्ञानी जीव परमात्मतत्त्वकी भावनासे परान्मुख हुए विषय–कषायरूप अविद्यामें सदा सावधान हैं, जाग रहे हैं, उस अवस्थामें विभावपर्यायके स्मरण करनेवाले

**महामुनि सावधान (जागते) नहीं रहते। इसलिये संसारकी दशासे सोते हुए मालूम पड़ते हैं। जिनको आत्मस्वभावके सिवाय विषय-कषायरूप प्रपंच मालूम भी नहीं है। उस प्रपंचको रात्रिके समान जानकर उसमें याद नहीं रखते, मन, वचन, कायकी तीन गुप्तिमें अचल हुए वीतराग निर्विकल्प परम समाधिरूप योग-निद्रामें मगन हो रहे हैं। सारांश यह है, कि ध्यानी मुनियोंको आत्मस्वरूप ही गम्य है, प्रपंच गम्य नहीं है, और जगतके प्रपंची मिथ्यादृष्टि जीव, उनको आत्मस्वरूपकी गम्य (खबर) नहीं है, अनेक प्रपंचोंमें (झगड़ोंमें) लगे हुए हैं। प्रपंचकी सावधानी रखनेको भूल जाना वही परमार्थ है, तथा बाह्य विषयोंमें जाग्रत होना ही भूल है।।४६*१।।**

---

**હવે, સ્થળસંખ્યાથી બાહ્ય ક્ષેપક દોહાનું કથન કરે છે :**

**ભાવાર્થ : સ્વશુદ્ધાત્માના સંવેદનથી રહિત સર્વ સંસારી જીવોને, જે વીતરાગ પરમાનંદરૂપ એક સહજ શુદ્ધાત્માની અવસ્થા મિથ્યાત્વ, રાગાદિ અંધકારથી છવાયેલી રાત લાગે છે તે શુદ્ધાત્માની અવસ્થામાં તો તે પરમયોગી, વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનરૂપી રત્નદીપકના પ્રકાશથી મિથ્યાત્વ, રાગાદિ વિકલ્પજાળરૂપ અંધકારને છોડીને શુદ્ધસ્વરૂપ વડે જાગે છે.**

**વળી, સ્વશુદ્ધાત્માના પરિજ્ઞાનથી રહિત સકળ અજ્ઞાનીજન પરમાત્મતત્ત્વની ભાવનાથી પરાન્મુખ થતો જે શુભાશુભ મન-વચન-કાયાના પરિણામના વ્યાપારમાં જાગે છે, તેને રાત્રિ માનીને યોગી ત્રણ ગુપ્તિથી ગુપ્ત થયો થકો વીતરાગનિર્વિકલ્પ પરમસમાધિરૂપ યોગનિદ્રામાં સૂવે છે.**

**અહીં, બાહ્ય વિષયમાં શયનને જ ઉપશમ કહેવામાં આવેલ છે, એવો તાત્પર્યાર્થ છે. ૪૬*૧.**

---

## ગાથા-૪૬-૧ ઉપર પ્રવચન

હવે '**ક્ષેપક દોહા કહતે હૈં-**' લ્યો. ૪૭. ૪૬નો પહેલો ભાગ છે.

**१७३) जा णिसि सयलहँ देहियहँ जोग्गिउ तहिं जग्गेइ।**
**जहिं पुणु जग्गइ सयलु जगु सा णिसि मणिवि सुवेइ।।४६*१।।**

આ ગીતામાં એક શ્લોક છે ને? એ જાતનો. આપણામાં છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં મૂક્યું છે. એ કહે છે.

**અન્વયાર્થ :-** '**જો સબ સંસારી જીવોંકી રાત હૈ,...**' શું કહે છે? સંસારી જીવોની જે

રાત છે એટલે આત્માનો પ્રકાશ જેને નથી. આહાહા..! જેને આત્મજ્ઞાન અને આત્માનો પ્રકાશ નથી એ બધા સંસારી જીવની રાત છે. આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન અને આત્માનું ભાન નથી એને આત્માનું ભાન એ રાત સમાન છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ઉસ રાત મેં પરમ તપસ્વી જાગતા હૈ,...'** આહાહા..! એ રાતમાં પરમ તપસ્વી જાગે છે. સંસારીઓની જે રાત છે એમાં મુનિઓ જાગે છે. આહાહા..! સંસારી પ્રાણીની રાત પરમાત્મા-આત્મસ્વરૂપ તે એની રાત છે. એમાં એ આવ્યું નથી એને. આહાહા..!

**'ઉસ રાત મેં પરમ તપસ્વી જાગતા હૈ,...'** આહાહા..! શુદ્ધ ચૈતન્યઘન પ્રકાશની મૂર્તિ પ્રભુ અજ્ઞાનીઓ એને રાત માને છે. એટલે એને અંધારું માને છે. એને ખ્યાલમાં વાત આવી નથી. જે બહારની ચીજ અંધારું છે એ એને દિવસ માને છે. આહાહા..! આ પૈસાથી વધ્યા, આબરૂથી વધ્યા, શરીરથી વધ્યા એ બધો અંધારામાં વધ્યો. એમાં એ વધ્યો એમ અજ્ઞાની માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'ઉસ રાત મેં પરમ તપસ્વી જાગતા હૈ,...'** આહાહા..! ધર્મી તો પોતાના આનંદ સ્વરૂપમાં જાગે છે. એ આનંદ સ્વરૂપમાં સંસારી રાત તરીકે ત્યાં જાગતા નથી. ત્યાં સૂઈ ગયા છે. આહાહા..!

**'ઔર જિસમેં સબ સંસારી જીવ જાગ રહે હૈં,...'** આહાહા..! રાગ, પુણ્ય, પાપ, વિકલ્પ, વિષય, ભોગ, વાસના, લક્ષ્મી, આબરૂમાં સંસારી પ્રાણી બધા જાગી રહ્યા છે. આહાહા..! એમાં એ અંધારામાં જાગી રહ્યા છે. આહાહા..! એનું ધ્યાન સાવધાની બરાબર સવારથી સાંજ સુધી.. ઓહોહો..! **'સંસારી જીવ (સકળ જગત) જાગ રહે હૈં,...'** વિકારી ભાવ અને વિકારીના નિમિત્ત તરફના સાવધાનીમાં એ છે. આહાહા..! **'ઈસ દશા કો યોગી રાત માનકર...'** આહાહા..! એ વિકાર અને વિકારના નિમિત્તોને રાત માનીને ત્યાં સુઈ ગયા છે, ધર્મી ત્યાં જાગતા નથી. આહાહા..! સંસારના એને ડાહ્યા કહે. દુકાનના ધંધા, એમાં પ્રવિણ હોય માલ લાવવામાં, વેચવામાં, દેવા-લેવામાં ઝપટ ચલાવતા હોય અને દિવસમાં પાંચ-પાંચ હજાર પેદા કરતા હોય. ઓહોહો..! ભાઈ એ તો કર્મી છે, ભાઈ! વાત સાચી. કર્મી એટલે કર્મને બાંધનારો છે. પણ દુનિયા એને (કર્મી માને). એમાં એ જાગતો હોય છે. જે અંધારા છે, રાગ અને દ્વેષ પરવસ્તુ સ્ત્રી, કુટુંબ, પરિવાર બધું અંધારું છે, જે એમાં નથી એમાં એ જાગે છે. ધર્મી એમાં સૂઈ ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! **'સબ સંસારી જીવ જાગ રહે હૈં, ઉસ દશાકો યોગી રાત માનકર યોગ નિદ્રામેં સોતા હૈ.'** આહાહા..!

**ભાવાર્થ :- 'જો જીવ વીતરાગ પરમાનંદરૂપ એક સહજ શુદ્ધાત્માકી...'** ત્યાં એક શબ્દ પડ્યો રહ્યો છે. ત્યાં પણ એક શબ્દ પડ્યો રહ્યો છે. બધે ઠેકાણે એકનો અર્થ નથી કરતા ઈ. **'જો જીવ વીતરાગ પરમાનંદરૂપ એક સહજ શુદ્ધાત્માકી અવસ્થાસે રહિત હૈં,...'** આહાહા..! ભગવાન આનંદસ્વરૂપની અવસ્થાથી જે રહિત છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ભલે પોતે રાજા હોય, મોટો દેવ હોય, કરોડપતિ શેઠિયો હોય. આહાહા..! પણ જે વીતરાગ

પરમાનંદ એક શુદ્ધ સ્વભાવ આત્માથી રહિત છે. ભગવાનઆત્માના સ્વભાવથી રહિત છે એને બધાને મડદા કીધા છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વ રાગાદિ અંધકારસે મંડિત હૈં,...**' આહાહા..! ભગવાનઆત્મા પવિત્ર ચૈતન્ય ચમત્કારી વસ્તુ પ્રભુ... આહાહા..! એ દશાથી રહિત છે. એના ભાન શ્રદ્ધા-જ્ઞાનથી રહિત છે. આહાહા..! અને દુનિયાના ડાહ્યાના ડહાપણના દિકરા થઈને ફરે. નામા લખે મોટા આવા ને આવા. હો.. હો.. મોતીના અક્ષર જેવા નામા લખે. બહુ હોશિયાર કહેવાય. આહાહા..! આ નામા લખનાર એવા હોશિયાર હોય છે ને કે ત્રણ-ચાર જણાના નામા રાખે. મોટી-મોટી દુકાનો હોય ને. ત્યાંથી બસ્સો-ત્રણસો ઓલો આપતો હોય, બસ્સો-ત્રણસો ઓલો આપતો હોય એમાં હજાર-પંદરસો આવે. આ નામા લખનારા હોંશિયાર હોય છે ને? ત્રણ-ચાર ઠેકાણે રાખે નામા. બે કલાક ત્યાં જઈ આવે... બે કલાક ત્યાં જઈ આવે.. બે કલાક ત્યાં જઈ આવે. હજાર-પંદરસો રૂપિયા આવે. આહાહા..! એ '**શુદ્ધાત્માકી અવસ્થાસે રહિત હૈ,...**' અંધારા સહિત છે. આહાહા..!

'**મિથ્યાત્વ રાગાદિ અંધકાર સે મંડિત હૈ,...**' આહાહા..! વિપરીત માન્યતા શરીર મારું, રાગ મારો, બાયડી મારી, છોકરા મારા, મકાન મારા, પૈસા, આબરૂ... આહાહા..! એવા મિથ્યાદષ્ટિ જીવો '**રાગાદિ અંધકાર સે મંડિત હૈ,...**' આહાહા..! મિથ્યા અભિપ્રાય અને રાગથી અંધકારમાં સહિત છે એ તો. આહાહા..! '**ઈસલિયે ઈન સબોંકો યહ પરમાનંદ અવસ્થા રાત્રિકે સમાન માલૂમ હોતી હૈ.**' આહાહા..! વસ્તુ ભગવાનઆત્મા પરમાનંદ એની તો કાંઈ એને ખબર પણ ન મળે અને આ બધી બહારના ડહાપણની વાતું. આહાહા..! જોયું! '**સબોંકો વહ પરમાનંદ અવસ્થા રાત્રિકે સમાન માલૂમ હોતી હૈ.**' એની કાંઈ કિંમત જ નહિ. એમ. પરમાનંદ એવો આત્મા ભગવાન એની કાંઈ કિંમત એની પાસે નહિ. કિંમત આ પૈસાની, આબરૂની ને બાયડી-છોકરા કાંઈક થયા હોય. આહાહા..! એમાં સાત-આઠ-દસ-બાર છોકરા હોય અને એક એક છોકરો લાખ લાખ રળતો હોય અને પોતે એનો બાપ થઈને માથે ફરતો હોય. આહાહા..! કહો, 'જાદવજીભાઈ'! આવી વાતું છે અહીં તો. આહાહા..!

'**પરમાનંદ અવસ્થા રાત્રિકે સમાન માલૂમ હોતી હૈ.**' આહાહા..! અવસ્થા લીધી છે, હોં! ટીકામાં અવસ્થા લીધી છે. '**વીતરાગ પરમાનંદરૂપ એક સહજ શુદ્ધાત્માકી અવસ્થા...**' એમ. અહીં બહારની અવસ્થામાં જાગતો છે, અંદરની અવસ્થામાં સૂતો છે. આહાહા..! ભગવાન પરમાનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદનો સાગર, એની જે અવસ્થા આનંદની, ધર્મની, ધર્મની અવસ્થા એ અનંત અતીન્દ્રિય આનંદની અવસ્થા. આહાહા..! એને ધર્મ કહીએ. જેને અતીન્દ્રિય આનંદનું વેદન આવે એને ધર્મ કહીએ. એ પરમાનંદની અવસ્થા '**રાત્રિકે સમાન માલૂમ હોતી હૈ.**' અજ્ઞાનીની. એની કાંઈ કિંમત જ નહિ એને. આહાહા..! અને એના પુણ્યની અને પુણ્યના ફળની કિંમત એને. સંસારમાં ઊંડા ઉતરનારા હોય એની એને કિંમત. આહાહા..!

ભગવાન સંસારરહિત પ્રભુ, અંદર ચૈતન્ય આનંદસ્વરૂપ એની અવસ્થા લીધી છે, હોં! કારણ કે વસ્તુ છે એમાં જાગતો નથી તો એ અવસ્થા જ નથી એમ કહેવું છે. એને પરમાનંદની અવસ્થા જ નથી. પરમાનંદની દૃષ્ટિ નથી એનો અર્થ કે પરમાનંદની અવસ્થા નથી. આહાહા..! શું કીધું સમજાણું કાંઈ? પરમાનંદની દૃષ્ટિ નથી એનો અર્થ કે પરમાનંદની અવસ્થા નથી. સમજાણું કાંઈ? આહાહા..! આનંદનો નાથ ભગવાન પ્રભુ, પરમાત્મસ્વરૂપે બિરાજમાન, એની આનંદની અવસ્થા નથી એ બધા '**અંધકાર સે મંડિત હૈં,...**' આહાહા..! કથની પણ કેવી!

ધર્મદશા એને કહીએ કે જેમાં અતીન્દ્રિય આનંદ હોય. એમ કહે છે. આહાહા..! આ બધા અપવાસ કરી કરીને મરી જાય ત્યાં તો રાગ છે એકલો. ન્યાં ક્યાં ધર્મ છે? સમજાણું કાંઈ? જેને પરમાનંદ સ્વભાવ દૃષ્ટિમાં નથી એટલે જેની અવસ્થામાં નથી. આહાહા..! જેની અવસ્થામાં પરમાનંદ દશા આવી નથી. આહાહા..! એ '**મિથ્યાત્વ રાગાદિ અંધકાર સે મંડિત હૈં,...**' આહાહા..! '**ઈસલિયે ઈન સબોંકો વહ પરમાનંદ અવસ્થા રાત્રિકે સમાન માલૂમ હોતી હૈ.**' છે જ નહિ એને તો, એમ કહે છે. રાત્રિમાં જેમ પ્રકાશ નથી એમ એને આ પ્રકાશસ્વરૂપ છે જ નહિ કોઈ. આ બધો રાગ ને પુણ્ય ને પુણ્યના પરિણામ ને બસ એ. આહાહા..! ગજબ વાત કરે છે ને! અજ્ઞાની અપવાસ કરે, દયા, દાન કરે, વ્રત કરે પણ એ બધો વિકલ્પ અંધકાર છે, અજ્ઞાન છે. આહાહા..! એમાં એ જાગતો છે. એને પરમાનંદની અવસ્થા રાત્રિ સમાન છે. આ બધી બહારમાં આબરૂ, કીર્તિ, દુનિયા વખાણ કરે, દુનિયા મોટો (માને) ને અભિનંદન મોટા આપે એ એને જાગતી દશા લાગે. અંધારું છે (એ તો). આહાહા..! શૈલી આ 'પરમાત્મપ્રકાશ'ની...

ભગવાનઆત્મા, સમ્યગ્દર્શનમાં એ પૂર્ણાનંદની પ્રતીતિમાં અતીન્દ્રિય આનંદનો અંદર સ્વાદ હોય છે. એવી પરમાત્માની શુદ્ધ અવસ્થા તે અજ્ઞાનીને રાત્રિ સમાન છે. એને કંઈ ખબર જ નથી, કહે છે. આહાહા..! '**પરમાનંદ અવસ્થા રાત્રિકે સમાન માલૂમ હોતી હૈ. કૈસે યે જગતકે જીવ હૈં, કિ આત્મ-જ્ઞાનસે રહિત હૈં,...**' આહાહા..! જેને ભગવાનઆત્માનું જ્ઞાન જ નથી અને રાગ ને પુણ્ય ને પાપના ભાવ અને એના ફળમાં રોકાણો છે, એને એ જાગૃત અવસ્થા એ એને અધિક છે. અંદર પરમાત્મ દશાની અવસ્થા એને રાત્રિ સમાન લાગે છે. એમાં શું છે? (એમ એને લાગે છે). આહાહા..!

'**કૈસે યે જગતકે જીવ હૈં, આત્મ-જ્ઞાનસે રહિત હૈં,...**' જેને ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ, એની મોજૂદગીનું જેને અંતરમાં જ્ઞાન નથી, એની હયાતીનો જેને અંતર પર્યાયમાં સ્વીકાર નથી.. આહાહા..! એ '**આત્મ-જ્ઞાનસે રહિત હૈં, અજ્ઞાની હૈં,...**' ભલે બહારમાં મોટા રાજા કરોડોપતિ કહેવાતા હોય, પણ બધા અંધકારમાં પડ્યા અજ્ઞાની છે. આહાહા..! અને નરકમાં સાતમી નરકનો નારકી સમકિતી જ્ઞાની છે. આહાહા..! જેને એક પાણીનો બિંદુ મળતો નથી ૩૩ સાગર. આહારનો કણ મળતો નથી ૩૩ સાગર. સમકિત ન હોય એને. સાતમીમાં ઊપજે એને મિથ્યાત્વ હોય, પછી નીકળે ત્યારે પાછું મિથ્યાત્વ

(હોય), વચમાં સમકિત થાય. ૩૩ સાગર જાય ને સાતમી નરકે? આહાહા..!

કહે છે કે જે આત્મજ્ઞાની છે એ જાગતો છે. આહાહા..! અને આ આત્મજ્ઞાન વિનાના એ બધા અંધારામાં રાત છે એને ઈ. આહાહા..! આને પથારો કાંઈ ન મળે સાતમી નરકે. છતાં સમ્યગ્દર્શન છે એ જાગતી જ્યોત છે. અને અહીંયાં આત્મજ્ઞાન વિનાના પ્રાણીને પાંચ-પાંચ લાખની પેદાશ હોય દિવસની અને એ મોટો પથારો કુટુંબ, રાગ આદિ (હોય), એ બધા અંધારે પડ્યા છે, કહે છે. આહાહા..! ઓલો જાગતો છે, એમાં અજ્ઞાનીને અંધારુ છે. અને જેમાં જ્ઞાની સૂઈ ગયા છે એમાંથી નીકળીને (એમાં) એને અજ્ઞાનીને એ સમૃદ્ધિ લાગે છે. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મી અને અધર્મીના માપ જુદા છે.

'**અપને સ્વરૂપસે વિમુખ હૈં,...**' અજ્ઞાની તો પોતાનું સ્વરૂપ જે જ્ઞાનાનંદ... આહાહા..! એની સન્મુખ ન હોતા વિમુખ છે, કહે છે. આહાહા..! '**જિનકે જાગૃત દશા નહીં હૈ,...**' આત્માની આનંદ દશા જેને નથી. આહાહા..! 'પરમાત્મપ્રકાશ' એવી રીતે વર્ણવે છે. જુદી જુદી રીતે. આચાર્યો જુદા છે ને. આહાહા..! '**અચેત સો રહે હૈં,...**' આહાહા..! એ લક્ષ્મી ને આબરૂ ને કીર્તિ ને પુણ્ય-પાપમાં છે એ '**અચેત સો રહે હૈં,...**' જડ થઈને સૂતા છે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**અચેત સો રહે હૈં,...**' અચેત છે, જડ છે. આહાહા..! એ રાગ અને પુણ્ય-પાપ અને એના ફળમાં જાગતી જ્યોત છે એ અચેત છે, કહે છે. એ અજીવ છે.

'**ઐસી રાત્રિ મેં વહ પરમયોગી વીતરાગ...**' છે? '**પરમયોગી વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનરૂપી રત્નદીપકે પ્રકાશસે...**' આહાહા..! ભાષા તો જુઓ! સમ્યગ્દષ્ટિ પરમયોગી. અહીં વિશેષ મુનિની વાત છે. શબ્દ એ હતો (કે) સમ્યગ્દષ્ટિકી ફિર ભી નિંદા-સ્તુતિ કરતે હૈં. એમ શબ્દ છે. '**રાત્રિ મેં વહ પરમયોગી વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનરૂપી...**' આહાહા..! આત્માનું જેને વીતરાગી વેદન છે... આહાહા..! સ્વસંવેદનજ્ઞાન છે. પોતાના આત્માનું-સ્વ, પ્રત્યક્ષ વેદન છે જ્ઞાનનું. આહાહા..! '**રત્નદીપકે પ્રકાશસે...**' એ રત્નદીપના પ્રકાશથી. આહાહા..! જેણે '**મિથ્યાત્વ રાગાદિ વિકલ્પ-જાલરૂપ અંધકારકો દૂરકર...**' આહાહા..! ચૈતન્ય રત્નાકરનું ભાન કરી, ભલે આઠ વર્ષની બાલિકા ગરીબની દીકરી હોય અને મજૂરી કરીને (રહેતી હોય). આહાહા..! પણ જેને સમ્યગ્દર્શન રત્ન પ્રગટ્યું છે, કહે છે. આહાહા..! એનાથી '**મિથ્યાત્વ રાગાદિ વિકલ્પ-જાલરૂપ અંધકારકો દૂરકર...**' મિથ્યાત્વ સહિત રાગ-દ્વેષનો નાશ અહીં તો બતાવવો છે ને ઉત્કૃષ્ટ. '**અપને સ્વરૂપમેં સાવધાન હોનેસે સદા જાગતા હૈ.**' આહાહા..! નોકરાણી હોય, કામ કરનારી વાસણ ઉટકતી હોય, પણ જો સમકિતી છે તો પોતાના સ્વરૂપમાં સાવધાન છે. આહાહા..! એ જાગતી છે. અને એની રાણી અને રાજા મોટા છે એ અંધારામાં-મિથ્યાત્વ અને રાગમાં પડ્યા છે એ અંધારામાં પડ્યા છે. અને ભગવાનઆત્માનો પ્રકાશ છે તેને રાત સમાન લાગે છે. એની કાંઈ કિંમત નહિ. આહાહા..! આની કિંમત. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૫૦૨, કારતક વદ ૩, મંગળવાર**
**તા. ૯-૧૧-૧૯૭૬, ગાથા-૪૬-૧, પ્રવચન નં. ૧૨૮**

'પરમાત્મપ્રકાશ'. ૪૬નો પહેલો ભાગ. એક ૪૬ આવી ગઈ છે. આ તો ક્ષેપક છે. પહેલા અહીંથી ફરીને.

**'કૈસે યે જગતકે જીવ હૈં, કિ આત્મ-જ્ઞાનસે રહિત હૈં,...'** આત્મા ચૈતન્યસ્વરૂપ આનંદ, એના જ્ઞાનથી રહિત જગત છે. **'મિથ્યાત્વ રાગાદિ અંધકાર સે મંડિત હૈં,...'** **'અજ્ઞાની હૈં, ઔર અપને સ્વરૂપસે વિમુખ હૈં,...'** રાગાદિ પરપદાર્થની સન્મુખ છે. સન્મુખ. પોતાનો સ્વભાવ જે આનંદ અને જ્ઞાન, એનાથી જગતના પ્રાણી વિમુખ છે **'જિનકે જાગૃત-દશા નહીં હૈં,...'** એને આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવી એને જ્ઞાન જાગૃતદશા, સમકિતદશા, જ્ઞાનદશા નથી. આહાહા..! એ **'અચેત સો રહે હૈં,...'** એ જડ અજીવ થઈને સૂતા છે. આહાહા..!

આત્મા પોતાનો જ્ઞાન અને આનંદ સ્વભાવ, એમાં જે જાગૃત નથી એ **'અચેત સો રહે હૈં,...'** અચેતન થઈને (સૂતા છે). રાગ, પુણ્ય, પાપ એ અચેત (છે) એમાં સૂઈ રહ્યા છે. આહાહા..! **'ઐસી રાત્રિ મેં (ઐસે અંધકારમેં) વહ પરમયોગી વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનરૂપી રત્નદીપકે પ્રકાશસે મિથ્યાત્વ રાગાદિ વિકલ્પ-જાલરૂપ અંધકારકો દૂરકર અપને સ્વરૂપમેં સાવધાન હોનેસે સદા જાગતા હૈ.'** મોટી લીટી આખી. **'ઐસી રાત્રિ મેં...'** એટલે વિષય, કષાય, પુણ્ય, પાપના ભાવ, એમાં જે જાગૃત છે એ રાત્રિ છે. એ રાત્રિને છોડીને... આહાહા..! શુભાશુભભાવમાં પણ જે પોતાપણું માનીને સૂઈ રહ્યા છે એ અચેત છે, એ અજ્ઞાન છે, એ અંધકાર છે. એ રાત્રિને વિષે, એવા પુણ્ય-પાપના ભાવ અને એના ફળરૂપ જે અંધકાર, એવા ધર્માત્મા એનાથી ભિન્ન પડીને.. આહાહા..! **'પરમયોગી...'** ઉત્કૃષ્ટ વાત લેવી છે ને? આત્માના સ્વભાવમાં ઘણી જ જેની સાવધાની છે. પરથી સાવધાની હઠી ગઈ છે. પોતાનો આનંદસ્વભાવ, તેની સન્મુખની સાવધાની જેને વિશેષ છે અને રાગાદિ ભાવ એનાથી સાવધાનીથી હઠી ગયા છે. આહાહા..! એવા જે પરમ ધર્માત્મા **'વીતરાગ નિર્વિકલ્પ...'** ઉત્કૃષ્ટ વાત લેવી છે ને અહીંયાં.

રાગરહિત વીતરાગ નિર્વિકલ્પ એટલે અભેદ **'સ્વસંવેદન જ્ઞાનરૂપી...'** સ્વ એટલે પોતાનુ, સં-પ્રત્યક્ષ જ્ઞાનવેદન એવો જે રત્નદીપ. આહાહા..! રત્નનો દીવો. **'વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનરૂપી રત્નદીપકે...'** દીપક. આહાહા..! એના **'પ્રકાશસે...'** ભગવાન પોતાનું સ્વરૂપ **'પરમયોગી વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનરૂપી રત્નદીપકે**

**પ્રકાશસે મિથ્યાત્વ રાગાદિ વિકલ્પ-જાલરૂપ અંધકારકો દૂરકર...**' આહાહા..! ઝીણી વાત છે. ઉત્કૃષ્ટ વાત લીધી છે ને.

જે અંતરમાં પુણ્ય-પાપના ભાવથી પણ હઠી ગયો છે. કેમકે એ અંધકાર છે. અને ચૈતન્યના અંતર પ્રકાશના નૂરમાં જેના તેજ સમ્યગ્દર્શન-જ્ઞાનના તેજ જેને પ્રગટ્યા છે. આહાહા..! એ વડે જેણે સમ્યગ્દર્શનના વેદન દ્વારા જેણે મિથ્યાત્વનો નાશ કર્યો છે, વીતરાગભાવના વેદન દ્વારા જેણે રાગનો નાશ કર્યો છે. મુનિની ઉત્કૃષ્ટ વાત છે ને. એ '**રાગાદિ વિકલ્પ-જાલરૂપ અંધકારકો દૂરકર અપને સ્વરૂપમેં સાવધાન હોનેસે સદા જાગતા હૈ.**' આહાહા..! પુણ્ય-પાપ આદિ ભાવ જે અંધકાર છે તેમાં અજ્ઞાની જાગતા છે. જ્ઞાની એમાથી એ અંધકારની રાત્રીમાંથી ખસી ગયા છે. અને સ્વભાવની જાગૃતિમાં જે જાગે છે. આહાહા..! આવી વાત છે.

'**સદા જાગતા હૈ.**' આહાહા..! ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા એવા સ્વભાવનું જે ભાન અને અનુભવ છે તેથી તે જ્ઞાતા-દૃષ્ટામાં વીતરાગની પરિણતિ દ્વારા સ્થિર થયા છે. એ સદા જાગતા છે. આહાહા..! અને પુણ્ય અને પાપ, શુભ અશુભ ભાવ અને તેના ફળ તરીકે (પ્રાપ્ત થયા એવા) સંયોગ, એમાં જેનું જાગૃતપણું છે, સાવધાન છે એ અજ્ઞાની આંધળા છે. આહાહા..! ચૈતન્ય ભગવાન જ્ઞાનરૂપી દીવો અંદર પ્રકાશ આનંદપ્રભુ, એને રાત્રી સમાન ગણે છે. અજ્ઞાની આનંદના નાથને, જાગૃત સ્વભાવને રાત્રિ સમાન ગણે છે. અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપ અને એના ફળને પ્રકાશ ગણે છે. એ એમાં સાવધાન છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? 'પરમાત્મપ્રકાશ' છે ને! આ શાસ્ત્ર 'પરમાત્મપ્રકાશ' છે. એનું સ્વરૂપ જ પરમાત્મપ્રકાશ ભગવાનઆત્માનું (છે).

સહજાનંદસ્વરૂપ પ્રભુ, એ પોતાના સ્વભાવમાં જે જાગૃત છે, વીતરાગ નિર્વિકલ્પ શાંતિ, સ્વભાવથી, એ વિકારના ભાવમાંથી એને અંધકાર ઊડી ગયો છે. એણે અંધકારનો નાશ કર્યો છે. આહાહા..! શુભાશુભભાવ એ અંધકાર છે, એમ કહે છે. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ એ અચેતન છે. જ્ઞાનના પ્રકાશનો શુભાશુભભાવમાં અભાવ છે. એમાં જે સૂતા છે તે અજ્ઞાની આંધળા છે. આહાહા..! જ્ઞાની પોતાના પરમ રત્નદીપથી, એના પ્રકાશથી શુભાશુભભાવ અંધકારનો જેણે નાશ કર્યો છે. આહાહા..! '**સાવધાન હોને સે સદા જાગતા હૈ.**' એ તો પોતાનું સ્વરૂપ છે તેમાં સાવધાન અને જાગે છે.

'**તથા શુદ્ધાત્માકે જ્ઞાનસે રહિત...**' જીવ આખું જગત શુદ્ધ આત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાન અને આનંદના પ્રકાશસ્વરૂપ પ્રભુ, એના જ્ઞાનથી રહિત છે. આહાહા..! '**શુભ, અશુભ મન, વચન, કાયકે પરિણમનરૂપ વ્યાપાર...**'માં સાવધાન છે. આહાહા..! એકેન્દ્રિય સ્થાવર જીવથી માંડીને, હોં! એકેન્દ્રિય જીવમાં પણ શુભાશુભભાવ થાય છે. આહાહા..! નિગોદના જીવને, એકેન્દ્રિય જીવને પણ શુભ-અશુભભાવ છે. તો આખું જગત શુભાશુભભાવમાં સૂતા છે, કહે છે. આહાહા..! ચૈતન્ય જાગતી જ્યોતનો તેણે અનાદર કર્યો છે. આહાહા..! જ્ઞાનીએ

જાગતી જ્યોતનો આદર કરીને પુણ્ય-પાપ આદિનો અનાદર કર્યો છે. આહાહા..! આવો માર્ગ વીતરાગનો ઝીણો પડે ને માણસને (એટલે) નિયતવાદ.. નિયતવાદ.. એમ કરીને ઉડાવે છે. આહાહા..!

વાત તો એવી છે કે દરેક દ્રવ્યની જે સમયે જે નિજક્ષણ-પર્યાયનો ઉત્પન્ન કાળ હોય છે. છએ દ્રવ્યનો તે તે સમયની તે જ પર્યાય એ ઉત્પન્ન થવાનો કાળ હોય છે. એ નિમિત્તથી થાય નહિ, તેને એ પર્યાય દ્રવ્ય-ગુણથી થાય નહિ. આહાહા..! એવો જેને નિર્ણય હોય છે એને તો સ્વભાવસન્મુખ દૃષ્ટિ થઈ ગઈ છે. એ પુરુષાર્થ છે. (અજ્ઞાનીઓ) એમ (કહે છે) કે તે સમયે તે થાય એ તો કાળલબ્ધિ થઈ, એ તો નિયતવાદ થઈ ગયો. ભાઈ! પણ જે સમયે છએ દ્રવ્યની, છએ દ્રવ્યની જે સમયે એની જન્મક્ષણ તે પર્યાયની છે ઉત્પત્તિનો કાળ, તે ઉત્પત્તિનો કાળ તેને વ્યયની અપેક્ષા નથી, દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી. આહાહા..! એવો એનો સ્વભાવ છે. ત્યારે કહે છે કે એ તો નિયત થઈ ગયું. કરવાનું શું રહ્યું? પણ એવો જેણે નિર્ણય કર્યો, કે જે સમયે જે પર્યાય એને કારણે થાય એનું લક્ષ જ્ઞાયક ઉપર જાય. સમજાણું કાંઈ?

એ આવી છે ને મોટી ચર્ચા, રાત્રે આવી હતી. સર્વજ્ઞે દીઠું એમ થાય એ તો નિયત થઈ ગયું. પણ સર્વજ્ઞે દીઠું એમ થાય પણ સર્વજ્ઞ છે જગતમાં, એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જેને ત્રણકાળ ત્રણલોક જાણવામાં આવે છે, એવી સમયની પર્યાય સત્તા જગતમાં છે એનો સ્વીકાર કરનારની દૃષ્ટિ ક્યાં હોય એની? આહાહા..! જે (સંવત) ૧૯૭૨ની સાલમાં મેં વિરોધ કર્યો હતો એ જ વાત સામી આવી છે અત્યારે કે તમે નિયતવાદ સ્થાપો છો. ૧૯૭૨ની સાલમાં એમ કહેતા એ લોકો, કેવળજ્ઞાનીએ દીઠું એ થાય, એમાં આપણે પુરુષાર્થ શું કરીએ? એ ૭૨ની વાત છે. ૬૧ વર્ષ થાશે આ ફાગણે. ઘણી ચર્ચા ચાલી. ભગવાને દીઠું તે પ્રમાણે પુરુષાર્થ થાશે, આપણે પુરુષાર્થ શી રીતે કરીએ?

કીધું, ભગવાને દીઠું તે થાશે (એમ કહે છે તો) એ ભગવાનની હયાતીનો સ્વીકાર છે એને? પછી એણે દીઠું એ થાય પછી. ભગવાન સર્વજ્ઞ જગતમાં એક સમયની... બાપુ! એ તે કાંઈ વાત છે? એક સમય. ક બોલે એમાં અસંખ્ય સમય જાય. એનો એક સમય... આહાહા..! એ સર્વજ્ઞને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાય, અનંતા કેવળીઓ જણાય એમાં. એવી એક સર્વજ્ઞની પર્યાયની, એક ગુણની એક પર્યાયની આટલી તાકાત. એવી એવી અનંતા ગુણની એ સમયે પર્યાયની તાકાત સર્વજ્ઞપર્યાય સાથે પડી છે. આહાહા..! તો એને માને કે છે આ જગતમાં તો તો એ થઈ રહ્યું કે **'जो जाणदि अरहंत दवत्तगुणत्तपज्जयत्तेहिं'** જેણે અરિહંતના કેવળજ્ઞાન આદિ પર્યાયને જાણ્યા એ પોતાના આત્માને જાણે. એ તો પુરુષાર્થ ત્યાં જાય છે એનો. આહાહા..! એ પુરુષાર્થ છે. પુરુષાર્થ સ્વસન્મુખ થાય, (એણે) એ સર્વજ્ઞ છે (તેનો સ્વીકાર કર્યો). તે દિ' એટલું બધું નહોતું. તે દિ' એટલું હતું કે સર્વજ્ઞ છે જગતમાં એ જેને જ્ઞાનમાં બેસે એના ભગવાને ભવ દીઠા નથી. આ તો ૧૯૭૨ની વાત છે. ૬૧ વર્ષ પહેલા.

પણ હવે તો એને જ્યારે એક સમયમાં આવી દશા છે, એનો જેને સ્વીકાર છે, એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર (જાય). સર્વજ્ઞની પર્યાય જગતમાં છે એની પ્રતીત કરનારો, સર્વજ્ઞ સ્વભાવી હું છું એવી પ્રતીત એની થઈ જાય છે. કેમકે એ સર્વજ્ઞ થયા એ સર્વજ્ઞશક્તિ હતી એમાંથી થયા. સર્વજ્ઞસ્વભાવ જ એનો ભગવાનઆત્માનો સર્વજ્ઞસ્વભાવ જ છે. ત્રિકાળ સ્વભાવ છે. આહાહા..! એવો જેણે સર્વજ્ઞસ્વભાવ (સ્વીકાર્યો)... આહાહા..! ઝીણી વાત, ભાઈ! અને તેની આસ્થા, પ્રતીતિ એ સર્વજ્ઞસ્વભાવી ભગવાનઆત્મા ઉપર દૃષ્ટિ જાય ત્યારે સર્વજ્ઞની પ્રતીતિ યથાર્થ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તો ..

ઉત્તર :- એ વાત છે. એ તો હવે અત્યારે એ આવ્યું. તે દિ' નહોતું. જ્ઞાનમાં સર્વજ્ઞ જણાય એના ભવ ભગવાને ભાળ્યા નથી. બસ એટલું.

આ તો ૬૧ વર્ષ પહેલાની વાત છે. ફાગણ મહિનો હતો. ૧૯૭૨માં 'મૂળચંદજી' હતા એની એ શ્રદ્ધા. ગુરુ હતા એ તો બિચારા ભદ્રિક હતા. એણે કીધું, આ વાત તમે આમ કહો છો તો એ વાતની પ્રતીતિ જેને સર્વજ્ઞની (પ્રતીતિ) છે એ પછી વાતને? સર્વજ્ઞે દીઠું થાય એ પછી, પણ સર્વજ્ઞ છે જગતમાં, એવી પર્યાય જેને જ્ઞાનમાં બેઠી એને પુરુષાર્થ આવી ગયો. એને સ્વસન્મુખ પુરુષાર્થ આવ્યો એટલું બધું નહોતું તે દિ'. પણ એ સર્વજ્ઞ છે એવું જેને જ્ઞાનમાં બેઠું એના ભગવાને ભવ દીઠા હોય નહિ, એને ભવ હોય જ નહિ વધારે, કીધું. સમજાણું કાંઈ? આહાહા..! 'દેવીલાલજી'! આવી વાત છે. હવે એ તે દિ' ઉઠાવ્યું એની સામું આવ્યું અત્યારે. તમે નિયતવાદ માનો છો, પુરુષાર્થને માનતા નથી એટલે મિથ્યા ઝેર છે. આહાહા..! એ વાત ૭૨ની સામે વાત આવી, આને માથે. સમજાણું કાંઈ? ભગવાન! તને ખબર નથી, પ્રભુ! આહાહા..!

સર્વજ્ઞ તે એક ગુણની એક પર્યાય. આહાહા..! એવી એવી અનંતી પર્યાયની પ્રગટ નિર્મળતા સાથે સર્વજ્ઞપણું હોય છે. આહાહા..! શ્રદ્ધાની પર્યાય પરમ અવગાઢ, આનંદની પર્યાય પૂર્ણ, વીર્યની પર્યાય પૂર્ણ. આહાહા..! ભાઈ! એવી એક સમયની અનંતી પર્યાયો, એમાં એક ગુણની એક જ પર્યાય જેને ત્રિકાળ કેવળી જાણે, કેવળી અનંતાની પર્યાય જાણે. એવી એક પર્યાયની સત્તા, એનું અસ્તિપણું આવડું મોટું છે એ જ્યાં સ્વીકાર કરવા જાય છે, ત્યારે સર્વજ્ઞ પ્રભુ (છે એમ) જ્ઞાનમાં એને વાત બેસી જાય છે. પછી અહીં તો વધારે આ આવ્યું. સર્વજ્ઞ સ્વભાવી પોતે છે ત્યાં એની દૃષ્ટિ વઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એ પુરુષાર્થ છે. પુરુષાર્થ બીજો ક્યો કરવો હતો? આહાહા..!

સ્વભાવમાં સર્વજ્ઞપણાની પર્યાય બેઠી (ત્યારે) એ પર સર્વજ્ઞ છે એની વાત બેઠી છે ને? તો એને ક્યારે બેસે? કે પર્યાય ઉપર લક્ષ હોય ત્યાં સુધી એ વાત બેસે નહિ. કારણ કે પર્યાયમાં સર્વજ્ઞપણું એને પોતાને છે નહિ. એટલે સર્વજ્ઞ જગતમાં છે એની પ્રતીતિ ક્યારે બેસે? કે પોતાનો સ્વભાવ જે ત્રિકાળી સર્વજ્ઞ છે ત્યાં દૃષ્ટિ જાય તો બેસે. 'શાંતિભાઈ'! ઝીણી વાત છે, બાપુ! આહાહા..! આ તો અંતરના માર્ગ એવા જુદા છે. આહાહા..!

લોકોએ બહારની ક્રિયાકાંડમાં માની બેઠા. દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા. હવે એ તો અભવિ (પણ કરે છે). એ જ કહે છે અહીં, જુઓ!

'**શુદ્ધાત્માકે જ્ઞાનસે રહિત...**' એ શુદ્ધાત્મા સર્વજ્ઞસ્વભાવી. આહાહા..! એનું જેને જ્ઞાન થાય એને સર્વજ્ઞ આદિ પંચ પરમેષ્ઠીપણું સ્વરૂપમાં જ છે. આહાહા..! એ આત્મા પંચ પરમેષ્ઠીસ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ તે કાંઈ વાત છે, બાપુ! એમાં અનંત પુરુષાર્થ છે. એમાં એણે મશ્કરી કરી કે મહારાજ નિયત માને અને વળી એમાં અનંત પુરુષાર્થ છે કહે છે. ભગવાન! એની અશુદ્ધતાની બલિહારી છે ને પ્રભુ! આહાહા..!

મુમુક્ષુ :- અજ્ઞાનનો પણ મહિમા છે.

ઉત્તર :- એ મહિમા અજ્ઞાન પણ જોરવાળું છે. અનંત કેવળીઓ સમજાવે તો ન માને. 'અનુભવપ્રકાશ'માં કહ્યું છે, તેરી શુદ્ધતા તો બડી, પણ તેરી અશુદ્ધતા ભી બડી. એટલી અશુદ્ધતા અજ્ઞાનની, મિથ્યાત્વની કે અનંતા તીર્થંકરોના સમવરસરણમાં અનંતવાર ગયો પણ એ મિથ્યાત્વને ટાળ્યું નહિ એણે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! અહીં એ કહે છે, જુઓ! શું કહે છે?

'**શુદ્ધાત્માકે જ્ઞાનસે રહિત...**' ત્યારે હવે સહિત શું? '**શુભ, અશુભ મન, વચન, કાયકે પરિણમનરૂપ વ્યાપારવાલે...**' દેખો! શુભ-અશુભ પરિણામ વિકાર, શુભ-અશુભ બેય. એના '**પરિણમનરૂપ વ્યાપારવાલે સ્થાવર જંગમ સકલ અજ્ઞાની...**' આહાહા..! તો સ્થાવરને શુભાશુભભાવ છે એમ સિદ્ધ કર્યું. એકેન્દ્રિયને, નિગોદના જીવને, નિત્ય નિગોદ જીવ છે. કદી ત્રસ થશે નહિ, થયા નથી. એને પણ શુભ-અશુભભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા શુભાશુભભાવથી રહિત સચ્ચિદાનંદ પ્રભુ, એને ભૂલીને શુભાશુભભાવના વેપારમાં મગ્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? '**સ્થાવર જંગમ સકલ અજ્ઞાની...**' આહાહા..! જે શુભાશુભભાવ (છે) એ અજ્ઞાનભાવ છે, સ્વભાવભાવ નથી. અચેતનભાવ છે. એમાં મગ્ન છે તે શુદ્ધાત્મ જ્ઞાનથી રહિત છે. આહાહા..! અને જે શુદ્ધાત્મ જ્ઞાનથી સહિત છે એ શુભાશુભભાવના મગ્નથી રહિત છે. શુભાશુભમાં મગ્નથી રહિત છે. હો ભલે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય પવિત્ર, એકલો પવિત્રનો પિંડ પ્રભુ, અનંત ગુણ પવિત્ર જેના... આહાહા..! એની જેને અંતર જ્ઞાન અને એનું ભાન થયું એ અંતર જાગ્યો. એ શુભાશુભભાવ અજ્ઞાનથી હઠી ગયો છે. એ (શુભાશુભભાવ) અજ્ઞાન છે. અજ્ઞાન એટલે? મિથ્યાત્વ નહિ. અજ્ઞાન એટલે જ્ઞાનનો સ્વભાવ એમાં નથી. શુભ-અશુભભાવમાં ચૈતન્યનું કિરણ નથી. અજ્ઞાન એટલે મિથ્યાત્વ શુભ-અશુભભાવ એમ નહિ. પણ શુભ-અશુભભાવ એ ચૈતન્યસ્વરૂપ ભગવાન, એના કિરણના પ્રકાશનો શુભભાવમાં અભાવ છે. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા ભાવ આદિ હો, એમાં ચૈતન્યના પ્રકાશના નૂરનો અભાવ છે. આહાહા..! તેથી એને અચેતભાવ કહ્યો છે, જડભાવ કહ્યો છે. આહાહા..! એમાં જે મગ્ન છે.. આહાહા..! એકેન્દ્રિય લીધા. '**સકલ અજ્ઞાની...**' છે ને?

'**પરમાત્મતત્ત્વકી ભાવનાસે પરાન્મુખ હુએ...**' આહાહા..! સ્થાવરના જીવ એકેન્દ્રિય નિગોદના, લસણ, પ્યાજ, ડુંગળી, એમાં અનંત જીવ છે. એ પણ શુભાશુભભાવમાં મગ્ન છે કહે છે. આહાહા..! શુભ-અશુભભાવ. એ '**પરમાત્મતત્ત્વકી ભાવનાસે પરાન્મુખ...**' છે. આહાહા..! જેને શુભાશુભભાવની ભાવના છે એ શુદ્ધાત્મતત્ત્વની ભાવનારહિત છે. આહાહા..! શૈલી તો જુઓ! અને જેને શુદ્ધાત્મસ્વરૂપ ભગવાન, એનું સમ્યગ્દર્શન થઈને એની ભાવના એકાગ્રતા છે એને પુણ્ય-પાપભાવની એકાગ્રતા છે નહિ. હો એને જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત કહો, 'શાંતિભાઈ'! કોઈ દિ' સાંભળી ન હોય. એય..! 'શાંતિભાઈ' કહે છે અસત, અભૂત એમ. આહાહા..! બાપુ! મારગડા નાથ તારા આવા છે, ભાઈ! સર્વજ્ઞ વીતરાગ.. આહાહા..!

એમાં પાછી એમ શંકા કરી કે 'જે જે દેખી વીતરાગને તે તે હોસી વીરા' એ તો નિયત થઈ ગયું. પણ 'ભૂદરદાસ' કવિ પોતે કહે છે કે 'જે જે દેખી વીતરાગને તે તે હોસી વીરા.' અને 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં પણ એમ લીધું છે કે સર્વજ્ઞે જે સમયે જે કાળે જે પ્રકારે પર્યાય ઉત્પન્ન થાય તેને જાણી છે. એમાં જે શંકા કરે તે મિથ્યાદૃષ્ટિ છે. એને ઉડાવી દીધું. આહાહા..! ભગવાન! બહુ કરે છે, બાપુ! માંડ બહાર આવ્યું... આહાહા..! એમ કહે છે, જુઓ! 'કાર્તિકસ્વામી'નો દાખલો આપી (એમ કહે છે કે) ભગવાને દીઠું એ પ્રમાણે થાશે. દીઠું છે માટે થાશે નહિ. થાશે, એ પ્રમાણે થયું છે તે પ્રમાણે દેખ્યું છે. અને જે નિમિત્તે, જે ક્ષેત્રે, જે કાળે, જે સંયોગે જે પર્યાય ત્યાં થવાની તે થવાની, થવાની ને થવાની. એ સર્વજ્ઞે દીઠું એ પ્રમાણે માને તો એની દૃષ્ટિ સર્વજ્ઞ સ્વભાવ ઉપર જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! એમાં એ પુરુષાર્થ છે. એમ કે આમાં અનંત પુરુષાર્થ કહે છે એમ આવ્યું. એ પુરુષાર્થ છે. વર્તમાન પર્યાયને રાગવાળી, વિકારવાળી હોવા છતાં તે કાળમાં તે વખતની જ્ઞાનની પર્યાય છે એને સર્વજ્ઞ (સ્વભાવ) સન્મુખ કરવી એ જ પુરુષાર્થ છે. રાગ અને પુણ્ય-પાપના ભાવ હોવા છતાં તે વખતનો જે જ્ઞાનનો પર્યાય છે, તે જ્ઞાનની પર્યાયને રાગ તરફ ન વાળતા.. આહાહા..! ઝીણી વાત છે, બાપુ! ધર્મ કોઈ એવી વાત નથી કે સાધારણ સમજી જાય અને પકડી લે. અને જેના ફળ સાદિ અનંત મુક્તિ! ધર્મનું ફળ સાદિ અનંત સમાધિ, શાંતિ સુખ ને આનંદ અને મોક્ષ. એનો ઉપાય કેવો હોય? આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે જેને શુભાશુભભાવમાં મગ્નપણું છે એ અંધકાર છે, રાત્રી છે. એમાં અજ્ઞાની સૂતા છે. એટલે કે જાગે છે. અને જ્ઞાની તેમાંથી નીકળી ગયા છે. આહાહા..! શુભાશુભભાવ હો પણ મારું સ્વરૂપ નહિ. વર્તમાન શુભાશુભને જાણનારી પર્યાય જે છે, એટલી પર્યાયવાળો હું નહિ. આહાહા..! કારણ કે એની દૃષ્ટિ જાય છે દ્રવ્ય ઉપર. પર્યાયનો વિષય જે ત્રિકાળી દ્રવ્ય ત્યાં જાય છે. એટલે ત્યાં જતાં એને સમ્યગ્દર્શન થાય છે. એ અનંત પુરુષાર્થ છે. આહાહા..! ભાઈ! વર્તમાન પર્યાયને પર તરફ વળેલીને સ્વ તરફ વાળવી એ શું છે ચીજ? એની કાંઈ ગણતરી નથી લોકોને. આહાહા..! અગિયાર અંગ ભણ્યો અનંતવાર, નવ પૂર્વની લબ્ધિ અનંતવાર પ્રગટી પણ એ પર્યાય પરસન્મુખની હતી. આહાહા..! એ જ પર્યાયને નહિ

પણ પછીની પર્યાયને અંતરમાં વાળવી, પ્રગટ થાય અને વાળવી એ સમય એક જ છે. આહાહા..! જે વર્તમાન પર્યાય છે એ રાગવાળી અને રાગ તરફ વળેલી છે. એટલે એ પર્યાયને તો અંતરમાં વાળી શકાય નહિ. હવે પછીની પર્યાય પ્રગટી નથી, એ અંતર દૃષ્ટિ કરતા પ્રગટે અને એ અંદરમાં વળી છે એમ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતું છે, બાપુ! દુનિયાથી ભિન્ન જાત છે. આહાહા..!

એ અહીં કહે છે, અજ્ઞાની-એકેન્દ્રિયથી માંડીને દિગંબર જૈન સાધુ થઈને નવમી ગ્રૈવેયક સુધી (જનાર) મિથ્યાદૃષ્ટિ, એ બધા શુભાશુભભાવમાં સૂતા છે. એટલે એમાં જાગે છે, એમ. આ પરમાત્મતત્ત્વને રાત્રિ સમાન ગણીને તેને દૂર કર્યું છે. આહાહા..! ચૈતન્યપ્રકાશની મૂર્તિ પ્રભુ અસ્તિત્વ જેનું, જેનો ત્રિકાળ સ્વભાવ ત્રિકાળને જાણવું એવી એની શક્તિનું સામર્થ્ય છે. એવા સામર્થ્યની પ્રતીતિ ન કરતા, એવી જાગતી જ્યોત ભગવાન પરમાત્મા પોતે, એની પ્રતીતિ, એનું અસ્તિત્વ ન સ્વીકારતા, પુણ્ય-પાપના ફળ અને પુણ્ય-પાપનું અસ્તિત્વ સ્વીકારવું એ અંધકાર અજ્ઞાન, મિથ્યાત્વ છે. વાત ઝીણી પડે પણ પ્રભુ! માર્ગ આવો (છે). આ તો બહુ વિરોધ આવે છે ને એટલે એનું વધારે સ્પષ્ટીકરણ (આવે છે). આહાહા..!

ભાઈ! તારા માર્ગ જુદા છે, બાપુ! તું જ્યાં છો ત્યાં તારે જાવું પડશે. બહારમાં ભટક ભટક કરે છે પુણ્ય-પાપના ભાવમાં, એ બધી દુઃખ દશા છે. આહાહા..! એ પરસન્મુખની છે. આહાહા..! આ તે કાંઈ વાત છે! એને સ્વસન્મુખ કરવી... આહાહા..! એણે સર્વજ્ઞને માન્યા, એણે કેવળીને માન્યા, કેવળીએ દીઠું તે થાશે એમ એણે માન્યું. સમજાય છે કાંઈ? આહાહા..!

એ શુભાશુભભાવના અચેતન અજ્ઞાનભાવનું અંધારું જેણે પરમાત્મતત્ત્વની ભાવનાથી ટાળ્યું છે અને જે અજ્ઞાનમાં પડ્યા એ પરમાત્મતત્ત્વની ભાવનાથી રહિત છે. એને શુભની ભાવના (છે). આ શુભ કરું.. શુભ કરું... શુભ કરું... શુભ કરું. શુભ હજો, ભવિષ્યમાં શુભ હજો. આહાહા..! એવી જેને ભાવના છે તેને આસ્રવની ભાવના છે. એ આસ્રવની ભાવનાવાળા પરમાત્મતત્ત્વની ભાવનાથી પરાન્મુખ છે. આહાહા..! 'કનુભાઈ'! આવો માર્ગ દુનિયાને માંડ હાથ આવ્યો ત્યાં વિરોધ ઊભા કર્યા.

અરે..! ભગવાન! આ પ્રશ્નો જે એણે મૂક્યા, એ જ પ્રશ્ન મેં એને સામે કર્યા. મોટું ચાલ્યું હતું અંદર. એક દિ' છોડી દીધું હતું. સંપ્રદાય છોડી દીધો. (સંવત) ૧૯૭૨ના ફાગણની વાત છે. આહાહા..! જેને સર્વજ્ઞ દીઠું એમ થાશે અને (એ) સર્વજ્ઞને જેણે માન્યા,.. અરે..! ભાઈ! એ તે વાત છે? અલ્પજ્ઞમાં સર્વજ્ઞને માનવા, એ અલ્પજ્ઞની પર્યાયને આશ્રયે સર્વજ્ઞની માન્યતા ન થઈ શકે. શું કીધું સમજાણું કાંઈ? અલ્પજ્ઞ દશા વર્તમાનમાં સર્વજ્ઞને અલ્પજ્ઞની પર્યાયને આશ્રયે માનવા (જશે તો) નહિ માની શકે. કારણ કે એમાં સર્વજ્ઞપણું પર્યાયમાં નથી. એ અલ્પજ્ઞ પર્યાયને સર્વજ્ઞસ્વભાવ તરફ વાળશે ત્યારે એને સર્વજ્ઞને એ માનશે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહાહા..!

જુઓ! જે જીવ '**શુભ, અશુભ મન, વચન, કાયકે પરિણમનરૂપ વ્યાપારવાલે...**'

આહાહા..! એકેન્દ્રિય જીવને શુભ-અશુભના વ્યાપારવાળા કહ્યા. નિગોદના જીવને. આહાહા..! અને કદાચ ન થાય તો શુભાશુભભાવ તો સદા નિગોદવાળાને છે જ. એ તો કોઈ થાતા પણ નથી. પણ એને શુભભાવથી અમુક પર્યાપ્તપણું આવે છે ને નિગોદમાં પણ? આહાહા..! એકેન્દ્રિયપણામાં પર્યાપ્તપણું, ત્રસપણું. ત્યાં તો એકેન્દ્રિય છે સ્થાવરમાં, પણ પર્યાપ્તપણું લ્યો ને. એકેન્દ્રિય હોય છે એ પુણ્યનું ફળ છે. એ શુભભાવનું બંધનું... આહાહા..! બાદરપણું. સમજાણું?

અહીં તો પરમાત્મા એમ કહે છે કે જે કોઈ પ્રાણી મન, વચન અને કાયાના શુભાશુભભાવના વેપારમાં સાવધાન છે, તે પરમાત્મતત્ત્વની ભાવનાથી વિમુખ છે. આહાહા..! સમજાણું કાંઈ? જેને પરમાત્મતત્ત્વ ભગવાન જ્ઞાયકસ્વભાવ, એની જેને પ્રતીતિ અને ભાવના એટલે એકાગ્રતા છે એ શુભાશુભભાવની ભાવનાથી રહિત છે. ભાવનાથી રહિત છે. આ હો અને ઠીક છે, એ ભાવનાથી રહિત છે. આહાહા..! આવું હવે સાધારણ માણસ સમજે નહિ. ઓલું સામાયિક કરવા, પોષા કરવા, પડિકમણા કરવા સહેલુંસટ હતું, લ્યો. રખડવાનું. બે ઘડી સામાયિક કરીને આવી ગયા. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... તસ્સઉતરી કરણેણં.. થઈ ગઈ સામાયિક. બે ઘડી બેસે. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... ગણે. થઈ ગઈ સામાયિક. ધૂળેય નથી સામાયિક, સાંભળને! ઈ જ કહેશે હમણા. એ અહીં કહેશે. પહેલા આવી ગયું છે. સમભાવ. ૩૯ ગાથામાં. પણ ફરીને આમાં આવશે. આપણે ગાથા ચાલે છે ને એના પછીની ગાથામાં આવશે.

'**સમભાવ ઉસે કહતે હૈં,...**' ૪૭-૪૭ ગાથા. છેલ્લી લીટી. '**સમભાવ ઉસે કહતે હૈં, જો પંચેન્દ્રિયકે વિષયોંકી અભિલાષાસે રહિત વીતરાગ પરમાનંદસહિત નિર્વિકલ્પ નિજભાવ હો.**' એ જ સમભાવ છે. એ ૩૯માં આવી ગયું છે આપણે. વિશેષ ખુલાસો અહીં કર્યો છે. સમભાવ એટલે પુણ્ય-પાપના ભાવ એ વિષમભાવ છે. આહાહા..! એ દુઃખદાયક ભાવ છે. એનાથી આ બાજુ પુણ્ય-પાપના ભાવથી રહિત જ્ઞાતા-દૃષ્ટાના સમભાવ, કેવો હોય છે એ સમભાવ? કે પંચેન્દ્રિયના વિષયોની અભિલાષા... આહાહા..! ભગવાનની વાણીને સાંભળવાની ઈચ્છાથી પણ રહિત છે. સમજાણું કાંઈ? અને વીતરાગ પરમાનંદ સહિત છે. આહાહા..! રાગરહિત પરમાનંદ સહિત સમભાવ છે. એને સમભાવ કહીએ. આહા..! જેમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ હોય એને સમભાવ કહીએ. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વિકલ્પ કરે એ વિકાર છે. વિચાર કરે એ વિકલ્પ છે, વિકલ્પ છે એ શુભભાવ છે. એ તો આપણે 'કળશટીકા'માં ઘણું આવી ગયું છે. બપોરે પુણ્ય-પાપ (અધિકાર) ચાલે છે ને? નહિ? એમાં પણ આવી ગયું છે. બપોરનું નહિ? બપોરે આવ્યું હતું ને ઓલું? કર્મધારા અને જ્ઞાનધારા. બપોરે શ્લોક (૧૧૦ આવ્યો) એમાં છે. જેટલી શુભ-અશુભ ક્રિયા બહિર્જલ્પરૂપ વિકલ્પ, અંતર્જલ્પરૂપ અથવા દ્રવ્યોના વિચારરૂપ અથવા શુદ્ધ સ્વરૂપનો વિચાર ઈત્યાદિ સમસ્ત કર્મબંધનું કારણ છે. વિકલ્પ છે ને? જ્ઞાનીને રાગધારા પણ હોય છે અને

આત્મસ્વભાવની સન્મુખની જ્ઞાનધારા પણ હોય છે. એક સમયમાં બે (હોય છે). એ બપોરે ચાલે છે. સમજાણું કાંઈ? આહાહા..! અહીં લીધું, જુઓ! શુદ્ધ સ્વરૂપનો વિચાર. વિકલ્પ એવો. ઈત્યાદિ સમસ્ત કર્મબંધનું કારણ છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ બંધનું કારણ છે. એ સિવાય અંતર્જલ્પ અંદર વિકલ્પ ઉઠાવવો, આ ગુણી છે અને આ ગુણ છે, એ પણ બંધનું કારણ છે. શુદ્ધાત્મસ્વરૂપ છું એવો પણ વિકલ્પ ઉઠાવવો એ પણ બંધનું કારણ છે.

મુમુક્ષુ :- એ બધા સમાન છે?

ઉત્તર :- બધા સરખા છે. બંધની અપેક્ષાએ બધું સરખું છે. આહાહા..! આકરી વાત.

એક કોર ભગવાન રામ અને એક કોર ગામ. એક અનંત ગુણનો પિંડ પ્રભુ રામ એની જેને સાવધાની છે અને એક કોર ગામ એટલે પુણ્ય-પાપ અને પુણ્ય-પાપના ફળ આખું, એના પ્રત્યેની સાવધાની છૂટી ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? અસ્થિરતા હોય પણ સાવધાની છૂટી ગઈ છે. એ ઠીક છે, એવી વૃત્તિ છૂટી ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે આવો માર્ગ. એક જણો કહેતો હતો, અમે એ બધું કરતા, જાત્રા કરતા, આ કરતા. તમે અંદર નાખ્યું, કે એ બધું પુણ્ય છે, ધર્મ નહિ. એક 'વિરમગામ'નો આવ્યો હતો. કસ્ટમનો શ્વેતાંબર હતો. કસ્ટમનો ઉપરી બાપુ! માર્ગ બાપા, અહીં તો... આહાહા..!

અહીં તો શુદ્ધાત્મ સ્વરૂપ (છું) એવો વિકલ્પ છે એ પણ બંધનું કારણ છે. એ તો ૧૪૨માં નથી આવી ગયું? હું અબંધ છું, શુદ્ધ ચૈતન્ય છું, એક છું, અભેદ છું—એવી વૃત્તિ ઊઠે છે એ બંધનું કારણ છે. એ નયપક્ષ છે. આહાહા..! એ વિષમભાવ છે, એ સમભાવ નહિ. આહાહા..! એમાંથી નીકળી અને વીતરાગમૂર્તિ પ્રભુ, એની અંદરમાં સમભાવે રહેવું એ વીતરાગ આનંદ સહિતની દશાને સમભાવ કહે છે. એકલો સમભાવ-સમભાવ નહિ. જેમાં અતીન્દ્રિય આનંદ ગર્ભિત છે. એના-સમભાવના પેટામાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે. આહાહા..! આવી વાત માણસને એવી લાગે. સમભાવની વ્યાખ્યા પણ આવી પાછી. કેમકે વિષમભાવ પુણ્ય-પાપ છે એ દુઃખરૂપ છે, અચેતન છે. ત્યારે એનાથી રહિત આત્મસ્વભાવ જે પ્રગટ્યો એ તો સુખરૂપ અને આનંદ છે. એટલે એ સમભાવ એટલે વીતરાગતા પ્રગટી. ઓલો રાગભાવ હતો. આહાહા..! એનાથી રહિત થઈને સમભાવ પ્રગટ્યો. ત્યારે ઓલો રાગ હતો દુઃખરૂપ, આ સમભાવ છે તે આનંદરૂપ (છે). આહાહા..! સમજાણું કાંઈ?

'**વિષય-કષાયરૂપ અવિદ્યામેં સદા સાવધાન હૈં,...**' જુઓ! આહાહા..! .. પંચેન્દ્રિય એ વિષયકષાય, એ બધો વિષયકષાય. વિષયકષાય એટલે સ્ત્રીનો વિષય એમ કાંઈ નહિ. પાંચ ઈન્દ્રિય તરફના વલણનો વિષય અને એના તરફ થતો કષાય.. આહાહા..! એ વિષયકષાયરૂપ અવિદ્યા છે એ તો. આહાહા..! પુણ્ય-પાપનો ભાવ એ અવિદ્યા છે. જ્ઞાન નહિ, એમ કહે છે. આહાહા..! વિદ્યા તો ચૈતન્યમૂર્તિ ભગવાન એનું જ્ઞાન અને આનંદ થવો તે વિદ્યા છે. 'સા વિદ્યા યા વિમુક્તયે.' એવું નિશાળમાં હોય છે ને? અમે એક ફેરી ગયા હતા ને 'ગોંડલ'માં. ભાઈ હતા. શિહોરવાળા નહિ? 'ચંદુભાઈ-ચંદુભાઈ'. આખા સ્ટેશનના..

'ચંદુભાઈ' હતા આખા કેળવણીના અધિકારી. એક ફેરી લઈ ગયા હતા ત્યાં. કીધું, ભાઈ! વિદ્યા તો એને કહીએ, 'સા વિદ્યા યા વિમુક્તયે.' જે વિદ્યા રાગથી મુક્ત કરે તે વિદ્યા. સમજાણું કાંઈ? આ તમારી વિદ્યા ભણતર તો બંધનું કારણ છે. આહાહા..! અજ્ઞાન. અજ્ઞાન આવ્યું નહોતું?

'રાજકોટ'માં જેલમાં ગયા ત્યાં. 'રાજકોટ'માં જેલમાં. ત્યાં લખ્યું હતું માથે. અજ્ઞાન ને એમ કાંઈક હતું. અજ્ઞાન જેવો દોષ નથી. કીધું જુઓ! ભાઈ, અજ્ઞાન, આત્માનું ભાન નહિ એ અજ્ઞાન છે એના જેવો કોઈ દોષ નથી. બધા (કેદી) લોકો ભેગા થયા હતા. મહારાજના દર્શન કરવા છે. એમ ત્યાંથી હુકમ લાવ્યા હતા, 'અમદાવાદ'થી. ઘણા ભેગા થયા હતા. ઘણા બસ્સો-ત્રણસો ચારસો માણસ. કીધું, ભાઈ! જુઓ! અજ્ઞાનપણે શું ન થાય? અજ્ઞાન એ દુઃખનું કારણ એમ લખ્યું હતું ઓલામાં. આહાહા..! એમ આ પુણ્ય અને પાપ એ અવિદ્યા છે. ભાષા તો જુઓ! આહાહા..!

'**વિષય-કષાયરૂપ અવિદ્યામેં...**' આહાહા..! વિષયના પરિણામ અને કષાયના પરિણામ એ બધા વિકારી તે અવિદ્યા છે. આહાહા..! એ '**અવિદ્યામેં સદા સાવધાન હૈં, જાગ રહે હૈં,...**' આહાહા..! એ અજ્ઞાની પરમાત્માની ભાવનાથી રહિત છે. આમાં જે જાગે છે એ આ ભાવનાથી રહિત છે. આહાહા..! '**ઉસ અવસ્થામેં વિભાવપર્યાયકે સ્મરણ કરનેવાલે મહામુનિ સાવધાન (જાગતે) નહીં રહતે.**' આવામાં મહામુનિ સાવધાન નથી. શેમાં? પરમાત્મભાવનામાં જે તત્પર છે એ વિભાવપર્યાયને સ્મરણ કરવામાં સાવધાન નથી. આહાહા..! એ વિભાવનું સ્મરણ જ કરતા નથી, એ વીતરાગનું સ્મરણ કરે છે અંદર. આહાહા..! લોકોને કઠણ પડે. માણસને આ બહારની (ક્રિયામાં રોકી લીધા). બિચારા એમાં ગામડાના માણસ હોય, સાધારણ હોય. આ ભગવાનની જાત્રા કરીએ તો ધર્મ થાય, વ્રત કરીએ તો સંવર થાય, અપવાસ કરીએ તો નિર્જરા થાય. આહાહા..! ત્રણે અવિદ્યા છે. આહાહા..! ભગવાન ચૈતન્યજ્યોતના પ્રકાશની મૂર્તિ, એમાં તો જેનો અભાવ છે. એ અવિદ્યામાં રહેનારા, જ્ઞાની એને સ્મરણ પણ કરતા નથી, કહે છે. અવિદ્યામાં રહે છે એનું જ્ઞાની સ્મરણ પણ કરતા નથી. એ વિદ્યામાં રહે છે. આહાહા..!

'**ઈસલિયે સંસારકી દશાસે સોતે હુએ માલૂમ પડતે હૈં.**' કોણ? જ્ઞાની. સંસારની દશામાં તે સૂઈ ગયા છે. જાગતા નથી. આહાહા..! શુભાશુભભાવ એ સંસારદશા (છે). વ્યવહારરત્નત્રય એ બધી (સંસાર દશા છે). એ આવે છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. વ્યવહારે સૂતા છે તે નિશ્ચયમાં જાગતા છે. મુનિઓ. વ્યવહારમાં જાગતા છે એટલે નિશ્ચયમાં સૂતા છે. એ શ્લોક સાતમા અધ્યાયમાં આવે છે. એ ગાથા છે 'મોક્ષમાર્ગપ્રકાશક'માં. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત ભારે પણ, ભાઈ!

'**ઈસલિયે સંસારકી દશાસે સોતે હુએ માલૂમ પડતે હૈં.**' મુનિ, હોં! વીતરાગભાવમાં રહેનારા સંસારભાવથી સૂઈ ગયા અને આત્મભાવમાં જાગૃત છે. આહાહા..! ગીતામાં એવો શ્લોક આવે છે. '**જિનકો આત્મસ્વભાવકે સિવાય વિષય-કષાયરૂપ પ્રપંચ માલૂમ ભી નહીં**

**હૈ.**' આહાહા..! સમ્યગ્દર્શન સહિત જ્યાં સ્વરૂપમાં રમણતામાં છે એ વાત છે. સમ્યગ્દર્શન એટલે સારા પૂર્ણ પરમાત્મદશાની જ્ઞાનદશા થઈને એની પ્રતીતિ અનુભવ થઈને (થઈ છે), એ સહિત જે સમભાવમાં અંદર ઠર્યા છે. આહાહા..! વીતરાગભાવે જે રમે છે એવા મુનિઓને '**વિષયકષાયરૂપ પ્રપંચ માલૂમ ભી નહીં હૈ.**' જગતમાં વિકલ્પ છે કે નહિ એની એને ખબર નથી. એ તો આનંદમાં (છે). સમ્યગ્દર્શન સહિત સમભાવની વાત છે ને આ? આહાહા..! ઉત્કૃષ્ટપણું ચારિત્ર એ મોક્ષનું કારણ છે ને. અને ચારિત્ર એ વીતરાગભાવ છે. એ સમ્યગ્દર્શન સહિત વીતરાગભાવ તે મુક્તિનું કારણ છે એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા..! આ એની મેળે ઘરે વાંચે તો કાંઈ સમજાય એવું નથી. 'શાંતિભાઈ'! તેથી તો આવ્યા છે ને. શું આ કહે છે ને શું આ વાત! આહાહા..! આવી વાત. એકવાર પ્રભુ! હા તો પાડ. તારી પ્રભુતા વીતરાગભાવે છે. તારી પ્રભુતા પુણ્ય-પાપને ભાવે નથી. આહાહા..!

'**જિનકો આત્મસ્વભાવકે સિવાય વિષય-કષાયરૂપ પ્રપંચ માલૂમ ભી નહીં હૈ.**' વીતરાગભાવ છે ને અહીં તો? સમ્યગ્દર્શન સહિત વીતરાગભાવનું વર્ણન છે. સમ્યગ્દૃષ્ટિ હોય એને હજી વિષયકષાય હોય છે. સમભાવ નથી પૂરો. સમ્યગ્દર્શન પૂરતો અને અનંતાનુબંધીના અભાવ પૂરતો સમભાવ છે. અને અહીં તો ઉત્કૃષ્ટ મુનિનો સમભાવ વર્ણવવો છે. આહાહા..!

'**જિનકો આત્મસ્વભાવકે સિવાય વિષય-કષાયરૂપ પ્રપંચ માલુમ ભી નહીં હૈ. ઉસ પ્રપંચકો રાત્રિકે સમાન જાનકર...**' આહાહા..! શુભ-અશુભ અસંખ્ય પ્રકારના વિકલ્પો તેને જ્ઞાની રાત્રિ સમાન જાણીને તેને યાદ જ કરતા નથી. આહાહા..! એ તો અંધકાર છે. આહાહા..! શું વર્ણન! સમ્યગ્દર્શન સહિતની ચારિત્રદશા કેવી હોય, એ વર્ણન છે. આહાહા..! '**રાત્રિકે સમાન જાનકર ઉસમેં યાદ નહીં રખતે,** આહાહા..! **મન, વચન, કાયકી તીન ગુપ્તિમેં અચલ હુએ...**' આહાહા..! મન, વચન, કાયા તરફના વલણને છોડીને અંદર ગુપ્ત થયા છે. આહાહા..! '**અચલ હુએ વીતરાગ નિર્વિકલ્પ પરમ સમાધિરૂપ યોગ-નિદ્રામેં મગ્ન હો રહે હૈં.**' આહાહા..! યોગનિદ્રા કીધી. જેમ ઓલો નિદ્રામાં સૂઈ ગયો અને ખબર નથી. એમ આત્મધ્યાનમાં યોગરૂપી નિદ્રા. આહાહા..! વીતરાગ સમાધિ થઈ, ચારિત્રદશા. આહાહા..!

આત્માના સમ્યગ્દર્શનની પ્રતીતિના અનુભવ સહિત જેને આવી વીતરાગતા પ્રગટી છે એને કહે છે કે એ તો યોગ-નિદ્રા સમાધિમાં સૂતા છે. આહાહા..! શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... સમ્યગ્દર્શનમાં પણ પ્રતીતિ અને શાંતિ થોડી હોય છે અને આનંદનો અંશ પણ એમાં વેદનમાં હોય છે. આને તો મુનિપણાની વાત છે. આહાહા..! એને તો એકલા અતીન્દ્રિય આનંદના વેદનમાં વિષય કષાયનું સ્મરણ પણ નથી. યાદ પણ રહેતું નથી કોઈ વિકલ્પ આવ્યો હોય તો. આહાહા..! સમજાણું કાંઈ?

'**સમાધિરૂપ યોગ-નિદ્રામેં મગન હો રહે હૈં.**' આહાહા..! '**સારાંશ યહ હૈ, કિ ધ્યાની મુનિયોંકો આત્મસ્વરૂપ હી ગમ્ય હૈ,...**' આહાહા..! અજ્ઞાનીને આત્મસ્વરૂપ જરીએ ગમ્ય નથી. એને ગમ્ય આ બધું પુણ્ય-પાપના વિકલ્પ અને આ વેપાર ને ધંધા.. આહાહા..! એ

એમાં હોંશિયાર અને એ ગમ્ય છે અવિદ્યામાં. આહાહા..! આવી વાતું એટલે આકરી લાગે ને માણસને. નિશ્ચય... નિશ્ચય.. નિશ્ચય. નિશ્ચય એટલે નિયત થઈ ગયું એને. આહાહા..! ભાઈ! નિયતમાં પાંચેય સમવાય સાથે હોય છે. જે સમયે જે પર્યાય થવાની.. વાત એ કહે છે કે દરેક દ્રવ્યમાં ઉપાદાન થવાની શક્તિ પચાસ જાતની હોય, પણ જેવું નિમિત્ત આવે તેવું થાય. કુંભારની ઈચ્છા પ્રમાણે ઘડો થાય કે ઈચ્છા પ્રમાણે કોડીયું થાય. કે ઘડો થવાનો હતો જ એવી ઉપાદાન શક્તિ નહિ. એમ અજ્ઞાની કહે છે. આહાહા..!

અહીં તો કહે છે કે એ ઉપાદાન શક્તિ જ ઘડો થવાની હતી. કુંભારે કાંઈ કર્યું નથી એમાં. કુંભાર એનો કર્તા છે નહિ. નિમિત્ત હો. નિમિત્ત હો પણ નિમિત્ત કર્તા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ નાખ્યું છે એણે. અહીં તો વંચાણું હતું પહેલા. એમ કે દરેક દ્રવ્યમાં ઉપાદાનથી જ એ પર્યાય થાય એમ નહિ. ઉપાદાનની પર્યાયમાં લાયકાત ઘણી થવાની છે. જેમ પાણી છે એમાં મીઠું નાખો તો ખારું થાય, સાકર નાખો તો ગળ્યું થાય, મરચું નાખો તો તીખું થાય. પાણીમાં તીખું થવાની યોગ્યતા છે એમ નહિ, એનામાં ગળપણ થવાની યોગ્યતા હતી, જેવું નાખ્યું એ પ્રમાણે થઈ. ખોટી વાત છે. મરચું નાખ્યું ત્યારે તીખા થવાની યોગ્યતાથી તીખી પર્યાય થઈ છે. એની યોગ્યતા જ એ હતી. ગોળ નાખ્યો ત્યારે ગળ્યાપણે થવાની પર્યાયની યોગ્યતા હતી. ગોળને લઈને થઈ છે એમ નહિ. આહાહા..! આ વાત. નિમિત્ત હો, પણ નિમિત્તથી કાર્ય થાય પરમાં કર્તા, એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિમિત્ત આવે એવી થાય.

ઉત્તર :- એ તો કહે (છે), નિમિત્ત જે આવે એવી દશા થાય. ઉપાદાનમાં ઘણી લાયકાત હોય, પણ જેવું નિમિત્ત આવે એવું કાર્ય થાય. કહો, હવે આ તો ગજબ વાત કરે છે ને! એને એ ભગવાનની વાણીનો માર્ગ કહે છે, માને છે. અને આ કહે કે ના, નિમિત્તથી ન થાય એ નિયતવાદ માને છે. પ્રભુ! તું સ્વતંત્ર છો, બાપા! આહાહા..! તું પણ ભગવાન છો, ભાઈ! દ્રવ્ય તરીકે સાધર્મી છે. વીતરાગ સ્વરૂપે દ્રવ્ય છે એ આદરણીય છે. એનું દ્રવ્ય પણ આદરણીય છે. જરીક તો ભૂલે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ આવે છે, આવી ગયું છે. શુદ્ધાત્મા બધા છે તે આદરણીય છે. એમાંથી પંચપરમેષ્ઠી ને એમાંથી અરિહંત, સિદ્ધ અને એમાંથી અરિહંત અને એમાંથી પણ શુદ્ધ આત્મા તે આદરણીય છે. વિશેષ આવશે, લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ ज्ञानी पुरुषः परमवीतरागरूपं समभावं मुक्त्वा बहिर्विषये रागं न गच्छतीति दर्शयति–**

**१७४) णाणि मुणेप्पिणु भाउ समु कित्थु वि जाइ ण राउ।**
**जेण लहेसइ णाणमउ तेण जि अप्प–सहाउ।।४७।।**

ज्ञानी मुक्त्वा भावं शमं कवापि याति न रागम्।
येन लभिष्यति ज्ञानमयं तेन एव आत्मस्वभावम्।।४७।।

णाणि इत्यादि। णाणि परमात्मरागाद्यास्रवयोर्भेदज्ञानी मुएप्पिणु मुक्त्वा। कम्। भाउ भावम्। कथंभूतं भावम्। समु उपशमं पञ्चेन्द्रियविषयाभिलाषरहितं वीतरागपरमाह्लादसहितम्। कित्थु वि जाइ ण राउ तं पूर्वोक्तं समभावं मुक्त्वा कवापि बहिर्विषये रागं न याति न गच्छति। कस्मादिति चेत्। जेण लहेसइ येन कारणेन [1]लभिष्यति भाविकाले प्राप्स्यति। कम्। णाणमउ ज्ञानमयं केवलज्ञाननिर्वृत्तं केवलज्ञानान्तर्भूतानन्तगुणं। तेण जि तेनैव सम्भावेन अप्प-सहाउ निर्दोषिपरमात्मस्वभावमिति। इदमत्र तात्पर्यम्। ज्ञानी पुरुषः शुद्धात्मानुभूतिलक्षणं समभावं विहाय बहिर्भावे रागं न गच्छति येन कारणेन समभावेन विना शुद्धात्मलाभो न भवतीति।।४७।।

---

आगे जो ज्ञानी पुरुष हैं, वे परमवीतरागरूप समभावको छोड़कर शरीरादि परद्रव्यमें राग नहीं करते, ऐसा दिखलाते हैं –

**गाथा – ४७**

अन्वयार्थ :– [ ज्ञानी ] निजपरके भेदका जाननेवाला ज्ञानी मुनि [ शमं भावं ] समभावको [ मुक्त्वा ] छोड़कर [ कवापि ] किसी पदार्थ में [ रागम् न याति ] राग नहीं करता, [ येन ] इसी कारण [ ज्ञानमयं ] ज्ञानमयी निर्वाणपद [ प्राप्स्यति ] पावेगा, [ तेनैव ] और उसी समभावसे [ आत्मस्वभावम् ] केवलज्ञान पूर्ण आत्मस्वभावको आगे पावेगा।

भावार्थ :– जो अनंत सिद्ध हुए वे समभावके प्रसाद से हुए हैं, और जो होवेंगे, इसी भाव से होंगे। इसलिये ज्ञानी समभावके सिवाय अन्य भावों में राग नहीं करते। इस समभावके बिना अन्य उपायसे शुद्धात्माका लाभ नहीं है। एक समभाव ही भवसागरसे पार होनेका उपाय है। समभाव उसे कहते हैं, जो पंचेन्द्रिके विषयोंकी अभिलाषासे रहित वीतराग परमानंदसहित निर्विकल्प निजभाव हो।।४७।।

---

હવે, જ્ઞાની પુરુષ પરમ વીતરાગરૂપ સમભાવને છોડીને બાહ્ય વિષયમાં રાગ કરતા નથી, એમ દર્શાવે છે :

ભાવાર્થ : પરમાત્મા અને રાગાદિ આશ્રવનો ભેદજ્ઞાની પંચેન્દ્રિયવિષયની અભિલાષા રહિત અને વીતરાગ પરમ આહ્લાદ સહિત ઉપશમભાવને છોડીને-તે પૂર્વોક્ત સમભાવને છોડીને-કોઈ પણ બાહ્ય વિષયમાં રાગને પામતો નથી-રાગને કરતો નથી, જેથી તે સમભાવથી જ જ્ઞાનમય-જે કેવળજ્ઞાનમાં અનંતગુણો અન્તર્ભૂત છે-એવા કેવળજ્ઞાનથી રચાયેલ-નિર્દોષ પરમાત્મ-સ્વભાવને ભવિષ્યમાં પામશે.

---

૧. પાઠાન્તર :- लभिष्यति = लप्स्यते

**જ્ઞાની પુરુષ શુદ્ધાત્માની અનુભૂતિસ્વરૂપ સમભાવને છોડીને બહિર્ભાવમાં રાગી થતો નથી, કારણ કે સમભાવ વિના શુદ્ધાત્માની પ્રાપ્તિ થતી નથી. ૪૭.**

## વીર સંવત ૨૫૦૨, કારતક વદ ૩, બુધવાર
## તા. ૧૦-૧૧-૧૯૭૬, ગાથા-૪૭, ૪૮, પ્રવચન નં. ૧૨૯

...એ બેનું જેને આસ્રવથી ભગવાનઆત્માનું ભેદજ્ઞાન થયું છે, એને અહીંયાં જ્ઞાની સ્વપરનો જાણનાર કહીએ. સમજાય છે કાંઈ? જેનાથી ભિન્ન જાણ્યું એનાથી નિશ્ચયની દશા કેમ થાય? જે આસ્રવભાવ છે પુણ્ય અને પાપ, એને પર જાણ્યા અને આત્મા જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ છે તેને નિજ જાણ્યો, એને એ આસ્રવ સંવર-નિર્જરાનું કારણ-મોક્ષમાર્ગનું કારણ કઈ રીતે થાય? આ એક વાંધો છે ને મોટો? શુભ કરતા કરતા થશે. એનો ત્યાં નકાર પહેલો કર્યો.

શુભભાવ એ આસ્રવભાવ છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ હો એ ભાવ આસ્રવ, પુણ્ય, શુભભાવ છે. એનાથી જેણે ભગવાનઆત્માને આસ્રવથી ભિન્ન જાણ્યો અને શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એમ જેને જ્ઞાનમાં આવ્યું, એ તો આસ્રવથી ભિન્ન જાણ્યો આત્માને. એને આસ્રવથી લાભ થાય એમ કોઈ દિ' બને નહિ. 'પંચાસ્તિકાય'માં એમ કહ્યું છે ને ભેદ અને નિશ્ચય. વ્યવહાર છે તે સાધન છે અને નિશ્ચય છે તે સાધ્ય છે. 'પંચાસ્તિકાય'માં કહ્યું છે, લ્યો! આનાથી તો વિરૂદ્ધ થયું એ.

મુમુક્ષુ :- જૈનશાસનમાં ક્યાંય વિરોધ નથી.

ઉત્તર :- વિરોધ નથી. ત્યાં આગળ જે રાગની મંદતા, એને વ્યવહાર સાધન કહી અને નિશ્ચયનું સાધ્ય કીધું એ આરોપિત કથન છે. સાધન તો રાગથી ભિન્ન પડી અને પ્રજ્ઞાછીણી દ્વારા આત્માને જાણે એ સાધન છે. એ સાધન છે, એ સાધક છે. એ સાધકની સાથે રાગની મંદતાને વ્યવહારથી આરોપ કરીને સાધન કહ્યું છે. એને એમ જ જાણે કે યથાર્થ સાધન છે તો તો આનાથી વિરૂદ્ધ થઈ જશે. આહાહા..! સમજાણું કાંઈ? આ માર્ગ બહુ અલૌકિક છે, ભાઈ! આહાહા..!

ભેદજ્ઞાની. નિજ અને પર આસ્રવ. નિજ સ્વરૂપ તો વીતરાગમૂર્તિ પ્રભુ છે અને આસ્રવ એ રાગસ્વરૂપ છે. નવ તત્ત્વમાં એ આસ્રવ તો રાગસ્વરૂપ છે. ભગવાનઆત્મા આસ્રવસ્વરૂપ નથી. એ તો જ્ઞાયકસ્વરૂપ છે. એવું જેને નિજ અને પરનું જ્ઞાન થયું એ મુનિ સમભાવને છોડીને. આહાહા..! સમભાવની વ્યાખ્યા કરશે.

'**સમભાવ ઉસે કહતે હૈં,...**' ૪૭. '**જો પંચેન્દ્રિયકે વિષયોંકી અભિલાષાસે રહિત...**' ૪૭ (ગાથાની) છેલ્લી લીટી. '**સમભાવ ઉસે કહતે હૈં,...**' અહીં એ કીધું ને '**સમભાવકો છોડકર...**' સમભાવને છોડીને રાગમાં આવતો નથી. સમભાવ કહેવો કોને? આહાહા..!

પુણ્ય અને પાપના ભાવ છે એ વિષમભાવ છે. એનાથી રહિત તે સમભાવ વીતરાગી પરિણામ છે. એ સમભાવની વ્યાખ્યા કરી. '**પંચેન્દ્રિયકે વિષયોંકી અભિલાષાસે...**' પાંચેય ઈન્દ્રિયો તરફનો ઝુકાવ એને છોડી દઈને. આહાહા..! '**વીતરાગ પરમાનંદસહિત...**' રાગરહિત અતીન્દ્રિય આનંદની દશાના વેદનસહિત સમભાવને સમભાવ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેમકે શુભ અને અશુભભાવ બેય જ્યારે સમથી (વિરુદ્ધ) વિષમભાવ છે, દુઃખભાવ છે, આકુળતાભાવ છે... આહાહા..! સમજાણું કાંઈ? ત્યારે આ શુભ-અશુભભાવથી ભિન્ન ભગવાનને જાણ્યો, ભગવાન એટલે પોતે આત્મા, એમાં જે સમભાવ થયો, એમાં પુણ્ય-પાપનો ભાવ ન આવ્યો, એટલે દુઃખ ન આવ્યું, ત્યારે સમભાવ થયો એમાં અતીન્દ્રિય આનંદ આવ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? આ સામાયિક કહે છે ને? સામાયિક. તો સામાયિકમાં સમતાનો આય એટલે લાભ એને સામાયિક કહે. તો સમતા એટલે આ. આહાહા..!

'**વીતરાગી પરમાનંદસહિત નિર્વિકલ્પ નિજભાવ હો.**' એ સમભાવ. તે સમભાવનો જેને લાભ થાય તેને સામાયિક કહીએ. આમ સામાયિક કરીને બેસે નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એ સામાયિક નથી. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ સૂક્ષ્મ છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવે જે સમભાવ કહ્યો એની વ્યાખ્યા આ છે કે જેમાં પુણ્ય-પાપના ભાવથી ભિન્ન પડ્યો છે એથી પુણ્ય-પાપનો ભાવ તો દુઃખરૂપ અને આકુળતા હતો. આહાહા..! જ્યારે આત્મા તરફના વલણમાં સમભાવ આવ્યો તો એ સમભાવમાં વીતરાગી આનંદનું વેદન આવ્યું, જ્યારે પુણ્ય-પાપનું વેદન એ દુઃખરૂપ હતું. આહાહા..! નમો અરિહંતાણં આદિ સ્મરણ કરવું એ પણ દુઃખરૂપ છે. અર..ર..! આવી વાતું આકરી પડે. કેમકે વિકલ્પ છે એ રાગ છે. હોય છે, જ્ઞાનીને પણ હોય છે, પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી, પણ છે તે દુઃખરૂપ અને હેય. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

સમભાવ. ભાષા તો દેખો! પાંચ ઈન્દ્રિય તરફના વલણનો ભાવ એ વિષમભાવ છે. ચાહે તો ભગવાનની વાણી સાંભળે તો એ વિષમભાવ છે, પુણ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પછી કહેશે. સમભાવમાં રહેલો ધ્યાની નથી ભણાવતો, નથી ભણતો. આહાહા..! કેમકે ભણવું અને ભણાવવું એ તો વિકલ્પ રાગ છે. આહાહા..! ઝીણી વાત, બાપુ! ભગવાન વીતરાગમાર્ગ... એ પછી ૪૮માં કહેશે. ભણવું-ભણાવવું એ તો વિકલ્પ રાગ છે. પરથી ભણવું કે ભણાવવું... આહાહા..! એ તો સમભાવથી વિરૂદ્ધભાવ વિકલ્પ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ '**વીતરાગ પરમાનંદસહિત નિર્વિકલ્પ નિજભાવ...**' ઓલો પુણ્ય-પાપ એ પરભાવ હતો. ત્યારે આ નિર્વિકલ્પ વીતરાગી આનંદસહિત નિજભાવ (છે). આહાહા..! કહો, 'મીઠાલાલજી'! આવો માર્ગ લોકોને આકરો લાગે છે બિચારાને. આહાહા..! અને આ એક નિયત છે એ એને આકરું લાગે છે. નિયતવાદ છે. ભાઈ! જેને જે સમયે...

મુમુક્ષુ :- આડુ અવળું કાંઈ આપ કહેતા નથી.

ઉત્તર :- આડું અવળું પણ શી રીતે થાય? જે સમયની નિજક્ષણ છે જે દ્રવ્યની, તે ક્ષણે તે પર્યાય થાય. 'પ્રવચનસાર'ની ૧૦૧-૧૦૨ ગાથા.

મુમુક્ષુ :- પુરુષાર્થ કરે તો મોક્ષ સીધો થાય, પુરુષાર્થ ન કરે તો મોક્ષ ન થાય.

ઉત્તર :- પણ પુરુષાર્થ કરે એ છે ને અંદરમાં. સમભાવ થયો એ જ પુરુષાર્થ છે. આહાહા..! અથવા જે સમયે જે પર્યાય થવાની તે થવાની એમ નિજક્ષણ છે એમ કીધું. પણ એનું તાત્પર્ય શું? શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગતા છે. આ જે ક્ષણે જે પર્યાય થવાની તે થવાની એને નથી નિમિત્તની જરૂર, નથી એને દ્રવ્ય-ગુણની જરૂર. આહાહા..! આવો જે પર્યાય એ જેને બેસે એને વીતરાગતા તાત્પર્ય આવવું જોઈએ એટલે કે એને દ્રવ્ય ઉપર દૃષ્ટિ જવી જોઈએ. સમજાય છે કાંઈ? આહાહા..!

બધા શાસ્ત્ર ચારેય અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. તો વીતરાગતા ક્યારે થાય? આહાહા..! કે નિમિત્ત, રાગ અને પર્યાયની ઉપેક્ષા કરી અને સ્વભાવની અપેક્ષા કરે. સમજાણું કાંઈ? ત્યારે વીતરાગતા થાય. સમ્યગ્દર્શન એ વીતરાગી પર્યાય છે. નિયતમાં જે સમયે થાય તે નિયત થઈ ગયું. નિમિત્તથી ફરે નહિ તો એને નિયત થઈ ગયું, એમ એ કહે છે. ઉપાદાનમાં પર્યાય થવામાં પચાસ જાતની યોગ્યતા છે. જેવું નિમિત્ત આવે એવી પર્યાય થાય, એમ કહે છે. એમ છે જ નહિ. ઉપાદાનમાં એક સમયની જે ક્ષણ છે તે ક્ષણે જે થવાની તે એક જ લાયકાત છે. નિમિત્ત આવે તો થાય. કુંભારને ઘડો બનાવવો હોય તો ઘડો બનાવે, કોડિયું બનાવવું હોય તો કોડિયું બનાવે. એમ નથી. ઝીણી વાત. આહાહા..! ઘડો બનવાની પર્યાયનો કાળ છે તેથી તે ઘડો થાય છે. નિશ્ચયથી તો માટી પણ એનું કારણ નથી. આહાહા..! કેમકે એ પર્યાય સત્ છે. સત્‌ને કોઈ હેતુની જરૂર નથી. આહાહા..! એટલે કે જે સમયે એ થાય તો પછી નિમિત્ત આવીને ફરે એવું નથી માટે નિયત થઈ જાય છે. એમ એ કહે છે. બાપુ! નિયત છે પણ એનો સાર શું? એવી જે સમય સમયની જે પર્યાય થાય તેને જાણનારો એ પરથી, આસ્રવથી ભિન્ન પડીને દ્રવ્યનું જ્ઞાન કરે ત્યારે તે સમયે તે થઈ તેનું તેને જ્ઞાન થાય. એટલે કે ત્યાં આગળ સમ્યગ્દર્શનની વીતરાગ પર્યાય થાય. જે સમયે જે થવાની તે થાય એનું તાત્પર્ય વીતરાગતા છે. તો વીતરાગતાનો અર્થ કે એ પર્યાય ઉપરથી લક્ષ છોડી દઈ, પર્યાયમાં તો રાગાદિ છે, એનું લક્ષ છોડી દઈ દ્રવ્ય ઉપર લક્ષ કરશે એટલે સમ્યગ્દર્શન થશે એ વીતરાગ પર્યાય તાત્પર્ય થયું. આહાહા..! 'ધન્નાલાલજી'! આવી વાત છે. બાપુ! શું થાય? આહાહા..! એને શ્રદ્ધામાં તો પહેલું નક્કી કરે કે વસ્તુસ્થિતિ આવી છે. નિમિત્ત આવે, ગમે એ જાતનું નિમિત્ત આવે તો એવી જ જાતની પર્યાય થાય. એમ છે જ નહિ. એ વસ્તુની વ્યવસ્થા જૂઠી છે. આહાહા..! સમજાણું કાંઈ?

ખરેખર તો ઘડો થવામાં માટીના પિંડના વ્યયની પણ જેને અપેક્ષા નથી. માટીની અપેક્ષા નથી, પિંડના વ્યયની અપેક્ષા નથી. તો નિમિત્તની અપેક્ષા તો ક્યાં છે એમાં? આહાહા..! તો એને નિયત થઈ જાય છે. પણ નિયતનો અર્થ જ એ છે કે આવો જેને સમય સમયની પર્યાય કાળલબ્ધિ એની છે છએ દ્રવ્યની, એ સમયે તે થાય એવો જે નિર્ણય

કરનાર, એને વીતરાગતા આવે. કેમ? કે એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય તો વીતરાગની પર્યાય સમકિત થાય. આહાહા..!

મુમુક્ષુ :- ઘડાને માટીની જરૂર નથી?

ઉત્તર :- બિલકુલ નથી.

મુમુક્ષુ :- તો એની પર્યાયની...

ઉત્તર :- પૂર્વ પર્યાયની વ્યયની જરૂર નથી. 'પ્રવચનસાર'-૧૦૧ ગાથા. ઉત્પાદને વ્યયની જરૂર નથી, વ્યયને ઉત્પાદની જરૂર નથી, ઉત્પાદને ધ્રુવની જરૂર નથી. અપેક્ષા નથી. ઓહોહો..! ત્યારે આમાં આ નિયત થઈ જાય છે. આ ફેરવી નાખ્યું છે ને ભાઈ વર્ધમાને? 'સોનગઢ'નો નિયતવાદ છે. જે સમયે જે પર્યાય થાય એ જ માને છે. પણ પર્યાય થવાની લાયકાત છે, જેવું નિમિત્ત આવે તેવી પર્યાય થાય. કુંભારની ઇચ્છા પ્રમાણે ઘડાની કે કોડિયાની પર્યાય થાય. બાપુ! એમ નથી, ભાઈ! સમજાણું કાંઈ?

એ ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૨ (ગાથા) એ 'પ્રવચનસાર'નો જ્ઞેય અધિકાર છે અને એ સમકિતનો અધિકાર છે. જ્ઞેયનું સ્વરૂપ જ આવું છે કે જે સમયે જે પર્યાય થાય તેનો જન્મક્ષણ છે અને તે પર્યાયને તેના વ્યયની જરૂર નથી, તેના ધ્રુવની (અપેક્ષા નથી). એવું જ્ઞેયનું સ્વયંસિદ્ધ સ્વરૂપ છે. એ સમ્યગ્દર્શનનો વિષય ત્યાં વર્ણવ્યો છે. આહાહા..! એવું જ (સ્વરૂપ) છે. એ જ્ઞેયનું વર્ણન છે, ભાઈ! જરા શાંતિથી (સમજ). એમ ને એમ ઉપરથી, અધ્ધરથી દીધે રાખે એમ ન ચાલે. આ તો વીતરાગ માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર જેના કહેનાર છે એ વાણીને ઓળખવી પડશે, ભાઈ! એમ બહારથી આગ્રહથી નહિ જણાય. આહાહા..!

અહીંયાં તો બે વાત કરી. નિજ-પરના ભેદને જાણનાર. આસ્રવ અને આત્મા બેને જુદા જાણનાર. જુદા જાણવાની પર્યાયનો પણ સ્વકાળ છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનની પર્યાય પણ ઉત્પન્ન થવાનો સ્વકાળ છે. એટલે કે એની દૃષ્ટિ જાય ક્યાં? દ્રવ્ય ઉપર જાય. ખરેખર તો સમ્યગ્દર્શનની પર્યાય દ્રવ્ય આશ્રિત થાય છે એમ પણ અપેક્ષિત છે. '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**' એટલે કે પર્યાયનું લક્ષ સ્વમાં જાય છે એ અપેક્ષાએ એનો આશ્રય કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? બાકી પર્યાયને દ્રવ્યનો આશ્રય છે નહિ. આહાહા..! આવી વાતું ઝીણી બહુ. એ સમ્યગ્દર્શનની પર્યાયને '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**' ('સમયસાર') ૧૧મી ગાથા. એનો અર્થ એ કે પર્યાયનું લક્ષ ત્યાં ગયું એટલે તેનો આશ્રય કર્યો એમ કહેવામાં આવ્યું. આહાહા..! તે પર્યાય સમ્યગ્દર્શન સમભાવી આનંદના વેદનવાળી. આહાહા..! તે પર્યાયને કોઈ નિમિત્તની અપેક્ષા નથી, તેમ એને રાગની મંદતા વ્યવહાર હોય તો સમ્યક્ પર્યાય થાય એવી એને અપેક્ષા નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'કનુભાઈ'! આવી વાત છે, બાપુ! શું કરે? અરે..! પરમાત્માના વિરહ પડ્યા, કેવળજ્ઞાન, અવધિજ્ઞાન રહ્યા નહિ. મતિ અને શ્રુત જ્ઞાન થોડું રહ્યું, એમાં આ ઝઘડા ઉઠ્યા. આહાહા..!

અહીં તો જ્ઞાનીની વ્યાખ્યા કરતા આત્મા અને આસ્રવ બે લીધા છે. એનું ભેદજ્ઞાન કર્યું

છે એમ કહે છે. આસ્રવને સાથે રાખીને ભેદજ્ઞાન કર્યું છે એમ નથી કીધું. જુદું પાડીને. આહાહા..! ટીકામાં છે. '**परमात्मरागाद्यास्रवयोर्भेदज्ञानी**' સંસ્કૃતમાં પહેલી લીટી છે. અર્થમાં આટલી વાત નાખી. આહાહા..! નિજ અને પર. પરમાં એ આસ્રવ. બીજી ચીજ તો ક્યાંય દૂર રહી ગઈ. જેની પર્યાયમાં બીજી ચીજ તો છે નહિ, પણ એની પર્યાયમાં આસ્રવ છે. આત્માની પર્યાયમાં કર્મ, શરીર, વાણી, પરદ્રવ્ય તો છે જ નહિ. પર્યાયમાં નથી. દ્રવ્ય, ગુણમાં તો નથી પણ પર્યાયમાં નથી. હવે પર્યાયમાં આસ્રવ છે. આહાહા..! પુણ્ય-પાપના ભાવ, એનાથી ભેદ પાડવો છે એટલે કે છે એનાથી દૃષ્ટિ છોડી દેવી છે. આહાહા..!

આ તો 'પરમાત્મપ્રકાશ' ગ્રંથ છે. પરમાત્મસ્વરૂપ ભગવાનઆત્મા એ આસ્રવથી ભિન્ન પડીને નિજ સ્વરૂપને પરમાત્મા તરીકે અંદર જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાં એ વાત પણ આવી કે પરને પરથી ભિન્ન પાડીને જાણવાનો પણ એનો સ્વકાળ છે. પણ એ સ્વકાળનું સાચું જ્ઞાન ક્યારે થાય એને? કે જ્યારે એ પર્યાયને દ્રવ્ય તરફ વાળે ત્યારે એનું જ્ઞાન યથાર્થ થાય. અરેરે..! આવી વાતું હવે એને... આવો માર્ગ આવો છે, બાપુ! દુનિયાથી જુદી જાત છે.

નિજ (અને) પરનો ભેદ જાણનારા જ્ઞાની સમભાવને છોડી '**કિસી પદાર્થમેં રાગ નહીં કરતા, ઈસી કારણ જ્ઞાનમયી નિર્વાણપદ પાવેગા,...**' શું કહે છે એ? આસ્રવથી ભિન્ન પોતાનું સ્વરૂપ જાણ્યું તો એ પોતે છે એ સ્વરૂપ જ્ઞાનમય છે. એથી જેને ભેદજ્ઞાન થયું એ જ્ઞાનમય પરમાત્મપદને પામશે. કારણ કે સિદ્ધપદ એ જ્ઞાનમય છે. આસ્રવમય સંસારમય એ પદ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? વાતું બાપુ! જુદી જાતની છે દુનિયાથી. આહા..! એ '**ઉસી સમભાવસે...**' છે? '**જ્ઞાનમયી નિર્વાણપદ...**' પહેલી તો વ્યાખ્યા એમ કરી. નિર્વાણ શું ચીજ છે? કે જ્ઞાનમય છે. મોક્ષ શું ચીજ છે? જ્ઞાનમય છે, આનંદમય છે, શાંતમય છે. એ વસ્તુ છે. ત્યાં રાગ વસ્તુ નથી.

'**ઔર ઉસી સમભાવસે કેવલજ્ઞાન પૂર્ણ...**' બે ભાષા લીધી છે ને. '**जेण लहेसइ णाणमउ तेण जि अप्प-सहाउ।।**' આત્મસ્વભાવને પામશે. આહાહા..! સમજાણું કાંઈ? '**કેવલજ્ઞાન પૂર્ણ આત્મસ્વભાવકો આગે પાવેગા.**' આહાહા..! એટલે કે રાગ આસ્રવથી ભિન્ન પડેલું ભેદજ્ઞાન એ જ્ઞાન છે એ પરિપૂર્ણતાને પામશે ત્યારે એને કેવળ થશે અને પછી જ્યારે ચાર કર્મની અશુદ્ધતા છે એ છૂટી જશે એટલે એ એકલા આત્મસ્વભાવને પામશે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું હવે. ઓલું તો વ્રત પાળો, તપસ્યા કરો, અપવાસ કરો, જાત્રા કરો, લ્યો! રાગ છે, બાપુ! એ તો પુણ્ય હોય છે. પાપથી બચવા એ હોય છે પણ એ વસ્તુ ધર્મ નથી. તેમ એ ધર્મનું કારણ પણ નથી. વસ્તુ આવી છે. આહાહા..!

**ભાવાર્થ :-** '**જો અનંત સિદ્ધ હુએ વે સમભાવકે પ્રસાદ સે હુએ હૈં,...**' એનો અર્થ કે વ્યવહારથી થયું એમ નહિ, એમ કહે છે. સમભાવથી, વીતરાગભાવથી મોક્ષ થયો છે. રાગભાવથી થયો એમ નથી. આહાહા..! વ્યવહારથી મોક્ષ થાય એમ છે નહિ. વ્યવહાર તો

બંધનું કારણ છે. આહાહા..! **'જો અનંત સિદ્ધ હુએ વે સમભાવકે પ્રસાદ સે હુએ હૈં,...'** આહાહા..! અંતરમાં પુણ્યના પરિણામથી રહિત, વ્યવહારથી રહિત સમભાવ જે વીતરાગી પરમાનંદ ગર્ભિત અનુભવ, એ સમભાવથી સિદ્ધ થયા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ઔર જો હોવેંગે, ઈસી ભાવ સે હોંગે.'** ભવિષ્યમાં અનંત સિદ્ધો થશે એ આ ભાવથી થશે. એક જ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' આહાહા..! સમભાવરૂપી અમૃતના સ્વાદિયાઓ.. આહાહા..! એ અનંત સિદ્ધ થયા છે. એમ કહે છે. સમજાણું કાંઈ? એ રાગના રસિયાઓ બંધનમાં પડ્યા છે. ભલે શુભરાગ હો. એ રાગનો રસ તો આકુળતા-દુઃખ છે. અને સમભાવનો સ્વભાવ વીતરાગી આનંદ ગર્ભિત સમભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! પહેલું તો સમજવું કઠણ પડે. એવી ચીજ છે, બાપુ! દુનિયા ગમે તે માનો. સત્યને કાંઈ આંચ નથી. સત્ય તો સત્ય છે. આહાહા..!

અહીં એ કહે છે, **'ઈસી ભાવ સે હોંગે.'** વીતરાગી પરમાનંદના વેદન દ્વારા અનંતા સિદ્ધ થયા અને સિદ્ધ થશે. આહાહા..! **'ઈસલિયે જ્ઞાની સમભાવકે સિવાય અન્ય ભાવોં મેં રાગ નહીં કરતે.'** આહાહા..! પોતાનો જે વીતરાગી ભાવ, પુણ્ય-પાપના ભાવ વિષમભાવથી રહિત એવો જે આત્માનો સમભાવ સ્વભાવ, એને છોડીને એ રાગ કરતા નથી. આહાહા..! **'ઈસ સમભાવકે બિના અન્ય ઉપાયસે શુદ્ધાત્માકા લાભ નહીં હૈ.'** લ્યો! કોઈ રાગાદિનો ઉપાય વ્યવહાર કરે અને પછી નિશ્ચય થાય એમ છે નહિ. આહાહા..! **'અન્ય ઉપાયસે શુદ્ધાત્માકા લાભ નહીં હૈ.'** આહાહા..! **'એક સમભાવ હી ભવસાગરસે પાર હોનેકા ઉપાય હૈ.'** છે? આહાહા..! એમ બતાવીને પુણ્ય પરિણામ પણ વિષમભાવ છે, એનાથી સમભાવ થાય નહિ અને એનાથી સિદ્ધિ થાય નહિ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'એક સમભાવ હી ભવસાગરસે પાર હોનેકા ઉપાય હૈ.'** ભવસાગર. ઓહોહો..! ચોર્યાશી લાખના અવતાર(રૂપ) દરિયો, ચોર્યાશી લાખ યોનિ. એક એક યોનિમાં અનંત અવતાર ભવસિંધુ-ભવનો દરિયો મોટો દુઃખનો. ચોર્યાશી લાખના અવતાર, પ્રભુ! એ ભવસાગરને પાર ઉતરવાનો ઉપાય તો એક સમભાવ છે. આહાહા..! સમભાવ એટલે વીતરાગભાવ. રાગભાવ નહિ એમ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'એક સમભાવ હી ભવસાગરસે...'** ચોર્યાશી લાખ યોનિ. એક એક યોનિમાં અનંત અવતાર કર્યા. કીડાના, કાગડાના, કૂતરાના... આહાહા..! એક એક નરકમાં અનંતવાર જન્મ્યો. ૩૩-૩૩ સાગર નરકમાં પાણીનો બિંદુ નહિ, આહારનો કણ નહિ અને જન્મથી સોળ રોગ, એને કોઈ દવા નહિ ત્યાં. આહાહા..! સૂવાને ઓટલો નહિ, ઓઢવાને વસ્ત્ર નહિ. આહાહા..! એવા એણે ૩૩ સાગર એવા અનંતા કાઢ્યા. એક નહિ. એ મોટો ભવસમુદ્ર. આહાહા..! એને ઉતરવાનો ભાવ એક સમભાવ છે. ભવસાગરથી પાર ઉતરવાનો. વીતરાગમૂર્તિ આત્મા, એની વીતરાગી પર્યાય એ એક ભવસાગરને પાર ઉતરવાનો ઉપાય છે. આહાહા..!

**'ઈસ સમભાવકે બિના અન્ય ઉપાયસે શુદ્ધાત્માકા લાભ નહીં હૈ. એક સમભાવ હી**

**ભવસાગરસે પાર હોનેકા ઉપાય હૈ. સમભાવ ઉસે કહતે હૈં,...**' એ વાત થઈ ગઈ. સમભાવ-સમભાવ સાધારણ માણસ ક્રોધ ન કરે એટલે સમભાવી છે, એમ નહિ. સમભાવની વ્યાખ્યા પંચેન્દ્રિયના વિષય તરફના ઝુકાવના રાગરહિત... આહાહા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર અને દેવ-ગુરુ-શાસ્ત્ર પણ ઇન્દ્રિયનો વિષય છે. ૩૧ ગાથામાં કહ્યું છે ને? '**जो इंदिये जिणित्ता**' દ્રવ્ય ઇન્દ્રિય જડ, ભાવ ઇન્દ્રિય ક્ષયોપશમનો અંશ અને ઇન્દ્રિયના વિષયો તે પણ ઇન્દ્રિય. ભગવાન અને ભગવાનની વાણી પણ ઇન્દ્રિયમાં જાય છે, અણિન્દ્રિયમાં નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**પંચેન્દ્રિયકે વિષયોંકી અભિલાષાસે...**' આહાહા..! પાંચેય ઇન્દ્રિયના શુભ-અશુભભાવને સાંભળવો, એની અભિલાષા રહિત. આહાહા..! અણિન્દ્રિય એવો જે ભગવાનઆત્મા, વીતરાગ પરમાનંદ સહિત.. આહાહા..! પર્યાયમાં, હોં! વસ્તુ તો વીતરાગ પરમાનંદ નિર્વિકલ્પ નિજભાવ ત્રિકાળ છે. અહીં એની પર્યાયની વાત છે.

મુમુક્ષુ :- સમભાવને કારણ કીધું?

ઉત્તર :- સમભાવ પર્યાયની વાત છે. એ સમભાવ પ્રગટ્યો ક્યાંથી? કે વીતરાગ નિર્વિકલ્પ ત્રિકાળી સ્વરૂપ છે તેમાંથી, એટલે કે તેને આશ્રયે. આહાહા..! સમજાણું કાંઈ? એ પુણ્યને આશ્રયે પ્રગટ્યો નથી, એમ કહે છે. આહાહા..! વ્યવહાર બહુ સારો કર્યો માટે એને આ સમભાવ પ્રગટ્યો. વિષમભાવ કરતા કરતા સમભાવ પ્રગટે એમ નથી. આહાહા..! પુણ્ય પરિણામ પણ વિષમભાવ છે. એને છોડી વીતરાગ પરમાનંદ સહિત નિર્વિકલ્પ નિજભાવ, નિર્વિકલ્પ નિજભાવ.. આહાહા..! એ એક જ ઉપાય છે. આહાહા..! એ સમભાવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય આવી ગયા. સમભાવમાં. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર ત્રણેય સમભાવની વ્યાખ્યા.

પહેલા આવી ગયું છે ૩૯ ગાથામાં કે બાર અંગની બધી ટીકા સમભાવ છે. સમભાવની ટીકા છે બધી. એટલે કે વીતરાગભાવની જ એ બધી ટીકા છે. આહાહા..! પહેલા આવી ગયું છે ઈ. ઓહોહો..! એટલે કે એનો અર્થ કે વીતરાગ પર્યાય જે છે એને બતાવવા આખું શાસ્ત્ર છે. હવે એ વીતરાગી પર્યાય પ્રગટે કેમ? કે વીતરાગી પરમાનંદનો નાથ ભગવાન છે તેને અવલંબે પ્રગટે. નિજ અવલંબે પ્રગટે, પર અવલંબે પ્રગટે નહિ. આહાહા..! શાસ્ત્રનું તાત્પર્ય એ અને સમભાવની આખી ટીકા કહે છે બાર અંગની. એટલે કે ચારેય અનુયોગમાં સાર તો વીતરાગતા બતાવી. વીતરાગતા એ સમભાવ છે. સમભાવ એ મોક્ષનું કારણ છે. તો એ સમભાવ પ્રગટે કેમ? એ તો પર્યાય છે. ત્રિકાળી સમભાવી વસ્તુ ભગવાન એને અવલંબે પ્રગટે. નિજ અવલંબે પ્રગટે, પર અવલંબે તો વિષમભાવ ઉત્પન્ન થાય. ચાહે તો ભગવાનની વાણી હોય તોપણ વિષમ પુણ્યભાવ ઉત્પન્ન થાય. આહાહા..! આવી વાતું છે. સમજાણું કાંઈ? એ ૪૭ થઈ.

अथ ज्ञानी कमप्यन्यं न भणति न प्रेरयति न स्तौति न निन्दतीति प्रतिपादयति –

१७५) भणइ भणावह णवि थुणइ णिदह णाणि ण कोइ।
सिद्धिहिं कारणु भाउ समु जाणंतउ पर सोइ।।४८।।

भणति भाणयति नैव स्तौति निन्दति ज्ञानी न कमपि।
सिद्धेः कारणं भावं समं जानन् परं तमेव।।४८।।

भणइ इत्यादि। भणइ भणति नैव भणावह नैवान्यं भाणयति न भणन्ते प्रेरयति णवि थुणइ नैव स्तौति णिदइ णाणि ण कोइ निन्दति ज्ञानी न कमपि। किं कुर्वन् सन्। सिद्धिहिं कारणु भाउ समु जाणंतउ पर सोइ जानन्। कम्। परं भावं परिणामम्। कथंभूतम्। समु समं रागद्वेषरहितम्। पुनरपि कथंभूतं कारणम्। कस्याः। सिद्धेः परं नियमेन सोइ तमेव सिद्धिकारणं परिणाममिति। इदमत्र तात्पर्यम्। परमोपेक्षासंयमभावनारूपं विशुद्धज्ञानदर्शननिजशुद्धात्मतत्त्वसम्यक्-श्रद्धानज्ञानानुभूतिलक्षणं साक्षात्सिद्धिकारणं कारणसमयसारं जानन् त्रिगुप्तावस्थायां अनुभवन् सन् भेदज्ञानी पुरुषः परं प्राणिनं न भणति न प्रेरयति न स्तौति न च निन्दतीति।।४८।।

---

आगे कहते हैं, कि ज्ञानीजन समभावका स्वरूप जानता हुआ न किसीसे पढ़ता है, न किसीको पढ़ाता है, न किसीको प्रेरणा करता है, न किसीकी स्तुति करता है, न किसीकी निंदा करता है –

गाथा – ४८

अन्वयार्थ :– [ ज्ञानी ] निर्विकल्प ध्यानी पुरुष [ कमपि न ] न किसीका [ भणति ] शिष्य होकर पढ़ता है, न गुरु होकर किसीको [ भाणयति ] पढ़ाता है, [ नैव स्तौति निंदति ] न किसीकी स्तुति करता है, न किसीकी निंदा करता है, [ सिद्धेः कारणं ] मोक्षका कारण [ समं भावं ] एक समभावको [ परं ] निश्चयसे [ जानन् ] जानता हुआ [ तमेव ] केवल आत्मस्वरूपमें अचल हो रहा है, अन्य कुछ भी शुभ–अशुभ कार्य नहीं करता।

भावार्थ :– परमोपेक्षा संयम अर्थात् तीन गुप्तिमें स्थिर परम समाधि उसमें आरूढ जो परमसंयम उसकी भावनारूप निर्मल यथार्थ सम्यग्दर्शन, सम्यग्ज्ञान, सम्यक्चारित्र वही जिसका लक्षण है, ऐसा मोक्षका कारण जो समयसार उसे जानता हुआ, अनुभवता हुआ, अनुभवी पुरुष न किसी प्राणीको सिखाता है, न किसीसे सीखता है, न स्तुति करता है, न निंदा करता है। जिसके शत्रु, मित्र, सुख, दुःख, सब एक समान हैं।।४८।।

---

હવે, જ્ઞાની પુરુષ અન્ય પાસેથી કંઈપણ ભણતો નથી અને અન્યને પ્રેરતો નથી (ભણાવતો નથી) કોઈની સ્તુતિ કે નિંદા કરતો નથી, એમ કહે છે :

**ભાવાર્થ : પરમ ઉપેક્ષાસંયમની ભાવનારૂપ વિશુદ્ધજ્ઞાનદર્શનવાળા નિજશુદ્ધાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન્, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્અનુભૂતિ જેનું સ્વરૂપ છે એવા સાક્ષાત્ મોક્ષના કારણરૂપ કારણસમયસારને જાણતો થકો, ત્રણ ગુપ્તિથી ગુપ્ત અવસ્થામાં અનુભવતો ભેદજ્ઞાની પુરુષ બીજા પ્રાણી પાસેથી ભણતો નથી અને બીજા પ્રાણીને પ્રેરતો નથી (અર્થાત્ ભણાવતો નથી), કોઈની સ્તુતિ કરતો નથી કે કોઈની નિંદા કરતો નથી. ૪૮.**

## ગાથા-૪૮ ઉપર પ્રવચન

હવે વિષમભાવની વ્યાખ્યા થોડી કરે છે. સમભાવ વર્ણવ્યો એ વિષમભાવ રહિત છે. તો વિષમભાવનું શું સ્વરૂપ છે?

‘**આગે કહતે હૈં, કિ જ્ઞાનીજન સમભાવકા સ્વરૂપ જાનતા હુઆ ન કિસીસે પઢતા હૈ,...**’ આહાહા..! કોઈ પાસેથી ભણવું એ તો રાગ છે. આહાહા..! ‘ધન્નાલાલજી’! અરે..! આવી વાતું. ‘**ન કિસીસે પઢતા હૈ, ન કિસીકો પઢાતા હૈ,...**’ નથી કાંઈ ભણતો અને નથી કાંઈ ભણાવતો. ભણાવવું પણ એક વિકલ્પ વિષમભાવ છે. આહાહા..! આવો માર્ગ સાંભળ્યો નથી એને તો એવું લાગે કે આ તે શું વાત કરે છે આવી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પંચમકાળની વાત ચાલે છે. આ પંચમકાળના પુસ્તક છે ને? પંચમકાળને માટે બનાવ્યા છે ને. પંચમકાળના સાધુ છે આ ‘યોગીન્દ્રદેવ’. આહાહા..! સમજાણું કાંઈ? એ તો પહેલું આવી ગયું. પંચમકાળમાં શુક્લધ્યાન નથી. પણ ધર્મધ્યાન તો છે કે નહિ? અને એ ધર્મધ્યાન આત્માના અવલંબે, નિજ અવલંબે થાય છે. પરને અવલંબે ધર્મધ્યાન ન હોઈ શકે. એ પહેલી વાત આવી ગઈ છે. આહાહા..! ભારે આકરી વાતું. આમ શેત્રુંજયની જાત્રા, સમ્મેદશિખરની જાત્રા (કરે), લ્યો. ‘એકવાર વંદે જો કોઈ નરક પશુ ન હોય’. પણ એમાં શું થયું? એ તો એકવાર પુણ્ય થયું હોય તો સ્વર્ગમાં જાય કદાચ. ત્યાંથી પાછા પડવાના હેઠે. આહાહા..!

સમ્મેદશિખરની લાખ-કરોડ જાત્રા કરે નહિ એ તો પરદ્રવ્ય છે. સાક્ષાત્ ત્રિલોકના નાથ તીર્થંકરદેવ સમવસરણમાં બિરાજે છે. ત્યાં જઈને મણિરત્નના દીવે, હિરાના થાળ, કલ્પવૃક્ષના ફૂલે અનંતવાર ભગવાનની પૂજા કરી. એ શુભભાવ (છે). પરદ્રવ્ય ઉપર વલણ છે એ શુભભાવ છે. નિજ અવલંબન વિના શુદ્ધભાવ ક્યાંથી થાય? આત્માના નિજ અવલંબન વિના શુદ્ધભાવ ન થાય. પરના અવલંબે તો શુભ-અશુભ જ થાય. સમજાણું કાંઈ? આહાહા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધા આદિના અવલંબે પાપ થાય.

મુમુક્ષુ :- એ તો કર્યા વિના છૂટકો નથી.

ઉત્તર :- કોણ કરે? અરે..! જીવનના પળ ચાલ્યા જાય છે. મોંઘી મૂલ્યની કિંમતી (પળ) ચાલી જાય છે. એમાં આ સંસારને માટે બાયડી, છોકરા, કુટુંબ અને ધંધા માટે રોકાય એ તો પાપ છે એકલું. આહાહા..! એ બધા પડ્યા રહેશે અને પાપ લઈને ચાલ્યો જશે.

મુમુક્ષુ :- બાયડી-છોકરાને મોકલવા ક્યાં?

ઉત્તર :- ક્યાં પણ હતા એની પાસે? એના ક્યાં હતા તે મોકલવા બીજે? એ તો એના થઈને રહ્યા. એ તારા ક્યાં હતા તે મોકલવા અને રાખવા. આહાહા..! પરદ્રવ્યને રાખવું અને પરદ્રવ્યને બીજે મોકલવું એવું છે? એ તો પરદ્રવ્ય છે. આહાહા..!

મુમુક્ષુ :- એના વગર કામ ચાલે કેવી રીતે?

ઉત્તર :- એના વિના જ રહ્યો છે. સ્વથી રહ્યો છે અને પરથી નથી. ત્યારે ટકી રહ્યો છે. સ્ત્રી, કુટુંબ, શરીર, કર્મના અભાવથી એની નાસ્તિ જીવમાં છે. ત્યારે તો એની અસ્તિ ટકી રહી છે. એને લઈને ટકી છે? આહાહા..!

એ પ્રશ્ન થયો હતો ત્યાં 'બોટાદ', 'બોટાદ'. (સંવત) ૨૦૧૦ની સાલ. એમ કે આ લક્ષ્મી વિના કાંઈ ચાલે છે? એમ પૂછ્યું હતું. એક 'હરજીવનભાઈ' હતા. 'સમઢિયાળા'વાળા 'નાગરભાઈ'ના ભાઈ. આમ સ્વામિનારાયણ હતા. પણ એના ભાઈ અહીં હતા, 'નાગરભાઈ' અહીંયાં. પછી એણે પ્રશ્ન કર્યો હતો. વ્યાખ્યાન ચાલતું હતું 'બોટાદ'. ૨૦૧૦ની સાલ. પંચકલ્યાણક હતા ને? વેદી પ્રતિષ્ઠા. આ પૈસા વિના કાંઈ ચાલે છે? મેં કીધું, પૈસા વિના ત્રણ કાળે આત્માએ રોળવ્યું છે. કેમકે પૈસો પર છે એનાથી અભાવરૂપે આત્મા છે. આહાહા..!

મુમુક્ષુ :- ત્યાગીઓ તો એમ જ કહે.

ઉત્તર :- વસ્તુનું સ્વરૂપ એમ છે. આ એક આંગળી આ આંગળીના અભાવે રહી છે. કે આને લઈને આ રહી છે?

મુમુક્ષુ :- ન્યાય બરાબર છે પણ ..

ઉત્તર :- વાત બધી ખોટી છે. આહાહા..! સ્વતત્ત્વમાં પરતત્ત્વનો ત્રણે કાળે અભાવ છે. એ અભાવથી જ પોતાનો ભાવ ટકી રહ્યો છે. હવે એ માને કે આ ભાવથી મને ટકવું થાય. મૂર્ખાઈ છે મોટી. આહાહા..! સેવા કરનાર હોય, કામ કરનાર હોય, બધા અનુકૂળ હોય. કોણ સેવા કરે? પ્રભુ! તને ખબર નથી.

મુમુક્ષુ :- સેવા કરનાર ન હોય તો અહીંથી ઘરે પહોંચાય શી રીતે?

ઉત્તર :- કોણ પહોંચે? એ તો શરીરને પહોંચવું હોય તો જાય. આત્મા કાંઈ પહોંચે? શરીર ઘરે લઈ જવું એ આત્માથી લઈ જવાય છે? શરીરનો એ સમયનો ક્રિયાવર્તીનો પર્યાય ગતિ કરીને જવાનો હોય તો એને લઈને જાય, આત્માથી નહિ. આહાહા..! આવી વાતું, બાપુ! ભેદજ્ઞાન કોને કહે? કે જે પરતત્ત્વ અને સ્વતત્ત્વ તદ્દન ભિન્ન (છે). એ પરતત્ત્વથી સ્વતત્ત્વમાં કાંઈ થાય અને સ્વતત્ત્વથી પરમાં કાંઈ થાય, એમ છે નહિ. આહાહા..! પાંચ-પચાસ વર્ષની ઉંમરું, એમાં ચાલીસ-પચાસ ન્યાં નાખે. રળવું ને વિષય ને આબરૂ ને બૈરા,

છોકરા મારી નાખ્યા એને. આહાહા..! પોતાને જાવું મરીને ક્યાંય ચાલ્યો. આહાહા..! ચોર્યાશીના અવતારમાં રખડતો, રઝળતો. કોઈ ત્યાં સહાય કરવા આવતું નથી. આહાહા..!

અહીં તો એ કહે છે, જુઓ તો આચાર્યએ ક્યાં સુધી વાત લીધી છે! કે '**ન કિસીસે પઢતા હૈ, ન કિસીકો પઢાતા હૈ,...**' પરને ભણાવવું એ પણ એક વિકલ્પ રાગ છે. આહાહા..! વ્યાખ્યા તો જુઓ! ભણવું એ પણ રાગ છે અને ભણાવવું એ પણ રાગ છે. એમ વ્યાખ્યા કરી છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ દીનતા લખ્યું છે.

ઉત્તર :- દીનતા છે. પોતે કહેતા બીજો માને તો રાજી થાય, ન માને તો કરાજી થાય. એનો અર્થ... આહાહા..! સભા ખુશી થાય તો એને ઠીક પડે. એનો અર્થ શું? આહાહા..! બાપુ! મારગડા જુદા, નાથ! તારા સમભાવના માર્ગ એવા છે. આહાહા..!

એ જ કહ્યું, જુઓને! '**ન કિસીકો પ્રેરણા કરતા હૈ,...**' ઠીક! વિકલ્પથી આ કર તું. આ પુસ્તક બનાવ કે ફલાણું કર, એ પ્રેરણા નથી કરતા. કેમકે પ્રેરણા કરવી એ વિષમભાવ છે. હજી એને વિષમ અને સમભાવની વ્યાખ્યાની ખબર ન મળે. એ તો (એમ કહે છે, અમે) ભગવાનને નામે પ્રેરણા કરી એમાં રાગ ક્યાંથી આવ્યો? પણ એ પોતે જ રાગ છે. સમજાણું કાંઈ? આહાહા..! શાસ્ત્ર બનાવો, મંદિર બનાવો, મકાન બનાવો એ પ્રેરણાનો ભાવ પણ રાગ છે. આહાહા..!

અહીં તો રાગરહિત સમભાવની વ્યાખ્યા કરવી છે ને? ભલે હો રાગ, પણ છે વિષમભાવ. આહાહા..! એ ભણવું અને ભણાવવાના ભાવથી ધર્મ થાય કે મોક્ષ થાય.. આહાહા..! ઘણા માણસો રાજી થાય અંદર અને ધર્મ પામે, માટે આત્માને મોક્ષ થાય, એમ હશે? આહાહા..! અને એકેય માણસ ધર્મ ન પામે અને એનો ઉપદેશ ખાલી જાય એથી એને નુકસાન થશે? આહાહા..! આવી વાતું છે, ભાઈ! એક કોર કહેવું કે નવ તત્ત્વ જુદાં છે અને એક કોર કહે કે આસ્રવતત્ત્વથી આત્માને લાભ થાય. તો બે તત્ત્વ એક થઈ ગયા. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહાર તે આસ્રવતત્ત્વ છે?

ઉત્તર :- આસ્રવતત્ત્વ જ છે. આહાહા..! વ્યવહાર છે એ આસ્રવતત્ત્વ (છે), આખો શુભરાગ છે. દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ પણ શુભરાગ છે. પંચમહાવ્રતના પરિણામ શુભરાગ છે. શાસ્ત્રનું જ્ઞાન પરલક્ષી કરવું એ પણ એક વિકલ્પ રાગ છે. આહાહા..!

'**ન કિસીકો પ્રેરણા કરતા હૈ, ન કિસીકી સ્તુતિ કરતા હૈ,...**' ભગવાનની સ્તુતિ નહિ. કારણ કે ભગવાનની સ્તુતિ કરે તો રાગ છે. આહાહા..! હો, પણ છે રાગ. એનું એને જ્ઞાન થવું જોઈએ ને? આહાહા..! અહીં તો તદ્દન શુભભાવની વ્યાખ્યા ચાલે છે. કહો, શેઠ! ભગવાનની સ્તુતિ કરવી એ રાગ છે. શાસ્ત્ર વાંચવા, વંચાવવા, અરેરે..! વેચવા એ બધા વિકલ્પ છે. આહાહા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન, એમાં એ વિકલ્પને અવકાશ ક્યાં છે? આવે તો એ વિષમભાવ છે એમ એણે જાણવું. મને લાભદાયક છે એનાથી... આહાહા..! ઘણા

માણસો સમજે તો મને કાંઈ એનો લાભ મળે, એમ નહિ હોય? તો તમે શું કરવા ઉપદેશ આપો છો? અરે..! ભગવાન! બાપુ! ઉપદેશને કાળે ઉપદેશ હોય છે. વિકલ્પ પણ હોય છે. પણ એ સમભાવ નથી. આહાહા..! એવી વાત છે.

**'ન કિસીકી સ્તુતિ કરતા હૈ, ન કિસીકી નિંદા કરતા હૈ-'** આ ખરાબ છે, આ જૂઠી શ્રદ્ધા છે એવો પછી વિકલ્પ છે જ નહિ સમભાવમાં. એમ કહે છે. એ પણ વિકલ્પ છે. સત્યને સ્થાપન કરવું અને અસત્યને ઉથાપવું... આહાહા..! એ પણ એક વિકલ્પ છે. આહાહા..! સમભાવની વ્યાખ્યા તો જુઓ! આહાહા..! હોય, પણ છે એ વિષમભાવ. એને છોડીને ઠરશે એ મુક્તિનું કારણ છે. એમાં પ્રેરણા કરીને આટલા મંદિરો બનાવ્યા, આટલા પુસ્તકો કર્યા. લ્યો! વીસ લાખ પુસ્તક થયા છે. ચૌદ લાખ તો અહીંથી (છપાણા) અને છ લાખ 'જયપુર'થી. 'હુકમચંદજી'એ છ લાખ છપાવ્યા. ચૌદ લાખ અહીંયાં છપાણા. 'રામજીભાઈ'એ છપાવ્યા. આહાહા..! કહે છે કે એ તો વિકલ્પ છે, બાપુ! આહાહા..!

મુમુક્ષુ :- વિકલ્પ ભલે હો પણ ઘણાને લાભ તો થયો ને?

ઉત્તર :- કોને લાભ થાય?

મુમુક્ષુ :- જગતને લાભ થયો.

ઉત્તર :- જગતને એનાથી લાભ થાય? કે એના આત્માના આશ્રયે (થાય)? આહાહા..!

'શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે.' દિશા તો એણે જોઈ છે. ઝીણી વાતું બહુ, બાપુ! લોકોને વ્યવહારના રસીલાને તો આ વાત એવી લાગે. આહાહા..! ધર્મના નામનો વ્યવહાર પણ વિકલ્પ છે. સંસારના પાપની તો વાત શું કરવી? આહાહા..! સમજાણું કાંઈ? 'પરમાત્મપ્રકાશ' છે ને! સમભાવની વ્યાખ્યા કરતા આ બધો વિષમભાવ છે એમ જણાવવું છે. એ વિષમભાવ સમભાવવાળો કરતો નથી એમ જણાવવું છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ન કિસીકી નિંદા કરતા હૈ-'** ૪૮.

**૧૭૫) भणइ भणावह णवि थुणइ णिदह णाणि ण कोइ।**

**सिद्धिहिँ कारणु भाउ समु जाणंतउ पर सोइ।।४८।।**

**અન્વયાર્થ :- 'નિર્વિકલ્પ ધ્યાની પુરુષ...'** અહીં તો ધ્યાનમાં પડ્યો હોય છે એની વાત લીધી. કારણ કે વિકલ્પ ઊઠે છે એ તો વિષમભાવ છે. આહાહા..! અને જે અંતરમાં આત્માના ધ્યાનમાં મસ્ત થઈ ગયો છે એ સમભાવ છે. આહાહા..! અહીં તો હજી સંસારના ધંધાથી નિવર્તવું હોય તો પાણી ઉતરે છે એને. કેમ નિવર્તાય? આપણા છોકરા-બોકરાને આપણા અનુભવનો લાભ દેવો જોઈએ ને? આપણે આટલા વર્ષ ગાળ્યા, પચાસ વર્ષ. એનો અનુભવ (દેવો જોઈએ), છોકરાને બધી ખબર ન હોય.

મુમુક્ષુ :- એના છોકરાને શીખવવું.

ઉત્તર :- થોડું શીખવવું એને દુકાને બેસાડીને. હોળી છે ન્યાં.

અહીં તો ધર્મના નામનું શીખવવું, ભણવું, પ્રેરણા એ રાગ છે. શેઠ! આવી વાત છે,

બાપુ! આહાહા..! એકકોર કહે કે શાસ્ત્રનો અભ્યાસ કરવો, પણ સ્વલક્ષે કરવો. એમ. જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા એના લક્ષે (કરવો). અહીં કહે છે કે ભણવું, ભણાવવું એ રાગ છે. આહાહા..! અને જાણે કાંઈ બોલતા આવડ્યું હોય વધારે એ વધારે જ્ઞાની કહેવાય. બોલતા ન આવડે એ ઓછો જ્ઞાની. એમ હશે? એમ છે નહિ, ભાઈ! આહાહા..! ભણવું અને ભણાવવું પણ, કહે છે કે સમભાવ નહિ. આ વ્યાખ્યા. એ રાગ છે. ભણવું, ભણાવવામાં શુભરાગ છે. ત્યાં કાંઈ અશુભરાગ નથી. પણ એ છે રાગ. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શુભભાવ જ છે અહીં એકલો.

**'નિર્વિકલ્પ ધ્યાની પુરુષ ન કિસીકા શિષ્ય હોકર પઢતા હૈ,...'** એનો અર્થ કે શિષ્ય થઈને પઢે છે ત્યાં સુધી એનો વિકલ્પ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા..! **'ન કિસીકા શિષ્ય હોકર પઢતા હૈ, ન ગુરુ હોકર કિસીકો પઢાતા હૈ,...'** આહાહા..! આવી વાત એવી લાગે. વ્યવહાર છે એ બધો. ભણવું-ભણાવવું એ વ્યવહાર છે, એ હેય છે. આહા..! જે આત્મામાં ઠરી ગયા છે એને એ વ્યવહાર છે નહિ, ત્યારે એને લાભ થાય છે. આહાહા..! આવી વાતું છે. એકાંત છે.. એકાંત છે... આ બધું એમ કહે (છે). કહો, ભાઈ! ભગવાન 'પરમાત્મપ્રકાશ'ને. આહાહા..! 'સમ્યગ્જ્ઞાન દિપીકા' નીકળી દિગંબરનો ગ્રંથ. એટલે હવે એમાં ફાવ્યા નહિ. 'સમ્યગ્જ્ઞાન દિપીકા'માં વાંક કાઢ્યો હતો કે અહીંનું છે અને નીકળ્યો દિગંબરનો ગ્રંથ. એની ખબર ન મળે એને. હવે નિયતવાદ કાઢ્યો. કેમ કે, જે સમયે જે પર્યાય થાય તે થવાની એ તો નિયત થઈ ગયું. પણ નિયત એ નિશ્ચય છે. જે સમયે જે પર્યાય થાય તે નિશ્ચય છે એમ આવે છે. 'આત્માવલોકન' અને 'અનુભવપ્રકાશ'. નિશ્ચયનો અધિકાર છે ને ત્યાં (આવે છે). જે સમયે જે જ્યાં થવાનું તે નિશ્ચય છે અને એમાં જ અંતર આત્માનો આશ્રય છે. આહાહા..! સમજાણું કાંઈ? શું થાય? વાત જ બધી ઊલ્ટી થઈ ગઈ હતી ને. આ શેઠિયાઓએ વળી પક્ષ એટલો કર્યો કે આ ખરાબ કર્યું છે. આ પુસ્તકોને પાણીમાં નાખ્યા, એટલો કાળ હજી.. બધા શેઠિયા 'જયપુર' ભેગા થઈને (વિરોધ કર્યો). ખુબ લખાણ આવ્યું છે, હોં! ભાઈ 'શાહુજી' તો ગળગળા થઈને બોલ્યા બિચારા. ગળગળા થઈને. અરે..રે..! 'કુંદકુંદાચાર્ય'ની ગાથાઓ, 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકાઓ, એનો અનુવાદ અને એને પાણીમાં બોળવા એ નરક-નિગોદમાં જાશે. કાલે 'જગનમોહનલાલજી'નું લખાણ છે. નરક-નિગોદ પામશે બિચારા. આવું? આહાહા..!

મુમુક્ષુ :- નિગોદ કહેતા એનાથી પણ કાંઈ ડરતા નથી.

ઉત્તર :- ના, ના છે જ. વાત તો એ જ છે. એ તો પોતાની માન્યતામાં સજ્જડ હોય છે ને. આહાહા..!

**'ન કિસીકી સ્તુતિ કરતા હૈ, ન કિસીકી નિંદા કરતા હૈ,...'** આહાહા..! **'મોક્ષકા કારણ એક સમભાવકો નિશ્ચયસે જાનતા હુઆ...'** આહાહા..! મોક્ષનું કારણ તો એક વીતરાગભાવ છે. એને ખરેખર જાણતો. **'તમેવ'** **'કેવલ આત્મસ્વરૂપમેં અચલ હો રહા**

હૈ,...' '**કેવલ આત્મસ્વરૂપમેં અચલ હો રહા હૈ, અન્ય કુછ ભી શુભ–અશુભ કાર્ય નહીં કરતા.**' આહાહા..! શુભકાર્ય પણ બંધનું કારણ છે, રાગ. રાગ, હોં! દેહના કાર્યને કરે એ પ્રશ્ન નથી. દેહના અને મંદિરના કાર્ય કરી શકે શુભના એ તો કરી શકતો પણ નથી. આહાહા..! પણ શુભ-અશુભભાવ જે છે એ કાર્ય પણ જીવનું નથી. આહાહા..!

'**અન્ય કુછ ભી શુભ–અશુભ કાર્ય નહીં કરતા.**' એકદમ સમભાવનું વર્ણન છે ને? અને એ દ્વારા એને વિષમભાવનું જ્ઞાન કરાવવું છે. એમ કે ભણવું-ભણાવવું પ્રેરણા (કરવી) એ તમે જાણો કે કોઈ ધર્મ છે, એ વીતરાગભાવ છે, એમ નથી. એમ કરીને ઓલો વિષમભાવ છે એમ બતાવવું છે. સમજાણું કાંઈ? ભાવાર્થમાં લેશે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, કારતક વદ ૪, ગુરુવાર
## તા. ૧૧-૧૧-૧૯૭૬, ગાથા-૪૮, ૪૯, પ્રવચન નં. ૧૩૦

'પરમાત્મપ્રકાશ'. ૪૮ ગાથા ચાલે છે ને? ૪૮નો ભાવાર્થ.

'**પરમોપેક્ષા સંયમ...**' કહેવા શું માગે છે? જેને અંદર પરમ ઉપેક્ષા, પરથી ઉપેક્ષા થઈને સ્વરૂપમાં સમભાવ પ્રગટ્યો છે એને મુક્તિનું કારણ છે. એ પહેલા ભણવું, ભણાવવું એ બધા રાગના કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ વાત કહે છે. બીજા પાસે શીખવું કે શીખવાડવું એ પણ એક વિકલ્પ છે, રાગ છે. એ રાગ છોડવા જેવો છે એટલે રાગને છોડીને પરમ ઉપેક્ષામાં સમભાવમાં રહેશે તેને મુક્તિ થશે. આહાહા..! સમજાણું કાંઈ? '**પરમોપેક્ષા સંયમ અર્થાત્ તીન ગુપ્તિમેં સ્થિર પરમ સમાધિ ઉસમેં આરૂઢ...**' અહીં તો એ વાત કરવી છે કે જે વિકલ્પો છે એ હોય સમ્યગ્દૃષ્ટિને, પંચમ ગુણસ્થાનમાં (હોય), મુનિને પણ, એ હોય. પણ એ વિકલ્પો બંધના કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહાર છે એને સાધન કહે છે.

ઉત્તર :- એ વ્યવહારનો અભાવ કરે તો મુક્તિ થાય. આહાહા..! ઉપદેશ કરવો, સાંભળવું, શીખવવું.. ઓહોહો..! શાસ્ત્ર વાંચન કરવું, એ હો, પણ છે વિકલ્પ. રાગ છે એમ સમાધાન અહીં કરવું છે. આહાહા..! એથી એ રાગ છે એ સાધન નથી. એનો અભાવ કરીને સમભાવ કરે એ સાધન છે. આહાહા..! ઝીણી વાત, ભાઈ! સમજાય છે કાંઈ? વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય એમ કહ્યું છે. એ તો આરોપિત સાધનને ઓળખાવ્યું છે. આહાહા..!

અહીં તો કહે છે કે '**પરમસંયમ ઉસકી ભાવનારૂપ નિર્મલ યથાર્થ સમ્યગ્દર્શન,...**' શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપની અંતર અનુભવમાં પ્રતીતિ (થવી) એટલે કે જે

વસ્તુ છે તેની જ્ઞાનની પર્યાયમાં તેનું જ્ઞાન થતાં એની અંતરમાં 'આ આત્મા' એમ પ્રતીતિ થવી, જ્ઞાનમાં જણાણો આત્મા એની (પ્રતીતિ). આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય જે પૂર્ણ સ્વરૂપ એ પર્યાયમાં જણાણું. પર્યાયમાં એ આવ્યું નહિ. દ્રવ્ય જે સ્વરૂપ, દ્રવ્યસ્વરૂપ એ પર્યાયમાં આવ્યું નહિ, પણ પર્યાયમાં એનું જ્ઞાન આવ્યું. આહાહા..! એવા જ્ઞાનમાં આત્મા જાણ્યો એમાં પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્દર્શન (છે). સમજાણું કાંઈ?

'**પરમસંયમ ઉસકી ભાવનારૂપ...**' ભાવના એટલે અંદર એકાગ્રતા. આહાહા..! '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર વહી જિસકા લક્ષણ હૈ,** આહાહા..! **ઐસા મોક્ષકા કારણ જો સમયસાર ઉસે જાનતા હુઆ,...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ભગવાનઆત્માને રમણતા કરતા, જાણતો થકો.. આહાહા..! '**અનુભવતા હુઆ,...**' અહીં તો ઓલો વિકલ્પ છે ભણવું, ભણાવવું એને છોડવાનું કહેવું છે ને? છોડવાનું કેમ? કે એ બંધના કારણ છે. આહાહા..! ભણવું, ભણાવવું એ બંધના કારણ (છે), એ પછી સાધક કેમ થાય? આવી વાત છે. વીતરાગમાર્ગ. જે શાસ્ત્રનો ઉપદેશ કરવો એ વિકલ્પ છે. છદ્મસ્થને. કેવળીને તો ઈચ્છા વિના વાણી નીકળે છે. આહાહા..! અને સાંભળવામાં પણ ઈચ્છા રાગભાવ છે. એ રાગને બંધનું કારણ ગણીને, એને છોડીને ઠરે છે તેને મુક્તિ થશે એમ કહે છે. આહાહા..! આવો માર્ગ!

ત્યારે કોઈ કહે, પણ એ તો એમ થાય પણ એ પુરુષાર્થથી જ થાય ને એમાં. જે સમયે થવાનું હોય ત્યારે થાય એમ તમે કહો છો. 'પ્રવચનસાર' એમ જ કહે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય તે તેના કાળે થાય છે. એનો ક્ષણ જે સમય છે તે કાળે તે થાય છે. આહાહા..! એના કાળે થાય ત્યારે પુરુષાર્થ ક્યાં રહ્યો એમાં? એ તો નિયત થઈ ગયું. ભાઈ! તેને કાળે થાય છે એવો નિર્ણય સ્વદ્રવ્યના નિર્ણયમાં થાય છે. આહાહા..! સ્વદ્રવ્ય જ્ઞાયકભાવની પૂર્ણતાના નિર્ણયમાં એ કાળે થાય તેનો નિર્ણય ત્યાં થાય છે. સમજાણું કાંઈ? જેમાં રાગનું કર્તાપણું છે એ છૂટી જાય છે. અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિપણે પરિણમેલો ભગવાનઆત્મા એ જેણે દૃષ્ટિમાં લીધો છે, એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય દ્રવ્યને આશ્રયે થાય છે. એટલે તે સમયે થાય છે એ વાત રાખીને.. ૧૦૨માં તો એ આવ્યું (કે) નિજ ક્ષણે થશે. પણ નિજ ક્ષણે થશે એટલે એનો નિર્ણય કોણ કરે? એ નિર્ણય કઈ રીતે કરે? એ પર્યાય સામું જોઈને નિર્ણય કરે? પર્યાયમાં ઊભો રહીને નિર્ણય કરે? આહાહા..! એ જ પુરુષાર્થ આવ્યો.

એ પર્યાય જે સમયે દર્શન-જ્ઞાન-ચારિત્રની થવાની તે તેનો કાળ છે. પણ તેનો અર્થ એ કે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયનું યથાર્થ જ્ઞાન ક્યારે થયું? કે દ્રવ્યનો આશ્રય લીધો ત્યારે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું છે. એ પુરુષાર્થ છે. એ સ્વભાવ તરફનો પુરુષાર્થ છે. એ કાળ તે સમયે થવાનો તે કાળ, તે કારણ તેમાં સાથે છે. તે સમયે ભવિતવ્યતાનો ભાવ થવાનો તે પણ તે સમયે સાથે છે. આહાહા..! આવી વાત. અને તે જ સમયે કર્મના

નિમિત્તનો પણ સ્વતંત્ર એના કારણે એનો અભાવ છે એટલો. એ પાંચેય સમવાય એક સમયમાં છે. સમજાણું કાંઈ?

આ તો એમ કહે, જે સમયે જે પર્યાય થવાની તે કાળે થાય તો પછી નિમિત્તે કર્યું શું? નિમિત્ત તો નિરર્થક જાય છે. ઉપાદાનની પર્યાયને યોગ્યતા અનેક પ્રકારની હો. પણ જેવું નિમિત્ત આવે એવી પર્યાય થાય તો એણે પુરુષાર્થ કર્યો કહેવાય. એમ કહે. ભાઈ! એમ નથી, બાપુ! તને (વાત) બેઠી નથી.

જ્ઞેયનો સ્વભાવ... આહાહા..! એક બાજુ કહ્યું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જેનું લક્ષણ એ મોક્ષનું કારણ. અને એક બાજુ એમ કહ્યું કે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો જે સમય છે તે કાળે તે થાશે. 'પ્રવચનસાર'ની ૧૦૨ ગાથા. સમજાણું કાંઈ? અને એમ કહ્યું કે વળી તે પર્યાયને પૂર્વના વ્યયની પણ અપેક્ષા નથી. એને ધ્રુવની અપેક્ષા નથી વળી ત્યાં એમ કહ્યું. અહીં કહે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય દ્રવ્યને આશ્રયે થાય છે. એનો અર્થ એ કે એનું લક્ષ ત્યાં જાય છે, બસ એટલું. એ જ પુરુષાર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. આહાહા..!

મુમુક્ષુ :- લક્ષ તો ત્યારે જાય કે જ્યારે કાળ પાકે.

ઉત્તર :- લક્ષ જાય છે ત્યારે કાળ પાક્યાનું જ્ઞાન થાય છે. એ તો કહ્યું ભેગું. ત્યારે કાળલબ્ધિનું જ્ઞાન થયું કે આ સમયે આ થવાનું હતું એનું જ્ઞાન થયું. અમથી (તો) કાળલબ્ધિની ધારણા કરી હતી.

વાત આવે શાસ્ત્રમાં. કાળલબ્ધિ અને ગુરુનો ઉપદેશ, એવું બહુ ઠેકાણે આવે. 'આત્માવલોકન'માં 'અનુભવપ્રકાશ'માં. પણ એ કાળલબ્ધિને 'મોક્ષમાર્ગ પ્રકાશકે' શું કહ્યું? એ મોટી ચર્ચા ચાલી હતી કે કાળલબ્ધિ ભવિતવ્યતા કોઈ ચીજ નથી. એ તો જ્યારે પુરુષાર્થથી થાય એનું નામ કાળલબ્ધિ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું. આહાહા..! આ ચર્ચા તો મોટી ચાલી હતી. (સંવત) ૧૯૮૩માં, 'દામનગર'. શેઠ હતા 'દામોદર શેઠ'. બહુ આગ્રહી બહારના. પુરુષાર્થ નહિ. ભગવાને દીઠું હશે તે દિ' થાશે. એમાં આપણે પુરુષાર્થ શું કરીએ? પણ બાપુ! એ વળી ૧૯૮૩માં ચાલેલું. પહેલી વાત ૧૯૭૨માં ચાલેલી.

ભાઈ! પણ ભગવાન છે એનો આટલો પર્યાય છે. એક સમયમાં અનંતા સિદ્ધોને જાણે અને એક એક દ્રવ્યના અનંત ગુણો, આકાશના પ્રદેશથી અનંતગુણા ગુણો, એવા અનંતા દ્રવ્યના ગુણો જે એક સમયમાં જાણે એવી સમયની પર્યાયની સત્તાનો સ્વીકાર ક્યારે થાય? 'ધન્નાલાલજી'! આ કાંઈ વાતું કરવાની વાતું નથી, બાપુ! આહાહા..! આ છે ભગવાન જગતમાં. આહાહા..! એ જ્યારે સ્વભાવ સન્મુખ થાય, સર્વજ્ઞસ્વભાવનું ભાન-પ્રતીત થાય ત્યારે સર્વજ્ઞની પર્યાય જગતમાં છે એમ એની વ્યવહારે પ્રતીતિ થાય. નિશ્ચયથી અહીં થાય તો ઓલાની વ્યવહાર પ્રતીતિ થાય. આમ છે પણ હવે... આહાહા..!

'સમ્યગ્જ્ઞાન દીપિકા'નું જ્યારે ખોટું પડ્યું એટલે હવે નિયતભાવ લીધો આ ફેરી. જૈન ગેઝેટમાં વર્ધમાન. ભગવાન! શું કરે છે? બાપુ! આહાહા..! એ તો નિયતવાદ છે. કારણ કે

વાત સાચી. જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાનો તેનો ક્ષણ-કાળ છે તે વાત એને ન બેસે. એ તો નિમિત્ત આવે તો થાય. ઘડો થવાનો કાળ છે તો ઘડો થાય છે. ઘડાની ઉત્પત્તિને માટે કુંભારની જરૂર નથી, માટીના પિંડના વ્યયની જરૂર નથી, એને માટીની જરૂર નથી. આ તે (કેવી વાત?). 'ધન્નાલાલજી'! પછી નિયત લાગે.

અરે..! ભગવાન! સાંભળ, બાપુ! વસ્તુ તો એવી છે. એ ભગવાને એવી કીધી છે અને વસ્તુ એવી છે. પણ એનો નિર્ણય ક્યારે થાય? એ જ્ઞાયકસ્વભાવ તરફ ઝુકે એ પુરુષાર્થ છે. ત્યારે એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય થાય. થાય છે તો પોતાને કારણે, પણ આ વખતે એ થયું એનું જ્ઞાન ત્યારે યથાર્થ થાય. સમજાણું કાંઈ? અરે! આટલી વાતું ઝીણી. આહાહા..! તત્ત્વજ્ઞાન ઝીણી વસ્તુ છે. એવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી.

મુમુક્ષુ :- પુરુષાર્થ કરવાનું કહો છો અને નિયત પણ કહો છો.

ઉત્તર :- બેય સાથે છે. નિયત પણ કીધું ને? ૧૦૨ ગાથા અને ૧૦૧ ગાથા 'પ્રવચનસાર'. જે સમયે જેનો ઉત્પાદ તે પર્યાયનો તે સમયે તે જ થાય. એવા ઉત્પાદને- મોક્ષમાર્ગની પર્યાયના-ઉત્પાદને વ્યયની અપેક્ષા નહિ, ધ્રુવની નહિ, રાગની મંદતાના વ્યવહારની તો નહિ, નહિ ને નહિ. આહાહા..! ઘડો થવાનો કાળ છે તે વખતે ઘડાની પર્યાય ઉત્પન્ન થાય તે તેનો નિજક્ષણ છે. એને કુંભારની જરૂર નહિ. આહાહા..! ગજબ વાત છે ને! સાંભળ્યું નથી. એ વાત હતી નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- એમાં નિમિત્તને ન માન્યું.

ઉત્તર :- નિમિત્ત છે એમ માન્યું. નિમિત્તથી થાતું નથી. નિમિત્ત છે બીજું એ જ્ઞાનમાં આવે છે. પણ નિમિત્તથી ત્યાં થાય છે (એમ નથી).

મુમુક્ષુ :- નિમિત્તથી થાતું નથી તો નિમિત્તનું કામ શું?

ઉત્તર :- બીજી ચીજ છે. જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. તો પરપ્રકાશક બીજી ચીજ છે. નિમિત્ત છે, નથી એમ નહિ. પણ તેનાથી ત્યાં કાર્ય થાય છે એમ નથી. આવી વાત છે.

મુમુક્ષુ :- નિયતિ અને પુરુષાર્થનો આ રીતે મેળ ખાય છે.

ઉત્તર :- આ રીતે મેળ ખાય છે.

મુમુક્ષુ :- ખ્યાલમાં જ ન રહે.

ઉત્તર :- શું કરે? ભગવાન 'કુંદકુંદાચાર્ય' પોતે એમ કહે કે ભગવાન એમ કહે છે કે જે સમયે જે પર્યાય થવાની છે તે પર્યાયનો કાળ છે તે રીતે થાશે. હવે એમાં શું આવ્યું? ત્યારે શાસ્ત્રનું તાત્પર્ય તો એ છે કે વીતરાગતા. એ વાક્યમાં પણ વીતરાગતા લાવવી જોઈએ.

મુમુક્ષુ :- ... વીતરાગતા આવવી જોઈએ.

ઉત્તર :- શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ત્યારે એ વખતે વીતરાગતા આવે શી રીતે? એ પર્યાયમાં વીતરાગતા આવે. ક્યારે? કે દ્રવ્યસ્વભાવ ઉપર (દૃષ્ટિ) જાય ત્યારે. આહાહા..! એ શાસ્ત્રનું તાત્પર્ય (છે). (પંચાસ્તિકાય) ૧૭૨ ગાથા. ચારેય અનુયોગનું વીતરાગતા (છે).

વીતરાગતા થાય ક્યારે? વીતરાગતાની પર્યાય, વીતરાગતાની પર્યાયને કાળે થાય. પણ થાય કઈ રીતે? દ્રવ્યના આશ્રયે થાય. એ સિવાય થાય નહિ. આહાહા..! આવી વાત છે. આશ્રયનો અર્થ કે ત્યાં લક્ષ જાય છે, ચેતનનું. જડને તો કાંઈ લક્ષ કરવું એ છે જ નહિ. આહાહા..! પરમ-પરમ સત્ય તો આવું છે, બાપુ! આહાહા..! એ વાતને વિચારી નથી, મેળ કર્યો નથી અને અદ્ધરથી એમ ને એમ ઉડાવવું. એમ બાપુ! ન (હોય), ભાઈ! આહાહા..!

અહીં કહે છે, '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર વહી જિસકા લક્ષણ હૈ, ઐસા મોક્ષકા કારણ જો સમયસાર ઉસે જાનતા હુઆ,...**' જોયું! જાણતા હુઆ એ શું થયું? એ પુરુષાર્થ થયો. જ્ઞાયકસ્વરૂપને જાણતો થકો, જ્ઞાયકસ્વરૂપને અનુભવતો થકો. આહાહા..! ત્યારે કહે, પણ એ તો અનુભવવાની પર્યાય થવાની (હોય) ત્યારે (થાય). પણ થવાની થાય એ તો એમ જ છે. એ કોણે ના પાડી? એ તો રાખીને વાત છે અહીં. પણ એ પર્યાય દ્રવ્યને આશ્રયે એનું લક્ષ જાય ત્યારે અનુભવ થાય છે.

મુમુક્ષુ :- .. કર્તા હોય જ નહિ ને.

ઉત્તર :- કર્તા-ફર્તા દ્રવ્ય છે જ નહિ. દ્રવ્ય નિમિત્ત કર્તા તો છે જ નહિ, વ્યવહાર કર્તા તો છે જ નહિ. આહાહા..! બહુ ઝીણું, બાપુ! આવી વાત ચર્ચાણી નથી. નથી ચર્ચાણી. આહાહા..!

ભગવાનના શાસ્ત્રમાં તો દીવા, સૂર્ય જેવી વાતું મૂકી છે. 'પ્રવચનસાર'. આહાહા..! એ સિદ્ધાંતમાં પડી છે અત્યારે. મૂળ પાઠ છે, એની ટીકા છે. આહાહા..! 'જયચંદ્ર પંડિતે' કરેલો અર્થ છે. 'પ્રવચનસાર'નો ભાઈ 'હેમરાજજી'. હવે તો આપણે અહીં ટીકાનું ગુજરાતી થઈ ગયું છે. આહાહા..! 'ટોડરમલે' તો એમ કહ્યું કે કાળલબ્ધિ અને ભવિતવ્યતા કોઈ વસ્તુ નથી. આત્મા તરફ પુરુષાર્થ કરીને જે કાળલબ્ધિ પાકી એનું જ્ઞાન એને થાય છે. આહાહા..! એ અહીં કહે છે.

એ સ્વરૂપને '**અનુભવતા હુઆ, અનુભવી પુરુષ...**' અંતરના વીતરાગભાવે આત્માને અનુભવતો. '**ન કિસી પ્રાણીકો સિખાતા હૈ,...**' એ તો ઠીક. એ કહે છે એનો આશય એવો છે કે જે શીખવું એ વિકલ્પ છે અને એ વિકલ્પ તૂટીને સ્થિર થયો એને આવું નથી રહેતું એમ કહેવું છે. સમજાણું કાંઈ? ન શીખાતા હૈ નો અર્થ કે વિકલ્પ નથી હવે. વિકલ્પ હતો ત્યારે શીખવતો એટલે એનો અર્થ એ થયો (કે) તો ત્યાં સુધી મોક્ષના કારણનો સમભાવ પૂર્ણ નહોતો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જેટલી સ્થિરતા હતી એટલો હતો. પણ આ વિકલ્પ ઉઠ્યો ભણાવવાનો ત્યારે આ સમભાવ પૂરો જોઈએ તે નહોતો. આહાહા..!

મુમુક્ષુ :- અનુભવની વ્યાખ્યા...

ઉત્તર :- હા. અનુભવી (છે). અંતર સ્વરૂપની સ્થિરતામાં અનુભવ છે. નિર્વિકલ્પ આનંદમાં પડ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- ભણાવવાના કાળે પણ વિકલ્પ તો ચાલુ જ છે.

ઉત્તર :- એ વિકલ્પ છે પણ ત્યારે એનાથી ભિન્ન છું એનું તો ભાન છે પણ સમભાવ

પૂરો નથી. એથી વિકલ્પ છે એ વિષમભાવ છે એમ સિદ્ધ કરવું છે. આહાહા..! શૈલી તો જુઓ! એને વિકલ્પ નથી અને પહેલો વિકલ્પ હતો. એ વિકલ્પ હતો એ સમભાવ નથી, રાગ છે. મુનિઓને પણ સમજાવવાનો વિકલ્પ ઊઠે. 'કુંદકુંદાચાર્ય' કહે છે કે અરે..રે..! આ લોકો આમ કેમ કરે છે? ખેદથી કીધું આવે છે ને? 'સમયસાર'માં આવે છે. ખેદ અને આશ્ચર્ય. કારણ કે વિકલ્પ છે ત્યાં સુધી. પણ આનંદમાં પડ્યો, નિર્વિકલ્પ અનુભવમાં પછી વિકલ્પ જ જ્યાં નથી. એમ કરીને વિકલ્પ બંધનું કારણ છે તે છોડાવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અનુભવી પુરુષ ન કિસી પ્રાણીકો સિખાતા હૈ,...'** આહાહા..! ત્યારે હવે અમારે શીખવવું નહિ ને કોઈને? ભાઈ! એ વિકલ્પ તૂટી ગયો છે એ શિખવાડતો નથી એમ કહેવામાં આવે છે. પણ જ્યાં સુધી વિકલ્પ છે, એ શિખવાડે છે તો એ વિકલ્પ બંધનું કારણ છે એમ છે. એય..! આહાહા..! આવી વાત છે. સત્યનો મેળ તો ખાય એવું છે. નહિતર મેળ ખાય એવું નથી. આહાહા..! **'ન કિસીસે સીખતા હૈ,...'** આહાહા..! જ્યાં આત્મા આનંદના અનુભવમાં, નિર્વિકલ્પ અભેદ અનુભવમાં પડ્યો છે એ કોઈને શિખવતો નથી. વિકલ્પ છે ક્યાં? આનંદ અનુભવું છું એ વિકલ્પ પણ ત્યાં ક્યાં છે? અહીંયાં તો સમભાવ છે તે મોક્ષનું કારણ (છે), એ સમભાવની વ્યાખ્યા આવી છે કે જેને વિકલ્પ ભણવાનો કે ભણાવવાનો હોય નહિ એનું નામ સમભાવ છે. સમજાણું કાંઈ? તો એ ચોથે, પાંચમે, છઠ્ઠે એવો સમભાવ હોઈ શકે નહિ. ચોથે, પાંચમે પણ જ્યારે ધ્યાનમાં આવે ત્યારે (સમભાવ) હોય, પણ એ જે સમભાવ સાતમાનો જોઈએ તે સમભાવ નથી. સમકિતી આનંદના અનુભવમાં હોય છે ત્યારે તો એને કાંઈ ખબર નથી. શીખવું છું કે જ્ઞાન છું, કાંઈ નથી. એ તો આનંદના અનુભવમાં છે. એક ક્ષણમાત્ર તો. આહાહા..! પણ તે અનુભવમાં તો અંદર હજી બુદ્ધિપૂર્વક વિકલ્પ ગયો છે અને પછી તરત વિકલ્પ ઉઠવાનો છે. અને અહીંયાં તો વિકલ્પ છોડીને સમભાવ થઈ ગયો છે. એને સમભાવવાળાને મુક્તિનું કારણ છે એમ કહેવું છે. એટલે કે વીતરાગભાવ મુક્તિનું કારણ છે, રાગભાવ એ મુક્તિનું કારણ નથી. આહાહા..! કહેશે. જુઓ!

**'ન સ્તુતિ કરતા હૈ,...'** ભગવાનની સ્તુતિ પણ કરતો નથી એ તો આનંદમાં પડ્યો છે, એને ક્યાં વિકલ્પ તો તૂટી ગયો છે. એનો અર્થ કે જે સ્તુતિ કરે છે એ હજી વિકલ્પવાળો છે. આહાહા..! અરે..! આવી વાત ક્યાં મળે? આ તો વીતરાગના ઘરની વાતું છે. પણ જગતને બેસવી (કઠણ). આહાહા..! **'ન સ્તુતિ કરતા હૈ,...'** એનો અર્થ એ કે જે વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ આનંદમાં પડ્યો છે એને શીખવું છે ક્યાં અને શીખવાડવું છે ક્યાં? ત્યારે તે પહેલા હતું ને? તે હતું એને વિકલ્પ હતો એમ સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? એ ધર્મ હતો, એમ નથી. આહાહા..! છદ્મસ્થ જીવ શીખવે છે, શીખે છે એ વખતે એને વિકલ્પ છે, રાગ છે એમ સિદ્ધ કરવું છે. આહાહા..! અને રાગ છે તે બંધનું કારણ છે. ભલે મુનિનો (રાગ) હો.

'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું નહિ? **'कल्माषितायाः'** મારા પરિણામ કલ્માષિત છે-મેલા છે. હું ટીકા કરું છું પણ પરિણામ મારા મેલા છે, વિકલ્પ છે. તો ટીકા કરતા મારી મલિનતા ટળી

જજો. એટલે? ટીકા કરતા તો વિકલ્પ છે. પણ ટીકાના કાળમાં મારું લક્ષ-જોર જાય છે દ્રવ્ય ઉપર, એ કાળમાં મલિનતા ટળી જજો. આહાહા..! સમજાણું કાંઈ? હવે શું થાય આમાં? ઓલામાં પણ એમ આવે. '**ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये**' '**तद्गुणलब्धये**' તમારા ગુણને માટે હું વંદન કરું છું. તો વંદન કરું છું એ સ્તુતિ છે, વિકલ્પ છે. એટલે એ લોકો કહે છે, જુઓ! આ વિકલ્પથી પણ ભગવાનના ગુણનો લાભ થાય છે. આવું છે. એ બધું એ બાજુથી આવ્યું હતું. આહાહા..!

અહીં તો કહે છે કે સ્તુતિ કરતા નથી એનું નામ નિર્વિકલ્પ વીતરાગતા છે. આહાહા..! અને સ્તુતિ કરવી એનાથી ધર્મ થાય, '**तद्गुणलब्धये**' તમારા ગુણની પ્રાપ્તિ માટે હું તમને વંદન કરું છું. એ તો વ્યવહારની વાતું છે. એય..! શું કરવું ત્યારે? બાપુ! આહાહા..! અહીં ના પાડે છે કે જે સ્તુતિ કરે છે એ વિકલ્પવાળો છે. અને જ્યાં ઠર્યો છે ત્યાં સ્તુતિ કરવાનો વિકલ્પ છે નહિ. એ સમભાવ (છે). એ સમભાવ મુક્તિનું કારણ છે. આહાહા..! પહેલામાં સમ્યગ્દર્શન આદિ જેટલું થયું એટલું મુક્તિનું કારણ છે. પણ આ વચમાં વિકલ્પ ઊઠે છે એટલું બંધનું કારણ છે. આહાહા..! એ વિકલ્પ તોડીને આમ આનંદમાં લીન થઈ ગયો. ચારિત્ર સહિતની વાત છે, હોં! આ. પરમદર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત અંતરમાં લીન થઈ ગયો છે. જેને અનુભવું છું અને આ અનુભવાય છે એવો પણ વિકલ્પ નથી. આહાહા..! નિર્વિકલ્પ આનંદમાં, વેદનમાં પડ્યો છે. એને નથી શીખવું, નથી શીખડાવવું, નથી સ્તુતિ કરવી. ભગવાનની સ્તુતિ જો લાભદાયક હોય તો તો પછી સ્તુતિ છોડીને આમાં કેમ જાય? સમજાણું કાંઈ? ભગવાન ત્રિલોકના નાથ પરમાત્મા એની પૂજા અને સ્તુતિ, જો ધર્મના લાભવાળી હોય તો એને છોડીને અંદરમાં કેમ જાય? એ વાત સિદ્ધ કરે છે. જ્યાં સુધી પરમાત્મા ત્રણલોકના નાથ, એની પૂજા, ભક્તિ છે, એની સ્તુતિ છે ત્યાં સુધી એ ભાગ રાગ છે. એ રાગનો અંશ છે, એ ધર્મ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**ન સ્તુતિ કરતા હૈ, ન નિંદા કરતા હૈ.**' આ જૂઠી વાત છે, આ શ્રદ્ધા ખોટી છે, એવો વિકલ્પ પણ નથી. આહાહા..! નિશ્ચય જ્યારે સત્યને સ્થાપે અને અસત્યને ઉથાપે ત્યારે વિકલ્પ છે. આહાહા..! સત્ય આ છે, આ જૂઠું છે, આહાહા..! નીચલી દશામાં તો એવો વિકલ્પ હોય છે. પણ એ વિકલ્પ બંધનું કારણ છે. આહાહા..! એ આવ્યું છે ઓલામાં આપણે 'સમયસાર'માં. કર્તા-કર્મ અધિકારમાં. એ ધ્યાનમાં હોય તો કાંઈ નથી. એ પછી જ્યારે ધ્યાન બહાર આવે ત્યારે એને વિકલ્પ ઊઠે છે એવો. સ્થાપન કરે સત્યનું, અસત્યને ઉથાપે. અંતરમાં અમુક સમભાવ છે, પણ આ વિકલ્પ ઉઠ્યો એટલો સમભાવ તૂટી ગયો, ઓછો થયો છે. આહાહા..!

'**ન નિંદા કરતા હૈ. જિસકે શત્રુ, મિત્ર, સુખ, દુઃખ સબ એક સમાન હૈં.**' આહાહા..! હજી વિકલ્પ હોય છે ત્યાં સુધી આ દેવ-ગુરુ-શાસ્ત્ર, એની શ્રદ્ધા પંચમહાવ્રતના વિકલ્પનું આચરણ, એ રાગ બંધનું કારણ છે. પંચમહાવ્રતના વિકલ્પ છે એ બંધનું કારણ છે. આહાહા..! અહીંયાં જ્યાં અંદર ઠર્યો... આહાહા..! વીતરાગભાવે મુક્તિ મળે છે. એ

વીતરાગભાવ આવો હોય છે કે જેમાં શત્રુ-મિત્ર, સુખ-દુઃખ આદિમાં સમભાવ-વીતરાગભાવ વર્તે છે. આ મિત્ર છે કે શત્રુ છે એવો વિકલ્પ ત્યાં છે નહિ. આ અનુકૂળ છે અને આ પ્રતિકૂળ છે એવો વિકલ્પ પણ ત્યાં છે નહિ. આહાહા..! સુખ-દુઃખ એ અનુકૂળ-પ્રતિકુળ, હોં! એ '**સબ એક સમાન હૈં.**' આહાહા..! આવી વાતું.

આ તો સમભાવની ઉત્કૃષ્ટ દશાનું સ્વરૂપ કેવું અને સમભાવ આવો ન હોય ત્યારે વિકલ્પ હોય છે એ બંધનું કારણ છે, એમ સમજાવવા સ્પષ્ટીકરણ કર્યું છે. કોઈ એમ માની લે કે સમકિતી થયો એટલે હવે એને જે કંઈ વિકલ્પ આવે એ નિર્જરા થઈ જાય છે. 'જ્ઞાની કો ભોગ નિર્જરા કો હેતુ હૈ' આવે છે ને? એ તો જ્ઞાનનું મહાત્મ્ય બતાવવા કહ્યું છે. બાકી ભોગ તો અશુભભાવ છે. અહીં તો શુભભાવ વિકલ્પ છે એ બંધનું કારણ કહે છે. ભોગ નિર્જરાનો હેતુ નહિ, પણ શુભભાવ નિર્જરાનો હેતુ નહિ. લ્યો! આહાહા..! કઈ અપેક્ષાએ વાત કહે છે, બાપુ! શું થાય? આ તો વીતરાગનો માર્ગ છે. સર્વજ્ઞ એના માલિક છે. વીતરાગભાવના. આહાહા..! એમણે જે કહ્યું તે રીતે એને સમજવું જોઈએ ને? આહાહા..! પોતાનો પક્ષ બાંધ્યો હોય એ રીતે શાસ્ત્રને માનવા એમ ન જોઈએ. શાસ્ત્રને શું કહેવું છે એ રીતે માનવું જોઈએ. પોતાની માન્યતા પ્રમાણે શાસ્ત્રનો અર્થ કરવો (એમ ન હોવું જોઈએ). આહાહા..! ઝીણી વાતું બહુ. એ ૪૮ ગાથા થઈ.

---

**अथ बाह्याभ्यन्तरपरिग्रहेच्छापञ्चेन्द्रियविषयभोगाकांक्षादेहमूर्च्छाव्रतादिसंकल्प-विकल्परहितेन निजशुद्धात्मध्यानेन योऽसौ निजशुद्धात्मानं जानाति स परिग्रहविषयदेहव्रताव्रतेषु रागद्वेषौ न करोतीति चतुःकलं प्रकटयति –**

**१७६) गंथहँ उप्परि परम-मुणि देसु वि करइ ण राउ।**
**गंथहँ जेण वियाणियउ भिण्णउ अप्प-सहाउ।।४९।।**

**ग्रन्थस्य उपरि परममुनिः द्वेषमपि करोति न रागम्।**
**ग्रन्थाद् येन विज्ञातः भिन्नः आत्मस्वभावः।।४९।।**

**गंथहं इत्यादि। गंथहँ उप्परि ग्रन्थस्य बाह्याभ्यन्तरपरिग्रहस्योपरि अथवा ग्रन्थ रचनारूपशास्त्रस्योपरि परम-मुणि परमतपस्वी देसु वि करइ ण द्वेषमपि न करोति न राउ रागमपि। येन तपोधनेन किं कृतम्। गंथहं जेण वियाणियउ भिण्णउ अप्प-सहाउ ग्रन्थात्सकाशाद्येन विज्ञातो भिन्न आत्मस्वभाव इति। तद्यथा। मिथ्यात्वं, स्त्र्यादिवेदकांक्षारूप-वेदत्रयं हास्यरत्यरतिशोकभयजुगुप्सारूपं नोकषायषट्कं, क्रोधमानमायालोभरूपं कषायचतुष्टयं चेति चतुर्दशाभ्यन्तरपरिग्रहाः, क्षेत्रवास्तुहिरण्यसुवर्णधनधान्यदासी-दासकुप्यभाण्डरूपा बाह्यपरिग्रहाः इत्थंभूतान् बाह्याभ्यन्तरपरिग्रहान् जगत्त्रये कालत्रयेऽपि**

मनोवचनकायैः कृतकारितानुमतैश्च त्यक्त्वा शुद्धात्मोपलम्भलक्षणे वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा च यो बाह्याभ्यन्तर–परिग्रहाद्भिन्नमात्मानं जानाति स परिग्रहस्योपरि रागद्वेषौ न करोति। अत्रेदं व्याख्यानं एवं गुणविशिष्टनिर्ग्रन्थस्यैव शोभते न च सपरिग्रहस्येति तात्पर्यार्थः।।४९।।

आगे बाह्य अंतरंग परिग्रहकी इच्छासे पाँच इन्द्रियोंके विषय–भोगोंकी वांछासे रहित हुआ देहमें ममता नहीं करता, तथा मिथ्यात्व अव्रत आदि समस्त संकल्प–विकल्पोंसे रहित जो निज शुद्धात्मा उसे जानता है, वह परिग्रहमें तथा विषय देहसंबंधी व्रत–अव्रतमें राग–द्वेष नहीं करता, ऐसा चार–सूत्रोंसे प्रगट करते हैं –

गाथा – ४९

अन्वयार्थ :– [ ग्रंथस्य उपरि ] अंतरङ्ग बाह्य परिग्रहके ऊपर अथवा शास्त्रके ऊपर जो [ परममुनिः ] परम तपस्वी [ रागम् द्वेषमपि न करोति ] राग और द्वेष नहीं करता है [ येन ] जिस मुनिने [ आत्मस्वभावः ] आत्माका स्वभाव [ ग्रंथात् ] ग्रंथसे [ भिन्नः विज्ञातः ] जुदा जान लिया है।

भावार्थ :– मिथ्यात्व, वेद, राग, द्वेष, हास्य, रति, अरति, शोक, भय, जुगुप्सा, क्रोध, मान, माया, लोभ–ये चौदह अंतरङ्ग परिग्रह और क्षेत्र, वास्तु (घर), हिरण्य, सुवर्ण, धन, धान्य, दासी, दास, कुप्य, भांडरूप दस बाह्य परिग्रह–इसप्रकार चौबीस तरहके बाह्य अभ्यंतर परिग्रहोंको तीन जगतमें, तीनों कालोंमें, मन, वचन, काय, कृत कारित अनुमोदनासे छोड़ और शुद्धात्माकी प्राप्तिरूप वीतराग निर्विकल्प समाधिमें ठहरकर परवस्तुसे अपनेको भिन्न जानता है, वो ही परिग्रहके ऊपर राग–द्वेष नहीं करता है। यहाँ पर ऐसा व्याख्यान निर्ग्रंथ मुनिको ही शोभा देता है, परिग्रहधारीको नहीं शोभा देता है, ऐसा तात्पर्य जानना।।४९।।

હવે, બાહ્ય-અભ્યંતર પરિગ્રહની ઇચ્છા, પાંચ ઇન્દ્રિયોના વિષયોને ભોગવવાની આકાંક્ષા, દેહની મૂર્ચ્છા અને વ્રતાદિના સંકલ્પ-વિકલ્પથી રહિત એવા નિજ શુદ્ધાત્માના ધ્યાન વડે જે કોઈ નિજ શુદ્ધાત્માને જાણે છે તે પરિગ્રહ, વિષયો, દેહ અને વ્રત-અવ્રતમાં રાગ-દ્વેષ કરતો નથી, એમ ચાર સૂત્રોથી પ્રગટ કરે છે :

ભાવાર્થ : મિથ્યાત્વ, સ્ત્રીઆદિને વેદવાની આકાંક્ષારૂપ ત્રણવેદ, હાસ્ય, અરતિ, રતિ, શોક, ભય, જુગુપ્સારૂપ છ નોકષાય અને ક્રોધ, માન, માયા, લોભરૂપ ચાર કષાય એ ચૌદ અભ્યંતર પરિગ્રહો અને ક્ષેત્ર, વાસ્તુ, ચાંદી, સુવર્ણ, ધન, ધાન્ય, દાસ, દાસી, કુપ્ય, ભાંડરૂપ દશ બાહ્ય પરિગ્રહો-એ પ્રમાણે ચોવીસ બાહ્ય અભ્યંતર પરિગ્રહોને ત્રણ લોક અને ત્રણ કાળમાં મન, વચન, કાયાથી, કરવું, કરાવવું, અનુમોદનથી છોડીને અને શુદ્ધાત્માની પ્રાપ્તિ જેનું લક્ષણ છે એવી વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને જે

**બાહ્ય અભ્યંતર પરિગ્રહથી ભિન્ન આત્માને જાણે છે, તે પરિગ્રહ ઉપર રાગ-દ્વેષ કરતો નથી.**

**અહીં, આવા ગુણવિશિષ્ટ નિર્ગ્રંથને જ (નિર્ગ્રંથ મુનિને જ) આ કથન શોભે છે પણ પરિગ્રહધારીને શોભતું નથી, એવો તાત્પર્યાર્થ છે. ૪૯.**

## ગાથા-૪૯ ઉપર પ્રવચન

૪૯. '**આગે બાહ્ય અંતરંગ પરિગ્રહકી ઈચ્છાસે પાંચ ઈન્દ્રિયોંકે વિષય-ભોગોંકી વાંછાસે રહિત...**' એટલો શબ્દ જરી રહી ગયો છે અંદર. છે? સુધાર્યું છે? '**રહિત હુઆ...**' નવામાં એ છપાણું છે. કોણ જોવે છે? '**બાહ્ય અંતરંગ પરિગ્રહકી ઈચ્છાસે રહિત ઔર પાંચ ઈન્દ્રિયોંકે વિષય-ભોગોંકી વાંછાસે રહિત...**' એમ જોઈએ. છે ને? પાઠમાં છે અંદર. '**बाह्याभ्यन्तरपरिग्रहेच्छापञ्चेन्द्रियविषयभोगाकांक्षादेहमूर्च्छाव्रतादि**' બધાના ભેગા લઈને રહિત છે એમ કહેવું છે. થઈ જાય એ તો અંદર. પાછા નવા છાપનારા પણ એનું એ એમાં લખ્યું હોય એ છાપી નાખે.

અહીં તો મુનિનો ઉત્કૃષ્ટ સમભાવ, જેમાં પુણ્યના વિકલ્પનો પણ અવકાશ નથી, એ વાત સિદ્ધ કરે છે. અને પુણ્યનો વિકલ્પ છે એ બંધનું કારણ છે એમ સિદ્ધ કરે છે. આહાહા..! '**બાહ્ય અંતરંગ પરિગ્રહકી ઈચ્છાસે, રહિત પાંચ ઈન્દ્રિયોંકે વિષય-ભોગોંકી વાંછાસે રહિત હુઆ દેહમેં મમતા નહીં કરતા,...**' દેહમાં પણ મમતા નથી કરતો હવે તો. આહાહા..! '**તથા મિથ્યાત્વ અવ્રત આદિ સમસ્ત સંકલ્પ-વિકલ્પોંસે રહિત જો નિજ શુદ્ધાત્મા ઉસે જાનતા હૈ,...**' મૂર્છા, અવ્રતાદિ. મૂર્છા અને વ્રત આદિ? આહાહા..! મિથ્યાત્વ અવ્રત આદિ, વ્રત આદિનો પણ સંકલ્પ-વિકલ્પ છે એ છોડીને.

'**સંકલ્પ-વિકલ્પોંસે રહિત જો નિજ શુદ્ધાત્મા ઉસે જાનતા હૈ,...**' આહાહા..! શુદ્ધ પરમાત્મસ્વરૂપ જે પોતાનું વીતરાગમૂર્તિ એ આ બધા વ્રત આદિ, અવ્રતાદિના વિકલ્પથી રહિત થઈને અંતરના અનુભવમાં જાણે છે. આહાહા..! એમ કહીને એમ પણ કહ્યું, વ્રતનો વિકલ્પ છે એ પણ બંધનું કારણ છે. અવ્રતનો વિકલ્પ જેમ અશુભ છે, એમ વ્રતનો વિકલ્પ શુભ, એ બેય બંધના કારણ છે. આહાહા..! અવ્રતાદિ, વ્રતાદિના વિકલ્પરહિત થઈને... આહાહા..! જ્યાં સુધી વિકલ્પ છે રાગ ત્યાં સુધી એને એટલો બંધ છે એમ સિદ્ધ કરવું છે. આહાહા..! એવા વ્રત અને અવ્રતના સંકલ્પ-વિકલ્પથી રહિત થઈ... આહાહા..! જુઓ! આ સમભાવની વ્યાખ્યા. આહાહા..!

'**જાનતા હૈ, વહ પરિગ્રહમેં તથા વિષય દેહસંબંધી વ્રત-અવ્રતમેં...**' જુઓ! આવ્યું. અર્થમાં આવ્યું, જુઓ! '**પરિગ્રહમેં તથા વિષય દેહસંબંધી વ્રત-અવ્રતમેં રાગ-દ્વેષ નહીં કરતા,...**' જુઓ! આવ્યું. વ્રત છે એ શુભરાગ વિકલ્પ છે. પંચમહાવ્રત એ શુભરાગ છે, એ

ચારિત્ર નથી, એ ગુણ નથી. આહાહા..!

મુમુક્ષુ :- .. દેહ સંબંધી...

ઉત્તર :- દેહ સંબંધી બધું. દેહ સંબંધી વ્રતાદિ બધું. એમ. દેહાદિના અને વ્રતાદિના વિકલ્પ રાગ-દ્વેષ નહિ એમ. દેહ સંબંધી રાગ-દ્વેષ નહિ અને વ્રત-અવ્રત સંબંધી રાગ-દ્વેષ નહિ. એમ. સમજાણું કાંઈ? આહાહા..! **'ऐसा चार-सूत्रोंसे प्रगट करते हैं-'**

**૧૭૬) गंथहँ उप्परि परम-मुणि देसु वि करइ ण राउ।**
**गंथहँ जेण वियाणियउ भिण्णउ अप्प-सहाउ।।४९।।**

**અન્વયાર્થ :-** આહાહા..! **'અંતરંગ બાહ્ય પરિગ્રહકે ઉપર...'** રાગ-દ્વેષ કરતા નથી અને **'શાસ્ત્રકે ઉપર...'** પણ રાગ-દ્વેષ કરતા નથી. આહાહા..! શાસ્ત્ર છે એ પરચીજ છે. એને ભણવાનો ભાવ એ રાગ છે. શાસ્ત્રમાં બુદ્ધિ જાય છે એ વ્યભિચારિણી બુદ્ધિ છે. આહાહા..! આવો માર્ગ. 'પદ્મનંદિ પંચવિંશતિ'માં કહ્યું છે કે બુદ્ધિ વ્યભિચારિણી છે. પોતાના ઘરમાંથી નીકળીને પરમાં લક્ષ જાય છે ને? આહાહા..!

અહીં તો એ સિદ્ધ કરવું છે કે શાસ્ત્રમાં જે લક્ષ જાય છે તે રાગ છે. અને એના ઉપરથી રાગ છોડીને ઠરે છે એને સમભાવ છે. આહાહા..! એક કોર 'પ્રવચનસાર'માં એમ કહે કે ભાઈ! આત્માના લક્ષે આગમનો અભ્યાસ કર, તારું કલ્યાણ થશે. આવે છે? આહાહા..! ત્યાં આગળ તો ઓલો વિકલ્પ છે એની મુખ્યતા નથી. ચૈતન્યના લક્ષની મુખ્યતા છે. અહીં છે તે વિકલ્પ થાય છે પર તરફ, એનો નિષેધ કરે છે. આહાહા..! શાસ્ત્રના અર્થમાં મોટા ફેર. એ લોકો એમ કહે છે કે તમે અર્થ બધા ફેરવી નાખો છો. 'સોમચંદભાઈ' હતા એ કહેતા. 'કલોલ'વાળા. બધા અર્થ કેટલાક ફેરવશો તમે? એય..! 'આત્મારામ'! કહેતા નહિ? કહેતા હતા. બાપુ! મારગના જે અર્થ છે તે છે. આહાહા..!

અહીં તો શું કહ્યું? જુઓને! ગ્રંથના ઉપરનો રાગ છોડી દે. આહાહા..! 'સમયસાર' બહુ સારું છે. કામશાસ્ત્ર ખોટા છે. એ વિકલ્પ છે, કહે છે. અહીં તો સમભાવની વ્યાખ્યા કરવી છે ને. આહાહા..!

મુમુક્ષુ :- પરમ ઉપેક્ષાસંયમની ચર્ચા ચાલે છે.

ઉત્તર :- ચાલી રહી છે અને એમાં ઓલું પર તરફનું લક્ષ બંધનું કારણ છે એ વાત સિદ્ધ કરવી છે. તેથી એ છોડીને ઠરે છે, એમ. જો લાભનું કારણ હોય તો છોડીને ઠરે શું કરવા? આહાહા..! એની શ્રદ્ધામાં તો આ પાકું આવવું જોઈએ કે શાસ્ત્ર તરફનું લક્ષ છે એ પણ બંધનું કારણ છે. ભલે છે શુભભાવ, પણ છે એ રાગ અને રાગ એ બંધનું કારણ છે. આહાહા..! આવો માર્ગ વીતરાગનો.

ત્યાં એમ કહે કે જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. અહીં કહે, જ્ઞાનીનું શાસ્ત્રમાં લક્ષ જાય તો રાગ (થાય એ) બંધનું કારણ છે. કઈ અપેક્ષાથી કહ્યું છે? એ તો ત્યાં જ્ઞાનનું મહાત્મ્ય, ચૈતન્યના સ્વભાવનું મહાત્મ્ય બતાવવું છે. મહાત્મ્ય બતાવવા આને હીણી કરી

નાખી દશા. એ નિર્જરી જાય છે. એમ. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાનીને બંધનું કારણ, અજ્ઞાનીને તો ...

ઉત્તર :- જ્ઞાનીને પણ બંધનું કારણ છે. અહીં તો શુભભાવ બંધનું કારણ છે પછી ભોગની વાત શું કરવી? આહાહા..!

મુમુક્ષુ :- 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું...

ઉત્તર :- છે, એ તો કીધું ને. હમણાં નાખ્યું છે ને આ બધું, નહિ? ભાઈ! સમ્યગ્જ્ઞાન(દિપીકા)માંથી તમે આ વાત કાઢી નાખો છો. શાસ્ત્રમાં પણ આવું છે.

'સમયસાર'માં એમ કહ્યું છે, હે જ્ઞાની! તું ભોગ ભોગવ. પરદ્રવ્યના અપરાધે તને નુકસાન નથી. આવે છે? ત્યાં તો પરદ્રવ્યનો અપરાધ એ તને નુકસાન (છે), એ સિદ્ધ કરવું છે. નહિ કે ભોગવ. એને ભોગવવું એમ બતાવે છે ત્યાં? ભાષાનો અર્થ સીધો કરવા જાય તો એવો અર્થ થાય. એમ ન થાય, ભાઈ! સિદ્ધાંતનો આશય શું છે, એ દૃષ્ટાંતમાંથી એક અંશ લઈ લેવો જોઈએ. આખું દૃષ્ટાંત સિદ્ધાંતમાં લાગુ ન પડે. આહાહા..! એવું છે.

મુમુક્ષુ :- આપે તો નહોતી છપાવવી.

ઉત્તર :- કોણ છપાવે છે? અને છપાવવામાં તો બધા લાખો પુસ્તકો દિગંબરના પણ છપાય છે અને ભેગું દિગંબરનું પુસ્તક છે. પુસ્તક કોનું છે? દિગંબર ક્ષુલ્લક બ્રહ્મચારીનું કરેલું છે. એનો અર્થ શું? તો 'સમયસાર' છપાવ્યું ભેગું એ પણ છાપે છે. દિગંબરના ગ્રંથો હોય એ બધા છપાય છે. એમાં શું? અને તે એમાં ભૂલ નથી. એમાં એને સિદ્ધાંત સિદ્ધ કરવો છે દૃષ્ટાંતમાં. તે પણ એમાં દોષ લાગે નહિ એમ નથી. દોષ બહાર કહેવામાં આવતો નથી. દોષ બહાર ન પડે એનો. સ્ત્રીનો માથે ભરથાર છે અને ક્ષાત શબ્દ છે ત્યાં. કદાચિત એવું થઈ જાય તો એ દોષ બહાર નહિ આવે. એમ એટલું. દોષ નથી લાગતો એમ નહિ. દોષ લાગતો નથી એમ નહિ. એ હમણા ખુલાસો કર્યો ભાઈએ પછી. અહીં વાતચીત થઈ. 'હુકમચંદજી'.

મુમુક્ષુ :- લોકોના જાણવામાં ન આવે.

ઉત્તર :- બસ, લોકોના ખ્યાલમાં ન આવે. એ વાત સિદ્ધ કરવી છે ત્યાં. આહાહા..!

એમ જેને માથે ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્યમૂર્તિ પરમાત્મા જેની દૃષ્ટિમાં માથે પડ્યો છે એને કોઈ રાગાદિ આવે તો એને કોઈ બહારમાં ન પડે. લોકો એને કળી નહિ શકે. આહાહા..! અરે..રે..! આવું છે. વાતે વાતે ફેર પડે. 'કનુભાઈ'! આવી વાતું. આવો માર્ગ છે, બાપુ! આહા..!

નિયતમાં એમ કહેવું (છે), 'ગોમ્મટસાર'માં. જે જ્યાં જેમ થવાનું હોય એ થાય એ નિયતવાદ છે. એમ કીધું 'ગોમ્મટસાર'માં. અને અહીં એમ કીધું પાછું 'પ્રવચનસાર'માં તો કે જે સમયે જે પ્રકારે જે સમયે પર્યાય થવાની તે કાળે તે જ થાય. એ નિયતવાદ નથી. એ પુરુષાર્થથી થયેલી પર્યાય છે. એમાં પાંચેય સમવાય ત્યાં લાગુ પડે છે. નિયતમાં તો એક જ સમવાય છે. ચાર નથી. આહાહા..! આટલું બધું ક્યાં લક્ષ કરવા જાય. આવો માર્ગ બાપુ વીતરાગનો છે. આહાહા..! એ વાત હતી નહિ. ફેરફાર આવ્યો એટલે એકદમ ભડક્યા-

ભડક્યા. આહાહા..! બાપુ! તું પણ ભગવાન છો. એક સમયની ભૂલ ટાળવાને સમર્થ છો. ગમે તેવી ભૂલ કરે, એનું સામર્થ્ય તો ભૂલને ટાળવાનું છે. એ વ્યવહાર છે. ભગવાનસ્વરૂપમાં ઠરે છે ત્યારે ભૂલ થતી નથી એટલે ટાળે છે એમ કહેવામાં આવે છે. આ ભૂલ છે અને ટાળું, એમ છે ત્યાં? આહાહા..! જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મામાં જ્યાં અંદર દૃષ્ટિમાં સ્થિર થાય છે ત્યાં મિથ્યાત્વની પર્યાય ઉત્પન્ન થતી નથી. એને મિથ્યાત્વ નાશ કર્યો એમ કહેવામાં આવે છે. બીજું શું થાય? ભાઈ! અને અહીં તો એમ પણ કહ્યું કે અંદર ઠરવાની પર્યાય ઉત્પન્ન થાય છે તે વ્યયની અપેક્ષા નથી એને. એમ પણ કીધું. એ તો ઉત્પન્ન થઈ છે પોતાથી. એના પુરુષાર્થથી એને વ્યયની અપેક્ષા નથી. આહાહા..! આ 'પ્રવચસાર' ૧૦૧ ગાથા. હવે આનું શું? આહાહા..!

અહીં કહે છે કે '**અંતરંગ બાહ્ય પરિગ્રહકે ઉપર અથવા શાસ્ત્રકે ઉપર જો પરમ તપસ્વી રાગ ઔર દ્વેષ નહીં કરતા હૈ...**' આહાહા..! મહામુનિ. અહીં તો એ સિદ્ધ કરવું છે કે એ ગ્રંથ ઉપરનો વિકલ્પ છે, બાહ્ય-અભ્યંતર રાગાદિનો, એ બધું બંધનું કારણ છે માટે તે છોડવા જેવું છે. ભલે છૂટે નહિ પણ છોડવા જેવું છે. આહાહા..! સમજાણું કાંઈ? આવું વાંચન અને આ ઉપદેશ. આહાહા..! સાધારણ પ્રાણી બિચારાને મગજ ન મળે ને આવું .. વીતરાગનું તત્ત્વજ્ઞાન સૂક્ષ્મ છે, પ્રભુ! એની શૈલી અલૌકિક છે. એ શૈલીને જે શૈલીથી કહેવાણું છે તે રીતે સમજવું અલૌકિક વાત છે. જે રીતે કહેવાણું છે જે અભિપ્રાયે તે અભિપ્રાયથી સમજવું. પોતાના પક્ષથી એનો અર્થ કરવો એમ ન ચાલે. આહાહા..!

'**જિસ મુનિને આત્માકા સ્વભાવ ગ્રંથસે જુદા જાન લિયા હૈ.**' આહાહા..! એક તો બાહ્ય પરિગ્રહ અને અભ્યંતર રાગાદિ અને શાસ્ત્ર, એનાથી આત્માનું જ્ઞાન ભિન્ન પડી ગયું છે. જુદું જાણી લીધું છે. સમજાણું કાંઈ? આહાહા..! છે? '**आत्मस्वभावः भिन्नः विज्ञातः**' બાહ્ય પરિગ્રહ એટલે સ્ત્રી, પુરુષ, લક્ષ્મી, આબરૂ, મકાન, બંગલા એનાથી તો મારું સ્વરૂપ ભિન્ન છે. અને અંદરમાં રાગ આવે છે એ પણ અભ્યંતર પરિગ્રહ, એનાથી મારું સ્વરૂપ ભિન્ન છે. આહાહા..! એમ ધર્મીએ જાણી લીધું છે. આહાહા..! જોયું ! વ્યવહારનો રાગ આવે એનાથી મારું સ્વરૂપ ભિન્ન છે એમ જાણ્યું છે. એમ કીધું. આહાહા..! પૂર્ણ વીતરાગ ન હોય એટલે વ્યવહાર તો આવશે, પણ એની હોંશું કરવા જેવી નથી. એને હેય કરવા જેવો છે. આહાહા..! સમજાણું કાંઈ?

આત્માનો સ્વભાવ એ ગ્રંથ એટલે રાગથી, ગ્રંથ એટલે લક્ષ્મીથી અને ગ્રંથ એટલે શાસ્ત્રથી, ત્રણેથી જેણે જુદો જાણી લીધો છે. આહાહા..! '**सत्थं ण याणदे किंचि**' નથી આવતું. 'સમયસાર'ની (૩૯૦ થી ૪૦૪) ૧૫ ગાથા. '**सत्थं ण याणदे किंचि**' શાસ્ત્ર કાંઈ જાણતા નથી. '**सत्थं ण याणदे किंचि**' હું તો જાણનારો જુદો છું. શાસ્ત્ર કાંઈ જાણતા નથી. આહાહા..! આકરું લાગે. એકકોર કહે કે શાસ્ત્રનો આગમનો અભ્યાસ કરવો. તેથી તમારું કલ્યાણ થશે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'ના પહેલા અધ્યાયમાં છેલ્લું નથી આવ્યું? આગમનો અભ્યાસ.. કઈ અપેક્ષા છે? બાપુ! જે કાંઈ પણ અભ્યાસ નથી કરતો એને ઠેકાણે સ્વને લક્ષે

અભ્યાસ કરે (એમ કહે). સમજાણું કાંઈ? ભલે આ વિકલ્પ છે પણ એને રહિત એમાં દૃષ્ટિ થશે એને. શાસ્ત્રકાર એમ કહેવા માગે છે કે વિકલ્પથી રહિત તું છો. અમારી સામું જોવાનો વિકલ્પ છે એથી પણ તું રહિત છો. એ શાસ્ત્ર એને બતાવશે. આહાહા..! એ દેખશે ત્યારે એ બતાવશે એમ કહેવામાં આવશે. આહાહા..! સમજાણું કાંઈ? હવે આમાં ઓલા સામાયિક કરતા હોય, પોષા, પડિક્કમણા. સ્થાનકવાસીના અપવાસ કરતા હોય એને આ શું. દિગંબરમાં જાત્રા સમ્મેદશિખરની, શેત્રુંજયની. ભગવાનની પૂજા, મંદિરો, ગજરથ કાઢવા. એ બધી રાગની મંદતા રાખતો હોય તો શુભભાવ છે. બંધનું કારણ છે એમ સિદ્ધ કરે છે અહીં તો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અહીં સમભાવ છે એ બંધના અભાવનું કારણ છે. મોક્ષનું કારણ છે. અને શુભભાવ છે એ બંધનું કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :- બીજા લોકોને દુઃખ થાય એમાં...

ઉત્તર :- સત્ય છે એમાં એને દુઃખ થાય એ તો એને કારણે થાય છે. સત્યને લઈને થાય છે? આહાહા..! તે છતાં વસ્તુ આવી છે એમ કહેવાય છે, બાપુ! તમને ઠીક ન લાગે તો ક્ષમા કરો. એ તો કહીએ છીએ. બાપુ! બીજું શું થાય? ત્રણકાળમાં આ માર્ગ છે. આહાહા..! ‘એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.’ આ માર્ગ છે. આહાહા..! તમારી દૃષ્ટિમાં મેળ ન ખાય તો દુઃખ લાગે તો અમને ક્ષમા કરો બાપુ! ભાઈ! તમારું દ્રવ્ય એવું છે કે ક્ષમા કરવાને લાયક ... છે. દ્રવ્ય, હોં! આહાહા..!

વસ્તુ છે એ સાધર્મી ભગવાન છે. દરેકનો આત્મા સાધર્મી ભગવાન છે. આહાહા..! ભગવાન ક્ષમા કરજે, ભાઈ! તને પર્યાયમાં દુઃખ લાગતું હોય તો. માર્ગ તો આવો છે, બાપા! એમાં તારા હિતનો માર્ગ છે. તને સુખની પ્રાપ્તિ થાય એનો આ રસ્તો છે. તને દુઃખની પ્રાપ્તિ થાય એ રસ્તામાં તને હોંશ લાગે એ તો દુઃખ થશે, બાપા! આહાહા..! કુદરતના નિયમમાં જેમાં મિથ્યાત્વમાં જ્યાં નરક અને નિગોદ છે.. આહાહા..! એક શ્વાસમાં અઢાર ભવ નિગોદના, બાપુ! એણે શબ્દો સાંભળ્યા. પણ એનો દીર્ઘ વિચાર કરીને... આહાહા..! એક શ્વાસમાં અઢાર ભવ નિગોદના. નારકી કરતા નિગોદનું દુઃખ ઘણું. કારણ કે નારકીને તો હજી ક્ષયોપશમભાવ વિશેષ છે. આને તો એક અક્ષરના અનંતમા ભાગનો ઉઘાડ રહી ગયો છે. આહાહા..! એ દુઃખદશા ઘણી છે, બાપુ! નારકીને સંયોગથી દુઃખ દેખાય છે લોકોને. અને આને એનો સ્વભાવ જ દુઃખરૂપ થયો છે. આહાહા..! આવી વાતું છે.

આત્માનો સ્વભાવ આનંદસ્વરૂપ ભગવાન, જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા એ આત્માનો સ્વભાવ. એ બાહ્ય અભ્યંતર પરિગ્રહ રાગ એ કાંઈ આત્માનો સ્વભાવ નહિ, તેમ શાસ્ત્ર એ આત્માનો સ્વભાવ નહિ. આહાહા..! આગળ તો આવ્યું છે આમાં કે એવો આત્મા છે આ પ્રભુ કે દિવ્યધ્વનિથી પણ ન જણાય એવો છે એ. આવી ગયું છે આમાં. પહેલા. વેદ.. વેદ. વેદ એટલે દિવ્યધ્વનિ. દિવ્યધ્વનિથી પણ આત્મા ન જણાય. કારણ કે એ તો પરવસ્તુ છે. આહાહા..! અને તે વખતે જે જ્ઞાન થાય છે તે ઉપાદાન પોતાનું છે. એ તો નિમિત્ત છે

વાણી. એ જ્ઞાન થયું એ પણ સમ્યગ્જ્ઞાન નથી. પરલક્ષી જ્ઞાન છે. આહાહા..! એટલે એનાથી પણ આત્મજ્ઞાન નહિ થાય. આહાહા..! આત્મજ્ઞાન એ આત્માથી થાય છે. વાણીથી નહિ, વાણીથી થયેલું જ્ઞાન નિમિત્તથી અને ઉપાદાન પોતાનું, એનાથી પણ નહિ. આહાહા..!

'**આત્માકા સ્વભાવ ગ્રંથસે જુદા જાન લિયા હૈ.**' આહાહા..! વિશેષ કહેશે ભાવાર્થમાં.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, કારતક વદ ૫, શુક્રવાર
## તા. ૧૨-૧૧-૧૯૭૬, ગાથા-૪૯, ૫૦, પ્રવચન નં. ૧૩૧

'પરમાત્મપ્રકાશ'. ૪૯-ગાથા. એનો ભાવાર્થ.

'**મિથ્યાત્વ...**' એ અભ્યંતર પરિગ્રહ છે. પુણ્ય, પાપ, રાગાદિ ભાવ મારા છે, જે ચીજ એની પર્યાયમાં નથી એ ચીજ મારી છે એમ માનવું એ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ પણ એક અભ્યંતર પરિગ્રહ છે. પક્કડ છે પક્કડ. આહાહા..! એને છોડીને. એમ કહેવું છે ને અહીં? એને છોડીને. મિથ્યા અભિપ્રાય જે પુણ્યથી ધર્મ થાય, પાપમાં મજા છે, પરનું કરી શકું છું, પરથી મને કાંઈ લાભ થાય છે એમ માનનાર પરને પોતાનું માને છે. એ માન્યતા છોડી દે. આહાહા..! એ માન્યતામાં તો બધી વાત છૂટી ગઈ પહેલા. મિથ્યાત્વ છૂટતાં તો વેદવાસના, ક્રોધ, માન, પુણ્ય, પાપભાવ એના ફળ એ બધાથી રહિત છું એમ દૃષ્ટિમાંથી (એ) છૂટી ગયું. સમજાય છે કાંઈ?

હવે અહીં અસ્થિરતામાંથી છોડીને સ્થિરતા કરવાની વાત છે. આહાહા..! મિથ્યાત્વ છૂટતાં, સમ્યગ્દર્શન થતાં જગત્રય, લોકત્રય, કાળત્રય, મન, વચન, કાયા આદિથી મિથ્યાત્વભાવ તો પરથી જુદું જાણી લીધું. મિથ્યાત્વભાવ છૂટ્યો, અભ્યંતર પરિગ્રહ એને તો સર્વ વિકલ્પથી પણ ભિન્ન છે એમ આત્માને જાણીને. આવ્યું ને? '**आत्मस्वभावः भिन्नः विज्ञातः**' છેલ્લો શબ્દ છે. '**आत्मस्वभावः भिन्नः विज्ञातः**' આહાહા..! એક રાગનો કણ કે પુદ્ગલનો રજકણ એ મારી ચીજ નથી, મારામાં નથી, તેમાં હું નથી. આહાહા..! એવો જે સમ્યગ્દર્શનભાવ, એનાથી એણે મિથ્યાત્વભાવ છોડી દીધો.

પછી '**વેદ,...**' સ્ત્રી આદિ વેદ, કાંક્ષારૂપ વેદ. સ્ત્રી, પુરુષ, નપુંસકની વાસના એવો જે વેદ એ પણ વિકાર છે, દૃષ્ટિમાંથી પહેલું છોડી દીધું છે કે એ હું નહિ. અહીં તો હવે અસ્થિરતા છોડીને સ્થિરતા કરવાની વાત છે. સમજાય છે કાંઈ? આહાહા..! વેદત્રય. સ્ત્રી, પુરુષ, નપુંસકની વાસના એ હું નહિ. એ તો સમ્યગ્દર્શનમાં છૂટી ગયું છે. પણ હવે તો અહીંયાં વિષયની વાસના છોડીને વસ્તુમાં સ્થિર થવું, જ્યાં સુધી ન ઠરે તો ત્યાં સુધી એ દોષ છે. અને એ દોષ બંધનું કારણ છે. આહાહા..! વેદ-વાસના. ટીકામાં છે.

'**स्त्र्यादिवेदकांक्षारूपवेदत्रयं**' પછી '**રાગ,...**'ને છોડી. વિષય-વાસના એ બીજી વાત થઈ. એ સિવાય '**રાગ, દ્વેષ,...**' છોડી દે. આહાહા..!

'**હાસ્ય, રતિ,...**' આ અભ્યંતર પરિગ્રહ (છે). '**અરતિ,...**' અનુકૂળતામાં રતિ થવી, પ્રતિકુળતામાં અરતિ થવી. હાસ્ય-વિનોદભાવ પ્રગટ કરવો. આહા..! એ છોડી દેવું. કેમકે એ અભ્યંતર પરિગ્રહ છે. આહા..! એ વસ્તુમાં છે નહિ. '**શોક,...**' પ્રિય પુત્રનો વિયોગ થતાં શોક થાય. એ છોડી દે. દૃષ્ટિમાંથી તો પહેલું છૂટી ગયું છે પણ જે અસ્થિરતાનો શોક હતો એને છોડી દઈને સ્વરૂપનું ધ્યાન કર, આત્માને ભિન્ન જાણ. આ રીતે ભિન્ન કરીને ભિન્ન જાણ, એમ. એકલો રાગાદિ છે એ અમે જાણ્યો એમ નહિ. એ રાગ અને પુણ્ય અને પાપના ભાવ એનાથી ભિન્ન, ભિન્ન કરીને ભિન્ન તરીકે જાણ. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભય,...**' ભય પામવો-ડર છોડી દે. ભગવાન નિર્ભય વસ્તુ છે. '**જુગુપ્સા,...**' દુગંછા છોડી દે. '**ક્રોધ, માન, માયા, લોભ- યે ચૌદહ અંતરંગ પરિગ્રહ...**' છે. આગળ તો કહેશે હજી. ત્રણ જગતમાં અને ત્રણકાળમાં અને મન, વચન અને કાયા અને કરણ, કરાવણ અને અનુમોદન એ રીતે છોડી દે. આહાહા..! સમભાવ સિદ્ધ કરવો છે ને અહીંયાં? ત્રણ જગત- અધો, મધ્ય અને ઊર્ધ્વ. એમાંથી આ પરિગ્રહની મમતા છોડી દે. ત્રણલોકમાંથી, ત્રણકાળમાંથી. ગયે કાળે આ મારું હતું અને ભવિષ્યમાં મારું થશે એ પરિગ્રહ છોડી દે. આહાહા..! મનથી છોડી દે, વચનથી છોડી દે, કાયાથી છોડી દે. આહાહા..! અને કરણ, કરાવણ, અનુમોદનથી છોડી દે. જગત્રય, કાળત્રય, મન-વચન-કાયત્રય, કરણ, કરાવણ, અનુમોદન ત્રય. આહાહા..!

ભગવાન તો એ વસ્તુથી ભિન્ન છે. જેને અંદરમાં ઠરવું છે એને તો આ બધાથી ભિન્ન કરવું પડશે. દૃષ્ટિમાંથી તો ભિન્ન કર્યું છે પણ સ્થિરતા માટે એને ભિન્ન કરીને ઠરવું પડશે. એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? દૃષ્ટિમાંથી છૂટયું પણ અસ્થિરતામાંથી નહિ છૂટે ત્યાં સુધી મોક્ષમાર્ગ પૂરો નહિ થાય એને, એમ કહે છે. સમજાણું કાંઈ? બાહ્ય (પરિગ્રહ) દસ. અભ્યંતર ચૌદ, બાહ્ય દસ.

'**ક્ષેત્ર,...**' વસ્તુ બાહ્ય. '**વાસ્તુ (ઘર),...**' ક્ષેત્ર એટલે જંગલમાં ક્ષેત્ર હોય ને ઈ. '**(ઘર), હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્ય,...**' અનાજ. આહાહા..! એ બાહ્ય પરિગ્રહ છે. '**દાસી, દાસ,...**' આ અમારી દાસી છે અને આ અમારો નોકર છે. '**કુપ્ય,...**' ઘરવખરો. ઘરમાં ઘરવખરો હોય ને? શું કહે? ઘરવખરાને શું કહે છે? ઘરમાં સામગ્રી હોય ને બધી? ફર્નિચર. સામગ્રી છે બધી વાપરવાની.

મુમુક્ષુ :- કેસર, ચંદન..

ઉત્તર :- નહિ. આ કુપ્ય જુદી ચીજ છે. ઘરવખરો છે. ક્ષેત્ર છે એ બાહ્યની ચીજમાં જાય છે. વસ્તુ એ ઘરમાં જાય છે. અને કુપ્ય છે એ ઘરનો વખરો અંદર. વાસણને ગોઠવે છે ને બધું શું કહેવાય? ફર્નિચર. અત્યારે તો આ બધા બહુ ઘર દીઠ હાથી, ઘોડા અને માણસને

રાખે છે ને એમાં? કબાટમાં. કબાટમાં રાખે છે ને છોકરા માટે. હાથી, ઘોડા, માણસ આમ જોતા. એ બધો ઘરવખરો પરવસ્તુ. છોકરા માટે રાખે, છોકરા માટે. આહાહા..!

મુમુક્ષુ :- કબાટમાં રાખે એમાં પરિગ્રહ ક્યાં?

ઉત્તર :- કબાટ છે એ મારો છે એ જ પરિગ્રહ છે. પછી એમાં ચીજ રાખી એ મારી એ પરિગ્રહ છે.

મુમુક્ષુ :- મુર્છા પરિગ્રહ છે.

ઉત્તર : એ. આહાહા..!

દાસ મારા છે. આ નોકર. એ તો પરવસ્તુ. દાસ કેવો આત્માને? આહાહા..! દાસી. કામ કરનારી બાયું હોય ને? અમારી દાસી (છે). કોણ એ ચીજ? બાપુ! એ તો પરચીજ છે જગતની. તારે અને એને કાંઈ લેવા-દેવા નથી. ઘરવખરો. '**ભાંડરૂપ...**' વાસણ-વાસણ. ચાંદીના, સોનાના, રૂપાના નથી વાસણ રાખતા? તપેલા ચાંદીના, થાળી ચાંદીની અને વાટકા ચાંદીના અને ઊંચાવાળા હોય તો સોનાના વાટકા હોય છે. આ ચા પીવે છે ને 'દિલ્હી'માં? મોટું છે ને એ મકાન? 'જ્યોર્જ' અને 'એડવર્ડ' ભેગા થઈને.

મુમુક્ષુ :- રાષ્ટ્રપતિ ભવન.

ઉત્તર :- હા. ત્યાં ગયા હતા ને, અમે જોવા ગયા હતા. ત્યાં બધા સોનાના વાસણમાં ચા આપે બધાને. આહાહા..! ઓલું કો'ક સાથે હતું તે દિ'. કોણ? 'જયંતિભાઈ'. 'જયંતિભાઈ' સાથે હતા. ત્યાં ધારાસભામાં હતા. ત્યાં મોટું 'દિલ્હી'માં જોવા ગયા હતા. આહાહા..!

મુમુક્ષુ :- કેવું હતું?

ઉત્તર :- ધૂળેય નહોતું કાંઈ. આહાહા..!

અરે..! નિજપરિગ્રહ તો આનંદ અને જ્ઞાન એ નિજપરિગ્રહ છે. પોતાનું સ્વરૂપ પરિ-સમસ્ત પ્રકારે, ગ્રહ-પકડી રાખ્યું છે. ભગવાનઆત્મા અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ... આહાહા..! પરવસ્તુને અને એને શું સંબંધ છે? આહાહા..! દેહ છોડીને ચાલ્યો જાય એકલો. થઈ રહ્યું. કાંઈ સંબંધ છે નહિ સાથે. એ અત્યારે જ એમ છે. સંયોગી તે વિયોગી થશે, પણ અત્યારે સંયોગ છે તે વિયોગમાં જ છે અત્યારે.

મુમુક્ષુ :- વિયોગ એટલે જુદો.

ઉત્તર :- જુદો. એમ માણસ કહે, ભાઈ! સંયોગ છે એનો વિયોગ થશે. પણ એ અત્યારે સંયોગ છે એ વિયોગપણે જ રહેલો છે. કે સંબંધપણે રહ્યો છે? આહાહા..!

મુમુક્ષુ :- માન્યા છે.

ઉત્તર :- માને ગમે તે રીતે.

શરીર, કર્મ, પુણ્ય, પાપ બધી સંયોગી ચીજ વિયોગભાવે જ અત્યારે છે. સમજાણું કાંઈ? એને પોતાના માનવા અથવા અસ્થિરતા કરવી એ પરિગ્રહ છે. પોતાના માનવા એ મિથ્યાત્વ પરિગ્રહ છે અને અસ્થિરતાનો પરિગ્રહ છે એ ચારિત્રદોષ છે. આહાહા..! બેયને

છોડવા. સમભાવ જેને કરવો છે. અહીં તો વાત એ લેવી છે ને? સમભાવ-વીતરાગભાવ એ મુક્તિનું કારણ છે. વીતરાગભાવની પૂર્ણતા ક્યારે થાય? કે દૃષ્ટિમાંથી તો પરને કાઢી નાખે પણ અસ્થિરતામાંથી છોડી દે ત્યારે એને વીતરાગતા થાય. એ વીતરાગતા સાક્ષાત્ મોક્ષનું કારણ છે. એવી વીતરાગતા ન હોય ત્યાં સુધી રાગ હોય તે બધા દોષ છે એમ સિદ્ધ કરવું છે. ચાહે તો ભક્તિનો રાગ હોય, પુણ્યનો, પૂજા, વ્રતનો રાગ હોય એ રાગ છે એ દોષ છે. એમ દૃષ્ટિએ તો જાણ્યું છે પણ સ્થિરતા માટે એ દોષને છોડીને સ્થિર કરે ત્યારે તેને વીતરાગતા થાય. આહાહા..!

'**ધન, ધાન્ય, દાસી, દાસ, કુપ્ય, ભાંડરૂપ દસ બાહ્ય પરિગ્રહ-ઈસપ્રકાર ચૌબીસ તરહકે બાહ્ય અભ્યંતર પરિગ્રહોંકો તીન જગતમેં,...**' આહાહા..! આ શબ્દ આવે છે ને આપણે? પાછળ 'બંધ અધિકાર' અને 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં. ત્રણ જગત, ત્રણ લોકમાં નિર્વિકલ્પો અહમ્. બંધ અધિકાર, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છેલ્લો આવે છે. આમાં પણ આવે છે કે નહિ 'પરમાત્મપ્રકાશ'માં? છેલ્લે કળશે છે ને? '**परमात्मप्रकाश-वृत्तेर्व्याख्यानं ज्ञात्वा किं कर्तव्यं भव्यजनैः। सहजशुद्धज्ञानानन्दैकस्वभाववोऽहं,**' છેલ્લે છે. છેલ્લું પાનું. એ બધા શબ્દ આમાં આવે છે, જુઓ! છે? છેલ્લું પાનું. ૩૫૧ પાનું છે આમાં. જુઓ! '**परमात्मप्रकाशवृत्तेर्व्याख्यानं ज्ञात्वा किं कर्तव्यं**' છે? આ જાણીને કરવું શું? ભવ્યજને શું કરવું?

'**सहजशुद्धज्ञानानन्दैकस्वभाववोऽहं,**' આહાહા..! સ્વભાવિક આનંદ એક સ્વભાવ. એકરૂપ સ્વભાવ. ત્રિકાળ. આહાહા..! પહેલું ત્યાંથી ઉપાડ્યું છે. આનંદથી. આહાહા..! સ્વભાવિક શુદ્ધ આત્મા આનંદ એક સ્વભાવ. સહજાત્મસ્વરૂપ, સહજ આનંદસ્વરૂપ. એવો હું છું એમ અનુભવ કરવો. એમ છે. છે? '**निर्विकल्पोऽहं**' આ શબ્દો તો આવ્યા હતા. કીધું હતું ને પહેલું નાટકનું? (સંવત) ૧૯૬૪ની સાલમાં 'વડોદરા'માં નાટક જોવા ગયેલા. મૂળ તો વેપાર માટે ગયેલા. પણ પછી વખત મળ્યો તો રાતે ગયા હતા. માલ લેવા ગયેલા. ૧૯૬૪ની સાલની વાત છે. ત્યાં ઓલી 'અનસુયા' બાઈ છે. એને પછી છોકરું થયું. '**निर्विकल्पोऽहं, शुद्धोऽहं, उदासीनोऽहं**' બેટા. એમ કહેતી ત્યાં. નાટકમાં, હોં! આહાહા..! 'અનસુયા' બાઈનું નાટક. આ 'ભરૂચ'ને કાંઠે નર્મદા છે ને? 'નર્મદા' અને 'અનસુયા' બે બહેનો હતા. બે બહેનો હતા. પછી નામ પડ્યું નદીનું નામ. બે બહેનો હતા. એ 'અનસુયા'નું નાટક હતું, મોટું. 'વડોદરા'. ૧૯૬૪ની સાલની વાત છે. પછી માલ લેવા ગયેલા. રાતે જોવા ગયા હતા. એક 'પોપટભાઈ' કરીને હતા, 'પાલેજ'માં. એ પણ સાથે હતા તે દિ'. ઘણા વર્ષ થઈ ગયા. ૧૯૬૪. ૬૮-૬૯ વર્ષ થઈ ગયા. ત્યારે નાટકમાં એ છોકરાને સુવરાવતી હતી બાઈ. એ એવું કહ્યું હતું કે બાઈ વગર પરણે સ્વર્ગમાં જાતી હતી. તો એ લોકો ના પાડે છે ને કે અપુત્રસ્ય ગતિ નાસ્તિ. પુત્ર નથી એને સ્વર્ગગતિ નહિ મળે. જા, પાછી જા. કહે, ક્યાં જાઉં? કે નીચે જે હોય એને વર. હેઠે એક બ્રાહ્મણ આંધળો હતો. નાટક હતું, મોટું નાટક.

'વડોદરા'. એને પરણી. એમાં થયું છોકરું. એ છોકરું લઈ આવ્યા હશે ક્યાંકથી. વર્ષ, બે વર્ષનું. પછી આમ સુવડાવતી હતી. '**निर्विकल्पोऽहं, शुद्धोऽहं, उदासीनोऽहं**' બેટા! એમ કહેતી હતી. એટલા શબ્દો યાદ રહ્યા છે. બાકી તો ઘણા કહેતી હશે. આપણે આમાં નાખ્યા છે ને. શુદ્ધોસિ, નિરંજનોસિ. આહાહા..! એવા શબ્દો નાટકમાં પાડતા. એ હવે ધર્મમાં પણ રહ્યા નહિ. સમજાણું કાંઈ? શુદ્ધોસિ, નિરંજનોસિ, નિર્વિકલ્પોસિ, ઉદાસીનોસિ. અભેદસ્વરૂપ છો, ઉદાસીન છો. આખી દુનિયાથી ભિન્ન તારી ચીજ છે. આહાહા..!

એ અહીં કહ્યું ને? જુઓ! '**निर्विकल्पोऽहं, उदासीनोऽहं, निजनिरंजनशुद्धात्म-सम्यक्श्रद्धान ज्ञानानुष्ठानरूप निश्चयरत्नत्रयात्मनिर्विकल्पसमाधिसंजात...**' જોયું! આપણે અત્યારે કહે છે ને એ. '**वीतरागसहजानन्दरूपसुखानुभूतिमात्रलक्षणेन स्वसंवेदनज्ञानेन स्वसंवेद्यो गम्यः**' હું તો પોતાના જ્ઞાનના વેદનથી વેદવામાં આવું એવો હું છું. કોઈ રાગથી અને નિમિત્તથી વેદવામાં આવું એવો હું છું નહિ. આહાહા..! જ્ઞાન જે શુદ્ધ ચૈતન્યપરિણતિ, એનાથી સ્વ-પોતાનું, સં-પ્રત્યક્ષ વેદન કરું, પ્રત્યક્ષ વેદન કરું એ હું છું. આહાહા..! છે ને? '**स्वसंवेदनज्ञानेन स्वसंवेद्यो गम्यः**' જોયું! '**स्वसंवेद्यो गम्यः**' સ્વ એટલે મારાથી, પ્રત્યક્ષથી હું ગમ્ય છું. મતિ-શ્રુત જ્ઞાનથી હું પ્રત્યક્ષ ગમ્ય છું. આહાહા..! આવો માર્ગ. લોકોને વ્યવહારના રસિકે આવી વાત સાંભળી ન હોય ને એટલે એ નિશ્ચય.. નિશ્ચય... નિશ્ચય.. કરીને કાઢી નાખે. રાખવાનું તો આ છે. કરવાનું કર્તવ્ય તો આ છે.

'**प्राप्यो भरितावस्थोऽहं**' આહાહા..! '**गम्यः प्राप्यो**' એટલે સ્વસંવેદન પ્રાપ્તિ. '**भरितावस्थोऽहं**' મારી ચીજ તો પૂર્ણ અવસ્થાથી ભરેલી છે-પૂર્ણ શક્તિઓથી. અવસ્થા એટલે પર્યાય નહિ. '**भरित अवस्थ**' નિશ્ચય સ્વભાવથી ભરેલો ભગવાન હું છું. આહાહા..! અવસ્થા શબ્દ વાપર્યો છે. પણ એ '**भरितावस्थोऽहं**' નિશ્ચયથી સ્વભાવના ભાવથી ભરેલો હું છું. પૂર્ણ સ્વભાવથી ભરેલો ભગવાન (છું). આહાહા..! રાગ-દ્વેષ... છે? '**रागद्वेषमोहक्रोधमानमायालोभपञ्चेन्द्रियविषयव्यापार...**' જોયું! આવ્યું હવે. '**मनवचनकायव्यापारभावकर्मद्रव्यकर्मनोकर्मख्यातिपूजालाभदृष्टश्रुतानुभूतभोगाकांक्षा-रूपनिदान्मायामिथ्याशल्यत्रयादिसर्वविभावपरिणामरहितशून्योऽहं,..**' પછી હવે આવ્યું આ. '**जगत्त्रये कालत्रयेऽपि...**' આહાહા..! '**जगत्त्रये कालत्रयेऽपि मनवचनकायैः कृतकारितानुमतैश्च शुद्ध निश्चयनयेन। तथा सर्वेऽपि जीवाः, इति निरन्तरं भावना कर्तव्येति॥**' સર્વ જીવો એવા છે. આહાહા..!

ભગવાનઆત્મા જે આ પ્રમાણે કીધું. બધા જીવો એવા જ છે. ત્રણકાળ ત્રણલોક મન, વચન, કાયા, કૃત, કારિત, અનુમોદનથી ભિન્ન.. આહાહા..! ઉદાસ શુદ્ધ ચૈતન્યઘન ભરિત અવસ્થ. પૂર્ણ સ્વભાવથી ભરેલો હું ભગવાન પૂર્ણ છું. પર્યાય એટલી નહિ. પૂર્ણ સ્વભાવથી ભરેલો ભગવાન છું. આહા..! એ કર્તવ્ય અને એ કરવા લાયક છે, કહે છે. આહાહા..!

સમજાણું કાંઈ? વાત તો ભાઈ! મોંઘી પણ અપૂર્વ વાત છે. પૂર્વે કદી કરી નથી, ખરી રીતે રુચિથી પૂર્વે સાંભળી નથી. આહાહા..! આવો ભગવાન પૂર્ણાનંદનો નાથ ચૈતન્યહીરો પરમેશ્વરસ્વરૂપ જ પ્રભુ પોતે છે. આહાહા..! એને અંતરમાં નિશ્ચયની ભાવનાથી સ્વસંવેદનમાં લઈને અનુભવવો... આહાહા..! એ ભવ્યજીવનું કર્તવ્ય છે. આહાહા..! આકરું ભારે આવું આ. આના કોઈ સાધન-ફાધન (ખરા કે નહિ)? અહીં તો સાધન પણ કાંઈ કર્યા નથી બિચારાએ. આ તો વ્યવહાર સાધન-સાધન એ નથી કહ્યું આમાં. 'પંચાસ્તિકાય'માં કહ્યું ને? વ્યવહાર ભિન્ન સાધ્ય-સાધન. એ તો ઉપચારથી કથન છે. આહાહા..!

ભગવાન! તારી મહત્તા અને મોટપની શું વાત! આહાહા..! જેની આગળ સિદ્ધની પર્યાયનો ભેખ પણ એક અંશ છે. આહાહા..! એવો ભગવાન એવા અનંત અંશથી ભરેલો વીતરાગમૂર્તિ, સમભાવના સ્વભાવથી ભરેલો વીતરાગી પરમાનંદના વેદનથી જણાય એવો. આહાહા..! સમજાણું કાંઈ? આકરું (લાગે) માણસને. ત્યાં પણ એમ કહ્યું હતું. 'અગાસ' ગયા હતા ને, 'અગાસ'. બપોરે વ્યાખ્યાન ચાલ્યું. સાંભળ્યું. પણ પછી રાતે એક મારવાડી આવ્યો કે પણ સાધન? સાધન એમ કે આ ભક્તિ કરવી એ સાધન. અરે..! ભાઈ! તમને... એ તો પુણ્યના પરિણામ છે. એ સાધન કહેવાય? સાધન તો પુણ્ય પરિણામથી ભિન્ન ચિદાનંદ સ્વભાવને પ્રજ્ઞાબ્રહ્મથી સાધન વડે અંદર અનુભવવો, પ્રજ્ઞાના અનુભવથી અનુભવવું એ સાધન છે. શું થાય પણ? એ લોકો પાછા ત્યાં અટકી જાય છે. 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય.' એ સાધન બહારના વિકલ્પ. એને ત્યાં જરી ઊભા રાખ્યા છે. આહાહા..!

અહીં તો એ કીધું છે. જોયું! '**सर्वेऽपि जीवाः, इति निरन्तरं भावना कर्तव्येति।।**' નિરંતર એ ભાવના રાખવી. આહાહા..! એ અહીં કહ્યું છે. '**जगत्त्रये**' આપણે ચાલે એમાં. '**તીન જગતમેં, તીનોં કાલોંમેં,...**' આહાહા..! ત્રણે કાળમાંથી સમેટી લીધો એને. ત્રણકાળમાં કોઈ મારી ચીજ જ નથી. આહાહા..! ચીજ તો તે હું છું. ત્રણલોક, ત્રણકાળ. મધ્ય, અધો, તીરછો એમાં ત્રણલોક. ત્રણકાળ-ભૂત, ભવિષ્ય અને વર્તમાન. એનાથી તદ્દન (જુદો છું). કોઈ ચીજમાં ક્યાંય હું નથી. આહાહા..! '**મન, વચન, કાય, કૃત, કારિત અનુમોદનાસે છોડ...**' એ પરિગ્રહને ત્રણકાળ ત્રણલોકમાં મન, વચન, કાયાથી છોડી દે. આહાહા..! એકદમ વીતરાગતા વર્ણવવી છે ને! સમજાય છે કાંઈ? છે? એ તો નાસ્તિથી વાત કરી કે છોડ. હવે અસ્તિ શું?

'**શુદ્ધાત્માકી પ્રાપ્તિરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં ઠહરકર...**' લ્યો! આ અસ્તિ. આહાહા..! માર્ગ તો આવો છે, બાપુ! એને પહેલો સમજણમાં તો લે. આહાહા..! અનંતવાર મરી ગયો એમ ને એમ. ટળવળતા, ટળવળતા વેદના (ભોગવી છે). આહાહા..! આ અફીણ્યાને અફીણ ન મળે ને, એ નાની ઉંમરમાં જોયેલા અમારે 'ઉમરાળે'. પછી અફીણ મળે નહિ. ગરીબ માણસ અને અફીણ ન મળે. પગ ઢસડે પછી. અફીણ વિના. અફીણનું બંધાણ હોય. ગરીબ માણસ હોય. અફીણ મળે નહિ પછી. આહાહા..! જોયેલા નાની

ઉંમરમાં. તરફડીયા મારતા હોય. એમાં કો'ક વળી મહાજન-બહાજનને દયા આવે જરી તો અફીણ પા ભાગ થોડું આપે. આહાહા..!

એમ આ પરની વિષયવાસનામાં પરમાં ટળવળતો રખડી રહ્યો છે. આહા..! એને તો આ ઔષધ છે. પરથી ખસીને પોતાના સ્વભાવમાં આવવું. આહાહા..! પરથી ખસ, સ્વમાં વસ, એ ટૂંકું ટચ અને એટલું બસ. આહાહા..! (પરના) વિકલ્પથી માંડીને દયા, દાનનો વિકલ્પ પણ પર છે. આહાહા..! એ તારા સ્વરૂપમાં નથી. એક સમયની પર્યાય પણ ત્રિકાળ સ્વરૂપમાં નથી. આહાહા..! એવો પૂર્ણાનંદ ભરેલો ભગવાન, તેનું વેદન કરવું એ કર્તવ્ય છે. આહાહા..! કહો, 'દેવીલાલજી'! વાત આ છે. એની પહેલી શ્રદ્ધામાં તો એ વાતને લે કે ગમે તે વાતું વ્રત અને તપની શાસ્ત્રમાં ચાલી હોય, પણ એનાથી રહિત થઈને પોતામાં એકાગ્ર થવું એ વસ્તુ છે. આહાહા..!

મુમુક્ષુ :- આખરી ફેંસલો કર્યો છે.

ઉત્તર :- આવું 'પરમાત્મપ્રકાશ' સાંભળીને, વાંચીને કરવું શું? કરવું આ. ત્રણકાળ ત્રણલોકમાંથી ખસી જઈને. એમાં ક્યાંય પરિગ્રહ નહિ. આહાહા..! મન, વચન, કાય, કૃત, કારિત અનુમોદનાથી ખસી જઈને. આહાહા..! એકલો વીતરાગભાવ. કેવો? '**શુદ્ધાત્માકી પ્રાપ્તિરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં ઠહરકર...**' આહાહા..! દિગંબરના વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે. 'શ્રીમદ્'માં આવે છે એક ઠેકાણે. શ્વેતાંબરના મોળશને લઈને રસ ઠંડાતો ગયો. એવા શબ્દો આવે છે. શ્વેતાંબરની વાણી ઢીલી.. ઢીલી... ઢીલી.. વિપરીત કરતા કરતા કરતા બધો રસ વયો ગયો. દિગંબરના તીવ્ર વચનોને લઈને... આહાહા..! રહસ્ય સમજી શકાય છે કે શું કહેવા માગે છે. આહાહા..!

મુમુક્ષુ :- (એવું એમાં આવે છે) શ્વેતાંબર શાસ્ત્ર નિષેધવા યોગ્ય નથી.

ઉત્તર :- એ પહેલું કહ્યું હતું. શરૂઆતમાં રહી છે ને. એ તો 'આત્મસિદ્ધિ'માં કેવળી વિનય કરે એ બધી અસર શ્વેતાંબરની છે. પાછળથી નીકળી ગયું છે. પછી જ્યાં સત્શાસ્ત્રના નામ આપ્યા છે ને ત્યાં આગળ કોઈ શ્વેતાંબરના શાસ્ત્રના નામ નથી. વીસ શાસ્ત્રમાં ઓગણીસ દિગંબરના અને એક ગ્રંથ છે, 'હરિભદ્ર'નો બનાવેલો. એ તો તર્કથી સિદ્ધ કર્યું છે. શાસ્ત્રનું નામ નથી. પણ એ લોકો ન માને. પહેલા તો પોષાણ થઈ ગયું. 'આત્મસિદ્ધિ' જે મુખ્ય બનાવ્યું એમાં પણ કેવળી વિનય કરે છદ્મસ્થનો. એ શ્વેતાંબરની ઝળક છે. શ્વેતાંબરમાં દસ વૈકાલિકનું નવમું અધ્યયન છે. એમાં એ આવે છે. એ મોઢે કરેલા હતા ને બધા? અનંત નાણં.. અનંતજ્ઞાનને પ્રાપ્ત થયેલો શિષ્ય પણ ગુરુનો વિનય ન મૂકે. એવો પાઠ છે. કેવળીને વિનય હોય જ નહિ. કેવળજ્ઞાન વીતરાગ પૂર્ણ દશા થઈ (પછી વિકલ્પ કેવો?) પણ શ્વેતાંબરની શૈલી એવી છે જ ઢીલી અને વિપરીત કે એમાં ક્યાંય આકરું કામ.

મુમુક્ષુ :- સાતમા ગુણસ્થાને વંદ્ય વંદકભાવ...

ઉત્તર :- આત્મામાં વંદ્ય વંદકભાવ નથી. છઠ્ઠા સુધી વિકલ્પ છે. ત્યાં સુધી વંદ્ય વંદકભાવ હોય છે. આ 'દ્રવ્યસંગ્રહ' તો પછી એમણે કહેલું. પહેલા આ લખાઈ ગયું એટલે...

કેવળજ્ઞાની પરમાત્મા પૂર્ણાનંદનો નાથ એ કોનો વિનય કરે? વીતરાગ છે, પૂર્ણ છે, હવે ક્યાં પૂર્ણમાં બાકી રહ્યું છે કાંઈ? આહાહા..! પણ એ વખતે જરી શ્વેતાંબરની ઝળક રહી ગયેલી અને એ શ્લોક બનાવેલો. પછી મેં તો એનો અર્થ બીજો જ કર્યો હતો તે દિ'. (સંવત) ૧૯૯૫માં અર્થ થઈ ગયો છે ને? 'આત્મસિદ્ધિ'ના (પ્રવચનોના) બધા પાંચ-સાત હજાર પુસ્તકો છપાઈ ગયા. અહીંયાં બે-ત્રણ પુસ્તક છે 'આત્મસિદ્ધિ'ના પ્રવચનના. 'શાંતિભાઈ' કાલે લાવ્યા હતા. ત્રણ છે ને ત્રણ? 'આત્મસિદ્ધિ પ્રવચન'. એ ૧૯૯૫માં થયેલા 'રાજકોટ'. ત્યારે ત્યાં અર્થ એવો કર્યો હતો કે કેવળી વિનય કરે એનો અર્થ શું લેવો? કે પૂર્વે ગુરુનો વિનય કર્યો હતો એ કેવળજ્ઞાનમાં જણાણો. કેવળી કોનો વિનય કરે? પૂર્ણાનંદનો નાથ તો.. અરે..! તીર્થંકર તો દીક્ષા લે છે છદ્મસ્થ (અવસ્થામાં) ત્યારે પણ નમો અરિહંતાણં કરતા નથી. **નમઃ** સિદ્ધેભ્ય. બસ. તીર્થંકર ભગવાન જ્યારે દીક્ષિત થાય છે **નમઃ** સિદ્ધેભ્ય (બોલે). પંચ નોકાર નહિ.

મુમુક્ષુ :- ૐ પણ ન બોલે?

ઉત્તર :- **નમઃ** સિદ્ધેભ્ય. એમાં આવી ગયું બધું. ૐ એમાં આવી ગયો.

એ તો ઓલામાં આવે છે. 'નેમિનાથ' ભગવાન જ્યારે ન્હાય છે ને? ન્હાવા જાય છે ત્યારે 'શ્રીકૃષ્ણ'ની રાણીઓ સાથે હોય છે. 'રૂક્ષ્મણી' ને બધી. પછી એને કહે છે કે તમે પરણવાની હા પાડો. એમ કરીને 'શ્રીકૃષ્ણ'ની રાણીઓ બહુ વિનવે છે. પછી એટલું કહે છે. ૐ બસ. ૐ. એમ કે ઠીક ઠીક. ભજનમાં આવે છે. ૐ. હા એમ. પરણવા જાય ત્યાં ઓલા પશુ દેખે છે. આ અમારા લગન અને આ ન હોય. આ પશુના પોકાર અમારા પ્રસંગમાં ન હો. સારથીને કહે છે કે સારથી! પાછો વાળ. આહાહા..! અમે તો વીતરાગભાવને અંગીકાર કરશું. પાછો વાળ. આ નહિ. આ લગન નહિ. અમારા લગન તો આત્મા સાથે ચોંટશે હવે. આહાહા..! છોડી દે છે. હા પાડી હતી ત્યાં. ન્હાવા વખતે રાણીઓ બોલવા માંડી ને બહુ કરવા માંડી. લૂગડા-બુગડા. 'રૂક્ષ્મણી'ને એમ કહે, અમારું લૂગડું ધોઈ દે. શું અમે તમારી દાસી છીએ? બાયડી છીએ તમારી કે લૂગડું ધોવાનું કહો છો? પરણો. તો કહે છે, ૐ. એટલું કહ્યું. ૐ કરીને હા પાડી. એમ. આહાહા..! આ તો ભાઈ જ્ઞાનીની મોજું અને રમતું જુદી જાતની છે. આહાહા..!

અહીં તો કહે છે કે ત્રણકાળ ત્રણલોકમાંથી ખસી જઈને વીતરાગ નિર્વિકલ્પ શાંતિ (એમાં સ્થિર થાય). આહાહા..! ઉત્કૃષ્ટ વાત લેવી છે ને? અને પહેલાના જે અસ્થિરતાના વિકલ્પો હતા એ બધા દોષવાન હતા, બંધના કારણ હતા એમ ઠરાવીને એનાથી છોડીને ઠર હવે, એમ કહે છે. સમજાણું કાંઈ? એમ. આહાહા..! વીતરાગ નિર્વિકલ્પ અભેદ સમાધિ શાંતિમાં '**ઠહરકર પરવસ્તુસે અપનેકો ભિન્ન જાનતા હૈ,...**' જોયું! શું કીધું? પરવસ્તુને ભિન્ન જાણે છે. કઈ રીતે? ક્યા કાળમાં? સમ્યગ્દર્શનમાં તો ભિન્ન જાણે છે પણ આમાં આ રીતે ઠરીને ભિન્ન જાણે તેનું નામ જાણ્યું. એમ. શું કીધું ઈ? 'ધન્નાલાલજી'! શું કીધું? '**નિર્વિકલ્પ સમાધિમેં ઠહરકર પરવસ્તુસે અપનેકો ભિન્ન જાનતા હૈ,...**' આહાહા..! સમ્યગ્દર્શનમાં તો

પરવસ્તુથી ભિન્ન જાણે, પણ અહીં તો પરવસ્તુમાંથી ખસી સ્વરૂપમાં ઠરીને... આહાહા..! '**પરવસ્તુસે અપનેકો ભિન્ન જાનતા હૈ,...**' આહાહા..! અંદરમાં વીતરાગપણે ઠર્યો એ પરવસ્તુને ભિન્ન જાણે છે. આહાહા..! સમભાવ લેવો છે ને એકદમ. સમજાય છે કાંઈ? આહાહા..!

'**સમાધિમેં ઠહરકર પરવસ્તુસે અપનેકો ભિન્ન જાનતા હૈ,...**' આહાહા..! સંતોની કથની તો જુઓ. દિગંબર સંતોની. આહાહા..! '**વો હી પરિગ્રહકે ઉપર રાગ-દ્વેષ નહીં કરતા હૈ.**' પાઠ એ છે ને? '**गंथहँ उप्परि**' ગાથા એ છે. '**गंथहँ उप्परि**' ગ્રંથ ને ઉપર રાગ ન કરવો. એટલે આ ગ્રંથ બાહ્યઅભ્યંતર આદિ બધાનો અને શાસ્ત્ર. શાસ્ત્ર ઉપર એટલે શાસ્ત્ર ઉપર પણ રાગ-દ્વેષ ન કરવો. આહાહા..! વીતરાગમાર્ગ આવો (છે), ભાઈ! આવો '**વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં ઠહરકર પરવસ્તુસે અપનેકો ભિન્ન જાનતા હૈ,...**' આહાહા..! '**વો હી પરિગ્રહકે ઉપર રાગ-દ્વેષ નહીં કરતા હૈ.**' જોયું! આહાહા..! શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ પરવસ્તુ. હવે એને માટે રોકાવું એકલા પાપ માટે છે. આહાહા..! એકલો પાપનો બોજો વધારે છે. ધર્મ તો નથી, પુણ્ય પણ નથી. આહાહા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, આબરૂ, રળવું, કમાવું. આહાહા..! અમૂલ્ય જિંદગીની કિંમતું ત્યાં ચાલી જાય છે. આહાહા..! એકલો પાપનો બોજો વધે. ધર્મ તો નથી. પાપનો બોજો વધે અને પુણ્ય પણ નથી ત્યાં તો. આહાહા..! બે-ચાર કલાક સાંભળવું, વાંચન કરવું એવો જે વખત, એ પુણ્યનો વખત છે. આહાહા..!

મુમુક્ષુ :- એ .. પરંપરા...

ઉત્તર :- એ તો છે. આ તો આને પુણ્યના પણ ઠેકાણા નથી. એમ. ચાર-ચાર, બે-ચાર કલાક વાંચન, શ્રવણ, સત્સમાગમ, એને શ્રવણ કરવો એવો વખત હંમેશા લેવો એનું નામ પુણ્ય છે. શેઠ! અને દુકાન ને મકાન ને ઘરના બાયડી, છોકરામાં રોકાવું એકલું પાપ છે. અહીં તો બેયને છોડીને અંદર સમાધિમાં ઠર ત્યારે ભિન્ન જાણ્યો કહેવાય, એમ કહે છે. આહાહા..! અરેરે..! દુનિયાની મીઠાશ બહારની ને.

'**સમાધિમેં ઠહરકર પરવસ્તુસે અપનેકો ભિન્ન જાનતા હૈ, વો હી પરિગ્રહકે ઊપર રાગ-દ્વેષ નહીં કરતા હૈ. યહાં પર ઐસા વ્યાખ્યાન...**' હવે શું કહે છે? '**નિર્ગ્રંથમુનિ કો હી શોભા દેતા હૈ,...**' કેમકે ગૃહસ્થાશ્રમમાં સમકિતી છે પણ હજી એને રાગ છે. અસ્થિરતાનો રાગ છે. ભિન્ન જાણ્યું, ભિન્ન અનુભવ્યો છે, પણ હજી અસ્થિરતાનો ભાવ છે તેને આ વ્યાખ્યાન શોભે નહિ. આહાહા..! છે? '**નિર્ગ્રંથમુનિ કો શોભા દેતા હૈ,** આહાહા..! **પરિગ્રહધારીકો નહીં શોભા દેતા હૈ,...**' સમકિતી છે, જ્ઞાની છે પણ જ્યાં સુધી રાગભાગ છે તેને આ વ્યાખ્યાન શોભા નહિ દે, તેને આ લાગુ નહિ પડે એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ... તો પડશે કે નહિ?

ઉત્તર :- એ જ કહે છે ને. પહેલું આ તો ઓળખ અને શ્રદ્ધા તો કર સાચી પહેલી.

વ્યવહાર શ્રદ્ધા, હોં! હજી નિશ્ચય શ્રદ્ધા તો અનુભવ છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! એકલો આવ્યો, એકલો જાય અને એકલો રહે. કોઈની સાથે કાંઈ સંબંધ છે નહિ. આહાહા..!

અહીં તો કહ્યું ને? ત્રણકાળ, ત્રણલોકમાંથી ખસી જઈને. કેમકે એ પરવસ્તુ છે એમાં તું છો ક્યાં? આહાહા..! એમાંથી છૂટી જઈને ઠરવું ક્યાં? શુદ્ધ આત્મામાં સમાધિ શાંતિમાં ઠરીને પરને ભિન્ન જાણ. આહાહા..! સમજાણું કાંઈ? '**ઐસા વ્યાખ્યાન નિર્ગ્રંથમુનિ...**' આહાહા..! જેને અભ્યંતર પરિગ્રહ છૂટી ગયો છે, બાહ્ય પરિગ્રહ છૂટી ગયો છે, એવાને આ શોભે છે. '**પરિગ્રહધારીકો નહીં શોભા દેતા હૈ, ઐસા તાત્પર્ય જાનના.**' એનું તાત્પર્ય આ છે. આહાહા..!

---

**अथ –**

**१७७) विसयहँ उप्परि परम-मुणि देसु वि करइ ण राउ।**
**विसयहँ जेण वियाणियउ भिण्णउ अप्प-सहाउ।।५०।।**

**विषयाणां उपरि परममुनिः द्वेषमपि करोति न रागम्।**
**विषयेभ्यः येन विज्ञातः भिन्नः आत्मस्वभावः।।५०।।**

**विसयहं इत्यादि। विसयहं उप्परि विषयाणामुपरि परम-मुणि परममुनिः देसु वि करइ ण राउ द्वेषमपि नापि करोति न च रागमपि। येन किं कृतम्। विसयहं जेण वियाणियउ विषयेभ्यो येन विज्ञातः। कोऽसौ विज्ञातः। भिण्णउ अप्प-सहाउ आत्मस्वभावः। कथंभूतो भिन्न इति। तथा च द्रव्येन्द्रियाणि भावेन्द्रियाणि द्रव्येन्द्रियभावेन्द्रियग्राह्यान् विषयांश्च दृष्टश्रुतानुभूतान् जगत्त्रये कालत्रयेऽपि मनोवचनगकायैः कृतकारितानुमतैश्च त्यक्त्वा निजशुद्धात्मभावनासमुत्पन्न-वीतरागपरमानन्दैकरूपसुखामृतरसास्वादेन तृप्तो भूत्वा यो विषयेभ्यो भिन्नं शुद्धात्मानमनुभवति स मुनिपञ्चेन्द्रियविषयेषु रागद्वेषौ न करोति। अत्र यः पञ्चेन्द्रियविषयसुखान्निवर्त्य स्वशुद्धात्मसुखे तृप्तो भवति तस्यैवेदं व्याख्यानं शोभते न च विषयासक्तस्येति भावार्थः।।५०।।**

---

**आगे विषयोंके ऊपर वीतरागता दिखलाते हैं –**

**गाथा – ५०**

**अन्वयार्थ :– [ परममुनिः ] महामुनि [ विषयाणां उपरि ] पाँच इन्द्रियोंके स्पर्शादि विषयों पर [ रागमपि द्वेषं ] राग और द्वेष [ न करोति ] नहीं करता, अर्थात् मनोज्ञ विषयों पर राग नहीं करता और अनिष्ट विषयों पर द्वेष नहीं करता; क्योंकि [ येन ] जिनसे [ आत्मस्वभावः ] अपना स्वभाव [ विषयेभ्यः ] विषयोंसे [ भिन्नः विज्ञातः ] जुदा समझ लिया है। इसलिये वीतराग दशा धारण कर ली है।**

भावार्थ :- द्रव्येन्द्री, भावेन्द्री और इन दोनोंसे ग्रहण करने योग्य देखे सुने अनुभव किये जो रूपादि विषय हैं, उनको मन, वचन, काय, कृत, कारित अनुमोदनासे छोड़कर और निज शुद्धात्माकी भावनासे उत्पन्न वीतराग परमानंदरूप अतीन्द्रियसुखके रसके आस्वादनेसे तृप्त होकर विषयोंसे भिन्न अपने आत्माको जो मुनि अनुभवता है, वो ही विषयोंमें राग-द्वेष नहीं करता। यहाँ पर तात्पर्य यह है, कि जो पंचेन्द्रियोंके विषय-सुखसे निवृत्त होकर निज शुद्ध आत्म-सुखमें तृप्त होता है, उसीको यह व्याख्यान शोभा देता है, और विषयाभिलाषीको नहीं शोभता।।५०।।

---

વળી (હવે, પરમ મુનિ વિષયો ઉપર રાગ-દ્વેષ કરતો નથી, એમ કહે છે) :

ભાવાર્થ : દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયને અને દ્રવ્યેન્દ્રિય તથા ભાવેન્દ્રિયથી ગ્રાહ્ય એવા દેખેલા, સાંભળેલા, અનુભવેલા વિષયોને ત્રણ લોક અને ત્રણ કાળમાં મન-વચન-કાયાથી કૃત, કારિત, અનુમોદનથી છોડીને નિજશુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદ જેનું એક રૂપ છે એવા સુખામૃતના રસાસ્વાદથી તૃપ્ત થઈને જે વિષયોથી ભિન્ન શુદ્ધ આત્માને અનુભવે છે તે મુનિ પાંચ ઇન્દ્રિયોના વિષયમાં રાગ-દ્વેષ કરતો નથી.

અહીં, જે પાંચ ઇન્દ્રિયના વિષયસુખને નિવર્તીને સ્વશુદ્ધ આત્મસુખમાં તૃપ્ત રહે છે તેને જ આ વ્યાખ્યાન શોભે છે પણ જેઓ વિષયમાં આસક્ત છે તેમને આ કથન શોભતું નથી, એવો ભાવાર્થ છે. ૫૦.

---

## ગાથા-૫૦ ઉપર પ્રવચન

૫૦. એ ૪૯ ગાથા થઈ. '**आगे विषयोंके ऊपर वीतरागता दिखलाते हैं-**' ઓલામાં હતું ને? '**गंथहँ उप्परि**' પહેલામાં '**गंथहँ उप्परि परम-मुणि देसु वि करइ ण राउ।**'

**१७७) विसयहँ उप्परि परम-मुणि देसु वि करइ ण राउ।**
**विसयहँ जेण वियाणियउ भिण्णउ अप्प-सहाउ।।५०।।**

આહાહા..! અહીં તો ઉત્કૃષ્ટ મહામુનિની વાત લીધી છે ને? કે જેમાં સમભાવ, વીતરાગતા આવે ત્યારે એને મુક્તિ થાય. એ સિવાય સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દર્શન-જ્ઞાન સ્વરૂપાચરણ હોવા છતાં એને હજી રાગભાગ અને આસક્તિ છે ત્યાં સુધી એની મુક્તિ છે નહિ. તીર્થંકર જેવાને પણ જ્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં રહે છે ત્યાં સુધી એને મુક્તિ નથી. આહાહા..! એ પણ સર્વથા પરિગ્રહ છોડી, અંતરમાં વીતરાગભાવને પ્રગટ કરે ત્યારે એને પણ મુક્તિ છે. આહાહા..!

**અન્વયાર્થ :-** '**મહામુનિ પાંચ ઈન્દ્રિયોંકે સ્પર્શાદિ વિષયોં પર રાગ ઔર દ્વેષ નહીં કરતા,...**' આહાહા..! અહીં તો ઈન્દ્રિય પાંચ જડ અને પાંચ ભાવ ઈન્દ્રિય અને એનો વિષય સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ, ગુરુ, શાસ્ત્ર અને વાણી એ બધો વિષય ઈન્દ્રિયોનો છે. આહાહા..! સમજાણું કાંઈ? એ બધા '**પાંચ ઈન્દ્રિયોંકે સ્પર્શાદિ વિષયોં પર રાગ ઔર દ્વેષ નહીં કરતા અર્થાત્ મનોજ્ઞ વિષયોં પર રાગ નહીં કરતા...**' આહાહા..! અનુકૂળ પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં શબ્દ, સ્પર્શ આદિ, ત્યાં રાગ નથી કરતો '**ઔર અનિષ્ટ વિષયોં પર દ્વેષ નહીં કરતા; ક્યોંકિ જિનસે અપના સ્વભાવ વિષયોંસે જુદા સમજ લિયા હૈ...**' આહાહા..! સ્ત્રી, કુટુંબ, પરિવારથી તો ભિન્ન જાણી લીધો પણ દેવ, ગુરુ અને શાસ્ત્રની વાણીથી પણ આત્માને ભિન્ન જાણ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એકલો ભગવાન.. આહાહા..! '**અપના સ્વભાવ વિષયોંસે જુદા સમજ લિયા હૈ. ઈસલિયે વીતરાગ દશા ધારણ કર લી હૈ.**' આહાહા..!

**ભાવાર્થ :-** '**દ્રવ્યેન્દ્રિ,...**' જુઓ! આવ્યું. જડ-જડ. '**ભાવેન્દ્રિ...**' એક એક ઈન્દ્રિય એક એક વિષયને જાણે એ. '**ઔર ઈન દોનોંસે ગ્રહણ કરને યોગ્ય દેખે સુને અનુભવ કિયે જો રૂપાદિ વિષય હૈં,...**' આહાહા..! ઈન્દ્રિયથી દેખ્યું, ઈન્દ્રિયથી સાંભળ્યું અને ઈન્દ્રિયનો અનુભવ.આહાહા..! '**ઉનકો મન, વચન, કાય, કૃત, કારિત અનુમોદનાસે છોડકર...**' આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્ર, પંચપરમેષ્ઠી પણ પરદ્રવ્ય છે, ઈન્દ્રિયનો વિષય છે. આહાહા..! અણિન્દ્રિયનો વિષય તો ભગવાનઆત્મા છે. આવી વાત છે, ભાઈ! આહાહા..!

'**ઉનકો મન, વચન, કાય, કૃત, કારિત અનુમોદનાસે છોડકર...**' હવે એ તો નાસ્તિ કરી. '**નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન...**' આહાહા..! નિજ શુદ્ધાત્મા. જોયું! ભગવાનની ભાવના અને ભક્તિથી નહિ. '**નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન...**' આહાહા..! ભગવાનઆત્મા નિજ શુદ્ધ પવિત્ર પ્રભુ, પરમાનંદનો નાથ આત્મા, એની ભાવના એટલે એકાગ્રતા. આહાહા..! એનાથી ઉત્પન્ન '**વીતરાગ પરમાનંદરૂપ અતીન્દ્રિસુખકે રસકે આસ્વાદનસે...**' આહાહા..! આ ભાષા. મન, વચન, કાયાથી, કૃત, કારત અનુમોદનથી વિષય અને પર તરફનું વલણ છોડી દે. આહાહા..! મનથી સાંભળવાનું પણ છોડી દે, એમ કહે છે. મનથી સાંભળ્યું એનો વિચાર કરવાનો મનથી છોડી દે. આવો માર્ગ.

મુમુક્ષુ :- કર વિચાર તો પામ.

ઉત્તર :- સ્થિરતા કર તો પામ. વિચારીને. આહાહા..! છે ને? જુઓને.

'**નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન...**' આહાહા..! જગતના પદાર્થના લક્ષે ઉત્પન્ન થતાં તો એકલું દુઃખ છે. આહાહા..! પણ એમાં હોંશું લાગે, કાંઈક વધ્યા આગળ. પાંચ-દસ લાખ પેદા થયા હોય. મકાન વધ્યા હોય, મકાન કરાવે, વધે, આપણે હવે ઘરબારવાળા થયા. આવી બહાર હોંશ લાગે. અરેરે..! એ તો બધી દુઃખની ઉત્પત્તિ છે. પાપના ભાવ તો દુઃખના ભાવ છે. પુણ્યનો ભાવ એ દુઃખનો છે તો પાપમાં તો તીવ્ર દુઃખનું કારણ છે. આહાહા..!

આકરું કામ ભારે.

તેથી કહ્યું. પર પ્રત્યેની બધી વલણ દશા છોડી **મન**, વચન અને કાયા, કૃત, કારિત અનુમોદન પણ છોડી. આહાહા..! **મન**થી પણ છોડી દે કે આ ઠીક છે. આહાહા..! વાણી સાંભળવી અને ભગવાનના દર્શન કરવા એ **મન**થી છોડી દે કે એ ઠીક છે એમ છોડી દે. આવી વાત છે, બાપુ! આહાહા..! સંસારના રસીલાને તો પાગલ જેવું લાગે એવું છે. પાગલ છે, આ કેવી વાતું કરે છે? બાપુ! તું એકલો છો, પ્રભુ! તને કાંઈ સંબંધ નથી પરની સાથે. આહાહા..! સંબંધ તે બંધ. એ વિસંવાદ ખડો કરે છે.

'સમયસાર'ની ત્રીજી ગાથામાં આવે છે ને? '**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे। बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**' આહાહા..! ભગવાન એકત્વસ્વરૂપ, એને રાગ અને પરના સંબંધમાં લાવવો એ વિસંવાદ-ઝઘડો ખડો થાય છે, ખેદ ખડો થાય છે. આહાહા..! '**एयत्तणिच्छयगदो समओ**' ભગવાન સર્વત્ર સુંદર, એકલો નિશ્ચય તે સુંદર છે. એને રાગના અને નિમિત્તના સંબંધમાં જોવો, એ ઝઘડો ઉત્પન્ન કરે છે, કહે છે. આહાહા..! છે ને? '**सव्वत्थ सुंदरो लोगे। बंधकहा एयत्ते**' એકત્વમાં રાગના સંબંધની વાત વિસંવાદ ખડો કરે છે. આહાહા..! આવી વાણી તો જુઓ મુનિની! ઓહોહો..!

'**વીતરાગ પરમાનંદરૂપ અતીન્દ્રિયસુખકે રસકે આસ્વાદનસે...**' ભાષા દેખો! અતીન્દ્રિય આનંદના રસના આસ્વાદથી તૃપ્ત થઈને. આહાહા..! '**શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન વીતરાગ પરમાનંદરૂપ...**' પાછું એમ. આહાહા..! '**અતીન્દ્રિયસુખકે રસકે આસ્વાદનસે...**' અતીન્દ્રિય આનંદના રસના સ્વાદમાં '**તૃપ્ત હોકર...**' આહાહા..! '**વિષયોંસે ભિન્ન અપને આત્માકો જો મુનિ અનુભવતા હૈ,...**' ત્યારે વિષયોથી જુદો આત્માને અનુભવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ શું કહે છે પણ આવી વાતું? વ્રત પાળવા, અપવાસ કરવા, ભક્તિ કરવી, પૂજા કરવી એવું તો કાંઈ કહેતા નથી. એ હો. પણ એ રાગ છે, એ ધર્મ નથી. આહાહા..!

એકલો સ્વભાવ ભગવાન વીતરાગ, એવા પરથી છૂટીને વીતરાગી પરમાનંદરૂપ અતીન્દ્રિય સુખના આસ્વાદમાં તૃપ્ત થયેલો. આહાહા..! '**વિષયોંસે ભિન્ન અપને આત્માકો...**' આ રીતે '**તૃપ્ત હોકર વિષયોંસે ભિન્ન અપને આત્માકો જો મુનિ અનુભવતા હૈ,...**' આહાહા..! વીતરાગી સુખરસ આનંદના અમૃતના રસમાં આસ્વાદમાં તૃપ્ત થયેલો. આહાહા..! જેમ લાડવા એણે બહુ ઊંચા ઊંચા ખાધા હોય અને તૃપ્ત થઈ ગયેલો હોય પછી એને કોઈ પાણી કે આહારની ઈચ્છા રહે નહિ. આહાહા..! એમ વીતરાગી આનંદ ભગવાનઆત્મામાં છે, એ દૃષ્ટિ અને સ્થિરતા દ્વારા જે વીતરાગી પરમાનંદમાં તૃપ્ત થયો છે. આહાહા..!

એ '**વિષયોંસે ભિન્ન અપને આત્માકો...**' એવી દશામાં. એમ કહે છે. આહાહા..! વીતરાગી પરમાનંદના સુખરસના સ્વાદથી તૃપ્ત થયેલો. થયેલો તે કાળે. આહાહા..!

**'વિષયોંસે ભિન્ન અપને આત્માકો મુનિ અનુભવતા હૈ,...'** આહાહા..! **'વો હી વિષયોંમેં રાગ-દ્વેષ નહીં કરતા.'** કોણ? જે નિજ આત્માની ભાવનાથી ઉત્પન્ન થયેલો વીતરાગી પરમાનંદરસ, એમાં તૃપ્ત થયેલો આત્મા વિષયોમાં રાગ-દ્વેષ કરતો નથી. કેમકે એ વિષયોથી ભિન્ન પડીને આત્માના અનુભવમાં તૃપ્ત છે. આહાહા..! અરે..! આવી વાતું, લ્યો! પાંચમા આરાના માટે આવી વાતું! હલકો કાળ, હલકા માણસ સાધારણ બિચારા. આહા..! બાપુ! તારે એક જ કાળ કાળ ત્રણેકાળ ત્રણે કાળે છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થનો પંથ પાંચમા અને ચોથે એને માટે જુદો છે એવું કાંઈ છે નહિ. આહાહા..! અરે..! એની શ્રદ્ધામાં રુચિમાં તો લે પહેલી વાત. આહાહા..!

**'યહાં પર તાત્પર્ય યહ હૈ, કિ જો પંચેન્દ્રિયોંકે વિષય-સુખસે નિવૃત્ત હોકર નિજ શુદ્ધ આત્મ-સુખમેં તૃપ્ત હોતા હૈ,...'** આહાહા..! અતીન્દ્રિય આનંદમાં તૃપ્તિ છે ધર્માત્માને. આહાહા..! **'ઉસીકો યહ વ્યાખ્યાન શોભા દેતા હૈ,...'** વિષયોને ભિન્ન જાણ્યા. સમ્યક્‌માં પણ વિષયનું સેવન છોડ્યું નથી ત્યાં સુધી યથાર્થ શોભા નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'શુદ્ધ આત્મ-સુખમેં તૃપ્ત...'** નિજ આત્મસુખમાં તૃપ્ત એમ. આહાહા..! **'પંચેન્દ્રિયોંકે વિષય-સુખસે નિવૃત્ત હોકર...'** પ્રવૃત્તિ ક્યાં થઈ હવે? કે **'નિજ શુદ્ધ આત્મ-સુખમેં તૃપ્ત...'** આહાહા..! અતીન્દ્રિય આનંદની તૃપ્તિ... તૃપ્તિ... તૃપ્તિ... થઈ ગઈ. આહાહા..! જેમ ચુરમાના લાડવા બે ત્રણ ચડાવે અને ઘીમાં બોળી બોળીને લાડવો પાછો. લાડવો તો હોય. ઘી નાખે ઘી, અધશેર. અમારે 'હરિભાઈ' હતા એ એમ જ કરતા. 'હરિભાઈ' હતા. 'શાંતાબહેન'ના કાકા. 'હરિભાઈ' નહિ? બ્રહ્મચારી. એ લાડવો અને ઘી લે. પેલા દાળમાં બોળીને ખાય, આ ઘીમાં બોળીને ખાય. આહાહા..! એમ આત્માને આનંદમાં બોળીને અનુભવ કરે એમ કહે છે અહીં. આહા..! એને આ વ્યાખ્યાન શોભે એમ કહે છે. **'ઔર વિષયાભિલાષીકો નહીં શોભતા.'** વિષયના અભિલાષીને આનંદની તૃપ્તિ હોઈ શકે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ –**

**१७८) देहहँ उप्परि परम-मुणि देसु वि करइ ण राउ।**
**देहहँ जेण वियाणियउ भिण्णउ अप्प-सहाउ।।५१।।**

**देहस्य उपरि परममुनिः द्वेषमपि करोति न रागम्।**
**देहाद् येन विज्ञातः भिन्नः आत्मस्वभावः।।५१।।**

**देहहं इत्यादि। देहहं उप्परि देहस्योपरि परम-मुणि परममुनिः देसु वि करइ ण राउ द्वेषमपि न करोति न रागमपि। येन किं कृतम्। देहहं जेण वियाणियउ देहात्सकाशाद्येन विज्ञातः कोऽसौ। भिण्णउ अप्प-सहाउ आत्मस्वभावः। कथंभूतो विज्ञातः। तस्माद्देहाद्भिन्न इति। तथाहि – 'सपरं बाधासहिदं विच्छिण्णं बंधकारणं विसमं। जं इंदिएहिं लद्धं तं सुक्खं दुक्खमेव तहा।' इति**

गाथाकथितलक्षणं दृष्टश्रुतानुभूतं यद्देहजनितसुखं तज्जगत्रये कालत्रयेऽपि मनवचनकायैः कृतकारितानुमतैश्च त्यक्त्वा वीतरागनिर्विकल्पसमाधिबलेन पारमार्थिकानाकुलत्वलक्षण-सुखपरिणते निजपरमात्मनि स्थित्वा च य एव देहाद्भिन्नं स्वशुद्धात्मानं जानाति स एव देहस्योपरि रागद्वेषौ न करोति। अत्र य एव सर्वप्रकारेण देहममत्वं त्यक्त्वा देहसुखं नानुभवति तस्यैवेदं व्याख्यानं शोभते नापरस्येति तात्पर्यार्थः।।५१।।

आगे साधु देहके उपर भी राग-द्वेष नहीं करता –

गाथा – ५१

अन्वयार्थ :- [ परममुनिः ] महामुनि [ देहस्य उपरि ] मनुष्यादि शरीरके ऊपर भी [ रागमपि द्वेषम् ] राग और द्वेषको [ न करोति ] नहीं करता अर्थात् शुभ शरीरसे राग नहीं करता, अशुभ शरीरसे द्वेष नहीं करता, [ येन ] जिसने [ आत्मस्वभावः ] निजस्वभाव [ देहात् ] देहसे [ भिन्नः विज्ञातः ] भिन्न जान लिया है। देह तो जड़ है, आत्मा चैतन्य है, जड़ चैतन्यका क्या संबंध?

भावार्थ :- इन इन्द्रियोंसे जो सुख उत्पन्न हुआ है, वह दुःखरूप ही है। ऐसा कथन श्रीप्रवचनसारमें कहा है। 'सपरम' इत्यादि। इसका तात्पर्य ऐसा है, कि जो इन्द्रियोंसे सुख प्राप्त होता है, वह सुख दुःखरूप ही है, क्योंकि वह सुख परवस्तु है, निजवस्तु नहीं है, बाधा सहित है, निराबाध नहीं है, नाशके लिए हुए है, जिसका नाश हो जाता है, बन्धका कारण है, और विषम है। इसलिये इन्द्रियसुख दुःखरूप ही है, ऐसा इस गाथामें जिसका लक्षण कहा गया है, ऐसे देहजनित सुखको मन, वचन, काया, कृत, कारित अनुमोदनासे छोड़े। वीतरागनिर्विकल्पसमाधिके बलसे आकुलता रहित परमसुख निज परमात्मामें स्थित होकर जो महामुनि देहसे भिन्न अपने शुद्धात्माको जानता है, वही देहके ऊपर राग-द्वेष नहीं करता। जो सब तरह देहसे निर्ममत्व होकर देहसे सुखको नहीं अनुभवता, उसीके लिए यह व्याख्यान शोभा देता है, और देहबुद्धिवालोंको नहीं शोभता, ऐसा अभिप्राय जानना।।५१।।

વળી (હવે, પરમ મુનિ દેહ ઉપર પણ રાગ-દ્વેષ કરતો નથી, એમ કહે છે.) :

ભાવાર્થ : કહ્યું પણ છે કે – सपरं बाधासहिदं विच्छिण्णं विसमं। जं इंदिएहिं लद्धं तं सुक्खं दुक्खमेव तहा। (શ્રી પ્રવચનસાર ૭૬) અર્થ : જે ઇન્દ્રિયોથી પ્રાપ્ત થાય છે, તે સુખ પરના સંબંધવાળું, બાધાસહિત, વિચ્છિન્ન, બંધનું કારણ અને વિષમ છે; (એ રીતે તે દુઃખ જ છે.) એ પ્રમાણે આ ગાથામાં કહેલા લક્ષણવાળું, દેખેલું, સાંભળેલું અને અનુભવેલું જે દેહજનિત સુખ છે તેને ત્રણ લોકમાં ત્રણ કાળમાં મન-વચન-કાયથી કૃત, કારિત, અનુમોદનથી છોડીને અને વીતરાગનિર્વિકલ્પ સમાધિના બળથી અનાકુળતા જેનું

**લક્ષણ છે એવા પારમાર્થિક સુખરૂપે પરિણત નિજ પરમાત્મામાં સ્થિત થઈને જે મહામુનિ દેહથી ભિન્ન સ્વશુદ્ધાત્માને જાણે છે તે જ દેહની ઉપર રાગ-દ્વેષ કરતો નથી.**

**અહીં, સર્વ પ્રકારે દેહનું મમત્વ છોડીને દેહસુખને જે અનુભવતો નથી તેને આ વ્યાખ્યાન શોભે છે પણ બીજાને નહિ. (પણ જે દેહબુદ્ધિવાળા છે તેમને આ વ્યાખ્યાન શોભતું નથી), એવો તાત્પર્યાર્થ છે. ૫૧.**

---

## વીર સંવત ૨૫૦૨, કારતક વદ ૬, શનિવાર
## તા. ૧૩-૧૧-૧૯૭૬, ગાથા-૫૧, પ્રવચન નં. ૧૩૨

'પરમાત્મપ્રકાશ' ૫૧ ગાથા. અહીંયા સમભાવની વ્યાખ્યા સાધુ તરીકેની ગણવામાં આવી છે. સમભાવની શરૂઆત તો સમ્યગ્દર્શનમાંથી થાય છે, પણ સાધુને સમભાવ ઘણો જ ઉત્કૃષ્ટ હોય છે અને તેથી એ સમભાવ મોક્ષનું કારણ (છે), એમ વર્ણવીને એ સમતાનું સ્વરૂપ વર્ણવ્યું છે. સમભાવ એટલે વીતરાગતા. ચોથે ગુણસ્થાને પણ સમ્યગ્દર્શનની પર્યાય એ વીતરાગી પર્યાય છે. પાંચમે ગુણસ્થાને પણ જેટલી બે કષાય જઈને, મિથ્યાત્વ ટળીને જેટલી શાંતિ થઈ છે એ વીતરાગી છે. મુનિને વિશેષ છે. એટલે એમાં પણ અહીં નિર્વિકલ્પ સમાધિના બળે મુક્તિ થાય એ વર્ણન ચાલે છે. એનો અર્થ કે નીચલી દશામાં જે કંઈ શુભ-અશુભ વિકલ્પ છે એ બંધના કારણ છે. ચાહે તો મુનિને પંચમહાવ્રતના વિકલ્પ હો, એ બંધનું કારણ છે. એ સમભાવ નથી, એમ કહેવું છે. આહાહા...! એટલો પણ હજી વિષમભાવ છે. આહાહા..! ભગવાનઆત્મા તદ્દન વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે. એની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા એ વીતરાગતા હોય. સમજાણું કાંઈ?

આ લોકો કહે છે ને કે ચાર અનુયોગને માનતા નથી. એને એમ કહીને કહેવા માગશે, નક્કી કરશે કે દેવને માનતા નથી, ગુરુને માનતા નથી, શાસ્ત્રને માનતા નથી. ત્રણેને નથી માનતા એમ કહેશે, એમ નક્કી કરશે. દેવને કેમ માનતા નથી? કે પ્રતિમા આદિને પણ.. કેવી કહેવાય દેવી? પદ્માવતી. એને નાખે છે પાણીમાં. એટલો ... કોઈક કરતાં હશે, આપણને કંઈ ખબર નથી, પણ ઈ તો અહીંને માથે નાખે ને. ગુરુને માનતા નથી. જે આ વર્તમાન મુનિ છે એ ગુરુ હોય તો ગુરુને માનતા નથી. ચાર અનુયોગને માનતા નથી. શાસ્ત્રને માનતા નથી. 'તારાચંદજી'! એમ કહેશે, એમ નક્કી કરશે. 'ફલટન'માં.

મુમુક્ષુ :- ઉત્સર્ગ અને અપવાદ માર્ગ...

ઉત્તર :- અપવાદ માર્ગ છે એ અપવાદ છે. અપવાદ માર્ગ છે એ અપવાદ છે, નિંદા કરવા લાયક છે. કહો, 'દેવાનુપ્રિયા'! એ પ્રશ્નનારદ છે. આહાહા..! ઉત્સર્ગ માર્ગ એક જ વીતરાગતા (છે), એ જ મોક્ષનું કારણ છે. વચમાં અપવાદ માર્ગ પંચમહાવ્રત આદિ, શ્રાવકને

બાર વ્રત આદિ આગળ કહેશે, હમણા કહેશે કે પંચમહાવ્રતના પરિણામ એ પણ એક પ્રવૃત્તિ છે. અશુભથી નિવૃત્તિ છે પણ શુભથી પ્રવૃત્તિ છે. એટલે વ્રત ને અવ્રત બેય વિકલ્પથી રહિત દશા, અંદરમાં સ્થિરતા એને નિશ્ચયવ્રત કહે છે, એમ કહેશે, પછી કહેશે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીંયા તો કહે છે કે '**સાધુ દેહકે ઉપર ભી રાગ-દ્વેષ નહીં કરતા.**' આહાહા...! શરીર ઉપરનો પણ જેને હવે અસ્થિરતાનો રાગ, શ્રાવકને, સમકિતીને હોય છે, એ આને હોતો નથી એમ સિદ્ધ કરવું છે. અને અસ્થિરતાનો રાગ બંધનું કારણ છે અને આ સ્થિરતા-વીતરાગભાવ એ મોક્ષનું કારણ છે. અને ચાર અનુયોગને માનવાનો અર્થ ચારે અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. એ લોકો એમ કહેવા માગે છે કે આ ચરણાનુયોગનું જે વ્યવહાર વર્તન છે એ સાધક છે. માટે એને વ્યવહાર સાધે છે અત્યારે એને તમે માનતા નથી. એમ કહે છે. ભગવાન! શું કરે? બાપુ! ભાઈ! ચરણાનુયોગમાં વ્યવહારનું સાધન કહ્યું છે એ જાણવા લાયક તરીકે વર્ણવ્યું છે. એનું પણ તાત્પર્ય-ચરણાનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. આહાહા..! શાસ્ત્રનું તાત્પર્ય જ વીતરાગતા છે. તો શાસ્ત્ર એક જ દ્રવ્યાનુયોગ છે? ચારે પ્રકારના શાસ્ત્રોનું તાત્પર્ય—પ્રયોજન સ્વદ્રવ્યનો આશ્રય લઈને વીતરાગતા ઉત્પન્ન કરવી એ એનું તાત્પર્ય છે. આવી વાત છે.

દેવ, ગુરુ, ધર્મને માનવા એવો વિકલ્પ હોય છે, પણ એ પણ રાગ છે. એને છોડીને સ્વદેવને માનવો. આહાહા..! પોતે ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ છે, એ દેવને માનવો અને એ પોતે વસ્તુ છે એ ગુરુ છે. આહાહા..! અને એ વસ્તુનો સ્વભાવ છે તે ધર્મ છે. સમજાણું કાંઈ? અહીંયા સાધુપણાની વ્યાખ્યામાં વીતરાગતા (કહે છે), દેહથી પણ જેની મમતા છૂટી ગઈ છે, એમ કહે છે. દેહની હયાતી હોવા છતાં દેહ પ્રત્યેનો રાગ મુનિને છૂટી ગયો છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- આહાર લેવા કેમ જાય?

ઉત્તર :- એ તો હજી વિકલ્પ છે. ત્યાં સુધીની વાત નથી. આ તો પછીની વાત છે. ત્યાં એટલો રાગ છે એ પણ છોડીને સમભાવમાં જ્યારે નિર્વિકલ્પમાં હોય એની અહીં વાત છે. કારણ કે આહાર લેવાનો વિકલ્પ છે એ પણ બંધનું કારણ છે. આહાહા..! સંયમના હેતુએ પણ આહાર (લેવાની) વૃત્તિ (હોય) એ પણ બંધનું કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તનપોષણ માટે નહિ, છતાં એ વિકલ્પ છે, રાગ છે. ચરણાનુયોગના વચનમાં એમ આવે, 'પ્રવચનસાર' માં આવે છે કે આહાર લેતાં છતાં અણાહારી ઉપરની દૃષ્ટિ છે અને નિર્દોષ લે છે માટે તેને અણાહારી કહેવામાં આવે છે. 'પ્રવચનસાર' ચરણાનુયોગ. આહાર લેતા છતાં. આહાહા..! શબ્દે શબ્દે એના વિચાર સમજવા કઠણ. અણાહારી ભગવાન આત્મા, એનો જેને આશ્રય છે એથી તે અણાહારી છે અને વિકલ્પથી આહાર લે છે તો એ અપેક્ષાએ પણ વ્યવહારે નિર્દોષ લ્યે છે એટલે વ્યવહારે તેને અણાહારી કહેવામાં આવ્યો છે,

એ ચરણાનુયોગની અપેક્ષાએ. નિશ્ચય તો એ આહાર લેવાનો વિકલ્પ છે, આહાહા..! એ પુણ્યબંધનું કારણ છે. એ સમભાવ નથી. એટલો વિષમભાવ છે. અહીં તો સમભાવ એટલે વીતરાગતા તે મોક્ષનું કારણ એમ બતાવવું છે ને! આહાહા..! ૫૧.

**१७८) देहहँ उप्परि परम–मुणि देसु वि करइ ण राउ।**

**देहहँ जेण वियाणियउ भिण्णउ अप्प–सहाउ।।५१।।**

અન્વયાર્થ :- '**परममुनिः**' '**મહામુનિ મનુષ્યાદિ શરીરકે ઉપર ભી રાગ ઔર દ્વેષકો નહીં કરતા અર્થાત્ શુભ શરીરસે રાગ નહીં કરતા,...**' આહાહા..! શરીર સુંદર હોય, રૂપાળું હોય, દઢ હોય, મજબૂત હોય, નિરોગ હોય તો એના પ્રત્યે પણ રાગ નહિ, એ તો જડ છે. આહાહા..! પુદ્‌ગલની દશા જડ છે. અજીવની અવસ્થા તે દેહ છે. એવા શુભ દેહ ઉપર પણ રાગ (નથી કરતા). અહીં તો વીતરાગતા વર્ણવવી છે ને, પ્રભુ! પરવસ્તુ શું? એ તો જડ છે, માટી છે. આત્માને ને એને ક્યાંય (લાગતુંવળગતું નથી). આત્મામાં તો એનો અભાવ છે. શરીરના રજકણોની અવસ્થાનો કે એના દ્રવ્ય-ગુણનો ભગવાન આત્મામાં તો અભાવ છે, એને ભાવવાળો મારે માનવો એ તો મિથ્યાભ્રાંતિ છે અને એમાં પણ અસ્થિરતા પોષણ આદિ કરવી એ પણ રાગ છે અને વિષમતા છે. આહાહા..!

'**રાગ ઔર દ્વેષકો નહીં કરતા અર્થાત્ શુભ શરીરસે રાગ નહીં કરતા,...**' શુભ શરીર એટલે સુંદર શરીર અનુકૂળ હોય, વજ્રનારાચસંહનન હોય, સમચતુરસ્ત્ર સંસ્થાન હોય, શરીર, પણ એ તો જડ છે, ભગવાન! આહાહા..! તું ક્યાં ચેતન અને એ ક્યાં જડ! પરસ્પર બે વિરોધી ચીજ છે. આહાહા..! દૃષ્ટિમાં તો પ્રથમથી જ શરીર મારું નથી, હું આત્મા પરિપૂર્ણ છું એવી પ્રતીત થઈ હોય છે. આહાહા..! પણ અહીંયા તો પછીની જે શરીર પ્રત્યે જરી અસ્થિરતા છે એને પણ મુનિ છોડી દે છે. આહાહા..!

'**અશુભ શરીરસે દ્વેષ નહીં કરતા,...**' શરીર રોગવાળું હોય, ક્ષય થયો હોય, જીર્ણતા હોય, હાડકા એકલાં ચામડા દેખાતા હોય, લોહી માંસની અંદરમાં ઘટાડો થઈ ગયો હોય. આહાહા..! પણ એ તો જડમાં ઘટાડો થયો, જડ છે. આહા..હા..! એના પ્રત્યે અણગમો નથી કરતો. અણગમો એટલે દ્વેષ. આહા..! સુંદર શરીર પ્રત્યે રાગ એટલે ગમો. ગમી ગયું એને, ગમ્યું. આહાહા..! ભગવાન! તું ક્યાં..?

મુમુક્ષુ :- મહામુનિની વ્યાખ્યા છે.

ઉત્તર :- મુનિની વ્યાખ્યા છે. મહામુનિ એટલે નિર્વિકલ્પ રહેનારની. નિર્વિકલ્પની અહીં વાત ચાલે છે ને. વિકલ્પવાળાની વાત છે નહિ. નથી, કેમકે વિકલ્પ છે એ બંધનું કારણ છે, એમ બતાવવા.

મુમુક્ષુ :- સપ્તમ ગુણસ્થાનની વાત છે?

ઉત્તર :- હા, સપ્તમ ગુણસ્થાનની વાત છે આ. છઠ્ઠે ગુણસ્થાને પણ મહાવ્રતાદિના જેટલા વિકલ્પો ઊઠે ભક્તિ, પૂજા, વિનય આદિ બધું બંધનું કારણ છે. વિષમભાવ છે એમ

બતાવવા આ સમભાવ બતાવે છે. આહાહા..! સમભાવમાં તો એ જાતનો વિકલ્પ પણ હોતો નથી, એમ કહે છે. એને સમતા, વીતરાગતા કહેવામાં આવે છે કે જેમાં.. એ અર્થ આવી ગયો છે. અનંત અતીન્દ્રિય આનંદ ગર્ભિત વીતરાગતા હોય છે એને સમભાવ કહેવામાં આવે છે અને એ સમભાવની બધી બાર અંગ ટીકા છે. બાર અંગમાં બધું કથન આ સમભાવને માટે છે. આહાહા..! ઈ આવી ગયું છે પહેલું. એનો અર્થ એ થયો કે ચારે અનુયોગનું કથન, શાસ્ત્રતાત્પર્ય વીતરાગતા કહો કે વીતરાગતાનું આ કથન ચારે અનુયોગમાં છે એમ કહો. આહાહા..! ચરણાનુયોગમાં વ્રત ને તપની વ્યાખ્યા આવે પણ એ તો જાણવા માટે આવે ત્યાં હોય છે એવું જાણવા માટે.

મુમુક્ષુ :- ચરણાનુયોગ...

ઉત્તર :- ઈ આવે ને ચરણાનુયોગમાં જાણવા માટે. એ આદરવા માટેનો વીતરાગભાવ નથી. ચરણાનુયોગમાં પણ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે અને આ સમભાવમાં પણ વીતરાગતા છે. આહાહા..! જેને સમભાવ વીતરાગતા કહીએ એ તો અતીન્દ્રિય અનાકુળ આનંદના સ્વાદની સાથે વીતરાગતા (હોય) એને સમભાવ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત છે, બાપુ! સમજાણું કાંઈ? એ સિવાયના ચોથે, પાંચમે, છઠ્ઠે દેવ, ગુરુ, શાસ્ત્રની ભકિતના, મહાવ્રતના, વિનયના વિકલ્પો ઊઠે એ બધો વિષમભાવ છે એમ સિદ્ધ કરવા આ સમભાવનું વર્ણન છે. આહાહા..! પ્રભુનો માર્ગ છે શૂરાનો, કાયરના ત્યાં કામ નથી. આહાહા..!

એવો જે ભગવાન, સમરસથી ભરેલો પ્રભુ એકલો વીતરાગસ્વભાવથી ભરેલો ભગવાન છે એટલે કે અકષાયસ્વરૂપ છે એટલે કે ચારિત્રસ્વરૂપ વીતરાગભાવસ્વરૂપ જ એ આત્મા છે. આહાહા..! એનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય તે પણ વીતરાગતા છે, એ સમભાવ છે. આહાહા..! એમાં નીચલી ભૂમિકામાં જેટલો વિકલ્પ ઊઠે છે એ બધો વિષમભાવ છે એમ જણાવવા, આને સમભાવ છે, વીતરાગભાવ છે એમ કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે, બાપુ!

ચારે અનુયોગનો સાર તો વીતરાગતા છે. ચરણાનુયોગમાં કથન ભલે વ્યવહારનું હોય, એ જાણવા માટે છે; પણ એનું તાત્પર્ય તો વીતરાગતા પ્રગટી છે તે એનો સાર છે. બાકી રાગ રહ્યો એ કંઈ એનો સાર નથી. આહાહા..! વ્યવહારનું એકલું આચરણ એ તો વ્યવહાર પણ નથી. નિશ્ચયના વીતરાગી સ્વભાવના આચરણમાં કમી હોવાને લઈને વ્યવહાર ચારિત્રનું આચરણ આવે, એ રાગને વીતરાગભાવે જાણતા ભાવે જાણવા લાયક છે, આદરવા લાયક એ છે નહિ. વ્યવહારનયથી આદરવા લાયક કહ્યું હોય તો તેનું તે નિમિત્ત આદિનું જ્ઞાન કરાવવા વાત કરી હોય છે. આહાહા..! વ્યવહાર સાધન કહ્યું છે એ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. વાત આવી છે, બાપુ! શું થાય ? માણસને ખટકે છે.

કાલનું વાંચીને કીધું કે (એટલે)શું કરવા માગે છે આ? એ સરવાળો અહીં કાઢશે. 'ફલટન'માં. દેવને માનતા નથી, કારણ કે પાણીમાં નાખે છે. ભલે કો'ક નાખતું હશે,

આપણને તો કંઈ ખબર નથી. ગુરુને માનતા નથી. કેમકે વર્તમાન સાધુ દિગંબર ગુરુ છે એને તો ગુરુ માનતા નથી, ચાર અનુયોગને માનતા નથી (એટલે) શાસ્ત્ર માનતા નથી, દેવ-ગુરુ-શાસ્ત્ર ત્રણે માનતા નથી, પછી ભલે ઈ આત્માની વાતું કરે. ભગવાન સ્વતંત્ર છે ને આત્મા. એમ કરીને પોતાની વાતને દૃઢ કરવા અનુકૂળતા કરે ને. આહાહા..! ભગવાનની તારી બહિલારી છે, ભાઈ! અશુદ્ધતાના પોષણમાં પણ એનું જોર છે. આહાહા..!

મુમુક્ષુ :- એ ભગવાન..

ઉત્તર :- એ નહિ. તો પછી આ કર્યું તો ઓલા નાખે શું કરવા? એ તો આ કહ્યું છે દિગંબરોને વાળવા માટે, એમ કહે છે. આ મંદિરો બધે બનાવે છે... સ્વતંત્ર.. સ્વતંત્ર માણસને વિચારો (આવે). મંદિરો કર્યા છે. કોઈ એમ કહે કે માનસ્તંભ કર્યો છે એ ક્યાં શ્વેતાંબરમાં છે? પણ એ બધું વાળવા, દિગંબરને વાળવા માટે કર્યું છે, પછી તો સૌને શ્વેતાંબર બનાવવાના છે. ભગવાન! બલિહારી છે, નાથ! તારી.

મુમુક્ષુ :- કુબુદ્ધિનો વિકાસ...

ઉત્તર :- એ તો ચાલે, બાપુ! એણે અનંતકાળમાં એવું કર્યું છે. ઈ કંઈ વિષમભાવથી જોવા જેવું નથી. એ એને બેઠું હોય તે પ્રમાણે જ બુદ્ધિ કામ કરે. એમાં બીજું શું? 'જામે જિતની બુદ્ધિ હૈ, ઈતનો દિયે બતાય, વાંકો બૂરો ન માનીએ, ઔર કહાંસે લાય?' પ્રભુ! આહાહા..! આ તો માર્ગ આવી ગયો. એમાં એને કઠણ પડે. પ્રથા ને પરંપરાનો વ્યવહાર કરવો ને આ કરવું ને આ કરવું, એમાં ધર્મ મનાવ્યો હતો એટલે આ જરી કઠણ પડે માણસને. એટલે પોતાનું અપમાન ન થાય એ ખાતર કાંઈક શોધવું તો જોઈએ ને! વસ્તુ તો એવી છે. માન જગતને..

અહીં કહે છે, શરીર પ્રત્યે પણ મુનિને વિકલ્પ જ નથી. એમ કહીને સમભાવ તે જ મુક્તિનું કારણ છે (એમ કહેવું છે). નીચલી દશામાં સમભાવ અલ્પ છે, સાથે વિકલ્પ ઉઠે છે તે વિષમભાવ છે એમ જણાવવું છે. આહાહા..! વીતરાગભાવ જ મુક્તિનું કારણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ વીતરાગભાવ છે પણ એની પૂર્ણતા ન થાય ત્યારે જે વિકલ્પ હોય છે એ બધો વિષમભાવ છે. આહા..! વિષમ કહો કે રાગ-દ્વેષ કહો. સમતા કહો કે રાગ-દ્વેષ વિનાનો ભાવ કહો. આહાહા..! સમજાણું કાંઈ? મનુષ્યાદિ ઉપર કહ્યું છે ને! પોતાનું શરીર અને બીજાનું પણ શરીર. એમ પોતાના શરીર ઉપર જેને મમતા છે એને બીજાના શરીર ઉપર મમતા છે. એનું શરીર છે, એનું છે, એમ માને છે. આહાહા..!

મુમુક્ષુ :- જીવદયા...

ઉત્તર :- કોણ દયા? જીવદયા કોને કહેવી? દયાની વ્યાખ્યા ઓલામાં કરી છે. આ શું છે? '**વિકારમય પરિણામોં દ્વારા પોતાના નિજ સ્વભાવનો ઘાત ન કરવો તથા પોતાના સ્વભાવનું પાલન કરવું તે જ દયા છે.**' 'આત્માવલોકન'. સંસ્કૃત છે, હોં! '**यत् निजस्वस्वभावं विकारभावेन न घातयति न हिनस्ति, निजस्वभावं पालयति तदेव (सैव) दया।।६।।**' 'ચીમનભાઈ'! આવું છે, ભગવાન! 'આત્માવલોકન'માં શ્લોકો મૂક્યા છે.

(પૃષ્ઠ૧૫૦). દયાની વ્યાખ્યા.

મુમુક્ષુ :- વ્યવહાર દયા.. એ તો નિશ્ચયની વ્યાખ્યા છે.

ઉત્તર :- દયા, એ જ દયા છે. ઓલી દયાનો ભાવ તો રાગ હિંસા છે. પરની દયાનો ભાવ તો રાગ છે. એ 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં કહ્યું નહિ? એ તો હિંસા છે. આહાહા..! વિષમભાવ છે, એ સમભાવ નથી. આહાહા..!

અહીં તો કહે છે, પુણ્ય અને પાપના પરિણામો દ્વારા પોતાના નિજ સ્વભાવનો ઘાત ન કરવો. વ્રત અને અવ્રતના પરિણામ દ્વારા પોતાનો ઘાત ન કરવો. આહાહા..! '**તથા પોતાના સ્વભાવનું પાલન કરવું...**' આ ઘાત નહિ કરવો અને સ્વભાવ ચિદાનંદનું પાલન કરવું. ચિદાનંદ આત્માનું પાલન રક્ષા કરવી એનું નામ દયા છે. 'તારાચંદજી'! આવી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- સિદ્ધ ભગવાન કોનું જ્ઞાન કરતાં હશે?

ઉત્તર :- પોતાનું. પોતાની પરિણતિનું જ્ઞાન અને આનંદ વેદે છે.

મુમુક્ષુ :- સિદ્ધ ભગવાનના જ્ઞાનનો વિષય શું છે?

ઉત્તર :- જ્ઞાનનો વિષય પોતે પોતાનો છે એને. પરપ્રકાશક છે ક્યાં ઈ? સ્વપરપ્રકાશક તે આત્મજ્ઞ પર્યાય પોતાની છે. પરને લઈને પરપ્રકાશક છે એમ નથી. આહાહા..! સ્વપરપ્રકાશક તો સ્વની પર્યાય છે, એ આત્મજ્ઞ પર્યાય છે. પરપ્રકાશક એટલે પરને પ્રકાશે છે એવું નથી અંદર. આહાહા..! સ્વ અને પર સંબંધીનું પોતાનું જ્ઞાન જે વિકાસપણે પામ્યું છે તેને અહીંયા આત્મજ્ઞ કહેવામાં આવે છે, વ્યવહારે તેને સર્વજ્ઞ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતું છે, ભાઈ! વીતરાગમાર્ગ બહુ દુર્લભ છે, પ્રભુ! આ દયાનું પૂછ્યું તો દયાની વ્યાખ્યા આવી. સંસ્કૃત, સંસ્કૃત છે. 'આત્માવલોકન' 'દીપચંદજી' કૃત.

'**यत् निजस्वस्वभावं विकारभावेन न घातयति**' આહાહા..! શુભભાવથી પણ આત્માનો ઘાત ન કરે તેને દયા કહેવામાં આવે છે. કહો, 'શાંતિભાઈ'! 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા, દયા તણો (ફળ જાણ)....' એમ સ્થાનકવાસીમાં બહુ બોલે. બહુ બોલે, ખબર છે ને. (સંવત) ૧૯૮૧માં અમારે 'ગઢડા' ચોમાસુ હતું. ત્યાં ઘડિયાળ પાસે એ ચોપાનિયું ચોડીને રાખ્યું હતું. 'દયા તે સુખની વેલડી...' બાપુ! એ દયા કઈ? આત્માની દયા. એટલે? જેવો એ પૂર્ણાનંદનો નાથ જીવંત ટકતું તત્ત્વ છે, તેને તે રીતે રાખવું એનું નામ દયા છે. એને એ રીતે ન રાખતા રાગથી રહેશે અને રાગથી લાભ થાશે, તો એના જીવનનું જે પૂર્ણ સ્વરૂપ છે એનો એણે ઘાત કર્યો. આ નહિ, આ રાગ છે તો લાભ થાય, એ જીવની હયાતીની મહત્તા જેટલી છે તેટલીનો એણે નકાર કર્યો. એ જ હિંસા છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા અનાકૂળ આનંદનો કંદ પ્રભુ, જ્ઞાનનો સાગર પરિપૂર્ણ સ્વરૂપ જેનું છે તેવી રીતે જેણે દૃષ્ટિમાં અને સ્થિરતામાં સ્વીકાર્યું છે તો એણે દયા પાળી. એટલે છે એવું એણે રાખ્યું. આહાહા..!

આમાં તપની વ્યાખ્યા છે, હોં! આ તપ કહે છે ને? તપ. '**શરીર, પરિગ્રહ, ભોગ, કુટુંબ, ઈષ્ટમિત્ર, શત્રુરૂપ પરજ્ઞેયોને છોડવા અથવા તેનામાં મમતારહિત પરિણતિ થવી**

**તથા તેનામાં તૃષ્ણારહિત થવું અને પોતાના સ્વભાવમાં સ્થિરતા થવી એવી તપસ્યા જ તે તપ કહેવાય છે.**' આહાહા..! ભાઈ! માર્ગ પ્રભુનો.. બાપુ! આહાહા..! અનંતવાર મરણ કરીને મરી ગયો છે. એ જ્યારે મરવાના ટાણા આવે અને ભીંસાભીંસ થાય અંદર.. આહાહા..! આ હાર્ટફેઈલવાળાને મૂળ શું થાય? પરસેવો બહુ નીકળે એટલે લોહી જામી જાય. લોહી જામી જાય એટલે શ્વાસ અટકી જાય અને પછી... આહા..!

એકને જોયો હતો. (સંવત) ૧૯૭૬ની સાલમાં. 'ધ્રાંગધ્રા'. એક સંઘવી હતા, સંઘવી. પહેલાં (ગામમાં) જતા જ. કોઈક 'જેઠાલાલ સંઘવી' હતા, ઘણું કરીને. આ તો ૧૯૭૬ની વાત છે. ૨૪+૩૨=૫૬ વર્ષ પહેલાંની વાત છે. ત્યાં ગયા પછી એને પીડા... પીડા.. પીડા.. ખાટલે તો સુવાડાતા નહોતા. નીચે સૂવાડ્યા હતા. નીચે સૂવાડે તો પથારીમાં રહી શકતા નહોતા. વૃદ્ધ માણસ હતા. પચાસ-સાંઈઠ વર્ષની ઉંમર હશે. ૧૯૭૬ની વાત છે. મહારાજ! મંગળિક સંભળાવો, પણ મંગળિક (ક્યાં) સાંભળે. બિચારાને એટલી પીડા, પથારીમાંથી હેઠે ખસી જતા. આમથી આમ ઘાણીમાં પીલાય એમ. પીડા.. પીડા.. પીડા.. અંદરમાંથી શ્વાસ લઈ શકે નહિ અને આમ મૂંઝવણ મૂંઝવણનો પાર નહિ. આહાહા..! બાપુ! એ મૂંઝવણ શેની છે? એ શરીરની એકત્વબુદ્ધિની મૂંઝવણ છે. રોગની નહિ. આહાહા..! ભાઈ! એની ભિન્નતા કરવી અલૌકિક વાતું છે. એ સાધારણ વાત નથી. આહા..!

મુમુક્ષુ :- થોડું સહેલું દેખાડો ને!

ઉત્તર :- જે છે તેમ થાય એનું નામ સહેલું. જે છે તેમ ન થાય તેનું નામ મોંઘું. કહો, 'દેવાનુપ્રિયા'! આહાહા..! અરે..રે...! ઈ તે દિ' મેં એને જોયું હતું ને. આહાહા..! અને એક જોયું હતું, 'વઢવાણ'માં. આ કેવા કહેવાય? 'દાદભાવાળા'. 'ચુનીભાઈ'. 'ચુનીભાઈ'નું ઘર છે એની આની કોર હતું. એનું કોઈ કુટુંબી હતું. આ તો (સંવત) ૧૯૮૨ની વાત છે. આ 'ધ્રાંગધ્રા'ની વાત ૧૯૭૬ની છે. એ પણ શેઠિયો હતો. એ 'ચુનિભાઈ'નો કાકાનો દીકરો. એને આ થયેલું. અને ગામમાં હું હતો. મહારાજનું મંગળિક સાંભળવું છે. ગયા. પણ એ બિચારો આમ.. સહુ કુટુંબ ભેગું થયેલું. કારણ કે આ ભીંસ પડી છે અને કદાચ ઊડી જશે. આહા..! અરે..રે...! આવી પીડામાં તું પીડાઈ ગયો, પ્રભુ! તારી દયા તને ક્યાં રહી? આહાહા..!

જેણે શરીર અને રાગથી ભિન્ન પોતાનું પૂર્ણાનંદ સ્વરૂપ છે તેને તે રીતે સ્વીકાર્યું તો એ જીવની દયા કહેવાય છે. જીવને જીવતો રાખવો એ દયા. મારે નાખવું.. એમ આને જેવું છે તેવું રાખવું. અપૂર્ણ અને વિકાર તે હું નહિ, હું તો પૂર્ણાનંદ સ્વરૂપ છું. આહાહા..! દૃષ્ટિમાં અને વીતરાગતાની સ્થિરતામાં પૂર્ણ સ્વરૂપનો જે આશ્રય અને અવલંબન છે, આહાહા..! એ દયા છે. જીવની પોતાની દયા છે, બાપા! આહા..! પરની દયા કોણ પાળી શકે? એ તો 'બંધ અધિકાર'માં કહ્યું નહિ? પરને હું જીવાડું તો બાપુ! તું તારું આયુષ્ય એને દઈ શકે છે કે એને જીવાડી શકે? તારું આયુષ્ય એને દે છે કંઈ? એના આયુષ્ય પ્રમાણે જીવે. એમાં તું એને આયુષ્ય દે છે કે એને જીવાડી દઉં? આહાહા..! અને એને મારી નાખું તો એનું આયુષ્ય તું તોડી શકે છો? આહાહા..! તારી ભ્રમણા છે કે આને જીવાડું અને આને મારું. પ્રભુ! તું

ભ્રમણામાં ભગવાન ભૂલ્યો છે ઈ. આહાહા..! ભ્રમણામાં ભગવાનની શેરી ઈ ભૂલી ગયો. શેરી સમજો છો? ગલી. ગલી કહે છે ને? આહાહા..! ભ્રમણા છોડીને ભગવાનસ્વરૂપ ભગવાનઆત્મા સ્વરૂપ છે ત્યાં જાવું જોઈએ એને ઠેકાણે અહીં ભમ્યો. આવી વાતું છે, ભગવાન! આહાહા..! લોકોથી તો ગાંડા જેવા લાગે માણસ, હોં! બધા પંડિતો મોટી વાતું કરે. આહાહા..! સંસ્કૃત ને વ્યાકરણ ને કથા ને... એમાં વળી ઓલું વાજીંત્ર હોય. શું કહેવાય એની સાથે ગાવાનું? કાં આ હોય ને કાં આમ હોય. એ ગાયન ભેગું કરતાં હોય ને.. આહાહા..! કથા કરતાં હોય એટલે લોકોને.. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! એકવાર સાંભળને. એવી કથા સાંભળવામાં પણ તારે રાગ છે. અરે...! ત્રણલોકના નાથની કથા સાંભળવી એ પણ રાગ છે. આહાહા..! અહીં તો કહે છે કે, આહાહા..! જેને પોતાના શરીર અને પરના શરીર ઉપર, શુભ-અશુભ ઉપર રાગ-દ્વેષ છે જ નહિ. જેને એવું નથી (તેમણે) '**નિજસ્વભાવ દેહસે ભિન્ન જાન લિયા હૈ.**' આહા..! એણે દેહથી ભિન્ન જીવને જાણ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? '**જિસને નિજસ્વભાવ દેહસે ભિન્ન જાન લિયા હૈ.**' એને સમભાવ હોય છે, એમ કહે છે. સમભાવમાં એણે દેહથી ભિન્ન ચૈતન્યને જાણ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ ? એકલી વાતું કરીને કે ધારણા કરીને નહિ, એમ કહે છે. આહાહા..! દેહથી ભિન્ન ભગવાનને સમભાવમાં રહીને જાણ્યો છે. આહાહા..! નિર્વિકલ્પ સમભાવમાં રહ્યો છે એણે દેહથી ભિન્નને જાણ્યો છે, એમ કહે છે. આહાહા..! બાકી દેહથી જુદો એમ વાતું કરે અને જાણવામાં, ધારણામાં ગોઠવે ને કહે છે કે એ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- કાંઈક તો ફાયદો થતો હશે?

ઉત્તર :- જરીયે ફાયદો નથી એમાં. પુણ્યબંધ થાય. આહાહા..!

મુમુક્ષુ :- આમાં સાહેબ! ચોથું ગુણસ્થાન જ ન આવ્યું?

ઉત્તર :- ચોથું આવી ગયું પહેલું, એના ઉપરનું આવ્યું. ઈ તો પહેલું કહ્યું હતું. ચોથે સમભાવનો અંશ તો પહેલો આવ્યો છે પણ એમાં વિકલ્પ જેટલા ઊઠે છે એ બંધનું કારણ છે. એ છોડાવીને મુનિને પણ જેટલા વિકલ્પ ઊઠે એ બંધનું કારણ છે. શાસ્ત્ર ભણવા, વાંચવા... એ તો પહેલાં કાલે આવી ગયું છે. શાસ્ત્ર ભણવા, ભણાવવા એ પણ વિકલ્પ છે. આહાહા..! અહીં તો વીતરાગતાનું વર્ણન છે એમાં બીજી વાત શું આવે? એ તો ગાથા આવી ગઈ ને. એના પહેલાં. ભણવું ને ભણાવવું ઈ. ૪૮ ગાથા. '**भणइ भणावह णवि थुणइ णदिह**' જે ભણાવે નહિ, ભણે નહિ, ભગવાનની સ્તુતિ કરે નહિ, તેમ આ જૂઠું છે એવી નિંદા પણ ન કરે. એ તો સમભાવમાં વર્તે છે. આહાહા..! આ માર્ગ જૂઠો છે અને આ માર્ગ સત્ય છે એમાં પણ વિકલ્પનો અંશ છે, ઈ ચારિત્રદોષ છે. આહાહા..! એ વિકલ્પનો સમભાવ નથી અને એ વિષમભાવ છે એમ બતાવીને તેને છોડીને સમભાવમાં રહે એણે આત્માને દેહથી ભિન્ન જાણ્યો એમ કહે છે. આહાહા...! જેણે અંદર પ્રયોગ કરીને દેહથી ભિન્ન જાણ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! ઈ હાર્ટ વખતે તમને ન્યાં નહિ ખબર પડી હોય? અંદર ભીંસ

થાતી હશે? થોડી ઘણી હશે, નાનું હશે.

મુમુક્ષુ :- એ ત્યારે તો સ્વસંવેદન હતું. (એ દુઃખનું હતું કે સુખનું હતું સ્વસંવેદન)

ઉત્તર :- એના ઉપર લક્ષ રહે એ તો દ્વેષનું વેદન છે. સ્વસંવેદન ક્યાં આવ્યું ન્યાં? સ્વસંવેદન તો વીતરાગભાવ હોય એ સ્વસંવેદન છે.

મુમુક્ષુ :- દુઃખમાં..

ઉત્તર :- ઈ દુઃખ છે એ પોતે જ વિષમભાવનું વેદન છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! એ દેહથી તદ્દન ભિન્ન ચોસલું જુદું છે. આહાહા..! સમભાવ વડે કરીને જેણે ભિન્ન જાણ્યો છે. એકલા જાણપણા વડે ભિન્ન જાણ્યો છે એમ નહિ, એમ કહે છે. આહાહા..! જેણે અંદરમાં રાગથી ભિન્ન પ્રયોગ કરીને જેણે ભગવાનને ભિન્ન જાણ્યો છે.. આહાહા..! એણે એ ભાવમાં દેહથી ભિન્ન જાણ્યો કહેવાય છે. આહાહા..! ટીકામાં કહેશે, જુઓ! ૫૧ છે ને?

**ભાવાર્થ :- 'ઇન ઇન્દ્રિયોંસે સુખ ઉત્પન્ન હુઆ હૈ, વહ દુઃખરૂપ હી હૈ.'** આહાહા..! છે? **'દેહ તો જડ હૈ, આત્મા ચૈતન્ય હૈ, જડ ચૈતન્યકા ક્યા સંબંધ?'** ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ આનંદનો નાથ ભગવાન, આ દેહ તો જડ માટી છે. આહાહા..! બેને શું સંબંધ? સૂર્ય ને અંધારાને શું સંબંધ? પ્રકાશ ને અંધકારને શું સંબંધ? આહા..! એમ ભગવાન ચૈતન્યસ્વરૂપ અને શરીર અંધકાર જડસ્વરૂપ, બેને શું સંબંધ છે? આહાહા..! આ તો વીતરાગની વાણી છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- કથંચિત્ ભિન્ન છે એમ લઈએ તો?

ઉત્તર :- કથંચિત્ ભિન્ન છે એ તો અજ્ઞાન છે. સર્વથા ભિન્ન છે તે જ્ઞાન છે. કથંચિત્ ભિન્ન (કહ્યો તો) કથંચિત્ અભિન્ન થઈ ગયો. ક્યાં જડ આ તો પરમાણુ માટી અને ભગવાન ચૈતન્યસ્વરૂપ સચ્ચિદાનંદ! એની એને ખબર નથી કે હું આત્મા આવડો છું. એક સમયની પર્યાયની અવસ્થામાં અનાદિની રમતું. અનાદિની. જૈન દિગંબર સાધુ થયો પણ એક સમયની પર્યાયમાં બધી રમત. રાગની મંદતા ને રાગની તીવ્રતાનો ત્યાગ ને આ ખપે નહિ ને આ ખપે, એ બધી એક સમયની પર્યાયમાં રમત, પણ પર્યાયની પાછળ ભગવાન પૂર્ણાનંદ વસ્તુ છે. પર્યાય તો એક સમયની અવસ્થા છે, એ તો પલટતી અવસ્થા છે. પલટતીની પાછળ નહિ પલટતો એવો ધ્રુવ તત્ત્વ ભગવાન છે કે નહિ આત્મા? આહાહા..! આવો માર્ગ છે, ભગવાન! બાપુ! લોકોને...

મુમુક્ષુ :- પર્યાય વગરનું દ્રવ્ય કહો છો.

ઉત્તર :- પર્યાય વિનાનું જ દ્રવ્ય છે. એમ જ છે. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન આવે છે. શું કીધું? દ્રવ્ય નથી આવતું. પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન આવે છે. (એ) પર્યાય છે. જેવડું છે તેટલું જ્ઞાન આવે છે. પર્યાયમાં, દ્રવ્ય જેવડું છે તેની શ્રદ્ધા આવે છે, દ્રવ્ય આવતું નથી. એક પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. દ્રવ્ય આવે તો દ્રવ્ય અને પર્યાય એક થઈ જાય. જેટલું જેવું સ્વરૂપ છે તેવું જ અહીં જ્ઞાન આવે છે. આહાહા..! અને જેવડું

એનું સ્વરૂપ છે પૂર્ણાનંદ વીતરાગ અનંત ગુણનો કંદ આતમ, એવું જ એને પર્યાયની શ્રદ્ધામાં આખી શ્રદ્ધા આવે છે, વસ્તુ નથી આવતી. આહાહા..!

મુમુક્ષુ :- પરિણામ દ્રવ્યનો આશ્રય લે છે?

ઉત્તર :- દ્રવ્યનો આશ્રય છે. છતાં એ દ્રવ્યનો આશ્રયનો અર્થ? લક્ષ ત્યાં કર્યું એટલે. એની કોર લક્ષ કર્યું છે પણ એ દ્રવ્ય આમાં આવ્યું નથી. તેમ પર્યાય દ્રવ્યમાં ગઈ નથી.

મુમુક્ષુ :- લક્ષ અને આલંબન એક જ વાત છે?

ઉત્તર :- એક જ વાત છે. એ બધું આની કોર જાય. એનું લક્ષ ને આલંબન. આહાહા..!

એક સમયની પલટતી અવસ્થામાં ભગવાન જાણવામાં આવ્યો, એનું જેટલું સામર્થ્ય છે તેટલું બધું જ્ઞાન પર્યાયમાં આવ્યું, પણ પર્યાયમાં દ્રવ્ય આવ્યું નહિ, દ્રવ્યમાં પર્યાય ગઈ નહિ. આહાહા..! દ્રવ્યથી પર્યાય ભિન્ન રહીને દ્રવ્યનું પૂર્ણ જ્ઞાન કર્યું, પ્રભુ! આવો માર્ગ છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ કહેવામાં આવે છે.

ઉત્તર :- ઈ ત્રણે સ્વતંત્ર છે. ઉત્પાદને લઈને ઉત્પાદ, ધ્રુવને લઈને ઉત્પાદ નહિ, પર્યાયને લઈને ધ્રુવ નહિ. ઈ તો વાત ઘણી અહીં થઈ ગઈ છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એક સમયમાં ત્રણ, છતાં ઉત્પાદને લઈને ધ્રુવ નહિ અને ધ્રુવને લઈને ઉત્પાદ નહિ, વ્યયને લઈને ઉત્પાદ નહિ અને ઉત્પાદને લઈને વ્યય નહિ. ત્રણે સત્ અહેતુક સ્વતંત્ર સિદ્ધ છે. આહાહા..! ઉત્પાદ પર્યાયનો સમ્યગ્દર્શનમાં તેની પૂર્ણતાની પ્રતીતિ આવે પર્યાયમાં પણ પૂર્ણ વસ્તુ અહીં ન આવે અને તે પૂર્ણ વસ્તુ ધ્રુવ છે માટે ઉત્પાદ થયો છે એમ પણ નથી. આવી વાત છે તેથી લોકોને, પંડિતોને આકરી પડે છે.

મુમુક્ષુ :- સુખનો ભોગવટો કોણ કરશે?

ઉત્તર :- જડ કરે, કોણ કરે? અજ્ઞાન કરે ઈ જડ છે. આહા..! રાગના સંસારના સુખનો ભોગવટો કોણ કરે? અજ્ઞાન કરે. આત્માના આનંદનો ભોગવટો પર્યાય કરે, પણ પર્યાયમાં દ્રવ્ય આવે નહિ અને અનુભવ કરે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ, બાપા! વીતરાગનો એવો માર્ગ છે અત્યારે તો. અત્યારે તો ચોર કોટવાળને દંડે એવું કરી નાખ્યું છે. સત્ય માંડ બહાર આવ્યું. ત્યાં કહે, નહિ, નહિ. એ નિયત છે, નિયતપંથ છે. આવ્યું છે હમણાં. સોનગઢનો નિયતપંથ છે. કેમકે જે સમયની જે પર્યાય જે ક્ષણે થવાની તે થાય અને નિમિત્તથી ન થાય એ નિયત છે. પ્રભુ! એમ જ છે. સાંભળને! જે સમયે જે.. એ તો કીધું ને ૧૦૨ ગાથામાં, નિજક્ષણ છે. તે પર્યાયની ઉત્પત્તિનો કાળ છે. આહાહા..! એ કાળનું જાણવું પણ તાત્પર્ય શું? સ્વનો આશ્રય કરવો તે એનું તાત્પર્ય છે, પર્યાયમાં ઊભું રહેવું એ નહિ. પર્યાય તે સમયે તે જ થવાની તે થઈ, એ તો એમ જ છે, નિમિત્તથી થતી નથી. નિમિત્ત હો, નિમિત્તથી થતી નથી. વ્યવહાર હો, નિશ્ચય વ્યવહારથી થતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- આમાં સાહેબ પુરુષાર્થ ન આવ્યો, કાળલબ્ધિ આવી.

ઉત્તર :- પુરુષાર્થ એમાં આવ્યો, કાળલબ્ધિ આવી ને ભવિતવ્યતા આવી અને સ્વભાવ

આવ્યો, નિમિત્તનો અભાવ આવ્યો-પાંચે આવી ગયા. આહાહા..! એ તો બધું હમણાં ઈ ઘણું ચાલે છે. પંડિતો જરી ખળભળાટ કરવા માંડ્યા છે ને. આહાહા..! એને ન બેઠું હોય એને અપમાન થાય ને! અપમાન થયું છે એને. એક તો સમ્યગ્જ્ઞાન દીપિકાથી અપમાન થયું. સમ્યગ્જ્ઞાન દીપિકા જૈન દિગંબરનો ગ્રંથ અને અહીંના નામે ચડાવી નાખ્યો અને નિંદા કરી ખૂબ. વ્યભિચારી પંથ છે, જુઓ આ સમ્યગ્જ્ઞાન દીપિકામાં લખ્યું છે. એમના તરફથી છપાયું. પણ વસ્તુ કોની છે?

મુમુક્ષુ :- જેણે છપાવી તેની.

ઉત્તર :- છપાવી એની? ૮૭ વર્ષ પહેલાંની છપાયેલી છે એ તો. આહા..! અમારા જન્મ પહેલાની ઈ તો છપાયેલી છે. ૫૪ વર્ષ પહેલાં (સંવત) ૧૯૭૮ની સાલમાં વાંચવામાં આવી. ૧૯૭૮. 'સમ્યગ્જ્ઞાન દીપિકા'. છપાણી હતી ૮૭ વર્ષ પહેલાં. 'અગાસ'થી, હોં! પછી વાંચવામાં આવી ૧૯૭૮માં. ૫૪ વર્ષ થયા. હવે એ સમ્યગ્જ્ઞાન દીપિકા 'સોનગઢ'ને નામે ચડાવી (કહે છે કે) જુઓ! આ વ્યભિચાર સ્થાપ્યો છે. ભાઈ! એણે વ્યભિચાર સ્થાપ્યો નથી અને એ 'સોનગઢ'ની છે નહિ. આ શું કરો છો તમે આ? આહા..! અરે..! અહીં નહિ ચાલે કુદરતના નિયમમાં. આહાહા..! હવે ઈ ન ફાવ્યા એમાં અને આ શેઠિયાઓએ બધા ભેગા થઈને અપમાન કર્યું. જે કોઈએ આ શાસ્ત્રને પાણીમાં બોળ્યા છે એ બધા નરક, નિગોદમાં જશે, અનંત સંસાર વધાર્યો. હવે એ શેઠિયાઓ આ બાજુ આવ્યા. હવે એને ચારે કોરથી અપમાન થઈ ગયું. એટલે હવે એકદમ સાધુને ભેગા કરીને કરશે કે આ લોકો દેવ-ગુરુ-શાસ્ત્રને માનતા નથી. દેવને પણ પાણીમાં બોળે છે. પદ્માવતીને નાખે ને કેટલાક! અમે તો ભાઈ કંઈ કહ્યું નથી. અમે તો તત્ત્વની વાત કરીએ છીએ. ગુરુને માનતા નથી જે ચરણાનુયોગના આચરણ કરનારા... એ કાલે આવ્યું છે. ચાર અનુયોગને માનતા નથી, શાસ્ત્રને માનતા નથી. ચારને માનતા નથી. એક દ્રવ્યાનુયોગને માને છે એટલે શાસ્ત્રને માનતા નથી. જાઓ! એય..! 'ધન્નાલાલજી'! સ્વતંત્ર છે. એને વિચાર આવે ઈ. ભલે ગમે એ રીતે. અપમાન થતું હોય એને ખાતર પણ જે આવે ઈ કહે ને એ તો બિચારા. બાપુ! બહુ ફેર છે, ભાઈ ! બહુ ફેર છે, ભગવાન! દુનિયા ભલે માનશે, બાપુ! એના પરિણામ આકરા છે, ભાઈ! આહાહા..! એ પરિણામના ફળ, બાપુ! અત્યારે દુનિયા માને. હા.. હો (કરે) પણ પરિણામ આકરા છે, ભાઈ! આહા..! હસતા બાંધ્યા કર્મ, એ રોયે નહિ છૂટે, પ્રભુ! આહાહા..! આવે છે, શું કહેવાય? સજ્ઝાય આવે છે. સજ્ઝાયમાળા છે ને ચાર? એ વાંચી હતી. તે દિ' દુકાન ઉપર વાંચી હતી. 'હસતા રે બાંધ્યા કર્મ, એ રોતા ન છૂટે પ્રાણીયા જી..' ચાર સજ્ઝાય આવે છે. એક એક સજ્ઝાયમાળામાં ૨૦૦-૨૫૦ સજ્ઝાય આવે છે. એવી ચાર છે. ચારે દુકાન પર વાંચી હતી. તે દિ' (સંવત) ૧૯૬૪-૬૫-૬૬ની વાત છે. ૧૯૭૦માં દીક્ષા લીધી એના પહેલાંની વાત છે. ઘરની દુકાન હતી ને. પિતાજીની દુકાન હતી. ઘરની સ્વતંત્ર. પિતાજી ગુજરી ગયા પછી પાંચ વર્ષ ચલાવી હતી. નિવૃત્તિથી આ બધું વાંચતા. આહા..! 'હોંશથી બાંધ્યા કર્મ, એ રોતાં ન છૂટે પ્રાણીયા..' પ્રભુ! તારા રોણા થશે

તોપણ. આહા..! બહારની અનુકૂળતામાં એને લાગે જાણે હું ફાવું છું. આહાહા..!

અહીં કહે છે, '**જો ઇન્દ્રિયોંસે સુખ પ્રાપ્ત હોતા હૈ, વહ દુઃખરૂપ હૈ...**' લ્યો. આ સુખની કલ્પના થઈને કે શરીર ઠીક છે ને શરીર ઠીક નથી, એ બધી કલ્પના સુખ-દુઃખની છે. આહાહા..! નિરોગ શરીર, રૂપાળું શરીર અને એ અંદર.. આહા..! સ્ત્રી જુવાન, છોકરા જુવાન થયા હોય, ચાલીસ વર્ષની ઉંમર સ્ત્રીની અને પોતાની હોય અને છોકરા વીસ વર્ષના થયા પરણીને અને જાણે ફાવ્યા અમે તો. અરે..! ભગવાન! બાપુ! શું કરે છે તું? ભાઈ! એ સુખ એ દુઃખ છે. એ બધી સુખની કલ્પના થઈ. અમે સુખી છીએ. પૈસેટકે, કુટુંબે, દીકરા પણ બધા કહ્યાગરા છે, વહુ પણ સારા ઘરની આવી છે. શું છે પણ પ્રભુ તને? આહા..! ઇન્દ્રિયના સુખ એ દુઃખરૂપ છે. 'પ્રવચનસાર'માં કહ્યું છે. છે?

'**ઇસકા તાત્પર્ય ઐસા હૈ કિ જો ઇન્દ્રિયોંસે સુખ પ્રાપ્ત હોતા હૈ, વહ દુઃખરૂપ હી હૈ...**' આહાહા..! કોઈ પ્રશંસા કરશે, તારા વખાણ કરશે, પૈસાના, તારી આબરૂના, તારી બાયડીના, છોકરાના.. આહાહા..! એ વસ્તુ પરવસ્તુ છે. '**ક્યોંકિ વહ સુખ પરવસ્તુ હૈ, નિજવસ્તુ નહીં હૈ,...**' આહાહા..! એ કલ્પના પરવસ્તુ છે, દુઃખ છે. '**નિજવસ્તુ નહીં હૈ,...**' અનુકૂળતામાં લોકો પ્રશંસા કરે એ સુખ નહિ, એ દુઃખ છે, ભાઈ! તને ખબર નથી. પ્રભુ! તું સમભાવમાંથી ખસી ગયો છો. તેથી, તને ઇન્દ્રિયોના વિષયોમાં અનુકૂળતામાં ઠીક લાગે છે. ઈ દુઃખ છે.

મુમુક્ષુ :- પ્રવચનસારમાં સુખાભાસ કીધું છે.

ઉત્તર :- સુખાભાસનો અર્થ સુખ નહિ. તો ઈ તો એનું એ થયું ને. સુખ નથી. માનેલું અજ્ઞાનીએ સુખ એ દુઃખ છે. આહાહા..!

મુમુક્ષુ :- પ્રશંસામાં ક્યાં દુઃખ છે ?

ઉત્તર :- પ્રશંસામાં ઓલો રાજી થાય છે એ દુઃખ છે. રાગ થયો ને. આહાહા..! વખાણ કર્યા, તમે આવા, તમે આવા, તમે કર્મી જાગ્યા, તમે હોશિયાર જાગ્યા, તમારી દસ પેઢીમાં આટલા પૈસા નહોતા એટલા તમારે થયા, તમારે આબરૂ દસ પેઢીમાં આવી નહોતી એવી તો તમારી આબરૂ જામી ગઈ છે. એમાં તારે શું પણ? આહાહા..!

'**બાધા સહિત છે,...**' ઇન્દ્રિયની અનુકૂળતાના બહારના સુખો વિઘ્નવાળા છે. ક્યે ક્ષણે વિઘ્ન આવે... આહાહા..! ન્યાં નહોતું થયું? 'બિહાર'માં. મોટો કરોડપતિ. થોડા પૈસા હશે. દસ હજાર કે વીસ હજાર. ફરવા ગયા હતા. જ્યાં વળતા આવે ત્યાં બધું ખલાસ થઈ ગયું. 'બિહાર'માં. એકદમ ઓલું થયું. મકાન ને બાયડી ને છોકરા બધું જમીનમાં ગરી ગયું. ખલાસ થઈ ગયું. પોતે ફરવા ગયો હતો. પછી ત્યાં 'જામનગર' આવ્યો હતો. ન્યાં પણ ભાષણ કરતાં કરતાં મરી ગયો. એનો એક વિનયનો ધર્મ છે ને? બધાને પગે લાગે એવો ત્યાં એક ધર્મ છે. 'જામનગર'માં બધાને પગે લાગે કૂતરાને, ગધેડાને બધાને. એવો એક (ધર્મ) જામનગરમાં છે. ત્યાં આવ્યો હતો. .... આવે છે. કરોડો રૂપિયા ખલાસ થઈ ગયા. પાંચ, દસ હજાર રૂપિયા એની પાસે સાથે હશે. કાંઈક ચાંદીનું રહી ગયેલું. બાકી બધું કુટુંબ, બાયડી,

છોકરા બધું.... શું કહેવાય ઈ? ધરતીકંપ. બધું સમાઈ ગયું. થઈ રહ્યું. આહાહા..! એ વિઘ્નવાળા (સુખ છે), બાપા! એમ કહે છે. કરોડપતિ, હોં! ક્ષણમાં ભિખારી.. ભિખારી.. ભિખારી... આહાહા..! એ બાધાસહિત છે, એમ કહે છે.

'**નિરાબાધ નહીં હૈ,...**' એને વિઘ્ન ન આવે એવી ચીજ નથી, એ તો વિઘ્નવાળી ચીજ છે. આહાહા..! '**નાશકે લિએ હુએ હૈં,..**' આહાહા..! એ બહારના સાધનો, સુખની કલ્પના બધા નાશને માટે છે. '**જિસકા નાશ હો જાતા હૈ, બંધકા કારણ હૈ,...**' આહાહા..! અનુકૂળતાનો રાજીપો જે સુખ છે તે બંધનું કારણ છે, નવા પાપ બંધાય છે. આહાહા..! '**ઔર વિષમ હૈ.**' છે ને? વિષમ એટલે રાગ છે. સમભાવ નથી ત્યાં, વિષમતા છે. '**ઈસલિયે ઈન્દ્રિયસુખ દુઃખરૂપ હી હૈ, ઐસા ઈસ ગાથામેં જિસકા લક્ષણ કહા ગયા હૈ, ઐસે દેહજનિત સુખકો મન, વચન, કાય,...**' બધું એણે નથી નાખ્યું. અંદરમાં તો એ નાખ્યું છે. '**दृष्टश्रुतानुभूतं यद्देहजनितसुखं**' એમ છે ને? અંદર છે. '**दृष्टश्रुतानुभूतं यद्देहजनितसुखं तज्जगत्रये कालत्रयेऽपि**' એમ લીધું છે. એટલું અંદર નથી નાખ્યું. ત્રણકાળ અને ત્રણલોકમાંથી ખસી જવું. આહાહા..!

'**મન, વચન, કાય, કૃત, કારિત અનુમોદનસે છોડે.**' એવી સુખની કલ્પના ત્રણકાળ, ત્રણલોકમાંથી છોડી દે. આહાહા..! અહીં નહિ પણ ભવિષ્યમાં સ્વર્ગમાં જાશું ત્યાં તો ઠીક મળશે ને! ધૂળેય નથી ત્યાં, સાંભળને! ન્યાં પણ દુઃખના દાળિયા છે. આહાહા..! '**વીતરાગનિર્વિકલ્પસમાધિકે બલસે...**' લ્યો. છે અંદર ઈ. આહાહા..! અંતરમાં રાગરહિત વીતરાગી દશા પ્રગટ કરી, નિર્વિકલ્પ સમાધિ શાંતિ નિર્વિકલ્પ શાંતિ. આહા..! એના બળથી '**આકુલતા રહિત પરમસુખ નિજ પરમાત્મામેં સ્થિત હોકર...**' '**નિજ પરમાત્મામેં સ્થિત હોકર જો મહામુનિ દેહસે ભિન્ન અપને શુદ્ધાત્માકો જાનતા હૈ,...**' ભાષા દેખો! દેહથી ભિન્ન છે, દેહથી ભિન્ન છે એમ નહિ. નિજ પરમાત્મામાં સ્થિત થઈને. આહાહા..! અતીન્દ્રિય આનંદના નાથમાં સ્થિર થઈને, અંદર જઈને. આહાહા..! '**મહામુનિ દેહસે ભિન્ન અપને શુદ્ધાત્માકો જાનતા હૈ...**' તે દેહથી ભિન્ન પોતાના આત્માને જાણે છે. આહાહા..! સમજાણું?

'**વહી દેહકે ઉપર રાગ-દ્વેષ નહીં કરતા. જો સબ તરહ દેહસે નિર્મમત્વ હોકર દેહસે સુખકો નહીં અનુભવતા, ઉસીકે લિએ યહ વ્યાખ્યાન શોભા દેતા હૈ,...**' આહાહા..! પરમાત્મસ્વરૂપમાં રહીને દેહની મમતા છોડે છે એની સ્થિરતા કરીને એને આ વ્યાખ્યાન શોભે છે, દેહની મમતાવાળાને નહિ. છે ને? '**ઔર દૈહાત્મબુદ્ધિવાલોંકો નહીં શોભતા,...**' દેહની જેને બુદ્ધિ છે, આ દેહ, આ દેહ મારો.. આહાહા..! એને આ વ્યાખ્યાન શોભા દેતું નથી. એને આ વ્યાખ્યાન સમજાશે નહિ અને વ્યાખ્યાનનો સાર એને શોભા આપશે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

अथ –

१७९) वित्ति–णिवित्तिहिँ परम–मुणि देसु वि करइ ण राउ।
बंधहँ हेउ वियाणियउ एयहँ जेण सहाउ।।५२।।

वृत्तिनिवृत्त्योः परममुनिः द्वेषमपि करोति न रागम्।
बन्धस्य हेतुः विज्ञातः एतयोः येन स्वभावः।।५२।।

वित्तिणिवित्तिहिं इत्यादि। वित्ति–णिवित्तिहिं वृत्तिनिवृत्तिविषये व्रताव्रतविषये परम–मुणि परममुनिः देसु वि करइ ण राउ द्वेषमपि न करोति न च रागम्। येन किं कृतम्। बंधहं हेउ वियाणियउ बन्धस्य हेतुर्विज्ञातः। कोऽसौ। एयहं जेण सहाउ एतयोर्व्रताव्रतयोः स्वभावो येन विज्ञात इति। अथवा पाठान्तरम्। 'भिण्णउ जेण वियाणियउ एयहं अप्पसहाउ' भिन्नो येन विज्ञानः। कोऽसौ। आत्मस्वभावः। काभ्याम्। एताभ्यां व्रताव्रतविकल्पाभ्यां सकाशदिति। तथाहि। येन व्रताव्रतविकल्पौ पुण्यपापबन्धकारणभूतौ विज्ञातौ स शुद्धात्मनि स्थितः सन् व्रतविषये रागं न करोति तथा चाव्रतविषये द्वेषं न करोतीति। अत्राह प्रभाकरभट्टः। हे भगवन् यदि व्रतस्योपरि रागतात्पर्यं नास्ति तर्हि व्रतं निषिद्धमिति। भगवानाह। व्रतं कोऽर्थः। सर्वनिवृत्तिपरिणामः। तथा चोक्तम् – 'हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यः विरतिर्व्रतम्' अथवा। 'रागद्वेषौ प्रवृत्तिः स्यान्निवृत्तिस्तन्निषेधनम्। तौ च बाह्यार्थसंबन्धौ तस्मात्तांस्तु परित्यजेत्।।' प्रसिद्धं पुनरहिंसादिव्रतं एकदेशेन व्यवहारेणेति। कथमेकदेशव्रतमिति चेत्। तथाहि। जीवघाते निवृत्तिर्जीवदयाविषये प्रवृत्तिः, असत्यवचनविषये निवृत्तिः सत्यवचनविषये प्रवृत्तिः, अदत्तादानविषये निवृत्तिः दत्तादानविषये प्रवृत्तिरित्यादिरूपेणैकदेशं व्रतम्। रागद्वेषरूपसंकल्प–विकल्पकल्लोलमालारहिते त्रिगुप्तिगुप्तपरमसमाधौ पुनः शुभाशुभत्यागात्परिपूर्णं व्रतं भवतीति।कश्चिदाह। व्रतेन किं प्रयोजनमात्मभावनया मोक्षो भविष्यति। भरतेश्वरेण किं व्रतं कृतम्, घटिकाद्वयेन मोक्षं गतः इति। अथ परिहारमाह। भरतेश्वरऽपि पूर्वं जिनदीक्षाप्रस्तावे लोचानन्तरं हिंसादिनिवृत्तिरूपं महाव्रतविकल्पं कृत्वान्तर्मुहूर्ते गते सति दृष्टश्रुतानुभूत–भोगाकांक्षारूपनिदानबन्धादिविकल्परहिते मनोवचनकायनिरोधलक्षणे निजशुद्धात्मध्याने स्थित्वा पश्चान्निर्विकल्पो जातः। परं किंतु तस्य स्तोककालत्वान्महाव्रतप्रसिद्धिर्नास्ति। अथेदं मतं वयमपि तथा कुर्मोऽवसानकाले। नैवं वक्तव्यम्। यद्येकस्यान्धस्य कथंचिन्निधानलाभो जातस्तर्हि किं सर्वेषां भवतीति भावार्थः। तथा चोक्तम् – 'पुव्वमभाविदयोगो मरणे आराहओ जदि वि कोई। खन्नगनिधिदिट्ठंतं तं खु पमाणं ण सव्वत्थ ।।'।।५२।।

एवं मोक्षमोक्षफलमोक्षमार्गप्रतिपादकमहाधिकारमध्ये परमोपशमभावव्याख्यानोप–लक्षणत्वेन चतुर्दशसूत्रैः [१]स्थलं समाप्तम्।

१. પાઠાન્તર :- स्थलं = पंचमं स्थलं

आगे प्रवृत्ति और निवृत्तिमें भी महामुनि राग-द्वेष नहीं करता, ऐसा कहते हैं –

गाथा – ५२

अन्वयार्थ :– [ परममुनि ] महामुनि [ वृत्तिनिवृत्त्योः ] प्रवृत्ति और निवृत्तिमें [ रागम् अपि द्वेषम् ] राग और द्वेषको [ न करोति ] नहीं करता, [ येन ] जिसने [ एतयोः ] इन दोनोंका [ स्वभावः ] स्वभाव [ बंधस्य हेतुः ] कर्मबंधका कारण [ विज्ञातः ] जान लिया है।

भावार्थ :– व्रत-अव्रतमें परममुनि राग-द्वेष नहीं करता जिसने इन दोनोंका स्वभाव बंधका कारण जान लिया है। अथवा पाठांतर होनेसे ऐसा अर्थ होता है, कि जिसने आत्माका स्वभाव भिन्न जान लिया है। अपना स्वभाव प्रवृत्ति-निवृत्तिसे रहित है। जहाँ व्रत-अव्रतका विकल्प नहीं है। ये व्रत, अव्रत, पुण्य, पापरूप बंधके कारण हैं। ऐसा जिसने जान लिया, वह आत्मामें तल्लीन हुआ व्रत-अव्रतमें राग-द्वेष नहीं करता। ऐसा कथन सुनकर प्रभाकरभट्टने पूछा, हे भगवन्, जो व्रत पर राग नहीं करे, तो व्रत क्यों धारण करे? ऐसे कथनमें व्रतका निषेध होता है। तब योगीन्द्राचार्य कहते हैं, कि व्रतका अर्थ यह है, कि सब शुभ-अशुभ भावोंसे निवृत्ति परिणाम होना।ऐसा ही अन्य ग्रंथोंमें भी 'रागद्वेषौ' इत्यादिसे कहा है। अर्थ यह है कि राग और द्वेष दोनों प्रवृत्तियाँ हैं, तथा इनका निषेध वह निवृत्ति है। ये दोनों अपने नहीं हैं, अन्य पदार्थके संबंधसे हैं। इसलिये इन दोनोंको छोड़े। अथवा 'हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतं' ऐसा कहा गया है। इसका अर्थ यह है, कि प्राणियोंको पीड़ा देना, झूठ वचन बोलना, परधन हरना, कुशीलका सेवन और परिग्रह इनसे जो विरक्त होना, वही व्रत है। ये अहिंसादि व्रत प्रसिद्ध हैं, वे व्यवहारनयकर एकदेशरूप व्रत हैं। यही दिखलाते हैं-जीवघातमें निवृत्ति, जीवदयामें प्रवृत्ति, असत्य वचनमें निवृत्ति, सत्य वचनमें प्रवृत्ति, अदत्तादान (चोरी) से निवृत्ति, अचौर्यमें प्रवृत्ति इत्यादि स्वरूपसे एकदेशव्रत कहा जाता है, और राग-द्वेषरूप संकल्प विकल्पोंकी कल्लोलोंसे रहित तीन गुप्तिसे गुप्त समाधिमें शुभाशुभके त्यागसे परिपूर्ण व्रत होता है। अर्थात् अशुभकी निवृत्ति और शुभकी प्रवृत्तिरूप एकदेशव्रत और शुभ, अशुभ दोनोंका ही त्याग होना वह पूर्ण व्रत है। इसलिये प्रथम अवस्थामें व्रतका निषेध नहीं है एकदेश व्रत है, और पूर्ण अवस्थामें सर्वदेश व्रत है। यहाँ पर कोई यदि प्रश्न करे, कि व्रतसे क्या प्रयोजन? आत्मभावनासे ही मोक्ष होता है। भरतजी महाराजने क्या व्रत धारण किया था? वे तो दो घड़ीमें ही केवलज्ञान पाकर मोक्ष गये। इसका समाधान ऐसा है, कि भरतेश्वरने पहले जिनदीक्षा धारण की, शिरके केशलुञ्चन किये, हिंसादि पापोंकी निवृत्तिरूप पाँच महाव्रत आदरे। फिर एक अंतर्मुहूर्तमें समस्त विकल्प रहित मन, वचन, काय रोकनेरूप निज शुद्धात्मध्यान उसमें ठहरकर निर्विकल्प हुए। वे शुद्धात्माका ध्यान, देखे, सुने और भोगे हुए भोगोंकी वाँछारूप निदान बन्धादि विकल्पोंसे रहित ऐसे ध्यानमें तल्लीन होकर केवली हुए। जब

राज छोड़ा, और मुनि हुए तभी केवली हुए, तब भरतेश्वरने अंतर्मुहूर्तमें केवलज्ञान प्राप्त किया। इसलिये महाव्रतकी प्रसिद्धि नहीं हुई। इस पर कोई मूर्ख ऐसा विचार लेवे, कि जैसा उनको हुआ वैसे हमको भी होवेगा। ऐसा विचार ठीक नहीं है। यदि किसी एक अंधेको किसी तरहसे निधिका लाभ हुआ, तो क्या सभीको ऐसा हो सकता है? सबको नहीं होता। भरत सरीखे भरत ही हुए। इसलिये अन्य भव्यजीवोंको यही योग्य है, कि तप संयमका साधन करना ही श्रेष्ठ है। ऐसा ही 'पुव्वं' इत्यादि गाथासे दूसरी जगह भी कहा है। अर्थ ऐसा है, कि जिसने पहले तो योगका अभ्यास नहीं किया, और मरणके समय भी जो कभी आराधक हो जावे, तो यह बात ऐसी जानना, कि जैसे किसी अंधे पुरुषको निधिका लाभ हुआ हो। ऐसी बात सब जगह प्रमाण नहीं हो सकती। कभी कहीं पर होवे तो होवे।।५२।।

इस तरह मोक्ष, मोक्षका फल, और मोक्षके मार्गके कहनेवाले दूसरे महाधिकारमें परम उपशांतभावके व्याख्यानकी मुख्यतासे अंतरस्थलमें चौदह दोहे पूर्ण हुए।

---

વળી (હવે, પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં પણ મહામુનિ રાગ-દ્વેષ કરતો નથી. એમ કહે છે) :

ભાવાર્થ : વ્રત-અવ્રતના વિકલ્પો (અનુક્રમે) પુણ્યબંધ અને પાપબંધના કારણ છે, એમ જેણે જાણ્યું છે તે શુદ્ધ આત્મામાં સ્થિત થયો થકો વ્રતના વિષયમાં રાગ કરતો નથી અને અવ્રતના વિષયમાં દ્વેષ કરતો નથી.

એવું કથન સાંભળીને અહીં પ્રભાકરભટ્ટ પ્રશ્ન પૂછે છે કે હે ભગવાન! જો વ્રત ઉપર રાગનું તાત્પર્ય (રાગ કરવાનું પ્રયોજન) નથી (જો વ્રત ઉપર પણ રાગ કરવા યોગ્ય નથી) તો વ્રતનો નિષેધ થયો?

ભગવાન્ યોગીન્દ્રાચાર્ય કહે છે કે વ્રતનો અર્થ શો? (સર્વ શુભ-અશુભ ભાવોથી) નિવૃત્તિના પરિણામ થવા તે વ્રત છે. કહ્યું પણ છે કે 'हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यः विरतिर्व्रतम्' (તત્ત્વાર્થ સૂત્ર અ. ૭ સૂ. ૧) (અર્થ : હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહથી નિવૃત્ત થવું તે વ્રત છે) અથવા 'रागद्वेषौ प्रवृत्तिः स्यातिवृन्निस्तन्निषेधनम्। तौ च बाह्यार्थसंबन्धौ तस्मात्तांस्तु परित्यजेत्।।' આત્માનુશાસન ૨૩૭) (અર્થ : રાગ-દ્વેષ બન્ને પ્રવૃત્તિ છે અને તે બન્નેનો અભાવ તે નિવૃત્તિ છે. વળી આ બન્ને બાહ્ય પદાર્થના સંબંધથી થાય છે તેથી રાગ અને દ્વેષ એ બન્નેને છોડવા જોઈએ.)

વળી, એકદેશવ્યવહારનયની અપેક્ષાએ અહિંસાદિ વ્રતો પ્રસિદ્ધ છે. એકદેશવ્રત કેવી રીતે? આ પ્રમાણે-જીવહિંસાથી નિવૃત્તિ અને જીવદયામાં પ્રવૃત્તિ, અસત્ય વચનથી નિવૃત્તિ અને સત્ય વચનમાં પ્રવૃત્તિ અદત્તાદાનથી નિવૃત્તિ અને દત્તાદાનમાં પ્રવૃત્તિ, ઈત્યાદિ સ્વરૂપે એકદેશવ્રત છે. રાગ-દ્વેષરૂપ સંકલ્પ-વિકલ્પની તરંગમાળાથી રહિત ત્રણ

**ગુપ્તિથી ગુપ્ત પરમ સમાધિમાં તો શુભાશુભ બન્નેનો ત્યાગ હોવાથી પરિપૂર્ણ વ્રત છે. (આ રીતે પરિપૂર્ણ વ્રતમાં શુભ પરિણામનો પણ ત્યાગ હોવાથી વ્રત ઉપર પણ રાગ કરવા યોગ્ય નથી.)**

**અહીં, કોઈ પ્રશ્ન કરે કે વ્રતથી શું પ્રયોજન છે? માત્ર આત્મભાવનાથી મોક્ષ થઈ જશે? ભરતેશ્વરે ક્યાં વ્રત કર્યાં હતાં? છતાં પણ તેઓ બે ઘડીમાં મોક્ષે ચાલ્યા ગયા.**

**તેનો પરિહાર કરે છે, ભરતેશ્વરે પણ પહેલાં જિનદીક્ષા ધારણ કરતી વખતે માથાનું કેશલોચન કર્યા પછી હિંસાદિ પાપોની નિવૃત્તિરૂપ મહાવ્રતોના વિકલ્પને કરીને અંતર્મુહૂર્ત જતાં, દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાનબંધાદિના વિકલ્પોથી રહિત, મન-વચન-કાયના નિરોધરૂપ નિજશુદ્ધાત્મધ્યાનમાં સ્થિત થઈને પછી નિર્વિકલ્પ થયા. પણ તેમને અલ્પકાળના મહાવ્રત હોવાથી તેમના મહાવ્રતની પ્રસિદ્ધિ ન થઈ. અહીં કોઈ અજ્ઞાની એમ કહે કે અમે પણ મરણકાળે તેવી રીતે કરીશું, તો એમ કહેવું યોગ્ય નથી કારણ કે જો કોઈ એક આંધળાને કોઈ પણ રીતે ખજાનાની પ્રાપ્તિ થઈ ગઈ તો શું બધાને તે રીતે થાય? એવો ભાવાર્થ છે. કહ્યું પણ છે કે 'पुव्वमभाविदजोगो मरणे आराहओ जदि वि कोई। खन्नगनिधिदिट्ठंतं तं खु पमाणं ण सव्वत्थ ।।' (ભગવતી આરાધના ૨૪) અર્થ : જેવી રીતે કોઈ પુરુષ મરણના અવસર પહેલાં યોગનો અભ્યાસ ન કર્યો હોવા છતાં મરણ વખતે કદાચ આરાધક થઈ જાય છે તો તે અંધપુરુષને કદાચિત્ નિધિની પ્રાપ્તિ થાય છે તેના જેવું કહેવાય. પણ આવું બધી જગ્યાએ ખરેખર થાય તેવું પ્રમાણ નથી (પણ આવું બધી જગ્યાએ અવશ્ય થાય જ એમ સંભવતું જ નથી. ૫૨.**

**એ પ્રમાણે મોક્ષ, મોક્ષફળ અને મોક્ષમાર્ગના પ્રતિપાદક મહાધિકારમાં ચૌદ ગાથા સૂત્રો વડે પરમ-ઉપશમભાવના વ્યાખ્યાનરૂપ ઉપલક્ષણવાળું સ્થળ સમાપ્ત થયું.**

---

## વીર સંવત ૨૫૦૨, કારતક વદ ૭, રવિવાર
## તા. ૧૪-૧૧-૧૯૭૬, ગાથા-૫૨, પ્રવચન નં. ૧૩૩

'પરમાત્મપ્રકાશ'. ૫૨ ગાથા, ૫૨.

**'આગે પ્રવૃત્તિ ઔર નિવૃત્તિમેં ભી મહામુનિ રાગ-દ્વેષ નહીં કરતા,...'** અવ્રતની પ્રવૃત્તિમાં દ્વેષ નથી કરતા, વ્યવહારની વ્રતની પ્રવૃત્તિમાં રાગ નથી કરતા. વ્રત-અવ્રત બેય વિકલ્પ છે, રાગ છે. વ્રત પણ રાગ છે અને અવ્રત પણ રાગ છે. એટલે પ્રવૃત્તિ, શુભપ્રવૃત્તિ શુભરાગની, નિવૃત્તિ અશુભની, બેયમાં **'મહામુનિ રાગ-દ્વેષ નહીં કરતા, ઐસા કહતે હૈં-'**

**૧૭૯) वित्ति–णिवित्तिहिँ परम–मुणि देसु वि करइ ण राउ।**
**बंधहँ हेउ वियाणियउ एयहँ जेण सहाउ।।५२।।**

**અન્વયાર્થ :–** આહાહા..! '**મહામુનિ પ્રવૃત્તિ ઔર નિવૃત્તિમેં રાગ ઔર દ્વેષકો નહીં કરતા,...**' વ્રત અને અવ્રત બેયમાં રાગ-દ્વેષ નથી કરતા. આહાહા..! આ લોકો કહે છે, વ્રત છે એ સાધન છે. શુભરાગ સાધન છે એમ. આ વસ્તુ અંદરમાં બેસે નહિ તો શું કરે? ભગવાનઆત્મા તો વીતરાગ જ્ઞાતાસ્વરૂપ છે. એમાં વ્રતના, અવ્રતના બેય વિકલ્પો, એનાથી નિવૃત્તિ થઈને ઠરે અંદરમાં, એનું નામ નિશ્ચયથી તો વ્રત કહેવામાં આવે છે.

'**ઈન દોનોંકા સ્વભાવ...**' ત્યાં શું કહે છે? વ્રત અને અવ્રતનો બેય વિકલ્પ બંધનું કારણ છે. આહાહા..! છે? 'પરમાત્મપ્રકાશ' 'યોગીન્દ્રદેવ' પોતે કહે છે. '**बंधहँ हेउ वियाणियउ**' એ વ્રતનો ભાવ અને અવ્રતનો ભાવ બેય બંધનું કારણ (છે) એમ જાણ. ત્યારે ત્યાં વળી એમ કહે કે બંધનું કારણ છે પણ એ જ મોક્ષનું કારણ છે. એવો અર્થ કરે છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'નો. અહીં તો '**કર્મબંધકા કારણ જાન લિયા હૈ.**' '**જિસને ઈન દોનોંકા સ્વભાવ...**' બેયનો સ્વભાવ, વ્રત-અવ્રત બેય વિકલ્પ છે, રાગ છે, બેનો સ્વભાવ બંધનું જ કારણ છે. આહાહા..!

**ભાવાર્થ :–** '**વ્રત–અવ્રતમેં પરમમુનિ રાગ–દ્વેષ નહીં કરતા...**' સમ્યગ્દર્શન સહિત વ્રતનો વિકલ્પ પાંચમે-છઠ્ઠે હોય અને તેને સ્થિરતા પણ અંદર હોય. વ્રતને લઈને નહિ. આત્માનો આશ્રય લઈ અને જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે એણે આત્માનો વિશેષ આશ્રય લઈને શાંતિ પ્રગટ કરી છે, એને આ વ્રતનો વિકલ્પ હોય. એને પણ એ છોડવા જેવો છે. આ એમ કહે છે. આહાહા..! આવો માર્ગ વીતરાગનો લોકોને સૂક્ષ્મ પડે છે. પછી વિરોધ-વિરોધ (કરે). આહાહા..!

મુમુક્ષુ :– ... ત્રણે કાળે વિરોધ છે.

ઉત્તર :– ત્રણે કાળે વિરોધ જ છે. એમ જગતને કહે છે. આહાહા..! જ્ઞાનીના અભિપ્રાય સાથે જગતનો અભિપ્રાય મેળ ખાય તો એ અભિપ્રાય જ સાચો નથી. 'આનંદઘનજી' કહે છે. આનંદઘનજી ચોવીસી બતાવી ને? પહેલા પ્રસ્તાવનામાં. કારણ કે દુનિયાનો અભિપ્રાય અને જ્ઞાનીનો અભિપ્રાય તદ્દન જુદો છે. બેનો જો મેળ ખાય તો એ જ્ઞાનીનો અભિપ્રાય જ સાચો નથી. આહાહા..! બીજા સાથે મેળ કેમ ખાય? આહાહા..! 'દેવીલાલજી'! આહાહા..!

**ભાવાર્થ :–** '**વ્રત–અવ્રતમેં પરમમુનિ રાગ–દ્વેષ નહીં કરતા...**' આહાહા..! સમ્યગ્દૃષ્ટિ સહિતને વ્રતનો વિકલ્પ હોય. અને ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન સહિત અવ્રતભાવ હોય. પાંચમે ગુણસ્થાને શાંતિની વૃદ્ધિ થોડી થઈને બાર વ્રતનો વિકલ્પ પાંચમે હોય. વિશેષ શાંતિની વૃદ્ધિ થઈને સ્વદ્રવ્યને આશ્રયે એને છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રતનો વિકલ્પ હોય. પણ બેય બંધનું કારણ છે. આહાહા..! એમ '**જાન લિયા હૈ.**' છે ને? '**જિસને ઈન દોનોંકા**

**સ્વભાવ કર્મબંધકા કારણ...**' પાઠમાં છે. '**बंधहँ हेउ वियाणियउ एयहँ जेण सहाउ**' એ એનો સ્વભાવ જ એવો છે. આહાહા..! રાગનો વિકલ્પ છે એનો સ્વભાવ જ બંધનું કારણ છે.

હવે અહીં લોકોને વાંધો ઊઠે છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'નો અર્થ એવો કરી નાખે છે કે જે બંધ છે એ મોક્ષનો ઉપાય છે. કહો, હવે એવું નાખે છે, અર્થ કરે છે. 'ટોડરમલે' અર્થ કર્યો હોય એ માન્ય ન હોય. 'ટોડરમલ'ને માને નહિ. 'ટોડરમલે' તો ચોખ્ખો અર્થ કર્યો ત્યાં. જે બંધનું કારણ છે તે મોક્ષનો ઉપાય છે જ નહિ. એવો એ ગાથાનો અર્થ કર્યો છે. ટીકા છે. અહીંયાં નથી. 'ટોડરમલ'નું છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'. અરે..! પણ માણસને પોતાની દૃષ્ટિએ શાસ્ત્રોના અર્થ ખતવવા અને કરવા, અરે..! ભગવાન! બાપુ! આ તો વીતરાગનો માર્ગ છે ને, પ્રભુ!

મુમુક્ષુ :- શુભના ભાવમાં ધર્મ થાય એમ માને છે. એ શાસ્ત્રનો અર્થ એમ જ કરે ને.

ઉત્તર :- માને છે. પછી માને છે એટલે અર્થ એવો કરે.

અહીં તો કહે છે કે બેય.. 'બનારસીદાસ'ને અને એને ન માને એ લોકો. 'ટોડરમલ'ને, આ કળશટીકાકાર 'રાજમલ'ને. કારણ કે 'રાજમલ' ટીકામાંથી 'સમયસાર નાટક' બનાવ્યું. અને એણે તો ત્યાં સુધી કહ્યું કે છઠ્ઠે ગુણસ્થાને જે પ્રમાદ છે એમાં વિકલ્પ ઊઠે છે. એ જગપંથ છે. આહાહા..! સ્વભાવથી વિરુદ્ધ વિકલ્પ ઉઠ્યો એ તો સંસારપંથ છે, જગપંથ છે. એ જગપંથ પાછો આત્માના મોક્ષનું કારણ થાય? શું થાય?

'**અથવા પાઠાંતર હોનેસે ઐસા અર્થ હોતા હૈ, કિ જિસને આત્માકા સ્વભાવ ભિન્ન જાન લિયા હૈ.**' એ ચાલ્યું આવે છે ને ઘણી ગાથાઓમાં? એટલે અર્થ એ કર્યો. જેણે આત્માનો સ્વભાવ એ પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન છે એમ જાણ્યું છે. વ્રતનો વિકલ્પ અને અવ્રતનો વિકલ્પ, બેયથી ભગવાનઆત્માનો સ્વભાવ ભિન્ન છે. આહાહા..! '**જિસને આત્માકા સ્વભાવ ભિન્ન જાન લિયા હૈ. અપના સ્વભાવ પ્રવૃત્તિ-નિવૃત્તિસે રહિત હૈ.**' ભગવાનઆત્માનો સ્વભાવ વિકલ્પની પ્રવૃત્તિ અને અશુભની નિવૃત્તિથી ભિન્ન છે. આહાહા..! એનો સ્વભાવ તો નિર્વિકલ્પ વીતરાગસ્વરૂપ છે. એવું જેણે જાણી લીધું છે, એ પુણ્ય-પાપના વિકલ્પમાં રહેતો નથી, અટકતો નથી. એને એ મોક્ષનું કારણ માનતો નથી. આહાહા..! આવું છે.

'**જહાં વ્રત-અવ્રતકા વિકલ્પ નહીં હૈ.**' આહાહા..! એવી નિર્વિકલ્પદશા તે મોક્ષનું કારણ છે. વ્રત, અવ્રતનો જ્યાં વિકલ્પ નથી. આહાહા..! છે? બધી ગાથા સારી આવી છે. આ લોકો રવિવારે આવે છે ને 'ભાવનગર'થી. આહાહા..! 'ભાવ..નગર'માં જાવું હોય એણે વ્રતના વિકલ્પ છોડી દેવા એમ કહે છે. આનંદકંદ પ્રભુ અનંત શાંતિ ને સ્વભાવનો સાગર આત્મા એ 'ભાવ..નગર' છે. જેને માથે કોઈ ન-કર, કર નથી. લ્યો! આ 'ભાવનગર'નું આવ્યું. આહાહા..! અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ, સ્વચ્છતા, અનંતપ્રભુતા એવા ભાવથી ભરેલો, માથે અંદર કોઈ કર નથી. નગર-નકર. એવો જે ભગવાનઆત્મા એ તો પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન જાણી લીધો છે. આહાહા..! કેમકે એ વ્રતના વિકલ્પમાં પરનો

આશ્રય છે અને નિર્વિકલ્પમાં સ્વનો આશ્રય છે. આહાહા..! આવું સ્વરૂપ. એ ચાલતું નહોતું ને એટલે પરંપરા પણ એમ (થઈ ગઈ કે) આ વ્રત અને તપ કરવા એ આપણો ધર્મ છે, એ છોડવો નહિ એમ. છોડવો નહિ એમ. એટલે હો, પણ દૃષ્ટિમાંથી એને છોડવો પડશે. આહાહા..!

જેને આત્મદર્શન કરવું છે એટલે કે જેવો આત્મા છે તેવો એને પ્રતીતિ દેખવો છે તો એને તો આ વિકલ્પથી રહિત થાય તો દેખી શકશે. કેમ કે વસ્તુમાં એ વિકલ્પ છે નહિ. આહાહા..! આવી વાતું. એક તો આખો દિ' પાપમાં પડ્યા હોય એને આવું કહે છે. ભાઈ! તમે પાપમાં (ભલે પડ્યા હો) પણ પ્રભુ એ નથી એવો. પાપમાં રહે એવું એનું સ્વરૂપ નથી. અને પુણ્યમાં રહે એવું એનું સ્વરૂપ નથી. એ તો વીતરાગભાવમાં રહે એ એનું સ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મોક્ષનો ઉપાય શું કરવો?

ઉત્તર :- આ શેની વાત ચાલે છે આ?

મુમુક્ષુ :- મોક્ષનો ઉપાય.

ઉત્તર :- ઉપાય આ. વ્રત-અવ્રતના વિકલ્પરહિત નિર્વિકલ્પ આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા.

મુમુક્ષુ :- એ સિવાય?

ઉત્તર :- એ સિવાય બીજો રખડવાનો માર્ગ. બંધનો માર્ગ. ન કીધું હમણાં? વ્રત અને અવ્રત એ બંધનો માર્ગ. કહ્યું ને અંદર? આહાહા..! માર્ગ તો આવો છે. આહાહા..!

'**અપના સ્વભાવ પ્રવૃત્તિ-નિવૃત્તિસે રહિત હૈ.**' કહ્યું ને? '**જહાં વ્રત-અવ્રતકા વિકલ્પ નહીં હૈ.**' જ્યાં વ્રત અને અવ્રતનો વિકલ્પ રાગ જ નથી એવું ધ્યાન. આહાહા..! સમ્યગ્દર્શન સહિત વ્રત-અવ્રતનો વિકલ્પ નથી ત્યાં સ્થિરતા જામી છે અંદરમાં. એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! હવે આમાં શાસ્ત્ર પોતે પાઠ કહે છે, ટીકા કહે છે. પાઠ કહે છે, જુઓ! '**वित्ति-णिवित्तिहिं परम-मुणि देसु वि करइ ण राउ**' વ્રતમાં રાગ ન કરે, અવ્રતમાં દ્વેષ ન કરે એટલે વિકલ્પ ન હોય એમ. '**बंधहँ हेउ वियाणियउ**' એ બંધનો હેતુ જાણીને '**एयहँ जेण सहाउ**' એ બંધનો સ્વભાવ અથવા બંધના સ્વભાવથી ભગવાનનો સ્વભાવ ભિન્ન છે. આહાહા..! આવું સ્વરૂપ (છે). એને હજી એનો પક્ષ કરવો એ રુચે નહિ. આહાહા..! આ જ વસ્તુ છે અને આ માર્ગ છે. એનો પક્ષ કરવો પણ રુચે નહિ અને રાગનો પક્ષ કરવો એ રુચે. આહાહા..! બાપુ! ત્યાં કોઈ સિફારીશ કામ આવે એવી નથી ત્યાં ભગવાનના માર્ગમાં. વીતરાગ માર્ગ ત્યાં છે. આહાહા..! અનંત તીર્થંકરો આમ કહે છે કે '**बंधहँ हेउ वियाणियउ**' પુણ્ય-પાપ બેયને બંધરૂપ જાણ અને એનાથી આત્મસ્વભાવ ભિન્ન જાણ. આહાહા..! આ તો સત્ છે, બાપુ! આહાહા..!

'**વ્રત, અવ્રત, પુણ્ય, પાપરૂપ બંધકે કારણ હૈં.**' છે એમાં? વ્રત અને અવ્રત બેય બંધનું કારણ છે. હવે બંધનું કારણ છે એ મોક્ષનું કારણ થાય? કાલે આવ્યું હતું, 'મખનલાલજી'માં. કાલે આવ્યું હતું. બંધનો ઉપાય છે તે જ મોક્ષનો ઉપાય છે. અરે..! પ્રભુ! એવો અર્થ કર્યો

છે. એણે પોતે 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' છપાવ્યું છે ને. 'મખનલાલજી'એ 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' છપાવ્યું છે. (સંવત) ૧૯૮૨ની સાલમાં આખું વાંચ્યું છે. ૧૯૮૨. 'વઢવાણ' ચોમાસું હતું. આહાહા..! એણે છપાવ્યું છે. આખું મોટું આવડું છે. અહીં છે. ૧૯૮૨ની સાલ 'વઢવાણ' ચોમાસુ (હતું). કેટલા વર્ષ થયા? ૫૧. આખું વાંચ્યું તે દિ'. પછી પણ વાંચ્યું છે.

અરે..! જીવ શું કરે છે? પોતાનો બચાવ પોતાની દૃષ્ટિએ કરીને શાસ્ત્રોના અર્થો પણ એમ કરે છે. શું કરે છે? આહાહા..! જેની દૃષ્ટિ વિપરીત છે એ પુણ્યના વિકલ્પને સાધન માની અને એ પણ મોક્ષનું કારણ છે એમ માને. આહાહા..! અહીંયાં તો કહે છે કે બેય ભાવથી રહિત આત્મસ્વભાવ છે. અને આ બે ભાવ છે એ બંધનું કારણ છે. આહાહા..! '**પુણ્ય, પાપરૂપ બંધકે કારણ હૈં. ઐસા જિસને જાન લિયા, વહ આત્મામેં તલ્લીન હુઆ વ્રત-અવ્રતમેં રાગ-દ્વેષ નહીં કરતા.**' આહાહા..! આવું સ્વરૂપ છે એમ પહેલું પ્રતીત તો કરે. વસ્તુનો સ્વભાવ જ આવો છે કે વ્રત-અવ્રતના વિકલ્પરહિત સ્વરૂપમાં તલ્લીન થાય તે જ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઐસા કથન સુનકર પ્રભાકરભટ્ટને પૂછા,...**' પ્રભાકરભટ્ટ શિષ્યે પ્રશ્ન કર્યો. '**ભગવન્, જો વ્રત પર રાગ નહીં કરે, તો વ્રત ક્યોં ધારણ કરે?**' મુનિને છઠ્ઠે ગુણસ્થાને વ્રત તો ધારણ કરવા પડે, પાંચ મહાવ્રત. સમજાય છે કાંઈ? '**વ્રત પર રાગ નહીં કરે તો વ્રત ક્યોં ધારણ કરે? ઐસે કથનમેં વ્રતકા નિષેધ હોતા હૈ.**' તમારા કથનમાં તો વ્રતનો નિષેધ થાય છે. એવું કથન હોય તો વ્રત ધારણ કરે કોણ? એવો શિષ્યનો પ્રશ્ન છે. આહાહા..! વ્રતનો નિષેધ કરો છો અને એક કોર વ્રતને ધારણ કરવા એવું શાસ્ત્રમાં છે. આ તો વિરોધ આવ્યો. એમ શિષ્યનો પ્રશ્ન છે.

'**તબ યોગીન્દ્રાચાર્ય કહતે હૈં,...**' મુનિ 'યોગીન્દ્રમુનિ' છે, આ ગ્રંથના કર્તા. '**કિ વ્રતકા અર્થ યહ હૈ,...**' હવે સાંભળો! ખરેખર વ્રતનો અર્થ એ છે... આહાહા..! '**કિ સબ શુભ-અશુભ ભાવોંસે નિવૃત્તિ પરિણામ હોના.**' આહાહા..! ઠીક! વ્રત તો નિશ્ચયથી એને કહીએ કે શુભ અને અશુભ પરિણામથી નિવૃત્તિ એનું નામ વ્રત છે. આહાહા..! શુભ-અશુભ બંધના કારણ અને શુભ-અશુભ આસ્રવ, એનાથી રહિત વીતરાગભાવ એ વ્રતનું સ્વરૂપ છે. નિશ્ચયે સર્વદેશ વ્રત એ છે. સમજાણું કાંઈ? '**શુભ-અશુભ ભાવોંસે નિવૃત્તિ પરિણામ હોના.**' આહાહા..!

'જયધવલ'માં તો ત્યાં સુધી કહ્યું છે. અરે..! મેં તો નિવૃત્તિના પચ્ચખાણ કર્યા હતા અને આ મહાવ્રતના વિકલ્પ આવ્યા તો મારું પચ્ચખાણ તો તૂટી ગયું, એમ કહે છે. 'જયધવલ' પહેલા ભાગમાં આવે છે આ. આહાહા..! મેં તો નિવૃત્તિ પરિણામનો આદર લીધો હતો. એમાં આ વ્રતના પરિણામ વિકલ્પ છે, એ તો નિવૃત્તિના પરિણામનો નાશ થયો. આહાહા..! એટલે છેલ્લે સંથારા વખતે ફેર પચ્ચખાણ કરે છે. ઓલા પહેલા કર્યા હતા એમાં ફેર પડ્યો મારે. આહાહા..! એટલે ફેર કરે છે. વીતરાગપણાનો ભાવ તે વસ્તુની સ્થિતિ છે.

આહાહા..! વ્રતનો વિકલ્પ આવ્યો એ મારી નિવૃત્તિના પચ્ચખાણમાં ભંગ પડ્યો. એમ કીધું ત્યાં. આહાહા..! વાણી તો જુઓ! દિગંબર સંતોની તીવ્ર વાણી.

મેં મુનિપણું લીધું ત્યારે તો મેં નિવૃત્તિના પરિણામના જ પચ્ચખાણ કર્યા હતા. પચ્ચખાણ એટલે મારે એમાં રહેવું. પણ આ વિકલ્પ ઉઠ્યો મહાવ્રતનો એ તો મારું પચ્ચખાણ ભંગ પડ્યો. એ 'જયધવલ'માં પાઠ છે. આહાહા..! શું કહ્યું સમજાણું કાંઈ? મેં તો વીતરાગ પરિણામમાં રહેવું એ મેં પચ્ચખાણ કર્યા હતા. મુનિ કહે છે. સંથારા વખતે. છેલ્લો સંથારો કરે ને? સમાધિ મરણ. ત્યારે મેં તો આ નિયમ લીધો હતો અને મને વિકલ્પો આવ્યા એ તો ભંગ થઈ ગયો. આહાહા..! તો ફેર વીતરાગપણાને હું આદરું છું. એ લઈને હું સમાધિમરણ કરું છું. આહાહા..! સંથારો છે. છેલ્લી સ્થિતિ. 'જયધવલ'માં પાઠ છે.

એ વ્યાખ્યાન વાંચ્યું હતું ત્યાં, 'વીંછીયા'. (સંવત) ૨૦૦૦ સાલ. ૧૯૯૯નું ચોમાસું થયું હતું ને, અહીં 'રાજકોટ'. ત્યાંથી પાછા ફર્યા ૨૦૦૦ની સાલમાં. ૩૨ વર્ષ થયા. ૩૩ વર્ષ. 'વીંછીયા' એ પુસ્તક પહેલુંવહેલું હાથ આવ્યું હતું. 'વીંછીયા' હાથ આવ્યું હતું. ત્યાં વાંચ્યું હતું. આનો આ અર્થ. આ અર્થ ત્યાં વાંચેલું. ૩૨ વર્ષ પહેલા 'વીંછીયા'માં અર્થ કર્યો હતો આ. જુઓ! ભાઈ કીધું અહીં તો એમ કહે છે કે મારા પચ્ચખાણ તો વીતરાગતામાં રહેવું તે હતા. રાગમાં આવવું એ મારું સ્વરૂપ નથી. અત્યાર સુધી પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ આદિ વિકલ્પ આવ્યા એ મારી વીતરાગતામાં ભંગ પડ્યો, મારા પચ્ચખાણમાં ભંગ પડ્યો. એમ કહે છે ત્યાં. આહાહા..! આવી વાણી તો જુઓ. આહાહા..!

હવે એ વ્રતના પરિણામને—બંધના કારણને મોક્ષના કારણ કહો તો અનેકાંતવાદ તમારો સાચો, એમ કહે છે. બાપુ! આ તો વીતરાગમાર્ગ છે. એ વીતરાગપણે (સધાય).

મુમુક્ષુ :- 'દેવસેનાચાર્યે' કહ્યું છે ને?

ઉત્તર :- શું કહ્યું?

મુમુક્ષુ :- ગઈ કાલે વાચવામાં આવ્યું હતું.

ઉત્તર :- હા. એ મોક્ષનું કારણ નથી (કીધું) એ તો નિમિત્તનું કથન છે. નિમિત્તનું જ્ઞાન (કરાવ્યું). ક્યાંય હોય નહિ. વીતરાગી સંતોમાં ક્યાંય એ વાત હોય નહિ. એને નિમિત્ત તરીકે ગણીને કહ્યું હોય. તો નિમિત્ત છે એ કર્તા નથી. આહાહા..! શું થાય પણ હવે?

અહીં તો આચાર્ય અહીંયાં સુધી કહે છે કે વ્રત અને અવ્રત બેય બંધના કારણ છે. એ બંધના કારણ એ વળી મોક્ષના કારણ થાય?

મુમુક્ષુ :- એક આચાર્યે એમ કહ્યું, એક આચાર્યે આમ કહ્યું.

ઉત્તર :- એ બીજા આચાર્ય કહે છે એનો આશય ફેર છે. ન્યાયથી વિરૂદ્ધ નથી કહેતા. નિમિત્તથી વાત કરે છે. એ તો જેમ 'આપ્તમીમાંસા'માં નથી? કે મોક્ષ તો પોતાથી થાય છે પણ એમાં પુણ્ય નિમિત્ત છે. નિમિત્ત છે એનો અર્થ? સંહનન હોય, મનુષ્યપણું હોય. એ નિમિત્ત છે એટલું. પણ એનાથી આ થાય છે એમ નહિ. સમજાણું કાંઈ? 'આપ્તમીમાંસા'માં છે. આહાહા..! પુણ્ય છે એને નિમિત્ત કહેવામાં આવે છે. કારણ કે મનુષ્યપણું, સંહનન,

વીતરાગની વાણી મળવી એ બધું પુણ્ય છે. એ નિમિત્ત છે. પણ એ નિમિત્ત કોને? જેણે પોતાના ઉપાદાનમાં કાર્ય કર્યું છે એને એ નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તથી કાર્ય થાય ત્યાં એમ નથી. એ બધા વ્યવહારનયના કથન છે. આહાહા..!

'ટોડરમલે' કહ્યું છે ને કે વ્યવહાર શું? કે જે વસ્તુ નથી, અન્યથા છે તેને નિમિત્તાદિની અપેક્ષાથી કારણ કહેવામાં આવે છે. આહાહા..! એ 'ટોડલમલ'ને માને નહિ હવે તો. 'ટોડરમલ', 'બનારસીદાસ' એને માને નહિ. એ તો કહેતા હતા ને ત્યાં? 'લલીતપુર'માં. 'બનારસીદાસ', 'ટોડરમલ' તો અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે. અધ્યાત્મની ભાંગ પીધી હતી. અરે..! ભગવાન! પ્રભુ! તને લાભ ન થાય નાથ આમાં. અરે..! ભગવાન! શું તું કરે છો આ?

મુમુક્ષુ :- અધ્યાત્મની ભાંગ પીધી હોય તો...

ઉત્તર :- એ પણ એમ કેમ માને? પોતે, જાણે અમે સાચા માર્ગમાં છીએ એમ માને. આત્મા છે ને. જેમાં જેણે માન્યું એ રૂપે એ માને ને. એ રૂપે આત્મા થઈ ગયો એ તો. એટલે બીજું કેમ માને? એ બિચારાને સુખની અભિલાષા તો છે ને? પણ ઓલા રસ્તાની ખબર નથી. આહાહા..! અરે..! જગતના પંથ. વીતરાગમાર્ગ, જે પંથે શાંતિ મળે એમાંથી ખસી જવું અને એનાથી લાભ માનવો, પ્રભુ! નુકસાન છે, ભાઈ! તારા આત્માને નુકસાન છે, બાપુ! આહાહા..!

'ટોડરમલે' તો કહ્યું છે કે રાગ આવે, રાગ હોય છે પણ શ્રદ્ધામાં છોડવા લાયક છે એમ માનજે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. આહાહા..! વ્રતનો વિકલ્પ પણ છોડવા જેવો છે. આહાહા..! આવશે, હોય છે, પણ એ છોડવા લાયક છે. આહાહા..! એને લઈને અંદરમાં જઈ શકે છે એમ નહિ. એ તો વિકલ્પ છે, રાગ છે. આહાહા..! આવો માર્ગ છે. પ્રભુ છે ભગવાન છે આત્મા. આત્મા તરીકે તો પ્રભુ છે, વીતરાગમૂર્તિ છે, દરેક (જીવ) દ્રવ્ય સ્વભાવે તો સાધર્મી છે. પર્યાયમાં ભૂલ છે એ તો એક ક્ષણિકની છે. આહાહા..! એ ટાળવા સમર્થ છે. આહાહા..! એ ભૂલને ટાળશે ત્યારે એક ક્ષણમાં ટાળશે. આહાહા..! એવું એનું સામર્થ્ય છે ને, પ્રભુ! આહાહા..!

શુભ-અશુભભાવથી નિવૃત્તિ એનું નામ વ્રતના પરિણામ કહેવામાં આવે છે. છે? આહાહા..! **'ઐસા હી અન્ય ગ્રંથોમેં ભી ઈત્યાદિસે કહા હૈ. અર્થ યહ હૈ કિ રાગ ઔર દ્વેષ દોનોં પ્રવૃત્તિયાં હૈં,...'** દેખો! એ વ્રત અને ભક્તિના પરિણામ એ બધી રાગની પ્રવૃત્તિ છે. આહાહા..! **'તથા ઈનકા નિષેધ વહ નિવૃત્તિ હૈ.'** **'રાગ ઔર દ્વેષ દોનોં પ્રવૃત્તિયાં હૈ, તથા ઈનકા નિષેધ વહ નિવૃત્તિ હૈ. યે દોનોં અપને નહીં હૈ,...'** આહાહા..! નિષેધ કરવો કે આ નહિ. એ પણ આત્માનું નહિ. આહાહા..! અથવા એ પુણ્ય અને પાપ બેય પોતાના નથી. પ્રવૃત્તિ અને નિવૃત્તિ રહિત. **'અન્ય પદાર્થકે સંબંધસે હૈં.'** આહાહા..! એ વ્રત ને અવ્રતનો વિકલ્પ સ્વપદાર્થના આશ્રયે નહિ. આહાહા..! વ્રતનો વિકલ્પ પણ પરપદાર્થના આશ્રયે છે, સંબંધે છે. નિશ્ચયથી તો એને પુદ્‌ગલ પરિણામ કહ્યા છે. આહાહા..! આવો માર્ગ છે, બાપુ!

એના માનનારા થોડા જ હોય. એને સાંભળનારા થોડા હોય. એ આવ્યું છે ને 'વીરલા જાણે (તત્ત્વને વિરલા) સાંભળે કોઈ' સાંભળનારા થોડા હોય. આ તો પુણ્ય ભેગું થોડું છે એટલે જરી લોકો સાંભળતા. હવે જરી ખળભળાટ થઈ ગયો. થાય-થાય. જ્યાં અંદર વાત બેસે નહિ (ત્યાં થાય).

ભગવાનનો માર્ગ તો પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છે. એ કહ્યું ને? '**અન્ય પદાર્થકે સંબંધસે હૈં.**' વ્રતનો વિકલ્પ પણ પરના લક્ષે થયેલો છે. આહાહા..! એ કહેશે, હોં! '**ઈસલિયે ઈન દોનોંકો છોડે.**' વ્રત અને અવ્રત બેય વિકલ્પ છોડે. આહાહા..! ત્યારે આત્માની વીતરાગતા થાય તે મોક્ષનું કારણ છે. આહાહા..! '**અથવા...**' હવે બીજો ખુલાસો કરે છે. '**हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम्**' '**ઈસકા અર્થ યહ હૈ, કિ પ્રાણિયોંકો પીડા દેના, જૂઠ વચન બોલના, પરધન હરના,...**' ચોરી, '**કુશીલકા સેવન...**' વિષય. '**ઔર પરિગ્રહ ઈનસે જો વિરક્ત હોના, વહી વ્રત હૈ.**' એ પાંચથી વિરક્ત થવું એ વ્રત છે. એ વ્રત કેવું? '**યે અહિંસાદિ વ્રત પ્રસિદ્ધ હૈં,...**' પણ '**વે વ્યવહારનયકર એકદેશરૂપ વ્રત હૈ.**' આહાહા..! સમજાય છે કાંઈ? હિંસાથી નિવૃત્તિ અને અહિંસામાં પ્રવૃત્તિ, જૂઠામાંથી નિવૃત્તિ અને સત્યમાં પ્રવૃત્તિ, ચોરીથી નિવૃત્તિ અને અચોર્યમાં પ્રવૃત્તિ, વિષયથી નિવૃત્તિ અને બ્રહ્મચર્યમાં પ્રવૃત્તિ એ બધો વિકલ્પ છે.

'**એકદેશરૂપ...**' વ્રત કહ્યા. એને વ્યવહારનયથી એકદેશવ્રત કહ્યા. એકદેશ અંશે. જેટલો અંદરમાં અવ્રતભાવ છૂટી ગયો છે અને સ્થિરતા થઈ છે, સમજાણું? એને જે આ વિકલ્પ ઊઠ્યો છે એને એકદેશ વ્રત કહેવામાં આવે છે. મહાવ્રતધારીના મહાવ્રતના પરિણામને પણ એકદેશવ્રત કહેવામાં આવે છે. અણુવ્રત. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. માણસને ઝીણું પડે, માણસને કઠણ પડે. આહાહા..! કઠણ પડે આ અમારે કહે છે ને 'અમૃતલાલજી'.

મુમુક્ષુ :- કેમકે એની માન્યતાથી વિરૂદ્ધ લાગે એટલે કઠણ થઈ જાય ને?

ઉત્તર :- ના, એ તો એમ કહે છે કઠણ પડે છે. એટલું વિરુદ્ધ નહિ? કઠણ પડે છે. સ્વના આશ્રયમાં ધર્મ કરવો એ કઠણ પડે છે. ઓલા વિકલ્પમાં રહેવું એ ઠીક સહેલું લાગે.

મુમુક્ષુ :- એ તો પ્રવૃત્તિ થઈ કાંઈક.

ઉત્તર :- એમ? નિવૃત્તિમાંથી નીકળીને પ્રવૃત્તિ કાંઈક થઈ. રાગ થયો. આહાહા..!

'**જીવઘાતમેં નિવૃત્તિ, (પણ) જીવદયામેં પ્રવૃત્તિ,...**' જોયું! '**વ્યવહારનયકર એકદેશરૂપ વ્રત...**' કેમ કહ્યું? વ્યવહારનયથી દેશવ્રત, પંચમહાવ્રતના પરિણામને કેમ કહ્યું? એ વાત કરે છે આહાહા..! કે '**જીવઘાતમેં નિવૃત્તિ, (પણ) જીવદયામેં પ્રવૃત્તિ, અસત્ય વચનમેં નિવૃત્તિ, સત્ય વચનમેં પ્રવૃત્તિ,...**' આહાહા..! '**અદત્તાદાન (ચોરી) સે નિવૃત્તિ, અચૌર્યમેં પ્રવૃત્તિ...**' એમ વિષયની ઓલાથી નિવૃત્તિ પણ એને બ્રહ્મચર્યનો શુભભાવ એ પ્રવૃત્તિ છે. આહાહા..! હું બ્રહ્મચર્ય પાળું, એ શુભભાવ છે. '**ઈત્યાદિ સ્વરૂપસે એકદેશવ્રત**

**કહા જાતા હૈ,...**' દેખો! એકદેશવ્રત એને કહે છે. કોને? છઠ્ઠે ગુણસ્થાને મહાવ્રતનો શુભવિકલ્પ આવે એને એકદેશ વ્રત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- નિર્વિકલ્પતાને જ સાચું વ્રત કહે છે.

ઉત્તર :- નિર્વિકલ્પતા એ નિશ્ચયવ્રત છે.

આવો માર્ગ વીતરાગનો, ભાઈ! એ નહોતોને એટલે (કઠણ લાગે છે). શાસ્ત્રમાં તો પડ્યો છે. 'સમયસાર' પોકારે છે, 'પ્રવચનસાર' પોકારે છે. 'પ્રવચનસાર'માં તો પોકાર છે કે પુણ્ય-પાપમાં ફેર માને એ ઘોર સંસારમાં રખડશે. એવો પાઠ છે. ૭૭ ગાથા. સમજાણું કાંઈ? હિંડંતિ ઘોર સંસાર. આહાહા..! પુણ્ય અને પાપ બેય એક જ સરખા બંધના કારણ છે. વ્રત અને અવ્રત બેય બંધના જ કારણ છે. એમાં ફેર માને, વિશેષ માને, સામાન્ય બંધનું કારણ બેય છે એમ ન માનતા, બેયમાં તફાવત માને, અવિશેષ ન માને અને વિશેષ માને (એ) ઘોર સંસાર (માં રખડશે). આહાહા..! આવું છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય'નું વચન તો આ છે. હિંડતિ. સમજાણું કાંઈ?

'**એકદેશવ્રત કહા જાતા હૈ, ઔર રાગ-દ્વેષરૂપ સંકલ્પ વિકલ્પોંકી કલ્લોલોંસે રહિત...**' આહાહા..! એ વિકલ્પના શુભ-અશુભથી રહિત '**તીન ગુપ્તિસે ગુપ્ત...**' ગુપ્ત અંદરમાં. આહાહા..! '**સમાધિમેં શુભાશુભ ત્યાગસે પરિપૂર્ણ વ્રત હોતા હૈ.**' એ આનંદની સમાધિમાં લીન એને '**શુભાશુભ ત્યાગસે પરિપૂર્ણ વ્રત હોતા હૈ.**' આહાહા..! છઠ્ઠે ગુણસ્થાને પણ મહાવ્રતના વિકલ્પ છે તે એકદેશ કીધો. અશુભથી છૂટ્યો છે ને? એકદેશ વ્રત છે. અને શુભથી છૂટે અને નિર્વિકલ્પ તે સર્વદેશવ્રત, એ નિશ્ચયવ્રત છે. આહાહા..! આવી વાણી ને.. અરે..! ચોર્યાશીના અવતારમાં, બાપુ!

આ ભવ છે એ અનંતા ભવના અભાવ કરવા માટે ભવ છે. આહાહા..! આ ભવ કાંઈ રળવું ને વિષય ને ભોગ ને બાયડી-છોકરા એ માટે આ ભવ નથી. અનંતા ભવનો એક ભવમાં અભાવ કરવો છે. 'શ્રીમદ્'માં વચન છે. તેનો કેટલો પુરુષાર્થ હોય, ભાઈ! આહાહા..! અનંતા ભવની રાશિ. ભવસિંધુ, મોટો દરિયો ભવસિંધું ઓહોહો..! નિગોદના એકેન્દ્રિયના ભવો. એક શ્વાસમાં અઢાર (ભવ). એવો ભવસિંધું-દરિયો. અનંતા ભવ. બાપુ! એને પાર પાડવાને માટે આ ભવ છે. એનો રસ્તો નિકાલ કાઢી નાખવાને માટે આ ભવ છે. આહાહા..! એણે તો પુણ્ય-પાપ બેયને બંધનું કારણ જાણી અને અબંધસ્વરૂપી ભગવાન... એમ કહ્યું ને? ૧૪મી-૧૫મી ગાથા. 'સમયસાર' ૧૪-૧૫.

'**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं**' આહાહા..! એણે જૈનશાસન જોયું. જેણે ભગવાનઆત્માને રાગના સંબંધથી ભિન્ન અને વિશેષના ભાવથી ભિન્ન સામાન્ય... આહાહા..! એને જેણે જાણ્યું, અનુભવ્યું એણે જૈનશાસન જોયું. આહાહા..! આવી તો વાત છે. એ જૈનશાસન છે. રાગરહિત ભગવાનને પ્રભુને અબંધ જોવો... આહાહા..! નિશ્ચયથી જોવો, વિશેષરહિત સામાન્યથી જોવો... આહાહા..! ગતિ આદિના ભેદથી રહિત એકરૂપ જોવો અને પુણ્ય-પાપના ક્લેશની અગ્નિથી ભિન્ન એકરૂપ શાંતિથી જોવો. આહાહા..! એ

'**पस्सदि जिणसासणं सव्वं।**' એમ કહ્યું છે. એણે સર્વ જૈનશાસન જોયું. કહો, 'દેવાનુપ્રિયા'! આમ છે. આહાહા..! આમાં તો ક્યાંય વ્યવહાર જોયો તો જૈનશાસન જોયું એવું ન આવ્યું.

મુમુક્ષુ :- વચમાં આવે છે બધું.

ઉત્તર :- આવે ભલે. આવે તે વસ્તુ નથી. વચમાં આવે તો જ્ઞાનીને બધું આવે છે. છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રતનો વિકલ્પ આવે, ચોથે ગુણસ્થાને રૌદ્રધ્યાનના ભાવ આવે, પાંચમામાં રૌદ્રધ્યાનના ભાવ આવે એટલે શું? એ તો બંધનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા..!

આત્માની શાંતિ... શાંતિ... શાંતિ.. શાંતરસનો કંદ પ્રભુ, ઉપશમરસના સ્વભાવથી ભરેલો અકષાયસ્વરૂપ, એની પર્યાયમાં સમાધિમાં રહેવું... આહાહા..! એની શાંતિમાં રહેવું એનું નામ વ્રત છે. છે? એ વ્રત છે. '**પરિપૂર્ણ વ્રત હોતા હૈ.**' છે ને? '**શુભાશુભકે ત્યાગસે પરિપૂર્ણ વ્રત હોતા હૈ.**' આહાહા..! શુભભાવમાં સમકિત સહિત છે, શાંતિ-સ્થિરતા સહિત છે પણ શુભ વિકલ્પ છે એને એકદેશ વ્રત કહેવામાં આવ્યું છે. આહાહા..! દિગંબર વાણી તો જુઓ! 'શ્રીમદ્' કહે છે, દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. એને વીતરાગતાનું વર્ણન કરવું છે. આહાહા..! આકરું કામ છે, બાપુ! કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ નહિ. એ ભગવાન છે. દ્રવ્યે તો એનો આત્મા ઉપાદેય છે. આ જીવને પણ એનું દ્રવ્ય જે શુદ્ધ છે એ તો ઉપાદેય છે. પર્યાય-પર્યાયમાં રહી, એની ભૂલ એક કોર (રહી). આહાહા..!

મુમુક્ષુ :- એકદેઈ વ્રતમાં કષાયનો અભાવ થયો.

ઉત્તર :- વ્રતમાં કષાયનો અંશે અભાવ થયો છે તેથી એકદેશવ્રત કીધું. અને સર્વથા અભાવ થાય એને સર્વ(દેશ) વ્રત કહ્યું. શુભવિકલ્પ છૂટીને શુદ્ધોપયોગમાં સ્થિર થાય એ પરિપૂર્ણ વ્રત. પરિપૂર્ણ વ્રત. એમ કે ઓલો શુભવિકલ્પ છે એ પરંપરા શુદ્ધનું કારણ છે કે નહિ? એનો અભાવ કરે ત્યારે થાય. એ કારણ નહિ. આહાહા..!

મહાપ્રભુ અનંત આનંદથી ભરેલો પ્રભુ છે. અનંત શક્તિનો સાગર પ્રભુ છે. જેમાં અનંતા ગુણ જેના ગોદામમાં પડ્યા છે. એવું મોટું ગોદામ છે. શેઠના ગોદામ તો અમુક તમાકુ પાંચ-પચ્ચીસ (ગુણીમાં). આમાં તો અનંતું ગોદામ છે. આહાહા..!

મુમુક્ષુ :- એ ગોદામ ક્યાં રાખ્યું?

ઉત્તર :- અહીં રાખ્યું છે. આહાહા..! નજર કરે તો નિધાન નજરે પડે. આહાહા..!

મુમુક્ષુ :- નવના ડંકા.

ઉત્તર :- નવના પાછા. આહાહા..!

મહાપ્રભુ બિરાજે છે ને. પ્રભુ! તું પોતે મહાપ્રભુ જ છો. તને પર્યાયના-અવસ્થાના આશ્રયમાં તને એની કિંમત આવી નથી. આહાહા..! એની તને કિંમત ટાંકતા આવડી નથી. પર્યાયમાં દેખનારાઓને અને પર્યાયમાં થતાં રાગ અને પુણ્યને દેખનારાને એ પુણ્ય અને પર્યાય પાછળ ભગવાન પરમાનંદ પ્રભુ છે, વસ્તુ છે. વસ્તુ છે એમાં અનંત શક્તિ-ગુણો વસેલા છે. પર્યાયમાં અનંત ગુણ ક્યાં છે? એ તો એક અંશ છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! આવી વાતું. એક તો બિચારાને નવરાશ ન મળે. વીસ-બાવીસ કલાક (પાપમાં) ગાળે

એમાં માંડ એકાદ કલાક સાંભળવાનો વખત મળે. એમાં છોકરા થયા હોય નાના, એમાં બે-બે વર્ષે છોકરા થાય. સોળ વર્ષમાં આઠ છોકરા થાય. હવે એને બિચારાને સાચવવા કોને અને શું કરવું આ બધાનું? એના બાપને પાછા એને પરણવવા, એના મકાન જુદા રાખવા. આહાહા..! અરે..રે..! ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે. એ વિકલ્પને પણ કરે કેમ? એનો પણ કર્તા નથી પ્રભુ તો. આહાહા..! આવી વાત છે.

'**અર્થાત્ અશુભની નિવૃત્તિ ઔર શુભકી પ્રવૃત્તિરૂપ એકદેશવ્રત...**' દેખો! કોને પણ? સમકિતીની વાત છે, હોં! જેને સમ્યગ્દર્શન નથી અને વ્રત લે એને તો એ વાત જ છે નહિ. એ વ્રત છે જ ક્યાં એને? એકદેશ પણ ક્યાં છે. આહાહા..! અહીંયાં તો સમ્યગ્દર્શનમાં આત્માનું પૂર્ણ સ્વરૂપ અનુભવમાં આવ્યું છે અને એ ઉપરાંત પણ સ્થિરતા, શાંતિ, સ્વઆશ્રયે થોડી થઈ છે, એને જે વિકલ્પ ઊઠે છે એ એકદેશવ્રત છે. આહાહા..! અશુભની નિવૃત્તિ અને શુભની પ્રવૃત્તિ સમ્યગ્દૃષ્ટિની ભૂમિકામાં અથવા પાંચમા ગુણસ્થાનની ભૂમિકામાં અથવા છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકામાં (હોય છે). છે ને? '**અશુભની નિવૃત્તિ ઓર શુભકી પ્રવૃત્તિરૂપ એકદેશવ્રત...**' છે. આહાહા..!

'**શુભ, અશુભ દોનોંકા હી ત્યાગ હોના વહ પૂર્ણ વ્રત હૈ.**' આહાહા..! છે? ખુલાસો તો બહુ સરસ કર્યો છે. ટીકાકારે ખુલાસો કર્યો છે. લ્યો! '**ઈસલિયે પ્રથમ અવસ્થામેં વ્રતકા નિષેધ નહીં હૈ...**' પ્રથમ અવસ્થા છઠ્ઠા ગુણસ્થાનાદિ છે એમાં વ્રતભાવ હોય છે. નથી એમ નહિ. એમ. '**એકદેશ વ્રત હૈ,...**' પ્રથમ અવસ્થામાં છઠ્ઠી ભૂમિકામાં, પ્રથમ અવસ્થા એને કહેવામાં આવે છે, જોયું!

મુમુક્ષુ :- હોય છે એમ કહે છે.

ઉત્તર :- એ કરે શું? કરે, આવે. એને વ્યવહારનયથી કરે એમ કહેવામાં આવે. વ્યવહારનયથી એમ આવે, વ્રત કરો. પણ એ વ્રત હોય કોને? જેને શાંતિ પ્રગટી છે અને શાંતિનો વધારો થયો છે એને વ્રતનો વિકલ્પ હોય. એની અહીં વાત છે. જેને હજી શાંતિ પ્રગટી નથી, સ્વરૂપનું ભાન થયું નથી એને વ્રતના વિકલ્પની વ્યાખ્યા ક્યાં છે? આહાહા..! એ તો 'સમાધિશતક'માં નથી આવતું? છાયા અને તડકો. તડકામાં ગરમી છે, છાયામાં ગરમી નથી. શુદ્ધોપયોગ ન આવે ત્યાં સુધી એણે શુભભાવમાં આવવું. એટલું. અશુભમાં ન રહેવું. અશુભમાં છે એ તડકે છે. શુભમાં છે એ છાયામાં છે. પણ કરવો છે શુદ્ધોપયોગ. એમ કહેવું છે. પણ શુદ્ધોપયોગ નથી ત્યાં આગળ છઠ્ઠા ગુણસ્થાનમાં આવો વિકલ્પ હોય છે. આ છઠ્ઠાની વાત ચાલે છે, હોં! પ્રથમ એટલે મિથ્યાત્વને પ્રથમ એમ નહિ. આહાહા..! આવી વાતું હવે.

હવે આ નાના બાળકો બિચારાએ સાંભળ્યું ન હોય. માર્ગ તો પ્રભુ આવો છે. આંખ મીંચાઈને ચાલ્યા જાય છે, જુઓને. 'ચીમનભાઈ' આમ સાંભળતા હતા અહીં. ડોક્ટર અહીં બેસતા. આહાહા..! 'પ્રેમચંદભાઈ'. અને કેટલા પ્રેમથી સાંભળતા, હોં! બહુ બહુ હરખથી સાંભળતા. આહાહા..! પ્રમાણ... પ્રમાણ.. એમ કરતા. આ ચાલ્યા જાય, બાપા! આ

નાશવાન, ક્ષણવાન (છે). આહાહા..! એમાં કોની સામું જોવું એણે? એમ કે અમારું શરીર તો સારું છે હમણાં. પણ સારું એટલે શું? ભગવાન! પડવાનું ટાણું આવશે તો ફૂ આમ થઈ જશે. કાંઈ નહિ હોય. ફૂ આમ થઈ જશે. આહાહા..!

અઠ્યાવીશ વર્ષનો જુવાન છોકરો નહોતો? 'મલકાપુર'. 'મલકાપુર'ના બે ભાઈબંધો હતા. નાની ઉંમરના હશે. અમથા બેઠા હતા. કાંઈ રોગ કાંઈ નહિ. આમ બેઠા હતા એમાંથી આમ જ્યાં જોવે ત્યાં ફૂ એટલું કર્યું, બસ. ફૂ કર્યું ત્યાં તો દેહ છૂટી ગયો. કાંઈ બીજું ન મળે. દેહની સ્થિતિ પૂરી થાય, ભગવાન! એ સમયને કોઈ ફેરવે નહિ. આહાહા..! અને એ સમય ક્યારે પૂરો થવાનો છે એ તો એને ખબર નથી. પણ એટલી તો ખબર છેને કે એ સમય આવશે. આહાહા..! અરે..! એ વખતે ચૈતન્યના શરણ નહિ લીધા હોય તો પ્રભુ! પ્રભુ-એને ક્યાં જાવું? આહાહા..! અંતર્મુખનું શરણ જેણે નથી લીધું, અંતર્મુખનો જેણે આશ્રય નથી કર્યો.. આહાહા..! એને ક્યાં જાવું? ક્યા શરણે જાવું? આહાહા..!

મુમુક્ષુ :- પંચ પરમેષ્ઠીનું શરણું ...

ઉત્તર :- પરમેષ્ઠીનું શરણ એ તો વિકલ્પ છે. આહાહા..!

'વર્ણીજી' જેવા છેલ્લે બિચારા એમ બોલતા હતા. બહુ ઓલું આવ્યો ને? પરિષહ. અરે..! આત્માનું શરણ છે આવે ટાણે. બીજું કોઈ શરણ નથી. એટલું કહ્યું હતું. આત્માના શરણ વિના... આત્મા પણ ક્યારેય એને જાણ્યો ન હોય, નિર્ણય કર્યો ન હોય તો આવે ક્યાંથી શરણ? આહાહા..! ચારે કોર ઘેરાઈ જાય, તૃષા લાગી હોય, ગળા સુકાતા હોય. બહારમાં નિયમ લીધો હોય કે હવે પાણી ખપે નહિ. અને પાણી ખપે તો એને પાછા એના પ્રમાણમાં ખપે ને? ક્ષુલ્લક કે સાધુ હોય તેને. ઊભા ઊભા કાંઈક મળે. સૂતા સૂતા કોઈ પાય એવું તો હોય નહિ. આહાહા..! એ વખતે એમાં આવ્યું હતું. બિચારા કહે, અરે..! અહીં શરણ જોઈએ એ ક્યાં (છે)? આત્મા શરણ છે, એ સિવાય કોઈ નથી. બહારમાં તો ક્યાંય શરણ છે નહિ. આહાહા..!

'**યહાં પર કોઈ યદિ પ્રશ્ન કરે કિ વ્રતસે ક્યા પ્રયોજન**?' વળી પ્રશ્ન કર્યો. પહેલો પ્રશ્ન એમ હતો કે વ્રત તો આવે છે અને એનો તમે નિષેધ કરો છો. ભાઈ! આવે છે ખરું, પણ એ આસ્રવ છે. એને છોડીને ઠરે તો એ નિશ્ચયવ્રત કહેવામાં આવે છે. ત્યારે શિષ્યે બીજો પ્રશ્ન ઉઠાવ્યો. '**પ્રથમ અવસ્થામેં વ્રતકા નિષેધ નહીં હૈ. એકદેશ વ્રત હૈ, ઔર પૂર્ણ અવસ્થામેં સર્વદેશ વ્રત હૈ. યહાં પર કોઈ યદિ પ્રશ્ન કરે, કિ વ્રતસે ક્યા પ્રયોજન? આત્મભાવનાસે હી મોક્ષ હોતા હૈ.**' 'આત્મભાવના ભાવતા લહીએ કેવળજ્ઞાન' નથી આવતું? 'શ્રીમદ્'માં આવે છે. પણ એનો અર્થ (ખબર ન હોય). ગોખે 'આત્મભાવના ભાવતા લહીએ કેવળજ્ઞાન રે.' પણ આત્મા એટલે હજી શું ચીજ છે. અખંડાનંદ પ્રભુ જેને હજી દૃષ્ટિમાં જોયો નથી, દૃષ્ટિમાં જાણ્યો નથી. આહાહા..! એ એની ભાવના શી રીતે કરે? ભાવના એટલે એકાગ્રતા. જે વસ્તુ જ અંદર છે ચિદાનંદ પ્રભુ, એ દૃષ્ટિમાં અને જ્ઞાનના જ્ઞેયમાં એ જ્ઞેય આવ્યું નથી. જણાવા યોગ્ય એવો ભગવાન જ્ઞાનની પર્યાયમાં જણાણો નથી એ કોનું શરણ લે? એ કોની ભાવના

કરે? આત્મભાવના ભાવતા એ આત્મા જેણે જાણ્યો છે એ એની એકાગ્રતા કરે એ 'આતમભાવના ભાવતા લહીએ કેવળજ્ઞાન.' સમજાણું કાંઈ? આહાહા..! એ ગોખે 'આતમભાવના ભાવતા લઈએ...' એ તો વિકલ્પ છે. આહાહા..!

અહીંયાં તો સમકિતસહિત ને ચારિત્રસહિત છે એને પણ પંચમહાવ્રતનો વિકલ્પ ઊઠે તે બંધનું કારણ છે એમ કહ્યું. આહાહા..! એમ કહ્યું કે નહિ અહીંયાં? એ પણ વિકલ્પ છોડીને અંદર વીતરાગપણે ઠરે ત્યારે એની મુક્તિ થશે. જ્યાં સુધી બંધના વિકલ્પમાં રહે ત્યાં સુધી એની મુક્તિ નહિ થાય. આહાહા..! આવો વીતરાગનો માર્ગ છે. જિનવરદેવ કેવળી પરમાત્માએ, જિનવરદેવે આવો વીતરાગભાવ વર્ણવ્યો છે. એને પરની કોઈ અપેક્ષા છે નહિ. સ્વનો આશ્રય કરનારને પરની અપેક્ષા છે નહિ. આહાહા..! એવો જે માર્ગ...

ત્યારે કહ્યું કે, મહારાજ! (વ્રતાદિ ભાવ) આસ્રવ છે તો એને આ વ્રતનું શું કામ છે? આત્મભાવના ભાવતા મોક્ષ થઈ જશે. '**ભરતજી મહારાજને ક્યા વ્રત ધારણ કિયા થા?**' શિષ્યે પ્રશ્ન કર્યો. કરે તો ખરો. પોતે સ્પષ્ટીકરણ કરવા માટે પ્રશ્ન કાઢ્યો. '**વે તો દો ઘડીમેં હી કેવલજ્ઞાન પાકર મોક્ષ ગયે.**' આહાહા..! છન્નું હજાર રાણીનો સાહેબો, છ લાખ પૂર્વ તો ચક્રવર્તી પદ મેળવ્યું. આહાહા..! છ લાખ પૂર્વ! એક પૂર્વમાં સીત્તેર લાખ, છપ્પન હજાર કરોડ વર્ષ જાય. એવા છ લાખ પૂર્વ ચક્રવર્તી પદ, છન્નું હજાર સ્ત્રીનો ભોગ, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામનો સાહેબો. આહાહા..! મહારાજ! એ તો અંતર્મુહૂર્તમાં અંદર ગયા અને કેવળજ્ઞાન પામ્યા છે. એને ક્યાં વ્રત હતા. એમ કહે છે. શિષ્યનો આ પ્રશ્ન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અરિસા ભુવનમાં કેવળજ્ઞાન થઈ ગયું હવે

ઉત્તર :- હા. એ અરિસાભુવન તો નિમિત્ત છે. અંદરમાં પામ્યો હતો આ. આહાહા..! તે પણ પહેલા પંચમહાવ્રત લીધા હતા. પંચમહાવ્રત લીધા હતા એ બહાર પ્રસિદ્ધ નથી. કારણ કે ત્યાં એકદમ અંદર બેઠા અને ધ્યાનમાં કેવળજ્ઞાન પામ્યા. પંચ મહાવ્રત તો અંદર દીક્ષા લીધી હતી. નવ નવ કોટીએ ત્યાગ કરીને પંચમહાવ્રતનો વિકલ્પ પહેલો આવ્યો હતો. પછી (એનાથી) છૂટીને, ઠરીને અંદર કેવળ પામ્યા છે. એ કહેશે.

'**ભરતેશ્વરને પહલે જિનદીક્ષા ધારણ કી,...**' છે? અરે..! એણે પહેલા જિનદીક્ષા ધારણ કરી હતી. અતંર્મુહૂર્તમાં લોકોને ખ્યાલ નથી. આમ એકદમ દીક્ષા પંચમહાવ્રતના વિકલ્પ દીક્ષા ધારણ કરી. અંદર ચારિત્ર. આહાહા..! '**શિરકે કેશલુચ્ચન કિયે,...**' પણ એ અંતરમાં થોડો કાળમાં ને કાળમાં એકદમ દીક્ષા અને એકદમ લોચ. '**હિંસાદિ પાપોંકી નિવૃત્તિરૂપ પાંચ મહાવ્રત આદરે.**' પહેલા પાંચ મહાવ્રતના વિકલ્પ આવ્યા હતા. આહાહા..! '**ફિર એક અંતર્મૂહર્તમેં સમસ્ત વિકલ્પ રહિત મન, વચન, કાય રોકનેરૂપ નિજ શુદ્ધાત્મધ્યાન ઉસમેં ઠહરકર નિર્વિકલ્પ હુએ.**' લ્યો! પંચમહાવ્રતની દીક્ષા હતી. આહાહા..! એ પંચમહાવ્રતની દીક્ષા વિના એકદમ કેવળજ્ઞાન પામી ગયા છે એમ નથી. વચ્ચે એ તો આવે છે. પછી એને છોડીને '**નિર્વિકલ્પ હુએ.**' આહાહા..! એમાં નિર્વિકલ્પમાં દેખે. છે?

**'શુદ્ધાત્માકા ધ્યાન,...'** શુદ્ધાત્માનું ધ્યાન **'દેખે, સુને ઔર ભોગે હુએ...'** આંખથી દેખેલું, કાનથી સાંભળેલું, મનથી ભોગવેલું એ **'ભોગોંકી વાંછારૂપ નિદાન બન્ધાદિ વિકલ્પોંસે રહિત...'** નિદાન પણ નથી જેને. **'ઐસે ધ્યાનમેં તલ્લીન હોકર કેવલી હુએ.'** એવા ધ્યાનમાં તલ્લીન થયા અને કેવળ થયું છે. પણ કેવળ થયા પહેલા એમણે પંચમહાવ્રત ગ્રહણ કર્યા હતા. સમજાય છે?

મુમુક્ષુ :- અરિસાભુવનમાં...

ઉત્તર :- એમાં ને એમાં થયું. મકાન. અરિસાભુવન મકાન મોટું છે. એમાં ને એમાં પંચમહાવ્રત લઈ, દીક્ષિત થઈ, સ્થિર થઈને કેવળ પામ્યા. વિશેષ કહેશે, લ્યો...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, કારતક વદ ૧૦, મંગળવાર
## તા. ૧૬-૧૧-૧૯૭૬, ગાથા-૫૨, ૫૩, પ્રવચન નં. ૧૩૪

'પરમાત્મપ્રકાશ'. ૫૨ ગાથાનો છેલ્લો ભાગ છે. એમ કે 'ભરતજી' અંતર્મુહૂર્તમાં અરિસાભુવનમાં, દીક્ષિત થયા, મહાવ્રત લીધા (અને) અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન પામ્યા. તો કોઈ કહે કે એને મહાવ્રત નહોતા આવ્યા. એમ કહ્યું હતું પહેલું. કહે છે, આવ્યા તો હતા. પહેલા નવ કોટીએ ત્યાગ કર્યો ત્યારે મહાવ્રત હતા. પણ ક્ષણમાત્ર રહ્યા અને અંતર્મુહૂર્તમાં ધ્યાનમાં કેવળજ્ઞાન પામ્યા એટલે મહાવ્રતની બાહ્ય પ્રસિદ્ધિ આવી નહિ.

**'ઈસ પર કોઈ મૂર્ખ ઐસા વિચાર લેવે,...'** આ ઉપરથી કોઈ મૂર્ખ એમ વિચારે **'કિ જૈસા ઉનકો હુઆ વૈસે હમકો ભી હોવેગા.'** એને એકદમ અંતર્મુહૂર્તમાં થઈ ગયું તો અમારે પણ કોઈ વખતે થઈ જશે. એમ કોઈ મૂર્ખ વિચાર કરે તો એ જૂઠો છે એમ ઠરાવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ૫૨-ગાથાનો છેલ્લો ભાગ છે ને? **'જૈસા ઉનકો હુઆ વૈસે હમકો ભી હોવેગા. ઐસા વિચાર ઠીક નહીં હૈ. યદિ કિસી એક અંધેકો કિસી તરહસે નિધિકા લાભ હુઆ,...'** આંધળાને. **'તો ક્યા સભીકો ઐસા હો સકતા હૈ? સબકો નહીં હોતા. ભરત સરીખે ભરત હી હુએ. ઈસલિયે અન્ય ભવ્યજીવોંકો યહી યોગ્ય હૈ, કિ તપ સંયમકા સાધન કરના હી શ્રેષ્ઠ હૈ.'** મુનિવ્રત લેવા અને તપ સાધન કરવું એ શ્રેષ્ઠ છે. એકદમ એમ ને એમ કેવળજ્ઞાન થઈ જશે એમ માનનારા મૂર્ખ છે.

મુમુક્ષુ :- આ અર્થ કરો છો એ સંસ્કૃતમાં છે.

ઉત્તર :- છે ને. જુઓ! સંસ્કૃત પાઠ છે ને. **'भरतेश्वरेण किं व्रतं कृतम्, घटिकाद्वयेन मोक्षं गतः इति। अथ परिहारमाह। भरतेश्वरऽपि पूर्वं जिनदीक्षाप्रस्तावे लोचानन्तरं हिंसादिनिवृत्तिरूपं महाव्रतविकल्पं कृत्वान्तर्मुहूर्ते गत'** માટે બીજાએ **'दृष्टश्रुतानुभूत-**

**भोगाकांक्षारूपनिदानबन्धादिविकल्परहिते मनोवचनकायनिरोधलक्षणे निजशुद्धात्मध्याने स्थित्वा पश्चातिर्विकल्पो जातः**' એમ. '**परं किंतु तस्य स्तोककालत्वान्महाव्रत–प्रसिद्धिर्नास्ति। अथेदं मतं वयमपि तथा कुर्मोऽवसानकाले। नैवं वक्तव्यम्।**' આ પ્રમાણે બીજાએ એમ ન કહેવું, ન માનવું એમ કહ્યું. છે ને પાઠ છે. છે? '**यद्येकस्यान्धस्य कथंचितिधानलाभो जातस्तर्हि किं सर्वेषां भवतीति भावार्थः**' ટીકામાં છે. '**मतं वयमपि तथा कुर्मोऽवसानकाले**' મરણ થાશે ત્યારે અમારે થઈ જશે છેલ્લું. એમ કોઈ કહે તો એ મૂર્ખ છે, કહે છે. અભ્યાસ કરતો નથી અંદર રાગથી ભિન્ન પડવાનો.

મુમુક્ષુ :- ગૃહસ્થ માટે નિયમ જુદો અને બીજા માટે નિયમ જુદો.

ઉત્તર :- નિયમ જ નથી. નિયમ નથી. એ તો એનો પુરુષાર્થ એટલો ઉગ્ર હતો અને એટલી તૈયારી થઈને આવેલા કે છ લાખ પૂર્વ સુધી ચક્રવર્તીપદમાં રહ્યા. છ લાખ પૂર્વ! એક પૂર્વમાં સીત્તેર લાખ છપ્પન હજાર કરોડ વર્ષ જાય. એણે એક અંતર્મુહૂર્તમાં મહાવ્રત લઈને અંતર્મુહૂર્તમાં ખપાવી નાખ્યા બધાને. આહાહા..! છ લાખ પૂર્વ છન્નું હજાર સ્ત્રીનો વિષય, છન્નું કરોડ પાયદળ અને છન્નું કરોડ ગામનો સાહેબો. એટલું છ લાખ પૂર્વ સુધી ચક્રવર્તીપદમાં રહ્યા. છતાં અંતર્મુહૂર્તે ખલાસ કરી નાખ્યું. ધ્યાનમાં. સમજાણું કાંઈ? પાધરું ખેંચાય છે આમ લક્ષ. સાંભળવા વખતે .. મૂકીને. એક એક ન્યાયમાં અંદર શું ભર્યું છે એ તત્ત્વનું... સર્વજ્ઞના મુખથી નીકળેલી વાણી તે સંતો કહે છે. આહાહા..! લોટિયા વોરામાં તો એવો રિવાજ હોય છે ત્યાં (કે) આમ બેસીને સાંભળે નહિ. બે પગ આમ આડા રાખીને, નીચે રાખીને. એવો રિવાજ એને વિનયનો. અહીં તો પગ ઉપર પગ ચડાવીને બેસીને સાંભળે. અને કાં બે આમ ગોઠણ વાળીને સાંભળે. એ બધો અવિનય છે.

મુમુક્ષુ :- શીખ લોકોમાં ઘણી શાંતિ..

ઉત્તર :- ઘણી. શીખ લોકોમાં તો... અને આ લોકો લોટિયા વોરા પણ સાંભળે ત્યારે પગ આમ તદ્દન નીચે રાખે અને બેસે. એવી વાત છે. આપણે પણ રિવાજ એવો છે કે સામે પલોઠી વાળીને બેસવું નહિ, પગ ઉપર પગ ચડાવીને બેસવું નહિ, બે પગને આમ ભેગા કરીને બેસવું નહિ. એટલી વાતું વ્યવહાર એ બધું કહેવા જાય (તો પાર ન આવે). આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે, કોઈ 'ભરત' ચક્રવર્તીનું બહાનું લઈને વાતું કરે (કે) એને થઈ ગયું એમ અમારે થઈ જશે. તો કહે છે, મૂર્ખ છે એ તો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ કહે છે, જુઓ! કોઈ આંધળાને (નિધાન) મળ્યું તો શું બધાને (એ રીતે) મળી જાય? '**ઈસલિયે અન્ય ભવ્યજીવોંકો યહી યોગ્ય હૈ, કિ તપ સંયમકા સાધન કરના...**' એટલે કે એમાં મુનિપણું લઈ અને તપ સાધન કરવું. એમ. એકદમ મુનિપણું આવી જશે અને પછી કેવળ થઈ જશે એમ ન લેવું. એમ. એનો અર્થ. પછી પ્રશ્ન કર્યો છે. ગાથા છે.

'**જિસને પહલે તો યોગકા અભ્યાસ નહીં કિયા,...**' જુઓ! એ આવ્યું. પહેલા તો અંદર શાંતિ, સમાધિનો અભ્યાસ કર્યો નથી. રાગથી ભિન્ન પડીને સ્થિરતાનો અભ્યાસ યોગ-

સાધન કર્યું નથી. સમકિત સહિત પણ આવું સાધન નથી કર્યું. વાત તો સમ્યગ્દર્શન સહિત છે. પણ જેણે અંદરમાં રાગથી ભિન્ન પડીને સ્થિરતાનો યોગ અભ્યાસ કર્યો નથી. આહાહા..!

**'મરણ કે સમય ભી જો કભી આરાધક હો જાવે,...'** કોઈ વખતે મરણ સમયે પણ આરાધક થઈ જાય એથી એનું બહાનું લઈને અમારે મરણ સમયે આરાધક થઈશું એમ બહાનું ન લેવું, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! **'મરણ કે સમય ભી જો કભી આરાધક હો જાવે, તો યહ બાત ઐસી જાનના, કિ જૈસે કિસી અંધે પુરુષકો નિધિકા લાભ હુઆ હો. ઐસી બાત સબ જગહ પ્રમાણ નહીં હો સકતી. કભી કહીં પર હોવે તો હોવે.'** પણ બધાને લાગુ ન પડે. આહાહા..! એણે પ્રથમથી સમ્યગ્દર્શન પામી અને રાગથી ભિન્ન પાડવાનો સમાધિનો, શાંતિનો પ્રયોગ અભ્યાસ કરવો, એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો! એ ૫૨ ગાથા થઈ.

---

**अथानन्तरं निश्चयनयेन पुण्यपापे द्वे समाने इत्याद्युपलक्षणत्वेन चतुर्दशसूत्रपर्यन्तं व्याख्यानं क्रियते। तद्यथा–योऽसौ विभावस्वभावपरिणामौ निश्चयनयेन बन्धमोक्षहेतुभूतौ न जानाति स एव पुण्यपापद्वयं करोति न चान्य इति मनसि संप्रधार्य सूत्रमिदं प्रतिपादयति –**

**१८०) बंधहँ मोक्खहँ हेउ णिउ जो णवि जाणइ कोइ।**
**सो पर मोहिं करइ जिय पुण्णु वि पाउ वि दोइ।।५३।।**
**बन्धस्य मोक्षस्य हेतुः निजः यः नैव जानाति कश्चित्।**
**स परं मोहेन करोति जीव पुण्यमपि पापमपि द्वे अपि।।५३।।**

**बंधहं इत्यादि। बंधहं बन्धस्य मोक्खहं मोक्षस्य हेउ हेतुः कारणम्। कथंभूतम्। णिउ निजविभावस्वभावहेतुस्वरूपम्। जो णवि जाणइ कोइ यो नैव जानाति कश्चित्। सो पर स एव मोहिं मोहेन करइ करोति जिय हे जीव पुण्णु वि पाउ वि पुण्यमपि पापमपि। कतिसंख्योपेते अपि। दो द्वे अपीति। तथाहि। निजशुद्धात्मानुभूतिरुचिविपरीतं मिथ्यादर्शनं स्वशुद्धात्म–प्रतीतिविपरीतं मिथ्याज्ञानं निजशुद्धात्मद्रव्यनिश्चलस्थितिविपरीतं मिथ्याचारित्रमित्येतत्त्रयं कारणं, तस्मात् त्रयाद्विपरीतं भेदाभेदरत्नत्रयस्वरूपम् मोक्षस्य कारणमिति योऽसौ न जानाति स एव पुण्यपापद्वयं निश्चयनयेन हेयमपि मोहवशात्पुण्यमुपादेयं करोति पापं हेयं करोतीति भावार्थः।।५३।।**

---

**आगे निश्चयनयकर पुण्य–पाप दोनों ही समान हैं, ऐसा चौदह दोहोंमें कहते हैं। जो कोई स्वभावपरिणामको मोक्षका कारण और विभावपरिणामको बंधका कारण निश्चयसे ऐसा भेद नहीं जानता है, वही पुण्य–पापका कर्ता होता है, अन्य नहीं, ऐसा मनमें धारणकर यह गाथा–सूत्र कहते हैं –**

गाथा – ५३

**अन्वयार्थ :– [ यः कश्चित् ] जो कोई जीव [ बंधस्य मोक्षस्य हेतुः ] बंध और मोक्षका कारण [ निजः ] अपना विभाव और स्वभाव परिणाम है, ऐसा भेद [ नैव जानाति ] नहीं जानता है, [ स एव ] वही [ पुण्यमपि पापमपि ] पुण्य और पाप [ द्वे अपि ] दोनोंको ही [ मोहेन ] मोहसे [ करोति ] करता है।**

**भावार्थ :– निज शुद्धात्माकी अनुभूतिकी रुचिसे विपरीत जो मिथ्यादर्शन, निज शुद्धात्माके ज्ञानसे विपरीत मिथ्याज्ञान, और निज शुद्धात्मद्रव्यमें निश्चल स्थिरतासे उल्टा जो मिथ्याचारित्र इन तीनोंको बंधका कारण और इन तीनोंसे रहित भेदाभेद रत्नत्रयस्वरूप मोक्षका कारण ऐसा जो नहीं जानता है, वही मोहके वशसे पुण्य–पापका कर्ता होता है। पुण्यको उपादेय जानके करता है, पापको हेय समझता है।।५३।।**

---

**ત્યાર પછી ચૌદ ગાથાસૂત્રો સુધી નિશ્ચયનયથી પુણ્ય અને પાપ બન્ને સમાન છે, ઈત્યાદિ ઉપલક્ષણવાળું વ્યાખ્યાન કરવામાં આવે છે તે આ પ્રમાણે :**

**જે કોઈ નિશ્ચયનયથી વિભાવપરિણામ બંધનો હેતુ છે અને સ્વભાવપરિણામ મોક્ષનો હેતુ છે, એમ જાણતો નથી, તે જ પુણ્ય અને પાપ બન્નેને કરે છે પણ બીજો નહિ. (પણ જે કોઈ નિશ્ચયનયથી વિભાવપરિણામ બંધનો હેતુ છે અને સ્વભાવપરિણામ મોક્ષનો હેતુ છે, એમ જાણે છે તે પુણ્ય, પાપ બન્નેને કરતો નથી) એમ મનમાં રાખીને આ સૂત્ર કહે છે :**

**ભાવાર્થ : નિજશુદ્ધાત્માની અનુભૂતિરૂપ રુચિથી વિપરીત મિથ્યાદર્શન, સ્વ-શુદ્ધાત્માની પ્રતીતિથી વિપરીત મિથ્યાજ્ઞાન અને નિજશુદ્ધાત્મદ્રવ્યમાં નિશ્ચલ સ્થિતિથી વિપરીત મિથ્યાચારિત્ર-એ ત્રણ બંધનું કારણ છે અને ત્રણેયથી વિપરીત એવું ભેદાભેદ રત્નત્રયસ્વરૂપ મોક્ષનું કારણ છે, એમ જે કોઈ જાણતો નથી તે જ-જો કે પુણ્ય અને પાપ બન્નેય નિશ્ચયનયથી હેય છે તોપણ-મોહના વશે પુણ્યને ઉપાદેય કરે છે અને પાપને હેય કરે છે, એવો ભાવાર્થ છે. ૫૩.**

---

## ગાથા-૫૩ ઉપર પ્રવચન

૫૩. **‘ઈસ તરહ મોક્ષ, મોક્ષકા ફલ ઔર મોક્ષકે માર્ગકે કહનેવાલે દૂસરે મહાઅધિકારમેં પરમ ઉપશાંતભાવકે વ્યાખ્યાનકી મુખ્યતાસે અંતરસ્થલમેં ચૌદહ દોહે પૂર્ણ હુએ.’** લ્યો! ઉપશાંતભાવ.. ઉપશાંતભાવ. સમ્યગ્દર્શન સહિત અકષાયભાવનો ઉપશાંતભાવ, એનું વર્ણન કર્યું.

**'આગે નિશ્ચયનયકર...'** હવે આવ્યું પાછું પુણ્ય-પાપનું. જે અધિકાર ત્યાં છે ને એ. ૫૫ ગાથાથી ઈ આવશે ૭૭મી ગાથા સુધી. આ તો હજી ૫૩ છે. ૭૭મી આવી હતી ને 'પ્રવચનસાર'માં? પુણ્ય-પાપમાં ભેદ માને છે તે ઘોર સંસારમાં રખડશે. એ ૫૫માં આવશે. **'નિશ્ચયનયકર પુણ્ય-પાપ દોનોં હી સમાન હૈં,...'** આહાહા..! **'ઐસા ચૌદહ દોહોંમેં કહતે હૈં. જો કોઈ સ્વભાવપરિણામકો મોક્ષકા કારણ ઔર વિભાવપરિણામકો બંધકા કારણ નિશ્ચયસે ઐસા ભેદ નહીં જાનતા હૈ, વહી પુણ્ય-પાપકા કર્તા હોતા હૈ,...'** આહાહા..! શું કહે છે? આત્માનો સ્વભાવ જે શુદ્ધ ચૈતન્ય એનો જે સ્વભાવ પ્રગટ થાય એ શુદ્ધ સ્વભાવ મોક્ષનું કારણ છે. પર્યાયની વાત છે, હોં! આ. શુદ્ધ સ્વભાવ તો ત્રિકાળ છે. પણ એના અભ્યાસથી, એકાગ્રતાથી જે શુદ્ધ સ્વભાવ પ્રગટ થયો, પુણ્ય-પાપના ભાવરહિત (મોક્ષમાર્ગ) એ શુદ્ધ સ્વભાવભાવ મોક્ષનું કારણ છે અને પુણ્ય-પાપના ભાવ બંધનું કારણ છે. એમ બેનો ભેદ જાણતા નથી. છે? **'વહી પુણ્ય-પાપકા કર્તા હોતા હૈ,...'** એ પુણ્ય-પાપનો કર્તા, રાગનો કર્તા થાય છે એમ કહે છે. આહાહા..!

રાગભાવથી બંધ છે. ચાહે તો પુણ્ય હો કે પાપના ભાવ હો. લ્યો, હવે આમાં એ આવ્યું. ઓલા કહે છે, નહિ. **'पुण्यफला अरहंता'** પુણ્ય ફળમાં અરિહંતપદ પામ્યા. ('પ્રવચનસાર') ૪૫ ગાથા. એમ કહ્યું નથી ત્યાં. અરિહંતપદ તો પુરુષાર્થથી, વીતરાગભાવથી પામ્યા છે. એને હજી ઉદયભાવ છે, હાલવાનો, ચાલવાનો, બોલવાનો ઉદય છે એ પુણ્યનું ફળ છે. એ ઉદયની ક્રિયા (છે) એને પુણ્યનું ફળ કીધું છે. અને તે ક્રિયા સમયે સમયે નાશ થતી જાય છે એટલે ક્ષાયિકી એને કીધી છે. ઓલા ઉદયભાવને.. ક્ષાયિકભાવ કેવળજ્ઞાન થયો છે એની વાત નથી ત્યાં. સમજાણું?

મુમુક્ષુ :- ઉદયની ક્રિયા તો ક્ષાયિકી કેમ ન માની?

ઉત્તર :- ઉદયની ક્રિયા બસ. ઉદયની ક્રિયા ને ક્ષાયિકી કેમ ન માને? ક્ષાયિકભાવ છે એની અહીં વાત નથી. એ તો પોતાના વીતરાગભાવથી પામ્યા છે. આહાહા..! માણસને પોતાના પક્ષ માટે કચડી-મચડીને વીતરાગમાર્ગને (પીંખી નાખ્યો છે). અનાદિ વીતરાગસ્વભાવ (છે). પુણ્ય-પાપનો ભાવ વિભાવ છે અને એનાથી ભિન્ન પડીને સ્વભાવનું સાધન કર્યું છે તેનો સ્વભાવ શુદ્ધ છે. આહાહા..! એ શુદ્ધ સ્વભાવ એ મોક્ષનું કારણ છે. અને આ વિભાવ પુણ્ય-પાપ બેય બંધનું કારણ છે. આમ જે ભેદ જાણતા નથી તે પુણ્ય-પાપનો કર્તા થાય છે. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામનો કર્તા થાય છે. જ્ઞાની એ બંધનું કારણ (માને) છે તેનો કર્તા થતો નથી. આહાહા..! થાય છે તેને જાણે છે. સમજાણું કાંઈ? ધર્મીને પુણ્યભાવ થાય છે પણ એનો કર્તા થતો નથી, ફક્ત જાણનાર રહે છે. અજ્ઞાની પોતાના સ્વભાવથી મુક્ત છે એમ ન માનતા, એ પુણ્યથી મુક્તિ છે એ પુણ્યનો કર્તા, રાગનો કર્તા થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. આહાહા..! એવો માર્ગ છે, બાપુ!

ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધ સ્વરૂપ પ્રભુ, એની એકાગ્રતા એવો શુદ્ધભાવ તે

જ મોક્ષનું કારણ છે. પુણ્ય-પાપના ભાવ, તેની એકાગ્રતા તે બંધનું કારણ છે. આવા બંધના ભાવનું વિભાવ કારણ, મોક્ષનું સ્વભાવપરિણામ કારણ એમ ભેદ જે જાણતો નથી તે પુણ્ય-પાપ બેયનો કર્તા થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'अन्य नहीं, ऐसा मनमें धारणकर यह गाथा-सूत्र कहते हैं-'** ૫૩.

**१८०) बंधहँ मोक्खहँ हेउ णिउ जो णवि जाणइ कोइ।**

**सो पर मोहिं करइ जिय पुण्णु वि पाउ वि दोइ।।५३।।**

'**णिउ**' એટલે નિજ. નિજ વિભાવ બંધનું કારણ, નિજ સ્વભાવ મોક્ષનું કારણ. એમ.

**१८०) बंधहँ मोक्खहँ हेउ णिउ जो णवि जाणइ कोइ।**

**सो पर मोहिं करइ जिय पुण्णु वि पाउ वि दोइ।।५३।।**

છે ને? સંસ્કૃતમાં છે. '**बन्धस्य मोक्खहं मोक्षस्य हेउ हेतुः कारणम्**' પોતાનો વિભાવ છે તે બંધનું કારણ છે અને પોતાનો સ્વભાવ છે તે મોક્ષનું કારણ છે. એમ નિજ શબ્દ લીધો છે. આહાહા..! કર્મને કારણે નહિ, એમ કહે છે. પોતે નિજ વિભાવભાવ કરે છે તે બંધનું કારણ છે. આહાહા..! અને નિજ સ્વભાવભાવ જે પરિણતિ કરે છે, નિજ સ્વભાવભાવની પરિણતિ કરે છે તે મોક્ષનું કારણ છે. આવી તો વાત ચોખ્ખી છે. આહાહા..! આહાહા..!

**અન્વયાર્થ :- 'જો કોઈ જીવ બંધ ઔર મોક્ષકા કારણ...'** શબ્દાર્થ છે. '**निजः**' એટલે **'અપના વિભાવ ઔર સ્વભાવ પરિણામ હૈ,...'** દેખો! આહાહા..! શરીરની ક્રિયા અને કર્મનો ઉદય એ કાંઈ નહિ, એ પરચીજ છે. ભગવાનઆત્મા નિજ વિભાવભાવ, નિજ સ્વના વિભાવભાવ. એ પુણ્ય-પાપનો ભાવ એ સ્વનો વિભાવભાવ (છે). એ બંધનું કારણ છે. અને સ્વનો નિજ ભાવ, ઓલો પણ નિજભાવ છે, પણ આ સ્વભાવભાવ નિજભાવ એ મોક્ષનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અનાદિનો અનભ્યાસ, મોંઘુ લાગે એટલે પછી સોંઘે રસ્તે ચડી ગયા.

મુમુક્ષુ :- સોંઘે કે ઊંધે?

ઉત્તર :- એ સોંઘે માન્યું એણે.

વાણિયાનો દાખલો નહોતો આપ્યો? મણ શાક લઈને આવેલા. ગામડામાંથી મણ શાક લઈને આવેલા હોય. શાક ઉપાડીને લાવતા. એમાંથી પોણો એક મણ ખપી ગયું હોય. દસ શેર રહી ગયું હોય. ટુવાવાળું. ટુવા-ટુવા સમજ્યા? ડંખ. સડેલું, ડંખ રહી ગયેલું. એમાં એક લોભી વાણિયો આવ્યો. ઓલા કહે, ભાઈ જુઓ! અમે ચાર આના શેર વેચ્યું છે પોણો મણ. પણ આ જરી એક ડંખ છે થોડો. પણ હવે અમારે જાવું છે તો ઉપાડીને ક્યાં લઈ જવું ગામડામાં. એટલે બે આના શેર આપીએ છીએ. લોભી વાણિયો. બે આના મળે છે આ તો. ઘરે જાય ત્યાં આખા ભીંડામાં ટુવો, સડો બધો. એક કટકો પણ શાક માટે કામ ન આવ્યું. સોંઘુ કરવા ગયા તો મોંઘુ થયું.

એમ આ સોંઘુ એટલે શુદ્ધ સ્વભાવથી મોક્ષ નહિ પણ પુણ્ય, દયા, દાન, વ્રતથી પણ

મોક્ષ થશે એમ સોંઘુ કરવા ગયા ત્યાં મિથ્યાત્વનું લાકડુ ગરી ગયું અંદર. આહાહા..! ‘દેવીલાલજી’!

આવું છે, ભગવાન! તું પરમાનંદ છો ને નાથ! પ્રભુ! તું પૂર્ણ સ્વરૂપ છો ને. આહાહા..! વીતરાગ સ્વભાવથી પરિપૂર્ણ ભરપૂર પડ્યો છો, પ્રભુ! તારામાં અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા, પ્રભુતા, એક એક ગુણની ઈશ્વરતા એવી અનંતગુણની ઈશ્વરતાનો પરિપૂર્ણ ભગવાન તું છો. ભગવાન! તું અધુરો નથી, અપૂર્ણ નથી, વિકારી નથી. આહાહા..! એવો જે પરમાત્માનો નિજ સ્વભાવ... આહાહા..! જેણે નિજ સ્વભાવનું નિજ સ્વભાવરૂપી શુદ્ધ ઉપયોગરૂપ સાધન કર્યું છે એ નિજ શુદ્ધ સ્વભાવ તે મોક્ષનું કારણ છે. અને નિજ એટલે વિભાવ, પુણ્ય-પાપના ભાવ નિજ છે, પોતાની પર્યાયમાં પોતાના છે... આહાહા..! એ નિજ વિભાવભાવથી બંધને પામે છે. આહાહા..! એટલે કોઈ શરીરની ક્રિયાથી કે કર્મનો ઉદય આવ્યો માટે (બંધ પામે છે) એમ નહિ, એમ કહે છે. નિજ વિભાવ. આહાહા..! કેટલી શૈલી સરસ છે!

એ સ્વભાવ ભગવાનઆત્મા પૂર્ણાનંદ પ્રભુ, એનો તું અનાદર કરી અને વિભાવભાવને નિજ તેં ઉત્પન્ન કર્યા છે અને તે તારા છે એમ કહે છે. તત્ત્વનો અનાદર (કરીને) પુણ્યની રુચિ કરી. ભગવાન પવિત્ર નાથ એનો અનાદર કર્યો. અનાદર થઈ ગયો. રુચિ, પુણ્યની રુચિ થઈ એ તો સ્વભાવ પ્રત્યે ક્રોધ આવ્યો. દ્વેષ અરોચક ભાવ. દ્વેષ અરોચક ભાવ. ભગવાન રુચે નહિ પરમાનંદસ્વરૂપ પ્રભુ, એ રુચ્યો નહિ અને રાગ રુચે, એને તો આત્મા પ્રત્યે દ્વેષ આવ્યો. આહાહા..! અરે..! આવી વાતું, બાપા! આ તો કોઈ વખતે ક્યાંક મળે એવી છે. આહાહા..!

પૂર્ણ અતીન્દ્રિય આનંદનો સાગર નાથ તું છો ને. પૂર્ણ નિર્વિકલ્પ અભેદ સ્વરૂપ તારું છે ને. આહાહા..! એનાથી વિરૂદ્ધ જે વિભાવભાવ તેં કર્યા છે. આહાહા..! એ નિજ સ્વભાવનું શરણ ન લેતાં અનાદર કરીને પુણ્ય પરિણામના પ્રેમમાં ફસાઈને તેં પુણ્યનો આદર કર્યો, ત્યારે સ્વભાવનો ત્યાં અનાદર થયો છે. આહાહા..!

મુમુક્ષુ :- ઓળખાણ નથી કરી. અનાદર ક્યાં કર્યો?

ઉત્તર :- તો ઓળખાણ ન કરી એનો અર્થ જ અજ્ઞાન થયું. અજ્ઞાન થયું એટલે એની કિંમત થઈ નહિ એને. સ્વરૂપનું અજ્ઞાન રહ્યું એટલે સ્વરૂપ કેવું છે એનો ખ્યાલ ન રહ્યો. આહાહા..!

મુમુક્ષુ :- ચારિત્રનો દોષ છે ને?

ઉત્તર :- ચારિત્રની અહીં અત્યારે વાત નથી. અહીં તો મિથ્યાત્વની વાત છે. કાલે નહોતું આવ્યું? મિથ્યાત્વ એ સંસાર છે. ‘સમયસાર’માં આવ્યું હતું. મુખ્ય વસ્તુ એ (છે). પછી ચારિત્રદોષ છે એ તો સાધારણ છે. એ તો કીધું ને? છ લાખ પૂર્વ ચક્રવર્તીપદ ભોગવ્યું. એટલે એને આસક્તિનો રાગ આવ્યો. એ ક્યાં ભોગવ્યું છે? છ લાખ પૂર્વ. એક પૂર્વમાં સીત્તેર લાખ છપ્પન હજાર કરોડ વર્ષ (જાય). અબજોના અબજો વર્ષ તો એક પૂર્વમાં જાય. એવા

એવા છ લાખ પૂર્વ. ચારિત્રદોષ હતો. આહાહા..! છ લાખ પૂર્વ. ૭૭ લાખ પૂર્વે ચક્રવર્તી થયા. ત્યાં સુધી કુંવરપદે હતા. છ લાખ પૂર્વ ચક્રવર્તી. છેલ્લે એક લાખ પૂર્વ મુનિ થઈ ગયા. કેવળજ્ઞાનમાં રહ્યા. ચોર્યાશી લાખ. આહાહા..!

મુમુક્ષુ :- છતાં રાગ..

ઉત્તર :- એ રાગ હતો. પણ એ રાગ કેવો? આહાહા..! દર્શનદોષ છે એ જ મહાપાપ છે. ચારિત્રદોષ છે એ તો અલ્પ છે. જેણે છન્નું કરોડ પાયદળ અને છન્નું કરોડ સ્ત્રીના વિષય લીધા રાગ, એ આસક્તિનો રાગ હતો. એ છ લાખ પૂર્વ સુધી થયું એને અંતર્મુહૂર્તમાં ખપાવી નાખ્યું, ફડાક દઈને. આમ નજર જ્યાં અંદર કરી ત્યાં ઊડી ગયું બધું. સમજાણું કાંઈ? અને શ્રદ્ધાનો દોષ છે એ તો મૂળ દોષ છે, બાપુ! એ શું થાય? આહાહા..! કિંમત નથી. જેને સ્વરૂપની કિંમત નથી તેને શ્રદ્ધાનો દોષ ઉત્પન્ન થાય છે. જેને સ્વરૂપની કિંમત છે તેને સમ્યગ્દર્શન થાય છે. સમ્યક્-સત્ય દર્શન. જેવું સ્વરૂપ છે તેવું પ્રતીતિનું દેખવું અને પ્રતીતમાં શ્રદ્ધવું એનું નામ સમ્યગ્દર્શન.

મુમુક્ષુ :- આપ જેવા બતાવવાળા મળ્યા નહિ એટલે..

ઉત્તર :- એનો પુરુષાર્થ જ નહોતો માટે મળ્યા નથી.

મુમુક્ષુ :- એનામાં યોગ્યતા જ ક્યાં છે.

ઉત્તર :- યોગ્યતા. એ અમારા શેઠ કહે છે, 'ભગવાનદાસ'. શેઠ. ભાઈસાહેબ કહે છે કે અમને મળ્યા નહોતા, સાંભળવાનું મળ્યું નથી. સર્વજ્ઞના સમવસરણમાં અનંતવાર ગયો છે. આમાં આવી ગયું છે. ભવે ભવે પૂજિયો. ત્રણલોકના નાથને સમવસરણમાં મણિરત્નના દિવા, હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલ (વડે પૂજ્યા). જય નારાયણ, જય પ્રભુ! એકવાર નહિ પણ અનંતવાર. આહાહા..! એટલે શું થયું? એ તો શુભરાગ છે. શુભરાગના પ્રેમમાં ભગવાનનો અનાદર થઈ ગયો છે. મહા કિંમતી ચીજ હીરલો, અનંત આનંદનો નાથ પ્રભુ, અનંતજ્ઞાનનો સાગર.. આહાહા..! એની તો કાંઈ કિંમત જ નહિ અને આ કાચના કટકાની કિંમત. હીરાની કિંમત નહિ, કાચના કટકા ધોળા દેખાય એની કિંમત.

મુમુક્ષુ :- ઓળખાણ થઈ નથી. અનાદર નહિ.

ઉત્તર :- ઓળખાણ નથી. બસ, એ જ અજ્ઞાન થયું. અ-જ્ઞાન એટલે વસ્તુનું ભાન નહિ. આહાહા..! આહાહા..! અજ્ઞાન જેવું પાપ નથી અને જ્ઞાન જેવો કોઈ ધર્મ નથી. આહાહા..!

મુમુક્ષુ :- આમાં દેવ-ગુરુ-શાસ્ત્રનો અવિનય થઈ જાય છે.

ઉત્તર :- અવિનય છે. દેવ-ગુરુ-શાસ્ત્રે પણ એમ કહ્યું છે. માટે કહે છે એને કે અમારા પ્રત્યેનો પ્રેમ રાખીશ અને રુચિ જશે તો સ્વભાવનો અનાદર થશે. એમ દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે. કેવળી એમ કહે કે અમારી સામું જોતાં પ્રભુ! તને રાગ થશે, ભાઈ! આહાહા..! અમારી આજ્ઞા તો વીતરાગતાની છે. એ વીતરાગતા ક્યારે પ્રગટે? કે તારી સામું જોઈશ તો પ્રગટે. અમારી સામું જોતાં પ્રભુ! તને રાગ ઉત્પન્ન થશે, પરસમય થશે. આહાહા..!

ત્યાં 'પંચાસ્તિકાય'માં ભક્તિ લીધી છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એ પુણ્યબંધનું કારણ

છે, એનાથી મુક્તિ નથી. આહાહા..! એ પરસમય છે. એટલો અનાત્મભાવ છે. આહાહા..! વીતરાગમાર્ગ સિવાય બાપુ! આવી વાત ક્યાંય હોય નહિ, ભાઈ! આહાહા..! તદ્દન સ્વરૂપ નિર્વિકલ્પ વીતરાગ, એનો પ્રેમ છોડીને એટલે કે એનો આદર છોડીને એટલે કે એનો સહેજ જેવી છે એ ચીજની કિંમત, તેનો સ્વીકાર છોડી દઈને. આહાહા..! એક હલકી ચીજ સાધારણ પુણ્ય, દયા, દાન, વ્રતના પરિણામ ક્ષણિક... ક્ષણિક.. ક્ષણિક.. બંધન. એના પ્રેમમાં ગયો... આહાહા..! એ પુણ્યનો કર્તા થયો, એમ કહે છે. આહા..! શેઠ! આવી વાત છે, બાપા! આહા..! પ્રભુ! બધા ભગવાન છે, હોં! આહાહા..! અરે..! એની ખબર ન મળે એને. એ અહીંયાં આચાર્ય પોકારે છે. આહાહા..! ૫૫માં તો લેશે. આહા..!

'**અપના વિભાવ ઔર સ્વભાવ...**' ભાષા કેટલી છે? '**અપના વિભાવ ઔર સ્વભાવ...**' આહાહા..! એક બાજુ કહે કે વિભાવ પુદ્ગલના પરિણામ છે, આત્માના નહિ. એક બાજુ કહે કે એ વિભાવ નિજ પરિણામ છે. કઈ અપેક્ષાથી? આહાહા..! છે અર્થ? '**બંધ ઔર મોક્ષકા કારણ અપના વિભાવ ઔર સ્વભાવ પરિણામ હૈ,...**' આહાહા..! એ પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, તપના એ પુણ્ય પરિણામ વિભાવસ્વભાવ નિજનો ભાવ છે. વિભાવભાવ છે. આહાહા..! એમ કરીને પરની સાથે શું સંબંધ છે તારે? એમ કહે છે. એ વિભાવભાવ પણ તારા કરેલા, તારા કરેલા, તારામાં તારાથી છે. આહાહા..! આવી વાત સંતો (કરે છે). દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યા છે. માર્ગને સહેલો કરીને બતાવ્યો છે. આહાહા..! હથેળીમાં ભગવાન બતાવ્યા છે એને. આહાહા..!

મુમુક્ષુ :- મૌન થઈ જાય તો?

ઉત્તર :- મૌન થઈ જાય તો મૌન જ છે. આત્મા ક્યાં બોલતો હતો? મૌન કરું છું એ મિથ્યાત્વ છે. હું બોલું છું, એ મિથ્યાત્વભાવ છે. મૌન કરી દઉં, વાણીને બંધ કરી દઉં જડને એ પણ મિથ્યાત્વભાવ છે. આહાહા..! મૌન તો એને કહીએ કે જે વિકલ્પરહિત દૃષ્ટિ અને સ્થિરતા કરે એને મૌનપણું કહીએ.

મુમુક્ષુ :- મુનિપણું એ જ મૌનપણું.

ઉત્તર :- એ જ મૌનપણું છે. આહાહા..!

ભગવાન મુનિ છે. મુન્યતે ઈતિ મુનિ. એ પોતાના જ્ઞાયકભાવપણે પરિણમે છે ત્યારે એ મૌન છે. એને વિકલ્પનો અભાવ છે તેને મૌનપણું કહીએ. આહાહા..! વાતું બાપા! આ તો જગતથી બીજી જાતની છે, ભાઈ! આહાહા..! દેશની સેવા કરીએ, દેશને સુખી કરીએ ને એ બધો ભાવ ભ્રમણા... ભ્રમણા.. ભ્રમણા મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે, છે ભ્રમણા પણ નિજ વિભાવભાવ છે એનો. આહાહા..! એ કોઈ કર્મનો નથી, કર્મથી થયો નથી, એમ કહે છે. આહાહા..! ઓહો..! આચાર્યે તો 'પરમાત્મપ્રકાશ' 'યોગીન્દ્રદેવ' ૧૩૦૦ વર્ષ પહેલા (થયા). 'કુંદકુંદાચાર્ય' બે હજાર વર્ષ પહેલા (થયા). બધી છાપ 'સમયસાર'ની બધામાં આવી છે. આહાહા..! વસ્તુસ્થિતિ એ છે ત્યાં. ભગવાનઆત્મા એક સમયની વર્તમાન પર્યાય પ્રગટ દશા, એ સિવાયનું આખું તત્ત્વ છે

કે નહિ? વસ્તુ છે કે નહિ? તો વસ્તુ છે એ કાયમ રહેનારી છે કે નહિ? તો વસ્તુ છે એ કાયમ રહેનારી તો એ વસ્તુનો સ્વભાવ છે એ કાયમ રહેનારો છે. આહાહા..! એવો આનંદનો નાથ ભગવાન જ્ઞાનની મૂર્તિ પ્રભુ, વીતરાગસ્વરૂપે બિરાજમાન જિનસ્વરૂપે પ્રભુ આત્મા છે. આહાહા..! એનો આદર છોડીને રાગનો આદર (કરે એ તો મિથ્યાત્વ છે). જિનસ્વરૂપ છે આ તો. વીતરાગસ્વરૂપ છે. આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાતું છે. 'શાંતિભાઈ' તો કહે છે ને અભૂતપૂર્વ અને અશ્રુતપૂર્વ. પહેલા કહ્યું હતું એણે. વાત તો એવી છે બાપા, હોં! આહાહા..!

અરે..! પ્રભુ! ભાઈ! આ મનુષ્યપણું મળ્યું, બાપા! આમ થોડું શરીર ઠીક મળ્યું ને આ મળ્યું એ મળ્યું ક્યાં છે? એ તો જડ છે. તને મળ્યા નથી, તારામાં આવ્યા નથી. એ તો એના થઈને રહ્યા છે. જડ જડ થઈને રહ્યા, વાણી વાણી થઈને રહી. આ સામગ્રી જોડે છે એ તો જડ થઈને એને કારણે આવીને રહી છે. તારે ને એને ઘેરાવો ક્યાં છે એમાં? આહાહા..! એવા ઘેરાવામાં ઘેરાઈ ગયો. આહાહા..! એય..! 'દેવાનુપ્રિયા'! ભાડુ મળે ને ખાવાનું મળે અને થોડુંઘણું વાંચે ને પછી થઈ રહ્યું. ઓહોહો..! સહજ થશે. 'અમૃતચંદ્રાચાર્યે' (શબ્દ) વાપર્યો છે ને? સહજનો અર્થ શું પણ? સ્વભાવિક પુરુષાર્થથી થશે એમ. 'દેવાનુપ્રિયા'! એવું છે, ભગવાન! આહા..!

સહજ આત્મસ્વરૂપ પ્રભુ સહજાત્મસ્વરૂપ, સહજ આત્મસ્વરૂપ-નહિ કરેલું, નહિ કરાયેલું એવું તત્ત્વ જે ધ્રુવ તત્ત્વ ભગવાનઆત્મા, એની પર્યાયમાં સહજ સ્વભાવ પ્રગટ થવો. જેવું સ્વરૂપ છે તેવું. શુદ્ધતા, પવિત્રતા, આનંદદશા પ્રગટ થવી એ એનો સ્વભાવ છે અને એ એનું સાધન છે, એ મોક્ષનું કારણ છે. એ નિજ પરિણામ છે. વિભાવને જ્યાં નિજ કીધા તો આ પણ નિજ છે. કીધા ને? **'અપના વિભાવ ઔર સ્વભાવ પરિણામ હૈ,...'** આહાહા..! ભગવાનઆત્માના સ્વભાવને ત્રિકાળીને ભૂલીને બહારના પદાર્થના ઉત્સાહની હોંશુંમાં દોરાઈ ગયો. આહાહા..! એને આનંદના નાથથી બીજી ચીજનું આકર્ષણ થયું, આકર્ષણ થયું એને. એને અધિક લાગ્યું બીજું. આહાહા..! એણે ભગવાનને હીણો કરી નાખ્યો. માન્યો હીણો, હોં! છે તો છે ઈ. આહાહા..! એક શરીરની સુંદરતા દેખીને પણ આમ અંદરથી ગલગલિયા થઈ જાય. એક પૈસા સાંભળીને (ગલગલિયા થઈ જાય કે) પચાસ લાખ થયા, કરોડ થયા. શું થયું પ્રભુ તને આ? એક છોકરો પાક્યો કાંઈક બે-પાંચ-દસ લાખ પેદા કરવાવાળો અને હોંશિયાર (થયો તો).. આહાહા..! આ મારો દીકરો છે. એ પણ એને માન પાછું ત્યાં. કોના દીકરા? બાપા! એ તો એનો છે. એનો આત્મા એનો છે, શરીર એનું છે. તારા ક્યાંથી આવ્યા? આહાહા..!

એ નિજ વિભાવ જે ઉત્પન્ન કર્યો છે એ પરને લઈને નહિ. કર્મને લઈને નહિ અને એ સંયોગમાં આકર્ષાણો તે પરને લઈને નહિ. એ પોતે આકર્ષાણો અને વિભાવ ઉત્પન્ન કર્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? કાંઈ માન આપે, બીજા કરતા અધિક કરીને અભિનંદન (આપે) અને બસ, રાજી રાજી થઈ જાય. અંદર ગલગલિયા (થતા) હોય અને બહારથી એમ કહે, તમે મને મારી યોગ્યતા પ્રમાણથી અધિક માન આપ્યું છે. હું એવી યોગ્યતા ખીલવીશ. હું

લાયક નથી એમ કહે. અંદર ગલગલિયા હોય. આહાહા..! અરે..! ભગવાન! બાપુ! શું કરે છે તું આ? ભાઈ! આ તો કુદરતના નિયમનું કામ છે. એ તારા ઘરના ઉઠાવગીર થાય એ નહિ કામ આવે ત્યાં. આહાહા..!

મુમુક્ષુ :- પૂરું જાણે તો તો ચારિત્ર આવે ને?

ઉત્તર :- એ એને એક મિથ્યાત્વ છે. આહાહા..! પોતાના સ્વભાવથી એને અધિક, ભિન્ન અને વિશેષ જાણ્યો.

અહીં તો પ્રભુ 'સમયસાર' ૩૧ ગાથામાં એમ કહે છે, '**णाणसहावाधियं मुणदि आदं**' રાગથી અને એક સમયની પર્યાયથી અધિક-જુદો ભગવાનઆત્મા છે. આહાહા..! ૩૧ ગાથામાં આવે છે ને? '**णाणसहावाधियं**' સંયોગની ચીજથી તો અધિક નામ જુદો પૂર્ણ છે, પણ રાગથી ભિન્ન અધિક છે પૂર્ણ, પણ એક સમયની પર્યાયથી અધિક છે, પૂર્ણ જુદો. આહાહા..! એવો જે આત્મા તેનો આદર અંદર સન્માન, એનો સત્કાર સમ્યગ્દર્શન દ્વારા થવો જોઈએ. એમ ન કરતા બહારની ચીજના આકર્ષણમાં આકર્ષાઈ ગયો. આહાહા..! એ વિભાવ તેં ઉત્પન્ન કર્યો છે. એ ચીજથી નહિ. એ ચીજ વિભાવ માટે અકિંચિત્કર છે. સમજાણું કાંઈ? એ 'પ્રવચનસાર'માં આવે છે. વિષયો રાગ-દ્વેષ ઉત્પન્ન કરવાને અકિંચિત્કર છે. આહાહા..!

મુમુક્ષુ :- કાલે સ્વાધ્યાયમાં આવ્યું હતું.

ઉત્તર :- આવ્યું હતું ને. અકિંચિત્કર છે. દેહ અને દેહના વિષયો રાગ-દ્વેષ ઉત્પન્ન કરવા માટે અકિંચિત્કર છે. નિમિત્ત અકિંચિત્કર છે એમ કહ્યું. એ લોકોને નથી ગોઠતું. નિમિત્ત હો પણ એ અકિંચિત્કર છે. તને કોઈ રાગ ઉપજાવવામાં કે ધર્મ ઉપજાવવા માટે નિમિત્ત અકિંચિત્કર છે.

મુમુક્ષુ :- ઉપાદાનની ઘણી લાયકાતમાં નિમિત્ત હોય એવું ઉપાદાનનું સ્વરૂપ છે.

ઉત્તર :- એ તો પોતાને કારણે પરિણમન છે. નિમિત્તને લઈને નહિ. સમજાણું કાંઈ? એ જ છે ને? આ ફેરી ભાઈએ એ જ લખ્યું છે જરી. ભાઈ 'કૈલાસચંદજી'એ 'જૈનસંદેશ'માં. 'સોનગઢ'વાળા નિમિત્તનો નિષેધ નથી કરતા. ભલે એને શું બેઠું પણ ભાષા એવી છે. પણ નિમિત્તથી કર્તા નથી માનતા. વાત સાચી છે. 'ધન્નાલાલજી'! નિમિત્ત નથી એમ નહિ. દરેક સમયે નિમિત્ત છે. પણ નિમિત્ત કર્તા નથી. પરનું કાંઈ કરે, રચે એ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- નિમિત્તનું યથાર્થ સ્વરૂપ...

ઉત્તર :- એ જ વસ્તુ. નિમિત્ત છે નહિ? ધર્માસ્તિકાય આદિ નિમિત્ત નથી? પણ એ ધર્માસ્તિકાય સામાને ગતિ કરવાને પ્રેરે છે? કર્તા છે? એમ દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત છે.

મુમુક્ષુ :- પ્રેરક નિમિત્ત છે.

ઉત્તર :- પ્રેરક નિમિત્ત છે નહિ, બધા ઉદાસીન નિમિત્ત છે. 'ઈષ્ટોપદેશ'ની ૩૫મી ગાથામાં ન કહ્યું? બધા નિમિત્તો ધર્માસ્તિકાયવત્ જાણવા. આહાહા..! સંતોની શૈલી દિગંબર મુનિઓની વાતું જગતથી પારની વાતું છે, બાપા! એ તો સમજે એને નિમિત્ત કહેવાય.

નિમિત્ત કરે નહિ કાંઈ? આહાહા..! એવી વાતું છે, ભાઈ!

ઓલાને તો એવું છે કે અમારી પંડિતાઈથી તમને લાભ થાય છે. ત્યારે એને માન મળે. અમારાથી લાભ ન થાય તો માન આપે કોણ? અરે..! ભાઈ! શું કામ છે તારે? સમજાણું કાંઈ? અમારાથી તમને લાભ થાશે, જુઓ, સાંભળવાનું મળે છે તમને. એમ કરીને નિમિત્તથી લાભ થાય એ મનાવવું છે એને. એટલે નિમિત્ત કાંઈ કરે નહિ, એ એને ખટકે છે. તો કોઈ માન નહિ આપે પંડિતાઈને, પંડિત ભણેલાને. અમારાથી કાંઈ ન થાય તારામાં? કાંઈ ન થાય. વસ્તુ છે.

મુમુક્ષુ :- દર વર્ષે ૩૦-૪૦ હજાર રૂપિયા...

ઉત્તર :- શેમાં? શિક્ષણ શિબિર. એ ભાઈ કહે છે ને. એ 'કૈલાશચંદજી' કહે છે કે તમે નિમિત્તનો નિષેધ કરવા માટે ઘણા નિમિત્તો ભેગા કરીને વાત કરો છો. અરે..! ભગવાન! આવા મકાન છવ્વીસ લાખના (કર્યા). કોણ કરે? ભાઈ! તને ખબર નથી, પ્રભુ! એને કારણે થયા છે. ભાઈ! એ 'રામજીભાઈ'એ કર્યા નથી અને 'વજુભાઈ'એ કર્યા નથી. આહાહા..! માણસ એમ કહે છે, મહારાજ કેટલા હોશિયાર છે અને પુણ્યવંત છે તે આવા ૨૬-૨૬ લાખના મકાન બનાવે. પણ બાપુ! ન બનાવી શકાય, ભાઈ! તને ખબર નથી. એને કાળે, એને કારણે એ પર્યાય ત્યાં થઈ છે. બીજા કોઈ કારીગરે કે કડીયાએ આ મકાન કર્યા એ વાતમાં કાંઈ માલ નથી. કુંભારે ઘડો કર્યો એ વાતમાં કાંઈ માલ નથી. ઘડો માટીથી થયો છે.

મુમુક્ષુ :- 'સોનગઢ'માં પત્તુ ન હલે આપની આજ્ઞા વિના.

ઉત્તર :- અહીં તો કેટલીયે ખબર નથી અહીં તો શું ચાલે છે અને શું છપાય છે. અહીં તો વાત કરે ત્યારે સાંભળીએ. આહાહા..!

મુમુક્ષુ :- સર્વથા અકિંચિત્કર છે.

ઉત્તર :- સર્વથા પર નિમિત્ત અકિંચિત્કર છે. નહિતર નિમિત્ત, નિમિત્ત ન કહેવાય. નહિતર તો ઉપાદાન થઈ જાય એ. આહાહા..!

અહીં કહે છે, '**અપના વિભાવ ઔર સ્વભાવ પરિણામ હૈ, ઐસા ભેદ નહીં જાનતા હૈ,...**' જુઓ! શું કહે છે? વિભાવથી બંધ અને સ્વભાવથી મુક્તિ એમ નથી જાણતા '**વહી પુણ્ય ઔર પાપ દોનોંકો હી મોહસે કરતા હૈ.**' દેખો! એ મિથ્યાત્વથી રાગનો કર્તા થાય. આહાહા..! રાગનો કર્તા દયા, દાનના વિકલ્પનો કર્તા એ પણ મિથ્યાત્વ છે. ભગવાન તો જ્ઞાનસ્વરૂપ પ્રજ્ઞાબ્રહ્મ છે. આહા..! ચિદ્ઘન છે. રાગ તો વિકાર છે, અચેતન છે. એને કેમ કરે ઈ? આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો ભાઈ! ભગવાનના પરમસત્યની વાતું છે, બાપુ! આ કોઈ વાડો નથી, કોઈ પક્ષ નથી આ. આ તો વસ્તુની સ્થિતિ છે ઈ છે. પછી તો ઘણાને ન બેસે તો એમ થાય એકાંત છે રે, એકાંત છે. વાત તો સાચી, ભાઈ! સમ્યક્ એકાંત તો એ જ છે. ન બેસે. આ વાત વિરલા જીવને કાને પડે. 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં આવે છે કે 'વિરલા સાંભળે કોઈ, વિરલા ધારે કોઈ' આ વાત આમ છે એ વિરલા ધારે. 'વિરલે શ્રદ્ધા જોઈ.' આહાહા..! એ શ્રદ્ધા અને શ્રદ્ધાનો વિષય ભગવાન પૂર્ણાનંદ, એ વિરલે શ્રદ્ધા જોઈ.

ભાઈ! આ કોઈ પક્ષની વાત નથી, બાપુ!

અનંતા જન્મ-મરણ કરી, બાપુ! સોથા નીકળી ગયા છે, ભાઈ! આહાહા..! નરકના દુઃખો, નિગોદના દુઃખો એ સાંભળ્યા પણ એણે વિચાર્યા હોય તો ખબર પડે. આહાહા..! જીવતા ભુંડને... એક વાત કરતા 'નારણભાઈ'. હું પારસીને મળવા ગયો ત્યાં જીવતુ ભુંડ હતું, ભુંડ. ભુંડ કહે ને? સુવર. એને પગે લોઢાના સરિયા બાંધ્યા. જીવતા! બાંધીને ભઠ્ઠીમાં નાખી દીધો જીવતો. ભઠ્ઠીમાં નાખી દીધો. 'નારાયણભાઈ' હતા ને? અમારી પાસે દીક્ષા લીધી હતી. એ ત્યાં પોસ્ટમાસ્ટર હતા. એટલે ક્યાંક મળવા ગયા હતા પારસીને. તો પારસીને ઘરે ભુંડને- સુવરને પગે લોઢાના સળિયા બાંધી અને અગ્નિની ભઠ્ઠી હતી, મોટી ભઠ્ઠી એમાં નાખ્યો જીવતો. શેકવા માટે. જેમ શક્કરકંદ શેકે ને? આ શક્કરકંદ નહિ? શક્કરકંદ બાફે એમ બાફવા માટે. બાપુ! ભાઈ! તેં આવા અનંતા દુઃખ સહન કર્યા છે, હોં! આહાહા..! એ ભૂલી ગયો. પચ્ચીસ વર્ષનો રાજકુમાર હોય, પાંચ-દસ લાખની મહિનાની પેદાશ હોય, જુવાન હોય, સારી કન્યા પરણીને આવ્યો હોય. એ પહેલી રાત થવા પહેલા એને જીવતો જમશેદપુરની ભઠ્ઠીમાં નાખે. 'જમશેદપુર'ની ભઠ્ઠી છે ને? આ લોઢાની નથી? 'જમશેદપુર'. ત્યાં ગયા હતા ને અમે. ટાટા કહે છે. ભઠ્ઠી. એ જીવતો નાખે અને જે દુઃખ છે એથી અનંતગુણ (દુઃખ) નારકીને પહેલે પાસડે છે. આહાહા..! પ્રભુ! તું ભૂલી ગયો, ભાઈ! તને ખબર નથી. દુનિયામાં અંજાઈ ગયો તું. આહાહા..!

જે કોઈ પ્રાણી વિભાવથી બંધ અને સ્વભાવથી મુક્તિ નિજ પરિણામથી (થાય છે) એમ જે માનતો નથી તે મોહથી પુણ્યના પરિણામનો કર્તા થાય છે. એટલે કે તેનું સાવધાનપણું સ્વમાં નથી અને પુણ્યના પરિણામમાં સાવધાન થઈને એ કરે છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

મુમુક્ષુ :- નારકીને ૩૩ સાગરોપમનું દુઃખ છે.

ઉત્તર :- ૩૩ સાગર.

મુમુક્ષુ :- દુઃખ સહન કરવાની ટેવ પડી જાય છે?

ઉત્તર :- એ પછી તો શું કરે ત્યાં? આહા..! પારાની જેમ શરીર (ઓગળી જાય). પારો હોય ને પારો? શું કહે છે? પારાની જેમ આ શરીર ઓગળી જાય. પણ આયુષ્ય છે ત્યાં સુધી પાછું ભેગું થઈ જાય. વળી ઓલા થઈ જાય. આમ ૩૩ સાગર થાય. આહા..! બાપુ! એ ભાઈ એણે સાંભળ્યું નથી. એમાં જરીક જુવાન શરીર હોય, શરીર ઠીક હોય, એમાં પૈસા-બૈસા બાયડી, છોકરા ઠીક હોય ત્યાં થઈ રહ્યું જાણે. ઓહો..! અરે..! બાપુ! તારા દુઃખની વાતું આકરી, ભાઈ! માટે ધર્મ સમજી લે, એમ કહેવા માગે છે. આહાહા..! બાહ્યની કોઈ ચીજો ઉપર રાજી થવા જેવું નથી. અરે..! પ્રભુ! પુણ્યના પરિણામનું કર્તા થવાપણું નથી એમ કહે છે અહીં.

જેને નિજ સ્વભાવથી મુક્તિ અને નિજ વિભાવથી બંધ (છે), એવી જેને ખબરું નથી તે પુણ્ય પરિણામનો કર્તા મોહ એટલે (પરમાં) સાવધાનીથી થાય છે. આહાહા..! સમજાણું

કાંઈ? વાદવિવાદ કરે, પંડિતો ભેગા થઈને ગમે તે કરો. વસ્તુ આ છે. આ કોઈ વાદવિવાદની વસ્તુ નથી. આ તો સમજવાની (વસ્તુ છે). 'ખોજી જીવે વાદી મરે, સાચી કહવત હૈ' ખોજી જીવે. સત્યનો શોધક હોય તે જીવે. વાદ કરવા જાય તો મરી જશે. આમ કહ્યું છે ને ફલાણામાં આમ કહ્યું છે, અરે..! સાંભળને, ભાઈ! આ વ્યવહારરત્નત્રયને પાછું આરાધક કીધું. ભેદાભેદ બે રત્નત્રયને આરાધવા. હમણા આવશે, ગાથામાં આવશે. ભેદ રત્નત્રય આવશે. ૫૬ ગાથામાં આવશે. '**भेदाभेदरत्नत्रयात्मकं श्रीधर्मं लभते**' ત્યાં ભેદ છે એ પુણ્ય છે. પણ જે નિશ્ચયનો આરાધક છે એને આવો વ્યવહાર હોય છે એથી એને વ્યવહારે આરાધક કહેવામાં આવ્યો. એકલું નહિ. અભેદ-ભેદ બેય ભેગા લેવા છે.

નિશ્ચયસ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ્યા છે, ત્યાં આગળ સાથે વ્યવહારનો વિકલ્પ આવી જાતનો હોય છે એથી એ જણાવવા બેયનું આરાધક, બેયને સેવવું એમ કહેવામાં આવે છે. ઓલા નિશ્ચયસહિત છે ને રાગ એટલે એને. આહાહા..! પણ જ્યાં આગળ કાંઈ ભાન જ નથી કે વિભાવ અને સ્વભાવ, મારા પરિણામથી બંધ અને મારા પરિણામથી મુક્તિ. એ ભાન વિનાનો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, અપવાસના પરિણામ શુભ છે એનો એ કર્તા થાય છે. આહાહા..! આ દુનિયાની હોંશુવાળાને તો આ બધું પાગલ જેવું લાગે. નહિ? આહાહા..! આમ કરી દીધા કામ, દેશની સેવાઓ કરી, ગરીબોના આંસુ લુછયા, ભૂખ્યાને અનાજ આપ્યા, તરસ્યાને પાણી આપ્યા, રોગીને ઔષધિ આપી, ઓટલા વિનાના હતા એને ઓટલા અને મકાન બનાવી દીધા. હવે શું કર્યું? બાપુ! તેં કર્યું (નથી). મફતનો શું મરી જાય છે. કાંઈ કર્યું નથી, પ્રભુ! તને મિથ્યાત્વ (થયું). બીજાનો એક રજકણ પણ કરી શકે નહિ અને તેં શું કર્યું? શેનું અભિમાન તું કરે છે? આહાહા..!

અહીં તો નિજ શબ્દ કહીને તો ગજબ કરી નાખ્યો છે. એટલે કે પુરુષાર્થથી પોતાનો સ્વભાવભાવ પ્રગટે છે અને ઊંધા પુરુષાર્થથી વિભાવભાવ પ્રગટે છે. આ સિદ્ધાંત સિદ્ધ કર્યો છે. સમજાણું કાંઈ? એ પરને લઈને નહિ. આહાહા..! સ્વભાવભાવ પ્રગટે છે એ પણ કાંઈ વ્યવહારની અપેક્ષાથી નહિ, એમ કહે છે. ભલે આવે વ્યવહાર. એ કહેશે. '**મોહસે કરતા હૈ.**'

**ભાવાર્થ :- 'નિજ શુદ્ધાત્માકી અનુભૂતિકી રુચિસે વિપરીત...'** દેખો! ભગવાનઆત્મા કાયમી ચીજ જે આનંદનો નાથ પ્રભુ, શુદ્ધાત્મ સ્વરૂપ, નિજ શુદ્ધાત્મા એની અનુભૂતિ. એવો ભગવાનઆત્માનો અનુભવ કરવો પરિણતિ-પર્યાયમાં, આનંદના વેદનથી આત્માને જાણવો. આહાહા..! એની રુચિથી વિપરીત '**જો મિથ્યાદર્શન,...**' આહાહા..! ભગવાન પરમાનંદનો નાથ પ્રભુ, પણ વાત એવી છે કે વર્તમાન પ્રગટ દશા સિવાય એણે કાંઈ જોયું નથી કોઈ દિ'. પ્રગટ દશામાં જે ઉઘાડ છે, રાગ છે બસ, ત્યાં જ એની સમાપ્તિ થઈ જાય છે. પણ એ પ્રગટ દશાનો અંશ છે અને રાગ છે એની પાછળ પ્રભુ ચૈતન્યતત્ત્વ છે કે નહિ? આખો પદાર્થ છે કે નહિ? એવો જે શુદ્ધાત્મા ભગવાન પૂર્ણાનંદ, એની અનુભૂતિની રુચિથી વિપરીત.. આહાહા..! મિથ્યાદર્શન. એની અનુભૂતિથી વિપરીત એમ કીધું. જોઈ ભાષા! એની રુચિથી વિપરીત મિથ્યાદર્શન, જૂઠી શ્રદ્ધા. આહાહા..!

'**નિજ શુદ્ધાત્માકે જ્ઞાનસે વિપરીત મિથ્યાજ્ઞાન,...**' નિજ શુદ્ધાત્માનું જ્ઞાન, સ્વસ્વરૂપનું જ્ઞાન, એવું જે શુદ્ધાત્માનું જ્ઞાન એનાથી વિપરીત એ મિથ્યાજ્ઞાન. આહાહા..! આ વકિલાતના જ્ઞાન, આ ડોક્ટરના જ્ઞાન, આ વેપારના હોંશિયારીના જ્ઞાન એ બધા મિથ્યાજ્ઞાન છે. આહાહા..! '**નિજ શુદ્ધાત્માકે જ્ઞાનસે વિપરીત મિથ્યાજ્ઞાન...**' છે. આહાહા..!

મુમુક્ષુ :- જગતના બધા વેપારો કુજ્ઞાનમાં આવી ગયા.

ઉત્તર :- કુજ્ઞાન જ છે. 'રામજીભાઈ' જેવાને પૂછયું ત્યાં તો કહે.. મેં કીધું, તમે તો મોટા હોંશિયાર કહેવાતા. એ વખતે વકીલાતમાં તો નંબર પહેલો હતો. વકીલો પાણી ભરતા. તમે હોંશિયાર હતા ને? તો કહે, કુજ્ઞાન હતું. એમ કહેતા હતા પોતે. બસ્સો રૂપિયા લેતા પાંચ કલાકના. કોર્ટમાં જાય. ૩૦ વર્ષ પહેલા. કોર્ટમાં જાય તો બસ્સો રૂપિયા લેતા પાંચ કલાકના. એ બધું કુજ્ઞાન હતું. શેઠ! આહાહા..! આ તો વીતરાગનો માર્ગ બાપા! બહુ જુદી જાતનો છે.

મુમુક્ષુ :- આગમ જ્ઞાન ...

ઉત્તર :- આગમ જ્ઞાન એ પરનું જ્ઞાન છે, સ્વનું નહિ ત્યાં. આહાહા..!

'**નિજ શુદ્ધાત્મદ્રવ્યમેં નિશ્ચલ સ્થિરતાસે ઉલ્ટા...**' આહાહા..! નિજ શુદ્ધાત્મા. જોયું! બધામાં નિજ-નિજ નાખ્યું છે. નિજ શુદ્ધાત્મ દ્રવ્ય જે ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ, એમાં જે સ્થિરતા થવી જોઈએ રમણતા, એ ચારિત્ર. એનાથી ઊલટું મિથ્યાચારિત્ર. એ પુણ્ય અને પાપમાં રમણતા એ મિથ્યાચારિત્ર છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યાના પરિણામ વિકલ્પાદિ એમાં રમણતા એ મિથ્યાચારિત્ર છે. આહાહા..! આવી વાતું આકરી પડે માણસને. શું થાય? ભાઈ! અનંતકાળ તું રખડ્યો. આહા..! 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.' આહાહા..! બાપુ! આ કોઈ વિદ્વાનની વસ્તુ નથી. આહાહા..! એ પણ કહ્યું હતું ને? વિદ્વાનો નિશ્ચય તજી વ્યવહારમાં વર્તન કરે તે વિદ્વાન નહિ. આહાહા..! આવ્યું હતું ને? આહાહા..!

પોતાનો ભગવાનઆત્મા, એનું વર્તન અંદરમાં છોડી દઈને વ્યવહાર નામ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં વર્તે એ વિદ્વાન નહિ, એ તો મિથ્યાદૃષ્ટિ છે, કહે છે. આહાહા..! અરે..! આવી વાતું હવે. કોઈ સાથે કાંઈ મેળ ખાય એવી વાત ન મળે. ભગવાનઆત્મા સાથે મેળ ખાય એવી વાત છે. દુનિયાના અત્યારે મોટા માણસો આ શું કહેવાય? કાર્યકર્તા બધાને પૂછો તો આ એવું લાગે... આપણે આવતા હતા ને? શું કહેવાય?

મુમુક્ષુ :- 'ગીરધરભાઈ'.

ઉત્તર :- 'ગીરધરભાઈ' નહિ. આપણા ભાઈ 'ઢેબરભાઈ'. 'ઢેબરભાઈ' 'ઢેબરભાઈ' 'રાજકોટ'. 'ઢેબરભાઈ' ઘણા વ્યાખ્યાનમાં આવે. કાંઈક અમે નિમિત્ત તો થઈએ ને કો'કને. શું નિમિત્ત થાય? એના સમયે એની પર્યાય થાય એમાં નિમિત્ત ન્યાં થાતી હશે? આ દુનિયાના કાર્યકર્તા બધા મોટા મોટા. સમજાણું કાંઈ? પરના કાર્ય થાય ત્યાં આપણે નિમિત્ત તો થાવું ને એમ કહેતા. અહીં આવતા હતા. ત્યાં 'રાજકોટ' વ્યાખ્યાનમાં આવતા. બાપુ!

મારગડા જુદા છે, નાથ! નિમિત્ત થાવું એટલે શું? જે એની પર્યાય તે કાળે થાય ત્યાં હો. ત્યારે એને નિમિત્ત કહેવાય. એમાં નિમિત્ત થાવું હોય તો ત્યાં થાય એમ છે? આહાહા..! બહુ કામ (આકરું).

'**ઈન તીનોંકો બંધકા કારણ...**' જાણ. જોયું! આહાહા..! મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર '**તીનોંકો બંધકા કારણ ઔર ઈન તીનોંસે રહિત ભેદાભેદ રત્નત્રયસ્વરૂપ મોક્ષકા કારણ...**' જુઓ! આવ્યું પાછું. આમાં જ આવ્યું. છે ને? ૫૩. માથે છે, જુઓ! '**भेदाभेदरत्नत्रयस्वरूपम् मोक्षस्य कारण**' નહિતર ભેદરત્નત્રય છે તો વિકલ્પ, શુભભાવ. પણ ઓલો નિશ્ચય છે એને લઈને અહીંયાં આરોપ કરીને ભેદાભેદ રત્નત્રય કીધું છે. આહાહા..! સમજાણું કાંઈ? એક કોર તો પુણ્ય-પાપ.. સાવધાનપણે એ કર્તા થતો નથી ભેદરત્નત્રયવાળો. અભેદરત્નત્રયની દૃષ્ટિ સહિતમાં રાગ આવે છે એનો કર્તા થતો નથી. એ જાણકાર (રહે છે). એ અપેક્ષાએ ભેદાભેદરત્નત્રયને કહેવામાં આવ્યું છે. આહાહા..! એને હોય છે આવો ભાવ. એનો કર્તા નથી. આહાહા..! આવી વાતું. ક્યાં ફેર થોડો પડે છે ત્યાં આખો ફેર પડી જાય છે (એની) ખબર નથી.

મુમુક્ષુ :- વ્યવહારનું લક્ષણ સર્વત્ર ઉપચાર છે.

ઉત્તર :- ઉપચાર છે. એ બંધનું કારણ છે એને નિશ્ચય સહિતવાળાનો રાગ ભેદાભેદરત્નત્રય ભેગો ભેળવ્યો. કેમકે ત્યાં એ એનો કર્તા નથી. પણ થાય છે, હોય છે એટલું જણાવવા ભેદાભેદરત્નત્રય કીધું છે. આહાહા..! સમજાણું? વિશેષ કહેશે. વખત થઈ ગયો.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, કારતક વદ ૧૧, બુધવાર
## તા. ૧૭-૧૧-૧૯૭૬, ગાથા-૫૩ થી ૫૫, પ્રવચન નં. ૧૩૫

'પરમાત્મપ્રકાશ.' ૫૩ ગાથાની છેલ્લી એક લીટી થોડી બાકી છે.

મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર '**ઈન તીનોંસે રહિત ભેદાભેદ રત્નત્રયસ્વરૂપ...**' નિશ્ચય અભેદ શુદ્ધ ચૈતન્ય આનંદની અંતરની રુચિ-દૃષ્ટિ, એનું અંતરનું જ્ઞાન અને અંતરમાં રમણતા એ અભેદરત્નત્રય. સાથે ભેદરત્નત્રયનો વિકલ્પ આવે છે એથી એને કહ્યું. કર્તાપણે નહિ. ભેદરત્નત્રયનો વિકલ્પ સમકિતીને, જ્ઞાનીને આવે, પણ કર્તાપણે નહિ. જાણવાપણે આવે એવો ભાવ (છે) તેથી તેને મોક્ષનું કારણ (કહ્યું છે). '**ઐસા જો નહીં જાનતા હૈ,...**' નિશ્ચય સ્વભાવ ભગવાનઆત્મા, એની અંતરમાં રુચિનું પરિણમન, એ સ્વભાવના જ્ઞાનનું પરિણમન અને સ્વભાવના જ્ઞાનમાં રમણતા, એવા જે ત્રણ રત્નત્રય અભેદ એની સાથે વિકલ્પ આવે. એ બેને મોક્ષનું કારણ નહિ માનતા, નહિ જાનતા '**વહી મોહકે વશસે પુણ્ય-પાપકા કર્તા હોતા હૈ.**' વજન અહીં છે. એ પુણ્ય અને પાપના ભાવનો

કર્તા થાય છે. જ્ઞાનીને ભેદરત્નત્રયમાં પુણ્યનો ભાવ હોય છે, પણ તેનો એ કર્તા થતો નથી. આ ફેર છે. સમજાણું કાંઈ?

'**મોહકે વશસે પુણ્ય-પાપકા...**' મિથ્યાત્વને વશ થઈને (કર્તા થાય છે). એમ કહે છે. પુણ્ય પરિણામનો કર્તા થાય છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! જુઓ! આ માર્ગ. '**પુણ્યકો ઉપાદેય જાનકે...**' એમ કહે છે. એ શુભભાવને આદરણીય માનીને મોહથી કર્તા બને છે. આહાહા..! ભારે વાત, ભાઈ! '**જાનકે કરતા હૈ, પાપકો હેય સમજતા હૈ.**' પાપના પરિણામને છોડવાલાયક હેય સમજે છે પણ પુણ્યના પરિણામને કર્તાબુદ્ધિએ ઉપાદેય માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? દુનિયાથી બહુ જુદી જાત છે, ભાઈ! આહાહા..!

એ '**મોહકે વશસે...**' મિથ્યા ભ્રાંતિને વશ થઈને '**પુણ્ય-પાપકા કર્તા હોતા હૈ.**' આહાહા..! જ્ઞાતાપણું જેનો સ્વભાવ છે એને પુણ્ય પરિણામ આવે છે પણ એનો એ કર્તા નથી. આહાહા..! ૭૩ ગાથામાં આવ્યું હતું ને? સમ્યગ્દૃષ્ટિ પ્રથમથી એવો નિર્ણય કરે છે કે હું સદાય વિકારના સ્વામીપણે નહિ પરિણમું એવો હું છું. સમજાણું કાંઈ? ૭૩ ગાથા. સદાય હું પુણ્યના પરિણામરૂપ વિકાર, એના સ્વામીપણે નહિ પરિણમનારો તે હું છું. આહાહા..! વિકાર થશે ખરો. એમ તો કહ્યું. પણ સ્વામીપણે પરિણમું એ હું નહિ. આહાહા..! એ રાગ મારો છે અને હું એનો સ્વામી છું એ પણે હું નહિ પરિણમનારો (છું). આહાહા..! આવો માર્ગ!

એથી અહીં કહે છે, એવું જે ભેદાભેદરત્નત્રયનું સ્વરૂપ, એને નહિ જાણતા, મોહને વશ થઈને રાગરૂપે પરિણમું છું એ મારું કર્તાપણું છે એમ અજ્ઞાની માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**પુણ્યકો ઉપાદેય જાનકે કરતા હૈ, પાપકો હેય સમજતા હૈ.**' કર્તા તો બેયનો છે. પણ પુણ્યને ઉપાદેય કરીને કર્તા થાય છે. પાપને હેય સમજીને પણ કર્તા થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એ ૫૩ થઈ.

---

**अथ सम्यग्दर्शनज्ञानचारित्रपरिणतमात्मानं योऽसौ मुक्तिकारणं न जानाति स पुण्यपापद्वयं करोतीति दर्शयति –**

**१८१) दंसण–णाण–चरित्तमउ जो णवि अप्पु मुणेइ।**
**मोक्खहँ कारणु भणिवि जिय सो पर ताइँ करेइ।।५४।।**

दर्शनज्ञानचारित्रमयं यः नैवात्मानं मनुते।
**मोक्षस्य कारणं भणित्वा जीव स परं ते करोति।।५४।।**

**दंसणणाणचरित्त इत्यादि। दंसण–णाण–चरित्तमउ सम्यग्दर्शनज्ञानचारित्रमयं जो णवि अप्पु मुणेइ यः कर्ता नैवात्मानं मनुते जानाति। किं कृत्वा न जानाति। मोक्खहं कारणु भणिवि मोक्षस्य कारणं भणित्वा मत्वा जिय हे जीव सो पर ताइं करेइ स एव पुरुषस्ते पुण्यपापे द्वे**

करोतीति। तथाहि – निजशुद्धात्मभावनोत्थवीतरागसहजानन्दैकरूपं सुखरसास्वादरुचिरूपं सम्यग्दर्शनं, तत्रैव स्वशुद्धात्मनि वीतरागसहजानन्दैकस्वसंवेदनपरिच्छित्तिरूपं सम्यग्ज्ञानं, वीतरागसहजानन्दैकसमरसी भावेन तत्रैव निश्चलस्थिरत्वं सम्यक्चारित्रं, इत्येतैस्त्रिभिः परिणतमात्मानं योऽसौ मोक्षकारणं न जानाति स एव पुण्यमुपादेयं करोति पापं हेयं च करोतीति। यस्तु पूर्वोक्तरत्नत्रयपरिणतमात्मानमेव मोक्षमार्गं जानाति तस्य तु सम्यग्दृष्टेर्यद्यपि संसारस्थितिच्छेदकारणेन सम्यक्त्वादिगुणेन परंपरया मुक्तिकारणं तीर्थंकरनामकर्म-प्रकृत्यादिकमनीहितवृत्त्या विशिष्टपुण्यमास्रवति तथाप्यसौ तदुपादेयं न करोतीति भावार्थः।।५४।।

---

आगे सम्यग्दर्शन, सम्यग्ज्ञान, सम्यक्चारित्ररूप परिणमता जो आत्मा वह ही मुक्तिका कारण है, जो ऐसा भेद नहीं जानता है, वही पुण्य-पाप दोनोंका कर्ता है, ऐसा दिखलाते हैं –

गाथा – ५४

अन्वयार्थ :– [ यः ] जो [ दर्शनज्ञानचारित्रमयं ] सम्यग्दर्शन ज्ञान चारित्रमयी [ आत्मानं ] आत्माको [ नैव मनुते ] नहीं जानता, [ स एव ] वही [ जीव ] हे जीव; [ ते ] उन पुण्य-पाप दोनोंको [ मोक्षस्य कारणं ] मोक्षके कारण [ भणित्वा ] जानकर [ करोति ] करता है।

भावार्थ :– निज शुद्धात्माकी भावनासे उत्पन्न जो वीतराग सहजानंद एकरूप सुखरसका आस्वाद उसकी रुचिरूप सम्यग्दर्शन, उसी शुद्धात्मामें वीतराग नित्यानंद स्वसंवेदनरूप सम्यग्ज्ञान और वीतरागपरमानंद परम समरसीभावकर उसीमें निश्चय स्थिरतारूप सम्यक्चारित्र-इन तीनों स्वरूप परिणत हुआ जो आत्मा उसको जो जीव मोक्षका कारण नहीं जानता, वह ही पुण्यको आदरने योग्य जानता है, और पापको त्यागने योग्य जानता है। तथा जो सम्यग्दृष्टि जीव रत्नत्रयस्वरूप परिणत हुए आत्माको ही मोक्षका मार्ग जानता है, उसके यद्यपि संसारकी स्थितिके छेदनका कारण, और सम्यक्त्वादि गुणसे परम्पराय मुक्तिका कारण ऐसी तीर्थंकरनामप्रकृति आदि शुभ (पुण्य) प्रकृतियोंको (कर्मोंको) अवाँछितवृत्तिसे ग्रहण करता है, तो भी उपादेय नहीं मानता है। कर्मप्रकृतियोंको त्यागने योग्य ही समझता है।।५४।।

---

હવે, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપે પરિણત આત્મા મુક્તિનું કારણ છે, એમ જે કોઈ જાણતો નથી તે પુણ્ય અને પાપ બન્નેને કરે છે, એમ દર્શાવે છે.

ભાવાર્થ : નિજશુદ્ધાત્મભાવનાથી ઉત્પન્ન વીતરાગ સહજાનંદ જેનું એક રૂપ છે એવા સુખરસના આસ્વાદની રુચિરૂપ સમ્યગ્દર્શન છે, તે જ સ્વશુદ્ધાત્મામાં એક (કેવળ) વીતરાગ સહજાનંદમય સ્વસંવેદનરૂપ-પરિચ્છિત્તિરૂપ-સમ્યગ્જ્ઞાન છે, એક (કેવળ) વીતરાગ સહજાનંદરૂપ પરમસમરસી ભાવથી તેમાં જ, (સ્વશુદ્ધાત્મામાં જ)

**નિશ્ચલસ્થિરતારૂપ સમ્યક્ચારિત્ર છે. એ ત્રણ રૂપે પરિણત આત્માને જે મોક્ષનું કારણ જાણતો નથી તે જ પુણ્યને ઉપાદેય કરે છે અને પાપને હેય કરે છે.**

**પરંતુ પૂર્વોક્ત રત્નત્રયરૂપે પરિણત આત્માને જ જે મોક્ષમાર્ગ જાણે છે તે સમ્યગ્દષ્ટિને તો જોકે સંસારસ્થિતિનો નાશ કરવામાં કારણભૂત એવા સમ્યક્ત્વ આદિ ગુણથી પરંપરાએ મુક્તિના કારણરૂપ તીર્થંકરનામકર્મની પ્રકૃતિ આદિક વિશિષ્ટ પુણ્યનો અનીહિતપ્રવૃત્તિથી આસ્રવ થાય છે તોપણ તે સમ્યગ્દષ્ટિ તેને ઉપાદેય કરતો નથી. એવો ભાવાર્થ છે. ૫૪.**

---

## ગાથા-૫૪ ઉપર પ્રવચન

૫૪. '**આગે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ પરિણમતા જો આત્મા વહ હી મુક્તિકા કારણ હૈ,...**' હવે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મુક્તિનું કારણ કહ્યું હતું તો હવે કહે છે કે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ '**પરિણમતા જો આત્મા વહ હી મુક્તિકા કારણ હૈ,...**' આહાહા..! સમજાણું કાંઈ? પહેલા એમ કહ્યું હતું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (મુક્તિનું કારણ છે). કહ્યું હતું ને માથે? '**શુદ્ધાત્માકી અનુભૂતિ કી રુચિસે વિપરીત...**' રુચિ તે સમ્યક્ યથાર્થ. એમ એનું જ્ઞાન એ યથાર્થ અને એમાં સ્થિરતા તે યથાર્થ. એ મોક્ષનો માર્ગ. હવે અહીં કહે છે કે એ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રરૂપ પરિણમનારો '**આત્મા વહ હી મુક્તિકા કારણ હૈ,...**' આહાહા..! અભેદ લીધું. 'સમયસાર'ની ૧૬મી ગાથામાં લીધું છે ને એ? '**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं**' ૧૬મી ગાથા. દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય એને સેવવા સાધુએ. '**ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो।।**' તેમાં ત્રણ તે પોતે આત્મા છે. ૧૬મી ગાથામાં છે. એ બધી શૈલી એવી શૈલી આચાર્યોએ (કરી છે). 'કુંદકુંદાચાર્ય'ના બધા બીજડા બધે પહોંચ્યા છે. આહાહા..! પર્યાયથી જાણે છે માટે પર્યાયથી વાત કરી કે દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય, હોં! તે મોક્ષનો માર્ગ છે. પણ તેમાં એ ત્રણમાં એ આત્મા તે મોક્ષનું કારણ છે. '**तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो।।**' આહાહા..! સમજાય છે કાંઈ આમાં?

એ અહીં કહે છે. સમ્યગ્દર્શન સ્વરૂપનો અનુભવ થઈને પ્રતીતિ થવી, સમ્યગ્જ્ઞાન આત્માના અનુભવનું જ્ઞાન અને આત્મામાં સ્વરૂપની સ્થિરતારૂપી ચારિત્ર, એ ત્રણપણે પરિણમનારો આત્મા '**વહ હી મુક્તિકા કારણ હૈ, જો ઐસા ભેદ નહીં જાનતા હૈ,...**' આહાહા..! આવો ભેદ નહિ જાણતો. '**વહી પુણ્ય-પાપ દોનોંકા કર્તા હૈ, ઐસા દિખલાતે હૈં-**' આહાહા..! પુણ્ય અને પાપનો કર્તા થાય છે. દયા, દાન, વ્રત, તપના ભાવ થાય છે એનો એ કર્તા થાય છે. સમજાણું કાંઈ?

આત્મા, ત્રણપણે પરિણમનારો આત્મા મુક્તિનું કારણ છે એમ જે જાણતો નથી તે વ્યવહારના વ્રતનો કર્તા થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ૫૪.

**૧૮૧) दंसण-णाण-चरित्तमउ जो णवि अप्पु मुणेइ।**
**मोक्खहँ कारणु भणिवि जिय सो पर ताइँ करेइ।।५४।।**

**અન્વયાર્થ :- 'જો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રમયી...' 'ચારિત્રમયી આત્માકો નહીં જાનતા,...'** જોયું! અભેદ કર્યું. મય કહ્યું ને? સમ્યગ્દર્શન... આહાહા..! ભગવાન હીરલો ચૈતન્યપ્રભુ, અનંતગુણની શાંતિ અને આનંદનું ધામ. 'સ્વયં જ્યોતિ સુખધામ' આહાહા..! એ આ બહારના પદાર્થોમાં આકર્ષાઈને, મોહીપણે થઈને પાપનો કર્તા થાય છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! અને પોતાના સ્વભાવનું પરિણમન તે આત્મા એમ નહિ જાણતો એ દયા, દાન, વ્રત, પૂજા કે તપનો જે ભાવ (થાય છે) એનો એ કર્તા થાય છે. આહાહા..! 'ધન્નાલાલજી'! આવી વાત છે, બાપુ! આહાહા..! અરે..! ચોર્યાશીના અવતારમાં દુઃખી-દુઃખી (છે). કાંઈક શરીર જુવાન મળે, ઠીક મળે પછી એમાં એને એમ થઈ જાય કે આપણે કાંઈક ઠીક છીએ. જડના ઘેરાવામાં ભગવાન મુંઝાઈ ગયો. આહાહા..!

મુમુક્ષુ :- ભ્રમણામાં.

ઉત્તર :- હા, ભ્રમણામાં. શરીર, લક્ષ્મી, આબરૂ, ખાવા-પીવાની સગવડતા, સ્ત્રી, પુત્ર, દીકરાઓની સગવડતા. આહાહા..! એ બધો જડનો, પરનો ઘેરાવો (છે). એને મોહની દૃષ્ટિએ જોતાં 'એ મને ઠીક છે' એમ કરીને ઘેરાવામાં ઘેરાઈ ગયો.

ભગવાનઆત્મા અંતર સમ્યગ્દર્શન સ્વનું, સ્વનું જ્ઞાન અને સ્વનું ચારિત્ર એ ત્રણપણે પરિણમતો પ્રભુ, મોક્ષનું કારણ છે. એને ભૂલી જઈ, એને નહિ જાણીને... આહાહા..! **'વહી હે જીવ; ઉન પુણ્ય-પાપ દોનોંકો મોક્ષકે કારણ...'** છે ભાષા? આહા..! એ પુણ્યના ભાવ છે એ મોક્ષનું કારણ જાણીને એ કરે છે. આહાહા..! **'મોક્ષકે કારણ જાનકર કરતા હૈ.'** મિથ્યાત્વ કેમ લીધું ભેગું? મિથ્યાત્વ પરિણામ છે ને? પુણ્યને ધર્મ માનવો એ જ મિથ્યાત્વ છે. આહાહા..! પુણ્યને મોક્ષનું કારણ માનવું એ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ અને પુણ્યના પરિણામનો એ કર્તા થાય છે. આહાહા..! 'પરમાત્મપ્રકાશ'માં બહુ ટૂંકી વાતમાં ઘણો ગર્ભ સમાવી દીધો છે. આહાહા..! ભાઈ! તારો છૂટવાનો માર્ગ તો છૂટેલી ચીજ અંદર મુક્ત છે તેની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા તે કારણ છે. તે પણે પરિણમેલો ભગવાનઆત્મા મોક્ષનું કારણ છે એમ કહે છે. એવું નહિ જાણતા... આહાહા..! એ પુણ્ય અને પાપનો ભાવ મોક્ષનું કારણ જાણીને, **'જાનકર...'** એમ ભાષા છે. એ મને મોક્ષ કરાવશે એમ જાણીને (તેને કરે છે). આહાહા..! **'કરતા હૈ.'** અહીં કર્તાનું ત્યાં વજન છે. આહાહા..! જ્ઞાનીને પુણ્યભાવ ભેદરત્નત્રય આવે, આસ્રવ પણ થાય. સમજાય છે કાંઈ? પણ તેને એ કર્તાબુદ્ધિએ (કરતો) નથી. નબળાઈને લઈને આવે છે તેને આસ્રવ થાય છે. પણ એ કર્તાપણે નહિ. આહાહા..! આ વાત છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન...'** આહાહા..! ભગવાન નિજ શુદ્ધાત્મા, એમ ભાષા છે. તીર્થંકર કે કેવળી કે વીતરાગ પણ નહિ. આહાહા..! નિજ શુદ્ધાત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ, નિજ શુદ્ધાત્માની ભાવના એટલે એકાગ્રતા. આહાહા..! એનાથી **'ઉત્પન્ન જો વીતરાગ સહજાનંદ એકરૂપ સુખરસકા આસ્વાદ...'** આહાહા..! રુચિ કોની? હજી કહે છે. આહાહા..! સમ્યગ્દર્શનરૂપી રુચિ કોની? કે **'વીતરાગ સહજાનંદ એકરૂપ સુખરસકા આસ્વાદ...'** આહાહા..! અતીન્દ્રિય આનંદના સ્વાદનો આસ્વાદ **'ઉસકી રુચિરૂપ સમ્યગ્દર્શન,...'** આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન. આહાહા..! ખરેખર તો પોતે વીતરાગ સહજાનંદ એકરૂપ સુખરસ છે એનો આસ્વાદ, એના આનંદની પર્યાયનો આસ્વાદ. આહાહા..! ઈન્દ્રના વૈભવો પણ જેની પાસે સડેલા મીંદડા અને સડી ગયેલા કૂતરા જેવું લાગે એને. આહાહા..!

જેનો વીતરાગ સહજાનંદ એકરૂપ (સ્વભાવ). પાછી ભાષા છે. ત્રિકાળી. એવો સુખરસ, એનો આસ્વાદ, એનો જે અનુભવ. **'ઉસકી રુચિરૂપ...'** આહાહા..! આનંદની રુચિ થઈ એને. પૂર્ણાનંદની રુચિ થઈ, પર્યાયમાં આનંદ આવ્યો. આહાહા..! એવી રુચિરૂપ સમ્યગ્દર્શન. હવે આ વ્યાખ્યા ન મળે. સમ્યગ્દર્શન એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અને નવ તત્ત્વની શ્રદ્ધા, બસ, જાવ સમ્યગ્દર્શન (છે). અહીં તો પરમાત્મા વીતરાગમૂર્તિ પ્રભુ સહજાનંદ એક સ્વભાવનો રસસ્વરૂપ પ્રભુ, એનો આસ્વાદ થવો. આહાહા..! એનું પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું વેદન થવું, એ સહિતની રુચિ તેને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? હવે આ સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે, કેમ થાય એની ખબરું ન મળે અને વ્રત ને તપ ને ચારિત્ર થઈ ગયા અંદરથી. અરે..! પ્રભુ! નુકસાન તો એને છે ને, બાપુ! આહાહા..!

**'ઉસી શુદ્ધાત્મામેં...'** હવે સમ્યગ્જ્ઞાન વર્ણવે છે. **'વીતરાગ નિત્યાનંદ...'** નિત્ય આનંદ ત્રિકાળી પોતે. **એક.** આમાં એક (શબ્દ) રહી ગયો છે. એક શબ્દ જોઈએ ત્યાં વચમાં. **'શુદ્ધાત્મામેં વીતરાગ નિત્યાનંદ એક સ્વસંવેદનરૂપ...'** આહાહા..! ભગવાનઆત્માનું એક જ સંવેદનરૂપ... આહાહા..! એવું જે સમ્યગ્જ્ઞાન. વ્યાખ્યા તો જુઓ! શાસ્ત્રજ્ઞાન અને ભણેલાનું જ્ઞાન ને એ વાત કાંઈ લીધી નહિ. આહાહા..! ભગવાન તું પૂર્ણાનંદ પ્રભુ **'વીતરાગ નિત્યાનંદ એક સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાન...'** એને સમ્યગ્જ્ઞાન કહીએ. આહાહા..! જેને અતીન્દ્રિય આનંદના વેદનની સાથે જે જ્ઞાન છે તેને જ્ઞાન કહીએ. આહાહા..! અરે..! આવી સત્ય વાત કાને પડે નહિ. ગોથા ખાય બહારથી, આ જાત્રા કરી અને આ ખુશી.. સવારમાં કો'ક આવ્યા હતા ને 'અમદાવાદ'વાળા? 'અમદાવાદ'વાળા આવ્યા હતા કો'ક. મોટર ખોટવાણી હતી અને રાત રહ્યા હતા અહીં સમિતિમાં. આવ્યા હતા બિચારા. આહાહા..! પણ એ જાણે અમે જાત્રા કરી આવ્યા એટલે કેટલા પાપ ધોવાઈ ગયા હશે જાણે. ધર્મ થઈ જશે.

અહીં તો કહે છે કે આવું જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એને નહિ જાણનારા એ મોહથી પુણ્યના કર્તા ઉપાદેયબુદ્ધિએ થાય છે. આહાહા..! એ સમ્યગ્જ્ઞાનની વ્યાખ્યા કરી.

સમ્યગ્જ્ઞાનની વ્યાખ્યા સમજાય છે? શાસ્ત્ર આટલું ભણ્યો અને શાસ્ત્ર આટલા આવડ્યા એટલે સમ્યગ્જ્ઞાન (છે), એ નહિ. આહાહા..! '**શુદ્ધાત્મામેં વીતરાગ નિત્યાનંદ એક સ્વસંવેદનરૂપ...**' સ્વ એટલે પોતાનું પ્રત્યક્ષ વેદન. એવું જે '**સમ્યગ્જ્ઞાન...**' આહાહા..! ભાષા બહુ ટૂંકી અને ભાવ ઘણો ગંભીર.

ત્રીજું. ચારિત્ર કોને કહેવું. અહીં તો એમ કહેવું છે કે આવું સ્વરૂપ જે છે એને જાણતો નથી. એમ કહીને પુણ્યનો કર્તા થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? અને આવું સ્વરૂપ જે જાણે એને પુણ્યભાવ આવે ખરો. કર્તા ન થાય. જાણનાર રહે. આહાહા..! સમજાણું કાંઈ? મોટો ભવસિંધુ આહાહા..! દરિયો છે મોટો ચોર્યાશીનો અવતાર. આહા..! એક એક યોનિમાં અનંત અવતાર કર્યા. એ કોઈ પૂછતું હતું કૂતરા-કાગડાના અવતાર કર્યા હશે? અહીં કાલ ભાઈ હતો. શિક્ષક હતા. શિક્ષક આવ્યા હતા. 'આત્મધર્મ' વાંચે છે. લેતા હશે ક્યાંકથી. બ્રાહ્મણ છે. 'કમળેજ' 'કમળેજ-કમળેજ' આ કેવું? 'કમળેજ' છે ને અહીં ગામ? 'કમળેજ' 'બોટાદ'થી ત્રણ ગાઉ 'ભાવનગર'થી. 'કમળેજ' છે ને. છે ને. ગયા હતા અમે. (સંવત) ૧૯૭૭માં 'કમળેજ'માં ગયા હતા. ૧૯૭૭માં પહેલા 'ભાવનગર' આવ્યા હતા. એને ૫૬ વર્ષ થઈ ગયા. ત્યારે 'ભાવનગર'થી 'કમળેજ' ગયા હતા. ત્યાં 'હીરાલાલ' કો'ક હતો. કો'ક ગૃહસ્થનું ઘર છે ત્યાં ઉતર્યા હતા.

મુમુક્ષુ :- પટેલ-પટેલ.

ઉત્તર :- પટેલ. 'હીરાલાલ પટેલ'. વાડીયું છે એમની. ખબર છે. આ તો ૫૬ વર્ષ થઈ ગયા. ૭૭. ૨૩ અને ૩૩. એ કાલે આવ્યા હતા. 'કમળેજ'નો નાનો છોકરો બ્રાહ્મણ છે પણ.. આહાહા..! આ તો તમે ઉદ્ધારનો માર્ગ બહુ કર્યો. શિક્ષક છે અહીં. આત્માના સંસારથી ઉદ્ધાર કરવાનો માર્ગ બહુ સરસ કાઢ્યો. ક્યાંય છે નહિ. બધે વાતું. પુણ્ય અને પાપની વાતું. બહુ તો પાપથી બચવાને પુણ્ય કરે એટલે થઈ રહ્યું. જાવ. આહાહા..!

ત્રણલોકનો નાથ તો પુણ્ય-પાપ વિનાની ચીજ છે. જે ચીજ જેનાથી રહિત છે તેનાથી જ પામે? આહાહા..! એ ભગવાન તો જ્ઞાન અને આનંદના સ્વભાવવાળું તત્ત્વ છે. તો જ્ઞાન અને આનંદ અને વીતરાગસ્વભાવથી તે પમાય એવું છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- સાહેબ! મંદિરમાં જઈએ તો અમારે શું કરવું?

ઉત્તર :- મંદિરમાં જઈને આ આત્મમંદિરમાં જાવું. એ તો શુભભાવ છે. હોય છે. પણ જેને આત્મદર્શન છે તે એ શુભભાવનો કર્તા નથી. અને જેને એ નથી, અહીં એ કહેવું છે, જેને એ નથી એનો એ કર્તા થાય છે. મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! તમારે ક્યાં ન્યાં... હવે જ્યાં મંદિર નથી ત્યાં તમે પડાવ નાખ્યો છે.

મુમુક્ષુ :- આજ સવારમાં નક્કી કરી લીધું.

ઉત્તર :- પૂછ્યું હતું મેં. મહિનામાં બે વાર જાઉં છું. પાર્શ્વનાથ. સમ્મેદશિખર નજીક આવ્યું એને. પણ દરરોજના ભાવ છે એ તો મંદિર તો છે નહિ અને ત્યાં મજા કરીએ છીએ અમે. 'દેવાનુપ્રિયા'! એ પૂછ્યું હતું સવારમાં. મેં કીધું, તમારે શું કહેવાય ગામ?

મુમુક્ષુ :- 'જરીયા'.

ઉત્તર :- 'જરીયા' અને 'ધનબાદ'માં દિગંબર મંદિર તો છે નહિ. હંમેશા દર્શન કરવાનું (કેમ થાય?) પછી બચાવ કર્યો હતો. મહિનામાં બે વાર જાઉં છું સમ્મેદશિખર. નજીક છે ને એટલે. આહાહા..!

અરે..! આકરી વાત, બાપા! પ્રભુ! તું તો વીતરાગ છો ને. એને રાગથી કેમ લાભ થાય? વીતરાગસ્વભાવી ભગવાન એને રાગથી કેમ લાભ થાય? આહાહા..! વીતરાગસ્વભાવી પ્રભુ એને વીતરાગ સ્વભાવની પરિણતિથી લાભ થાય. આહાહા..! આકરો તો છે પણ માર્ગ તો આ છે, પ્રભુ! આહાહા..! અરેરે..! દુઃખી થઈને મરી ગયો છે અનંતકાળમાં. આમ જોવે. એવા દુઃખથી (મરે), મરતા આમ તડફડિયા મારે. આહાહા..! એ જ કહેતા હતા રાત્રે. નહિ? ઓલું હાર્ટનું. હાર્ટનું થાય તો આમ થઈ ગયું હતું શરીર. શું થતું હતું? ભીંસ

મુમુક્ષુ :- પાટિયાભીંસ

ઉત્તર :- એ પાટિયાભીંસ એમ કહેતા આપણે. પહેલા. હવે આ હાર્ટ કહેવાય. શ્વાસ ન લઈ શકે. પાણી નીકળે ને પરસેવો? એટલે લોહી છે તો આમ દબાઈ જાય. ચોસલા થાય એટલે શ્વાસ ન લઈ શકે. આહાહા..! એવા હાર્ટફેઈલના મરણના ભાવ અનંતા કર્યા છે, ભાઈ!

જીવતા લગન કરેલા, ૨૫ વર્ષની ઉંમર. જે દિવસે લગન કર્યા અને તે દિવસે જ દુશ્મને આવીને અગ્નિમાં નાખ્યો આખો જીવતો. ભાઈ! એવા ભવ પણ તેં અનંત કર્યા છે. પ્રભુ વીતરાગમૂર્તિ આત્મા, એના દર્શન વીતરાગ પરિણતિએ થાય. સમજાણું કાંઈ? મંદિરના ભગવાનના દર્શન તો શુભભાવે થાય. આ ભગવાનના દર્શન વીતરાગભાવે થાય. આહાહા..! શ્રદ્ધામાં તો એ વાત લે. આહાહા..! હવે ચારિત્ર લ્યે છે.

'**વીતરાગપરમાનંદ એક પરમ સમરસીભાવકર...**' ત્યાં એક જોઈએ. ચારિત્રની વ્યાખ્યા કરે છે. ચારિત્ર કોને કહેવું? આહાહા..! સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ. 'તત્ત્વાર્થસૂત્ર'નું પહેલું સૂત્ર. એમાં સમ્યગ્દર્શન-જ્ઞાનની વ્યાખ્યા કરી. હવે સમ્યક્ચારિત્રની. '**વીતરાગપરમાનંદ એક પરમ સમરસીભાવ...**' સમતાના પિંડરૂપ ભગવાનઆત્મા... આહાહા..! વીતરાગસ્વભાવથી લસલસતો પ્રભુ.. આહાહા..! એવો તું '**વીતરાગપરમાનંદ એક પરમ સમરસીભાવ...**' પરમ સમરસીભાવ. એકરૂપ પરમ સમરસીભાવ. આહાહા..!

'**ઉસીમેં નિશ્ચય સ્થિરતારૂપ...**' ભાષા દેખો! આહાહા..! એવો જે ભગવાનઆત્મા પરમવીતરાગ એક પરમસમરસી. સમરસી વીતરાગરસ. આહાહા..! એમાં સ્થિરતા. '**ઉસીમેં નિશ્ચય સ્થિરતારૂપ સમ્યક્ચારિત્ર–**' જુઓ! આ ચારિત્રની વ્યાખ્યા. આહાહા..! આ તો હજી સમ્યક્‌ના ઠેકાણા નહિ અને આ વ્રત અને તપ લઈને બેઠા એ થઈ ગયા ચારિત્ર. અરે..! શું થાય? બાપુ! એમાં કાંઈ તારી નિંદાની વાત નથી, નાથ! તારા હિતની વાત છે, પ્રભુ! આહાહા..! અહિત કઈ રીતે કરી રહ્યો છે એની એને ખબર નથી. આહાહા..! આવું જે ચારિત્ર.. આહાહા..! હવે અહીં તો કાંઈ સમ્યક્‌ના ઠેકાણા નહિ, સમ્યગ્જ્ઞાનના ઠેકાણા નહિ.

પંચમહાવ્રતના અઠ્યાવીશ મૂળગુણ છે એના વ્યવહારના ઠેકાણા નહિ અને અમે સમ્યક્ચારિત્રમાં આવી ગયા, લ્યો! આ બાયડી, છોકરા છોડ્યા, દુકાન છોડી, ધંધા છોડ્યા, હિંસા છોડી, આ અમારે ખપે નહિ, આ અમારે ખપે નહિ. પણ એ ખપે નહિ-ખપે નહિ એ ભાવ જ શુભભાવ છે. ચંડાળણીનો દીકરો બ્રાહ્મણને ત્યાં રહે (અને કહે) આ અમારે ખપે નહિ, આ અમારે ખપે નહિ. પણ તું ચંડાળણીનો પુત્ર પોતે છો. એમ શુભભાવવાળો એમ કહે કે આ અમારે ખપે નહિ. શુભભાવ પોતે વિકાર છે. એ વૃત્તિનું ઉત્થાન છે. આહાહા..! આવી વાત છે, ભગવાન! તારી બલિહારી છે, નાથ! તું કોણ છો? આહાહા..!

એવો જે વીતરાગી સમરસી ભાવ '**ઉસીમેં નિશ્ચય સ્થિરતારૂપ...**' '**ઉસીમેં નિશ્ચય સ્થિરતારૂપ...**' સમરસી, પરમસમરસી, એક પરમસમરસીભાવ એવું જે સ્વ-સ્વ-સ્વરૂપ.. આહાહા..! એમાં સ્થિરતા. સ્થિરતારૂપ સમ્યક્ચારિત્ર. આ ત્રણની વ્યાખ્યા (કરી). આહાહા..! સમજાણું કાંઈ? '**ઇન તીનોં સ્વરૂપ પરિણત હુઆ...**' એ ત્રણ સ્વરૂપે પરિણત થયો, પર્યાયમાં તેનું વીતરાગપણે પરિણમીત થવું. આહાહા..! '**જો આત્મા...**' '**તીનોં સ્વરૂપ પરિણત હુઆ જો આત્મા ઉસકો જો જીવ મોક્ષકા કારણ નહીં જાનતા,...**' આહાહા..! '**વીતરાગ સહજાનંદ એકરૂપ સુખરસકા આસ્વાદ...**' એવો જે ભગવાન એની રુચિ, એને નહિ જાણતા. '**શુદ્ધાત્મામેં વીતરાગ નિત્યાનંદ સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાન...**' તેને નહિ જાણતા. '**વીતરાગપરમાનંદ એક પરમ સમરસીભાવકર ઉસીમેં નિશ્ચય સ્થિરતારૂપ સમ્યક્ચારિત્ર-**' એ પ્રમાણે નહિ જાણતા. આહાહા..! '**વહ હી પુણ્યકો આદરને યોગ્ય જાનતા હૈ,...**' આહાહા..! આવી વાત ચોખ્ખી પડી છે હવે એને.. 'શાંતિભાઈ'! કેવી છે, જુઓને! આહાહા..!

પ્રભુ! તારો આનંદ તારામાં છે. વીતરાગી પરમ આનંદસ્વરૂપ તું છો. આહાહા..! એવો વીતરાગી એકરૂપ સમરસીભાવ, તેમાં સ્થિર થવું તે ચારિત્ર છે. આહાહા..! એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામરૂપે પરિણમતો આત્મા તે મોક્ષનું કારણ (છે) એમ નહિ જાણતા, એ પુણ્યને મોક્ષનું કારણ માનીને કર્તા થાય છે. આમ છે. આહાહા..! આચાર્યો તો નિધાન મૂકી ગયા છે. આહાહા..! જંગલમાં રહેતા, વિકલ્પ આવ્યો એના પણ કર્તા તો હતા નહિ. શાસ્ત્ર રચાઈ ગયા છે. એને જોવાને, સાંભળવાને વખત ન મળે. જે રીતે કીધું છે એ રીતે જોવાને, સાંભળવાને વખત ન મળે. અરે..! એના દુઃખના આરા કે દિ' આવે? ભાઈ! આહાહા..!

'**પુણ્યકો આદરને યોગ્ય જાનતા હૈ,...**' આહાહા..! હવે ઓલા કહે કે નહિ, સમ્યગ્દષ્ટિનું પુણ્ય મોક્ષનું કારણ છે. એ આવશે હમણાં. '**ઔર પાપકો ત્યાગને યોગ્ય જાનતા હૈ.**' બે ભાષા કહી. પુણ્યને-શુભભાવને આદરવા યોગ્ય માને છે અને અશુભને છોડવા લાયક માને છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમતો ભગવાન, એને નહિ જાણતો પુણ્યને આદરવાયોગ્ય માને છે અને પાપને છોડવા યોગ્ય માને છે. આહાહા..! એમ થઈને બેયનો કર્તા થાય છે એમ કહેવું છે. જ્ઞાતા સ્વભાવને મૂકીને આનો કર્તા થાય છે. આહાહા..!

આ તો ધીરાના કામ છે, બાપુ! નિભ્રત આવ્યું હતું ને? નિભ્રત શબ્દ (હતો). નિશ્ચિંત આહાહા..! નિભ્રત પુરુષોનું કામ છે. ચિંતાની, વિકલ્પની જાળ રહિત એવા પુરુષોનું આ કામ છે. સમજાણું કાંઈ? વિકલ્પની જાળમાં ગૂંચાઈ રહ્યા એને આ પત્તો નહિ ખાય. આહાહા..!

**'તથા જો સમ્યગ્દૃષ્ટિ જીવ રત્નત્રયસ્વરૂપ પરિણત હુએ આત્માકો હી મોક્ષકા માર્ગ જાનતા હૈ,...'** જુઓ! હવે પાછું થોડુંક ઓલું પુણ્ય નાખવું છે. '**સમ્યગ્દૃષ્ટિ જીવ રત્નત્રયસ્વરૂપ પરિણત હુએ આત્માકો હી મોક્ષકા માર્ગ જાનતા હૈ, ઉસકે યદ્યપિ સંસારકી સ્થિતિકે છેદનકા કારણ, ઔર સમ્યક્ત્વાદિ ગુણસે...**' જુઓ! ભાષા આ છે. પરંપરા–પરંપરા કોને હોય? સમજાણું કાંઈ? સંસારની લાંબી સ્થિતિ છેદવામાં શુભભાવ સ્થિતિ ઓછી કરે છે. એટલું. '**ઔર સમ્યક્ત્વાદિ ગુણસે...**' સમ્યગ્દર્શન આદિ '**ગુણસે પરંપરાય મુક્તિકા કારણ ઐસી તીર્થંકરનામપ્રકૃતિ આદિ શુભ (પુણ્ય)**, આહાહા..! **પ્રકૃતિયોંકો (કર્મોંકો) અવાંછિતવૃત્તિસે ગ્રહણ કરતા હૈ,...**' આસ્રવ આવે છે એમ જોઈએ ત્યાં. ગ્રહણનો અર્થ અગ્રહણ ન જોઈએ. ત્યાં આમ જોઈએ. છે? '**अनीहित**' '**वृत्त्या विशिष्टपुण्यमास्रवति**' એમ છે સંસ્કૃત, ભાઈ! પુણ્ય આવે છે એટલી વાત છે. સમજાણું કાંઈ?

શું કહ્યું એ? '**સમ્યગ્દૃષ્ટિ જીવ રત્નત્રયસ્વરૂપ પરિણત હુએ આત્માકો હી મોક્ષકા માર્ગ જાનતા હૈ,...**' આ વાત તો પહેલી. હવે એને '**સંસારકી સ્થિતિકે છેદનકા કારણ, ઔર સમ્યક્ત્વાદિ ગુણસે...**' પણ સમ્યક્ત્વ આદિ ગુણ છે એને. (એ પુણ્ય પ્રકૃતિ) '**પરંપરાય મુક્તિકા કારણ ઐસી તીર્થંકરનામપ્રકૃતિ આદિ શુભ (પુણ્ય) પ્રકૃતિયોંકો (કર્મોંકો) અવાંછિતવૃત્તિસે આસ્રવ આતા હૈ,**' આસ્રવ આવે છે. આહાહા..! કેવી શૈલી છે! એ પુણ્યભાવનો કર્તા નથી. છતાં પુણ્યભાવ છે એનો એને આસ્રવ આવે છે. એ સમ્યગ્દૃષ્ટિ જીવને તે પરંપરા મુક્તિનું કારણ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે વર્તમાનમાં એ ભાવ છૂટ્યો નથી, પછી છોડશે, એથી એને પરંપરા કારણ કહેવામાં આવે છે. એ સમ્યગ્દૃષ્ટિ જીવને એમ ભાષા છે. જુઓ! ઓલા એમ કહે છે કે મિથ્યાદૃષ્ટિ હોય પણ શુભ કરે તો એ કરતા કરતા નિશ્ચય થશે. આમ વાત છે. મોટો ફેર. હવે એને ભાંગવો ક્યારે? આ વાદ ને વિવાદ ચડશે, બાપા! માર્ગ (હાથ) ન આવે, બાપુ! આહાહા..! જેની હજી દૃષ્ટિ મિથ્યાત્વ છે અને એ શુભક્રિયા વ્રતાદિ, તપાદિ કરે છે એની તો અહીં વાત જ નથી. એ તો અનંતવાર કર્યા એવા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' તો એનાથી કાંઈ આત્મજ્ઞાન ન થયું.

મુમુક્ષુ :– એ તો તીર્થંકર પ્રકૃતિવાળા...

ઉત્તર :– તો તીર્થંકર પ્રકૃતિ સમકિતી છે એને હોય. તીર્થંકર પ્રકૃતિ બાંધે કોણ? સમકિતી. અને તે પ્રકૃતિની.. આમાં કહેશે હમણાં. અવાંછિતવૃત્તિથી આસ્રવ થાય છે એને. ભાવના નથી પણ એ બંધનનો ભાવ આવ્યો છે એથી એને આસ્રવ થશે. આહાહા..! છતાં '**તો ભી ઉપાદેય નહીં માનતા હૈ.**' જોયું! શુભભાવ છે, આસ્રવ આવશે પણ ઉપાદેય

માનતો નથી. પરંપરા મુક્તિનું કારણ સમ્યગ્દૃષ્ટિ જીવને (હોવા) છતાં એને ઉપાદેય માનતો નથી. આહાહા..! છે? જુઓને, લખાણ કેટલું સ્પષ્ટ છે! આહાહા..! આવો છે માર્ગ, બાપુ!

એક તો આત્મા '**પરિણત હુએ આત્માકો હી મોક્ષકા માર્ગ જાનતા હૈ,...**' એક વાત. '**ઉસકે યદ્યપિ સંસારકી સ્થિતિકે છેદનકા કારણ, ઔર સમ્યક્ત્વાદિ ગુણસે પરંપરાય મુક્તિકા કારણ ઐસી તીર્થંકરનામપ્રકૃતિ આદિ શુભ (પુણ્ય) પ્રકૃતિયોંકો (કર્મોંકો) અવાંછિતવૃત્તિસે આસ્રવ આતા હૈ,**' આસ્રવ આવે છે. '**તો ભી ઉપાદેય નહીં માનતા.**' આહાહા..! ભાવ આવે છે. પરંપરા મુક્તિનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત છે માટે કહેવામાં આવે, છતાં તેને ઉપાદેય માને નહિ. આહાહા..! કેટલું સ્પષ્ટ છે!

મુમુક્ષુ :- જગતમાં તો પુણ્યશાળીઓ કહેવામાં આવે છે.

ઉત્તર :- પુણ્યશાળી બધા ભાગ્યશાળી રખડનારા છે. પુણ્યશાળી એટલે શું? પુણ્યમાં સવાઈ ગયા. આહાહા..! ધૂળેય પુણ્યશાળી નથી. પુણ્યશાળી કોને કહેવા? પુણ્યશાળી તો આત્મગુણ પ્રગટ્યા એને પુણ્યશાળી કહેવાય. પુણ્ય શબ્દે પવિત્ર છે. પુણ્યનો અર્થ પવિત્ર થાય છે. આહાહા..! એનો અર્થ તો આવો છે. પુણ્યશાળી તો એને કહીએ કે જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એ પુણ્યશાળી છે. આહાહા..! બાકી બધા ભાગ્યહીન (છે). આહાહા..! અને તેથી અહીં સમકિતી લીધું અને તેથી તીર્થંકરપ્રકૃતિ સમકિતીને હોય છે. એટલે સમ્યગ્દૃષ્ટિ જીવને પરંપરા કારણ એવી જે તીર્થંકરપ્રકૃતિ આદિ એવું હોવા છતાં એનો આસ્રવ આવે ખરો પણ તેને તે ઉપાદેય માનતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- ચાહે નહિ.

ઉત્તર :- ચાહે નહિ. આવે. આવે છે નબળાઈ છે ને એટલી એટલે આવે છે. આહાહા..! સો કળશી અનાજ પાકે એમાં સો ભરોટા ખડ હોય સાથે. સો ગાડા. પણ એ ખરો કૃષિકાર ઘાસને માટે વાવતો નથી. અનાજને માટે (વાવે છે). એમ સમ્યગ્દૃષ્ટિ જીવ શુભભાવને આદરતો નથી પણ ભેગું ખડ થાય છે. આહાહા..! અને એ પ્રકૃતિથી એને આસ્રવ આવે છે. આસ્રવ આવે છે એટલું, હોં! ગ્રહણ કરે છે એમ નહિ. '**તો ભી ઉપાદેય નહીં માનતા હૈ.**' આહાહા..!

ઓહો..! સંતોની શૈલી તો જુઓ! 'શ્રીમદ્' કહે છે ને કે દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. આહાહા..! શું એમને કહેવું છે. એકલો વીતરાગભાવ વર્ણવવો છે એમાં. શ્વેતાંબરમાં રસ ઠંડાતો ગયો. મોળાશ.. એવો પાઠ છે. શ્વેતાંબરની મોળાશને લઈને. મોળાશનો અર્થ વિપરીતતા છે. રસ ઠંડાતો ગયો. વીતરાગતા આઘી વઈ ગઈ. આહાહા..!

એ વીતરાગસ્વરૂપ ભગવાન, એને વીતરાગની પરિણતિ તે ધર્મ, એની જાતની સ્વભાવની પરિણતિ તે ધર્મ (છે). એને ઠેકાણે રાગ જે વિપરીત ભાવ એ ધર્મનું કારણ (છે) એમ માનીને મોહથી તે પુણ્યને આદરીને કર્તા માને છે. આહાહા..! પાપને હેય માનીને કર્તા માને છે.

મુમુક્ષુ :- પાપને હેય માન્યું એટલું અડધું સાચું આવ્યું.

ઉત્તર :- ક્યાં સાચું (છે)? એકેય સાચું નથી. ઓલા બેની વચ્ચેની અપેક્ષા કહે છે. પુણ્યને ઉપાદેય માને અને પાપને હેય માને. એમ.

મુમુક્ષુ :- પુણ્ય-પાપ બેયને હેય ગણવા છે ને?

ઉત્તર :- બેય હેય છે. બેય હેય છે.

મુમુક્ષુ :- પહેલા પાપને તો ગણ્યું.

ઉત્તર :- ના ના ના. પાપને હેય ગણ્યું નથી. એણે તો પુણ્યને આદરણીય માની, પાપને હેય માની સ્વભાવને છોડી દીધો છે. એમ કહેવું છે. આત્માને.. ન કીધું?

'**રત્નત્રયસ્વરૂપ પરિણત હુએ આત્માકો હી મોક્ષકા માર્ગ જાનતા હૈ,...**' આવે છે ને? '**મોક્ષકા કારણ નહિ જાનતા હૈ.**' આવ્યું હતું ઉપર. ઉપર છે, જુઓ! '**તીનોં સ્વરૂપ પરિણત હુઆ જો આત્મા ઉસકો જો જીવ મોક્ષકા કારણ નહીં જાનતા,...**' એ નથી જાણતો એ પુણ્યને આદરણીય અને પાપને હેય માને છે. એટલે વસ્તુ તો અહીં નિષેધ થઈ ગઈ. સમજાણું કાંઈ? છે ને, ઉપર છે. '**ઉસકો જો જીવ મોક્ષકા કારણ નહીં જાનતા, વહ હી...**' એની વાત છે. '**પુણ્યકો આદરને યોગ્ય જાનતા હૈ, ઔર પાપકો ત્યાગને યોગ્ય જાનતા હૈ.**' જુઓ! એ. બેય આદરવા યોગ્ય નથી. એને ઠેકાણે સમ્યગ્દર્શન વિનાનો જીવ-આત્માના શુદ્ધ પરિણમન વિનાનો જીવ અથવા એને નહિ જાણતો જીવ પુણ્યને આદરણીય અને પાપને હેય માને (છે), એમ કહેવું છે. પાપ હેય છે, પુણ્ય.. આહાહા..!

એ ચંડાળણીના દિકરામાં જવાબ એવો આપ્યો છે. ચંડાળણીનો દિકરો બ્રાહ્મણને ત્યાં ગયો. બ્રાહ્મણ કહે, અમારે આ ખપે નહિ.. અમારે આ ખપે નહિ.. અમારે આ ખપે નહિ... પણ ન ખપે, ન ખપે (એમ કહે છે પણ) તું પોતે ચંડાળણીનો પુત્ર છો ને. એમ શુભભાવવાળો કહે અમારે આ ખપે નહિ.. અમને આ ખપે નહિ. પણ એ પોતે અધર્મ છે ને. ન ખપે-ન ખપે એવો ભાવ જ અધર્મ છે. આહાહા..! એય..! 'દેવાનુપ્રિયા'! એવી વાતું છે. ત્યાં 'ધનબાદ'માં મળે એવું નથી. 'ધનબાદ' શું 'જરીયા'. ભગવાનના દર્શન ન મળે કોઈ દિ'. સાંભળવાનું ન મળે. રોટલા ખાવાનું મળે સરખાઈનું.

મુમુક્ષુ :- રોટલા તો મળે જ ને જ્યાં જાય ત્યાં.

ઉત્તર :- ભાઈને રાખ્યા ને પાછા. કાંઈક આપશે ને એને? ભાઈને આપશે એટલે એ સાચવે એને એમ. આહાહા..! આ સંસારની સ્થિતિ એવી છે, બાપુ! આ તો જાણવાને માટે વાત છે. આહાહા..!

આવો જીવ જે છે ઈ આ રીતે માને છે એમ કહેવું છે. પુણ્ય પણ હેય છે અને પાપ પણ હેય છે એમ બે ન માનતા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી પરિણત આત્મા મોક્ષનું કારણ છે એને ન જાણતા, હેય જે પુણ્ય છે તેને ઉપાદેય તરીકે કર્તા તરીકે માને છે, પાપનો કર્તા થઈને હેય માને છે. આહાહા..! બેય એકરૂપ પાપ છે ખરેખર તો. બેય એકરૂપ અધર્મ છે. એના અજ્ઞાની બે ભાગલા પાડે છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહાહા..! ઓહો..!

આચાર્યોએ કેવું કામ (કર્યું છે)! દુનિયાની દરકાર છોડી દીધી ને આવું કહેતા સમાજ તુલના કરશે કે નહિ, સમાજ ઊભો રહેશે કે નહિ જૈનધર્મમાં? એને કાંઈ પડી નથી. માર્ગ આ છે. આહા..!

બે વાત થઈ. એક તો સ્વરૂપનો જાણનાર નથી તે પુણ્યને આદરણીય અને પાપને હેય માને છે. બીજી વાત. સમકિત આદિ ગુણવાળા જીવને તીર્થંકરપ્રકૃતિ આદિનો શુભભાવ હોય છે એ પરંપરા મુક્તિનું કારણ કહેવાય છે. તેને અવાંછિત વૃત્તિથી પુણ્યઆસ્રવ આવે છે તોપણ ઉપાદેય નથી જાણતો. આહાહા..! વજન અહીં છે. પરંપરા મુક્તિનું કારણ હોવા છતાં તેને ઉપાદેય માનતો નથી. આહાહા..! પછી છોડવું પડશે ને? છોડવા યોગ્ય તો અત્યારે માને છે. પણ હજી છોડી શક્યો નથી. પછી છોડશે માટે પહેલેથી એને ઉપાદેય માનતો નથી. આહાહા..! આવી વાત છે, બાપુ! આ તો પરમાત્મા વીતરાગના ઘરની વાત છે, ભાઈ! અને તે તારા હિતની વાત છે, પ્રભુ! આહાહા..! જન્મ-મરણના.. દેવમાં દુઃખ, સ્વર્ગમાં દુઃખ, શેઠાઈમાં દુઃખ. બધા દુઃખથી પિલાઈ ગયા છે બિચારા. ઘાણીમાં તલ જેમ પિલાઈ એમ અજ્ઞાનીઓ દુઃખમાં પિલાઈ રહ્યા છે. ભાઈ! એને ખબર નથી. સમજાણું કાંઈ?

સનેપાતિયો દાંત કાઢે (તો શું એ) સુખી છે? સનેપાત એટલો હોય એને. આમ ખડખડ દાંત કાઢે. જોડેવાળા વિચારે કે હવે ઘડી બે ઘડી છે. હમણા ઠરી જશે. આમ જોયું છે અમે નજરે, હોં! નજરે નહિ પણ જોડે બેઠા સાંભળ્યું. 'લીંબડા'માં પહેલાની વાત છે. 'લીંબડા' ગામ છે ને? બહાર ઓસરી ખાલી હતી ત્યાં રહેતા હતા. ત્યાં એક ભાઈ મરવાની તૈયારી અને રાત્રે દાંત કાઢે. આહાહા..! પરણેલો જુવાન. આઠ આઠ માણસ ઝાલે તો ઝાલ્યો રહે નહિ. એ બળ હશે? આહાહા..! એ હવે હમણા ઠરી જશે. હાય.. હાય.. દિવસ ઊગ્યા પહેલા ખલાસ થઈ ગયા.

એમ અહીં કહે છે, બહારથી જે માને, પુણ્યના પરિણામ અને પુણ્યના ફળ.. આહાહા..! એ બધા સનેપાતિયા છે. એ બધા દાંત કાઢે છે કે અમે સુખી છીએ. એ સનેપાતિયા જેવા છે. બે-પાંચ-દસ કરોડ પૈસા હોય, બાયડી-છોકરા ઠીક હોય, રળનારા છોકરા પાક્યા હોય. બાર-બાર છોકરા હોય. એક એક છોકરા કમાણીએ ચડી ગયા હોય બબ્બે લાખ રૂપિયા, પાંચ લાખ (કમાતા હોય).. આહાહા..! એ દુઃખના ઘેરાએ તું ઘેરાઈ ગયો છો, પ્રભુ! આહાહા..! એમાં ક્યાંય સુખની ગંધ નથી. દુઃખના વેદન છે. આહાહા..! અહીં તો પુણ્ય પરિણામ એ પણ દુઃખનું વેદન છે એમ કહે છે. એના ફળ તરીકે ધૂળ અને બહાર મળે એ તો વળી (ક્યાંય રહી ગયા). આહાહા..! આવી વ્યાખ્યા. આવું વ્યાખ્યાન. આહાહા..!

'**ઉપાદેય નહીં માનતા હૈં. કર્મપ્રકૃતિયોંકો ત્યાગને યોગ્ય હી સમજતા હૈ.**' લ્યો! તીર્થંકર પ્રકૃતિ પણ ત્યાગવા યોગ્ય માને છે. ૧૪૮ પ્રકૃતિ કીધી નથી? ઝેરના ઝાડ છે એ તો. આહાહા..! ભગવાન તો અમૃતનું ઝાડ છે. એમાં તો અમૃત પાકે. વીતરાગી અમૃત પાકે એવું એ વીતરાગી ઝાડ છે. વીતરાગી કલ્પવૃક્ષ છે. આહાહા..! વીતરાગી ચિંતામણિ રત્ન છે. આહાહા..! એને વીતરાગી પરિણતિ પાકે. એ એનું ફળ કહેવાય. આ પુણ્યના ફળ પાકે એ તો બધા ઝેરના ફળ છે. આહાહા..! એ ૫૪ કીધી.

अथ योऽसौ निश्चयेन पुण्यपापद्वयं समानं न मन्यते स मोहेन मोहितः सन् संसारं परिभ्रमतीति कथयति –

१८२) जो णवि मण्णइ जीउ समु पुण्णु वि पाउ वि दोइ।
सो चिरु दुक्खु सहंतु जिय मोहिं हिंडइ लोइ।।५५।।
यः नैव मन्यते जीवः समाने पुण्यमपि पापमपि द्वे।
स चिरं दुःखं सहमानः जीव मोहेन हिण्डते लोके।।५५।।

जो इत्यादि। जो णवि मण्णइ यः कर्ता नैव मन्यते जीउ जीवः। किं न मन्यते। समु समाने। के। पुण्णु वि पाउ वि दोइ पुण्यमपि पापमपि द्वे सो स जीवः चिरु दुक्खु सहंतु चिरं बहुतरं कालं दुःखं सहमानः सन् जिय हे जीव मोहिं हिंडइ लोइ मोहेन मोहितः सन् हिण्डते भ्रमति। क्व। लोके संसारे इति। तथा च। यद्यप्यसद्भूतव्यवहारेण द्रव्यपुण्यपापे परस्परभिन्ने भवतस्तथैवाशुद्ध–निश्चयेन भावपुण्यपापे भिन्ने भवतस्तथापि शुद्धनिश्चयनयेन पुण्यपापरहितशुद्धात्मनः सकाशाद्विलक्षणे सुवर्णलोहनिगलवद्बन्धं प्रति समाने एव भवतः। एवं नयविभागेन योऽसौ पुण्यपापद्वयं समानं न मन्यते स निर्मोहशुद्धात्मनो विपरीतेन मोहेन मोहितः सन् संसारे परिभ्रमति इति। अत्राह प्रभाकरभट्टः। तर्हि ये केचन पुण्यपापद्वयं समानं कृत्वा तिष्ठन्ति तेषां किमिति दूषणं दीयते भवद्भिरिति। भगवानाह। यदि शुद्धात्मानुभूतिलक्षणं त्रिगुप्तिगुप्तवीतरागनिर्विकल्पपरम–समाधिं लब्ध्वा तिष्ठन्ति तदा संमतमेव। यदि पुनस्तथाविधामवस्थामलभमाना अपि सन्तो गृहस्थावस्थायां दानपूजादिकं त्यजन्ति तपोधनावस्थायां षडावश्यकादिकं च त्यक्त्वोभयभ्रष्टाः सन्तः तिष्ठन्ति तदा दूषणमेवेति तात्पर्यम्।।५५।।

---

आगे जो निश्चयनयसे पुण्य–पाप दोनोंको समान नहीं मानता, वह मोहसे मोहित हुआ संसारमें भटकता है, ऐसा कहते हैं –

गाथा – ५५

अन्वयार्थ :– [ यः ] जो [ जीवः ] जीव [ पुण्यमपि पापमयि द्वे ] पुण्य और पाप दोनोंको [ समाने ] समान [ नैव मन्यते ] नहीं मानता, [ सः ] वह जीव [ मोहेन ] मोहसे मोहित हुआ [ चिरं ] बहुत काल तक [ दुःखं सहमानः ] दुःख सहता हुआ [ लोके ] संसारमें [ हिंडते ] भटकता है।

भावार्थ :– यद्यपि असद्भूत (असत्य) व्यवहारनयसे द्रव्यपुण्य और द्रव्यपाप ये दोनों एक दूसरेसे भिन्न हैं, और अशुद्धनिश्चयनसे भावपुण्य और भावपाप ये दोनों भी आपसमें भिन्न हैं, तो भी शुद्ध निश्चयनयकर पुण्य–पाप रहित शुद्धात्मासे दोनों ही भिन्न हुए बंधरूप होनेसे दोनों समान ही हैं। जैसे सोनेकी बेड़ी और लोहेकी बेड़ी ये दोनों ही बंधका कारण हैं – इससे समान हैं। इस तरह नयविभागसे जो पुण्य–पापको समान नहीं मानता, वह निर्मोही शुद्धात्मासे विपरीत

**जो महोकर्म उससे मोहित हुआ संसारमें भ्रमण करता है। ऐसा कथन सुनकर प्रभाकरभट्ट बोले, यदि ऐसा ही है, तो कितने ही परमतवादी पुण्य–पापको समान मानकर स्वच्छंद हुए रहते हैं, उनको तुम दोष क्यों देते हो? तब योगीन्द्रदेवने कहा–जब शुद्धात्मानुभूतिस्वरूप तीन गुप्तिसे गुप्त वीतरागनिर्विकल्पसमाधिको पाकर ध्यानमें मग्न हुए पुण्य–पापको समान जानते हैं, तब तो जानना योग्य है। परन्तु जो मूढ़ परमसमाधिको न पाकर भी गृहस्थ–अवस्थामें दान, पूजा आदि शुभ क्रियाओंको छोड़ देते हैं, और मुनि पदमें छह आवश्यककर्मोंको छोड़ते हैं, वे दोनों बातोंसे भ्रष्ट हैं। न तो यती हैं, न श्रावक हैं। वे निंदा योग्य ही हैं। तब उनको दोष ही है, ऐसा जानना ॥५५॥**

---

**હવે, જે કોઈ નિશ્ચયનયથી પુણ્ય, પાપ બન્નેને સમાન માનતો નથી તે મોહથી મોહિત થતો સંસારમાં ભટકે છે, એમ કહે છે :**

**ભાવાર્થ :- જો, કે અસદ્‌ભૂત વ્યવહારનયથી દ્રવ્યપુણ્ય અને દ્રવ્યપાપ પરસ્પર ભિન્ન છે તેમ જ અશુદ્ધનિશ્ચયનયથી ભાવપુણ્ય અને ભાવપાપ ભિન્ન છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી પુણ્યપાપરહિત શુદ્ધ આત્માથી વિલક્ષણ તેઓ, જેમ સોનાની અને લોઢાની બેડી બંધનની અપેક્ષાએ સમાન છે તેમ, બંધની અપેક્ષાએ સમાન જ છે–એ પ્રમાણે નયવિભાગથી જે પુણ્ય–પાપ બન્નેને સમાન માનતો નથી તે નિર્મોહ શુદ્ધાત્માથી વિપરીત મોહથી મોહિત થતો સંસારમાં પરિભ્રમણ કરે છે.**

**એવું કથન સાંભળીને પ્રભાકરભટ્ટ પૂછે છે કે જો એમ છે તો જે કોઈ (પરમતવાદી) પુણ્ય–પાપ બન્નેને સરખા માનીને વર્તે છે તેમને આપ શા માટે દૂષણ આપો છો? ભગવાન યોગીન્દ્રદેવ કહે છે કે જો શુદ્ધાત્માની અનુભૂતિસ્વરૂપ ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવી વીતરાગ નિર્વિકલ્પ પરમ સમાધિને પામીને સ્થિત થાય છે ત્યારે તો સંમત જ છે (ત્યારે તો પુણ્ય–પાપને સમાન માનવા તે તો યથાર્થ જ છે) પણ જો તેવી અવસ્થાને પ્રાપ્ત કર્યા સિવાય જે ગૃહસ્થઅવસ્થામાં દાન–પૂજાદિક છોડે છે અને મુનિની અવસ્થામાં છ આવશ્યક આદિને છોડીને ઉભયભ્રષ્ટ (બન્ને બાજુથી ભ્રષ્ટ) થતો વર્તે છે ત્યારે તો દૂષણ જ છે, (ત્યારે તો પુણ્ય–પાપ બન્નેને સમાન માનવાં તે તો દૂષણ જ છે) એવું તાત્પર્ય છે. ૫૫.**

---

## ગાથા-૫૫ ઉપર પ્રવચન

હવે 'પ્રવચનસાર'ની જે ૭૭મી ગાથા છે એવી આ ૫૫મી છે. ૭૭ ની કીધી હતી ને? પુણ્ય-પાપમાં વિશેષ-ફેર માને, અવિશેષ છે-બેય એકસરખા બંધના કારણ છે. છતાં બેમાં વિશેષ માને (તો) ઘોર હિંડંતિ સંસારમાં રખડશે. આહાહા..! આ લોકો તો કહે છે કે નહિ. પુણ્ય શુભભાવ તો પરંપરાએ મુક્તિ આપશે. અરે..! ભગવાન! ભાઈ! તને શું થયું આ?

આવી કુબુદ્ધિ, ભાઈ! નુકસાનકારક છે જીવને. આહાહા..! એની શાંતિને બહુ દૂર કરી નાખે છે. આહાહા..!

**'આગે જો નિશ્ચયનયસે પુણ્ય-પાપ દોનોંકો સમાન નહીં માનતા,...'** દેખો જોયું! શુભ અને અશુભભાવ બેય. જેને સમાન નથી માનતો, બે સરખા નથી માનતો. આહાહા..! **'વહ મોહસે મોહિત હુઆ...'** એ મિથ્યાત્વથી મુંઝાઈ ગયેલા, ભ્રમણામાં પડી ગયેલા **'સંસારમેં ભટકતા હૈ,...'** આહાહા..! ચોર્યાશીના અવતારમાં ભટકશે એ તો. ભવસિંધુમાં ભટકશે. પુણ્ય અને પાપ બેય સમાન છે એમ જે નથી માનતા.. આહાહા..! **'વહ મોહસે મોહિત હુઆ...'** ભ્રમણામાં, ભગવાન ભ્રમણામાં ભુલ્યો એ ભટકશે. આહાહા..! નરક અને નિગોદમાં.

**૧૮૨) जो णवि मण्णइ जीउ समु पुण्णु वि पाउ वि दोइ।**
**सो चिरु दुक्खु सहंतु जिय मोहिं हिंडइ लोइ।।५५।।**

આહાહા..! **'चिरु'** એટલે ઘણો કાળ. એ મોહી જીવ **'हिंडइ'** મોહી. ચોર્યાશીમાં હિંડશે, રખડશે. આહાહા..! એની વિશેષ વાત કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**વીર સંવત ૨૫૦૨, કારતક વદ ૧૨, ગુરુવાર**
**તા. ૧૮-૧૧-૧૯૭૬, ગાથા-૫૫, ૫૬, પ્રવચન નં. ૧૩૬**

'પરમાત્મપ્રકાશ'. ૫૫-ગાથા.

**'આગે જો નિશ્ચયનયસે પુણ્ય-પાપ દોનોંકો સમાન નહીં માનતા,...'** આહાહા..! એ ૭૭ ગાથા 'પ્રવચનસાર'ની છે એ શૈલી છે. ત્યાં એમ કહ્યું છે ૭૬ ગાથામાં કહ્યું છે ને? પુણ્ય છે એ તૃષ્ણાનું ઉત્પાદક અને દુઃખનું કારણ છે. પુણ્ય છે એના ફળ તરીકે (સંયોગ) આવે તો ત્યાં તૃષ્ણા ઉત્પન્ન કરે છે અને એ દુઃખનું કારણ છે. એથી પુણ્ય અને પાપમાં બેમાં એથી કાંઈ વિશેષ છે નહિ. આહાહા..! આ વાત. આટલું તો સ્પષ્ટ કથન છે. વ્યવહાર ક્રિયાકાંડનો જે શુભભાવ, કહે છે કે એ પુણ્ય અને પાપ બેય સમાન છે. બંધના કારણ તરીકે છે.

મુમુક્ષુ :- નિશ્ચયે પાપ જ છે ને.

ઉત્તર :- વ્યવહારે કહેઈ. નિશ્ચયનયની દૃષ્ટિએ તો બેય સમાન છે. વ્યવહારમાં ફેર હો એમ અસત્ય નયે કહેશે.

અહીં તો કહેવું છે કે પુણ્ય અને પાપ બેય ભાવ સરખા-સમાન બંધના કારણ છે. એમાં કોઈ ફેર માને કે પુણ્ય ઠીક છે, ઓલો પ્રશ્ન આવ્યો હતો ને કે પુણ્યને ઉપાદેય માને અને

પાપને હેય માને તો એટલો તો અંશ ઠીક છે કે નહિ? પણ એ આત્માની અપેક્ષાએ પાપ હેય છે એમ ક્યાં માને છે? એ તો પુણ્યની અપેક્ષાએ પાપ હેય એમ માને છે. સમજાણું કાંઈ? એ પ્રશ્ન થયો હતો કે પુણ્યને ઉપાદેય માને અને પાપને હેય માને એટલો તો અંશ સત્ય છે કે નહિ? ના. એ તો પુણ્યને ઉપાદેય તરીકે માને છે એ અપેક્ષાએ પાપને હેય માને છે. આત્માના ભાન અને સ્વભાવ દ્વારા બેય સરખા છે એમ એ માનતો નથી. આહાહા..! આવી વાત સ્પષ્ટ છે. ભગવાન શુદ્ધ ચૈતન્યઘન, એનો શુદ્ધોપયોગ છે તે મોક્ષનું કારણ છે. અને આ બેય અશુદ્ધ ઉપયોગ, અશુદ્ધ વેપાર છે. આહાહા..! એ બેને સમાન નહિ માનતા '**મોહસે મોહિત...**' એટલે? પુણ્યના ભાવમાં મૂર્છાઈ જાય છે કે ઓહોહો..! આ તો ઠીક છે. આહાહા..! એ મિથ્યાત્વને કારણે મોહથી પુણ્યમાં ફેર માને છે.

'**મોહિત હુઆ સંસારમેં ભટકતા હૈ,...**' આહાહા..! આ પહેલું કહ્યું હતું ને ઓલામાં, નહિ? ૬૦મી ગાથા. હવે આવશે ને? ૬૦મી. '**पुण्णेण होइ विहवो**' એ ૬૦મી આવશે. '**पुण्णेण होइ विहवो**' આ પુણ્યથી વૈભવ મળે. આ ધૂળ, પૈસા, બાયડી, છોકરા, કુટુંબ બધી અનુકૂળતા જાણે. આહાહા..! એ પુણ્યને લઈને વૈભવ મળે, વૈભવને લઈને મદ થાય. મદ ચડે અંદરથી (કે) અમે પૈસાવાળા, અમારે પૈસા (છે). આ ગરીબ માણસ સાધારણને રળતા આવડે નહિ અને અમે તો વ્યવસ્થાપૂર્વક બરાબર પેદા કરીએ છીએ. પુણ્યને કારણે એમ નહિ, અમે પેદા કરીએ છીએ. આહાહા..! એવો જે મદ '**मएण मइ–मोहो**' પછી મતિ ભ્રષ્ટ થઈ જાય છે. આહાહા..! પુણ્યના ફળમાં જુઓ તો અબજો રૂપિયા, કરોડોની પેદાશું હોય વર્ષની, અબજો રૂપિયા હોય. ઓહોહો..!

છે ને અત્યારે? આપણા વાણિયાઓ બે તો અબજપતિ છે. એક અહીંયાં 'જયપુર'. 'છેલશંકર' 'દુર્લભજી ઝવેરી'નો દીકરો. ૬૦ કરોડ એની પાસે છે. મોટાના છોકરા પાસે છે. એટલે બે થઈને એક અબજ રૂપિયા છે. 'જયપુર-જયપુર'. અને આ ગુજરી ગયો, નહિ ભાઈ? 'ગોવા'વાળો. એની પાસે બે અબજ ચાલીસ કરોડ. બે અબજ અને ચાલીસ કરોડ. બેય દશાશ્રીમાળી વાણિયા. બેય સ્થાનકવાસી. પણ ઓલો 'ગોવા'વાળો અંબાજીને માનનારો. આહાહા..! પુણ્યને લઈને વૈભવ મળે, વૈભવથી મદ ચડે અને મદથી મતિ ભ્રષ્ટ થઈ જાય. આહા..! છે? '**मइ–मोहेण य पावं तो पुण्णं अम्ह मा होउ**' આચાર્ય મહારાજ કહે છે કે આવા પાપ અને પુણ્ય અમને ન હો. સમજાણું કાંઈ? આહાહા..! મુનિ સ્વર્ગમાં જવાના છે પણ પહેલેથી નિષેધ કરતા જાય છે. અમને પુણ્ય અને પાપના ફળ ન હો. આહાહા..! એ '**मा होउ**'.

ભગવાન નિર્લોભી ચૈતન્યમૂર્તિ, એને છોડીને જે આ પુણ્યનો લોભ છે એ ભવભ્રમણનું કારણ છે એમ કહે છે. છે ને? '**हिण्डते**'. આમાં હતું પુણ્ય પછી. ઓલામાં ૭૭માં. '**જો જીવ પુણ્ય ઔર પાપ દોનોંકો સમાન નહીં માનતા,...**' આહાહા..! શુભ અને અશુભ બે ભાવ અને પુણ્ય-પાપના રજકણો બંધન પડે એ જડ, એ બેમાં જે સમાનતા '**દોનોંકો સમાન**

**નહીં માનતા,** આહાહા..! **વહ જીવ મોહસે મોહિત હુઆ...**' એ પુણ્યભાવમાં મિથ્યાદષ્ટિપણે મોહિત થઈ ગયો. આહાહા..! સ્વરૂપની સાવધાની છોડી અને પુણ્ય-પાપમાં સાવધાની (કરી) એ મૂર્છાઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, એની સાવધાની મોહરહિત થઈને થવી જોઈએ, એ છોડીને પુણ્યના ભાવમાં મોહિત થઈને સાવધાન થયો. આહાહા..! આટલું તો સ્પષ્ટ છે. હવે આ લોકો કહે કે નહિ, શુભભાવ પુણ્યનું કારણ તો નિમિત્ત છે. સાધન છે એ તો વળી કહે છે. એ તો પુણ્યને કારણે સંહનન અને મનુષ્યદેહ આદિ મળે છે એને નિમિત્ત કહ્યું છે, નિમિત્ત. પણ એથી ત્યાં આત્મામાં કાર્ય થાય એનાથી એમ નથી. સમજાણું કાંઈ? કે ભાઈ, મનુષ્યપણું મળ્યું, સંહનન મજબુત મળ્યું, નિરોગ શરીર મળ્યું, લાંબુ આયુષ્ય મળ્યું, એ નિમિત્ત કહેવામાં આવે પણ નિમિત્તથી કાર્ય થાય છે આત્મામાં, એમ નથી. નિમિત્ત વસ્તુ છે બીજી એક. કુંભાર ઘડો કરતો નથી પણ કુંભાર નિમિત્ત છે. છતાં એ કરતો નથી. કરનારો નથી ઘડાનો. આહાહા..! આવી વાત છે. એ તો 'આપ્તમિમાંસા'માં પણ કહ્યું છે. પુણ્યને નિમિત્ત કીધું છે. 'આપ્તમિમાંસા'માં પુણ્યને નિમિત્ત કીધું છે. પણ એનો અર્થ શું? સંહનન અને મનુષ્યદેહ આદિ મળ્યા છે એ નિમિત્ત કહેવામાં આવે છે. પણ એથી આત્માને એ નિમિત્તને લઈને ધર્મનું કાર્ય થાય, એમ નથી. આહાહા..!

'**વહ જીવ મોહસે મોહિત હુઆ...**' આહાહા..! શુભ પુણ્યના ભાવમાં મિથ્યાત્વથી મૂર્છાઈ ગયેલા જીવો... ઓહોહો..! '**બહુત કાલ તક દુઃખ સહતા હુઆ...**' આહાહા..! અનંત કાળ. આહાહા..! પુણ્યભાવને પોતાના માનીને એમાં સાવધાન થઈને મોહી ગયો, પ્રભુને ભૂલી ગયો. પોતાનો વીતરાગી સ્વભાવ સચ્ચિદાનંદ આત્મા, એ શુદ્ધતાનો અનાદર કરી અને શુભભાવનો આદર કરીને મોહી ગયો એમાં. આહાહા..! એ અનંતકાળ સંસારના દુઃખ ભોગવશે. આહાહા..! હવે કેટલું કહે આમાં? આહાહા..! '**બહુત કાલ તક દુઃખ સહતા હુઆ સંસારમેં ભટકતા હૈ.**' આહાહા..! ચોર્યાશી (લાખ) યોનિમાં ભટકશે.

**ભાવાર્થ :- 'યદ્યપિ અસદ્ભૂત (અસત્ય) વ્યવહારનયસે દ્રવ્યપુણ્ય ઔર દ્રવ્યપાપ યે દોનોં એક દૂસરેસે ભિન્ન હૈં,...**' અસદ્ભૂત વ્યવહારનય એટલે જૂઠી નય દષ્ટિથી. આહાહા..! દ્રવ્યપુણ્ય એટલે પરમાણુ, દ્રવ્યપાપ એટલે અશાતાના પરમાણુ. '**દોનોં એક દૂસરેસે ભિન્ન હૈં,...**' શું કહ્યું સમજાણું કાંઈ? શાતા વેદનીયના પરમાણુ અને અશાતા વેદનીયના પરમાણુ અસદ્ભૂત વ્યવહારનયથી બે ભિન્ન છે. '**એક દૂસરેસે...**' એ અપેક્ષાએ '**ભિન્ન હૈં,...**'

'**ઔર અશુદ્ધનિશ્ચયનયસે ભાવપુણ્ય ઔર ભાવપાપ યે દોનોં ભી આપસમેં ભિન્ન હૈં,...**' આહાહા..! અશુદ્ધ નિશ્ચયનયથી. કેમ કે એ તો પોતાના પરિણામમાં થાય છે. અને દ્રવ્ય પુણ્ય, જે દ્રવ્યપુણ્ય અને પાપ કહ્યા એ તો જડ છે. વ્યવહારનયે જે દ્રવ્યપુણ્ય-પાપ એ તો જડ છે. એ વ્યવહાર અસત્યનયે બેમાં ફેર ભિન્ન છે. અને અશુદ્ધનયે, આત્માની પર્યાયમાં થાય છે એ અપેક્ષાએ અશુદ્ધનયે પુણ્ય-પાપભાવ છે ને? '**ભાવપુણ્ય ઔર**

**ભાવપાપ યે દોનોં ભી આપસમેં ભિન્ન હૈં, તો ભી શુદ્ધ નિશ્ચયનયકર...**' આહાહા..! ભગવાનને, શુદ્ધ ચૈતન્યને જોવાની દૃષ્ટિથી જોઈએ તો '**પુણ્ય-પાપ રહિત શુદ્ધાત્માસે દોનોં હી ભિન્ન હુએ...**' શુદ્ધનિશ્ચયકર પુણ્ય-પાપ રહિત ભગવાન તો આત્મા છે. આહાહા..!

'**શુદ્ધાત્માસે દોનોં હી ભિન્ન હુએ બંધરૂપ હોનેસે દોનોં સમાન હી હૈં.**' આહાહા..! કથંચિત્ લાભદાયક છે, કથંચિત્ અલાભ એવો સ્યાદ્વાદ એમાં ન મૂક્યો. એમ કથંચિત્ મૂક્યું કે અસદ્ભૂત વ્યવહારનયથી દ્રવ્યપુણ્ય અને દ્રવ્યપાપ જે જડ છે એમાં ભેદ છે. શાતા અને અશાતા, જશો કીર્તિ અને અપજશકીર્તિ એવો પરમાણુમાં બંધમાં ફેર છે. અશુદ્ધ નિશ્ચયનયે પુણ્ય અને પાપના ભાવમાં ફેર છે. આ શુભ છે, ઓલા અશુભ છે. અશુદ્ધ નિશ્ચયનયે. જે નય આદરણીય નથી તે નયે. આહાહા..!

પણ નિશ્ચયનયથી—સત્યદૃષ્ટિથી જોઈએ તો.. આહાહા..! અશુદ્ધનિશ્ચય કહો કે વ્યવહાર કહો. એ વ્યવહારનયે જોઈએ તો ભાવપુણ્ય અને ભાવપાપમાં ફેર છે. પણ નિશ્ચયનયથી જુઓ.. આહાહા..! સત્યદૃષ્ટિથી ભગવાનઆત્મા... છે? **શુદ્ધાત્મા.** એમ ભાષા લીધી છે. ભગવાન તો પુણ્ય-પાપના ભાવ રહિત શુદ્ધ આત્મા છે. આહાહા..! એ નિશ્ચય છે. આહાહા..! '**શુદ્ધાત્માસે દોનોં હી ભિન્ન હુએ...**' બેય ભિન્ન છે. આહાહા..! '**બંધરૂપ હોનેસે...**' બેય બંધરૂપ છે. પુણ્ય અને પાપના બેય ભાવ... આહાહા..! ધારી રાખ્યું હોય ને? ધારી રાખ્યું હોય એટલે એને એમ થાય કે આ સાંભળીએ છીએ એમાં નવું કાંઈ નથી. સમજાણું? પણ પર્યાય દીઠ નવું થાય છે એ એને મહિમાની ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**શુદ્ધાત્માસે દોનોં હી...**' ત્યાં કર્યું છે. એમાં કથંચિત્ નથી. '**શુદ્ધાત્માસે દોનોં હી...**' પુણ્ય અને પાપના બેય ભાવ ભિન્ન.. ભગવાનઆત્માથી '**ભિન્ન હુએ બંધરૂપ હોનેસે દોનોં સમાન હી હૈં.**' આહાહા..! સમજાણું કાંઈ? 'પરમાત્મપ્રકાશ'માં આ, 'પ્રવચનસાર'માં 'કુંદકુંદાચાર્ય'માં આ (ગાથા છે). હવે આવી વાત સ્પષ્ટ છે. એને એ એમ કહે છે કે શુભભાવ કરતા કરતા નિશ્ચય થાય. શુભભાવને જો વ્યવહાર ક્રિયાકાંડ જે ચરણાનુયોગને અનુસારે છે એનાથી લાભ થાય એમ ન માને તો એકાંત છે, એમ કહે છે. અહીં તો ભગવાન કહે (છે), એકાંત આમ છે. પુણ્યના ભાવથી લાભ થાય એમ માને એ એકાંત મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- 'પંચાસ્તિકાય'માં એને સાધન કીધું છે.

ઉત્તર :- સાધન કીધું ને આ. બાહ્ય નિમિત્ત હોય છે. હોય છે એટલું. પણ સાધન એનાથી થાય છે એમ નથી કહ્યું.

મુમુક્ષુ :- નિશ્ચયનું બીજ છે એમ કીધું.

ઉત્તર :- એ બીજી વાત કીધી છે. 'પંચાસ્તિકાય'માં. એ તો નિશ્ચય બીજ છે. સદ્ભુત વ્યવહારનો પર્યાય છે એ નિશ્ચયનું બીજ છે. સદ્ભુત વ્યવહારનય એટલે નિર્મળ પરિણતિ જે છે એ. એ વ્યવહાર છે. એનું નિશ્ચયનું એ બીજ છે. નિશ્ચય પૂર્ણાનંદ થાય એનું એ બીજ

છે, કારણ છે. 'પંચાસ્તિકાય'માં છે. છે ને, ખબર છે ને. આહાહા..! એ તો આ રીતે છે ત્યાં. સદ્ભૂત વ્યવહાર એવો જે નિર્મળ પર્યાય, એ નિશ્ચયનું બીજ છે. પૂર્ણાનંદની પ્રાપ્તિનું એ બીજડું છે.

મુમુક્ષુ :- જ્ઞાનચેતનાપ્રધાન ચારિત્રને બીજ કહ્યું છે.

ઉત્તર :- આ બીજ કીધું ને. જ્ઞાનચેતના. અંતર એકાગ્રતા એ કેવળજ્ઞાનનું બીજ છે. જ્ઞાનચેતના દ્રવ્યની અપેક્ષાએ વ્યવહાર છે. આહાહા..! ત્રિકાળી ભગવાનઆત્મા એ અપેક્ષાએ તો નિશ્ચય મોક્ષમાર્ગ એ વ્યવહાર છે. એ વ્યવહાર, નિશ્ચય કેવળજ્ઞાનનું બીજડું છે.

મુમુક્ષુ :- જ્ઞાનચેતનાપ્રધાન તો નિશ્ચય છે.

ઉત્તર :- હા, નિશ્ચય છે કીધું ને.

મુમુક્ષુઃ- તો પછી વ્યવહાર...?

ઉત્તર :- નહિ, પર્યાય વ્યવહાર છે એ. દ્રવ્યની અપેક્ષાએ નિર્મળ પર્યાય મોક્ષમાર્ગ પણ વ્યવહાર છે. 'પરમાર્થ પ્રતિક્રમણ'માં નથી આવ્યું? નિશ્ચય આત્મા ભગવાન અક્રિય છે અને મોક્ષમાર્ગ નિશ્ચય છે તે વ્યવહાર છે. મોક્ષમાર્ગ સાધવો એ જ વ્યવહાર છે. નિશ્ચય મોક્ષમાર્ગ સાધવો એ વ્યવહાર છે. આહાહા..!

મુમુક્ષુ :- અધ્યાત્મ વ્યવહાર છે.

ઉત્તર :- ત્યાં છે. એ વળી બીજું. આ તો આ શબ્દમાં છે. આગમપદ્ધતિનો વ્યવહાર સહેલો છે માટે લોકો કરે છે. અધ્યાત્મનો વ્યવહાર જે શુદ્ધ પરિણતિને જાણતા પણ નથી. એ જુદી વાત. પણ અહીં છે. શું કહેવાય એ? મોક્ષમાર્ગ સાધવો એ વ્યવહાર અને શુદ્ધ દ્રવ્ય અક્રિયરૂપ તે નિશ્ચય. ત્રિકાળી શુદ્ધ છે તે અક્રિય છે તે નિશ્ચય અને નિશ્ચય મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર. 'પરમાર્થ વચનિકા'માં. સમ્યગ્દૃષ્ટિના વિચાર સાંભળો. એમ કરીને (લખ્યું છે). સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- અમારે તો સાહેબ, નયાતિક્રાંત થાવું છે.

ઉત્તર :- નયાતિક્રાંત એ કોને કહ્યું? એ તો વિકલ્પની અપેક્ષાએ નયાતિક્રાંત (કહ્યું). બાકી નિશ્ચયનય તો યથાર્થ છે, વિકલ્પરહિત છે એમાં નયાતીત ન ચાલે. નિશ્ચયનયનો આશ્રય કરતા મુક્તિ થાય એ નયાતિત નથી. એ તો વિકલ્પનો નય છે એનાથી નયાતીત છે. એય..! 'દેવાનુપ્રિયા'! એમાં આ લાકડા ન ચાલે ત્યાં.

મુમુક્ષુ :- નયોની લક્ષ્મી સાહેબ ઉદય જ પામતી નથી.

ઉત્તર :- નહિ. નહિ. નહિ. બિલકુલ જૂઠી વાત છે. એ તો વિકલ્પના નયની વાત છે. બાકી 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' એ વિકલ્પ નથી. એ નિર્વિકલ્પનયનો વિષય તેને નિર્વિકલ્પ કીધું છે ત્યાં. એનાથી મુક્તિ પામે છે. નયાતીતનો અર્થ તો (સમયસાર) ૧૪૨ (ગાથામાં) જે નય નિશ્ચયનો વિકલ્પ છે કે હું બદ્ધ છું, વ્યવહારનો વિકલ્પ છે, નિશ્ચયે અબંધ છું, વ્યવહારે બંધ છે, એને વિકલ્પાતીત કહ્યો છે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગમાં પૂર્વાપર વિરોધ રહિત વાત હોય. ક્યાંય વિરોધ ન હોય. એ રીતે એને નક્કી કરવું પડશે. અને

એ રીતે છે. આહાહા..!

અહીંયાં કહે છે, જુઓ! '**શુદ્ધાત્માસે દોનોં હી ભિન્ન હુએ બંધરૂપ હોનેસે દોનોં સમાન હી હૈં.**' આહાહા..! નિશ્ચયનયના સ્વભાવના આશ્રયથી જોઈએ તો એ પુણ્ય અને પાપ બેય સમાનથી હેય છે. અને સ્વરૂપ છે એ ઉપાદેય છે. નિશ્ચયનય છે ઈ. એ વિકલ્પ નહિ. શુદ્ધ આત્મા ઉપાદેય છે એવી જે નય એ તો નિર્વિકલ્પ નય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવા બધા પ્રકાર હવે. એક નિર્વિકલ્પ નિશ્ચયનય અને એક સવિકલ્પ નિશ્ચયનય. પ્રમાણ પણ સવિકલ્પ અને નિર્વિકલ્પ બે છે. પ્રમાણના બે ભેદ છે. આહાહા..! ભાઈ! આ તો વીતરાગ માર્ગ (છે), બાપા! ગંભીર છે, ઊંડું તત્ત્વ છે. એ વીતરાગ સિવાય આ વાત સર્વજ્ઞથી સિદ્ધ થયેલી વાત એ ક્યાંય નથી બીજે. સર્વજ્ઞના વાડામાં જન્મ્યા એને પણ ખબર નથી. આહાહા..!

'**બંધરૂપ હોનેસે દોનોં સમાન હી હૈં.**' એટલે? નિશ્ચયનય અને વ્યવહારનય બેય સમાન છે એમ નથી અહીંયાં. અહીંયાં તો પુણ્ય અને પાપના બેય ભાવ સમાન છે એમ કહેવું છે. અને ત્યાં જે કહેવું છે કે નિશ્ચયનયનો વિકલ્પ અને વ્યવહારનો વિકલ્પ બેય છોડવા જેવા છે. એ તો વિકલ્પ છોડવા જેવો છે. નિશ્ચયનો વિષય છે ને નિશ્ચય તે છોડવા જેવો નથી. આહાહા..!

મુમુક્ષુ :- .. પુણ્યને વિષય કોણ કરે?

ઉત્તર :- અંદર વસ્તુ છે એ નિશ્ચયનય છે. એ અહીં કહેશે હમણા. અંતર સમાધિમાં સ્થિર થાય છે તે નિશ્ચય છે. અને એમાં સ્થિર થયેલો પુણ્ય-પાપને છોડે છે તે યથાર્થ છે એમ કહેશે. શું કીધું સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કાંઈ નથી સમજાતું.

ઉત્તર :- કાંઈ નથી સમજાતું? ઠીક! એમ કહે છે કે પુણ્ય અને પાપ બે ભાવ શુભ-અશુભ છોડવા લાયક છે એ ક્યારે યથાર્થ થાય? કે અંતરદૃષ્ટિમાં સ્થિરતા થાય સમાધિથી ત્યારે એને પુણ્ય-પાપ છોડવાલાયક છે એમ થયા. સમજાણું કાંઈ? આમ પુણ્ય અને પાપ દૃષ્ટિમાં છોડવાલાયક છે એટલું કર્યું ભલે. પણ અહીં તો દૃષ્ટિમાં અંદર સ્થિર થાય. આહાહા..! એ એની સમાધિમાં સ્થિર થાય એને પુણ્ય-પાપ છૂટી ગયા છે. એટલે એને છોડવા યોગ્ય યથાર્થ થયા છે. એ કહેશે હમણા. સમજાણું કાંઈ? આમ વાત છે, ભાઈ! આમાં તો કાંઈ ચાલે એવું નથી. વીતરાગમાર્ગ છે, ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર કેવળીઓના કથનો છે. સંતો કથન કરે છે. આહાહા..!

'**જૈસે સોનેકી બેડી...**' પુણ્યભાવ એ સોનાની બેડી છે. '**ઔર લોહેકી બેડી યે દોનોં હી બંધકા કારણ હૈં-ઈસસે સમાન હૈં**' તેથી સોનાની બેડી અને લોઢાની બેડી સમાન છે. '**ઈસ તરહ નયવિભાગસે જો પુણ્ય-પાપકો સમાન નહીં માનતા,...**' નિશ્ચયનયની દૃષ્ટિએ પુણ્ય-પાપને સમાન નથી માનતા. એમ કહે છે. નયવિભાગ. નિશ્ચયનયના ભાવે સ્વભાવનો આશ્રય કરીને જે પુણ્ય-પાપને સરખા નથી માનતા.. આહાહા..! '**વહ નિર્મોહી શુદ્ધાત્માસે**

**વિપરીત...**' એ શું કહે છે? જે પુણ્યનો ભાવ છે એ '**નિર્મોહી શુદ્ધાત્માસે વિપરીત...**' છે. આહાહા..! એ '**મોહકર્મ ઉસસે મોહિત હુઆ...**' આહાહા..! એ પુણ્યભાવ એ મોહકર્મ છે. એમાં '**મોહિત હુઆ સંસારમેં ભ્રમણ કરતા હૈ.**' આહાહા..!

એક બાજુ આમ કહે અને વળી બીજી બાજુ કહે કે એ સાધન છે. કઈ અપેક્ષાએ કહ્યું એ? ત્યાં છે એટલું જ્ઞાન કરાવવા એને સાધન કહ્યું છે. સમજાણું કાંઈ? સાધનના કથન-નિરૂપણ બે પ્રકારે (છે), સાધન તો એક જ છે. જેમ મોક્ષમાર્ગનું... માર્ગ કહો કે કારણ કહો. મોક્ષમાર્ગનું કારણ તો એક જ છે. નિશ્ચય. પણ એનું નિરૂપણ બે પ્રકારે છે. મોક્ષમાર્ગ છે એ સ્વભાવને આશ્રયે થાય છે એ એક જ મોક્ષમાર્ગ છે. પણ તેની જોડે રાગની મંદતા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ હોય છે એમાં આ સાધનનો એટલે કારણનો આરોપ આપ્યો છે કે એ વ્યવહાર મોક્ષમાર્ગ (છે). એ મોક્ષમાર્ગ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું હવે. એ વળી 'ટોડરમલ'ને ઉડાડે, 'બનારસીદાસ'ને ઉડાડે. આહાહા..! આ 'વર્ણીજી'ને તો 'મોક્ષમાર્ગ પ્રકાશક' ઉપર પ્રેમ હતો. બહુ વાંચતા. 'વર્ણીજી'નું નામ લઈ ઊંધુ કરે કે એ આમ કહી ગયા છે. એ પાછા 'ટોડરમલ'ના 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો વિરોધ કરે. આહાહા..!

'**ઐસા કથન સુનકર...**' કેવું કથન? કે પુણ્ય અને પાપ બેય બંધના કારણ છે, શુદ્ધાત્માથી ભિન્ન છે એ અપેક્ષાએ એ છોડવા લાયક છે. નહિતર પુણ્યભાવમાં દૃષ્ટિ ત્યાં રહે છે અને એમાં સાવધાન રહે છે એ '**મોહસે મોહિત હુઆ...**' એ પુણ્ય-પાપમાં મોહિત થયો, મૂર્છાઈ ગયો મિથ્યાત્વથી. '**સંસારમેં ભ્રમણ કરતા હૈ.**' 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી. કેટલું પુણ્ય મળ્યું હતું, લ્યો! છ ખંડનું રાજ, છન્નું હજાર સ્ત્રી, એક સ્ત્રીની હજાર દેવ સેવા કરે. આ પુણ્યફળ. એના ફળમાં સાતમી નરકે ગયો. આહાહા..! શું છે?

મુમુક્ષુ :- એ તો સાહેબ! લખાવીને જ આવ્યો હતો સાતમી નરકે જવાનો હતો.

ઉત્તર :- લખાવીને આવ્યો તો એનો અર્થ શું? એણે કર્યું છે કામ માટે લખાવીને આવ્યો હતો.

મુમુક્ષુ :- એવું જ કામ કરવાનો.

ઉત્તર :- કરવાનો. કર્યું છે એણે. કર્તા થઈને કર્યું છે. લખાવીને આવ્યો માટે કર્યું એમ નહિ. આહાહા..! કર્તા થઈને (કર્યું છે). રત્નના ઢોલીયે સૂતો હતો. હીરા હીરાના ઢોલીયા. ઢોલીયાને શું કહે? પલંગ-પલંગ. આહાહા..! સોળ હજાર દેવ સેવા કરે. 'કુરુમતિ' રાણી (હતી) એની હજાર દેવ સેવા કરે. એ વિષયની લોલુપતામાં, ભોગની લોલુપતામાં.. આહાહા..! એ અહીં પલંગમાંથી પોઢ્યા સાતમી નરકે. બાપુ! કુદરતના નિયમમાં કાંઈ ફેર ન થાય. એક કોર સોળ હજાર દેવ ઊભા રહ્યા. છન્નું હજાર સ્ત્રીઓ જંટિયા તાણતી ઊભી રહી. ચાલ્યા ગયા આમ. પોઢ્યા સાતમી નરકે ૩૩ સાગરે. બાપુ! સાગર કોને કહેવા? આહાહા..! અને એના દુઃખો શું કહેવા?

મુમુક્ષુ :- સાહેબ! આપ ક્રમબદ્ધપર્યાય કહો છો...

ઉત્તર :- એ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કોણ કરે? નિર્ણય કરનારની દૃષ્ટિ ક્યાં હોય?

એની દૃષ્ટિ જ્ઞાયક ઉપર હોય. એની દૃષ્ટિ ક્રમબદ્ધપર્યાય ઉપર ન હોય. એમાં તો કાંઈ ચાલે એવું નથી કાંઈ ત્યાં. આહાહા..! સત્યના પંથમાં કાંઈ આડુંઅવળું ચાલે નહિ. આહાહા..!

પર્યાયમાં ક્રમબદ્ધ જ છે. છએ દ્રવ્યને. પણ એ ક્રમબદ્ધ પર્યાયમાં છે. એ પર્યાયનો નિર્ણય ક્યાં કરે? પર્યાયમાં પર્યાયને આશ્રયે નિર્ણય થાય? આહાહા..! અને ચારેય શાસ્ત્રનું (-અનુયોગનું) તાત્પર્ય વીતરાગતા છે. તો ક્રમબદ્ધપર્યાયનું તાત્પર્ય વીતરાગતા બતાવવી છે. આહાહા..! ક્રમબદ્ધ એક શાસ્ત્ર છે ને-સિદ્ધાંત? તો એનો સાર વીતરાગતા છે. તો ક્રમબદ્ધનો સાર વીતરાગતા થાય ક્યારે? કે એ ક્રમબદ્ધ ઉપરનું લક્ષ છોડીને દ્રવ્ય ઉપર જાય ત્યારે એને ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય. એમ વાતું કરે એમ ને એમ કે ક્રમબદ્ધ થાય એમ ન ચાલે. સમજાણું કાંઈ? આહાહા..!

એ કહ્યું હતું ને. અમારે (સંવત) ૧૯૭૨ની સાલમાં સંપ્રદાયમાં એ જ મોટી ચર્ચા ચાલી હતી. ૧૯૭૨ની સાલ. કેટલા વર્ષ થયા? ૬૧. મોટી ચર્ચા ચાલી હતી. કેવળજ્ઞાનીએ દીઠું એ પ્રમાણે થાશે. એ અમારે 'મૂળચંદજી' હતા, ગુરુભાઈ. બહુ વાતું કરે, આખો દિ'-રાત. કેવળીએ દીઠું એ થાશે. આપણે પુરુષાર્થ અત્યારે નહિ કરી શકીએ. કીધું, આ કોણ બોલે છે? ક્યાં બોલે છે? શેમાં છે આ વાત? કેવળીએ દીઠું એ થાશે. તો કેવળી જગતમાં છે એની પ્રતીતિ થઈ છે એને? પછી દીઠું એ થાશે. આહાહા..! ભાઈ! તમે એમ વાતું કરવા માંડો એમ ન ચાલે, કીધું. સર્વજ્ઞ જગતમાં છે અને સર્વજ્ઞે દીઠું એમ થાય એ પછી પ્રશ્ન. પણ જગતમાં સર્વજ્ઞ છે (કે) જેની એક પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોક અનંતા કેવળી જણાય છે. સમય એક છે, સમય નાશવાન છે, છતાં એક સમયની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક જાણે એવી પર્યાયની સત્તા જગતમાં છે. એવી સત્તાનો સ્વીકાર કરનાર પછી દીઠું થાય એને ખ્યાલમાં આવશે. સમજાણું કાંઈ? એ સત્તાનો સ્વીકાર કરનાર જ્ઞાનમાં અંદર ઘુસી જાય છે. ત્યારે એટલું હતું. દ્રવ્યનો આશ્રય અને એટલું બધું નહોતું તે દિ'. આ તો ૭૨ની વાત છે ને. જેના જ્ઞાનમાં કેવળજ્ઞાનની પર્યાય છે જગતમાં, એ વાત જેને બેઠી એને ભગવાને ભવ દીઠા નથી, કીધું. એય..! 'દેવાનુપ્રિયા'! કેટલા વર્ષ થયા? તમારે તો ૭૪ થયા. પણ આ ૬૧ (વર્ષ) થયા. તમારી તેર વર્ષની ઉંમરે. તે દિ' તો ભાન પણ નહિ હોય, હજી આ સાંભળ્યું પણ નહિ હોય, ભણવાની લોલુપતામાં. આહાહા..! ભાઈ! એમ ન ચાલે. કીધું.

કેવળજ્ઞાનીએ દીઠું એમ થાય એમાં પહેલા કેવળજ્ઞાનની સત્તાનો સ્વીકાર કર્યો છે કે નહિ એણે? પછી દીઠું એ થાય. એનો સ્વીકાર કરવા જાય ત્યાં તો એને જ્ઞાનમાં દૃષ્ટિ પડી જાય. જ્ઞાનમાં કેવળજ્ઞાનનો નિર્ણય થઈ જાય. આહાહા..! કેવળજ્ઞાનીનો જેને જ્ઞાનમાં નિર્ણય થયો એને ભવ ભગવાને ભાળ્યા નથી, કીધું. સમજાણું કાંઈ? આહાહા..! મોટી ચર્ચા ચાલી હતી.

અમારા ગુરુ હતા એ બિચારા ભદ્રિક હતા. આમ બહુ છાપ, ઘણી છાપ. ભદ્રિક એટલે સાધારણ નહિ, પણ સરળ અને ભદ્રિક. વ્યાખ્યાન વાંચે ત્યાં હજારો માણસો, પાંચ-પાંચ હજાર માણસ. નજર-આંખું ઊંચી ન કરે એવી એની કષાયની મંદતા. સંપ્રદાયની ક્રિયા અપેક્ષાએ ક્રિયા પણ બહુ સખત ક્રિયા, વહોરવાની, ભીક્ષા (વગેરે). પણ આ વસ્તુ નહિ.

એને એ વાત કહેતા બેઠી કે આ 'કાનજી' કહે છે એ વાત સાચી લાગે છે. પણ પાછું એને બીજે દિવસે એ ચર્ચા ઊઠી. એ 'વીંછીયા'માં રાતના થયેલી. એ બીજે દિવસે 'પાળિયાદ' ગયા. ત્યાંથી ત્રણ ગાઉ છે 'પાળિયાદ'. એ સાંજના એમને વિચાર આવ્યો. બિચારા સરળ ભદ્રિક બહુ ને? અને વ્યાખ્યાનમાં એ વાંચે એટલે લોકો તો તુંહી તુંહી થઈ જાય. એવી શાંત પ્રકૃતિ. 'હીરાજીમહારાજ'ને તમે નહિ જોયા હોય. 'જાદવજીભાઈ'!

મુમુક્ષુ :- ના ના.

ઉત્તર :- નહિ જોયા હોય. ૧૯૭૪માં ગુજરી ગયા હતા. ૭૪માં ગુજરી ગયા. ૫૮ વર્ષ થયા.

પછી બપોરના જરી એવો પ્રશ્ન ઉઠ્યો એમને. પડિલેહણ કરતા હતા. પડિલેહણ કરે સાંજ ને સવાર? કરતા કરતા ઓલી રાતની ચર્ચા થઈ ગયેલી. એટલે કહે કે 'મૂળચંદજી'! તું કહે છે એમ હોય તો પાંચ સમવાય સિદ્ધ થઈ જાય. એ પાંચ સમવાયને માને નહિ. તું કહે છે કે તે બનવાનું હોય એ બને, બનવાનું હોય એ બને. તો એ તો પાંચ સમવાય નિયતવાદ થઈ જાય અને એની સાથે પાંચ સમવાય સિદ્ધ થાય. એમ નથી. એ વાંધા ઉઠ્યા મોટા. અંદર-અંદર. બીજો સાધુ હતો એ કહે કે નહિ. ભગવાને પંદર ભવ દીઠા સુબાહુકુમારના. એમ આવે છે ને? વિપાક. એમાં દસ આવે છે ને? મિથ્યાદૃષ્ટિ છે એ ગૃહસ્થ છે અને સાધુને આહાર-પાણી આપીને પરિત સંસાર કરે છે એવો પાઠ છે. ખોટું છે, એ બધું લખાણ ખોટું. આહાર-પાણી દઈને પછી પરિત સંસાર (થાય એ) હોઈ શકે જ નહિ. પરદ્રવ્યને આહાર આપે, વીતરાગને આહાર આપે તોપણ સંસાર ઘટે નહિ કોઈ દિ'. પુણ્ય થાય. 'ધન્નાલાલજી'! આહાહા..!

એટલે કહ્યું કે આ પ્રમાણે થાય છે. તું કહે છે, આમ થઈ જાય. તો બીજો સાધુ કહે, પણ એ પંદર ભવ ભગવાને દીઠા એ શું ઓછા ભવ થાય? એય.. ચાલ્યા. મોટી ચર્ચા.. ચર્ચા.. કીધું, એમ નથી. ભગવાને દીઠું (એમ થાય) એવી માન્યતા જેને હોય એને તો ભગવાનની શ્રદ્ધા છે. ભગવાનની શ્રદ્ધા છે તો અલ્પજ્ઞ શ્રદ્ધા નીકળીને સર્વજ્ઞ શ્રદ્ધા થઈ છે. એય..! જેના ભગવાને ભવ દીઠા જ ન હોય. એક, બે, ચાર ભવ હોય. હો. સમજાણું કાંઈ? આ ૧૯૭૨ના ફાગણ માસની વાત છે. ફાગણ-ફાગણ. આહાહા..!

મુમુક્ષુ :- આટલો બધો જવાબ આપ્યો હતો?

ઉત્તર :- એ વખતે આપ્યો હતો. ગુરુને આપ્યો હતો. બધાને આપ્યો હતો. ઓલું અંદરનું હતું ને. અહીંનું તો ક્યાં હતું? પણ ઓલા અંદરના સંસ્કાર પડ્યા હતા ને અંદર? એકદમ બડબડિયા બોલતા હતા અંદરથી.

જે આ ગાથા છે ને? ૮૦-૮૧-૮૨ 'પ્રવચનસાર'ની. **'जो जाणदि अरहंत दवत्तगुणत्तपज्जयत्तेहिं'** એ જ ધ્વનિ આવ્યો હતો અંદરથી. વાંચ્યું નહોતું. (સંવત) ૧૯૭૮માં વાંચ્યું 'પ્રવચનસાર'. આ ૧૯૭૨ની વાત છે. પણ આવી હતી એ જ ધ્વનિ અંદરથી આવી હતી. ભગવાનનું જ્ઞાન જેણે જાણ્યું અને બેઠું એને ભવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

૮૦મી ગાથામાં છે ને? '**जो जाणदि अरहंत दवत्तगुणत्तपज्जयत्तेहिं**' અરિહંતના દ્રવ્ય-ગુણ ને પર્યાય. પર્યાયમાં કેવળજ્ઞાન આવ્યું. '**सो जाणदि अप्पाणं**' એ આત્માને જાણે એવો જ આત્મા લીધો છે ત્યાં. એકલું જાણીને અંદર ઊભો રહે એમ નહિ. જેણે અરિહંતના ગુણ-પર્યાય જાણ્યા એ આત્મા સાથે મેળવતા આત્માને જાણે છે. અને એને '**मोहो खलु जादि तस्स लयं।।**' મોહનો નાશ થાય, મિથ્યાત્વનો એને નાશ થઈ જાય છે. '**मोहो खलु जादि तस्स लयं।।**' એવો પાઠ છે ને? ૮૦ ગાથા છે.

અહીંયાં એ કહે છે. ૭૭મી ગાથા જે 'પ્રવચનસાર'ની (છે) ત્યાં એમ કહ્યું '**हिंडदी घोरमपारं संसारं**' શુભ-અશુભભાવમાં સમાનતા ન માનતા વિશેષ માને છે, બેમાં ફેર માને એ ફેરફુદુડીમાં રખડી મરવાનો છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો બાપુ! વીતરાગના માર્ગ છે આ. આહાહા..!

મુમુક્ષુ :- હેય-ઉપાદેયનો ફેર ન માને અને તીવ્ર-મંદનો ફેર માને તો?

ઉત્તર :- તીવ્ર-મંદ એ તો બધો વ્યવહાર છે. બંધમાં એ સરખા છે. તીવ્ર-મંદ એ તો વ્યવહારનય થઈ ગયો. એ તો પહેલું કીધું. વ્યવહારનયે પુણ્ય-પાપ બંધમાં ફેર છે. પણ બંધનમાં ફેર છે? કે એક બંધનરૂપ છે અને એક થોડું અબંધરૂપ છે? આવી વાત છે. આહાહા..!

'**નયવિભાગસે જો પુણ્ય-પાપકો સમાન નહીં માનતા, વહ નિર્મોહી શુદ્ધાત્માસે વિપરીત...**' ભાષા દેખો! આહાહા..! શુભભાવ એ મોહભાવ છે. એમાં જે પોતે ઠીક માને છે.. આહાહા..! એ '**નિર્મોહી શુદ્ધાત્માસે વિપરીત જો મોહકર્મ (શુભભાવ) ઉસસે મોહિત હુઆ...**' શુભભાવમાં મોહિત મૂર્છાઈ ગયા. '**સંસારમેં ભ્રમણ કરતા હૈ.**' આહાહા..! કેટલી વાત આવી સરસ! લ્યો! આહાહા..!

'**ઐસા કથન સુનકર પ્રભાકર ભટ્ટ બોલે,...**' શિષ્યે પ્રશ્ન કર્યો. '**યદિ ઐસા હી હૈ, તો કિતને હી પરમતવાદી પુણ્ય-પાપકો સમાન માનકર સ્વચ્છંદ હુએ રહતે હૈં,...**' પુણ્ય હો કે પાપ હો, સ્વચ્છંદમાં રહે છે પછી. તો એ પણ તમે કહો છો એવા કહેવાય એને. કહે છે, એમ નથી, સાંભળ! '**પુણ્ય-પાપકો સમાન માનકર સ્વચ્છંદ હુએ રહતે હૈં, ઉનકો તુમ દોષ ક્યોં દેતે હો? તબ યોગીન્દ્રદેવને કહા - જબ શુદ્ધાત્માનુભૂતિસ્વરૂપ...**' શુદ્ધાત્મા... (વિભાવ) છોડવાલાયક છે એવી દૃષ્ટિ અને સ્થિરતા થઈ એમ કહે છે. આહાહા..! પુણ્યનો ભાવ છોડવા લાયક છે એ ભાવ ધારણામાં ન રહ્યો, (એમ) કહે છે. આહા..! અનુભવમાં આવ્યો અંદર. આહાહા..!

મુમુક્ષુ :- 'યોગીન્દ્રદેવ'ને તુમ કેમ કીધું શિષ્યે? આપ ન કીધું.

ઉત્તર :- '**ઉનકો તુમ દોષ ક્યોં દેતે હો?**' એ તો ભાષા છે. એમાં શું છે? તુમ એટલે તમે. તુમ એટલે એકવચન નથી કંઈ. તુમ દોષ (ક્યોં દેતે હો), એમ કહે છે. આપ કહો કે તુમ કહો એક જ છે. '**તુમ દોષ ક્યોં દેતે હો?**' એ તો વિશેષ સ્પષ્ટીકરણ માટે શિષ્ય પૂછે છે.

શિષ્ય એ 'પ્રભાકર ભટ્ટ' છે.

**'તબ યોગીન્દ્રદેવને કહા – જબ શુદ્ધાત્માનુભૂતિસ્વરૂપ...'** આહાહા..! શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા, એની અનુભૂતિસ્વરૂપ **'તીન ગુપ્તિસે ગુપ્ત...'** મન-વચન-કાયાથી રહિત થઈને.. આહાહા..! સ્વરૂપમાં દૃષ્ટિ લગાવીને સ્થિર થયો. આહા..! **'વીતરાગ નિર્વિકલ્પસમાધિકો પાકર...'** આહાહા..! અભેદ દૃષ્ટિ અને શાંતિને **'પાકર ધ્યાનમેં મગ્ન હુએ...'** આહાહા..! એ કાળે **'પુણ્ય-પાપકો સમાન જાનતે હૈં,...'** આહાહા..! જોયું! આહાહા..! સ્વભાવમાં વીતરાગભાવે શાંતિ સમાધિમાં લીન (થયો) તે કાળે પુણ્ય-પાપ છોડવા લાયક (છે) એમ જાણ્યું. આહાહા..! સમ્યગ્દર્શનમાં જે સ્થિર થયો ત્યારે એણે પુણ્ય-પાપ છોડવા યોગ્ય જાણ્યું, એમ કહે છે. સમજાણું કાંઈ? એમ કહે છે. આહાહા..!

**'શુદ્ધાત્માનુભૂતિસ્વરૂપ...'** છે ને? પહેલું આવી ગયું હતું. **'શુદ્ધાત્માકી અનુભૂતિ રુચિ સે વિપરીત...'** મિથ્યાદર્શન હતું. તો શુદ્ધાત્માની અનુભૂતિ અને રુચિ એ સમ્યગ્દર્શન છે. એટલે એ સમ્યગ્દર્શનની પ્રતીતિમાં આવ્યો તે કાળે એણે પુણ્ય-પાપ છોડવા એમ જાણ્યા. ખરું તો એમ છે, કહે છે. આહાહા..! શું કહ્યું? કે શુભ અને અશુભભાવ સમાન છે. એ ક્યારે? કોને? કે પોતે સમ્યગ્દર્શનમાં નિર્વિકલ્પ શાંતિ અને સમાધિની દૃષ્ટિમાં આવ્યો છે ત્યારે તેને પુણ્ય-પાપ બેય ભાવ સમાન છે તેમ જાણ્યા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સાહેબ! શુભ અને શુદ્ધની મૈત્રી થઈ.

ઉત્તર :- મૈત્રી નથી. મૈત્રો ક્યાં હતો અહીં? વિરોધ છે. એ મૈત્રી કીધી છે એ તો બીજી અપેક્ષાએ. સાથે હોય છે એ અપેક્ષાએ. સમજાણું કાંઈ? એ 'સમયસાર'માં આવે છે ને? છેને, ખબર છે. 'જયચંદ્ર પંડિતે' એને મૈત્રી કીધી છે. એટલે સાથે છે. અને કળશ ટીકાકારે વિરોધ કર્યો છે કે શુભભાવ એને હોય નહિ, એ તો શુદ્ધભાવ થયો છે. એની સાથે એને મૈત્રી શુદ્ધભાવની સાથે છે. આહાહા..! 'જયચંદ્ર પંડિતે' જરીક મૂક્યું છે એ. એ વખતે સાથે હોય છે. જેમ જ્ઞાનધારા આવી ગઈને વાત આપણે? જ્ઞાનધારા અને કર્મધારા બેય સાથે રહેવામાં વિરોધ નથી. જેમ સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન સાથે રહેવામાં વિરોધ છે, એમ જ્ઞાનધારા સમ્યગ્દર્શન, જ્ઞાનની ધારા અને રાગધારા, કર્મધારા બેય સાથે રહેવામાં વિરોધ નથી. વિરોધ નથી એટલી મૈત્રી કહેવામાં આવી છે. સાથે છે. બાકી બેય એક છે (એમ કહો) તો તો બે ન રહ્યા. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો એ કહ્યું કે જેને અંદર જ્ઞાયકભાવમાં શુદ્ધાત્મામાં દૃષ્ટિ પડીને નિર્વિકલ્પ સમાધિ એટલે કે નિર્વિકલ્પ શાંતિ પ્રગટ થઈ છે, તે કાળે તેને પુણ્ય-પાપ સમાન છે તેમ યથાર્થ જાણ્યા કહેવામાં આવે છે. આહાહા..! જુઓ તો માર્ગ વીતરાગનો! પુણ્યનો પ્રેમ રાખીને પુણ્યને હેય માને એ વાત બને નહિ કોઈ દિ'. આહાહા..! એ પ્રેમ પુણ્યનો ક્યારે છૂટે? કે જ્યારે સ્વરૂપ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરીને એ શાંતિમાં હોય ત્યારે છૂટે. આહાહા..! પુણ્ય અને પાપ બેય અશાંતિ છે. બેય સમાન બંધનું કારણ છે. ક્યારે? કોને? આહાહા..! એ

પુણ્ય-પાપની રુચિથી ખસી જઈને શુદ્ધ આત્મા પરમાનંદ પ્રભુ એની રુચિમાં આવ્યો છે ત્યારે તેને સમાધિ એટલે શાંતિ પણ આવી છે. ત્યારે મન-વચન-કાયાની ગુપ્તિ થઈ છે. આહાહા..! એને એ કાળે પુણ્ય-પાપ છોડવાલાયક છે એમ જાણ્યા છે, એમ કહે છે. આહાહા..! ભારે. સમજાણું કાંઈ?

તમે પાંચ હજાર માગો છો તો તમને આપશું. એમ નહિ. આપે ત્યારે ખરા કહેવામાં આવે છે. એમ પુણ્ય-પાપ છોડવા લાયક છે એમ ક્યારે? કે એની રુચિ છોડીને દૃષ્ટિ કરે ત્યારે. આહાહા..! આવી વાત ક્યાં છે? એય..! 'શાંતિભાઈ'! 'શાંતિભાઈ' જ કહેતા હોં પરમ દિ'. અત્યાર સુધી જિંદગી ગુમાવી. 'દયાબેન'ને તો પ્રેમ હતો પણ આને જરી.. અર..ર..! મેં કહ્યું, જાગે ત્યારે સવાર. એનું કાંઈ નહિ. ગયું એનું ગયું. માર્ગ એવો છે, બાપા, હોં! વસ્તુ એવી છે, ભાઈ! આહાહા..! એ વાત અત્યારે બહુ લુપ્ત થઈ ગઈ. અરે..! સત્ય છે આ તો. પરમસત્ય ટંકોત્કીર્ણ રણકાર મારે. જેની દૃષ્ટિ થતાં આનંદનો સ્વાદ આવે. આહાહા..! એને પુણ્ય-પાપ જૂઠા હેય છે એમ સમાન જાણ્યા કહેવાય, એમ કહે છે. પુણ્ય-પાપનો સ્વાદ છે એ મેલો છે. એને મેલાને હેય તરીકે ક્યારે જાણ્યો કહેવાય? આહાહા..! કે ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે પ્રભુ.. આહાહા..! એનો આનંદનો સ્વાદ આવીને દૃષ્ટિમાં નિર્વિકલ્પતા થાય ત્યારે તે પુણ્ય-પાપને હેય તરીકે જાણ્યા કહેવામાં આવે. આહાહા..! 'આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી વીતરાગ.' આહાહા..!

'**ધ્યાનમેં મગ્ન હુએ પુણ્ય-પાપકો સમાન જાનતે હૈં,...**' આહાહા..! '**તબ તો જાનના યોગ્ય હૈ.**' આહાહા..! છે? પુણ્ય-પાપના ભાવથી છુટો પડી ગયો છે અને જ્ઞાયકભાવની સાથે એકમેક થયો છે. આહાહા..! ત્યારે એણે પુણ્ય-પાપ છોડવા લાયક છે એમ યથાર્થ જાણ્યું. આહાહા..! '**તબ તો જાનના યોગ્ય હૈ. પરંતુ જો મૂઢ પરમસમાધિકો ન પાકર...**' દૃષ્ટિ સમ્યગ્દર્શન તો થયું નહિ. આત્માના આનંદ તરફનો ઝુકાવ તો થયો નહિ. અને '**ગૃહસ્થ-અવસ્થામેં દાન, પૂજા આદિ શુભ ક્રિયાઓંકો છોડ દેતે હૈં,...**' એ સ્વચ્છંદી છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**મૂઢ પરમસમાધિ...**' શાંતિ. સમાધિ એટલે શાંતિ. અનંતાનુબંધીનો અભાવ એટલી શાંતિ અને મિથ્યાત્વનો અભાવ એટલી સમ્યગ્દર્શનની શાંતિ. આહાહા..! મિથ્યાત્વ પણ અશાંતિ છે, રાગ-દ્વેષ એ અશાંતિ છે, પુણ્ય-પાપ ભાવ પણ અશાંતિ છે. એને સરખા-સમાન જાણ્યા ત્યારે કહેવાય કે એનાથી ખસીને સ્વભાવની દૃષ્ટિમાં અનુભવમાં આવ્યો ત્યારે તેને (સમાન જાણ્યા કહેવાય). ત્યારે એણે કહ્યું કે તો અન્યમતિ પણ એમ કહે છે, પુણ્ય-પાપ(માં ભેદ નથી). અંતર દૃષ્ટિમાં નથી આવ્યા. પણ પુણ્ય-પાપ છોડવા.. પુણ્ય-પાપભાવ છોડવા... સ્વચ્છંદી બની જેમ તેમ ઈન્દ્રિયાના વિષયો જેમ ભોગવે અને ખાય પીવે, એને તમે દોષ કેમ દયો છો? કહે છે. ભાઈ! એ તો પોતે દૃષ્ટિમાં આવ્યા નથી અને સ્વચ્છંદી થઈને પુણ્ય-પાપ છોડીને વળી સ્વચ્છંદે વર્તે છે. પુણ્ય છોડીને પાપના ભાવમાં સ્વચ્છંદે વર્તે છે. ઈન્દ્રિય-ઈન્દ્રિયનું કામ કરે અમારે શું? અરે..! મરી જઈશ માળા. સમજાણું કાંઈ? એ વખતે

નિશ્ચય ક્રમબદ્ધમાં ભોગ આવવાનો હતો તો આવ્યો છે મારે. મરી જઈશ ભોગમાં એકાકાર થઈશ ત્યાં. ક્રમબદ્ધવાળાની દૃષ્ટિ ભોગ ઉપર ન હોય. આહાહા..! એની દૃષ્ટિ અભોગ એવો આનંદસ્વરૂપ ભગવાન (છે) ત્યાં દૃષ્ટિ હોય છે. આહાહા..! નબળાઈનો રાગ આવે છતાં એ જાણે છે કે આ દુઃખ છે. ભોગનો, વાસનાનો વિકલ્પ તો જ્ઞાનીને પણ આવે પણ એ દુઃખ જાણે છે એને. આહાહા..! આત્માના આનંદનો ભોગ તે સુખ છે. આહાહા..! આવી વાત છે. આ વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. આહા..!

'**દાન, પૂજા આદિ શુભ ક્રિયાઓંકો છોડ દેતે હૈં,...**' નથી સમાધિમાં આવ્યો, નથી દૃષ્ટિમાં આવ્યો અને પુણ્ય-પાપ છોડીને સ્વચ્છંદ કરે પાપ. '**મુનિ પદમેં છહ આવશ્યકકર્મોંકો છોડતે હૈં,...**' સમ્યગ્દર્શન છે નહિ, સમાધિ છે નહિ અને વ્યવહારમાં છ આવશ્યક છે એને છોડે છે. આહાહા..! '**વે દોનોં બાતોંસે ભ્રષ્ટ હૈં.**' નિશ્ચયથી પણ ભ્રષ્ટ છે અને વ્યવહારથી પણ ભ્રષ્ટ છે. એમ કહેવું છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ન તો યતી હૈં, ન શ્રાવક હૈં.**' આહાહા..! એ યતી પણ નથી, મુનિ પણ નથી અને શ્રાવક પણ નથી. આહાહા..! '**વે નિંદા યોગ્ય હી હૈં.**' લ્યો. છે? '**तिष्ठन्ति तदा दूषणमेवेति तात्पर्यम्।।**' ત્યાં દૂષણ છે એમ. એને દૂષણ યોગ્ય છે એ તો. એ નિંદાયોગ્ય કર્યો એનો અર્થ. દુષણ કહો કે નિંદા કહો.

'**તબ ઉનકો દોષ હી હૈ, ઐસા જાનના.**' સમાધિ, શાંતિ, દૃષ્ટિની જે સમ્યગ્દર્શન જોઈએ એ તો થયું નથી. અને પુણ્ય બધું છોડવા યોગ્ય છે એમ કરીને પાપના સ્વચ્છંદ સેવે છે. સમજાણું કાંઈ? એ તો અતો ભ્રષ્ટ, તતો ભ્રષ્ટ, બધેથી ભ્રષ્ટ છે. લ્યો! '**તબ ઉનકો દોષ હી હૈ, ઐસા જાનના.**' લ્યો! આહાહા..!

---

**अथ येन पापफलेन जीवो दुःखं प्राप्य दुःखविनाशार्थं धर्माभिमुखो भवति तत्पापमपि समीचीनमिति दर्शयति –**

**१८३) वर जिय पावइँ सुंदरइँ णाणिय ताइँ भणंति।**
**जीवहँ दुक्खइँ जणिवि लहु सिवमइँ जाइँ कुणंति।।५६।।**

**वरं जीव पापानि सुन्दराणि ज्ञानिनः तानि भणन्ति।**
**जीवानां दुःखानि जनित्वा लघु शिवमतिं यानि कुर्वन्ति।।५६।।**

**वर जिय इत्यादि। वर जिय वरं किंतु हे जीव पावइं सुंदरइं पापानि सुन्दराणि समीचीनानि भणंति कथयन्ति। के। णाणिय ज्ञानिनः तत्त्ववेदिनः। कानि। ताइं तानि पूर्वोक्तानि पापानि। कथंभूतानि। जीवहं दुक्खइं जणिवि लहु सिवमइं जाइं कुणंति जीवानां दुःखानि जनित्वा लघु शीघ्रं शीवमतिं मुक्तियोग्यमतिं यानि कुर्वन्ति। अयमत्राभिप्रायः। अत्र भेदाभेदरत्नत्रयात्मकं श्रीधर्मं लभते जीवस्तत्पापजनितदुःखमपि श्रेष्ठमिति कस्मादिति चेत्। 'आर्ता नरा धर्मपरा भवन्ति' इति वचनात्।।५६।।**

आगे जिस पापके फलसे यह जीव नरकादिमें दुःख पाकर उस दुःखके दूर करनेके लिये धर्मके सम्मुख होता है, वह पापका फल भी श्रेष्ठ (प्रशंसा योग्य) है, ऐसा दिखलाते हैं –

गाथा – ५६

अन्वयार्थ :– [ जीव ] हे जीव, [ यानि ] जो पापके उदय [ जीवानां ] जीवोंको [ दुःखानि जनित्वा ] दुःख देकर [ लघु ] शीघ्र ही [ शिवमतिं ] मोक्षके जाने योग्य उपायोंमें बुद्धि [ कुर्वन्ति ] कर देवे, तो [ तानि पापानि ] वे पाप भी [ वरं सुंदराणि ] बहुत अच्छे हैं, ऐसा [ ज्ञानिनः ] ज्ञानी [ भणंति ] कहते हैं।

भावार्थ :– कोई जीव पाप करके नरकमें गया, वहाँ पर महान दुःख भोगे, उससे कोई समय किसी जीवके सम्यक्त्वकी प्राप्ति हो जाती है। क्योंकि उस जगह सम्यक्त्वकी प्राप्तिके तीन कारण हैं। पहला तो यह है, कि तीसरे नरक तक देवता उसे संबोधनेको (चेतावने को) जाते हैं, सो कभी कोई जीवके धर्म सुननेसे सम्यक्त्व उत्पन्न हो जावे, दूसरा कारण–पूर्वभवका स्मरण और तीसरा नरककी पीड़ाकरि दुःखी हुआ, नरकको महान् दुःखका स्थान जान नरकके कारण जो हिंसा, झूठ, चोरी, कुशील, परिग्रह और आरंभादिक हैं, उनको खराब जानके पापसे उदास होवे। तीसरे नरक तक ये तीन कारण हैं। आगेके चौथे, पाँचवें, छठें, सातवें नरकमें देवोंका गमन न होनेसे धर्म–श्रवण तो है नहीं, लेकिन जातिस्मरण है, तथा वेदनाकर दुःखी होके पापसे भयभीत होना–ये दो ही कारण हैं। इन कारणोंको पाकर किसी जीवके सम्यक्त्व उत्पन्न हो सकता है। इस नयसे कोई भव्यजीव पापके उदयसे खोटी गतिमें गया, और वहाँ जाकर यदि सुलट जावे, तथा सम्यक्त्व पावे, तो वह कुगति भी बहुत श्रेष्ठ है। यही श्रीयोगिन्द्राचार्यने मूलमें कहा है–जो पाप जीवोंको दुःख प्राप्त कराके फिर शीघ्र ही मोक्षमार्गमें बुद्धिको लगावे, तो वे अशुभ भी अच्छे हैं। तथा जो अज्ञानी जीव किसी समय अज्ञान तपसे देव भी हुआ और देवसे मरके एकेन्द्री हुआ तो वह देव–पर्याय पाना किस कामका। अज्ञानीके देव–पद पाना भी वृथा है। जो कभी ज्ञानके प्रसादसे उत्कृष्ट देव होके बहुत काल तक सुख भोगके देवसे मनुष्य होकर मुनिव्रत धारण करके मोक्षको पावे, तो उसके समान दूसरा क्या होगा। जो नरकसे भी निकलकर कोई भव्यजीव मनुष्य होके महाव्रत धारण करके मुक्ति पावे, तो वह भी अच्छा है। ज्ञानी पुरुष उन पापियोंको भी श्रेष्ठ कहते हैं, जो पापके प्रभावसे दुःख भोगकर उस दुःखसे डरके दुःखके मूलकारण पापको जानके उस पापसे उदास होवें, वे प्रशंसा करने योग्य हैं, और पापी जीव प्रशंसाके योग्य नहीं हैं, क्योंकि पापक्रिया हमेशा निंदनीय है। भेदाभेदरत्नत्रयस्वरूप श्रीवीतरागदेवके धर्मको जो धारण करते हैं वे श्रेष्ठ हैं। यदि सुखी धारण करे तो भी ठीक, और दुःखी धारण करे तब भी ठीक। क्योंकि शास्त्रका वचन है, कि कोई महाभाग दुःखी हुए ही धर्ममें लवलीन होते हैं।।५६।।

**હવે, જે પાપના ફળથી જીવ દુઃખ પામીને દુઃખને દૂર કરવા માટે ધર્મની સન્મુખ થાય છે તે પાપ પણ સમીચીન (સારું) છે, એમ દર્શાવે છે :**

**ભાવાર્થ : જ્યાં (પાપના ફળરૂપ દુઃખના ડરથી) જીવ ભેદાભેદ-રત્નત્રયાત્મક શ્રીધર્મને (સત્ય ધર્મને) પામે છે તે પાપજનિત દુઃખ પણ શ્રેષ્ઠ છે કારણ કે '' (અર્થ : ઘણું કરીને દુઃખી મનુષ્યો ધર્મસન્મુખ થાય છે એવું આગમનું વચન છે.) ૫૬.**

## ગાથા-૫૬ ઉપર પ્રવચન

હવે આચાર્ય જરી બીજી વાત લેવા માગે છે થોડી.

'**આગે જિસ પાપકે ફલસે યહ જીવ નરકાદિમેં દુઃખ પાકર...**' આહાહા..! પાપ કર્યું પણ પાપના ફળ તરીકે નરકમાં મહા દુઃખમાં ગયો. '**ઉસ દુઃખકે દૂર કરનેકે લિયે ધર્મકે સન્મુખ હોતા હૈ,...**' એ પણ કહે છે કે પાપના ફળમાં નરકમાં ગયો પણ એ પાપના ફળ તરીકે જાણીને સ્વસન્મુખ થાય તો એ પાપ પણ સારું છે. '**વહ પાપ કા ફલ ભી શ્રેષ્ઠ (પ્રશંસા યોગ્ય) હૈ,...**' નરકમાં ગયો મહાવેદના... વેદના.. અર..ર..! આ શું છે? એ વેદના ઉપરથી લક્ષ છોડીને જ્યારે આ વેદના સહી ન જાય, બાપુ! એક ક્ષણમાં સહી ન જાય એવા સાગરોપમમાં રહ્યા. સિદ્ધાંતમાં છે ને કોઈ વેદનાથી સમકિત પામે છે. કોઈ શ્રવણથી પામે, કોઈ જાતિસ્મરણથી પામે. એટલે એ પામે છે એ, કહે છે કે પાપના ફળ તરીકે ભલે આવ્યું આ, પણ એમાંથી લક્ષ છોડીને જ્યારે સમકિત પામ્યો તો એ પાપનું ફળ પણ શ્રેષ્ઠ છે. એ વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

### વીર સંવત ૨૫૦૨, કારતક વદ ૧૩, શુક્રવાર
### તા. ૧૯-૧૧-૧૯ પ્રવચન નં. ૧૩૭

Pravachan no. 135
On Gatha 53 to 55,
Date: 17-11-1976

નપરમાત્મપ્રકાશ'. ૫૬-ગાથ **ફલસે યહ જીવ નરકાદિમેં દુઃખ પાકર ઉસ દુઃખકે દૂર કરનેકે લિયે** **વહ પાપકા ફલ ભી શ્રેષ્ઠ (પ્રશંસા યોગ્ય) હૈ, ઐસા દિખલાતે હૈં –'**

**૧૮૩) वर जिय पावइँ सुंदरइँ णाणिय ताइँ भणंति।**
**जीवहँ दुक्खइँ जणिवि लहु सिवमइँ जाइँ कुणंति।।५६।।**

**અન્વયાર્થ :–** '**હે જીવ, જો પાપકે ઉદય...**' ઘણા આકરા પાપ કર્યા હોય અને નરકાદિમાં ગયો. '**જીવોંકો દુઃખ દેકર...**' એ દુઃખનું નિમિત્ત (છે). '**શીઘ્ર હી મોક્ષકે જાને**

**યોગ્ય ઉપાયોંમેં બુદ્ધિ કર દેવે,...**' એ નરકમાં જઈને કે દુઃખમાં જઈને પણ પોતાના સ્વરૂપની દૃષ્ટિ કરે તો એ દુઃખ પણ ઠીક છે, એમ કહે છે. સમજાણું કાંઈ? '**દુઃખ દેકર શીઘ્ર હી મોક્ષકે જાને યોગ્ય ઉપાયોમેં...**' માથે કહ્યું હતું ને? '**યે દૂર કરને કે લિયે ધર્મ કે સન્મુખ હોતા હૈ.**' દુઃખ દૂર કરવા માટે ધર્મ સન્મુખ, આત્મસન્મુખ થાય છે તો એ દુઃખ પણ ઠીક છે કહે છે. સુંદર છે દુઃખ.

અન્યમતિમાં પણ એમ કહ્યું છે, 'સુખ કે માથે શીલા પડો હરિ હૃદયસે જાય, બલિહારી દુઃખ કી જિસમેં પલ પલ પ્રભુ સમરાય.' કહો, શેઠ! એમ કહે (છે કે) આ પુણ્યના ફળ કરતા પાપના ફળમાં પણ જો દુઃખ દૂર કરવા માટે ધર્મની મતિ સૂઝે તો એ પાપ પણ ઠીક છે, કહે છે. આહાહા..! ધર્મ સન્મુખ બુદ્ધિ સુઝે તો, એમ. એનો વિચાર કરતા.. આવે છે ને ત્રણ પ્રકાર આવશે. વેદના દેખીને કોઈ પણ સમકિત પામે, કોઈ ધર્મ શ્રવણ કરીને પામે નરકમાં અને કોઈ વેદના દેખીને પામે. જાતિસ્મરણ થઈને કોઈ પામે. એમ ત્રણ પ્રકાર છે. આવશે હમણાં. આહાહા..! '**મોક્ષકે જાને યોગ્ય ઉપાયોંમેં બુદ્ધિ કર દેવે, તો વે પાપ ભી...**' '**वरं सुंदराणि**' '**બહુત અચ્છે હૈં, ઐસા જ્ઞાની કહતે હૈં.**' આહાહા..!

**ભાવાર્થ :- 'કોઈ જીવ પાપ કરકે નરકમેં ગયા, વહાં પર મહાન દુઃખ ભોગે,...**' એ તો અનંતવાર દુઃખ ભોગવ્યા છે. નરકમાં જઈને અનંતવાર (ભોગવ્યા છે). પણ જેને દુઃખ ભોગવવાનું લક્ષ થયું. અરે..રે..! આ દુઃખ આટલા! સહ્યા જાય નહિ, સહ્યા જાય નહિ. એક ક્ષણમાં સોળ રોગ અને અનંત.. અનંત.. અનંત.. દુઃખની પીડા શીત અને ઉષ્ણની. આહાહા..! ત્યાંના શીતનો એક કણનો કટકો જો અહીં શીત..માં લાવે તો દસ હજાર યોજનના માણસ બળી જાય, ઠંડામાં મરી જાય. એવી તો ત્યાં ઠંડી. આહાહા..! ઉષ્ણનો એક કણ અહીંયાં લાવે તો દસ યોજનના માણસ ઉષ્ણતાથી મરી જાય. એવી ત્યાં ઉષ્ણતા (છે). આહાહા..! એ અનંત અનંત દુઃખ છે. દુઃખની અતિશયતાનું શું કહેવું? આહાહા..!

જેવો ભગવાનને અનંત આનંદ છે. આહાહા..! એવું અજ્ઞાનીને અનંત દુઃખ છે. આહાહા..! એ દુઃખની પરાકાષ્ઠા સાંભળે તો ત્રાસ થાય એવી ચીજ છે. એ અનંતવાર ભોગવી છે. સમ્યગ્દર્શન વિના-આત્મદૃષ્ટિ અને આત્મદર્શન વિના એવા મિથ્યાત્વના કરેલા પાપ એ નરકયોનિમાં અનંતવાર ભોગવ્યા. આહાહા..! જેમાં એક ક્ષણ પણ શાતાનો ઉદય નથી. આહાહા..! એક આહારનો કણ મળે નહિ, પાણીનું બિંદુ મળે નહિ અને જન્મથી સોળ રોગ. અને એ શીત-ઉષ્ણની પીડા.. આહાહા..! એમાં ઊપજ્યો કહે છે.

'**કોઈ સમય કિસી જીવકે...**' એમાં. એમાં પણ કોઈ જીવને. કારણ કે બધા તો અનંતવાર ગયા. થયું નથી એને કાંઈ. એવા વેદનમાં અનંતા જીવો અનંતવાર ગયા છે. છતાં કાંઈ થયું નથી. પણ કોઈ જીવને કોઈ સમયે.. આહાહા..! '**કોઈ સમય કિસી જીવકે...**' કોઈ કાળે કોઈ જીવને '**સમ્યક્ત્વકી પ્રાપ્તિ હો જાતી હૈ.**' આહાહા..! એ નરકની વેદનામાં પણ એનું જે લક્ષ છૂટી જાય છે કે અરે..રે..! આ દુઃખો! એ દુઃખથી મુક્ત થવા આત્માની દૃષ્ટિ

કરે છે ત્યાં સમકિત પામી જાય છે. આહાહા..! કહો, એટલા દુઃખો. જેને આહાર-પાણીનો કણ નથી. અને અહીં માણસ કહે કે અમને પણ સગવડતા કાંઈક હોય તો ધર્મ કરીએ ને? આજીવિકા હોય, છોકરા કાંઈક રળતા હોય. અમારે નિવૃત્તિ લેવી હોય તો આવું કાંઈક હોય તો લઈએ. પણ ત્યાં નરકના દુઃખના પાર નથી, કહે છે. એનું માપ વિચાર્યું હોય તો તો ત્રાસ થાય એવું છે. એટલી પીડા.. પીડા... પીડા... શરીરના, પારાના જેમ ભિન્ન-ભિન્ન કટકા થઈ જાય, એમ શરીરના કટકા થઈ જાય. આહાહા..! વળી પાછા મળી (ભેગા થઈ) જાય. કારણ કે આયુષ્ય છે ત્યાં સુધી તો છૂટે નહિ. આહાહા..! એની એક ક્ષણની પીડા અનંતા અનંતા દુઃખને આપે. એવા સાગરોપમ દુઃખ એણે ભોગવ્યા છે, ભાઈ! ભૂલી ગયો પણ. અહીંયાં કાંઈક ઠીક મળ્યું... આહાહા..!

મુમુક્ષુ :- તીર્થંકરના જન્મ સમયે...

ઉત્તર :- એ શાતાનો ઉદય ક્ષણ (પૂરતો છે). ક્ષણિક એ તો શાતાનો ઉદય (આવે છે). એવો શાતાનો ઉદય, હોં! સુખ નહિ. શાતાનો ઉદય જરી. આત્માનું સુખ નહિ. પણ એ તો ક્ષણિક છે. એમાં શું થયું? શાતાનો ઉદય એવો જરી મેળ છે. ભગવાનનો જન્મ થાય, ભગવાનને કેવળજ્ઞાન થાય (ત્યારે) નારકીમાં પણ જરી ક્ષણ શાતા દેખાય. એક ક્ષણ. આહાહા..! પણ એની પીડા.. આહાહા..! લાખ મણનો લોઢાનો ગોળો હોય અને લુહારનો દીકરો જુવાન બત્રીસ વર્ષનો હોય, એણે એ ગોળાને છ મહિના સુધી અગ્નિમાં તપાવીને ટીપીને મજબુત કર્યો હોય. ટીપી ટીપીને. એ ગોળો ત્યાં મૂકે તો બે ઘડીમાં પાણી થઈ જાય. એટલી તો એની ઉષ્ણતા અને શીતની વેદના છે. આહાહા..!

જેવો ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદ છે એનું ભાન થઈને જેને પર્યાયમાં અતીન્દ્રિય આનંદ પ્રગટે પરમાત્માને, એવો જ્યાં અતીન્દ્રિય આનંદથી ઊલટું ઇન્દ્રિય દુઃખ છે. આહાહા..!

મુમુક્ષુ :- અતીન્દ્રિય સુખ...

ઉત્તર :- એનાથી ઇન્દ્રિય દુઃખ એટલું અનંતગણું છે. આહાહા..! ઓલું અતીન્દ્રિય સુખ છે, આ ઇન્દ્રિયનું દુઃખ છે. આહાહા..! શ્વાસ લેવાને સખ નથી ત્યાં. શ્વાસ લે ત્યાં સબાકા, ત્રાસ. શું કહેવાય આ? શૂળ ચડે શૂળ. એવી પીડાથી અનંતગુણી. બાપુ! એ તો કહેવાની ભાષા થાય છે. પણ એનું માપ વિચારમાં આવે તો અનંત અનંત દુઃખ છે. આહાહા..! લ્યો!

‘**સમય કિસી જીવકે...**’ કોઈ કાળે અને કોઈ જીવને ‘**સમ્યક્ત્વકી પ્રાપ્તિ હો જાતી હૈ.**’ દુઃખનું લક્ષ (થાય) કે અર..ર..! આ દુઃખ સહ્યા જાય નહિ. આયુષ્ય પૂરું થાય નહિ. આયુષ્ય તો જે હોય છે (એ ભોગવવું પડે). આહાહા..! અહીં જરીક અગ્નિમાં પગ પડે ત્યાં રાડ નાખી જાય છે. આહાહા..! ઊનું પાણી ધગધગતું પડે શરીર ઉપર તો ફોડલા ઊઠે અને રાડ નાખી જાય. એ તો અનંતમા ભાગની વાત છે. આહાહા..! કહે છે કે એવા જીવમાં કોઈ જીવને કોઈ સમયમાં. એટલે દરેક સમયમાં નહિ અને દરેક જીવને નહિ. આહાહા..! એ

દુઃખનું વેદન લક્ષમાં લે છે. અર..ર..! આહાહા..! પ્રભુ! કોઈ નિસ્તાર આનો? સહ્યા જાય નહિ, આયુષ્ય પૂરું થાય નહિ. આહાહા..! અને સાગરોપમ અસંખ્ય અબજ વર્ષો. અસંખ્ય અબજ વર્ષો. એમાંથી ગુલાંટ ખાઈ જાય છે અંદરથી. આહાહા..! અરે..! આ દુઃખથી મુકવાનો કોઈ પંથ-રસ્તો? ત્યારે અંતરમાં દૃષ્ટિ પડે છે. આ દુઃખને મુક્ત થવાનો ઉપાય આ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ક્યોંકિ ઉસ જગહ સમ્યક્ત્વકી પ્રાપ્તિકે તીન કારણ હૈં.**' નરકમાં સમકિત પામવાને ત્રણ કારણ છે. નિમિત્તકારણની વાત છે. '**પહલા તો યહ હૈ, કિ તીસરે નરક તક દેવતા ઉસે સંબોધનેકો (ચેતાવને કો) જાતે હૈં,...**' દેવતા તેને સંભળાવવા જાય છે. આહાહા..! '**સો કભી કોઈ જીવકે ધર્મ સુનનેસે સમ્યક્ત્વ ઉત્પન્ન હો જાવે,...**' ત્રણ નરક સુધી, હોં! અરે..! જીવ તેં શું કર્યું હતું આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રણ નરક સુધી. ત્રણ નરક સુધી. ચાર નીચે નહિ. દેવતા સંભળાવે જરી. કોઈ પૂર્વનો પ્રેમી હોય. અર..ર..! ભાઈબંધ ક્યાં ગયો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આ તો કોઈની વાત છે. કોઈ જીવને કોઈ કાળે. બધા જીવને નહિ. આહાહા..! એને સંભળાવવા જાય દેવ. છે ને?

'**ધર્મ સુનનેસે...**' નારકીમાં. સાતમી નરકમાં પણ. એ પછી લેશે. અહીં તો હજી ત્રણ નરક સુધી. ત્યાં શ્રવણનું પછી નથી. ત્રણ નરક પછી શ્રવણનું નથી. વેદન અને જાતિસ્મરણ બે છે. અને અહીં ત્રણ નરક સુધી વેદન, જાતિસ્મરણ અને શ્રવણ ત્રણ કારણથી કોઈ જીવ પામે. આહાહા..! નરકમાં પડ્યો એને કહે હે જીવ! અરે..! આ શું કર્યું તેં? આ રાજના અભિમાન, ભોગના અભિમાન. મરી ગયો તું ત્યાં. એમાં તને નરકપણું આવ્યું. આહાહા..! અરે..! તારો આત્મા આનંદનો નાથ છે એને ભૂલીને તેં આ ભોગમાં આસક્તિ કરીને મરી ગયો તું. જુઓ! આ પીડા. આહા..! એમ કરતા સાંભળે છે. અને દૃષ્ટિ આત્મામાં અંદર ઉતરી જાય છે. ગુલાંટ ખાય જાય છે. અરે..! આ આત્મા તો આનંદસ્વરૂપ છે. જેમાં દુઃખ નથી એવા આનંદસ્વરૂપનો આશ્રય લેતા દુઃખ દૂર થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સુનનેસે સમ્યક્ત્વ ઉત્પન્ન હો જાવે, દૂસરા કારણ પૂર્વભવકા સ્મરણ...**' જાતિસ્મરણ. નરકમાં કોઈ પૂર્વનું સ્મરણ આવી જાય. અરે..રે..! સંતોએ કહ્યું હતું મને કે તું આ દુઃખ કરીશ (તો) મરીને નરકે જાઈશ. એ કહ્યું હતું પણ મેં કાંઈ કર્યું નહિ. કહ્યું હતું, સાંભળ્યું હતું પણ કર્યું નહિ મેં. આહાહા..! સમજાણું? એવું એને સ્મરણ આવી જાય છે. લ્યો! છે? '**પૂર્વભવકા સ્મરણ ઔર તીસરા નરકકી પીડાકરિ દુઃખી હુઆ,...**' એ ત્રણ પ્રકાર છે. આહાહા..! '**નરક કો મહાન દુઃખકા સ્થાન જાન...**' દેખો! નરકને મહાન દુઃખના સ્થાન જાણીને.. આહાહા..! વીસ વર્ષનો જુવાન રાજકુમાર હોય અને જેણે કરોડો રૂપિયા ખર્ચીને લગન કર્યા હોય, જેને કરોડોની ઊપજ હોય એ લગનના દિવસે જ્યાં બરાબર

આવ્યો. એને જીવતો ને જીવતો કોઈ જમશેદ(પુર)ની (ભઠ્ઠીમાં) ઓલામાં નાખી દે. જમશેદ(પુર)ની ભઠ્ઠીમાં. આહાહા..! એ જે પીડા છે એથી અનંતગુણી પીડા નરકને પહેલે પાસડે છે. ભાઈ! એણે વિચાર કર્યો નથી. એમ ને એમ ઓઘે ઓઘે ચાલ્યો જાય છે. આહાહા..!

મુમુક્ષુ :- સાહેબ! નરકનું દુઃખ છે એ સંજ્ઞીપણું છે.

ઉત્તર :- સંજ્ઞીપણું એ દુઃખ છે એ સંયોગની અપેક્ષાએ દુઃખ કહેવામાં આવે છે. છે તો એને રાગ-દ્વેષનું દુઃખ. દુઃખ સંયોગનું નથી. રાગ અને દ્વેષનું દુઃખ છે. અને નિગોદને દુઃખ છે એ પર્યાયની હીણતા કરી નાખી છે એનું એને દુઃખ છે. નિગોદમાં નરક કરતા પણ ઘણું દુઃખ (છે) પણ એ પર્યાયની હીણતા પરિણમી ગઈ છે. આહાહા..! અક્ષરના અનંતમા ભાગે ફક્ત વિકાસ રહી ગયો છે. એથી એવા અનંતા ગુણોનો વિકાસ અલ્પ થઈ ગયો છે. એ દુઃખ છે એને. આહાહા..! આને સંયોગથી કહેવામાં આવે છે. બાકી એને એના રાગ-દ્વેષનું દુઃખ છે. સમજાણું કાંઈ? લોકોને ખ્યાલ આવે કે આ શીતની વેદનાથી દુઃખી છે, ઉષ્ણની વેદનાથી દુઃખી છે. શીત અને ઉષ્ણ વેદના કરતો નથી. એના તરફ લક્ષ જતાં એને રાગ અને દ્વેષ થાય છે તેનું એ વેદન કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ નરકનું ક્ષેત્ર જ એવું છે કે પીડાનું કારણ થાય. નિમિત્ત તરીકે. સ્વર્ગનું ક્ષેત્ર એવું છે કે બાહ્યના સુખનું નિમિત્ત થાય. એ 'ચિદ્‌વિલાસ'માં આવે છે. ભાઈએ નાખ્યું છે. 'દીપચંદજી'એ. નરકનું ક્ષેત્ર જ એવું છે. એ દાખલો શેના ઉપર આપ્યો છે? કે આ અસંખ્ય પ્રદેશી ભગવાનઆત્મા છે ને? અસંખ્ય પ્રદેશ, સ્વક્ષેત્ર. એ સ્વક્ષેત્ર આનંદનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા..! જેમ નરકનું ક્ષેત્ર દુઃખનું કારણ છે. નિમિત્ત તરીકે છે. અને આ તો ઉપાદાન તરીકે છે. આહાહા..! અસંખ્ય પ્રદેશમાં અનંત આનંદથી બિરાજમાન ભગવાન છે. આહાહા..! એ આત્માનું ક્ષેત્ર તો પ્રદેશ જે છે એ તો દુઃખનું કારણ નથી, સુખનું કારણ છે. સમજાણું કાંઈ? નરકનું ક્ષેત્ર અને સ્વર્ગનું ક્ષેત્ર કીધું એ તો નિમિત્તથી કહ્યું કે નરકનું ક્ષેત્ર દુઃખરૂપ છે, સ્વર્ગનું ક્ષેત્ર સુખરૂપ છે. એ તો નિમિત્તથી કથન કર્યું. આ તો ભગવાનઆત્મા.. આહાહા..! એનું ક્ષેત્ર-પ્રદેશનું સ્વરૂપ જ એવું છે કે અનંત આનંદ અને અનંત જ્ઞાનથી ભરેલો પ્રદેશ છે. એક એક પ્રદેશમાં અનંત ગુણ પડ્યા છે. એક ગુણનું અસંખ્ય પ્રદેશમાં વ્યાપવું છે. ક્ષેત્ર-ક્ષેત્ર. આહાહા..!

એક પ્રદેશમાં અનંતા ગુણો છે. એવો એક એક ગુણ અસંખ્ય પ્રદેશે વ્યાપેલો છે. એમ અનંત ગુણો વ્યાપેલા છે. આહાહા..! એવું જેનું સ્વક્ષેત્ર છે. એ સ્વક્ષેત્રનું વીર્ય છે. એમ ત્યાં કહ્યું છે, ભાઈ! સમજાણું કાંઈ? ક્ષેત્રવીર્ય, કાળવીર્ય, ભાવવીર્ય એવા ઘણા ભેદ પાડ્યા છે ને? 'ચિદ્‌વિલાસ'માં. ઓલામાં પણ છે. આહાહા..! એ ક્ષેત્રનું સામર્થ્ય જ એવું છે ભગવાનઆત્માનું. આહાહા..! એ ક્ષેત્રવીર્ય એવું છે કે એને આનંદ જ આપે. આહાહા..! સ્વક્ષેત્રનો આશ્રય કરવા જાય અને સ્વક્ષેત્રમાં વસે એને આનંદ મળે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્વકાળ...

ઉત્તર :- સ્વકાળ, એ પુરુષાર્થ કરે ત્યારે સ્વકાળ આવી જાય. એમ છે. સ્વકાળ ભાષા નથી ત્યાં. એ પોતાનો પુરુષાર્થ છે ત્યાં સ્વકાળ પાકી જાય ત્યાં.

મુમુક્ષુ :- એમ કહે છે કાળ આવે ત્યારે પુરુષાર્થ થાય ને?

ઉત્તર :- ના, ના. પુરુષાર્થ પાકે ત્યારે કાળ પાકી જાય. અહીં વાત કીધી ને સવળી. આહાહા..! એ તો વાત કરીને અહીં. 'ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ પુરુષાર્થ' આત્માર્થ છેદો નહિ. કાળે થાશે, આ થાશે ને આ થાશે. એ તો વાત કરી હતી ને કાલે ઘણી?

મુમુક્ષુ :- પુરુષાર્થ અભેદ છે ને.

ઉત્તર :- પુરુષાર્થ પોતાનું સ્વરૂપ જ છે. અનંત પુરુષાર્થ. અનંત પુરુષાર્થ એનું સ્વરૂપ છે. અસંખ્ય પ્રદેશમાં અનંત પુરુષાર્થ-વીર્ય વ્યાપી ગયેલું છે આહાહા..! એવું સ્વક્ષેત્ર તે આનંદદાયક છે. સમજાણું કાંઈ? એ પ્રદેશમાં જેણે વાસ કર્યો, સ્વપ્રદેશમાં જેણે નિવાસ કર્યો એ જગતનો સાક્ષી પરમાત્મા થઈ જાય છે. આહાહા..! આ બહારના બંગલામાં હજારોમાં ને મોટા કરોડના બંગલા અને અબજોના બંગલામાં નિવાસ કરે એ તો પાપના નિમિત્ત છે. દુઃખનું નિમિત્ત છે. આહાહા..! સારું મકાન ને સારા પલંગ અને સારા તળાયું ને તકિયા ને એય આમ સૂતો હોય જાણે. આહાહા..! એ તો દુઃખના કારણ છે.

મુમુક્ષુ :- તકિયા દુઃખનું કારણ છે?

ઉત્તર :- દુઃખના કારણ છે. એ.. શેઠ! આ શેઠને ત્રણ બંગલા છે મોટા. એક છોકરાના માથે લખી દીધું છે. બે બીજા છે. શું કરશે એને? બબ્બે લાખના બંગલા છે ત્રણ મોટા. ભાડુ ઘણું ઊપજે છે. એ સુખનું કારણ હશે? આને ભાડું ઊપજે છે. નહિ? આ 'પ્રશ્નનારદ'ને. ત્યારે ન્યાં પડ્યો છે ને.

મુમુક્ષુ :- રોટલા મળવાનું કારણ થાય.

ઉત્તર :- રોટલા પણ આવવાના હોય તો આવે. પૈસાથી ન આવે. આહાહા..! એ તો નથી લખ્યું? કે દાણે દાણે નામ લખ્યું નથી? 'ખાનારનું દાણે દાણે નામ છે.' એનો અર્થ શું થયો? એ રજકણો ત્યાં આવવાના એ આવવાના. નહિ આવવાના એ નહિ આવવાના. એ પુણ્યને લઈને નથી. પુણ્ય તો નિમિત્ત છે. આહાહા..!

અહીં તો નરકનું ક્ષેત્ર દુઃખરૂપ કહ્યું, એમ આત્માનું ક્ષેત્ર આનંદરૂપ છે. આહાહા..! જેણે સ્વક્ષેત્રમાં નિવાસ કર્યો. નિ-વિશેષે વાસ-વસ્યો અંદર. આહાહા..! અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્રમાં જેણે વાસ કર્યો, જેણે વાસ્તુ લીધું એમાં. આહાહા..! પરક્ષેત્રમાં વાસ્તુ પાંચ લાખના બંગલા કર્યા, દસ લાખના કર્યા. એ વાસ્તુ બધા દુઃખના કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? એની પાસે બહુ છે છોકરાને. 'ચીમનભાઈ'ને ત્યાં ત્રણ-ત્રણ લાખના ત્રણ બંગલા છે. પૈસા ઘણા છે. ધૂળેય નથી ત્યાં. આહાહા..!

મુમુક્ષુ :- હોય તો મહેમાનને ઉતરવા..

ઉત્તર :- કોણ મહેમાન ક્યાં છે? ઉતર્યા છીએ ને અમે ત્યાં ઉતર્યા હતા ને. બે વાર ઉતર્યા હતા.

મુમુક્ષુ :- આપને વિનંતી કરી...

ઉત્તર :- વિનંતી કરી હતી. આહાહા..!

ત્યાં તો એમ કહ્યું છે. ક્ષેત્ર બતાવીને પ્રદેશ. જીવના પ્રદેશ સ્વક્ષેત્ર છે એ સ્વક્ષેત્ર જ સુખનું-આનંદનું કારણ છે. એના ક્ષેત્રમાં વસવું એ આનંદનું કારણ છે. ક્ષેત્રમાંથી ખસીને રાગાદિમાં વસવું એ દુઃખનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ચૈતન્ય ભગવાન અસંખ્ય પ્રદેશી. એ પ્રદેશમાં જેણે પ્ર-દેશ. પરદેશ નહિ. પ્ર-વિશેષે, દેશ-અંશ છે. પ્રદેશ. એવા અસંખ્ય પ્રદેશી વસ્તુ ભગવાન છે. ચૈતન્યઘન છે એ. એમાં જેનો વાસ (થયો). એ ક્ષેત્ર જ આનંદનું કારણ છે. આહાહા..! નરકનું ક્ષેત્ર દુઃખનું નિમિત્ત. નિમિત્ત છે એ તો. અને આ સ્વર્ગનું ક્ષેત્ર સુખનું, કલ્પનાના સુખનું (નિમિત્ત). છે તો એ દુઃખ. ભગવાનનું ક્ષેત્ર આનંદનું કારણ છે. ઉપાદાન એનું છે. ઓલામાં તો નિમિત્ત છે. સમજાણું કાંઈ? આહાહા..!

સ્વપ્રદેશ, સ્વક્ષેત્રમાં એણે કોઈ દિ' વાસ કર્યો નથી. આહાહા..! અસંખ્ય પ્રદેશી ચૈતન્યધામ 'સ્વયં જ્યોતિ સુખધામ' એ સુખનું ક્ષેત્ર છે. અતીન્દ્રિય આનંદનું જ એ પ્રદેશ-ક્ષેત્ર છે. આહાહા..! જે આનંદદાયક છે અને આનંદ આપે. આહાહા..! એનું કોઈને દુઃખને કારણે અથવા સાંભળીને કાં પૂર્વભવનું સ્મરણ. એવા '**નરકકો મહાન દુઃખકા સ્થાન જાન નરકકે કારણ જો હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, પરિગ્રહ ઔર આરંભાદિક હૈં, ઉનકો ખરાબ જાનકે પાપસે ઉદાસ હોવે.**' આહાહા..!

મુમુક્ષુ :- પાપને છોડીને પુણ્યમાં જાય તો?

ઉત્તર :- અંદર જાય એની વાત છે અહીં તો. ઉદાસનો અર્થ એ. ત્યાંથી ઉદાસ થઈને આત્મામાં જાય એને ઉદાસ કહે છે. પાપમાં ઉદાસ આવે અને પુણ્યનો રસ આવે એ નહિ. એનાથી ઉદાસ થતાં આત્મામાં જાય છે એમ કહે છે. આહાહા..! એ લેશે કારણ. આહા..!

'**તીસરે નરક તક યે તીન કારણ હૈં.**' નિમિત્ત. '**આગેકે ચૌથે, પાંચવેં, છઠેં સાતવેં નરકમેં દેવોંકા ગમન ન હોનેસે...**' ચોથી નરકથી સાતમીમાં દેવો જતા નથી. દેવનું ગમન ત્યાં છે નહિ. આહાહા..! '**ધર્મ-શ્રવણ તો હૈ નહીં,...**' ચોથી નરકે, પાંચમી, છઠ્ઠી, સાતમી ચાર નરક. આહાહા..! એની અસ્તિ છે, હોં! કેટલાક એમ કહે છે કે એ બધું ભયસૂત્ર છે. ભય બતાવવાનું સાધન એમ નથી, બાપુ! વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! એક માણસ એક માણસનું ખૂન કરે અને બહાર સાક્ષી આવે તો એકવાર ફાંસી આપે. પણ એ માણસે સેંકડો મનુષ્યના સંહાર કર્યા હોય.. આ જુઓને, હિટલરે નહિ? કેટલાય માણસને, કેટલાય રાજાઓને મારી નાખ્યા હોય. હવે એનો દંડ શું છે અહીં? મનુષ્ય ક્ષેત્રમાં એનો દંડ શું? એકવાર ફાંસી આપે. એકને મારે તો એકવાર ફાંસી, હજારને મારે તો એકવાર ફાંસી! એ કુદરતના નિયમમાં એનું એ ક્ષેત્ર. જેવી પ્રતિકૂળતા અનંતી આપવાના ભાવ કર્યા હતા, એવી જ્યાં અનંતી પ્રતિકૂળતા છે એનું નામ નરક છે. આહાહા..! હોંશનું એક અંશ ઠેકાણું નથી એવી પીડા, બાપુ! આહા..! એવી પીડાનો વિચાર કરીને અંદરમાં ઉતરે છે. છે તો નિમિત્ત એ. કારણ કે એવી પીડા તો અનંતવાર અનંત જીવે કરી અને પામ્યા નહિ. પણ કોઈને એનો

વિચાર આવતા અંદરમાં જાય છે. દુઃખને ટાળવા. આહાહા..! અરે..રે..! આ દુઃખને કઈ રીતે (ટાળવું?) સાગરોપમ. ૩૩-૩૩ સાગરોપમ. આહાહા..! દસ હજાર વર્ષની સ્થિતિનો નારકી. જીવતા રાજકુમારને બાળે, આમ લગનની તૈયારી હોય. તૈયારી કરી, લગન કર્યા અને એ દિવસે બાળે. આહાહા..! એની પીડાથી પહેલી નરકમાં દસ હજાર વર્ષની સ્થિતિએ અનંતગુણી પીડા છે. આહાહા..!

મુમુક્ષુ :- તાંદુલ મચ્છ ત્યાં જાય તો એ તો સાવ નવાણિયો કુટાઈ ગયો.

ઉત્તર :- નવાણિયો કુટાતો નથી. પરિણામ ઊંધા છે માટે. શું કીધું એણે? ન સમજ્યા? મચ્છ હોય ને મચ્છ નાનો? એમ કે એ તો કાંઈ કરતો નથી અને જાય છે મરીને નરકે. એટલે નવાણિયો કૂટ્યો. મફતનો જાય છે એમ. એ કાઠિયાવાડી ભાષા છે. નવાણિયો નથી કૂટાણો. એણે ઊંધા ભાવ કર્યા હતા મહા. ઘણા ભાવ ઊંધા. અને ક્રિયાવાળા એમ કહે કે, એક સાધુ આવ્યો હતો સ્થાનકવાસી. એમ કે નરકમાં કેમ ગયો? કે જીવને મારવા આ મોઢું આટલું કર્યું. એ ક્રિયા કરી માટે. અરે..! એને લઈને શું છે? એને ક્રિયા સ્થાપવી છે ને? એક સાધુ આવ્યો હતો સ્થાનકવાસી. નહિ? શું નામ? 'ગટુલાલજી'. અહીં આવ્યો હતો. એમ કે આ નરકમાં જાય છે એ ક્રિયા વડે જાય. એને ક્રિયાનું સ્થાપન કરવું ને, આ બહારની ક્રિયા. ત્યારે કઈ ક્રિયા? મોઢું આમ કર્યું (ઈ ક્રિયા). હવે એ તો અંગુલના અસંખ્ય ભાગમાં મચ્છ છે. અંગુલનો અસંખ્યમો ભાગ. વજ્રનારાયચ સંહનન. આહાહા..! ફક્ત પરિણામની ક્લિષ્ટતા અને ક્રૂરતા. એમાં ઘેરાઈ ગયો અને એમાંથી મરીને સાતમી નરકે જાય. આહાહા..!

અહીં તો (આ) બતાવીને આનંદના નાથમાં જા હવે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? દુઃખથી તને ડર લાગ્યો હોય. ભવભ્રમણનો ભય લાગ્યો હોય. ભગવાન! ભવભ્રમણનો ભય. આહાહા..! અંતરમાં અસંખ્ય પ્રદેશી આનંદઘન ભગવાન એ તારું સ્વક્ષેત્ર છે. અને સ્વક્ષેત્રમાં તો આનંદના અંકૂરા પાકે એવું તારું ક્ષેત્ર છે. આહાહા..! જેમ ઓલા ચોખા નથી કહેતા? શું કહેવાય એ? ઊંચા. અમારા વખતમાં કુલફા ચોખા આવતા. અત્યારે વાસાવડના કહે છે. વાસાવડના ચોખા કહે છે ને? ચોખા નથી સમજતા? બાસમતી ચાવલ. અત્યારે એ કહે છે. અમારા વખતમાં એ કુલફાના ચોખા હતા. ૬૦ વર્ષ પહેલા. બહુ ઝીણા ઊંચા. દુકાનમાં, ત્યાં ઘરે રસોડે એ વાપરતા. કુલફાના ચોખા. કુલફા. ઝીણા મોતીના દાણા જેવા. ઊંચી ચીજ ચોખાની. ૬૦ વર્ષ ઉપર ત્યાં રસોડામાં અંદર એ રાંધતા. કુલફા-કુલફા. સાંભળ્યું હતું? નથી સાંભળ્યું. ત્યાં વાસાવડ ચોખા કરતા પણ એ ચોખા બહુ ઊંચા હતા. ત્યાં તો અમારે દુકાન ચાલતી હતી ને એટલે રસોડે બધી ઊંચી ચીજ લેતા. કોઈ હલકી ચીજ જ નહિ. એ કુલફાને પાકવાનું ક્ષેત્ર હોય છે, મારું એમ કહેવું છે. આ તમારી આ જીથરીની જમીન કે એ જમીનમાં કુલફો ન પાકે ત્યાં. વાસાવડના ચોખા એમાં ન પાકે. એ કળથી પાકે અહીં તો. કળથી નથી હોતી? સમજ્યા? કળથી. ધાન-ધાન હોય છે. ચપટી. લાલ કળથી કહે છે. એ કળથી પાકે અહીં ખેતરમાં. ચોખા પાકવાનું (ખેતર) જુદું હોય છે.

મુમુક્ષુ :- એ તો દૃષ્ટાંત થયું.

ઉત્તર :- દૃષ્ટાંત થયો. એમ આત્માનો આનંદ પાકવાનો રસ્તો અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર સ્વ છે. આહાહા..! ત્યાં દુઃખ પાકે છે એ તો પર્યાયમાં પરલક્ષે પડે છે. સ્વક્ષેત્રમાં દુઃખ છે જ નહિ. આહાહા..! અરે..! સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ. એવું જે ચતુષ્ટય પોતાનું સ્વરૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :- આવી પ્રતિકૂળતામાં ફાયદો છે.

ઉત્તર :- એ પ્રતિકૂળમાં બધી પર્યાય વઈ ગઈ. આહાહા..! અને કાં અનુકૂળતા થોડી મળે ત્યાં ગૂંચાઈ જાય પાછો. આહાહા..! હાથી હોય ને ઘોડા હોય ને રાજ મોટું હોય. એ કહેશે હમણાં.

**'ચૌથે, પાંચવે, છઠેં, સાતવેં નરકમેં દેવોકા ગમન ન હોને સે ધર્મ-શ્રવણ તો હૈ નહીં, લેકિન જાતિસ્મરણ હૈ,...'** આહાહા..! સાતમી નરકમાં પણ પૂર્વનું સ્મરણ થઈ જાય અંદર. અરે..રે..! અમને સંતોએ કહ્યું હતું કે આત્મજ્ઞાનમાં જા, આત્મામાં ઉતર. ન અમે સાંભળ્યું, કાંઈ કર્યું નહિ. એવું સ્મરણ આવ્યું. સ્મરણ આવીને અંદરમાં ગયા. આહાહા..! પૂર્વ ભવમાં દેશના તો સાંભળી હતી. અહીં સ્મરણ આવ્યું એમાં.. ઓહો..! મહાત્માએ તો એમ કહ્યું હતું. મહા આત્મા તું પૂર્ણ આનંદનો નાથ મહત્‌સ્વરૂપ છો. આહાહા..! એમાં નજર કર, તને આનંદ આવશે. અરે..! અમે કર્યું નહિ કાંઈ. આહા..! એવું સ્મરણ આવતા અંદર ઉતરી જાય છે.

**'તથા વેદનાકર દુઃખી હોકે પાપસે ભયભીત હોના-'** બે (કારણ). ચોથે, પાંચમે, છઠે, સાતમે જાતિસ્મરણ અને વેદના. **'વેદનાકર દુઃખી હોકે પાપસે ભયભીત હોના-યે દો હી કારણ હૈં. ઈન કારણોંકો પાકર કિસી જીવકે સમ્યક્ત્વ ઉત્પન્ન હો સકતા હૈ.'** લ્યો! કોઈ જીવને એનો પુરુષાર્થ સ્વ તરફ વળે છે એને આ નિમિત્ત કહેવામાં આવે છે. **'ઈસ નયસે કોઈ ભવ્યજીવ પાપકે ઉદયસે ખોટી ગતિમેં ગયા, ઔર વહાં જાકર યદિ સુલટ જાવે,...'** ત્યાં જઈને સુલટી જાય. એ સુલટી જાય તો એ કારણ છે. સમજાણું કાંઈ? દુઃખ ને એ તો બધા નિમિત્ત છે. પણ સુલટી જાય એમાં. આહાહા..! ગુલાંટ ખાઈ જાય. રાગ અને પર્યાયબુદ્ધિ છે એ છોડીને દ્રવ્યબુદ્ધિ કરે... આહાહા..! સ્વભાવબુદ્ધિ કરે, સ્વક્ષેત્ર બુદ્ધિ કરે. સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... અપરિમિત આનંદ અને જ્ઞાનથી ભરેલો ભગવાન.

એક એક શક્તિ પ્રભુત્વશક્તિથી ભરેલી છે. પ્રભુત્વશક્તિ છે, પણ એક એક શક્તિ જ્ઞાનશક્તિ પ્રભુત્વશક્તિથી ભરેલી છે. એમ જ્ઞાનશક્તિ, કર્તાશક્તિથી, કરણશક્તિથી, સંપ્રદાન શક્તિથી... આહાહા..! એવું એક ગુણમાં અનંત ગુણનું સ્વરૂપ એમાં છે. આહાહા..! એવા અનંતા ગુણોનું એક એક ગુણમાં અનંત ગુણનું સ્વરૂપ, એવા અનંતા ગુણો (છે). તો એમ કોઈ કહે કે એક ગુણમાં અનંત ગુણનું સ્વરૂપ છે તો એક ગુણ પોતે દ્રવ્ય થઈ ગયું આખું. સમજાય છે કાંઈ? દ્રવ્ય તો, એક ગુણમાં અનંતગુણનું સ્વરૂપ, એવા અનંતા ગુણો, એમાં અનંતગુણનું સ્વરૂપ આખું પિંડ તેને દ્રવ્ય કહીએ. એક ગુણમાં અનંતગુણનું સ્વરૂપ આવ્યું માટે એક ગુણમય આત્મા, અનંતા સ્વરૂપમય એક ગુણમય આત્મા એમ નથી. સમજાણું કાંઈ?

જ્યારે અનંતગુણસ્વરૂપ પ્રભુ છે, તો અનંતગુણ તો એક એક ગુણના સ્વરૂપમાં છે અનંતગુણ. સમજાણું આમાં કાંઈ? અનંતગુણનો પિંડ તે પ્રભુ. તો એક ગુણમાં અનંતનું રૂપ છે. તો એક ગુણનું ધરનાર એ દ્રવ્ય થઈ ગયો. એમ નથી. એક એક ગુણમાં અનંતગુણનું રૂપ છે એવા અનંતા ગુણનું રૂપ. એક એક ગુણમાં એવા અનંતા અનંતા ગુણો અને અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર. આહાહા..! પ્રદેશ અસંખ્ય અને ગુણ અનંત. અને એક ગુણમાં અનંતગુણનું રૂપ આહાહા..! રાજ વ્યવસ્થા મોટી પડી છે એમાં. રાજ એટલે શોભા. સમજાણું કાંઈ? આવે છે ને? રાજતે ઇતિ.. શોભાય છે. ૧૭મી-૧૮મી ગાથામાં. આહાહા..! રાજ્યતે શોભતે ઇતિ રાજા. આહાહા..!

અસંખ્ય પ્રદેશમાં ક્ષેત્ર અસંખ્ય અને ગુણ અનંત. અને એક એક ગુણમાં અનંતગુણનું રૂપ. ઓહોહો..! આવી વાત એણે સાંભળી અને કોઈ પામે અને ન સાંભળી ને વેદનાથી કોઈ પામે અને કોઈ સ્મરણથી પામે. જાતિસ્મરણથી. ચોથી, પાંચમી, છઠી, સાતમી નરકે સાંભળવાનું નથી. આહાહા..! એની મેળાએ સ્મરણ થઈ જાય એને. આહાહા..!

મુમુક્ષુ :- ત્યારે બ્રહ્મદત્ત ચક્રવર્તીને...

ઉત્તર :- એને ક્યાં હતું? સાતમી નરકે. એને ક્યાં સ્મરણ ફમરણ છે? એ તો મહાપાપ કર્યા છે ત્યાં. આ તો કોઈ જીવને કોઈ સમયની વાત છે. એ તો વાત પહેલી કરી. એમ તો અનંતા જીવ અનંતવાર ત્યાં જઈ આવ્યા છે. કોઈને કાંઈ થયું નથી વેદના (સહન) કરી તોય. પણ એને સુલટો થવાનો કાળ છે પુરુષાર્થમાં. આહાહા..! એને એ વેદન અને સ્મરણ નિમિત્ત થાય છે. અથવા શ્રવણનું નિમિત્ત થાય છે. ત્રણ સુધી. ચાર, પાંચ, છ, સાતમાં બે (નિમિત્ત છે). આહાહા..! સ્મરણ અને વેદન-બે. એમ ભગવાને કહ્યું છે. પરમેશ્વર વીતરાગદેવે એમ કહ્યું છે. એમના જ્ઞાનમાં એવું ભાસ્યું છે એવું કહ્યું છે. આહાહા..!

અહીં તો થોડી સગવડતા કરવા જાય ત્યાં બધું મૂકી દે. સગવડતાના પ્રેમમાં ધર્મનું શ્રવણનું ટાણું હોય તો એ ભૂલી જાય. એમાંય તે, આહાહા..! વેદનાનો કાળ આવ્યો તો એમાં આ ભૂલી જાય અંદરમાં પાછો. ત્યાં ગોઠવાઈ જાય. આનું આ થયું, આની દવા આ થઈ, આનું આ થયું, આનું આ થયું. આહાહા..! ત્યાં રોકાઈ જાય. પણ અહીં તો કહે છે કે એવા કાળમાં પણ આમ અંદરમાં જઈ શકે સુલટો. સુલટો કરે તો. સુલટી દશા કરે તો. આહાહા..!

**'ઈસ નયસે કોઈ ભવ્યજીવ પાપકે ઉદયસે ખોટી ગતિમેં ગયા, ઔર વહાં જાકર યદિ સુલટ જાવે, તથા સમ્યક્ત્વ પાવે, તો વહ કુગતિ ભી બહુત શ્રેષ્ઠ હૈ.'** એમ કહે છે. આહાહા..! એ કુગતિ પણ શ્રેષ્ઠ છે. 'દેવીલાલજી'!

મુમુક્ષુ :- ધર્મ પામે એને.

ઉત્તર :- લક્ષ કર્યું એને. દિશા ફેરવે એને. સુલટ કરે એને. એમ કહ્યું ને? આહાહા..!

**'યહી શ્રીયોગીન્દ્રાચાર્યને મૂલમેં કહા હૈ –'** આ ગાથા. **'જો પાપ જીવોંકો દુઃખ પ્રાપ્ત કરાકે...'** **'પાપ જીવોંકો દુઃખ પ્રાપ્ત કરાકે ફિર શીઘ્ર હી મોક્ષમાર્ગમેં બુદ્ધિકો લગાવે, તો વે અશુભ ભી અચ્છે હૈં.'** પાઠ થઈ ગયો. ૫૬. **'वर जिय पावइँ सुंदरइँ णाणिय ताइँ भणंति।'** એ

પાપ સુંદર છે એમ જ્ઞાની કહે. કોને? **'जीवहँ दुक्खइँ जणिवि'** દુઃખને પ્રાપ્ત કરીને. **'लहु सिवमइँ जाइँ कुणंति।।'** જો શીઘ્ર શિવમતિ કરે તો. આહાહા..! એ અન્યમતમાં પણ કહ્યું ને? હમણાં નહોતું કહ્યું? અન્યમતમાં એવો શ્લોક છે. 'સુખને માથે શિલા પડો.' એ સુખને માથે પથરા પડો મોટી શિલા. 'હરિ હૃદય સે જાય.' ભગવાન હૃદયમાંથી જાય છે. આ કરું... આ કરું... આ કરું... આ કરું... આ કરું... આ મકાન, આ પૈસા ને હીરા ને માણેક ને.. આહાહા..! દસ કરોડ રૂપિયાના હીરા અને માણેક. શેઠિયાના મામા. 'દીપચંદ' શેઠિયાના મામા છે ને? દસ કરોડના હીરા અને માણેક છે. પહેલાના છે. હવે તો એની કિંમત કેટલી વધી ગઈ હશે. હીરા અને માણેક સોનાના પાટલા બધું પડયું (રહ્યું). સાચવે. આહાહા..! હવે તો ભાવ વધી ગયો એટલે ઘણા પૈસા થયા. ગણવું છે ને પણ એ તો ત્યાં ને ત્યાં રોકાઈ જાય છે જીવ. આહાહા..! આટલા પૈસાનું આમ કરો, આટલા પૈસાનું આમ કરો. ઘણા પૈસા છે તો છોકરા એટલો બધો ધંધો કરી શકતા નથી. એને કરોડ, બે કરોડ, પાંચ કરોડનો ધંધો છે અને આપણી પાસે તો બે અબજ રૂપિયા છે. તો આ માણસને આપો દસ લાખ. ટકાનું વ્યાજ અને મહિને જોવા આવશું અમે. અને અડધું. અડધો નફો. મહિને-મહિને તપાસ કરશું અને પેદા કરે એમાં અડધો ભાગ અમારો અને ટકાનું વ્યાજ. રોકાઈ ગયો ત્યાં ને ત્યાં. 'જાદવજીભાઈ'! આ 'જાદવજીભાઈ'ને ટકાનું વ્યાજ છે એનું. વ્યાજ વટાવનો ધંધો છે એને. છોકરાઓને. વ્યાજ વટાવ કરે છે. આહાહા..!

મુમુક્ષુ :- પૈસાદાર હોય એ...

ઉત્તર :- પૈસાદાર કહેવા કોને? આહાહા..!

**'ફિર શીઘ્ર હી મોક્ષમાર્ગમેં બુદ્ધિકો લગાવે, તો વે અશુભ ભી અચ્છે હૈં. તથા જો અજ્ઞાની જીવ કિસી સમય અજ્ઞાન તપસે દેવ ભી હુઆ...'** જુઓ! અજ્ઞાની જીવ કોઈ સમયે અજ્ઞાન તપથી (એટલે) આ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવથી દેવ થયો. **'ઔર દેવ સે મરકે એકેન્દ્રિય હુઆ...'** આહાહા..! આ દયા, દાન, વ્રત, ભક્તિ, સમ્યગ્દર્શન વિના, આત્મજ્ઞાન વિના કરે એનાથી સ્વર્ગમાં જાય અને ત્યાંથી એકેન્દ્રિયમાં જાય. આહાહા..! પહેલા દેવલોકનો દેવ, બે સાગરની સ્થિતિ. આહાહા..! એ મરીને વનસ્પતિ(માં અવતરે). આહાહા..! આ ઓલી કૂતરી ત્યાં વિયાણી છે ને હમણાં. પાંચ-છ બચ્ચા છે. ક્યાંકથી આવ્યા હશે વાણિયા શેઠિયાઓ મરીને. આટલા આટલા બચ્ચા છે ને ત્યાં? આપણે રસોડા પાસે નહિ? રસોડામાં એક કૂતરી. આહાહા..! એ માંહોમાહે પણ વઢે. આહાહા..! અરે..રે..! અહીં સૂઝ પડવાના ટાણા હતા ત્યાં સૂઝ કરી નહિ, અંદર સૂલટ થયો નહિ. અને આવે એ રસ્તે. હવે એને માણસ થાવું મુશ્કેલ. આહાહા..! કે દિ' માણસ થાય એ? ગલુડિયા. શું કહે છે? પિલ્લા. કુત્તીના પિલ્લા. આહાહા..! ત્યાં હમણાં થયા છે નવા. અરે..! કીધું, કોઈ શેઠિયાઓ વાણિયા-બાણિયા મરીને આવ્યા હશે અહીં. કારણ કે પાપ કર્યું ન હોય નરકનું. ધર્મ કર્યો ન હોય. તેમ પુણ્ય ન કર્યા હોય. નરકના પાપ નહિ, પુણ્ય નહિ, ધર્મ નહિ. હવે વચલી સ્થિતિ એટલે મરીને આવા થયા બિચારા. આહાહા..!

મુમુક્ષુ :- પુણ્ય હોય તો દેવ થાય નહિતર...

ઉત્તર :- પુણ્ય પણ ન હોય. શાસ્ત્ર શ્રવણ, સત્સમાગમ, વાંચન કરવું બે-ચાર કલાક. તો એ પુણ્ય છે. ધર્મ નથી કાંઈ એ. આહાહા..! એ પણ કર્યું ન હોય. આહાહા..! અને ધર્મ તો છે નહિ. તેમ નરકના પાપ નથી. માંસ અને દારૂ એવા વાણિયાને કાંઈ હોય નહિ. આહાહા..! એક તો ઓલું પગથિયામાં એકકોર બેઠું હતું આમ. મારી નજર ગઈ, કીધું, આ અહીં કેમ બેઠું છે? ત્યાં ચડીએ છીએ પગથિયામાં.. સ્વાધ્યાય મંદિરના. આહાહા..! થઈ રહ્યું. દિન હારી ગયા. મનુષ્યભવ હારી ગયા હોય. હવે ત્યાંથી મોટા થાય પછી એય મારામારી, મારામારી. અને એ પોતે માંસ ખાય પાછા. ઉંદર નીકળે તો મારે, ખીસકોલીને મારે. ખીસકોલી સમજો છો? શું કહે છે. ખીસકોલી નથી હોતી?

મુમુક્ષુ :- ગિલહરી.

ઉત્તર :- હા. એ. લાંબી પૂંછડી ને આમ.. આમ (હોય). પૂંછડી લાંબી હોય અને શરીર બેય સરખા હોય.

મુમુક્ષુ :- છીપકલી.

ઉત્તર :- છીપકલી નહિ, ગિલહરી કહે છે. ઢેઢગરોળી નહિ. એને પૂંછડી હોય ઢેઢ ગરોળીને? આ તો ખિસકોલી. આહાહા..! એક પડદો બંધ થયો ત્યાં બીજો પડદો આવ્યો પાછો. આહાહા..!

અરે..રે..! જેણે આત્માનું સમ્યગ્દર્શન (એટલે કે જે) ભવના નાશ કરવાનો ઉપાય જેણે શોધ્યો નથી એને આવા ભવભ્રમણ છે, બાપુ! આહાહા..! કુદરતના નિયમમાં ત્યાં કોઈની સિફારીશ છે નહિ કે અમે આટલા આટલા કામ કર્યા હતા અને આના કામ કર્યા હતા. શું કર્યા હતા? અભિમાન કર્યા હતા. આહાહા..! દેશસેવા કરી. આને આમ આપ્યું. શું કર્યું બાપુ તેં? મિથ્યાત્વભાવ સેવ્યો હતો. આહાહા..!

અજ્ઞાની '**તપસે દેવ ભી હુઆ ઔર દેવસે મરકે એકેન્દ્રી હુઆ..**' આહાહા..! '**વહ દેવ-પર્યાય પાના કિસ કામકા?**' એ દેવપણું પામવું શું કામનું? આહાહા..! અજ્ઞાનભાવે તપસ્યાઓ કરી, વ્રત કર્યા, બાળવ્રત, બાળતપ. આહાહા..! એનાથી દેવ થયો એમ કહે છે. એ દેવ મરીને એકેન્દ્રિયમાં જાય, બાપુ! એ શું કામનું? કહે છે. આહાહા..! '**અજ્ઞાનીકે દેવ-પદ પાના ભી વૃથા હૈ.**' છે? અજ્ઞાનીને તો દેવપદ પામવું વૃથા છે. આહાહા..! '**જો કભી જ્ઞાનકે પ્રસાદસે ઉત્કૃષ્ટ દેવ હોકે...**' હવે આવ્યું. આત્મજ્ઞાન સહિત કોઈ દેવ થાય. આત્મજ્ઞાનના ભાન સહિતમાં કોઈ શુભ પુણ્યભાવ થયા અને આત્મજ્ઞાન સહિત પુણ્ય થઈને સ્વર્ગમાં ગયો. આહાહા..! '**બહુત કાલ તક સુખ ભોગકે દેવસે મનુષ્ય હોકર મુનિવ્રત ધારણ કરકે મોક્ષકો પાવે,...**' લ્યો! આહાહા..! આત્મજ્ઞાન સહિત કોઈ એવા પુણ્ય થયા અને સ્વર્ગમાં ગયો તો ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મુનિવ્રત ધારણ કરીને મોક્ષે જશે. આહાહા..! એ જ્ઞાનની બલિહારી છે, કહે છે. સ્વરૂપનું જ્ઞાન. એવા જ્ઞાનની ભૂમિકામાં (પુણ્ય બંધાઈ ગયું હોય). ઓલું અજ્ઞાનની ભૂમિકામાં તપની વાત હતી. એ દેવ થયો અને દેવ

મરીને એકેન્દ્રિય થયો.

હવે અહીં જ્ઞાનની ભૂમિકામાં.. આહાહા..! હું તો ચૈતન્યસ્વરૂપ છું, વીતરાગમૂર્તિ છું. અકલંક, અવિકારી મારી ચીજ છે. એવું જ્યાં અંતરમાં જ્ઞાન થયું, એ જ્ઞાનીને જે કાંઈ શુભભાવ થાય, પૂર્ણતા વીતરાગની ન હોય એને શુભભાવ થાય, એ શુભથી મરીને સ્વર્ગમાં જાય. ત્યાંથી મરીને મનુષ્ય થઈને મોક્ષ જાય. એમ કહે છે. ઓલો બીજા દેવલોકમાં જઈને એકેન્દ્રિયમાં જાય. આહાહા..! ભિન્ન ભિન્ન જાતનું વર્ણન છે. 'સમયસાર'થી 'પરમાત્મપ્રકાશ'માં બીજી જાતનું વર્ણન છે. આહાહા..!

'**મુનિવ્રત ધારણ કરકે મોક્ષકો પાવે,...**' સમ્યગ્દૃષ્ટિ છે ને? સમ્યગ્જ્ઞાની છે. આહાહા..! એથી એને પૂર્ણતા ન પ્રાપ્ત થઈ અને એમાં શુભભાવ આવ્યો. એ શુભભાવથી એ સ્વર્ગમાં ગયા પણ ત્યાં એ આસક્તિ નહિ પામે. કેમકે સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! એના ફળ તરીકે મનુષ્યપણું પામી, કેવળજ્ઞાન પામીને મોક્ષ જશે. ઓલો એકેન્દ્રિયમાં જશે તો આ મોક્ષ જશે. આહાહા..! ઓલો દેવલોકમાંથી એકેન્દ્રિયમાં જશે, ત્યારે આ દેવલોકમાંથી મનુષ્ય થઈને મુનિવ્રત ધારણ કરીને કેવળ પામશે. આહાહા..! જુઓ! આ સમ્યગ્જ્ઞાનની બલિહારી. આહાહા..! સમજાણું કાંઈ?

'**તો ઉસકે સમાન દૂસરા ક્યા હોગા.**' વિશેષ એમ કહે છે. '**જો નરકસે ભી નિકલકર કોઈ ભવ્યજીવ મનુષ્ય હોકે મહાવ્રત ધારણ કરકે મુક્તિ પાવે, તો વહ ભી અચ્છા હૈ.**' નરકમાંથી નીકળીને પણ કોઈ ભવ્યજીવ મનુષ્ય થઈને મહાવ્રત સમ્યગ્દર્શન સહિત, હોં! એની વાત છે. એને મહાવ્રત કહ્યા તેથી કહ્યું ને, મુક્તિ પાવે. એમ કહ્યું છે ને? નરકમાંથી નીકળીને પણ કોઈ ભવ્ય જીવ સમકિત પામીને, ચારિત્ર ધારણ કરીને, મહાવ્રત ધારણ કરીને મુક્તિ પાવે. '**તો વહ ભી અચ્છા હૈ. જ્ઞાની પુરુષ ઉન પાપિયોંકો ભી શ્રેષ્ઠ કહતે હૈં,..**' આહાહા..! '**જ્ઞાની પુરુષ ઉન પાપિયોંકો ભી શ્રેષ્ઠ કહતે હૈં, જો પાપકે પ્રભાવસે દુઃખ ભોગકર ઉસ દુઃખસે ડરકે...**' જુઓ! દુઃખથી ડર્યા છે. એમ. '**દુઃખકે મૂલકારણ પાપકો જાનકે...**' આહાહા..! '**ઉસ પાપસે ઉદાસ હોવેં, વે પ્રશંસા કરને યોગ્ય હૈં, ઔર પાપી જીવ પ્રશંસાકે યોગ્ય નહીં હૈ,...**' પાપથી ઉદાસ થાય એ પ્રશંસા કરવાયોગ્ય છે. સમજાણું કાંઈ? '**ઔર પાપી જીવ પ્રશંસાકે યોગ્ય નહીં હૈ, ક્યોંકિ પાપ ક્રિયા હમેશા નિંદનીય હૈ.**' આહાહા..!

'**ભેદાભેદરત્નત્રયસ્વરૂપ શ્રીવીતરાગદેવકે ધર્મકો જો ધારણ કરતે હૈં વે શ્રેષ્ઠ હૈં.**' આહાહા..! ભેદાભેદરત્નત્રય-નિશ્ચય રત્નત્રય અને વ્યવહારરત્નત્રય. વ્યવહારરત્નત્રયવાળાને વ્યવહારરત્નત્રયના રાગનું કર્તાપણું નથી. એથી એની સમ્યગ્દર્શનની ભૂમિકામાં એવો ભેદરત્નત્રય વ્યવહાર આવે. આહાહા..! એવા ધર્મને '**જો ધારણ કરતે હૈં વે શ્રેષ્ઠ હૈં.**' આહાહા..! '**યદિ સુખી ધારણ કરે તો ભી ઠીક, ઔર દુઃખી ધારણ કરે તબ ભી ઠીક.**' એમાં કાંઈ.. પુણ્ય તરીકે સુખ, બહારની સામગ્રી મળી છતાં એમાંથી ધર્મ ધારણ કરે તો એ ઠીક, અને પાપી નરકમાં ગયો પાપને લઈને, ત્યાંથી ધર્મ ધારણ કરે તો એ ઠીક. ધર્મ ધારણ કરવો એ ઠીક છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ સાહેબ! ચોથાની વાત છે કે પાંચમાની?

ઉત્તર :- કોઈ કાળ વિનાની. કોઈ કાળ લાગુ પડતો નથી એને. એમ (કહે છે) કે ચોથા આરામાં આવું થાય અને પાંચમા આરામાં નહિ. પાંચમા આરામાં એકાવતારી થાય. અને ચોથા આરામાં અનંતવાર ભગવાન પાસે ગયો અને અનંત સંસારી રહ્યો. કાળને શું છે? ચોથે આરે ભગવાનની હયાતીમાં અનંતવાર ગયો પરમાત્મા પાસે. આહાહા..! પાંચમા આરામાં આત્મા પાસે જાય તો એ પણ મુક્તિ જાય અલ્પકાળમાં. ભગવાન પાસે અનંતવાર ગયો પણ આત્મા પાસે જાય એ પાંચમા આરાવાળો પણ મુક્તિએ જાય. આહાહા..!

પરમાનંદના નાથનો સ્વભાવમાં સ્વીકાર કરવો, સત્કાર કરવો, બહુમાન કરવું એ સમ્યગ્દર્શન છે. આહાહા..! જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા, આત્મા ત્યાં ત્યાં જ્ઞાન. રાગ ત્યાં આત્મા નહિ અને આત્મા ત્યાં રાગ નહિ. આહાહા..! ઓલામાં લખ્યું છે. એવો જે અંતરમાં દૃઢ નિશ્ચય તેને સમકિત કહીએ. 'આત્મઅવલોકન'. 'દીપચંદજી'. જ્યાં જ્યાં જ્ઞાન, જાણપણું... જાણપણું.. જાણપણું... ત્યાં ત્યાં આત્મા. અને જ્યાં જ્યાં આત્મા ત્યાં ત્યાં જ્ઞાન. જ્યાં જ્યાં રાગ ત્યાં આત્મા નહિ અને આત્મા ત્યાં રાગ નહિ. સમજાણું કાંઈ?

'**ક્યોંકિ શાસ્ત્રકા વચન હૈ, કિ કોઈ મહાભાગ દુઃખી હુએ હી ધર્મમેં લવલીન હોતે હૈં.**' છે? '**आर्ता नरा धर्मपरा भवन्ति**' સંસ્કૃતમાં છે. '**आर्ता नरा**' એટલે કે દુઃખી. દુઃખી પ્રાણી. '**आर्ता**' બહુ દુઃખી હોય, દુઃખી હોય. ખાવા મળે નહિ, પીવા મળે નહિ, મકાન મળે નહિ, બાયડી હોય નહિ, છોકરા હોય નહિ, કપડા હોય નહિ. આહાહા..! એકલો મહા આર્તા. '**आर्ता नरा धर्मपरा भवन्ति**' એ પ્રાણી ધર્મને પરાયણ થાય તો એ બરાબર ઠીક છે, કહે છે. આહાહા..! છે? '**શાસ્ત્રકા વચન હૈ, કિ કોઈ મહાભાગ...**' આહાહા..! '**દુઃખી હુએ હી ધર્મમેં લવલીન હોતે હૈં.**' તો પણ સારું છે, કહે છે. એ પૂરી થઈ ગાથા.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ निदानबन्धोपार्जितानि पुण्यानि जीवस्य राज्यादिविभूतिं दत्त्वा नारकादिदुःखं जनयन्तीति हेतोः समीचीनानि न भवन्तीति कथयति –**

**१८४) मं पुणु पुण्णइं भल्लाइँ णाणिय ताइँ भणंति।**
**जीवहँ रज्जइँ देवि लहु दुक्खहँ जाइँ जणंति।।५७।।**

**मा पुनः पुण्यानि भद्राणि ज्ञानिनः तानि भणन्ति।**
**जीवस्य राज्यानि दत्त्वा लघु दुःखानि यानि जनयन्ति।।५७।।**

**मं पुणु इत्यादि। मं पुणु मा पुनः न पुनः पुण्णइं भल्लाइं पुण्यानि भद्राणि भवन्तीति णाणिय ताइं भणंति ज्ञानिनः पुरुषास्तानि पुण्यानि कर्मतापन्नानि भणन्ति। यानि किं कुर्वन्ति। जीवहं रज्जइं देवि लहु दुक्खइं जाइं जणंति यानि पुण्यकर्माणि जीवस्य राज्यानि दत्त्वा लघु शीघ्रं**

दुःखानि जनयन्ति। तद्यथा। निजशुद्धात्मभावनोत्थवीतरागपरमानन्दैकरूपसुखानुभवविपरीतेन दृष्टश्रुतानुभूतभोगाकांक्षारूपनिदानबन्धपूर्वकज्ञानतपदानादिना यान्युपार्जितानि पुण्यकर्माणि तानि हेयानि। कस्मादिति चेत्। निदानबन्धोपार्जितपुण्येन भवान्तरे राज्यादिविभूतौ लब्धायां तु भोगान् त्युक्तुं न शक्नोति तेन पुण्येन नरकादिदुःखं लभते। रावणादिवत्। तेन कारणेन पुण्यानि हेयानीति। ये पुनर्निदानरहितपुण्यसहिताः पुरुषास्ते भवान्तरे राज्यादिभोगे लब्धेऽपि भोगांस्त्यक्त्वा जिनदीक्षां गृहीत्वा चोर्ध्वगतिगामिनो भवन्ति बलदेवादिवादिति भावार्थः। तथा चोक्तम् – 'ऊर्ध्वगा बलदेवाः स्युर्निर्निदाना भवान्तरे।' इत्यादिवचनात्।।५७।।

आगे निदानबंधसे उपार्जन किये हुए पुण्यकर्म जीवको राज्यादि विभूति देकर नरकादि दुःख उत्पन्न कराते हैं, इसलिये अच्छे नहीं हैं –

गाथा – ५७

अन्वयार्थ :– [ पुनः ] फिर [ तानि पुण्यानि ] वे पुण्य भी [ मा भद्राणि ] अच्छे नहीं हैं, [ यानि ] जो [ जीवस्य ] जीवको [ राज्यानि दत्त्वा ] राज देकर [ लघु ] शीघ्र ही [ दुःखानि ] नरकादि दुःखोंको [ जनयंति ] उपजाते हैं, [ ज्ञानिनः ] ऐसा ज्ञानीपुरुष [ भणंति ] कहते हैं।

भावार्थ :– निज शुद्धात्माकी भावनासे उत्पन्न जो वीतराग परमानंद अतीन्द्रियसुखका अनुभव उससे विपरीत जो देखे, सुने, भोगे इन्द्रियोंके भोग उनकी वाँछारूप निदानबंधपूर्वक (ज्ञान) दान तप आदिकसे उपार्जन किये जो पुण्यकर्म हैं, वे हेय हैं। क्योंकि वे निदानबंधसे उपार्जन किये पुण्यकर्म जीवको दूसरे भवमें राजसम्पदा देते हैं। उस राज्यविभूतिको अज्ञानी जीव पाकर विषय भोगोंको छोड़ नहीं सकता, उससे नरकादिकके दुःख पाता है, रावणकी तरह, इसलिये अज्ञानियोंके पुण्य–कर्म भी होता है, और जो निदानबंध रहित ज्ञानी पुरुष हैं, वे दूसरे भवमें राज्यादि भोगोंको पाते हैं, तो भी भोगोंको छोड़कर जिनराजकी दीक्षा धारण करते हैं। धर्मको सेवनकर ऊर्ध्वगतिगामी बलदेव आदिककी तरह होते हैं। ऐसा दूसरी जगह भी कहा है, कि भवान्तरमें निदानबंध नहीं करते हुए जो महामुनि हैं, वे महान् तपकर स्वर्गलोक जाते हैं। वहाँसे चयकर बलभद्र होते हैं। वे देवोंसे अधिक सुख भोगकर राज्यका त्याग करके मुनिव्रतको धारणकर या तो केवलज्ञान पाके मोक्षको ही पधारते हैं, या बड़ी ऋद्धिके धारी देव होते हैं, फिर मनुष्य होकर मोक्षको पाते हैं।।५७।।

હવે, નિદાનબંધથી ઉપાર્જિત પુણ્યો જીવને રાજ્યાદિની વિભૂતિ આપીને નરકાદિના દુઃખ ઉપજાવે છે તે કારણે તેઓ સમીચીન નથી, એમ કહે છે :

ભાવાર્થ : નિજશુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદ જેનું એક રૂપ છે એવા સુખના અનુભવથી વિપરીત દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની

**આકાંક્ષારૂપ નિદાનબંધપૂર્વક જ્ઞાન, તપ અને દાનાદિથી ઉપાર્જિત કરેલાં જે પુણ્યકર્મો છે તે હેય છે; શા માટે? કારણ કે નિદાનબંધથી ઉપાર્જિત પુણ્યથી બીજા ભવમાં રાજ્યાદિની વિભૂતિ પ્રાપ્ત થતાં તો જીવ ભોગોને છોડી શકતો નથી, તેથી રાવણાદિની માફક તે પુણ્યથી નરકાદિના દુઃખ પામે છે માટે તેવા પુણ્યો હેય છે. વળી નિદાન રહિત એવા પુણ્ય સહિત જે પુરુષો છે તે બીજા ભવમાં રાજ્યાદિના ભોગ પ્રાપ્ત થતાં પણ ભોગોને છોડીને, જિનદીક્ષા લઈને બળદેવની માફક ઊર્ધ્વગતિગામી થાય છે, એવો ભાવાર્થ છે. કહ્યું છે કે 'ऊर्ध्वगा बलदेवाः स्युर्निर्निदाना भवान्तरे।' (અર્થ : પૂર્વભવમાં જેણે નિદાનબંધ કર્યો નથી એવા બળદેવો ઊર્ધ્વગામી થાય છે.) ૫૭.**

---

## વીર સંવત ૨૫૦૨, કારતક વદ ૧૪, શનિવાર
## તા. ૨૦-૧૧-૧૯૭૬, ગાથા-૫૭, પ્રવચન નં. ૧૩૮

'પરમાત્મપ્રકાશ' ૫૭-ગાથા. '**આગે નિદાનબંધસે ઉપાર્જન કિયે હુએ પુણ્યકર્મ...**' મિથ્યાત્વસહિત છે ત્યાં નિદાન છે એમ કહે છે. ઈચ્છા છે ને ઈચ્છા? વાંછા પરની. '**નિદાનબંધસે ઉપાર્જન કિયે હુએ પુણ્યકર્મ જીવકો રાજ્યાદિ વિભૂતિ દેકર...**' રાજ્યાદિ એટલે શેઠાઈ. રાજ પછી કોઈ ... '**નરકાદિ દુઃખ ઉત્પન્ન કરાતે હૈં,...**' આહાહા..! નિદાનબંધથી થયેલો પુણ્યબંધ. પાંચ ઈન્દ્રિયોની વિષયની ઈચ્છાપૂર્વક જે પરલક્ષી જ્ઞાન હો, તપ હો, દાન હો, એનાથી ઉપાર્જેલા કર્મ એ રાજ્યાદિ, શેઠાઈ આદિને પામી નરક અને નિગોદમાં જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ કહે છે.

**૧૮૪) मं पुणु पुण्णइं भल्लाइँ णाणिय ताइँ भणंति।**
**जीवहँ रज्जइँ देवि लहु दुक्खहँ जाइँ जणंति।।५७।।**

**અન્વયાર્થ :- 'ફિર વે પુણ્ય ભી અચ્છે નહીં હૈં, જો જીવકો રાજ દેકર...'** રાજ્ય આદિ શબ્દ છે. '**શીઘ્ર હી નરકાદિ દુઃખોંકો ઉપજાતે હૈં, ઐસા જ્ઞાનીપુરુષ કહતે હૈં.**' આહાહા..!

**ભાવાર્થ :- 'નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન...'** ભગવાનઆત્મા નિજ શુદ્ધાત્મા, એની એકાગ્રતાથી ઉત્પન્ન '**વીતરાગ પરમાનંદ અતીન્દ્રિયસુખકા અનુભવ...**' પહેલી અસ્તિ સિદ્ધ કરી. શુદ્ધાત્મા પરમાનંદમૂર્તિ. ૨૧મી ગાથામાં એમ કહ્યું છે. 'પ્રવચનસાર' ૨૧મી ગાથા. આ અધિકાર ચાલે છે ને કે કેવળજ્ઞાની તો ક્રમ છે એને જાણે. એને અક્રમ ન હોય. કેવળજ્ઞાનમાં ક્રમ(રૂપ) જે છે તે બધું જાણે સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. એ કેવળજ્ઞાન ઉત્પન્ન કેમ થાય? ત્યારે ત્યાં કહ્યું છે ને ૨૧માં? અનાદિઅનંત અસાધારણ જ્ઞાનને કારણપણે ગ્રહીને. એ પહેલી વાત થઈ હતી ઘણીવાર. આહાહા..!

અહીંયાં તો કેવળજ્ઞાની જાણે તેમ થાય. એટલે ક્રમસર છે તે જાણે અને જાણે છે તે ક્રમ એમાં છે તે જાણે. એવું કેવળજ્ઞાન એની જેને પ્રતીતિ થાય તેને કેવળજ્ઞાન ઉત્પન્ન કરવાનું કારણ અસાધારણ જ્ઞાનસ્વભાવ, ત્રિકાળી અસાધારણ સર્વજ્ઞસ્વભાવ, એને કારણપણે ગ્રહી અને પરિણમન કેવળજ્ઞાનનું થાય તે કેવળજ્ઞાનીને બધા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ? ત્યાં તો એમ લીધું કે પરિણમનમાં... પાઠ છે ને ૨૧મી ગાથા? કેવળજ્ઞાનરૂપે પરિણમનારને. કેવળી જગતમાં છે એની શ્રદ્ધા કરનારો એ શ્રદ્ધા કરે છે કે અસાધારણ જે જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે એને કારણપણે ગ્રહીને પ્રતીત કરે છે. સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? ત્યાં તો એક જ્ઞાનસ્વભાવ લીધો છે. એકરૂપ જે જ્ઞાનસ્વરૂપ ભગવાન એને જેણે કારણપણે ગ્રહ્યું એને સમ્યગ્દર્શન-જ્ઞાન થતાં કેવળજ્ઞાનનું પરિણમન એને થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? 'અમૃતચંદ્રાચાર્યે' એમ મૂક્યું છે. અનાદિ અનંત અહેતુક અસાધારણ જ્ઞાનસ્વભાવને કારણપણે ગ્રહીને. 'જયસેનઆચાર્યે' શુદ્ધાત્માને ઉપાદેય કરીને એમ લખ્યું છે. પણ એ તો કારણપણે જ્ઞાનને પકડ્યું ત્યાં એમાં ત્રિકાળી આખો શુદ્ધાત્મા જ આદરણીય આવી ગયો. પણ જ્ઞાનનું પરિણમવું છે ને? એથી એણે અસાધારણ જ્ઞાન કારણપણે નાખ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. યોગ્યતા અનુસાર..

ઉત્તર :- યોગ્યતા અનુસાર થાય છે પણ પુરુષાર્થથી થાય છે ને? મફત થાય છે ત્યાં? એમ કહે છે અહીં. પુરુષાર્થથી થાય છે ત્યાં. એ માટે તો આ વાત ચાલે છે.

ક્રમબદ્ધ થાય એની લાયકાતથી તેની પર્યાય તે સમયે થાય, તે સમયે નિમિત્ત પણ હો. એ નિમિત્ત ન હો અને થાય એમ પણ નથી અને થાય છે માટે નિમિત્ત ન હોય એમ પણ નહિ, હોય છે. પણ એ યોગ્યતાની-લાયકાતની પ્રતીત કોને હોય? સમજાણું કાંઈ? સમય સમયની પર્યાય પોતાને કાળે થાય, ક્રમસર થાય એનો નિર્ણય કોને (છે)? એ ચાલે છે વાત બે દિ'થી તો. એનો નિર્ણય કેવળજ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે, એનો આશ્રય લે ત્યારે તેનો ક્રમબદ્ધનો નિર્ણય અને થવા યોગ્ય થાય તેનો નિર્ણય સાચો કહેવાય. સમજાણું કાંઈ? ભાઈએ નાખ્યું છે ને. યાદ આવ્યું છે. લ્યો! 'સોગાની'. ક્રમબદ્ધ અને થવાનું હશે એ થશે એ કોને? જેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર ગઈ છે એને. એમ શબ્દ આવે છે. આહાહા..!

જ્ઞાન પરિણમનાર અને કેવળી, એણે જોયું બધું ત્રણકાળ ત્રણલોક એક સમયમાં. એણે કોઈ ભવિષ્યમાં પર્યાય તો થવાની જે સમયે તેને પહેલેથી જાણી લીધી છે. સમજાણું કાંઈ? ત્યારે કોઈ કહે કે અમારે પર્યાય તો થવાની હશે ત્યારે થાશે. પણ એ થવાની હશે એ થાશે એ કોને પ્રતીત છે? સમજાણું કાંઈ? જેને જ્ઞાનસ્વભાવ કેવળજ્ઞાનપણે પરિણમે છે, એવો જે ત્રિકાળી જ્ઞાનસ્વભાવ, એની જેને દૃષ્ટિ છે, એને ક્રમબદ્ધ અને જે થવાનું હશે થશે એને માટેની વાત છે. એય..! 'દેવાનુપ્રિયા'! થવાનું હશે એમ કરીને કાઢી નાખે અને પુરુષાર્થ કરે નહિ, એ નહિ.

મુમુક્ષુ :- એમા નિઃશંક હોય તો?

ઉત્તર :- એ નિઃશંક નથી. એ નિઃશંક નથી. અંદરમાં મફતનો હઠગ્રાહી છે. ‘દેવાનુપ્રિયા’! અહીં ચાલે એવું નથી કાંઈ. આહાહા..! એ તો હઠગ્રાહી છે.

જેને ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ અને એ જ્ઞાનસ્વરૂપમાંથી કેવળજ્ઞાનનું પરિણમન (થયું છે), કેવળજ્ઞાન. જ્ઞાનસ્વભાવ જે અસાધારણ સ્વભાવ, એને જેણે કારણપણે ગ્રહ્યો છે એનું પરિણમન પૂર્ણ કેવળજ્ઞાનપણે થાય છે. સમજાણું કાંઈ? એ આજે સવારમાં એ આવ્યું હતું. રાતનું. પછી સવારમાં પહેલું એ જોયું હતું. વાત પહેલી તો કહેવાઈ ગઈ છે ઘણીવાર. અસાધારણ જ્ઞાનને ગ્રહીને. આ તો સવારમાં પહેલેથી એમ આવ્યું હતું. અહીં તો એ જ ચાલતું હોય ને. પછી ઉઠ્યા પછી તરત જ જોયું નહિ પહેલા? સૂરજ ઊગ્યા પહેલા. હતા તમે? આ પુસ્તક. ૨૧મી ગાથા. પણ વાત એ છે કે ‘અમૃચંદ્રાચાર્યે’ અસાધારણ જ્ઞાનને, જ્ઞાન પરિણમે છે ને કેવળજ્ઞાનપણે? એટલે ઓલું જ્ઞાન છે તેને કારણપણે ગ્રહીને પરિણમે છે એમ કહ્યું છે. અને ‘જયસેનાચાર્યે’ શુદ્ધાત્મા ઉપાદેય કરીને જ્ઞાન પરિણમે છે એમ કહ્યું છે. એ તો બધી એક જ વસ્તુ છે. આહાહા..!

અહીં તો કહે છે, જે જ્ઞાનસ્વભાવી ભગવાનઆત્મા સર્વજ્ઞની પ્રતીત કરવા જાય છે ત્યાં સર્વજ્ઞનું પરિણમન જે જ્ઞાનનું છે એવું જ્ઞાનનું પરિણમન ક્યાંથી થયું? જ્ઞાનસ્વભાવમાંથી થયું. સમજાણું કાંઈ? એવું જે જ્ઞાનસ્વભાવમાંથી પરિણમન, જ્ઞાનનું પરિણમન પૂર્ણ, કેવળજ્ઞાનનું પરિણમન પૂર્ણ (થયું) એ ક્યાંથી પરિણમ્યું? એ થયું ક્યાંથી? એ ત્રિકાળી જ્ઞાનસ્વભાવ છે તેના આશ્રયથી તે થયું છે. આહાહા..! કહો, ‘ચેતનજી’! આહાહા..! એથી એને કરવાનું એ છે કે ત્રિકાળી જ્ઞાયકભાવ છે તેનો આશ્રય કરવો, તેને કારણપણે બનાવવું. છે તો ખરું પણ બનાવવું પર્યાયમાં.

એ પ્રશ્ન થયો હતો ને? એમ કે આત્મા કારણપરમાત્મા તો છે. તો પછી કારણ છે તો કાર્ય કેમ થતું નથી? સમજાણું કાંઈ? શું પ્રશ્ન છે? કારણપરમાત્મા છે તો કાર્ય કેમ થતું નથી? પણ કારણપરમાત્મા છે એ કોને? જેણે માન્યું છે એને. સમજાણું કાંઈ? આહાહા..! કારણપરમાત્મા છે, અસ્તિપણે છે. એ પ્રશ્ન કર્યો હતો ને? ‘ત્રિભુવનભાઈ’એ કર્યો હતો ને? ‘વારિયા’ ‘વીરજીભાઈ’નો દિકરો છે ને? એણે પ્રશ્ન કર્યો હતો કે કારણપરમાત્મા છે તો કાર્ય તો આવવું જોઈએ અને આ કારણપરમાત્મા છે તો કાર્ય આવતું નથી. પણ છે એ કોને? સમજાય છે કાંઈ? જેણે ત્રિકાળી કારણપરમાત્માનો છે એવો સ્વીકાર દૃષ્ટિમાં કર્યો એને સમ્યગ્દર્શન કાર્ય આવ્યા વિના રહે નહિ. આહાહા..! ઝીણી વાતું બહુ, બાપુ! આહાહા..!

ભગવાન પોતે કારણપરમાત્મા જ છે. આત્મા બધા ભગવાન કારણપરમાત્મા છે. તો પછી પ્રશ્ન થયો એ ‘વારિયાજી’નો કે કારણપરમાત્મા હોય તો કાર્ય તો આવવું જોઈએ. કોણે ના પાડી? પણ કારણપરમાત્મા છે એટલે? જેને અનુભવમાં આવ્યો કે કારણપરમાત્મા છે, દૃષ્ટિમાં, સમ્યગ્દર્શનમાં આમ આવ્યો કે આ પરમાત્મા છે. આહાહા..! જેને સમ્યગ્દર્શન થયું છે એને કારણપરમાત્માની આસ્થા થઈ છે. છે તો છે અનાદિનો અભવિને પણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેણે આ ભગવાનઆત્મા,.. કેવળજ્ઞાનીએ દીઠું તેમ થશે. વાત એમ જ છે. પણ એ કેવળજ્ઞાની જગતમાં છે. જ્ઞાનના પરિણમનની પૂર્ણ દશા (છે) એવો જે સ્વીકાર કરવા જાય છે એનો, ત્યારે તેનું જ્ઞાન પરિણમન પૂરું ક્યાંથી થયું, આવ્યું? કે પોતાના ત્રિકાળી જ્ઞાનસ્વભાવમાંથી પૂર્ણ આવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! શું વીતરાગની શૈલી! ચારે બાજુથી અવિરોધ સત્ય (ઊભું) થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- કેવળજ્ઞાની છે એમ જિનવાણી કહે છે, આપ કહો છો, પછી...

ઉત્તર :- એમ માને એ માન્યું કહેવાય?

કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ ત્રણલોક દેખે અને તે પ્રકારે સામે થાય. હવે એમાં એમ કહ્યું છે, 'સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા'માં કાલે આવ્યું છે એમાં, કે જે કોઈ, ત્રણકાળ ત્રણલોકમાં ભગવાને દીઠું તે સમયે તે પર્યાય ત્યાં થાય એમ જે માને એ સમ્યગ્દૃષ્ટિ છે. અને એમ જે ન માને શંકા કરે તે મિથ્યાદૃષ્ટિ, નિઃસંદેહ મિથ્યાદૃષ્ટિ છે. 'નવલચંદભાઈ'! આવ્યું હતું ને? એ તો પહેલા પણ આપણે કહ્યું. ઘણા વખતથી કહીએ છીએ. એ તો આ 'કૈલાસચંદ'નું આવ્યું એટલે વળી (સ્પષ્ટ કરીએ છીએ). આ તો ઠેઠથી (આવે) છે. આહાહા..!

અહીંયાં તો ભગવાન શુદ્ધ આત્મા વસ્તુ છે. ધ્રુવ-ધ્રુવ. પણ છે કોને? જેણે તેનો સ્વીકાર કર્યો છે તેની સન્મુખ થઈને, ભગવાન શુદ્ધાત્માની સન્મુખ થઈને જેણે સ્વીકાર કર્યો, સમ્યગ્દર્શન કર્યું એને કારણપરમાત્મા છે. અને એણે કારણપણે જ્ઞાન જે ગ્રહ્યું કે ત્રિકાળી જ્ઞાન છે એ કારણપણે ગ્રહીને (પરિણમ્યો) તેને કેવળજ્ઞાન કાર્ય થાય. સમજાણું કાંઈ? આવી વાતું ભારે ભાઈ આ. એ કોઈ દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજા કરવાથી થાય, એમ નથી. એમ કહે છે.

જ્ઞાનનું પરિણમવું જે છે એ જ્ઞાનના કારણેથી પરિણમે છે. આહાહા..! એને કોઈ આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ ને અપવાસ કરે અને વ્રત પાળે અને ભક્તિ કરે, જાત્રા કરે એનાથી થાય, ત્રણકાળમાં ન થાય. એ બધી ક્રિયાઓ રાગની છે. એ જ્ઞાન નથી. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનનું પરિણમવું જે કેવળજ્ઞાનનું (છે), એ પરિણમવાનું કારણ તો ત્રિકાળી જ્ઞાયકભાવ છે તે કારણ છે. આહાહા..! એને વ્યવહારરત્નત્રયના પરિણામો દયા કરે, વ્રત પાળે, અપવાસ કર્યા, સંથારા કર્યા, આ ઉપધાન કર્યા મહિના, દોઢ મહિના, પાંચ મહિના, ધૂળના એવા અનંતવાર કર્યા, સાંભળને! એ ક્યાં જ્ઞાન છે? એ ક્યાં જ્ઞાન છે કે જ્ઞાનનું પરિણમન છે કે જ્ઞાનના કારણથી એ પરિણમન આવ્યું છે? એ તો રાગનું પરિણમન છે.

મુમુક્ષુ :- થોડો ઘણો ફર્ક પડે.

ઉત્તર :- થોડો ઘણો ફર્ક પડે અજ્ઞાનમાં. અજ્ઞાની એમ માને કે આવી ક્રિયા કરશું તો એનાથી ધર્મ થશે ને મોક્ષ થશે. એવો ફર્ક પડે અજ્ઞાનીને.

મુમુક્ષુ :- સાહેબ! મારા જ્ઞાન ઉપર હું શંકા શા માટે કરું?

ઉત્તર :- હતું કે દિ' પણ મારું જ્ઞાન? એને પ્રતીતમાં ક્યાં આવ્યું છે? કોને કહેવું મારું જ્ઞાન? એમ ન ચાલે અહીં. મારું જ્ઞાન એટલે ત્રિકાળી જ્ઞાન એને પ્રતીતમાં, વિશ્વાસમાં, અનુભવમાં આવ્યું છે ત્યારે આ મારું જ્ઞાન કહેવાય. નહિતર મારું જ્ઞાન ક્યાં હતું ત્યાં એને? એને તો મારી રાગ અને પર્યાય હતી. 'દેવાનુપ્રિયા'!

મુમુક્ષુ :- આત્મા દેખાતો નથી વિશ્વાસ કેવી રીતે કરવો?

ઉત્તર :- પરમાત્મા દેખાતો નથી એ જ દેખાય છે. દેખાતો નથી એ નિર્ણય કોણે કર્યો? પરમાત્મા મારું સ્વરૂપ મને દેખાતું નથી. દેખાતું નથી એ નિર્ણય કોણે કર્યો? એ નિર્ણય કરનાર જ આત્મા છે. ભાઈ! આ તો અંતરની વાતું છે. બહારનું તો કરીને મરી ગયો અનંતવાર. આહાહા..! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત ધારણ (કર્યા). દિગંબર મુનિ, હોં! એવો અનંતવાર પંચમહાવ્રતધારી થયો પણ એને આત્મજ્ઞાન નહિ એટલે જરીએ મોક્ષનું કારણ થયું નથી એને. આહાહા..! ઝીણી વાતું બાપુ!

અહીં તો પ્રશ્ન ઉઠ્યો હતો શું? '**परिणममान्यस्य**' એવું છે ૨૧મી ગાથામાં. '**परिणममान्यस्य**' '**पच्चक्खा**' પ્રત્યક્ષ થાય છે એને. પરિણમન શેનું? કે જ્ઞાનનું. તો જ્ઞાનનું પરિણમન એ કેવળજ્ઞાન. તો એ પરિણમન કેવળજ્ઞાન એ થયું ક્યાં કારણમાંથી? આહાહા..! સમજાણું કાંઈ? એ મોક્ષનો માર્ગ હતો એનાથી નથી થયું. મોક્ષનો માર્ગ તો વ્યય થઈ ગયો. સમજાણું કાંઈ? આહાહા..! એને તો ત્રિકાળી ભગવાન જ્ઞાનની મૂર્તિ પ્રભુ, જ્ઞાનસ્વભાવનું સ્વરૂપ જ એનું (છે), જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે. એણે જેણે શ્રદ્ધા-જ્ઞાનમાં ગ્રહ્યો એનું પરિણમન કેવળજ્ઞાનરૂપે થયું. આહાહા..! એ જ્ઞાનના કારણમાંથી જ્ઞાનનું કાર્ય આવ્યું. આહાહા..! વસ્તુ તો જુઓ!

મુમુક્ષુ :- સાહેબ! 'અમૃતચંદ્રાચાર્ય' કહે કે બાળગોપાળ બધાયને આ પ્રત્યક્ષ છે.

ઉત્તર :- છે પણ દૃષ્ટિ ક્યાં છે એની? એની દૃષ્ટિ રાગ ઉપર છે એમ કહે છે. શું કીધું? પર્યાય ઉપર દૃષ્ટિ છે. પર્યાય-જ્ઞાનનો પર્યાય છે એનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. માટે ખરેખર તો જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક જ આવે છે. પણ એની દૃષ્ટિ ક્યાં છે ત્યાં? ૧૭-૧૮ ગાથા. એ તો ઘણીવાર કહેવાઈ ગયું છે અહીં ઈ. બાર મહિને આવે અને આઠ દિ' આવે અને પાછા ભાગે.

મુમુક્ષુ :- આમાં કાંઈ પિષ્ટપિંજણ નથી આવતું.

ઉત્તર :- પિષ્ટપિંજણ નથી. આ તો વારંવાર સત્યનું ઉદ્‌ઘાટન છે. સત્યનું ઉદ્‌ઘાટન છે. આહાહા..!

અહીંયાં કહે છે કે આ મારું જ્ઞાન. પણ મારું જ્ઞાન એટલે શું? ક્યાં છે ઈ? કેવડું છે ઈ? કેમ મનાય છે ઈ? સમજાણું કાંઈ? ન્યાં ઘરના રોટલા ખાવાની સગવડતા અને પડ્યા રહે ત્યાં. પછી મારે ગપ્પા આવા. એય..! 'દેવાનુપ્રિયા'! આ વસ્તુ એવી છે ને, બાપુ! આહાહા..! આ મારું.. આ મારું.. હજી આ મારું ક્યાં છે? વસ્તુમાં આ મારી વસ્તુ છે. તો એની જ્યારે દૃષ્ટિ થાય ત્યારે આ મારું એને થાય. આહાહા..!

મુમુક્ષુ :- સન્મુખ થઈને નજરે જોવે.

ઉત્તર :- નજર (કરે) ત્યારે થાય. આહાહા..! આવું છે, બાપુ!

આ તો વીતરાગ માર્ગ. સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવનો માર્ગ બાપુ ઝીણો બહુ છે. આહાહા..! અને પરમસત્યનો પોકાર છે. આહાહા..! એ જ્ઞાન પરિણમનાર.. આહાહા..! એવા જે કેવળી એ જ્ઞાનનું પરિણમન કેવળનું છે. કે રાગનું છે? કે અલ્પજ્ઞનું છે? આહાહા..! એ જ્ઞાનનું પરિણમન કેવળજ્ઞાનની પૂર્ણતાનું પરિણમન તે કારણ જ્ઞાનમાંથી આવે છે. એનું કારણ ત્રિકાળી જ્ઞાન છે. આહાહા..! એનું કારણ વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે પંચમહાવ્રત એ પણ નહિ. એ તો બધા રાગ છે. આહાહા..! એનું કારણ વર્તમાન ક્ષયોપશમ પર્યાય જે ઉઘડી છે એ પણ કારણ નહિ. આહાહા..!

અહીંયાં તો જ્ઞાન લેશે. એમાં ભૂલ થઈ ગઈ છે જરી. ટીકા છે ને ભાઈ એમાં? નિદાનબંધપૂર્વક દાન તપ એમ શબ્દ છે. પણ ત્યાં જ્ઞાન જોઈએ. ભાવાર્થમાં. ભાવાર્થ છે ને? '**નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન જો વીતરાગ પરમાનંદ અતીન્દ્રિયસુખકા અનુભવ...**' આ સમ્યગ્દર્શન. આહાહા..! હજી તો ચોથું ગુણસ્થાન આને કહીએ. નિજ શુદ્ધાત્મા ભગવાન પૂર્ણાનંદ પવિત્રનો નાથ ભગવાનઆત્મા, એની ભાવનાથી ઉત્પન્ન. એની અંતર સન્મુખ થઈને એકાગ્રતાથી ઉત્પન્ન '**વીતરાગ પરમાનંદ...**' વીતરાગી અતીન્દ્રિય આનંદ આવે. આહાહા..! '**અતીન્દ્રિય સુખકા અનુભવ...**' અતીન્દ્રિય સુખ ત્રિકાળી, એનો અનુભવ. આહાહા..!

'**ઉસસે વિપરીત જો દેખે, સુને, ભોગે...**' આહાહા..! '**દેખે,...**' ઇન્દ્રિયથી. '**સુને,...**' કાનેથી. '**ભોગે...**' મનથી આદિ. એવા '**ઇન્દ્રિયોંકે ભોગ ઉનકી વાંછારૂપ...**' એની ઇચ્છા. આહાહા..! '**નિદાનબંધપૂર્વક...**' હેતુ ત્યાં મિથ્યાત્વનો પડ્યો છે (એટલે) નિદાન જ છે ત્યાં, વાંછા છે. આહાહા..! '**નિદાનબંધપૂર્વક જ્ઞાન દાન તપ...**' એમ જોઈએ. એ જ્ઞાન શબ્દ પડ્યો છે ત્યાં. પાઠમાં એમ છે. '**ज्ञानतपदानादिना**' સંસ્કૃત એમ છે. આ પરલક્ષી ક્ષયોપશમજ્ઞાન. સમજાણું કાંઈ? એવા મિથ્યાદૃષ્ટિ, જેને હજી આત્મા પૂર્ણાનંદ કોણ છે તેની શ્રદ્ધાની ખબર નથી. સમજાણું કાંઈ? અને દયા, દાન, વ્રત, તપના ભાવ એ રાગ છે, એ રાગની ઇચ્છાથી એ કરે છે. આહા..! કારણ કે ભગવાન કોણ છે એ તો જોયો નથી, માન્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**નિદાનબંધપૂર્વક જ્ઞાન, દાન, તપ આદિક...**' સંસ્કૃત એમ છે. જ્ઞાન, તપ અને દાન. એમ. દાન કરે, અપવાસ કરે, સંથારો કરે બબ્બે મહિમાનો, બબ્બે મહિના, છ-છ મહિનાના અપવાસ કરે. એ '**આદિકસે ઉપાર્જન કિયે જો પુણ્યકર્મ હૈં,...**' એનાથી તો પુણ્ય ઉપાર્જન થાય, ધર્મ નહિ. આહાહા..! આકરી વાત, ભાઈ! વીતરાગ માર્ગ જિનેન્દ્રદેવ, જિનવર કેવળી પરમાત્માએ કહેલો માર્ગ કોઈ અલૌકિક છે. અત્યારે તો એ માણસને સાંભળવા મળતો નથી. ગુમ થઈ ગયો બધો. આ ક્રિયા કરો, વ્રત કરો, ઉપધાન કરો, તપ કરો, પૂજા કરો, જાત્રા કરો એમાં તમને (ધર્મ) થાશે. ધૂળેય નહિ થાય, સાંભળને! આહાહા..! એનાથી આ થાય.

મિથ્યાત્વ છે એનાથી ધર્મ થશે એમ માન્યું છે એટલે મિથ્યાત્વથી જ્ઞાનનો ઉઘાડ, દાન, તપ આદિ ઉપાર્જન કર્યા એનાથી પુણ્યકર્મ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પુણ્યકર્મ થઈ મહાવિદેહમાં...

ઉત્તર :- એ પુણ્યકર્મ થઈને નરકે જાશે એમ કહે છે. જુઓ! વાંચો તો ખરા.

'**પુણ્યકર્મ હૈં, વે હેય હૈં.**' લ્યો! '**ક્યોંકિ વે નિદાનબંધસે ઉપાર્જન કિયે પુણ્યકર્મ જીવકો દૂસરે ભવમેં રાજસમ્પદા દેતે હૈં.**' રાજા થાય, મોટા અબજોપતિ શેઠિયા થાય, આવા પુણ્યમાં. મિથ્યાદૃષ્ટિમાં ઈચ્છાપૂર્વક કરેલા બધા તપ અને અપવાસ ને બધી ક્રિયાઓ, એનાથી ઉપાર્જે પુણ્ય. આહાહા..! એને '**રાજસંપદા દેતે હૈં. ઉસ રાજ્યવિભૂતિકો અજ્ઞાની જીવ પાકર વિષય ભોગોંકો છોડ નહીં સકતા,...**' પછી તો ઈચ્છા અંદર મિથ્યાત્વભાવ છે અને મિથ્યાત્વથી બાંધેલા પુણ્ય છે એટલે પુણ્યના ફળમાં એને છોડવાનો ભાવ નહિ આવે એને. '**ભોગોકો છોડ નહીં સકતા,...**' આહાહા..! '**ઉસસે નરકાદિકકે દુઃખ પાતા હૈ,...**' શું કીધું? મહાવિદેહ જાશે એમ નથી કીધું. નરકાદિકના દુઃખ પામશે. નરક આદિ એટલે? તિર્યંચ-ઢોર થાશે કાં નરકમાં જાશે. આહાહા..! ભાઈ! માર્ગ પ્રભુનો. વીતરાગી માર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય એ બહુ ઝીણી વાત છે, બાપુ! આહા..! એવો જિનવર માર્ગ બીજે ક્યાંય છે નહિ. એના સંપ્રદાયને ખબર નથી તો બીજે છે ક્યાં? આહાહા..!

કહે છે, જેણે આત્મજ્ઞાન વિના પરના જ્ઞાન કર્યા અને વ્રત, તપ આદિ કર્યા, એનાથી એને પુણ્ય બંધાણું. આહાહા..! અને એ પુણ્ય તરીકે એને રાજ આદિ મળશે. સ્વર્ગનો દેવ થાય. તો ત્યાંથી પાછો પડશે હેઠે અને ઢોરમાં જાશે. આહાહા..! અજ્ઞાની પુણ્ય ઉપાર્જન કરીને બે સાગરે પહેલા દેવલોકમાં જાય. સમ્યક્‌નું ભાન નથી. હું ચિદાનંદ આત્મા છું, જ્ઞાતા-દૃષ્ટા છું, રાગની ક્રિયા એ પણ મારી નથી એવી ખબર નથી. એવા રાગના ઉપાર્જનથી પુણ્ય ઉપાર્જ્યું. એમાંથી સ્વર્ગમાં જાય, ત્યાંથી મરીને એકેન્દ્રિયમાં જાય. સમજાણું કાંઈ? અહીં તો નરક અને ઢોરનું કીધું. એ બધું ઢોરમાં આવે, આ એકેન્દ્રિય પણ એમાં આવે. આહાહા..! પહેલા-બીજા દેવલોકનો દેવ, બે સાગરની સ્થિતિ. એ મરીને વનસ્પતિમાં અને પૃથ્વી, પાણીમાં જાય. એકેન્દ્રિય એકેન્દ્રિય થાય. આહાહા..!

મુમુક્ષુ :- સ્વર્ગમાં ગયા બાદ ભાવ પલટી જાય.

ઉત્તર :- એ પલટી જાય એનો પ્રશ્ન અહીં છે નહિ. એના એ ભાવવાળાની વાત છે ને? પલટી જાય એ તો દૃષ્ટિ ફરી ગઈ. એ દૃષ્ટિ આનાથી ફરે નહિ. પુણ્યથી ફરે નહિ. પુણ્યના ફળ મળ્યા એનાથી ફરે નહિ. સમજાણું કાંઈ? એ તો અનંતવાર સ્વર્ગમાં ગયો નથી? અનંતવાર સ્વર્ગમાં ગયો. કાંઈ ફર્યું નથી. નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો. જૈન સાધુ દિગંબર મુનિ થઈને. પંચમહાવ્રત અને અઠ્ઠાવીસ મૂળગુણ પાળીને. અનંતા પુદ્‌ગલ પરાવર્તન કર્યા નવમી ગ્રૈવેયકના. એક પુદ્‌ગલ પરાવર્તનના અનંતમા ભાગમાં અનંતી ચોવીશી જાય. આહાહા..! એવા અનંતા પુદ્‌ગલ પરાવર્તન દરેક જીવે નવમી ગ્રૈવેયકના કર્યા. આહાહા..! જૈન સાધુ થઈને, હોં! દિગંબર સાધુ. પંચમહાવ્રત (લીધા). હજારો રાણી છોડી, પંચમહાવ્રત પાળ્યા.

પણ એ તો રાગ છે. આહાહા..! એનાથી પુણ્ય થાય, પુણ્યના ફળમાં સ્વર્ગાદિમાં જાય. ત્યાંથી પછી નીચે હેઠો જાય. આહાહા..! આવી વાત છે, બાપુ! આકરી વાત છે, ભાઈ! પરમેશ્વર જિનવરદેવ વીતરાગસ્વરૂપી પ્રભુ, એનો માર્ગ તો વીતરાગદશાથી ઉત્પન્ન થાય. આવી રાગની ક્રિયાથી ઉત્પન્ન થાય એમ માને છે એ મિથ્યાદૃષ્ટિ પુણ્ય ઉપાર્જે. અપવાસ કર્યા હોય, વ્રતાદિ હોય. મરીને સ્વર્ગમાં જાય. ત્યાંથી રાજાદિ થઈને નરકમાં જાય. આહાહા..! સણસણાટ થઈ જાય એવું છે. આવો માર્ગ છે, બાપુ!

જેને આત્મા... એ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિનો વિકલ્પ રાગ છે એ તો. એનાથી પ્રભુ ભિન્ન છે. આહાહા..! એવા આત્માને જેણે પકડ્યો નથી સમ્યગ્દર્શનમાં, એ વિનાની જે ક્રિયાકાંડ એકલી... આહાહા..! એ મિથ્યાત્વસહિત રાગની મંદતાથી ઉપાર્જેલું પુણ્ય સ્વર્ગાદિ, રાજાદિ જઈને પછી નરકમાં જશે. કે સ્વર્ગમાં જઈને એકેન્દ્રિયમાં જશે. આહાહા..! '**ઉસસે નરકાદિકકે દુઃખ પાતા હૈ, રાવણકી તરહ,...**' એ 'રાવણ-રાવણ'. પુણ્ય ઉપાર્જેલું તો આમ પ્રતિવાસુદેવ થયો ને? આહાહા..! મરીને નરકે ગયો. રાવણ. કેટલી વિભૂતિ! પૂર્વના પુણ્યને લઈને. આહાહા..! જેણે 'રામચંદ્રજી' 'લક્ષ્મણજી' 'લક્ષ્મણજી'એ જેને માર્યો. એ પ્રતિવાસુદેવ હતા અને 'લક્ષ્મણ' વાસુદેવ હતા. 'રામચંદ્ર' બળદેવ હતા. આહાહા..! 'રાવણ'ની વિભૂતિ, હજારો દેવો એની પાસે. અને વૈભવ એકલા આરસપહાણ પાથરેલા. આરસપહાણ નહિ. ઓલા શું ધોળા? આરસપહાણ લ્યો. આરસપહાણ તો રહ્યા પણ એકલા ધોળા કાચ આમ આરસપહાણ. બંગલામાં.

મુમુક્ષુ :- સ્ફટિક.

ઉત્તર :- સ્ફટિક-સ્ફટિક લ્યો. એ ભૂલી જવાય છે તમારું. સ્ફટિક બંગલામાં પાથરેલા. એટલે ચાલનારાને શંકા પડી જાય કે મારો પગ આમ કેમ જાય છે. સ્ફટિક પાથરેલા નીચે. સ્ફટિકની.. શું કહેવાય આ તમારે? નિસરણી-પગથિયા. સ્ફટિકના પગથિયાં. અને કરોડો અબજો પથરા. એવું મોટું રાજ. આહાહા..! એ 'લક્ષ્મણજી'ના બાણે મર્યો અને મરીને નરકે ગયો અત્યારે. આહાહા..! પૂર્વના ઉપાર્જેલા નિદાનના પુણ્ય. આહાહા..!

મુમુક્ષુ :- .. ભાવિ તીર્થંકર થાશે.

ઉત્તર :- એ થશે એ આનાથી થશે? આ ભાવ કર્યા એનાથી થશે? એ તો એ ભાવ છોડીને આત્માનો અનુભવ કરશે, આત્મજ્ઞાન આનંદનો નાથ ભગવાન, એનો જેને અનુભવ થશે ત્યારે એને સમ્યગ્દર્શન થશે અને પછી સ્વરૂપમાં રમણતા કરશે ત્યારે ચારિત્ર થાશે. સ્વરૂપમાં રમણતા. ત્યારે એ તીર્થંકર થશે. આહાહા..! સમજાણું કાંઈ? એથી આવી ક્રિયાકાંડથી થયા એ? એ તો પુણ્ય થયું, પુણ્યથી રાજ મળ્યું, મરીને ગયા હેઠે. આહાહા..!

'લક્ષ્મણ'ના બાણે મર્યો. અને એકવાર તો 'રાવણ'ની વિદ્યાથી 'લક્ષ્મણ' અસાધ્ય થઈ ગયા હતા. 'રાવણ' એટલી વિદ્યા શીખેલો. બહુ વિદ્યા. બાણ માર્યું તો ઓલો અસાધ્ય.. અસાધ્ય... 'રામચંદ્રજી' પુરુષ, મહાપુરુષ. સમકિતી, જ્ઞાની, ધર્માત્મા, પુરુષોત્તમ પુરુષ.. આહાહા..! એને પણ જરી વિકલ્પે હલાવી નાખ્યા. રાગ આવ્યો. અરે..રે..રે..! આ

'લક્ષ્મણજી'ને આ શું થયું? ભાઈ મરી જશે? આહાહા..! મહાપુરુષ, આત્માના આનંદના અનુભવી પુરુષોત્તમ પુરુષ. આત્મરામમાં રમનારા રામ. આહાહા..! એને એમ થઈ ગયું કે હાય.. હાય.. આ થયું શું? એમાં વળી કોઈએ કહ્યું. પછી તો એને શ્રદ્ધામાં તો હતું કે વાસુદેવ કાંઈ આમ મરે નહિ. પ્રતિવાસુદેવને માર્યા પછી રાગ થયા પછી મરે. પણ અસ્થિરતામાં જરી (વિકલ્પ આવી ગયો).

(કોઈએ કહ્યું) એક બાઈ છે એને લાવો. એનું પાણી છાંટો તો સાધ્યમાં આવશે. આહાહા..! કેવી? 'વિશલ્યા'. એ 'વિશલ્યા'એ પુણ્ય ઉપાર્જેલું પૂર્વે. ચક્રવર્તીની દીકરી હતી. જંગલમાં મૂકી દીધી કોકે. એને અજગર ગળી ગયો. અને આટલું (શરીર) રહ્યું બહાર. એમાં એનો બાપ આવ્યો ચક્રવર્તી. (ઈ કહે), અજગરને મારું. પિતાજી! બંધ કરજો. મેં અનશન કર્યું છે. બહાર કાઢશો પણ હું અનાજ તો લેવાની નથી. એટલે મારશો નહિ, ઈ કરશો નહિ. એમ ને એમ ત્યાં દેહ છૂટી ગયો અને રાજાની દીકરી થઈ. એવું પૂર્વ (પુણ્ય) ઉપાર્જેલું કે એનું પાણી આને છાંટે તો આ જાગૃત થઈ જાય. આહાહા..! કહો, એકવાર 'રામચંદ્રજી' જેવા મહાપુરુષને પણ..

એ બધું અમે દુકાન ઉપર ગાતા હતા. (સવત) ૧૯૬૪-૬૫-૬૬ની વાત છે. ૧૯૬૪-૬૫-૬૬. 'પાલેજ' દુકાન હતી ને? પિતાજીની દુકાન, ઘરની દુકાન હતી. ત્યારે આ ગાતા. 'આવ્યા હતા ત્યારે ત્રણ જણા ને જાશું એકા એક. માતાજી ખબરું પૂછશે તેને શા શા ઉત્તર દઈશ? લક્ષ્મણ જાગને હો જી.' એમ પછી આવે છે. 'બોલજે એકવાર જી.' એકવાર બોલ તો ખરો. આ જ્યારે અપવાસ કર્યા હોય ત્યારે દુકાને ત્યાં નવરા હોય ને. આ તો બધી ૧૭-૧૮ વર્ષની ઉંમરની વાત છે. ૭૦ વર્ષ પહેલાની. કાંઈ ખબર-બબર ભાન ન મળે. ગાઈએ છીએ. બસ, આપણે ધર્મ કર્યો. સાંજે પડિક્કમણા કરીએ, અપવાસ કરીએ ચોવિહારો. અને દુકાને બેસીએ આખો દિ'. આ તો ૧૬, ૧૭, ૧૮ વર્ષની ઉંમરની વાત છે. આ તો ૮૭ થયા. ૭૦ (વર્ષ) પહેલાની વાત છે. આહાહા..! પણ બધું અજ્ઞાનપણે. આહાહા..! ભગતને ગાતા બહુ સારું આવડે છે. 'આવ્યા હતા ત્યારે ત્રણ જણા'. આવ્યા હતા ને? 'લક્ષ્મણજી', 'રામ' અને 'સીતા'. 'જાશું એકા એક.' 'સીતાજી' 'રાવણ' હરી ગયો. 'લક્ષ્મણજી' આમ મરવા પડ્યો. અરે..રે..! ઘરે જાઈશ તો માતા પૂછશે ભાઈ! શું થયું? 'માતાજી ખબરું પૂછશે તેને શા શા ઉત્તર દઈશ.' એવું કવિએ જોડી દીધેલું. આહાહા..! અરે..! વીતરાગમાર્ગ ભાઈ!

એ અંતર આત્માના આનંદનો નાથ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપ છે અંદર. આહા..! એનો રાગથી છૂટીને, આહાહા..! પૂર્ણાનંદના નાથનો આશ્રય લઈને જે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થાય ત્યારે એને ધર્મી કહેવામાં આવે. આહાહા..! બાકી તો અપવાસ કરે, વ્રત કરે, તપ કરે ને બધા પુણ્ય ઉપાર્જે અને મરીને રાજાદિ થાય અને નરકે જાશે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'સુજાનમલજી'! આવી વાતું છે. આહાહા..! સાધારણ માણસને તો બિચારાને એવું લાગે કે આ શું? હાય.. હાય... આ તો અમે બધું એ માનીએ છીએ. અત્યારે એ કરીએ છીએ. પણ એ તો ખબર જ છે અમને. અહીંયાં અત્યારની ખબર છે.

અહીં આચાર્ય એ કહે છે આહાહા..! એ 'રાવણ'ની પેઠે નરકમાં જાશે. **'ઇસલિયે અજ્ઞાનિયોંકે પુણ્ય-કર્મ ભી હોતા હૈ,...'** શું કીધું ઈ? અજ્ઞાનીને પુણ્યકર્મ થાય છે. છે? પણ આવું. સમ્યગ્દર્શન નથી, જેને આત્મા આનંદનો નાથ, એની દૃષ્ટિનો અનુભવ નથી, એ વિનાના આવા પુણ્યક્રિયા ઉત્પન્ન થાય, અજ્ઞાનીને પુણ્યકર્મ હોય છે. ધર્મ હોતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. આત્મભાવની ભાવના હોય તો?

ઉત્તર :- પુણ્યમાં ભાવના હોય? પુણ્ય તો રાગ છે. રાગમાં ભાવના રાગની હોય. રાગરહિત આત્માની ભાવના એ તો નિર્મળ સમ્યગ્દર્શન છે. એ રાગને લઈને નથી. ઝીણી વાત, બાપુ! બહુ આ કહ્યું. આહાહા..!

**'ઔર જો નિદાનબંધ રહિત જ્ઞાની...'** હવે લીધા જુઓ! મિથ્યાદર્શન રહિત જ્ઞાની પણ પુણ્ય ઉપાર્જે એનું શું? એની વાત કહે છે હવે. **'નિદાનબંધ રહિત જ્ઞાની...'** જેને આત્મજ્ઞાન છે, આત્મ અનુભવ છે, આત્માના આનંદનો જેને સ્વાદ આવ્યો છે એને અહીંયાં જ્ઞાની કહીએ. આહાહા..! એને ધર્મી કહીએ. જેને અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાનઆત્મા, એના અતીન્દ્રિય આનંદનો જેને સ્વાદ આવ્યો છે, વેદન આવ્યું છે એનો સ્વાદ-અતીન્દ્રિય આનંદનો સ્વાદ (આવ્યો છે), એવો જે સમકિતી.. આહાહા..! અહીં તો સમકિતી એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો તો સમકિત જાવ. થઈ રહ્યું. અરે..! મરી ગયો હવે અનંતવાર કરી કરીને. સાંભળને! આહાહા..!

**'નિદાનબંધ રહિત જ્ઞાની પુરુષ હૈં,...'** પુરુષ શબ્દે આત્મા. **'વે દૂસરે ભવમેં રાજ્યાદિ ભોગોંકો પાતે હૈં,...'** પુણ્ય ઉપાર્જ્યું છે અને સમકિતદર્શન આત્માનું ભાન છે. પણ હજી પૂર્ણ વીતરાગતા નથી એથી એને પૂજા, ભક્તિ, દયા, દાનનો ભાવ આવ્યા વિના રહે નહિ. એ શુભભાવથી પુણ્ય થાય. સમ્યગ્દૃષ્ટિ છે, જાણે છે કે આ મારો ધર્મ નથી. સમજાણું કાંઈ? આહાહા..! **'વે દૂસરે ભવમેં રાજ્યાદિ ભોગોંકો પાતે હૈં, તો ભી ભોગોંકો છોડકર જિનરાજકી દીક્ષા ધારણ કરતે હૈં.'** આહાહા..! જોયું! આત્મજ્ઞાની છે, ધર્મી છે, આત્માનું ભાન છે. હું તો આનંદનો નાથ પરમાત્મસ્વરૂપ જ છું એવું જેને સમ્યગ્દર્શન છે. એવો જે જ્ઞાની, એને અધુરાશ દશાને લઈને આવા ભાવ તો આવે. પણ એ હેયબુદ્ધિએ આવે. દયા, દાન, વ્રત, અપવાસ એ હેયબુદ્ધિએ આવે. પણ એનું ફળ પુણ્ય છે. આહાહા..! છે?

એ **'ભોગોંકો છોડકર જિનરાજકી દીક્ષા ધારણ કરતે હૈં.'** આહાહા..! કોની પેઠે? દાખલો આપે છે પાછો. **'ધર્મકો સેવનકર ઊર્ધ્વગતિગામી બલદેવ આદિકકી તરહ હોતે હૈં.'** 'રામચંદ્રજી'. સમજાય છે? 'શ્રીકૃષ્ણ'ના મોટા ભાઈ 'બળદેવ'. એ મહાપુરુષો પૂર્વે મહાઆત્માનું આરાધન કરીને પુણ્ય બાંધેલું એટલે 'બળદેવ' થયા. પણ 'બળદેવ' તો એ ભવે મોક્ષ જ જાય પછી. કો'ક સ્વર્ગમાં જાય આરાધકપણે. પણ એ તો સ્વર્ગગામી, મોક્ષગામી. એને બીજી ગતિ હોય નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ત્રેસઠ શલાકા પુરુષો બધા એવા?

ઉત્તર :- ત્રેસઠ શલાકા પુરુષો આવા થાય એ બધા એવા. બધા મોક્ષગામી. પણ કરે ત્યારે, હોં!

મુમુક્ષુ :- શલાકા પુરુષ થયા નહિતર નહિ?

ઉત્તર :- એમ શલાકા પુરુષ પણ શલાકા પુરુષ પણ ક્યારે થયો શલાકા? શલાકા ત્યારે થયો કે જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યું ત્યારે એ શલાકા કહેવાણો. નહિતર શલાકા તો ભગવાને કીધા પણ એને ક્યાં થયો? એય..! આહાહા..!

જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અંદર આનંદની રમણતા (થઈ). અરે..! પ્રભુ! માર્ગ બીજો, ભાઈ! આહાહા..! આ તો જડ દેહ છે, માટી-ધૂળ છે. એની ક્રિયાઓ છે એ તો જડની છે. અને અંદરમાં દયા, દાન, વ્રત, તપના પરિણામ આવે એ તો શુભરાગ છે. આહાહા..! એ સમકિતીને આવે ખરો એવો ભાવ, કહે છે. સો ભરોટા, સો દાણા, સો ખાંડી, સો ખાંડી અનાજ પાકે ત્યાં સો ભરોટા ખડ હોય. ખડ ભેગું હોય. પણ અનાજ જુદું અને ખડ જુદું. એમ આત્માનું જ્ઞાન આત્માનુભવ જેણે કર્યું છે, એને તો અનાજ પાક્યું છે એટલે નિર્જરા થાય છે અને જેટલો ભાગ પુણ્યનો રહે છે એ ખડ છે. આહાહા..! સમજાણું કાંઈ? વાતે વાતે ફેર. દુનિયાથી.. આહાહા..! આ તો જિનવર વીતરાગ, જેના સો ઈન્દ્ર તળિયા ચાંટે, એકાવતારી ઈન્દ્રો સભામાં સાંભળવા આવે. એકભવતારી ઈન્દ્રો અને ગણધરો જેને સાંભળે એ કેવી વાત હશે! બાપુ! સાધારણ કથા આ કરો ને આ કરો ને (એવી હશે?) સમજાણું કાંઈ?

'**ઊર્ધ્વગતિગામિ બલદેવ આદિકકી તરહ...**' લ્યો, ઠીક! આહાહા..! 'બળદેવ' આદિ. ધર્માત્મા-આત્માનું જ્ઞાન અને આનંદનું સેવન કર્યું છે એણે. અતીન્દ્રિય આનંદનું સેવન કર્યું છે. એને પૂર્ણ આનંદ નથી એટલે વચમાં પુણ્યભાવ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા એવો આવે. એનું પુણ્ય ઉપાર્જન (થાય). એને લઈને સ્વર્ગમાં જાય અને પછી મનુષ્ય થઈને જિનરાજની દીક્ષા ગ્રહણ કરી ચારિત્ર અંદર (ઉપાસે). દીક્ષા એટલે આત્માના આનંદમાં રમણતા. દીક્ષા એટલે મુંડાવીને લુગડાં ફેરવીને બેઠા એ દીક્ષા નથી કાંઈ. આહાહા..! તેથી કીધું ને? જિનરાજની દીક્ષા. એમ કીધું ને? જિનરાજની દીક્ષા. આહાહા..! વીતરાગભાવે જેને દીક્ષા પ્રગટી છે, અંદર ચારિત્ર. આહાહા..! જેને બાહ્ય નગ્નદશા હોય છે. અંદરમાં પંચમહાવ્રતના વિકલ્પ હોય છે, અધૂરો હોય એટલે. પણ અંદરમાં આનંદની રમણતા જે પ્રગટી છે તે દીક્ષા છે. આહાહા..! આવી વળી દીક્ષા.

'**બલદેવ આદિકકી તરહ...**' બીજા પુરુષો પણ હોય છે, એમ કહે છે. શ્રાવક આત્મજ્ઞાની ગૃહસ્થાશ્રમમાં હોય. છોડી શક્યા ન હોય. પણ અંતર અનુભવ દૃષ્ટિ સમ્યક્ અનુભવનું ભાન છે, એ જીવને પણ આવા પુણ્ય થાય. તો એ પુણ્યથી રાજમાં જાય અને રાજ્યમાંથી નીકળીને ભોગ છોડીને એ પણ મુનિ થાય. આહાહા..! કેમકે પુણ્ય થયા હતા એ હેયબુદ્ધિએ થયા હતા. એથી એના ફળમાં પણ હેયબુદ્ધિ રહે છે અને છોડી દે છે પછી. અને અજ્ઞાનીને તો પહેલેથી પુણ્યના પરિણામ ઉપાદેય છે, આદરણીય છે. આહાહા..! એને લઈને

એના ફળમાં પણ આદરણીય ઇચ્છા રહ્યા કરે. એટલે છોડી શકે નહિ. આહાહા..! આવું છે.

મુમુક્ષુ :- જે કર્તા થાય છે તે તેના ફળનો ભોક્તા થાય.

ઉત્તર :- કર્તા મિથ્યાત્વ છે ને? એની વાંછા છે ને? એની રુચિ છે પુણ્યની. તો એના ફળમાં પણ એની રુચિ છે. બે-પાંચ-પચાસ લાખ મળે, કરોડ, બે કરોડ થાય. એની રુચિ છે એને. અજ્ઞાનીને પૈસાની રુચિ છે. એ મરીને હેઠે જવાના બધા. સમજાણું કાંઈ? ભલે અબજપતિ હોય. છેને અત્યારે અબજપતિ? છે ને? આપણા વાણિયામાં છે. બે તો મોટા આપણે સાંભળીએ છીએ. 'ગોવા'માં 'શાંતિલાલ ખુશાલ' સ્થાનકવાસી (છે). (એની પાસે) બે અબજ ચાલીસ કરોડ (છે). એક આપણે અહીંયાં 'મોરબી'ના. 'જયપુર' 'દુર્લભજી ઝવેરી'ના બે દીકરા. એક અબજ. બે ભાઈ વચ્ચે એક અબજ રૂપિયા. ત્યાં ગયા હતા એને ઘરે. લઈ ગયા હતા. મહારાજ! પધારજો. પૂર્વે સ્થાનકવાસી હતા એટલે પ્રેમ તો હોય ને એ જાતનો? એક અબજ રૂપિયા. આ બધા નાખે ત્યાં રૂપિયા થોડા. રાજગૃહી. વિરાયતન કર્યું છે ને? 'અમરચંદ'. ઔષધાલય, ગરીબોને આહાર અને એ બધું એવું કરીને.. બહુ લખાણ આવ્યું હતું કાલે. આસપાસના માણસો ગરીબોને દવા મફત આપવી, આ કરવી, આ કરવું. લ્યો, આવું વિરાયતન કર્યું. તીર્થંકરના નામનું આયતન-સ્થાન. પચ્ચીસો વર્ષમાં. પાંચ-પચ્ચીસ લાખ નાખશે. એમાં શું? કરોડ-અબજ ખર્ચે તો શું થયું એમાં? રાગ મંદ હોય તો પુણ્ય થાય. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહાર ધર્મ થાય.

ઉત્તર :- વ્યવહાર ધર્મ તો ક્યારે કહેવાય કે નિશ્ચય ધર્મ હોય તો.

મુમુક્ષુ :- વ્યવહાર એ ધર્મ નહિ.

ઉત્તર :- નહિ. આહાહા..!

જોયું! **'ઐસા દૂસરી જગહ ભી કહા હૈ,...' 'ऊर्ध्वगा बलदेवाः' 'ભવાંતરમેં નિદાનબંધ નહીં કરતે હુએ જો મહામુનિ હૈં, વે મહાન તપકર સ્વર્ગલોક જાતે હૈં.'** આત્મજ્ઞાની આનંદને અનુભવનારા. એને અપવાસાદિ, વ્રતાદિનો વિકલ્પ હોય છે. એનાથી પુણ્ય બાંધે અને સ્વર્ગમાં જાય. **'વહાંસે ચયકર બલભદ્ર હોતે હૈં. વે દેવોંસે અધિક સુખ ભોગકર...'** 'રામચંદ્રજી', બળદેવ 'શ્રીકૃષ્ણ' મહાપુરુષો હતા. પૂર્વે આત્મજ્ઞાની થઈને પુણ્ય બાંધ્યું હતું એથી આ થયા અને એ ભવે મોક્ષ ગયા છે. 'રામચંદ્રજી' તો એ ભવે મોક્ષ (ગયા). મહાપુરુષ પરમાત્મા છે. ણમો સિદ્ધાણં સિદ્ધપદને પામ્યા છે. એ બળદેવ પૂર્વે આત્મજ્ઞાની હતા અને આત્મજ્ઞાનીમાં ઊપાર્જેલા પુણ્ય (હતા), એને લઈને બળદેવની આવી મહા વિભૂતિ મળી, કહે છે. દેવો જેની સેવા કરે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**'વે દેવોંસે અધિક સુખ ભોગકર રાજ્યકા ત્યાગ કરકે મુનિવ્રતકો ધારણકર...'** આહાહા..! મુનિવ્રત એટલે કે આત્માની વીતરાગદશામાં રમણતા. આહાહા..! સમજાય છે કાંઈ? કેમકે ભગવાનઆત્મા જિનસ્વરૂપ વીતરાગસ્વરૂપ જ આત્મા છે. જિનસ્વરૂપે આત્મા છે. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિનપ્રવચનકા

મર્મ.' આહાહા..! જિન વીતરાગસ્વરૂપ ભગવાનઆત્મા છે. એનો આશ્રય કરીને, એકાગ્ર થઈને વીતરાગતા પ્રગટ કરી છે. એ વીતરાગતા પ્રગટ કરી એનું નામ મુનિપણું છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- બળદેવ હોય છે આત્મજ્ઞાન લઈને જ જન્મે છે?

ઉત્તર :- કોણ? 'બળદેવ'. ના, એવું કાંઈ નહિ. એ તો પછી પામે. બધાને એવું હોતું નથી.

અહીં તો '**મુનિવ્રતકો ધારણ યા તો કેવલજ્ઞાન પાકે મોક્ષકો હી પધારતે હૈં,...**' જોયું! બળદેવ આદિ કોઈ વખતે સ્વર્ગમાં પણ જાય છે. કોઈ બળદેવ હોય છે એ ભવમાં આત્મજ્ઞાનની ઉગ્રતાથી વીતરાગભાવથી કેવળ પામે. બળદેવના ભવમાં. અને કોઈ બળદેવ સ્વર્ગમાં પણ જાય. એવું છે. '**યા બડી ઋદ્ધિકે ધારી દેવ હોતે હૈં, ફિર મનુષ્ય હોકર મોક્ષકો પાતે હૈં.**' પછી મનુષ્ય થઈને (મોક્ષમાં જાય). એકાદ ભવ (વચ્ચે કરે). આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ છે, આત્મજ્ઞાની છે એ તો મરીને સ્વર્ગમાં જ જાય અત્યારે. કોઈ કહે, મહાવિદેહમાં ઊપજે તો? મહાવિદેહમાં ઊપજે તો મિથ્યાદષ્ટિ ઉપજે. માણસ મરીને માણસ થાય એ મિથ્યાદષ્ટિ થાય. આવી વાતું છે.

મુમુક્ષુ :- એ જ ભવમાં મોક્ષ થઈ જાય તો કોણ ના પાડે છે?

ઉત્તર :- કોણે ના પાડી? એનાથી થાય? મહાવિદેહમાં ગયો માટે થાય? ત્યાં તો અનંતવાર ગયો છે. મહાવિદેહમાં અનંતવાર જન્મ્યો છે. મહાવિદેહમાં ભગવાન સાક્ષાત્ બિરાજે છે. તીર્થંકરોની સભામાં અનંતવાર ગયો છે. ત્યાં દાળિયા શું થયા એમાં? આહાહા..! મહાવિદેહમાં તો નરકે જાનારા છે અત્યારે. અહીં હજી સાતમી નરકે જાનારા નથી. શું કીધું? અહીંયાં અત્યારે સાતમી નરકે જનારા નથી. મહાવિદેહમાં સાતમી નરકે જનારા છે. ભગવાનની હયાતી છે. ત્રણલોકના નાથ 'સીમંધર' ભગવાન મહાવિદેહમાં મનુષ્યપણે બિરાજે છે. પાંચસો ધનુષ્યનો દેહ, કરોડ પૂર્વનું આયુષ્ય (છે). અબજો વર્ષથી છે અને હજી અબજ વર્ષ રહેવાના છે. સાક્ષાત્ ભગવાન સમવસરણમાં બિરાજે છે મહાવિદેહમાં. ત્યાં અનંત વાર ગયો છે. સમવસરણમાં અનંતવાર પૂજા કરી છે ભગવાનની. મણિરત્નના દીવા, કલ્પવૃક્ષના ફૂલ, હીરા માણેકના થાળ. જય ભગવાન.. જય ભગવાન..! તો શું થયું? એ તો પુણ્ય થયું, શુભ છે.

મુમુક્ષુ :- સમવસરણમાં ગયા પછી મોક્ષ તો થઈ જાય ને?

ઉત્તર :- ધૂળેય નથી મોક્ષ. અનંતવાર રખડ્યો પાછો.

શ્રોતા :- પછીના દિવસોમાં તો થઈ જશે

ઉત્તરઃ- કોઈ દિ' એને લઈને થશે નહિ. આહાહા..! ઝીણી વાતું, બાપુ! આમાં આવી ગયું છે આપણે પૂર્વે. ભવે ભવે પૂજિયો ભગવાન તીર્થંકરને. એમાં કાંઈ વળ્યું નહિ. એ તો પરદ્રવ્ય છે. એની પૂજા તો શુભભાવ છે, પુણ્ય છે. ધર્મ નહિ. આહાહા..! આવી વાતું ક્યાં છે? બિચારાને સાંભળવા મળતી નથી. આહાહા..!

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી પોતાનું સ્વરૂપ. એનો અનુભવ અને દૃષ્ટિ અને સ્થિરતા કરે તેને ધર્મ થાય. ભગવાનની પૂજા લાખ કરે અને અબજો રૂપિયા ખર્ચે અને લાખો મંદિરો બનાવે તોય ધર્મ ન થાય. એમ છે. શુભભાવ થાય, પુણ્ય થાય. મિથ્યાત્વ સહિત પુણ્યથી પાછું આવું રાજ્ય આદિ મળીને નરકે જાય. આહાહા..! એવી વાત છે, ભાઈ!

'**फिर मनुष्य होकर मोक्षको पाते हैं.**' લ્યો! સમ્યગ્દૃષ્ટિ જીવ, આત્મજ્ઞાની જીવ એ ભવમાં કેવળ પામી શકે નહિ. એટલો પુરુષાર્થ નથી તેથી એને અંદરમાં વીતરાગભાવ હોવા છતાં હજી પૂર્ણ વીતરાગ નથી એટલે રાગભાવ દયા, દાન, પૂજા, ભક્તિનો આવે. એનાથી પુણ્ય ઉપાર્જે. એના પુણ્યથી સ્વર્ગમાં જાય. અને કોઈ તો એ ભવમાં મોક્ષ જાય અને નહિતર કોઈ સ્વર્ગમાં જઈને મનુષ્ય થઈને પછી મોક્ષ જાય. આહાહા..! પણ એ આત્મજ્ઞાન અને આત્મદર્શન છે એની વાત છે. આત્મજ્ઞાન વિનાના જેટલા પુણ્ય ઉપાર્જે એ બધા નરક અને નિગોદમાં ચાર ગતિમાં રઝળવાના. આહાહા..! વિશેષ કહેશે, લ્યો.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ निर्मलसम्यक्त्वाभिमुखानां मरणमपि भद्रं, तेन विना पुण्यमपि समीचीन न भवतीति प्रतिपादयति –**

**१८५) वर णिय-दंसण-अहिमुहउ मरणु वि जीव लहेसि।**
**मा णिय-दंसण-विम्मुहउ पुण्णु वि जीव करेसि।।५८।।**

**वरं निजदर्शनाभिमुखः मरणमपि जीव लभस्व।**
**मा निजदर्शनविमुखः पुण्यमपि जीव करिष्यसि।।५८।।**

**वर इत्यादि। वर णिय-दंसण-अहिमुहउ वरं किंतु निजदर्शनाभिमुखः सन् मरणु वि जीव लहेसि मरणमपि हे जीव। लभस्व भज। मा णिय-दंसण-विम्मुहउ मा पुनर्निजदर्शनविमुखः सन् पुण्णु वि जीव करेसि पुण्यमपि हे जीव करिष्यसि। तथा च स्वकीयनिर्दोषि-परमात्मानुभूतिरुचिरूपं त्रिगुप्तिगुप्तलक्षणनिश्चयचारित्राविनाभूतं वीतरागसंज्ञं निश्चयसम्यक्त्वं भण्यते तदभिमुखः सन् हे जीव मरणमपि लभस्व दोषो नास्ति तेन विना पुण्यं मा कार्षीरिति। अत्र सम्यक्त्वरहिता जीवाः पुण्यसहिता अपि पापजीवा भण्यन्ते। सम्यक्त्वसहिताः पुनः पूर्वभवान्तरोपार्जितपापफलं भुञ्जाना अपि पुण्यजीवा भण्यन्ते येन कारणेन, तेन कारणेन सम्यक्त्वसहितानां मरणमपि भद्रम्। सम्यक्त्वरहितानां च पुण्यमपि भद्रं न भवति। कस्मात्। तेन निदानबद्धपुण्येन भवान्तरे भोगान् लब्ध्वा पश्चान्नरकादिकं गच्छन्तीति भावार्थः। तथा चोक्तम् – 'वरं नरकवासोऽपि सम्यक्त्वेन हि संयुतः। न तु सम्यक्त्वहीनस्य निवासो दिवि राजते।।'।।५८।।**

आगे ऐसा कहते हैं, कि निर्मल सम्यक्त्वधारी जीवोंका मरण भी सुखकारी है, उनका मरना अच्छा है, और सम्यक्त्वके बिना पुण्यका उदय भी अच्छा नहीं है –

गाथा – ५८

अन्वयार्थ :– [ जीव ] हे जीव, [ निजदर्शनाभिमुखः ] जो अपने सम्यग्दर्शनके सन्मुख होकर [ मरणमपि ] मरणको भी [ लभस्व वरं ] पावे, तो अच्छा है, परन्तु [ जीव ] हे जीव, [ निजदर्शनविमुखः ] अपने सम्यग्दर्शनसे विमुख हुआ [ पुण्यमपि ] पुण्य भी [ करिष्यसि ] करे [ मा वरं ] तो अच्छा नहीं।

भावार्थ :– निर्दोष निज परमात्माकी अनुभूतिकी रुचिरूप तीन गुप्तिमयी जो निश्चयचारित्र उससे अविनाभावी (तन्मयी) जो वीतरागनिश्चयसम्यक्त्व उसके सन्मुख हुआ। हे जीव, जो तू मरण भी पावे, तो; दोष नहीं, और उस सम्यक्त्वके बिना मिथ्यात्व अवस्थामें पुण्य भी करे तो अच्छा नहीं है। जो सम्यक्त्व रहित मिथ्यादृष्टि जीव पुण्य सहित हैं, तो भी पापी ही कहे हैं। तथा जो सम्यक्त्व सहित हैं, वे पहले भवमें उपार्जन किये हुए पापके फलसे दुःख–दारिद्र भोगते हैं, तो भी पुण्याधिकारी ही कहे हैं। इसलिये जो सम्यक्त्व सहित हैं, उनका मरना भी अच्छा। मरकर ऊपरको जावेंगे और सम्यक्त्व रहित हैं, उनका पुण्य–कर्म भी प्रशंसा योग्य नहीं है। वे पुण्यके उदयसे क्षुद्र (नीच) देव तथा क्षुद्र मनुष्य होके संसार–वनमें भटकेंगे। यदि पूर्वके पुण्यको यहाँ भोगते हैं, तो तुच्छ फल भोगके नरक–निगोदमें पड़ेंगे। इसलिए मिथ्यादृष्टियोंका पुण्य भी भला नहीं है। निदानबंध पुण्यसे भवान्तरमें भोगोंको पाकर पीछे नरकमें जावेंगे। सम्यग्दृष्टि प्रथम मिथ्यात्व अवस्थामें किये हुए पापोंके फलसे दुःख भोगते हैं, लेकिन अब सम्यक्त्व मिला है, इसलिये सदा सुखी ही होवेंगे। आयुके अंतमें नरकसे निकलके मनुष्य होकर ऊर्ध्वगति ही पावेंगे, और मिथ्यादृष्टि जो पुण्यके उदयसे देव भी हुए हैं, तो भी देवलोकसे आकर एकेन्द्री होवेंगे। ऐसा दूसरी जगह भी 'वरं' इत्यादि श्लोकसे कहा है, कि सम्यक्त्व सहित नरकमें रहना भी अच्छा, और सम्यक्त्व रहितका स्वर्गमें निवास भी शोभा नहीं देता।।५८।।

---

હવે, નિર્મળ સમ્યક્ત્વની સન્મુખ થયેલા જીવોનું મરણ પણ ભદ્ર છે, સમ્યક્ત્વ વિનાનું પુણ્ય પણ સમીચીન નથી, એમ કહે છે :

ભાવાર્થ : પોતાના નિર્દોષ પરમાત્માની અનુભૂતિની રુચિરૂપ ત્રણ ગુપ્તિથી ગુપ્ત લક્ષણવાળું જે નિશ્ચયચારિત્ર તેની સાથે અવિનાભૂત વીતરાગ નામનું નિશ્ચયસમ્યક્ત્વ કહેવાય છે તે નિશ્ચયસમ્યક્ત્વની સન્મુખ થતો હે જીવ ! જો તું મરણ પણ પામે તો દોષ નથી પણ સમ્યક્ત્વ વિનાનું પુણ્ય ન કર.

**અહીં, સમ્યક્ત્વ રહિત જીવો પુણ્યસહિત હોવા છતાં પણ, પાપી જીવ કહેવાય છે અને સમ્યક્ત્વ સહિત જીવો, પૂર્વભવાન્તરમાં ઉપાર્જિત કરેલા પાપફળને ભોગવતા છતાં પણ, પુણ્યજીવો કહેવાય છે. તે કારણે સમ્યક્ત્વ સહિત જીવોનું મરણ પણ ભદ્ર છે અને સમ્યક્ત્વ રહિત જીવોનું પુણ્ય પણ ભદ્ર નથી, કારણ કે નિદાનથી બાંધેલા તે પુણ્યથી જીવો ભવાન્તરમાં ભોગોને પામીને પછી નરકાદિમાં જાય છે, એવો ભાવાર્થ છે. કહ્યું પણ છે કે : ''वरं नरकवासोऽपि सम्यक्त्वेन हि संयुतः। न तु सम्यक्त्वहीनस्य निवासो दिवि राजते।।' (સમ્યક્ત્વ સહિત નરકવાસ પણ સારો છે પણ સમ્યક્ત્વ વગરના જીવને સ્વર્ગનો નિવાસ પણ શોભતો નથી.) ૫૮.**

---

## વીર સંવત ૨૫૦૨, કારતક વદ ૧૫, રવિવાર
## તા. ૨૧-૧૧-૧૯૭૬, ગાથા-૫૮, પ્રવચન નં. ૧૩૯

'પરમાત્મપ્રકાશ' ૫૮ ગાથા. **'આગે ઐસા કહતે હૈં, કિ નિર્મળ સમ્યક્ત્વધારી જીવોંકા મરણ ભી સુખકારી હૈ,...'**આહાહા..! ગાથામાં લેશે. ગાથામાં નિજ દર્શન અભિમુખ લેશે. એનો અર્થ કે સમકિત સહિત છે એમ. જે પ્રાણીને આત્મદર્શન છે, આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ સ્વરૂપ સત્ (છે), એનો અનુભવ થઈને-અનુભૂતિ થઈને જે રુચિ થાય એનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન સહિત મરણ પણ પામે, મરી જાય, દેહ છૂટી જાય તોપણ એ સુખકારી છે. **'ઉનકા મરના અચ્છા હૈ, સમ્યક્ત્વકે બિના પુણ્યકા ઉદય ભી અચ્છા નહીં હૈ-'** આહાહા..! સમકિત વિના આત્મદર્શન શુદ્ધ ચૈતન્યઘન એની જેને અનુભૂતિથી પ્રતીતિ નથી એ જીવના પુણ્ય મોટા હોય તોપણ એ પુણ્ય એને નરકમાં લઈ જશે. સમજાણું કાંઈ? એકવાર પુણ્યથી કદાચિત્ રાજપદ મળે પણ પછી નરક-નિગોદમાં જશે. આમ, સમ્યગ્દર્શનનું આટલું માહાત્મ્ય છે. એ કહે છે. ૫૮.

**૧૮૫) वर णिय-दंसण-अहिमुहउ मरणु वि जीव लहेसि।**
**मा णिय-दंसण-विम्मुहउ पुण्णु वि जीव करेसि।।५८।।**

આહાહા..! બહુ મર્મની વાત, જૈન દર્શનનું રહસ્ય છે. આહા..! **'હે જીવ, જો અપને સમ્યગ્દર્શનકે સન્મુખ હોકર...'** સન્મુખનો અર્થ અહીં સહિત છે. સાતમા અધ્યાયમાં સમકિત સન્મુખ મિથ્યાદૃષ્ટિ (કહ્યો) છે એ નહિ. આહાહા..! જેને આત્મદર્શન, આત્મજ્ઞાન આત્મા જે વસ્તુ પૂર્ણ પરમાત્મ સ્વરૂપ (છે) એની સન્મુખ થઈને જે અનુભવમાં પ્રતીતિ થાય, અનુભૂતિ થઈને, આત્માની અનુભૂતિ થઈને... જેવો છે તેવો અનુભવ થઈને રુચિ થાય તેનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! એ સમ્યગ્દર્શન સહિત મરણ પણ સારું છે.

(દર્શન) સહિત દેહ છૂટી જાય તોપણ સારું છે.

‘**પરન્તુ હે જીવ, અપને સમ્યગ્દર્શનસે વિમુખ...**’ આહાહા..! જે એકલી પુણ્ય દયા, દાન, વ્રતની ક્રિયામાં મશગૂલ છે. ભગવાનઆત્મા જેને નિજ સ્વરૂપની અંતર્મુખ દૃષ્ટિનો અભાવ છે. આહાહા..! ભગવાન શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવ અનંત જ્ઞાન સ્વભાવભાવ, પર્યાયમાં અલ્પજ્ઞતા છે, પણ વસ્તુ છે તે અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત દર્શન આદિથી ભરેલ વસ્તુ છે. આહાહા..! એનું એને ભાવભાસન થવું જોઈએ એમ કહે છે. આહાહા..! એ ચીજ આ છે એવું એને જ્ઞાનમાં ભાસન થવું જોઈએ. આહાહા..! એ સમ્યગ્દર્શન સહિત દેહ છૂટી જાય, મરણ હો તોપણ એ સારું છે. એ સ્વર્ગમાં જશે અને ત્યાંથી મનુષ્યપણું પામીને મોક્ષ જશે. આહાહા..! અને એનાથી વિમુખ છે (અર્થાત્) સ્વરૂપની દૃષ્ટિનું ભાન નથી. અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતશાંતિ, સ્વચ્છતા, ઈશ્વરતા, પ્રભુતા એવા અનંતગુણનો પિંડ એકરૂપ દ્રવ્ય વસ્તુ એની દૃષ્ટિનો જેને અભાવ છે, એવા સમ્યગ્દર્શનનો જેને અભાવ છે... આહાહા..! એ પુણ્ય પણ કરે - દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ પુણ્ય કરે તોપણ સારું નથી. ‘ભભુતમલજી’!

મુમુક્ષુ :- શું કરવું?

ઉત્તર :- શું કરવું શું? અંદર દૃષ્ટિ કરવી એ કરવાનું છે એમ કહે છે. આહાહા..! પરમાત્મ સ્વરૂપ બિરાજે છે અંદર, તારું સ્વરૂપ જ પરમાત્મ સ્વરૂપ છે. એની સન્મુખ થઈને અનુભવ કરીને દૃષ્ટિ કરવી એ કરવાનું છે, બાકી બધું થોથા છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પણ એ તો બહુ કઠણ છે.

ઉત્તર :- કઠણ માન્યું છે. વસ્તુ તો પોતાનું નિજઘર છે, અંદર પડી છે. છે તેની પાસે જવાનું છે. એમાં શું કઠણ છે? કઠણ માની લીધું છે અને પુરુષાર્થ કર્યો નથી. આહાહા..! સહજાત્મ સ્વરૂપ સ્વભાવિક આત્મસ્વરૂપ જે અનાદિ મહા સત્તા ચૈતન્યની, આનંદની મહા સત્તા હોવાપણે ભગવાન છે એનો એણે સન્મુખ થઈને વિશ્વાસ કર્યો નથી. બાકી બધા શાસ્ત્રના જાણપણા કર્યા, વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે, દાન કરે! કહો ‘ભભુતમલજી’! એણે આઠ લાખનું દાન કર્યું હતું. મંદિર, મંદિર (બનાવ્યું). ‘બેંગલોર’. એમાં શું છે! રાગ મંદ હોય તો પુણ્ય છે. આહાહા..! આવી વાત છે.

ભગવાનઆત્મા પૂર્ણાનંદનો જ્યાં સ્વીકાર નથી, ચૈતન્ય મહાપ્રભુ અતીન્દ્રિય અનંત આનંદનો કંદ છે. આહાહા..! કહ્યું નહોતું એક ફેરી અમે? શક્કરીયાનું. શક્કરીયા, શક્કરીયા સમજાય છે? શક્કરકંદ, શક્કરકંદ નથી થતા? એની ઉપરની લાલ છાલ છે એ સિવાય દેખો તો આખું શક્કરકંદ સાકરની મીઠાશનો પિંડ છે. આહાહા..! એમ અહીંયાં આત્માની પર્યાયમાં જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ થાય એ છિલકા-છાલ હૈ. છાલની પાછળ જેમ શક્કરકંદ છે, શક્કર, શક્કર એટલે સાકર, સાકરની મીઠાશનો પિંડ (છે). આહા..! અરે..! એણે કે દિ’ પ્રયત્ન (કર્યા છે)? એની દરકાર ક્યાં (કરી છે)?

ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર છે. લ્યો ! શેઠનું આવ્યું ‘સાગર’. આ સાગર છે,

કહે છે. આહાહા..! એ અતીન્દ્રિય અનંત આનંદ અને અતીન્દ્રિય અનંત જ્ઞાન, એનું ભાન અંતરદષ્ટિ થતાં જે સમ્યગ્દર્શન થાય... આહાહા..! એ કહે છે કે ભલે દેહ છૂટી જાય, મરણ (વખતે) બહારમાં કોઈ શરણ ન હોય તોપણ એ મરણ સારું છે. સમકિતનું દેહ છૂટવું પણ સારું છે અને સમ્યગ્દર્શન રહિત એ પુણ્ય કરે અથવા પૂર્વના પુણ્યનો મોટો ઉદય (હોય), અબજો પેદા કરતો હોય, બાળ-બચ્ચા (સારા હોય), દુકાનો ચાલતી હોય, દસ-દસ, વીસ-વીસ દુકાનો (હોય)... આહાહા..! કહે છે કે એ સમ્યગ્દર્શન વિના પુણ્ય પણ કરે તો પણ સારું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ બિરાજે છે એનો જેને સ્વીકાર નથી અને એક સમયની પર્યાય ને રાગ પુણ્યના ભાવનો સ્વીકાર છે એ મિથ્યાદષ્ટિ ભલે પુણ્ય કરે (તોપણ) સારું નથી. કેમકે એ પુણ્યના ફળમાં કોઈ સ્વર્ગ આદિ જશે કે રાજા (થશે), ન્યાંથી મરીને નરકમાં જશે. આહાહા..! આચાર્યોએ કરુણા કરીને અજ્ઞાનીને ઉદ્ધારનો રસ્તો શું છે એ કહ્યો છે. આહા..! સમજાય છે કાંઈ?

પ્રથમમાં પ્રથમ એણે સમ્યગ્દર્શન કરવું.

**લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાઓ;**
**તોરિ સકલ જગદંદ-ફંદ, નિજ આતમ ધ્યાઓ.**

દ્વૈતપણું છોડીને (અર્થાત્) આ દ્રવ્ય ને આ પર્યાય—બે છે એ પણ લક્ષ છોડી દઈને. આહાહા..! નિજ આતમ ઉર ધ્યાવો. આહાહા..! નિજ આતમ (ધ્યાવો), ભગવાન (ધ્યાવો એમ) નહિ. નિજ આતમ ઉર ધ્યાવો. આહાહા..! ધ્યાનનો વિષય નિજ આત્માને બનાવ. આહાહા..! એવું જે સમ્યગ્દર્શન, એનાથી રહિત પુણ્ય પણ કરે, ભલે વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે, લાખો, કરોડો રૂપિયાના દાન કરે, ધર્મશાળાઓ બનાવે... લ્યો! વળી શેઠનું યાદ આવ્યું, શેઠે ન્યાં ધર્મશાળા બનાવી છે ને સાગરમાં? ત્યાં હતા ને અમે! ઉદ્‌ઘાટન થયું ને? તમારી ધર્મશાળા. ત્રણ લાખની ધર્મશાળા બનાવી છે. એ કહે છે કે બધું પુણ્ય છે, રાગની મંદતા છે. પણ એ પુણ્ય સમ્યગ્દર્શન વિના (પરિભ્રમણનું કારણ છે). આહાહા..! સમ્યગ્દર્શન નથી તો એ પુણ્યથી તો સ્વર્ગ આદિ, રાજ આદિ મળશે. કહેશે હમણાં. આ તો હજી ૫૮મી ચાલે છે ને?

૬૦ (ગાથામાં) કહેશે. પુણ્યથી વૈભવ આ બહારની ધૂળ મળશે. અબજો રૂપિયા! પ્રારબ્ધની સુધી. હવે અબજો સુધી ગયું છે, પહેલા તો પ્રારબ્ધ હતું. સો કરોડનો અબજ ને સો અબજનો ખર્વ, ખર્વ, નિખર્વ, મહાપદ્મ, ... પ્રારબ્ધ અમારા વખતમાં અઢાર બોલ, પ્રારબ્ધ સુધી હતું. સો અબજનો ખર્વ, સો ખર્વનો નિખર્વ, ખર્વ, નિખર્વ, મહાપદ્મ. પ્રારબ્ધ ૧૮મો બોલ છે. એ કહે છે કે અબજો રૂપિયા દિવસના પેદા કરતો હોય તોપણ શું? એ સમ્યગ્દર્શન વિના પુણ્યથી એને મદ ચડશે, અભિમાન થશે. સ્વભાવની દષ્ટિનું અધિકપણું ભાસ્યું નથી એથી એનાથી એને પુણ્યનું અધિકપણું ભાસશે. આહા..હા..! એને મદ ચડશે. ૬૦મી ગાથામાં કહેશે. છે ને ૬૦ મી? જુઓ! ૬૦મી.

'**पुण्णेण होइ विहवो**' આપણે આ ચાલે છે ૫૮ એની (પછી) ૬૦, છે? ૬૦, ૬૦. '**पुण्णेण होइ विहवो**' અજ્ઞાનીને પુણ્યથી તો વૈભવ બહારની ધૂળ મળશે. આહાહા..! અને વૈભવથી '**मदो**' એ વૈભવથી એને મદ ચડશે. અહીં તો એ (વાત છે). નાગા બાદશાહ છે દિગંબર, એને કાંઈ જગતની પડી નથી. બાદશાહ નાગા બાદશાહ, કહે છે ને બાદશાહથી આઘા. આહાહા..! કહે છે કે પુણ્યથી વૈભવ ને વૈભવથી મદ અને મદથી '**मएण मइ–मोहो**' મતિ ભ્રષ્ટ થશે. આહાહા..! '**मइ–मोहेण य**' એ મતિ મોહથી પાપ કરીને '**ता पुण्णं अम्ह मा होउ'पावं**' આચાર્ય કહે છે કે એવું પુણ્ય અમને ન હશો. નીચે અર્થમાં છે. છે ભાઈ? ભભુતભાઈ! નીચે.

'**પુણ્યસે ઘરમેં ધન હોતા હૈ,...**' નીચે અર્થ છે. પુણ્યથી પુણ્યથી ધન (મળે છે), હોં! તમારે પુરુષાર્થથી નહિ. આહાહા..! છે ભાઈ? છે? 'શોભાલાલજી'! ૬૦ મી ગાથા છે? '**પુણ્યસે ઘરમેં ધન હોતા હૈ, ઔર ધનસે અભિમાન,...**' થાય છે. અમે અબજોપતિ, અમે કરોડોપતિ, અમારી દુકાનો આમ ચાલે, પાંચસો, પાંચસો માણસો કામ કરે. આહાહા..! અમારા 'પોપટભાઈ' છે ને? આ 'પોપટભાઈ'ના સાળા હતા (એની પાસે) બે અબજ ને ચાલીશ કરોડ (હતા). આ 'પોપટભાઈ' બેઠા, એમના સાળા 'શાંતિલાલ ખુશાલ' બે અબજ ચાલીશ કરોડ. એની બેન છે એમના ઘરે. બે દીકરીઓ છે ને બ્રહ્મચારી? પછી એકવાર 'પોપટભાઈ'એ એના સાળાને કહ્યું. પૈસા ઘણા બે અબજ ચાલીશ કરોડ. હવે શું કરવા પણ તમે આટલું બધું કરો છો? પૈસા ઘણા. આ 'પોપટભાઈ' એમની બે દીકરીઓ આપણે ત્યાં બાળ બ્રહ્મચારી છે. ૬૪ માં. આહાહા..! પછી જવાબ આપે છે. પૈસાના અભિમાન ચડી ગયેલા, જવાબ આપે છે, શું અમે રળવા માટે આ કરીએ છીએ? હજારો માણસો પોષાય છે માટે આ ધંધો કરીએ છીએ. એ... 'શેઠ'! એમ જવાબ આપે છે. આ 'પોપટભાઈ'. હજારો માણસો (કામ કરે). કારણ કે મોટો ગૃહસ્થ માણસ. ચાલીશ લાખના તો બંગલા છે. દસ, દસ લાખના બે છે. સાંઈઠ સાંઈઠના ત્રણ તો બંગલા છે. આહા..! ધૂળમાંય નથી કાંઈ. એ પાંચ મિનીટમાં મરી ગ્યો, લ્યો! હાર્ટફેઈલ. એ તો મદ ચડ્યો એમ બતાવીએ છીએ. અભિમાન થઈ જાય કે અમે તો કંઈકના પોષણ કરીએ છીએ. મીલના માલિકો એમ માને કે આ મીલમાં હજારો માણસો પોષાય છે ને. તારી મમતાને લઈને કરે છે એ માનતો નથી. માળા. આહાહા..!

મુમુક્ષુ :- પરોપકાર બતાવ્યો છે.

ઉત્તર :- હા, કરીએ છીએ. ધૂળેય નથી, મમતા તારી છે. સાંભળ ને! મતિ ભ્રષ્ટ થઈને મદ ચડે છે કહે છે. છે? '**બુદ્ધિકે ભ્રમ હોનેસે...**' દેખો! બુદ્ધિ ભ્રમ થાય છે. ધનથી અભિમાન અને અભિમાનથી બુદ્ધિ ભ્રમ. '**બુદ્ધિ ભ્રમ હોનેસે (અવિવેકસે) પાપ હોતા હૈ, ઈસલિયે એસા પુણ્ય હમારે ન હોવે.**' ભાઈ! 'ભભુતમલજી'! છે ગાથા? આહાહા..!

આ 'પરમાત્મપ્રકાશ' છે. ભગવાન પરમાત્મ સ્વરૂપ! એક સમયની વર્તમાન પર્યાયમાં

અલ્પજ્ઞતા હોવા છતાં એની વસ્તુ છે એ તો અનંત જ્ઞાન, અનંત આનંદ, જ્ઞાયકભાવથી પરિપૂર્ણ છે. એની સન્મુખનો અનુભવ ને પ્રતીતિ વિના એવા પુણ્ય અમને ન હજો. આહાહા..! સમ્યગ્દર્શન વિનાના પુણ્ય છે એ અમને ન હશો. પછી કહેશે, સમ્યગ્દર્શન હોય ત્યાં પુણ્ય થાય પણ એ પુણ્ય એને નરકમાં ન લઈ જાય, એ પુણ્ય સ્વર્ગમાં લઈ જાય ન્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જશે. સમજાણું કાંઈ? આહાહા..!

આ 'શ્રીમદ્ રાજચંદ્ર' લ્યો! ગૃહસ્થાશ્રમમાં હતા. ઝવેરાતનો ધંધો (હતો). લાખોના ધંધા મોટા (હતા) પણ અંદરમાં ભાન હતું સમ્યગ્દર્શન. દેહ છૂટીને સ્વર્ગમાં ગયા છે પણ ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જશે. સમજાય છે કાંઈ? આહા..! પોતે લખે છે, 'શેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે,' હજી અસ્થિરતાનો રાગ બાકી રહે છે પણ 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.' 'ભભુતમલજી'! આહા..! ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દર્શન છે, આત્માનું ભાન છે. આહાહા..! 'અશેષ કર્મનો (ભોગ છે)' રાગ હજી બાકી છે એ ટળતો નથી, અમારો પુરુષાર્થ ઓછો છે. 'તેથી દેહ એક ધારીને...' દેહ ધારવો પડશે. આહાહા..! સ્વર્ગ સિવાય, હોં! સ્વર્ગનો દેહ તો એક ધર્મશાળા છે પછી મનુષ્યનો દેહ (પામશે). 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે...' આહાહા..! 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.' અમારો સ્વદેશ આત્મધામમાં અમે પેસી જાશું. આહાહા..! અને મિથ્યાદૃષ્ટિ ક્રિયાકાંડ પંચમહાવ્રત આદિ પાળીને અનંત વાર નવ ગ્રૈવેયક જાય છે પણ પાછા ન્યાંથી મરીને મનુષ્ય, ન્યાંથી મરીને ઢોર અને મરીને નરક ને નિગોદમાં (જાય છે). આહાહા..! સમજાય છે કાંઈ? એવું સમકિતનું માહાત્મ્ય છે ને એવી મિથ્યાત્વની નીચતા હલકાઈ છે. આહાહા..!

મુમુક્ષુ :- વેદનીય કર્મ તો કેવળીને પણ વેદવું પડે.

ઉત્તર :- કોઈ વેદતા નથી, કેવળી શું વેદે? કેવળી તો અનંત આનંદ વેદે છે. અશાતાનો જરીક ઉદય છે એ તો અનંતમાં ભાગના રજકણો (છે). મોટો દરિયો ભર્યો હોય એમાં એક જરી આટલી ચપટી રાખ દેખાય? એમ અંદરમાં રજકણો જરી પ્રતિકૂળ થોડા હોય પણ એને વેદન નથી. વેદન તો અતીન્દ્રિય આનંદનું વેદન છે.

કેવળીને ક્ષુધા ન હોય, તૃષા ન હોય, રોગ ન હોય! શ્વેતાંબર માને છે તદ્દન ઉલટુ - ઊંધુ છે. સમજાણું કાંઈ? મહાવીર ભગવાનને છ મહિના રોગ રહ્યો. અને આહાર લેવા ગયા. સિંહઅણગાર લાવ્યા ત્યારે ખાધો પુષ્ટ થયા. બધી કલ્પનાઓ. એ.. 'શાંતિભાઈ'! આ બધા એના ત્યાં અગ્રેસરો હતા. જ્યાં-ત્યાં બેસે ને પછી વાતું કરે, એની પુષ્ટિ આપતા. હવે ફરી ગયા એ તો. અરે..રે..! જિંદગી અમારી મફત ચાલી ગઈ. 'શાંતિભાઈ' ત્યાં 'કલકત્તા'માં કરતા? તમે તો 'દિલ્હી' છે? 'દિલ્હી'. 'બેંગલોર', 'બેંગલોર'. આ તો 'કલકત્તા'માં. ભાઈ! આહા..!

અરે..રે..! બાપુ ! જેને આત્મદર્શન વસ્તુ શું ચીજ છે એની જેને ખબર પણ નથી એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરે, કહે છે કે એના પુણ્ય ફળમાં કદી રાજ આદિ, સ્વર્ગ આદિ મળે પછી તો નરક, નિગોદમાં જાશે. આહાહા..! એ કહે છે, જુઓ! અમને એવું પુણ્ય ન હો. આહાહા..! મુનિને ખબર છે કે અમે અહીંયાંથી સ્વર્ગમાં જવાના છીએ. પંચમ આરાના

મુનિ છે એનો મોક્ષ તો નથી, ખબર છે, પણ એ પુણ્ય અમારા સમ્યગ્દર્શન સહિત હેયબુદ્ધિએ આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્માના સુખના આદરમાં એ પુણ્યનો ભાવ હેય ને દુઃખરૂપ લાગે છે. એમાં પુણ્ય આવે છે ખરું. એના ફળ તરીકે સ્વર્ગ આદિ થશે. ત્યાંથી છેલ્લો ભવ અમારો મનુષ્યનો હો કે ત્યાં ભલે રાજમાં ઉપજીએ પણ પછી અમે મુનિપણું લઈને કેવળજ્ઞાન પામશું. આહાહા..! લોકોને કિંમત (નથી), સમ્યગ્દર્શન શું છે એની કિંમત નથી. આહા..! બહારનો ત્યાગ ને વ્રત ને તપ ને આ લાંઘણું કરે ને એની. આહાહા..! એના વખાણ (કરે). એણે આટલા અપવાસ કર્યા ને એણે આટલું કર્યું ને... જુઓને! અહીં છે ને? શું કહેવાય? ઉપધાન કર્યા ઉપધાન. માળા પહેરાવવાના છે. 'પાલીતાણા'. સવાસો માણસ (ભેગા થયા). અરે..રે..! ઉપધાન કરે છે ને?

મુમુક્ષુ :- એમાં સમકિતનો ઉપચાર છે.

ઉત્તર :- શેના ઉપચાર સમકિતના? શ્વેતાંબરમાં એવું આવે (છે), દીક્ષા દે એને દ્રવ્યસમકિતનો ઉપચાર કરે. સમકિતના ઉપચાર થાતા હશે? આહાહા..!

અહીં આચાર્ય કહે છે. ૫૮ ચાલે છે ને? **ભાવાર્થ : 'નિર્દોષ નિજ પરમાત્માકી અનુભૂતિકી રુચિરૂપ...'** આહાહા..! ભગવાનઆત્મા કેવો છે? પવિત્ર નિર્દોષ છે. આહાહા..! એમાં તો પુણ્ય ને પાપના દોષો પણ એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..! નિર્દોષ નિજ પરમાત્મા પાછા, હોં! તીર્થંકર કેવળી થઈ ગયા એ તો એના પરમાત્મા. આહાહા..! નિર્દોષ પવિત્ર નિજ આત્મા પરમાત્મા. અહીં 'પરમાત્મપ્રકાશ' છે ને? '**નિજ પરમાત્મકી અનુભૂતિ...**' આહાહા..! અંતર આત્મા પૂર્ણાનંદ પ્રભુ એને અહીંયાં પરમાત્મા કહ્યો. આહાહા..! પરમ સ્વરૂપે બિરાજમાન ભગવાન પરમાત્મા છે. આહાહા..! એની નિજ પરમાત્માની અનુભૂતિ એ પરમાત્માનો અનુભવ થઈને. જોયું? જે ચીજ છે તેને અનુસરીને દશા થઈને. આહાહા..! એની રુચિરૂપ એની રુચિ.

'**તીન ગુપ્તિમયી જો નિશ્ચયચારિત્ર ઉસસે અવિનાભાવી...**' એ સાથે એટલું રાગ વિનાનું ચારિત્ર હોય છે ને! '**(તન્મયી) જો વીતરાગનિશ્ચયસમ્યક્ત્વ...**' આહાહા..! '**વીતરાગનિશ્ચયસમકિત ઉસકે સન્મુખ હુઆ. હે જીવ,...**' એ સમકિતસહિત થયો એવો હે જીવ... આહાહા..! નિજ પરમાત્માની સન્મુખ થયેલી જે દૃષ્ટિ. આહા..! એ સમકિતથી સહિત થયો એવો '**હે જીવ, જો તૂ મરણ ભી પાવે,...**' આહાહા..! '**તો દોષ નહીં,...**' તોપણ દોષ નથી. કારણ કે સ્વર્ગમાં જાશે, ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જશે. આહાહા..!

'શ્રેણિકરાજા' સમ્યગ્દર્શન પામ્યા. રાજ હતું, હજારો રાણીઓ હતી. આહાહા..! પણ સમ્યગ્દર્શન ક્ષાયિક પામ્યા. આહા..! અને જરી શુભ વિકલ્પ આવ્યો તો તીર્થંકર ગોત્ર બાંધ્યું. તો સમકિત સહિત જે હતા. આહાહા..! પણ પહેલું નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું. મુનિની અશાતના કરેલી એમાં સાતમી નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું. ઈ અહીં સમકિત પામ્યા ત્યાં ૩૩ સાગરનું આયુષ્ય તોડી નાખ્યું. ચોર્યાસી હજાર વર્ષનું રહ્યું. કેમકે ઘી, લોટ ને સાકરનો લાડવો જે બન્યો હોય એ કાંઈ લાડવામાંથી ઘી નીકળીને નવી રોટલી ન થાય. લોટ નીકળીને

રોટલી ન થાય. ઘી નીકળીને પૂરી (ન થાય). એ તો ખાધે છૂટકો. એમ એકવાર આયુષ્ય બંધાઈ ગયું હોય એની સ્થિતિ ઘટે. સમકિત પામતા સ્થિતિ ઘટી ગઈ. ૩૩ સાગરનું બાંધ્યું (હતું) એ ચોર્યાસી (હજાર વર્ષમાં) રહી ગયું. આહાહા..!

સમ્યગ્દર્શન પામ્યા. હજારો રાણી હતી, બધું કુટુંબ મોટું રાજ (હતું). આહાહા..! અને ભગવાનના સમવસરણમાં તીર્થંકર ગોત્ર બાંધ્યું. આહાહા..! પછી અત્યારે નરકમાં ગયા છે પણ ત્યાંથી નીકળીને તીર્થંકર થવાના છે. આહાહા..! જેનો જન્મ થશે તો ત્રણલોકમાં જરી શાતાનો ખળભળાટ થઈ જશે. શાતા.. શાતા.. શાતા (થઈ જશે). એ સુખની શાતા, પેલું (અતીન્દ્રિય) સુખ નહિ. આહાહા..! જુઓ! એ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય!!

જેને રાગ છૂટ્યો નથી, વ્રત નથી, તપ નથી, ચારિત્ર નથી પણ એક આત્માનો અનુભવ ને દૃષ્ટિ (થયા છે). આહાહા..! એ અતીન્દ્રિય આનંદના સ્વાદમાં જે રુચિ થઈ છે, એ એવી રુચિ છે... આહાહા..! કે તેમાં પૂર્ણાનંદનો સ્વીકાર છે. આહા..! એને જરી સમકિત પહેલા આયુષ્ય બંધાઈ ગયેલું (તો) નરકમાં ગયા છે. ચોર્યાસી હજાર સ્થિતિએ (ગયા છે), અઢી હજાર વર્ષ ગયા. હજી સાડી એક્યાશી (હજાર વર્ષ) બાકી છે. પહેલી નરકમાં છે. આહાહા..! અહીં અબજોપતિ બધા બાદશાહી સેવતા હોય, પેલો ન્યાં નરકમાં પડ્યો છે પણ ન્યાંથી (નીકળીને) તીર્થંકર થશે.

વેદના છે, જેટલો રાગ છે એટલું વેદન છે. જેટલો રાગ ગયો એટલું સુખ છે. મિથ્યાત્વ ને અનંતાનુબંધીનો રાગ ગયો છે એટલું સુખ છે. બાકી બીજા ત્રણ કષાય છે એટલું હજી (દુઃખ છે). આહાહા..! આ તો વસ્તુની સ્થિતિ એવી છે. એ તીર્થંકર ત્રણલોકના નાથ, નરકમાંથી આવ્યા પહેલા એની માતા પાસે ઇન્દ્રો આવીને છ મહિના પહેલા તો એના પેટ સાફ કરશે. આહાહા..! એ સમ્યગ્દર્શન સહિત પુણ્યના ફળ છે. આહાહા..! અજ્ઞાનીના સમ્યગ્દર્શન વિનાના પુણ્ય, એ ભોગમાં આસક્તિ કરીને મરીને ચાલ્યા જવાના. આહાહા..! સમજાણું કાંઈ?

'**જો તૂ મરણ ભી પાવે, તો દોષ નહીં, ઔર ઉસ સમ્યક્ત્વકે બિના...**' વિમુખ શબ્દ છે ને? પેલામાં સન્મુખ છે પણ સન્મુખ એટલે સહિત ને વિમુખ એટલે રહિત. '**સમ્યક્ત્વકે બિના મિથ્યાત્વ અવસ્થામેં...**' દેખો! આહાહા..! જેની શ્રદ્ધા જ વિપરીત છે હજી. પુણ્યથી ધર્મ થાય, વ્રત કરતા કરતા કલ્યાણ થાય, એ પુણ્યના ભાવ કરતાં કરતાં આગળ વધાય એવી જેને મિથ્યા શ્રદ્ધા છે... આહાહા..! ઉપદેશમાં પણ એ કહે, આ વ્રત ને તપ ને આ કરો (તો) તમારું કલ્યાણ થશે! એ મિથ્યા શ્રદ્ધા છે. આહાહા..!

અરે..! ચોર્યાસીના અવતારમાં બાપુ ! એક એક યોનીના એણે સમકિત વિના અનંત અવતાર કર્યા છે. એ મિથ્યાત્વનો પ્રતાપ છે. આહાહા..! સમકિતનો પ્રતાપ આ છે. કે જેને કોઈ વર્તમાન નિર્ધનતા હોય, નરક હોય, તિર્યંચમાં અવતર્યા છે. લ્યોને સમકિતી છે, તિર્યંચમાં અત્યારે અસંખ્ય તિર્યંચ સમકિતી છે. આહાહા..! તોપણ ત્યાંથી સ્વર્ગમાં જાશે, ન્યાંથી મનુષ્ય થઈને કેટલાય મોક્ષ જવાના છે. આહાહા..! અને આ સમકિત વિનાના પુણ્ય

બાંધ્યા હોય એ ભલે રાજા આદિ થાય, પેલો ઢોર છે ને આ રાજા માણસ છે પણ એ મરીને ભોગની વાંછામાં મિથ્યાત્વમાં પુણ્ય બાંધ્યા છે એ ઈચ્છાના પ્રેમમાં, પુણ્યના પ્રેમમાં એના ફળમાં એનો પ્રેમ (એને) છૂટતો નથી. આહાહા..!

મિથ્યાદષ્ટિ જીવ '**પુણ્ય ભી કરે તો અચ્છા નહીં હૈ.**' છે? આહાહા..! દષ્ટિમાં જેને મિથ્યાત્વ છે એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, પુણ્ય કરે પણ એ સારું નથી, એમ કહે છે. આવી વાતું, બાપુ! આ તો કો'ક દી' આવી વાત (આવે). આ તો જગતના એટલા ભાગ્ય કે આવી વસ્તુ રહી ગઈ. આહાહા..! સમજાણું કાંઈ? આહા..! કહે છે, મિથ્યાદષ્ટિ પુણ્ય કરે તોપણ સારું નથી, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- અવાંછક વૃત્તિએ કરે તો?

ઉત્તર :- મિથ્યાદષ્ટિને અવાંછક વૃત્તિ હોય જ નહિ. દષ્ટિ મિથ્યાત્વ છે એટલે રાગની જ ભાવના છે. સમકિતીને અવાંછક વૃત્તિથી હોય. એ આવશે થોડું, જુઓ!

'**જો સમ્યક્ત્વ રહિત મિથ્યાદષ્ટિ જીવ પુણ્ય સહિત હૈં, તો ભી પાપી હી કહે હૈં.**' છે? અરે..! સમ્યગ્દર્શન ને મિથ્યાદર્શન શું ચીજ છે એની મૂળની વાતની ખબરું ન મળે અને ઉપરના બધા ઝાડ, પાંદડા તોડે! મોટી આંબલી હોય ને આંબલીના ઝાડ? લાખો પાંદડા તોડે પણ પછી મૂળ તો સાજા છે. પંદર દિ'એ પાછા પાંગરી જાશે. એમ મિથ્યાદષ્ટિ આ વ્રત કરે ને તપ કરે ને ઉપરના પાંદડા તોડે પણ મિથ્યાત્વનું મૂળ તો ત્યાં સાજું છે ત્યાં. આહાહા..! આવો ઉપદેશ જ ઓછો થઈ ગયો. 'ભભુતમલજી'! એણે સાંભળ્યું હોય ને ઘણું. આહાહા..! અરે..રે..! એનો એણે વિરોધ કરવો છે. અરે..! ભગવાન! આહા..!

મુમુક્ષુ :- ચરણાનુયોગની શૈલી શું છે?

ઉત્તર :- ચરણાનુયોગના ઉપદેશમાં શું છે? ચરણાનુયોગનો સાર તો વીતરાગતા છે. વ્રત આદિનું જ્ઞાન કરાવે પણ સાર તો એનો વીતરાગતા છે. ચરણાનુયોગનો વ્યવહાર કરે એ કાંઈ ધર્મ છે? એ કહે છે ને કે ચરણાનુયોગ પ્રમાણે અમે આચરણ કરીએ છીએ માટે અમે સાધુ છીએ. ચરણાનુયોગનો વ્યવહાર છે એ સાધુપણું છે જ નહિ. એને તો ચરણાનુયોગનું આચરણ જેને સમ્યગ્દર્શન ને વીતરાગભાવ સહિત છે એને એવો ભાવ આવે છે એવું એને ચરણાનુયોગ બતાવે છે. આહાહા..! બીજું શું થાય? અરે..! નિરાધાર અશરણ (છે). ભગવાન ચિદાનંદ અંદર શરણ છે એને શોધતો નથી, ગોતતો નથી અને આ કરું ને આ કરું ને આ કરું... આહાહા..! કહે છે કે એ પાપી જ છે.

'**મિથ્યાદષ્ટિ જીવ પુણ્ય સહિત હૈં, તો ભી પાપી હી કહે હૈં.**' આહાહા..! 'ગોમ્મટસાર'માં તો મિથ્યાદષ્ટિને અશુભભાવ જ કીધો છે, શુભભાવ કીધો નથી. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને શુભભાવ કહ્યો છે. આહાહા...! '**પાપી હૈં. તથા જો સમ્યક્ત્વ સહિત હૈં, વે પહલે ભવમેં ઉપાર્જન કિયે હુએ પાપકે ફલસે દુઃખ-દારિદ્ર ભોગતે હૈં,...**' આહાહા..! સમ્યગ્દર્શન સહિત છે અને વર્તમાનમાં દરિદ્ર છે. પચ્ચીસ રૂપિયા પેદા કરવા (હોય તોપણ) ન કરી શકે. છે? દરિદ્ર છે અને દુઃખ (ભોગવે), બહારની પ્રતિકૂળતાનો પાર

નહિ. આહા..! શરીરમાં રોગ હોય, સ્ત્રી મળે નહિ, પુરુષ સેવા કરનાર નોકર ન હોય, માણસ ન હોય, પૈસા ન હોય, આહાહા..! એ દુઃખી હોય તોપણ... આહાહા..! '**પુણ્યાધિકારી હી કહે હૈં.**' છે? પુણ્યનો અધિકારી છે. મરીને એ સ્વર્ગમાં જવાના. અહીં ભલે દરિદ્રી હોય, તમે મોટા શેઠિયાઓ કરોડપતિ દેખાય અને પેલો ગરીબ માણસ હોય, રોટલા માટે માંડ પચ્ચીસ રૂપિયા મહિને મળતા હોય! આહાહા..! બાયડી-ભાયડો બે હોય, લુગડા જીર્ણ (હોય), ગરીબ માણસ (હોય) પણ એ પુણ્યનો અધિકારી છે. આહાહા..! એના પુણ્ય એવા થશે કે એને સ્વર્ગ (મળશે અથવા) મોટા રાજા થશે. સમજાણું કાંઈ? આહાહા..!

વર્તમાનમાં દુઃખ ને દારિદ્ર ભોગવે છે. આહા..! રહેવાના મકાન મળે નહિ, કાંટાની વાડ કરી ને ખડના પુળા નાખીને કુબામાં રહેવું પડતું હોય. એ..ઈ..! કુબા કહે છે ને કુબા? ઘાસના બનાવે છે ને? અંદર રહે. બિચારા ગરીબ માણસ હોય પણ સમકિતી છે તો એ પુણ્યનો અધિકારી છે. આહાહા..! અને ચાલીશ ચાલીશ લાખના બંગલામાં સૂતા હોય પણ એ બધા મિથ્યાદૃષ્ટિ પાપના અધિકારી છે. આહાહા..! દૃષ્ટિ વિપરીત છે.

અનંત જ્ઞાન ને અનંત આનંદ સંપન્ન પ્રભુ છે. આહાહા..! એની દૃષ્ટિ થવી એ તો અલૌકિક વસ્તુ છે. દ્રષ્ટિ ભલે પર્યાય છે પણ એનો વિષય છે એ તો પરમાત્માનો છે. આહાહા..! આખો પરમાત્મા એ દૃષ્ટિનો વિષય છે. આહાહા..! હવે આવો ઉપદેશ. 'ભભુતમલજી'! આ બધી પુણ્યની ક્રિયાની ભભૂત લગાવી દે. એને તો હવે પ્રેમ છે ને! આ તો વસ્તુ જુદી છે, બાપા! જરીક બેસે નહિ ઘટમાં પણ બેસાડવી જોશે એને. આહા..!

મુમુક્ષુ :- દૃષ્ટિ દૃષ્ટિને નહીં પણ પરમાત્માને પકડે છે!

ઉત્તર :- પરમાત્મા છે. દૃષ્ટિ પર્યાય છે એ પકડે છે પર્યાયને નહિ, પરમાત્માને (પકડે છે). આહાહા..! ભાઈ! આ વાતું નથી. આ તો વીતરાગના માર્ગના પરમ રહસ્ય છે. આહા..! ભલે દુનિયા માને ન માને. આહાહા..!

'**દારિદ્ર ભોગતે હૈં, તો ભી પુણ્યાધિકારી હી કહે હૈં.**' શાસ્ત્રમાં એને પુણ્ય અધિકારી કહ્યા છે. '**ઈસલિયે જો સમ્યક્ત્વ સહિત હૈં, ઉનકા મરના ભી અચ્છા. મરકર ઊપરકો જાવેંગે...**' મરીને સ્વર્ગમાં જાશે, વૈમાનિક દેવ થાશે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ મરીને મનુષ્ય નહિ થાય તેમ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષમાં નહિ જાય, નરક ને તિર્યંચમાં નહિ જાય. આયુષ્ય નથી બંધાણું એની વાત છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**ઊપરકો જાવેંગે...**' વૈમાનિક દેવ (થશે). આહાહા..!

'શ્રીમદ્ રાજચંદ્ર' લ્યો! સ્વર્ગમાં છે, વૈમાનિકમાં છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જશે. એના ભક્તો કેટલાક એમ કહે છે મહાવિદેહમાં ગયા. મહાવિદેહમાં તો મિથ્યાદૃષ્ટિ જાય. શું કરે છે તું આ? મનુષ્ય મરીને મનુષ્ય તો મિથ્યાદૃષ્ટિ થાય. સમકિતી મનુષ્યમાં જાય? તેથી અહીં ઉપર જાય એમ કહ્યું છે. આમ ન જાય. આહા.હા..! લોકોને રાગના પ્રેમમાં સત્ય શું છે, સિદ્ધાંત ક્યાં તૂટે છે એની ખબર ન મળે. આહાહા..!

મુમુક્ષુ :- વિદેહક્ષેત્રમાં તો ભગવાન બિરાજે છે.

ઉત્તર :- ભગવાન બિરાજે તો શું છે? વિદેહમાં અનંતવાર ત્યાં ગયો છે અને મનુષ્ય મરીને મનુષ્ય થાય તો મિથ્યાદૃષ્ટિ થાય, સમકિતી મનુષ્ય મરીને મનુષ્ય થાય નહિ. સમકિતી નારકી પણ મરીને મનુષ્ય જ થાય, તિર્યંચ ન થાય. સમકિતી દેવ મરીને મનુષ્ય થાય, તિર્યંચ ન થાય. મનુષ્ય મરીને સ્વર્ગમાં જ જાય. એ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, નરક, તિર્યંચમાં ન જાય. આહાહા..!

મુમુક્ષુ :- આ તો બધું અત્યારે ક્રમસર થઈ ગયું.

ઉત્તર :- ક્રમસર જ છે. ક્રમસરની દૃષ્ટિ ક્યાં છે એની? ક્રમસરના માનનારની દૃષ્ટિ ક્યાં છે? એને ક્રમસર બેઠું છે (કે) વાતું કરી છે જેણે ક્રમસરની? સમજાણું કાંઈ? આવું ક્રમસર થાય છે એની દૃષ્ટિ ક્યાં છે? પરમાત્મા ભગવાન ઉપર દૃષ્ટિ છે એને આ ક્રમસર આવી ગયું છે. આહા..! આવી વાત છે, બાપુ! દુનિયાની સાથે મેળ ન ખાય. આહાહા..!

સમકિત વિના મહાવ્રત પાળે, અઠ્યાવીસ મૂળગુણ પાળે તોપણ હજી પાપી છે કહે છે. આહાહા..! સમકિત સહિત દરિદ્ર હોય, નિર્ધન હોય, વાંઢો હોય, વાંઢા સમજો છો? સ્ત્રી વિના. કોઈ સ્ત્રી આપતું ન હોય. આહાહા..! આંખે કાણો હોય, એકાદ આંખ હોય ને બીજી આંખ ન પણ હોય અને સમકિત હોય. કોઈ કન્યા પણ ન આપે પણ છે પુણ્યનો અધિકારી. મોટા દેવ થવાના છે. સમજાણું કાંઈ? અને સમકિત વિનાના બધા પુણ્યના થોથા ખાય છે... એ.. 'દેવાનુપ્રિયા'! એને ન્યાં બધું પુણ્યનું છે. ભાડુ ઊપજે છે. એકલા છે તો ભાડુ ખાય. ભાડુ ખવાતું હશે? રાગ, રાગ (ખાય છે). આહાહા..!

અહીં આચાર્ય કહે છે. શ્લોક બહુ સરસ છે. 'ભભુતમલજી'! આહા..! જે '**સમ્યક્ત્વ રહિત હૈં, ઉનકા પુણ્ય-કર્મ ભી પ્રશંસા યોગ્ય નહીં હૈ.**' છે? જે સમકિત રહિત છે, તેના પુણ્ય-કર્મ એટલે પૂર્વનું પુણ્ય ને વર્તમાન શુભભાવ એ પ્રશંસા યોગ્ય નથી. '**વે પુણ્યકે ઉદયસે ક્ષુદ્ર (નીચ) દેવ...**' આહાહા..! '**તથા ક્ષુદ્ર મનુષ્ય હોકે...**', મિથ્યાદૃષ્ટિ પુણ્ય કરશે તો હલકા ગરીબ માણસમાં અવતરશે. આહાહા..! '**સંસાર-વનમેં ભટકેંગે.**' જે મિથ્યાદૃષ્ટિ જીવ પુણ્ય કરે (છે) પણ પ્રશંસા યોગ્ય નથી કેમકે એનાથી નીચ દેવ ને ક્ષુદ્ર મનુષ્ય થઈને સંસારવનમાં ભટકશે.

'**યદિ પૂર્વકે પુણ્યકો યહાં ભોગતે હૈં, તો તુચ્છ ફલ ભોગકે નરક-નિગોદમેં પડેંગે.**' આહાહા..! અબજોપતિ, કરોડોપતિ પુણ્યના ફળને ભોગવે છે પણ સમ્યગ્દર્શન વિનાના એ પુણ્ય છે. આહાહા..! '**તુચ્છ ફલ ભોગકે નરક-નિગોદમેં પડેંગે.**' આહાહા..! સમકિતી અહીંયા દરિદ્ર હશે તો એ સ્વર્ગનો મોટો દેવ થશે અને આ પુણ્યવંત પ્રાણી આમાં (મિથ્યાત્વમાં) હશે એ મરીને નરક ને નિગોદમાં જાશે. આહાહા..! એવા તો અનંત ભવ કર્યા, ભાઈ! આહાહા..! એને જરીક થોડું બહારનું અનુકૂળ મળે ત્યાં એને અધિકાઈ (આવીને) આકર્ષાઈ જાય છે. શરીર, પૈસા, આ બાયડી-છોકરા ક્યાંક ઠીક મળે ત્યાં આકર્ષાઈ જાય છે. આ તો ધૂળના ઢેફા છે. આહાહા..! રૂપાળું શરીર હોય, ભાષા મીઠી હોય, બાયડી કરોડપતિની દીકરી આવી હોય તો, ઓહોહો..! શું અમે છીએ! શું તમે છો? પાપી છો, સાંભળને! આહાહા..! અમારી મા દિવાનની બેન હતા, અમારી એવી માતા હતા, અમારા

પિતા આવા હતા. પણ તારે શું છે પણ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પોતે થશે ને પોતે નીકળશે એટલે એને પોતાને ખાલી થઈ ગયું. પોતે નીકળી ગયો. એને એમ કે આવા તો મરીને બધા રહેવાના છે, એમ કહે છે. અહીં રહેવાનાય નીકળવાનો છે એ કહે છે, એ રહે તો હું તો નીકળી ગયો, હું નીકળ્યો હવે પાછો આવવાનો નથી. આહાહા..! ઝીણી વાતું ભારે, ભાઈ! છે?

**'ઈસલિએ મિથ્યાદૃષ્ટિયોંકા પુણ્ય ભી ભલા નહીં હૈ.'** કેમકે એમાં અંદર પુણ્યભાવની એને રુચિ છે. સમકિતીને પુણ્યભાવની રુચિ નથી એને એના ઉપર હેયબુદ્ધિ, ઝેરબુદ્ધિ છે. આહાહા..! એની આનંદબુદ્ધિ તો ભગવાનમાં છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિની સુખબુદ્ધિ તો ભગવાનમાં છે, આત્મામાં છે, પુણ્યમાં તો દુઃખબુદ્ધિ છે. અજ્ઞાનીને આત્મામાં સુખબુદ્ધિ નથી, એને પુણ્યમાં સુખબુદ્ધિ છે. આહાહા..! પહેલા ૩૯ ગાથામાં આગળ કહ્યું હતું. અજ્ઞાની પુણ્યને ઉપાદેય માને છે એને આત્મા હેય થઈ જાય છે. આત્મા હેય (થાય છે). આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, શુભભાવને જે ઉપાદેય માને છે, એને આત્મા હેય થઈ જાય છે અને જે આત્માને ઉપાદેય માને છે એને પુણ્ય હેય થઈ જાય છે. આહાહા..! આવો માર્ગ છે, બાપુ! દુનિયા સાથે તો બહુ મુશ્કેલી પડે. આહાહા..!

મુમુક્ષુ :- જે મોક્ષની વાંછા કરે છે એને પુણ્યના ફળની વાંછા થાય છે તેને મોહ થાય છે.

ઉત્તર :- મોક્ષની ઈચ્છા કરે એ ઈચ્છા તો સાધારણ છે. એ ઈચ્છા પણ એને છોડવા જેવી છે, એમ માને છે. એ આવે છે, એવું આવે છે. સમાહિ... બોહિ લાભં... આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના!

ઉત્તર :- 'સુલભ ના' એટલે? અનંત કાળમાં મળી નથી માટે 'સુલભ ના'. પણ મળી શકે નહિ એમ એનો અર્થ નથી. શું કીધું? એમ નથી. અંદર પુરુષાર્થની ઉગ્રતાથી મળે એવું છે. અનંત કાળમાં નહિ મળી માટે સુલભ નથી એમ. પણ વસ્તુ પોતે છે, સહજ છે, સત્ છે, સત્થી ભરેલું છે, સત્ એ સરળ છે, સત્ તે સર્વત્ર છે, સત્ તે (સુગમ છે). આહાહા..! (સત્ની) પ્રાપ્તિ સરળ છે. આ 'શ્રીમદ્' કહે છે, આ 'શ્રીમદ્' ના વાક્ય છે. સત્ સત્ છે, સરળ છે, સર્વત્ર છે, પ્રાપ્તિ તેની સુલભ છે, પણ તેના સમજાવનારા ગુરુ મળવા દુર્લભ છે. ત્યાં એમ કહ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ 'નજરને આળસે રે, મેં નયને ન નીરખ્યા હરિ.' નરનો નારાયણ થવાની તાકાત છે, જનનો જૈન થવાની તાકાત છે. નરનો નારાયણ થવાની તાકાત છે, જન છે તેને જિન થવાની તાકાત છે. આહાહા..! સમજાણું કાંઈ? જન છે એ નરક ને નિગોદને લાયક નથી. એ તો જિનને લાયક છે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો પર્યાયમાં અજ્ઞાનભાવ ઉભો કરે છે એથી નરક-નિગોદ છે. વસ્તુ જિનપણે છે. જન તે જિનપણું છે, એ તો જિનપણાને લાયક છે. આહાહા..! ભાઈ! આ તો દુનિયાથી જુદી જાત છે, બાપુ! આ દુનિયાના બહારના ભભકા અને એમાં મોટપ માને! આહાહા..! સમજાણું કાંઈ?

**'મિથ્યાદષ્ટિયોંકા પુણ્ય ભી ભલા નહીં હૈ. નિદાનબંધ પુણ્યસે ભવાન્તરમેં ભોગોંકો પાકર...'** દેખો! મિથ્યાદષ્ટિ છે ને? એને દષ્ટિમાં નિદાન જ પડ્યું છે, પુણ્યની ઈચ્છા જ છે. **'પુણ્યસે ભવાન્તરમેં ભોગોંકો પાકર પીછે નરકમેં જાવેંગે.'** આહાહા..! 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી. છ ખંડનું રાજ, છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ! આહાહા..! જ્યારે નિદાન કર્યું ત્યારે તો સમકિત પહેલા હતું. સમકિતી ચક્રવર્તી થઈ શકે. મિથ્યાદષ્ટિને નિદાનમાં ચક્રવર્તીપણું હોય નહિ. આહાહા..! સમ્યગ્દષ્ટિ હતા એમાં નિદાન કરીને દષ્ટિ (મિથ્યા) થઈ ગઈ. એને ચક્રવર્તીપણું હોય, મિથ્યાદષ્ટિને—કોઈ દિ' સમકિત પામ્યો નથી એને ચક્રવર્તી પદ હોઈ શકે જ નહિ. વાસુદેવ, ચક્રવર્તી બધા સમકિત પામેલા. એ નિદાનમાં (મિથ્યાદષ્ટિ) થયા છે. આહાહા..! સમજાણું કાંઈ? શલ્ય આવ્યું ને? નિદાન, માયા, મિથ્યાત્વ. આહા..! માર્ગ બહુ (ઝીણા), બાપા! જન્મ-મરણ રહિતના માર્ગ છે અહીં તો. આહાહા..!

અત્યારે એ વાત જ સાંભળવી મુશ્કેલ થઈ ગઈ અને વાત બહાર આવી ત્યાં લોકોને એ... આમ છે ને તેમ છે ને ફલાણું છે.. 'સમ્યગ્જ્ઞાન દિપીકા' ની વાત અમારે માથે નાખી કહો, વામમાર્ગી છે, કહે છે. 'સમ્યક્જ્ઞાન દીપિકા'માં એમ કીધું, (વિવાહીત) સ્ત્રી પરને ભોગવે છતાં બહારમાં ન આવે. એ વાત ન સહન થઈ એને. એ તો 'ધર્મદાસ ક્ષુલ્લક'નું લખાણ છે. ૮૭ વર્ષ પહેલાની ચોપડી છે. હજી કાલ સુધી ચોપાનીયામાં આવ્યું હતું. એમને પૂછો કે આ શું છે? પણ કોનું લખેલું છે? આહાહા..! શું થાય? જગતને આ જાતની પાત્રતા ઓછી હોય ત્યાં એવું થાય. આહાહા..!

અત્યારે તો લોકોને જિજ્ઞાસા થઈ છે હવે. સત્ય શું છે એ સાંભળવું... આહા..! પ્રેમથી સત્યને સાંભળે છે, રુચિથી એમ કહે છે કે માર્ગ તો આ બરાબર છે. આહાહા..! એ (વિરૂદ્ધ) ન ચાલે, બાપા! અહીં ત્રણલોકના નાથ પરમાત્માના પંથમાં એ વિરુદ્ધ ન ચાલે. આહા..! એ તો લોકોના પુણ્ય ઓછા નહિતર તો કોઈ ઈન્દ્ર - દેવ આવીને વિરોધ કરે. એવો માર્ગ (છે) પણ હવે પુણ્ય લોકોના ન હોય તો (ન થાય). 'ૠષભદેવ' ભગવાન વખતે ચાર હજાર સાધુ થયા, નહિ? વેશ ફેરવીને બીજું કરવા માંડ્યા. દેવે આવીને એમ કહ્યું, દંડ કરશું. વેશ ફેરવી નાખો, બીજો વેશ, લ્યો ! નગ્નપણામાં બીજું કરશો તો નહિ ચાલે. આહા..! એટલા લોકોના ભાગ્ય! દેવે આવીને રોક્યા. આહાહા..! (અત્યારે) એટલા પુણ્ય ઓછા!

'શ્રીમદ્ રાજચંદ્ર' જેવા સમકિતી વૈમાનિકમાં ગયા છે.. 'સોગાની' જેવા, 'નિહાલચંદભાઈ સોગાની' જેવા (સ્વર્ગમાં ગયા છે). 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ' આવ્યું છે? એમ? ઠીક! ત્યાં આપ્યું હતું? 'સોગાની'નું 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ' છે ને? સ્વર્ગમાં ગયા છે, વૈમાનિક સ્વર્ગ. આહાહા..! હોય છે ને?

**'નિદાનબંધ પુણ્યસે ભવાન્તરમેં ભોગોંકો પાકર પીછે નરકમેં જાવેંગે. સમ્યગ્દષ્ટિ પ્રથમ મિથ્યાત્વ અવસ્થામેં કિયે હુએ પાપોંકે ફલસે દુઃખ ભોગતે હૈં,...'** દુઃખ એટલે પ્રતિકૂળતા આવે. **'લેકિન અબ સમ્યક્ત્વ મિલા હૈ, ઈસલિયે સદા સુખી હી હોવેંગે.'** આહાહા..! સમ્યગ્દર્શનમાં આત્માનું સુખ છે. આહાહા..! **'આયુકે અંતમેં નરકસે નિકલકે**

**મનુષ્ય હોકર...**' આહા..! દેખો! '**ઉર્ધ્વગતિ હી પાવેંગે,...**' 'શ્રેણિકરાજા' આદિ. આહાહા..! સમકિતી નરકમાં પડ્યા છે પણ ન્યાંથી નીકળી મનુષ્ય થઈને મોક્ષ જશે કાં સ્વર્ગમાં જશે ને પછી મોક્ષ જશે. '**મિથ્યાદૃષ્ટિ જો પુણ્યકે ઉદયસે દેવ ભી હુએ હૈં, તો ભી દેવલોકસે આકર એકેન્દ્રી હોવેંગે.**' આહાહા..! બીજા દેવલોક સુધી એકેન્દ્રિય થાય. '**એસા દુસરી જગહ ભી 'વરં' ઈત્યાદિ શ્લોકસે કહા હૈ, કિ સમ્યક્ત્વ સહિત નરકમેં રહના ભી અચ્છા,...**' 'યોગસાર'માં છે. '**ઔર સમ્યક્ત્વ રહિતકા સ્વર્ગમેં નિવાસ ભી શોભા નહીં દેતા.**' એટલું સમ્યગ્દર્શનનું માહાત્મ્ય છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

---

अथ तमेवार्थं पुनरपि द्रढयति –

१८६) जे णिय–दंसण–अहिमुहा सोक्खु अणंतु लहंति।
तिं विणु पुण्णु करंता वि दुक्खु अणंतु सहंति।।५९।।
ये निजदर्शनाभिमुखाः सौख्यमनन्तं लभन्ते।
तेन विना पुण्यं कुर्वाणा अपि दुःखमनन्तं सहन्ते।।५९।।

जे णिय इत्यादि। जे ये केचन णिय–दंसण–अहिमुहा निजदर्शनाभिमुखास्ते पुरुषाः सोक्खु अणंतु लहंति सौख्यमनन्तं लभन्ते। अपरे केचन तिं विणु पुण्णु करंता वि तेन सम्यक्त्वेन विना पुण्यं कुर्वाणा अपि। दुक्खुं अणंतु सहंति दुःखमनन्तं सहन्त इति। तथाहि। निजशुद्धात्मतत्त्वोपलब्धिरुचिरूपनिश्चयसम्यक्त्वाभिमुखा ये ते केचनास्मिन्नेव भवे धर्मपुत्रभीमार्जुनादिवदक्षयसुखं लभन्ते, ये केचन पुनर्नकुलसहदेवादिवत् स्वर्गसुखं लभन्ते। ये तु सम्यक्त्वरहितास्ते पुण्यं कुर्वाणा अपि दुःखमनन्तमनुभवन्तीति तात्पर्यम्।।५९।।

---

अब इसी बातको फिर भी दृढ़ करते हैं –

गाथा – ५९

अन्वयार्थ :– [ ये ] जो [ निजदर्शनाभिमुखाः ] सम्यग्दर्शनके सन्मुख हैं, वे [ अनन्तं सुखं ] अनन्त सुखको [ लभन्ते ] पाते हैं, [ तेन विना ] और जो जीव सम्यक्त्व रहित हैं, वे [ पुण्यं कुर्वाणा अपि ] पुण्य भी करते हैं, तो भी पुण्यके फलसे अल्प सुख पाके संसारमें [ अनंतं दुःखम् ] अनन्त दुःख [ सहंते ] भोगते हैं।

भावार्थ :– निज शुद्धात्माकी प्राप्तिरूप निश्चयसम्यक्त्वके सन्मुख हुए जो सत्पुरुष हैं, वे इसी भवमें युधिष्ठिर, भीम, अर्जुनकी तरह अविनाशी सुखको पाते हैं, और कितने ही नकुल, सहदेवकी तरह अहमिंद्र–पदके सुख पाते हैं। तथा जो सम्यक्त्वसे रहित मिथ्यादृष्टिजीव पुण्य भी करते हैं, तो भी मोक्षके अधिकारी नहीं हैं, संसारीजीव ही हैं, यह तात्पर्य जानना।।५९।।

**હવે, તે જ અર્થને ફરીને દૃઢ કરે છે :**

**ભાવાર્થ : નિજશુદ્ધાત્મતત્ત્વની પ્રાપ્તિની રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વની સન્મુખ જેઓ છે, તેમાંના કેટલાક તો આ ભવમાં જ યુધિષ્ઠિર, ભીમ, અર્જુનાદિની માફક અક્ષય સુખ પામે છે અને કેટલાક નકુલ, સહદેવાદિની માફક સ્વર્ગસુખ પામે છે, પણ જેઓ સમ્યક્ત્વ રહિત છે તેઓ પુણ્ય કરવા છતાં પણ અનંત દુઃખ જ અનુભવે છે. ૫૯.**

---

**વીર સંવત ૨૫૦૨, માગશર સુદ ૨, મંગળવાર**
**તા. ૨૩-૧૧-૧૯૭૬, ગાથા-૫૯, ૬૦, પ્રવચન નં. ૧૪૦**

'પરમાત્મપ્રકાશ'. ૫૯-ગાથા. '**અબ ઈસી બાતકો ફિર ભી દૃઢ કરતે હૈં-**' ૫૮માં કહ્યું એનું વિશેષ (કહે છે).

**१८६) जे णिय-दंसण-अहिमुहा सोक्खु अणंतु लहंति।**
**तिं विणु पुण्णु करंता वि दुक्खु अणंतु सहंति।।५९।।**

**અન્વયાર્થ :- 'જો સમ્યગ્દર્શનકે સન્મુખ હૈં,...'** પોતાનો આત્મા પૂર્ણ આનંદની સન્મુખ દૃષ્ટિ થઈ છે. સમજાય છે કાંઈ? નિમિત્ત, રાગ અને પર્યાયથી વિમુખ થઈ, પૂર્ણ ધ્રુવ આનંદસ્વભાવ એની સન્મુખ દૃષ્ટિ થઈ છે. સન્મુખનો અર્થ અહીંયાં સહિત છે. સમજાણું કાંઈ? '**સમ્યગ્દર્શનકે સન્મુખ હૈં, વે અનંત સુખકો પાતે હૈં,...**' આહાહા..! પણ કોઈક તો એમ કહે કે કાળલબ્ધિ હશે ત્યારે થાશે, ભગવાને દીઠું હશે ત્યારે થાશે. પણ ભગવાને દીઠું હશે...

મુમુક્ષુ :- ઈ તો પર્યાયનો...

ઉત્તર :- દીઠું હશે ઈ થાશે પણ એ પર્યાયનું જ્ઞાન કોણે કર્યું? જે આત્મસ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એનો નિર્ણય કરે એને ક્રમબદ્ધમાં કાળલબ્ધિના નિર્ણયની ખબર પડે. સમજાણું કાંઈ? ક્રમબદ્ધમાં એ આવે છે ને? કે એને કાળે ક્રમે થાય. એમાં અમારે ક્યાં (પુરુષાર્થ કરવો)? પણ ક્રમે થાય એનો નિર્ણય કોણે કર્યો? આહાહા..!

સર્વજ્ઞસ્વભાવી ભગવાન એણે ક્રમબદ્ધ છે એ જગતમાં જોયું. તો જેણે સર્વજ્ઞ સ્વભાવ પોતાનો છે એવો જેણે અનુભવ્યો અને નિર્ણય કર્યો, એને અંદર સ્વભાવસન્મુખનો પુરુષાર્થ આવી ગયો. આવી વાત છે. ઓલા કહે નિયતિવાદ છે તમારો બધો એકલો. 'સોનગઢ'નો. એમ કહે. નિમિત્ત આવે અને થાય એ કાંઈ માનતા નથી તમે. માટીમાં ઘડો થવાની, કોડિયું થવાની, નળિયું થવાની. નળિયું સમજો છો? નળિયા. ...નળીયા થવાની યોગ્યતા છે. પણ જેવું નિમિત્ત આવે અને કુંભારની ઈચ્છા હોય એ પ્રમાણે થાય ત્યાં. એમ કહે છે ને? કહે છે

આ બધા. એમ નથી. ઉપાદાનમાં એક સમયની જે પર્યાય થવાની હતી તે જ લાયકાત છે, એક જ લાયકાત છે. નિમિત્ત આવે તો આમ થાય અને નિમિત્ત ન આવે તો ન થાય, એ વાત તદ્દન જૂઠી છે. ભારે આકરું કામ. આહાહા..!

મુમુક્ષુ :- દસ લાયકાત સાથે હોય, એક લાયકાત...

ઉત્તર :- સાથે જ હોય. નિયતનું જ્યાં નક્કી થયું સ્વભાવ. તો સ્વભાવ છે, પુરુષાર્થ છે, કાળ એક સમયની પર્યાય તે જ કાળે છે અને ભવિતવ્યતા તે કાળે તે ભાવ છે. આહાહા..! આ મોટો ગોટો. પણ એટલું વળી આ ફેરી ભાઈએ નાખ્યું, ઠીક છે. 'કૈલાસચંદજી'એ. ક્રમબદ્ધમાં સર્વજ્ઞતા સિદ્ધ છે. એટલું નાખ્યું છે. .. ન કહ્યું.

મુમુક્ષુ :- સકળ ક્રમબદ્ધતા તથા સર્વજ્ઞતા...

ઉત્તર :- ક્રમબદ્ધતા નહિ. નિયત. નિયત. નિયતવાદ બનામ સર્વજ્ઞતા. એટલું ઠીક નાખ્યું હવે. નહિતર એ તો 'વર્ણીજી'ની શ્રદ્ધા હતી નહિ કાંઈ. હતા કે નહિ તે દિ' તમે? ત્યાં હતા? આ વસ્તુ એમાં બહુ મોંઘી એટલે એ કોઈ વ્યક્તિગતને ન બેસે એથી વસ્તુ વસ્તુમાં છે. આ વસ્તુ તો અંદરમાં જેને સ્વભાવસન્મુખનો પુરુષાર્થ જાગ્યો છે એને આ વાત બેસે એવી છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**જો સમ્યગ્દર્શનકે સન્મુખ હૈં, વે અનંત સુખકો પાતે હૈં,...**' એ તો ક્રમે ક્રમે ચારિત્ર થઈને ક્રમે કેવળજ્ઞાન જ લેશે. એ અનંતસુખને પ્રાપ્ત કરશે. આહાહા..! '**ઔર જીવ સમ્યક્ત્વ રહિત હૈં,...**' એમ. ઓલામાં સહિત અને આમાં રહિત એટલું. '**વે પુણ્ય ભી કરતે હૈં,...**' છે? એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, વ્યવહારરત્નત્રય આદિ કરે '**તો ભી...**' છે? '**પુણ્યકે ફલસે અલ્પ સુખ પાકે...**' સંસારના અલ્પ કોઈ શેઠાઈના, રાજના, સ્વર્ગના. '**સંસારમેં અનંત દુઃખ ભોગતે હૈં.**' આહાહા..!

'પરમાત્મપ્રકાશ' છે આ તો. જેને પરમાત્મસ્વરૂપનું ભાન થયું એ અનંતસુખને પ્રાપ્ત કરશે. અને જેને એ પરમાત્માનું ભાન નથી, અલ્પજ્ઞમાં અને રાગમાં જેની રુચિ પડે છે, એ કદાચિત અલ્પ પુણ્યને કારણે સ્વર્ગાદિ, રાજા આદિ થાય પણ અનંતા દુઃખને ભોગવશે પછી. આહાહા..! એ સંસારનું જે અલ્પ સુખ છે એમાંથી એ અનંત દુઃખ ભોગવશે પછી, એમ કહે છે. સમજાણું કાંઈ? આવી વાત ગહન વાત છે. '**અનંત દુઃખ ભોગતે હૈં.**'

ગાથામાં જ બેય આવી ગયા છે કે જેને આત્મદર્શન છે એ અનંત સુખને પામશે. જેને આત્મદર્શન નથી તે અનંત દુઃખને (પામશે). સહેજ પુણ્ય કરશે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ, પૂજા આદિનો ભાવ હોય તો પુણ્ય કરશે થોડું. સ્વર્ગાદિ કે રાજ આદિ મળશે. પણ પછી તો અનંત દુઃખને ભોગવશે. આહાહા..! આવી વાત છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** '**નિજ શુદ્ધાત્માકી પ્રાપ્તિરૂપ...**' ભાષા દેખો! સમ્યગ્દર્શનમાં પર પરમાત્માની ભગવાનની પ્રાપ્તિ, એમ નહિ. આહાહા..! ભગવાનની શ્રદ્ધા અને પ્રાપ્તિ એ તો શુભરાગ છે. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચપરમેષ્ઠીની શ્રદ્ધા એ પણ રાગ વિકલ્પ છે. આહાહા..! પરદ્રવ્ય છે ને? '**નિજ શુદ્ધાત્માકી પ્રાપ્તિરૂપ...**' આહાહા..! ભગવાન જ્ઞાયક

સર્વજ્ઞસ્વભાવી એકલો જ્ઞાનભાવ એવો સ્વભાવ-એવો આત્મા. '**નિજ શુદ્ધાત્માકી...**' શુદ્ધ છે ને? પોતાના શુદ્ધ એટલે સર્વજ્ઞસ્વભાવી શુદ્ધતા. આહાહા..!

'**શુદ્ધાત્માકી પ્રાપ્તિરૂપ નિશ્ચયસમ્યક્ત્વકે સન્મુખ હુએ...**' એટલે પ્રાપ્ત થયે. '**જો સત્પુરુષ હૈં,...**' આહાહા..! '**વે ઈસી ભવમેં યુધિષ્ઠિર, ભીમ, અર્જુન..**' એ ભવમાં મોક્ષ ગયા. આ 'પાલીતાણે'. પાંચેય પાંડવો ધ્યાનમાં હતા ત્યાં. ત્રણ તો મોક્ષ પધાર્યા. આહાહા..! મોટા જોદ્ધા. 'અર્જુન', 'ભીમ'. 'અર્જુન' બાણાવાળી કહેવાય. 'ભીમ' મોટો જોદ્ધો. 'યુધિષ્ઠર' ધર્મરાજા મોટા. પાંચ ભાઈઓમાં મોટા. એ સમ્યક્‌ને પ્રતાપે.. આહાહા..! '**શુદ્ધાત્માકી પ્રાપ્તિરૂપ નિશ્ચય સમ્યક્ત્વકે સન્મુખ હુએ...**' એ સત્પુરુષ. આહાહા..! એ સત્પુરુષ (છે). આહાહા..! જેને પરમસત્ય એવું પરમાત્મ પોતાનું સ્વરૂપ, એનું ભાન થયું તે સત્પુરુષ કહેવામાં આવે છે. આહાહા..!

'**ઈસી ભવમેં યુધિષ્ઠિર, ભીમ, અર્જુનકી તરહ અવિનાશીસુખકો પાતે હૈં,...**' એ ભવમાં જ કેવળજ્ઞાન પામી (અવિનાશી સુખ પામ્યા). આહાહા..! સમ્યગ્દર્શન સહિત છે તે એ જ ભવમાં કોઈ કેવળજ્ઞાન પામીને મોક્ષ જશે. આહાહા..! '**ઔર કિતને હી નકુલ, સહદેવકી તરહ...**' એમ. '**તરહ...**' છે ને ભાષા? '**ઈસી ભવમેં યુધિષ્ઠિર, ભીમ, અર્જુનકી તરહ...**' એમ. એકલા ત્રણ થયા એમ નહિ. પણ એની પેઠે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**અવિનાશી સુખકો પાતે હૈં,...**' આહાહા..! બહારમાં આ બધા ભપકા દેખાય છે એ તો બધા જડના છે. ભગવાનમાં આનંદનો ભપકો-સુખ છે. આહાહા..! જેને પરનો પુણ્યનો પ્રેમ છૂટીને... આહાહા..! પરમાત્માનો પ્રેમ થયો, એ સમકિતી જીવ કોઈ ભીમ, અર્જુન અને ધર્મરાજાની પેઠે એમ. બીજા પણ. એ ભવમાં કેવળજ્ઞાન પામીને મોક્ષ જશે. આહાહા..!

'**ઔર કિતને હી નકુલ, સહદેવ...**' બે ભાઈ. એને જરી વિકલ્પ રહી ગયો. મુનિરાજને કેમ હશે? ધર્મરાજા, ભીમ, અર્જુન એનાથી મોટા. સહોદર અને સાધર્મી. આહાહા..! અને મોટી ઉંમરમાં. સહોદર, સાધર્મી અને વડીલ. સહદેવ અને નકુલથી ત્રણે વડીલ. સહોદર-એક ઉદરે ઉત્પન્ન થયેલા અને સાધર્મી. એટલે એમ થઈ ગયું. અરે..! આ કેમ હશે? લોઢાના ધગધગતા... આહાહા..! એ કાળે પણ આવું હતું. અરે..રે..!

મુમુક્ષુ :- એ કાળે 'સીતા'ને 'રાવણ' લઈ ગયો.

ઉત્તર :- હા. લઈ ગયા. 'રામચંદ્ર' જેવા પુરુષ. પુરુષોત્તમ પુરુષ તે બળદેવ અને વાસુદેવ. 'લક્ષ્મણ-વાસુદેવ' 'રામ-બળદેવ'. એની હયાતીમાં 'સીતાજી'ને 'રાવણ' લઈ ગયો. આહાહા..!

અહીંયાં કહે છે કે આવા જે પુરુષો 'યુધિષ્ઠિર' આદિ સમ્યગ્દર્શનના પ્રતાપે આ થયા પણ એની હયાતીમાં એને લોઢાના દાગીના પહેરાવ્યા. આહાહા..! એલા કોઈ દેવ પણ ન આવ્યા? ધર્માત્મા છે. આ ભવે મોક્ષ જવાના છે. બાપુ! એ થવાનું હોય ત્યાં કોણ..

આહાહા..! સ્વર્ગના દેવ પણ ન આવ્યા એને આ રીતે મદદ કરવા? મદદ કોની કરે? આહાહા..! આત્માના ધ્યાનમાં મસ્ત, આનંદમાં મસ્ત. આહાહા..! જે સમ્યગ્દર્શનમાં ભગવાનને માન્યો હતો, જાણ્યો હતો, જોયો હતો, એમાં જે લીન થઈ ગયા છે. આહાહા..! આનંદ-આનંદમાં લીન ઊંડે ઉતરી ગયા. અતીન્દ્રિય આનંદમાં અંતર ઊંડે ગયા. અનંત આનંદને પામ્યા. ભલે પરિષહ હતો. આહાહા..! લોઢાના મુગટ, લોઢાના દાગીના, આ કડા, કુંડળ. કુંડળ નહિ પણ પગના... આહાહા..! આવા નિરપરાધી પરમાત્મસ્વરૂપને પામનારાઓને આવું! એ સંયોગ છે. એ સંયોગ થાય એને કોણ રોકે? આહાહા..!

શ્વેતાંબરમાં તો એવું આવે છે કે મહિના-મહિનાના અપવાસ કરતા હતા. 'નેમિનાથ' ભગવાનના દર્શન કરવા જાવું હતું. ત્યાં 'પાલીતાણે' સાંભળ્યું ભગવાન મોક્ષ પધાર્યા. 'નેમિનાથ' ભગવાન મોક્ષ પધાર્યા. દેહ છૂટી ગયો. એટલે તરત જ તે 'શેત્રુંજય' ઉપર ચડી ગયા. આહાહા..! ભગવાનના દર્શન કરવા જતા હતા. પણ છદ્મસ્થ છે તો કાંઈ ખ્યાલ નહિ કે.. એટલે આવ્યા 'પાલિતાણે' ત્યાં. એક મહિના-મહિનાના અપવાસ. આહાહા..! એટલે આનંદમાં લીન. એમ. જેને આહારની ઈચ્છા પણ ન મળે. આહાહા..! એ આનંદમાં મશગુલ મહાલતા આનંદમાં. વિકલ્પ હતો ભગવાન પાસે જવાનો. ભગવાન મોક્ષ પધાર્યા. અરે..! બસ, હવે એની સમીપ અમે પણ ભગવાનની સમીપમાં જાશું. ન્યાં. આહાહા..!

મુમુક્ષુ :- અનશન કર્યું હતું.

ઉત્તર :- અનશન કર્યું હતું. સંથારો કર્યો હતો. જાવજીવનો આહારનો ત્યાગ. પાણીનો ત્યાગ. હવે એવા પુણ્યવંત પ્રાણી, એ દીક્ષિત થયા અને સાધુ થયા. એને આવો યોગ કેમ મટે? બાપુ! આહાહા..! એમાં તો અંદર ઘૂસી ગયા છે. આહાહા..! કેવળજ્ઞાન પામીને મોક્ષ ગયા. 'સહદેવ' અને 'નકુલ' જેવાને વિકલ્પ રહી ગયો જરી. મુનિને કેમ હશે? તો એ કહે છે કે સ્વર્ગમાં ગયા. સર્વાર્થસિદ્ધમાં. છે ને એ? આહાહા..! '**નકુલ, સહદેવકી તરહ...**' 'નકુલ' અને 'સહદેવ'નો તો દાખલો છે. એની જેવા. '**તરહ..**' એની પેઠે. બીજા પણ મુનિઓ અને ધર્માત્મા, આહાહા..! '**અહમિંદ્ર-પદકે સુખ પાતે હૈં.**' આહાહા..! નવમી ગ્રૈવેયક ઉપર. ત્યાં અનુત્તર વિમાનમાં બધા અહમિંદ્ર છે. '**અહમિંદ્ર-પદકે સુખ પાતે હૈં.**' આહાહા..! લૌકિક (સુખ).

'**તથા જો સમ્યક્ત્વસે રહિત,** આહાહા..! **મિથ્યાદષ્ટિ જીવ પુણ્ય ભી કરતે હૈં,...**' આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ચરણાનુયોગનો વ્યવહાર આચરણ કરે છે એ પુણ્ય છે. આહાહા..! ભગવાન આનંદના નાથનું જ્યાં આચરણ નથી ત્યાં પુણ્યનું આચરણ કદાચિત કરે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**તો ભી મોક્ષકે અધિકારી નહીં હૈં,...**' આહાહા..! એ મોક્ષના અધિકારી નથી. સમ્યગ્દર્શન રહિત જીવ.. આહાહા..! ચરણાનુયોગના વ્યવહાર પ્રમાણે આચરણ કરે, વ્રત, નિયમ, તપ, ભક્તિ આદિ (કરે). આહાહા..! હવે આવું તો લખાણ ચોખ્ખું છે. એને એમ કે આ વ્યવહાર ચરણાનુયોગનું આચરણ કરનારા એ મોક્ષ જશે. પછી જશે એમ કહે. નિશ્ચય પામશે. એનાથી તો પામતો નથી. વ્યવહારરત્નત્રયના

ચરણાનુયોગના વ્યવહાર આચરણથી કોઈ સમકિત પામતું નથી. આહાહા..! એ તો 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' એ ચરણાનુયોગનું આચરણ નહોતું? આહાહા..! ભગવાનઆત્માના આનંદના આચરણ વિના એકલું પુણ્યના આચરણ કરનારા જરીક સ્વર્ગાદિના થોડા સુખ મળે, કહે છે, પણ પછી તો નરક અને નિગોદમાં અનંત દુઃખ થાશે. આહાહા..! વસ્તુનું સ્વરૂપ આવું છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'પુણ્ય ભી કરતે હૈં, તો ભી મોક્ષકે અધિકારી નહીં હૈં, સંસારીજીવ હી હૈં,...'** આહાહા..! સંસારી જીવ જ છે. ચરણાનુયોગનું આચરણ વ્યવહારનું શાસ્ત્રમાં કહ્યું એવું કરે તોપણ તે સંસારી જ છે. આહાહા..! વ્યક્તિને માટે અહીં વાત નથી, હોં! આ તો વસ્તુનું સ્વરૂપ (છે). કોઈ વ્યક્તિઓ આવા છે અને તેવા છે, અત્યારે એ વાત ન લેવી. એ કરવી ન જોઈએ. સમજાણું? અને સાધારણ માણસે તો એ વાતમાં પડવું ન જોઈએ. કારણ કે એમનું.. તત્ત્વની વાત (સમજવી). કારણ કે એ લોકોને દુઃખ લાગે ને? અને એના માનનારાઓને પણ જરી (દુઃખ) થાય કે આવા નીકળ્યા છે. એટલે કોઈ વ્યક્તિ આવા છે અને તેવા છે એમ નહિ. વસ્તુનું સ્વરૂપ આ પ્રમાણે છે એમ. અને પોતાના માટે છે આ તો. બીજાઓની જવાબદારી બીજાને માથે છે. એના જોખમ પોતે શું કરવા લે? આહાહા..! એ ભગવાન છે. ભૂલા પડ્યા છે એ. ભૂલને તોડીને ભગવાન થાશે એ. આહાહા..!

**'મોક્ષકે અધિકારી નહીં હૈ, સંસારી જીવ હી હૈ, યહ તાત્પર્ય જાનના.'** જોયું! છે? **'दुःखमनन्तमनुभवन्तीति तात्पर्यम्।।'** છે ને? સંસ્કૃતમાં છે, હોં! તાત્પર્ય આ છે, કહે છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ સહિત કોઈ ચારિત્રના દોષ હશે પણ એ ટાળીને ચારિત્ર થશે અને અનંત સુખને જ પામશે. આહાહા..! અને મિથ્યાદૃષ્ટિને પુણ્યની ક્રિયાઓ આચરણની ઊંચી હશે તોપણ એ થોડું સુખ સંસારનું જરી થોડો કાળ સ્વર્ગ કે રાજા (થશે). પછી એ નરક અને નિગોદમાં જશે. આહાહા..! આવી વાત. વસ્તુનું સ્વરૂપ એવું છે. એ અનંત દુઃખ પામશે. આવી વાત છે. મિથ્યાદૃષ્ટિની નીચતા, સમ્યગ્દર્શનની ઉચ્ચતા આ રીતની છે. સમજાણું કાંઈ?

---

**अथ निश्चयेन पुण्यं निराकरोति –**

**१८७) पुण्णेण होइ विहवो विहवेण मओ मएण मइ–मोहो।**
**मइ–मोहेण य पावं ता पुण्णं अम्ह मा होउ।।६०।।**

**पुण्येन भवति विभवो विभवेन मदो मदेन मतिमोहः।**
**मतिमोहेन च पापं तस्मात् पुण्यं अस्माकं मा भवतु।।६०।।**

**पुण्णेण इत्यादि। पुण्णेण होइ विहवो पुण्येन विभवो विभूतिर्भवति, विहवेण मओ विभवेन मदोऽहंकारो गर्वो भवति, मएण मइ–मोहो विज्ञानाद्यष्टविधमदेन मतिमोहो मतिभ्रंशो विवेकमूढत्वं भवति। मइ–मोहेण य पावं मतिमूढत्वेन पापं भवति, तो पुण्णं अम्ह मा होउ तस्मादित्थंभूतं पुण्यं अस्माकं मा भूदिति। तथा च। इदं पूर्वोक्तं पुण्यं भेदाभेदरत्नत्रया–**

राधनारहितेन दृष्टश्रुतानुभूतभोगाकांक्षारूपनिदानबन्धपरिणामसहितेन जीवेन यदुपार्जितं पूर्वभवे तदेव मदमहंकारं जनयति बुद्धिविनाशं च करोति। न च पुनः सम्यक्त्वादिगुणसहितं भरतसगररामपाण्डवादिपुण्यबन्धवत्। यदि पुनः सर्वेषां मदं जनयति तर्हि ते कथं पुण्यभाजनाः सन्तो मदाहंकारादिविकल्पं त्यक्त्वा मोक्षं गताः इति भावार्थः। तथा चोक्तं चिरन्तनानां निरहंकारत्वम्। 'सत्यं वाचि मतौ श्रुतं हृदि दया शौर्यं भुजे विक्रमे लक्ष्मीर्दानमनूनमर्थिनिचये मार्गे गतिर्निर्वृत्तेः। येषां प्रागजनीह तेऽपि निरहंकाराः श्रुतेर्गोचराश्चित्रं संप्रति लेशतोऽपि न गुणास्तेषां तथाप्युद्धताः।।'।।६०।।

---

आगे निश्चयसे मिथ्यादृष्टियोंके पुण्यका निषेध करते हैं –

गाथा – ६०

अन्वयार्थ :– [ पुण्येन ] पुण्यसे घरमें [ विभवः ] धन [ भवति ] होता है, और [ विभवेन ] धनसे [ मदः ] अभिमान, [ मदेन ] मानसे [ मतिमोहः ] बुद्धिभ्रम होता है, [ मतिमोहेन ] बुद्धिके भ्रम होनेसे (अविवेकसे) [ पापं ] पाप होता है, [ तस्मात् ] इसलिये [ पुण्यं ] ऐसा पुण्य [ अस्माकं ] हमारे [ मा भवतु ] न होवे।

भावार्थ :– भेदाभेदरत्नत्रयकी आराधनासे रहित, देखे, सुने, अनुभवे किये भोगोंकी वाँछारूप निदानबंधके परिणामों सहित जो मिथ्यादृष्टि संसारी अज्ञानी जीव हैं, उसने पहले उपार्जन किये भोगोंकी वाँछारूप पुण्य उसके फलसे प्राप्त हुई घरमें सम्पदा होनेसे अभिमान (घमंड) होता है, अभिमानसे बुद्धि भ्रष्ट होती है, बुद्धि भ्रष्टकर पाप कमाता है, और पापसे भव भवमें अनंत दुःख पाता है। इसलिये मिथ्यादृष्टियोंका पुण्य–पापका ही कारण है। जो सम्यक्त्वादि गुण सहित भरत, सगर, राम पांडवादिक विवेकी जीव हैं, उनको पुण्यबंध अभिमान नहीं उत्पन्न करता, परम्पराय मोक्षका कारण है। जैसे अज्ञानीयोंके पुण्यका फल विभूति गर्वका कारण है, वैसे सम्यग्दृष्टियोंके नहीं है। वे सम्यग्दृष्टि पुण्यके पात्र हुए चक्रवर्ती आदिकी विभूति पाकर मद अहंकारादि विकल्पोंको छोड़कर मोक्षको गये अर्थात् सम्यग्दृष्टिजीव चक्रवर्ती बलभद्र–पदमें भी निरहंकार रहे। ऐसा ही कथन आत्मानुशासन ग्रंथमें श्रीगुणभद्राचार्यने किया है, कि पहले समयमें ऐसे सत्पुरुष हो गये हैं, कि जिनके वचनमें सत्य, बुद्धिमें शास्त्र, मनमें दया, पराक्रमरूप भुजाओंमें शूरवीरता, याचकोंमें पूर्ण लक्ष्मीका दान, और मोक्षमार्गमें गमन है, वे निरभिमानी हुए, जिनके किसी गुणका अहंकार नहीं हुआ। उनके नाम शास्त्रोंमें प्रसिद्ध हैं, परंतु अब बड़ा अचंभा है, कि इस पंचमकालमें लेशमात्र भी गुण नहीं हैं, तो भी उनके उद्धतपना है, यानी गुण तो रंचमात्र भी नहीं, और अभिमानमें बुद्धि रहती है।।६०।।

**હવે, નિશ્ચયનયથી પુણ્યને નિષેધે છે.**

**ભાવાર્થ : ભેદાભેદરત્નત્રયની આરાધના રહિત, દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાનબંધના પરિણામ સહિત જે જીવ છે તે જીવથી પૂર્વભવમાં જે આ પૂર્વોક્ત પુણ્ય ઉપાર્જ્યું છે તે જ પુણ્ય અહંકાર ઉત્પન્ન કરે છે અને બુદ્ધિનો વિનાશ કરે છે, પણ ભરત, સગર, રામ, પાંડવાદિના પુણ્યબંધની માફક સમ્યક્ત્વાદિ ગુણ સહિત પુણ્યબંધ મદ ઉત્પન્ન કરતો નથી. વળી જો પુણ્ય સર્વને મદ ઉત્પન્ન કરે તો તેઓ કેવી રીતે પુણ્યના ભાજન થતાં મદઅહંકારાદિ વિકલ્પને છોડીને મોક્ષે ગયા? એવો ભાવાર્થ છે.**

**પહેલાંના સમયમાં થઈ ગયેલા સત્પુરુષોને નિરહંકારપણું પણ આ પ્રમાણે કહ્યું છે કે : 'सत्यं वाचि मतौ श्रुतं हृदि दया शौर्यं भुजे विक्रमे लक्ष्मीर्दानमनूनमर्थिनिचये मार्गे गतिर्निर्वृत्तेः। येषां प्रागजनीह तेऽपि निरहंकाराः श्रुतेर्गोचराश्चित्रं संप्रति लेशतोऽपि न गुणास्तेषां तथाप्युद्धताः।।' (આત્માનુશાસન ૨૧૮) (અર્થ : પહેલાના સમયમાં એવા સત્પુરુષો થઈ ગયા છે કે વાણીમાં સત્ય, બુદ્ધિમાં આગમ, હૃદયમાં દયા, શૌર્ય, ભુજાઓમાં પરાક્રમ યાચકોને લક્ષ્મીનું પૂર્ણદાન અને નિવૃત્તિના નિર્વાણમાર્ગમાં ગમન, આવા ગુણો જેનામાં રહ્યા હતા છતાં પણ તેઓ અભિમાનથી રહિત હતા, એમ આગમથી જાણવા મળે છે પણ આશ્ચર્ય છે કે હાલમાં-પંચમકાળમાં-લેશ પણ ગુણો ન હોય તોપણ મનુષ્યો ઉદ્ધત છે-અભિમાની છે.) ૬૦.**

---

## ગાથા-૬૦ ઉપર પ્રવચન

જુઓ! હવે ગાથા આવી આ. ૬૦. આ ગાથા પછી બીજે છે, હોં! લખેલું છે. છે? લખેલું છે? ભાઈ! 'તિલોય પણ્ણત્તિ ભાગ-૨' ગાથા-૫૨. પાનું-૮૭૯. લખ્યું છે તે દિ' 'તિલોય પણ્ણત્તિ ભાગ-૨' નીચે છે. 'તિલોય પણ્ણત્તિ' લખ્યું છે. ભાગ-૨. પાનું-૮૭૯, ગાથા-૫૨. પાછી આ ગાથા અહીં જ છે એમ નહિ, 'તિલોય પણ્ણત્તિ'માં પણ આ છે. 'તિલોય પણ્ણત્તિ' તો ત્રણલોકનું વર્ણન કરે છે. એમાં પણ આ વાત છે. આહાહા..! સમજાણું? આ 'તિલોય પણ્ણત્તિ'ની વાતું કરે છે ને અત્યારે? ઓલી આર્જિકા ને એ. એમાં પણ આ ગાથા છે. એટલે એમ કહે છે ને કે વ્યવહાર કરતા કરતા વ્યવહારથી નિશ્ચય થશે. 'તિલોય પણ્ણત્તિ'માં પણ એમ નથી. એ તો કહે છે કે વ્યવહાર કરશે તો એનું પુણ્ય થશે. એ છે. જુઓ! **'निश्चयेन पुण्यं निराकरोति'** **'નિશ્ચયસે મિથ્યાદષ્ટિયોંકે પુણ્યકા નિષેધ કરતે હૈં-'** આહાહા..! જેની દૃષ્ટિમાં શુભથી ધર્મ થશે એવી દૃષ્ટિ મિથ્યાત્વ છે, એના પુણ્ય પરિણામનો અહીંયાં નિષેધ કરે છે કે એ પુણ્ય પરિણામનું ફળ એને દુઃખ આવશે. આહાહા..!

**૧૮૭) पुण्णेण होइ विहवो विहवेण मओ मएण मइ-मोहो।**
**मइ-मोहेण य पावं ता पुण्णं अम्ह मा होउ।।६०।।**

**અન્વયાર્થ :-** '**પુણ્યસે ઘરમેં ધન હોતા હૈ,...**' પુરુષાર્થથી નહિ, એમ કહે છે. પૂર્વના પુણ્યને લઈને બે-પાંચ કરોડ, અબજ, બે અબજ, પાંચ અબજ પૈસા મળે. આહાહા..! અને પ્યાલો ફાટી જાય પછી અંદરથી. ઈ કહે છે, જુઓ! '**પુણ્યસે ઘરમેં...**' એમ લીધું છે ને? '**पुण्णेण होइ विहवो**' વિભૂતિ. એ પુણ્યની વિભૂતિ થશે. આહાહા..! ઘરનો એણે અર્થ કર્યો છે. પાઠમાં એ નથી. પુણ્યથી એની પાસે ધન આવશે. આહાહા..! એક તો એ અર્થ કર્યો કે એના વર્તમાન પુરુષાર્થથી ધન આવશે એ નહિ. શેઠ! પૂર્વના પુણ્યને લઈને (ધન મળે છે). કોઈ વ્રત પાળ્યા હશે, ભક્તિ, પૂજા, દયા, દાન કર્યા હશે તો ભવિષ્યમાં શુભભાવથી એને લક્ષ્મી મળશે. આહાહા..!

સંયોગીભાવથી સંયોગી ચીજ મળશે, એમ કહે છે. શુભભાવ છે એ સંયોગીભાવ છે, સ્વભાવભાવ નહિ. આહાહા..! તેથી એને સંયોગી ચીજ મળશે-લક્ષ્મી. અને '**ધનસે...**' એટલે વૈભવ. છે ને? એ ત્યાંથી નાખ્યું. એ ધન ત્યાં છે. પણ ઘર નથી ત્યાં. '**विभवः**' એટલે વિભૂતિથી. એ વિભૂતિ બધી. આહાહા..! પાંચ-પાંચ લાખની પેદાશું દિવસની હોય. છોકરા.. આહા..! મોટા જોદ્ધા પાક્યા હોય. સારા ઘરની કરોડો-અબજોપતિની દીકરીયું આવતી હોય, દીકરીયુંને વરાવવામાં પણ મોટા રાજા મળતા હોય. આહાહા..! આ બધા વૈભવ. આહાહા..!

'**ધનસે અભિમાન,...**' છે? એ વિભુતિ એટલી અંદર જાય. આહાહા..! આ બિચારા ગરીબ માણસને તો કાંઈ મળતું પણ નથી. એમ એને અભિમાન ચડી જાય છે. આહાહા..!

મુમુક્ષુ :- એ તો પરપદાર્થ છે એનાથી અભિમાન કેમ થાય?

ઉત્તર :- પોતે કરે છે માટે થાય છે. એનાથી થાય છે? એમ કે આ શબ્દ એમ મૂક્યો છે ને ધનથી. પાઠમાં આમ મૂક્યું છે ને? પણ એનો અર્થ કે એણે અભિમાન કર્યા છે ને મિથ્યાદૃષ્ટિમાં, રાગના ભાવમાં અભિમાન કર્યા છે કે એ હું છું, એથી એના પુણ્ય (ફળમાં) એના અભિમાન થશે એમ કહે છે. એ પૈસાને લઈને નહિ. પણ એણે અભિમાન કર્યા હતા. અમે દયા પાળીએ, અમે વ્રત પાળીએ, અમે ભક્તિ કરીએ, પૂજા કરીએ છીએ, લાખો-કરોડો રૂપિયા દાનમાં ખર્ચીએ છીએ, મંદિરો કર્યા છે. એવા જે અભિમાન સેવ્યા હતા.. આહાહા..! એના ફળમાં પૈસા મળશે પણ એનું અભિમાન થાશે પાછું. આહાહા..! આવી વાત છે. 'અમેરિકા'માં જુઓને કેટલા પૈસા! અબજોપતિઓ. કેટલા અબજોપતિ 'અમેરિકા'માં છે. બધા થાકી ગયા છે હવે. પછી નીકળ્યા છે ને ઓલા? 'હરે કૃષ્ણ-હરે કૃષ્ણ'. વેષ પહેરીને નીકળ્યા છે. એમાં ક્યાં ભાન છે કે શું છે? એમાં કેટલાય ઠગ છે એમ કહે છે લોકો તો. આહાહા..!

'**ધનસે અભિમાન,...**' પાઠ એમ છે ને? '**विहवेण मओ**' એ મદ પોતે કરે છે

વૈભવની અપેક્ષાથી લઈને. કેમકે પૂર્વે પુણ્યના પરિણામનું અભિમાન કર્યું હતું કે અમારું પુણ્ય છે, અમે એના કર્તા છીએ. પુણ્યભાવના કર્તા છીએ એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! જ્ઞાનીને પુણ્યભાવ આવે પણ કર્તા નથી. એનો જ્ઞાતા છે. કેમકે વસ્તુનું સ્વરૂપ જ સર્વજ્ઞ જ્ઞાતા-દૃષ્ટા છે. એટલે આ વસ્તુના સ્વરૂપનું જ્યાં ભાન થયું એટલે પછી રાગ આવે ખરો પણ તેનો એ જ્ઞાતા છે, કર્તા નહિ. કર્તા બને એ તો મિથ્યાદૃષ્ટિ થાય છે. આહાહા..!

**'માનસે બુદ્ધિ ભ્રમ હોતા હૈ,..'** મતિમાં ભ્રમ થઈ જાય પછી. આહાહા..! અમે કેવા રાજકુટુંબના! રાજમાતાના દિકરા અને અમે તો આવા. આહા..! અમારી સંપદા સાત પેઢીથી ચાલી આવે છે આ પ્રમાણે. એમ અભિમાન થઈ જાય એને. આહાહા..! અમે તો નિર્ધનતા જોઈ નથી. ગર્ભશ્રીમંત છીએ. ગર્ભશ્રીમંત સમજ્યા? ગર્ભમાંથી શ્રીમંત છીએ અમે. શ્રીમંતના ઘરે આવ્યા છીએ. પાંચ-દસ કરોડ હતા એના ગર્ભમાં આવ્યા ત્યાંથી ગર્ભશ્રીમંત છીએ અમે. અમે પૈસા નવા પેદા કર્યા નથી. અમે તો ગર્ભશ્રીમંત છીએ. આહાહા..! અરે..! ભગવાન! એને પુણ્યને લઈને મદ ચડશે પછી, કહે છે. આહાહા..! અને મદથી બુદ્ધિ ભ્રમ થશે. આહાહા..! અને એણે માન્યું હતું ને કે અમે પુણ્ય કરીએ છીએ તો એમાંથી કલ્યાણ થશે. મોક્ષ થશે અમારો. એવો જે મિથ્યાત્વભાવ, એમાં એને અહીં અભિમાન આવશે. મતિભ્રમ થશે, મિથ્યાત્વ થઈ જશે. મિથ્યાત્વ તો છે પણ ભ્રમ થઈ જશે અંદર. અમે આ રળ્યા, અમે આ કમાણા. બાપ મૂકી ગયા હતા એમ નહિ, આ તો અમે અમારા બાહુબળે કમાણા. એમ કહે છે ને ઘણાં? અમે જન્મ્યા પછી અમારા બાહુબળે આ પૈસા ભેગા કર્યા છે. ઓહો..! ઉદ્યોગપતિ. નથી કહેતા? આ મોટા મોટા હોય એને ઉદ્યોગપતિ કહે છે. મોટા અબજોપતિ છે. ઉદ્યોગમાં આમ કરતા કરતા ભેગા કર્યા અને આમ કરતા અને આમ.. છાપામાં બહુ આવે.

મુમુક્ષુ :- 'શાહુજી' પણ ઉદ્યોગપતિ છે?

ઉત્તર :- 'શાહુજી' ઉદ્યોગપતિ છે. સાચી વાત છે. પણ બીજા ઘણા હોય છે. આહાહા..! દસ, પચ્ચીસ, પચાસ લાખ હોય તો એને ઉદ્યોગપતિ (કહે). એના પિતાજી પાસે કાંઈ નહોતું. પણ પોતે જ બાહુબળથી ધંધો (કરી) ઉદ્યોગપતિ (થયા). ઉદ્યોગ વધારીને આ ભેગું કર્યું. મરી ગયા પછી આવા લખાણ આવે.

મુમુક્ષુ :- એને ભ્રમણા કહે છે?

ઉત્તર :- ભ્રમણા છે. ધૂળમાંય નથી ત્યાં હવે, સાંભળને!

ભગવાનઆત્મા અનંતઆનંદ, અનંતશાંતિના સાગરની લક્ષ્મી પડી છે અંદર. આહાહા..! એ લક્ષ્મીનો તો આદર ન કર્યો. રાગનો પુણ્યનો આદર કર્યો એટલે એના ફળમાં તને એનું અભિમાન (થશે), મતિભ્રષ્ટ થઈશ તું. આહાહા..! ધર્માત્મા જીવને તું ગરીબ માનીશ કે આ ચાલી નીકળ્યા, લ્યો. ત્યાગી થઈને નગ્ન મુનિ (થઈ ગયા). કાંઈ ખાવા-પીવાના સાધન નહિ (એટલે) ચાલી નીકળ્યા છે. એમ કહેશે ઈ. આહાહા..! કારણ કે મુનિ ગરીબ પણ હોય, નિર્ધન પણ હોય અને પછી મુનિ થયા હોય. સાચા સંત મુનિ. જેને ઈન્દ્રો આદર કરે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે કે મતિ ભ્રષ્ટ થઈ જશે. આહાહા..!

**'બુદ્ધિકે ભ્રમ હોનેસે (અવિવેકસે)...'** પછી વિવેક નહિ રહે કાંઈ. આહાહા..! **'(અવિવેકસે) પાપ હોતા હૈ,...'** આહાહા..! ભિન્નતાના ભાન વિના અવિવેકથી પછી પાપ બાંધશે. આહાહા..! અને સંત, મુનિ, ધર્માત્મા ગરીબ ઘરમાંથી દીક્ષિત થયા (હોય). એને (એમ અવિવેક થશે કે) આ શું? કાંઈ મળ્યું નહિ ખાવા-પીવા, થઈ ગયા સાધુ. એમ મતિ ભ્રષ્ટ થઈ જશે. અરે..! બાપુ! ગરીબ હો પણ મુનિ થયા એ તો પરમેશ્વર છે. સમજાય છે કાંઈ? જેને ગણધર નમસ્કાર કરે. ઈન્દ્રો તો કરે એ તો અવિરતી છે, પણ મુનિ ગણધર (નમસ્કાર કરે). આહાહા..! ધન્ય અવતાર! જેણે આત્માના દર્શનપૂર્વક સ્વરૂપની ચારિત્રની-રમણતાની દશા પ્રગટ કરી. ગણધર એમ કહે કે ણમો લોએ સવ્વ સાહુણં. હે સંત! તારા ચરણકમળમાં મારો નમસ્કાર છે. આહાહા..! એ મુનિપણું. ભલે ગરીબ હોય તો શું થયું? સમજાણું કાંઈ? અને આને મતિ ભ્રષ્ટ થઈ પાપ થશે. આહાહા..!

**'ઈસલિયે ઐસા પુણ્ય હમારે ન હોવે.'** મુનિ આચાર્ય કહે છે. આહાહા..! આ આચરણનો, રાગનો ભાવ આવે છે એનું અમને અભિમાન નથી, એમ કહે છે. આહાહા..! અમે તો એના જાણનાર છીએ. આહાહા..! આવું પુણ્ય-મિથ્યાદૃષ્ટિનું આચરણથી કરેલું પુણ્ય અને એ પુણ્યફળમાં મળે આવું, એવું પુણ્ય અમને ન હશો. આહાહા..! આચાર્ય એમ કહે છે, દેખો! આહા..! કેમકે વર્તમાનમાં આચરણ છે પંચમહાવ્રતાદિનું એનું અમને અભિમાન નથી. એના અમે કર્તા નથી. આહાહા..! ઓહો..! મુનિઓએ કેટલા કામ કર્યા છે, જુઓને! દિગંબર સંત. આવી વાત છે ક્યાં? આટલા કરોડપતિ, અબજોપતિને દુઃખ થશે. આવી વાતની એને દરકાર છે? આ બધા અબજોપતિ મોટા હોય. એ કહે છે કે તમે બધા પુણ્યના અભિમાનીઓ... આહાહા..! મરીને દુર્ગતિ જાશો. આહાહા..!

**ભાવાર્થ :- 'ભેદાભેદરત્નત્રયકી આરાધનાસે રહિત,...'** જુઓ! ધર્માત્માને. અભેદરત્નત્રયની આરાધનાની સાથે વિકલ્પ છે (પણ). કર્તાપણે નથી. સમજાણું કાંઈ? ભેદ, વ્યવહાર અને અભેદ નિશ્ચય રત્નત્રયની આરાધનાથી રહિત. એટલે કે રત્નત્રયની આરાધના સહિત છે એ તો સંત છે. વ્યવહાર નાખ્યો. કેમકે જ્યાં નિશ્ચયરત્નત્રય આત્માના આશ્રયે છે ત્યાં હજી પૂર્ણ નથી ત્યાં આગળ વિકલ્પનો કર્તા (થયા) વિના એ આવ્યા વિના રહેતો નથી. ભેદરત્નત્રયનો વિકલ્પ રાગ કર્તા (થયા) વિના આવે છે. એનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું?

એવા **'ભેદાભેદરત્નત્રયકી આરાધનાસે રહિત દેખે, સુને, અનુભવ કિયે...'** આહાહા..! આંખે દેખ્યું. આ બધો વૈભવ રાજ મોટા દેવો ને.. આહા..! સાંભળ્યા હોય શાસ્ત્રથી. શાસ્ત્રથી વૈભવ મોટા સાંભળ્યા હોય. આહાહા..! **'દેખે, સુને, અનુભવ કિયે...'** મનથી ભોગવ્યા હોય. આહાહા..! એવા **'ભોગોંકી વાંછારૂપ નિદાનબંધકે પરિણામોં સહિત...'** મિથ્યાદૃષ્ટિ છે ને? આહા..! આરાધના રહિત છે ને? એ વાંછા જ છે એને. મિથ્યાત્વ એ જ મહા નિદાન છે, શલ્ય છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વ, માયા. ત્રણ શલ્ય આવે છે ને? નિદાન. એ મિથ્યાત્વ એ પોતે જ શલ્ય છે. આહાહા..!

**'ઉપાર્જન કિયે ભોગોંકી વાંછારૂપ પુણ્ય...'** આહાહા..! **'નિદાનબંધકે પરિણામોં**

**સહિત જો મિથ્યાદષ્ટિ સંસારી અજ્ઞાની જીવ હૈં, ઉસને પહલે ઉપાર્જન કિયે ભોગોંકી વાંછારૂપ પુણ્ય...**' આહાહા..! અનુભવ તો છે નહિ. એટલે એ પુણ્યમાં ભોગની જ વાંછા છે, એમ કહે છે. આહાહા..! '**ભોગોંકી વાંછારૂપ પુણ્ય ઉસકે ફલસે પ્રાપ્ત હુઈ ઘરમેં સંપદા હોનેસે અભિમાન (ઘમંડ) હોતા હૈ,...**' ઘમંડ-ઘમંડ. અમે આવા છીએ... અમે આવા છીએ... આહાહા..! ઘમંડ. '**અભિમાનસે બુદ્ધિ ભ્રષ્ટ હોતી હૈ,...**' અભિમાનથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. શું કરું છું અવિવેક, એની પણ એને ખબર રહેતી નથી. આહાહા..!

'**બુદ્ધિ ભ્રષ્ટકર પાપ કમાતા હૈ,...**' આહાહા..! '**ઔર પાપસે ભવ ભવમેં અનંત દુઃખ પાતા હૈ.**' લ્યો! આહાહા..! અનંત ભવમાં અનંત (દુઃખ ભોગવે છે). મિથ્યાદષ્ટિ, એના પુણ્યના ફળમાં અભિમાનમાં.. આહાહા..! ભગવાનઆત્માનો અનાદર કરીને, પુણ્યના પરિણામનું અભિમાન (કરે), એના ફળમાં પણ એનું અભિમાન (કરે). આહાહા..! જેને ભોગોમાં પ્રેમ છે તેને પૂર્વના પુણ્યનો પણ પ્રેમ છે. સમજાણું કાંઈ? આહાહા..! વાસ્તવિક પાંચ ઈન્દ્રિયના વિષયોની અનુકૂળતાનો ભોગ, એનો જેને પ્રેમ છે તેને તેના કારણરૂપ પુણ્યના ભાવનો પણ પ્રેમ છે. આહાહા..! સમજાણું કાંઈ?

જ્ઞાનીને શુભભાવ આવે પણ એનો પ્રેમ નથી. આહાહા..! અને તેના ફળ તરીકે એને સ્વર્ગમાં પણ જાવું પડે. પણ એ નિષેધ કરતા જાય છે કે આ નહિ... આ નહિ... આ નહિ. પદ્મનંદીમાં આલોચનાના અધિકારમાં આવે છે. આલોચના અધિકાર આવે છે. અનિત્ય આલોચન. એ જાય છે સ્વર્ગમાં પણ નકાર કરતા (જાય છે કે) આ નહિ.. આ નહિ... આ નહિ. કર્તા તો નથી પણ છે એને (નિષેધતા જાય છે), આ નહિ. આ નહિ મારી ચીજ. આહાહા..! એથી એના ફળ તરીકે સ્વર્ગમાં જશે તો એની એને રુચિ નહિ થાય. એની રુચિ નહિ થાય. આહાહા..!

સમ્યગ્દષ્ટિ તો સ્વર્ગમાં જ જાય. મુનિ છે એ સ્વર્ગમાં જાય પંચમઆરાના તો. પણ રુચિ નહિ રહે એને. આહાહા..! ભલે નવમી ગ્રૈવેયક મળી હોય. સર્વાર્થસિદ્ધ મળ્યું હોય જુવોને ભાઈને, 'સહદેવ-નકુલ'ને. રુચિ નથી. રુચિ નથી. આહાહા..! અનુત્તર વિમાનના સુખની પણ જેને રુચિ નથી. આવ્યું ખરું. આહાહા..! અને એ તો પછી એમાં ને એમાં ગૂંચાઈ જાય પૈસામાં. વેપાર, ધંધા ઓહોહો..! પહોળો થઈને ફરે પછી. બે-પાંચ કરોડ રૂપિયા હોય. પાંચ લાખ આને આપ્યા અને પાંચ લાખ આને આપ્યા. બધાનો ધણી (થાય). પછી પચ્ચીસ દુકાનો ચાલતી હોય. એની દેખરેખ રાખે અને પહોળો પહોળો થઈને આમ ફરે. આહાહા..! દુકાને જાય તો શેઠ સાહેબ.. શેઠ સાહેબ... પધારો, પધારો, પધારો. આહાહા..! રેશમી કપડા પહેર્યા હોય, ધોતિયા, કોટ. પાટલુન-બાટલુન તો હવે થયું. નહિતર ધોતિયા (પહેરતા). આહાહા..! મોટા અમે શાહુકાર રાજા છીએ. મરી જશો હવે. સાંભળને! આહાહા..!

મુમુક્ષુ :- બહુ મોટા ભાગ્યથી મળે છે.

ઉત્તર :- ભાગ્યથી મળે છે તો ભાગ્યના અભિમાનથી મરીને નીચે જાશે. ભાગ્યહીનમાં

જાશે. આહાહા..! બહારની ચીજ સંયોગના શા અભિમાન? એ તો પરચીજ છે. આહાહા..!

મુમુક્ષુ :- આપ સારાને ખરાબ કેમ કહો છો?

ઉત્તર :- સારું છે ક્યાં? સારું તો આત્માનો આનંદ છે એ સારું છે. પુણ્ય પરિણામ સારા છે જ નહિ. એને ઝેર કહ્યા. સમકિતીના પુણ્યને, મુનિના પુણ્યને ઝેર કહ્યું. ચરણાનુયોગનું આચરણ છે એ પુણ્યને ઝેર કહ્યું. આહાહા..! અને એ ઝેર કરતા કરતા એને અમૃતનો સ્વાદ આવશે? આત્માનું ભાન થાશે? લોકો બહુ મૂંઝાણા. પછી અહીંનું એકાંત (છે એમ કહે). વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી પણ થાય એ અનેકાંત છે. શું થાય? બાપુ! ભાઈ! તારો સ્વભાવ જ એવો નથી. વ્યવહારથી થાય એવો તારો સ્વભાવ જ નથી. 'અલિંગગ્રહણ'માં કહે છે, પોતાના સ્વભાવથી પ્રાપ્ત થાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહાહા..! એ પુણ્યભાવથી પ્રાપ્ત થાય જ નહિ, એમ કહે છે. ચરણાનુયોગનું આચરણ હો તો એનાથી નિશ્ચય સમકિત થાય જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ઘરમેં છોકરા અભિમાની મતિ ભ્રષ્ટ થઈ જાય છે. આહા..!

'**પાપસે ભવ ભવમેં અનંત દુઃખ પાતા હૈ.**' આહાહા..! લાંબો વિચાર કરે તો ખબર પડે. અબજોપતિ અહીં હોય અને બિચારા માંસ અને દારૂ ન ખાતા હોય. આહાહા..! પણ પુણ્યના ફળમાં એમાં ને એમાં જાગૃતિ. રાત અને દિ' આ કરવું... આ કરવું... આ કર્યું.. આ કર્યું... આહાહા..! ભગવાનને ભૂલી ગયો. આનંદનો નાથ પરમાત્મા પોતે, એને ભૂલીને આ મેં કર્યું... આ મેં કર્યું.. આટલા મિલ કર્યા, આટલા આ કર્યા. બાપુ! એ મરીને... આહાહા..!

ઓલી કથામાં આવે છે ને કે એક એનો બાપ હતો. એનું શ્રાદ્ધ હતું. શ્રાદ્ધ સમજો છો? શ્રાદ્ધ હતું. દૂધપાક કરેલો, દૂધપાક. ફળિયામાં. એ બધા ખાતા હતા. પછી થોડું ચોટ્યું હશે. એમાં એક ગલુડિયું. કૂતરીનું બચ્ચું (આવ્યું). શું કહે? પિલ્લા. એ ગલુડિયું આવીને ખાય અને આ મારે તાવેથો, એનો છોકરો. પછી પૂછયું કે આ શું? આટલી આટલી વાર કરીએ છીએ, આ કેમ અહીંયાં આવે છે? કો'કને પૂછયું કે આ છે કોણ? કે જેનું શ્રાદ્ધ કર્યું હતું તારા બાપનું એ તારો બાપ છે આ. એ કૂતરીનું બચ્ચું થયું છે. આહાહા..! જેના શ્રાદ્ધમાં દૂધપાક ઉઠાવ્યા છે એ ચાટવા આવે છે એ. આહાહા..! આ ખેલ જગતના. મમતા કરી હોય, બહુ પાપ આકરા માંસના, દારૂના ન હોય. વાણિયાને તો એ હોય નહિ કાંઈ. અને આવા માયાચાર ને કપટ ને (કર્યા હોય). આહાહા..! (એના ફળમાં) કૂતરીનું બચ્ચું થયું. મારે ઓલો તાવેથો અને ઓલો ઉં..ઉં. કરીને ભાગે. ફરીને ઓલો આવે અને વળી મારે. પૂછયું કો'કને કે આ છે શું? વારંવાર આટલું મારીએ તોપણ આવે છે. એ તારો બાપ છે એ. જેનું શ્રાદ્ધ કર્યું છે એ આવ્યો છે.

મુમુક્ષુ :- શ્રાદ્ધ ખાવા આવ્યો છે.

ઉત્તર :- ખાવા આવ્યો. બાર મહિના થયા ને? એટલે એ બાર મહિનાનું ગલુડિયું છે એ. આહાહા..! એવી વાત છે.

'**બુદ્ધિ ભ્રષ્ટ હોકર પાપ કમાતા હૈ, ઔર પાપસે ભવ ભવમેં અનંત દુઃખ પાતા હૈ.**

**ઈસલિયે મિથ્યાદૃષ્ટિયોંકા પુણ્યપાપકા હી કારણ હૈ.**' જોયું! આહાહા..! જેની દૃષ્ટિ જ મિથ્યાત્વ છે, મહાપાપ છે, મહાપાપ છે. મિથ્યાદૃષ્ટિ એ જ આસ્રવ છે અને એ જ મોટો સંસાર છે. આહાહા..! એ '**મિથ્યાદૃષ્ટિયોંકા પુણ્યપાપકા હી કારણ હૈ.**' છે? એનું પુણ્ય પછી એને પાપ જ કરાવશે. આહાહા..!

'**જો સમ્યક્ત્વાદિ ગુણ સહિત...**' '**સમ્યક્ત્વાદિ ગુણ સહિત ભરત, સગર, રામ, પાંડવાદિક વિવેકી જીવ હૈં,...**' આહાહા..! મોટા રાજા. ધર્મરાજા, યુધિષ્ઠિર, ભરત, સગર ચક્રવર્તી, પાંડવો.. આહાહા..! '**વિવેકી જીવ હૈં,...**' આહાહા..! એટલી સામગ્રી મળી છે છતાં ક્યાંય મારું છે એમ એ માનતા નથી. આહાહા..! મારો નાથ તો મારી પાસે છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સાગર તે હું. રાગ મારો નહિ પછી આ ચીજ મારી ક્યાં રહી? એટલો વિવેક હતો. આહાહા..! '**ભરત, સગર (ચક્રવર્તી), રામ, પાંડવાદિક...**' એ સિવાય બીજા પણ એવા. '**વિવેકી જીવ હૈં, ઉનકો પુણ્યબંધ અભિમાન નહીં ઉત્પન્ન કરતા,...**' આહાહા..! પુણ્યના ફળ આવ્યા છે પણ એને અભિમાન ઉત્પન્ન કરતું નથી. કેમકે સમકિત સહિત ત્યાં પુણ્ય બંધાણું, એના પુણ્યમાં અભિમાન નહોતું તો એના ફળમાં અભિમાન ક્યાંથી હોય? એમ કહે છે. આહાહા..! '**નહીં ઉત્પન્ન કરતા,..**'

'**પરંપરાય મોક્ષકા કારણ હૈ.**' એનું પુણ્ય પછી છોડીને કેવળ વીતરાગ થાશે. એથી પરંપરા કારણ કહેવામાં આવ્યું. એ પુણ્ય પરંપરા કારણ નહિ. પણ પુણ્યનો અભાવ કરશે તેથી પરંપરા કારણ કહેવામાં આવ્યું. આહાહા..! આમાં બધા અટક્યા છે કે મિથ્યાદૃષ્ટિ ભલે પુણ્ય કરે તો એ પરંપરા એને મોક્ષનું કારણ થાશે. પણ મિથ્યાદૃષ્ટિને પુણ્ય પરંપરાનું કારણ થાય જ નહિ. અને સમ્યગ્દૃષ્ટિને જે કહ્યું છે એ તો એનો અભાવ કરશે એ અપેક્ષાએ કહ્યું છે. રાગ કાંઈ પરંપરા મોક્ષનું કારણ થાય કોઈ દિ'? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. સાક્ષાત નથી અને પછી અભાવ કરીને થશે, એમ કહેવું છે. આહાહા..! શાસ્ત્રના અર્થ કરવામાં પણ વાંધા. હવે લોકો એ કહે છે કે તમે અર્થ ફેરવો છો. એમ કહે છે. કહે છે, ભાઈ! શું થાય? એમ કે પરંપરા કારણ કહ્યું છતાં તમે એને ના પાડો છો. એ પરંપરા કારણ છે એટલે હમણા સાક્ષાત્ નથી, પછી કરશે એટલે પરંપરા કારણ કીધું. રાગ પોતે કારણ થાય? આહાહા..! રાગ તો દુઃખનું જ કારણ છે. વર્તમાન અને ભવિષ્યમાં પછી પણ દુઃખનું જ કારણ છે. આહાહા..!

(સમયસાર) ૭૪ ગાથામાં નથી આવ્યું? રાગ વર્તમાન દુઃખનું કારણ અને ભવિષ્યમાં દુઃખનું કારણ છે. આહાહા..! કેમકે સંયોગો મળશે એમાં લક્ષ જાશે તો રાગ જ થાશે. તો રાગ છે એ દુઃખ છે. સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય ત્યારે અરાગ થશે. સંયોગો ચાહે ત્રણલોકનો નાથ અને વાણી હોય તોપણ સંયોગી ચીજ છે. એના ઉપર લક્ષ જતા રાગ જ થશે. એ આકરું પડે છે લોકોને. આહાહા..!

(સમયસાર) ૩૧મી ગાથામાં એ જ કહ્યું. ઈન્દ્રિય છે એ તો. ભગવાન અને ભગવાનની

વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, રાજ એ બધા ઇન્દ્રિય છે. દ્રવ્ય ઇન્દ્રિય, ભાવ ઇન્દ્રિયના વિષયો પણ ઇન્દ્રિય કહેવામાં આવ્યા છે. એનાથી ખસી જા તો અતીન્દ્રિય પ્રાપ્ત થાય. એનાથી પ્રાપ્ત થાય એમ છે નહિ. આહાહા..!

**'જૈસે અજ્ઞાનીયોંકે પુણ્યકા ફલ વિભૂતિ ગર્વકા કારણ હૈ,...'** અજ્ઞાનીઓને પુણ્યનું ફળ વિભૂતિ ગર્વનું કારણ છે. આહાહા..! **'વૈસે સમ્યગ્દષ્ટિયોંકે નહીં હૈ.'** આહાહા..! **'વે સમ્યગ્દષ્ટિ પુણ્યકે પાત્ર હુએ...'** આહાહા..! સમ્યગ્દષ્ટિ પુણ્યને પાત્ર મોટા રાજા ચક્રવર્તી થયા. આહાહા..! **'આદિકી વિભૂતિ પાકર મદ અહંકારાદિ વિકલ્પોંકો છોડકર...'** એને મદ નહિ હોય. મોટું ચક્રવર્તી પદ મળે ભલે. બળદેવ પદ મળે. આહાહા..! અરે..! એ તો સંયોગી ચીજ છે, સંયોગીભાવનું ફળ (આવ્યું છે), એમાં હું ક્યાં છું? એ મારા ક્યાં છે? અને મારા સ્વભાવને લઈને એ પ્રાપ્ત ક્યાં થયા છે? એ તો વિભાવભાવ હતો તો એને લઈને મળ્યા છે. એનો એને ગર્વ હોતો નથી. આહાહા..!

એક દાખલો આવે છે ને? ગરીબ માણસ હતા, ગરીબ. કુબા, કુબા થાય ને? આ કુબા શું કહે છે? ઘાસના કુબા. કુબા નથી સમજતા? ઘાસના કુબા. ઝુંપડી. એમાં એક બાય રહેતી હતી. હવે એ મજૂર બાય પણ. એને વળી સોનાનું કડું આવ્યું હશે ક્યાંકથી. લોકો જોવા આવે નહિ એનું. કારણ કે ત્યાં કુબામાં કોણ આવે? હવે કરવું શું? પછી કુબો સળગાવ્યો. જોવા આવ્યા માણસો બધા. જુઓ! આ મારો કુબો સળગે. એમ કરીને ઓલું બતાવવું છે. આવા છે. આ મારો કુબો સળગે છે. એમાં આટલું થયું. આ કડું તો જુઓ તમે. પણ આ કુબો સળગે એનું (શું?). આહાહા..! અભિમાનમાં તારા પુણ્ય બળી જાય છે. આહાહા..! અમે આટલી સામગ્રી (ભેગી કરી), જુઓ! આટલા સોનાના દાગીના, હીરા, માણેક કેટલા જુઓ! આહાહા..! દીકરીયુંને વળાવી આપ્યું, દીકરાને આટલા આટલા. પાંચ હજાર તોલા સોનું, ફલાણું આટલું, આ ચાંદી, આટલા વીંઝણા, આટલા કપડા. વળાવવું હોય ને પછી ખાટલામાં પાથરીને સગાવ્હાલાને બોલાવે જોવા. એમ થાય છે કે નહિ? આહાહા..!

**'મદ અહંકારાદિ વિકલ્પોંકો છોડકર મોક્ષકો ગયે** આહાહા..! **અર્થાત્ સમ્યગ્દષ્ટિજીવ ચક્રવર્તી બલભદ્ર-પદમેં ભી નિરહંકાર રહે....'** આહાહા..! ચક્રવર્તી પદ અને બળભદ્ર. મોટા પદો જેના. પણ અહંકાર નહિ જેને. આહાહા..! અમે તો આત્મા આનંદસ્વરૂપ છીએ. એ વિભૂતિ અમારી ક્યાં છે? અમારી વિભૂતિ તો અમારી પાસે છે. આનંદ અને શાંતિ પ્રગટી છે એ અમારી વિભૂતિ છે. 'કુંદકુંદાચાર્યે' ન કહ્યું? હું મારા વૈભવથી કહીશ. એ વૈભવ મારો આ. રાગ અને પુણ્ય એ મારો વૈભવ નહિ. આહાહા..! રાગથી ભિન્ન પડીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું વેદન આવ્યું એ મારો વૈભવ છે. આહાહા..! એ અમારી વિભૂતિ છે. આહાહા..!

કહે છે કે **'ઐસા હી કથન આત્માનુશાસન ગ્રંથમેં શ્રી ગુણભદ્રાચાર્યને કિયા હૈ, કિ પહલે સમયમેં ઐસે સત્પુરુષ હો ગયે હૈં,** આહાહા..! **કિ જિનકે વચનમેં સત્ય,...'** જેના વચનમાં સત્ય **'બુદ્ધિમેં શાસ્ત્ર,** આહાહા..! **મનમેં દયા, પરાક્રમરૂપ ભુજાઓંમે શૂરવીરતા,** આહાહા..! **યાચકોંમેં પૂર્ણ લક્ષ્મીકા દાન,...'** આહાહા..! યાચક આવે તો એને જે જોતું

હોય એવું પૂર્ણ આપે. આહાહા..! '**પૂર્ણ લક્ષ્મીકા દાન,...**' છે ને? આહાહા..! '**श्रुतं हृदि दया शौर्यं भुजे विक्रमे लक्ष्मीर्दानमनूनमर्थिनिचये**' છે ને? સંસ્કૃતમાં છે. 'આત્માનુશાસન'. આહાહા..! યાચકોને પૂર્ણ લક્ષ્મીના દાન (આપે). આહાહા..! ઓલો માગે પચ્ચીસ અને આપે બે રૂપિયા એમ નહિ એમ કહે છે. આહાહા..!

'**ઔર મોક્ષમાર્ગમેં ગમન હૈ,...**' આહાહા..! અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જેનું પરિણમન અને ગમન છે. આહાહા..! '**વે નિરભિમાની હુએ, જિનકે કિસી ગુણકા અહંકાર નહીં હુઆ.** આહાહા..! **ઉનકે નામ શાસ્ત્રોંમેં પ્રસિદ્ધ હૈં,** આહાહા..! **પરંતુ અબ બડા અચંભા હૈ,** આહાહા..! **કિ ઈસ પંચમકાલમેં લેશમાત્ર ભી ગુણ નહીં...**' આહાહા..! '**તો ભી ઉનકે ઉદ્ધતપના હૈ,...**' આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ લેશ પણ નથી અને બહારમાં વૈભવમાં, ભણવાના, કરવાના (અભિમાનનો પાર ન મળે). આહાહા..!

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ देवशास्त्रगुरुभक्त्या मुख्यवृत्त्या पुण्यं भवति न च मोक्ष इति प्रतिपादयति –**

**१८८) देवहं सत्थहं मुणिवरहँ भत्तिए पुण्णु हवेइ।**
**कम्म–क्खउ पुणु होइ णवि अज्जउ संति भणेइ।।६१।।**

**देवानां शास्त्राणां मुनिवराणां भक्त्या पुण्यं भवति।**
**कर्मक्षयः पुनः भवति नैव आर्यः शान्ति भणति।।६१।।**

**देवहं इत्यादि। देवहं सत्थहं मुणिवरहं भत्तिए पुण्णु हवेइ देवशास्त्रमुनीनां भक्त्या पुण्यं भवति कम्म–क्खउ पुणु, होइ णवि कर्मक्षयः पुनर्मुख्यवृत्त्या नैव भवति। एवं कोऽसौ भणति। अज्जउ आर्यः। किं नामा। सन्ति शान्ति भणेइ भणति कथयति इति। तथाहि। सम्यक्त्वपूर्वकदेवशास्त्रगुरुभक्त्या मुख्यवृत्त्या पुण्यमेव भवति न च मोक्षः। अत्राह प्रभाकरभट्टः। यदि पुण्यं मुख्यवृत्त्या मोक्षकारणं न भवत्युपादेयं च न भवति तर्हि भरतसगररामपाण्डवादयोऽपि निरन्तरं पञ्चपरमेष्ठिगुणस्मरणदानपूजादिना निर्भरभक्ताः सन्तः किमर्थं पुण्योपार्जनं कुर्युरिति। भगवानाह। तथा कोऽपि रामदेवादिपुरुषविशेषो देशान्तरस्थितसीतादिस्त्रीसमीपागतानां पुरुषाणां तदर्थं संभाषणदानसन्मानादिकं करोति तथा तेऽपि महापुरुषाः वीतरागपरमानन्दैकरूपमोक्षलक्ष्मीसुखसुधारसपिपासिताः सन्तः संसारस्थितिविच्छेदकारणं विषयकषायोत्पन्नदुर्ध्यानविनाशहेतुभूतं च परमेष्ठिसंबन्धि–गुणस्मरणदानपूजादिकं कुर्युरिति। अयमत्र भावार्थः। तेषां पञ्चपरमेष्ठिभक्त्यादिपरिणतानां कुटुम्बिनां पलालवदनीहितं पुण्यमास्रवतीति।।६१।।**

---

**आगे देव–गुरु–शास्त्रकी भक्तिसे मुख्यतासे तो पुण्यबंध होता है, उससे परम्पराय मोक्ष होता है, साक्षात् मोक्ष नहीं, ऐसा कहते हैं –**

गाथा – ६१

अन्वयार्थ :– [ देवानां शास्त्राणां मुनिवरणां ] श्रीवीतरागदेव, द्वादशांग शास्त्र और दिगम्बर साधुओंकी [ भक्त्या ] भक्ति करनेसे [ पुण्यं भवति ] मुख्यतासे पुण्य होता है, [ पुनः ] लेकिन [ कर्मक्षयः ] तत्काल कर्मोंका क्षय [ नैव भवति ] नहीं होता, ऐसा [ आर्यः शांतिः ] शांति नाम आर्य अथवा कपट रहित संत पुरुष [ भणति ] कहते हैं।

भावार्थ :– सम्यक्त्वपूर्वक जो देव–गुरु–शास्त्रकी भक्ति करता है, उसके मुख्य तो पुण्य ही होता है, और परम्पराय मोक्ष होता है। जो सम्यक्त्व रहित मिथ्यादृष्टि हैं, उनके भाव–भक्ति तो नहीं है, लौकिक बाह्य भक्ति होती है, उससे पुण्यका ही बंध है, कर्मका क्षय नहीं है। ऐसा कथन सुनकर श्रीयोगीन्द्रदेवसे प्रभाकरभट्टने प्रश्न किया। हे प्रभो, जो पुण्य मुख्यतासे मोक्षका कारण नहीं है, तो त्यागने योग्य ही है, ग्रहण योग्य नहीं है। जो ग्रहण योग्य नहीं है, तो भरत, सगर, राम, पांडवादिक महान् पुरुषोंने निरंतर पंचपरमेष्ठीके गुणस्मरण क्यों किये? और दान–पूजादि शुभ क्रियाओंसे पूर्ण होकर क्यों पुण्यका उपार्जन किया? तब श्रीगुरुने उत्तर दिया–कि जैसे परदेशमें स्थित कोई रामादिक पुरुष अपनी प्यारी सीता आदि स्त्रीके पाससे आये हुए किसी मनुष्यसे बातें करता है–उसका सम्मान करता है, और दान करता है, ये सब कारण अपनी प्रियाके हैं, कुछ उसके प्रसादके कारण नहीं है। उसी तरह वे भरत, सगर, राम, पांडवादि महान् पुरुष वीतराग परमानंदरूप मोक्षसे लक्ष्मीके सुख अमृत–रसके प्यासे हुए संसारकी स्थितिके छेदनके लिये विषय कषायकर उत्पन्न हुए आर्त रौद्र खोटे ध्यानोंके नाशका कारण श्रीपंचपरमेष्ठीके गुणोंका स्मरण करते हैं, और दान पूजादिक करते हैं, परंतु उनकी दृष्टि केवल निज परिणति पर है, पर वस्तुपर नहीं है। पंचपरमेष्ठीकी भक्ति आदि शुभ क्रियाको परिणत हुए तो भरत आदिक हैं, उनके बिना चाहे पुण्यप्रकृतिका आस्रव होता है। जैसे किसानकी दृष्टि अन्न पर है, तृण भूसादि पर नहीं है। बिना चाहा पुण्यका बंध सहजमें ही हो जाता है। वह उनको संसारमें नहीं भटका सकता है। वे तो शिवपुरीके ही पात्र हैं।।६१।।

---

હવે, દેવ–ગુરુ–શાસ્ત્રની ભક્તિથી મુખ્યપણે પુણ્ય થાય છે પણ મોક્ષ થતો નથી, એમ કહે છે :

ભાવાર્થ : સમ્યક્ત્વપૂર્વક દેવગુરુશાસ્ત્રની ભક્તિથી મુખ્યપણે પુણ્ય જ થાય છે પણ મોક્ષ નહિ.

એવું કથન સાંભળીને પ્રભાકરભટ્ટ પૂછે છે કે જો પુણ્ય મુખ્યપણે મોક્ષનું કારણ નથી અને ઉપાદેય નથી તો પછી ભરત, સગર, રામ, પાંડવાદિ પણ નિરંતર પંચપરમેષ્ઠીના ગુણ, સ્મરણ, દાન, પૂજાદિથી નિર્ભર (અત્યંત) ભક્ત થઈને શા માટે પુણ્ય ઉપાર્જન કરતા હતા?

**ભગવાન શ્રીયોગીન્દ્રદેવ કહે છે કે - જેવી રીતે કોઈ રામદેવાદિ પુરુષવિશેષ દેશાંતરમાં રહેલ સીતાદિસ્ત્રીની પાસેથી આવેલ પુરુષોના સીતાદિ અર્થે સંભાષણ, દાન, સન્માનાદિક કરે છે તેવી રીતે તે મહાપુરુષો પણ વીતરાગ પરમાનંદ જ જેનું એક રૂપ છે એવા મોક્ષલક્ષ્મીના સુખસુધારસના પિપાસુ થઈને સંસારસ્થિતિને છેદવાને કારણભૂત અને વિષયકષાયથી ઉત્પન્ન દુર્ધ્યાનના વિનાશના હેતુભૂત એવા, પરમેષ્ઠીના ગુણસ્મરણ, દાન, પૂજાદિક કરતા હતા.**

**અહીં, એ ભાવાર્થ છે કે જેવી રીતે ખેડૂતને ત્યાં ધાન્યની સાથે સાથે વગર પ્રયાસે ઘાસ પાકે છે તેવી રીતે પંચપરમેષ્ઠીની ભક્તિ આદિમાં પરિણત જીવોને અનીહિત (ઇચ્છા વિનાના) પુણ્યનો આશ્રવ થાય છે. ૬૧.**

## વીર સંવત ૨૫૦૨, માગશર સુદ ૩, બુધવાર
## તા. ૨૪-૧૧-૧૯૭૬, ગાથા-૬૧, પ્રવચન નં. ૧૪૧

'પરમાત્મપ્રકાશ' ૬૧-ગાથા. ૬૦માં એમ કહ્યું કે મિથ્યાદૃષ્ટિ જીવ પુણ્ય બાંધે અને પુણ્યને લઈને વૈભવ મળે એનો એને મદ-અભિમાન થાય, મતિભ્રષ્ટ થાય અને એ ચાર ગતિમાં અનંતા દુઃખને ભોગવે. પણ જે સમકિતી છે એને જે પુણ્ય થાય એ કઈ રીતે અને એનું શું ફળ એ વાત ચાલશે.

'**આગે દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિસે મુખ્યતાસે તો પુણ્યબંધ હોતા હૈ,...**' સમકિતીની વાત છે, હોં! મિથ્યાદૃષ્ટિની વાત નથી. મિથ્યાદૃષ્ટિના પુણ્ય તો એને અભિમાન કરીને રખડાવશે. અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિ, જેને આત્માનુભવ થયો છે, વીતરાગી પર્યાય જેને અંતર પ્રગટ થઈ છે, એને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં પુણ્ય બંધાય, પણ એનાથી કર્મ ક્ષય નહિ થાય એમ કહેશે. અર્થમાં પછી એમ કહે છે, પરંપરા મોક્ષનું કારણ. સમ્યગ્દૃષ્ટિ છે ને? એથી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં પુણ્યબંધન થાય. ક્રમે કરીને એને ટાળશે એથી પરંપરા મોક્ષનું કારણ અર્થમાં કહ્યું. પાઠમાં તો આટલું છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિથી પુણ્ય બંધાય એ કર્મ ક્ષય નહિ કરે. એટલી વાત. સમજાણું કાંઈ? આહાહા..!

**૧૮૮) देवहं सत्थहं मुणिवरहँ भत्तिए पुण्णु हवेइ।**
**कम्म-क्खउ पुणु होइ णवि अज्जउ संति भणेइ।।६१।।**

**અન્વયાર્થ :- 'શ્રીવીતરાગદેવ, દ્વાદશાંગ શાસ્ત્ર ઔર દિગંબર સાધુ...'** સંત સાચા. એની '**ભક્તિ કરનેસે મુખ્યતાસે પુણ્ય હોતા હૈ,...**' ખુલાસો કરવો પડ્યો. આમ તો '**पुण्यं भवति**' એટલું (છે). '**લેકિન તત્કાલ કર્મોંકા ક્ષય નહીં હોતા,...**' પુણ્યબંધ છે એ કર્મના

ક્ષયનું કારણ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તત્કાલ એટલે એ મોક્ષનું કારણ તરત નથી. એ તો પછી એને ટાળશે ત્યારે થશે એમ. તત્કાળ તો બંધનું જ કારણ છે અને મોક્ષનું કારણ નથી, એમ કહેવું છે. પણ એને સમ્યગ્દર્શન છે, હેયબુદ્ધિએ રાગ આવે છે, એ ક્રમે ક્રમે એને ટાળશે અને મોક્ષ પામશે એમ કહેવું છે. સમજાણું કાંઈ? જુઓ! છે?

'**ऐसा शांति नाम आर्य अथवा कपट रहित संत पुरुष कहते हैं.**' આહાહા..! સીધી વાત છે એ સંત આમ કહે છે, એમ કહે છે. કપટથી એને એમ કહે કે એ પુણ્યબંધ મોક્ષનું કારણ છે, મિથ્યાદષ્ટિને પણ એ પુણ્યબંધ પરંપરા મોક્ષનું કારણ છે. એમ સંત કહેતા નથી. સમજાય છે કાંઈ? '**कपट रहित संत पुरुष...**' આર્ય છે ને? આર્ય '**भणति**' એમ કહે છે. આહાહા..! એને ક્રમબદ્ધ વાત જો બેસે તો એની અંદરમાં આવી જાય છે. ક્રમસર જ્યારે એને પોતાને સ્વઆશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય ત્યારે તેને રાગ હોય છે. તે ક્રમકાળમાં રાગ પણ હોય છે. એથી રાગ છે એ નિશ્ચયનું કારણ છે એમ નથી. એને અહીં અપેક્ષાથી પાછળથી ક્રમમાં સ્વનો આશ્રય લઈને રાગ ટાળવાનો ક્રમ આવશે ત્યારે ટાળશે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- આ તકરારનો વિષય છે.

ઉત્તર :- તકરારનો વિષય નથી. માને છે તકરાર. વસ્તુ ક્યાં (એવી) છે? આહાહા..!

એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી. હવે ઈ શી રીતે માનશે? આ આંગળી આ કાગળને સ્પર્શતી નથી, અડતી નથી. આ કાગળને અડી નથી.

મુમુક્ષુ :- કોને અડી છે?

ઉત્તર :- કોઈને અડી નથી. એ પોતે પોતામાં છે. 'સમયસાર'ની ત્રીજી ગાથામાં ન આવ્યું? પ્રત્યેક પદાર્થ પોતાના ગુણ-પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે. પ્રત્યેક પદાર્થ, પરમાણુ હો કે આત્મા હો. ચાર અરૂપી (દ્રવ્ય) તો સ્વતંત્ર છે. આ ગોટા બેમાં છે ને જરી. એક આત્મા કર્મના ઉદય જડને અડતો નથી. જડનો ઉદય કર્મનો છે, એના ક્રમમાં આવેલો અને અહીં રાગ થાય છે એ પોતાના ક્રમમાં એ કાળ છે માટે થાય છે, પણ એ રાગ કર્મના ઉદયને અડતો નથી. આહાહા..! તેમ કર્મનો ઉદય જડ છે એ આત્માને-રાગને સ્પર્શતો નથી. કહો, આ ટોપી છે એ માથાને અડી નથી, એમ કહે છે.

કહ્યું નહિ 'સમયસાર'ની ત્રીજી ગાથામાં? '**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे। बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**' આત્મામાં બંધની.. નિમિત્ત છે એ તો જડ છે પણ એને આશ્રયે થયેલી બંધ અવસ્થા એ પણ વિસંવાદ-ઝઘડો ઊભો કરે છે, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ખરેખર એ બંધ અવસ્થા અબંધ સ્વભાવને સ્પર્શતી જ નથી, અડતી નથી. આહાહા..! આવું સ્વરૂપ. આ તો માણસ આમ ઘસે છે ને માથું? તો કહે છે કે એ હાથ આમ ઘસે છે એ હાથ એને અડતો જ નથી. આહાહા..! આવી વાતું છે.

મુમુક્ષુ :- દેખાય છે એ ખોટું દેખાય છે?

ઉત્તર :- દેખે છે તો સંયોગથી દેખે છે. એના વસ્તુના સ્વભાવથી ક્યાં દેખે છે? સમજાણું કાંઈ? પંડિતજી! આવી વાતું છે. ત્રીજી ગાથામાં આવે છે. પ્રત્યેક પદાર્થ પોતાના અંતરમગ્ન ધર્મોને, ગુણ-પર્યાયને ચુંબે-સ્પર્શે છે. આહાહા..! પ્રત્યેક પદાર્થ પરદ્રવ્યને કોઈ સ્પર્શતું નથી. આહાહા..!

મુમુક્ષુ :- આપ કહો છો કે દ્રવ્ય પર્યાયને અડતી નથી.

ઉત્તર :- એ વળી બીજી (વાત). એ વળી અંદરમાં. આ તો પરની અપેક્ષાથી. પરદ્રવ્ય એને અડતું નથી. એ જરી... આહાહા..!

રોટલો, રોટલી છે એ જીભને અડતી નથી. છુતી નથી. સ્વાદનું એને જ્ઞાન થાય છે. સ્વાદ આવતો નથી. એ સ્વાદનું જ્ઞાન પણ પોતાની અપેક્ષાથી પોતાને થાય છે, સ્વાદને લઈને નહિ. આહાહા..! કેમકે સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ છે તેથી તે સ્વાદનું જ્ઞાન સ્વાદ છે અસ્તિ માટે થાય છે એમ નહિ. આહાહા..! આવી વાતું. ફક્ત સ્વાદની અસ્તિમાં પોતાને તે પ્રકારના સ્વપરપ્રકાશક જ્ઞાનનું પોતાનું પોતાને લઈને સામર્થ્ય છે (તેથી) જાણે છે. બસ. એ પોતાને જાણે છે. આહાહા..! સ્વાદ છે એ પરવસ્તુ છે. પરને જાણે એમ કહેવું અસદ્‌ભુત વ્યવહારનય છે. આહાહા..! આવી વાતું છે. એને બેસવી જોઈએ, ભાઈ! સમજાણું કાંઈ? આ ચશ્મા છે એ અહીં આંખની ચામડીને અડ્યા પણ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- આંખથી છેટા રહે છે?

ઉત્તર :- છેટે જ છે. આવી વાત. રોટલીનો ભૂકો થાય છે એ દાંતથી નહિ. કેમકે દાંત એને અડ્યો પણ નથી. તેમ એ ભૂકો થાય છે તે દાંતને અડ્યો નથી. એય..!

મુમુક્ષુ :- દાંતને નિમિત્ત શું કરવા કહે છે?

ઉત્તર :- નિમિત્ત હોય. વસ્તુ તે વસ્તુ નથી? એનાથી કર્તા થતો નથી, અડતો નથી. આહાહા..! એ તો ક્રમબદ્ધમાં જ એ વાત ઊડી જાય છે. દરેક દ્રવ્યની પર્યાય તેને કાળે થાય છે. તે થઈ છે. હવે નિમિત્ત છે. થઈ છે એને ક્યાં એણે કરી છે? નિમિત્ત હો. પણ નિમિત્ત પરપર્યાયને સ્પર્શતું નથી તેમ નિમિત્ત પરપર્યાયને કરતું નથી. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આ એક શરીર બીજા શરીરને અડતું નથી. આ વાત... આહાહા..!

મુમુક્ષુ :- .. અડીને જાણે છે?

ઉત્તર :- કોઈ ઇન્દ્રિય અડતી નથી, જાણતી નથી. સમજાણું કાંઈ? જડ ઇન્દ્રિયને જ્ઞાન અડતું નથી. તેમ જડ ઇન્દ્રિય જ્ઞાનને અડતી નથી. આહાહા..! ત્યાં તો પહેલી ગાથામાં જ ખુલાસો કરી નાખ્યો છે. પહેલી એટલે ત્રીજી. શરૂઆત જ્યાં કરી ત્યાં. આહાહા..!

ભોગકાળમાં શરીર બીજા શરીરને અડ્યું જ નથી. ગજબ પ્રભુ! એક શરીરનો સ્પર્શ બીજાને થયો જ નથી. બીજા શરીરનો સ્પર્શ બીજા શરીરને થયો જ નથી. આહાહા..! જૈનદર્શનનું તત્ત્વ એટલે કે વસ્તુ સ્વરૂપનું તત્ત્વ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ?

પાણી ઊનું થાય છે ત્યારે અગ્નિ એને અડી નથી. અગ્નિની પર્યાય અગ્નિને સ્પર્શે છે.

અને પાણીની ઊની પર્યાય જે છે એ પાણી ઊની પર્યાયને પોતાને સ્પર્શે છે. આહાહા..! હવે આ તો માણસ કહે છે ને કે કર્મને લઈને વિકાર થાય.. કર્મને લઈને વિકાર થાય. પણ કર્મ જડનો ઉદય છે એ જીવને સ્પર્શતો નથી. એને-આંધળા દ્રવ્ય છે એને ખબર નથી કે અમે છીએ કે નહિ. જ્ઞાન જાણે છે કે એક ચીજ છે. એને હું અડતો નથી, એ મને અડતો નથી. આહાહા..! વિકાર થાય છે તે પોતાના તે પ્રકારના ચારિત્રગુણની વિકૃત અવસ્થાનો કાળ છે તેથી પોતાથી થાય છે. આહાહા..! આવી વાત. મોટી તકરાર વાંધા.

અહીં જુઓને, દેવ-ગુરુ-શાસ્ત્રને અડતો નથી આત્મા. ફક્ત એના ઉપર લક્ષ જાય છે તો શુભભાવ થાય છે. એ એનાથી નહિ. એ શુભભાવ થાય છે એ દેવ-ગુરુ-શાસ્ત્રથી નહિ. એ તો નિમિત્ત છે. આહાહા..! શુભભાવ છે. એ કીધું. શુભભાવ છે એ જીવની પર્યાયમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું જરી લક્ષ ગયું છે. અડ્યું નથી એને. દેવ-ગુરુ-શાસ્ત્ર-પર્યાયને-પુણ્યભાવને અડ્યા નથી. આહાહા..! આવી વસ્તુની મર્યાદા જ્યાં છે. એમ ન જાણે અને આડીઅવળી જાણે તો એ તો વસ્તુની સ્થિતિ વિપરીત માની એણે. આહાહા..! સમજાણું કાંઈ? ઊનું પાણી છાંટે (તો) ચામડીને ફોડલો પડે. કહે છે કે એ પાણી અડ્યું નથી એને. આ વાત (કેમ બેસે?)

મુમુક્ષુ :- ફોડલો તો પડ્યો છે ને?

ઉત્તર :- ફોડલો પડ્યો છે એ એને પોતાને કારણે. પાણીને કારણે નહિ.

મુમુક્ષુ :- 'રમેશ' 'લલિતપુર'માં પીટાયો હતો ને?

ઉત્તર :- એ બધી ખોટી વાત. કોઈની ધોલ છે એ અહીં અડતી જ નથી ને. એ વાત આવી છે, ભાઈ! ક્રમબદ્ધની વાત જેમ સૂક્ષ્મ છે એમ એક દ્રવ્ય બીજાને સ્પર્શે નહિ એ વાત બહુ સૂક્ષ્મ છે.

એક પરમાણુમાં બે ગુણ ચિકાશ છે અને ચાર ગુણ ચિકાશ(વાળો) બીજો પરમાણુ છે. એના સંબંધમાં આવે ત્યારે અહીં ચાર થાય છે. કહે છે કે સંબંધમાં એટલે એને અડતો નથી પછી સંબંધમાં શું? આહાહા..! શાસ્ત્રમાં એમ આવે. બે ગુણવાળો હોય એ ચાર ગુણ(વાળો) થાય. પણ તે કાળે પરમાણુની ચાર ગુણની પર્યાય ચિકાશની થવાનો સ્વકાળ છે એનાથી થયો છે. એ બીજો પરમાણુ છે ચાર ગુણવાળો માટે થયો છે (એમ નથી). એને અડ્યો જ નથી ને. આહાહા..!

મુમુક્ષુ :- છતાં નજીક તો આવ્યું ને?

ઉત્તર :- નજીકની વ્યાખ્યા શું? નજીક તો બધા પદાર્થ ઘણા નજીક પડ્યા છે. એક આકાશના પ્રદેશમાં છએ દ્રવ્યના પ્રદેશ એકસાથે છે. એક આકાશના પ્રદેશમાં. જીવના પ્રદેશ છે, પરમાણુ છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. કોઈ કોઈને અડતા નથી. આહાહા..! માટે કોઈ કોઈના કર્તા નથી. આવી વાત છે, બાપુ! તત્ત્વની યથાર્થ (સ્થિતિ આ છે). વીતરાગ સર્વજ્ઞ કહે છે એ રીતે તત્ત્વનું સ્વરૂપ એને જાણવામાં આવે તો એને સમ્યગ્દર્શન થાય. આહાહા..! પરથી મને થાય છે અને મારાથી પરમાં થાય એ વાત એને ઊડી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ત્યાં સુધી કહ્યું છે. ઠંડુ હોય ત્યારે આમ હાથ ઘસે ને? ત્યાં ઉષ્ણતા થાય. તો કહે છે કે એ હાથ ઘસાણો જ નથી ને અડ્યો જ નથી ને. આહાહા..!

મુમુક્ષુ :- એ નિમિત્ત છે.

ઉત્તર :- નિમિત્તનો અર્થ શું? છે બીજી ચીજ એ તો. એનાથી થયું નથી, એને એ અડ્યું નથી. આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાતું છે. મૂળ વાત મૂકીને બધી વાતું અત્યારે ચાલે છે. એટલે મૂળ પાયો સાજો થાતો નથી. આહાહા..!

ખાટલાના સરખા પાયા ન હોય અને એક ઊંચો હોય તો આમ લથડપથડ થઈ જાય. ખાટલો સમજો છો? પલંગ. ચાર પાયા સરખા ન હોય અને એક આમ ઓલું હોય તો આમ આમ થઈ જાય. એમ વસ્તુની સ્થિતિની મર્યાદા જે છે (એ બરાબર સમજવી જોઈએ). કાળે થાય, પરને અડે નહિ અને નિશ્ચય અને વ્યવહાર એક સમયે સાથે હોય.. આહાહા..! આ તે કાંઈ વાતું! નિમિત્ત અને ઉપાદાન એકસાથે હોય છતાં નિમિત્ત ઉપાદાનને અડે નહિ, નિમિત્તને ઉપાદાન સ્પર્શે નહિ અને ઉપાદાનમાં કાર્ય પોતાને કારણે થાય. આહાહા..! આ મોટા ઝઘડા. ઉપાદાન-નિમિત્ત, ક્રમબદ્ધ, નિશ્ચય અને વ્યવહાર. આ પાંચના 'સોનગઢ' સામે વાંધા છે. એ વાંધો એક સેકન્ડમાં ઊડી જાય છે. આહાહા..!

નીચે અગ્નિ છે અને પાણી ખદબદ-ખદબદ થાય છે આમ. (અગ્નિ) નહોતી ત્યારે ખદબદ નહોતું થાતું. આમ ફદિયા પડે એવું આમ થાય. કહે છે, પણ એ અગ્નિ એને અડી જ નથી. એય..! અગ્નિના પરમાણુ જુદા, પાણીના પરમાણુ જુદા. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું જ નથી ને. તને કેમ ભાસે છે કે અગ્નિને લઈને પાણી આમ આમ થાય છે? અરે..રે..! પાગલ કહે એવું છે. ભાઈ! તત્ત્વ છે ને? વસ્તુ છે ને? અને દરેક વસ્તુ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયે ટકી રહી છે. એમાં આવે છે ને વિરૂદ્ધ કાર્ય અને અવિરૂદ્ધ કાર્ય. નહિ? ત્રીજીમાં. ત્રીજી ગાથામાં આવે છે. પોતે પોતાથી ટકી રહી છે. આહાહા..! ભલે વિપરીત કાર્ય વિભાવ હોય કે અવિપરીત કાર્ય (સ્વભાવિક હોય), પણ છે પોતાથી પોતામાં. આહાહા..! આ વાત આકરી પડે, બાપુ!

અક્ષર જે લખાય છે એ શીશપેનથી અક્ષર લખાતા નથી, એમ કહે છે. શીશપેનની પર્યાયને એ કાગળની પર્યાય અડી નથી. આ તે કંઈ વાત! વસ્તુસ્વરૂપ છે આવું, બાપુ! તત્ત્વ નવ છે ને? તો નવને નવ રીતે જાણવા પડશે ને? નવ તત્ત્વમાં અજીવ અને જીવ તત્ત્વ બે જુદા છે. આહાહા..! છે, એ છે ને એમાં ? ત્રીજી ગાથામાં. નહિ?

'**કેવા છે તે સર્વ પદાર્થો**?' 'સમયસાર' ત્રીજી ગાથા. '**કેવા છે તે સર્વ પદાર્થો**?' અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, એક નિગોદના શરીરમાં અનંતા જીવ. એક જીવ બીજા જીવને અડતો નથી, એક જીવ કર્મને અડતો નથી. આહાહા..! એક અંગુલના અસંખ્ય ભાગમાં અનંતા જીવ અને એક એક જીવને બબ્બે શરીર-તૈજસ અને કાર્મણ. એ તૈજસ અને કાર્મણમાં એક એક સ્કંધ અનંત પરમાણુનો. ઈ એક એક પરમાણુ બીજાને અડ્યો નથી. આહાહા..! છે?

'**કેવા છે તે સર્વ પદાર્થો? પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ...**' પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ '**પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે–**' આહાહા..! પોતાના ગુણ-પર્યાયને તે અડે છે, ચુંબે છે, સ્પર્શે છે. આ હાથ છે. જુઓ! આ આમ થાય ત્યાં ખાડો પડી જાય અહીંયાં. પણ આ એને અડ્યું જ નથી, કહે છે. 'સુજાનમલજી'! કહ્યું ને? તે '**કેવા છે સર્વ પદાર્થો**?' સર્વ પદાર્થો, હોં! સંસ્કૃત છે. આહાહા..! '**केचनाप्यर्थास्ते सर्व एव स्वकीयद्रव्यान्तर्मग्नानन्तस्वधर्मचक्रचुम्बिनोऽपि परस्परचुम्बन्तोऽत्यन्तप्रत्यासत्तावपि नित्यमेव स्वरूपादपतन्तः**' આહાહા..! સર્વ પદાર્થો '**પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મો...**' ગુણ અને પર્યાય. '**પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે–સ્પર્શે છે તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી,...**' આહાહા..! વસ્તુનું સ્વરૂપ આવું છે. એ રીતે એને લક્ષમાં ન આવે અને અધ્ધરથી માને.. આહાહા..! એ વિપરીત માન્યતા છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એકેય છે નહિ. સંયોગદૃષ્ટિ છે જ નહિ. સંયોગદૃષ્ટિ અજ્ઞાની માને છે. સંયોગ છે જ નહિ. આહાહા..!

તોપણ.. અંતરમાં પોતાના ગુણને, પર્યાયને દરેક રજકણ, દરેક આત્મા સ્પર્શે છે, ચુંબે છે. ચુંબન કરે છે, કહે છે. આહાહા..! છોકરાને ચુંબન કરે છે ને? કહે છે કે એના હોઠ મોઢાને અડ્યા નથી. હોઠ એના મોઢાને અડ્યા નથી. છોકરાને ચુંબન નથી કરતા? અરે..! આવી વાત. એ હોઠ એના મોઢાને અડ્યા જ નથી. ચુંબન કર્યું જ નથી.

મુમુક્ષુ :- કોઈ પાપ નથી?

ઉત્તર :- પાપ એના ભાવમાં રહ્યો. એ ચુંબનની ક્રિયા કરે છે માટે ત્યાં પાપ થયું છે? એ તો જડની ક્રિયા છે. એ પણ પરને અડતી નથી. આહાહા..! બાપુ! માર્ગ બહુ ઝીણો, ભાઈ!

ભેદજ્ઞાન છે આ, ભેદજ્ઞાન. આહાહા..! એક શબ્દમાં કેટલું નાખી દીધું છે? ઓહો..! '**કેવા છે તે સર્વ પદાર્થો**?' આહાહા..! '**પોતાના દ્રવ્યમાં...**' પોતાની વસ્તુમાં, પોતાના ક્ષેત્રમાં, પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને સ્પર્શે છે. '**અનંત ધર્મોના ચક્ર...**' ચક્ર એટલે અનંત ધર્મોનો સમૂહ-પિંડ તેને અડે છે. આહાહા..! બાપુ! ઘણી આમાં ધીરજ જોઈએ. પરથી ભિન્ન પાડીને પરને અડતો નથી એ ભિન્ન દૃષ્ટિ થયા વિના એ વાત બેસે નહિ. આહાહા..! '**તોપણ...**' તોપણ કેમ લીધું? કે પોતાના ધર્મને ચુંબે છે, અડે છે, સ્પર્શે છે. '**તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી,...**' આહાહા..! '**અને અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે...**' એક ક્ષેત્રાવગાહનો પ્રશ્ન કર્યો ને? ભેગું છે. એકક્ષેત્રાવગાહમાં ભેગા છે. આહાહા..! '**તોપણ જેઓ સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી,...**' પોતાની પર્યાય અને ગુણમાં છે. એકક્ષેત્રાવગાહી બધા પદાર્થો સાથે હોય છતાં તે એકબીજાને અડતા નથી એટલે પોતાના સ્વરૂપથી પડતા નથી. આહાહા..!

'સમયસાર'ની એક એક ગાથા જગતના પ્રત્યેક પદાર્થની ભિન્નતા કરવાનું બતાવે છે. અને ભિન્ન છે એની ભિન્નતા બતાવે છે. આહાહા..! સાંભળ્યું ન હોય ને માની બેસે. એ અનાદિકાળથી માને છે એમાં શું? દિવાસળી ઘસીને, ગ્યાસતેલનો ડબ્બો હોય એનો. શું કહેવાય? વાટ. દિવાસળી વાટને અડાડે ત્યારે ભડકો થાય છે ઓલામાં. તો કહે છે કે દિવાસળી એને અડી જ નથી. આ તે ગાંડા કહે કે શું કહે? શેઠ! દિવાસળી, બીડી તમારી. એ દિવાસળી બીડીને અડતી જ નથી.

મુમુક્ષુ :- તો બીડી પીવાવાળા અડાડે શું કરવા?

ઉત્તર :- કોણ અડાડે છે? માને છે એ તો. અડાડે ક્યાં? એને કારણે એ પર્યાય ત્યાં આવે છે. અને અહીં અડતી નથી. આહાહા..! એ દિવાસળી ઊંચી કરીને અહીં લાવ્યો એમ છે જ નહિ. એ તો દિવાસળીની પર્યાય જ એ રીતે ઊંચી થઈને ત્યાં આવવાની હતી. આહાહા..! આ નિયતવાદ માને એવું છે. લોકો નિયતિ-નિયતિ રાડું પાડે ને બિચારા? મોટું લખાણ આવ્યું છે ને જૈન ગેઝેટમાં. નિયતવાદ છે 'સોનગઢ'નો. મહા ઝેર છે. બાપુ! ભાઈ! તને ખબર નથી. બાપુ! પદાર્થની સ્થિતિની મર્યાદામાં જે પદાર્થ છે એ બીજી પદાર્થની ભૂમિકામાં જતો જ નથી. એની મર્યાદા એવી છે. આહાહા..! અરે..! આ વાત માનવા જાય ત્યાં રાગથી ભિન્ન પડી જાય છે.

ખરેખર તો રાગ પણ ચૈતન્યને સ્પર્શ્યો નથી. પરદ્રવ્ય તો સ્પર્શ્યું નથી પણ રાગનો ભાવ એ શુદ્ધ સ્વભાવને સ્પર્શ્યો નથી. સંયોગીભાવ છે એ તો. .. આહાહા..! આવી માર્ગની વસ્તુ. સાંભળવા થોડું મળે કો'કને. આ દયા પાળો. અરે..! પણ પરને અડતો નથી ને પરની દયા શી રીતે પાળે? પરની દયા પાળો. આહાહા..! પણ પરને અડતો નથી ને દયા શી રીતે પાળે? ભાવ થાય. ભાવ થાય છે તે રાગ છે. પર તરફના વલણવાળો ભાવ તો રાગ છે. હવે એને કહ્યું કે રાગ છે તે હિંસા છે. દયાના ભાવનો રાગ હિંસા છે. અર..ર..! ગજબ કામ કર્યું આ લોકોએ. દયા ઉડાડી, દયા ઉડાડી. અરે..! પ્રભુ! સાંભળને ભાઈ! ત્યારે તારી દયા તને પ્રગટી એમ કહે.

રાગ તે હિંસા છે અને અરાગ તે અહિંસા છે. હિંસા-અહિંસા પોતાની પર્યાયમાં થાય છે. પરની હિંસા કોણ કરે? પરની દયા કોણ પાળે? પરને અડતો નથી ત્યાં પાળે કોણ? અને અડતો નથી ત્યાં મારે કોણ? 'શાંતિભાઈ'! આ બધું સાંભળ્યું નથી આટલા વર્ષમાં. તો એટલા ભાગ્યશાળી કે બધું સવળું પડી ગયું પાછું. અને કબુલ્યું એણે, હોં! કબુલ્યું. વાત એવી બાપા! શું કહીએ? આહાહા..!

દરેક દ્રવ્યનો પથારો પોતાના ગુણ-પર્યાયમાં છે. વિસ્તાર પામે તો પર્યાયમાં વિસ્તાર પામે, કાંઈ પરમાં વિસ્તાર પામે અને જાય એવું છે નહિ. આહાહા..! આ વસ્તુની સ્થિતિની ખબર નથી ને એથી બધા ઝઘડા ઉઠાવે છે. આહાહા..! આ 'ફલટન'માં કરશે બિચારા. શું કરીએ? એને બેઠું એમ કરશે. દેવને માનતા નથી એમ કહેશે. કેમકે પ્રતિમાને નાખી છે પાણીમાં. અમે તો વાણીને નાખી પણ આ તો પ્રતિમાને નાખે છે પાણીમાં. 'મીઠાલાલજી'!

તમે 'ફતેપુર'માં નથી કર્યું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ કરે? બાપુ! તને ખબર નથી. એને અડતો નથી એ એને પરને પાણીમાં નાખે? ભાઈ! તને ખબર નથી. ત્યારે (એમ દલીલ કરે કે) અમે વાણી (પાણીમાં) નાખી તો અમે અડ્યા નથી. એ કોણ... એય..! વાત તો બેસી જવી જોઈએ ને? ભાવ હતો કે નહિ તારો? એટલી વાત છે. આહાહા..! નિમિત્તથી થાય નહિ એમ કહે અને વળી શિક્ષણ શિબિરથી એને સમજાવે. કહે છે ને? ભાઈએ કહ્યું હતું ને? 'કૈલાસચંદજી'એ લખ્યું હતું પહેલા, નિમિત્તથી થાય નહિ એમ કહે અને નિમિત્તો દ્વારા જગતને નિમિત્તથી ન થાય તે શીખવે. એય..! ભાઈ! એ તો વિકલ્પ હોય એટલી વાત છે. આહાહા..! વાણી વાણીને કાળે નીકળે અને સમજનાર તેની પર્યાયને કાળે તેની પર્યાયને સમજે. આહાહા..! આવી વાત આકરી બહુ પડે.

આ તો વીતરાગતાના ભાવની વાત છે, બાપુ! આહાહા..! આ તત્ત્વની વસ્તુ આવી છે એનું પછી તાત્પર્ય શું? કે એને વીતરાગતા તાત્પર્ય છે. એટલે કે એને પર તરફનું વલણ છોડી અને સ્વ તરફ ઢળવું. પરને અડતો નથી એનું તાત્પર્ય સ્વ તરફ ઢળવું. આહાહા..! પરનું કરી શકતો નથી એનો અર્થ કે સ્વ તરફ જ્ઞાનમાં ઢળવું. ક્રમબદ્ધ થાય છે એનો અર્થ કે કર્તાપણું છોડવું. એટલે જ્ઞાતાપણું થાવું. આહાહા..! આવો માર્ગ છે. આ ત્રીજું આવ્યું. સવારમાં આ વિચાર આવ્યો હતો કે આ બધું આમ શરીર ઘસે, આ કરે, આ કરે અને બહુ ઘસે ત્યારે ઉષ્ણતા આવે આમ. માથામાં ઘસે ત્યારે નથી આવતું? બહુ શરદી હોય તો. આ કહે કે હાથ અડતો નથી. માળા! ભગવાન! બાપુ! આહાહા..!

અહીં કીધું ને? '**સમસ્ત વિરૂદ્ધ કાર્ય તથા અવિરૂદ્ધ કાર્યના હેતુપણાથી જેઓ હંમેશા વિશ્વને ઉપકાર કરે છે–**' પોતાનું વિરૂદ્ધ કાર્ય હોય વિભાવ આદિ કે આસ્રવ હોય એ તો એને લઈને ટકી રહ્યું છે. આખું વિશ્વ પોતાથી ટકી રહ્યું છે. પરને લઈને નહિ. આહાહા..!

મુમુક્ષુ :- વિરૂદ્ધ-અવિરૂદ્ધ એટલે?

ઉત્તર :- વિરૂદ્ધ એટલે વિભાવભાવ હોય તોપણ પોતે વિશ્વને પોતાથી ટકાવી રાખ્યું છે અને અવિરૂદ્ધ-સ્વભાવ હોય તોપણ ટકાવી રાખ્યું. આહાહા..! વિભાવપણે પરિણમવું એ ગુણનું પર્યાયમાં પોતાનું પરિણમન છે ને? એ પરને લઈને નથી. એ પર્યાયમાં. હવે જ્યારે દ્રવ્યની વાત જ્યારે જોવાય ત્યારે વિકારી પર્યાય એને અડી જ નથી. દ્રવ્ય અડ્યું નથી. એ તો નહિ પણ નિર્મળ પર્યાય પણ દ્રવ્યને અડી નથી. એ તો જુદું પાડ્યું. એ તો પરથી જુદું પાડીને. આ તો પરથી જુદું પાડવાની અપેક્ષાએ પરને અડતું નથી એટલું. બાકી દ્રવ્ય જે છે પોતે ભગવાન એ પર્યાયને અડતો પણ નથી. પોતાની પર્યાયને અડતો નથી. આહાહા..! અને પર્યાય છે તે દ્રવ્યને અડતી નથી. પોતાની નિર્મળ પર્યાય દ્રવ્યને અડતી નથી. વિકારી પર્યાય તો વળી વિભાવ અને સંયોગી છે. આહાહા..!

કેમકે પર્યાયના અસ્તિત્વમાં દ્રવ્યનું અસ્તિત્વ આવતું નથી. દ્રવ્યના અસ્તિત્વનું

પર્યાયમાં જ્ઞાન આવે. વસ્તુ ન આવે. દ્રવ્યનું જેવું સામર્થ્ય છે એવું જ્ઞાન પર્યાય કરે, પણ પર્યાયમાં દ્રવ્ય આવે નહિ. આહાહા..! બહુ ક્યાં સુધી ખેંચવું આ? વીતરાગનું તત્ત્વજ્ઞાન બહુ સૂક્ષ્મ છે, બાપુ! લોકોને એ તત્ત્વજ્ઞાનની મહિમા નથી આવતી. પણ બાહ્ય ત્યાગ કરે, દુકાન છોડી, પૈસા છોડ્યા, આ વેપાર છોડ્યો, આ ત્યાગી થયો, ઉઘાડે પગે ચાલે છે—એનું મહાત્મ્ય એને આવે છે. વસ્તુની સ્થિતિ શું છે? આહાહા..! એના દ્રવ્ય, ગુણ અને પર્યાયની સ્થિતિ શું છે એનું એને મહાત્મ્ય નથી આવતું. આ તો એટલું યાદ આવ્યું હતું ત્રીજી ગાથાનું. આહાહા..! એક ન્યાયે કપાટ ખુલી જાય એવું છે. વાત એવી છે, બાપુ!

અહીં કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રને આત્મા અડતો નથી. પણ પોતાની પર્યાયમાં પુણ્યભાવથી એને માને છે. સમજાણું કાંઈ? એનાથી એને પુણ્ય થાય. પણ કર્મનો નાશ અંશે પણ ન થાય એમ કહે છે. એ તત્કાળનો અર્થ? પછી રાગને ટાળશે એટલે થાશે. એમ. અત્યારે રાગ છે એથી નહિ. પણ પછી તો દૃષ્ટિમાં રાગનો અભાવ છે, દૃષ્ટિએ તો દ્રવ્યને સ્વીકાર્યું છે એટલે રાગનો અભાવ એ કરશે જ. એમ. રાગને કારણે પરંપરા મોક્ષ થાય એમ નથી. આહાહા..! બહુ ફેર. વાતે વાતે ફેર. મૂળ ચીજની ખબર ન મળે એટલે. (બાહ્ય) ચારિત્ર દોષને અને (બાહ્ય) ચારિત્રના દોષના ત્યાગને માન આપી દીધા. અને (બાહ્ય) ચારિત્રદોષ હોય એને બહુમાન આપ્યા.. ઓહોહો..! આ મહાપાપ છે. અને ચારિત્રના દોષનો બાહ્યથી ત્યાગ કર્યો, થોડો રાગ મંદ પાડ્યો એનું એને મહાત્મ્ય આવી જાય છે. પણ શ્રદ્ધાનો દોષ જે મહાસંસારનું કારણ છે (તેની સમજણ નથી). આહાહા..! આ તો પોતાને સમજવાને માટે છે, હોં! કોઈ જીવનો તિરસ્કાર કરવા માટે નથી. વસ્તુસ્થિતિ આવી છે.

અહીંયાં કહે છે. હવે લીધું. ભાવાર્થ જુઓ! '**સમ્યક્ત્વપૂર્વક જો દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિ કરતા હૈ,...**' જોયું! મિથ્યાદૃષ્ટિ ભક્તિ કરે તેના પુણ્ય તો બંધનું કારણ-રખડવાનું કારણ છે. આહાહા..! દૃષ્ટિ જેને હજી મિથ્યાત્વ છે-પુણ્યના પરિણામથી ધર્મ થાય, પરના નિમિત્તે મને વિકાર થાય, મારા નિમિત્તે પરમાં કાંઈ હલચલ થાય, પ્રભાવ પડીને કાંઈક થાય કે નહિ? ઉપદેશનો પ્રભાવ પડે કે નહિ અંદર? એમાં કાંઈ માલ નથી. આહાહા..! જુઓ! એ નાખ્યું. પાઠમાં છે, હોં! એ. સંસ્કૃતમાં છે. જુઓ! '**सम्यक्त्वपूर्वकदेवशास्त्रगुरुभक्त्या**' સંસ્કૃતમાં છે. એટલે કોઈ એમ કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ... કાલે જ 'વીરવાણી'માં આવ્યું છે, કે પહેલા પુણ્ય કરો પછી કરતા કરતા શુદ્ધ થાશે. અત્યારે તો શુદ્ધનો વખત નથી પણ શુભભાવ કરો એનાથી થાશે. એ તદ્દન મિથ્યાત્વનું શલ્ય છે. આહાહા..! કારણ કે મિથ્યાદૃષ્ટિ સહિત શુભભાવ (કરીને) નવમી ગ્રૈવેયકે ગયો એવો શુભભાવ તો અત્યારે છે નહિ. એ શુભભાવથી પણ જ્યાં સમકિત ન થયું અને ત્યાંથી પડ્યો અને રખડ્યો ચાર ગતિમાં. કહો.

અહીંયાં તો સમકિતપૂર્વકની વાત છે. જેને સમ્યગ્દર્શન છે, સત્ય શ્રદ્ધા ખીલી ગઈ છે. સમજાણું કાંઈ? એને '**સમ્યક્ત્વપૂર્વક...**' એમ કહ્યું ને? સમકિત સહિત. '**જો દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિ કરતા હૈ, ઉસકે મુખ્ય તો પુણ્ય હી હોતા હૈ,...**' મૂળ તો શુભ છે એટલે પુણ્ય

જ થાય. '**ઔર પરંપરાય મોક્ષ હોતા હૈ.**' એટલે કે સમકિતી છે એના ખ્યાલમાં છે કે આ હેય છે. પણ અત્યારે હેયનો ત્યાગ કરી શક્યો નથી. સમજાણું કાંઈ? એથી આગળ હેયને ત્યાગી અને કેવળજ્ઞાન પરમાત્મા થશે. એથી એને વ્યવહારને પરંપરા કહ્યું. એ આરોપથી કથન છે. આહાહા..! સમકિતીને પણ આ (છે તો) મિથ્યાદૃષ્ટિના પુણ્યની તો વાત શું કરવી? એ તો પહેલા આવી ગયું છે. એ પ્રશંસા કરવા લાયક નથી. એના ત્યાગના ભાવ, મિથ્યાદૃષ્ટિના શુભભાવ એ પ્રશંસા કરવા જેવું નથી.

અહીં તો સમકિતીના જે પુણ્ય છે એ પણ હેય છે. પણ એની દૃષ્ટિમાં રાગને હેય સ્વીકારીને સ્વભાવને ઉપાદેય અનુભવ્યો છે તેથી તેનો એ રાગ ક્રમે કરીને છૂટશે. સમજાણું કાંઈ? સ્વનો આશ્રય વધારતો જશે તેમ તેમ પરને આશ્રયે (થતો) રાગ ઘટતો જશે. તે તેનો ક્રમ છે. 'ઋષભદેવ' ભગવાન, લ્યો! એક હજાર વર્ષ સુધી સાધુપણું પાળ્યું. પછી કેવળ થયું. અને કોઈને બે દિ', ચાર દિ' કે અમુક થઈને પાધરું કેવળજ્ઞાન થાય. એ એના પુરુષાર્થની સ્વના આશ્રયની જેટલી યોગ્યતા છે એ પ્રમાણે એનો રાગ ઘટે છે. સમજાણું કાંઈ?

'**જો સમ્યક્ત્વ રહિત મિથ્યાદૃષ્ટિ હૈં, ઉનકે ભાવ ભક્તિ તો નહીં હૈં,...**' એને ભાવભક્તિ તો નથી. છે? કારણ કે વીતરાગપણાની દૃષ્ટિ એને ખબર નથી. એટલે વીતરાગની ભાવભક્તિ તો એને હોય નહિ. આહાહા..! સમ્યગ્દર્શન સહિત જે ભક્તિનો ભાવ હોય એ તો એને હોય નહિ. આહાહા..! અરે..! દુનિયાને આ ગળે ઉતરવું ભારે કઠણ. એક પરમાણુ બીજા પરમાણુને અડે નહિ. આ આંગળી આને અડી નથી.

મુમુક્ષુ :- થાંભલા ઊભા ગણો તો ઘણા...

ઉત્તર :- કોઈએ ઊભા કર્યા નથી. એને કારણે રજકણ ત્યાં ઊભો થયો છે. નિમિત્તને એ અડ્યું નથી, એ નિમિત્તને અડ્યું નથી. આહાહા..! આવી વાતું. આ માથે રહ્યો છે ને? શું કહેવાય એ? નીચલા આધારે ત્યાં નથી રહ્યો એ. શું કહેવાય આ?

મુમુક્ષુ :- બિમ.

ઉત્તર :- બિમ બિમ મોટા. એ ત્યાં રહ્યા છે એ નીચલા આધારને કારણે નથી રહ્યા. નીચલા તો નિમિત્ત છે. નિમિત્તને એ અડ્યું પણ નથી. 'વજુભાઈ' ત્યાં કરતા હતા બધું. 'વાંકાનેર'.

મુમુક્ષુ :- .. બંગલો

ઉત્તર :- બંગલો મોટો રાજાનો. હજી એના રાજના કુંવરો એને બોલાવે એવું કાંઈક હોય તો. અરે..! આહાહા..!

મિથ્યાદૃષ્ટિ... છે? '**ઉનકે ભાવ-ભક્તિ તો નહીં હૈ,...**' આહાહા..! 'સંમતભદ્રાચાર્ય' કહે છે, પ્રભુ! આપને અભવિ નહિ પગે લાગે, વંદન નહિ કરે. કારણ કે એને રાગનો જ પ્રેમ છે. વીતરાગતા શું છે એની ખબર નથી. એ આપને વંદન નહિ કરે. વીતરાગી જ્ઞાની છે, સમકિતી તે આપને વંદન કરશે. કારણ કે વાસ્તવિક વીતરાગભાવનું એને મહાત્મ્ય છે. આહાહા..! જેનો પોતાનો વીતરાગ સ્વભાવ દૃષ્ટિમાં મહાત્મ્યથી આવ્યો નથી એ વીતરાગ

સ્વભાવ પ્રગટેલાની ભાવભક્તિ નહિ કરી શકે. આહાહા..! નિશ્ચય સહિત એનો વ્યવહાર નહિ હોય. એકલો પુણ્યનો વ્યવહાર હશે. એ કાંઈ વસ્તુ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'લૌકિક બાહ્ય ભક્તિ હોતી હૈ,...'** ભાષા દેખો. જેની દૃષ્ટિમાં રાગનો પ્રેમ છે, રાગથી ધર્મ થાય એવી રુચિ છે, એ ભગવાનની તો લૌકિક ભક્તિ કરશે. આહાહા..! આવું સ્વરૂપ! બહુ સારો ખુલાસો કર્યો છે. **'ભાવ ભક્તિ તો નહીં હૈ,...'** કેમકે ભાવમાં વીતરાગતાનો તો પ્રેમ છે નહિ. પોતાની વીતરાગતાનો પ્રેમ નથી તો બીજાની વીતરાગતા પ્રત્યેનો પ્રેમ તો સાચો હોય જ નહિ. આહાહા..! **'લૌકિક બાહ્ય ભક્તિ હોતી હૈ,...'** આહાહા..! આખો દિ' બિચારો સિદ્ધચક્ર કરે, ફલાણું કરે, આ કરે, આ કરે. બાહ્ય ભક્તિ. **'ઉસસે પુણ્યકા હી બંધ હૈ,...'** એનાથી પુણ્યબંધ છે. મિથ્યાદૃષ્ટિને. **'કર્મકા ક્ષય નહીં હૈ.'** આહાહા..! એ તો 'પ્રવચનસાર'માં આવે છે કે દેવ-ગુરુ-યતિ... નહિ? દેવ-ગુરુ-યતિની શ્રદ્ધા કરે તે પુણ્યબંધ કરે. હવે અહીં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરે એને ધર્મ થાય એમ માનવું છે. કહો, હવે આમાં ક્યાં? કાળ (જુદો) છે તે વસ્તુ કાંઈ પલટી જાય છે? ધર્મ તો ધર્મ એકરૂપ (રહે). 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' પાંચમો આરો માટે શુભયોગથી ધર્મ થાય, ત્રીજા-ચોથા આરામાં શુદ્ધથી ધર્મ થાય. એમ બે પ્રકાર હશે? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વળી ન કહે પણ એમ કે અત્યારે તો ઓલું શુદ્ધ તો નથી. એમ. પણ નથી તો તેં પુરુષાર્થ કર્યો નથી માટે નથી. શુદ્ધ નથી એમ કોણે કહ્યું? આહાહા..! ભગવાન શુદ્ધપણે પડ્યો છે. એની તેં દૃષ્ટિ કરી નથી માટે શુદ્ધતા નથી. અને તેથી એકલા વ્યવહારને માનીને મિથ્યાદૃષ્ટિપણાના પુણ્ય આગળમાં શુભથી શુદ્ધ થશે એ ના પાડે છે અહીં. આહાહા..! નવમી ગ્રૈવેયકે ગયો તો કેટલા શુભભાવ હતા એના. મુનિપણું (એવું પાળ્યું). ચામડું ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે એટલો એનો શુભભાવ હતો. એટલી તો પ્રતિકૂળતા છે નહિ અને એટલી ક્ષમા પણ નથી. વ્યવહારુ ક્ષમા થોડી. અનંતવાર કર્યું તોપણ એને લઈને સમકિત પામ્યો નહિ.

**'પુણ્યકા હી બંધ હૈ, કર્મકા ક્ષય નહીં હૈ. ઐસા કથન સુનકર...'** એવું કથન સાંભળીને **'શ્રી યોગીન્દ્રદેવસે પ્રભાકરભટ્ટને પ્રશ્ન કિયા. હે પ્રભો! જો પુણ્ય મુખ્યતાસે મોક્ષકા કારણ નહીં હૈ, તો ત્યાગને યોગ્ય હી હૈ, ગ્રહણ યોગ્ય નહીં હૈ. જો ગ્રહણ યોગ્ય નહીં હૈ, તો ભરત, સગર, રામ, પાંડવાદિક મહાન પુરુષોંને નિરંતર પંચપરમેષ્ઠીકે...'** ભક્તિ કરી છે નિરંતર. એટલે દરરોજ. એમ. દરરોજ હોય છે ને ભક્તિ? દેવ-ગુરુ-શાસ્ત્ર છ બોલ છે ને? દરરોજ હોય છે. નિરંતર એટલે દરરોજ હોય છે. આહાહા..! નિરંતર એટલે સમયે સમયે હોય એમ નહિ. નિરંતર એટલે દરરોજ દરરોજ આવી ભક્તિ ભગવાનની સમકિતી કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? આંતરો પડ્યા વિના દરરોજ ભગવાનની ભક્તિ, પૂજા... આહાહા..! કરે છે કે નહિ? એવો ભાવ હોય એને. એમ કહેશે. **'ઔર દાન-પૂજાદિ શુભ ક્રિયાઓંસે પૂર્ણ**

**હોકર...**' જોયું! પાછું પૂર્ણ હોકર. આહાહા..! પંચ પરમેષ્ઠી ગુણ સ્મરણ. '**दानपूजादिना निर्भरभक्ताः**' નિર્ભરનો અર્થ પૂર્ણ. આહાહા..! '**પૂજાદિ શુભ ક્રિયાઓંસે પૂર્ણ હોકર...**' પૂજા, ભક્તિ દરરોજ કરતા. '**ક્યોં પુણ્યકા ઉપાર્જન કિયા?**' એમાં તો પુણ્ય ઉપાર્જન થયા. સમકિતી, ભરત ચક્રવર્તી આદિને. આહાહા..!

'**તબ શ્રીગુરુને ઉત્તર દિયા-કિ જૈસે પરદેશમેં સ્થિત કોઈ રામાદિક પુરુષ અપની પ્યારી સીતા...**' આહાહા..! પરદેશમાં સ્થિત કોઈ રામની સીતા આદિ '**સ્રીકે પાસસે આયે હુએ કિસી મનુષ્યસે બાતેં કરતા હૈ...**' એની સાથે વાત કરે. '**ઉસકા સમ્માન કરતા હૈ,...**' આવો આવો. પધારો. શું વાત લાવ્યા છો? એમ પૂછે ને કે ભાઈ! શું લાવ્યા? તમે ગયા હતા? એટલે કહે હા. એની સાથે (વાત થઈ). એનો સંદેશો આપ્યો છે. દાખલો આપ્યો છે ને. '**રામાદિક પુરુષ અપની પ્યારી સીતા આદિ સ્રીકે પાસસે આયે હુએ કિસી મનુષ્યસે બાતેં કરતા હૈ-ઉસકા સન્માન કરતા હૈ, ઔર દાન કરતા હૈ,...**' આજે મારે ત્યાં જમજો હોં! ચા-પાણી પાય. વિલાયત આદિ દેશમાં ગયો હોય તો જમાડે. અહીં આપણે છે ને આ. 'મલૂકચંદભાઈ'નો દીકરો નહિ? 'નિહાલભાઈ'. 'નિહાલભાઈ' 'સ્વીટ્ઝરલેન્ડ'. એ કોઈ અહીંના હિન્દુસ્તાનના માણસ જાય એ ત્યાં જ ઉતરે. કારણ કે મોટા ગૃહસ્થ છે, ચાર કરોડ રૂપિયા છે. 'મલૂકચંદભાઈ'ના પહેલા નંબરનો. બીજા નંબરનો અહીં 'મુંબઈ' (છે). એની પાસે પાંચ કરોડ છે. એ બધા દેશના માણસો ત્યાં જાય, ખબર પડે કે દેશનો માણસ છે તો એ પોતાને ઘરે રાખે. ગમે તે નાતનો હોય. અને બંગલા મોટા છે. મોટા બંગલા ચાર કરોડ રૂપિયા છે. બંગલા, બાગ, બગીચા મોટા. ત્યાં એ શીખે બધાને રહેવું પડે. એટલા પૈસા બહુ છે. એમ કહેતા. તમારે આટલું બધું? એ બધા સાધારણ માણસને પણ આટલા પૈસા હોય અને ત્યાં એવું હોય. એમાં કાંઈ... બાગ-બગીચા.. છોડી એક જ છે એને પરણાવી દીધી. આપણા દેશનો માણસ જાય હિન્દુસ્તાનનો. એ જાણે કે આપણા 'નિહાલભાઈ' છે ત્યાં જાય. ત્યાં જમાડે, ચા-પાણી પાય ઉપરાંત જેટલા દિ' રહો ત્યાં સુધી અહીં જ રહો. અહીં સુવાનું, અહીં બેસવાનું.

એમ ભગવાન પાસેથી જે વાત આવી હોય, એ લાવનારની ભક્તિ કરે. ગુરુ લાવ્યા છે ને? આહાહા..! છે? સન્માન કરે દાનાદિ. '**સબ કારણ અપની પ્રિયાકે હૈં,...**' એ પ્રિયાને કારણે આ બધું કરે છે. '**કુછ ઉસકે પ્રસાદકે કારણ નહીં હૈ. ઉસી તરહ વે ભરત, સગર, રામ, પાંડવાદિ મહાન પુરુષ વીતરાગ પરમાનંદરૂપ મોક્ષસે લક્ષ્મીકે સુખ અમૃત-રસકે પ્યાસે હુએ...**' આહાહા..! જુઓ! આ સમકિતી! સમજાણું કાંઈ? આહાહા..! વિશેષ કહેવાશે, હોં! વખત થઈ ગયો.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, માગશર સુદ ૪, ગુરુવાર
## તા. ૨૫-૧૧-૧૯૭૬, ગાથા-૬૧-૬૨, પ્રવચન નં. ૧૪૨

'પરમાત્મપ્રકાશ' ૬૧ ગાથા. શિષ્યનો પ્રશ્ન છે. પુણ્યનો આપ ત્યાગ કરવાનું કહો છો તો 'ભરત', 'સગર' ચક્રવર્તી આદિએ પુણ્ય તો કર્યા છે. એવો પ્રશ્ન છે. છે? '**જો પુણ્ય મુખ્યતાસે મોક્ષકા કારણ નહીં હૈ, તો ત્યાગને યોગ્ય હી હૈ,...**' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ પુણ્ય છે. પુણ્ય તો ત્યાગવા યોગ્ય છે એમ આપ કહો છો. '**ગ્રહણ યોગ્ય નહીં હૈ. જો ગ્રહણ યોગ્ય નહીં હૈં, તો ભરત, સગર, રામ, પાંડવાદિક મહાન પુરુષોંને નિરંતર પંચપરમેષ્ઠીકે ગુણસ્મરણ ક્યોં કિયે?**' નિરંતરનો અર્થ દરરોજ. નિરંતર એટલે સમયે સમયે એમ નહિ. ભગવાનનું પંચપરમેષ્ઠીનું સ્મરણ કર્યું. '**દાન-પૂજાદિ શુભ ક્રિયાઓંસે પૂર્ણ હોકર ક્યોં પુણ્યકા ઉપાર્જન કિયા?**' સમકિતી હતા, જ્ઞાની હતા, પુણ્યને ગ્રહણ કરવા લાયક નથી એમ માનતા હતા, છતાં એમણે પુણ્ય કેમ કર્યા? એમ પ્રશ્ન છે. આહા..!

'**તબ શ્રીગુરુને ઉત્તર દિયા - કિ જૈસે પરદેશમેં સ્થિત કોઈ રામાદિક પુરુષ અપની પ્યારી સીતા આદિ સ્ત્રીકે પાससे આયે હુએ કિસી મનુષ્યસે બાતેં કરતા હૈ-ઉસકા સન્માન કરતા હૈ, ઔર દાન કરતા હૈ, યે સબ કારણ અપની પ્રિયાકે હૈં, કુછ ઉસકે પ્રસાદકે કારણ નહીં હૈ.**' જે દાન આદિ દે છે એના પ્રસાદને કારણે નહિ. આહાહા..!

'**ઉસી તરહ વે ભરત, સગર, રામ, પાંડવાદિ મહાન પુરુષ વીતરાગ પરમાનંદરૂપ મોક્ષસે લક્ષ્મીકે સુખ અમૃત-રસકે પ્યાસે હુએ...**' આ વાત અહીં મુખ્ય (છે). ધર્મી સમ્યગ્દૃષ્ટિ એવા હોય છે, ધર્મી એને કહીએ-સમ્યગ્દૃષ્ટિ એને કહીએ. આહાહા..! '**વીતરાગ પરમાનંદરૂપ મોક્ષસે લક્ષ્મી...**' રાગરહિત પરમાનંદરૂપ મોક્ષલક્ષ્મીના '**સુખ અમૃત-રસકે પ્યાસે હુએ...**' આહાહા..! વીતરાગી પરમાનંદી મોક્ષ, એના સુખનો પ્યાસી. એટલે અમૃત વીતરાગી પરમાનંદનું વેદન તો આવ્યું છે. એ પરમાનંદ રસના પ્યાસી (છે). સમજાણું કાંઈ? આહા..! જુઓ! આ ધર્મીની શરૂઆત. સમ્યગ્દૃષ્ટિની શરૂઆત એવી હોય છે કે એને આત્માના પરમાનંદનો સ્વાદ આવ્યો હોય છે. આહાહા..! જે મોક્ષનો પરમાનંદ વીતરાગી પંથ આ જ છે, વીતરાગી પરમાનંદનો અનુભવ મોક્ષમાર્ગ પૂર્ણ, એના આત્માના અમૃતના સ્વાદમાં સમકિતી આવ્યો છે. આહાહા..! છે? આહાહા..!

'**વીતરાગ પરમાનંદરૂપ મોક્ષસે લક્ષ્મી...**' આ લક્ષ્મી. આ લક્ષ્મી તમારા પાંચ-પચાસ લાખ ધૂળ માટી. એના અભિલાષી તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! માટી છે ને ધૂળ? ધૂળ પુદ્ગલ છે એ તો માટી. એનો જે અભિલાષી છે જડનો એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી સીઢી, ધર્મનો પહેલો પાયો.. આહા..! એ '**વીતરાગ પરમાનંદરૂપ મોક્ષસે લક્ષ્મી...**' આહાહા..! એના '**સુખ અમૃત-રસકે પ્યાસે હુએ...**' આહાહા..! જેમ તૃષા લાગી હોય, તૃષા. પાણીની પિપાસા હોય. આહાહા..! એમ ધર્મી જીવને વીતરાગી પરમાનંદરૂપી મોક્ષલક્ષ્મીના સુખનો, એના સુખના અમૃતનો પ્યાસી છે એ. આહાહા..! સમજાય છે કાંઈ? ચક્રવર્તીપદ હો, બળદેવપદમાં હો, ઈન્દ્રપદમાં હો, સમકિતી (ધર્મની) શરૂઆતવાળા. આહાહા..! પણ છે કેવા એ? એને ચક્રવર્તી પદની અભિલાષા નથી. એને તો અંતરમાં પરમાનંદ વીતરાગી, વીતરાગી પરમાનંદ(ની પિપાસા છે). ઈન્દ્રિયના વિષયમાં તો રાગના ઝેરના સુખની કલ્પના છે. ઈન્દ્રિયોના વિષયોમાં રાગરૂપી ઝેરની કલ્પના છે. ત્યાં અજ્ઞાની સુખ માને છે એ તો ઝેરમાં સુખ માને છે.

મુમુક્ષુ :- ઝેર તો દવામાં વપરાય છે.

ઉત્તર :- એ દવામાં વપરાય એ જુદું. મારી નાખે પણ એને. આહાહા..! પાંચ ઈન્દ્રિયના વિષયોના ભોગ એ ઝેરનો સ્વાદ છે. આહાહા..! ધર્મીને વીતરાગી પરમાનંદરૂપી મોક્ષલક્ષ્મી એવું જે સુખ, એના અમૃતનો રસીલો છે એ. આહાહા..! શેઠ! છે? કાલે વાત ત્યાં..

વીતરાગ... એ રામ, પાંડવ આદિ, ભરત આદિ મહાપુરુષો વીતરાગી પરમાનંદરૂપી લક્ષ્મી, મોક્ષની લક્ષ્મી... આહાહા..! એના.. 'એક' શબ્દ છે. પરમાનંદરૂપી એક શબ્દ છે. વીતરાગ પરમાનંદ એકરૂપ એમ જોઈએ. '**વીતરાગ પરમાનંદ એકરૂપ મોક્ષલક્ષ્મી...**' એમ. એક શબ્દ પડ્યો રહ્યો છે ત્યાં. વીતરાગ પરમાનંદરૂપી એકરૂપ સ્વભાવ જેનો છે. મોક્ષમાં તો વીતરાગી પરમાનંદ એકરૂપ જેનો સ્વભાવ. આહાહા..! આત્માની મોક્ષદશા, એમાં તો વીતરાગી પરમાનંદ એકરૂપ સ્વભાવ છે. આહાહા..! '**સુખ અમૃત-રસકે પ્યાસે હુએ...**' વીતરાગી પરમાનંદરૂપી જે મોક્ષલક્ષ્મી, એના સુખના અમૃતરસના પ્યાસી થયા. આહાહા..!

ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં ચક્રવર્તીપદ અને ઈન્દ્રપદ હોવા છતાં.. આહાહા..! અહીં તો મનુષ્યો લીધા છે. સમકિતી ચક્રવર્તી, બળદેવ આદિ હોવા છતાં સમ્યગ્દૃષ્ટિ છે એને તો વીતરાગી પરમાનંદરૂપી મોક્ષની લક્ષ્મી, એના સુખના અમૃતનો પ્યાસી છે. આહાહા..! વીતરાગી પરમાનંદરૂપી સુખ એનો પ્યાસી-અભિલાષી છે. આહાહા..! સમજાણું કાંઈ? એ સ્ત્રી, કુટુંબ, પરિવાર, રાજપાટ, અબજો રૂપિયાની પેદાશ (હોય) પણ એમાં કોઈ ચીજ મારી છે અને મને જોઈએ, એ વાત એને અભિપ્રાયમાં હોતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

કાલે કહ્યું હતું ને છેલ્લે એક? 'શ્રીમદ્ રાજચંદ્ર' બહુવચને બોલતા. તો કોઈને માની લાગતા. અમારું કપડું લાવો, અમારો કોટ લાવો, અમારી દુકાને આવજો. એમ કહેતા. અમારી અમારી (બોલે) એટલે લોકો કહે મારી-મારી ન કરે અને અમારી-અમારી બહુવચન કેમ કહે છે આ? એમ ટીકા કરતા. ત્યારે એનો ખુલાસો કરતા કે અમારી સ્ત્રી, અમારું કુટુંબ. એનો અર્થ અ-મારી-મારા નથી. શેઠ! અમારી એમ બહુવચન બોલવામાં એ મારા નથી એમ એનો અર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ? કોની સ્ત્રી? એનો આત્મા જુદો, એનું શરીર જુદું.

આ આત્માની એ સ્ત્રી ક્યાંથી થઈ ગઈ? આહાહા..! એ દીકરો એનો આત્મા જુદો, એનું શરીર જુદું, એના પરિણામ જુદા. એમાં તારા પરિણામમાં એ ક્યાં આવ્યો? આહા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનમાં રાગથી માંડી આખા જગતની ચીજોનું સ્વામીપણું છૂટી જાય છે. આહાહા..! અને તેને અભિલાષા, વીતરાગી પરમાનંદ મોક્ષલક્ષ્મી, એના સુખના અમૃતના રસનો પ્યાસી છે એ તો. આહાહા..! જુઓ! આ ધર્મી. અત્યારે તો કહે, આ એક સામાયિક કરી, પોષા કર્યા અને જાત્રા કરી (એટલે) થઈ ગયા ધર્મી. ધૂળેય નથી ધર્મી, ત્યાં ક્યાં ધર્મ હતો? સમજાણું કાંઈ? હજી દૃષ્ટિમાંથી વિપરીતતા તો ગઈ નથી. પુણ્ય અને પરવસ્તુની અભિલાષા છે અંદર, એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ તો પરમાનંદ સુખ અમૃતના રસનો (પ્યાસી છે). આહાહા..! જેમ તરસ્યાને મોસંબીના પાણી મળે ગટક ગટક પીવે છે ને એ? ભાઈએ લખ્યું છે, નહિ? 'સોગાની'. 'સોગાની'નું છે 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'. આહાહા..! જેમ શેરડીનો રસ.. ગન્ના. એનો રસ તૃષા લાગે અને ગટક ગટક પીવે. એમ ધર્માત્મા.. આહાહા..! પોતાનો અતીન્દ્રિય આનંદનો સ્વાદ ગટક ગટક લે છે. આહાહા..! ક્યાંય એને સુખ ભાસતું નથી. આહાહા..!

સમ્યગ્દૃષ્ટિને સુખ તો વીતરાગી પરમાનંદમાં ભાસે છે. અને એવો જે ભગવાનઆત્મા ત્યાં અંતર આનંદ છે. આહાહા..! એનો જે અભિલાષી અને પ્યાસી છે. આહાહા..! સાધારણ ધર્મ-ધર્મ કરે અને ધર્મી છે, બાપા! એ તો વાતું આકરી છે. આહાહા..! .. અનંતકાળમાં થઈ નથી. કેમકે વીતરાગી પરમાનંદનો નાથ ભગવાનઆત્મા, એની દૃષ્ટિ અને એનો અનુભવ થયો નથી. એ વિનાની ક્રિયાકાંડમાં જોડાઈ ગયો વ્રત અને નિયમ અને તપમાં. મિથ્યાદૃષ્ટિના એ તો પુણ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને એ પુણ્ય કેમ થાય છે એ વાત ચાલે છે. આહાહા..! આવી વ્યાખ્યા ધર્મની. હવે ઓલા તો કહે, દયા પાળો, વ્રત કરો, બ્રહ્મચર્ય પાળો, ભક્તિ કરો, જાત્રા કરો, પૂજા કરો, મંદિર બનાવો. પચ્ચીસ-પચાસ લાખ નાખીને. ધૂળેય ધર્મ નથી, કહે છે. સાંભળને! એ તો બધો રાગ છે. આહાહા..!

સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા તો જુઓ! '**વીતરાગ પરમાનંદરૂપ મોક્ષસે લક્ષ્મીકે સુખ અમૃત-રસકે પ્યાસે...**' આહાહા..! હજારો ઈન્દ્રાણી હોય ઈન્દ્રને. ચક્રવર્તી 'ભરત'ને છન્નું હજાર સ્ત્રી અને એક સ્ત્રીની તો હજાર દેવ સેવા કરે. સ્ત્રી રત્ન. કોઈ અભિલાષા અંદર છે નહિ. આસક્તિ જરી છે. રુચિ નથી. આહાહા..! એ (સ્ત્રી મારી) છે એ બુદ્ધિનો નાશ થઈ ગયો છે ત્યારે સમ્યગ્દર્શન થયું છે. આહાહા..! સમજાણું કાંઈ? આ શબ્દ માટે કાલે અટકાવ્યું હતું ને? આહાહા..! એ '**રામ, પાંડવાદિ મહાન પુરુષ...**' આહાહા..! પુરુષોત્તમ પુરુષો. રામ આદિ, પાંડવો આદિ સમકિતી હતા, આત્મજ્ઞાની હતા. આહાહા..! એ આત્માના આનંદના રસીલા હતા. આહાહા..! એ રાગના રસીલા નહોતા. આહાહા..!

સમ્યગ્દૃષ્ટિની બુદ્ધિ પરપદાર્થ ચાહે તો ઈન્દ્રપદ હોય પણ એમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ

છે. આહાહા..! તો વળી રાજ અને આ તમારા પાંચ-પચાસ કરોડ રૂપિયા અને ધૂળના શેઠિયા કહેવાય ને? ધૂળના શેઠિયા. એ તો બિચારા દુઃખી છે બધા. આહાહા..!

મુમુક્ષુ :- નિશ્ચયે તો દુઃખી છે પણ વ્યવહારે તો સુખી છે.

ઉત્તર :- વ્યવહારે શું સુખ? વ્યવહાર કે દિ' હતો? કહેવામાત્ર છે પાગલને સુખ. આહાહા..!

ભગવાનઆત્મામાં આનંદ છે. એ સિવાય કઈ ચીજમાં આનંદ છે? આહાહા..! અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા કરતા વીતરાગી પરમાનંદરૂપી મોક્ષની લક્ષ્મી એ લક્ષ્મી. એના સુખના અમૃત રસનો પ્યાસી. હવે ઓલા કહે કે દાનાદિ કેમ કરે છે? કે '**સંસારકી સ્થિતિકે છેદનેકે લિયે...**' કર્મની સ્થિતિ લાંબી છે એને ઘટાડવા માટે. '**વિષય કષાયકર ઉત્પન્ન હુએ...**' એમને પણ વિષય કષાય તો છે. એનાથી '**ઉત્પન્ન હુએ આર્ત રૌદ્ર ખોટે ધ્યાનોંકે નાશકા કારણ,** આહાહા..! **શ્રી પંચપરમેષ્ઠીકે ગુણોંકાસ્મરણ કરતે હૈં,...**' પંચપરમેષ્ઠીના ગુણોનું સ્મરણ છે પુણ્ય શુભભાવ-પુણ્ય. પણ એની દૃષ્ટિ ત્યાં એના પુણ્ય ઉપર નથી. આહાહા..! છે? અંદર આવે છે, જુઓ!

'**દાન પૂજાદિક કરતે હૈં,...**' સંતોને-સાચા સંતોને દાન આપે, પૂજા-ભક્તિ કરે, '**પરંતુ ઉનકી દૃષ્ટિ,** આહાહા..! **કેવલ નિજ પરિણતિ પર હૈ,..**' વીતરાગી દશા ઉપર એની દૃષ્ટિ છે એટલે કે દ્રવ્ય ઉપર. આહાહા..! આવી વાત છે. એવા પુણ્યના ભાવ આવે છે. ધર્મીને રામાદિ પાંડવોને જ્યાં સુધી મુનિ ન હતા, પછી મુનિ થયા અને મોક્ષ ગયા, પણ એ પહેલા જ્યાં સુધી સમકિતી હતા અને વિષયકષાયના પરિણામ પણ હતા. એને છેદવા માટે... આહાહા..! દાન, પૂજા આદિ ભાવ કરે છે. કર્તા થઈને કરે છે એમ વ્યવહાર થયો. કર્તાબુદ્ધિ નથી પણ પરિણતિમાં એ ભાવ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! આવી બહુ વાત ફેર.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સંસાર અવસ્થા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સ્થિતિ ઘટે છે ને એ.

મુમુક્ષુ :- શ્વેતાંબરમાં પણ આવે છે.

ઉત્તર :- એને તો ક્યાં છે કાંઈ? એને તો આખો પરિત સંસાર કરે છે એમ છે. એ અહીં પરિત સંસાર નથી. અહીં તો સમકિત સહિત છે એને શુભભાવ થાય અને કર્મની સ્થિતિ ઘટાડે. સ્થિતિ. કર્મનો અભાવ કરે છે એમ નહિ. સ્થિતિ ઘટાડે છે.

મુમુક્ષુઃ- અનુભાગ..

ઉત્તર :- અનુભાગ, સ્થિતિ.. આહાહા..! ઘટાડે છે. આહા..!

'**પરંતુ ઉનકી દૃષ્ટિ કેવલ નિજ પરિણતિ પર હૈ,...**' વીતરાગી દશા ઉપર એની દૃષ્ટિ છે. આહાહા..! એ પુણ્યની ક્રિયા ઉપર ધર્મીની દૃષ્ટિ નથી. આહાહા..! છતાં એ વ્યવહારને

કારણ કહેશે. વ્યવહારસમકિતને કારણ કહેશે એ તો નિમિત્તનું કથન. આહાહા..! બહુ માર્ગ, બાપા! વર્તમાનમાં તો આખા સંપ્રદાયમાં આખી વાત જ ફેરફાર થઈ ગઈ છે. વીતરાગ માર્ગને ઠેકાણે અજૈનને જૈન મનાવી દીધું છે. અને લોકોને નવરાશ ક્યાં છે બિચારાને રળવા આડે. આખો દિ' દુકાન, બાયડી, છોકરામાં.. ધંધા આદિમાં નવરો કે દિ'? આઠ, દસ-બાર કલાક એમાં જાય, છ કલાક ઊંઘમાં જાય. આહાહા..! બે-ત્રણ કલાક ખાવામાં જાય. થોડો વખત મળે સાંભળવામાં ત્યાં આવું સાંભળે. તમને આ પુણ્યથી ધર્મ થાશે, દયા, દાનથી ધર્મ થશે. હવે બિચારા શું કરે એ? આહાહા..! સંસારના પાપ આડે એને નવરાશ ક્યાં છે? આહાહા..! આ ધંધો કર્યો, આ પૈસા મળ્યા, આ ધૂળ મળી.

મુમુક્ષુ :- 'સોનગઢ'માં આવે તો કામ થઈ જાય.

ઉત્તર :- પૈસામાં? શેનું કામ થઈ જાય?

મુમુક્ષુ :- બેય કામ થઈ જાય.

ઉત્તર :- એની દૃષ્ટિ કરે તો ધર્મ થાય અને એમાં પુણ્ય અંદર આવે તો એને પુણ્ય બંધાય. આહાહા..! એ તો ખુલાસો થઈ ગયો છે, નહિ? કેટલાક તો કહે છે, ભાઈ! આ મહારાજની લાકડી ફરે તો પૈસા થાય છે. ઘણા પૈસાવાળા હોય ને અહીં એટલે... લાકડી તો હાથમાં પરસેવો થાય અને આ ન અડાય એ માટે (રાખીએ) છીએ. આહાહા..! જાદુ છે એમાં, એમ કહે છે. એક ભાઈ આવ્યા હતા 'ઉમરાળા'થી. ... ભાઈ આપણા 'બલુભાઈ'ના .. 'આટકોટ'માં 'નારણશેઠ'ના દીકરા. એ સ્થાનકવાસી છે. શેઠિયા કુટુંબમાં. એ ભાઈ આવ્યા હતા અહીં. ભત્રીજો આવ્યો ને એટલે બોલાવ્યા હતા. એને અંદરમાં (એમ હતું કે) મહારાજ કાંઈ લાકડી ફેરવી દે તો. અમે સ્થાનકવાસી છીએ. હમણા આવ્યા હતા. આ છે ને ડોક્ટર? 'આટકોટ'વાળા. એની ફઈબા. એ સ્થાનકવાસી પાકા. એના છોકરા પાકા વિરોધી. શેઠિયા કુટુંબમાંથી ત્યાં છે 'ઉમરાળા', સ્થાનકવાસી. પણ અહીં આવ્યા તો કહે, મહારાજ પાસે જઈએ અને કાંઈ લાકડી ફેરવીને પાછા જાદુગરી કરે તો? ભાઈ! અહીંયાં જાદુગરી (કેવી)? અહીં તો તત્ત્વજ્ઞાનની જાદુગરી છે. આહાહા..! બરાબર તત્ત્વજ્ઞાન સમજે, સાંભળે તો એની દૃષ્ટિ ફરી જાય. સંપ્રદાયની દૃષ્ટિ ફરી જાય. આહાહા..!

અહીં કહે છે.. આહાહા..! 'રામ', પાંડવો, 'ભરત' અને 'સગર' આદિ ચક્રવર્તીઓ. 'ભરત', 'સગર' ચક્રવર્તી હતા. 'રામ' એ બળદેવ હતા, પાંડવો યોદ્ધાઓ હતા. મહાન પુરુષો... આહાહા..! એમણે વિષયકષાયના નાશ (માટે) '**શ્રીપંચપરમેષ્ઠીકે ગુણોંકા સ્મરણ કરતે હૈં,...**' શુભભાવ. પાપના નાશ માટે. પાપ ન થાય એ માટે. '**દાન પૂજાદિક કરતે હૈં, પરંતુ ઉનકી દૃષ્ટિ કેવલ નિજ પરિણતિ પર હૈ,...**' આત્મા ઉપર છે એની દૃષ્ટિ. આહાહા..! શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ (ઉપર એની દૃષ્ટિ છે). 'ભરત' ચક્રવર્તી છ ખંડના ધણી. આહાહા..! એને ઘરે છન્નું હજાર તો સ્ત્રી, સોળ હજાર તો દેવ સેવા કરે. એની દૃષ્ટિ ત્યાં નહોતી. આહાહા..! એ પુણ્યભાવ કરે એની દૃષ્ટિ પણ પુણ્ય ઉપર નહોતી એમ કહે છે. આહાહા..! માર્ગ, બાપુ! ધર્મનો એવો માર્ગ છે. એ વીતરાગનો હોં! પાછો. જિનેશ્વરદેવ

એનો માર્ગ કોઈ અલૌકિક છે. લોકોએ લૌકિક જેવો કરી નાખ્યો સાધારણ. બસ, એક સામાયિક કરે, પોષો કરે એટલે થઈ ગયો ધર્મ. 'જાદવજીભાઈ'! એવું હતું. આ બધા ત્યાંના અગ્રેસર. 'કલકતા'માં સ્થાનકવાસી. નહિ? સામાયિક કરે, સાંજે પડિકમણું એક કરે, રાત્રે ચોવિહાર કરે, આહાર ન કરે, થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી. એ ધર્મ કેમ થાય એની ખબરું નથી. આહાહા..!

ત્રણલોકનો નાથ ચિદાનંદ ભગવાન બિરાજે છે અંદર. એની અંતર દૃષ્ટિ વિના ... ધર્મ નહિ. અને તે ધર્મીને પુણ્ય આવે. પાપને છેદવા માટે. છતાં .. પરિણતિ પર ... આહાહા..!... એટલું. .. એનો ખુલાસો પોતે કર્યો. '**पञ्चपरमेष्ठिभक्त्यादिपरिणतानां कुटुम्बिनां पलालवदनीहितं पुण्यमास्रवतीति**' ઈચ્છા વિના એને પુણ્ય થાય છે. એ પુણ્યની ઈચ્છા નથી. કમજોરીથી આર્ત-રૌદ્રધ્યાન છેદવા માટે એવા દાન, પૂજા, વ્રત આદિના ભાવ હોય છે. આહાહા..! પરવસ્તુ ઉપર બુદ્ધિ નથી. આહાહા..! બહુ ટૂંકું કરી નાખ્યું. ધર્મીને એ જાતના પુણ્યના ભાવમાં આવે છે, પણ એની દૃષ્ટિ પુણ્ય ઉપર નથી. આહાહા..! તેમ જેને આહાર-પાણી આપે છે, પૂજા કરે એના ઉપર એની દૃષ્ટિ નથી. આહાહા..! દૃષ્ટિ પરમાત્મા પોતે શુદ્ધ ચૈતન્યઘન, એ નિજ પરિણતિ ઉપર નિજ સ્વભાવ ઉપર જેની દૃષ્ટિ છે. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! ઓલું આવું ક્યાં સાંભળ્યું હતું ત્યાં બધું? થોથે થોથા હતું બધું.

ભાઈ! તારો ધર્મનો ઉપાય ક્યો કહેવાય? આહાહા..! જેને ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ અમૃત અતીન્દ્રિય આનંદના રસનો સરોવર, કુંડ પ્રભુ છે. આહાહા..! અરે..! કેમ એને બેસે? એની દૃષ્ટિ થતાં એને વીતરાગી પરમાનંદનો અંશ સ્વાદ આવે (છે) અને તેથી તે વીતરાગી પરમાનંદનો અભિલાષી છે. ઈચ્છા થાય છે એનો અભિલાષી નથી. આહાહા..! પુણ્યનો અભિલાષી નથી, એમ કહે છે. અનિહિત વૃત્તિએ, રુચિ વિના એ પરિણામ આવે છે. આહાહા..!

'**ઉનકી દૃષ્ટિ કેવલ નિજ પરિણતિ પર હૈ, પર વસ્તુપર નહીં હૈ.**' એ પંચપરમેષ્ઠી ઉપર પણ એની નજર નથી, દૃષ્ટિ ત્યાં નથી. એ તો પરવસ્તુ છે. પંચપરમેષ્ઠી પણ પરવસ્તુ છે. એ કાંઈ સ્વવસ્તુ નથી. આહાહા..! ધર્મીની દૃષ્ટિ તો સ્વવસ્તુ ઉપર છે, પરવસ્તુ ઉપર નથી. આહાહા..! કેટલું (સ્પષ્ટ કથન છે)! '**પંચપરમેષ્ઠીકી ભક્તિ આદિ શુભ ક્રિયાકો પરિણત હુએ..**' પાંડવો, 'રામ', 'ભરત'. '**ભરત આદિક હૈં, ઉનકે બિના ચાહે પુણ્યપ્રકૃતિકા આસ્રવ હોતા હૈ.**' આહાહા..! ચાહના નથી, અભિપ્રાય, ભાવ નથી. છતાં એને એ જાતની પુણ્યપ્રકૃતિ બંધાય છે, આસ્રવ આવે છે. આહાહા..! બહુ થોડામાં ઘણું નાખ્યું છે. '**બિના ચાહે પુણ્યપ્રકૃતિકા આસ્રવ હોતા હૈ.**' હવે દૃષ્ટાંત આપે છે.

'**જૈસે કિસાનકી દૃષ્ટિ અન્ન પર હૈ,...**' ખેડુ ખેડુ અનાજ વાવે એની દૃષ્ટિ અનાજ ઉપર છે, ખડ ઉપર નથી. આહાહા..! સો કળશી અનાજ થાય ત્યાં સો ભરોટા ખડ થાય. ખડ-

ખડ સમજ્યા ને? ઘાસ. પણ એની દૃષ્ટિ અનાજ ઉપર છે. અનાજ કેટલું પાક્યું? ડુંડા કેટલા થયા? આહાહા..! એમ ધર્મીની દૃષ્ટિ નિજ વસ્તુ ઉપર છે. એમ આ વચ્ચે ખડ થાય છે. .. ઘાસ. આહાહા..! આવું છે. પુણ્યની અભિલાષા નથી, અનિહિત વૃત્તિએ પ્રકૃતિનો આસ્રવ આવે છે એને. આહાહા..! તેમ એ પુણ્ય પરિણામનો કર્તા નથી કે મારું કર્તવ્ય છે માટે કરું. એમ પણ નથી. આહાહા..! છતાં અનિહિત વૃત્તિએ એ શુભભાવ થાય તેથી પુણ્યાસ્રવ આવે. આહાહા..! કેટલી શરતું છે આ!

ધર્મીજીવની કેટલી શરતું! ધર્મીને વીતરાગ પરમાનંદરૂપ મોક્ષસુખનો પ્યાસી, પાપના નાશ માટે તેવા પુણ્યના ભાવ આવે, છતાં એ એનો આસ્રવ આવે એ અનિહિત વૃત્તિએ છે. બપોરે તો એમ કહ્યું હતું કે સમકિતીને આસ્રવ છે જ નહિ. એ તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ-મોહની અપેક્ષાએ વાત હતી. અહીં તો થોડો જે છે ને, જેટલો રાગ આવે, મુનિને પણ પંચમહાવ્રત આવે, એટલો એને આસ્રવ આવે છે. આહાહા..! ..પૂર્ણાનંદના નાથની પ્રતીતિ થવી તે ધર્મ છે. આહાહા..!

‘**જૈસે કિસાનકી દૃષ્ટિ અન્ન પર હૈ, તૃણ ભૂસાદિ પર નહીં હૈ.**’ એ તૃણ અને ભૂસા-છિલકા, એના ઉપર ખેડુતની દૃષ્ટિ નથી. આહાહા..! ‘**બિના ચાહા પુણ્યયકા બંધ સહજમેં હી હો જાતા હૈ.**’ આહાહા..! રુચિ વિના, ચાહના વિના (પુણ્યબંધ) દાન, પૂજામાં થઈ જાય છે. આહાહા..! ‘**વહ ઉનકો સંસારમેં નહીં ભટકા સકતા હૈ.**’ એ પુણ્યાસ્રવ છે એ એને સંસારમાં ભટકાવશે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ચારિત્રમાં..

ઉત્તર :- ચારિત્રમાં પણ .. ઈચ્છા નથી. કર્તાબુદ્ધિ નથી કીધું ને વચમાં આવે. પરિણતિમાં એવો શુભભાવ આવે, એનો આસ્રવ પણ આવે છે. આહાહા..! એ તો કહ્યું ને, વીતરાગી પરમાનંદનો પ્યાસી છે. અતીન્દ્રિય આનંદ જેને સ્વાદમાં આવ્યો છે આત્મા. આહાહા..! જેને ઈન્દ્રના ઈન્દ્રાસનમાં કરોડો અપ્સરામાં પણ જે સુખ છે એ તો ઝેર છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો આ ધાનના ઢોકળા શરીર છે. ધાન સરખું ખાય તો શરીર ઠીક રહે અને બે-ચાર દિ’ સરખું (ન) રહે, તાવ આવ્યો ને અન્ન પચતું ન હોય, ઊલટી થઈ તો આ..આ.. શરીર થઈ જાય. આ તો ઈન્દ્રના ઈન્દ્રાસનો અને ઈન્દ્રાણીઓ જેને અનાજનો ખોરાક નથી. જેને (અમૃતના ઓડકાર) છે. આહાહા..! એના ભોગની પણ ઈચ્છા સમકિતીને નથી. સમજાણું કાંઈ? એમાં સુખબુદ્ધિ સમકિતીની ઊડી ગઈ છે. આહાહા..! આવી વાતું, બાપુ! .. બહુ. સંપ્રદાયમાં તો અપવાસ કરવો એ તપસ્યા, તપસ્યાથી નિર્જરા અને નિર્જરાથી ધર્મ. જાઓ. આહાહા..! અહીં પડિકમણા કરે એ સંવર અને દાનાદિ દ્યો એ પુણ્ય. અરે..રે..! ક્યાં બાપા! .. તને હજી? ધર્મ કેમ થાય અને ક્યાંથી થાય એની ખબરું ન મળે. એ તો બધી રાગની ક્રિયાઓ છે. સામાયિક, પોષા ને પડિકમણા ને એ બધા તો શુભરાગ છે. અને મિથ્યાત્વસહિત છે. એ ધર્મ થાય છે એમ માનીને (કરે તે) મિથ્યાત્વસહિત છે. આહાહા..!

અહીંયાં તો સમ્યગ્દષ્ટિને સુખના, આનંદના અભિલાષીને આર્ત રૌદ્રધ્યાન છેદવા માટે વ્રત આદિના, પૂજા આદિના ભાવ આવે, છતાં તેના ઉપર એની દૃષ્ટિ નથી. આહાહા..! એવા પુણ્યભાવનો એ સ્વામી પણ નથી. અરે..! આવી વાતું ભારે. આહાહા..!

જિનવર વીતરાગ પરમેશ્વર જિનવરનો ધર્મ અલૌકિક છે. લોકોને સાચો (ધર્મ) સાંભળવા મળ્યો નથી. કરે તો ક્યાંથી? સાંભળવા મળ્યો નથી એને (કે) શું કહેવાય ધર્મ? આહાહા..! જિનવરધર્મ તો વીતરાગી અનંતસુખનો અભિલાષી તેને જિનવરધર્મ કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? એને આ પૂજા, ભક્તિ હોય છે. ગુણસ્મરણ ભગવાનનું હોય છે. એમાં એને પુણ્યનો આસ્રવ આવે છે. પણ અનિહિત વૃત્તિએ. આહાહા..! જેમ શુક્લધ્યાનમાં રાગ છે તો ભેદ છે ઘણા. પણ એ અનિહિત વૃત્તિએ. ૪૨ ભેદ લીધા છે ને શુક્લધ્યાનના? એ ભેદ કાંઈ ધ્યાન નથી. પણ રાગ બાકી છે એટલે એમાં ભેદ પડી જાય છે. આહાહા..! અનિહિત વૃત્તિએ અબુદ્ધિપૂર્વક આવે છે. ત્યાં અનિહિત વૃત્તિ શબ્દ છે. આહાહા..!

મુમુક્ષુ :- આત્મા ...

ઉત્તર :- કહેવું કોને તપ? આનંદનો નાથ ભગવાન છે તેમાં લીન થવું. ઈચ્છાની ઉત્પત્તિ ન થાય અને તપતે. સોનું જેમ ગેરુ આપવાથી ઓપે, એમ ભગવાન આનંદનો નાથ આનંદથી ઓપે-શોભે. અતીન્દ્રિય આનંદની દશાથી શોભે તેને તપ કહીએ. આ તો બધી લાંઘણ છે. સમજાણું કાંઈ? નહોતી તપની વ્યાખ્યા કરી? .. લક્ષણ. તપનું લક્ષણ. '**શરીર, પરિગ્રહ, ભોગ, કુટુંબ, ઈષ્ટ મિત્ર, શત્રુ, પરજ્ઞેયોકો છોડના, યાનિ ઉસમેં મમતારહિત પરિણતિ હોના તથા ઉનમેં તૃષ્ણા રહિત હોના ઔર અપને સ્વભાવમેં સ્થિરતા હોના, અપના આનંદમેં સ્થિરતા હોના ઐસી તપસ્યા તપ કહલાતી હૈ.**' 'આત્માવલોકન'. દયા કોને કહેવી, વ્યાખ્યા કરી હતી એક ફેરી. પરજીવની દયા એ દયા નહિ. પરની દયા કોણ પાળી શકે? દયા એને કહીએ, જોયું! '**સ્વભાવમેં સ્થિરતા હોના...**' આનંદસ્વરૂપ ભગવાનમાં જામી જવું એનું નામ તપસ્યા છે. વ્યાખ્યા પણ જુદી રીતે. આહાહા..!

દયાનું લક્ષણ. '**વિકારમય પરિણામોં દ્વારા અપને નિજસ્વભાવકા ઘાત નહિ કરના.**' પુણ્ય, દયા, દાન, વ્રત એ બધો વિકારભાવ છે. આહાહા..! '**વિકારમય પરિણામોં દ્વારા અપને નિજસ્વભાવકા ઘાત નહિ કરના તથા અપને સ્વભાવકા પાલન કરના વહ દયા હૈ.**' વીતરાગી સ્વભાવ ભગવાનઆત્માનો, એ વીતરાગીપણાનું પાલન કરવું એ દયા છે. આહાહા..! આ તો કહે, પરની દયા પાળવી એ દયા છે અને દયા છે તે ધર્મ છે. ધૂળેય નથી. 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ...' 'જાદવજીભાઈ'! 'અનંતા જીવ મુક્તિએ ગયા દયાતણાં (ફલ જાણ)' એ દયા નહિ, બાપુ! તું માને એ નહિ. આહાહા..! આ દયા. છે?

'**यत् निजस्वस्वभावं विकारभावेन न घातयति न हिनस्ति, निजस्वभावं पालयति तदेव (सैव) दया।**' આહાહા..! ઓલા દયા .. દયા પાળી શકું, પરદયા પાળવાનો ભાવ થાય એ રાગ છે અને હિંસા છે. આહાહા..! એમાં ઘણી બધી વાત છે, હોં! દાનની વ્યાખ્યા કરી,

ધર્મનું લક્ષણ બધું ઘણું કહ્યું... વ્રતનું લક્ષણ. '**ઇન્દ્રિયમન ઔર ભોગાદિકકો ઓર જાનેસે અપને પરિણામોંકા રોકના વહ વ્રત કહલાતા હૈ.**' ઇન્દ્રિય તરફનો વિકલ્પ રોકવો, અંતરમાં આવવું એનું નામ વ્રત છે. આહાહા..! 'આત્માવલોકન' છે એક ચોપડી.

'**વે તો શિવપુરીકે હી પાત્ર હૈં.**' આહાહા..! 'રામ' બળદેવ, ચક્રવર્તી 'ભરત', 'સગર' ચક્રવર્તી, પાંડવો એ બધા શિવપુરીના... આહાહા..! પાત્ર છે. શિવપુરી-મોક્ષપુરી. જેમાં કાંઈ ઉપદ્રવ નથી અને અતીન્દ્રિય આનંદની દશા છે એવી શિવપુરી પરમાનંદની દશા મોક્ષ, એના એ પાત્ર છે. પાછા '**શિવપુરી કે હી પાત્ર હૈં.**' એમ લીધું, જોયું! આહાહા..! .. આવ્યો એનો અર્થ કર્યો. આહાહા..!

---

**अथ देवशास्त्रमुनीनां योऽसौ निन्दां करोति तस्य पापबन्धो भवतीति कथयति –**

**१८९) देवहं सत्थहँ मुणिवरहँ जो विद्देसु करेइ।**
**णियमें पाउ हवेइ तसु जें संसारु भमेइ।।६२।।**

**देवानां शास्त्राणां मुनिवराणां यो विद्वेषं करोति।**
**नियमेन पापं भवति तस्य येन संसारं भ्रमति।।६२।।**

**देवहं इत्यादि। देवहं सत्थहं मुणिवरहं जो विद्देसु करेइ देवशास्त्रमुनीनां साक्षात्पुण्यबन्धहेतुभूतानां परंपरया मुक्तिकारणभूतानां च योऽसौ विद्वेषं करोति। तस्य किं भवति। णियमें पाउ हवेइ तसु नियमेन पापं भवति तस्य। येन पापबन्धेन किं भवति। जें संसारु भमेइ येन पापेन संसारं भ्रमतीति। तद्यथा। निजपरमात्मपदार्थोपलम्भरुचिरूपं निश्चयसम्यक्त्वकारणस्य तत्त्वार्थश्रद्धानरूपव्यवहारसम्यक्त्वस्य विषयभूतानां देवशास्त्रयतीनां योऽसौ निन्दां करोति स मिथ्यादृष्टिर्भवति। मिथ्यात्वेन पापं बध्नाति, पापेन चतुर्गतिसंसारं भ्रमतीति भावार्थः।।६२।।**

---

**आगे देव-शास्त्र-गुरुकी जो निंदा करता है, उसके महान् पापका बंध होता है, वह पापी पापके प्रभावसे नरक निगोदादि खोटी गतिमें अनंतकाल तक भटकता है –**

**गाथा – ६२**

**अन्वयार्थ :– [ देवानां शास्त्राणां मुनिवरणां ] वीतरागदेव, जिनसूत्र और निर्ग्रंथमुनियोंसे [ यः ] जो जीव [ विद्वेषं ] द्वेष [ करोति ] करता है, [ तस्य ] उसके [ नियमेन ] निश्चयसे [ पापं ] पाप [ भवति ] होता है, [ येन ] जिस पापके कारणसे वह जीव [ संसारं [ संसारमें ] भ्रमति ] भ्रमण करता है। अर्थात् परम्पराय मोक्षके कारण और साक्षात् पुण्यबंधके कारण जो देव-शास्त्र-गुरु हैं, इनकी जो निंदा करता है, उसके नियमसे पाप होता है, पापसे दुर्गतिमें भटकता है।**

**भावार्थ :- निज परमात्मद्रव्यकी प्राप्तिकी रुचि वही निश्चयसम्यक्त्व, उसका कारण तत्त्वार्थश्रद्धानरूप व्यवहारसम्यक्त्व, उसके मूल अरहंत देव, निर्ग्रन्थ गुरु, और दयामयी धर्म, इन तीनोंकी जो निंदा करता है, वह मिथ्यादृष्टि होता है। वह मिथ्यात्वका महान् पाप बाँधता है। उस पापसे चतुर्गति संसारमें भ्रमता है।।६२।।**

હવે, દેવ, ગુરુ, શાસ્ત્રની નિંદા કરે છે તેને પાપબંધ થાય છે, એમ કહે છે :

**ભાવાર્થ : નિજ પરમાત્મપદાર્થની પ્રાપ્તિની રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વના કારણભૂત અને તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ વ્યવહારસમ્યક્ત્વના વિષયભૂત દેવ, શાસ્ત્ર અને યતિની જે નિંદા કરે છે તે મિથ્યાદષ્ટિ છે. મિથ્યાત્વથી તે પાપ બાંધે છે. પાપથી તે ચારગતિરૂપ સંસારમાં ભમે છે. ૬૨.**

## ગાથા-૬૨ ઉપર પ્રવચન

હવે. ૬૨ ગાથા. '**દેવ-શાસ્ત્ર-ગુરુકી જો નિંદા કરતા હૈં, ઉસકે મહાન પાપકા બંધ હોતા હૈ,...**' સર્વજ્ઞદેવ પરમેશ્વર જિનવરદેવ પરમાત્મા, ગુરુ, નિર્ગ્રંથ સંત, મુનિ, દિગંબર મુનિ જેની દશા ત્રણ કષાયના અભાવની અંતર છે એવા ગુરુ, એની અને શાસ્ત્ર-ભગવાનના કહેલા શાસ્ત્ર. ચારેય અનુયોગો ભગવાનના કહેલા છે. સમજાય છે કાંઈ? દેવ-શાસ્ત્ર-ગુરુની નિંદા કરે છે '**ઉસકે મહાન પાપકા બંધ હોતા હૈ,...**' આહાહા..! સમકિત સહિત વિનય છે તેને પુણ્યબંધ થાય છે અને જે અવર્ણવાદ બોલે, નિંદા કરે... આહાહા..! પંચપરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ, જેને ઈન્દ્રો .. ભગવાન થઈ ગયા એ. અમને આપે તો નહિ કાંઈ. .. કહે કે તમને તમારાથી ધર્મ થાશે, અમારાથી નહિ થાય. નિમિત્તપણાનો અર્થ કે એ કાંઈ કરતો નથી. આહાહા..!

એક નહોતું કીધું? 'ટી. જી. શાહ' નહોતા 'વઢવાણ'ના? 'ટી. જી. શાહ'. 'મુંબઈ'માં છે ને ભાઈનો બંગલો. એ તો ગુજરી ગયા. એની દીકરી ખ્રિસ્તીમાં પરણી છે. એ અહીં બોલતા હતા એકવાર. અમારી પાસે આવ્યા હતા. 'હીરાભાઈ'ના મકાનમાં. એમ પૂછ્યું. લૌકિક માણસ. બહારની પ્રવૃત્તિના રસિયા. ધર્મ શું કાંઈ ખબર ન મળે. મહારાજ! આ સિદ્ધ ભગવાન શું કરે? મોક્ષ જઈને શું કરે? કીધું, આત્માનો આનંદ અનુભવે. કોઈનું કાંઈ કરે કે નહિ? કોઈનું કાંઈ ન કરે. એ સિદ્ધપણું શું કામનું? કોઈનું કાંઈ ન કરે (તો). એમ કહેતા. અહીં 'હીરાભાઈ'ના મકાનની વાત છે. ૯૨-૯૩ની વાત હશે. (સંવત) ૧૯૯૧-૯૨-૯૩ 'હીરાભાઈ'ના મકાનમાં આવ્યા હતા. અહીં આવ્યા હતા પછી. આહાહા..!

શું કરે આ? સિદ્ધ ભગવાન પૂર્ણ (આનંદની) પ્રાપ્તિ (થયા) પછી પૂર્ણ દશા, પૂર્ણ વીર્ય

(પ્રગટ થયું) એ શું કરે? કોઈનું કાંઈ કરે? કીધું, કોઈનું હરામ કરે નહિ. એ તો પોતાના અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે. 'પ્રવચનસાર'માં નથી આવ્યું? કેવળી શેનું ધ્યાન કરે? એ તો ત્રણકાળ ત્રણલોકને જાણે છે. એ ધ્યાન કોનું કરે? ત્યારે આચાર્ય કહે છે કે એ ધ્યાન કરે આત્માના આનંદનું. 'પ્રવચનસાર'માં આવે છે. અતીન્દ્રિય આનંદનું ધ્યાન કરે, અનુભવે ઈ. આહાહા..! 'પ્રવચનસાર'માં.

**'દેવ-શાસ્ત્ર-ગુરુકી જો નિંદા કરતા હૈ, ઉસકે મહાન પાપકા બંધ હોતા હૈ, વહ પાપી પાપકે પ્રભાવસે નરક નિગોદાદિ ખોટી ગતિમેં અનંતકાલ તક ભટકતા હૈ.'** આહાહા..! એ ૬૨.

**૧૮૯) देवहं सत्थहँ मुणिवरहँ जो विद्देसु करेइ।**
**णियमें पाउ हवेइ तसु जें संसारु भमेइ।।६२।।**

**અન્વયાર્થ :- 'વીતરાગદેવ,...'** સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્મા. **'જિનસૂત્ર...'** જિનસૂત્ર. ભગવાનના કહેલા શાસ્ત્રો. **'નિર્ગ્રંથમુનિયોંસે...'** જોયું! નિર્ગ્રંથ મુનિઓ. જેને રાગની એકતામાંથી તો નીકળી ગયા છે પણ રાગની અસ્થિરતામાંથી નીકળી ગયા છે. આહાહા..! એ મુનિ તો દિગંબર હોય, નગ્ન. અંતરમાં ત્રણ કષાયથી નીકળી ગયા છે. વીતરાગપણું જેને પ્રગટ્યું છે. આહાહા..! એવા નિર્ગ્રંથ મુનિઓ. નિર્ગ્રંથ-ગ્રંથ જેને નથી. વસ્ત્રનો કટકો નહિ બહારમાં અને અંદરમાં રાગનો અંશ નહિ. આહાહા..! એવી જે નિર્ગ્રંથદશા, એ મુનિઓ.

**'જો જીવ દ્વેષ કરતા હૈ,...'** આહાહા..! **'ઉસકે નિશ્ચયસે પાપ હોતા હૈ,...'** ધર્મ તો નથી પણ પુણ્ય પણ નથી અને પાપ એકલું કરે એ તો. **'જિસ પાપકે કારણસે વહ જીવ સંસારમેં ભ્રમણ કરતા હૈ.'** લ્યો. આહાહા..! કેવા છે એ ..? વીતરાગદેવ, હોં! અરિહંત દેવ. એ સિવાય કોઈ દેવ નથી. આ પદ્માવતી દેવ અને જૈનશાસનના સેવકો દેવ ને, એ નહિ. તેમ ચાર ગતિમાંથી દેવ(ગતિ)ના દેવ એ નહિ. આહાહા..! અરિહંતદેવ વીતરાગ જેણે વિકારભાવને હણી અને વીતરાગતા પૂર્ણાનંદની દશા જેણે પ્રગટ કરી છે. એવા વીતરાગ દેવ અને ગુરુ નિર્ગ્રંથ મુનિ અને શાસ્ત્રો. એ **'પરંપરાય મોક્ષકે કારણ...'** નિમિત્ત. **'સાક્ષાત્ પુણ્યબંધકે કારણ...'** જોયું! દેવ-ગુરુ-શાસ્ત્ર તો સાક્ષાત્ પુણ્યબંધનું કારણ (છે). પરદ્રવ્ય છે ને? **'પુણ્યબંધકે કારણ જો દેવ-શાસ્ત્ર-ગુરુ હૈં, ઈનકી જો નિંદા કરતા હૈ,** આહાહા..! **ઉસકે નિયમસે પાપ હોતા હૈ, પાપસે દુર્ગતિમેં ભટકતા હૈ.'** દુર્ગતિમાં (ભટકે).

**ભાવાર્થ :- 'નિજ પરમાત્મદ્રવ્યકી પ્રાપ્તિકી રુચિ વહી નિશ્ચયસમ્યક્ત્વ,...'** હવે કહે છે કે સમકિતના બે પ્રકાર-નિશ્ચય અને વ્યવહાર. નિજ પરમાત્મદ્રવ્ય આ ભગવાનઆત્મા પોતાનો પૂર્ણ પરમાત્મા. પોતે પરમાત્મા જ છે અંદર. આહાહા..! નિજ પરમાત્મદ્રવ્ય. ભગવાન પરમાત્મદ્રવ્ય એ તો પર છે. એ તો પુણ્યબંધનું કારણ છે. **'નિજ પરમાત્મદ્રવ્યકી પ્રાપ્તિકી રુચિ...'** પરમાત્મદ્રવ્યની પ્રાપ્તિની રુચિ **'વહી નિશ્ચયસમ્યક્ત્વ,...'** છે. એ સત્ય

સમકિત છે. આહાહા..! પૂર્ણ વીતરાગ પરમાનંદ સ્વરૂપ પોતે છે. સ્વરૂપ એનું દ્રવ્યસ્વરૂપ જ એવું છે. નિજ પરમાત્માની... આહાહા..! પરમાત્મ દ્રવ્ય, પરમાત્મ દ્રવ્ય એટલે વસ્તુ, એની રુચિ. આહાહા..! પરમાત્મ પદાર્થ, પરમાત્મ નિજદ્રવ્ય.. આહાહા..! એની '**પ્રાપ્તિકી રુચિ નિશ્ચયસમ્યક્ત્વ, ઉસકા કારણ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ વ્યવહારસમ્યક્ત્વ,...**' એ નિમિત્તથી કથન છે. વ્યવહારસમકિત એ તો ઉપચારિક કથન છે. એ સમકિત છે નહિ, સમકિતની પર્યાય છે જ નહિ. પણ નિશ્ચય આત્માના સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટી છે તેને આ તત્ત્વાર્થશ્રદ્ધાનો વ્યવહારનો જે વિકલ્પ છે એમાં આરોપ કરીને વ્યવહારસમકિત કહ્યું. છે તો રાગ. સમજાણું કાંઈ? આહા..!

મુમુક્ષુ :- રાગ મિશ્રિત નવ તત્ત્વ...

ઉત્તર :- મિથ્યાત્વ છે. નવ તત્ત્વ ભેદવાળા છે. ભેદવાળાની શ્રદ્ધા મિથ્યાત્વ છે. અહીં તો નિમિત્ત કારણ કહ્યું. ... નવ તત્ત્વનો સમકિત સહિત છે ને? એના નવ તત્ત્વ સમકિત કહ્યું. આહાહા..! એ તો પહેલી વાત કરી.

'**નિજ પરમાત્મદ્રવ્યકી પ્રાપ્તિકી રુચિ વહી નિશ્ચયસમ્યક્ત્વ, ઉસકા કારણ...**' એટલે છે એનું ... '**તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ વ્યવહારસમ્યક્ત્વ...**' આહાહા..! અને એ વ્યવહારસમકિતનું મૂળ '**ઉસકે મૂલ અરહંતદેવ,...**' નિશ્ચય સમકિતનું મૂળ અરિહંત દેવ છે. અરિહંત દેવ સિવાયના દેવ એ દેવ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**નિર્ગ્રંથ ગુરુ,...**' છે. વ્યવહાર સમકિતનું મૂળ કારણ નિર્ગ્રંથ ગુરુ. મુનિ દિગંબર સંત આત્માના આનંદમાં મસ્ત, અતીન્દ્રિય આનંદમાં મસ્ત વનવાસમાં (રહે) એ નિર્ગ્રંથ ગુરુ. એ વ્યવહાર સમકિતનું નિમિત્ત છે. '**और दयामयी धर्म,...**' વ્યવહારદયા, હોં! અહિંસા. '**ઈન તીનોંકી જો નિંદા કરતા હૈ, વહ મિથ્યાદૃષ્ટિ હોતા હૈ.**' આહાહા..! '**વહ મિથ્યાત્વકા મહાન પાપ બાંધતા હૈ.**' આહા..! આમાં વાંધો મોટો. દેવ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તે દેવ. એની .. કરનારા બધા જે જૈનશાસનના રક્ષકો કહે છે દેવ, એ દેવ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આ તો સ્વરૂપના દેવ છે. આહાહા..! જેને શક્તિ, દિવ્યશક્તિ છે સ્વરૂપમાં, પરમાત્મ સ્વરૂપ જ છે એની પર્યાયમાં પ્રાપ્તિ થઈ છે. આહાહા..!

મુમુક્ષુ :- ... રક્ષક છે.

ઉત્તર :- કોણ રક્ષક છે? એ પોતે છે પોતાનો રક્ષક. એ અત્યારે બધું .. દેવી ને જૈનશાસનનો રક્ષક કોણ? જૈનશાસન તો વીતરાગી ભાવ છે, એનો રક્ષક તો પોતે છે. રક્ષક કોણ હતો? વીતરાગીભાવના રક્ષક એ દેવ છે? જૈનશાસન .. 'સમયસાર'ની ૧૪-૧૫મી ગાથામાં ન આવ્યું? '**जो पस्सदि अप्पाणं**' .. અબદ્ધસ્પૃષ્ટ જાણે અંદર, મુક્તસ્વરૂપ જાણે... આહાહા..! સામાન્યને જાણે, સામાન્યને માને, અભેદને માને, વિષયકષાયના .. જૈનશાસન એ છે. એ જૈનશાસનની રક્ષા કોણ કરે? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જૈનશાસન... એ તો બધા બહારના વ્યવહાર છે. ક્યાં રહે? આત્માના શુદ્ધ ઉપયોગમાં જૈનશાસન રહે છે. આત્માનો શુદ્ધઉપયોગ એ જૈનશાસન છે. દયા, દાન, વ્રતના પરિણામ એ જૈનશાસન? એ તો રાગ છે. આહાહા..! બહુ ફેર છે, બાપુ! બધી વાતમાં. છે ને, ખબર છે ને, બધાની તો ખબર છે ને. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધર્માયતન તો અહીં આત્મા છે. ધર્મનું આયતન આત્મા છે. આ છ આયતન કહ્યા છે ને? છ આયતન નથી કહ્યા? એ તો વ્યવહાર છે. આહાહા..! ભાઈએ લખ્યું છે. છ આયતન-દેવ સેવા, ગુરુ પૂજા આદિ છ આયતન. એ આયતન તો વ્યવહાર છે, પુણ્ય છે. આયતન એટલે ધર્મનું સ્થાન એ તો આત્મા છે. મંદિર છે એ તો વ્યવહાર છે, એ તો બહાર છે. પુણ્યનું નિમિત્ત છે એ તો. આહાહા..!

**'વહ મિથ્યાત્વકા મહાન પાપ બાંધતા હૈ. ઉસ પાપસે ચતુર્ગતિ સંસારમેં ભ્રમતા હૈ.'** આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવ પુણ્યાદિ કરે અને .. સંસારમાં છૂટી જશે એને. અને મિથ્યાદૃષ્ટિ આવા પાપ કરે ... આહાહા..! એ પાપ કરીને સંસારમાં રખડશે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ पूर्वसूत्र द्वयोक्तं पुण्यपापफलं दर्शयति –**

**१६०) पावें णारउ तिरिउ जिउ पुण्णें अमरु वियाणु।**
**मिस्सें माणुस–गइ लहइ दोहि वि खइ णिव्वाणु।।६३।।**

**पापेन नारकः तिर्यग् जीवः पुण्येनामरो विजानीहि।**
**मिश्रेण मनुष्यगतिं लभते द्वयोरपि क्षये निर्वाणम्।।६३।।**

**पावें इत्यादि। पावें पापेन णारउ तिरिउ नारको भवति तिर्यग्भवति। कोऽसौ। जिउ जीवः पुण्णें अमरु वियाणु पुण्येनामरो देवो भवतीति जानीहि। मिस्सें माणुस–गइ लहइ मिश्रेण पुण्यपापद्वयन मनुष्यगतिं लभते। दोहि वि खइ णिव्वाणु द्वयोरपि कर्मक्षयेऽपि निर्वाणमिति। तद्यथा। सहजशुद्ध–ज्ञानान्दैकस्वभावात्परमात्मनः सकाशाद्विपरीतेन छेदनादिनारक–तिर्यग्गतिदुःखदानसमर्थेन पापकर्मोदयेन नारकतिर्यग्गतिभाजनो भवति जीवः। तस्मादेव शुद्धात्मनो विलक्षणेन पुण्योदयेन देवो भवति। तस्मादेव शुद्धात्मनो विपरीतेन पुण्यपापद्वयेन मनुष्यो भवति। विलक्षणेन पुण्योदयेन देवो भवति। तस्मादेव शुद्धात्मनो विपरीतेन पुण्यपापद्वयेन मनुष्यो भवति। तस्यैव विशुद्धज्ञानदर्शनस्वभावेन निजशुद्धात्मतत्त्वसम्यक्–श्रद्धानज्ञानानुष्ठानरूपेण शुद्धौपयोगेन मुक्तो भवतीति तात्पर्यार्थः। तथा चोक्तम् – 'पावेण णरयतिरियं गम्मइ धम्मेण देवलोयम्मि। मिस्सेण माणुसत्तं दोण्हं पि खएण णिव्वाणं।।'।।६३।।**

आगे पहले दो सूत्रोंमें कहे गये पुण्य और पाप फल हैं, उनको दिखाते हैं –

गाथा – ६३

अन्वयार्थ :– [ जीवः ] यह जीव [ पापेन ] पापके उदयसे [ नारकः तिर्यग् ] नरकगति और तिर्यंचगति पाता है, [ पुण्येन ] पुण्यसे [ अमरः ] देव होता है, [ मिश्रेण ] पुण्य और पाप दोनोंके मेलसे [ मनुष्यगति ] मनुष्यगतिको [ लभते ] पाता है, और [ द्वयोरपि क्षये ] पुण्य–पाप दोनोंके ही नाश होनेसे [ निर्वाणम् ] मोक्षको पाता है, ऐसा [ विजानीहि ] जानो।

भावार्थ :– सहज शुद्ध ज्ञानानंद स्वभाव जो परमात्मा है, उससे विपरीत जो पापकर्म उसके उदयसे नरक तिर्यंचगतिका पात्र होता है, आत्मस्वरूपसे विपरीत शुभ कर्मोंके उदयसे देव होता है, दोनोंके मेलसे मनुष्य होता है, और शुद्धात्मस्वरूपसे विपरीत इन दोनों पुण्य–पापोंके क्षयसे निर्वाण (मोक्ष) मिलता है। मोक्षका कारण एक शुद्धोपयोग है, वह शुद्धोपयोग निज शुद्धात्मतत्त्वके सम्यक् श्रद्धान ज्ञान आचरणरूप है। इसलिये इस शुद्धोपयोगके बिना किसी तरह भी मुक्ति नहीं हो सकती, यह सारांश जानो। ऐसा ही सिद्धान्त–ग्रन्थमें भी हरएक जगह कहा गया है। जैसे–यह जीव पापसे नरक तिर्यंचगतिको जाता है, और धर्म (पुण्य) से देवलोकमें जाता है, पुण्य–पाप दोनोंके मेलसे मनुष्यदेहको पाता है, और दोनोंके क्षयसे मोक्ष पाता है।।६३।।

---

હવે, પૂર્વના બે સૂત્રોમાં કહેલા પુણ્ય અને પાપનું ફળ દર્શાવે છે :

ભાવાર્થ : સહજ શુદ્ધ જ્ઞાનાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્માથી વિપરીત નરકગતિ અને તિર્યંચગતિનાં છેદન આદિ દુઃખ દેવામાં સમર્થ એવા પાપકર્મના ઉદયથી જીવ નારકગતિનું અને તિર્યંચગતિનું ભાજન થાય છે, તે જ શુદ્ધ આત્માથી વિલક્ષણ એવા પુણ્યોદયથી દેવ થાય છે, તે જ શુદ્ધ આત્માથી વિપરીત પુણ્ય-પાપ દ્વયથી મનુષ્ય થાય છે અને વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા તે જ નિજ શુદ્ધ આત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ અનુષ્ઠાનરૂપ શુદ્ધોપયોગથી મુક્ત થાય છે. વળી કહ્યું પણ છે કે : 'पावेण णरयतिरियं गम्मइ धम्मेण देवलोयम्मि। मिस्सेण माणुसत्तं दोण्हं पि खएण णिव्वाणं।।' (અર્થ : આ જીવ પાપથી નરકગતિ અને તિર્યંચગતિમાં જાય છે. ધર્મથી અર્થાત્ પુણ્યથી દેવલોકમાં જાય છે, પુણ્ય પાપ બન્નેના મિશ્રણથી મનુષ્યપણું પામે છે અને બન્નેના ક્ષયથી નિર્વાણ પામે છે. ૬૩.

---

## વીર સંવત ૨૫૦૨, માગશર સુદ ૫, શુક્રવાર
## તા. ૨૬-૧૧-૧૯૭૬, ગાથા-૬૩-૬૪, પ્રવચન નં. ૧૪૩

'પરમાત્મપ્રકાશ' ૬૩મી ગાથા છે. ૬૦ અને ૩. શું કહે છે? **'આગે પહલે દો સૂત્રોંમેં કહે ગયે પુણ્ય ઔર પાપ ફલ હૈં, ઉનકો દિખાતે હૈં-'** શું કહે છે? અરિહંતદેવ, વીતરાગી નિર્ગ્રંથ સંત મુનિ અને શાસ્ત્રની ભક્તિ કરે છે એ પુણ્ય બાંધે છે. ધર્મ નહિ. દેવ-ગુરુ-શાસ્ત્ર પરવસ્તુ છે ને? એની ભક્તિ કરે છે એ પુણ્ય બાંધે છે અને અરિહંત વીતરાગદેવ, ગુરુ નિર્ગ્રંથ વીતરાગી સંત અને શાસ્ત્ર-વીતરાગે કહેલા શાસ્ત્ર, એની નિંદા કરે છે તે પાપ બાંધે છે. હવે બેનું ફળ બતાવે છે. પુણ્યનું ફળ શું? અને પાપનું ફળ શું? સમજાય છે કાંઈ? બે ગાથા ગઈ. ૬૧ અને ૬૨.

૬૧માં એ કહ્યું કે સાચા વીતરાગ સર્વજ્ઞ જિનવરદેવ, જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાયા અને (એ) વીતરાગસ્વરૂપ છે, એની પ્રશંસા, ભક્તિ કરે છે તો પુણ્ય બાંધે છે. અને ગુરુ નિર્ગ્રંથ મુનિ વીતરાગી સંત, જેને પરમ પ્રચુર આનંદનું સંવેદન છે. પરમઆનંદનું પ્રચુર વેદન છે એવા નિર્ગ્રંથ સંત, એની ભક્તિમાં પુણ્ય બાંધે છે. અને ભગવાનના (કહેલા) શાસ્ત્ર-વાણીની ભક્તિ કરે છે એ પુણ્ય બાંધે છે. અને દેવ-ગુરુ-શાસ્ત્રની નિંદા કરે છે એ પાપ બાંધે છે. એનું ફળ હવે બતાવે છે. છે ને?

**'આગે પહલે દો સૂત્રોંમેં કહે ગયે પુણ્ય ઔર પાપ ફલ હૈં, ઉનકો દિખાતે હૈં-'**

**१६०) पावैं णारउ तिरिउ जिउ पुण्णैं अमरु वियाणु।**
**मिस्सैं माणुस-गइ लहइ दोहि वि खइ णिव्वाणु।।६३।।**

**અન્વયાર્થ :- 'યહ જીવ પાપકે ઉદયસે...'** જે દેવ-ગુરુ-શાસ્ત્રની નિંદા કરે છે, એના પાપને કારણે **'નરકગતિ ઔર તિર્યંચગતિ પાતા હૈ,...'** સમજાય છે કાંઈ? અને **'પુણ્યસે...'** દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિ કરવાથી જે પુણ્ય થાય છે એ પુણ્યથી શું ફળ મળે છે? **'દેવ હોતા હૈ,...'**આહાહા..! **'પુણ્યસે દેવ હોતા હૈ,...'**

મુમુક્ષુ :- મનુષ્યપણું ગયું.

ઉત્તર :- મનુષ્યપણું વચમાં પછી આવશે.

**'પુણ્ય ઔર પાપ દોનોંકે મેલસે મનુષ્યગતિકો પાતા હૈ,...'** આહાહા..! અહીંયાં તો ઈ સિદ્ધ કરવું છે કે સાચા દેવ અરિહંત વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વર અને નિર્ગ્રંથ વીતરાગી સંત, જેને છઠ્ઠે ગુણસ્થાને ત્રણ કષાયનો અભાવ થઈને અતીન્દ્રિય આનંદનું ઉગ્ર વેદન છે, એવા સંત મુનિ અને સર્વજ્ઞે કહેલા શાસ્ત્ર. સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિમાંથી રચાયેલા શાસ્ત્ર. એની જો ભક્તિ કરે છે તો પુણ્ય બંધાય છે. એનાથી ધર્મ થતો નથી. આહાહા..! એમ કહે છે.

મુમુક્ષુ :- આમાં નથી લખ્યું કે ધર્મ નથી.

ઉત્તર :- હમણાં આવે છે ને. આવે છે.

**'દેવ હોતા હૈ, પુણ્ય ઔર પાપ દોનોંકે મેલસે મનુષ્યગતિકો પાતા હૈ, ઔર પુણ્ય-પાપ દોનોંકે હી નાશ હોનેસે...'** આવ્યું? શુભ અને અશુભ બે ભાવ છે, એનો નાશ કરવાથી પોતાનો આત્મસ્વભાવ જે વીતરાગ પરમેશ્વરે જોયો છે, એવા વીતરાગસ્વભાવમાં શુદ્ધઉપયોગમાં રહે છે એને ધર્મ થાય છે. આહાહા..! ઝીણી વાત, ભગવાન! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- મોક્ષને પામે છે એમ લખ્યું છે, ધર્મ ક્યાં લખ્યું છે?

ઉત્તર :- એ ધર્મ મોક્ષનો ઉપાય છે. ચાર ગતિનો ઉપાય શુભાશુભ ભાવ છે તો મોક્ષનો ઉપાય શુદ્ધોપયોગ છે. શુભભાવ એ અશુદ્ધ ઉપયોગ છે. પણ શુભભાવથી પુણ્ય બંધાય છે અને પુણ્યબંધને કારણે સ્વર્ગ મળે છે અને પાપને કારણે, દેવ-ગુરુ-શાસ્ત્રની નિંદાના પાપને કારણે નરકયોનિ અને તિર્યંચયોનિ મળે છે. અને પાપ અને પુણ્યના મિશ્ર દશાથી મનુષ્યપણું મળે છે. મોક્ષ નથી થતો, એમ કહે છે. આહાહા..! બેયનો નાશ કરવાથી **'મોક્ષકો પાતા હૈ,...'** જુઓ! શુદ્ધ ઉપયોગથી મોક્ષ મળે છે. શુદ્ધ ઉપયોગ પુણ્ય ને પાપના બંને ભાવ અશુદ્ધ ઉપયોગ છે. અશુદ્ધ ઉપયોગથી તો બંધ થાય છે અને બંધથી ચાર ગતિ મળે છે. સમજાય છે કાંઈ? આહાહા..! અને એ શુભભાવથી ભિન્ન મારી ચીજ (છે), ઝીણી સૂક્ષ્મ વાત છે.

સમ્યગ્દર્શન કઈ રીતે થાય છે? કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરવાથી તો પુણ્ય બંધાય છે, સમ્યગ્દર્શન નથી થતું. સમ્યગ્દર્શન તો પોતાનો આત્મા શુદ્ધ ચિદાનંદ ધ્રુવ સ્વભાવ, **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'**. એ 'કુંદકુંદાચાર્યદેવ'ની ૧૧મી ગાથામાં એ કહ્યું કે, પુણ્ય-પાપથી ભિન્ન પડી, પોતાનો ત્રિકાળી સત્યાર્થ ભગવાન શુદ્ધાત્મા જે છે, એની દૃષ્ટિ કરવી એનું નામ શુદ્ધ ઉપયોગ, એમાં સમકિત છે. આહાહા..! ઝીણી વાત, બાપુ! વીતરાગમાર્ગ.. બીજે આવી વાત છે નહિ. જૈન પરમેશ્વર વીતરાગ, એમાં પણ દિગંબરધર્મ જૈનધર્મ એ વીતરાગનો માર્ગ છે. એ સિવાય કોઈ માર્ગ છે નહિ.

અહીંયાં તો એ કહ્યું કે જેને શુભભાવ અને અશુભભાવ થાય છે એને ચાર ગતિ મળે છે. જેને શુદ્ધભાવ થાય છે.. આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ પરમાત્મસ્વરૂપ છે. આગળ આવશે હમણાં. એ ચૈતન્યસ્વરૂપ જ, પરમાત્મસ્વરૂપ પોતાનું નિજ સ્વરૂપ છે. એની દૃષ્ટિથી શુદ્ધ ઉપયોગ થાય છે અને એ શુદ્ધ ઉપયોગ મોક્ષનું કારણ છે. આહાહા..! સૂક્ષ્મ વાત બહુ, ભાઈ! સમજાય છે કાંઈ? દેવ-ગુરુની ભક્તિ, જાત્રા એ બધો શુભભાવ છે, એ પુણ્યભાવ છે. પુણ્યભાવથી સ્વર્ગ મળે. એનાથી મોક્ષ ન મળે. એમ કહે છે. આહાહા..!

'પરમાત્મપ્રકાશ' 'યોગીન્દ્રમુનિ' દિગંબર ૧૩૦૦ વર્ષ પહેલાં થયા. 'કુંદકુંદાચાર્ય' ૨૦૦૦ વર્ષ પહેલાં સંવત ૪૯માં થયા. એ તો ભગવાન પાસે ગયા હતા. 'સીમંધર' ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે તેમની પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને

આ 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર' શાસ્ત્ર બનાવ્યા. ત્યારપછી ૭૦૦ વર્ષ પછી એક 'યોગીન્દ્ર' આચાર્ય, દિગંબર સંત વનવાસી થયા, એમણે આ 'પરમાત્મપ્રકાશ' બનાવ્યું. આહાહા..! મુનિઓ તો વનવાસમાં જ રહેતા હતા. આહા..! અને પોતાનો આત્મા આનંદસ્વરૂપ ભગવાન, એ આનંદના વેદનમાં રહેતા હતા. આહાહા..! સમજાય છે કાંઈ?

કાલે ઈ કહ્યું હતું ને? પાંચમી ગાથા. નહિ? 'કુંદકુંદાચાર્યે' કહ્યું કે, સર્વજ્ઞ પરમાત્મા જે 'મહાવીર' કેવળજ્ઞાની પરમાત્મા એ નિર્મળ વિજ્ઞાનઘન આત્મામાં નિમગ્ન હતા. આવ્યું હતું? પાંચમી ગાથામાં, 'સમયસાર'. એ સર્વજ્ઞ પરમેશ્વર 'મહાવીર' આદિ તીર્થંકરો, કેવળીઓ પોતાનો આત્મા નિર્મળ વિજ્ઞાનઘન અંદર છે... આહાહા..! વિજ્ઞાનઘન આત્મા અંદર નિર્મળ છે એમાં એ કેવળી નિમગ્ન હોય છે. અને નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન થાય એ મુનિ. પાંચમી ગાથામાં આવ્યું છે. ઠેઠ 'મહાવીર' ભગવાનથી માંડી અમારા ગુરુ, 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે કે અમારા ગુરુ કેવા હતા? કે નિર્મળ વિજ્ઞાનઘન ભગવાનમાં નિમગ્ન હતા. આહાહા..! આવ્યું ને પાંચમી ગાથામાં? કાલે બતાવ્યું હતું. આહાહા..!

એવા મુનિની પ્રશંસા, ભક્તિ આદિ કરે છે તો પુણ્યબંધ થાય છે. અને ભગવાને કહેલા શાસ્ત્ર-આ વાણી સર્વજ્ઞની કહેલી, આ પોણા ચાર લાખ અક્ષર કોતરાવ્યા છે ને, એ ભગવાનની વાણી છે, દિગંબર સંતોની. એ વાણીની ભક્તિ કરે તો પુણ્યબંધ થાય છે, નિંદા કરે તો પાપબંધ થાય છે. આહાહા..! અને પુણ્ય-પાપના બેય ભાવથી રહિત થઈને... આહાહા..! પોતાનો શુદ્ધ ચિદ્દ્ઘન આત્મામાં મગ્ન થાય છે, લીન થાય છે એટલો શુદ્ધઉપયોગ છે. તે મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ? 'શાંતિભાઈ'! આવી વાત છે.

ચાર ગતિ કેમ મળે છે? અને મોક્ષગતિ કઈ રીતે મળે છે? એ પાંચ ગતિની વાત છે. નરકયોનિ અને તિર્યંચયોનિ તો પાપથી મળે. અને મનુષ્યયોનિ મિશ્રથી મળે, દેવ પુણ્યથી મળે અને મોક્ષ શુદ્ધોપયોગથી મળે. આહાહા..! આવી વાત, ભાઈ! ઝીણી વાત, બાપુ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવની દિવ્યધ્વનિમાં આવ્યું છે એ આ વાત છે. સમજાણું કાંઈ? ઈ આવ્યું? '**द्वयोरपि क्षये**'. ક્યાં લખ્યું છે? 'ધન્નાલાલજી'! ગાથા નહિ, હેઠે શબ્દાર્થમાં. '**पुण्य-पाप दोनोंके नाश होनेसे मोक्षको पाता है, ऐसा...**' '**विजानीहि**' '**જાનો.**' આહાહા..! શબ્દાર્થમાં છે. શબ્દાર્થ છે ને?

ભગવાનઆત્મા શુદ્ધ ચિદ્દ્ઘન આનંદકંદ નિર્મળ વિજ્ઞાનઘન, એમાં દૃષ્ટિ કરીને એકાગ્ર થાય છે તો શુભાશુભભાવથી રહિત થાય છે. એવા ધર્મથી, એને શુદ્ધોપયોગ કહે છે, તેનાથી મુક્તિ થાય છે. આહાહા..! ભાષા તો સાદી છે, ભાવ ભલે ઊંચા હો. વસ્તુ તો આ છે. અનંત તીર્થંકરો, અનંત સર્વજ્ઞો દિવ્યધ્વનિ દ્વારા આ કહેતા આવ્યા છે. એ આ 'યોગીન્દ્રદેવ' કહે છે. એ તો પહેલા શબ્દાર્થ કહ્યો.

**ભાવાર્થ :-** '**સહજ શુદ્ધ જ્ઞાનાનંદ એક સ્વભાવ...**' ત્યાં એક શબ્દ રહી ગયો છે. સંસ્કૃતમાં છે, નીચે રહી ગયો છે. કેવો છે ભગવાનઆત્મા અંદર? આ દેહથી ભિન્ન છે, કર્મથી ભિન્ન છે અને પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ છે તેનાથી પણ ભિન્ન ભગવાન છે. આહાહા..!

નવ તત્ત્વ છે ને? તો નવ તત્ત્વમાં જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એ તો પુણ્યાસ્રવ, પુણ્ય છે. અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, એ પાપ છે. એ પાપતત્ત્વ છે. પેલું પુણ્યતત્ત્વ છે. બેય આસ્રવતત્ત્વ છે અને ભગવાનઆત્મા તેનાથી ભિન્ન છે, જ્ઞાયકતત્ત્વ છે. આહાહા..! કેવો જ્ઞાયક છે?

**'સહજ શુદ્ધ જ્ઞાનાનંદ એક સ્વભાવ જો પરમાત્મા હૈ,...'** એ પોતાનું સ્વરૂપ, હોં! આહા..! પરમાત્મા એટલે વીતરાગ એ નહિ. **'સહજ શુદ્ધ જ્ઞાનાનંદ એક સ્વભાવ જો પરમાત્મા અપના સ્વરૂપ.** ઓહોહો..! **હૈ,...'** સહજ-સ્વભાવિક, શુદ્ધ જ્ઞાનાનંદ. જ્ઞાનાનંદ-જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ આત્મા (છે). આહાહા..! એવો જે પોતાનો આત્મા પરમાત્મા છે, **'ઉસસે વિપરીત જો પાપકર્મ...'** પાપ પરિણામ છે એ તો વિપરીત છે. આહાહા..! જ્ઞાનાનંદ સ્વભાવ જે પોતાનું પરમાત્મસ્વરૂપ, તેનાથી પાપ એ વિપરીત ભાવ છે. આહા..! **'ઉસકે ઉદયસે નરક તિર્યંચગતિકા પાત્ર હોતા હૈ,...'** આહાહા..!

**'આત્મસ્વરૂપસે વિપરીત શુભ કર્મોંકે...'** પુણ્ય. જુઓ! આહાહા..! ભગવાનઆત્મા સ્વભાવિક આનંદકંદ જ્ઞાનાનંદ, તેનાથી શુભકર્મ કહો કે પુણ્યભાવ કહો, તે તેનાથી વિપરીત છે. આત્માના સ્વભાવથી પુણ્યભાવ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ એ પુણ્યભાવ આત્મસ્વભાવથી વિપરીત છે. છે અંદર? શેઠ! આહાહા..! બેય વિપરીત. આહાહા..! સહજાત્મસ્વરૂપ ભગવાનઆત્મા જ્ઞાયકસ્વરૂપ પ્રભુ, જ્ઞાન અને આનંદ, અનાકુળ આનંદ અને અનાકુળ અતીન્દ્રિય જ્ઞાન, તેની મૂર્તિ પ્રભુ આત્મા તો છે. આહાહા..! એ આત્માથી શુભભાવ વિપરીત છે. સમજાય છે કાંઈ? હવે વિપરીત છે તે મદદ કઈ રીતે કરે? કહે છે કે, શુભક્રિયા છે, આ વ્રત, નિયમ કરો તેનાથી નિશ્ચય થશે. અહીં તો ના પાડે છે કે ભગવાન શુદ્ધ આત્માથી તો શુભભાવ વિપરીત છે. વિપરીતથી અવિપરીત આત્મા પ્રાપ્ત થાય? ઝીણી વાત, ભાઈ! માર્ગ બહુ (સૂક્ષ્મ). આહા..!

**'ઉસકે ઉદયસે નરક તિર્યંચગતિકા પાત્ર હોતા હૈ, આત્મસ્વરૂપસે વિપરીત શુભ કર્મોંકે ઉદયસે દેવ હોતા હૈ,...'** આહાહા..! સ્વર્ગ મળે, પુણ્યથી મોક્ષ ન મળે, એમ કહે છે. સમજાય છે કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર એ પરપદાર્થ છે, પોતાની નિજ વસ્તુ નથી. તો પરપદાર્થની ભક્તિ આદિથી, શુભભાવથી તો પુણ્ય થાય છે. આહાહા..! સ્વભાવ ભગવાનઆત્માનો, જ્ઞાનાનંદ સહજ સ્વરૂપ પ્રભુ, એના આશ્રયથી-સન્મુખતાથી જે ભાવ થાય છે, એ શુદ્ધ (ભાવ છે). એ શુદ્ધ (ભાવથી) મુક્તિ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ કદી સાંભળવા મળ્યો નથી. બીજા ભાગની ૬૩ ગાથા ચાલે છે. આહાહા..!

આત્મસ્વરૂપ-ભગવાન જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ, એવો જે પોતાનો આત્મા, એનાથી પુણ્ય શુભકર્મ વિપરીત છે. આહાહા..! વિપરીતથી આત્માનું અવિપરીત સમ્યગ્દર્શન થાય? સમ્યગ્દર્શન વિના વ્રત કરે, તપ કરે આદિ એ બધા તો શુભભાવ છે. એ તો આત્મસ્વરૂપથી વિપરીત છે. આહાહા..! અને સમ્યગ્દર્શન વિના જેટલા વ્રત, તપ આદિ છે એ તો નિરર્થક છે. એકલા મિથ્યાત્વ સહિત પુણ્યબંધનું કારણ છે. આહાહા..!

અહીંયાં તો કહે છે કે પુણ્ય અને પાપના બેય ભાવ, પોતાના આત્મસ્વરૂપથી વિપરીત ભાવ છે. જેનાથી બંધ પડે એ વિપરીત ભાવ છે. આહાહા..! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય, ષોડશકારણભાવના, એ પણ શુભભાવ બંધનું કારણ છે. આહાહા..! એ શુભભાવ પણ આત્મસ્વભાવથી વિપરીત ભાવ છે. આકરી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ વીતરાગ પરિણતિથી પ્રાપ્ત થાય છે.

મુમુક્ષુ :- આટલો કઠણ વિષય કેમ કરો છો?

ઉત્તર :- આ શું છે? કઠણ છે કે સરળ છે? એનું સ્વરૂપ જ એવું છે. શું કહે છે? જુઓને! આહાહા..!

‘**શુદ્ધાત્મસ્વરૂપસે વિપરીત ઈન દોનોં પુણ્ય -પાપોંકે ક્ષયસે નિર્વાણ (મોક્ષ) મિલતા હૈ.**’ છે? શુભકર્મના ઉદયથી દેવ અને બેયના મેળથી મનુષ્ય થાય. અને ‘**શુદ્ધાત્મસ્વરૂપસે વિપરીત ઈન દોનોં પુણ્ય-પાપોંકે,** આહાહા..! **ક્ષયસે નિર્વાણ (મોક્ષ) મિલતા હૈ.**’ પુણ્ય-પાપથી મોક્ષ નથી થતો, એનો નાશ કરવાથી મોક્ષ થાય છે. આહાહા..! અનંતકાળ થયો. ‘મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.’ એ ‘છ ઢાળા’માં આવે છે. ‘મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન..’ આવે છે ને? ભાઈ! ઈ ‘છ ઢાળા’માં આવે છે. ‘મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.’ આહા..! એ પંચમહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણ બધા રાગ અને દુઃખ છે. આહાહા..! રાગથી ભિન્ન પોતાના આત્મજ્ઞાન વિના સુખનો અંશ પણ મળતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ તો આવો છે, ભગવાન! પણ લોકોને સાંભળવા મળ્યો નથી એટલે પછી બહારમાં ઘુસી ગયા કે આ કરતા કરતા થશે. શુભભાવ કરતા કરતા (શુદ્ધતા થશે). લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે. શેઠ! આ લસણ.. લસણ. એમ શુભભાવ કરતા કરતા સમ્યગ્દર્શન અને જ્ઞાન થશે. ત્રણકાળમાં નહિ થાય. આહાહા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવની વાણી ‘કુંદકુંદાચાર્યદેવ’ સાક્ષાત્ સાંભળીને આવ્યા. ભગવાન પાસે ગયા હતા. ભગવાન બિરાજે છે. ‘સીમંધર’ ભગવાન અત્યારે મહાવિદેહમાં બિરાજે છે. ત્રિલોકનાથ તીર્થંકર કેવળજ્ઞાનીપણે વીસ તીર્થંકર બિરાજે છે. ‘સીમંધર’ ભગવાન બિરાજે છે ત્યાં ગયા હતા. મનુષ્યપણામાં (બિરાજે છે). મોક્ષમાં નથી. ‘મહાવીર’ આદિ બધાનો મોક્ષ થઈ ગયો, ણમો સિદ્ધાણંમાં ગયા. અને ‘સીમંધર’ ભગવાન આદિ બિરાજે છે એ ણમો અરિહંતાણંમાં છે. સિદ્ધ તો હજી અબજો વર્ષ પછી થશે. અબજો વર્ષ પછી સિદ્ધ થશે. અત્યારે તો ભગવાન અરિહંતપદે છે. મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ મોજૂદ બિરાજે છે. વિદેહ વિહરમાન ભગવાન. ‘કુંદકુંદાચાર્યદેવ’ ત્યાં ગયા હતા. આહાહા..! દિગંબર સંત આઠ દિવસ રહ્યા હતા, ત્યાંથી આવીને શાસ્ત્ર બનાવ્યા. એ બધા શાસ્ત્રની છાપ ‘પરમાત્મપ્રકાશ’ આદિ બધા શાસ્ત્રમાં પડી છે. સમજાય છે કાંઈ? એ જ વાત લે છે ને? ભાઈ! પછી પણ નિશ્ચય પ્રતિક્રમણ લેશે. બધી ‘સમયસાર’ની (છાપ છે). આહાહા..!

ત્યાં કહ્યું ને? ચંડાળણીના બે પુત્ર છે. એક બ્રાહ્મણને ઘરે ઉછર્યો અને એક ચંડાળને

ઘરે રહ્યો. છે તો બેય ચંડાળણીના પુત્ર. એમ પુણ્ય અને પાપ બેય વિભાવના પુત્ર છે. એ ધર્મના પુત્ર-સ્વભાવના નહિ. વિભાવ છે. પુણ્ય અને પાપ બેય વિભાવ છે. આહાહા..! ઈ કહે છે ને અહીંયાં? જુઓને!

'**શુદ્ધાત્મસ્વરૂપસે વિપરીત ઈન દોનોં પુણ્ય-પાપોંકે ક્ષયસે (મોક્ષ) મિલતા હૈ.**' આહાહા..! અરે..! એક વાત પણ સત્ય એને બેસવી જોઈએ ને. સત્યનો સ્વીકાર નહિ અને અસત્યનો સ્વીકાર અનંતકાળથી થયો છે, એને ચાર ગતિ મટી નથી. '**મોક્ષકા કારણ...**' દેખો! '**એક શુદ્ધોપયોગ હૈ,...**' આહાહા..! મોક્ષનું કારણ તો (શુદ્ધોપયોગ છે). શુભ-અશુભભાવ તો અશુદ્ધઉપયોગ છે. બેય અશુદ્ધ છે. અશુદ્ધના બે ભાગ છે. શુભ અને અશુભ. અને એનાથી રહિત '**મોક્ષકા કારણ એક શુદ્ધોપયોગ હૈ,...**' આહાહા..! એ શુદ્ધોપયોગ કઈ રીતે થાય છે?

'**યહ શુદ્ધોપયોગ નિજ શુદ્ધાત્મતત્ત્વકે સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ હૈ.**' આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ, એની સમ્યક્ શ્રદ્ધા. શુદ્ધાત્મતત્ત્વની સમ્યક્ શ્રદ્ધા-સમ્યગ્દર્શન. સ્વસન્મુખની દષ્ટિ થઈને જે શ્રદ્ધા થઈ તે સમ્યગ્દર્શન છે. અને સમ્યગ્જ્ઞાન. નિજ શુદ્ધાત્મા, એમ પાઠ છે. '**યહ શુદ્ધોપયોગ નિજ શુદ્ધાત્મતત્ત્વકે સમ્યક્ શ્રદ્ધાન...**' પરમાત્મા અને દેવ-ગુરુની શ્રદ્ધા એ તો શુભભાવ છે. આહાહા..! અરે..! એને સત્ય મળે નહિ. અહીંયાં તો પરની ભક્તિ આદિ છે, એ વીતરાગ આદિ બધા પરપદાર્થ છે. એ તો શુભભાવ છે. અને આ નિજ શુદ્ધાત્મા. આ નિજ. અંદર શબ્દ પડ્યો છે. નિજ શુદ્ધાત્મતત્ત્વ. ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એની સમ્યક્ શ્રદ્ધા. અંતર્મુખમાં જ્ઞાનની પર્યાયમાં શુદ્ધાત્માનું જ્ઞાન થઈને અનુભૂતિ થઈને રુચિ થવી એનું નામ સમ્યક્ શ્રદ્ધાન છે. આહાહા..! સત્ય. સમ્યક્ નામ સત્ય શ્રદ્ધાન. સત્યસ્વરૂપ જે ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ સહજાનંદ છે. આહાહા..! સહજાત્મસ્વરૂપ. પોતે સહજ સ્વરૂપ-અકૃત્રિમ અણકરાયેલ અનાદિઅનંત જે ચિદાનંદ પ્રભુઆત્મા છે, એનું સમ્યક્ શ્રદ્ધાન શુદ્ધ ઉપયોગમાં થાય છે. આહાહા..! હવે અત્યારે એમ કહે છે કે અત્યારે શુભ ઉપયોગ જ છે, અત્યારે શુદ્ધ ઉપયોગ નથી. શુદ્ધ ઉપયોગ નથી તો એનો અર્થ કે ધર્મ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**નિજ શુદ્ધાત્મતત્ત્વકે સમ્યક્ શ્રદ્ધાન...**' આ સમ્યગ્દર્શન. નિજ શુદ્ધાત્મા પૂર્ણાનંદ સહજાત્મસ્વરૂપની સન્મુખ થઈને, નિમિત્ત, પર્યાય અને રાગથી વિમુખ થઈને, સંયોગી ચીજ ભગવાન આદિથી પણ વિમુખ થઈને, એમની ભક્તિમાં રાગ થયો એનાથી પણ વિમુખ થઈને અને એક સમયની રાગને જાણનારી પર્યાય છે તેનાથી પણ વિમુખ થઈને, સહજાત્મસ્વરૂપનું જે સમ્યક્ શ્રદ્ધાન થાય તેનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! એ નિજ શુદ્ધાત્મતત્ત્વકે સમ્યક્જ્ઞાન એમ લેવું. સમ્યક્શ્રદ્ધાન, સમ્યક્જ્ઞાન એમ લેવું. એ સમ્યક્ ત્રણેને લાગુ પડે છે. સમજાય છે કાંઈ? આહા..! જેમાં નિજ શુદ્ધાત્મતત્ત્વની અંતર્મુખ થઈને સમ્યક્શ્રદ્ધાન (થાય). એ નિજ શુદ્ધાત્માનું સમ્યક્જ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન કે બીજું જ્ઞાન નહિ. આહા..! નિજ શુદ્ધાત્મા ભગવાનઆત્માનું અંતર સમ્યક્જ્ઞાન અને નિજ શુદ્ધાત્મતત્ત્વનું

સમ્યક્ આચરણ. આહાહા..! આ ચારિત્ર. પંચમહાવ્રતનો વિકલ્પ એ ચારિત્ર નહિ, એ તો રાગ છે. એ તો પુણ્યબંધનું કારણ છે.

શુદ્ધાત્મા પવિત્ર ભગવાન સહજાત્મસ્વરૂપ પરમાત્મા સર્વજ્ઞે કહ્યો, એવા સહજાત્મસ્વરૂપમાં આચરણ કરવું, સ્વરૂપમાં રમવું, સ્વરૂપમાં જામવું એનું નામ આચરણ અને ચારિત્ર છે. આહાહા..! વાતે વાતે ફેર. આ કહે, પંચમહાવ્રત ને સમિતિ, ગુપ્તિ ને એ બધું ચારિત્ર છે. એ તો બધા વિકલ્પ છે બહારના. સહજાત્મસ્વરૂપ નિજના સમ્યક્ આચરણરૂપ. આહાહા..! શું કહે છે ઈ? એ શુદ્ધ ઉપયોગ કેવો છે, ઈ કહે છે. '**મોક્ષકા કારણ એક શુદ્ધોપયોગ હૈ,...**' આહા..! એ કેવો છે? નિજ શુદ્ધાત્મતત્ત્વનું સમ્યક્ શ્રદ્ધાન, ભગવાન નિજ આત્માનું સમ્યગ્જ્ઞાન અને નિજ આત્માના આનંદમાં રમણતા. '**ઈસલિયે ઈસ શુદ્ધોપયોગકે બિના કિસી તરહ ભી મુક્તિ નહીં હો સકતી,...**' 'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ.' 'ઉમાસ્વામી'નું 'તત્ત્વાર્થ સૂત્ર', પહેલું સૂત્ર. દસલક્ષણીપર્વમાં વંચાય છે ને? 'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગ.' એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કોને કહે છે?

મુમુક્ષુ :- દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા..

ઉત્તર :- એ તો પહેલા આવી ગયું. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તો શુભરાગ છે, એમ આવ્યું.

નિજ શુદ્ધાત્મતત્ત્વની સમ્યક્ અનુભવદૃષ્ટિ, એનું નામ સમ્યગ્દર્શન છે. નિજ આત્મા ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ 'સિદ્ધ સમાન સદા પદ મેરો' આવે છે? 'સમયસાર નાટક', 'બનારસીદાસ'. 'ચેતનરૂપ અનૂપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો.' ચેતનરૂપ. હું તો ચૈતન્યરૂપ છું. આહા..! ચેતનાપ્રકાશ. અનંત ચેતનાનો પ્રકાશ તે હું આત્મા છું. આહાહા..! અનૂપ અમૂરત. જેને કોઈની ઉપમા અપાતી નથી. અમૂરત એટલે જેમાં રંગ, ગંધ, સ્પર્શ, રસ મૂર્તપણું છે નહિ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહાહા..! 'બનારસીદાસ' 'સમયસાર નાટક'માં કહે છે. છે એવો. કેવો છે? કહે છે. 'મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો' પણ પરમાં, રાગમાં, પુણ્યમાં સાવધાની કરીને મહાતમ-મહા અંધકાર ઉત્પન્ન કર્યો. 'મોહ મહાતમ આતમ અંગ' સ્વભાવ જે શુદ્ધ ચૈતન્યના અંગમાં, 'મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ.' રાગનો સંગ કર્યો, પુણ્ય આદિનો સંગ કર્યો. 'મહાતમ ઘેરો'. અંધકારનો ઘેરો થઈ ગયો. આહાહા..!

'જ્ઞાનકલા ઊપજી અબ મોકૂ, કહું ગુણનાટક આગમ કેરો, તાસુ પ્રસાદ સધૈ શિવમારગ, વેગે મિટે ઘટવાસ વસેરો.' આ 'બનારસીદાસ'. આહાહા..! 'સમયસાર નાટક'. મને મારી જ્ઞાનકળા ઊપજી. એ પુણ્ય-પાપના ભાવથી ભિન્ન મારી જ્ઞાનશક્તિમાંથી જ્ઞાનકળા પ્રગટ થઈ. 'જ્ઞાનકલા ઊપજી અબ મોકૂ કહું ગુણનાટક આગમ કેરો' સમયસાર આત્માને હું આ શાસ્ત્રથી કહીશ. 'તાસુ પ્રસાદ સધે શિવમારગ'. એ ચૈતન્યમૂર્તિ ભગવાનની શ્રદ્ધા, જ્ઞાન અને આનંદમાં રમણતાના પ્રસાદથી 'સધે શિવમારગ'. મોક્ષનો માર્ગ એનાથી સિદ્ધ થાય છે. આહાહા..! 'વેગે મિટે ઘટ વાસ વસેરો.' આ ઘટ એટલે શરીરમાં રહેવું એ છૂટી જશે. આહાહા..! આ તો તમારી હિન્દી ભાષા છે. 'બનારસીદાસ'. 'છ ઢાળા' બધું છે ને? આ તો

બધું જોયું છે ને. અમે તો હજારો શાસ્ત્ર જોયા છે. શ્વેતાંબરના કરોડો શ્લોક જોયા છે, પણ આ ચીજ ક્યાંય નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

**'ઈસલિયે ઈસ શુદ્ધોપયોગકે બિના...'** શુભ ઉપયોગથી કદી મુક્તિ, ધર્મ થતો નથી. કહો, 'મીઠાલાલજી'! આ તો અત્યારે બધા એમ કહે છે, ભગવાનની ભક્તિ કરો, વ્રત કરો, જાત્રા કરો, એમાંથી કલ્યાણ થઈ જશે. લ્યો. સમ્મેદશિખર. 'એકવાર વંદે જો કોઈ' આવે છે કે નહિ? 'તાહે નરક પશુગતિ ન હોય.' એમાં શું થયું? એકવાર નરકગતિ ન મળી તો. ગતિ તો મટી નહિ. એ તો શુભભાવ છે. આહાહા..! 'એકવાર વંદે જો કોઈ, તાહે નરક પશુગતિ ન હોય'. શુભભાવ હોય તો સ્વર્ગમાં જશે. પણ એનાથી ભવનો અભાવ નહિ થાય. આહાહા..!

ભવનો અભાવ તો ભગવાન શુદ્ધાત્મ ચૈતન્યમૂર્તિ જ્ઞાયકસ્વભાવ, જેમાં શુભાશુભભાવની ગંધ નથી. આહાહા..! અને જેમાં આનંદની ગંધ છે, આનંદનો સ્વાદ છે અંદર. આહાહા..! 'વસ્તુ વિચારત ધ્યાવતૈ મન પાવૈ વિશ્રામ, રસસ્વાદત સુખ ઊપજે અનુભવ તાકૌ નામ.' 'બનારસીદાસ' 'સમયસાર નાટક'માં બધું આવ્યું છે. એ 'સમયસાર'માંથી બનાવ્યું છે. આહાહા..! 'વસ્તુ વિચારત ધ્યાવતૈ' ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ, એવી વસ્તુને વિચારતા-ધ્યાન કરવાથી, 'વસ્તુ વિચારત ધ્યાવતે, મન પાવૈ વિશ્રામ' મનનો વિકલ્પ ત્યાં ઠરી જાય છે. અંદર સ્વરૂપમાં ઠરી જાય છે. આહાહા..! એને ધર્મ અને સમકિત કહેવામાં આવે છે. આહાહા..! 'વસ્તુ વિચારત ધ્યાવતે મન પાવૈ વિશ્રામ, રસસ્વાદત સુખ ઊપજે' આત્માના અતીન્દ્રિય રસનો સ્વાદ અનુભવમાં આવે, એને અનુભવ કહે છે. એ અનુભવ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? 'રસસ્વાદત સુખ ઊપજે' આહા..! કોનો રસ? આ મેસૂભનો રસ, દૂધનો રસ, એ તો જડ છે, જડ. જડનો સ્વાદ તો આત્માને કદી આવતો નથી. એ તો માટી ધૂળ છે. મોસંબી, મેસૂબ.. મેસૂબ કહે છે ને? મેસૂબ. મેસુબપાક એ તો માટી-ધૂળ છે.

મુમુક્ષુ :- બહુ સારો લાગે છે.

ઉત્તર :- ઈ સારો નથી લાગતો. એ જડનો સ્વાદ તો કદી અજ્ઞાની આત્માને પણ આવ્યો નથી. એના તરફ લક્ષ કરીને 'આ ઠીક છે' એવા રાગનો સ્વાદ એને આવે છે. આ તો અરૂપી ભગવાન છે. એ તો રૂપી ચીજ જડ છે. અરૂપી કદી રૂપીને સ્પર્શતો નથી. આહાહા..! એ તો ત્રીજી ગાથા આવી હતી ને?

એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. ત્રીજી ગાથા, 'સમયસાર'. પોતાના આત્મામાં અને રજકણમાં જે કંઈ પોતાના ગુણ-પર્યાય છે એને એ ચૂંબે છે. પરદ્રવ્યને કદી અડતા નથી, સ્પર્શતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ત્રીજી ગાથામાં છે. 'સમયસાર'.

**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**

**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**

એ 'કુંદકુંદાચાર્ય' મહારાજની ગાથા છે.

મુમુક્ષુ :- એ તો 'સમયસાર'ની છે.

ઉત્તર :- એ 'સમયસાર'ની છે. ભગવાનની વાણી છે ને ઈ? નિર્ગ્રંથ મુનિઓની વાણી છે. આહા..!

મુમુક્ષુ :- 'પરમાત્મપ્રકાશ'..

ઉત્તર :- એ બધી ભગવાનની વાણી આવી છે. સંત છે, દિગંબર છે, મુનિ છે. આહાહા..! દિગંબર મુનિઓ એટલે.. આહાહા..! જેને અંતરમાં અતીન્દ્રિય આનંદના.. ઉભરાને શું કહે છે? ઉફાન. અતીન્દ્રિય આનંદનો ઉભરો આવે છે. દૂધમાં ઉભરો આવે એ તો પોલો છે. દૂધ છે ને દૂધ? એ તો પોલું છે. ન્યાં ક્યાં દૂધ વધી ગયું છે? પોલો ઉભરો આવે છે. પોલું સમજ્યા? પોલું-ખાલી. આત્મામાં જે અતીન્દ્રિય આનંદ ભર્યો છે, આહાહા..! એના અનુભવમાં અતીન્દ્રિય આનંદનો ઉભરો આવે છે. એનું નામ રસાસ્વાદ કહે છે.

મુમુક્ષુ :- એ તમે અમને કેમ કરાવી નથી દેતા?

ઉત્તર :- કોણ કરી દે? કોણ કરે? ભગવાન પણ કરાવી દે છે? આહા..! નિજનો અનુભવ નિજથી થાય કે પરથી થાય? આહાહા..!

અહીં કહે છે, '**ઈસલિયે ઈસ શુદ્ધોપયોગકે બિના કિસી તરહ ભી મુક્તિ નહીં હો સકતી,...**' એ શુભ ઉપયોગ કરતા કરતા ધર્મ થશે અને મુક્તિ થશે એમ ત્રણકાળમાં નથી. સમજાય છે કાંઈ? '**યહ સારાંશ જાનો.**' દેખો! આ શાસ્ત્રનો આ સારાંશ છે. આહાહા..! શુભભાવથી કદી ધર્મ થતો નથી અને મુક્તિ થતી નથી.

મુમુક્ષુ :- પરંપરાએ થાય.

ઉત્તર :- પરંપરાએ પણ એને ન થાય. એ તો સમ્યગ્દૃષ્ટિને શુભથી ભિન્ન અનુભવ થયો છે એને જે પુણ્ય થાય છે એ પરંપરા નામ પછી નાશ કરીને વીતરાગ થશે. અત્યારે પુણ્ય છે, સાક્ષાત્ તો બંધનું કારણ છે. પછી સ્વભાવનો આશ્રય લઈને એનો નાશ કરશે તો પરંપરા મુક્તિનો આરોપ આપવામાં આવ્યો છે. રાગ ક્યાં મુક્તિનું કારણ છે? વીતરાગમાર્ગમાં રાગ ક્યાં કારણ થાય? રાગ તો બંધનું કારણ છે. આહાહા..! ઝીણી વાત, બાપુ! બહુ ઝીણી. એણે પૂર્વે અનંતકાળમાં નવમી ગ્રૈવેયક જૈન દિગંબર સાધુ થઈને અનંતવાર અનંત પુદ્ગલ પરાવર્તન કર્યા. નવમી ગ્રૈવેયક. ઉભા પુરુષને આકારે આ ચૌદ બ્રહ્માંડ છે ને. ગ્રૈવેયક એટલે ડોક. એ સ્થાનમાં નવ ગ્રૈવેયક છે. ત્યાં પણ અનંતવાર ગયો. અનંતવાર પુદ્ગલ પરાવર્તન કર્યા. અનંતી ચોવીસી (ગઈ), અનંતા ભવ ત્યાં કર્યા. ઓહો..! દિગંબર સાધુ થઈને પંચમહાવ્રત ને બરાબર ચોખ્ખા ક્રિયાકાંડ કર્યા પણ સમ્યગ્દર્શન નહિ. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' આહાહા..! એનો અર્થ તો એ કર્યો કે પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણ પાળે છે એ દુઃખ છે. રાગ છે ને? એ તો રાગ છે, દુઃખ છે. એવા મુનિવ્રત અનંતવાર ધારણ કર્યા પણ આત્માનું જ્ઞાન થયું નહિ. આત્માનું જ્ઞાન ન થયું, સુખ ન થયું. આહાહા..! ઝીણી વાત બહુ, બાપુ!

મુમુક્ષુ :- જ્યારે કાળલબ્ધિ પાકે ત્યારે થાય ને?

ઉત્તર :- કાળલબ્ધિ તો પોતાના પુરુષાર્થથી પાકે કે એમ ને એમ? 'ભવસ્થિતિ આદિ

નામ લઈ, છેદો નહિ આત્માર્થ.' પોતાના સ્વભાવ તરફ પુરુષાર્થ કરે તો કાળલબ્ધિ પાકી જાય છે.

મુમુક્ષુ :- ... એમ લખ્યું છે, .. કેમકે કાળલબ્ધિ નહોતી.

ઉત્તર :- ઈ લખે છે. શ્વેતાંબરમાં આવે છે. ઈ તો આપણે આમાં પણ આવે છે. 'સ્વઆત્મ અનુભવ મનન' 'દીપચંદજી'નું 'અનુભવપ્રકાશ', 'ચિદ્‌વિલાસ' છે ને? છે, એક વસ્તુ છે. પણ એ કાળલબ્ધિ...

હું તો પહેલેથી એમ કહું છું, કે કાળલબ્ધિ છે એનું જ્ઞાન કોને થાય છે? કે કાળલબ્ધિ છે, કાળલબ્ધિ છે એમ એને બોલવું છે? કાળલબ્ધિનો.. પર્યાયમાં જ્યારે પુરુષાર્થ કરીને સ્વભાવ સન્મુખ થઈને સમ્યક્ આનંદ આવ્યો તો કાળલબ્ધિ આ સમયે પાકી એવું જ્ઞાન થયું. આહાહા..! સમજાય છે કાંઈ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'ટોડરમલજી'એ લખ્યું છે કે એક કારણ જ્યાં છે ત્યાં પાંચે કારણ સાથે છે જ. સ્વભાવ સન્મુખ જે પુરુષાર્થ કર્યો તે જ સમયે પાંચે સમવાય સાથે છે. નવમા અધ્યાયમાં કહ્યું. 'ટોડરમલ' 'મોક્ષમાર્ગ પ્રકાશક'. 'ટોડરમલજી'એ ઘણું કામ કર્યું છે. ઓહો..! 'ટોડરમલજી'એ આચાર્યોના હૃદય ખોલી નાખ્યા છે.

એ તો અમારે સંપ્રદાયમાં મોટી ચર્ચા થઈ હતી. મોટી ચર્ચા થઈ હતી. પોતાના પુરુષાર્થથી થાય છે. કાળલબ્ધિ કોઈ વસ્તુ નથી, એમ અહીં તો કહીએ છીએ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નવમા અધ્યાયમાં લીધું છે. કાળલબ્ધિ કોઈ વસ્તુ નથી. જે સમયે પુરુષાર્થથી ધર્મ થયો તેનું નામ કાળલબ્ધિ. સમજાય છે કાંઈ? અમે સંપ્રદાયમાં હતા ત્યારે આ ચર્ચા બહુ ચાલતી હતી. સત્યની ખબર નહિ.

મુમુક્ષુ :- સંપ્રદાયમાં કોઈએ માન્યું નહિ.

ઉત્તર :- આ માનનારા આવ્યા ને.

મુમુક્ષુ :- સંપ્રદાય છોડ્યા પછી..

ઉત્તર :- હા, પણ આવ્યા ને. સંપ્રદાયમાંથી આવ્યા છે ને. સ્થાનકવાસી, દેરાવાસી શ્વેતાંબરમાંથી હજારો માણસ આવ્યા છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આવી છે, ખબર છે. પણ હવે વ્યાખ્યાન પૂરું થઈ ગયું. દસ મિનિટ છે. શું કહે છે, સમજાય છે?

**'ઈસલિયે ઈસ શુદ્ધોપયોગકે બિના...'** પોતાનો આત્મા પવિત્ર શુદ્ધ ચૈતન્યઘન છે, એના શુદ્ધઉપયોગ વિના શુભભાવથી ત્રણકાળમાં કદી મુક્તિ થતી નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, જાત્રા, પૂજા, વ્રત, નિયમ એ બધો શુભભાવ છે. તો શુભભાવથી મુક્તિ ત્રણકાળમાં કદી થતી નથી. શુભભાવ બંધનું કારણ છે, એમ કહે છે. આહાહા..! આવે છે, અશુભથી બચવા (શુભ)ભાવ આવે છે, પણ છે બંધનું કારણ. આહાહા..! સમજાય છે કાંઈ? ઈ કહે છે, જુઓ!

**'શુદ્ધોપયોગકે બિના કિસી તરહ ભી મુક્તિ નહીં હો સકતી,...'** પોતાના પુણ્ય-

પાપના ભાવ રહિત, શુભ-અશુભભાવ રહિત નિજ આત્માનો શુદ્ધ ઉપયોગનો વેપાર થયા સિવાય બીજા કોઈ ઉપાયથી મુક્તિ થતી નથી. સમજાય છે કાંઈ? '**યહ સારાંશ જાનો. ઐસા હી સિદ્ધાંત-ગ્રંથમેં ભી હરએક જગહ કહા ગયા હૈ.**' દેખો! આ વાત સિદ્ધાંત ગ્રંથોમાં વીતરાગી સંતોએ બધી જગ્યાએ કહી છે. દરેક ઠેકાણે આ વાત કરી છે. શું? '**જૈસે-યહ જીવ પાપસે નરક તિર્યંચગતિકો જાતા હૈ,..**' આ બીજા કોઈ ગ્રંથની સાક્ષી છે. '**યહ જીવ પાપસે...**' હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધભાવ એ પાપભાવ છે. આહાહા..! એ પાપભાવથી નરક અને તિર્યંચગતિને પામે છે. નરકમાં જાય છે, કાં તિર્યંચગતિ (પામે). આહા..! તિર્યંચ શબ્દે આ ગાય, ભેંસ, ઢોર. આમ આડા શરીર છે ને? મનુષ્યના શરીર આમ સીધા છે, પશુના શરીર આમ આડા છે. ગાય, ભેંસ, ઘોડા આડા થયા.

મુમુક્ષુ :- એમ કેમ થયા?

ઉત્તર :- આડોડાઈ કરી હતી માટે. શું કહ્યું? પૂર્વે માયા, કપટની બહુ તીવ્રતા કરી હતી તેથી તિર્યંચગતિ આડી મળી. તિર્યંચ નામ તીરછો, તીરછો એટલે આડો. આડાને શું કહે છે? ટેઢા. પૂર્વે આડોડાઈ બહુ કરી હતી. માયા, કપટ, કુટિલતા. તેથી શરીર પણ આડું થઈ ગયું. ગાય, ભેંસ, ખિસકોલી. ખિસકોલીને શું કહે છે? ગિલહરી. આમ આડું છે ને? ઢેઢગરોળી. એને ભગવાન તિર્યંચ કહે છે. તિર્યંચનો અર્થ તિરછો થાય છે, તિરછાનો અર્થ આડો થાય છે. પૂર્વે બહુ આડોડાઈ કરેલી તો શરીર પણ આડું થઈ ગયું. સમજાય છે કાંઈ? માયા, કપટ, કુટિલતા, દંભ. એ બધી આડોડાઈ છે. એના ફળમાં તિર્યંચગતિ મળે છે. આહા..! અને માંસ ખાય, દારૂ પીવે, વ્યભિચાર આકરા (કરે) એ મરી નરકમાં જાય છે. સમજાય છે કાંઈ? આ મોટા શેઠિયાઓ ને મોટી મિલ ચલાવેને મિલમાલિક. પાણીના ધોધમાં ઉંદર મરી જાય, સર્પ મરી જાય. આહાહા..! મહાપાપ. તેનાથી એ નરકમાં જશે. અહીં ભલે કરોડોપતિ ગણાય, અબજોપતિ ગણાય, પણ બધા મરીને (નરકમાં જવાના). જેમાં આવા પાપ થાય, પ્રાણી મરે, ઉંદર મરે, અરે..! વાંદરા પાણીમાં મરી જાય. આહાહા..! એવા પાપથી તો નરકગતિ મળે છે. આહાહા..! અને આડોડાઈથી તિર્યંચગતિ છે. અને પુણ્ય-પાપની મિશ્રદશાથી મનુષ્યગતિ મળે છે. પુણ્યથી દેવગતિ મળે. ચાર ગતિનો અભાવ આ શુદ્ધ ઉપયોગથી થાય છે. આહાહા..! છે?

'**ઔર ધર્મ (પુણ્ય) સે દેવલોકમેં જાતા હૈ, પુણ્ય-પાપ દોનોંકે મેલસે મનુષ્યદેહકો પાતા હૈ, ઔર દોનોંકે ક્ષયસે મોક્ષ પાતા હૈ.**' પાઠમાં બીજો આધાર આપ્યો છે. એ ૬૩ ગાથા થઈ. ઓહોહો..! ૬૧માં પુણ્ય બતાવ્યું હતું. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એ પુણ્ય છે. ૬૨માં દેવ-ગુરુ-શાસ્ત્રની નિંદા કરવાથી પાપ બતાવ્યું હતું. એ પાપ અને પુણ્યનું ફળ અહીંયાં ૬૩ ગાથામાં બતાવ્યું. સમજાય છે? 'પરમાત્મપ્રકાશ' 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત જંગલવાસી હતા, એમણે આ બનાવ્યું છે. આ બીજો ભાગ છે. પહેલો ભાગ તો પૂરો થઈ ગયો. ૧૨૩ શ્લોક. બે ભાગ છે ને? બે અધ્યાય છે. આ બીજા અધ્યાયની ૬૩મી ગાથા છે. આહાહા..! ૬૪ ગાથા.

अथ निश्चयप्रतिक्रमणप्रत्याख्यानालोचनस्वरूपे स्थित्वा व्यवहारप्रतिक्रमण प्रत्याख्यानालोचनां त्यजन्तीति त्रिकलेन कथयति –

१९१) वंदणु णिंदणु पडिकमणु पुण्णहँ कारणु जेण।
करइ करावइ अणमणइ एक्कु वि णाणिण तेण।।६४।।

वन्दनं निन्दनं प्रतिक्रमणं पुण्यस्य कारणं येन।
करोति कारयति अनुमन्यते एकमपि ज्ञानी न तेन।।६४।।

वंदणु इत्यादि। वंदणु णिंदणु पडिकमणु वन्दननिन्दनप्रतिक्रमणत्रयम्। किं विशिष्टम्। पुण्णहं कारणु पुण्यस्य कारणं जेण येन कारणेन करइ करावइ अणुमणइ करोति कारयति अनुमोदयति, एक्कु वि एकमपि, णाणि ण तेण ज्ञानी पुरुषो न तेन कारणेनेति। तथाहि। शुद्ध–निर्विकल्पपरमात्मतत्त्वभावनाबलेन दृष्टश्रुतानुभूतभोगाकांक्षास्मरणरूपाणामतीतरागादि–दोषाणां निराकरणं निश्चयप्रतिक्रमणं भवति, वीतरागचिदानन्दैकानुभूतिभावनाबलेन भाविभोगाकांक्षारूपाणां रागादिनां त्यजनं निश्चयप्रत्याख्यानं भण्यते, निजशुद्धात्मोपलम्भ–बलेन वर्तमानोदयागतशुभाशुभनिमित्तानां हर्षविषादादिपरिणामानां निजशुद्धात्मद्रव्यात् पृथक्करणं निश्चयालोचनमिति। इत्थंभूते निश्चयप्रतिक्रमणप्रत्याख्यानालोचनत्रये स्थित्वा योऽसौ व्यवहारप्रतिक्रमणप्रत्याख्यानालोचनत्रयं तन्त्रयानुकूलं वन्दननिन्दनादिशुभोपयोगं च त्यजन् स ज्ञानी भण्यते न चान्य इति भावार्थः।।६४।।

---

आगे निश्चयप्रतिक्रमण, निश्चयप्रत्याख्यान और निश्चयआलोचनारूप जो शुद्धोपयोग उसमें ठहरकर व्यवहारप्रतिक्रमण, व्यवहारप्रत्याख्यान और व्यवहार आलोचनारूप शुभोपयोगको छोड़े, ऐसा कहते हैं –

गाथा – ६४

अन्वयार्थ :– [ वंदनं ] पंचपरमेष्ठीकी वंदना, [ निंदनं ] अपने अशुभ कर्मकी निंदा, और [ प्रतिक्रमणं ] अपराधोंकी प्रायश्चित्तादि विधिसे निवृत्ति, ये सब [ येन पुण्यस्य कारणं ] जो पुण्यके कारण हैं, मोक्षके कारण नहीं हैं, [ तेन ] इसीलिये पहली अवस्थामें पापके दूर करनेके लिये ज्ञानी पुरुष इनको करता है, कराता है, और करते हुएको भला जानता है तो भी निर्विकल्प शुद्धोपयोग अवस्थामें [ ज्ञानी ] ज्ञानी जीव [ एकमपि ] इन तीनोंमेंसे एक भी [ न करोति ] न तो करता है, [ कारयति ] न कराता है, और न [ अनुमन्यते ] करते हुए को भला जानता है।

भावार्थ :– केवल शुद्ध स्वरूपमें जिसका चित्त लगा हुआ है, ऐसा निर्विकल्प परमात्मतत्त्वकी भावनाके बलसे देखे, सुने और अनुभव किये भोगोंकी वाँछारूप जो

भूतकालके रागादि दोष उनका दूर करना वह निश्चयप्रतिक्रमण; वीतराग चिदान्द शुद्धात्माकी अनुभूतिकी भावनाके बलसे होनेवाले भोगोंकी वाँछारूप रागादिकका त्याग वह निश्चयप्रत्याख्यान, और निज शुद्धात्माकी प्राप्तिके बलसे वर्तमान उदयमें आये जो शुभ-अशुभके कारण हर्ष-विषादादि अशुद्ध परिणाम उनको निज शुद्धात्मद्रव्यसे जुदा करना वह निश्चयआलोचन; इस तरह निश्चयप्रतिक्रमण प्रत्याख्यान और आलोचनामें ठहकर जो कोई व्यवहारप्रतिक्रमण, व्यवहारप्रत्याख्यान, व्यवहारआलोचना, इन तीनोंके अनुकूल वन्दना, निंदा आदि शुभोपयोग है, उनको छोड़ता है वही ज्ञानी कहा जाता है, अन्य नहीं। सारांश यह है कि ज्ञानी जीव पहले तो अशुभको त्यागकर शुभमें प्रवृत्त होता है, बाद शुभको भी छोड़के शुद्धमें लग जाता है। पहले किये हुए अशुभ कर्मोंकी निवृत्ति वह व्यवहारप्रतिक्रमण, अशुभपरिणाम होनेवाले हैं, उनका रोकना वह व्यवहारप्रत्याख्यान, और वर्तमानकालमें शुभकी प्रवृत्ति अशुभकी निवृत्ति वह व्यवहारआलोचन है। व्यवहारमें तो अशुभका त्याग शुभका अंगीकार होता है, और निश्चयमें शुभ-अशुभ दोनोंका ही त्याग होता है।।६४।।

---

હવે, જ્ઞાની નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચયપ્રત્યાખ્યાન અને નિશ્ચય આલોચનાસ્વરૂપમાં સ્થિત થઈને વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપ્રત્યાખ્યાન અને વ્યવહારઆલોચનાને છોડે છે, એમ ત્રણ ગાથા દ્વારા કહે છે :

ભાવાર્થ : શુદ્ધ નિર્વિકલ્પ પરમાત્મતત્ત્વની ભાવનાના બળથી દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષાના સ્મરણરૂપ અતીતકાળના રાગાદિદોષોનું નિરાકરણ કરવું તે નિશ્ચય પ્રતિક્રમણ છે, એક (કેવળ) વીતરાગ ચિદાનંદની અનુભૂતિની ભાવનાના બળથી ભવિષ્યકાળના ભોગોની આકાંક્ષારૂપ રાગાદિનો ત્યાગ કરવો તે નિશ્ચયપ્રત્યાખ્યાન છે અને નિજશુદ્ધાત્માની પ્રાપ્તિના બળથી વર્તમાન ઉદયમાં આવેલાં શુભાશુભ કર્મો જેમના નિમિત્ત હોય છે, એવા હર્ષવિષાદ આદિ પરિણામોને નિજશુદ્ધઆત્મદ્રવ્યથી જુદા કરવા તે નિશ્ચય આલોચના છે.

આવા નિશ્ચયપ્રતિક્રમણ, નિશ્ચયપ્રત્યાખ્યાન અને નિશ્ચયઆલોચના એ ત્રણેમાં સ્થિર થઈને જે વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપ્રત્યાખ્યાન અને વ્યવહાર આલોચના એ ત્રણેય તથા એ ત્રણને અનુકૂળ એવા વંદના, નિંદા આદિ શુભોપયોગને છોડે છે તે જ્ઞાની છે, પણ બીજો કોઈ જ્ઞાની નથી, એવો ભાવાર્થ છે. ૬૪.

## ગાથા-૬૪ ઉપર પ્રવચન

'**આગે નિશ્ચયપ્રતિક્રમણ,..**' વ્યવહાર પ્રતિક્રમણ છે એ શુભ વિકલ્પ, શુભઉપયોગ છે. નિશ્ચય પ્રતિક્રમણ છે એ શુભઉપયોગથી છૂટી અંદર આનંદમાં લીન થવું એ નિશ્ચય પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ-પાછા ફરવું. શુભાશુભભાવથી પાછા ફરીને અંદરમાં લીન થવું. આનંદનો નાથ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ એવું પોતાનું સ્વરૂપમાં લીન થવું. પ્રતિક્રમણ-પ્રતિ-પુણ્ય-પાપથી ખસીને એમાં રહેવું, એનું નામ નિશ્ચય પ્રતિક્રમણ કહેવાય છે. આહાહા..! '**નિશ્ચયપ્રત્યાખ્યાન,...**' ભવિષ્યના શુભાશુભભાવમાં ન આવવું, અંતરમાં લીન થવું એનું નામ નિશ્ચય પ્રત્યાખ્યાન છે. '**નિશ્ચયઆલોચના...**' વર્તમાન શુભાશુભભાવથી રહિત થઈને શુદ્ધ ચૈતન્યના શુદ્ધઉપયોગમાં આવવું એ નિશ્ચયઆલોચના છે. આ ત્રણે શુદ્ધઉપયોગ કહ્યા. ત્રણે શુદ્ધઉપયોગ છે. '**જો શુદ્ધોપયોગ ઉસમેં ઠહરકર...**' આહાહા..!

'**વ્યવહારપ્રતિક્રમણ,...**' શુભભાવ '**વ્યવહારપ્રત્યાખ્યાન,...**' શુભભાવ '**વ્યવહાર આલોચનારૂપ શુભોપયોગકો છોડે,...**' આહાહા..! આવી વાત છે. વ્યવહારપ્રતિક્રમણ આદિ શુભરાગ શુભઉપયોગ છે. મિચ્છામી દુક્કડમ એ શુભઉપયોગ છે. વ્યવહાર પ્રત્યાખ્યાન કરવા એ પણ એક શુભઉપયોગ છે. પાપનો ત્યાગ કરીને પચખાણ લેવા એ શુભઉપયોગ છે. વ્યવહારઆલોચના-વર્તમાન વિચાર કરવો કે આ નહિ, આ નહિ, આ નહિ. એ પણ શુભઉપયોગ છે. એ ત્રણેને છોડીને... આહાહા..! ત્રણેને છોડીને પહેલા ન લીધું. અંતરમાં ઠરીને. આનંદઘન ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, સત્ એટલે શાશ્વત, ચિદ્દ્ઘન આનંદમાં સ્થિર થઈને. આહાહા..! છે?

'**ઉસમેં ઠહરકર વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપ્રત્યાખ્યાન ઔર વ્યવહાર આલોચનારૂપ શુભોપયોગકો છોડે,...**' આહાહા..! અંદરમાં ઠરે તો શુભઉપયોગ છૂટે. શુભઉપયોગ પુણ્યબંધનું કારણ છે. પહેલા આવે છે, ઈ કહેશે. આહા..! પાપથી છૂટવા, બચવા શુભભાવ આવે છે. પણ એ પુણ્યબંધનું કારણ છે. માટે જેને ધર્મ કરવો હોય એણે તો પોતાના આત્મામાં સ્થિર થઈ, આનંદમાં લીન થવું. આહાહા..! શુદ્ધ ચૈતન્ય નિર્મળ આનંદકંદ, નિર્મળ વિજ્ઞાનઘન પ્રભુ આત્મા છે. આહાહા..! એમાં સ્થિર થઈ આ શુભઉપયોગને છોડે. આહાહા..! '**ઐસા કહતે હૈં.**'

**१९१) वंदणु णिंदणु पडिकमणु पुण्णहँ कारणु जेण।**
**करइ करावइ अणमणइ एक्कु वि णाणिण तेण।।६४।।**

પાઠ તો આ છે, જોયું?

**અન્વયાર્થ :-** '**પંચપરમેષ્ઠીકી વંદના...**' એ શુભભાવ છે. આહાહા..! '**निंदनं**'

**'અપને અશુભ કર્મકી નિંદા,...'** એ પણ શુભભાવ છે. **'પ્રતિક્રમણં'** **'અપરાધોંકી પ્રાયશ્ચિતાદિ વિધિસે નિવૃત્તિ, યે સબ જો પુણ્યકે કારણ હૈં...'** આવો માર્ગ છે. આહાહા..! એની શ્રદ્ધાની પણ ખબર ન મળે કે શું શ્રદ્ધા છે? શુભઉપયોગ શું ચીજ છે? એ બંધનું કારણ છે.

'સમયસાર'માં 'મોક્ષ અધિકાર'માં તો આ શુભઉપયોગને તો વિષકુંભ કહ્યું છે. ઝેરનો ઘડો. ઘડો સમજ્યા ને? ઘટ. ભગવાનઆત્મા અમૃતનો કુંભ છે. અમૃતનું સરોવર ભગવાનઆત્મા છે, સાગર છે, સમુદ્ર છે. આહાહા..! સાગર છે, અમૃતસાગર છે. અપરિમિત જેની શક્તિ છે. અનંત જેની શક્તિ છે. જ્ઞાન, આનંદ, શાંતિ અનંત છે. અનંત છે તો સાગર છે. આહાહા..! સાગરમાં જેમ બિંદુનો પાર નથી, એમ ભગવાનની જ્ઞાન, દર્શન (આદિ) શક્તિનો પાર નથી. આહાહા..! ચૈતન્યદ્રવ્ય શું છે એની માણસને ખબર નથી. એની તો કાંઈ કિંમત જ નહિ. આ રાગ કરવો ને આ કરવો, એની કિંમત એને. અરે..! જન્મ-મરણ મટાડવાના પંથ કોઈ જુદા છે. ઈ કહે છે, જુઓ!

**'મોક્ષકે કારણ નહીં હૈ,...'** એ વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહાર નિંદા, વ્યવહાર આલોચના એ પુણ્યનું કારણ છે. આહાહા..! મોક્ષનું કારણ નહિ. **'ઈસીલિયે પહલી અવસ્થામેં પાપકે દૂર કરનેકે લિયે...'** આવે છે એટલું જોઈએ. પેલું વધારે નાખ્યું છે. ટીકામાં એટલું બધું નથી. ટીકામાં નથી એટલું બધું. પાઠમાં છે ને? **'करोति कारयति अनुमोदयति'**. કોણ? શુદ્ધ. એને ઠેકાણે શુભને નાખ્યું અર્થમાં. મૂળ તો આમ છે. શુદ્ધભાવને કરવો, કરાવવો અને અનુમોદવો. અને આ શુભભાવને છોડવો. છે? **'ઈન તીનોંમેંસે એક ભી ન તો કરતા હૈ, ન કરાતા હૈ, ઔર ન કરતે હુએ કો ભલા જાનતા હૈ.'** એમ શુદ્ધઉપયોગમાં રહીને શુભઉપયોગને છોડી દેવો, એનું નામ ધર્મ છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, માગશર સુદ ૬, શનિવાર
## તા. ૨૮-૧૧-૧૯૭૬, ગાથા-૬૪, ૬૫, પ્રવચન નં. ૧૪૪

'પરમાત્મપ્રકાશ' ૬૪ ગાથા. ફરીને. **'वंदनं'** છે ને? ત્યાંથી. **'પંચપરમેષ્ઠીકી વંદના,..'** અહીંયાં સમ્યગ્દૃષ્ટિની વાત છે. જેણે પહેલા પુણ્ય અને પાપના રાગથી ભિન્ન પોતાની ચીજ જે શુદ્ધ ચૈતન્યઘન છે, એની દૃષ્ટિ અનુભવ કર્યા હોય તો એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. દેહાદિની ક્રિયા, આ જડ શરીર તો અજીવ છે, પણ અંદર પુણ્ય-પાપના ભાવ થાય છે એ પણ આસ્રવ છે. તો અજીવ અને આસ્રવથી પોતાની ચીજ શુદ્ધ જ્ઞાનઘન નિર્મળ ભિન્ન છે, એની

અંતર દૃષ્ટિ અનુભવ થવો, નિર્વિકલ્પ દૃષ્ટિ થવી, રાગમિશ્રિત દૃષ્ટિ છૂટીને અરાગી આત્માના અનુભવની દૃષ્ટિ થવી તે સમ્યગ્દર્શન છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિને વ્યવહાર પંચપરમેષ્ઠીની વંદનાનો (ભાવ) આવે છે, પણ એ છે પુણ્યભાવ. સમજાય છે કાંઈ? છે? '**वंदनं**' '**પંચપરમેષ્ઠીકી વંદના...**' શબ્દાર્થ છે.

'**निंदनं**' '**અપને અશુભ કર્મકી નિંદા,...**' હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ પાપની નિંદા કરવાનો ભાવ થાય છે, એ શુભભાવ છે, પુણ્યભાવ છે. સમકિતીને પણ એ ભાવ પુણ્યભાવ છે. સમજાય છે કાંઈ? આહા..! '**ઔર અપરાધોંકી પ્રાયશ્ચિત્તાદિ વિધિસે નિવૃત્તિ,...**' એ પણ શુભભાવ છે, પુણ્યભાવ છે. '**યે સબ તો પુણ્યકે કારણ હૈં,...**' છે? સમ્યગ્દૃષ્ટિને પણ પુણ્યનું કારણ છે. અજ્ઞાનીને તો ધર્મ છે જ નહિ, જેની દૃષ્ટિ સ્વભાવ ઉપર નથી આવી અને પુણ્ય-પાપના પરિણામ ઉપર જેની દૃષ્ટિ છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિને પણ પંચપરમેષ્ઠીની વંદનાનો શુભભાવ આવે છે એ પુણ્યનું કારણ છે. આહાહા..! '**મોક્ષકે કારણ નહીં હૈ,...**' પરમાનંદની પ્રાપ્તિરૂપી મોક્ષ, એની પ્રાપ્તિ એ પુણ્યભાવથી થતી નથી.

'**ઇસીલિયે પહલી અવસ્થામેં પાપકે દૂર કરને કે લિયે જ્ઞાની પુરુષ...**' જોયું! જ્ઞાની-ધર્મીને પહેલી અવસ્થામાં શુભભાવ આવે છે. કરે છે એટલે આવે છે. સમજાય છે કાંઈ? કર્તૃત્વબુદ્ધિએ નહિ. સમ્યગ્દૃષ્ટિને, જેની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે એને પણ આવો ભાવ અશુભથી બચવા, અશુભ વંચનાર્થે આવો શુભભાવ આવે છે. અને એ છે પુણ્યનું કારણ, આહા..! બંધનું કારણ. પહેલી અવસ્થામાં એ આવે છે. કરે છે. કરે છે એટલે પરિણમન હોય છે. '**કરાતા હૈ,...**' એ તો પોતે અર્થકારે નાખ્યું છે. '**ઔર કરતે હુએકો ભલા જાનતા હૈ તો ભી નિર્વિકલ્પ શુદ્ધોપયોગ અવસ્થામેં...**' ધર્મીને જ્યારે અંતરમાં સમ્યગ્દર્શન સહિત રાગ રહિત અંતર આનંદમાં ઉપયોગ જામી ગયો, એ '**જ્ઞાની જીવ ઇન તીનોંમેંસે એક ભી ન તો કરતા હૈ,...**' આહાહા..! ઝીણી વાત, બાપુ! ભગવાન! જિનવીરનો માર્ગ બહુ સૂક્ષ્મ.

અપૂર્વ વાત છે. અનંતકાળમાં કદી ચૈતન્ય ભગવાનઆત્માના કદી ભેટા કર્યા નથી. વસ્તુ ભગવાન પરમાનંદમૂર્તિ પ્રભુ, એ આત્મા નિર્મળ વિજ્ઞાનઘનના ભેટા કદી કર્યા નહિ અને રાગની એકતાબુદ્ધિ કદી છોડી નહિ. આહાહા..! એ એકતાબુદ્ધિ છોડ્યા પછી સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ હોય તોપણ અશુભથી બચવા આવા શુભભાવ આવે છે. તો જ્ઞાનીનો શુભભાવ એ પુણ્યબંધનું કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :- પરંપરા મોક્ષનું કારણ છે.

ઉત્તર :- બિલકુલ જરીયે મોક્ષનું કારણ નથી. એ તો સમકિતીને આત્મજ્ઞાન થયું છે, એ શુભભાવને હેય તરીકે જાણે છે. પછી સ્વનો આશ્રય લઈને એને છોડશે તો પરંપરા કારણ કહેવામાં આવ્યું છે. રાગ તે કાંઈ આત્માના મોક્ષનું કારણ હોય? ઝીણી વાત બહુ, બાપુ! પ્રભુ! અનંતકાળમાં ચોર્યાશીના અવતારમાં દુઃખમાં ડોલી રહ્યો છે. દુઃખના ડુંગરાની અંદર

પડ્યો છે. પોતાની શાંતિ શું ચીજ છે એની ખબર નથી. એ શુભઅશુભભાવ દુઃખરૂપ છે, રાગરૂપ છે. એમાં અજ્ઞાની અનાદિથી રચ્યોપચ્યો છે. આહાહા..!

અહીંયાં તો કહે છે કે જેને એ રાગની રુચિ છૂટી ગઈ અને શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદની રુચિ, અનુભવ થયો, એને પણ અશુભથી બચવા આવા શુભભાવ, પંચ પરમેષ્ઠીની વંદના આદિનો ભાવ આવે છે. સમજાય છે કાંઈ? પણ જ્યારે નિર્વિકલ્પમાં ઠરે છે... આહાહા..! મૂળ તો ઈ છે. શુભભાવને છોડી આનંદસ્વરૂપમાં શાંતિ.. શાંતિ.. શાંતિ.. ધ્યાતા, ધ્યાન અને ધ્યેયના ભેદ પણ છોડીને, જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયના ભેદને પણ છોડીને અંતરમાં લીન થાય છે ત્યારે એને સાચો મોક્ષમાર્ગ કહે છે. એ નિર્વિકલ્પ ઉપયોગ એ ચારિત્ર છે. ભારે! શબ્દે શબ્દે ફેર. એ કહે છે. જુઓ!

મુમુક્ષુ :- .. ભલો જાણે છે.

ઉત્તર :- ભલો જાણે છે, ઈ કહ્યું ને? શુભભાવ વખતે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. વ્યવહારથી. એ તો અર્થકારે લખ્યું છે. પહેલા પણ કહ્યું હતું. પાઠમાં નથી. પાઠમાં તો જ્ઞાનીએ શુભભાવ કરવો નહિ, કરાવવો નહિ, અનુમોદવો નહિ. એવો પાઠ છે.

મુમુક્ષુ :- એટલે જાણે છે?

ઉત્તર :- જાણે છે એમ પણ નહિ અહીં તો. અંદર ઠરે છે. ઝીણી વાત છે. જાણે છે એ તો છે એને જાણે છે. આ તો છે જ નહિ. અંતર નિર્વિકલ્પ ઉપયોગમાં સમકિતી જ્ઞાની જામી જાય છે ત્યારે એ શુભભાવ છે જ નહિ. સમજાય છે કાંઈ? ઝીણી વાત, ભાઈ! જિનવરદેવ વીતરાગ અને દિગંબર સંતોની શૈલી બહુ સૂક્ષ્મ છે, ભાઈ! આહાહા..! માર્ગ બહુ સૂક્ષ્મ, ભાઈ! પ્રથમ હજી સમ્યગ્દર્શન જ સૂક્ષ્મ (છે). આહાહા..!

સમ્યગ્દષ્ટિને શુભરાગ આવે છે પણ કર્તૃત્વબુદ્ધિ નથી. કરવાલાયક છે એવી બુદ્ધિ નથી. પણ આવ્યા વિના રહેતો નથી. વીતરાગ નથી થયો એટલે શુભભાવ આવે છે તો એને જાણે છે કે પુણ્યબંધનું કારણ છે. હેયબુદ્ધિએ આવે છે. અહીં તો એને પણ છોડીને જ્યારે અંતરમાં ઠરે છે, જ્ઞાનાનંદ સ્વભાવમાં લીન થાય છે, નિર્મળ વિજ્ઞાનઘન ભગવાનઆત્મામાં લીન થાય છે ત્યારે એ શુભભાવ કરતો નથી, કરાવતો નથી અને કરે છે તેને ભલુ જાણતા નથી. કહો, 'ધન્નાલાલજી'! ત્યારે એનો અર્થ એને થતા જ નથી, એમ. અંદર આનંદના ધ્યાનમાં ઠર્યો તો એ વિકલ્પ, શુભરાગ છે જ નહિ. વ્યવહારપ્રતિક્રમણ આદિનો જે શુભભાવ છે એ તો એ સમયે છે જ નહિ. એ વાત અહીંયાં કરે છે. આહા..! છે? '**ન કરતે હુએકો ભલા જાનતા હૈ.**' આહા..!

**ભાવાર્થ :- 'કેવલ શુદ્ધ સ્વરૂપમેં જિસકા ચિત્ત લગા હુઆ હૈ,...'** આહાહા..! જેનું ચિત્ત શુદ્ધ સ્વરૂપ ભગવાન પરમાનંદ સ્વરૂપ છે, એમાં જેનું ચિત્ત અંદર લાગ્યું છે. આહાહા..! '**ઐસા નિર્વિકલ્પ પરમાત્મતત્ત્વકી ભાવનાકે બલસે...**' શું કહ્યું? કેવળ એક શુદ્ધસ્વરૂપ ભગવાન આત્મામાં જેનું ચિત્ત લાગ્યું છે, આહાહા..! '**ઐસા નિર્વિકલ્પ પરમાત્મતત્ત્વકી ભાવનાકે બલસે...**' એવી રાગ રહિત વીતરાગી દશા, પરમાત્મતત્ત્વની

એકાગ્રતાના બળથી. '**દેખે, સુને ઔર અનુભવ કિયે ભોગોંકી વાંછારૂપ...**' ચક્ષુ ઇન્દ્રિયથી જોયું હોય, કાનથી સાંભળ્યું હોય, મનથી રાગાદિનો અનુભવ કર્યો હોય, '**ભોગોંકી વાંછારૂપ જો ભૂતકાલકે રાગાદિ દોષ ઉનકા દૂર કરના...**' આહા..! ભૂતકાળના એટલે ગયા કાળમાં જે રાગાદિ થયા છે એ દોષ છે. શુભરાગ પણ દોષ છે. આહાહા..!

મુમુક્ષુ :- ભૂતકાળમાં દોષ થયા એ ચાલ્યા કેમ જાય?

ઉત્તર :- એક સમયમાં વીતરાગતા પ્રગટ કરે છે તો ભૂતકાળની અપેક્ષાએ રાગ દૂર કર્યો, વર્તમાન અપેક્ષાએ આલોચના, ભવિષ્યની અપેક્ષાએ પ્રત્યાખ્યાન (કર્યાં). સમય તો એક જ છે. પોતાના શુદ્ધ સ્વભાવ સન્મુખ થઈને વીતરાગતા પ્રગટ થઈ તો એ વીતરાગતામાં ત્રણ બોલ લાગુ પડે છે. ગયા કાળના રાગનો અભાવ, ભવિષ્યના રાગનો પ્રત્યાખ્યાન-અભાવ, વર્તમાન રાગથી પૃથક્. છે તો વીતરાગતા એક જ. એનું ત્રણ પ્રકારે કથન છે. આહા..! સમજાય છે કાંઈ? આહાહા..! માર્ગ.. માર્ગ ભારે સૂક્ષ્મ છે, ભાઈ!

ભગવાન અંદર વીતરાગીબિંબ પ્રભુ છે. વસ્તુ છે એ તો વીતરાગીબિંબ છે. નિર્મળ વિજ્ઞાનઘન આત્મદ્રવ્ય છે. એમાં નિર્વિકલ્પ વીતરાગ પરિણતિથી પરિણમન કરવું.. આહાહા..! '**નિર્વિકલ્પ પરમાત્મતત્ત્વકી ભાવના...**' દેખો! પરમાત્મતત્ત્વ એટલે પોતે પોતાનું સ્વરૂપ. પરમાત્મતત્ત્વ જે ત્રિકાળી પરમાત્મસ્વરૂપ પોતાનું છે એની ભાવના એટલે એકાગ્રતાથી, એકાગ્રતાના બળથી. આહાહા..! '**દેખે, સુને ઔર અનુભવ કિયે ભોગોંકી વાંછારૂપ જો ભૂતકાલકે રાગાદિ દોષ ઉનકા દૂર કરના વહ નિશ્ચયપ્રતિક્રમણ...**' છે. એ સાચું પ્રતિક્રમણ છે. આહાહા..! એ સાચા મુનિને હોય છે. જેને અંતર વીતરાગદશા પ્રગટ થઈ, સંતની ચારિત્રદશા, એ વિકલ્પ છોડીને અંદર સ્થિર થાય છે, એને નિશ્ચયપ્રતિક્રમણ કહેવાય છે. આહાહા..! અંદર આનંદનો નાથ ભગવાન, અતીન્દ્રિય આનંદની ગાંઠડી આત્મા છે. અતીન્દ્રિય આનંદની ગાંઠ, ગાંઠડી. ગાંઠડી કહે છે? ગઠડી. આહાહા..! એમાં સમ્યગ્દર્શન સહિત અંદરમાં લીન થવું એ ભૂતકાળના રાગના દોષથી ભિન્ન થયો, એનું નામ નિશ્ચયપ્રતિક્રમણ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**વીતરાગ ચિદાનંદ એક શુદ્ધાત્માકી અનુભૂતિકી ભાવનાકે બલસે...**' હવે નિશ્ચયપ્રત્યાખ્યાન કહે છે. પ્રત્યાખ્યાન. બહારથી આમ પચખાણ કરે છે એ તો શુભ વિકલ્પ છે, રાગ છે. આહાહા..! અંદરમાં નિશ્ચય પ્રત્યાખ્યાન સર્વજ્ઞ ત્રિલોકનાથ વીતરાગદેવ એમ કહે છે, એ સંતો કહે છે. વીતરાગ ચિદાનંદ શુદ્ધાત્મા. વીતરાગ ચિદાનંદ શુદ્ધાત્મા, આ ભાષા. પહેલામાં નિર્વિકલ્પ પરમાત્મતત્ત્વ કહ્યું હતું. વિકલ્પ રહિત પરમાત્મ તત્ત્વની ભાવના, એમ કહ્યું હતું. અહીંયાં '**વીતરાગ ચિદાનંદ એક શુદ્ધાત્માકી અનુભૂતિકી ભાવનાકે બલસે...**' આહાહા..! એને પ્રત્યાખ્યાન કહે છે. પચખાણ કહે છે ને? પ્રત્યાખ્યાન. વીતરાગ ચિદાનંદ એક શુદ્ધાત્મા, વીતરાગ ચિદાનંદ એક સ્વભાવ શુદ્ધાત્મા.. આહાહા..! અનુભૂતિ-એનો અનુભવ, શુદ્ધાત્માનો અનુભવ. એ કહ્યું હતું ને? 'શુદ્ધતા વિચારે ધ્યાવૈ, શુદ્ધતામેં કેલી કરૈ' આવે છે ને? 'શુદ્ધતામેં મગન રહે. (અમૃતધારા વરસે) રસ સ્વાદત..' 'વસ્તુ વિચારત

ધ્યાવતૈ મન પાવૈ વિશ્રામ.' મનનો વિકલ્પ ઘટી જાય. 'રસ સ્વાદત સુખ ઉપજૈ' આત્માના આનંદના રસનો સ્વાદ જેમાં ઉત્પન્ન થાય, 'અનુભવ તાકૌ નામ' એનું નામ અનુભવ, એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ સમ્યગ્જ્ઞાન, એનું નામ સમ્યક્ચારિત્ર. આહાહા..!

મુમુક્ષુ :- એકના આટલા બધા નામ?

ઉત્તર :- એના ઘણા પ્રકાર કીધા ને? ભાઈએ ન કીધું? 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં. ભગવાનઆત્મા એક અને બાવીસ પરિષહ? આત્મા એક અને બાર ભાવના? એ તો બધા ભેદના કથન છે. બાકી તો અંતર વસ્તુ સ્વરૂપમાં વીતરાગતા પ્રગટ કરવાથી જે ભાવ થાય છે તેને ગમે તે ભાવથી કહો. 'ધર્મદાસ ક્ષુલ્લક' 'સમ્યગ્જ્ઞાન દીપિકા'. આ તકરારી પ્રશ્ન હમણાં ઉભો થયો છે ને? એ 'સમ્યગ્જ્ઞાન દીપિકા'નો બોલ છે, 'સોનગઢ'નો નથી.

મુમુક્ષુ :- એ જ 'સમ્યગ્જ્ઞાન દીપિકા' જે આપે બનાવી, છપાવી?

ઉત્તર :- બનાવી છે કોણે? મારા જન્મ પહેલા એ તો બની ગઈ છે. 'ધર્મદાસ ક્ષુલ્લક' બ્રહ્મચારી થયા છે. દિગંબર બ્રહ્મચારી 'ધર્મદાસ ક્ષુલ્લક', જેણે 'સમ્યગ્જ્ઞાન દીપિકા', 'સ્વાત્માનુભવ મનન', 'જ્ઞાનભાવના' એવા ગ્રંથ બનાવ્યા છે. બધા જોયા છે ને, અમારી પાસે બધા છે. એ તો અમારા જન્મ પહેલા છપાણી છે. અમારો જન્મ તો (સંવત) ૧૯૪૬ના, વૈશાખ સુદ-૨. અને એ પુસ્તક છપાયું છે ૧૯૪૬ના માહ મહિનામાં. બધું લખાણ જોયું છે. અંદર છે. ત્યારે અમારો જન્મ પણ નહોતો થયો. જન્મ તો વૈશાખ સુદ-૨. ૧૯૪૬ની સાલ. ૮૭મું ચાલે છે ને? એ પહેલા માહ મહિનામાં છપાયું છે. આવ્યું છે, 'હુકમીચંદજી'નું આવ્યું છે. એમાં તો દૃષ્ટાંત આપ્યું છે. એ વાત પંડિતોએ (ઉડાડી).. 'સોનગઢવાળા' આમ કહે છે કે સ્ત્રી ભોગ કરે પણ પતિ માથે હોય તો એને દોષ નથી. અરે..! એ તો 'ધર્મદાસ ક્ષુલ્લક'નો દૃષ્ટાંત છે. 'સમ્યગ્જ્ઞાન દીપિકા'ની વાત છે. આહા..! પહેલા છપાયું હતું (સંવત) ૧૯૪૬ના મહા મહિનામાં. બીજી છપાણી હમણાં ૪૨ વર્ષ પહેલાં. ત્રીજી, ચોથી અહીંયાં છપાણી. પાંચમી હમણાં છપાણી. અહીં તો કેટલા પુસ્તક છપાઈ ગયા. ૧૪ લાખ તો અહીંયાં છપાણા. 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર' દિગંબર શાસ્ત્રો, હોં! ૧૪ લાખ. અને ૬ લાખ ત્યાં 'હુકમચંદજી'ને ત્યાં 'જયપુર' છપાણા. 'હુકમચંદજી' તમારા, 'ભારિલ્લ' કહે છે ને? 'ભારિલ્લ.. ભારિલ્લ'. એણે ૬ લાખ છપાવ્યા છે. આ ૪૨ વર્ષમાં ૨૦ લાખ પુસ્તકો છપાયા છે. અહીંયાં ૪૨ વર્ષ થયા. ૪૦ અને ૨. ૪૫ વર્ષની ઉંમરે અહીંયાં આવ્યા હતા. ૮૭ થયા. ૪૫ અને ૪૨. એ તો પહેલા છપાયું છે. પણ વાંચન નહિ, કોનું પુસ્તક છે એની ખબર નથી. અને કઈ અપેક્ષાએ લખ્યું છે (એની ખબર ન મળે). અરે..! શું કરે? નિશ્ચયની સત્ય વાત તો ગુપ્ત થઈ ગઈ અને બહારની ક્રિયાકાંડમાં બધા મચ્યા. કાલે આવ્યું હતું ને?

'ભવ્યસાગર' સાધુ છે. 'કર્ણાટક'માં દિગંબર સાધુ (છે). 'કર્ણાટક'માં 'ભવ્યસાગર' દિગંબર સાધુ. ૧૮ વર્ષની દીક્ષા છે. ૧૦ અને ૮, ૧૮. શીઘ્ર કવિ છે. આસુ કવિ-શીઘ્ર કવિ. અમારી ઉપર દસ પત્ર આવ્યા છે. કાલે જ એક આવ્યો છે. પહેલા પણ આવ્યો હતો.

ઓહો..! સ્વામીજી! આપે જે આત્મધર્મની વાત પ્રકાશી છે, એવી વાત ક્યાંય નથી. અમે સાધુ નથી, અમે મુનિ નથી. બાપુ! હજી સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નથી ને સાધુ ક્યાંથી થઈ ગયા? સમજાય છે કાંઈ? કાલે પત્ર આવ્યો છે. નહિ? દસમો આવ્યો છે. આપની વાત સાંભળવા મને ત્યાં આવવાનો ભાવ છે. ધન્ય ભાગ્ય! આપની સભામાં હું સાંભળું એ મારું ધન્યપણું છે! મુનિ છે, મુનિ. બહારથી મુનિ થયા એમાં શું? સમ્યગ્દર્શન શું ચીજ છે એની તો ખબર નથી. આહા..! ધર્મનું મૂળ તો સમ્યગ્દર્શન છે. દંસણ મૂલો ધમ્મો. તો સમ્યગ્દર્શન શું છે એની ખબર નથી તો ચારિત્ર ને વ્રત ક્યાંથી આવ્યા?

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન તો ગમે ત્યારે થઈ શકે છે, ચારિત્ર તો લઈ લે ને?

ઉત્તર :– પણ ચારિત્ર કહે કોને?

સ્વરૂપ સમ્યગ્દર્શનનો અનુભવ થાય પછી અંતરમાં રમણતા, આનંદમાં રમણતા, ચરવું, રમવું, જામવું, અતીન્દ્રિય આનંદના ભોજન કરવા એનું નામ ચારિત્ર છે. આહાહા..! ઝીણી વાત, ભાઈ! કાલે આવ્યું છે. બેનના શબ્દો વાંચ્યા હતા ને? બેનના શબ્દો. ૬૩. એ વાંચીને બહુ ખુશી થઈ ગયા છે. બહુ ખુશી. અહો..! બેન જેવા! અનુભવથી આવી વાત કરી. બહુ બિચારા.. માણસ રૂડો છે પણ હવે... અમે તો કાંઈ કોઈને બોલાવતા નથી, કોઈને પત્ર-બત્ર લખતા નથી. આવે ઈ અહીંનું વાંચી લે. કાલે રાત્રે પત્ર વાંચ્યો હતો. આહાહા..!

અહીંયાં તો સમ્યગ્દર્શન.. એણે લખ્યું છે, નિશ્ચય સમ્યગ્દર્શન વિના બધું વ્યર્થ છે. આપ કહો છો એ વાત યથાર્થ છે. વ્રત કેવા, પચ્ચખાણ કેવા, તપ કેવા? સમ્યગ્દર્શન વિના. હજી સમ્યગ્દર્શન શું છે એની તો ખબર નથી. આહા..! સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન, બાપુ! જેણે અંદરમાં દેહથી તો ભિન્ન, કર્મથી ભિન્ન-જુદો, પણ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ રાગ છે એનાથી પણ ભિન્ન... આહાહા..! અને પોતાના સ્વભાવથી ભગવાન અભિન્ન, એવા આત્માનો અનુભવ થવો, એની દૃષ્ટિ થવી, એનું નામ સમ્યગ્દર્શન છે. હજી તો પહેલી ચીજ (શું છે એ ખબર નથી).

મુમુક્ષુ :– એ તો નિશ્ચયની વાત છે.

ઉત્તર :– નિશ્ચયની વાત જ સત્ય છે. વ્યવહાર તો ઉપચાર છે, કથન છે. આહાહા..! કોથળા હોય ને? ચોખાના કોથળા. બોરી-બોરી. ચોખાની ગુણી. (એમ બોલે) ચાર મણ, અઢી શેર. પણ ચાર મણ અઢી શેર એમાં અઢી શેરનો તો કોથળો છે, બોરી છે. ચાર મણ ચોખા છે. પણ તોળવામાં સાથે લઈ લીધો. તો કહે ચાર મણ ચોખા સાથે અઢી શેર બારદાન પાકે છે? ચોખાને બદલે એને રાંધે છે? આહાહા..!

એમ નગ્નપણું અને પંચમહાવ્રત વિકલ્પ તો કોથળા છે. અંદર માલ તો વીતરાગ શુદ્ધ ચિદાનંદ પ્રભુની દૃષ્ટિ, અનુભવ અને સ્થિરતા એ માલ છે-ચોખા છે. ચોખા કહે છે ને? ચાવલ.. ચાવલ. ધોળા સફેદ. એમ ભગવાનઆત્મા પવિત્ર આનંદકંદ પ્રભુની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થાય એ ચોખા-આત્મા ચોખા છે. આહાહા..! કહો, પંડિતજી! આવી વાત છે, ભાઈ! બહુ ફેરફાર થઈ ગયો છે. આહા..! કાલે કહ્યું હતું ને?

'દીપચંદજી સાધર્મી' થયા છે. 'અનુભવ પ્રકાશ', 'ચિદ્‌વિલાસ', 'આત્માવલોકન' એવા ઘણા પુસ્તક બનાવ્યા છે. એક 'ભાવદીપિકા' છે. 'અધ્યાત્મ પંચસંગ્રહ' એનું છે, નહિ? 'અધ્યાત્મ પંચસંગ્રહ' છે. છે, બધા પુસ્તક છે. આ રહ્યું. આ 'આત્માવલોકન' છે. અહીંયાં બધા પુસ્તક છે, બધા જોયા છે. હજારો! એમાં 'ભાવદીપિકા'માં એવું લખ્યું છે, રાત્રે કહ્યું હતું, ૩૦૦-૩૫૦ વર્ષ પહેલા 'દીપચંદજી' ગૃહસ્થાશ્રમમાં સમકિતી આત્મજ્ઞાની અનુભવી હતા. કહેતા હતા કે, અત્યારે હું જોઉં છું તો કોઈ સત્ય વક્તા છે નહિ. પુસ્તક છે અહીં? પુસ્તક નથી આવ્યું. ૪૬ પાને છે. 'ભાવદીપિકા'ના ૨૪૨ પૃષ્ઠ છે. ૨૪૧ પાના પછી આ છે. વર્તમાનમાં ૩૫૦ વર્ષ પહેલા થયા. મહા અનુભવી જ્ઞાની સમકિતી. મેં રણસ્થંભ રોપ્યો છે, એમ લખ્યું છે. આ મોક્ષમાર્ગમાં જઈએ છીએ, અલ્પકાળમાં અમારો મોક્ષ થશે. આહાહા..! એ કહે છે, એમણે એમાં લખ્યું છે, અત્યારે કોઈ સત્ય વક્તા દેખાતા નથી અને સત્ય શ્રદ્ધાનવાન કોઈ દેખાતા નથી. એમ લખ્યું છે. અને મોઢેથી કહીએ તો કોઈ સાંભળતું નથી. એટલે હું લખી જાઉં છું.

મુમુક્ષુ :- કજીયા કરે છે.

ઉત્તર :- કજીયા કરે. મોઢેથી ક્લેશ કરે. એમાં લખ્યું છે. 'ભાવદીપિકા' છે. ત્યાં છે, ત્યાં હશે. હમણા નથી છપાણી, પહેલાની છપાયેલી છે. 'ભાવદીપિકા' છે. આ તો ઘણા વર્ષથી વાંચીએ છીએ. બધું વાંચ્યું છે પહેલેથી, અમે તો (સંપ્રદાયમાં) હતા ત્યાં પણ દિગંબરના શાસ્ત્ર વાંચતા હતા. પહેલેથી અમારો રસ તો એ હતો ને! ભલે સ્થાનકવાસીમાં હતા. 'તત્ત્વાર્થ રાજવાર્તિક', 'આદિપુરાણ', 'સમયસાર', 'પ્રવચનસાર' બધું જોયું હતું. ઘણા વર્ષ પહેલા. પરિવર્તન તો (સંવત) ૧૯૯૧માં અહીંયાં કર્યું. ૪૨ વર્ષ થયા. એ પહેલા અમે તો ૧૯૭૮ની સાલથી વાંચીએ છીએ. ૫૪ વર્ષ થયા.

મુમુક્ષુ :- આપે ઘણા હજારો શાસ્ત્રો વાંચ્યા!

ઉત્તર :- હજારો જોયા છે. કરોડો શ્લોકો શ્વેતાંબરના જોયા છે અને આપણા દિગંબર શાસ્ત્ર, બધું જોયું છે.

મુમુક્ષુ :- આપને બીજું કોઈ કામ જ નહોતું?

ઉત્તર :- અમારે આ એક કામ હતું. આહા..! એમ લખ્યું છે. 'મીઠાલાલભાઈ'! 'દીપચંદજી'એ લખ્યું છે. 'ચિદ્‌વિલાસ', 'અનુભવપ્રકાશ', 'આત્માવલોકન'. જુઓ! આ 'આત્માવલોકન' છે. જુઓ! કાલે કહ્યું હતું ને. દયા કોને કહીએ? એમણે લખ્યું છે. **'વિકારમય પરિણામો દ્વારા પોતાના નિજસ્વભાવનો ઘાત ન કરવો...'** એ શુભભાવથી પોતાના જીવ સ્વભાવનો ઘાત થાય છે. શુભભાવ પણ રાગ છે, રાગ એ હિંસા છે. ગજબ વાત, બાપુ! સંસ્કૃત છે. **'यत् निजस्वभावं विकारभावेन न घातयति न हिनस्ति, निजस्वभावं पालयति तदेव (सैव) दया।** ' આહાહા..! આવ્યું? અને તપ કોને કહે છે? ઈ કહ્યું હતું. જુઓ!

**'શરીર, પરિગ્રહ, ભોગ, કુટુંબ, ઈષ્ટમિત્ર, શત્રુરૂપ પરજ્ઞેયોને છોડવા અથવા તેનામાં**

**મમતા રહિત પરિણતિ થવી તથા તેનામાં તૃષ્ણા રહિત થવું અને પોતાના સ્વભાવમાં સ્થિરતા થવી એવી તપસ્યા જ તે તપ કહેવાય છે.'** 'આત્માવલોકન' ગ્રંથ છે. (ભાવદીપિકામાં) ૨૪૧ પાનું છે.

**'સંસ્કૃત પ્રાકૃતરૂપ ભાષા તીન લોક વિષૈં પ્રસિદ્ધ, તાકૂં છોડી આપ ભ્રમરૂપ દેશાભાષા વિષૈં શાસ્ત્રરચના કાહે કો કરિયે?'** શિષ્યે પ્રશ્ન કર્યો. સંસ્કૃતમાં બધા શાસ્ત્રો પડ્યા છે, તમે કેમ શાસ્ત્રની રચના કરો છો? **'તાકા સમાધાન-કાલ દોષ તૈ સમ્યગ્જ્ઞાની, વીતરાગ પ્રવૃત્તિનીકે ધારક યથાર્થ વક્તાનિ કા તો અભાવ ભયા...'** એ વખતે કોઈ શ્રદ્ધાવંત દેખ્યા નહિ. આહા..! **'અર અવસર્પિણી કાલકે નિમિત્ત તૈં જિનમત વિષૈં કુલિંગ કે ધારક પ્રચંડ હૈં. ક્રોધ, માન, માયા, લોભાદિક કષાય જિનકે, અર પંચ ઈન્દ્રિયકે વિષય મેં હૈ આસક્તભાવ જિનકે, સાક્ષાત્ ગૃહીત મિથ્યાત્વ કે પોસને તૈં જિનમત કે વિષૈં વક્તા ભયે...'** અધિષ્ઠાતા ભયે, **'જિનસૂત્ર કે અર્થ અન્યથા કરને લગે, તા કરિ ભોલે જીવ તિનકી બતાઈ પ્રવૃત્તિ વિષૈં પ્રવર્તતે ભયે, નહિ હૈ સત્ય સૂત્ર કા જ્ઞાન જિનકો અર નાહીં હૈ સંસ્કૃત જ્ઞાન તિનકો, તાકરિ મહાન શાસ્ત્રનિ કા જ્ઞાન તિનતૈં અગોચર ભયા. તાકરિ મૂઢતા કો પ્રાપ્ત ભયે, હીન શક્તિ ભયે. સત્ય વક્તા, સાંચા જિનોક્ત સૂત્ર કા અર્થ ગ્રહણ કરાવનેહારા કોઈ રહા નહીં. તાતૈં સત્ય જિનમત કા તો અભાવ ભયા. તબ ધર્મતૈં પરાન્મુખ ભયે. તબ કોઈ-કોઈ ગૃહસ્થ સુબુદ્ધિ સંસ્કૃત-પ્રાકૃતકા વેત્તા ભયા. તાકરિ તિન સૂત્રનિકો અવગાહા. તબ ઐસા પ્રતિભાસતા ભયા-જો સૂત્ર કે અનુસાર એક ભી શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ કી પ્રવૃત્તિ ન કરે હૈં, અર બહુત કાલ હોય ગયા મિથ્યા શ્રદ્ધા, જ્ઞાન, આચરણ કી પ્રવૃત્તિ કોં, તાકરિ અતિ ગાઢતા નૈં પ્રાપ્ત ભઈ, તાતૈં મુખ કરિ કહી માને નહીં. તબ જીવનિ કા અકલ્યાણ હોતા જાનિ, કરુણાબુદ્ધિ કરિ દેશભાષા વિષૈં શાસ્ત્રરચના કરિ.'** લ્યો! આ માટે શાસ્ત્રની રચના કરી. આહાહા..! 'દીપચંદજી' કૃત 'ભાવદીપિકા'. બહુ જ્ઞાની હતા. સમ્યગ્જ્ઞાની અનુભવી (હતા). સમજાય છે કાંઈ? ઘણા પુસ્તક બનાવ્યા છે. 'ચિદ્વિલાસ'. કેટલું લખે છે! અરેરે..! સમ્યગ્દર્શનની સત્ય વાત કહેનાર કોઈ નથી, કોઈ શ્રદ્ધા કરનાર નથી, મુખથી કહીએ તો માનતા નથી, તેથી હું શાસ્ત્રમાં લખી જાઉં છું. એમ કહે છે.

મુમુક્ષુ :- એ વખતમાં ... માણસો હતા.

ઉત્તર :- એ વખતમાં. આહાહા..!

અહીં કહે છે, વીતરાગ ચિદાનંદ એક શુદ્ધાત્માની અનુભૂતિ, અંદરમાં આનંદનું વેદન, એની એકાગ્રતાના બળથી **'હોનેવાલી ભોગોંકી વાંછારૂપ રાગાદિકકા ત્યાગ...'** શુભરાગાદિનો પણ ત્યાગ **'વહ નિશ્ચયપ્રત્યાખ્યાન,...'** છે. સાચું પચ્ચખાણ, પ્રત્યાખ્યાન એને કહે છે. આહાહા..!

**'ઔર નિજ શુદ્ધાત્માકી પ્રાપ્તિકે બલસે...'** આહાહા..! નિજ શુદ્ધાત્મા પરમાનંદ પ્રભુની એકાગ્રતાની ભાવનાના બળથી. અંતર આનંદની લીનતાના બળથી. આહાહા..!

**'વર્તમાન ઉદયમેં આયે જો શુભ-અશુભકે કારણ હર્ષ-વિષાદાદિ અશુદ્ધ પરિણામ ઉનકો નિજ શુદ્ધાત્મદ્રવ્યસે જુદા કરના...'** આહાહા..! શુભ-અશુભ રાગ આવે છે તેને પોતાના સ્વભાવના આશ્રયે ભિન્ન કરવા, તેનું નામ નિશ્ચય સંવર છે, આલોચના છે. આહાહા..! ભાષા સૂક્ષ્મ, ભાવ સૂક્ષ્મ. એવી વાત છે, પ્રભુ! આહા..! આ તો સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવ સો ઇન્દ્રના પૂજનિક, જેની સભામાં સિંહ ને વાઘ ને નાગ ભગવાનની વાણી સાંભળવા જતા હતા. સિંહ, સેંકડો સિંહ જંગલમાંથી (આવે). વાઘ, નાગ, ઇન્દ્રો, ગણધરો, એકભવતારી ઇન્દ્રો આદિ સાંભળતા જતા હતા. અત્યારે પણ ભગવાન બિરાજે છે. એ ભગવાનની આ વાણી છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'નિજ શુદ્ધાત્મદ્રવ્યસે જુદા કરના...'** આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે છે, એનાથી પણ આત્માને ભિન્ન કરવો અને ભિન્ન કરીને સ્વરૂપમાં સ્થિરતા કરવી એ નિશ્ચય આલોચના, સંવર છે. આહાહા..! એનું નામ સંવર છે. આ તો સમ્યગ્દર્શન વિના વ્રત લઈ લીધા, થઈ ગયો સંવર. બાપુ! આકરી વાત છે, ભાઈ! જન્મ-મરણ રહિત થવાની વસ્તુ વીતરાગે કહી છે એ ચીજ અલૌકિક છે. આહાહા..!

**'ઈસ તરહ નિશ્ચયપ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ઔર આલોચનામેં ઠહરકર...'** જોયું! ઠહરકર એટલે અંદર આનંદમાં રમીને **'જો કોઈ વ્યવહારપ્રતિક્રમણ,...'** શુભભાવ **'વ્યવહાર પ્રત્યાખ્યાન,...'** શુભભાવ **'વ્યવહારઆલોચના, ઈન તીનોંકે અનુકૂલ વન્દના, નિંદા આદિ શુભોપયોગ હૈ, ઉનકો છોડતા હૈ...'** આહાહા..! વંદના આદિનો શુભભાવ છે, તેને અંતર રમણતા કરીને, સ્થિરતા કરીને છોડે છે એનું નામ ચારિત્ર છે અને ધર્મ છે. આહાહા..! ભારે વાત, ભાઈ! છે? **'ઈન તીનોંકે અનુકૂલ...'** વ્યવહારને અનુકૂળ **'વંદના, નિંદા...'** પાપની (કરવી) એ શુભોપયોગ છે, **'ઉનકો છોડતા હૈ...'** શુભોપયોગને છોડીને સ્વરૂપમાં ઠરે છે. આનંદમાં લીન થાય છે એનું નામ ચારિત્ર, એનું નામ પ્રત્યાખ્યાન, એનું નામ આલોચના અને એનું નામ પ્રતિક્રમણ છે. આહાહા..! બહુ અભ્યાસ જોઈએ. આ તો વીતરાગ માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીથી સિદ્ધ થયેલો છે. આ કોઈ કલ્પિત નથી. સાક્ષાત્ ભગવાન એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જેણે જોયા, એને ઈચ્છા વિના વાણી નીકળે છે. ઈચ્છા નથી, એ તો વીતરાગ છે. વીતરાગ તો બારમે ગુણસ્થાને થયા હતા, ભગવાન કેવળી તો તેરમે ગુણસ્થાને થયા. ઈચ્છા તો છે નહિ. વાણી નીકળે છે. ૐ ધ્વનિ.

'ૐ ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' ભગવાનની ૐ ધ્વનિ નીકળે છે, તેનાથી ગણધર શાસ્ત્ર રચે છે, એ માહ્યલા આ શાસ્ત્ર છે. આહાહા..! બહુ વાતું ઝીણી. નિશ્ચય.. નિશ્ચય.. પણ નિશ્ચય એ જ સત્ય છે. વ્યવહાર તો શુભોપયોગ છે, બંધનું કારણ છે. આહાહા..! હજી એની સમજણમાં ઠેકાણા નથી, શ્રદ્ધામાં ઠેકાણા નથી, એને ક્યાંથી સમ્યગ્દર્શન થાય?

મુમુક્ષુ :- નિવૃત્તિ મળતી નથી તો સમ્યગ્દર્શન કેવી રીતે થાય?

ઉત્તર :- નિવૃત્તિ મળતી નથી નહિ, લેતો નથી. નોકરી કરે એમાં ઘુસી જાય છે તો નિવૃત્તિ ક્યાંથી લે? ભાઈનો દાખલો આપ્યો. નોકરી કરતા હતા ને. ભાઈ!

મુમુક્ષુ :- નોકરી ન કરે તો પેટ કેમ ભરાય?

ઉત્તર :- નિવૃત્તિ તો જોઈએ ને. એ તો પુણ્ય હોય તો મળે. અત્યારે સાધારણ માણસને અમે નથી જોતા? અમને ખબર નથી? બુદ્ધિ સાધારણ હોય અને લાખો રૂપિયા પેદા કરે. બુદ્ધિના બારદાન. બારદાન સમજ્યા? કોથળા-બોરી. બુદ્ધિના બોરી-કોથળા જેવા હોય પણ મહિનાના લાખો પેદા કરે છે, પાંચ-પાંચ લાખ પેદા કરે છે, એક દિવસના! અત્યારે 'ઈરાક'નો એક રાજા છે ને? દેશ નાનો છે, પણ એની એક દિવસની ૩૬ લાખની પેદાશ છે. એક દિવસના ૩૬ લાખ. અત્યારે છે. એની ગાદી હતી, એના કુટુંબીએ મારી નાખ્યો. અને બીજો ગાદીએ બેઠો છે. એક કલાકની દોઢ લાખની પેદાશ છે. મરીને બધા નરકે જનારા. કારણ કે માંસ ખાનારા અધર્મી છે. એના દેશમાં પેટ્રોલ બહુ નીકળ્યું છે. દેશ નાનો છે, પણ પેટ્રોલના કૂવા નીકળ્યા છે. એક કલાકની દોઢ લાખની પેદાશ છે. એક દિવસની ૩૬ લાખની પેદાશ છે.

મુમુક્ષુ :- પેટ્રોલને કાળુ સોનું કહેવામાં આવે છે.

ઉત્તર :- કાળુ સોનું છે ને. એમાં શું છે? એ હોય, એ તો પુણ્યને લઈને એવો જોગ બને. એમાં આત્માને શું મળ્યું? નુકસાન છે, એ તો મરીને નરકે જવાના. આહાહા..! એ તો આપણે પહેલા ૬૦મી ગાથા આવી ગઈ છે. ૬૦-૬૦. ૬૦મી ગાથા છે, જુઓ! આપણે ચાલે છે એની પહેલા, ૬૦મી. '**पुण्णेण होइ विहवो**' છે? ૬૦મી ગાથા છે. પુણ્યથી વૈભવ મળે. એ બધા વૈભવ પુણ્યથી મળે છે, આત્માના પુરુષાર્થથી નહિ. છે? અર્થમાં છે. '**પુણ્યસે ઘરમેં ધન હોતા હૈ, ઔર ધનસે અભિમાન,...**' થાય છે. અભિમાન (થાય કે) હું બે કરોડ, પાંચ કરોડ કમાયો. આમ ને તેમ. મરી જઈશ, એ તો પુણ્યને લઈને મળ્યું છે, તારા પુરુષાર્થથી નથી મળ્યું. સમજાય છે કાંઈ? અભિમાન કરે છે. છે? આહા..! '**માનસે બુદ્ધિભ્રમ હોતા હૈ, બુદ્ધિકે ભ્રમ હોનેસે પોપ હોતા હૈ, ઈસલિયે ઐસા પુણ્ય હમારે ન હોવે.**' આચાર્ય કહે છે આવા પુણ્ય અમને ન હો. 'યોગીન્દ્રદેવ' મુનિ દિગંબર મુનિ છે. મુનિને પુણ્ય તો થાય છે. કારણ કે અત્યારે કેવળજ્ઞાન તો છે નહિ, તો આત્માનું ધ્યાન છે, ચારિત્ર છે, આનંદ છે, પણ શુભભાવ છે તો શુભભાવમાં પુણ્ય બંધાશે અને સ્વર્ગમાં જશે. પણ એ પુણ્ય સમકિત સહિતના પુણ્ય છે. એ રઝળાવે નહિ, એ ભવભ્રમણ કરાવવાનું વિશેષ કારણ નથી. અને મિથ્યાદૃષ્ટિના પુણ્યથી વૈભવ મળે, અબજો રૂપિયા મળે અને ઓહો..! અભિમાન થઈ જાય. અમે આવા પૈસાવાળા છીએ, અમે રાજા છીએ, અમે ધનાઢ્ય છીએ. મદમાં અભિમાન થઈ જશે, મતિ ભ્રષ્ટ થશે, અવિવેક થઈ જશે અને પાપ કરીને નરકે જાશે. આહાહા..! સાધારણ બુદ્ધિ નો હોય તો પેદા કરે છે અને બહુ બુદ્ધિવાળો હોય તોપણ એક મહિનાના બે હજાર પેદા કરવા હોય તો પરસેવા ઉતરે. એની સાથે શું

સંબંધ છે?

અહીંયાં કહે છે.. ૬૦મી ગાથા. આપણે ૬૪મી ગાથા ચાલે છે. આહાહા..! શું કહે છે? **'વહી જ્ઞાની કહા જાતા હૈ,...'** ભાષા જુઓ! નિર્વિકલ્પ આનંદમાં શુભભાવને છોડીને રમે છે તેને અહીંયાં યથાર્થ જ્ઞાની ચારિત્ર સહિત કહેવામાં આવે છે. આહા..! **'અન્ય નહીં.'** અન્યને જ્ઞાની નથી કહેતા. રાગનો કર્તા થાય છે, શુભભાવનો કર્તા થાય છે એ જ્ઞાની નથી. આહાહા..! **'સારાંશ યહ હૈ કિ જ્ઞાની જીવ પહલે તો અશુભકો ત્યાગકર શુભમેં પ્રવૃત્ત હોતા હૈ,...'** છે તો સમકિતી, આત્મભાન છે તો પહેલા અશુભને છોડી શુભમાં આવે છે. મહાવ્રતાદિ પરિણામમાં આવે છે. છતાં દૃષ્ટિમાં એ શુભભાવ હેય છે. છોડવાલાયક છે એમ દૃષ્ટિ થઈ તો સમ્યગ્દર્શન થયું છે. પણ શુભભાવ આદરવા લાયક છે અને શુભભાવથી કલ્યાણ થશે, એ દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. આહાહા..! આવી વાતું, ભાઈ!

**'પહલે કિયે હુએ અશુભ કર્મોંકી નિવૃત્તિ...'** છે ને? અશુભકો ત્યાગકર શુભ મેં પ્રવૃત્ત હોતા હૈ, **'બાદ શુભકો ભી છોડકે શુદ્ધમેં લગ જાતા હૈ.'** આહાહા..! **'પહેલ કિયે હુએ અશુભ કર્મોંકી નિવૃત્તિ...'** એ વ્યવહાર પ્રતિક્રમણ. સમ્યગ્દર્શન સહિતની વાત છે. અશુભકર્મથી નિવૃત્તિ થઈને શુભભાવમાં આવવું એ વ્યવહારપ્રતિક્રમણ છે. **'અશુભપરિણામ હોનેવાલે હૈં, ઉનકા રોકના વહ વ્યવહારપ્રત્યાખ્યાન,...'** અશુભથી ખસી શુભમાં આવવું એટલું. **'ઔર વર્તમાનકાલમેં શુભકી પ્રવૃત્તિ અશુભકી નિવૃત્તિ વહ વ્યવહારઆલોચના હૈ. વ્યવહારમેં તો અશુભકા ત્યાગ શુભકા અંગીકાર હોતા હૈ,...'** એ તો શુભ આવે છે. **'ઔર નિશ્ચયમેં શુભ-અશુભ દોનોંકા હી ત્યાગ હોતા હૈ.'** આહા..! દૃષ્ટિ તો રાગના ત્યાગમાં છે. રાગનો ત્યાગ છે એવી સમકિતીની દૃષ્ટિ છે, પણ અસ્થિરતામાં રાગ આવ્યા વિના રહેતો નથી. એ રાગને પણ સ્થિરતા દ્વારા છોડવો એ અહીંયાં ઉપદેશ છે. સમજાય છે કાંઈ? આવી વાતું સૂક્ષ્મ. સત્ય આ છે. આહાહા..! આવી સત્ય ચીજ છે એનું શરણ લેવું એ જ વસ્તુ છે. બાકી બધી વાતું છે. આહાહા..! જાત્રા કરી ને સમ્મેદશિખરની કરી એટલે તેનાથી સંસાર ઘટી જશે. એ બધા મિથ્યા શલ્ય છે. સમજાય છે કાંઈ? પરદ્રવ્યના આશ્રયે કદી સંસાર ઘટતો નથી.

સંસારનો નાશ તો નિજ દ્રવ્યસ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે, તેના આશ્રયે સંસાર નાશ થાય છે. પરના આશ્રયે સંસાર ઉત્પન્ન થાય છે. શુભરાગ પણ સંસાર છે. આહાહા..! **'परदव्वादो दुग्गइ'** એવો પાઠ છે. મોક્ષપાહુડ. 'કુંદકુંદાચાર્યદેવ'નું 'અષ્ટપાહુડ' છે ને? 'અષ્ટપાહુડ' છે. આ બાજુ 'અષ્ટપાહુડ' છે, આ 'નિયમસાર' છે, આ 'અષ્ટપાહુડ' છે, આ 'સમયસાર' છે, આ 'પંચાસ્તિકાય' છે, આ 'પ્રવચનસાર' છે. પાંચ છે. વચ્ચે 'કુંદકુંદાચાર્યદેવ' પાસે 'સમયસાર' છે. અને 'અમૃતચંદ્રાચાર્યદેવ' પાસે 'પ્રવચનસાર' છે, ૐની નીચે 'પંચાસ્તિકાય' છે. આ ૐની નીચે 'અષ્ટપાહુડ' છે, ભગવાન 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ 'નિયમસાર'ની ટીકા કરનારા. મહામુનિ સંત 'નિયમસાર'ની

(ટીકા કરનારા). એમની નીચે 'નિયમસાર' છે. પાંચ શાસ્ત્ર છે, પાંચ. સમજાય છે કાંઈ? એ પાંચ શાસ્ત્રના... શું કહેવાય? કોતર્યા છે. આ પાંચ શાસ્ત્ર કોતરાવ્યા છે અને એની ટીકા કોતરાવી છે.

એક 'અષ્ટપાહુડ'ની ટીકા નથી. 'અષ્ટપાહુડ'ની ટીકા નથી. કેમકે એમાં કડક શબ્દ છે. એમ હોય નહિ. વસ્તુસ્વરૂપ બતાવવું પણ કોઈનો તિરસ્કાર કરવો (એમ નહિ હોવું જોઈએ). એની ટીકામાં એમ લખ્યું છે, તે ટીકા નથી છાપી, જે મૂર્તિને ન માને અને મૂર્તિની પૂજા ન કરે, સ્થાનકવાસી ઉપર નાખ્યું છે, તો એના જોડાને વિષ્ટા ચોપડીને મારવું એ પાપ નથી. એમ હોય? કોઈની વિપરીત દૃષ્ટિ છે તો શું એની ઉપર વેર છે? વિરોધ નહિ. એ તો આત્મા છે, ભગવાન છે. એમ લખ્યું છે. એવી ટીકા માન્ય નથી. ભટ્ટારકની એવી વાત હોય? એમ કે કોઈ શાસનદેવને માને નહિ, મૂર્તિને પૂજે નહિ તો એને જોડાને વિષ્ટા ચોપડી મોઢે મારવું. પાપં નાસ્તિ. વીતરાગમાર્ગમાં આવો વિરોધ હોય નહિ. ગમે તે કોઈપણ પ્રાણી પાપી હોય, સત્વેષુમૈત્રી. બધા પ્રાણી પ્રત્યે મૈત્રી હોય છે. ધર્મીને કોઈ પ્રત્યે વેર-વિરોધ હોતો નથી. આવી ચીજ... 'અષ્ટપાહુડ' છે ને? ૐ ની નીચે બીજા નંબરમાં 'અષ્ટપાહુડ' છે. આ 'નિયમસાર' છે અને પેલું 'અષ્ટપાહુડ' છે. એની ટીકામાં એમ છે. બધું વાંચ્યું છે. બધે ચિહ્ન કર્યા છે. બધા શાસ્ત્ર વાંચીને જેટલી ભૂલ છે ત્યાં (ચિહ્ન કર્યા છે). એ ટીકા નહિ. આ તો 'અમૃતચંદ્રાચાર્ય', 'પદ્મપ્રભમલધારીદેવ'. એમની ટીકા તો અમૃતના સાગર વીતરાગી ટીકા (છે). આહાહા..! અલૌકિક!

મુમુક્ષુ :- આચાર્યની ટીકા કરેલી છે?

ઉત્તર :- ના, એ ભટ્ટારક હતા. દિગંબર. પણ ભટ્ટારકને બહારની... શું કહેવાય? શાસનદેવની પૂજા ને.. એ તો વ્યંતર છે. વ્યંતરની પૂજા કેવી? વીતરાગ માર્ગમાં એ ન હોય. આકરી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- રક્ષા કરે ને?

ઉત્તર :- કોણ રક્ષા કરે? ધર્મની રક્ષા તો ધર્મી કરે છે. આહાહા..! પરજીવની રક્ષા આત્મા નથી કરી શકતો તો ધર્મની રક્ષા શું કરે? પરની દયા પાળવાની શક્તિ આત્મામાં છે? એનું આયુષ્ય હોય તો બચે. શું આત્મા પરને બચાવી શકે છે? પરની રક્ષા, જિનશાસનની રક્ષા. જિનશાસન તો પોતાના વીતરાગભાવમાં છે. એની રક્ષા તો આત્મા પોતે કરે છે.

મુમુક્ષુ :- સ્વયં રક્ષિત છે.

ઉત્તર :- સ્વયં રક્ષિત છે. આહાહા..! છે, ભાઈ! બહુ ગડબડ થઈ ગઈ છે. પદ્માવતીની મૂર્તિ મૂકે છે ને? જૈનશાસન નહિ. 'કટારિયા'એ બહુ લખ્યું છે. 'કટારિયા' છે ને? 'મિલાપચંદ કટારિયા', એણે બહુ લખ્યું છે. વિરોધ (કર્યો છે કે) શાસનદેવની પૂજા મિથ્યાત્વ છે, પદ્માવતીની પૂજા મિથ્યાત્વ છે. ત્રણ પુસ્તક છે. અહીં અમારી પાસે આવ્યા છે. 'કટારિયા'. 'મિલાપચંદ' અને એના દીકરા બેય? એના દીકરાનું નામ? 'રતનલાલ'. 'મિલાપચંદ' એના બાપનું નામ. આ દીકરાનું નામ 'રતનલાલ' છે. એણે બનાવ્યું છે. ત્રણ

પુસ્તક છે. અહીં અમારી પાસે બધા છે. એણે બહુ લખ્યું છે. ત્રણલોકના નાથ વીતરાગને માનવા એ પણ શુભભાવ છે, તો વળી દેવી-દેવલાને માનવા... જૈનદર્શનમાં બહુ ગડબડ થઈ ગઈ. ત્રણલોકનો નાથ વીતરાગ સર્વજ્ઞ સો ઈન્દ્રના પૂજનિક, એને પૂજવા અને માનવા એ પણ શુભભાવ છે, તો પછી આવા વ્યંતર આદિને માનવા એ તો મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ?

અહીંયાં ઈ કહે છે, સમકિતીને અશુભથી બચવા શુભભાવ આવે છે, પણ સ્વરૂપમાં સ્થિર થઈને બધા શુભભાવ પણ છોડી દેવા. ત્યારે એને ચારિત્ર અને વીતરાગતા અંદર પ્રગટ થાય છે, એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! એ ૬૪ (ગાથા) થઈ).

---

अथ –

**१९२) वंदणु णिदणु पडिकमणु णाणिहिँ एहु ण जुत्तु।**
**एक्कु जि मेल्लिवि णाणमउ सुद्धउ भाउ पवित्तु।।६५।।**

**वन्दनं निन्दनं प्रतिक्रमणं ज्ञानिनां इदं न युक्तम्।**
**एकमेव मुक्त्वा ज्ञानमयं शुद्धं भावं पवित्रम्।।६५।।**

वंदणु णिंदणु पडिकमणु वन्दननिन्दनप्रतिक्रमणत्रयम्। णाणिहिँ एहु ण जुत्तु ज्ञानिनामिदं न युक्तम्। किं कृत्वा। एक्कु जि मेल्लिवि एकमेव मुक्त्वा। एकं कम्। णाणमउ सुद्धउ भाउ पवित्तु ज्ञानमयं शुद्धभावं पवित्रमिति। तथाहि। पञ्चेन्द्रियभोगाकांक्षाप्रभृतिसमस्तविभावरहितः शून्यः केवलज्ञानाद्यनन्तगुणपरमात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपनिर्विकल्पसमाधिसमुत्पन्न सहजानन्दपरमसमरसीभावलक्षणसुखामृतरसास्वादेन भरितामृतस्थो योऽसौ ज्ञानमयो भावः तं भावं मुक्त्वाऽन्यद्द्रव्यव्यवहारप्रतिक्रमणप्रत्याख्यानालोचनत्रयं तदनुकूलं वन्दननिन्दनादि-शुभोपयोगविकल्पजालं च ज्ञानिनां युक्तं न भवतीति तात्पर्यम्।।६५।।

---

आगे इसी कथनको दृढ़ करते हैं –

**गाथा – ६५**

अन्वयार्थ :– [ वंदन निंदनं प्रतिक्रमणं ] वंदना, निंदा, और प्रतिक्रमण [ इदं ] ये तीनों [ ज्ञानिनां ] पूर्ण ज्ञानियोंको [ युक्तम् न ] ठीक नहीं हैं, [ एकमेव ] एक [ ज्ञानमयं ] ज्ञानमय [ शुद्धं पवित्रम् भावं ] पवित्र शुद्ध भावको [ मुक्त्वा ] छोड़कर अर्थात् इसके सिवाय ज्ञानीको कोई कार्य करना योग्य नहीं है।

भावार्थ :– पाँच इन्द्रियोंके भोगोंकी वाँछा आदि लेकर संपूर्ण विभावोंसे रहित जो केवलज्ञानादि अनंतगुणरूप परमात्मतत्त्व उसके सम्यक् श्रद्धान ज्ञान आचरणरूप निर्विकल्प

**समाधिसे उत्पन्न जो परमानंद परमसमरसीभाव वही हुआ अमृत-रस उसके आस्वादसे पूर्ण जो ज्ञानमयीभाव उसे छोंड़कर अन्य व्यवहारप्रतिक्रमण प्रत्याख्यान आलोचनाके अनुकूल वंदन निंदनादि शुभोपयोग विकल्प-जाल हैं, वे पूर्ण ज्ञानीको करने योग्य नहीं हैं। प्रथम अवस्थामें ही हैं, आगे नहीं है ॥६५॥**

---

**હવે, આ કથનને દઢ કરે છે :**

**ભાવાર્થ : પાંચ ઈન્દ્રિયોના ભોગની આકાંક્ષા આદિથી માંડીને સમસ્ત વિભાવથી રહિત કેવળજ્ઞાનાદિ અનંતગુણરૂપ પરમાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ અનુષ્ઠાનરૂપ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન સહજ પરમાનંદરૂપ પરમ-સમરસીભાવસ્વરૂપ સુખામૃતરસના આસ્વાદથી પરિપૂર્ણ જે જ્ઞાનમય ભાવ છે તે ભાવ સિવાય અન્ય વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપ્રત્યાખ્યાન, વ્યવહારઆલોચના એ ત્રણેયને અનુકૂળ વંદના, નિંદા આદિ શુભોપયોગની વિકલ્પજાળ જ્ઞાનીઓને યોગ્ય નથી. ૬૫.**

---

## ગાથા-૬૫ ઉપર પ્રવચન

**'આગે ઈસી કથનકો દઢ કરતે હૈં -'** ૬૫.

**૧૯૨) वंदणु णिंदणु पडिकमणु णाणिहिँ एहु ण जुत्तु।**
**एक्कु जि मेल्लिवि णाणमउ सुद्धउ भाउ पवित्तु॥६५॥**

અન્વયાર્થ :- **'वंदन निंदनं प्रतिक्रमणं' 'વંદના,...'** દેવ-ગુરુ-શાસ્ત્રની વંદના, પાપની **'નિંદા, ઔર પ્રતિક્રમણ યે તીનોં પૂર્ણ જ્ઞાનિયોંકો ઠીક નહીં હૈ,..'** આહાહા..! સ્વરૂપમાં સ્થિરતા કરવાવાળાને ઠીક નથી. આહાહા..! સમજાય છે કાંઈ? છે? આ તો 'યોગીન્દ્રદેવે' ૧૩૦૦ વર્ષ પહેલા બનાવ્યું છે. 'કુંદકુંદાચાર્યદેવ' બે હજાર વર્ષ પહેલા ભગવાન પાસે ગયા હતા.

મુમુક્ષુ :- .. પૂર્ણ જ્ઞાની..

ઉત્તર :- પૂર્ણ એટલે આ સાતમા ગુણસ્થાનની વાત છે ને. છઠ્ઠે તો શુભભાવ આવે છે. આત્મજ્ઞાન છે, આત્મદર્શન છે, ચારિત્ર પણ છે, પણ રાગ આવે છે. પ્રતિક્રમણનો, પ્રત્યાખ્યાનનો, પ્રાયશ્ચિતનો, મહાવ્રતનો (રાગ આવે છે). કહે છે કે જ્યારે અંદરમાં સ્થિર થવું છે એવા જ્ઞાનીએ આવા ભાવ છોડી દેવા, એમ કહેવું છે. કારણ કે રાગનું કર્તૃત્વ નથી, પણ અસ્થિરતા થઈ જાય છે એ પણ દોષ છે. આહાહા..! ધર્મીને વંદન (આદિનો) શુભભાવ આવે છે પણ એ દોષ છે. તેથી એને છોડીને અંદર સ્થિર થવું. આહાહા..! એ

વીતરાગતા અને એ મોક્ષનો માર્ગ છે. આહા..! ભારે વાતું આકરી. આમાં તત્ત્વને ન સમજે તો ઝઘડા ઉઠે. આહાહા..! પ્રતિક્રમણ ને પૂજા એ બધો શુભભાવ છે. ઈ કહે છે, જુઓને અહીંયાં.

'**वंदन निंदनं प्रतिक्रमणं**' '**યે તીનો પૂર્ણ જ્ઞાનિયોંકો...**' એટલે સાતમા ગુણસ્થાનમાં ધ્યાનમાં '**ઠીક નહીં હૈ, એક જ્ઞાનમય પવિત્ર શુદ્ધ ભાવકો છોડકર...**' આહાહા..! આત્મા જ્ઞાનસ્વરૂપી છે. એમાં રાગ-બાગ છે જ નહિ. એવો જ્ઞાનમય ભાવ થઈને.. આહાહા..! છે? '**એક જ્ઞાનમય પવિત્ર શુદ્ધ ભાવકો છોડકકર અર્થાત્ ઈસકે સિવાય જ્ઞાનીકો કોઈ કાર્ય કરના યોગ્ય નહીં હૈ.**' આહાહા..! એ શુભભાવનું કાર્ય કરવું પણ યોગ્ય નથી. દૃષ્ટિમાં હેય છે ને? આવે છે, પણ એને પણ છોડીને અંદરમાં સ્થિર થાય એ આદરણીય છે. છે? '**એક જ્ઞાનમય...**' પેલા તો ઘણાં પ્રકાર થઈ ગયા. શુભ પ્રતિક્રમણ ને ફલાણું. એક જ્ઞાન, વસ્તુ જ્ઞાનસ્વરૂપ ચિદ્‌બિંબની એકાગ્રતા. શુદ્ધ.. છે ને? '**પવિત્ર શુદ્ધ ભાવકો છોડકર અર્થાત્ ઈસકે સિવાય જ્ઞાનીકો કોઈ કાર્ય કરના યોગ્ય નહીં હૈ.**' આહાહા..!

**ભાવાર્થ :-** '**પાંચ ઈન્દ્રિયોંકે ભોગોંકી વાંછા આદિ લેકર સંપૂર્ણ વિભાવોંસે રહિત...**' જુઓ! શુભભાવ પણ વિભાવ છે. પાંચ ઈન્દ્રિયના ભોગની વાંછા એ તો પાપ છે. '**આદિ લેકર સંપૂર્ણ વિભાવોંસે..**' એટલે શુભભાવ પણ ત્યાજ્ય છે. '**વિભાવોંસે રહિત જો કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ પરમાત્મતત્ત્વ...**' કેવળજ્ઞાન એટલે એકલું જ્ઞાન, હોં! કેવળજ્ઞાન તેરમે ગુણસ્થાને થાય એ નહિ. એક જ્ઞાન, એક દર્શન, એક આનંદ, એવા અનંતગુણરૂપ. '**અનંતગુણરૂપ પરમાત્મતત્ત્વ...**' પોતાનું પરમાત્મતત્ત્વ અનંતગુણરૂપ છે. આહાહા..! એટલા ગુણ અંદર છે.. કાલે ભક્તિમાં આવ્યું હતું.

સંજ્ઞી પંચેન્દ્રિય હોય અને આખા જંગલની વનસ્પતિના ઝાડ હોય એની કલમ બનાવે, તોપણ ભગવાનના ગુણ લખાય નહિ. એટલા અનંત ગુણ છે. આ આત્માની અંદર ગુણ, હોં! એના ગુણ અનંત છે. આકાશના પ્રદેશ અનંત છે, એનાથી અનંતગુણા ગુણ એક જીવમાં છે. આહાહા..! શું કહ્યું? આકાશના પ્રદેશ છે ને? આકાશ સર્વવ્યાપક છે. આ લોક જગત છે અને ખાલી અલોક છે, એ બધા આકાશના પ્રદેશની સંખ્યા, એક પરમાણુ જેટલી જગ્યા રોકે તેને પ્રદેશ કહેવાય, એ જેટલા આકાશના અનંત અમાપ પ્રદેશ છે, તેનાથી અનંતગુણા ગુણ એક જીવમાં છે. આહાહા..! એ અનંત ગુણ અહીંયાં કહ્યા. છે ને?

કેવળ એટલે એકલા જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણરૂપ પરમાત્મતત્ત્વ પોતાનું સ્વરૂપ. આહાહા..! '**ઉસકે સમ્યક્ શ્રદ્ધાન...**' આવા નિજ પરમાત્મતત્ત્વની સાચી શ્રદ્ધા અંદર અનુભવમાં થવી, તેનું સહજ સમ્યક્‌જ્ઞાન અને તેનું સમ્યક્ આચરણ સ્વરૂપનું. '**નિર્વિકલ્પ સમાધિસે ઉત્પન્ન જો પરમાનંદ...**' આહાહા..! '**નિર્વિકલ્પ સમાધિસે ઉત્પન્ન જો પરમાનંદ પરમસમરસીભાવ વહી હુઆ અમૃત-રસ...**' આહાહા..! જુઓ! આ મુનિની દશા! સપ્તમ ગુણસ્થાનમાં આવી દશા હોય છે. છઠ્ઠા ગુણસ્થાનમાં હજી શુભભાવ આવે છે એ પ્રમાદ છે,

રાગ છે. આહાહા..! '**પરમસમરસીભાવ વહી હુઆ અમૃત-રસ ઉસકે આસ્વાદસે...**' આહાહા..! અતીન્દ્રિય અમૃતના રસના આસ્વાદથી '**પૂર્ણ જો જ્ઞાનમયીભાવ...**' આવા જ્ઞાનની સ્થિરતામયી ભાવ. '**ઉસે છોડકર અન્ય વ્યવહારપ્રતિક્રમણ પ્રત્યાખ્યાન આલોચનાકે અનુકૂલ વંદન નિંદનાદિ શુભોપયોગ વિકલ્પ-જાલ હૈ,...**' આહાહા..! અમૃતરસના સ્વાદથી પૂર્ણ જ્ઞાનમયી ભાવ, અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિનું વીતરાગી પરિણમન છોડીને, અન્ય વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપ્રત્યાખ્યાન અને વ્યવહારઆલોચનાને '**અનુકૂલ વંદન નિંદનાદિ શુભોપયોગ વિકલ્પ-જાલ હૈ,...**' એ શુભઉપયોગની વિકલ્પજાળ છે એ તો. આહાહા..! '**વે પૂર્ણ જ્ઞાનીકો કરને યોગ્ય નહીં હૈ.**' સપ્તમ ગુણસ્થાનમાં સ્થિરતા કરવાવાળાને એ વસ્તુ યોગ્ય નથી. '**પ્રથમ અવસ્થામેં હી હૈ,...**' છઠ્ઠા ગુણસ્થાનમાં આત્મજ્ઞાન, શાંતિ, ચારિત્ર પ્રગટ થયા છે, પણ છઠ્ઠું ગુણસ્થાન છે ત્યાં રાગ આવે છે. વ્યવહારપ્રતિક્રમણ, વંદન આદિ હોય છે. પછી સ્વરૂપમાં ઠરે છે ત્યારે એ હોતા નથી. '**આગે નહીં હૈ.**' આહાહા..! આ મોક્ષનો માર્ગ અને વીતરાગનો માર્ગ છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

अथ –

**१९३) वंदउ णिंदउ पडिकमउ भाउ असुद्धउ जासु।**
**पर तसु संजमु अत्थि णवि जं मण-सुद्धि ण तासु।।६६।।**
**वन्दतां निन्दतु प्रतिक्रामतु भावः अशुद्धो यस्य।**
**परं तस्य संयमोऽस्ति नैव यस्मात् मनः शुद्धिर्न तस्य।।६६।।**

**वंदउ इत्यादि। वंदउ णिंदउ पडिकमउ वन्दननिन्दनप्रतिक्रमणं करोतु। भाउ असुद्धउ जासु भावः परिणामः न शुद्धो यस्य, पर परं नियमेन तसु तस्य पुरुषस्य संजमु अत्थि णवि संयमोऽस्ति नैव। कस्मान्नास्ति। जं यस्मात् कारणात् मण-सुद्धि ण तासु मनःशुद्धिर्न तस्येति। तद्यथा। नित्यानन्दैकरूपस्वशुद्धात्मानुभूतिप्रतिपक्षैर्विषयकषायाधीनैः ख्यातिपूजालाभादि-मनोरथशतसहस्रविकल्पजालमालाप्रपञ्चोत्पन्नैरपध्यानैर्यस्य चित्तं रञ्जितं वासितं तिष्ठति तस्य द्रव्यरूपं वन्दननिन्दनप्रतिक्रमणादिकं कुर्वाणस्यापि भावसंयमो नास्ति इत्यभिप्रायः।।६६।। एवं मोक्षमोक्षफलमोक्षमार्गादिप्रतिपादकद्वितीयमहाधिकारमध्ये निश्चयनयेन पुण्यपापद्वयं समानमित्यादिव्याख्यानमुख्यत्वेन चतुर्दशसूत्रस्थलं समाप्तम्। अथानन्तरं शुद्धोपयोगादिप्रतिपादनमुख्यत्वेनैकाधिकचत्वारिंशत्सूत्रपर्यन्तं व्याख्यानं करोति। तत्रान्तरस्थलचतुष्टयं भवति। तद्यथा। प्रथमसूत्रपञ्चकेन शुद्धोपयोगव्याख्यानं करोति, तदनन्तरं पञ्चदशसूत्रपर्यन्तं वीतरागस्वसंवेदनज्ञानमुख्यत्वेन व्याख्यानम्, अत ऊर्ध्वं सूत्राष्टकपर्यन्तं**

परिग्रहत्यागमुख्यत्वेन व्याख्यानं, तदनन्तरं त्रयोदशसूत्रपर्यन्तं केवलज्ञानादिगुणस्वरूपेण सर्वे जीवाः समाना इति मुख्यत्वेन व्याख्यानं करोति। तद्यथा।

---

आगे इसी बातको दृढ़ करते हैं –

गाथा – ६६

अन्वयार्थ :– [ वंदतु निंदतु प्रतिक्रामतु ] निःशंक वंदना करो, निंदा करो, प्रतिक्रमणादि करो, लेकिन [ यस्य ] जिसके [ अशुद्धो भावः ] जब तक अशुद्ध परिणाम हैं, [ तस्य ] उसके [ परं ] नियमसे [ संयमः ] संयम [ नैव अस्ति ] नहीं हो सकता, [ यस्मात् ] क्योंकि [ तस्य ] उसके [ मनःशुद्धिः न ] मनकी शुद्धता नहीं है। जिसका मन शुद्ध नहीं, उसके संयम कहाँसे हो सकता है?

भावार्थ :– नित्यानंद एकरूप निज शुद्धात्माकी अनुभूतिके प्रतिपक्षी (उलटे) जो विषय कषाय, उनके आधीन आर्त रौद्र खोटे ध्यानोंकर जिसका चित्त रँगा हुआ है, उसके द्रव्यरूप व्यवहार–वंदना, निंदा प्रतिक्रमणादि क्या कर सकते हैं ? जो वह बाह्य–क्रिया करता है, तो भी उसके भावसंयम नहीं है। सिद्धान्तमें उसे असंयमी कहते हैं। कैसे हैं, वो आर्त रौद्र स्वरूप खोटे ध्यान अपनी बड़ाई, प्रतिष्ठा और लाभादि सैंकड़ों मनोरथोंके विकल्पोंकी मालाके (पंक्तिके) प्रपंच कर उत्पन्न हुए हैं। जब तक ये चित्तमें हैं, तब तक बाह्य–क्रिया क्या कर सकती है? कुछ नहीं कर सकती।।६६।।

इस तरह मोक्ष, मोक्ष–फल, मोक्षमार्गादिका कथन करनेवाले दूसरे महा अधिकारमें निश्चयनयसे पुण्य, पाप दोनों समान हैं, इस व्याख्यानकी मुख्यतासे चौदह दोहे कहे। आगे शुद्धोपयोगके कथनकी मुख्यतासे इकतालीस दोहोंमें व्याख्यान करते हैं, और आठ दोहोंमें परिग्रहत्यागके व्याख्यानकी मुख्यतासे कहते हैं, तथा तेरह दोहोंमें केवलज्ञानादि गुणस्वरूपकर सब जीव समान हैं, ऐसा व्याख्यान है।

---

હવે, એ જ વાતને દૃઢ કરે છે :

ભાવાર્થ : નિત્યાનંદ જ જેનું એક રૂપ છે એવા શુદ્ધ આત્માની અનુભૂતિથી પ્રતિપક્ષી વિષયકષાયને આધીન, ખ્યાતિ-પૂજા-લાભાદિના લાખો મનોરથની વિકલ્પજાળની માળાના પ્રપંચથી ઉત્પન્ન એવાં અપધ્યાન (માઠાં ધ્યાન)થી જેનું ચિત્ત રંજિત (રંગાયેલું) રહે છે, વાસિત રહે છે તેને દ્રવ્યરૂપ વંદના, નિંદા અને પ્રતિક્રમણાદિ કરવા છતાં પણ ભાવસંયમ નથી. ૬૬.

એ પ્રમાણે મોક્ષ, મોક્ષફળ અને મોક્ષમાર્ગાદિના પ્રતિપાદક બીજા મહાધિકારમાં નિશ્ચયનયથી પુણ્ય, પાપ બન્ને સમાન છે ઈત્યાદિ વ્યાખ્યાનની મુખ્યતાથી ચૌદ સૂત્રોનું

**સ્થળ સમાપ્ત થયું.**

**ત્યાર પછી શુદ્ધોપયોગાદિના પ્રતિપાદનની મુખ્યતાથી એકતાલીસ સૂત્રો સુધી વ્યાખ્યાન કરે છે. તેમાં ચાર અન્તરસ્થળ છે તે આ પ્રમાણે : (૧) પ્રથમ પાંચ ગાથાસૂત્રથી શુદ્ધ-ઉપયોગનું વ્યાખ્યાન કરે છે, (૨) ત્યાર પછી પંદર ગાથાસૂત્ર સુધી વીતરાગ-સ્વસંવેદનરૂપ જ્ઞાનની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે, (૩) ત્યાર પછી આઠ ગાથાસૂત્ર સુધી પરિગ્રહત્યાગની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે, (૪) ત્યાર પછી તેર ગાથાસૂત્ર સુધી 'કેવળજ્ઞાનાદિ ગુણસ્વરૂપથી સર્વ જીવો સમાન છે' એમ મુખ્યપણે વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણે :**

## વીર સંવત ૨૫૦૨, માગશર સુદ ૭, રવિવાર
## તા. ૨૮-૧૧-૧૯૭૬, ગાથા-૬૬-૬૭, પ્રવચન નં. ૧૪૫

જિનવરદેવ વીતરાગ પરમેશ્વર, જેને ત્રિકાળજ્ઞાન અને અનંતઆનંદ આદિ કેવળજ્ઞાન પ્રગટ થયું, એમણે ત્રિકાળ વસ્તુ જાણી એ દિવ્યધ્વનિ દ્વારા ઉપદેશ આપ્યો. ઈચ્છા વિના. વીતરાગને ઈચ્છા હોતી નથી. ઈચ્છા વિના વાણી ખરે છે. એ વાણીમાંથી ગણધરો, સંતો શાસ્ત્ર રચે છે. એ માયલું શાસ્ત્ર છે આ. ૬૬ (ગાથા). જરી શાંતિથી સમજવાની વાત છે. આખો બધો ફેરફાર છે.

**'આગે ઈસી બાતકો દઢ કરતે હૈં-'**

**૧૯૩) वंदउ णिंदउ पडिकमउ भाउ असुद्धउ जासु।**
**पर तसु संजमु अत्थि णवि जं मण-सुद्धि ण तासु।।६६।।**

આહાહા..! કહે છે કે '**નિઃશંક વંદના કરો,...**' ભગવાન આદિની વંદના કરો. એ શુભભાવ છે. ધર્મ નહિ. આહાહા..! '**નિઃશંક વંદના કરો, નિંદા કરો,...**' આત્માના પાપના ભાવની નિંદા કરો. અરે..! આ પાપ થયા. પણ એ નિંદાનો ભાવ પણ શુભભાવ છે. પુણ્ય છે, ધર્મ નહિ. '**પ્રતિક્રમણાદિ કરો,...**' આ કરે છે ને સાંજ સવાર પ્રતિક્રમણ વ્યવહાર? મિચ્છામી દુક્કડમ. એ બધો શુભભાવ રાગ છે. એ ધર્મ નહિ. ઝીણી વાત, બાપુ! જગતને વસ્તુ સત્ય.. છે? પ્રતિક્રમણ. '**પ્રતિક્રમણ આદિ કરો,...**' સામાયિક, આ પ્રતિક્રમણ, પોષા કરે છે ને? એ હજી સમ્યગ્દર્શન વિના, ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ, એના અનુભવના શુદ્ધ ભાન વિના એ બધી ક્રિયાકાંડ સંસારને પ્રાપ્ત કરાવે એવી છે. સંસારને પ્રાપ્ત (કરાવે) એ રખડવાની વાત છે બધી. શેઠ! આહાહા..! ઝીણી વાત છે, બાપુ!

અનંતકાળમાં એણે ચૈતન્ય નિર્મળાનંદ પ્રભુ શુદ્ધ આનંદનો, અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ આત્મા, એની સન્મુખ થઈને કદી એણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું જ નથી. શુદ્ધતા. એને

શુદ્ધતા કહીએ. એ શુદ્ધતાના ભાન વિના આ બધી પ્રતિક્રમણ આદિ ક્રિયા કરો. '**જિસકે જબ તક અશુદ્ધ પરિણામ હૈં,...**' આહાહા..! એ તો અશુદ્ધ પરિણામ છે કહે છે. અશુદ્ધ. અશુદ્ધના બે પ્રકાર. શુભ પરિણામ અને અશુભ પરિણામ. તો આ પ્રતિક્રમણ આદિ, સામાયિક આદિ ક્રિયાના ભાવ છે એ શુભભાવ અશુદ્ધભાવ છે. એ ધર્મ નહિ. આહાહા..! '**ઉસકે નિયમસે સંયમ નહીં હો સકતા,...**' આહાહા..! એવા વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારસામાયિક, વ્યવહારપૌષધ એ બધી ક્રિયાકાંડનો શુભરાગ છે. એમાં જ્યાં સુધી ધર્મ માને છે તેને સંયમ નથી, એને ચારિત્ર નથી, એને મુનિપણું છે નહિ. છે?

'**સંયમોઽસ્તિ**' '**નહિં હો સકતા, ક્યોંકિ ઉસકે મનકી શુદ્ધતા નહીં હૈ.**' આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ વીતરાગમૂર્તિ આત્મા છે એની દૃષ્ટિની નિર્મળતા એના જ્ઞાનમાં નથી. એ દૃષ્ટિની નિર્મળતા વિના એ બધી ક્રિયાકાંડો સંસારના કારણ છે. ભવનો અભાવ થવાનું એ કારણ નથી. સમજાણું કાંઈ? આચાર્યે તો સ્પષ્ટ મૂક્યું છે. એ 'સમયસાર'માં મોક્ષ અધિકારમાં આવ્યું છે, એ અહીં મૂક્યું છે. '**મનઃશુદ્ધિઃ ન**' '**મનઃશુદ્ધિઃ**'નો અર્થ? એ પુણ્ય અને પાપના ભાવથી ભિન્ન ભગવાનઆત્મા છે એ ચૈતન્યપ્રકાશની મૂર્તિ છે. કોને ક્યાં ખબર? આત્મા એ તો ચૈતન્યના પ્રકાશની, અનંત ચૈતન્યના પ્રકાશનું સ્વરૂપ છે. એની અનુભવદૃષ્ટિ અને સમ્યગ્દર્શન વિના એના મનમાં શુદ્ધિ આવતી નથી. આહાહા..! રખડી મરે છે આ ચોર્યાશીના અવતારમાં. નરક ને સ્વર્ગ ને શેઠાઈ ને... શું છે કાંઈ? તત્ત્વનો અવિનય છે, પાપ છે. આહાહા..!

અહીંયાં તો કહે છે, '**મનકી શુદ્ધતા નહીં હૈ. જિસકા મન શુદ્ધ નહીં, ઉસકે સંયમ કહાંસે હો સકતા હૈ?**' આહાહા..! જેના મનમાં આત્મા પવિત્ર આનંદનો નાથ પ્રભુ ભગવત્ સ્વરૂપ છે આત્મા, એનો સ્વભાવ જ ભગવંત સ્વરૂપ છે, એનો જેને અનુભવ સમ્યગ્દર્શન, જેની શુદ્ધતાનો ભાવ પ્રગટ્યો નથી એ જીવને આવા પ્રતિક્રમણ આદિ ક્રિયાકાંડ શું કરે? સમજાણું કાંઈ? આવી ઝીણી વાત છે. અત્યારે સંપ્રદાયમાં તો આ વાત પણ ચાલતી નથી. આ બહારનું આ કરો, પડિકમણા કરો, સામાયિક કરો, ઈચ્છામી પડિકમણું ઈરિયા વહિયાએ તસ્સ મિચ્છામી દુક્કડમ. તસ્સઉતરી કરણેણ તાવકાય ઠાણેણં એમાં અર્થ પણ આવડતા ન હોય. એ બધી ક્રિયા શુભભાવ છે, પુણ્યભાવ છે, ધર્મ નહિ. આહાહા..!

ધર્મ તો પરમાત્મા જિનવરદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પ્રભુ, એને ધર્મ કહે છે, એ પુણ્ય અને પાપના ભાવથી ભિન્ન ભગવાનઆત્મા એની દૃષ્ટિમાં આવવો, એની વર્તમાન જ્ઞાનની દશામાં આખું જ્ઞેય-પરમાત્માનું જ્ઞાન થવું. આહાહા..! પરમાત્મા પોતે, હોં! ભગવાન ભગવાન છે એ તો પર પરમાત્મા. એનું વંદન, નમન આદિ તો શુભભાવ છે, ધર્મ નથી. આહાહા..! સ્વદ્રવ્ય જે ભગવાનઆત્મા ચૈતન્યનો પ્રકાશનો હીરો, જેમાં અનંતઆનંદ અને અનંતજ્ઞાન અને અનંતશાંતિ પડી છે. આહાહા..! એવા આત્માનો જેને અનુભવ નથી એટલે કે જેને સમ્યગ્દર્શન નથી, એટલે કે એ શુદ્ધ આત્માના અનુભવની પર્યાયમાં શુદ્ધતા પ્રગટી નથી... આહાહા..! એના એ બધા વ્યવહારપ્રતિક્રમણ ને સામાયિક ને પાપની નિંદા અને મિચ્છામી દુક્કડમ ને એ બધા ભાવો સંસારમાં રખડવાના છે. સમજાણું કાંઈ? '**ઉસકે સંયમ કહાંસે હો**

**સકતા હૈ?**' આહાહા..! કહે છે કે બહારની સામાયિક કરે શુભભાવ, પ્રતિક્રમણ કરે, ભગવાન ચોવીસ તીર્થંકરનું સ્તવન કરે, સામાયિક, વંદન, પડિક્મણુ, કાયોત્સર્ગ કરે તાવ કાય ઠાણેણં માણેણં ઝાણેણં અપ્પાણં વોસરે. એ તો બધી રાગની ક્રિયા છે. એ રાગની ક્રિયા આત્માની શુદ્ધતા વિના શું કરી શકે? કહે છે. આહાહા..! હવે ઈ વ્યાખ્યા કરે છે.

**ભાવાર્થ :- 'નિત્યાનંદ એકરૂપ નિજ શુદ્ધાત્માકી અનુભૂતિ....'** આહાહા..! આ આત્મા સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવે જેવો કહ્યો છે અને એવો એ છે. કેવો છે એ આત્મા? નિત્યાનંદ. જેમાં નિત્ય આનંદ પડ્યો છે. અતીન્દ્રિય આનંદ, હોં! આ વિષયસુખમાં જે માને છે આનંદ એ તો દુઃખ છે, એ તો ઝેર છે. આહાહા..! પાંચ ઈન્દ્રિયના વિષયની વલણ વૃત્તિ છે એ તો ઝેર છે, દુઃખ છે. ભગવાનઆત્મા તો નિત્યાનંદ સ્વરૂપ છે. આહાહા..! જેમાં નિત્ય કાયમી અતીન્દ્રિય આનંદ પડ્યો છે. આહાહા..! એ કેમ બેસે? આહાહા..! આ આત્મતત્ત્વ ભગવાને જિનવરદેવે જે કહ્યું આત્મતત્ત્વ આ, એ તો નિત્યાનંદ સ્વરૂપ છે. આહાહા..! કાયમી અસલી આનંદથી ભરેલો એ ભગવાનઆત્મા છે. ક્યાં ખબર કોને? જય નારાયણ. અરે..! એમ ને એમ જિંદગી અનંતકાળ ગઈ. એક તો સંસારના વેપાર-ધંધા આદિના કામ, બાયડી, છોકરાના પાપમાંથી નવરો થાય નહિ. આહાહા..! એમાંથી કદાચ નવરો થઈને આવી ક્રિયા કરે એ પણ પુણ્ય છે, એ ધર્મ નહિ. જન્મ-મરણને ટાળવાની એ ક્રિયા નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**નિત્યાનંદ એકરૂપ નિજ શુદ્ધાત્માકી અનુભૂતિ...**' અનુભૂતિ એટલે અનુભવ. અનુભવમાં સમ્યગ્દર્શન છે. આહાહા..! નિત્યાનંદ પ્રભુ એકરૂપ નિજ શુદ્ધાત્મા. પોતાનો શુદ્ધ આત્મા. ભગવાનનો શુદ્ધ આત્મા ભગવાન પાસે રહ્યો. એ કાંઈ આત્માને લાભ કરતા નથી. આહાહા..! '**નિજ શુદ્ધાત્મા...**' પોતાનો અંદર નિર્મળ ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય શુદ્ધ નિત્યાનંદ. આહાહા..! એની અનુભૂતિ, એનો અનુભવ. એટલે કે એની શુદ્ધ પર્યાયમાં તેનું જ્ઞાન અને આનંદનું ભાન થવું. આહાહા..! એને સમ્યગ્દર્શન કહે છે. હજી ચોથું ગુણસ્થાન છે એને. એને અનુભૂતિ કહે છે. આત્મા પરમાનંદ નિત્યાનંદ એક શુદ્ધાત્મા તેનો અનુભવ. જે રાગનો અનુભવ અનાદિથી પુણ્ય-પાપનો છે એ તો અશુદ્ધ-મલિન, ઝેરનો અનુભવ છે. આહાહા..! શુભભાવ જે છે આ પડિકમણું દયા, દાન, વ્રતાદિ એ પણ શુભરાગ ઝેર છે. ન બેસે. અનંતકાળથી વાત બેઠી નથી. એણે સાંભળી નથી. સાંભળી નથી. આહાહા..! એ શુભભાવને પણ પરમાત્મા વિષકુંભ કહે છે. વિષ એટલે ઝેરનો ઘડો છે ઈ. આહાહા..! ભગવાનઆત્મા નિત્યાનંદ અમૃતનો ઘડો છે. હવે આવડો આત્મા કેમ બેસે? એક બે બીડી પીવે ત્યારે પાયખાને સરખી દિશા ઉતરે. આટલા તો જેના અપલખણ. સવારમાં દોઢ-પાશેર ચા પીવે ત્યારે મગજ ઠેકાણે રહે. નહિતર કહે, આજે ચા પીને નથી આવ્યો એટલે મગજ બરાબર ઠીક નથી. કહો હવે. અર..ર..! દોઢ પાશેર ચાનો ઉકાળો પીવે ત્યારે એને મગજ ઠેકાણે રહે. કહો, 'સુજાનમલજી'! આ અપલખણના પાર કેટલા છે એના? એને આ આત્મા શુદ્ધ નિત્યાનંદ સ્વરૂપ છે એ કેમ બેસે એને? આહાહા..!

અહીંયાં તો કહે છે કે જેને મોક્ષના માર્ગની દશા પ્રગટ કરવી છે એણે તો નિત્યાનંદ એક શુદ્ધાત્માનો અનુભવ કરવો પડશે. આહાહા..! એ મોક્ષમાર્ગની ક્રિયા છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**નિત્યાનંદ...**' નિત્યાનંદ એટલે ઓલા નિત્યાનંદ નામ હોય છે ઘણાના. બાવાના નામ. આ નિત્યાનંદ આવે છે ને ત્યાં? હતા ત્યાં. સાધુ બાવા હોય ને બાવા નિત્યાનંદ. નિત્યાનંદ નામ હોય, અંદર ઝેર ભર્યા હોય. દૃષ્ટિ મિથ્યાત્વ હોય. આહાહા..! આ તો ભગવાનઆત્મા પરમેશ્વર જિનવરદેવ કેવળજ્ઞાની ત્રિલોકનાથ, એની આજ્ઞામાં હુકમમાં એ આવ્યું છે. પ્રભુ! તું તો નિત્યાનંદ સ્વરૂપી છો ને. આહાહા..! ભગવાન! તને તારી ખબર નથી. તારું સ્વરૂપ અંદર ભગવાનસ્વરૂપ છે. આહાહા..! જો ભગવાન સ્વરૂપ ન હોય તો પર્યાયમાં ભગવાન કેવળી થાશે ક્યાંથી? કાંઈ બહારથી આવે એવું છે? આહાહા..! સમજાય છે કાંઈ?

'**નિત્યાનંદ એકરૂપ નિજ શુદ્ધાત્મા...**' આહાહા..! એ તો એકરૂપ સ્વરૂપ છે, કહે છે. નિત્યાનંદ (કહેતાં) આનંદનો ભેદ નથી ત્યાં. વસ્તુ નિત્યાનંદ એકરૂપ છે ને? એકરૂપ. આહાહા..! ચિદાનંદ આનંદકંદ પ્રભુ એકરૂપ શુદ્ધાત્મા. આહાહા..! એની અનુભૂતિ એ નિત્યાનંદ એકરૂપ શુદ્ધાત્માને અનુસરીને રાગના ત્યાગથી અનુભૂતિ થવી... આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ સમ્યગ્જ્ઞાન અને એમાં ઠરવું સ્વરૂપમાં એનું નામ સમ્યક્ ચારિત્ર. બાકી બધા થોથાં છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ '**અનુભૂતિકે પ્રતિપક્ષી (ઉલટે)...**' શું કહે છે? જુઓ! એવી જે અનુભૂતિથી ઊલટું. '**વિષય કષાય, ઉનકે આધીન...**' આહાહા..! પાંચ ઇન્દ્રિયના વિષયો તરફ વલણ અને રાગ. શુભ-અશુભ રાગ એ કષાય '**ઉનકે આધીન...**' આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પ્રતિક્રમણ આદિના ભાવ એ શુભરાગ કષાય છે. એને આધીન થયેલો અનાદિનો અજ્ઞાની... આહાહા..! સહજાનંદ સ્વરૂપ. સહજાનંદ ઓલા સ્વામિનારાયણના સહજાનંદ એ નહિ, હોં! આ સહજાનંદ સ્વરૂપ જ આત્માનું છે. કહ્યું ને? નિત્યાનંદ કહ્યું ને? નિત્યાનંદ કહો કે સહજાત્મસ્વરૂપ સહજાનંદ કહો. આહાહા..!

એવું એક ફેરી આવ્યું હતું, 'ઉમરાળા'માં. સહજાત્મસ્વરૂપ. એક બાઈ હતા શેઠાણી. અમારે ત્યાં 'જીવાભાઈ' 'બાલુભાઈ'ના બા હતા. એ કહે, આ સહજાત્મસ્વરૂપ, સહજાનંદ આત્મામાં ક્યાંથી આવ્યો? એ તો સ્વામિનારાયણના સહજાનંદ છે. આહાહા..! ખબર ન મળે કઈ વાત છે. આ તો આત્મા નિત્યાનંદ છે, સહજાનંદ છે. સ્વભાવિક, સહજ એટલે સ્વભાવિક આનંદની મૂર્તિ પ્રભુ છે. એને ખબર ક્યાં છે? આહાહા..! એવો જે નિત્યાનંદ ભગવાન, એની જે શુદ્ધાત્માની અનુભૂતિ, એનાથી ઊલટા એ શુભ-અશુભભાવ છે. સમજાય છે કાંઈ? એ શુભ અને અશુભભાવ એ અશુદ્ધભાવ, એ નિત્યાનંદ શુદ્ધાત્માથી વિપરીત ભાવ છે. 'દેવીલાલજી'! આવી વાત છે. આહા..!

અરે..! આવી વાત સાંભળવા મળે નહિ. એ બિચારા ક્યાં રખડે? મરી જાય અનાદિકાળથી. આહાહા..! નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. 'મુનિવ્રત ધાર...' મુનિના વ્રત

પાંચ મહાવ્રત લીધા, હજારો રાણી છોડી, દુકાન-ધંધા છોડી સાધુ થયો. પણ એ તો બધી રાગની ક્રિયા છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' ભગવાન કહે છે કે ગ્રૈવેયકમાં ગયો. ગ્રૈવેયક. આ ગ્રીવા છે ને? ચૌદ બ્રહ્માંડ ભગવાને ઊભા પુરુષને આકારે જોયો છે. આ સૃષ્ટિ. ચૌદ બ્રહ્માંડ લોક ઊભા પુરુષને આકારે (છે). એમાં ગ્રીવાને ઠેકાણે ગ્રૈવેયક નવ દેવના પાસડા છે. ત્યાં પણ અનંતવાર ઊપજ્યો છે. મિથ્યાદૃષ્ટિ આવી ક્રિયાકાંડ (કરીને ત્યાં પણ ઉપજ્યો છે). અત્યારે તો એવી ક્રિયા પણ છે નહિ. સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયક ગયો ત્યારે એ ક્રિયા એની એવી સખત. વ્રત, તપ, ભક્તિ, પૂજા એવો શુભભાવ, જેને શુક્લલેશ્યા અનંતવાર કરીને ત્યાંથી સ્વર્ગમાં અનંતવાર ગયો. 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ આત્મા અંદર શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ, એની અનુભવની દૃષ્ટિ વિના આનંદ ન આવ્યો. આનંદ ન આવ્યો તો દુઃખ આવ્યું. પંચ મહાવ્રતના પરિણામ પણ આસ્રવ ને રાગ ને દુઃખ છે. હવે એને અત્યારે ધર્મ માને. આહાહા..! એ અહીં કહે છે. એને સંયમ નથી. એ શુભભાવ, પંચમહાવ્રત પાળે તો એને સંયમ નથી. કેમકે દૃષ્ટિ શુદ્ધ ચૈતન્યની નથી. આહા..! એની દૃષ્ટિમાં તો અશુદ્ધ ભાવ છે.

મુમુક્ષુ :- .. રૌદ્ર ધ્યાન હોય..

ઉત્તર :- નિશ્ચયથી તો એ આર્તધ્યાન જ છે. શુભ દયા, પંચમહાવ્રતના પરિણામ, અહિંસા એ બધું આર્તધ્યાન છે, રાગ છે. લોકોને ક્યાં બિચારાને (ખબર છે). એને પાંચ મહાવ્રત એટલે જાણે ધર્મ થઈ ગયો. હવે એવા તો અનંતવાર અભવિએ કર્યા અને તેં પણ કર્યા છે. એ માટે તો અહીં વાત કરે છે. આહાહા..!

જેને ભગવાનઆત્મા સહજાત્મ પ્રભુ, સ્વભાવિક વસ્તુ જે અનાદિ છે. કોઈએ કરી નથી. એનો કોઈ ઈશ્વર કર્તા-બર્તા નથી. આહાહા..! અનાદિથી સહજ વસ્તુ પ્રભુ આત્મા છે. એ સહજાત્મસ્વરૂપ નિત્યાનંદ સ્વરૂપ છે. એમાં નિત્ય આનંદ પડ્યો છે, અતીન્દ્રિય આનંદ, હોં! ધૂળમાં આ બધા પૈસાવાળા... પૈસા ને વિષય ને ભોગ એ તો બધું ઝેર છે.

મુમુક્ષુ :- આર્ત રૌદ્ર ધ્યાન છે.

ઉત્તર :- આર્તધ્યાન રૌદ્રધ્યાન છે. એ આર્ત-રૌદ્ર ધ્યાન છે. શુભભાવ એ આર્તધ્યાન છે. અરે..! આ વાત કેમ બેસે? સમજાણું કાંઈ?

**'વિષય કષાય, ઉનકે આધીન આર્ત રૌદ્ર ખોટે ધ્યાનોંકર જિસકા ચિત્ત રંગા હુઆ હૈ,...'** આહાહા..! જેનું મન એ કષાયના ભાવથી રંગાયેલું છે એ શુભક્રિયાનો ભાવ રાગ, એનાથી રંગાયેલું છે, એને સંયમ નથી, એને સમ્યગ્દર્શન નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'ઉસકે દ્રવ્યરૂપ વ્યવહાર-વંદના,...'** આહાહા..! એને ભગવાનને વંદન, ગુરુને વંદન, **'નિંદા...'** પાપનું પશ્ચાતાપ કરે. અરે..રે..! મેં આવા પાપ કર્યા. અરે..રે..! ખોટા. એવો ભાવ. એ પણ શુભભાવ છે. **'નિંદા પ્રતિક્રમણાદિ ક્યા કર સકતે હૈં?'** એને વંદન અને નિંદન અને પ્રતિક્રમણાદિ ક્રિયા શું કરી શકે? જેનું ચિત્ત જ રાગમાં રંગાયું છે. આહાહા..! રાગરહિત ભગવાન ચિદાનંદ પ્રભુની દૃષ્ટિ અને અનુભવ તો છે નહિ. આહાહા..! સમજાણું

કાંઈ? કહો, 'શાંતિભાઈ'! છે આ? છે કે નહિ આ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના, એ તો હવે નરમ પડી ગયા છે. એને તો કબુલ, આખું કબુલ. જિંદગી ગઈ અમારી બધી. એ બધા ભાષણ કરનારા.

મુમુક્ષુ :- નિદાન..

ઉત્તર :- નિંદન-નિંદન. નિદાન નહિ, નિંદન. નિંદન જોઈએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના. એ વંદન-નિંદન છે. સંસ્કૃતમાં નંદન છે. વિધાવંદન નિંદન છે. છે ને અંદર. ના ના. એ તો કીધું ને? એ તો વાત ચાલે છે. એ ભૂલ છે કીધું નહિ? એ તો વાત ચાલે છે. નિંદન જોઈએ ત્યાં. એ તો અહીં સુધાર્યું છે ને એમાં. નિંદન જોઈએ. નિદાન નહિ. '**वन्दननिन्दनप्रतिक्रमणं**' પાઠ છે ને. સંસ્કૃત છે ને. એ તો લખાણમાં ભૂલ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, આવ્યા છે ને. એ તો લખાઈ ગયું છે. એ તો શબ્દમાં ભૂલ થઈ ગઈ છાપનારને. વ્યવહાર વંદના, વ્યવહાર નિંદન. નિંદન એટલે નિંદા, પાપની નિંદા. આ મિચ્છામી દુક્કડમ. એ બધો શુભભાવ છે, રાગ છે એ તો. પર તરફના વલણવાળી બધી વૃત્તિઓ કષાયના રાગથી રંગાયેલી છે. આહાહા..!

ભગવાન અંદર નિત્યાનંદ પ્રભુ, એને જેણે સ્પર્શ્યો નથી, એના જેને અનુભવ નથી, એનો જેને આદર નથી એ બધા રાગમાં રંગાઈ ગયેલા ચિત્તવાળા છે. આહાહા..! આ તો વીતરાગમાર્ગ છે. વીતરાગમાર્ગમાં રાગથી રંગાયેલાને ધર્મ હોય નહિ. વીતરાગથી રંગાયેલી જેની આત્મપરિણતિ છે. આહાહા..! રાગરહિત અકષાય સ્વભાવ જેને ચોથે ગુણસ્થાનથી (પ્રગટ થાય છે). સમ્યગ્દર્શન એ અકષાયભાવની પરિણતિ છે, પર્યાય છે. વાતે વાતે ફેર. ઓલામાં આવતું નથી? 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક તાંબિયાના તેર.' અહીં વીતરાગ કહે છે કે તારે અને મારે વાતે વાતે ફેર છે, ભાઈ! આહાહા..! તારી શ્રદ્ધા માન્યતા અને અમારી શ્રદ્ધા માન્યતામાં ઉગમણો-આથમણો ફેર છે. આહાહા..! કહો, 'જયંતિભાઈ'! શું છે આ? આ અત્યાર સુધી કર્યું નથી બધું? ઢસરડા કર્યા હતા કે નહિ? બાપુ! મારગડા જુદા, પ્રભુ! બાપુ! આહાહા..!

એ શુદ્ધ નિત્યાનંદ પ્રભુ આત્મા... પણ એ આત્મા નિત્યાનંદ છે એ વાત પણ બેઠી નથી, સાંભળી નથી. આત્મા (એટલે) હાલે-ચાલે અને દયા પાળે એ આત્મા. આહાહા..! ગજબ કર્યો છે. આત્માને બીજી રીતે માનીને મારી નાખ્યો છે, હણી નાખ્યો છે, હિંસા કરી છે. આહાહા..! એ તો પરમાત્મા નિત્યાનંદ શુદ્ધાત્મ સ્વરૂપ, એને એ રીતે ન માનતા એને રાગવાળો અને પુણ્યવાળો માનવો એ આત્માની હિંસા છે. એ અહિંસાનો એણે નાશ કર્યો છે. અહિંસા એટલે રાગની ઉત્પત્તિ ન થવી અને વીતરાગની પર્યાય વીતરાગ સ્વભાવને આશ્રયે વીતરાગી પર્યાય થવી તે અહિંસા (છે). પરની દયા પાળવી એ અહિંસા નહિ.

આહાહા..! કોણ પરની (દયા) પાળી શકે છે? એનું આયુષ્ય હોય ત્યાં સુધી રહેશે. તું એની દયા પાળી શકે છે? પરની દયાનો ભાવ આવે એ શુભરાગ છે. નિશ્ચયથી હિંસા છે. આહાહા..! આવી વાત સાંભળી જાય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કહો, શેઠ! પરની દયાનો ભાવ રાગ હિંસા. શું હા. આ શેઠ કહે છે. સાંભળવા મળતું નથી. આ કરોડોપતિ શેઠ છે. મોટા વૈભવવાળા છે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– વાત સાચી. ખબર છે ને અમને. આહાહા..!

અહીં તો ૬૩ વર્ષ તો દીક્ષાના થયા છે. ૬૩. ૬૦ અને ૩. આ પરમ દિ' ૬૪ બેસશે. માગશર સુદ ૯. (સંવત) ૧૯૭૦ ના માગશર સુદ ૯ની દીક્ષા છે. આ માગશર ચાલે છે ને? પરમ દિ' મંગળવાર છે. તે દિ' રવિવાર હતો. માગશર સુદ ૯ અને રવિવાર. દીક્ષાને ૬૩ વર્ષ પૂરા થાશે. ૬૦ અને ૩. આ ૬૪મું બેસશે. ૪૨ તો અહીં થયા. ૨૧ અને ૪ મહિના એમાં (સંપ્રદાયમાં) હતા. આ વાત હતી નહિ ક્યાંય. આહાહા..! તેથી તો ફેરવવું પડ્યું. માર્ગ બાપા બીજો છે, ભાઈ! આહા..! મોટા ભાઈએ દીક્ષા આપી હતી ત્યારે તો મોટા ધામધુમથી ૬૩ વર્ષ પહેલા. તે દિ' ૧૮૦૦ રૂપિયા ખર્ચીને. ૬૩ વર્ષ પહેલા. મોટાભાઈ ભાઈને કીધું, આ માર્ગ નથી. આ સાધુપણું આવું નથી. હું આમાંથી નીકળી જવાનો છું. અત્યારે તૈયારી થાતી હતી ત્યાં 'ઉમરાળા' દીક્ષાની. નોમે. હાથીના હોદે દીક્ષા લીધી હતી. વળા, વળા જોડે છે ને 'ઉમરાળા'માં.

મુમુક્ષુ :– ધોતિયું ફાટી ગયું.

ઉત્તર :– એ ધોતિયું ફાટ્યું. શંકા પડી ગઈ હતી. હાથી આવ્યો. ઊંચો હાથી હોય ને મોટો? ૬૩ વર્ષ થયા. વળાના દરબાર રાખતા. હવે તો રાજા પણ ક્યાં રાખે છે. રાજા રાખતા. 'ઉમરાળે'થી સાત માઈલ છે. ત્યાં હાથી ઉપર જ્યાં ચડવા ગયા. ધોતિયા તો ઊંચા પહેરતા ને બધા એ વખતે તો? એ ધોતિયું એની નિસરણીના ઓલામાં ફાટ્યું. નિસરણી હતી ને? ઉપર ચડતા ભરાઈને ફાટ્યું. શું થયું કીધું આ? કાંઈક છે. એ વખતે તો કાંઈ ખબર ન પડી. વાત એ કે આ વસ્ત્રસહિત મુનિપણું એ મુનિપણું હોતું જ નથી જૈનદર્શનમાં. પણ એ પછી ખબર પડી, હોં! એ વખતે કોને ભાન હતું. આ થયું શું કીધું આ? મોટી ધામધુમ હતી. ગામડું નાનું 'ઉમરાળા'. પણ છતાં બે હજાર માણસ બહારથી આવ્યા હતા. આહાહા..! એ વસ્તુ બધી બીજી, બાપુ!

આ તો આત્મા જેને પરમેશ્વર, જિનવરદેવ જેને (આત્મા કહે). આ નવ તત્ત્વ છે ને? તો આ શુભક્રિયા છે એ પુણ્યતત્ત્વ છે. સામાયિક ને પ્રતિક્રમણ એ બધું પુણ્યતત્ત્વ, શુભરાગ છે. અને આ વેપાર, ધંધાના ભાવ એ પાપતત્ત્વ છે. વિષયભોગના ભાવ એ પાપતત્ત્વ છે. એ પુણ્ય-પાપ બેય આસ્રવતત્ત્વ છે. અને પુણ્ય-પાપ બેય ભાવ બંધતત્ત્વ છે. એનાથી ભગવાનઆત્મા જુદું આવે છે કે નહિ? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. ત્યારે આ બંધ અને પુણ્ય -પાપ અને આસ્રવથી જીવતત્ત્વ ભિન્ન છે. એટલી

હજી ખબર નથી. એને નવ તત્ત્વના નામ આવડે ખરા. નવ તત્ત્વ કોને કહે? આત્મા, પુણ્ય, પાપ એ બે થઈને આસ્રવ, એ ભાવબંધ અને પછી સંવર, નિર્જરા અને મોક્ષ. એ તો વળી નિર્મળદશા. પણ એ સંવર, નિર્જરા, મોક્ષ એ પણ આત્મતત્ત્વ નહિ. આહાહા..! એ તો પર્યાય છે. જ્યારે હજી આ શુભની ક્રિયાના ભાવ પણ આસ્રવ અને પુણ્ય છે, તો આત્માના આશ્રયે થયેલી નિર્મળ દશા, શુદ્ધ ચૈતન્યની સંવર દશા વીતરાગી પરિણતિ એ સંવર છે. અને એમાં વૃદ્ધિ શુદ્ધિની થવી તે નિર્જરા છે. અને શુદ્ધિની પૂર્ણતા થવી તે મોક્ષ છે. છતાં એ ત્રણ તત્ત્વ તે આત્મતત્ત્વ નહિ.

મુમુક્ષુ :- આત્માના આશ્રયે..

ઉત્તર :- આશ્રયે થયેલી પણ તત્ત્વ નહિ ને એ, એ તો પર્યાય છે. ઝીણી વાતું, બાપુ બહુ. સંવર, નિર્જરા, મોક્ષ તો શુદ્ધ આત્માની નિર્મળ વીતરાગી પર્યાય છે. અને આત્મા તો નિત્યાનંદ વીતરાગમૂર્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ કહેવાય છે ને? સમજાય જાય તો તો ન્યાલ થઈ જાય. પણ કઈ અપેક્ષાએ કઈ વાત કહેવામાં આવે છે એની ગંધ આવે છે કાંઈ? આહાહા..! અરે..રે..! એણે વીતરાગમાર્ગને, જિનવરે કહેલા માર્ગને જાણ્યો નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

આવા શુદ્ધ સ્વરૂપની અંતર દૃષ્ટિ અને અનુભવ વિના એવી ક્રિયાકાંડના શુભભાવ '**ઉસકે દ્રવ્યરૂપ વ્યવહાર-વંદના, નિંદા પ્રતિક્રમણાદિ ક્યા કર સકતે હૈં? જો વહ બાહ્ય-ક્રિયા કરતા હૈ, તો ભી ઉસકે ભાવસંયમ નહીં હૈ.**' આહાહા..! આવા વ્રત પાળે, મહિના-મહિનાના અપવાસ કરે, બે-બે મહિનાના સંથારા કરે પણ સમ્યગ્દર્શનની ખબર નથી. વસ્તુ અંદર કોણ છે. એને સંયમ હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આ બહારના ભભકા. એમાં શરીર સુંદર, પૈસા બે-પાંચ કરોડ હોય ધૂળના, બાયડી-છોકરા સારા હોય જાણે ઓહોહો..! ધૂળ છે હવે, સાંભળને! એ તો માટી પરવસ્તુ છે. એમ જ્યારે પરથી આત્માની શોભા નથી, તેમ પુણ્ય અને પાપના પરિણામથી આત્માની શોભા નથી. એ તો પુણ્યના ફળ તરીકે આ ધૂળ મળે, બે-પાંચ કરોડ રૂપિયા, દસ-દસ લાખની પેદાશું, બાયડી, છોકરા, કુટુંબ આમ બધું.. શું કહેવાય? સમજાણું? ભરીને ભર્યું ભર્યું કાંઈક કહે છે. એક ફેરી કહેતા હતા. કુટુંબ બધું..

મુમુક્ષુ :- કહળ્યુ કુટુંબ.

ઉત્તર :- કહળ્યુ કુટુંબ. આ બધું કહળ્યુ કુટુંબ ભેગું થયું. એક ફેરી ત્યાં થયા હતા ને 'રાજકોટ'માં? 'પુંજાભાઈ'નો દીકરો મરવાની તૈયારી હતી ને. આ બધા કરોડોપતિ એના ભાઈઓ. 'નાનાલાલભાઈ' કરોડોપતિ. તો મને બોલાવ્યો. મહારાજ આને મંગળિક સંભળાવો. મરવાની તૈયારી. નવી પરણેલો. એ (સંવત) ૧૯૯૯ની સાલની વાત છે. .. લીધે જાય અંદરથી. આહાહા..! કહળ્યુ કુટુંબ ભેગું થયું. આખો ઓરડો ભરાઈ ગયો હતો. મોટા ગૃહસ્થ ને. 'નાનાલાલભાઈ' 'બેચરભાઈ' એના કાકાનો દિકરો હતો એ. 'અમુલખ-અમુલખ' નામ હતું. આહાહા..! કહળ્યુ કુટુંબ ભેગું થયું. શું ધૂળ. કહળ્યું કુટુંબ કોને કહે? આ રજકણ

શરીરનો એ પણ તારો નથી અને તારે લઈને રહેતો નથી ત્યાં. એ તો સ્વતંત્ર અજીવ છે, જડ છે. અને બીજા આત્માઓ એ સ્વતંત્ર આત્મા છે. એ કાંઈ તારા નથી અને તારા લઈને નથી આવ્યાં ત્યાં. આહાહા..! એ બહારની શોભામાં ભરમાઈ ગયા બિચારા. એથી આગળ ગયા ત્યારે ત્યાગી થયા એ રાગના ભપકામાં ભરમાઈ ગયા. દેહ-દેહાદિની ક્રિયા જે શુભ દયા, દાન, વ્રત, ભક્તિ એના ભપકામાં ભરમાઈ ગયા બિચારા. એનાથી ભિન્ન ભગવાન નિત્યાનંદનો નાથ પ્રભુ, એની સન્મુખ જોયું નહિ, એની વિમુખતા ટાળી નહિ એથી એને શુદ્ધતા થઈ નહિ. આહાહા..! આવો ઉપદેશ પણ કેવી જાતનો? આવો માર્ગ છે, બાપા! જિનવર વીતરાગ પરમેશ્વર... અત્યારે તો અજૈનને નામે જૈન ચલાવ્યું છે. આહાહા..!

જિનવરદેવ વીતરાગ પરમાત્મા સાક્ષાત્ બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં 'સીમંધર' પ્રભુ બિરાજે છે. પાંચસે ધનુષનો દેહ છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં ૭૦ લાખ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય છે. એવા ભગવાન સમવસરણમાં બિરાજે છે અત્યારે. મનુષ્ય ક્ષેત્રમાં છે અત્યારે, મહાવિદેહમાં. ત્યાં ગયા હતા ભગવાન 'કુંદકુંદાચાર્ય'. સંવત ૪૯. બે હજાર વર્ષ થયા. ત્યાં ગયા હતા. આઠ દિન રહીને ત્યાંથી આવીને 'સમયસાર' આદિ શાસ્ત્ર બનાવ્યા છે. 'સમયસાર', 'પ્રવચનસાર' આ બધા. આ પોણા ચાર લાખ અક્ષર છે. એ ત્યાંથી ભગવાન પાસે જઈને આવ્યા પછી આ બધા રચ્યા છે. એ આ કોતરાઈ ગયા છે. આહાહા..!

અહીં કહે છે કે એનો ભાવ, વીતરાગ શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગતા છે. તો વીતરાગતા ક્યારે પ્રગટે ? આહાહા..! એ બધી શુભાશુભ ક્રિયાના રાગની રુચિ છોડી, એનો આશ્રય છોડી ભગવાન નિત્યાનંદનો આશ્રય કરે ત્યારે તેને સમ્યગ્દર્શન અનુભૂતિ, વીતરાગી દશા પ્રગટ થાય. એ શાસ્ત્રનું તાત્પર્ય છે. આહાહા..! ભગવાનના કહેલા ચારેય અનુયોગો, એનું તાત્પર્ય તો આ છે.

**'વહ બાહ્ય ક્રિયા કરતા હૈ, તો ભી ઉસકે ભાવસંયમ નહીં હૈ. સિદ્ધાંતમેં ઉસે અસંયમી કહતે હૈં.'** દેખો! આહાહા..! પંચમહાવ્રત પાળે, પાંચ સમિતિ-ગુપ્તિ રાખે, નિર્દોષ આહાર લે, એને માટે કરેલો લે નહિ. પણ એ બધી ક્રિયાના ભાવ રાગ અને વિકલ્પ છે. એ રાગમાં રંગાયેલાને સંયમ નથી. જેને ચૈતન્યના રંગ ચડ્યા નથી... આહાહા..! વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ એના રંગ જેને લગની લાગી નથી, એને સંયમ હોતા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓને! અત્યારે તો આ હાર્ટફેઈલનું સાંભળીએ જ્યાં ત્યાં. ઘડીકમાં હાર્ટફેઈલ થઈ ગયું. ઢીકણું થઈ ગયું. જાય મરીને ઢોર ને.. વાણિયા-બાણિયા બિચારા નરકમાં તો જાય નહિ. માંસ દારૂ તો ખાતા ન હોય. મુસલમાન એવા હોય. માંસ દારૂ ખાતા હોય એ તો મરીને નરકમાં જાય. આ બિચારા નરકમાં ન જાય પણ ઢોરમાં જાય. આહાહા..! પશુના અવતાર. કેમકે ભગવાનઆત્મા વીતરાગ નિત્યાનંદ પ્રભુ, એનાથી ઊલટી દશા કરેલી. આડી દશા પુણ્ય અને પાપના ભાવ. એમાં પાપના ભાવ જો હોય તો તો નરક અને ઢોર થાય. પુણ્યનો ભાવ હોય તો સ્વર્ગ થાય. પુણ્ય અને પાપનું મિશ્રણપણું હોય તો માણસ થાય.

બાકી ગતિ વિના એને સિદ્ધપદ ન થાય. આહાહા..!

'**અસંયમી કહતે હૈં.**' આહાહા..! લ્યો! આ વ્રત પાળે પાંચ મહાવ્રત, નગ્નમુનિ દિગંબર થઈને હજારો રાણી છોડે અને એને માટે કરેલા આહાર લે નહિ. એકેન્દ્રિયને હણે નહિ. એકેન્દ્રિય જીવ, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ. એ એકેન્દ્રિય જીવ છે. આહાહા..! લસણની એક રાઈ જેટલી કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા જીવ છે. એને ન મારે તોપણ તે અસંયમી છે. આહાહા..! કેમકે એ તો રાગની ક્રિયામાં રંગાઈ ગયો. વીતરાગભાવમાં રંગાણો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**સિદ્ધાંતમેં ઉસે અસંયમી કહતે હૈં. કૈસે હૈં, વો આર્ત રૌદ્ર સ્વરૂપ ખોટે ધ્યાન અપની બડાઈ,...**' આહાહા..! અમે આમ પાળીએ છીએ, અમે વ્રત પાળીએ છીએ. એ તો રાગની ક્રિયા છે, બાપુ! આત્મા તો જ્ઞાતા-દૃષ્ટા છે. એ જ્ઞાતા-દૃષ્ટામાં આવ્યો નથી અને એ ક્રિયામાં બડાઈ માને. આહાહા..! '**અપની બડાઈ, પ્રતિષ્ઠા...**' દુનિયામાં અમારી આબરૂ કેટલી છે! અમને કેટલા લોકો માને છે. તારે શું થયું પણ એમાં? સમજાણું કાંઈ? '**પ્રતિષ્ઠા ઔર લાભાદિ સૈંકડોં મનોરથોંકે...**' બડાઈનો મનોરથ, પ્રતિષ્ઠાનો મનોરથ, લાભનો (મનોરથ). શિષ્યો થાય, આબરૂ મળે.. આહાહા..! એવા લાભના સેંકડો મનોરથ. '**મનોરથોકે વિકલ્પોંકી માલાકે (પંક્તિકે)...**' આહાહા..! ભગવાનઆત્મા નિર્વિકલ્પ નિત્યાનંદનું ભાન નથી, એનું વેદન નથી, અનુભવ નથી. એથી આવા વિકલ્પની જાળમાં રંગાયેલા જીવ છે બધા. આહાહા..! છે?

'**સેંકડો મનોરથકોંકે વિકલ્પોંકી...**' આહાહા..! જેમ ઓલી દોરા તાણે છે ને શું કહેવાય? પુણી. પુણી એક પછી એક પુણી સાંધે જ જાય. દોરો તૂટતો નથી. એમ એક પછી એક વિકલ્પ પુણ્ય અને પાપ... પુણ્ય અને પાપ.. પુણ્ય અને પાપ... સાંધે જ જાય છે અનાદિથી. બેય વિકલ્પની જાળું છે. આહાહા..! શુભભાવ તો એકેન્દ્રિયમાં પણ હોય છે. શું કીધું? નિગોદના જીવ, લસણના જીવ અનંત જીવ છે. એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા જીવ ભગવાન ત્રિલોકનાથે કહ્યા છે. એ એક એક જીવને શુભ અને અશુભ ભાવ હંમેશા થાય છે. એકેન્દ્રિયમાં પણ થાય છે શુભ અને અશુભ. કારણ કે એકલો અશુભ એને હોય નહિ. અને શુભથી એ પુણ્ય બાંધે. વળી એમાં ને એમાં પર્યાપ્તપણું મળે, બાદરપણું મળે. વિશેષ શુભ થઈ જાય તો ત્યાંથી મરીને માણસ થાય. નિગોદમાંથી માણસ થાય. આ નિગોદમાંથી આવ્યો છે ને બહાર? આહાહા..!

પુણ્યભાવ, શુભભાવ તો, કહે છે કે એકેન્દ્રિય જીવને પણ છે. એમાં તારી નવાઈ તેં શું કરી? સમજાણું કાંઈ? આહાહા..! એવી વિકલ્પની જાળના મનોરથ, પંક્તિ-પંક્તિ કરીને? માળા. એક પછી એક.. એક પછી એક વિકલ્પ સાંધ્યા જ કરે. નિર્વિકલ્પ ભગવાનઆત્મામાં દૃષ્ટિ ન આપતા વિકલ્પની જાળ સાંધ્યા કરે છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! ફેર બહુ પણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ દેખાવ કરવા માટે કહે છે. અંદર ભાવ છે ને કે અમે આમ કર્યું.. એ આમ

કર્યું. એ તો છે ને અંદર ત્યાં. આહાહા..! બાહ્ય ક્રિયા પહેલા આવી હતી ને? બાહ્ય ક્રિયા કરતા હૈ, ઉપર લખ્યું છે.

મુમુક્ષુ :- એને બાહ્ય .. કાંઈ ન કરે.

ઉત્તર :- એ શું કરે? એ તો વાત આવી ગઈ પહેલી. પણ એમ કે બડાઈ માટે છે ને. અંદર બડાઈ કરે છે. મોટપ લે છે. અમે વ્રતધારી છીએ. આ બધા પાપીઓ અવ્રતમાં છે. પણ વ્રત પણ રાગ છે, હવે સાંભળને. એની બડાઈ અને પ્રતિષ્ઠામાં બિચારા મરી ગયા એમ ને એમ. આહાહા..!

એક તો સંસાર આડે નવરો ક્યાં છે. છ-સાત કલાક ઊંઘમાં જાય, બે-ત્રણ કલાક ભોગમાં જાય, બે-ત્રણ કલાક આહારમાં જાય, બે-ત્રણ કલાક કુથલીમાં વિકથામાં જાય અને કલાક કાંઈક મળ્યો હોય અને સાંભળવા જાય ત્યાં વાત આવી બતાવે એને. 'શ્રીમદ્' કહે છે, કે કલાક મળે એમાં (સાંભળવા) જાય ત્યાં કુગુરુ લુંટી લે એનો કલાક. એને બતાવે કે આ ક્રિયાથી ધર્મ થાશે, આ ક્રિયાથી ધર્મ થાશે. (એમ એક કલાક) એનો લુંટી લે છે. સમજાણું કાંઈ? આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એની કહેલી સમ્યગ્દષ્ટિ શું ચીજ છે એની ખબરું નહિ, સાંભળવા મળે નહિ. આહાહા..! એવા અંતરમાં શુદ્ધ આત્માની સમ્યગ્દર્શનની ક્રિયા વિના આવી ક્રિયાઓથી.. શું કહે છે?

એ તો '**પ્રપંચ કર ઉત્પન્ન હુએ હૈં.**' આહાહા..! માળાની પંક્તિના પ્રપંચકર વિકલ્પ ઊઠ્યા છે. '**જબ તક યે ચિત્તમેં હૈં, (વિકલ્પ) તબ તક બાહ્ય ક્રિયા ક્યા કર સકતી હૈ?**' આહાહા..! એવી શુભની ક્રિયા શું એને લાભ કરે? દર્શનમોહના પરિણામની ક્રિયા અંદર ચાલુ છે. આહાહા..! મિથ્યાત્વના પરિણામની ક્રિયા તો ચાલુ છે. આહાહા..! '**કુછ નહીં કર સકતી.**' આહાહા..! બાહ્ય ક્રિયા એટલે શરીરની નહિ, હોં! ઓલા શુભભાવની. વ્રતની, બાહ્ય ત્યાગની. ચોવિહાર કરીએ છીએ. લ્યો! એ ૬૬ ગાથા થઈ. વાત તો બહુ સરસ હતી. આહાહા..! એવી વાત સાંભળવી મુશ્કેલ પડે,બાપુ!

ઓલા કહે છે ને 'બાહ્ય ક્રિયા રુચિ જીવડા,' એક તો જગતના જીવો બાહ્ય ક્રિયાના રુચિવાળા, શુભની ક્રિયાના રુચિવાળા, 'ઉપદેશક પણ તેહવા' એને ઉપદેશક એવા મળ્યા. આહાહા..! શું કાંઈક કહે છે ને? માલણ. યોગી 'જહલો જોગી અને માલી મકવાણી'. માલી મકવાણીને કોઈ લેતું નહોતું અને જહલા જોગીને કોઈ દેતું નહોતું. એ બેનો મેળ ખાઈ ગયો. એમ આ અજ્ઞાનીને પુણ્યની ક્રિયાની રુચિ છે અને ઉપદેશક એવા એને મળી ગયા કે આનાથી તને કલ્યાણ થશે. જહલો જોગી અને માલી મકવાણી ભેગા થઈ ગયા બે. આહાહા..! 'બાહ્ય ક્રિયા રુચિ જીવડા, ભાવ ધર્મ રુચિ હીણ.' વીતરાગી દૃષ્ટિ શું છે એની ખબર ન મળે. 'ઉપદેશક પણ તેહવા શું કરે જીવ નવીન?' નવીન બિચારા શું કરે? અનાદિથી કરે છે એ કરે. આહાહા..! એની જિંદગી એમ ને એમ પૂરી થઈ જાય. આહાહા..!

મુમુક્ષુ :- એમ જ છે.

ઉત્તર :- એમ જ થાય છે. ખબર છે ને અહીં તો. આહાહા..!

रागादिविकल्पनिवृत्तिस्वरूपशुद्धोपयोगे संयमादयः सर्वे गुणास्तिष्ठन्तीति प्रतिपादयति –

१९४) सुद्धहँ संजमु सीलु तउ सुद्धहँ दंसणु णाणु।
सुद्धहँ कम्मक्खउ हवइ सुद्धउ तेण पहाणु।।६७।।
शुद्धानां संयमः शीलं तपः शुद्धानां दर्शनं ज्ञानम्।
शुद्धानां कर्मक्षयो भवति शुद्धो तेन प्रधानः।।६७।।

सुद्धहं इत्यादि। सुद्धहं शुद्धोपयोगिनां संजमु इन्द्रियसुखाभिलाषनिवृत्तिबलेन षड्जीवनिकायहिंसानिवृत्तिबलेनात्मा आत्मनि संयमनं नियमनं संयमः स पूर्वोक्तः शुद्धोपयोगिनामेव। अथवोपेक्षासंयमापहृतसंयमौ वीतरागसरागपरनामानौ तावपि तेषामेव संभवतः। अथवा सामायिकच्छेदोपस्थापनापरिहारविशुद्धसूक्ष्मसंपराययथाख्यातभेदेन पञ्चधा संयमः सोऽपि लभ्यते तेषामेव। सीलु स्वात्मना कृत्वा स्वात्मनिवृत्तिर्वर्तनं इति निश्चयव्रतं, व्रतस्य रागादिपरिहारेण परिरक्षणं निश्चयशीलं तदपि तेषामेव। तउ द्वादशविधतपश्चरणबलेन परद्रव्येच्छानिरोधं कृत्वा शुद्धात्मनि प्रतपनं विजयनं तप इति। तदपि तेषामेव। सुद्धहं शुद्धोपयोगिनां दंसणु छद्मस्थावस्थायां स्वशुद्धात्मनि रुचिरूपं सम्यग्दर्शनं केवलज्ञानोत्पत्तौ सत्यां तस्यैव फलभूतं अनीहितविपरीताभिनिवेशरहित परिणामलक्षणं क्षायिकसम्यक्त्वं केवलदर्शनं वा तेषामेव। णाणु वीतरागस्वसंवेदनज्ञानं तस्यैव फलभूतं केवलज्ञानं वा सुद्धहं शुद्धोपयोगिनामेव। कम्मक्खउ परमात्मस्वरूपोपलब्धिलक्षणो द्रव्यभावकर्मक्षयः हवइ तेषामेव भवति। सुद्धउ शुद्धोपयोगपरिणामस्तदाधारपुरुषो वा तेण पहाणु येन कारणेन पूर्वोक्ताः संयमादयो गुणाः शुद्धोपयोगे लभ्यन्ते तेन कारणेन स एव प्रधान उपादेयः इति तात्पर्यम्। तथा चोक्तं शुद्धोपयोगफलम् – 'सुद्धस्स य सामण्णं भणियं सुद्धस्स दंसणं णाणं। सुद्धस्स य णिव्वाणं सो च्चिय सुद्धो णमो तस्स।।'।।६७।।

---

अब प्रथम ही रागादि विकल्पकी निवृत्तिरूप शुद्धोपयोगमें संयमादि सब गुण रहते हैं, ऐसा वर्णन करते हैं –

गाथा – ६७

अन्वयार्थ :– [ शुद्धानां ] शुद्धोपयोगियोंके ही [ संयमः शील तपः ] पाँच इन्द्री छट्ठे मनको रोकनेरूप संयम, शील और तप [ भवति ] होते हैं, [ शुद्धानां ] शुद्धोंके ही [ दर्शनं ज्ञानम् ] सम्यग्दर्शन और वीतरागस्वसंवेदनज्ञान और [ शुद्धानां ] शुद्धोपयोगियोंके ही [ कर्मक्षयः ] कर्मोंका नाश होता है, [ तेन ] इसलिये [ शुद्धः ] शुद्धोपयोग ही [ प्रधानः ] जगतमें मुख्य है।

भावार्थ :– शुद्धोपयोगियोंके पाँच इन्द्री छट्ठे मनका रोकना, विषयाभिलाषकी निवृत्ति,

और छह कायके जीवोंकी हिंसासे निवृत्ति, उसके बलसे आत्मामें निश्चल रहना, उसका नाम संयम है, वह होता है, अथवा उपेक्षासंयम अर्थात् तीन गुप्तिमें आरूढ़ और उपहृतसंयम अर्थात् पाँच समितिका पालना, अथवा सरागसंयम अर्थात् शुभोपयोगरूप संयम और वीतरागसंयम अर्थात् शुद्धोपयोगरूप परमसंयम वह उन शुद्ध चेतनोपयोगियोंके ही होता है। शील अर्थात् अपनेसे अपने आत्मामें प्रवृत्ति करना यह निश्चयशील, रागादिके त्यागनेसे शुद्ध भावकी रक्षा करना वह भी निश्चयशील है, और देवांगना, मनुष्यनी, तिर्यंचनी तथा काठ पत्थर चित्रामादिकी अचेतन स्त्री–ऐसे चार प्रकारकी स्त्रियोंका मन, वचन, काय, कृत, कारित, अनुमोदनासे त्याग करना, वह व्यवहारशील है, ये दोनों शील शुद्ध चित्तवालोंके ही होते हैं। तप अर्थात् बारह तरहका तप उसके बलसे भावकर्म, द्रव्यकर्म, नोकर्मरूप सब वस्तुओंमें इच्छा छोड़कर शुद्धात्मामें मग्न रहना, काम क्रोधादि शत्रुओंके वशमें न होना, प्रतापरूप विजयरूप जितेंद्री रहना। यह तप शुद्ध चित्तवालोंके ही होता है। दर्शन अर्थात् साधक अवस्थामें तो शुद्धात्मामें रुचिरूप सम्यग्दर्शन और केवली अवस्थामें उस सम्यग्दर्शनका फलरूप संशय, विमोह, विभ्रम रहित निज परिणामरूप क्षायिकसम्यक्त्व केवलदर्शन यह भी शुद्धोंके ही होता है। ज्ञान अर्थात् वीतराग स्वसंवेदनज्ञान और उसका फल केवलज्ञान वह भी शुद्धोपयोगियोंके ही होता है, और कर्मक्षय अर्थात् द्रव्यकर्म, भावकर्म और नोकर्मका नाश तथा परमात्मस्वरूपकी प्राप्ति वह भी शुद्धोपयोगियोंके ही होती है। इसलिये शुद्धोपयोग–परिणाम और उन परिणामोंका धारण करनेवाला पुरुष ही जगत्में प्रधान है। क्योंकि संयमादि सर्व गुण शुद्धोपयोगमें ही पाये जाते हैं। इसलिये शुद्धोपयोगके समान अन्य नहीं है, ऐसा तात्पर्य जानना। ऐसा ही अन्य ग्रन्थोंमें हरएक जगह 'सुद्धस्स' इत्यादिसे कहा गया है। उसका भावार्थ यह है, कि शुद्धोपयोगीके ही मुनि–पद कहा है, और उसीके दर्शन ज्ञान कहे हैं। उसीके निर्वाण है, और वही शुद्ध अर्थात् रागादि रहित है। उसीको हमारा नमस्कार है।।६७।।

---

હવે, પ્રથમ જ રાગાદિ વિકલ્પોની નિવૃત્તિરૂપ શુદ્ધોપયોગમાં સંયમાદિ સર્વ ગુણો રહે છે, એમ કહે છે.

ભાવાર્થ : 'संजमु' ઇન્દ્રિયસુખની અભિલાષાની નિવૃત્તિના બલથી તથા છ કાયના જીવોની હિંસાની નિવૃત્તિના બળથી આત્માથી આત્મામાં સંયમન-નિયમન-(નિશ્ચળ રહેવું) તે સંયમ છે, તે સંયમ પૂર્વોક્ત શુદ્ધ-ઉપયોગીઓને જ હોય છે, અથવા ઉપેક્ષા સંયમ અને અપહૃત સંયમ કે જેનું બીજું નામ (અનુક્રમે) વીતરાગ સંયમ અને સરાગ સંયમ છે તે પણ તેમને જ (તે શુદ્ધોપયોગીઓને જ) હોય છે. અથવા સામાયિકસંયમ,

**છેદોપસ્થાપનસંયમ પરિહારવિશુદ્ધિસંયમ, સૂક્ષ્મસંપરાયસંયમ અને યથાખ્યાતસંયમ એવા પાંચ પ્રકારના સંયમ છે તે પણ તેમને જ પ્રાપ્ત હોય છે.**

**'सीलु' પોતાના આત્મા વડે પોતાના આત્મામાં વૃત્તિ અર્થાત્ વર્તવું તે નિશ્ચયવ્રત છે. રાગાદિનો પરિહાર કરીને વ્રતનું સર્વપ્રકારે ત્યાગ વડે રક્ષણ કરવું તે નિશ્ચયશીલ છે, તે પણ તેમને જ હોય છે.**

**'तउ' બાર પ્રકારના તપશ્ચરણના બળથી પરદ્રવ્યની ઈચ્છાનો નિરોધ કરીને શુદ્ધ આત્મામાં પ્રતપન-વિજયન-તે તપ છે, તે પણ તેમને જ હોય છે.**

**'दंसणु' છદ્મસ્થ-અવસ્થામાં પોતાના શુદ્ધ આત્માની રુચિરૂપ સમ્યગ્દર્શન અથવા કેવળજ્ઞાનની ઉત્પત્તિ થતાં તેના જ ફળરૂપ, વિપરીત અભિનિવેશ રહિત અનીહિત પરિણામરૂપ ક્ષાયિકસમ્યક્ત્વ કે કેવળદર્શન પણ તેમને જ હોય છે.**

**'णाणु' વીતરાગ સ્વસંવેદનરૂપ જ્ઞાન અથવા તેના જ ફળરૂપ કેવળજ્ઞાન પણ શુદ્ધ ઉપયોગીઓને જ હોય છે.**

**'कम्मक्खउ' પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિરૂપ દ્રવ્યભાવકર્મનો નાશ તેમને જ હોય છે.**

**'सुद्धउ तेण पहाणु' શુદ્ધોપયોગરૂપ પરિણામ અથવા તે પરિણામના ધારણ કરનાર પુરુષ તે જ પ્રધાન છે-ઉપાદેય છે કારણ કે પૂર્વોક્ત સંયમાદિ ગુણો શુદ્ધોપયોગમાં જ પ્રાપ્ત હોય છે, તેવું તાત્પર્ય છે.**

**અન્યત્ર શુદ્ધોપયોગનું ફળ પણ દર્શાવ્યું છે કે -**

**सुद्धस्स य सामण्णं भणियं सुद्धस्स दंसणं णाणं।**
**सुद्धस्स य णिव्वाणं सो च्चिय सिद्धो णमो तस्स।।**

**(શ્રી પ્રવચનસાર ૨૭૪) અર્થ : શુદ્ધને (શુદ્ધોપયોગીને) શ્રામણ્ય કહ્યું છે, શુદ્ધને દર્શન અને જ્ઞાન કહ્યું છે, શુદ્ધને નિર્વાણ હોય છે, તે જ (શુદ્ધ જ) સિદ્ધ હોય છે; તેને નમસ્કાર હો.) ૬૭.**

---

## ગાથા-૬૭ ઉપર પ્રવચન

હવે કહે છે, '**ઈસ તરહ મોક્ષ,...**' પહેલી મોક્ષની વ્યાખ્યા ગઈ છે ઘણી. સિદ્ધપદ કેવું હોય? મોક્ષપદ. '**મોક્ષ-ફલ,...**' અનંત આનંદ આદિ. '**મોક્ષમાર્ગાદિક...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એના '**કથન કરનેવાલે દૂસરે મહા અધિકારમેં નિશ્ચયનયસે પુણ્ય, પાપ દોનોં સમાન હૈં,...**' દેખો! નિશ્ચય દૃષ્ટિથી શુભ અને અશુભ બેય સરખા છે, બેય બંધના કારણ છે. જેમ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગનો ભાવ પાપબંધનું કારણ છે. તેમ વ્રત, તપ, ભક્તિનો ભાવ એ પુણ્ય છે, એ બંધનું કારણ છે. બેય સરખા છે. આહાહા..!

'પ્રવચનસાર'માં તો એમ કહ્યું કે બે સરખા ન માને (એ) ઘોર સંસારમાં રખડશે નરક-નિગોદમાં. ફેર માને, કોઈ કહે, પુણ્ય શુભ એ ઠીક છે અને અશુભ અઠીક છે. ગાથા-૭૭ છે. ૭૭. 'પ્રવચનસાર' ગાથા-૭૭. જે કોઈ વિશેષ માને શુભ-અશુભભાવમાં. બેય બંધના કારણ છે. આહાહા..! શુભઉપયોગ રાગ અને અશુભઉપયોગ એ પણ રાગ. એ પાપ રાગ, ઓલો પુણ્ય રાગ. વ્રત આદિનો એ પુણ્ય રાગ. એ બેમાં ફેર માને કે આ ઠીક છે અને આ અઠીક છે. એની દૃષ્ટિ મિથ્યાત્વ છે તો ઘોર સંસારમાં રખડશે. નરક અને નિગોદમાં રખડશે એ. આહાહા..! આવી વાત છે. પરમાત્માની આ આજ્ઞા છે.

**'નિશ્ચયનયસે પુણ્ય, પાપ દોનોં સમાન હૈં, ઈસ વ્યાખ્યાનકી મુખ્યતાસે ચૌદહ દોહે કહે. આગે શુદ્ધોપયોગકે કથનકી મુખ્યતાસે ઈકતાલીસ દોહોંમેં વ્યાખ્યાન કરતે હૈં, ઔર આઠ દોહોંમેં પરિગ્રહત્યાગકે વ્યાખ્યાનકી મુખ્યતાસે કહતે હૈં, તથા તેરહ દોહોંમેં કેવલજ્ઞાનાદિ ગુણસ્વરૂપકર સબ જીવ સમાન હૈં, ઐસા વ્યાખ્યાન હૈ.'**

**'અબ પ્રથમ હી રાગાદિ વિકલ્પકી નિવૃત્તિરૂપ શુદ્ધોપયોગમેં સંયમાદિ સબ ગુણ રહતે હૈં, ઐસા વર્ણન કરતે હૈં.'** શું કહે છે હવે? આહાહા..! એ પુણ્ય અને પાપના વિકલ્પ એટલે રાગજાળ, એનાથી નિવૃત્તિ અંદરમાં થવી. આહાહા..! છે? '**રાગાદિ વિકલ્પકી નિવૃત્તિરૂપ શુદ્ધોપયોગ...**' એ શુદ્ધોપયોગ આત્માના આનંદનો વેપાર અંદરમાં. આહાહા..! એ વ્રત આદિના ભાવ તો રાગ અશુદ્ધઉપયોગ (છે). હવે અહીંયાં શુદ્ધોપયોગ. પુણ્ય અને પાપના વિકલ્પની વૃત્તિઓથી ભિન્ન પડીને સ્વભાવને આશ્રયે શુદ્ધોપયોગ (થયો), એમાં '**સંયમાદિ સબ ગુણ રહતે હૈં,...**' શુદ્ધોપયોગમાં સંયમ આદિ, ચારિત્ર આદિ રહે છે. એ શુભઉપયોગમાં સંયમ-બંયમ છે નહિ. આહાહા..! આવી વાતું છે. કેટલાકે તો જિંદગીમાં સાંભળ્યું ન હોય. આ બહારમાં કડાકૂટમાં આખી જિંદગી ગાળી હોય. નવરાશ પણ થોડી મળી હોય. આહાહા..! સાંભળવા જાય તો આવું બધું મળ્યું હોય. આ કરો, વ્રત કરો, અપવાસ કરો. વ્રતને કરો એ સંયમ છે. ધૂળેય નથી, સાંભળને! સં-યમ. જેને સં-સમ્યગ્દર્શન આત્માનો અનુભવ હોય એને અંદર સ્થિરતા થાય તેને સંયમ કહેવામાં આવે છે. આહાહા..! વાતે વાતે ફેર લાગે. જૂના માણસને રૂઢિનું બધું સાંભળ્યું હોય એમાં આ તો વાતે વાતે ફેર લાગે. બધો ફેર જ છે, બાપુ! ઊગમણો-આથમણો ફેર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ આથમણો ફેર છે બેય. એક ઊગમણો આમ અને આથમણો આમ. એમ અજ્ઞાનીનો માર્ગ પરલક્ષી છે, જ્ઞાનીનો માર્ગ અંતરલક્ષી છે. આહાહા..! અંતરલક્ષી અને બાહ્યલક્ષી, શું આ કહે છે? બાપુ! વાત એવી છે, ભાઈ! ભગવાન અંદર નિત્યાનંદ પ્રભુ છે.

કહ્યું નહોતું ત્યાં? આ નિત્યાનંદનું આવ્યું હતું. આ શક્કરકંદ નથી શક્કરકંદ? આ શક્કરિયા. એ શક્કરિયાની ઉપરની છાલ છે એ લાલ છે. પણ છાલ ન જુઓ તો અંદર શક્કરકંદ છે એકલું. શક્કર એટલે સાકરની મીઠાશનો પિંડ છે. શક્કરકંદ કહે છે ને એને? શક્કરકંદ. એ છાલ જરી છે એને ન જુઓ તો એ શક્કરકંદ-સાકરની મીઠાશનો પિંડ છે. એમ

આ નિત્યાનંદ પ્રભુ છે. એને આ પુણ્ય-પાપના વિકલ્પની છાલ છે એ. એ છાલ ન જુઓ તો અંદર નિત્યાનંદ આનંદનો કંદ ભગવાન અતીન્દ્રિય આનંદનો કંદ છે. અરે..! શક્કરિયાની વાત બેસે. કીધું ને આ પુણ્ય અને પાપના વિકલ્પની જાળ છે એ તો છાલ છે.

નાળિયેર હોય છે ને નાળિયેર? એ નાળિયેરના છાલા જુદી ચીજ છે, નાળિયેરમાં કાચલી હોય એ જુદી ચીજ છે અને કાચલી કોરની લાલ રાતડની છાલ હોય છે એ જુદી ચીજ છે. જે આ બાયું ટોપરાપાક કરે (ત્યારે એને) ઘસીને કાઢી નાખે. ઓલી લાલ છાલ. કાચલી કોરની લાલ છાલ હોય ને? એ લાલ છાલની પાછળ છે એ ધોળો ગોળો છે. ધોળો મીઠો ગોળો એને શ્રીફળ કહીએ.

એમ આ દેહ છે એ છાલા છે. અંદર કર્મના રજકણ આઠ કર્મ છે તે કાચલી છે અને પુણ્ય-પાપના ભાવ થાય એ રાતી છાલ છે. આહાહા..! એ છાલની પાછળ અંદર ભગવાન છે. જેમ એ નાળિયેર ધોળો સફેદ ગોળો છે, એમ આ આત્મા આનંદનો શુદ્ધ ગોળો છે. અરે..રે..! સાંભળ્યું પણ ન હોય કોઈ દિ'. આહાહા..! એને આત્મા કહીએ. એવા આત્માનું જેને ભાન છે, ઓળખાણ અને દૃષ્ટિ છે એમાં '**સંયમાદિ સબ ગુણ રહતે હૈં,...**' એને સંયમ, ચારિત્ર, શાંતિ, સ્વચ્છતા, મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન એમાં હોય છે. શુભભાવવાળાને હોતો નથી. આહાહા..! '**સબ ગુણ રહતે હૈં, ઐસા વર્ણન કરતે હૈં-**' લ્યો! એવું વર્ણન કરે છે અહીંયાં. ૬૭ ગાથા.

**१९४) सुद्धहँ संजमु सीलु तउ सुद्धहँ दंसणु णाणु।**

**सुद्धहँ कम्मक्खउ हवइ सुद्धउ तेण पहाणु।।६७।।**

**અન્વયાર્થ :- 'શુદ્ધોપયોગિયોંકે હી પાંચ ઈન્દ્રી છઠ્ઠે મનકો રોકનેરૂપ સંયમ, શીલ ઔર તપ હોતે હૈં,...**' આહાહા..! જેને એ વ્રતાદિના વિકલ્પથી ભિન્ન પડીને શુદ્ધઉપયોગ જેને અંદર પ્રગટ્યો... આહાહા..! શુદ્ધઉપયોગ શું અને અશુદ્ધ શું, (હજી એની ખબર નહિ.) એ શુદ્ધઉપયોગી અંદર આત્મા પવિત્ર નિત્યાનંદનો જેને અંતર વેપાર થયો એ વીતરાગી પરિણામને અહીંયાં શુદ્ધોપયોગ કહે છે. એ શુદ્ધોપયોગીને મન અને ઈન્દ્રિયોને રોકવાવાળો સંયમ હોય છે. એને સંયમ હોય છે. શુદ્ધ ઉપયોગીને શીલ હોય છે. એને સારું બ્રહ્મચર્ય હોય છે. શરીરથી એકલું બ્રહ્મચર્ય પાળે આખી જિંદગી એ કાંઈ ધર્મ નથી. એ તો એક શુભ વિકલ્પ છે. આહાહા..! શુદ્ધઉપયોગમાં અંદર રહેવું એનું નામ બ્રહ્મચર્ય અને શીલ છે. વાતે વાતે ફેર લાગે. વાત તો આવી છે, બાપા! શું થાય? આહાહા..!

એવા સંયમીઓને શીલ અને એવા સંયમીઓને તપ હોય છે. જેને અંદર આત્મા પવિત્ર આનંદનો નાથ એનો ઉપયોગ પ્રગટ્યો શુદ્ધઉપયોગ, વીતરાગી પરિણામ એને તપ હોય છે. એકલા અપવાસ કરીને મરી જાય, વર્ષીતપ કરીને એ બધી લાંઘણું છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, માગશર સુદ ૯, મંગળવાર
## તા. ૩૦-૧૧-૧૯૭૬, ગાથા-૬૭, પ્રવચન નં. ૧૪૬

'પરમાત્મપ્રકાશ'. ગાથા ૬૭ ચાલે છે ને? ભાવાર્થ. થોડું ચાલ્યું છે. ભાવાર્થ છે ને?

'**શુદ્ધોપયોગિયોંકે...**' અહીંયાં એ સિદ્ધ કરવું છે કે આત્મા-શુદ્ધ પવિત્ર સ્વભાવી આત્મા, એને આશ્રયે થયેલો શુદ્ધોપયોગ કે શુદ્ધ પરિણમન, એમાં સંયમપણું, મોક્ષમાર્ગપણું છે. 'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ' એ શુદ્ધઉપયોગમાં છે. સમજાણું કાંઈ? શુભઉપયોગમાં એ નથી એમ કહે છે. પાપના પરિણામમાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન નથી, પુણ્યના પરિણામ પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. શુદ્ધ ચેતનાસ્વભાવનું પરિણમન એવો જે શુદ્ધભાવ, શુદ્ધઉપયોગ કીધો છે અહીંયાં, એ શુદ્ધભાવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. કહો, સમજાણું કાંઈ? એ શુદ્ધઉપયોગીને સંયમ હોય છે એમ કહેવું છે.

**'પાંચ ઈન્દ્રિ, છટ્ઠે મનકા રોકના, વિષયાભિલાષકી નિવૃત્તિ, ઔર છહ કાયકે જીવોંકી હિંસાસે નિવૃત્તિ, ઉસકે બલસે આત્મામેં નિશ્ચલ રહના, ઉસકા નામ સંયમ હૈ,...'**

મુમુક્ષુ :- મહાવ્રત ન આવ્યા.

ઉત્તર :- મહાવ્રત-બહાવ્રત સંયમ કે દિ' હતા? ઝીણી વાત, બાપુ! આહાહા..!

શુદ્ધ સ્વભાવી આત્મા, ત્રિકાળી પવિત્રધામ, એના પરિણામ પવિત્રધામને આશ્રયે થાય એ શુદ્ધ થાય. એ શુદ્ધ પરિણમન કહો કે અહીંયાં શુદ્ધોપયોગ કહો. એ શુદ્ધ પરિણમનમાં સંયમ હોય છે. એ છકાયની હિંસાની નિવૃત્તિ, મનથી નિવૃત્તિ વગેરે. એ તો નિમિત્ત. પણ એનાથી રહિત થઈને શુદ્ધ આત્માના સ્વભાવમાં ઉપયોગ શુદ્ધપણે પરિણમવું એ સંયમ છે. આ મોટા વાંધા અત્યારે. અત્યારે શુદ્ધઉપયોગ હોય નહિ અને આ શુભઉપયોગ છે એ જ સર્વસ્વ છે, એમ કહે છે. આ આવો માર્ગ આખો ફરી ગયો. છે?

એને સંયમ હોય. શુદ્ધ. પુણ્ય-પાપના પરિણામ જે અશુદ્ધઉપયોગ છે, એનાથી રહિત વસ્તુસ્વભાવના ઉપયોગનું પરિણમન થવું શુદ્ધનું, એને અશુદ્ધની અપેક્ષા નથી. એવો જે શુદ્ધ પરિણમનરૂપ ઉપયોગ, એમાં સંયમ હોય છે. સમજાણું કાંઈ? કહેશે આગળ. ગાથા આપી છે ને? 'પ્રવચનસાર'ની ૨૭૪ ગાથા. કહેશે, શુદ્ધને સંયમ હોય. ત્યાં આવ્યું છે. ૨૭૪. 'પ્રવચનસાર' છેલ્લી ૨૭૪. પાઠ શુદ્ધ છે. શુદ્ધને સંયમ હોય છે. આહાહા..! એટલે? છકાયના જીવને ન હણવા અને મનથી રાગ ન થવો એ તો વ્યવહાર થયો. એનાથી રહિત શુદ્ધ સ્વરૂપના અવલંબે ચૈતન્ય અનંતગુણ પવિત્રપણે જેની શક્તિ અને સામર્થ્ય છે, એની સન્મુખ થઈને જે શુદ્ધ પરિણમન શુદ્ધઉપયોગ થયો એ સંયમ છે. આહાહા..!

અહીં કહે, છકાયના જીવને અમે ન મારીએ એટલે સંયમ છે. એ તો નિમિત્તથી નાસ્તિથી વાત છે. આહાહા..! મારે કોણ? પણ એ વિકલ્પ છે એનો ત્યાગ કરે. પણ એ

ત્યાગથી નાસ્તિથી વાત થઈ છે. અસ્તિથી હોવાપણે પરમાત્મા પોતે આત્મા શુદ્ધાત્મા છે. એનું આખું સ્વરૂપ જ શુદ્ધાત્મા છે. એ શુદ્ધાત્માની સન્મુખના પરિણામ એવો જે શુદ્ધઉપયોગ અને શુદ્ધ પરિણમન એ સંયમ છે. લ્યો! આ 'દેવીલાલજી'! આવો સંયમ. હવે અહીં વાત બહારથી મનાવવી છે. બાપુ! આ આકરું પડે એને બિચારાને. માર્ગ તો આ છે, ભાઈ! કોઈ વ્યક્તિને માટે કાંઈ નથી. વ્યક્તિના પરિણામની જવાબદારી તો એને છે. અનાદિથી વીતરાગનો માર્ગ તો આ છે. આહાહા..! છકાય જીવને ન મારવા, મનને વિષયથી રોકવું એ સંયમ, એમ નહિ. પોતાના શુદ્ધ સ્વભાવનું નિર્મળ પરિણમન કરવું, વીતરાગી પરિણામ શુદ્ધઉપયોગના (થાય) એમાં સંયમ હોય છે. આહાહા..! આવી વાત છે.

**'અથવા ઉપેક્ષાસંયમ અર્થાત્ તીન ગુપ્તિમેં આરૂઢ...'** શુભ વિકલ્પથી રહિત ત્રણ ગુપ્તિ. ગુપ્ત થઈ ગયો અંદર. મન, વચન અને કાયાના વિકલ્પથી છૂટીને ગુપ્ત થયો છે. ગુપ્ત શક્તિરૂપ ભગવાન, ગુપ્ત શક્તિરૂપ પરમાત્મા પોતે, એમાં જેણે ગુપ્તિ કરી છે. આહાહા..! એમાં જેની લીનતા જામી છે. આહાહા..! એને સંયમ કહીએ. છે? એ ઉપેક્ષાસંયમ કીધી.

હવે, **'ઉપહ્યતસંયમ અર્થાત્ પાંચ સમિતિકા પાલના, અથવા સરાગસંયમ અર્થાત્ શુભોપયોગરૂપ સંયમ...'** આહાહા..! **'વીતરાગસંયમ અર્થાત્ શુદ્ધોપયોગરૂપ પરમસંયમ વહ ઉન શુદ્ધ ચેતનોપયોગિયોંકે હી હોતા હૈ.'** આ શું કહ્યું સમજ્યા? આહાહા..! શુદ્ધ ચૈતન્યનો ઉપયોગ છે તેને જ શુદ્ધઉપયોગ છે. અને એને જે રાગ બાકી રહ્યો તે સરાગ સંયમ એને છે. સમજાય છે કાંઈ? શુદ્ધ જે ચૈતન્ય ભગવાનઆત્મા, એને અવલંબે થયેલો શુદ્ધ પરિણમન ઉપયોગ, એ નિશ્ચય સંયમ અને એ જીવને શુભઉપયોગ તે વ્યવહારસંયમ એને હોય છે. જેને નિશ્ચય ચેતન પરિણમન નથી એને વ્યવહાર સંયમ પણ હોતો નથી. આ એમ કહે છે. આહાહા..! આવી વાતું ઝીણી બહુ, ભાઈ! આહાહા..!

આ સંસાર. જુઓને! ઓહોહો..! કાલે અહીં એક કૂતરી વિહાણી છે. કૂતરી સમજ્યા? કૂત્તી. ત્રણ બચ્ચા હતા. એમાં બે બચ્ચા ખાઈ ગઈ. એ તો કૂતરા ખાય છે ને. પહેલામાં તો એવું રાખતા માણસો. નાની ઉંમરમાં સાંભળતા અમે. ૭૦-૭૫ વર્ષ પહેલા. કૂતરી વિહાય ને છોકરા ભેગા થઈ. ક્યાંકથી લોટ ને એવું લઈ આવે. તેલનો શેરો કરાવે. તેલનો. ઘી તો કોણ કરી દે. તેલનો શેરો કરીને ખવરાવે. એને જઠર બહુ ઓલી થઈ ગઈ હોય. બચ્ચા આવ્યા હોય ને કૂતરીને? હવે અહીં તો કોઈ નહોતું. ભાઈ 'ભીખાભાઈ' ઊભા. હું સાંજે આહાર કરવા નીકળ્યો. ત્યાં 'ભીખાભાઈ' ઊભા હતા. આ કૂતરીને ત્રણ બચ્ચા આવ્યા. અને કોઈ નહોતું. ભૂખ લાગેલી તો બે બચ્ચાને ખાઈ ગઈ. કૂતરીના. શું કીધું એનું નામ? પિલ્લા. બે ખાઈ ગઈ. ભૂખ લાગેલી. પછી 'ભીખાભાઈ' કહે, શેરો કરી આવ્યા થોડો. શેરો સમજ્યા ને? હલવો. તેલમાં-તેલમાં. પહેલા એમ કરતા અમે નાની ઉંમરમાં. કૂતરી થઈ હોય ને છોકરા લઈ આવે. આય માય કૂત્તી વિહાણી, ધાન ધોબો આપો. એવું કહેતા. પોણો સો વર્ષ (પહેલાની વાત છે). ધાન ધોબો સમજ્યા ને? ધાન કાંઈક, ધોબો કાંઈક. લોટ આદિ આપો. એવું કહેતા. ખબર છે? ત્યાં અમારે 'ઉમરાળા'માં તો કણબીવાડમાં બહુ થાય ને. કૂતરી

વિહાણી એટલે જઈએ. આય માય કૂતરી વિહાણી. હે માતા! કૂતરી વિહાણી છે. ધાન-ધાન કે ધોબો આપો તો આ કૂતરીને ખવરાવીએ. એવું ગાતા. એય..! છોકરા સાત-આઠ ભેગા થઈને અને છીબડું હોય. આ ઠીકરાનું. એ લઈને જઈએ. આહાહા..! કાલે તો નજરે જોયું સાંજે. કૂતરી ઊભી હતી અને 'ભીખાભાઈ' ઊભા હતા. એક બચ્ચુ જોયું અંદર. એક બચ્ચું પડ્યું છે. બે બચ્ચા તો ખાઈ ગઈ, ભૂખ લાગી તો. આહાહા..!

એમ આ અવસર્પીણી, ઉત્સર્પીણી છે એ સર્પણી છે. કાળ. અવસર્પીણી ઉત્સર્પીણી છે ને? એમાં જે અજ્ઞાનમાં ઊભા હોય છે એને એ ખાઈ જાય છે. આહાહા..! આ સર્પને એ હોય છે. સર્પણી હોય છે એ જ્યારે આમ વળ ખાઈને પછી ઈંડા કરે. પચ્ચી-પચાસ જન્મે એને. એ બધા ખાઈ જાય પછી. ભૂખ લાગી હોય ને. સર્પને કોણ શેરો આપે? એ વખતે કોણ ત્યાં ઊભું હોય? સર્પ-સર્પ. સર્પણીને પછી બચ્ચા થાય. અને કુંડાળુ વળીને એમાંથી ખાય. એમાંથી કો'ક નીકળી ગયું બહાર એ બચી ગયું. એમ આ અવસર્પીણી, ઉત્સર્પીણી કાળમાં રાગ અને કાળને પોતાને માનીને પડ્યા છે એ મરી જવાના. એમાંથી નીકળી જશે, રાગ અને કાળથી ભિન્ન મારી ચીજ છે. આહાહા..! હું તો શુદ્ધ ચૈતન્ય (છું). રાગ હોવા છતાં શુદ્ધ ચૈતન્યનું પરિણમન તે વસ્તુ છે. એમ બે કહે છે ને? જુઓને!

સરાગસંયમ, શુભઉપયોગ સંયમ. '**વીતરાગસંયમ અર્થાત્ શુદ્ધોપયોગરૂપ પરમસંયમ વહ ઉન શુદ્ધ ચેતનોપયોગિયોંકે હી હોતા હૈ.**' છે? શુભઉપયોગી કહો પણ શુદ્ધ ચેતના ઉપયોગ જેને છે એને વીતરાગ સંયમ અને એને શુભરાગનો સરાગ સંયમ એને હોય છે. સમજાણું કાંઈ? એકલો શુભરાગ એવો વ્યવહારસંયમ, નિશ્ચયસંયમ વિના હોતો નથી એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? કાં એકલા શુદ્ધઉપયોગમાં પડ્યો હોય તો વીતરાગસંયમ છે અને ઉપયોગમાં ન હોય અને શુદ્ધ પરિણમન હોય. છે ને? ચેતના ઉપયોગ. ચેતનાનું પરિણમન છે ખરેખર. જ્ઞાનચેતના શુદ્ધપણે પરિણમન છે એ વીતરાગ સંયમ છે. એની સાથે રાગ બાકી રહ્યો છે એ શુભરાગનો વ્યવહાર સંયમ છે. પણ એને. સમજાણું કાંઈ? આહાહા..! મૂળ વાત નિશ્ચયની ભૂલીને બધી વાતું (માંડી). અહીં કહે કે નિશ્ચય રાખીને પછી બધી વાત. આહાહા..!

અરે..! આવા અવતાર જુઓ! આમ. એ બિચારો ક્યાંથી જીવ આવ્યો હશે. કૂતરીનું બચ્ચું થયું. અને થયા ભેગું ખાઈ ગઈ. એ પછી ક્યાંક ગઈ હશે ઢોરમાં. અવતરે બિચારા. એ તો કાંઈ નરક-બરકમાં તો હોય નહિ. મનુષ્યના અવતારે (જાય નહિ). ઢોરના પરિણામે ઢોરમાં જાય પાછા પશુમાં ક્યાંક. આહાહા..! આવા અવતાર અનંત કર્યા. એ બધા અશુદ્ધ ઉપયોગના ફળ તરીકે. સમજાણું કાંઈ?

શુભ કે અશુભ બેય અશુદ્ધ ઉપયોગ છે. અશુદ્ધ વેપાર છે. ભગવાન શુદ્ધાત્મા ચૈતન્યસ્વરૂપ, એની સન્મુખનો શુદ્ધ વેપાર, શુદ્ધઉપયોગ તે નિશ્ચય સંયમ છે અને તેમાં રાગ બાકી રહ્યો છે એને વ્યવહાર સંયમ કહેવામાં આવે છે. શુભરાગ. અશુભ નહિ. શુભરાગ છે એને વ્યવહાર સંયમ કહે છે. સમજાણું કાંઈ? નિશ્ચય છે અને એ વખતે અશુભરાગમાં

આવ્યો હોય છે તો એને વ્યવહાર નથી. પણ જ્યારે એ શુભરાગમાં આવે છે, નિશ્ચય પરિણતિ છે શુદ્ધની અને શુભરાગમાં આવે છે ત્યારે એને વ્યવહાર સંયમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એને પણ નિશ્ચયવાળાને આર્તધ્યાન આદિના પરિણામ હોય એ વખતે તો વ્યવહાર સંયમ પણ નથી. નિશ્ચય છે અમુક પરિણમનમાં. પણ અહીં તો નિશ્ચય પરિણમનના કાળ વખતે શુભરાગમાં જ્યારે વર્તે છે... આહાહા..! ત્યારે બેયને નિશ્ચય અને વ્યવહાર સંયમ હોય છે. આહાહા..!

હવે અહીં તો અત્યારે એવી રાડું પાડે છે કે શુદ્ધ તો અત્યારે હોય જ નહિ. શુદ્ધ ઉપયોગ હોય જ નહિ. અરે..! થઈ રહ્યું ધર્મ જ હોય નહિ. સમ્યગ્દર્શન હોય નહિ. આ પહેલેથી એ જ લખ્યું છે. જુઓ! ઓલામાં છે. સમ્યગ્દર્શનનું છે ને? ૭૪ ગાથામાં. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ શુદ્ધઉપયોગમાં હોય છે. શુદ્ધઉપયોગમાં હોય છે. એક સંયમની વ્યાખ્યા કરી. '**सुद्धहँ संजमु**' ૬૭ ગાથા. '**सुद्धहँ संजमु**' એની વ્યાખ્યા કરી. છે ને પાઠ? હવે '**सुद्धहँ सीलु**' શીલ.

'**શીલ અર્થાત્ અપનેસે અપને આત્મામેં પ્રવૃત્તિ કરના...**' આહાહા..! શુદ્ધ ચૈતન્ય ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, એ પોતે પોતામાં આત્મામાં આનંદમાં પ્રવૃત્તિ (કરે). આહાહા..! અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન, એના સન્મુખની અતીન્દ્રિય આનંદની પ્રવૃત્તિ પરિણમન. આહાહા..! '**કરના યહ નિશ્ચયશીલ,...**' છે. એ નિશ્ચય શીલ-શીલ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું અહીં કામ નથી. આ સંયમ છે, બસ. એ એમાં આવી ગયું ભેગું. રાગરહિત દશાનું પરિણમન તે સામાયિક, છેદોપસ્થાન ને તે સંયમ. એનો અર્થ આવી ગયો છે. આમાં છે ક્યાંક. આમાં છે, જુઓ! આ ટીકામાં છે. '**सामायिकच्छेदोपस्थापना-परिहारविशुद्धेसूक्ष्मसंपराययथाख्यातभेदेन पञ्चधा संयमः सोऽपि लभ्यते तेषामेव**' સંસ્કૃતમાં છે. એમ એની અંદર આવી ગયું ભેગું. સંસ્કૃતમાં છે. '**सामायिकच्छेदोपस्थापनापरिहार-विशुद्धेसूक्ष्मसंपराययथाख्यातभेदेन पञ्चधा संयमः सोऽपि लभ्यते**' પાંચ ચારિત્ર. '**तेषामेव**' એટલે શુદ્ધ ઉપયોગીને જ હોય છે. આહાહા..! આ સામાયિક છે એ શુદ્ધ ઉપયોગીને જ હોય છે એમ કહે છે. આહાહા..! અહીં તો એને સમ્યગ્દર્શનની ખબર ન મળે અને પછી સામાયિક કરે અને માની બેસે કે મને સામાયિક થઈ ગઈ. આહાહા..!

જેને શુદ્ધાત્માની દૃષ્ટિ થઈ છે અને એ શુદ્ધાત્મામાં રમે છે, નિશ્ચલ ઠરે છે એને સામાયિક હોય છે. એને આ સંયમ કહો કે સામાયિક કહો. સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં દેશસંયમ હોય છે. એટલે શુદ્ધ આત્મામાં પૂર્ણ રીતે સ્થિર થવું એને હોતું નથી. અપૂર્ણ રીતે સ્થિર થાય શાંતિના આનંદમાં, એને અહીંયાં સામાયિક કહેવામાં આવે છે. સર્વવિરતી સામાયિકને વિશેષ લીનતા હોય છે. આનંદમાં વિશેષ લીનતા એને સર્વવિરતી સામાયિક કહે છે. પણ જેને દર્શન સામાયિક હોય એને. સમ્યગ્દર્શન છે, શુદ્ધ ચૈતન્યનો સત્કાર જેને

અનુભવમાં આવ્યો છે. આહાહા..! એને જે સ્થિરતા અંદર જામે, વીતરાગી શુદ્ધોપયોગ થાય તે સામાયિક છે. તે છેદોપસ્થાપનીય છે, તે પરિહારવિશુદ્ધિ, યથાખ્યાત અને સંયમ. સૂક્ષ્મ સંપરાય છે. આહાહા..! આ શીલની વાત ચાલે છે.

'**રાગાદિકે ત્યાગનેસે શુદ્ધ ભાવકી રક્ષા કરના વહ ભી નિશ્ચયશીલ હૈ,...**' લ્યો, ઠીક! એ તો એનું એ થયું. '**અપને આત્મામેં પ્રવૃત્તિ કરના...**' શુદ્ધ ભગવાનઆત્મામાં રમવું એ નિશ્ચલશીલ છે. અને '**રાગાદિક ત્યાગનેસે શુદ્ધ ભાવકી રક્ષા કરના...**' જોયું! શુદ્ધભાવની રક્ષા કરવી, શુભભાવની રક્ષા છોડવી. આહાહા..! માર્ગ વીતરાગનો લોકોએ કાંઈક અજૈનને જૈનપણું કલ્પીને (માની લીધું). હવે આ માર્ગ આવો છે.

'**ઔર દેવાંગના,...**' શીલની વ્યાખ્યા વિશેષ કરે છે. '**મનુષ્યની, તિર્યંચની તથા કાઠ પત્થર ચિત્રામાદિકી અચેતન સ્ત્રી–ઐસે ચાર પ્રકારકી સ્ત્રિયોંકા મન, વચન, કાય, કૃત, કારિત, અનુમોદનાસે ત્યાગ કરના વહ વ્યવહારશીલ હૈ,...**' એ વ્યવહાર છે. પણ નિશ્ચયશીલ જેને છે એને આવો વ્યવહારશીલ હોય. સંયમ આવી ગયું ને? નિશ્ચય સંયમ શુદ્ધ ઉપયોગ છે એટલે શુદ્ધ પરિણમન છે, એને શુભરાગનો વ્યવહાર સંયમ હોય છે. એમ જેણે નિશ્ચય બ્રહ્મચર્ય, શીલ આત્માના અનુભવના આનંદનું વેદન છે... આહાહા..! એને વ્યવહારશીલ હોય છે. ત્રણ પ્રકારની સ્ત્રીઓ. પત્થરની, લાકડાની, ચિત્રની. ત્રણ. '**મન, વચન, કાય, કૃત, કારિત, અનુમોદનાસે ત્યાગ કરના વહ વ્યવહારશીલ હૈ,...**' પણ કોને? જેને નિશ્ચયશીલ હોય એને. આહાહા..! નિશ્ચય હોય છે ત્યાં વ્યવહાર હોય છે. પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે. પણ એને નિશ્ચય સ્વભાવનો આશ્રય લઈને શુદ્ધ પરિણમન જેને ઉત્પન્ન થયું છે. અહીં એને ઉપયોગ કહ્યો ભલે. પણ શુદ્ધ પરિણમન છે તેને શુભરાગ હોય છે ને? તો એ વખતે શુદ્ધઉપયોગ નથી, પણ શુદ્ધ પરિણમન છે. એને ઉપયોગ કહેવામાં આવે છે. શુદ્ધ પરિણમન એ નિશ્ચયશીલ અને આ ચાર દેવી આદિનો ત્યાગ કરવો એ વ્યવહારશીલ. પણ એ નિશ્ચયવાળાને વ્યવહાર હોય છે. સમજાણું કાંઈ? આહાહા..! અગમ્યગમ્યની વાતું બધી.

મુમુક્ષુ :- .. હોય એ ..

ઉત્તર :- હા, એવી વસ્તુ છે ને. આહાહા..!

'**યે દોનો શીલ શુદ્ધ ચિત્તવાલોંકે હી હોતે હૈં.**' દેખો! જેનું જ્ઞાન શુદ્ધ પરિણમન છે. ચિત્ત એટલે જેનું જ્ઞાન શુદ્ધપણે પરિણમ્યું છે એને નિશ્ચયશીલ અને વ્યવહારશીલ હોય છે. આહાહા..! કેટલું સ્પષ્ટ છે! અહીં કહે કે નિશ્ચય ભલે ન હોય પણ વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાશે. વ્યવહાર કેવો? એનો પોતાનો માનેલો. આહાહા..! આ તો કહે છે કે વ્યવહાર ચોખ્ખો (હોય). એને માટે આહાર કરેલો લે નહિ. એવો વ્યવહાર ચોખ્ખો હોય ત્યારે એને વ્યવહાર કહીએ. ક્યારે? કે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ હોય તેને. આહાહા..! સમજાણું કાંઈ?

'સૂત્ર અનુસાર..' બોલે છે આ. 'સૂત્ર અનુસાર જે ભવિક ક્રિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરખો.' અમે આ શુદ્ધ ચારિત્ર પાળીએ છીએ. એને હજી દૃષ્ટિ સમ્યક્ નથી, મિથ્યાદૃષ્ટિ છે ત્યાં ચારિત્ર કેવા? 'આનંદઘનજી'માં આવે છે ને? એ બોલે છે. એક આર્જિકા બોલે છે ઈ. 'સૂત્ર અનુસાર જે...' એમ કે અમે ત્યાગી છીએ. જુઓ! અમે સૂત્ર અનુસાર ક્રિયા કરીએ છીએ. 'આનંદઘનજી'માં આવે છે. 'સૂત્ર અનુસાર જે ભવિક ક્રિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરખો.' પણ એમ કહ્યું છે ત્યાં? ક્રિયા આ બહારની કરે છે એ બધી ઠેકાણા વિનાની છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્માની જેને દૃષ્ટિ થઈ છે અને એમાં જેની આનંદની રમણતા થઈ છે.. આહાહા..! પ્રચુર વેદન આનંદનું થયું છે એ નિશ્ચયશીલ છે અને મન, વચન, કાયા, કૃત, કારિત, અનુમોદનાથી સ્ત્રી આદિનો ત્યાગ વ્યવહાર થયો એ શુભરાગ વ્યવહારશીલ છે. આહાહા..!

હવે તપ, તપ. એ તપ કોને કહીએ? ઠીક! '**બારહ તરહકા તપ ઉસકે બલસે...**' નિમિત્તથી વાત છે. '**ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મરૂપ સબ વસ્તુઓંમેં ઈચ્છા છોડકર...**' આહાહા..! દ્રવ્યકર્મની નહિ, શરીરાદિ નોકર્મની નહિ, વાણી આદિની અને પુણ્યના પરિણામની નહિ. એ '**સબ વસ્તુઓંમેં ઈચ્છા છોડકર શુદ્ધાત્મામેં મગ્ન રહના,...**' આહાહા..! શુદ્ધાત્મામાં લીન રહેવું. આહાહા..! '**કામ ક્રોધાદિ શત્રુઓંકે વશમેં ન હોના,** આહાહા..! **પ્રતાપરૂપ વિજયરૂપ જિતેન્દ્રિય રહના.**' દેખો ભાષા. કેટલી તપની વ્યાખ્યા! અહીં તો કહે, અપવાસ કર્યો એટલે થઈ ગયું તપ. અને તપ એટલે નિર્જરા અને નિર્જરા એટલે મોક્ષનો માર્ગ. જાવ. બાર પ્રકારના તપમાં નથી આવતું? અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસ પરિત્યાગ, કાયક્લેશ લ્યો! એ તપ છે કે નહિ? એ તો નિમિત્તની વાતું છે. એ કીધું નહિ? એના બળથી એટલે એના તરફથી લક્ષ છોડી દઈને. આહાહા..! એના બળથી એ નિમિત્તથી વાત છે. બાર પ્રકારના વ્યવહારતપ છે ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શુદ્ધ ચિત્તવાળાને. આહાહા..! જેનું ચિત્ત-જ્ઞાન શુદ્ધ પરિણમ્યું છે. આહાહા..! બહુ ફેર. હવે આની સાથે સમન્વય કરો કાંઈક, એમ કહે છે. કાંઈક ઢીલું મૂકો તમે, અમે કાંઈક ઢીલું મુકીએ. શેઠ! એમ કહે છે તમારા તરફથી આ બધા એના માણસો. કાંઈક ઢીલું મૂકો થોડું. સખત રાખ્યું છે કે ...

મુમુક્ષુ :- સારી વાત છે.

ઉત્તર :- સારી વાત એ છે કે સાચા-જૂઠાનો સમન્વય શી રીતે થાય? આહા..! સમન્વય થાય તો પ્રેમ થાય. તો આ બે ભાગલા પડે છે એ ન પડે. ભગવાન! ભાગલા પડે ન પડે, વસ્તુ તો આ છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- સભ્યતા કરવી...

ઉત્તર :- શેનું ઢીલું કરે? શુદ્ધ ઉપર પરિણમન નથી અને શુભથી એને મનાવવું છે. શી રીતે સમન્વય કરવો?

મુમુક્ષુ :- ઝઘડા મટી જશે.

ઉત્તર :- શેના ઝઘડા? ઝઘડા ઊભા રહેશે એને અંદરમાં. એ કોઈ વ્યક્તિની વાત નથી. આ તો વસ્તુની સ્થિતિ છે. વસ્તુનો સ્વભાવ છે. એ વ્યક્તિના પરિણામ વ્યક્તિને જવાબદારી છે. એમાં કાંઈ નહિ. અહીં તો વસ્તુસ્થિતિ આવી છે.

શુભ-અશુભ પરિણામ જે અશુદ્ધ પરિણામ છે, એનો ત્યાગ કરીને અને શુભની પણ ઈચ્છા રોકીને. આહાહા..! '**શુદ્ધાત્મામેં મગ્ન રહના,...**' છે ને? '**સબ વસ્તુઓંમેં ઈચ્છા છોડકર શુદ્ધાત્મામેં મગ્ન રહના, કામ ક્રોધાદિ શત્રુઓંકે વશમેં ન હોના,...**' આહાહા..! આ તપની વ્યાખ્યા હજી સાંભળતા એને.. આ તો અપવાસ કર્યા અને સંથારા કર્યા. સ્થાનકવાસીમાં તો એક જ એ જ ચાલે છે. ત્યાગ અને તપ બહારમાં, બસ. બાહ્ય ત્યાગમાં પણ કાંઈક છે. શું ત્યાગમાં છે? રાગનો ત્યાગ પણ જેનો શુભ-અશુભ રાગ બેયનો ત્યાગ થઈને શુદ્ધઉપયોગ થાય છે એમાં છે. આહાહા..!

અહીં વિશેષ કહે છે. '**પ્રતાપરૂપ વિજયરૂપ જિતેન્દ્રીય રહના.**' જોયું! તપ્યં ઈતિ તપઃ. આનંદનો પ્રતાપ પ્રગટ થવો. વિજયરૂપ. રાગની ઉપર જીત મેળવવી. અને પોતાના સ્વભાવનો વિજય પ્રગટ કરવો. એ જિતેન્દ્રિય રહેવું. આહાહા..! '**યહ તપ શુદ્ધ ચિત્તવાલોંકે હી હોતા હૈ.**' છે? '**યહ તપ શુદ્ધ ચિત્તવાલોંકે હી હોતા હૈ.**' આહાહા..! જેની દૃષ્ટિ સમ્યક્ છે, શુદ્ધ જેની દૃષ્ટિ (થઈ છે), પછી શુદ્ધતા સ્થિરતા જામી છે. પ્રતાપ જેનો પ્રગટ થયો છે. સ્વતંત્રતાથી અખંડિત.. આહાહા..! એવી પ્રભુતાની શક્તિનો પ્રતાપ જેને પ્રગટ થયો છે. આહા..! જેણે રાગ ઉપર વિજય મેળવ્યો છે આહાહા..! એને અહીંયાં તપ કહેવામાં આવે છે. જુઓ આ વ્યાખ્યા. સામાયિકને, ચારિત્રને એને શુદ્ધઉપયોગને ચારિત્ર કહ્યું. અને આ તપને પણ જેવું શુદ્ધ ઉપયોગનું તપન છે અંદરમાં, વિજય છે અંદરમાં ભગવાનનો... આહાહા..! એને તપ કહીએ.

કહો, આ વ્યાખ્યા તો કેટલા હજારો વર્ષની છે. આ સ્વરૂપભાવ તો અનાદિનો છે. પણ આ શાસ્ત્ર તરીકે રચના ૧૩૦૦ વર્ષ પહેલા થઈ. 'સમયસાર' ૨૦૦૦ વર્ષ પહેલા (બન્યું). બધાનો એક જ ભાવ છે. દિગંબર સંતોની વાણી તો એક જ પ્રકારે. પૂર્વાપર વિરોધ રહિત શુદ્ધતાને સિદ્ધિ કરીને પછી શુભભાવને જાણે. એ ખરેખર શુભ છે એનો કર્તા થતો નથી. પણ પરિણમન છે માટે એને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! બહુ ભાઈ, એ વાત.

વાણીના ગોદામમાં પડ્યા છે અહીં તો જુઓ. વીતરાગની વાણી છે આ. 'ચિદાનંદ ભૂપાલ કી રાજધાની' લોકમાતા એમ કહ્યું છે. આ સ્તવન છે ને આમાં? આ વાણીનું. 'જિનાદેશ જાતા જિનેન્દ્રા વિખ્યાતા વિશુદ્ધા પ્રબુદ્ધા નમો લોકમાતા.' જિનવાણી એનો ભાવ. લોકમાતા છે. આહાહા..! જેમાંથી વીતરાગનો પ્રસવ થાય છે. આહાહા..! 'જિનાદેશ જાતા જિનેન્દ્રા વિખ્યાતા, વિશુદ્ધ પ્રબુદ્ધા નમો લોકમાતા. આહા..! દુરાચાર દુર્નૈહરા શંકરાની, દુરાચાર...' ખોટી નયનો હરનારા. 'હરનારી શંકરાની સુખદાની' એ તો. 'નમો દેવી વાગેશ્વરી જૈનવાણી' આહાહા..! 'સુધાધર્મસંસાધની ધર્મશાળા, સુધાધર્મસંસાધની ધર્મશાળા'

વીતરાગ વાણી આ એનો ભાવ. 'સુધાતાપ નિર્નાશિની મેઘમાળા.' તાપનો નાશ કરનારી મેઘની માળા વરસાદ ધારાવાહી. ધારાવાહી વરસાદ પડે ત્યાં તાપનો નાશ થઈ જાય. 'મહામોહ વિધ્વંસની મોક્ષદાની મહામોહ વિધ્વંસની મોક્ષદાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાણી' વાગેશ્વરી. ઓલા વાઘની ઈશ્વર કહે છે. આ તો વાકેશ્વરી. વાણીમાં ઈશ્વરી. એ આવે છે હોં! આમાં ક્યાંક. અનાદિ ઈશ્વરી નહિ? 'અગાધા અબાધા નિરંધ્રા નિરાશા અનંતા અનાદિશ્વરી' અનાદિ ઈશ્વરી જૈનવાણી છે. વીતરાગભાવ બતાવનારી. અનાદિ ઈશ્વરી છે. અનાદિ છે. 'અનંતા અનાદિશ્વરી જડ કર્મનાશા, નિશંકા નિરંકા ચિદંકા ભવાની નમો દેવી વાગેશ્વરી જૈનવાણી.' આ બધા વિશેષણો. બધા બહુ વિશેષણો. આહાહા..!

ભલે કહે છે 'કથા સંસ્કૃતા પ્રાકૃતા દેશભાષા' સંસ્કૃત હોય ભાષા વીતરાગની વાણી, પ્રાકૃત હોય અને દેશભાષા ચાલતી ભાષા હોય. 'ચિદાનંદ ભૂપાલ કી રાજધાની' ચિદાનંદ એવો રાજા ભૂપાલ, એની રાજધાની છે. આહાહા..! ચિદાનંદ રાજા ત્યાં રાજ કરે છે. આહાહા..! 'નમો દેવી વાગેશ્વરી જૈનવાણી.' બહુ સારું લખ્યું છે. 'બનારસીદાસ'નું છે, હોં! 'બનારસીવિલાસ'માં. આહાહા..! આવા 'બનારસીદાસ' અને 'ટોડરમલ'ને લ્યો! એને હવે આમ કહેવું. અરે..! ભગવાન! શું બાપુ! તને ન બેસે માટે. હવે ભાંગ પીને, અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા હતા. ભાઈ!

મુમુક્ષુ :- અધ્યાત્મ તો ..

ઉત્તર :- ઝેર ઉતારી નાખે છે.

અરે.. પ્રભુ! વીતરાગના વિરહ પડ્યા. એના વિના સંતોએ શુદ્ધની ધારા વહાવી. પંડિતોએ શુદ્ધને સિદ્ધ કર્યું. આહાહા..! સહેલી ભાષામાં સાધારણ માણસને સંસ્કૃત-વ્યાકરણ ન હોય એને પણ ચાલતી ભાષામાં-દેશભાષામાં સમજાવ્યું. એને એમ કહેવું કે.. અરે..રે.. પ્રભુ! કોઈ છે નહિ. એવા પુણ્ય પણ નથી કે કોઈ દેવ આવે. ભાઈ! આ વાત ખોટી છે. આહાહા..!

**'યહ તપ તો શુદ્ધ ચિત્તવાલોંકે હી હોતા હૈં.'** જેનું ચિત્ત જ્ઞાન શુદ્ધ છે, પવિત્ર થયું છે એને તપ હોય છે. આહાહા..! બહુ સરસ વ્યાખ્યા છે. આહાહા..! અરે..! એની શ્રદ્ધા તો કરે કે વસ્તુ આ છે. આહાહા..! **'દર્શન...'** હવે દર્શન કોને હોય છે. **'સાધક અવસ્થામેં તો શુદ્ધાત્મામેં રુચિરૂપ સમ્યગ્દર્શન...'** બે વ્યાખ્યા કરશે. **'દર્શન અર્થાત્ સાધક અવસ્થામેં તો શુદ્ધાત્મામેં રુચિરૂપ...'** પૂર્ણાનંદના નાથનો પ્રેમ જેને રુચિ જાગી છે અંદરથી. શુભાશુભ પરિણામની રુચિ જેને છૂટી ગઈ છે. આહાહા..! એવું જે સમ્યગ્દર્શન, એ શુદ્ધ ઉપયોગી જ હોય છે એમ કહે છે. **'ઔર...'** હવે દર્શનની મોટી વ્યાખ્યા. **'કેવલી અવસ્થામેં ઉસ સમ્યગ્દર્શનકા ફલરૂપ...'** એ સમ્યગ્દર્શનનું ફળ. શું? ક્ષાયિક સમકિત, કેવળદર્શન. ક્ષાયિક સમકિત. આહાહા..!

**'સમ્યગ્દર્શનકા ફલરૂપ સંશય, વિમોહ, વિભ્રમ રહિત નિજ પરિણામરૂપ...'**

આત્માના વીતરાગી પરિણામરૂપ '**ક્ષાયિકસમ્યક્ત્વ કેવલદર્શન યહ ભી શુદ્ધોંકે હી હોતા હૈ.**' આહાહા..! સાધક અવસ્થામાં એના ફળરૂપે ક્ષાયિકસમકિત, એના ફળરૂપે કેવળદર્શન '**યહ ભી શુદ્ધોંકે હી હોતા હૈ.**' આહાહા..! એ શુદ્ધાત્મા ત્રિકાળી શુદ્ધાત્માને આશ્રયે શુદ્ધ પરિણમન થાય, એમાં ક્ષાયિક સમકિત ને સાધક અવસ્થાનું સમકિત અને કેવળદર્શન એમાં હોય છે. આહાહા..! છે?

'**યહ ભી શુદ્ધોંકે હી હોતા હૈ.**' સમ્યગ્દર્શન સાધક અવસ્થામાં પણ શુદ્ધમાં થાય છે. આહાહા..! ખરેખર સમ્યગ્દર્શન થવા કાળે શુદ્ધ ઉપયોગ હોય છે. પછી શુદ્ધનું પરિણમન હોય છે. ઉપયોગ ભલે વિકલ્પમાં જાય. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! આવા જન્મ-મરણના રોગને ટાળવાનો ઉપાય તો આ છે, ભાઈ! એને કબુલ કરતા એને ના પાડે. અરે..રે..! એને ક્યાં જાવું ભાઈ! આહાહા..!

કહો, એ ગલુડિયા બિચારા ક્યાંથી આવ્યા હશે? અને બે-ચાર મહિના રહ્યા અને થયા અને પાછી ખાઈ ગઈ એની મા. એ વળી ક્યાંક અવતરી. એ તો પશુમાં ને પશુમાં જાય બિચારા. આહાહા..! એવા અવતાર તો અનંત કર્યા. અનાદિ આદિ ક્યાં છે? અનાદિ... અનાદિ... અનાદિ... અનંત અવતારમાં. અરે..! કોઈ ગણતરી નહોતી. સામું જોતું નહિ. એની મા ખાઈ ગઈ ગળીને. આહાહા..! અહીં દેરાસરની પાછળ. કાલે. કહો, ઠીક! કાલને? હું આહાર કરવા નીકળ્યો હતો. મેં આમ જોયું બચ્ચું પડ્યું હતું. 'ભીખાભાઈ' ઊભા હતા. ત્યાં કૂતરી ઊભી હતી આમ. જઠરાગ્નિ બહુ થાતી હશે કાંઈક.

આપણે આ સુવાવડી બાઈને કરે ત્યારે આપે છે ને લાડવા ઓલા કાટલાના? કાટલાના આપણે કહે છે. કાટલાના એટલે મસાલો, હોં! આપણે આ બહારમાં નથી કહેતા માણસ? આવી જા તારી માએ સવાશેર સૂંઠ ખાધી હોય તો. એમ કહે છે. સાંભળ્યું છે એ? આવી જા. સવાશેર સૂંઠ એટલે શું? સૂંઠના લાડવા કરે. સુવાવડ વખતે. સૂંઠ સૂંઠ છે ને? સૂંઠ સમજો છો? આ સૂંઠ છે નહિ? આ વઢે ત્યારે એમ બોલે. એ કજિયા થાય ને? આવી જા તારી માએ સવાશેર સૂંઠ ખાધી હોય તો. એટલે શું ઓલી ગરમી હોય ને? સૂંઠ ખાય. સૂંઠના લાડવા. અમારે કાટલા, શું કહેવાય? કાટલા. કાટલાના લાડવા કહે. આહાહા..! આને એ ન મળે એટલે આ બિચારા બચ્ચાને ખાઈ ગઈ. આહાહા..! અરે..! આ દુનિયા જુઓ! આ સંસાર.. આહાહા..! એની મા. પેટમાં બે-ત્રણ મહિના રાખ્યા, જન્મી અને એને ખાઈ ગઈ. આહાહા..! દેરાસરની પાછળ. છે ત્યાં એક બચ્ચુ પડ્યું છે અંદર. આહાહા..!

મુમુક્ષુ :- આયુષ્ય એટલું જ બાંધીને આવ્યા...

ઉત્તર :- એવું જ બાંધીને, એવી સ્થિતિ બાંધીને. આહાહા..! સ્થિત જ એટલી. એમાં કાંઈ.. આહાહા..! એ કાંઈ દેહ છૂટવાનો કાળ નહોતો અને દેહ છૂટ્યો છે એવું કાંઈ છે? એ સમય છૂટવાનો હતો. ત્યારે એની માને ખાવાનું મન થયું. આહાહા..!

આ બકરાના બચ્ચા હોય ને નાના કૂણા? એને માણસ સીધા ખાય આમ બટકા ભરીને

ખાય. એવા અનાર્ય માણસ છે. બકરાના બચ્ચા. બકરા કહે ને? બકરી. એના તાજા બચ્ચા હોય ને? એ નાળિયેરના જેમ ટોપરા ખાય ને એમ એને ખાય. સીધા ખાય બટકા ભરે. આહાહા..! અનાર્ય માણસો આવે છે. એ પણ એક અવતાર છે. આહાહા..! અરે..! એમાંથી નીકળી નીકળીને જૈનનો અવતાર, આર્યકુળ, માણસપણું, જૈન અવતાર. એમાં વીતરાગની સાચી વાણીનું સાંભળવું ઘણું દુર્લભ છે. પૈસા મળવા દુર્લભ નથી. એ તો અનંતવાર મળ્યા છે, ભાઈ! આહાહા..! આ તો આ જિનવાણી સત્યવાણી એને કાને પડવી એ પણ મહાદુર્લભ છે. અને એની વાત રુચવી એ તો દુર્લભમાં દુર્લભ છે. સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે કે દર્શન શુદ્ધને હોય છે. આહાહા..! એ સામાયિક અને ચારિત્ર પણ શુદ્ધ ઉપયોગી જીવને હોય છે. વીતરાગી પરમાત્મા એવો શુદ્ધસ્વભાવ શુદ્ધાત્માનો પરિણમનભાવ, વીતરાગી પરિણમન તેને ચારિત્ર અને સામાયિક હોય છે. એ શુદ્ધ ઉપયોગને ચારિત્ર હોય છે, શુદ્ધ ઉપયોગને તપ હોય છે. આહાહા..! આ અપવાસ કરે, વર્ષીતપ કરે, દૃષ્ટિ તો મિથ્યાત્વ છે અને અપવાસ કરે એ તો લાંઘણું છે બધી. આહાહા..! સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં સ્થાનકવાસીમાં બહુ વર્ષીતપ હોય છે. શ્વેતાંબરમાં વળી આ ઉપધાન બહુ હોય. હમણા ત્યાં 'પાલીતાણે' ત્રણ ઠેકાણે ઉપધાન હતા. દોઢ મહિના સુધી એ દરરોજ અપવાસ અને એક દિ' ખાવું અને ભગવાનની ખૂબ ઉઠબેસ કરીને અને એક દિ'માં સેંકડોવાર ભક્તિ કરે એ ઉપધાન કહેવાય. ત્રણ ઉપધાન હતા. અરે..રે..! બાપુ! એ બધી વાતું. શુદ્ધ વિના એ બધા થોથાં છે.

ભગવાન જેમાં ભળ્યો નથી. જે પરિણામમાં ભગવાન ભળ્યો નથી, આત્મા જેના પરિણામમાં આવ્યો નથી. શુદ્ધમાં આવે એ કાંઈ શુભમાં આવે નહિ. આહાહા..! એવા શુદ્ધભાવવાળાને તપ હોય છે. તપંતિ કહે છે. એ વિના તો બધી લાંઘણું છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આટલા કષ્ટ સહન કરે..

ઉત્તર :- કષ્ટ શું એમાં ધૂળ કષ્ટ છે? નારકીમાં તો કેટલું કષ્ટ સહન કર્યું છે. એ તો આર્તધ્યાન છે. આર્તધ્યાન છે. આહાહા..!

ભગવાન ઊંડે કૂવે અમૃતનો સાગર ભર્યો છે. એના ઊંડાણમાં જાવું. આવે છે ને આપણે? 'નિયમસાર'માં ભાઈ આવે છે ને. 'નિયમસાર'માં આવે છે. ઊંડા ઊંડે જાવું. આહાહા..! જ્યાં ભગવાન શુદ્ધસ્વરૂપે બિરાજે છે ત્યાં જાવું. શુભ અને અશુભ રાગને છોડી.. સમજાણું કાંઈ? 'નિયમસાર'માં આવે છે. 'નિયમસાર'. કઈ ગાથામાં નહિ? ૧૭મો કળશ.

**'જિનેન્દ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને જે પુરુષ પરભાવોને પરિહરી નિજસ્વરૂપમાં સ્થિત થયો થકો શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે-ઊંડો ઊતરી જાય છે.'** આહાહા..! '**विशति**' '**विशति**' ને? '**सपदि विशति**' આહાહા..! ભગવાન જ્યાં ચૈતન્ય ચમત્કાર પદાર્થ છે એવું તત્ત્વ અંદર, એમાં પેસી જાય છે, ઊંડો ઊતરી જાય છે. **'તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ મુક્તિરૂપી સુંદરીનો પતિ**

**થાય છે.)**' આહાહા..! બહારમાં જે શુભ અને અશુભ પરિણામ એ ઊંડા નથી. એ તો બહારના છીંછરા છે. છીછરા કહે છે અમારે કાઠિયાવાડમાં. છીછરા કહે છે ને. ઉપરટપકા છીછરા. છીછરા કહે છે. અને આ ઊંડા. આહાહા..! વાણી, વચનના વિકલ્પથી પણ ગુપ્ત થવું, ખસી જવું અને ઊંડાણમાં જાવું. આહાહા..! અરે..! એ વાત પણ ક્યાં છે? અને માની બેસે કે અમે સંયમી અને તપસ્વી, બાપુ!

કોઈ વ્યક્તિના વિરોધની વાત નથી, હોં! આ વસ્તુનું સ્વરૂપ આવું છે. વ્યક્તિઓ તો બધા પ્રેમી. સત્વેષુ મૈત્રી. કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ નહિ. મૈત્રી આત્મા છે, ભગવાન છે. દ્રવ્યદૃષ્ટિએ, દ્રવ્ય સાધર્મી છે એ. એમનું દ્રવ્ય છે એ સાધર્મી દ્રવ્ય છે. પર્યાયની ભૂલ એકકોર રાખો. આહાહા..! અને તે પર્યાયની ભૂલ એક સમયની છે ફક્ત. એક સમયની ભૂલ. આહાહા..! ત્રિકાળી ભગવાન ભૂલ વિનાનો, એની પર્યાયમાં એકસમયની ભૂલ. આહાહા..! એવો જે ત્રિકાળી ભૂલ વિનાનો ભગવાન, એમાં ઊંડે જાવું. આહાહા..! એ મોક્ષનો સ્વામી છે. જુઓને આ કેટલું 'નિયમસાર'. આહાહા..!

એ દર્શન. '**યહ ભી શુદ્ધોંકે હી હોતા હૈ.**' સમ્યગ્દર્શન, ક્ષાયિક સમ્યગ્દર્શન, કેવળદર્શન એ શુદ્ધને હોય છે એમ કહેવું છે ત્રણ. આહાહા..! જિનવાણી પ્રવચનસાર-દિવ્યધ્વનિનો સાર. એમાં એ કહે શુદ્ધસ સંયમ, શુદ્ધસ ચારિત્ર, શુદ્ધસ જ્ઞાનં. આહાહા..! શુદ્ધને એ બધું હોય છે. જેના શુદ્ધ વીતરાગી પરિણામ થયા છે એને એ બધું સંયમ, ચારિત્ર, તપાદિ હોય છે. આહાહા..! આવી તો વીતરાગની વાણીમાં આવ્યું છે. હવે વાણીના અર્થ બીજા કરવા, એ અર્થ તમે બીજા કરો છો. વ્યવહારથી નિશ્ચય થાય એવું આવે તેવો અર્થ નથી કરતા તમે. પણ બાપુ! એ તો વ્યવહારથી નિશ્ચય કહ્યું છે એ તો નિમિત્તનું કથન છે. એ વ્યવહારથી નિશ્ચય થાય નહિ, એ એનું કાર્ય નથી. આહાહા..! સમજાણું કાંઈ? જેમ કર્મના નિમિત્તે વિકાર થયો એ તો નિમિત્તનું કથન છે. નિમિત્તથી થયું નથી. થયું છે પોતાથી. પણ નિમિત્ત હતું એટલે નિમિત્તથી થયું, કર્મજનિત વિકાર થયો એમ કહેવામાં આવે છે. એમ વ્યવહારથી થયું અને વ્યવહારના બળે થયું એમ કહેવામાં આવે શાસ્ત્રમાં. સમજાણું કાંઈ? આહાહા..! 'જયસેનાચાર્ય'માં બહુ આવે એ. આ વ્યવહારના આચરણથી આના બળે આ થયું. એનો અર્થ એ હતું એને છોડીને થયું છે. વ્યવહારના કથન. અભાવ બીજું શું છે? આહાહા..! અરે..! આમાં વાદવિવાદ કરવા જાય તો ક્યાં.. માર્ગ એવો છે, ભાઈ!

હવે જ્ઞાન કોને હોય છે. એ શુદ્ધવાળાને જ્ઞાન હોય છે કહે છે. આહાહા..! શુભવિકલ્પમાં શાસ્ત્રનું ભણતર-ફણતર એ બધું જ્ઞાન નથી એમ કહે છે. આહાહા..! '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાન...**' આહાહા..! સ્વસંવેદન. સ્વ એટલે પોતાનું. વેદન એટલે વીતરાગી સંવેદનજ્ઞાન. '**ઉસકા ફલ કેવલજ્ઞાન...**' એક તો વીતરાગી સ્વસંવેદનજ્ઞાન, એ પણ શુદ્ધને હોય છે એમ કહેવું છે. અને '**ઉસકા ફલ કેવલજ્ઞાન વહ ભી શુદ્ધોપયોગિયોંકે હી હોતા હૈ,...**' બેય. આહાહા..! વીતરાગી સ્વસંવેદન છદ્મસ્થનું જ્ઞાન ચોથે, એ પણ શુદ્ધ ઉપયોગીને હોય છે અથવા શુદ્ધ પરિણમનવાળાને હોય છે. આહાહા..! ગજબ વાત કરે છે

ને. શુભ વિકલ્પથી જેટલું ભણે છે, શાસ્ત્ર વાંચે, બોલે એ બધું જ્ઞાન નથી. આહાહા..!

**'વીતરાગી સ્વસંવેદનજ્ઞાન ઔર ઉસકા ફલ કેવલજ્ઞાન વહ ભી શુદ્ધોપયોગિયોંકે હી હોતા હૈ,...'** **'શુદ્ધોપયોગિયોંકે હી હોતા હૈ,...'** એમ છે અહીં તો. ઓલામાં 'હી' નાખ્યું છે. એકાંત થઈ જતું નથી? ભગવાનના માર્ગમાં હી ન હોય. આમ પણ હોય અને આમ પણ હોય. આહાહા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સમ્યક્તપ, શુદ્ધ ઉપયોગીને જ હોય છે. શુભવાળાને નહિ. આહાહા..! આવો માર્ગ છે બહુ બાપુ આ તો. અંદર ઠરી જવાની વાત છે. સમજાણું? દેખાવ-દેખાવ. બહારમાં દેખાવ કરવા કે અમે આ છીએ, અમે જ્ઞાની છીએ, અમે આ છીએ, બાપુ! એ વસ્તુ જુદી છે. શું આવે છે તમારે હિન્દીમાં આવે છે ને? દેખાવ. આડંબર નહિ, દેખાવ ભાષામાં આવે છે. દેખાવ. દેખાવડામાં ભાષા આવે છે. દેખાવની જ આવે છે. દેખાવ કરવો. દિખાવા કરના. બસ એ ભાષા. દિખાવા કરના. એ આ ભાષા. દિખાવા કરના આવે છે એમાં. ભાષા જ એ આવે છે એમાં. આવે છે ને. દિખાવા કરના એમ ભાષા આવે છે. આપણે એમ કે દેખાવ કરવો. દેખાવ કરવો. એનામાં દિખાવા કરના. આહાહા..! આ તો દિખાવા કરવા વિનાની વાત છે. આહાહા..!

**'વહ ભી શુદ્ધોપયોગિયોંકે હી હોતા હૈ, ઔર કર્મક્ષય અર્થાત્ દ્રવ્યકર્મ, ભાવકર્મ ઔર નોકર્મકા નાશ તથા પરમાત્મસ્વરૂપકી પ્રાપ્તિ વહ ભી શુદ્ધોપયોગિયોંકે હી હોતી હૈ.'** લ્યો. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, માગશર સુદ ૧૦, બુધવાર
## તા. ૦૧-૧૨-૧૯૭૬, ગાથા-૬૭-૬૮, પ્રવચન નં. ૧૪૭

'પરમાત્મપ્રકાશ'. ૬૭ ગાથા. અહીં સુધી આવ્યું છે, જુઓ! જ્ઞાનની વ્યાખ્યા આવી ગઈ છે. છે ને? સમ્યગ્દર્શન અથવા કેવળદર્શન તે શુદ્ધ ઉપયોગીને થાય છે. અને જ્ઞાન **'વીતરાગ સ્વસંવેદનજ્ઞાન ઔર ઉસકા ફલ કેવલજ્ઞાન વહ ભી શુદ્ધોપયોગિયોંકે હી હોતા હૈ,...'** બે વાત. શ્રદ્ધામાં સમ્યગ્દર્શન અને દર્શનમાં કેવળદર્શન, બેય શુદ્ધ ઉપયોગીને હોય છે. શુભ ઉપયોગીને સમ્યગ્દર્શન ન હોય, શુભ ઉપયોગીના ફળ તરીકે કેવળદર્શન ન હોય. એ શુદ્ધ ચૈતન્ય શુદ્ધાત્મ વસ્તુ દ્રવ્ય સ્વભાવ, એને આશ્રયે સમ્યગ્દર્શન થાય એ શુદ્ધ ઉપયોગમાં થાય અને કેવળદર્શન થાય એ પણ શુદ્ધ ઉપયોગથી થાય. અને નીચે વીતરાગ સ્વસંવેદનજ્ઞાન એ પણ શુદ્ધ ઉપયોગમાં થાય. શુદ્ધ ઉપયોગથી વીતરાગ સ્વસંવેદનજ્ઞાન થાય. અને કેવળજ્ઞાન એ શુદ્ધ ઉપયોગથી થાય. બબ્બે વાત લીધી. ત્યાં સુધી આવ્યું હતું આપણે.

**'ઔર કર્મક્ષય અર્થાત્ દ્રવ્યકર્મ, ભાવકર્મ ઔર નોકર્મકા નાશ...'** એમાં ભાવકર્મનો

નાશ આવ્યું. એ '**પરમાત્મસ્વરૂપકી પ્રાપ્તિ...**' ભાવકર્મનો નાશ. દ્રવ્યકર્મ, નોકર્મ તો નિમિત્ત છે. અને '**પરમાત્મસ્વરૂપકી પ્રાપ્તિ વહ ભી શુદ્ધોપયોગિયોંકે હી હોતી હૈ.**' આહાહા..! '**ઈસલિયે શુદ્ધોપયોગ-પરિણામ ઔર ઉન પરિણામોંકા ધારણ કરનેવાલા પુરુષ હી જગતમેં પ્રધાન હૈ.**' ગાથા હતી ને? ગાથા-૬૭. '**सुद्धउ तेण पहाणु**' ચોથું પદ છે. શુદ્ધ તે પ્રધાન પુરુષ જગતમાં છે. આહાહા..! શુભાશુભ પરિણામથી રહિત દ્રવ્યસ્વભાવના પરિણામ જે શુદ્ધ થાય તે પુરુષ અને તે પરિણામ જગતમાં પ્રધાન છે. સમજાણું કાંઈ? આ મોટા વાંધા અત્યારે છે ને કે વ્યવહારથી નિશ્ચય થાય. એકલો નિશ્ચય નિશ્ચયથી થાય તે એકાંત છે. ખબર નથી એને. શુભઉપયોગથી શુદ્ધઉપયોગ થાય જ નહિ. શુદ્ધઉપયોગ તો સ્વભાવને આશ્રયે થાય. અને એ શુદ્ધઉપયોગ દર્શન, કેવળદર્શન, સ્વસંવેદનજ્ઞાન, કેવળજ્ઞાન, ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મનો નાશ અને પરમાત્માની પ્રાપ્તિ એ શુદ્ધોપયોગથી થાય છે. આહાહા..! હવે અત્યારે તો કહે, શુદ્ધ તો છે નહિ, શુભ છે એકલું. માટે એનાથી ધર્મ થશે હળવે હળવે. મોટું મિથ્યાત્વ શલ્ય છે. આહાહા..! શું થાય?

ભગવાન પૂર્ણમિદં શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણ સ્વભાવથી ભરેલું તત્ત્વ જે છે એને આશ્રયે અવલંબીને પરિણામ થાય તે શુદ્ધ થાય. અને એ શુદ્ધ જ પરિણામ તે ધર્મ છે એ પછી લેશે, પણ એ જ સમ્યગ્દર્શન છે, એ જ કેવળદર્શન છે, એ જ વીતરાગી સ્વસંવેદનજ્ઞાન છે અને એ પૂર્ણ કેવળજ્ઞાન છે. અને એ શુદ્ધ પરિણામ ઉપયોગ એ જ ભાવકર્મના નાશનું કારણ છે અને પરમાત્મપદની પ્રાપ્તિનો હેતુ છે. નાશનું નાસ્તિથી કહ્યું, પરમાત્મપદ અસ્તિથી કહ્યું. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ છે.

મુમુક્ષુ :- માર્ગ બે છે. એક નિશ્ચયમાર્ગ અને વ્યવહારમાર્ગ.

ઉત્તર :- એ વ્યવહાર માર્ગ તો આરોપિત કથન છે. વ્યવહાર માર્ગ છે જ નહિ. એ તો નિશ્ચયધર્મના સાથમાં રાગની મંદતા.. એ તો આવ્યું, નહિ? આમાં આવ્યું હતું. શુદ્ધ પરિણામ છે એ ધર્મ છે અને એની સાથે શુભરાગ છે એ વ્યવહારસંયમ કહેવામાં આવે છે. આરોપિત છે એ વાત. એ યથાર્થ નથી. આહાહા..! એ શુભ ઉપયોગ તે બંધનું કારણ છે. એ મોક્ષનું કારણ નથી. આ મોટી તકરાર અત્યારે છે. આહા..!

'**ઈસલિયે શુદ્ધોપયોગપરિણામ ઔર ઉન પરિણામોંકા ધારણ કરનેવાલા પુરુષ હી જગતમેં પ્રધાન હૈ.**' 'પરમાત્મપ્રકાશ'ની ગાથાનો છેલ્લો શબ્દ છે આ. આહાહા..! '**ક્યોંકિ સંયમાદિ સર્વ ગુણ શુદ્ધોપયોગમેં હી પાયે જાતે હૈં.**' સંયમ, તપ વગેરે '**શુદ્ધોપયોગમેં હી પાયે જાતે હૈં.**' શુદ્ધ ઉપયોગ એ તપ છે. આહાહા..! કોઈ વિકલ્પ શુભ ઉપયોગ એ તપ નથી. એ તો બંધનનું કારણ છે. આહાહા..! એ પહેલા આવી ગયું છે. '**શુદ્ધોપયોગમેં હી પાયે જાતે હૈં, ઈસલિયે શુદ્ધોપયોગકે સમાન અન્ય નહીં હૈ,...**' શુદ્ધોપયોગની સરખામણીમાં બીજા પરિણામ નથી. આહાહા..!

શુદ્ધ જે ધ્રુવ એને આશ્રયે, અવલંબે-તેની સન્મુખતામાં જે પરિણામ થાય તે શુદ્ધ

ઉપયોગ અથવા શુદ્ધ પરિણામ (છે). તે જ મુક્તિનું કારણ અને ધર્મ છે. આહાહા..! 'પરમાત્મપ્રકાશ' છે ને? પરમાત્મપ્રકાશ સ્વરૂપ જ આત્મા છે. એની પરમાત્મપણાની પર્યાયમાં પ્રાપ્તિ એ શુદ્ધોપયોગથી થાય છે, એમ કહે છે. 'પરમાત્મપ્રકાશ' છે ને? વસ્તુ પોતે પરમાત્મપ્રકાશસ્વરૂપ જ છે. કેમકે જે પરમાત્મપર્યાય પ્રગટે છે એ પરમાત્મ સ્વરૂપમાંથી પ્રગટે છે. જેવી પરમાત્મદશા થાય છે એ પરમાત્મસ્વરૂપ છે એમાંથી થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઈસલિયે શુદ્ધોપયોગકે સમાન અન્ય નહીં હૈ, ઐસા તાત્પર્ય જાનના.'** તાત્પર્ય એટલે રહસ્ય. આહાહા..! જૈન સિદ્ધાંતનું આ રહસ્ય છે. એ આપણે આવી ગયું આસ્રવમાં, નહિ? **'इदंएव तात्पर्यं शुद्धनयं न हेयं'** જૈન સિદ્ધાંત વીતરાગમાર્ગનું રહસ્ય એ છે કે શુદ્ધ ઉપયોગનું પરિણમન જે શુદ્ધનય, તેને છોડવાલાયક નથી. ત્રિકાળી વસ્તુનું જે પરિણમન શુદ્ધનય તે છોડવાલાયક નથી. એ છે તો ત્રિકાળી શુદ્ધનય, પણ એના પરિણમનને પણ શુદ્ધનય કીધી. પરિણમન જે શુદ્ધ ઉપયોગ છે એ શુદ્ધનય અને એનો વિષય છે તે પણ શુદ્ધનય. આહાહા..! આ વળી શુદ્ધનય શું ને આ બધું?

અરે..! એ જન્મ-મરણના ગોથા ખાય છે અનંતકાળથી. એ દુઃખી છે. નિજ સ્વરૂપના આનંદના ભાન વિના એ દુઃખી છે. એ અબજોપતિ, કરોડોપતિ, રાજા શેઠિયાઓ બધા બિચારા દુઃખી છે. સમજાણું કાંઈ? વરાંકા (છે), એમ કહ્યું છે શાસ્ત્રમાં. ગરીબ છે એ બિચારા, એમ લખ્યું છે. આ પૈસાવાળા અબજોપતિ બધા ગરીબ છે. વરાંકા, ભિખારા. ચૈતન્યની લક્ષ્મીની ખબર નથી અને બહારની ધૂળની લક્ષ્મી અને બહારની આબરૂના ભભકામાં આત્માને ભૂલી ગયો. આહાહા..! અને અંદરમાં શુભ અને અશુભ પરિણામની મહિમામાં નિજ સ્વરૂપની મહિમા ભૂલી ગયો. સમજાણું કાંઈ?

અહીં એ કહે છે, બહુ સરસ ગાથા આવે છે. ૬૭. એ એનું રહસ્ય છે. **'ઐસા હી અન્ય ગ્રંથોમેં હરએક જગહ...'** 'પ્રવચનસાર' ૨૭૪ ગાથા, એનો આધાર આપ્યો છે. છેલ્લું છે ને છેલ્લું? **'ઉસકા ભાવાર્થ...'** 'કુંદકુંદાચાર્ય' મહારાજની ગાથા. **'શુદ્ધોપયોગીકે હી મુનિ-પદ કહા હૈ,...'** દેખો! આહાહા..! સંયમ શબ્દ છે ત્યાં. **'શુદ્ધોપયોગીકે હી મુનિ-પદ કહા હૈ,...'** સંયમ શબ્દ છે. ગાથા ૨૭૪ છે. આહાહા..! લ્યો! આ તો શુભ ઉપયોગની ક્રિયાને જ મુનિપદ ઠરાવવા માગે છે અથવા એનાથી મળશે એમ ઠરાવવા માગે છે. આહાહા..! બહુ આકરું, બાપુ!

મુમુક્ષુ :- શુદ્ધ થાય તો શુભથી ને?

ઉત્તર :- બિલકુલ નહિ. શુભની રુચિ છોડે તો શુદ્ધ થાય. આવી વાત છે. ભાષા એમ આવે એટલે બધા બિચારા મુંઝાણા છે ને? વ્યવહારનયે ભિન્ન સાધ્ય સાધન એવા શબ્દ શાસ્ત્રમાં આવે. એ તો ઉપચારથી સાધન વ્યવહારને કહ્યું છે. સ્વરૂપનું સાધન તો એક જ છે, રાગથી ભિન્ન પડીને એકાગ્ર થવું. એ એક જ સાધન છે. ..

મુમુક્ષુ :- સાધનનો ઉપચાર કરે છે.

ઉત્તર :- વ્યવહારને ઉપચાર કર્યું છે. ઉપચાર કહ્યું. છે નહિ એને કહ્યું છે. વ્યવહારનયથી. આહાહા..! એવી વાત છે. અત્યારે ઝઘડે ચડી ગઈ છે વાત. આહાહા..!

'પ્રવચનસાર'માં કહ્યું છે કે '**શુદ્ધોપયોગીકે હી મુનિ-પદ કહા હૈ,...**' આહાહા..! શુભ ઉપયોગીને શ્રાવક સાધુ તો કહ્યા છે. 'પ્રવચનસાર'માં નથી કહ્યું? આ પહેલા કહ્યું અને છેલ્લે કહ્યું. પણ એ તો શુદ્ધનું પરિણમન જેને છે, ધર્મ પરિણિત એવો શબ્દ છે. ધર્મ પરિણિત છે અને એ શુદ્ધ ઉપયોગમાં હોય તો નિરાસ્રવી છે અને ધર્મ પરિણિત છે અને શુભરાગ છે તો સાસ્રવી છે. પણ છે તો ધર્મ પરિણિતની વાત. એકલો શુભ ઉપયોગી સાધુ છે એમ નથી ત્યાં. સમજાણું કાંઈ?

હમણાં 'કૈલાસચંદજી'એ સારું નાખ્યું છે. ત્રણ પત્રો આવ્યા છે ને. ત્રણેયમાં ઠીક નાખ્યું. ભલે પછી શું .. અત્યારે ઠીક છે ત્રણેય. એમ કે 'સોનગઢ'વાળા નિમિત્તનો નિષેધ નથી કરતા. નિમિત્ત છે પણ નિમિત્તથી કર્તા માનતા નથી. વાત એમ છે. અને નિયતવાદ એટલે સર્વજ્ઞતા છે. આમાં આવ્યું છે ને? ક્રમબદ્ધ છે. આહાહા..! એ વાત હમણા જ આ ફેરી એણે મૂકી. અહીં તો.. ક્રમબદ્ધમાં ક્રમબદ્ધની,.. શાસ્ત્રનું તાત્પર્ય ક્રમબદ્ધમાં વીતરાગતા છે. ક્રમબદ્ધનું તાત્પર્ય વીતરાગતા (છે) તો ક્રમબદ્ધનો નિર્ણય કરનાર દ્રવ્યસ્વભાવ ઉપર જશે ત્યારે એને વીતરાગતા થશે, ત્યારે તેને ક્રમબદ્ધમાં અકર્તાપણું પ્રગટ થશે. આહાહા..! આવું કેટલું? શરતું ઘણી. અને સાધારણ માણસ બિચારા રખડતા દુઃખી... દુઃખી... દુઃખી... આહાહા..!

કહે છે, '**શુદ્ધોપયોગીકે હી મુનિ-પદ કહા હૈ, ઔર ઉસીકે દર્શન જ્ઞાન કહે હૈં.**' 'કુંદકુંદાચાર્ય'. શુદ્ધ ઉપયોગી અને શુદ્ધસ સંયમ. આવે છે ને ૨૭૪ ગાથા? એ ગાથા મૂકી છે. આહાહા..! લખ્યું છે આમાં. 'પ્રવચનસાર' ત્રીજો ભાગ ૨૭૪. આહાહા..! શુદ્ધ ઉપયોગીને દર્શન અને જ્ઞાન છે. આહાહા..! શુદ્ધ ઉપયોગીને '**નિર્વાણ હૈ, ઔર વહી શુદ્ધ અર્થાત્ રાગાદિ રહિત હૈ. ઉસીકો હમારા નમસ્કાર હૈ.**' 'કુંદકુંદાચાર્ય' નમસ્કાર કરે છે. આહાહા..!

---

**अथ निश्चयेन स्वकीयशुद्धभाव एव धर्म इति कथयति –**

**१९५) भाव विसुद्धउ अप्पणउ धम्मु भणेविणु लेहु।**
**चउ-गइ-दुक्खहँ जा धरइ जीउ पडंतउ एहु।।६८।।**

**भावो विशुद्धः आत्मीयः धर्मं भणित्वा गृह्णीथाः।**
**चतुर्गतिदुःखेभ्यः यो धरति जीवं पतन्तमिमम्।।६८।।**

**भाव इत्यादि। भाउ भावः परिणामः। कथंभूतः विसुद्धउ विशेषेण शुद्धो मिथ्यात्वरागादिरहितः अप्पणउ आत्मीयः धम्मु भणेविणु लेहु धर्मं भणित्वा मत्वा प्रगृह्णीथाः।**

यो धर्मः किं करोति। चउ-गइ-दुक्खहं जा धरइ चतुर्गतिदुःखेभ्यः सकाशात् उद्धृत्य यः कर्ता धरति। कं धरति। जीउ पडंतउ एहु जीवमिमं प्रत्यक्षीभूतं संसारे पतन्तमिति। तद्यथा। धर्मशब्दस्य व्युत्पत्तिः क्रियते। संसारे पतन्तं प्राणिनमुद्धृत्य नरेन्द्र नागेन्द्रदेवेन्द्रवन्द्ये मोक्षपदे धरतीति धर्मं इति धर्मशब्देनात्र निश्चयेन जीवस्य शुद्धपरिणाम एव ग्राह्यः। तस्य तु मध्ये वीतरागसर्वज्ञप्रणीतनयविभागेन सर्वे धर्मा अन्तर्भूता लभ्यन्ते। तथा अहिंसालक्षणो धर्मः, सोऽपि जीवशुद्धभावं विना न संभवति। सागारानगारलक्षणो धर्मः सोऽपि तथैव उत्तमक्षमादिदशविधो धर्मः सोऽपि जीवशुद्धभावमपेक्षते। 'सद्दृष्टिज्ञानवृत्तानि धर्मं धर्मेश्वरा विदुः' इत्युक्तं यद्धर्मलक्षणं तदपि तथैव। रागद्वेषमोहरहितः परिणामो धर्मः सोऽपि जीवशुद्धस्वभाव एव। वस्तुस्वभावो धर्मः। सोऽपि तथैव। तथा चोक्तम् – 'धम्मो वत्थुसहावो' इत्यादि। एवंगुणविशिष्टो धर्मश्चतुर्गतिदुःखेषु पतन्तं जीवं धरतीति धर्मः। अत्राह शिष्यः। पूर्वसूत्रे भणितं शुद्धोपयोगमध्ये संयमादयः सर्वे गुणा लभ्यन्ते। अत्र तु भणितमात्मनः शुद्धपरिणाम एव धर्मः, तत्र सर्वे धर्माश्च लभ्यन्ते। को विशेषः। परिहारमाह। तत्र शुद्धोपयोगसंज्ञा मुख्या, अत्र तु धर्मसंज्ञा मुख्या एतावान् विशेषः। तात्पर्यं तदेव। तेन कारणेन सर्वप्रकारेण शुद्धपरिणाम एव कर्तव्य इति भावार्थः।।६८।।

---

आगे यह कहते हैं कि निश्चयसे अपना शुद्ध भाव ही धर्म है –

गाथा – ६८

अन्वयार्थ :– [ विशुद्धः भावः ] मिथ्यात्व रागादिसे रहित शुद्ध परिणाम है, वही [ आत्मीयः ] अपना है, और अशुद्ध परिणाम अपने नहीं हैं, सो शुद्ध भावको ही [ धर्मं भणित्वा ] धर्म समझकर [ गृह्णीथाः ] अंगीकार करो। [ यः ] जो आत्मधर्म [ चतुर्गतिदुःखेभ्यः ] चारों गतियोंके दुःखोंसे [ पतंतम् ] संसारमें पड़े हुए [ इमम् जीवं ] इस जीवको निकालकर [ धरति ] आनंद-स्थानमें रखता है।

भावार्थ :– धर्म शब्दका शब्दार्थ ऐसा है, कि संसारमें पड़ते हुए प्राणियोंको निकालकर मोक्ष-पदमें रखे, वह धर्म है, वह मोक्ष-पद देवेन्द्र, नागेन्द्र, नरेन्द्रोंकर वंदने योग्य है। जो आत्माका निज स्वभाव है वही धर्म है, उसीमें जिनभाषित सब धर्म पाये जाते हैं। जो दयास्वरूप धर्म है, वह भी जीवके शुद्ध भावोंके बिना नहीं होता, यति श्रावकका धर्म भी शुद्ध भावोंके बिना नहीं होता, उत्तम क्षमादि दशलक्षणधर्म भी शुद्ध भाव बिना नहीं हो सकता, और रत्नत्रयधर्म भी शुद्ध भावोंके बिना नहीं हो सकता। ऐसा ही कथन जगह जगह ग्रंथोंमें है, 'सद्दृष्टि' इत्यादि श्लोकसे-उसका अर्थ यह है, कि धर्मके ईश्वर भगवान्ने सम्यग्दर्शन, ज्ञान, चारित्र इन तीनोंको धर्म कहा है। जिस धर्मके ये ऊपर कहे गये लक्षण हैं, वह राग, द्वेष, मोह

रहित परिणाम–धर्म है, वह जीवका स्वभाव ही है, क्योंकि वस्तुका स्वभाव ही धर्म है। ऐसा दूसरी जगह भी 'धम्मो' इत्यादि गाथासे कहा है, कि जो आत्म–वस्तुका स्वभाव है, वह धर्म है, उत्तम क्षमादि भावरूप दस प्रकारका धर्म है, रत्नत्रय धर्म है, और जीवोंकी रक्षा यह धर्म है। यह जिनभाषित धर्म चतुर्गतिके दुःखोंमें पड़ते हुए जीवोंको उद्धारता है। यहाँ शिष्यने प्रश्न किया, कि जो पहले दोहेमें तो तुमने शुद्धोपयोगमें संयमादि सब गुण कहे, और यहाँ आत्माका शुद्ध परिणाम ही धर्म कहा है, उसमें धर्म पाये जाते हैं, तो पहले दोहेमें और इसमें क्या भेद है? उसका समाधान – पहले दोहेमें तो शुद्धोपयोग मुख्य कहा था, और इस दोहेमें धर्म मुख्य कहा है। शुद्धोपयोगका ही नाम धर्म है, तथा धर्मका नाम ही शुद्धोपयोग है। शब्दका भेद है, अर्थका भेद नहीं है। दोनोंका तात्पर्य एक है। इसलिए सब तरह शुद्ध परिणाम ही कर्तव्य है, वही धर्म है।।६८।।

---

હવે, નિશ્ચયનયથી પોતાનો શુદ્ધ ભાવ જ ધર્મ છે, એમ કહે છે :

ભાવાર્થ :- 'ધર્મ' શબ્દની વ્યુત્પત્તિ કરવામાં આવે છે કે 'સંસારમાં પડતા પ્રાણીઓને બચાવીને જે નરેન્દ્ર, નાગેન્દ્ર અને દેવેન્દ્રથી વંદ્ય મોક્ષપદમાં ધારી રાખે છે તે ધર્મ છે. 'ધર્મ' શબ્દથી અહીં નિશ્ચયથી જીવના શુદ્ધ પરિણામ જ સમજવા અને તેમાં (તે શુદ્ધ પરિણામમાં જ) વીતરાગસર્વજ્ઞપ્રણીત નયવિભાગથી સર્વ ધર્મો અન્તર્ભૂત થાય છે. જેમ કે અહિંસાસ્વરૂપ ધર્મ, તે પણ જીવના શુદ્ધ ભાવ વિના હોતા નથી. યતિશ્રાવકનો ધર્મ, સાગાર અણગાર ધર્મ, તે પણ તેમ જ ઉત્તમક્ષમાદિ દશપ્રકારનો ધર્મ તે પણ જીવના શુદ્ધ ભાવની અપેક્ષા રાખે છે.

'सदृष्टिज्ञानवृत्तानि धर्मं धर्मेश्वरा विदुः'

(રત્નકરંડ શ્રાવકાચાર ગાથા ૩) અર્થ : જિનેન્દ્રદેવ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રને ધર્મ કહે છે એ રીતે જે ધર્મનું સ્વરૂપ કહેવામાં આવ્યું તે પણ તે પ્રમાણે (જીવનો શુદ્ધ ભાવ) રાગદ્વેષમોહરહિત પરિણામ ધર્મ છે તે પણ જીવનો શુદ્ધ સ્વભાવ જ છે. વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે તે પણ તે પ્રમાણે (જીવનો શુદ્ધ ભાવ) છે. કહ્યું પણ છે.

'धम्मो वत्थुसहावा' ઈત્યાદિ (કાર્તિકિયાનુપ્રેક્ષા ૪૭૬) વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે વગેરે આવા ગુણોથી વિશિષ્ટ એવો જે ધર્મ ચારગતિના દુઃખોમાં પડતા જીવોને ધારી રાખે છે, તે ધર્મ છે.

અહીં, શિષ્ય પ્રશ્ન કરે છે કે આપે પૂર્વસૂત્રમાં એમ કહ્યું કે શુદ્ધોપયોગની અંદર સંયમાદિ બધા ગુણો આવી જાય છે અને અહીં આપે એમ કહ્યું કે આત્માનો શુદ્ધ પરિણામ જ ધર્મ છે અને તેમાં સર્વ ધર્મો આવી જાય છે તો બન્નેમાં શી વિશેષતા છે?

તેનું સમાધાન કહે છે : ત્યાં શુદ્ધોપયોગસંજ્ઞા મુખ્ય છે અને અહીં ધર્મસંજ્ઞા મુખ્ય છે,

**એટલી જ વિશેષતા છે. બન્નેનું તાત્પર્ય તે જ છે (બન્નેનું તાત્પર્ય એક સરખું જ છે) તેથી સર્વ પ્રકારે શુદ્ધ પરિણામ જ કર્તવ્ય છે. એવો ભાવાર્થ છે. ૬૮.**

## ગાથા-૬૮ ઉપર પ્રવચન

'**આગે યહ કહતે હૈં કિ નિશ્ચયસે અપના શુદ્ધભાવ હી ધર્મ હૈ–**' ત્યાં શુદ્ધ ઉપયોગીને કહ્યું હતું, અહીં હવે ધર્મની મુખ્યતાથી કહે છે. '**નિશ્ચયસે અપના શુદ્ધભાવ હી ધર્મ હૈ–**' શુદ્ધ સ્વભાવ જે ત્રિકાળ, એના અવલંબે ઉત્પન્ન થયેલો શુદ્ધભાવ, અહીં પરિણામ લીધા, ત્યાં ઉપયોગ લીધો હતો, એ શુદ્ધ પરિણામ એટલે ઉપયોગ કદાચ ન અંદર હોય પણ શુદ્ધ પરિણામ હોય. ઉપયોગમાં તો અંદર જામી ગયેલો હોય. પણ ઉપયોગ ન હોય પણ શુદ્ધ પરિણામ હોય એ ધર્મ છે. છે? '**શુદ્ધભાવ હી ધર્મ હૈ–**' આહા..! શુદ્ધભાવ જ ધર્મ છે. છે ને? સંસ્કૃતમાં છે. '**एव**' '**निश्चयेन स्वकीयशुद्धभाव एव**' માથે '**एव**' પડ્યો છે. નિશ્ચય. '**धर्म इति कथयति**' કથંચિત શુદ્ધભાવ ધર્મ, કથંચિત શુભભાવ ધર્મ એમ લ્યો ને. આ તો '**एव**' કહ્યો છે. શુદ્ધભાવ જ ધર્મ છે. શુભભાવ ધર્મ નહિ. પણ જ્યારે આરોપથી કથન કરે ત્યારે તેને વ્યવહારધર્મ કહેવાય. નિમિત્તનું જ્ઞાન કરાવવા ઉપચારને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- એને તો ભોગરૂપ ધર્મ કહ્યો.

ઉત્તર :- ભોગ જ છે ને. એનું ફળ ભોગ છે ને. એને વર્તમાન પણ દુઃખનો ભોગ છે. શુભભાવ દુઃખનો અનુભવ છે. શુભભાવ એ દુઃખનો અનુભવ છે અને શુદ્ધભાવ એ આનંદનો અનુભવ છે. વર્તમાનમાં જ ફેર છે. અને શુભભાવથી બાહ્યની સામગ્રીની ધૂળ આદિ મળે. આહાહા..!

મુમુક્ષુ :- એ પણ ધર્મ તો ખરો ને.

ઉત્તર :- ધૂળેય ધર્મ નથી. ધૂળનો ધર્મ, ધૂળનો છે અજીવ. અજીવનો સ્વભાવ અજીવ છે. આહાહા..! ૬૮.

**१९५) भाव विसुद्धउ अप्पणउ धम्मु भणेविणु लेहु।**
**चउ-गइ-दुक्खहँ जा धरइ जीउ पडंतउ एहु।।६८।।**

આહાહા..! ૬૮ ગાથા બહુ ઊંચી. આધાર આપશે ઘણાના.

**અન્વયાર્થ :-** '**મિથ્યાત્વ રાગાદિસે રહિત શુદ્ધ પરિણામ હૈ,...**' ઓલામાં શુદ્ધ ઉપયોગથી વાત કરી હતી, અહીં શુદ્ધ પરિણામથી વાત કરે છે. '**મિથ્યાત્વ...**' એટલે ભ્રાંતિ. પુણ્યસ્વભાવમાં ધર્મ છે, શુભ ઉપયોગથી ધર્મ થાય એ બધો મિથ્યાત્વભાવ. અને '**રાગાદિસે રહિત શુદ્ધ પરિણામ હૈ, વહી અપના હૈ,...**' આહાહા..! છે? '**विशुद्धः भावः आत्मीयः**'

શુદ્ધ પરિણામ એ આત્માના છે. આહાહા..! '**ઔર અશુદ્ધ પરિણામ અપને નહીં હૈં,...**' શુભભાવ એવો અશુદ્ધ પરિણામ એ જીવના નથી. આહાહા..! સમજાણું કાંઈ? વિશુદ્ધ-શુદ્ધ પરિણામ જ પોતાના છે. પોતાનું સ્વરૂપ છે એ. અશુદ્ધ પરિણામ પોતાના નથી. અશુદ્ધમાં બેય શુભ અને અશુભ (આવી ગયા). એ આત્માનો ભાવ નથી, આત્મસ્વભાવ નથી. આહાહા..!

'**સો શુદ્ધ ભાવકો હી ધર્મ સમજકર અંગીકાર કરો.**' આહાહા..! આ તો પરમસત્ય ધર્મ છે એની વાત છે, બાપુ! આહાહા..! '**જો આત્મધર્મ...**' '**ધર્મ સમજકર અંગીકાર કરો. જો આત્મધર્મ...**' એ શુદ્ધ પરિણામ પોતાના છે અને એ આત્મધર્મ છે. '**ચારોં ગતિયોંકે દુઃખોંસે સંસારમેં પડે હુએ...**' આહાહા..! ચારેય ગતિના દુઃખ છે અહીં તો કીધું. નરકમાં, મનુષ્યપણામાં, રાજમાં, શેઠિયામાં, તિર્યંચમાં, દેવમાં એ દુઃખી છે બિચારા. આહાહા..! દેવ પણ ભોગની ઈચ્છાવાળા એવી ઈચ્છા એ દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ? જેને હજારો વર્ષે કંઠમાંથી અમૃત ઝરે. આહાહા..! કેટલે પખવાડિયે તો જેનો શ્વાસ ઊંચો-નીચો થાય. આહાહા..! શ્વાસ આમ થાય. પુણ્યનો ઉદય છે ને. પણ દુઃખી છે, કહે છે. આહાહા..! ચાર ગતિ કીધી. '**चतुर्गतिदुःखेभ्यः**' ચારેય ગતિમાં દુઃખ છે. આહાહા..!

'**ચારોં ગતિયોંકે દુઃખોંસે સંસારમેં પડે હુએ...**' રખડતા અજ્ઞાનમાં દુઃખી પ્રાણીને '**ઈસ જીવકો નિકાલકર આનંદ-સ્થાનમેં રખતા હૈ.**' આહાહા..! શુદ્ધ પરિણામ, સંસારમાં રખડતા પરિણામથી ભિન્ન કરી આનંદ સ્થાનમાં રાખે છે. શુદ્ધ પરિણામ એ આનંદસ્થાનમાં હોય છે. આહાહા..! શુભ પરિણામ એ દુઃખના સ્થાનમાં હોય છે. સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ દુઃખના સ્થાન છે અને શુદ્ધ તે આનંદનું સ્થાન છે. આહાહા..! મોટી ગડબડ ચાલી અત્યારે તો.

**ભાવાર્થ :-** '**ધર્મ શબ્દકા શબ્દાર્થ ઐસા હૈ, કિ સંસારમેં પડતે હુએ પ્રાણિયોંકો...**' ધારે. ધર્મ ધારતિ ઈતિ ધર્મ. સંસારમાં રખડવાના પરિણામથી ધારી રાખે, અદ્ધર કરે એનું નામ ધર્મ. '**પ્રાણિયોંકો નિકાલકર મોક્ષ-પદમેં રખે, વહ ધર્મ હૈ, વહ મોક્ષ-પદ દેવેન્દ્ર, નાગેન્દ્ર, નરેન્દ્રોંકર વંદને યોગ્ય હૈ.**' આહાહા..! દેવેન્દ્ર જે સ્વર્ગના જીવ, નાગેન્દ્ર એ પણ ભવનપતિના જીવ, નરેન્દ્રો-મનુષ્યના ચક્રવર્તી આદિ. એનાથી પણ મોક્ષપદ વંદવા યોગ્ય છે. આહાહા..!

'**જો આત્માકા નિજ સ્વભાવ હૈ વહી ધર્મ હૈ,...**' લ્યો! '**वत्थुसहावो धम्मो**' વસ્તુ આનંદ, જ્ઞાનસ્વરૂપ છે, એના જ્ઞાન અને આનંદના પરિણામ થવા એનું નામ ધર્મ છે. અરે..! ભારે ... '**ઉસીમેં જિનભાષિત...**' શું કહે છે? આત્માનો નિજસ્વભાવ એ ધર્મ છે. નિજસ્વભાવ ત્રિકાળ છે અને એને આશ્રયે થયેલા પરિણામ એ નિજસ્વભાવ છે. '**ઉસીમેં જિનભાષિત સબ ધર્મ પાયે જાતે હૈં.**' વીતરાગી પરિણામમાં, શુદ્ધ પરિણામમાં, શુદ્ધ ઉપયોગમાં સર્વ ધર્મ તેમાં હોય છે. જૈનના જેટલા ધર્મ કહ્યા-ચાર. ચાર કહેશે.

**'જિનભાષિત સબ ધર્મ પાયે જાતે હૈં. જો દયાસ્વરૂપ (અહિંસા સ્વરૂપ) ધર્મ હૈં,...'** દયા શબ્દ વાપર્યો છે. પાઠમાં અહિંસા છે. બીજી લીટી સંસ્કૃત. '**अहिंसालक्षणो धर्मः**' સંસ્કૃતમાં અહિંસા છે. અહિંસા એ શુદ્ધ ઉપયોગમાં હોય છે.

**'દયાસ્વરૂપ (અહિંસા સ્વરૂપ) ધર્મ હૈ, વહ ભી જીવકે શુદ્ધ ભાવોંકે બિના નહીં હોતા,...'** આહાહા..! અહિંસા એ વીતરાગ પરિણામ છે. અહિંસા. એ શુદ્ધભાવ વિના અહિંસા હોતી નથી. આહાહા..! રાગભાવ તો હિંસા છે. આહાહા..! ગજબ વાતું આકરી. પરની દયા પાળી શકે નહિ પણ પરની દયાનો ભાવ તે રાગ છે અને રાગ તે હિંસા છે. શુદ્ધ ઉપયોગ તે અહિંસા છે. આહાહા..! હવે હિંસાથી અહિંસા પ્રગટ થાય? શુભ આચરણ કરતા કરતા ચરણાનુયોગને આશ્રયે આચરણ કરીએ, એનાથી નિશ્ચય થશે. આહાહા..! ઝેર પીતા પીતા અમૃતનો ઓડકાર આવશે એવું છે એ. બહુ આકરું કામ થઈ ગયું છે. છે?

**'અહિંસાસ્વરૂપ ધર્મ હૈ, વહ ભી જીવકે શુદ્ધ ભાવોંકે બિના નહીં હોતા,...'** આહાહા..! શુદ્ધાત્મ દ્રવ્યના અવલંબે થતાં શુદ્ધ પરિણામ એ વિના અહિંસા હોઈ શકે નહિ. લ્યો! આહાહા..! આ તો લોકો એમ માને કે પરની દયા તે અહિંસા. એ વીતરાગનો ધર્મ એમ કહે છે. બાપુ! આત્મા વીતરાગસ્વરૂપ છે. આત્માનો સ્વભાવ એ વીતરાગસ્વરૂપ છે. અને એ વીતરાગસ્વરૂપને આશ્રયે પરિણામ થાય તે વીતરાગસ્વરૂપ થાય. પરને લક્ષે આશ્રયે થાય એ તો રાગસ્વરૂપ થાય. આહાહા..! દયા, સત્ય આદિ બોલવાનો ભાવ એ તો રાગ છે. આહાહા..!

**'યતિ શ્રાવકકા ધર્મ ભી શુદ્ધ ભાવોંકે બિના નહીં હોતા,...'** લ્યો! એ સાધુઓ અને શ્રાવકનો ધર્મ, શ્રાવકનો ધર્મ અહિંસા શુદ્ધભાવ વિના ન હોય એમ કહે છે. સાધુ અને શ્રાવકનો ધર્મ, લ્યો! 'પ્રવચનસાર'માં આવ્યું છે એ. વ્યવહાર ધર્મથી એનો-શ્રાવકનો ઉદ્ધાર થાય. લ્યો! એ તો વ્યવહારના કથન છે. બહુ પાપ હોય છે એથી એ જરી શુભભાવમાં આવે તો જરી..

મુમુક્ષુ :- પરંપરા મોક્ષ થાય.

ઉત્તર :- એ પછી પરંપરા મોક્ષ થાય એમ કહે એને. આહાહા..! આકરી વાતું બહુ.

ચરણાનુયોગની શૈલી વ્યવહારપ્રધાન હોય છે. દ્રવ્યાનુયોગની શૈલી નિશ્ચયપ્રધાન હોય છે. ચારેય અનુયોગો છે. પણ ચારેય અનુયોગનું તાત્પર્ય શું? વીતરાગતા. 'પંચાસ્તિકાય' ૧૭૨ ગાથા. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ચારેય અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. આહાહા..! વીતરાગતા ન આવે તો એણે ચારેય અનુયોગ જાણ્યા નથી. આહાહા..! અહીં શુદ્ધ ઉપયોગ એ તાત્પર્ય છે એમ કહે છે. ચારેય અનુયોગનું રહસ્ય વીતરાગતા એટલે શુદ્ધ ઉપયોગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઉત્તમ ક્ષમાદિ દશલક્ષણધર્મ ભી શુદ્ધ ભાવ બિના નહીં હો સકતા,..'** ઉત્તમ ક્ષમાદિ શુદ્ધભાવ વિના ન હોય. આહાહા..! ચાર બોલ આવે છે ને બધે? આ એ વાત છે.

'રામસેન' (દ્વારા રચિત) 'તત્ત્વાનુશાન' ગાથા-૫૧. ગાથા ૫૧ છે. 'તત્ત્વાનુશાસન'ની ગાથા-૫૧મી છે આ. **'રત્નત્રયધર્મ ભી શુદ્ધ ભાવોંકે બિના નહીં હો સકતા.'** આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ શુદ્ધભાવ વિના હોય નહિ. આહાહા..! સમ્યગ્દર્શન શુભભાવથી પ્રાપ્ત થાય એમ નહિ. શુદ્ધભાવથી પ્રાપ્ત થાય એમ કહે છે. આહાહા..! વીતરાગમાર્ગ તો વીતરાગસ્વરૂપી પ્રભુ, એને આશ્રયે વીતરાગતા પ્રગટ થાય તે ધર્મ છે. દશલક્ષણ પણ એ છે. આહાહા..!

**'રત્નત્રય ધર્મ ભી શુદ્ધ ભાવોંકે બિના નહીં હો સકતા.'** આહાહા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર શુદ્ધભાવ વિના હોતા નથી. આહાહા..! હવે અહીં કહે છે કે શુદ્ધભાવ અત્યારે હોય નહિ એટલે શુભ જ હોય છે. આહાહા..! પ્રભુ! પ્રભુ! ભગવાન! તેં શું કર્યું? બાપુ! દુનિયામાં રાજી થાશે લોકો, વ્યવહારને માનનારા લોકો રાજી થાશે. બાપુ! એમાં નુકસાન છે. એની ખબર નથી તને, ભાઈ! આહાહા..! લાખો માણસો સ્વીકારે. ઓહોહો..! આ વ્યવહાર એ ધર્મ છે, વ્યવહાર એ ધર્મ છે. વ્યવહારનો લોપ કરે છે. અહીં કહે છે કે વ્યવહાર એ અધર્મ છે. આવી વાત છે.

**'ઐસા હી કથન જગહ જગહ ગ્રંથોમેં હૈ,...'** **'સદૃષ્ટિ'** છે ને? એ 'રત્નકરંડ શ્રાવકાચાર'ની ત્રીજી ગાથા છે. પહેલી જે દયા આવીને અહિંસા લક્ષણ એ 'રામસેન' 'તત્ત્વાનુશાન' ૫૧ ગાથા છે. આ **'સદૃષ્ટિજ્ઞાનવૃત્તાનિ ધર્મં'** એ 'રત્નકરંડ શ્રાવકાચાર'ની ગાથા ૩ છે. આ એ આવે છે.

**'ધર્મ કે ઈશ્વર ભગવાનને..'** ધર્મના ઈશ્વર વીતરાગ ભગવાને.. આહાહા..! **'સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ઈન તીનોંકો ધર્મ કહા હૈ.'** ત્રણલોકના નાથ ઈશ્વર પરમાત્મા સર્વજ્ઞ વીતરાગ. ધર્મના ઈશ્વર એમ કહ્યું, જોયું ને? આહાહા..! **'સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ઈન તીનોંકો ધર્મ કહા હૈ. જિસ ધર્મ કે યે ઊપર કહે ગયે લક્ષણ હૈં, વહ રાગ, દ્વેષ, મોહ રહિત પરિણામ-ધર્મ હૈ,...'** લ્યો! રાગ, શુભરાગના પરિણામ રહિત તે ધર્મ છે. આ ગાથા ૬૮મી. એકલું બધું માખણ મૂક્યું છે. સાર છે સાર. આહાહા..!

વસ્તુ શુદ્ધ પૂર્ણ ઈદં પરમાત્મસ્વરૂપ છે. દ્રવ્યસ્વભાવ તેના સન્મુખના, તેના આશ્રયના પરિણામ થવા તે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તે જ ધર્મ છે. રાગ-દ્વેષ-મોહ રહિત પરિણામ એ ધર્મ છે. આહાહા..! વ્યવહાર તો રાગ છે. રાગ એ ધર્મ છે? અને રાગથી નિશ્ચય થશે. વ્યવહાર કરતા નિશ્ચય થશે. રાગ કરતા અરાગી થશે, હિંસા કરતા અહિંસા થશે (એમ લોકો માને છે). આહાહા..! બહુ આકરું કામ છે.

**નવહ જીવકા સ્વભાવ હી હૈ,...'** રાગ, દ્વેષ, મોહરહિત પરિણામ ધર્મ એ તો જીવનો સ્વભાવ છે. ત્રિકાળી સ્વભાવ છે પણ વર્તમાન પરિણામ થયા એ જીવનો સ્વભાવ છે. આહાહા..! **'ક્યોંકિ વસ્તુકા સ્વભાવ હી ધર્મ હૈ.'** લ્યો! 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' ૪૭૬ ગાથા છે. 'સ્વામી કાર્તિકેય'ની ગાથા છે એ. ત્રણના તો આધાર આપ્યા. 'તત્ત્વાનુશાસન',

'રત્નકરંડ શ્રાવકાચાર' અને આ 'કાર્તિકસ્વામી'નો. આહાહા..! ટીકાકાર કેટલી પુષ્ટિ કરે છે!

**'વસ્તુ કા સ્વભાવ હી ધર્મ હૈ. ઐસા દૂસરી જગહ ભી...' 'धम्मो' 'ઈત્યાદિ ગાથાસે કહા હૈ, કિ જો આત્મ-વસ્તુકા સ્વભાવ હૈ, વહ ધર્મ હૈ,...'** જોયું! **'वत्थुसहावो धम्मो'** વસ્તુનો સ્વભાવ એ વીતરાગ છે અને એના વીતરાગ પરિણામ થાય તે ધર્મ છે. આહાહા..! પણ એ બધું નિશ્ચય ખરું પણ એનું કોઈ સાધન? એમ માણસ કહે છે. એ સાધન સ્વભાવમાં અંદરમાં જાવું એ સાધન. અથવા રાગથી ભિન્ન પાડી પ્રજ્ઞાછીણી એ સાધન. પ્રજ્ઞાછીણી કહો કે અનુભવ કહો. આહાહા..! દુનિયા માનો, ન માનો. એની સાથે સત્યને કોઈ સંબંધ નથી. સત્યને સંખ્યાની જરૂર નથી. આહાહા..! ખળભળાટ થઈ ગયો છે હવે તો બધો. આ 'ફલટન'માં ખૂબ ખળભળાટ કરવાના છે. ત્યાં બધા સાધુના અભિપ્રાય લીધા છે. તમારી વાત સાચી છે. એને એકાંત છે. 'ધર્મસાગરે' એમ કીધું. એકાંત છે. 'દેશભુષણ' એણે એમ કીધું. શાસનદેવ ને એ બધા પૂજ્ય છે. અરે..! ભગવાન! ત્રણલોકના નાથ વીતરાગી પૂજ્ય છે એ પણ શુભભાવ છે. તો વળી આ શાસનદેવ-ફેવ મોટા એકાવતારી ઈન્દ્ર છે એના દાસના દાસ છે બધા વ્યંતરદેવો એ તો.

મુમુક્ષુ :- શાસનદેવ તો રક્ષક છે ને?

ઉત્તર :- શાસનદેવ કોનો રક્ષક છે? પોતાની વીતરાગદશાનો રક્ષક તો આત્મા છે. જૈનશાસન ક્યુ? કે જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે શુદ્ધઉપયોગ તે જૈનશાસન. એ શુદ્ધોપયોગ એ જૈનશાસન. શુદ્ધઉપયોગ જેણે કર્યો એ એનો રક્ષક છે. એણે કર્યો છે? આહાહા..! બહુ ફેરફાર, ઘણો ફેરફાર. આહાહા..!

આત્માને અબદ્ધસ્પૃષ્ટ એટલે શુદ્ધ ચૈતન્યઘન, જે શુદ્ધ ઉપયોગે જાણે, માને, અનુભવે એ જૈનશાસન. તો જૈનશાસન તો શુદ્ધ ઉપયોગ થયો. તો શુદ્ધ ઉપયોગનો કરનારો જૈનશાસન છે? કે એનો નથી કરનારો એ જૈનશાસનની રક્ષા કરે છે? આહાહા..! પરની દયા પાળી શકતો નથી એ જૈનશાસનની રક્ષા કરે! પરની દયા પાળી શકતો નથી. પરનું આયુષ્ય હોય ત્યાં સુધી બચશે. તું એને બચાવી શકે? આયુષ્ય દે છે એને કાંઈ? તો પરની દયા પણ પાળી શકે નહિ, પરને મારી શકે નહિ, પરને સુખી, દુઃખીના સાધન આપી શકે નહિ.. આહાહા..!

મુમુક્ષુ :- મોત આવ્યું હોય એને બચાવી શકે છે.

ઉત્તર :- કોઈ ધૂળેય બદલાવી શકે નહિ.

મુમુક્ષુ :- એ તો બધા નિશ્ચયના કથન છે.

ઉત્તર :- નિશ્ચય એટલે સત્યના કથન છે. સત્ય શાસનના પડકાર છે એ બધા.

મુમુક્ષુ :- વ્યવહાર તો કહો.

ઉત્તર :- વ્યવહાર હોય છે. નથી કહ્યું? વ્યવહાર હોય છે પણ એ હેય છે.

મુમુક્ષુ :- વ્યવહારને માનતા નથી અને એકાંત...

ઉત્તર :- વ્યવહાર નથી એમ કોણે કહ્યું? પણ વ્યવહાર નિશ્ચયનું કારણ નથી અને

વ્યવહાર છે એ બંધનું કારણ છે. એમ છે. વ્યવહાર નથી એમ છે? બે નય છે તો નયનો વિષય નથી? બે નય છે તો બેય નયનો વિષય છે. નિશ્ચયનયનો વિષય દ્રવ્ય અને એના શુદ્ધ પરિણામ. વ્યવહારનયનો વિષય શુભરાગ. બેય વિષય વસ્તુ છે. પણ બેય નય વિરોધ છે. ઉભયનય વિરોધ્વંસિનિ. નિશ્ચય છે એ અબંધનું કારણ છે. વ્યવહાર છે એ બંધનું કારણ છે. બેય વિરોધ છે. વસ્તુ છે. શાસ્ત્રની કથની પણ બેય નયે ચાલે. નયે ચાલે એટલે? કે બે નયનો વિષય સત્ય છે? રાગાદિ છે વિષય, પણ એ અસત્ય છે. વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા..! અભૂતાર્થ છે એમ કહ્યું ને? ઝીણી વાત બાપુ! બહુ. આહાહા..! આ તો ભાગ્યવાન હોય એને સાંભળવાનું મળે એવું છે. અને પુરુષાર્થીને બેસે એવી વાત છે. એવી વાત છે. આ કાંઈ વાડાની વાત નથી. આ તો વસ્તુના સ્વરૂપની, સત્તાનું સ્વરૂપ એનું શું છે (એની વાત છે). એ તો શુદ્ધ ચૈતન્યસત્તા છે. એના પરિણામ થવા એ શુદ્ધ પરિણામ તે જ ધર્મ. આહાહા..! લ્યો!

**'વસ્તુકા સ્વભાવ હી ધર્મ હૈ.' 'ઉત્તમ ક્ષમાદિ ભાવરૂપ દસ પ્રકારકા ધર્મ હૈ,...'** એ 'સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા'માં છે. **'રત્નત્રયધર્મ હૈ, ઔર જીવોંકી રક્ષા...'** એટલે અહિંસા. એમાં પોતે જીવ આવ્યો ને? પોતાની રક્ષા કરવી રાગથી ભિન્ન પડીને એ ધર્મ અને રાગ થાય એ વ્યહાર ધર્મ આરોપિત છે. આહાહા..! જીવોની રક્ષા એટલે પરજીવની રક્ષાની વાત નથી. ત્રણકાળમાં પરની રક્ષા કરી શકતો નથી અને વળી ધર્મ ક્યાંથી આવે? પરની રક્ષા કરવાનો ભાવ છે એ પણ રાગ છે, હિંસા છે. આવી વાતું છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં ત્યાં સુધી કહ્યું કે જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે એ ભાવ અપરાધ છે. અપરાધ છે. હવે આ કહે છે રાજી રાજી થાય છે. શું કરવું?

શિષ્યે પૂછયું કે આ શું છે આ ભાવ? તીર્થંકરગોત્ર બાંધે ને ષોડશકારણ ભાવના. સોલહ.. શું આવે છે? (દરશ વિશુદ્ધિ ભાવના ભાય..) હા એ. કહે છે કે એ ભાવ છે.. આહાહા..! એ અપરાધ છે. લે! અપરાધનું ફળ બંધ હોય. ધર્મનું ફળ બંધ હોય? (શ્રોતા :- એ તો આપ જ કહી શકો, એ સ્વરૂપ જ એવું છે.) એ સ્વરૂપ જ એવું છે. એ વાત તો (સંવત) ૧૯૮૧માં એક ગામડામાં થઈ હતી. આ નથી? 'હેંથળી-હેંથળી'. 'બોટાદ' પાસે 'હેંથળી' છે. દીક્ષા લીધી છે એક 'હેંથળી'નો. ૧૯૮૧ની વાત છે. 'ગઢડા' ચોમાસુ જાવું હતું ને. ૮૧, હોં! કેટલા વર્ષ થયા? ૫૨. તે દિ' 'મૂળચંદજી'ને આ કહેતા હશે કે જુઓ, વૈયાવચ્ચ.. હોય એ તીર્થંકરગોત્ર બાંધે. ૭૩ બોલ આવે છે ને? ૨૯. ઉત્તરાધ્યયન ૨૯મું અધ્યયન. .. માટે જુઓ એ ધર્મ છે. પણ કીધું, વૈયાવચ્ચથી તીર્થંકરગોત્ર બાંધે. એ બાંધે એ ભાવ ધર્મ ક્યાંથી હોય? વૈયાવચ્ચ કરવી એ ધર્મ છે. વૈયાવચ્ચ કરે એમાં તો શુભભાવ છે. અને શુભભાવથી તીર્થંકરગોત્ર બાંધે. તો શુભભાવ તો બંધનું કારણ છે. આ તો ૫૧-૫૨ વર્ષ પહેલાની વાત છે. 'હેંથળી' નાનું ગામ છે. બહુ વરસાદ હતો ને. બહુ વરસાદ પહેલા આવી ગયેલા. અને 'બોટાદ'માં 'મૂળચંદજી' એટલે જવાય નહિ ત્યાં. એટલે આમ તરીને 'હેંથળી' થઈને 'નિંગાળા' થઈને 'ગઢડા' ગયા હતા. આહાહા..! એ ત્યાં લાવ્યા હતા એક.

'અમદાવાદ'માં છે ને એક ઓલો 'ભુરો ગોપાણી' આપણા 'ખાડિયા'ની પાસે દુકાન છે. 'ગોપાણી' 'બોટાદ'નો છે. 'ભૂરો ગોપાણી' 'ભૂરા ઠાકરશી'. 'ઠાકરશી ગોપાણી' હતા. અને 'સોમચંદ ગોપાણી'ના દીકરા નહિ આ ઓલો? પંડિત છે. 'અમૃતલાલ'. 'અમૃતલાલ' પંડિત છે 'બનારસ'ના. એ બધા ત્યાં અમારા 'બોટાદ'ના માણસો. એ તો બિચારા ડરે, બધા બીવે અમારાથી. એનો બાપ કહેતા હતા કે 'કાનજીસ્વામી' અને 'મૂળચંદજી' મહારાજ જો આવે અને આપણે છાશ ન હોય તો એક ભેંશ તો રાખવી પડે ને આપણે? ભેંશ રાખવી છાશ માટે. હવે તમે શું બોલો છો? કીધું. બિચારા ભોળા માણસ. એ 'અમૃતલાલ' એક અત્યારે પંડિત છે ને? એક 'અમૃતલાલ' છે. 'કાશી'માં. 'ગોપાણી'. 'અમૃતલાલ ગોપાણી' પંડિત છે. ભણ્યો છે ઘણું. એના બાપ 'સોમચંદભાઈ' હતા અને એના મોટા ભાઈ 'ઠાકરશી ગોપાણી' હતા. એનો દીકરો આ છે. એનો પ્રશ્ન આવ્યો હતો 'હેંથળી'માં. આ તીર્થંકરગોત્ર બાંધે એ વૈયાવચ્ચથી એ વૈયાવચ્ચ ધર્મ નહિ? પણ બાંધે ને? બાંધે એ ભાવ ધર્મ ક્યાંથી આવ્યો? કાંઈ પણ પક્કડ ન મળે બિચારાને શું કરે? આહાહા..!

મુમુક્ષુ :- વૈયાવચ્ચ ..

ઉત્તર :- વૈયાવચ્ચ એ... વૈયાવચ્ચ .. તીર્થંકરગોત્ર બાંધે એવો પાઠ છે ત્યાં. બાંધે. એ તો શુભભાવ છે. એ પણ સમકિતીને હોય છે. મિથ્યાદૃષ્ટિને એ ભાવ હોતો નથી. આહાહા..! જેને રાગથી લાભ માન્યો નથી અને રાગથી કલ્યાણ નથી એવી દૃષ્ટિ થઈ છે એને રાગ આવો હોય. એ પણ બંધનું કારણ છે. આહાહા..! આવી વાત છે. માનો, ન માનો એની સાથે કાંઈ સંબંધ નથી. વિરોધ કરો કે ન કરો એની સાથે કોઈ સંબંધ નથી. એ પોતે પોતાનો વિરોધ કરે છે, બાપુ! કોનો વિરોધ કરે? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધે ગપ્પા છે. કેવળજ્ઞાન થયા પછી ઘરમાં રહ્યા હતા. એવું કથન આવે છે. પછી વનસ્પતિ કાપતા હતા, ઘરમાં લાવ્યા હતા શાક કરવા. છરી મળે નહિ. પછી છરી કોઠીની પાછળ હતી એ કેવળજ્ઞાનીએ બતાવ્યું. કેવળજ્ઞાનીએ કોઠી પાછળ એ છરી છે એ બતાવ્યું. આવી વાતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ સાધુ પણ કાંઈ કાપવાની છરી બતાવે? આવી કથાઓ. એ કથાની વાત થઈ હતી પહેલા એક ફેરી. (સંવત) ૧૯૭૭ની સાલ 'બોટાદ'માં. એક હતો ને ઓલો બેરિસ્ટર ભાઈ કોણ? એક મોટો બેરિસ્ટર હતો. નામ ભૂલી ગયા. 'ખુશાલભાઈ'. 'ખુશાલભાઈ' બેરિસ્ટર હતો. એ ૭૭ની સાલમાં પ્રશ્ન લાવ્યા.

મુમુક્ષુ :- એ તો એમ કહેતા કે આ સાધુ મોટા ..

ઉત્તર :- એ ત્યાં સુધી બોલ્યા તે દિ'. હું 'ભાવનગર' હતો. ૭૭ની વાત છે. 'કુંવરજીભાઈ' ઉપર પ્રશ્ન હતો. 'કુંવરજી આણંદજી'. એના ઉપર. તમે આવું માનો છો આ? છરી બતાવે અને એ કેવળી અને એ કેવળીની આ વાત સાચી માનો છો તમે? ૭૭ની વાત

છે. 'કુંવરજીભાઈ' હતા ને? શેઠ. દેરાવાસીના મોટા ભણેલા. વાંચેલું ઘણું. 'કુંવરજી આણંદજી'. અત્યારે ભાઈ છે આપણા 'ભોગીલાલ'. 'ભોગીભાઈ'. એ તો અહીં આવનારા. અહીંનો પ્રેમ બહુ. 'ભોગીલાલ' આખા શ્વેતાંબરના અગ્રેસર છે. શેઠ છે. એ તો આવે છે ને આપણે ઘણીવાર. પણ છોડી ન શકે. શેઠાઈ-શેઠાઈ કરે. પૈસાવાળા છે. ૨૫-૫૦, ૪૦-૫૦ લાખ રૂપિયા છે. એનો દીકરો આવે છે. પણ આ વાત, બાપુ! આહાહા..! અરે..રે..! જન્મ-મરણના ફેરા કરી કરીને મરી ગયો.

મુમુક્ષુ :- ભલું કરી દે એવી શરત..

ઉત્તર :- પણ કોણ કરી દે ભલા? આહાહા..!

અહીં તો એ કહે છે.. આહાહા..! '**જીવોંકી રક્ષા યહ ધર્મ હૈ.**' અહિંસા, હોં! પોતાનો સ્વભાવ. '**યહ જિનભાષિત ધર્મ ચતુર્ગતિકે દુઃખોમેં પડતે હુએ જીવોંકો ઉદ્ધારતા હૈ. યહાં શિષ્યને પ્રશ્ન કિયા,...**' પહેલામાં શુદ્ધોપયોગ કીધો હતો ને? અને અહીં શુદ્ધ પરિણામ કીધા. તો કહે, બે કેમ કહ્યા તમે? '**કિ જો પહલે દોહેમેં તો તુમને શુદ્ધોપયોગમેં સંયમાદિ સબ ગુણ કહે,...**' શુદ્ધઉપયોગ. એમ. '**શિષ્યને પ્રશ્ન કિયા, કિ જો પહલે દોહેમેં તો તુમને શુદ્ધોપયોગમેં સંયમ...**' ચારિત્ર, ધર્મ, ત્રણ રત્ન, ઉત્તમ ક્ષમાદિ '**સબ ગુણ કહે, ઔર યહાં આત્માકા શુદ્ધ પરિણામ હી ધર્મ કહા હૈ,...**' જોયું! આ પરિણામ ઉપર જરી વજન છે. પણ એ તો શુદ્ધ ઉપયોગ છે એ પરિણામ છે પણ જામી ગયેલો છે. અને ઉપયોગ ભલે રાગમાં ગયો હોય છતાં શુદ્ધ પરિણમન છે, શુદ્ધ પરિણમન છે એને ધર્મ કહે છે. સમજાણું કાંઈ? '**આત્માકા શુદ્ધ પરિણામ હી ધર્મ કહા હૈ, ઉસમેં ધર્મ પાયે જાતે હૈં,...**' એમાં ધર્મ પાયે જાતે હૈ એમ કહ્યું. '**તો પહલે દોહેમેં ઔર ઈસમેં ક્યા ભેદ હૈ?**'

'**ઉસકા સમાધાન-પહલે દોહેમેં તો શુદ્ધોપયોગ મુખ્ય કહા થા,...**' શુદ્ધ ઉપયોગની મુખ્યતાથી વર્ણન હતું. '**ઔર ઈસ દોહેમેં ધર્મ મુખ્ય કહા હૈ. શુદ્ધોપયોગકા હી નામ ધર્મ હૈ,...**' લ્યો! '**શુદ્ધોપયોગકા હી નામ ધર્મ હૈ, તથા ધર્મકા નામ હી શુદ્ધોપયોગ હૈ. શબ્દકા ભેદ હૈ,...**' આહાહા..! ૬૮ ગાથા એકલી શુદ્ધ... શુદ્ધ... શુદ્ધને ઘૂંટી છે. આધાર પણ ત્રણ ગ્રંથોના આપ્યા છે. આહાહા..! શુદ્ધોપયોગ એ મોક્ષનું કારણ છે અને શુદ્ધઉપયોગ એ ધર્મ અથવા શુદ્ધ પરિણામ એ ધર્મનું કારણ-મોક્ષનું કારણ છે. આહાહા..! વ્યવહાર મોક્ષનું કારણ છે નહિ, એ તો બંધનું કારણ છે. આહાહા..! મોટો ફેર. શ્રદ્ધામાં મોટો ફેર. મિથ્યાત્વનું શલ્ય મોટું. આહાહા..!

ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વભાવને આશ્રયે જે શુદ્ધ પરિણામ થાય એ શુદ્ધ પરિણામ તે શુદ્ધતામાંથી થયેલા છે. આહાહા..! જેમ અહીંયાં કહ્યું ને? 'નિયમસાર'માં કે પ્રાયશ્ચિત. પ્રાયશ્ચિત જે છે એ પ્રાયશ્ચિતસ્વરૂપ જ આત્મા છે. પ્રાયશ્ચિત જે છે આ રાગનો નાશ કરવો એ પ્રાયશ્ચિત, એ શુદ્ધ પરિણામ છે. પ્રાયશ્ચિત શબ્દ કહેતા, અર્થ લેતા કે વસ્તુ પોતે પ્રાયશ્ચિત છે. પ્રાય એટલે બહોળતાએ, ચિત્ત એટલે જ્ઞાનનો પિંડ. એ પ્રાયશ્ચિતસ્વરૂપ

છે એમાંથી પરિણામ થાય તે પ્રાયશ્ચિત છે. એમ આત્મા વીતરાગસ્વરૂપ છે એમાંથી વીતરાગ પરિણામ થાય તે ધર્મ છે. આહાહા..!

જે જે ધર્મના પરિણામ છે તે તે સ્વરૂપે ત્રિકાળ વસ્તુ છે એમ સિદ્ધ કરવું છે. દસ પ્રકારનો ધર્મ કહો, પણ એ દસ પ્રકારનો ધર્મ જે વીતરાગ પરિણામ છે એ ત્રિકાળી દસ ધર્મસ્વરૂપ વીતરાગસ્વરૂપ જ આત્મા છે. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ જે મોક્ષમાર્ગ છે પણ એ વસ્તુ પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ ત્રિકાળ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી ક્યાં નવરાશ હોય ઘરે? બાયડી-છોકરાનું કરવું કે કમાવવાનું-રળવાનું કરવું કે આ કરવું? એકલા પાપના પરિણામમાં બહાર દસ-વીસ કલાક રોકાય. એમાં એકાદ કલાક સાંભળવા જાય તો મળે બીજું. તમારે આ ધર્મ થશે, શુભભાવથી થાશે. આમ થાશે. બિચારાને થઈ રહ્યું. જિંદગીનો નાશ કરીને ચાર ગતિમાં ચાલ્યા જવાના. આહાહા..!

હવે જે દ્રવ્ય પર છે, બાયડી પર, છોકરા પર, પૈસા પર, શરીર પર, જેને કાંઈ સંબંધ નથી આત્માને અને એને, હવે એને માટે રોકાવું. એની કલ્પનાઓ કરી કરીને ત્યાં ને ત્યાં રોકાવું. આહાહા..! હવે એને શુભનો પણ અવસર નહિ. સાંભળવું, વાંચવું, વિચારવું, શ્રવણ કરવું, સાચો સત્સમાગમ કરવો એ બધા શુભ પરિણામ છે. શુભ પરિણામના પણ ઠેકાણા નથી એને આવા શુદ્ધ પરિણામ... આહાહા..! બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! જન્મ-મરણ રહિત (થવાનો ઉપાય કોઈ બીજો છે). ચોર્યાસીના અવતાર કરી કરીને એક એક યોનિ, ચોર્યાસી લાખ યોનિ. એક એક યોનિમાં અનંત અવતાર કર્યા. આહાહા..! એ દુઃખથી પડતા રાખે એવો ધર્મ તો આ શુદ્ધ પરિણામ-શુદ્ધઉપયોગ છે. આહાહા..!

**'શુદ્ધોપયોગકા હી નામ ધર્મ હૈ, તથા ધર્મકા નામ હી શુદ્ધોપયોગ હૈ. શબ્દકા ભેદ હૈ, અર્થકા ભેદ નહીં હૈ. દોનોંકા તાત્પર્ય એક હૈ. ઈસલિયે સબ તરહ શુદ્ધ પરિણામ હી કર્તવ્ય હૈ, વહી ધર્મ હૈ.'** આહાહા..! લ્યો, સરવાળો. છે ને? **'तेन कारणेन सर्वप्रकारेण शुद्धपरिणाम एव कर्तव्य'** આહાહા..! કરવાલાયક હોય તો તે શુદ્ધ પરિણામ તે કર્તવ્ય છે. બીજાનું કર્તૃત્વ કરી શકતો નથી, પણ શુભરાગનું કર્તવ્ય એ કર્તવ્ય નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો બાવા થાય તો કરીએ એમ નહોતો કહેતો? 'અમૃતલાલ'. 'અમૃતલાલ' કહેતો હતો, નહિ પહેલા? એ કહેતા હતા. 'અમૃતલાલ' આવ્યા હતા ને હમણા 'ધનબાદ'થી. કે આવું આ તો બધું તમે (કહો છો ઈ તો) બાવા થઈએ તો થાય. પણ બાવો જ છો. ક્યાં હતી તારામાં કોઈ પરચીજ? પરચીજ પરમાં અને તું તારામાં. બાવો જ છો. પરથી ત્યાગ જ છે તને. આહાહા..! ગ્રહણ કે દિ' કર્યુ છે કે તેનો ત્યાગ કર? ભગવાનઆત્મા તો પરદ્રવ્યના ત્યાગગ્રહણથી રહિત છે. ઉપાદાન આદાય છે ને એ?

મુમુક્ષુ :- ત્યાગ ઉપાદાન...

ઉત્તર :- ત્યાગ ઉપાદાન શૂન્યત્વશક્તિ. પરનો ત્યાગ અને પરનું ગ્રહવું એનાથી તો શૂન્ય છે. ત્યાગ કોનો કરે? આહાહા..!

હમણાં એક પત્ર આવ્યો છે કો'કનો. ઓલામાં લખ્યું હશે ને? હિન્દીમાં 'આત્મધર્મ'માં.

એમાં આવ્યું હશે. જગતના લોકો બાહ્ય ત્યાગમાં ભૂલ્યા છે. બાહ્ય ત્યાગમાં ભરમાયા છે. વાત સાચી છે એ. બાહ્યનો જરી ત્યાગ થાય ત્યાં આહાહા..! ધર્મી... ધર્મી... ધર્મી. ધૂળેય નથી. એની ટીકા આવી છે કે બાહ્ય ત્યાગ પણ લાભદાયક છે. અંતરત્યાગ અને બાહ્યત્યાગ બેય જોઈએ. એમ. પણ અંતર ત્યાગ વિના બાહ્ય ત્યાગને ત્યાગ કોણ કહે? બહારનો ત્યાગ તો છે જ એનામાં. એ તો ત્યાગ કર્યો એ તો અસદ્‌ભુત વ્યવહારનયથી કથન છે, જૂઠી નયથી કથન છે. ખરેખર તો રાગને ત્યાગ કરું છું, રાગનો નાશ કરું છું એ પણ વસ્તુના સ્વરૂપમાં ક્યાં છે? આહાહા..! એ તો કથનમાત્ર (છે). આવ્યું નહિ ૩૪ ગાથા 'સમયસાર'? રાગના નાશના કર્તાપણાનું નામ પણ એને નથી. આહાહા..! એ કે દિ' રાગરૂપ થયો હતો તે રાગનો નાશ કરે? આહાહા..! જ્ઞાયકસ્વરૂપે રહ્યો હતો તે જ્ઞાયકસ્વરૂપમાં ગયો. રાગ ઉત્પન્ન થતો નથી એને નાશ કરે છે એમ કથન નામમાત્રથી છે. આહાહા..! રાગનો ત્યાગ કરે છે, નાશ કરે છે એ નામ માત્ર (છે ત્યાં). પરને માટે તો ક્યાં વાત છે? આહાહા..! આવી વાતું છે.

**'ઈસલિયે સબ તરહ શુદ્ધ પરિણામ હી...'** 'હી' શબ્દ પડ્યો છે, જુઓ! છે? **'तेन कारणेन सर्वप्रकारेण शुद्धपरिणाम एव'** આ તો નિશ્ચય થઈ ગયું એકાંત. છે કે નહિ અંદર? જુઓ!. આહાહા..! બહારથી સમેટ, શુભાશુભ પરિણામને સંકેલી દે. આહાહા..! ત્યારે અંદરમાં જઈ શકીશ. આહાહા..! બાહ્ય પદાર્થને ત્યાગે એ તો છે જ ક્યાં? પણ પુણ્યના પરિણામનો ત્યાગ કરે એ પણ ક્યાં વસ્તુના સ્વરૂપમાં (છે)? આહાહા..! ફક્ત ત્યાંથી હટીને સ્વભાવ તરફ જાય છે એથી રાગનો ત્યાગ કર્યો એમ નામમાત્ર કથન છે. પાછું એમાં છે ને ભાઈ એમાં? કેમ કે એ જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાનસ્વરૂપથી તો ખસ્યો નથી. પચ્ચખાણના અધિકારે. જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું એનું નામ પચ્ચખાણ છે. આહાહા..! રાગનો ત્યાગ પણ નહિ? આહાહા..! સહજાત્મસ્વરૂપ ભગવાન પરમાત્મા ત્રિકાળ સહજાત્મસ્વરૂપ છે. સહજ આત્મ, સ્વભાવિક આત્મદ્રવ્ય એને નિશ્ચયથી તો રાગનો ત્યાગ જ છે. પરનો ત્યાગઉપાદાન તો છે જ નહિ. પણ સ્વભાવની દૃષ્ટિએ જોતાં રાગનો તેમાં ત્યાગ જ છે. આહાહા..! લ્યો!

**'વહી ધર્મ હૈ.'** લ્યો! એ **'શુદ્ધ પરિણામ હી કર્તવ્ય હૈ, વહી ધર્મ હૈ.'** આહાહા..! બહુ સરસ ગાથા થઈ. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ विशुद्धभाव एव मोक्षमार्ग इति दर्शयति –**

**१९६) सिद्धिहिं केरा पंथडा भाउ विसुद्धउ एक्कु।**
**जो तसु भावहँ मुणि चलइ सो किम होइ विमुक्कु।।६९।।**

**सिद्धेः संबन्धो पन्थाः भावो विशुद्ध एकः।**
**यः तस्माद्भावात् मुनिश्चलति स कथं भवति विमुक्तः।।६९।।**

**सिद्धिहिं इत्यादि। सिद्धिहिं केरा सिद्धेर्मुक्तेः संबन्धी पंथडा पन्था मार्गः। कोऽसौ। भाउ**

**भावः परिणामः कथंभूतः। विसुद्धउ विशुद्धः एक्कु एक एवाद्वितीयः। जो तसु भावहं मुणि चलइ यस्तस्माद्भावान्मुनिश्चलति। सो किम् होइ विमुक्कु स मुनिः कथं मुक्तो भवति न कथमपीति। तद्यथा। योऽसौ समस्तशुभाशुभसंकल्पविकल्परहितो जीवस्य शुद्धभावः स एव निश्चयरत्नत्रयात्मको मोक्षमार्गः। यस्तस्मात् शुद्धात्मपरिणामान्मुनिश्च्युतो भवति स कथं मोक्षं लभते किंतु नैव। अत्र येन कारणेन निजशुद्धात्मानुभूतिपरिणाम एव मोक्षमार्गस्तेन कारणेन मोक्षार्थिना स एव। निरन्तरं कर्तव्य इति तात्पर्यार्थः।।६९।।**

---

**आगे शुद्ध भाव ही मोक्षका मार्ग है, ऐसा दिखलाते हैं –**

**गाथा – ६९**

**अन्वयार्थ :– [ सिद्धेः संबंधी ] मुक्तिका [ पंथाः ] मार्ग [ एकः विशुद्धः भावः ] एक शुद्ध भाव ही है। [ यः मुनिः ] जो मुनि [ तस्मात् भावात् ] उस शुद्ध भावसे [ चलति ] चलायमान हो जावे, तो [ सः ] वह [ कथं ] कैसे [ विमुक्तः ] मुक्त [ भवति ] हो सकता है? किसी प्रकार नहीं हो सकता।**

**भावार्थ :– जो समस्त शुभाशुभ संकल्प–विकल्पोंसे रहित जीवका शुद्ध भाव है, वही निश्चयरत्नत्रयस्वरूप मोक्षका मार्ग है। जो मुनि शुद्धात्म परिणामसे च्युत हो जावे, वह किस तरह मोक्षको पा सकता है? नहीं पा सकता। मोक्षका मार्ग एक शुद्ध भाव ही है, इसलिये मोक्षके इच्छुकको वही भाव हमेशा करना चाहिये।।६९।।**

---

**હવે, વિશુદ્ધ ભાવ જ મોક્ષમાર્ગ છે, એમ દર્શાવે છે :**

**ભાવાર્થ : જીવનો જે સમસ્ત શુભાશુભ સંકલ્પવિકલ્પરહિત શુદ્ધભાવ છે તે જ નિશ્ચયરત્નત્રયાત્મક મોક્ષમાર્ગ છે. તેથી શુદ્ધઆત્મપરિણામથી જે મુનિ ચ્યુત થાય છે તે કેવી રીતે મોક્ષ પામે ? અર્થાત્ ન જ પામે.**

**અહીં, જે કારણથી નિજશુદ્ધાત્માના અનુભૂતિરૂપ પરિણામ જ મોક્ષમાર્ગ છે તે કારણથી મોક્ષાર્થીએ તે જ ભાવ નિરંતર કરવા યોગ્ય છે, એવો તાત્પર્યાર્થ છે. ૬૯.**

---

## વીર સંવત ૨૫૦૨, માગશર સુદ ૧૧, ગુરુવાર
## તા. ૦૨-૧૨-૧૯૭૬, ગાથા-૬૯, ૭૦, પ્રવચન નં. ૧૪૮

‘પરમાત્મપ્રકાશ.’ ૬૯ ગાથા. ૬૮ પૂરી થઈ.

**‘આગે શુદ્ધ ભાવ હી મોક્ષકા માર્ગ હૈ, ઐસા દિખલાતે હૈં–’** ૬૮માં આવી ગયું. દસ

પ્રકારનો ધર્મ એ પણ શુદ્ધભાવ છે. રત્નત્રય માર્ગ એ પણ શુદ્ધભાવ છે. સ્વની દયા અથવા અહિંસા એ પણ શુદ્ધભાવ છે. અહીંયાં '**એક શુદ્ધભાવ હી મોક્ષકા માર્ગ હૈ, ઐસા દિખલાતે હૈં**–'

**१९६) सिद्धिहिँ केरा पंथडा भाउ विसुद्धउ एक्कु।**
**जो तसु भावहँ मुणि चलइ सो किम होइ विमुक्कु।।६९।।**

'**केरा**' એટલે સંબંધી લેશે. '**सिद्धिहिँ केरा पंथडा**' મોક્ષનો પંથ. આહાહા..! પરમાનંદની પ્રાપ્તિ, પરમાનંદનો પૂર્ણ લાભ એનું નામ મોક્ષ. એ મોક્ષનો આત્મલાભ. આત્માનો સ્વભાવ છે તેની પૂર્ણ પ્રાપ્તિ, એનું નામ મોક્ષ. એ મોક્ષની પ્રાપ્તિ, '**सिद्धिहिँ केरा पंथडा**' એ સિદ્ધિ સંબંધી માર્ગ. '**एकः विशुद्धः भावः**' પાઠમાં છે ને? '**एक्कु**' એક વિશુદ્ધ ભાવ મોક્ષનો માર્ગ. વિશુદ્ધ શબ્દે શુદ્ધના અર્થમાં છે. વિશુદ્ધના અર્થમાં શુભભાવ પણ આવે છે. અહીં શુદ્ધભાવ લેવો છે. '**विशुद्धः**' ઓહો..! જ્ઞાનસ્વભાવ તેની શુદ્ધિ, શુભ-અશુભભાવ એનાથી રહિત, શુભ-અશુભભાવ બેય અશુદ્ધ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, કામ-ધંધા એ બધા પાપભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ પુણ્યભાવ છે. બેય અશુદ્ધ ભાવ છે. એ અશુદ્ધથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ શુદ્ધ, એનું પરિણમન શુદ્ધ થવું એ એક જ મોક્ષનો માર્ગ છે. આહાહા..! પોતાના આત્માને પૂર્ણાનંદની પ્રાપ્તિનો આ એક જ ઉપાય છે. સુખના પંથે જવું હોય તો શુદ્ધભાવ છે તે સુખનો પંથ છે. સુખ કહો કે મોક્ષ કહો. એનો પંથ. આહાહા..!

મુમુક્ષુ :– શુભમાં થોડો શુદ્ધનો અંશ છે.

ઉત્તર :– જરીએ નથી શુદ્ધનો અંશ. એ તો જે કહ્યું છે એ તો બીજી અપેક્ષાએ કહ્યું છે. શુભભાવમાં શુદ્ધનો અંશ. એ તો જ્ઞાન નિર્મળ થઈ થઈને કેવળ પામે અને અશુદ્ધભાવ હોય તે પૂર્ણ નિર્મળ થઈને એ કેમ યથાખ્યાત ચારિત્ર થાય? એ અપેક્ષાએ શુભભાવમાં જરી શુદ્ધનો અંશ છે પણ કોને એ લાભ પ્રાપ્ત થાય? ગ્રંથિભેદ કરે એને. રાગની એક્તાબુદ્ધિ તોડે એને. સમજાણું કાંઈ?

રાગ જે અશુદ્ધ છે, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો હો કે વ્યવહારરત્નત્રયનો રાગ હો, પણ છે તો એ અશુદ્ધ. '**सिद्धिहिँ केरा पंथडा**' ભાષા તો જુઓ! મુક્તિનો સંબંધવાળો પંથ એક વિશુદ્ધભાવ છે. '**એક શુદ્ધ ભાવ હી હૈ.**' '**હી હૈ.**' એમ છે. મથાળું એમ છે ને, જુઓને! '**विशुद्धभाव एव मोक्षमार्ग**' '**एव मोक्षमार्ग**' બીજો વ્યવહાર પણ મોક્ષમાર્ગ છે એ તો એનું નિરૂપણનું કથન છે. મોક્ષમાર્ગ એ નથી. આહાહા..! એક વિશુદ્ધ ભાવ. વિશુદ્ધ-શુદ્ધ ચૈતન્ય આત્મા શુદ્ધાત્મા, એને અવલંબે-આશ્રયે થતો શુદ્ધભાવ, વીતરાગી પરિણામ એ એક જ મોક્ષનું કારણ છે. આહાહા..!

'**જે મુનિ...**' '**तस्मात् भावात्**' એ શુદ્ધભાવથી જે ચ્યુત થાય છે. આહાહા..! '**ચલાયમાન હો જાવે,...**' આહાહા..! '**વહ કૈસે મુક્ત હો સકતા હૈ?**' આહાહા..!

શુદ્ધભાવથી ચલિત થઈને શુભમાં આવે તો એ કાંઈ મોક્ષનું કારણ નથી, એમ કહે છે. આહાહા..! મોટી ગડબડ અત્યારે ચાલે છે આ. અત્યારની નથી, અનાદિની છે ઈ.

ભગવાનઆત્મા શુદ્ધાત્માને કહેવાય છે. વસ્તુ છે એ શુદ્ધાત્મા છે. દ્રવ્યસ્વભાવ એ શુદ્ધ સ્વરૂપ છે. એનો આશ્રય અને એની સન્મુખથી, નિમિત્ત અને રાગથી વિમુખ થઈને, સ્વભાવની સન્મુખ થઈને જે શુદ્ધ પરિણામ થાય તે એક જ મોક્ષનો માર્ગ છે. વ્યવહાર એનું કારણ છે, નિશ્ચય કાર્ય છે એને, એ વાત સત્યમાં નથી. આરોપણથી કથન છે એ બધા. આહાહા..!

'**વહ કૈસે મુક્ત હો સકતા હૈ? કિસી પ્રકાર નહીં હો સકતા.**' શુદ્ધભાવ પરિણામની વાત છે, હોં! આ. જેવો શુદ્ધાત્મા છે જ્ઞાતા-દૃષ્ટા અથવા સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વ એટલે પૂર્ણ આનંદસ્વભાવી એ શુદ્ધ આત્મા છે, એ શુદ્ધાત્માના આશ્રયની સન્મુખ થઈને જે પરિણામ થાય તે શુદ્ધ હોય છે. એ વીતરાગી પરિણામ હોય છે. તે વીતરાગી પરિણામ એક જ મોક્ષનો માર્ગ છે. કહો, હવે આ બધી અત્યારે તકરાર. વ્યવહારથી નિશ્ચય થાય. ચરણાનુયોગ પ્રમાણે આચરણ કરીએ છીએ એનાથી નિશ્ચય થશે. એ સાધન છે. મિથ્યાત્વ શલ્ય છે મોટું. આકરું બહુ પડે માણસને, શું થાય? પુણ્ય-પાપના અધિકારમાં કહ્યું નહિ કે પુણ્ય-પાપનો ભાવ તો બંધસ્વરૂપ છે. એ બંધસ્વરૂપ એ મોક્ષનું કારણ કેમ થાય? ભગવાનઆત્મા મોક્ષસ્વરૂપ છે. મોક્ષસ્વરૂપ છે તો મોક્ષનું કારણ એ થાય. પુણ્ય-પાપના અધિકારમાં છે. સમજાય છે કાંઈ?

આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે. એટલે કે નાસ્તિથી અબદ્ધ, પણ અસ્તિથી કહીએ તો મોક્ષસ્વરૂપ જ છે. શક્તિ એનું સામર્થ્ય મોક્ષસ્વરૂપ જ છે એ. તો મોક્ષસ્વરૂપને આશ્રયે મોક્ષનો માર્ગ થાય અને મોક્ષ થાય. બંધના માર્ગે બંધમાંથી મોક્ષનો માર્ગ ક્યાંથી થાય? વ્યવહારરત્નત્રયનો રાગ એ તો શુભરાગ છે. બંધસ્વરૂપ જ છે એ. બંધસ્વરૂપમાંથી મોક્ષનું કારણ ક્યાંથી થાય? એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- કાદવમાંથી કમળ થાય છે.

ઉત્તર :- કાદવમાંથી કમળ થાય છે એ કમળની જાત જુદી છે. કાદવના સ્વભાવમાંથી કમળ સ્વભાવ નથી થતો. કમળ સ્વભાવ કાદવના સ્વભાવથી વિરૂદ્ધ કમળ સ્વભાવ થાય છે. એમ વ્યવહારરત્નત્રયથી વિરૂદ્ધ જે ચૈતન્યસ્વભાવ એનાથી કલ્યાણ થાય છે. બેય નય વિરોધ છે. નય વિરોધ્વંસિની. એક નય નિશ્ચયસ્વભાવને આશ્રયે મુક્તિ થાય અને પરને આશ્રયે બંધ થાય. બેય નયનો વિષય વિરોધ છે, બેય નયના ફળ વિરોધ છે. આહાહા..!

અહીં તો પાઠ જ એ લીધો, જુઓને! '**विशुद्धः भावः एकः**' એમ. એક જ મોક્ષનો માર્ગ છે. આહાહા..! બાપુ! આકરી વાત છે, ભાઈ! પણ એ મોક્ષમાર્ગ પમાય કેમ ત્યારે? પણ એ પમાય પરની અપેક્ષા છોડીને સ્વની અપેક્ષા કરે તો પમાય.

મુમુક્ષુ :- બે ન માને એ ભ્રમમાં છે?

ઉત્તર :- એ બધા અજ્ઞાની (છે). બે માને એ ભ્રમ છે એમ કહ્યું છે 'ટોડરમલે' તો. બે

મોક્ષમાર્ગ માને એ ભ્રમમાં પડ્યા છે. હવે 'રતનજી' કહે છે, બે મોક્ષમાર્ગ ન માને એ ભ્રમમાં પડ્યા છે. અરે..રે..! આ શું થાય? ભાઈ! પોતે મોક્ષસ્વરૂપ છે તે મોક્ષનું કારણ થાય એના પરિણામ. રાગ તો બંધસ્વરૂપ છે એ બંધસ્વરૂપ મોક્ષના પરિણામનું કારણ કેમ થાય? આહાહા..! વાત એ છે કે શુભઅશુભ પરિણામથી રહિત શુદ્ધસ્વભાવનું એને મહાત્મ્ય આવતું નથી. ભગવાન પવિત્ર આનંદકંદ છે. અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ છે. એ અતીન્દ્રિય આનંદના પરિણામ જેને પ્રગટ થાય એ મોક્ષનું કારણ છે. આહાહા..!

**ભાવાર્થ :-** '**જો સમસ્ત શુભાશુભ સંકલ્પ-વિકલ્પોંસે રહિત...**' લ્યો, ખુલાસો કર્યો ટીકાકારે. '**સમસ્ત શુભ...**' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ, અશુભ-હિંસા, જૂઠું, ચોરી, દુકાને બેસીને કમાવાનો ભાવ, આ બાયડી-છોકરાને સાચવવાનો ભાવ, એ બધો પાપભાવ છે. આહાહા..! એ શુભ અને અશુભભાવથી રહિત. '**સંકલ્પ-વિકલ્પોંસે રહિત જીવકા શુદ્ધ ભાવ હૈ,...**' જીવનો શુદ્ધ પવિત્ર ભાવ છે. આહાહા..! દ્રવ્યસ્વભાવ પવિત્ર છે અને એને આશ્રયે થયેલા પવિત્ર પરિણામ '**વહી નિશ્ચયરત્નત્રયસ્વરૂપ મોક્ષકા માર્ગ હૈ.**' લ્યો! શુદ્ધ વીતરાગી પરિણામ એ જ નિશ્ચયરત્નત્રયસ્વરૂપ છે. વ્યવહાર છે રાગ, એ તો બંધસ્વરૂપ છે. આહાહા..! એમ કહ્યું. ચરણાનુયોગનું ચારિત્ર પાળતા-પાળતા વ્યવહાર કરતા નિશ્ચય થાય, એમ કહે છે. મોટી મિથ્યા શલ્ય છે શ્રદ્ધા. આવી (શ્રદ્ધા) નુકસાનકારક (છે), બાપુ! શું થાય હવે?

મુમુક્ષુ :- ચારેય અનુયોગ ભગવાને કહ્યા છે.

ઉત્તર :- ચારેય અનુયોગ કહ્યા છે. ચારેય અનુયોગનો સાર શું કહ્યો છે? તાત્પર્ય તો વીતરાગતા કીધી. ચરણાનુયોગમાંથી રાગથી લાભ થાય, કરણાનુયોગમાં ક્રિયા શું કહેવાય? ચરણાનુયોગ.. અને એનાથી કાંઈ ધર્મ થાય, એમ નથી. એનું વર્ણન કર્યું હોય વ્યવહાર જણાવવા. વ્રત આવા હોય અને એનો અતિચાર ટાળવા અને વગેરે. પણ એનું તાત્પર્ય તો વીતરાગતા છે. આહાહા..!

કહ્યું નહિ? કે જે સમયે જે પર્યાય થવાની તે જ થશે તે કાળે. એ એની કાળલબ્ધિ છે. પણ એનું તાત્પર્ય શું? એ વીતરાગતા તાત્પર્ય છે. વીતરાગતા ક્યારે થાય? વીતરાગસ્વભાવ છે તેને આશ્રયે જાય તો થાય. વીતરાગસ્વરૂપ જ ભગવાન છે. આત્મા વીતરાગ અકષાય રસકંદ જ છે. આહાહા..! વીતરાગ સ્વભાવની ખાણ આત્મા છે. જો ન હોય તો વીતરાગતા આવશે ક્યાંથી? આહાહા..! એવો ભગવાનઆત્મા અનાકુળ આનંદકંદ પ્રભુ (છે) એવો જેને વિશ્વાસ અને પરિણતિ શ્રદ્ધામાં થઈ એ તો શુદ્ધભાવ છે. એ શુદ્ધભાવ એક જ નિશ્ચયરત્નત્રય છે. જોયું! એક શુદ્ધભાવ કહી અને નિશ્ચયરત્નત્રય એ છે એમ કહ્યું.

'નિયમસાર'માં તો એમ કહ્યું છે કે નિશ્ચયમોક્ષમાર્ગ પરમ નિરપેક્ષ છે. નિશ્ચય મોક્ષમાર્ગ જે છે એ પરમ નિરપેક્ષ છે. જેને રાગની અને વ્યવહારની અપેક્ષા નથી. 'નિયમસાર'. આહાહા..! પરમનિરપેક્ષ મોક્ષમાર્ગ છે. આહાહા..! જેને વ્યવહાર અને ભેદની અપેક્ષા નથી. પંડિતજીએ નીચે અર્થ કર્યો છે. ભેદ અને વ્યવહારની જેને અપેક્ષા નથી, બાપુ! માર્ગ એવો

ભાઈ! આહાહા..! ચોર્યાસીની ખાણમાં જન્મી-મરીને મરી ગયો છે એ. એ મિથ્યાત્વને લઈને છે. આહાહા..! એને ટાળવાનો ઉપાય સ્વભાવને શરણે જવું, ત્રિકાળ સ્વભાવનો આશ્રય લેવો, ત્રિકાળ સ્વભાવનું અવલંબન લેવું. ત્રિકાળ સ્વભાવનું, શ્રદ્ધા-જ્ઞાનની પર્યાયમાં પૂર્ણની શ્રદ્ધા અને જ્ઞાન થવું એવું જે સમ્યગ્દર્શન-જ્ઞાન તે મોક્ષનો માર્ગ છે. એમાં સ્થિરતા અંશે હોય છે. ચોથે ગુણસ્થાને પણ સ્વરૂપઆચરણ ચારિત્ર હોય છે. સમજાણું કાંઈ? '**વહી નિશ્ચયરત્નત્રયસ્વરૂપ મોક્ષકા માર્ગ હૈ.**' આહાહા..!

'**જો મુનિ શુદ્ધાત્મ પરિણામસે ચ્યુત હો જાવે,...**' આહાહા..! વસ્તુ ભગવાન સ્વભાવથી મહિમાવંત પ્રભુનો વીતરાગી સ્વભાવ છે એનાથી ચ્યુત થાય. એ સ્વભાવની મહિમાનું પરિણમન છે એ શુદ્ધ છે. એમાંથી '**ચ્યુત હો જાવે,** આહાહા..! **વહ કિસ તરહ મોક્ષકો પા સકતા હૈ?**' આહાહા..! એ શુભમાં આવે તો એ કેમ મોક્ષને પામે? એ તો બંધને પામે. અહીં તો 'હી' એકાંત કહ્યું છે. એમ નથી કહ્યું કે કથંચિત્ નિશ્ચય અને કથંચિત્ વ્યવહાર મોક્ષનો માર્ગ. એમ નથી કહ્યું. આ એક જ '**सिद्धिहिं केरा पंथडा**' '**एकः विशुद्धः भावः**' આહાહા..! સિદ્ધ કેરા પંથડા એટલે સિદ્ધ સંબંધી પંથ. મુક્તિનો પંથ. એમ. એક વિશુદ્ધ શુદ્ધ સ્વભાવ, પવિત્ર સ્વભાવ, વીતરાગસ્વભાવ એ નિશ્ચયરત્નત્રય છે. આહાહા..! જન્મ-મરણના ફેરા કરી કરીને મરી ગયો છે. આહાહા..! એક તો દુનિયામાં પરદ્રવ્યની સંભાળ કરવામાં જિંદગી જાય છે એની. શરીરની, બાયડી, છોકરા, કુટુંબ ને ધંધો. અરર! એ કરી શકતો નથી પણ કરવાના ભાવમાં મરી ગયો, હેરાન થઈને. આહાહા..! ક્યાં પરદ્રવ્ય અને ક્યાં તું? એને કાંઈ સંબંધ? અહીં તો સિદ્ધિ કેરા-સિદ્ધિ સંબંધી પંથ. આહાહા..! પરસંબંધી પંથ એ બધો બંધનો માર્ગ છે. આહાહા..!

'**सिद्धिहिं केरा पंथडा भाउ विसुद्धउ एक्कु।**' આહાહા..! 'યોગીન્દ્રદેવ' નગ્નમુનિ દિગંબર, ભાવલિંગી અમૃતના સાગરમાં તરબોળ! પ્રચુર સ્વસંવેદન.. આહાહા..! જે અતીન્દ્રિય આનંદના પ્રચુર સ્વસંવેદનમાં પડ્યા છે. મુનિ. આહાહા..! પાંચમી ગાથામાં ન કીધું? 'કુંદકુંદાચાર્યે'. સર્વજ્ઞ પરમાત્મા નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન, ત્યાંથી ગણધર પણ નિર્મળ વિજ્ઞાનમાં નિમગ્ન, ત્યાંથી અમારા ગુરુ પણ નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન. આહાહા..! એ પાંચ મહાવ્રત પાળતા એમ નથી કહ્યું. એ તો આસ્રવ છે. એ તો વ્યવહારનું કથન એને જ્ઞાન કરાવવા માટે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞની સાથે પોતાના ગુરુની લાઈન મૂકી. અને પોતે પણ એ છે એમ અંદર ન કહેતા એ આવી ગયું એમાં. આહાહા..! કેમ? કે પોતે કહ્યું કે મને તો પ્રચુર સ્વસંવેદન વર્તે છે. અને અતીન્દ્રિય આનંદની જે સંવેદનમાં મહોરછાપ છે. આહાહા..! પોસ્ટમાં છાપ મારે છે ને? એમ અનુભવ મોક્ષનો માર્ગ, એની મહોરછાપ અતીન્દ્રિય આનંદની છે. આહાહા..! અને શુભાશુભભાવ તો દુઃખરૂપ છે. આહાહા..! અરે..! એના ઘરમાં શું છે એની ખબર ન મળે. હરણની ડુંટીમાં કસ્તુરી પણ એની ગંધ આવે તો જાણે અહીંથી આવતી હશે? અહીંથી આવતી હશે? એમ ચારે કોર ફર્યા કરે. આ ગંધ

ક્યાંથી આવે છે? પણ અહીં અંદર છે, ન્યાંથી આવે છે એની ખબર નથી. આહાહા..! એમ ભગવાન સર્વજ્ઞસ્વરૂપી અતીન્દ્રિય આનંદનો ગાંઠડો એ તો વસ્તુ છે. આહાહા..! એના સન્મુખના, એના આશ્રયના વિશુદ્ધ પરિણામ એટલે કે શુદ્ધ. વિશુદ્ધનો અર્થ અંદર શુદ્ધ કર્યો. '**एकः विशुद्धः**' એટલે એક શુદ્ધ એમ કર્યો. અર્થમાં. આહાહા..!

એ મુનિ જો સ્વરૂપના અનુભવમાંથી (ચ્યુત થાય)... આહાહા..! એ તો આસ્રવમાં આવી ગયું ને આપણે? શુદ્ધનયના 'अत्यागात' બંધ નથી. શુદ્ધનયના ત્યાગથી બંધ (છે). 'इदं एव तात्पर्यं शुद्धनयो न हेय' તાત્પર્ય એ છે કે શુદ્ધ પરિણમન તે હેય નથી. એ જ ઉપાદેય છે. આહાહા..! 'तत् अत्यागात' શુદ્ધનયનો સ્વભાવ તો દ્રવ્યનો છે. પણ એ સ્વભાવ છે એ પરિણમનમાં ખ્યાલ આવ્યો ત્યારે એથી એ પરિણમનને શુદ્ધનય કહી દીધી. આહાહા..! સમજાણું કાંઈ? એ શુદ્ધનય એટલે પવિત્ર ભગવાનઆત્મા એનું જે જ્ઞાન એ શુદ્ધનય. એ પવિત્ર પરિણમન છે એનું. એ શુદ્ધનયનો અનુભવ કદી છોડવા જેવો નથી. આહાહા..! એના અત્યાગે મુક્તિ છે અને એના ત્યાગે બંધ છે. આહાહા..! શુદ્ધ અનુભવનો ત્યાગ થઈને શુભભાવમાં આવે તો બંધમાં ઈ આવશે. આહાહા..! સમજાણું કાંઈ?

મુનિને પણ જેટલો પ્રમાદનો છઠ્ઠા ગુણસ્થાનમાં પંચમહાવ્રતના પરિણામ (આવે છે) એ બધો જગપંથ છે. આહાહા..! ઉદયભાવ છે એ. પંચમહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણ, વ્યવહારો બધા ઉદયભાવ છે અને ઉદયભાવ પોતે સંસાર છે. આહાહા..! અને પારિણામિકભાવ ભગવાનઆત્માનો તે મુક્તસ્વરૂપ છે. અને એને આશ્રયે પરિણામ થાય તે મોક્ષના કારણ નિશ્ચયરત્નત્રય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ચોર્યાસી લાખના અવતાર, ભવસિંધું.. ઓહોહો..! દરિયો. બાપુ! પણ એ ભૂલી ગયો. પણ માળો અહીં જ્યાં જન્મ્યો ને કાંઈક બહારની સગવડતા થઈ થોડીઘણી, બે-પાંચ દસ લાખ રૂપિયા થાય અને છોકરા ઠીક થાય અને વહુરુ સારે ઠેકાણેથી આવે અને છોકરા સારે ઠેકાણે વરે. સારું ઠેકાણું કોને કહેવું? મારી નાખ્યા પણ. આ મિથ્યાજાળ. આહાહા..! એમ કરતા ત્યાંથી નિવર્તે તો પાછો પૂજા, ભક્તિ, વ્રતમાં રહે તો એ શુભજાળ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ શુભમાં જો આવ્યો શુદ્ધમાંથી ચળીને (તો) મોક્ષ કેમ થશે એનો? એમ કહે છે. જુઓ! છે?

'**શુદ્ધાત્મ પરિણામસે ચ્યુત હો જાવે, વહ કિસ તરહ મોક્ષકો પા સકતા હૈ? નહીં પા સકતા. મોક્ષકા માર્ગ એક શુદ્ધ ભાવ હી હૈ,...**' લ્યો, ઠીક! ટીકામાં છે '**निजशुद्धात्मानुभूतिपरिणाम**' પરિણામ, હોં! એ મોક્ષમાર્ગ. આહાહા..! મોક્ષનો માર્ગ એક શુદ્ધ અનુભૂતિના પરિણામ તે છે. આહાહા..! '**ઈસલિયે મોક્ષકે ઈચ્છુકકો વહી ભાવ હમેશા કરના ચાહિયે.**' લ્યો! પાઠમાં છે. '**एव निरन्तरं कर्तव्य**' નિરંતર કર્તવ્ય. આહાહા..! દ્રવ્યસ્વભાવની સન્મુખના શુદ્ધભાવ નિરંતર કર્તવ્ય (છે). છ કર્તવ્ય આવે છે ને શ્રાવકના? દેવપૂજા, ગુરુ ઉપાસના... એ આવે છે વચમાં એટલું જ્ઞાન કરાવ્યું. એ કર્તવ્ય તરીકે નથી. આહાહા..! છ આયતનો આવે છે ને વ્યવહારના? એ આયતન નિશ્ચયથી આયતન નથી, એ

તો અનાયતન છે. આહાહા..! આયતન તો નિજઘરમાં ઠરવું એ આયતન છે. આયતન નિજઘર છે ભગવાન પરમાનંદનો નાથ. આહાહા..! અરે..રે..! એવા અનંતા ભવ કાઢ્યા. એમાં આ ભવ પણ જો એમાં જાશે થઈ રહ્યું પછી નીકળવાનો આરો નથી, બાપા! આહાહા..!

'શ્રીમદ્' તો કહે છે ને કે આ એક ભવ અનંતા ભવના અભાવ કરવા માટે છે. આ એક ભવ અનંતા ભવના અભાવ કરવા માટે ભવ છે. એને ઠેકાણે ભવના કરવા માટે વખત ગાળે. આહાહા..! સમજાણું કાંઈ? 'શ્રીમદ્' તો પહેલેથી (કહે છે), 'તોયે અરે ભવચક્રનો આંટો નહિ એકેય ટળ્યો' ભવના અભાવનું ત્યાંથી ઉપડ્યું છે નાની ઉંમરમાંથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ વસ્તુ છે. ભવના ભાવ એ તો અનંતવાર કર્યા. પણ ભવના ભાવ વિનાનો અભાવભાવ (કર્યો નથી). આહાહા..! કેમકે ભગવાન પોતે ભવ અને ભવના કારણ વિનાનો છે. પોતે ભગવાન આત્મસ્વરૂપ ભવ અને ભવના કારણ વિનાનો છે. આહાહા..! એવો અભવસ્વરૂપ પ્રભુ એટલે કે મોક્ષસ્વરૂપ આત્મા. આહાહા..! તેના સન્મુખના પરિણામ તેને શુદ્ધ કહે છે. પરસન્મુખના પરિણામ ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર સન્મુખ હો, એને અશુદ્ધ કહે છે. '**परदव्वादो दुग्गइ**' એમ કહ્યું, લ્યો! મોક્ષપાહુડ. દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ લક્ષ જાય તો કહે છે કે દુર્ગતિ છે એ. એટલે? એ ચૈતન્યની ગતિ નથી, એ વિભાવગતિ છે. આહાહા..! આવી વાતું માણસને આકરી પડે. એ બધો વ્યવહાર હલવ્યો. એને નકાર કરનારા... એકાંત છે... એકાંત છે... એકાંત છે (કહે છે). વાત સાચી છે.

'**एव**' છે અહીં. એક જ નિશ્ચયનો માર્ગ છે. બીજો છે નહિ. સમ્યક્ એકાંત છે. સમ્યક્ એકાંતથી અનેકાંતનું યથાર્થ જ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**ઈસલિયે મોક્ષકે ઈચ્છુકકો વહી ભાવ હમેશા કરના ચાહિયે.**' આહાહા..! ૬૯ થઈ.

---

**अथ क्वापि देशे गच्छ किमप्यनुष्ठानं कुरु तथापि चित्तशुद्धिं विना मोक्षो नास्तीति प्रकटयति–**

**१९७) जहिँ भावइ तहिँ जाहि जिय जं भावइ करि तं जि।**
**केम्वइ मोक्खु ण अत्थि पर चित्तहँ सुद्धि ण जं जि।।७०।।**

**अत्र भाति तत्र याहि जीव यद् भाति कुरु तदेव।**
**कथमपि मोक्षः नास्ति परं चित्तस्य शुद्धिर्न यदेव।।७०।।**

**जहिं भावइ इत्यादि। जहिं भावइ तहिं यत्र देशे प्रतिभाति तत्र जाहि गच्छ जिय हे जीव। जं भावइ करि तं जि यदनुष्ठानं प्रतिभाति कुरु तदेव। केम्वइ मोक्खु ण अत्थि कथमपि केनापि प्रकारेण मोक्षो नास्ति पर परं नियमेन। कस्मात्। चित्तहं सुद्धि ण चित्तस्य शुद्धिर्न जं जि यस्मादेव कारणात् इति। तथाहि। ख्यातिपूजालाभदृष्टश्रुतानुभूतभोगाकांक्षारूपदुर्ध्यानैः शुद्धात्मानुभूतिप्रतिपक्षभूतैर्यावत्कालं चित्तं रञ्जितं मूर्च्छितं तन्मयं तिष्ठति तावत्कालं हे जीव**

क्वापि देशान्तरं गच्छ किमप्यनुष्टानं कुरु तथापि मोक्षो नास्तीति। अत्र कामक्रोधादिभिर–पध्यानैर्जीवो भोगानुभवं विनापि शुद्धात्मभावनाच्युतः सन् भावेन कर्माणि बध्नाति तेन कारणेन निरन्तरं चित्तशुद्धिः कर्तव्येति भावार्थः।। तथा चोक्तम् – 'कंखिदकलुसिदभूदो हु कामभोगेहिं मुच्छिदो जीवो। णवि भुञ्जंतो भोगे बंधदि भावेण कम्माणि।।'।।७०।।

---

आगे यह प्रकट करते हैं, कि किसी देशमें जावो, चाहे जो तप करो, तो भी चित्तकी शुद्धिके बिना मोक्ष नहीं है –

गाथा – ७०

अन्वयार्थ :– [ जीव ] हे जीव, [ यत्र ] जहाँ [ भाति ] तेरी इच्छा ही [ तत्र ] उसी देशमें [ याहि ] जा, और [ यत् ] जो [ भाति ] अच्छा लगे, [ तदेव ] वही [ कुरु ] कर, [ परं ] लेकिन [ यदेव ] जब तक [ चित्तस्य शुद्धिः न ] मनकी शुद्धि नहीं है, तब तक [ कथमपि ] किसी तरह [ मोक्षो नास्ति ] मोक्ष नहीं हो सकता।

भावार्थ :– बड़ाई, प्रतिष्ठा, परवस्तुका लाभ, और देखे, सुने, भोगे हुए भोगोंकी वाँछारूप खोटे ध्यान, (जो कि शुद्धात्मज्ञानके शत्रु हैं) इनसे जब तक यह चित्त रँगा हुआ है, अर्थात् विषय–कषायोंसे तन्मयी है, तब तक हे जीव; किसी देशमें जा, तीर्थादिकोंमें भ्रमण कर, अथवा चाहे जैसा आचरण कर, किसी प्रकार मोक्ष नहीं है। सारांश यह है, कि काम–क्रोधादि खोटे ध्यानसे यह जीव भोगोंके सेवनके बिना भी शुद्धात्म–भावनासे च्युत हुआ, अशुद्ध भावोंसे कर्मोंको बाँधता है। इसलिये हमेशा चित्तकी शुद्धता रखनी चाहिये। ऐसा ही कथन दूसरी जगह भी 'कंखिद' इत्यादि गाथासे कहा है, इस लोक और परलोकके भोगोंका अभिलाषी और कषायोंसे कालिमारूप हुआ अवर्तमान विषयोंका वाँछक और वर्तमान विषयोंमें अत्यन्त आसक्त हुआ अति मोहित होनेसे भोगोंको नहीं भोगता हुआ भी अशुद्ध भावोंसे कर्मोंको बांधता है।।७०।।

---

હવે, કોઈ પણ દેશમાં જાઓ, કોઈ પણ અનુષ્ઠાન કરો, તોપણ ચિત્તશુદ્ધિ વિના મોક્ષ નથી, એમ પ્રગટ કરે છે :

ભાવાર્થ : શુદ્ધાત્માની અનુભૂતિથી પ્રતિપક્ષભૂત અને ખ્યાતિ, પૂજા, લાભની અને દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ દુર્ધ્યાનથી જ્યાં સુધી ચિત્ત રંજિત-મૂર્છિત-તન્મય-રહે છે ત્યાં સુધી હે જીવ ! કોઈ પણ દેશાન્તરમાં જાઓ, કોઈ પણ અનુષ્ઠાન કરો તોપણ મોક્ષ નથી.

અહીં, કામક્રોધાદિ અપધ્યાનથી જીવ ભોગોને ભોગવ્યા વિના પણ

**શુદ્ધઆત્મભાવનાથી ચ્યુત થયો થકો, (અશુદ્ધ) ભાવથી કર્મો બાંધે છે, તેથી નિરંતર ચિત્તશુદ્ધિ કરવા યોગ્ય છે, એવો ભાવાર્થ છે. કહ્યું પણ છે કે – 'कंखिदकलुसिदभूदो हु कर्मभोगेहिं मुच्छिदो जीवो। णवि भुंजंतो भोगे बंधदि भावेण कम्माणि।।' (અર્થ : ભોગોની આકાંક્ષાવાળો અને કષાયોથી કલુષિત થયો થકો કામભોગોથી મૂર્ચ્છિત જીવ ભોગોને ન ભોગવતો હોવા છતાં પણ માત્ર અશુદ્ધભાવથી જ કર્મો બાંધે છે.) ૭૦.**

---

## ગાથા-૭૦ ઉપર પ્રવચન

૭૦. '**આગે યહ પ્રકટ કરતે હૈં, કિ કિસી દેશમેં જાવો,...**' સમ્મેદશિખર જાઓ, શેત્રુંજય જાઓ.. આહાહા..! '**ચાહે જો તપ કરો,...**' ઉપવાસ ને સંથારા ને '**તો ભી ચિત્તકી શુદ્ધિકે બિના મોક્ષ નહીં હૈ–**' એ બધા આચરણ ગમે તેવા કરો પણ શુદ્ધ પરિણામ વિના મોક્ષ નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ચિત્તશુદ્ધિ શબ્દે જ્ઞાનશુદ્ધિ. અર્થમાં મનશુદ્ધિ લેશે. જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા એની શુદ્ધિ નિર્મળ પરિણતિ-વીતરાગી ચિત્તશુદ્ધિ.. આહાહા..! ઓલી તો રાગની અશુદ્ધિ છે. આહાહા..! ચાહે જ્યાં રખડો કહે છે. સમ્મેદશિખર જાઓ, શેત્રુંજય જાઓ, જાત્રાએ જાઓ..

મુમુક્ષુ :- અમે તો 'સોનગઢ' આવીએ છીએ.

ઉત્તર :- 'સોનગઢ' આવે તોપણ કહે છે આ. શુદ્ધ પરિણામ વિના ક્યાંય મુક્તિ નથી. આહાહા..!

મુમુક્ષુ :- અમે સમ્મેદશિખર નથી ગયા, ગીરનાર નથી ગયા. 'સોનગઢ' આવી ગયા.

ઉત્તર :- 'સોનગઢ' ને એ બધું એક છે. શુભભાવ છે. સમજાણું કાંઈ? લોકો આવે છે ઘણા હવે અહીં તો. શેત્રુંજય જાય એ અહીં આવે બિચારા, ગીરનાર જાય એ આવે. આવે છે બહુ-ઘણા. પણ આ સાંભળવા રોકાય નહિ. ભાગે ઝટ. અરે..રે..! એક એક પ્રવચન સાંભળે તો, બાપુ! તારા ઘરની વાતું, ઘરમાં કેમ જવાય? પરઘરથી કેમ ખસાય? અરે..! પ્રભુ! શું થાય? '**હે જીવ...**' છે ને? આહાહા..!

**१९७) जहिँ भावइ तहिँ जाहि जिय जं भावइ करि तं जि।**
**केम्वइ मोक्खु ण अत्थि पर चित्तहँ सुद्धि ण जं जि।।७०।।**

જે તારે આચરણ કરવું હોય તો કર. જ્યાં સુધી શુદ્ધ પરિણામ, વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ ન થાય ત્યાં સુધી એની મુક્તિ નથી. આહાહા..!

**અન્વયાર્થ :-** '**હે જીવ, જહાં તેરી ઇચ્છા હી ઉસી દેશમેં જા,...**' આહાહા..! એટલે કે કોઈ ડુંગરમાં, એકાંતમાં જાવું, ગીરનાર ને એવા એકાંતમાં રહે. જા પણ ચિત્તશુદ્ધિ વિના

મુક્તિ નથી ક્યાંય. આહાહા..! ગીરનારમાં જઈએ તો ત્યાં ચિત્તશુદ્ધિ થાય. કહે છે કે એ બધી તને ભ્રમણા છે. આત્માના આશ્રયથી ચિત્તશુદ્ધિ (થાય), બીજે ક્યાંયથી થાય એવી નથી. આત્માને આશ્રયે થાય એવી છે. આહાહા..! એમ કહે છે, જુઓ! ભગવાન તીર્થક્ષેત્રમાં મોક્ષ પધાર્યા. ત્યાં જઈએ તો પરિણામ નિર્મળ થાય. ભ્રમ છે. સમજાણું કાંઈ? આહાહા..! અંતરમાં જાય તો પરિણામ નિર્મળ થાય. આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ વસ્તુ પૂર્ણ સત્ ચિદાનંદ. સત્ જ્ઞાન અને આનંદ સ્વભાવ, એની સન્મુખ થઈને એમાં જા. આહાહા..! જાનો અર્થ? પર્યાય કાંઈ દ્રવ્યમાં ભળતી નથી. પણ પર્યાય ત્યાં વળે છે. તેથી તેને દ્રવ્ય તરફ ઢળી ગઈ એમ કહેવામાં આવે છે. આહાહા..! '**ઔર જો અચ્છા લગે, વહી કર,...**' એટલે આચરણ. તને ઠીક પડે તેમ વ્રત ને નિયમ ને બધું પાળ પણ એ શુદ્ધભાવ વિના મુક્તિ નથી, કહે છે. સમજાણું કાંઈ?

'**લેકિન જબ તક મનકી શુદ્ધિ નહીં હૈ,...**' ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ સ્વરૂપ, એની શુદ્ધ પરિણતિ નથી. આહાહા..! '**તબ તક કિસી તરહ...**' છે? '**कथमपि**' આહાહા..! શુદ્ધભાવ વિના કોઈપણ પ્રકારે, એમ કહે છે. છે ને? '**कथमपि**' કોઈપણ પ્રકારે. '**મોક્ષ નહીં હો સકતા.**' આહાહા..! દિગંબર આચાર્યના તીવ્ર વચનો છે. આહાહા..! એકદમ ધડાકા. ગમે તેટલા આચરણ કર તારા વ્રત ને નિયમ ને ફલાણા ને ઢીકણા, અપવાસ કરીને ક્લેશ કર. અપવાસ એ ક્લેશ છે. રાગની મંદતાનો ક્લેશ છે. નિર્જરામાં આવ્યું છે ને? ક્લેશ. આહાહા..!

ભગવાન અક્લેઈ સ્વરૂપ છે. એની સમીપે જતાં, એના તરફનો ઝુકાવ થતાં જે શુદ્ધ પરિણામ થાય તે શુદ્ધ પરિણામથી જ મુક્તિ છે, બસ. આહાહા..! કેમ? કે વ્યવહારના પરિણામની દિશા પર તરફ છે. તે દશા પર તરફની દિશાવાળી દશા છે. શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ રાગની દશાની દિશા પરની છે એમાં. પર તરફના વલણવાળી દિશા તરફની દશા છે. અને સ્વ તરફના વલણવાળી વીતરાગી પરિણામની દશા સ્વના આશ્રયવાળી છે. બેયનો દિશા ફેર છે. દશાફેર છે. દશાફેર છે તો દિશાફેર છે. આહાહા..! સમજાણું કાંઈ? ચાહે તો શુભરાગ હો, દયા, દાન પણ એની દિશા પર ઉપર છે. આહાહા..! અને વીતરાગી પરિણામની દશા, એની દિશા સ્વ ઉપર છે. આહાહા..! એ જ મુક્તિનું કારણ છે, કહે છે, લ્યો! છે?

ચિત્તશુદ્ધિ વિના **नकथमपि**' '**કિસી તરહ...**' વ્યવહાર પણ મદદ કરે અને વ્યવહારથી થાય એ કાંઈ નથી, કહે છે. આહાહા..! વ્યવહાર હોય ખરો. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી સ્વઆશ્રયના પરિણામ પણ હોય અને વ્યવહાર પરાશ્રયના પરિણામ હોય ખરા. બે નયનો વિષય હોય, પણ એ વિષય બંધનું કારણ પર (છે). આહાહા..! '**કિસી તરહ મોક્ષ નહીં હો સકતા.**'

**ભાવાર્થ :-** '**બડાઈ,...**' અમે મોટા છીએ. શાસ્ત્રનું ઘણું ભણ્યા છીએ. આચરણમાં પણ મોટા. આ વ્રત-તપનું સૌથી ઘણું (વધારે) આચરણ અમારું. '**પ્રતિષ્ઠા,...**' અમારી

આબરૂ મોટી છે. '**પરવસ્તુકા લાભ,...**' અમને પરનો લાભ કેટલો થાય. કેટલા શિષ્યો થાય અમારું નામ પડે ત્યાં. શિષ્યો થાય, સભા ભરાય. લ્યો! મોટી સભા ભરાય એમાં તારે શું? આહાહા..! '**પરવસ્તુકા લાભ, ઔર દેખે, સુને, ભોગે હુએ...**' આંખથી દેખેલું, કાનથી સાંભળેલું, મનથી ભોગવેલું. એ બધાના '**ભોગોંકી વાંછારૂપ ખોટે ધ્યાન,...**' છે એ તો. પર તરફનું છે એ. '(**જો કિ શુદ્ધાત્મજ્ઞાનકે શત્રુ હૈં**)'. આહાહા..! એ બધી વાંછા, ઈચ્છાઓ શુદ્ધાત્મ જ્ઞાનના વેરી છે. આહાહા..!

ઓલામાં કહ્યું છે ને એ 'આત્માવલોકન'માં અને 'અનુભવપ્રકાશ'માં કે વેરી, પોતાનો વિકારીભાવ તે વેરી છે. એનો નિશ્ચયભાવ તે વેરી છે. કર્મ-બર્મ વેરી નથી. તારો ભાવકર્મ તે વેરી તારો છે. એ નિશ્ચય વેરી છે. એમ લખ્યું છે. આહાહા..! ણમો અરિહંતાણં. કર્મરૂપી વેરીને હણ્યા એ નિમિત્તના કથન છે. અરિ-કર્મ અરિ છે જ નહિ. વેરી-દુશ્મન તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવ એ વેરી છે. આહાહા..! એને ભગવાને હણ્યા એમ વ્યવહારથી કહેવાય છે. પરની તો વાત જ ક્યાં છે. આહાહા..! પહેલેથી વાંધા આવે. ણમો અરિહંતાણંમાંથી. કર્મરૂપી વેરીને હણ્યા એવો અર્થ કરો. એ તો નિમિત્તની વાત છે. વિકારરૂપી અરિ-વેરી. સ્વભાવનો આશ્રય લઈને ઉત્પન્ન થયા નહિ, એને હણ્યા એમ કહેવામાં આવે છે. આહાહા..!

વિકારનો ત્યાગનો કર્તા પણ નામમાત્ર છે. ગજબ વાત છે. અરે..! એને ખબરું ન મળે વીતરાગમાર્ગની. વીતરાગ જિનેશ્વર કોને કહેવા. આહાહા..! કહે છે કે આત્મા રાગનો ત્યાગ કરે છે એ પણ નામમાત્ર કથન છે. ત્યાગ ક્યાં કરે છે? એ તો સ્વરૂપમાં ઠરે છે ત્યારે રાગ ઉત્પન્ન થતો નથી એને નામમાત્ર, કથનમાત્રથી ત્યાગ કર્યો એમ કહેવાય છે. પરના ત્યાગની વાત છે જ ક્યાં? આહાહા..! કેમકે ભગવાનઆત્મા પરના ત્યાગ અને ગ્રહણથી તો રહિત છે એ. આહાહા..! એ શરીર, વાણી, કુટુંબ, કબીલાને કે દિ' ગ્રહણ કર્યા હતા કે એને છોડે? આહાહા..! બહુ ફેર, ભાઈ! માર્ગમાં ઘણો ફેર, બાપુ! જિનવરનો માર્ગ જગતને (મળ્યો નથી). રાગમાં જિનવરનો માર્ગ કલ્પાઈ ગયો છે, અજૈનપણામાં જૈન કલ્પાઈ ગયું છે. આહાહા..! ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ પરમાત્મા એમ કહે છે તે આ સંતો કહે છે. આહાહા..! લ્યો!

'(**જો કિ શુદ્ધાત્મજ્ઞાનકે શત્રુ હૈં**)' જોયું! '**ઈનસે જબ તક યહ ચિત્ત રંગા હુઆ હૈ,...**' આહાહા..! એ શુભ અને અશુભરાગથી જ્ઞાન રંગાયેલું છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, વ્રતનો, તપનો ભાવ એ વિકલ્પ રાગ છે. આહા..! એ કેમ બેસે? આહાહા..! એને ધર્મ માન્યો. અનાદિકાળનો ભ્રમ. એ રાગમાં રંગાયેલા ચિત્તવાળાને... આહાહા..! છે? '**અર્થાત્ વિષય-કષાયોંસે તન્મયી હૈ,...**' પર તરફના વલણમાં, રાગમાં એ તન્મય છે, એમ કહે છે. આહાહા..! ચાહે તો વ્રતનો ભાવ હોય, તપનો, અપવાસનો હોય એ બધો વિકલ્પ છે, એની ખબર નથી એને. ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાતાસ્વરૂપ છે, સર્વજ્ઞસ્વભાવી ભગવાનઆત્મા છે. એમાં વૃત્તિ ઊઠે છે એ તો રાગ છે. સમજાણું કાંઈ? એ

રાગના પ્રેમમાં રંગાયેલાને. આહાહા..!

‘**તબ તક હે જીવ; કિસી દેશમેં જા,...**’ દેખો! રાગના પ્રેમમાં રહેલો જીવ તું કોઈપણ દેશમાં જા, ભગવાનના સમવસરણમાં જા તોપણ કાંઈ શુદ્ધિ ત્યાં છે નહિ. આહાહા..! દેશમાં તો આવી ગયું ને ક્ષેત્ર. સમવસરણમાં ભગવાન પરમાત્મા બિરાજે છે. મહાવિદેહમાં અનંતવાર જન્મ્યો છે. ભગવંત તીર્થંકર સદાય મહાવિદેહમાં તો સદાય તીર્થંકર હોય છે. વિહરમાન, વિચરમાન પ્રભુ. ત્યાં અનંતવાર જન્મ્યો અને અનંતવાર સમવસરણમાં ગયો. આહાહા..! એથી શું? કહે છે. ગમે તે દેશમાં જા. સમવસરણમાં ગયો તો ચિત્તશુદ્ધિ એટલે શુદ્ધ પરિણામ વિના તને ક્યાંય લાભ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. લ્યો! કેટલાકને બિચારાને જિંદગીમાં સાંભળવા મળ્યો ન હોય. આહાહા..! મળે કદાચિત તો એમ કહે કે એ...એ...એ.. એ તો બીજી વાતું. નિશ્ચયની વાતું... નિશ્ચયની વાતું.. એમ કરીને કાઢી નાખે. આહાહા..! અમારે પહેલું સાધન ક્યું કરવું એ કહો ને અમને. ઓલો મારવાડી ત્યાં કહેતો હતો. ‘અગાસ’માં ગયા હતા ને. કલાક સાંભળ્યું વ્યાખ્યાન બધાએ ‘અગાસ’માં. રાત્રે એક મારવાડી આવ્યો. એ કહે, બધી વાત તમારી સાચી. પણ એનું સાધન? એમ કે આ ભક્તિ કરીએ, શાસ્ત્ર વાંચીએ (એ સાધન). બાપુ! સાધન તો એ છે (કે) અંદરમાં રાગ વિનાની નિર્મળ શુદ્ધ ક્રિયા પ્રગટ થવી એ સાધન છે. ન બેસે. ભક્તિ, ભગવાનની ભક્તિથી મોક્ષ થઈ જશે, ગુરુની ભક્તિથી મોક્ષ થઈ જશે, એમ માનનારને આ ગળે ઉતરવું ભારે આકરું પડે. આહાહા..!

ગુરુ અને દેવ તું છો અંદર. પૂર્ણાનંદની દિવ્યશક્તિથી ભરેલો ભગવાન તું છો, ભાઈ! એ દેવ તું છો. એની ભક્તિ (એટલે) અંદરમાં જા. આહાહા..! એનો આદર કર. ગુરુ પણ તું છો. સાચી વાત પોતે પોતાને સમજાવે તે પોતે ગુરુ. વીતરાગભાવથી આત્માને લાભ થાય એમ સમજાવે તે ગુરુ, એ આત્મા ગુરુ. આહાહા..! ‘ઈષ્ટોપદેશ’માં કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? દુનિયાથી જુદી જાત છે, બાપુ! આહાહા..!

મુમુક્ષુ :- માર્ગ જુદો છે.

ઉત્તર :- માર્ગ જ જુદો છે આ તો.

‘**હે જીવ; કિસી દેશમેં જા,...**’ સમવસરણમાં જા. અરે..! ‘**તીર્થાદિકમેં ભ્રમણ કર,...**’ શેત્રુંજય ને સમ્મેદશિખર ને ગીરનાર ને, અહીં શેત્રુંજયની નવ્વાણું જાત્રા કરે તો મોક્ષ થાય. અરે..! લાખ કરને. એ તો શુભભાવ છે. સમજણું કાંઈ? હોય છે, અશુભથી બચવા, પણ એ ધર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહ્યું? ‘**તીર્થાદિકોંમેં ભ્રમણ કર,...**’ લ્યો! ગમે તે તીર્થમાં જા. એ તો શુભભાવ છે. આત્માના શુદ્ધ પરિણમનની શ્રદ્ધા-જ્ઞાન વિના ક્યાંય ધર્મ છે નહિ. મુક્તિ નથી લે. આહાહા..! ઓલા કહે કે કાશીમાં જઈને કરવત મુકાવે તો (મુક્તિ થાય), આ કહે સમ્મેદશિખરની એકવાર વંદના કરે, ‘એકવાર વંદે જો કોઈ નરક-પશુ નહિ હોય’ લ્યો! હવે એમાં શું દાળિયા થયા? એ તો શુભભાવ હોય તો કદાચિત એક ભવમાં નરક-પશુ ન થાય. આહાહા..!

એ તે દિ' તો ઓલા હતા ને? 'મહાવીરકીર્તિ'. અહીં ઉતર્યા હતા ઓલામાં. એકવાર ફરતા ત્યાં આવ્યા કહે, મારી પાસે પુસ્તક એવું છે કે જેમાં શ્વેતાંબરમાં શેત્રુંજય છે. શેત્રુંજય મહાત્મ્ય. એમ મારી પાસે સમ્મેદશિખર મહાત્મયનું પુસ્તક છે કહે. ઠીક કીધું. શું છે પણ હવે એમાં લખ્યું શું એ કહો ને? કે સમ્મેદશિખરના દર્શન કરે તો ૪૯ ભવે મોક્ષ જાય. કીધું, એ વીતરાગની વાણી નહિ. પરદ્રવ્યના દર્શને અને પરદ્રવ્યની જાત્રાથી મુક્તિ થાય એ વીતરાગની વાણી નહિ. પરદ્રવ્યના આશ્રયે તો શુભરાગ થાય. સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધાનો આશ્રય કરે તો પાપરાગ થાય. દેવ-ગુરુનો આશ્રય કરે ભક્તિ આદિ તો પુણ્યરાગ થાય. પણ છે તો બેય રાગ. આહાહા..! સમકિતીને પણ એ રાગ આવે ખરો, પણ એ બંધનું કારણ છે. આહાહા..! આવી વાત છે. ગાંડા કહે એવું છે, પાગલ. આવી પાગલ જેવી વાતું કરે છે.

મુમુક્ષુ :- જ્ઞાનીઓને પાગલ કહેવામાં આવે છે.

ઉત્તર :- કહે છે ને 'પરમાત્મપ્રકાશ' અજ્ઞાનીઓ ધર્મીને પાગલ કહે છે. ધર્મી જગતને પાગલ માને છે. આહાહા..!

'**તીર્થાદિકોંમેં ભ્રમણ કર, અથવા ચાહે જૈસા આચરણ કર,...**' જોયું! આચરણ ગમે તેવા (કર). તારા વ્રત ને અપવાસ ને છપરબી બ્રહ્મચર્ય પાળ ને છપરબી લીલોતરી ન ખા, કંદમુળ ન ખા, ચોવિહાર કર, એ બધી રાગની ક્રિયા છે. આહાહા..! છે? ત્રણ બોલ લીધા. નિર્મળ શુદ્ધ આત્માના પરિણામ વીતરાગી દશા વિના ગમે ત્યાં તું જા, કોઈ દેશમાં જા, ભગવાન પાસે જા, સમવસરણમાં જા, તીર્થાદિમાં જા કે '**ચાહે જૈસા આચરણ કર,..**' આહાહા..! મહિના-મહિનાના અપવાસ, મરતા બબ્બે મહિનાના સંથારા (કરે), એ બધી ક્રિયા રાગની છે. એ તો પરાશ્રય છે. આહાહા..! સમજાણું કાંઈ? છે?

'**ચાહે જૈસા આચરણ કર,...**' એમ છે ને? '**देशान्तरं गच्छ किमप्यनुष्टानं कुरु**' એમ છે, જુઓ! '**अनुष्टानं**' છે. આચરણ ગમે તે કર. પાઠમાં-ટીકામાં છે. '**देशान्तरं गच्छ**'ના અર્થ બે કર્યા. તીર્થાદિમાં અને કોઈપણ ક્ષેત્રમાં. એમ. આહાહા..! '**કિસી પ્રકાર મોક્ષ નહીં હૈ.**' ગમે તેટલા આચરણ તારા વ્રત ને અપવાસ અને તપના કર, એ ક્રિયાકાંડનો રાગ તો શુભરાગ છે. આહાહા..! દુનિયા એને ધર્મ માનીને બેઠી છે. અને એના પ્રરૂપકો એ પ્રરૂપે એ રુચિ જાય એને. 'દ્રવ્ય ક્રિયા રુચિ જીવડા ભાવ ધર્મ રુચિ હિન, ઉપદેશક પણ તેહવા એને મળ્યા.' માલી મકવાણી અને જહલો જોગી. એવું થઈ ગયું. બેય ભેગા થઈ ગયા. જહલા જોગીને કોઈ દેતું નહોતું અને માલી મકવાણીને કોઈ લેતું નહોતું. બે પછી પતિ-પત્નિ થઈ ગયા. એમ આને બિચારાને બહારનો વ્યવહાર ક્રિયાકાંડનો ધર્મ રુચતો હતો અને કહેનારા એવા મળ્યા કે એ ધર્મનું કારણ છે. જહલો જોગી, માલી મકવાણી બે ભેગા થઈ ગયા. આહાહા..! એ તમારે કહેવત હશે કાંઈક.

મુમુક્ષુ :- .. જૈસે કો તૈસા મિલા...

ઉત્તર :- એ કહે પણ નામ પણ હશે આ. એ તો હોય તો ખરું બધે. ગમે તે ચૂલામાં હોય રાખ જ હોય ને. હિન્દુસ્તાનમાં હોય કે 'લંડન'માં જાય. ચૂલામાં તો રાખ જ હોય.

'લંડન'માં જાય તો ચૂલામાં કસ્તુરી હોય? કાઠિયાવાડમાં ગરીબને ઘરે જાય તો રાખ હોય, એમ હશે? કહેવતનો ભાવ તો બધે ઠેકાણે એક જ હોય. એ ભાષા ફેર હોય તો કાંઈ... આહાહા..!

**'કીસી પ્રકાર મોક્ષ નહીં હૈ.'** ગમે તેટલા આચરણ કર. વ્રતના, તપના, જાત્રાઓ કર ગમે તેવી, ગીરનારમાં જઈને રહે, સમ્મેદશિખરમાં જઈને રહે. ઓલા વળી એમ કહે કે સમ્મેદશિખરમાં તો વનસ્પતિ બધી અલ્પ ભવવાળી છે. એમ કહે છે. સમ્મેદશિખરમાં વનસ્પતિ.. એવું સમ્મેદશિખરનું મહાત્મ્ય છે. અરે..રે..! એ તો પરવસ્તુ છે. મુનિઓ મોક્ષ પધાર્યા છે એથી ત્યાં યાદગીરી માટેનું સ્મરણ છે એ. એ તો શુભભાવ છે. જ્યાંથી મોક્ષ પધાર્યા છે ત્યાં ઉપર જ હોય છે એ. એટલે ત્યાંથી મોક્ષ પધાર્યા ઉપર હોય એટલે યાદગીરી માટે કે ભગવાન બિરાજે છે અહીં. એ યાદગીરી એ શુભભાવ છે, પુણ્ય છે. ધર્મ નહિ. આહાહા..! ત્યારે પછી તમે કેમ આ બધા મંદિરો અને ભક્તિ-પૂજા કરો છો? એ ભાવ શુભ હોય. પૂર્ણ વીતરાગ ન હોય એને સ્વની દૃષ્ટિ હોવા છતાં પરની ભક્તિ આદિનો (ભાવ) હોય. પણ એ હોય એ હેયબુદ્ધિએ હોય. હેયબુદ્ધિએ હોય. આહાહા..! આવી વાત... કરે કોણ? થાય. એવી વાતું છે.

**'સારાંશ યહ હૈ, કિ કામ-ક્રોધાદિ (ઈચ્છા અને દ્વેષ) ખોટે ધ્યાનસે યહ જીવ ભોગોંકે સેવન બિના ભી...'** જેને પરિણામમાં રાગ અને દ્વેષ છે, એ **'ખોટે ધ્યાનસે યહ જીવ ભોંગોકે સેવન બિના ભી શુદ્ધાત્મ-ભાવનાસે ચ્યુત હુઆ,...'** આહાહા..! રાગ અને દ્વેષના પરિણામમાં આવતા શુદ્ધાત્મ ભાવનાથી ચ્યુત થયો એ. આહાહા..! **'અશુદ્ધ ભાવોંસે કર્મોંકો બાંધતા હૈ.'** પુણ્ય-પાપના ભાવ બેય અશુદ્ધ છે. એનાથી કર્મ બાંધે. આહાહા..! **'ઈસલિયે હમેશા ચિત્તકી શુદ્ધતા રખની ચાહિયે.'** જ્ઞાનની શુદ્ધિ પરિણતિ શ્રદ્ધા-જ્ઞાનની સદા કરવી જોઈએ.

**'ઐસા હી કથન દૂસરી જગહ ભી 'કંખિદ' ઈત્યાદિ ગાથાસે કહા હૈ, ઈસ લોક ઔર પરલોકકે ભોગોંકા અભિલાષી...'** રાગની અભિલાષ છે ને એ બધા ભોગના જ અભિલાષી છે. શુભરાગના કામી છે એ પણ શુભરાગવાળા ભોગના જ અભિલાષી છે. કેમકે શુભરાગથી ભોગ મળશે. આહાહા..! **'લોક ઔર પરલોકકે ભોગોંકા અભિલાષી ઔર કષાયોંસે કાલિમારૂપ હુઆ...'** કષાયથી મલિન પરિણામ અવર્તમાન વિષયો કે વર્તમાન બેય. નહિ વર્તતા વિષયો કે વર્તમાન વિષયો એમ. **'અવર્તમાન વિષયોંકા વાંછક ઔર વર્તમાન વિષયોંમેં...'** ભવિષ્યના વિષયો કે વર્તમાનના વિષયો, એમ કહે છે. **'અત્યંત આસક્ત હુઆ...'** રાગમાં આસક્ત થયો. **'અતિ મોહિત હોનેસે,** આહાહા..! **ભોગોંકો નહીં ભોગતા હુઆ ભી...'** ભોગને ન ભોગવતા પણ રાગની અભિલાષાવાળા પ્રાણી **'અશુદ્ધભાવોંસે કર્મોંકો બાંધતા હૈ.'** આહાહા..! એ અશુદ્ધભાવથી એને બંધ થાય છે. આહાહા..! પર તરફના આશ્રયવાળો ભાવ. એથી કહ્યું ને **'परदव्वादो दुग्गइ'** આવો પાઠ! સંતો આવા છે.

સંતો એમ કહે, પરમાત્મા એમ કહે કે અમારી સામું તારું લક્ષ જશે તો રાગ થશે. કારણ કે અમે પરદ્રવ્ય છીએ. તારી સામું લક્ષ જશે તો તને અરાગ પરિણામ થશે. આહાહા..! **'અશુદ્ધ ભાવોંસે કર્મોંકો બાંધતા હૈ.'** તારા અશુભભાવથી કર્મનું બંધન થશે. લ્યો! વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

अथ शुभाशुभशुद्धोपयोगत्रयं कथयति –

**१९८) सुह–परिणामें धम्मु पर असुहें होइ अहम्मु।**
**दोहिं वि एहिं विवज्जियउ सुद्धु ण बंधइ कम्मु।।७१।।**

**शुभपरिणामेन धर्मः परं अशुभेन भवति अधर्मः।**
**द्वाभ्यामपि एताभ्यां विवर्जितः शुद्धो न बध्नाति कर्म।।७१।।**

**सुह इत्यादि पदखण्डनारूपेण व्याख्यानं क्रियते। सुह–परिणामें धम्मु पर शुभपरिणामेन धर्मः परिणामेन धर्मः पुण्यं भवति मुख्यवृत्त्या। असुहें होइ अहम्मु अशुभपरिणामेन भवत्यधर्मः पापम्। दोहिं वि एहिं विवज्जियउ द्वाभ्यां एताभ्यां शुभाशुभपरिणामाभ्यां विवर्जितः। कोऽसौ। सुद्धु शुद्धो मिथ्यात्वरागादिरहितपरिणामस्तत्परिणतपुरुषो वा। किं करोति। ण बंधइ न बध्नाति। किम्। कम्मु ज्ञानावरणादिकर्मेति। तद्यथा। कृष्णोपाधिपीतोपाधिस्फटिकवदयमात्मा क्रमेण शुभाशुभ–शुद्धोपयोगरूपेण परिणामत्रयं परिणमति। तेन तु मिथ्यात्वविषयकषायाद्यवलम्बनेन पापं बध्नाति। अर्हत्सिद्धाचार्योपाध्यायसाधुगुणस्मरणदानपूजादिना संसारस्थितिच्छेदपूर्वकं तीर्थंकरनामकर्मादि–विशिष्टगुणपुण्यमनीहितवृत्त्या बध्नाति। शुद्धात्मावलम्बनेन शुद्धोपयोगेन तु केवलज्ञानाद्यनन्तगुणरूपं मोक्षं च लभते इति। अत्रोपयोगत्रयमध्ये मुख्यवृत्त्या शुद्धोपयोग एवोपादेय इत्याभिप्रायः।।७१।। एवमेकचत्वारिंशत्सूत्रप्रमितमहास्थलमध्ये सूत्रपञ्चकेन शुद्धोपयोगव्याख्यानमुख्यत्वेन प्रथमान्तरस्थलं गतम्।।**

---

आगे शुभ, अशुभ और शुद्ध इन तीन उपयोगोंको कहते हैं –

गाथा – ७१

**अन्वयार्थ :–** [ शुभपरिणामेन ] दान पूजादि शुभ परिणामोंसे [ धर्मः ] पुण्यरूप व्यवहारधर्म [ परं ] मुख्यतासे [ भवति ] होता है, [ अशुभेन ] विषय कषायादि अशुभ परिणामोंसे [ अधर्मः ] पाप होता है, [ अपि ] और [ एताभ्यां ] इन [ द्वाभ्याम् ] दोनोंसे [ विवर्जितः ] रहित [ शुद्धः ] मिथ्यात्व रागादि रहित शुद्ध परिणाम अथवा परिणामधारी पुरुष [ कर्म ] ज्ञानावरणादि कर्मको [ न ] नहीं [ बध्नाति ] बाँधता।

भावार्थ :– जैसे स्फटिकमणि शुद्ध उज्जवल है, उसके जो काला डंक लगावें, तो काला मालूम होता है, और पीला डंक लगावें तो पीला भासता है, और यदि कुछ भी न लगावें, तो शुद्ध स्फटिक ही है, उसी तरह यह आत्मा क्रमसे अशुभ, शुभ, शुद्ध इन परिणामोंसे परिणत होता है। उनमेंसे मिथ्यात्व और विषय कषायादि अशुभके अवलम्बन (सहायता) से तो पापको ही बाँधता है, उसके फलसे नरक निगोदादिके दुःखोंको भोगता है और अरहंत, सिद्ध, आचार्य, उपाध्याय, साधु इन पाँच परमेष्ठियोंके गुणस्मरण और दानपूजादि शुभ क्रियाओंसे संसारकी स्थितिका छेदनेवाला जो तीर्थंकरनामकर्म उसको आदि ले विशिष्ट गुणरूप पुण्यप्रकृतियोंको अवाँछीक वृत्तिसे बाँधता है। तथा केवल शुद्धात्माके अवलम्बनरूप शुद्धोपयोगसे उसी भवमें केवलज्ञानादि अनंतगुणरूप मोक्षको पाता है। इन तीन प्रकारके उपयोगोंमेंसे सर्वथा उपादेय तो शुद्धोपयोग ही है, अन्य नहीं है। और शुभ, अशुभ इन दोनोंमेंसे अशुभ तो सब प्रकारसे निषिद्ध है, नरक निगोदका कारण है, किसी तरह उपादेय नहीं है–हेय है, तथा शुभोपयोग प्रथम अवस्थामें उपादेय है, और परम अवस्थामें उपादेय नहीं है, हेय है।।७१।।

---

હવે, શુભ, અશુભ અને શુદ્ધ એવા ત્રણ ઉપયોગનું કથન કરે છે :

ભાવાર્થ : જેવી રીતે સ્ફટિકમણિ કાળા રંગની ઉપાધિના સદ્‌ભાવમાં કાળો, પીળા રંગની ઉપાધિના સદ્‌ભાવમાં પીળો (અને ઉપાધિ રહિત હોતાં શુદ્ધ ઉજ્જ્વળ) જણાય છે તેવી રીતે આ આત્મા ક્રમથી શુભ, અશુભ અને શુદ્ધ ઉપયોગરૂપ ત્રણ પરિણામરૂપે પરિણમે છે. મિથ્યાત્વ, વિષય, કષાયાદિના અવલંબનથી તો આત્મા પાપ બાંધે છે. અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુના ગુણસ્મરણ અને દાનપૂજાદિથી સંસારની સ્થિતિના છેદપૂર્વક તીર્થંકરનામકર્માદિથી માંડીને વિશિષ્ટ ગુણરૂપ પુણ્યપ્રકૃતિઓને અનીહિતવૃત્તિથી બાંધે છે અને શુદ્ધ આત્માના અવલંબનરૂપ શુદ્ધ-ઉપયોગથી તો કેવળજ્ઞાનાદિ અનંતગુણરૂપ મોક્ષને પામે છે.

અહીં, ત્રણ પ્રકારના ઉપયોગમાંથી મુખ્યપણે શુદ્ધ-ઉપયોગ જ ઉપાદેય છે, એવો અભિપ્રાય છે. ૭૧.

---

**વીર સંવત ૨૫૦૨, માગશર સુદ ૧૨, શુક્રવાર**
**તા. ૦૩-૧૨-૧૯૭૬, ગાથા-૭૧, ૭૨, પ્રવચન નં. ૧૪૯**

'પરમાત્મપ્રકાશ'. ૭૧-ગાથા. **'આગે શુભ, અશુભ ઔર શુદ્ધ ઇન તીન ઉપયોગોંકો કહતે હૈં–'** ત્રણ પ્રકારના ઉપયોગની વ્યાખ્યા છે.

१९८) सुह-परिणामें धम्मु पर असुहें होइ अहम्मु।
दोहिं वि एहिं विवज्जियउ सुद्धु ण बंधइ कम्मु॥७१॥

ધર્મ શબ્દે અહીં પુણ્ય છે-વ્યવહાર ધર્મ.

**અન્વયાર્થ :- 'દાન પૂજાદિ શુભ પરિણામોંસે પુણ્યરૂપ વ્યવહારધર્મ...'** પુણ્યરૂપ વ્યવહારધર્મ. સાચો ધર્મ નહિ. દાન, પૂજા આદિથી પુણ્ય થાય.

મુમુક્ષુ :- વ્યવહારધર્મ.

ઉત્તર :- વ્યવહારધર્મ એટલે નિશ્ચયધર્મ છે એને. જેને નિશ્ચય ધર્મ છે એની અહીં વ્યાખ્યા છે. અશુભની વાત તો મિથ્યાદષ્ટિ સહિતની લેશે. કેમકે સમ્યગ્દષ્ટિને શુભ થાય છે ત્યારે એ શુભના પરિણામમાં એ ભવિષ્યનું આયુષ્ય બાંધે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ છે એને પહેલા-સમ્યક્ પહેલા ભવિષ્યનું બંધાણું ન હોય તો, સમ્યગ્દર્શનમાં અશુભભાવ હોય, પણ એ વખતે આયુષ્ય નહિ બાંધે. જ્યારે એને શુભ ઉપયોગ થશે ત્યારે આયુષ્ય બાંધશે. આહાહા..! અને આ એ અશુભનું કહે છે એ તો મિથ્યાત્વ સહિતની વાત છે. આમાં કહેશે. આમાં શુભ છે એ સમકિત સહિતની વાત છે. સમજાય છે કાંઈ?

**'शुभपरिणामेन' 'વ્યવહારધર્મ મુખ્યતાસે હોતા હૈ, વિષય કષાયાદિ અશુભ પરિણામોંસે પાપ હોતા હૈ,...'** એ વિષય-કષાય મિથ્યાત્વ સહિતના લેશે. **'કષાયાદિ અશુભ પરિણામોંસે પાપ (અધર્મ) હોતા હૈ, ઔર ઈન દોનોંસે રહિત...'** બેયથી રહિત **'મિથ્યાત્વ રાગાદિ રહિત...'** એને શુદ્ધ પરિણામ, શુદ્ધ ઉપયોગ હોય છે. **'મિથ્યાત્વ રાગાદિ રહિત શુદ્ધ પરિણામ અથવા પરિણામધારી પુરુષ...'** એમ બે લીધા. પાઠમાં છે. પાઠમાં છે, હોં! **'परिणामस्तत्परिणतपुरुषो वा'** સંસ્કૃતમાં છે. આ બાજુ સંસ્કૃત ૭૧માં. શું કહ્યું? કે મિથ્યાભ્રાંતિથી રહિત અને રાગાદિ રહિત એવા જે શુદ્ધ પરિણામ, એનાથી કર્મબંધન ન થાય અથવા એ પરિણામધારી પુરુષને કર્મબંધન ન થાય. આહાહા..! **'જ્ઞાનાવરણાદિ કર્મકો નહીં બાંધતા.'** આહાહા..!

ભાવાર્થ :- **'જૈસે સ્ફટિકમણિ શુદ્ધ ઉજ્જ્વલ હૈ, ઉસકે જો કાલા ડંક લગાવેં, તો કાલા માલૂમ હોતા હૈ, ઔર પીલા ડંક લગાવેં તો પીલા ભાસતા હૈ,...'** સ્ફટિક. **'ઔર યદિ કુછ ભી ન લગાવેં, તો શુદ્ધ સ્ફટિક હી હૈ, ઉસી તરહ યહ આત્મા ક્રમસે અશુભ, શુભ, શુદ્ધ પરિણામોંસે પરિણત હોતા હૈ. ઉનમેં સે મિથ્યાત્વ ઔર વિષય કષાયાદિ...'** જુઓ! અશુભ ત્યાં લીધું. **'મિથ્યાત્વ ઔર વિષય કષાયાદિ અશુભકે અવલંબન (સહાયતા) સે તો પાપકો હી બાંધતા હૈ,...'** સમજાય છે કાંઈ? સમકિતીને અશુભ આવે, થોડું પાપ બંધાય પણ આયુષ્ય ન બંધાય એમાં. અને આ મિથ્યાદષ્ટિને તો અશુભ ઉપયોગમાં આયુષ્ય બંધાય છે. આહાહા..! નરક અને નિગોદ. જુઓ!

**'વિષય કષાયાદિ અશુભકે અવલંબન (સહાયતા) સે તો પાપકો હી બાંધતા હૈ,**

આહા..! **ઉસકે ફલસે નરક નિગોદાદિક દુ:ખોંકો ભોગતા હૈ...**' આહાહા..! આમાં એક શરીરની વ્યાખ્યા કરી છે. ૧૪૭ ગાથામાં. મનુષ્યદેહ કેવો છે? કે મનુષ્યદેહ જીવતા હાડકા-ચામડા છે. અત્યારે આમ. દાટે તો રાખ થાશે. દાટે તો સડી જશે અને બાળે તો ભસ્મ થાશે. આ એવું શરીર છે. છે એમાં, જુઓ! ૧૪૭ ગાથા છે. ૧૪૭ બીજા ભાગની આપણે. ૧૪૭.

'**ભેદાભેદરત્નત્રયકી ભાવનાસે રહિત જીવકા મનુષ્ય-જન્મ નિષ્ફલ હૈ,...**' આહાહા..! આ મનુષ્યદેહ છે એ તો હાડકા-ચામડા છે. પણ જેને અંદર ભેદાભેદરત્નત્રય અભેદ સમ્યગ્દર્શન-જ્ઞાન અને રાગાદિ ભેદ વ્યવહાર, એવા ભેદાભેદરત્નત્રય નથી. આહાહા..! એ '**જીવકા મનુષ્ય-જન્મ નિષ્ફલ હૈ,...**' '**ઈસ મનુષ્ય-જન્મકો મસ્તકકે ઊપર વાર ડાલો,...**' આહાહા..! બલી કરો બલી એની, કહે છે. આહાહા..! '**દેખનેમેં કેવલ સાર દિખતા હૈ,...**' આહાહા..! '**જો ઈસ મનુષ્ય-દેહકો ભૂમિ મેં ગાડ દિયા જાવે, તો સડકર દુર્ગંધરૂપ પરિણમે,...**' છે? આહાહા..! આ શરીર માટીનું. આહાહા..! '**કેવલ સાર દિખતા હૈ,...**' બહારમાં. બાકી તો '**મનુષ્ય-દેહકો ભૂમિ મેં ગાડ દિયા જાવે, તો સડકર દુર્ગંધરૂપ પરિણમે, ઔર જો જલાઈયે તો રાખ હો જાતા હૈ.**' રાખ થઈ જાય. કોની? (શરીરની). આહાહા..!

એમાં મૃતક કલેવરમાં મુર્છાણો અમૃત ભગવાન. એ ૯૬માં આવે છે, 'સમયસાર'. અમૃતનો સાગર ભગવાન... આહાહા..! જેનામાં અમૃત મધુરો આનંદરસ ભર્યો છે એવો જે આત્મા મૃતક કલેવરમાં મુર્છાણો. આહાહા..! એને પાપના પરિણામ થાય છે એમ કહે છે. મિથ્યાદષ્ટિ જ એમાં મુર્છાય છે. સમ્યગ્દષ્ટિ એમાં મુર્છાતો નથી. આહાહા..! ભલે ચક્રવર્તીનું રાજ હોય અને ચક્રવર્તીનું શરીર, ઈન્દ્રનું શરીર (હોય પણ) સમ્યગ્દષ્ટિ એમાં મૂર્છાતો નથી. અસ્થિરતા, આસક્તિ (છે) પણ રુચિ નથી કે આ મારી ચીજ છે. આહાહા..! આવી વાત છે. છે ને? એમાં બે બોલ લીધા. દેખાવમાં સાર લાગે, દાટે તો સડી જાય, બાળે તો રાખ થાય. આહાહા..! એણે લખ્યું છે. લાંબી ટીકા છે.

અહીં તો અશુભભાવ કહેવું છે ને? અશુભભાવ. શેનો? કે શરીરાદિ મારા છે એમાં મિથ્યાદષ્ટિ અશુભભાવમાં મૂર્છાઈ ગયો. આરે..! આવી વાતું હવે. છે? '**મિથ્યાત્વ ઔર વિષય કષાયાદિ અશુભકે અવલંબન (સહાયતા) સે તો પાપકો હી બાંધતા હૈ,...**' આહાહા..! સમ્યગ્દષ્ટિ નહિ. સમ્યગ્દષ્ટિને અશુભભાવ આવે, પાપ પણ બાંધે, પણ આ મિથ્યાત્વ નથી એટલે નરક અને નિગોદનું આયુષ્ય ન બાંધે ઈ. આહાહા..! સમજાણું કાંઈ? એવી વાત છે. મિથ્યાભ્રાંતિ છે ને? શરીર જડ છે, માટી છે, ધૂળ છે એમાં જેની મૂર્છા છે એ તો મિથ્યાદષ્ટિ છે. આહાહા..! અને વિષયકષાયમાં અશુભ અવલંબનથી '**પાપકો હી બાંધતા હૈ, ઉસકે ફલસે નરક નિગોદાદિકે દુ:ખોંકો ભોગતા હૈ...**' આહાહા..! લ્યો! સાતસો વર્ષ 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી ઔદારિક શરીરમાં, ભોગમાં, આસક્તિમાં ગાળ્યો. એક શ્વાસમાં અગિયાર

લાખ પલ્યોપમના દુઃખ ત્યાં સાતમી નરકમાં (ભોગવે છે). આહાહા..! એક શ્વાસોશ્વાસમાં, જે અહીંયાં એને સાતસો વર્ષ તો કાંઈ ચક્રવર્તી પદ નથી, પહેલું તો બાળકમાં ગયું હશે પછી આ તો આટલી ઉંમર સાતસો વર્ષ. આહાહા..! એને અલેખે લગાડ્યું. એને એક શ્વાસમાં જે કાંઈ ચક્રવર્તીના ભોગ, હોં! આહાહા..! છન્નું હજાર તો સ્ત્રી, એક સ્ત્રીની હજાર (દેવ) સેવા કરે. એક સ્ત્રી રત્ન. આહાહા..! અરે..! ભગવાનઆત્મા! ચૈતન્યરત્નને ભૂલી અને બાહ્ય સ્ત્રી રત્ન આદિમાં મૂર્છાઈ ગયો. મિથ્યાત્વસહિત વિષયકષાયના પરિણામ નરકમાં લઈ ગયા. સાતમી નરક, હોં! આહાહા..! ૩૩ સાગરની સ્થિતિ. સાતમી નરક. આહાહા..! એક શ્વાસ. કેમ શ્વાસ લે માણસ? અગિયાર લાખ આદિ પલ્યોપમનું દુઃખ. વધારે નહિ હોય? કાકડીના ચોરને ફાંસી એમ નહિ? એમ નહિ હોય? આહાહા..!

ભગવાન આનંદસ્વરૂપનો અનાદર કરી પરમાત્મા ચિદાનંદસ્વરૂપ... આહાહા..! એનો અનાદર કરી, અશાતના કરી અને રાગમાં સુખ માન્યું, એ શરીરમાં સુખ માન્યું. આહાહા..! એ એક શ્વાસમાં ભોગના સુખના.. છે તો દુઃખ, એના ફળ તરીકે અસંખ્ય અબજ વર્ષનું (દુઃખ ભોગવે). એક શ્વાસનું ફળ અસંખ્ય અબજ વર્ષ દુઃખ. આહાહા..! કેમકે વસ્તુ જે શુદ્ધ ચૈતન્યઘન, એનો અનાદર કર્યો અને આમાં પાપના ભવમાં આદર થયો એનો. આહાહા..! સમજાણું કાંઈ? એમાં એ મુર્છાઈ ગયો. આહાહા..! એમાં ને એમાં લીન થઈ ગયો. આ મિથ્યાત્વ સહિતની વાત છે, હોં! સમજાણું કાંઈ? આહા..!

'**મિથ્યાત્વ ઔર વિષય કષાયાદિ અશુભકે અવલંબન (સહાયતા) સે...**' આહાહા..! '**પાપકો હી બાંધતા હૈ,...**' આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છે એ બધું. આહાહા..! જ્ઞાનીને એ અશુભભાવ હોય છે પણ એને પૃથક્ છે અને એમાં હિતબુદ્ધિ ઊડી ગઈ છે. સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! એ તો નથી સમાધાન થાતું એટલે જરી રાગ થાય છે. પણ એના ફળમાં એને નરક-નિગોદ ન હોય. આહાહા..! એ સમ્યગ્દૃષ્ટિ તો સ્વર્ગમાં જ જવાનો. આહાહા..! એ પરિણામથી નહિ પણ એને પરિણામ શુભ આવે ત્યારે એ સ્વર્ગનું આયુષ્ય બાંધશે. અશુભપરિણામમાં એ આયુષ્ય નહિ બાંધે. આહાહા..!

મુમુક્ષુ :- પ્રગટ..

ઉત્તર :- મહિમા છે, વસ્તુ છે. એ ચૈતન્ય ચમત્કાર પદાર્થ ભગવાન... આહાહા..! એની જેને અંતર્મુખ થઈને પ્રતીતિ થઈ છે, વિશ્વાસ આવ્યો છે કે આ તો ચૈતન્ય આનંદમૂર્તિ તે હું. આહાહા..! એને અશુભભાવ આવે ખરો. પણ એ નરકનું નિગોદનું આયુષ્ય ન બાંધે એમ કહે છે. મિથ્યાદૃષ્ટિ હોય એ નરક-નિગોદનું આયુષ્ય બાંધે. આહાહા..! '**ઉસકે ફલસે નરક નિગોદાદિકે દુઃખોંકો ભોગતા હૈ...**' એ અશુભ, મિથ્યાત્વીનું અશુભ, હોં!

હવે સમકિતીનું શુભ. '**અરહંત,...**' લ્યો! આમાં અરહંત લીધું છે. બીજામાં અરિહંત આવે છે. '**अर्हत**' છે સંસ્કૃત. '**अर्हत**' સિદ્ધ. '**અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ઈન પાંચ પરમેષ્ઠિયોંકે ગુણસ્મરણ...**' પંચપરમેષ્ઠીનું ગુણસ્મરણ. '**દાનપૂજાદિ શુભ**

**ક્રિયાઓંસે સંસારકી સ્થિતિકા છેદનેવાલા...**' સંસારની સ્થિતિ ઘટાડી દે. એવું '**તીર્થંકરનામકર્મ ઉસકો આદિ લે...**' આહાહા..! જોયુ! એ સમકિતીની વાત છે આ. ઓલી મિથ્યાત્વીની હતી.

મુમુક્ષુ :- શબ્દ અર્હંત છે કે અરિહંત?

ઉત્તર :- બેય છે. ખરું અરિહંત છે. મૂળમાં અરિહંત શબ્દ છે. ષટ્ખંડાગમ છે ને.

એવા પંચપરમેષ્ઠીનું ગુણ સ્મરણ કોણ કરે? સમકિતીની આ વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! '**દાનપૂજાદિ શુભ ક્રિયાઓંસે...**' આહાહા..! એને સંસારની સ્થિતિ ઘટે છે ત્યાં. સ્થિતિ ઘટે છે, હોં! શુભભાવ છે ને? સંસારની સ્થિતિ-કર્મની સ્થિતિ ઘટે. અભાવ ન થાય. સ્થિતિ ઘટે, રસ ઘટે. એ અપેક્ષાએ એને '**સંસારકી સ્થિતિકા છેદનેવાલા જો તીર્થંકરનામકર્મ ઉસકો આદિ લે...**' આહાહા..! છે ને? તીર્થંકર નામકર્મ તો સમકિતી જ બાંધે. મિથ્યાદૃષ્ટિ તીર્થંકરનામકર્મ બાંધે જ નહિ. આહાહા..! જેમાં રાગની અને શરીરની એકત્વબુદ્ધિ (છે) એવા મિથ્યાદૃષ્ટિને તીર્થંકરગોત્રનો ભાવ આવે જ નહિ. આહાહા..! જેને આ આત્મા, સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એવો જે શુદ્ધ ચૈતન્યઘન, નિર્મળ વિજ્ઞાનઘન, એનો જેને અનુભવ થઈને પ્રતીતિ થઈ છે... આહાહા..! એ સમ્યગ્દૃષ્ટિને પંચપરમેષ્ઠીનું ગુણસ્મરણ, પૂજા, દાનાદિનો શુભભાવ તીર્થંકરપ્રકૃતિ આને બાંધે. છે? આદિ લે, છે ને? સર્વાર્થસિદ્ધનું આયુષ્ય બાંધે. કોઈ આહારક શરીર આદિ બાંધે. સમકિતી છે ને? આહાહા..!

'**વિશિષ્ટ ગુણરૂપ પુણ્યપ્રકૃતિયોંકો અવાંછીક વૃત્તિસે બાંધતા હૈ.**' લ્યો! છે ને? '**આદિ લે વિશિષ્ટ ગુણરૂપ પુણ્યપ્રકૃતિયોંકો...**' પુણ્યપ્રકૃતિ '**અવાંછીક વૃત્તિ...**' વાંછા-ઈચ્છા નથી પુણ્યની. સમકિતીને પુણ્યની ઈચ્છા નથી પણ નબળાઈને લઈને પુણ્ય આવે છે. પુણ્યની ઈચ્છા નથી. ઈચ્છા તો મોક્ષની જ છે એને. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ પ્રભુ આત્મા, એની પ્રાપ્તિની જ ઈચ્છા એને છે. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ ગયા લાગે છે? 'બાબુભાઈ' બે દિ' રહ્યા. એકલા આવ્યા હતા? આહાહા..!

'**તથા કેવલ શુદ્ધાત્માકે અવલંબનરૂપ...**' હવે શુદ્ધની વાત છે. પહેલી અશુભની કીધી એ મિથ્યાદૃષ્ટિના પરિણામ વિષયકષાયવાળાના અશુભ પરિણામ એનું કહ્યું. પછી શુભના કીધા એ સમ્યગ્દૃષ્ટિના શુભપરિણામ. આહાહા..! કેમકે મિથ્યાદૃષ્ટિને તો નિશ્ચયથી તો શુભભાવ આવે છતાં એને અશુભ કીધો છે. અને સમ્યગ્દૃષ્ટિના શુભ પરિણામ ત્યાંથી શુભ શરૂ કર્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પહેલી .. અશુભ ઉપયોગથી ...

ઉત્તર :- અશુભની જ મુખ્યતા મિથ્યાત્વીને છે. મિથ્યાત્વ પોતે અશુભ છે ને? એટલે મુખ્યતાથી એને (કહ્યું છે). સમ્યગ્દૃષ્ટિને શુભભાવ આવે ખરો, પણ એની મુખ્યતામાં શુદ્ધ ઉપયોગ દૃષ્ટિમાં છે. શુદ્ધ સ્વભાવ. એ શુભ આવે એમાં અવાંછિત રીતે શુભપરિણામ આવે છે. એમ કહે છે. એની વાંછા નથી, શુભપરિણામની વાંછા નથી. આહાહા..! ચોર્યાસી લાખના ચક્રના વમળમાં પડ્યો છે ને. કાંઈ ભાન ન મળે એને. આહાહા..! હું ક્યાં છું? કોણ

છું? શું કરું છું? એથી એને તો મિથ્યાદષ્ટિને તો વિષય-કષાયના પરિણામના ફળમાં નરક અને નિગોદ કીધું છે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને અંદર એ?

'**पापं बध्नाति**' એ '**पापं बध्नाति**' એટલું. પછી એનો અર્થ કર્યો છે, હોં! પાઠમાં એટલું જ છે. '**अवलंबनेन**' '**पापं बध्नाति**' છે ને? પછી અર્થકારે નરક-નિગોદનો ખુલાસો કર્યો છે. આહાહા..! અને શુદ્ધોપયોગી.. આહાહા..! દયા, દાન, પૂજા, ભક્તિ એ શુભભાવ (છે) અને વિષય-કષાયના પરિણામ મિથ્યાત્વ સહિતના અશુભભાવ (છે). સમજાય છે કાંઈ? જેને આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદઘન, એની જેને ખબર નથી, એની શ્રદ્ધા નથી, એનો આદર નથી, એવા મિથ્યાદષ્ટિ જીવો મિથ્યાત્વના પરિણામનો આદર કરી અને રાગનો આદર કરી અને નરક અને નિગોદનું આયુષ્ય બાંધે. '**पापं बध्नाति**' પાઠમાં છે. એનો અર્થ પછી કર્યો છે. આહાહા..! અને જેને આત્માનું ભાન છે કે, અરે..! અમે તો આત્મા, પરમાત્મ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છીએ, એને જે કાંઈ શુભભાવ આવે એને અશુભની વાત ગણી નથી. મુખ્યપણે એને પુણ્ય જ બંધાય છે. આહાહા..!

હવે શુદ્ધ. '**કેવલ શુદ્ધાત્માકે અવલંબનરૂપ શુદ્ધોપયોગસે...**' એકલો ભગવાનઆત્મા સચ્ચિદાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મા, એના અવલંબને જે પરિણામ થાય તે શુદ્ધ થાય. આહાહા..! દેવ, ગુરુ અને શાસ્ત્રના અવલંબે પણ સમકિતીને શુભ થાય, શુદ્ધ ન થાય. આહાહા..! સમજાણું કાંઈ? આ તો વાત બાપુ! ધર્મની ગહન છે. તીર્થંકર સર્વજ્ઞદેવ, એણે જે જોયું કેવળજ્ઞાનમાં.. આહાહા..! પ્રત્યક્ષ જોયું એની આ વાત છે. ગંભીર-ગંભીર વાત છે, પ્રભુ! આહાહા..!

સમકિતી ચોથે ગુણસ્થાને લડાઈમાં પણ હોય પણ એ આયુષ્ય બાંધશે ત્યારે એને શુભભાવ આવશે ત્યારે બાંધશે. આહાહા..! એટલી બલિહારી છે. ચૈતન્યસ્વભાવ ભગવાનઆત્મા, એનો જેને અનુભવ, સમ્યગ્દર્શન, હોં! આહાહા..! એ શુદ્ધ ચૈતન્ય વસ્તુ ભગવાનઆત્મા, એનો જેને અનુભવ થઈને સમ્યગ્દર્શન, ચોથું ગુણસ્થાન (પ્રગટ થયું છે)... આહાહા..! કહે છે કે એ લડાઈમાં કદાચિત્ જાય, પણ એ વખતે આયુષ્ય નહિ બાંધે. એ કર્મ બાંધશે. આહાહા..! જ્યારે એને શુભભાવ આવશે, દાન, પૂજા, ભક્તિ આદિનો, એમાં એ આયુષ્ય બાંધશે. એટલી તો બલિહારી સમ્યગ્દર્શનની છે. હવે એ સમ્યગ્દર્શન શું એની કાંઈ ખબર ન મળે. આ દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ એ સમ્યક્. હવે વ્રત કરો એ ચારિત્ર. એકડા વિનાના મીંડા છે બધા. સમજાણું કાંઈ? આહાહા..!

'**શુદ્ધાત્માકે અવલંબનરૂપ...**' ભાષા જુઓ! દેવ, ગુરુ અને શાસ્ત્રનું અવલંબન હોય ત્યાં સુધી સમકિતીને શુભભાવ હોય છે. આહાહા..! પણ આ એકલો આત્મા ચૈતન્યજ્યોત પ્રભુ અતીન્દ્રિય આનંદસ્વરૂપ, વિજ્ઞાનઘન એવો જે ભગવાનઆત્મા, એનું અવલંબન લેતા શુદ્ધ ઉપયોગ થાય. ત્યારે ધર્મ થાય. આહાહા..! સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન લે ત્યાં સુધી એને પુણ્ય પરિણામ છે. વ્યવહાર ધર્મ છે-પુણ્ય. પણ એ કોને? આ સમકિતીની વાત છે. આહાહા..! જેને આત્મજ્ઞાન છે, આત્મદષ્ટિ થઈ છે. ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્માનો

અનુભવ અંતરમાં સમકિતીને ચોથે ગુણસ્થાને આનંદના સ્વાદ આવ્યા જેને.. આહાહા..! એના સ્વાદ આગળ પુણ્ય-પાપનો સ્વાદ એને ફીક્કો લાગે છે, દુઃખરૂપ લાગે છે. આહાહા..! તેથી એને અશુભભાવ આવે છતાં આયુષ્ય નહિ બાંધે. આહાહા..! એને શુભભાવ વખતે બાંધશે. આહાહા..! મિથ્યાદૃષ્ટિને તો અશુભ પરિણામની પ્રધાનતા ગણી છે. આહાહા..!

પહેલે ગુણસ્થાને તો અશુભયોગ ગણ્યો છે. અશુભ પરિણામ જ ગણ્યા છે. 'ગોમ્મટસાર'. ચોથે ગુણસ્થાનથી શુભ લીધું છે. આહાહા..! અને આ તો શુદ્ધ એ ચોથે ગુણસ્થાનથી સમ્યગ્દર્શન થયું, ગૃહસ્થાશ્રમમાં ભલે હો, તો (પણ) ચોથે ગુણસ્થાને એને સ્વસંવેદન જ્ઞાન શરૂ થાય છે. સમજાણું કાંઈ? સ્વસંવેદનજ્ઞાન. એ સ્વ એટલે પોતે પોતાને પ્રત્યક્ષ જ્ઞાનથી વેદે એવું સ્વસંવેદનજ્ઞાન સમકિતીને ચોથે ગુણસ્થાને થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું આકરી પડે જગતને. બહારમાં માની બેઠા હોય ને. આહાહા..!

શુદ્ધાત્માને '**કેવલ શુદ્ધાત્માકે...**' એમ લીધું છે ને? એકલો પ્રભુ શુદ્ધાત્મા. આત્મા શુદ્ધ જ છે. પર્યાયમાં અશુદ્ધતા છે એ તો પરસંબંધીના લક્ષવાળી છે. વસ્તુ છે એ તો શુદ્ધઆત્મા જ છે પરમાત્મા. દરેક આત્મા. આહાહા..! એવું કેવળ. તેથી એમ લીધું છે ને? '**કેવલ શુદ્ધાત્માકે અવલંબનરૂપ શુદ્ધોપયોગસે ઉસી ભવમેં કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ મોક્ષકો પાતા હૈ.**' લ્યો! શુદ્ધ ઉપયોગથી મોક્ષને પામે. શુભ ઉપયોગથી સમકિતી તીર્થંકર ગોત્ર આદિ બાંધે અને સ્વર્ગાદિમાં જાય. આહાહા..! અને અશુભ ઉપયોગી મિથ્યાદૃષ્ટિ જેની દૃષ્ટિ મિથ્યાત્વ છે, પુણ્યથી ધર્મ માને છે, એ જાત્રા ને ભક્તિ ને વ્રત ને તપના પરિણામ એ પુણ્ય છે એને અજ્ઞાની ધર્મ માને છે, એવા મિથ્યાદૃષ્ટિને એકલા અશુભ જ પરિણામ વર્તે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અમે જેને ધર્મ કહીએ છીએ, આપ એને પુણ્ય કહો છો.

ઉત્તર :- પુણ્ય એ તો વ્યવહારધર્મ કીધો. કીધું ને. નિશ્ચયધર્મ છે એને. વ્યવહારધર્મ એટલે ધર્મ નથી તેને ધર્મ કહેવો એ વ્યવહાર. આહાહા..! પુણ્ય છે, એ તો પુણ્ય છે. સમકિતીને. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ આત્મા શુદ્ધ ચૈતન્યના અવલંબે એને શુદ્ધ ઉપયોગ થાય છે. તે ઉપયોગ તે મોક્ષનું કારણ છે. એને જેટલો દેવ-ગુરુ અને શાસ્ત્રના અવલંબને શુભભાવ થાય એ પુણ્યબંધનું કારણ છે. આહાહા..! આવી વાત છે.

અરે..! જન્મ્યો, બાળક થયો ત્યાં તો રમવામાં વખત ગયો એને. જ્યાં મોટો થયો તો પરણ્યો એટલે બાયડીમાં વખત ગયો. આહાહા..! અને એમાં બાકી કાંઈક હોય તો ધંધામાં ગયો. આહાહા..! અર..ર..! એના આત્મા માટે શું? એ વખત ન ગાળ્યો એણે. વૃદ્ધાવસ્થા થાય પછી થઈ રહ્યું. હાય.. હાય.. મોઢામાંથી લાળું પડે, બેસી શકે નહિ. 'બાળપણ ખેલમેં ખોયા, જુવાની સ્ત્રીમેં મોહ્યા, વૃદ્ધપણ દેખકે રોયા.' શેઠ! આવું અમે સાંભળતા ત્યાં. 'પાલેજ'માં મુસલમાનના ઘર ઘણાને. પહેલા તો દુકાનમાં પાટિયા હતા મોઢા આગળ એટલે ખાટલો નહોતો રહેતો. એ બહાર સૂતા હોય બહાર. મુસલમાન ફકીર સવારમાં વહેલા નીકળે. આમ બોલતા એ ત્યાં. 'બાળપણ ખેલમેં ખોયા...' બાળકપણે ૧૫-૨૦ વર્ષની ઉંમરમાં

ખેલ-રમતું કરી પાપની. આહાહા..! 'જુવાની સ્રીમેં મોહ્યા...' જુવાન જ્યાં શરીર થયું. સ્રી એટલે આહાહા..! જાણે કૃતકૃત્ય થઈ ગયું ને આપણે કમાણા. એય..! 'રમેશચંદજી'! 'વૃદ્ધાપણ દેખકે રોયા.' ધૂળ છે આ તો. કીધું ને આ? પહેલું કહ્યું ને ૧૪૭. મનુષ્યપણું શરીર દેખાય છે સારપણે એને દાટો તો સડી સડીને ગંધ થાય. જમીનમાં આ શરીરને દાટો તો સડીને ગંધ મારે. બાળે તો રાખ થાય. આહાહા..! આ તો જડ-માટી-ધૂળ છે. આ ક્યાં આત્મા છે? અને એ ક્યાં આત્માની ચીજ છે? આહાહા..!

મુમુક્ષુ :- આ શરીરને ધર્મનું...

ઉત્તર :- એ તો શરીરાદ્ય ખલુ ધમ્મો. એ તો નિમિત્તથી કથન છે. એ કર્તા ન થાય. નિમિત્તનો અર્થ એ ધર્મનો કર્તા નથી. નિમિત્ત છે પણ નિમિત્ત કર્તા નથી. એ સાધન કર્તા નથી.

મુમુક્ષુ :- વ્યવહાર સાધન.

ઉત્તર :- વ્યવહાર સાધન એટલે નિમિત્ત છે એમ.

મુમુક્ષુ :- એ માધ્યમ...

ઉત્તર :- આવે છે ને. કીધું ને એ. એ તો કહ્યું ને. એ વાત કીધી ને હમણા. વાત થઈ ગઈ. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં છે. આહાહા..! અહીં તો રાગ વ્યવહાર સાધન એ ધર્મનું નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ એ પણ રાગ છે એ પણ ધર્મનું સાધન નથી. એ તો વિકાર છે. આહાહા..! અરે..! જગતને ક્યાં જાવું?

મુમુક્ષુ :- મુનિને આહારદાન આપવાનું,,,

ઉત્તર :- સમકિતી હોય એને પુણ્ય બંધાય. આહારદાન આપે. સમકિતી હોય તો. અને તે આહારદાન લેનારો સમકિતી હોય, સાધુ સમકિતી આત્મજ્ઞાની હોય તો એને આપે તો શુભભાવ થાય. ધર્મ નહિ.

મુમુક્ષુ :- શાસ્રમાં તો એમ આવે છે. . શ્રાવકે મુનિને મોક્ષમાં...

ઉત્તર :- હા. આપ્યો. એ નિમિત્તથી કથન છે. આમાં છે ને શું કહેવાય? 'પદ્મનંદિ પંચવિંશતિ'માં છે એ. એ તો નિમિત્તનું કથન છે. કોણ દે અને કોણ લે? એનો ભાવ હતો એટલો શુભ છે, બસ. જડને આહાર દે અને લે એ ક્રિયા આત્માની છે? આત્મા કરી શકે છે? આહાહા..! એ પરમાણુ માટી છે. એને દેવું અને લેવું એ આત્મા પરની ક્રિયા કરી શકે? આહાહા..!

મુમુક્ષુ :- ભાવ કરી શકે છે.

ઉત્તર :- ભાવ કરે શુભ. બસ, એટલી વાત છે. આહાહા..!

શ્વેતાંબરમાં તો એ આવે છે. મિથ્યાદૃષ્ટિ હોય ઓલો દેનારો. એને તો ક્યાં, એ તો નવું બનાવ્યું છે ને કલ્પિત. અને પછી સાધુ હોય એને આહાર-પાણી આપે તો સંસાર પરિત કરે એવો પાઠ છે. તદ્દન ખોટી કલ્પના. સમજાણું કાંઈ? એય..! 'સુજાનમલજી'! ક્યાં તમે બધું સાંભળ્યું છે કે નહિ ઈ? વિપાકસૂત્ર છે શ્વેતાંબરમાં. એમાં દસ મોટા મિથ્યાદૃષ્ટિ ગૃહસ્થો છે.

સાધુને આહાર-પાણી આપે અને સંસાર પરિત કરે છે. ઘટાડે છે. જૂઠી વાત છે. તીર્થંકર જેવા મુનિ હોય એને પણ આહાર આપે, પાણી આપે તો શુભભાવ થાય. સંસાર ઘટે નહિ. સમકિતીને પુણ્ય થાય તો સંસારની સ્થિતિ ઘટે. સ્થિતિ. આવ્યું ને ઈ? પણ ઈ સમકિતીને. આહાહા..! જેને પુણ્યની ઈચ્છા નથી, જેને પુણ્ય થાય છતાં એની વાંછા નથી અને ભગવાન આનંદનો નાથ પ્રભુ એની જેને દૃષ્ટિ થઈ છે, એ સમકિતીને તીર્થંકર પ્રકૃતિમાં સંસારની સ્થિતિ ઘટે. સ્થિતિ ઘટે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના. અહીં તો આવે છે એ વાત છે. પણ કોઈ તીર્થંકરને આપે, બીજા સાધુને આપે તો મિથ્યાદૃષ્ટિ હોય. તીર્થંકરને આપે એ તો આવા સમકિતી લાગે છે આ બધા. 'શ્રેયાંસકુમાર' ને નહિ? 'ૠષભદેવ' ભગવાનને આહાર આપ્યો. રાજકુમાર રાજા 'શ્રેયાંસકુમાર' મહારાજા હતા. રાજકુમાર એકાવતારી, ચરમશરીરી. ... એને સ્વપ્નું આવ્યું. કલ્પવૃક્ષ સુકાય છે. પૂછયું. નિમિત્તજ્ઞાનીને કે આ શું છે ભાઈ આ? રાજકુમાર. કોઈ મુનિમહારાજ પધારશે તારે ઘરે એવું લાગે છે. એ સ્વપ્ન આવ્યું લાગે છે. એમાં ભગવાન આવે છે. આમ જોઈને... આહાર દેવાની વિધિ એને આવડે નહિ. રાજકુમાર છે. આમ નજર કરતા કરતા જાતિસ્મરણ થઈ જાય છે. પૂર્વ ભવનું જ્ઞાન થઈ જાય છે. એમાં એ આહાર આપે છે. આહાહા..! શુભભાવ છે. પણ સમકિતી છે ને. આહાહા..! આત્મજ્ઞાન છે એટલે શુભભાવનું અવાંચ્છિક રીતે બંધન થાય છે. ભાઈ! ઝીણી વાતું, બાપુ! એ વીતરાગનો માર્ગ બહુ ઝીણો છે, ભાઈ! લોકો એ કંઈ ને કંઈ માનીને બેઠા છે. આહાહા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો માર્ગ, શુદ્ધ આત્માનું અવલંબન લે તો વીતરાગતા થાય એમ કહે છે. વીતરાગનું અવલંબન લે તોપણ વીતરાગતા ન થાય. આવી વાત છે. એની ક્યાં ખબર (છે). કોનું અવલંબન લે? એ આંધળી દોડે એમ ને એમ જિંદગી મજૂરીમાં જાય. આહાહા..! અહીં તો પરમાત્મા એમ કહે છે કે જે શુદ્ધ પરિણામ થાય વીતરાગી, કોને? જેને આત્મા અંતર આનંદમૂર્તિ પ્રભુ છે એનું અવલંબન લે એને શુદ્ધ પરિણામ થાય, એને ધર્મ થાય. આહાહા..! સમજાણું કાંઈ? છે?

**'કેવલ શુદ્ધાત્મા...'** એકલો ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળાનંદ વિજ્ઞાનઘન. આહાહા..! એણે સાંભળ્યો પણ ન હોય, કોઈ દિ' વિચાર્યો પણ ન હોય અને ધર્મ થઈ જાય. ધૂળમાંય ધર્મ નથી ક્યાંય. આહાહા..! સમજાણું કાંઈ? **'કેવલ શુદ્ધાત્મા...'** એકલો. પર્યાય પણ નહિ. ભગવાન નહિ, તીર્થંકર સર્વજ્ઞ પણ અવલંબનમાં નહિ. કારણ કે એનું અવલંબન લેતા શુભપરિણામ પુણ્ય થાય, ધર્મ નહિ. તેમ પર્યાયનું અવલંબન નહિ. આહાહા..! રાગનું નહિ. નિમિત્તનું નહિ. આહાહા..! શુદ્ધાત્મા ધ્રુવ વિજ્ઞાનઘન જે આત્મા, નિર્મળ વિજ્ઞાનઘન આત્મા, એનું અવલંબન લેતાં એને શુદ્ધ પરિણામ થાય. આહાહા..! સમજાણું કાંઈ? આમ વાત છે, ભાઈ! આહાહા..! બહુ ખુલાસો સારો કર્યો છે.

ચૈતન્ય આ આત્મા... આ દેહ આ તો માટી, હાડકા છે, જડ છે, આ તો ધૂળ પુદ્ગલ

છે. અંદર હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગના ભાવ થાય એ પાપ છે. દયા, દાન, ભક્તિ, વ્રત, જાત્રાના ભાવ થાય એ શુભ પુણ્ય છે, પણ એ આસ્રવ છે. આહાહા..! બેય પરિણામ વિનાનો અંદર શુદ્ધ આત્મા ચિદાનંદ પ્રભુ (છે), એમ કહે છે. અહીં ભગવાન 'કુંદકુંદાચાર્ય'ની શૈલી છે આ. છે 'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ ૧૩૦૦ વર્ષ પહેલા 'યોગીન્દ્રમુનિ' દિગંબર (થયા). એ એમ કહે છે '**કેવલ શુદ્ધાત્મા...**' આહાહા..! એકલો શુદ્ધ પરમાત્મસ્વરૂપ ભગવાનઆત્મા છે આ. એનું અવલંબન લે તો શુદ્ધ પરિણામ થાય. ત્યારે તેને ધર્મ પરિણામ થાય. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું હવે.

'**કેવલ...**' એકલો શુદ્ધાત્મા. આહાહા..! ભગવાન અંતરમાં અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ આત્મા છે. આહાહા..! હજી એની ખબર ક્યાં છે એને. આહાહા..! જેમ હરણની નાભિમાં કસ્તુરી, એમ ભગવાનના અંદરમાં અતીન્દ્રિય આનંદની કસ્તુરી ભરી છે. આહાહા..! એ અતીન્દ્રિય આનંદ એવો શુદ્ધાત્મા, એનું અવલંબન લઈને. છે? આહાહા..! '**શુદ્ધાત્માકે અવલંબનરૂપ શુદ્ધોપયોગસે...**' એને શુદ્ધ ઉપયોગ થાય. એ શુદ્ધઉપયોગ તે સંવર અને નિર્જરા. શુદ્ધ ઉપયોગ તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ અભેદરત્નત્રય. નિશ્ચય મોક્ષમાર્ગ. આહાહા..! શુદ્ધ ચૈતન્ય. સમજાણું કાંઈ?

'**કેવલ શુદ્ધાત્મા...**' આહાહા..! વિજ્ઞાનઘન આત્મા. નિર્મળ વિજ્ઞાનઘન આત્મા, એનું અવલંબન લેતા શુદ્ધ પરિણામે મુક્તિ થાય. શુદ્ધ ઉપયોગ થાય. બાકી ભગવાન તીર્થંકર અને તીર્થંકરની મૂર્તિનું અવલંબન લેતા શુભભાવ પુણ્ય થાય. ધર્મ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એવા '**શુદ્ધોપયોગસે ઉસી ભવમેં...**' આહાહા..! કોઈને. '**કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ મોક્ષકો પાતા હૈ.**' કેવળજ્ઞાનાદિ અનંતગુણની પર્યાયરૂપી મોક્ષને પામે છે. આહાહા..! એ શુદ્ધોપયોગથી મુક્તિ થાય. એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી મુક્તિ ન થાય, પુણ્યબંધન થાય. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- હિન્દીમાં...

ઉત્તર :- સાંભળો, સાંભળો. .. કલકલ કર્યા જ કરે નવું. અહીં સાંભળવું હોય એ સાંભળશે.

'**ઈન તીન પ્રકારકે ઉપયોગોંમેંસે...**' ત્રણ પ્રકારના ઉપયોગ. એક શુભ, એક અશુભ, એક શુદ્ધ. અશુભ-હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ-વાસના, કમાવું એ બધો પાપભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ બધો પુણ્યભાવ છે. બેય ધર્મ નથી. સમજાણું કાંઈ? છે? '**તીન પ્રકારકે ઉપયોગોંમેસે...**' ત્રણ પ્રકારના ઉપયોગ થયા ને? શુભ, અશુભ, શુદ્ધ. '**સર્વથા ઉપાદેય તો શુદ્ધોપયોગ હી હૈ,...**' આહાહા..! ઉપયોગમાં. વીતરાગી પરિણામ આત્માને અવલંબને થાય તે વીતરાગી પરિણામ જ આદરણીય છે. '**અન્ય નહીં હૈ.**' શુભ અને અશુભ પરિણામ આદરણીય નથી, નિશ્ચયથી. નિશ્ચયથી આદરણીય નથી. આહાહા..! ભગવાનની ભક્તિ, પૂજા, દાન, દયાના ભાવ પુણ્ય નિશ્ચયથી આદરણીય નથી.

વ્યવહારથી કહેશે. સમજાય છે કાંઈ? આહાહા..! **'અન્ય નહીં હૈ. ઔર શુભ, અશુભ ઈન દોનોંમેંસે અશુભ તો સબ પ્રકારસે નિષિદ્ધ હૈ,...'** અશુભ પરિણામ તો નિષેધ્ય જ છે. હિંસા, જૂઠું, ચોરી, કામ, ભોગ, ક્રોધ, માન, માયા, લોભ, રળવું, કમાવું, દુકાન ઉપર ધંધામાં બરાબર રહેવું, એ બધો પાપભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- વકીલાત તો એમાં આવી નહિ.

ઉત્તર :- વકીલાત કરવાનો ભાવ પાપભાવ છે. આ ડોક્ટર કરવાનો ભાવ પૈસા કમાવા માટે પાપભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

**'અશુભ તો સબ પ્રકારસે નિષિદ્ધ હૈ,...'** નરક, નિગોદના કારણ છે. મિથ્યાદૃષ્ટિની વાત લીધી છે. **'કિસી તરહ ઉપાદેય નહીં હૈ-હેય હૈ,...'** આહાહા..! અશુભ. અશુભભાવ તો પાપ છે. એકલું હેય છે. આહાહા..! **'તથા...'** એ પોતે ખુલાસો કર્યો છે. **'मुख्यवृत्त्या शुद्धोपयोग'** એ ઉપાદેય. **'मुख्यवृत्त्या'** શબ્દ છે ને એટલે જરી કાઢ્યું વળી. શુભ ઉપયોગ સમકિતીને **'પ્રથમ અવસ્થામેં** (વ્યવહાર તરીકે) **ઉપાદેય હૈ,...'** એ ઉપયોગ પ્રથમ અવસ્થામાં ઉપાદેય કહેવામાં આવે છે. એમ. એનો અર્થ. વ્યવહાર છે ને અહીં તો. નિશ્ચયથી તો પહેલા વાત કરી. **'પરમ અવસ્થામેં ઉપાદેય નહીં હૈ,...'** પરમ અવસ્થામાં શુભ ઉપયોગ હેય છે. ઉપાદેય નથી, હેય છે. આહાહા..!

મુમુક્ષુ :- પરમ અવસ્થા સાતમે ગુણસ્થાને.

ઉત્તર :- એ હેય જ છે, ચોથેથી હેય જ છે. ચોથે ગુણસ્થાન સમકિતથી પુણ્યનો ભાવ હેય છે. રાગ છે ને? એ તો રાગ છે. આહાહા..!

ભગવાન તો વીતરાગસ્વરૂપ આત્મા છે. એના અવલંબને જે પરિણામ થાય છે એ શુદ્ધ થાય છે, શુદ્ધ હોય છે. એ શુદ્ધ થાય એ જ ધર્મ છે. આહાહા..! શુભ પરને અવંલબે થાય એ તો હેય છે. પહેલેથી હેય છે. પણ વ્યવહાર આવે છે એ અપેક્ષાએ વ્યવહારથી ઉપાદેય કહ્યું.

મુમુક્ષુ :- વ્યવહાર સાધન...

ઉત્તર :- વ્યવહાર સાધન છે ને. આ ભગવાનનો આદર કરે છે તો વ્યવહારથી છે ને. વ્યવહારથી આદર ન હોય તો ભગવાનની પૂજા અને ભક્તિ કાંઈ થાય નહિ. એવી અપેક્ષા છે. ૭૧ થઈ લ્યો! આહાહા..!

---

**अत ऊर्ध्वं तस्मिन्नेव महास्थलमध्ये पञ्चदशसूत्रपर्यन्तं वीतरागस्वसंवेदन ज्ञानीमुख्यत्वेन व्याख्यानं क्रियते। तद्यथा –**

**१९९) दाणिं लब्भइ भोउ पर इंदत्तणु वि तवेण।**
**जम्मण-मरण-विवज्जियउ पउ लब्भइ णाणेण।।७२।।**

दानेन लभ्यते भोगः परं इन्द्रत्वमपि तपसा।
जन्ममरणविवर्जितं पदं लभ्यते ज्ञानेन।।७२।।

दाणिं इत्यादि। दाणिं लब्भइ भोउ पर दानेन लभ्यते पञ्चेन्द्रियभोगः परं नियमेन। इंदत्तणु वि तवेण इन्द्रत्वमपि तपसा लभ्यते। जम्मण-मरण-विवज्जियउ जन्ममरणविवर्जितं पउ पदं स्थानं लब्भइ लभ्यते प्राप्यते। केन। णाणेण वीतरागस्वसंवेदनज्ञानेनेति। तथाहि। आहाराभयभैषज्यशास्त्रदानेन सम्यक्त्वरहितेन भोगो लभ्यते। सम्यक्त्वसहितेन तु यद्यपि परंपरया निर्वाणं लभ्यते तथापि विविधाभ्युदयरूपः पञ्चेन्द्रियभोग एव। सम्यक्त्वसहितेन तपसा तु यद्यपि निर्वाणं लभ्यते तथापि देवेन्द्रचक्रवर्त्यादिविभूतिपूर्वकेणैव। वीतरागस्वसंवेदनसम्यग्ज्ञानेन सविकल्पेन यद्यपि देवेन्द्रचक्रवर्त्यादिविभूतिविशेषो भवति तथापि निर्विकल्पेन मोक्ष एवेति। अत्राह प्रभाकरभट्टः। हे भगवान् यदि विज्ञानमात्रेण मोक्षो भवति तर्हि सांख्यादयो वदन्ति ज्ञानमात्रादेव मोक्षः तेषां किमिति दूषणं दीयते भवद्भिरिति। भगवानाह। अत्र वीतरागनिर्विकल्पस्वसंवेदनसम्यग्ज्ञानमिति भणितं तिष्ठति तेन वीतरागविशेषणेन चारित्रं लभ्यते सम्यग्विशेषणेन सम्यक्त्वमपि लभ्यते पानकवदेकस्यापि मध्ये त्रयमस्ति। तेषां मते तु वीतरागविशेषणं नास्ति सम्यग्विशेषणं च नास्ति ज्ञानमात्रमेव। तेन दूषणं भवतीति भावार्थः।।७२।।

---

इसप्रकार इकतालीस दोहोंके महास्थलमें पाँच दोहोंमें शुद्धोपयोगका व्याख्यान किया। आगे पन्द्रह दोहोंमें वीतरागस्वसंवेदनज्ञानकी मुख्यतासे व्याख्यान करते हैं –

गाथा – ७२

अन्वयार्थ :– [ दानेन ] दानसे [ परं ] नियम करके [ भोगः ] पाँच इंद्रियोंके भोग [ लभ्यते ] प्राप्त होते हैं, [ अपि ] और [ तपसा ] तपसे [ इंद्रत्वम् ] इंद्र-पद मिलता है, तथा [ ज्ञानेन ] वीतरागस्वसंवेदनज्ञानसे [ जन्ममरणविवर्जितं ] जन्म-जरा-मरणसे रहित [ पदं ] जो मोक्ष-पद वह [ लभ्यते ] मिलता है।

भावार्थ :– आहार, अभय, औषध और शास्त्र इन चार तरहके दानोंको यदि सम्यक्त्व रहित करे, तो भोगभूमिके सुख पाता है, तथा सम्यक्त्व सहित दान करे, तो परम्पराय मोक्ष पाता है। यद्यपि प्रथम अवस्थामें देवेन्द्र चक्रवर्ती आदिकी विभूति भी पाता है, तो भी निर्विकल्पस्वसंवेदनज्ञानकर मोक्ष ही है। यहाँ प्रभाकरभट्टने प्रश्न किया, कि हे भगवन्, जो ज्ञानमात्रसे ही मोक्ष होता है, तो सांख्यादिक भी ऐसा ही कहते हैं, कि ज्ञानसे ही मोक्ष है, उनको क्यों दूषण देते हो? तब श्रीगुरुने कहा-इस जिनशासनमें वीतरागनिर्विक्लप स्वसंवेदन सम्यग्ज्ञान कहा गया है, सो वीतराग कहनेसे वीतरागचारित्र भी आ जाता है, और सम्यक् पदके

कहनेसे सम्यक्त्व भी आ जाता है। जैसे एक चूर्णमें अथवा पाकमें अनेक औषधियाँ आ जाती हैं, परन्तु वस्तु एक ही कहलाती है, उसी तरह वीतरागनिर्विकल्प स्वसंवेदनज्ञानके कहनेसे सम्यग्दर्शन, ज्ञान, चारित्र ये तीनों आ जाते हैं। सांख्यादिकके मतमें वीतराग विशेषण नहीं है, और सम्यक् विशेषण नहीं है, केवल ज्ञानमात्र ही कहते हैं, सो वह मिथ्याज्ञान है, इसलिये दूषण देते हैं, यह जानना।।७२।।

---

આની પછી તે જ મહાસ્થળમાં પંદર સૂત્ર સુધી વીતરાગસ્વસંવેદનરૂપ જ્ઞાનની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે, તે આ પ્રમાણે :

ભાવાર્થ : સમ્યક્ત્વરહિતના આહારદાન, અભયદાન ઔષધદાન અને શાસ્ત્રદાનથી ભોગ મળે છે. અને સમ્યક્ત્વસહિતના એ ચાર દાનથી-જોકે પરંપરાએ નિર્વાણ મળે છે તોપણ વિવિધ અભ્યુદયરૂપ પંચેન્દ્રિયના ભોગ જ મળે છે.

અને સમ્યક્ત્વ સહિતના તપથી જોકે નિર્વાણ મળે છે તોપણ દેવેન્દ્ર, ચક્રવર્તી આદિ વિભૂતિપૂર્વક જ મોક્ષ મળે છે.

વીતરાગ સ્વસંવેદનસમ્યગ્જ્ઞાનથી જોકે સવિકલ્પને કારણે દેવેન્દ્ર, ચક્રવર્તી આદિ વિભૂતિવિશેષની પ્રાપ્તિ થાય છે તોપણ નિર્વિકલ્પને કારણે મોક્ષની જ પ્રાપ્તિ થાય છે.

અહીં, પ્રભાકર ભટ્ટ પૂછે છે કે હે ભગવાન ! જો જ્ઞાનમાત્રથી મોક્ષ થાય છે તો પછી સાંખ્યાદિ પણ કહે છે કે-જ્ઞાનમાત્રથી જ મોક્ષ થાય છે. 'તેમને' આપ શા માટે દૂષણ આપો છો ?

ભગવાન શ્રીયોગીન્દ્રદેવ કહે છે કે - અહીં 'વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાન' એમ કહેલ છે; તેથી ત્યાં 'વીતરાગ' વિશેષણથી ચારિત્ર પણ આવી જાય છે, 'સમ્યગ્' વિશેષણથી સમ્યક્ત્વ આવી જાય છે. જેવી રીતે એક પાનકમાં (પીણામાં) અનેક પદાર્થો આવી જાય છે તેવી રીતે (વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ જ્ઞાન કહેવાથી) એકની અંદર ત્રણેય આવી જાય છે. પણ તેમના મતમાં 'વીતરાગ' વિશેષણ નથી અને સમ્યક્ વિશેષણ નથી' 'જ્ઞાનમાત્ર' જ છે ('જ્ઞાનમાત્ર' જ એટલું જ કહે છે) તેથી તેમાં દૂષણ આવે છે, એવો ભાવાર્થ છે. ૭૨.

---

## ગાથા-૭૨ ઉપર પ્રવચન

**'ઈસપ્રકાર ઈકતાલીસ દોહોંકે મહાસ્થલમેં પાંચ દોહોંમેં શુદ્ધોપયોગકા વ્યાખ્યાન કિયા.'** શુદ્ધ ઉપયોગની મુખ્ય વ્યાખ્યા કરી. આહાહા..! **'પંદ્રહ દોહોંમેં વીતરાગસ્વસંવેદનજ્ઞાનકીમુખ્યતાસે વ્યાખ્યાન કરતે હૈં-'** લ્યો! હવે. ૭૨.

**१९९) दाणिं लब्भइ भोउ पर इंदत्तणु वि तवेण।**
**जम्मण-मरण-विवज्जियउ पउ लब्भइ णाणेण।।७२।।**

**અન્વયાર્થ :-** આહાહા..! શું કહે છે? દેખો! '**દાનસે નિયમ કરકે પાંચ ઈન્દ્રિયોંકે ભોગ પ્રાપ્ત હોતે હૈં,...**' દાનથી પુણ્યભાવ અને પુણ્યથી ભોગ મળે. આત્માનો ધર્મ ન મળે. આહાહા..! સમજાણું કાંઈ? '**દાનસે નિયમ કરકે પાંચ ઈન્દ્રિયોંકે ભોગ...**' એમ છે ને? '**परं**' છે ને? '**ઔર તપસે...**' આ તપસ્યા ને વ્રત ને મહિના-મહિનાના અપવાસ ને એ બધા '**તપસે ઈન્દ્ર-પદ મિલતા હૈ,...**' પુણ્યથી સ્વર્ગ મળે. ધર્મ નહિ. આહાહા..! દાનથી પુણ્ય થાય. પાંચ ઈન્દ્રિયના ભોગ મળે. તપ કરવાથી ઈન્દ્રપદ આદિ મળે અને મોક્ષ કેમ મળે? એ કહે છે. આહાહા..! છે? '**વીતરાગસ્વસંવેદનજ્ઞાનસે જન્મ-જરા-મરણસે રહિત જો મોક્ષ-પદ વહ મિલતા હૈ.**' આહાહા..! વીતરાગ સ્વસંવેદનજ્ઞાનથી મુક્તિ મળે છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી તો પુણ્ય મળે છે. આહાહા..!

મુમુક્ષુ :- ઈન્દ્ર પદ તો મળે ને?

ઉત્તર :- ઈન્દ્ર પદ કોને? સમકિતીની વાત છે આ તો. મિથ્યાદૃષ્ટિને ઈન્દ્ર પદ કે દિ' હતા? જેની દૃષ્ટિ આત્માના અનુભવમાં હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું, એવું જેને આનંદનું વેદન થયું છે, એવા સમકિતીને શુભપરિણામ ઈન્દ્રપદનું કારણ છે. તપસ્યા ઈન્દ્ર(પદ)નું કારણ એમ કીધું. તપ-તપ. શુભ આચરણ. મુનિપણાની દીક્ષાનું શુભ આચરણ, સમકિતીને એ આચરણ ઈન્દ્રપદનું કારણ છે. અને સ્વસંવેદન-એક વીતરાગી આત્મા.. આહાહા..! શુદ્ધ ચૈતન્યઘન જે આત્મા છે, એનું સ્વ-પોતાનું પોતાથી પ્રત્યક્ષ વેદન, આનંદનું જ્ઞાનનું વેદન, એ મુક્તિનું કારણ છે. કોણ બોલે છે?

મુમુક્ષુ :- બધા ઈન્દ્રો સમકિતી હોય છે?

ઉત્તર :- ઈન્દ્રો સમકિતી હોય બધા. શક્રેન્દ્ર ને એ બધા, ઈશાન ઈન્દ્ર બધા સમકિતી. આ ભવનપતિના ઈન્દ્રોનું કાંઈ બહુ નક્કી નથી. આ તો સમકિતી છે.

અહીંયાં તો કહે છે કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ પુણ્ય છે. એનાથી પાંચ ઈન્દ્રિયના વિષયના ભોગ મળે. એમાં આત્મા મળે નહિ અને આત્માનો લાભ થાય નહિ. અને તપસ્યાથી, તપસ્યા એટલે મુનિપણું, દીક્ષા, એનું આચરણ, મુનિપણાના પંચમહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ પાળે તો ઈન્દ્રપદ મળે. સમકિતીને. મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગીને નહિ. જે એના પુણ્યથી ધર્મ માનનારા સાધુ છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? અહીંયાં તો સમકિતદૃષ્ટિ છે એ પુણ્યને હેય માને છે એને અવાંછિત વૃત્તિએ ઈન્દ્રપદની પ્રાપ્તિ થાય છે. આહાહા..!

સ્વસંવેદનથી... છે? '**વીતરાગસ્વસંવેદનજ્ઞાનસે...**' આહાહા..! એ ચોથે ગુણસ્થાનથી વીતરાગ સ્વસંવેદનજ્ઞાનની શરૂઆત થાય છે. સમકિતી ચોથું ગુણસ્થાન. ત્યારથી એને વીતરાગી સ્વસંવેદનજ્ઞાનની શરૂઆત થાય છે. એ પહેલું આવી ગયું છે આપણે. ૨૧ પાનું.

શરૂઆત-શરૂઆત. શરૂઆતમાં ૨૧ પાનું છે. જુઓ! '**સ્વસંવેદનજ્ઞાન પ્રથમ અવસ્થામેં ચૌથે-પાંચવે ગુણસ્થાનવાલે ગૃહસ્થકે ભી હોતા હૈ.**' વચમાં છે. કઈ ગાથા? ૧૨મી ગાથા. બીજામાં ૧૯ પાનું હશે. ૧૯ છે. સ્વસંવેદનજ્ઞાન-પોતાના આત્માના આનંદનું જ્ઞાન, પ્રથમ ચોથે ગુણસ્થાનથી શરૂ થાય છે. આહાહા..! ૨૧ પાનું છે. ૧૨મી ગાથા. ૧૨મી ગાથા છે. આહાહા..! નવી આવૃત્તિમાં ૧૯મું પાનું છે. વચમાં છે. '**સ્વસંવેદનજ્ઞાન પ્રથમ અવસ્થામેં ચૌથે પાંચવે ગુણસ્થાનવાલે...**' ખરેખર ચોથું-પાંચમું ગુણસ્થાન એને હોય છે કે જેને આત્માના આનંદનું વેદન થયું હોય. સ્વસંવેદનજ્ઞાન થયું હોય એનું નામ ચોથું-પાંચમું ગુણસ્થાન છે. એકલી આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરે અને એ સમકિત છે (એમ માને, પણ) એ સમકિત-બમકિત છે નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- 'બ્રહ્મદેવ સૂરિ'ની ટીકામાં છે.

ઉત્તર :- એ તો પણ છે ને. વસ્તુસ્થિતિ છે ને. જ્ઞાનમય શબ્દ છે ને પાઠમાં? વસ્તુ છે ને ચોથેથી? નાખ્યું છે. ખુલાસો કર્યો છે. વિસ્તારથી ખુલાસો કર્યો છે. પાઠમાં છે ને? '**ज्ञानमयं**' '**स्वज्ञानेन मन्यस्व ज्ञानमयं**' પરિપૂર્ણ છે. મૂળ શ્લોક છે ને? મૂળ શ્લોક. મૂળ શ્લોક છે. '**मुणि सण्णाणेँ णाणमउ जो परमप्प-सहाउ**' ૧૨મી ગાથા છે. ઝીણી વાત, બાપુ! આહાહા..! સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને હોય છે એને વીતરાગી સ્વસંવેદનજ્ઞાનની શરૂઆત થાય છે. સમ્યગ્દર્શન છે ને? સમ્યગ્દર્શન એટલે શું ચીજ, બાપુ! લોકોને ખબર ક્યાં છે. આત્મા પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, એનું અંતરમાં ભાન થઈને આનંદનું વેદન આવવું... આહાહા..! એનું નામ વીતરાગી સ્વસંવેદનજ્ઞાન (છે). શાસ્ત્ર જ્ઞાન હોય ન હોય એની વિશેષ વાત નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં એ કહે છે. '**વીતરાગસ્વસંવેદનજ્ઞાનસે...**' આહાહા..! એટલે કે શુદ્ધ ઉપયોગથી. એને વીતરાગી સ્વસંવેદનજ્ઞાન કહ્યું. અહીં તો જ્ઞાનપ્રધાન કથન છે ને એટલે કહ્યું. આત્મા આનંદમૂર્તિ પ્રભુ, એના જ્ઞાનનું વેદન થવું અંતરમાં, શુભ-અશુભભાવથી રહિત થઈને, એ '**જન્મ-જરા-મરણસે રહિત જો મોક્ષ-પદ વહ મિલતા હૈ.**' એનાથી મોક્ષપદ મળે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અને મુનિપણાના આચરણના તપથી તો પુણ્ય બંધાય. ધર્મ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? લ્યો! એ વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, માગશર સુદ ૧૩, શનિવાર
## તા. ૪-૧૨-૧૯૭૬, ગાથા-૭૨ થી ૭૪, પ્રવચન નં. ૧૫૦

૭૨-ગાથા. 'પરમાત્મપ્રકાશ'.

**ભાવાર્થ :-** અર્થ ચાલ્યો છે. '**આહાર, અભય, ઔષધ ઔર શાસ્ત્ર ઈન ચાર તરહકે દાનોંકો યદિ સમ્યક્ત્વરહિત કરે,...**' જેને આત્મદર્શન નથી, આત્મ સ્વસંવેદન જ્ઞાન નથી, એ જીવ આહાર આદિના દાનાદિ કરે '**તો ભોગભૂમિકે સુખ પાતા હૈ,...**' જુગલિયાના. ધર્મ ન થાય એને.

મુમુક્ષુ :- સુખ પામે અને ધર્મ ન થાય?

ઉત્તર :- ભોગ સુખના પામે ઈન્દ્ર, દેવના, મનુષ્યના એમાં શું છે? આહાહા..!

આત્મવસ્તુ છે ચિદાનંદ ભગવાન, એના અંતરમાં પ્રતીતિ, અનુભવ પ્રતીતિ વિના, સમકિત વિના... આહાહા..! ચાર પ્રકારના દાન આપે તો જુગલિયામાં જાય. પછી ચાર ગતિમાં રખડે. એમ છે. આહાહા..!

'**તથા સમ્યક્ત્વ સહિત દાન કરે,...**' આત્મજ્ઞાનની દૃષ્ટિ છે એ સહિત ચાર પ્રકારના દાન કરે '**તો પરંપરાય મોક્ષ પાતા હૈ.**' વર્તમાનમાં રાગ છે, એ રાગને હેય જાણે છે. દાનાદિમાં રાગ તો થાય અને હોય એને હેય જાણે છે. તેથી ક્રમે કરીને તેને છોડી અને મોક્ષ જશે. આહાહા..! અને સમ્યક્ રહિત દાનાદિ દેનારા જુગલિયાના સુખ પામે, ત્યાંથી ચાર ગતિમાં રખડે. આહાહા..! આવી વાત છે, ભાઈ! જેને ભગવાનઆત્મા વસ્તુ આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ, એ દૃષ્ટિમાં અને વેદનમાં આવ્યો નથી. આહાહા..! એ જીવ ગમે તેટલી દાનાદિ ક્રિયાઓ કરે, જુગલિયામાં જાય ભોગભૂમિ. ભવનો અભાવ ન થાય. આહાહા..! લ્યો, અહીં તો એ કહ્યું.

શ્વેતાંબરમાં તો એમ છે કે મિથ્યાદૃષ્ટિ હોય પણ સાધુને આહાર આપે તો સંસાર પરિત કરે, ઘટાડી દે. વિપાક (સૂત્ર)માં એમ આવે છે. એય..! જૂઠ વાત છે. એ સિદ્ધાંત વીતરાગના શાસ્ત્ર જ નથી. કલ્પિત બનાવેલું છે. આહાહા..! આવી વાતું. અહીંયાં તો કહે છે, મિથ્યાદૃષ્ટિ ચાહે તો સાધુને આહાર આપે, ઔષધ આપે, શાસ્ત્ર આપે, લ્યો ને. આહાહા..! શાસ્ત્ર આપે તોપણ શુભભાવ છે. જુગલિયામાં જાય કદાચિત, મનુષ્ય થાય. ભવભ્રમણ નહિ ઘટે. આહાહા..!

'**સમ્યક્ત્વ સહિત દાન કરે, તો પરંપરાય મોક્ષ પાતા હૈ.**' કારણ કે એનો નિષેધ કરે છે. હવે સમકિત સહિત તપ. છે એમાં? સમકિત સહિત તપ છે. '**યદ્યપિ પ્રથમ અવસ્થામેં દેવેન્દ્ર ચક્રવર્તી આદિકી વિભૂતિ ભી પાતા હૈ,...**' સમ્યગ્દર્શન સહિત તપ એટલે મુનિપણું. સમજાય છે કાંઈ? અહીંયાં તો આત્માની પ્રતીતિ અને અનુભવની પ્રધાનતા છે. એ વિના બધું થોથા છે. સમજાણું કાંઈ? આહાહા..! જેમાં ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો

રસકંદ, એનું વેદન, જ્ઞાનનું-આનંદનું નથી એને સમ્યગ્દર્શન નથી. આહાહા..! એ જે કાંઈ તપ આદિની ક્રિયા કરે એ ચાર ગતિમાં રખડે. અને સમકિત સહિત જો કરે તો '**દેવેન્દ્ર, ચક્રવર્તી આદિકી વિભૂતિ ભી પાતા હૈ,...**' પહેલા શુભભાવ છે ને એ?

મુમુક્ષુ :- પ્રથમ અવસ્થામાં?

ઉત્તર :- પ્રથમ એટલે સમ્યગ્દર્શનમાં વીતરાગી થયા પહેલા. આહાહા..!

'**તો ભી નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનકર મોક્ષ હી હૈ.**' દેખો! એને પ્રથમ તો શુભભાવ હોય અને સ્વસંવેદનજ્ઞાન અને સમકિત છે એ દાન કરે તો ઈન્દ્ર આદિ થાય. પછી '**નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનકર મોક્ષ હી હૈ.**' એ જીવ સમકિતી જીવની વાત છે. સમજાય છે કાંઈ? આહાહા..! મૂળ તો વજન ચૈતન્યના અનુભવ અને સમ્યગ્દર્શન અને વેદનની વાત છે. એ સહિત છે તો પહેલી અવસ્થામાં એટલે? એ દાન આદિ કરે એમાં શુભભાવ છે. એટલે પહેલી અવસ્થા એટલે સ્વર્ગમાં જાય. એમ. સમકિતી છે એની પહેલી અવસ્થા (છે), એને વીતરાગ અવસ્થા થઈ નથી. અને શુભરાગ છે તો પહેલા સ્વર્ગમાં જાય. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- પ્રથમ અવસ્થા સમ્યક્ત્વ સહિત?

ઉત્તર :- સમકિત સહિતની જ વાત છે અહીં. પ્રથમ અવસ્થામાં એમ કહ્યું કે એને શુભભાવ થાય છે ને એટલે પહેલી અવસ્થામાં સ્વર્ગમાં જશે. એમ, પછી મોક્ષ જશે. એમ. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન સહિત છે, આગળ સમ્યગ્જ્ઞાનનું વેદન લેશે. આહાહા..! જ્ઞાન જ્ઞાનપણે વેદવામાં ન આવે ત્યાં સુધી રાગનું વેદન છે. એ એને જ્યારે જ્ઞાનનું જ્ઞાનપણે વેદન આવે ત્યારે પૂર્ણ વીતરાગતા ન થઈ હોય તેથી એને દાનાદિના શુભભાવ હોય. તો શુભભાવથી પ્રથમ અવસ્થામાં દેવેન્દ્ર આદિ, ચક્રવર્તી આદિ થાય. એમ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પછી મોક્ષ પામે?

ઉત્તર :- પછી મોક્ષ પામે. હજી શુભભાવ છે એટલે પહેલા તો એને સ્વર્ગાદિ (મળે), ઈન્દ્ર આદિ થાય. આહા..!

'**તો ભી નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનકર...**' ઓલો શુભરાગ ટાળી અને પછી નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકર '**મોક્ષ હી પાતા હૈ.**' લ્યો! મોક્ષ જ છે. આહાહા..! 'પરમાત્મપ્રકાશ' છે ને? પરમાત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન, એનું જ્ઞાન થઈને એમાં અનુભવ થઈને પ્રતીતિ (થઈ છે), એવો સમ્યગ્દૃષ્ટિ જીવ, એને દાનાદિના શુભભાવ હોય તો પહેલી દશામાં તો દેવેન્દ્ર આદિ થાય, પછી નિર્વિકલ્પ અનુભવ કરીને મોક્ષ જાય. એમ કહે છે. સમજાય છે કાંઈ આમાં? આહાહા..! અને અજ્ઞાની જે દાનાદિ કરે તો જુગલિયામાં જાય. ત્રણ પલ્યોપમના ઈન્દ્રિયના સુખ ભોગવે. એ છે દુઃખ. ત્યાંથી ચાર ગતિમાં રખડે. આહાહા..! મોટો ફેર છે. સમજાણું કાંઈ?

શ્વેતાંબરમાં તો ભગવાનને રેવતીએ આહાર આપ્યો. રોગ થયો હતો. ભગવાનને રોગ

થયો હતો એ પણ ખોટું અ આહાર લીધો એ ખોટું. આહાર આપ્યો અને પરિત સંસાર કર્યો એવો પાઠ છે 'ભગવતીસુત્ર'.

મુમુક્ષુ :- બધું ખોટું છે?

ઉત્તર :- બધું ખોટું. માર્ગ પણ આકરો (છે), ભાઈ! આ તો અનાદિ સનાતન જૈનદર્શન એટલે દિગંબરદર્શન એ અનાદિ સનાતન વીતરાગનું દર્શન છે. આહાહા..! એમાં આ કથન છે કે સમકિત રહિત જીવ હોય એ ગમે તેટલા દાન મુનિને આપે કે બહાર લાખો-કરોડો રૂપિયા ખર્ચે, એ શુભભાવથી જુગલિયો થાય. ભોગભૂમિનો જીવ. કાંઈ ભવ ઘટે નહિ. આહાહા..! સાધુને આહાર આપતા ભવ ઘટે નહિ, એમ કહે છે. મિથ્યાદષ્ટિ છે ને? સમ્યગ્દષ્ટિને પણ કાંઈ બીજાને આહાર આપતા ભવ ઘટતો નથી. એને શુભભાવ થાય છે. પણ એ શુભભાવથી ઈન્દ્ર આદિ થઈ પછી પોતાનું નિર્વિકલ્પ સ્વરૂપનું પૂર્ણાનંદનું વેદન કરી અને મોક્ષ જશે. આહાહા..!

'**યહાં પ્રભાકરભટ્ટને પ્રશ્ન કિયા,...**' શિષ્યે પ્રશ્ન કર્યો. '**ભગવન્,...**' હે ભગવાન! '**જો જ્ઞાનમાત્રસે હી મોક્ષ હોતા હૈ, તો સાંખ્યાદિક ભી ઐસા હી કહતે હૈં,...**' સાંખ્યદર્શન એમ કહે છે કે જ્ઞાનથી જ મોક્ષ, જ્ઞાનથી જ મોક્ષ. તો તમે એને કેમ દોષ દયો છો? તમે પણ જ્ઞાનથી મોક્ષ કહો છો, એ પણ જ્ઞાનથી મોક્ષ કહે છે. શિષ્યનો પ્રશ્ન છે. '**ઉનકો ક્યોં દૂષણ દેતે હોં? તબ શ્રીગુરુને કહા-ઈસ જિનશાસનમેં વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન કહા ગયા હૈ,...**' આહાહા..! વીતરાગ શાસનમાં વીતરાગ નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહ્યું છે. એકલું જ્ઞાન-જ્ઞાન ભણતરનું, જાણપણાનું એમ નહિ. આહાહા..! વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન. આહાહા..! રાગરહિત વીતરાગપણે સ્વસંવેદન. ભગવાનઆત્માનું સ્વ-પોતાનું, સં-પ્રત્યક્ષ વેદન. આહાહા..! એને સમ્યગ્જ્ઞાન કહ્યું છે. સમજાય છે કાંઈ? સાંખ્યમતમાં તો એ છે નહિ. એને તો એકલી જાણપણાની વાતું કરવી અને એનાથી મોક્ષ થશે.

અહીં તો વીતરાગ નિર્વિકલ્પ-રાગના અવલંબન વિના સ્વસંવેદનજ્ઞાન, પોતાનું આત્માનું વીતરાગી વેદન એને સમ્યગ્જ્ઞાન કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! શાસ્ત્રના ભણતરને પણ સમ્યગ્જ્ઞાન કહેતા નથી તો પછી... આહાહા..! એકલા અજ્ઞાની જ્ઞાનની વાતું કરે અને એનાથી મોક્ષ થાય એમ છે નહિ. આહાહા..! ભારે આવી વાતું હવે. દુનિયામાં બધા રસ, બહારમાં મજા કરતા હોય. ધૂળેય નથી. દુઃખના ડુંગરામાં ખૂંચી ગયા છે બિચારા. આહાહા..! આ શરીરની અનુકૂળતા, વિષય-ભોગની વાસના અને એ સાધન.. આહાહા..! એ તો વિષયની સામગ્રીમાં રાગમાં ધૂંચી ગયા છે. આહાહા..! કાદવમાં ગરી ગયા છે.

અહીં તો પરમાત્મા કહે છે કે જેને સમ્યગ્દર્શન નથી, આત્માના આનંદનો સ્વાદ નથી,.. આહાહા..! આત્માનું સ્વસંવેદન વીતરાગી જ્ઞાન નથી, એ જીવ જો કાદિચત દાનાદિ ક્રિયા કરે તો સ્વર્ગમાં જાય. અહીં તો મનુષ્ય થાય એટલી વાત લીધી. ભોગભૂમિમાં જુગલિયા (થાય). ત્રણ-ત્રણ ગાઉના ઊંચા હાથી, ત્રણ પલ્યોપમનું આયુષ્ય. એક પલ્યોપમમાં અસંખ્ય અબજ વર્ષ (જાય). એક પલ્યમાં અસંખ્ય અબજ વર્ષ. એવા ત્રણ પલ્યનું આયુષ્ય જુગલિયાનું. અને ત્રણ ગાઉના ઊંચા હાથી. એ થાય. સમ્યગ્દર્શન વિના દાનાદિ ક્રિયામાં એવા જુગલિયા

થાય. આહાહા..! ભોગભૂમિમાં. અને સમ્યગ્દર્શન સહિત શુભભાવ આ છે તેથી પહેલા તો એ દેવાદિમાં જાય. પછી નિર્વિકલ્પ સમાધિમાં ઠેઠ ઠરીને વીતરાગ કેવળ થાય. આહાહા..! માર્ગ ભાઈ! બહુ ઝીણો. આહાહા..!

**'જિનશાસનમેં વીતરાગી નિર્વિકલ્પ સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન કહા ગયા હૈ,...'** એકલું જ્ઞાન-જ્ઞાન જાણપણું એમ નહિ. વીતરાગી જ્ઞાન. રાગરહિત વીતરાગસ્વરૂપ ભગવાન, એનું રાગરહિત જ્ઞાન. આહાહા..! કેમકે આત્મા વીતરાગી જ્ઞાનસ્વરૂપ જ છે. એના આશ્રયથી વીતરાગી જ્ઞાનનું વેદન પ્રગટ થાય એમાં વીતરાગતા આવે છે. એકલું જ્ઞાન નહિ. આહાહા..! આવો માર્ગ હવે માણસને નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય (લાગે છે). નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર એ તો ઉપચારનું કથન છે. આહાહા..!

**'સો વીતરાગ કહનેસે વીતરાગચારિત્ર ભી આ જાતા હૈ,...'** જોયું! અંતર સ્થિરતામાં વીતરાગ ચારિત્ર, સ્વરૂપાચરણ ચારિત્ર, સ્વસંવેદન જ્ઞાનમાં વીતરાગ ચારિત્ર એટલે સ્વરૂપ આચરણ ચારિત્ર પણ સાથે હોય છે. લ્યો, એ શું વળી? વસ્તુ છે ચિદ્‌ઘન ભગવાન, એના જ્ઞાનમાં સ્વરૂપાચરણ ચારિત્ર પણ ભેગું છે. સ્વરૂપાચરણ, હોં! રાગ આચરણ નહિ. આહાહા..! આવી વાતું હવે.

બાપુ! મરી ગયો છે અનંતકાળથી. આહાહા..! મિથ્યાત્વમાં-ભગવાનસ્વરૂપ ચિદાનંદ પ્રભુ, એનાથી ઊલટી માન્યતા, અલ્પજ્ઞને પોતાનું માનવું, રાગને પોતાનું માનવું, એવી દશામાં તો મરી ગયો છે અનંતકાળથી. આહાહા..! ચોર્યાસીના અવતારમાં.. શાસ્ત્ર તો ત્યાં સુધી કહે છે કે એટલી વાર દ્રવ્યલિંગ ધારણ કર્યા, જૈન દિગંબર સાધુ, હોં! દ્રવ્યલિંગ કે જેના અનંતા, એક વાળ લ્યો દીક્ષા લીધેલાનો, એવા અનંતા મેરુ ભરાય. એવી અનંતવાર દીક્ષા લીધી. આહાહા..! પણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન-સ્વસંવેદનજ્ઞાન નહિ. સમજાણું કાંઈ?

**'વીતરાગચારિત્ર ભી આ જાતા હૈ, ઔર સમ્યક્ પદકે કહનેસે સમ્યક્ત્વ ભી આ જાતા હૈ.'** જોયું! સ્વસંવેદન જ્ઞાનમાં ત્રણે આવી જાય છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણ ચારિત્ર. આહાહા..! સ્વરૂપ જે ચિદાનંદ છે એનું આચરણ, રાગનું નહિ. આહાહા..! એ સ્વસંવેદન જ્ઞાન કહેતા, વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન કહેતા **'વીતરાગ કહનેસે વીતરાગચારિત્ર ભી આ જાતા હૈ, ઔર...'** સમ્યક્ કીધું ને? સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન. તો **'સમ્યક્ પદકે કહનેસે સમ્યક્ત્વ ભી આ જાતા હૈ.'** ત્રણે સમાઈ ગયું એમાં. જૈનશાસન વીતરાગ પરમેશ્વરના માર્ગમાં વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન કહ્યું એમાં **'વીતરાગ કહનેસે વીતરાગચારિત્ર ભી આ જાતા હૈ,...'** અને સમ્યક્ કહેવાથી સમકિત પણ આવ્યું. છે ને સમ્યગ્જ્ઞાન?

**'વીતરાગ કહનેસે વીતરાગચારિત્ર ભી આ જાતા હૈ, ઔર સમ્યક્ પદકે કહનેસે સમ્યક્ત્વ ભી આ જાતા હૈ.'** આહાહા..! આવો માર્ગ લુખો (છે). લુખો માર્ગ લુખો લાગે. વીતરાગ માર્ગ છે ને. આહાહા..! શુભરાગનો રસ છે એ રાગનો રસ દુઃખરસ છે અને વીતરાગનો રસ છે એ આનંદરસ છે. આહાહા..! એટલે કહે છે કે જૈનશાસનમાં તો સાંખ્યમત આદિ... ... **'જૈસે એક ચૂર્ણમેં અથવા પાક...'** હોય ને પાક? **'અનેક ઔષધિયાં**

**આ જાતી હૈ, પરન્તુ વસ્તુ એક હી કહલાતી હૈ,...'** વસ્તુ એક જ કહેવામાં આવે છે. ઔષધિ અનેક પ્રકારે છે. **'ઉસી તરહ વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે કહનેસે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર યે તીનોં આ જાતે હૈં,...'** કહો, સમજાણું કાંઈ? આહાહા..! જૈનશાસનમાં ત્રણે આવી જાય છે. એકલું જ્ઞાન નહિ. વીતરાગસ્વરૂપ આચરણ પણ સાથે છે અને સમ્યગ્દર્શનની સાથે વીતરાગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર **'યે તીનોં આ જાતે હૈં,...'** ત્રણે આવી જાય છે. આહાહા..! **'સાંખ્યાદિકકે મતમેં વીતરાગ વિશેષણ નહીં હૈ,...'** છે ને? **'ઔર સમ્યક્ વિશેષણ નહીં હૈ,...'** બેય વિશેષણ નથી. **'કેવલ જ્ઞાનમાત્ર હી કહતે હૈં,...'** છે? ... એવા જ્ઞાતા ચૈતન્યબિંબની વાત છે.

---

अथ तमेवार्थं विपक्षदूषणद्वारेण दृढयति –

**२००) देउ णिरंजणु इउँ भणइ णाणिं मुक्खु ण भंति।**
**णाण–विहीणा जीवडा चिरु संसारु भमंति।।७३।।**

**देवः निरज्जन एवं भणति ज्ञानेन मोक्षो न भ्रान्तिः।**
**ज्ञानविहीना जीवाः चिरं संसारं भ्रमन्ति।।७३।।**

**देउ इत्यादि देउ देवः किंविशिष्टः। णिरंजणुं निरज्जनः अनन्तज्ञानादिगुणसहितोऽष्टादश–दोषरहितश्च इउं भणइ एवं भणति। एवं किम्। णाणिं मुक्खु वीतरागनिर्विकल्पस्वसंवेदनरूपेण सम्यग्ज्ञानेन मोक्षो भवति। ण भंति न भ्रांतिः संदेहो नास्ति। णाण–विहीणा जीवडा पूर्वोक्तस्वसंवेदनज्ञानेन विहीना जीवा चिरु संसारु भमंति चिरं बहुतरं कालं संसारं परिभ्रमन्ति इति। अत्र वीतरागस्वसंवेदनज्ञानमध्ये यद्यपि सम्यक्त्वादित्रयमस्ति तथापि सम्यग्ज्ञानस्यैव मुख्यता। विवक्षितो मुख्य इति वचनादिति भावार्थः।।७३।।**

---

**आगे इसी अर्थको, विपक्षीको दूषण देकर दृढ़ करते हैं –**

**गाथा – ७३**

**अन्वयार्थ :– [ निरंजनः ] अनन्त ज्ञानादि गुण सहित, और अठारह दोष रहित, जो [ देवः ] सर्वज्ञ वीतरागदेव हैं, वे [ एवं ] ऐसा [ भणति ] कहते हैं, कि [ ज्ञानेन ] वीतरागनिर्विकल्प स्वसंवेदनरूप सम्यग्ज्ञान से ही [ मोक्षः ] मोक्ष है, [ न भ्रांतिः ] इसमें संदेह नहीं है। और [ ज्ञानविहीनाः ] स्वसंवेदनज्ञानकर रहित जो [ जीवाः ] जीव हैं, वे [ चिरं ] बहुत काल तक [ संसारं ] संसारमें [ भ्रमंति ] भटकते हैं।**

**भावार्थ :– यहाँ वीतरागस्वसंवेदनज्ञानमें यद्यपि सम्यक्त्वादि तीनों हैं, तो भी मुख्यता सम्यग्ज्ञानकी ही है। क्योंकि श्रीजिनवचनमें ऐसा कथन किया जावे, वह मुख्य होता है, अन्य गौण होता है, ऐसा जानना।।७३।।**

**હવે, વિપક્ષીને દૂષણ આપીને તે જ અર્થને દઢ કરે છે :**

**ભાવાર્થ : અનંતજ્ઞાનાદિ ગુણ સહિત અને અઢાર દોષ રહિત જે સર્વજ્ઞવીતરાગદેવ છે તેઓ એમ કહે છે કે વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાનથી મોક્ષ છે, તેમાં સંદેહ નથી અને પૂર્વોક્ત સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાન વગરના જીવો ઘણા જ કાળ સુધી સંસારમાં ભટકે છે.**

**અહીં, વીતરાગસ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાનમાં જોકે સમ્યક્ત્વાદિ ત્રણેય છે, તોપણ સમ્યગ્જ્ઞાનની જ મુખ્યતા છે કેમકે 'વિવક્ષિત તે મુખ્ય છે, (જેનું કથન કરવામાં આવે તે મુખ્ય છે) એવું આગમનું વચન છે. ૭૩.**

## ગાથા-૭૩ ઉપર પ્રવચન

**'આગે ઈસી અર્થકો, વિપક્ષીકો દૂષણ દેકર દઢ કરતે હૈં–'** આહાહા..!

**૨૦૦) देउ णिरंजणु इउँ भणइ णाणिं मुक्खु ण भंति।**
**णाण–विहीणा जीवडा चिरु संसारु भमंति।।७३।।**

**અન્વયાર્થ :–** આહાહા..! **'અનંત જ્ઞાનાદિ ગુણ સહિત, ઔર અઠારહ દોષ રહિત,..'** અનંત જ્ઞાનાદિ સહિત અને ક્ષુધા, તૃષા, રોગ આદિ રહિત. દેવ એને કહીએ. અરિહંતદેવ, એને ક્ષુધા ન હોય, તૃષા ન હોય, રોગ ન હોય. અનંત જ્ઞાનગુણ હોય. આહાહા..! સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં કહે છે ને, એને ક્ષુધા લાગે તો આહાર આપે. આહાર લે, રોગ થાય. આહાહા..!

મુમુક્ષુ :– અશાતાનો ઉદય હોય તો...

ઉત્તર :– અશાતાનો ઉદય તો અનંતમાં ભાગમાં એ તો સમ્યગ્દર્શન પામીને એટલે .. વાત. એમ કહેવું છે. વેદનમાં આવે એવી અશાતા એને હોય જ નહિ. જરી અંદરમાં છે તેના રજકણો થોડા અનંતમાં ભાગમાં આવી જાય શરીરમાં. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'અનંત જ્ઞાનાદિ ગુણ સહિત, ઔર અઠારહ દોષ રહિત, જો સર્વજ્ઞ વીતરાગદેવ હૈં,...'** આહાહા..! સર્વજ્ઞ વીતરાગદેવ પૂર્ણ જ્ઞાન અને વીતરાગતા, એવા જે ભગવાન છે એને દેવ કહેવામાં આવે છે. **'ઐસા કહતે હૈં કિ,...'** સર્વજ્ઞ ભગવાન વીતરાગદેવ એમ કહે છે **'કિ વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાન સે હી મોક્ષ હૈ,...'** આહાહા..! વીતરાગ નિર્વિકલ્પ, જુઓ! **'ज्ञानेन मोक्षो'** છે ને? તો જ્ઞાનની અર્થે આ વ્યાખ્યા કરી. **'વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાન સે હી મોક્ષ હૈ,...'** આહાહા..! ચિદાનંદ ભગવાન પૂર્ણ સ્વરૂપ, એનું જ્ઞાન, એની પ્રતીતિ અને એનું આચરણ. ત્રણથી એને

સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..!

**'ઈસમેં સંદેહ નહીં હૈ.'** એમાં સંદેહ કરવો નહિ. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગદેવ એમ કહે છે કે નિર્વિકલ્પ વીતરાગી સમ્યગ્જ્ઞાનથી મુક્ત (થવાય) છે. એમાં ત્રણેય આવી જાય છે. આહા..! **'ज्ञानविहीनाः'** આહાહા..! પણ એ સમ્યગ્જ્ઞાન વીતરાગી શ્રદ્ધા અને એ સમ્યગ્જ્ઞાનથી **'રહિત જો જીવ હૈં,...'** આહાહા..! **'સ્વસંવેદનજ્ઞાનકર રહિત જો...'** એ જ્ઞાન એટલે જાણપણા અને અગિયાર અંગ અને નવ પૂર્વના (જાણપણા) એ જ્ઞાન નહિ. જ્ઞાન તો વીતરાગી સ્વસંવેદનજ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહે છે. આહાહા..! રાગરહિત ચારિત્ર છે, પૂર્ણાનંદના નાથની પ્રતીતિ સમ્યક્ છે અને એનું સ્વસંવેદનજ્ઞાન છે. એ જ્ઞાનથી મોક્ષ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ વિનાના પ્રાણી **'બહુત કાલ તક સંસારમેં ભટકતે હૈં.'** આહાહા..! ચોર્યાસી (લાખ યોનિના) અવતાર (કરે).

**ભાવાર્થ :- 'યહાં વીતરાગસ્વસંવેદનજ્ઞાનમેં યદ્યપિ સમ્યક્ત્વાદિ તીનોં હૈં, તો ભી મુખ્યતા સમ્યગ્જ્ઞાનકી હી હૈ.'** મુખ્યથી સમ્યગ્જ્ઞાનની વાત (કરી) પણ એમાં સમ્યગ્દર્શન-ચારિત્રની વાત આવી જાય છે. આહાહા..! **'ક્યોંકિ શ્રીજિનવચનમેં ઐસા કથન કિયા હૈ, કિ જિસકા કથન કિયા જાવે, વહ મુખ્ય હોતા હૈ,...'** એમ. જેનું કથન એની મુખ્યતા. અહીં જ્ઞાનનું કથન છે તો જ્ઞાનની મુખ્યતા. દર્શન-ચારિત્ર ગૌણપણે અંદર ભેગું છે. સમ્યગ્દર્શનની વાત કરે ત્યારે દર્શનની મુખ્યતા. છતાં જ્ઞાન અને સ્થિરતા ભેગી હોય છે. વીતરાગ ચારિત્રની મુખ્યતાથી વાત કરે તો વીતરાગ(ની મુખ્યતા), પણ એમાં જ્ઞાન અને દર્શન ભેગુ છે. એમ. સમજાણું કાંઈ? આવી વાતું. એમાં શું કરવું? વ્રત કરવા કે તપ કરવા કે.. એવું તો કાંઈ આવ્યું નહિ. કરે તો રાગ થાય અને મરીને ભોગભૂમિમાં જાય અને ચાર ગતિમાં રખડે. આહાહા..!

આત્માનું અંતર વીતરાગી જ્ઞાન અને વીતરાગી પ્રતીતિ અને વીતરાગી સ્વરૂપાચરણ. એ ત્રણને મુખ્યપણે સમ્યગ્જ્ઞાનમાં ગણીને સમ્યગ્જ્ઞાનથી મોક્ષ છે એમ કહ્યું છે. આહાહા..! સમ્યગ્દર્શનની વ્યાખ્યા ચાલતી હોય ત્યારે સમ્યગ્દર્શનથી મુક્તિ છે એમ કહે. પણ એ સમ્યગ્દર્શનમાં સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણ ચારિત્ર સાથે હોય જ છે. આહાહા..! આવો ધર્મ. આ તો કહે, નવો કાઢ્યો ધર્મ. વળી એમ કહે. 'સોનગઢ'ને એમ કહે. શું છે? આ નવો છે? આ પુસ્તક કોનું છે? અહીંનું છપાયેલું નથી. આ તો .. આહાહા..!

મુમુક્ષુ :- 'શ્રીમદ્'નું છપાયેલું છે.

ઉત્તર :- 'શ્રીમદ્'. ગમે તે સંસ્થાએ છપાવ્યું. વસ્તુ કોની છે આ? આહાહા..! દિગંબર સંતોની વાત છે આ તો. આહાહા..!

**'શ્રીજિનવચનમેં ઐસા કથન કિયા હૈ, કિ જિસકા કથન કિયા જાવે, વહ મુખ્ય હોતા હૈ,...'** સમ્યગ્દર્શનની વ્યાખ્યા હોય તો એની મુખ્યતા. સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપ આચરણની ગૌણતા. સમ્યગ્જ્ઞાનની વ્યાખ્યા ચાલે ત્યારે સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની ગૌણતા (અને)

સમ્યગ્જ્ઞાનની મુખ્યતા. સ્વરૂપાચરણ ચારિત્રની વ્યાખ્યા આવે ત્યારે ચારિત્રની મુખ્યતા. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની ગૌણતા. પણ સાથે તો હોય જ છે. આહાહા..! આમાં ક્યારે નવરા થાય હવે આ? જગતના પાપમાંથી નવરો થાતો નથી. એમાં આ સમજવા... એવી કોઈ મોહજાળ જગતની... આહાહા..! દુનિયા માટે આખી જિંદગી કાઢે. બાયડી, છોકરા, ધંધો, કુટુંબ માટે. આહાહા..! અને મરીને જાય ઢોરમાં જાય, પશુ થાય. પછી આ ગલુડિયા થાય. જુઓને આ કુત્તી છે ને? પિલ્લા કહે છે ને? ગલુડિયા. ચાર જણ્યા અને બે ખાઈ ગઈ. તરત. ભૂખ લાગી હશે એને. જન્મે એટલે એને અગ્નિ.. પોતાના બે બચ્ચાને ખાઈ ગઈ. આહાહા..!

મુમુક્ષુ :- કોઈએ શીરો ન ખવડાવ્યો.

ઉત્તર :- એવી કોને ખબર હોય શીરાની? એ 'ભીખાભાઈ' ત્યાં નહોતા અને કોઈ નહોતું. આહાહા..! પછી એને આપ્યો. તેલનો શીરો કરીને. તેલ-તેલ. ઘીનો કોણ આપતું હતું ત્યાં? તેલનો શીરો કરીને આપ્યો. પછી બે બચી ગયા. આહાહા..! ક્યાંથી માયા, કપટ કરીને આવ્યો હશે. એ ત્યાં મળ્યું. જન્મ્યો ત્યાં મરી ગયો. જાય વળી બીજે. આહાહા..! કચ્ચરઘાણ આવા અવતાર. ભૂલી ગયો એને. આ જરી કાંઈક બહાર થયું માણસપણું... આહાહા..! ત્યાં તો થઈ રહ્યું. મારું કરવું છે શું? અને હું ક્યાં જઈશ? (એના કોઈ વિચાર નહિ). બીજાનું કાંઈક કર્યું, પૈસા થયા, આબરૂ મળી, બે-ચાર હજાર પેદા થાય મહિને, છોકરાઓ કમાણા. એટલે બસ આપણે ઠીક થયું. સરેડે કામ ચડી ગયું આપણું. 'કાંતિભાઈ'! તમારે તો બે છોકરા છે. બે જુદા કામ કરતા હશે ને? મોટો તો આવી ગયો હતો હમણાં. લગન કરીને. આહાહા..! અરે..! આ દુનિયા.

અહીંયાં તો કહે છે કે એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! અરે..! આવો મનુષ્યનો અવતાર મળ્યો. માંડ માંડ નીકળ્યો છે નિગોદાદિથી. આહાહા..! એમાં કહે છે કે એકવાર નક્કી તો કર પ્રભુ! તું આત્મા વીતરાગસ્વરૂપી છો. એ વીતરાગી સ્વરૂપનું જ્ઞાન વીતરાગી સમ્યગ્જ્ઞાન હોય. આહાહા..! તું સમ્યગ્દર્શન શ્રદ્ધાસ્વરૂપ જ ત્રિકાળ છો. એની શ્રદ્ધા પણ વીતરાગી સમ્યક્ શ્રદ્ધા હોય. આહાહા..! એ વીતરાગી સ્વરૂપ છે, ચારિત્ર સ્વરૂપ ત્રિકાળ છે એ. એટલે સ્વરૂપાચરણ વીતરાગ ચારિત્ર જ એને હોય. આહાહા..! એનાથી એની મુક્તિ (થાય), જન્મ-મરણના અંત આવે. બાકી કોઈ ક્રિયાકાંડથી પણ ન આવે તો પાપથી તો ક્યાં (આવે)? આહાહા..!

---

**अथ पुनरपि तमेवार्थं दृष्टान्तदार्ष्टान्तिकाभ्यां निश्चिनोति –**

**२०१) णाण–विहीणहँ मोक्ख–पउ जीव म कासु वि जोइ।**
**बहुएँ सलिल–विरोलियइँ करु चोप्पडउ ण होइ।।७४।।**

**ज्ञानविहीनस्य मोक्षपदं जीव मा कस्यापि अद्राक्षीः।**
**बहुना सलिलविलोडितेन करः चिक्कणो न भवति।।७४।।**

णाण इत्यादि। णाण-विहीणहं ख्यातिपूजालाभादिदुष्टभावपरिणतचित्तं मम कोऽपि न जानातीति मत्वा वीतरागपरमानन्दैकसुखरसानुभवरूपं चित्तशुद्धिमकुर्वाणस्य बहिरङ्गबकवेषेण लोकरञ्जनं मायास्थानं तदेव शल्यं तत्प्रभृतिसमस्तविकल्पकल्लोलमालात्यागेन निजशुद्धात्मसंवित्तिनिश्चयेन संज्ञानेन सम्यग्ज्ञानेन विना मोक्ख-पउ मोक्षपदं स्वरूपं जीव हे जीव म कासु वि जोइ मा कस्याप्यद्राक्षीः। दृष्टान्तमाह। बहुएं सलिल विरोलियइं बहुनापि सलिलेन मथितेन करु करो हस्तः चोप्पडउ ण होइ चिक्कनःस्निग्धो न भवतीति। अत्र यथा बहुतरमपि सलिले मथितेऽपि हस्तः स्निग्धो न भवति, तथा वीतरागशुद्धात्मानुभूतिलक्षणेन ज्ञानेन विना बहुनापि तपसा मोक्षो न भवतीति तात्पर्यम्।।७४।।

---

आगे फिर भी इसी कथनको दृष्टांत और दार्ष्टांतसे निश्चित करते हैं –

गाथा – ७४

अन्वयार्थ :– [ ज्ञानविहीनस्य ] जो सम्यग्ज्ञानकर रहित मलिन चित्त है, अर्थात् अपनी बड़ाई, प्रतिष्ठा, लाभादि, दुष्ट भावोंसे जिसका चित्त परिणत हुआ है, और मनमें ऐसा जानता है, कि हमारी दुष्टताको कोई नहीं जान सकता, ऐसा समझकर वीतराग परमानंद सुखरसके अनुभवरूप चित्तकी शुद्धिको नहीं करता, तथा बाहरसे बगुलाकासा भेष मायाचाररूप लोकरंजनके लिये धारण किया है, यही सत्य है, इसी भेषसे हमारा कल्याण होगा, इत्यादि अनेक विकल्पोंकी कल्लोलोंसे अपवित्र है, ऐसे [ कस्यापि ] किसी अज्ञानीके [ मोक्षपदं ] मोक्ष-पदवी [ जीव ] हे जीव, [ मा द्राक्षीः ] मत देख अर्थात् बिना सम्यग्ज्ञानके मोक्ष नहीं होता। उसका दृष्टांत कहते हैं। [ बहुना ] बहुत [ सलिलविलोडितेन ] पानीके मथनेसे भी [ करः ] हाथ [ चिक्कणो ] चीकना [ न भवति ] नहीं होता। क्योंकि जलमें चिकनापन है ही नहीं। जैसे जलमें चिकनाई नहीं है, वैसे बाहिरी भेषमें सम्यग्ज्ञान नहीं है। सम्यग्ज्ञानके बिना महान् तप करो, तो भी मोक्ष नहीं होता। क्योंकि सम्यग्ज्ञानका लक्षण वीतराग शुद्धात्माकी अनुभूति है, वही मोक्षका मूल है। वह सम्यग्ज्ञान-सम्यग्दर्शनादिसे भिन्न नहीं है, तीनों एक हैं।।७४।।

---

હવે, ફરી વાર તે જ અર્થને દૃષ્ટાંત અને દૃષ્ટાન્તિક વડે નક્કી કરે છે :

ભાવાર્થ : જેવી રીતે પાણીને ખૂબ વલોવવામાં આવે તોપણ હાથ ચીકણો થતો નથી તેવી રીતે હે જીવ ! ખ્યાતિ, પૂજા, લાભ આદિ દુષ્ટ ભાવોરૂપે પરિણત મારા ચિત્તને કોઈ પણ જાણતું નથી. એમ માનીને એક (કેવળ) વીતરાગ પરમાનંદરૂપ, સુખરસના અનુભવરૂપ, ચિત્તશુદ્ધિને ન કરનાર કોઈને પણ, બહારથી બગલા જેવા વેષથી લોકરંજન કરવારૂપ, માયાસ્થાનરૂપ, શલ્યથી માંડીને સમસ્ત વિકલ્પની તરંગમાળાના ત્યાગરૂપ,

**નિજશુદ્ધાત્મ-સંવિત્તિની એકાગ્રતારૂપ જે સંજ્ઞાન છે તે સમ્યગ્જ્ઞાન વિના મોક્ષપદ-મોક્ષનું સ્વરૂપ-ન દેખ.**

**અહીં, જેવી રીતે પાણીને ખૂબ મથવા છતાં પણ હાથ સ્નિગ્ધ થતો નથી તેવી રીતે વીતરાગ શુદ્ધ આત્માની અનુભૂતિરૂપ જ્ઞાન વિના બહુ તપ કરવાથી પણ મોક્ષ થતો નથી. એ તાત્પર્ય છે. ૭૪.**

## ગાથા-૭૪ ઉપર પ્રવચન

**'આગે ફિર ભી ઈસી કથનકો દૃષ્ટાંત ઔર દાષ્ટાંતસે નિશ્ચિત કરતે હૈં-'** ૭૪.

**૨૦૧) णाण-विहीणहँ मोक्ख-पउ जीव म कासु वि जोइ।**
**बहुएँ सलिल-विरोलियइँ करु चोप्पडउ ण होइ।।७४।।**

**અન્વયાર્થ :- ' ज्ञानविहीनस्य' 'જો સમ્યગ્જ્ઞાનકર રહિત મલિન ચિત્ત હૈ,...'** આહાહા..! રાગની એક્તાવાળું મલિન ચિત્ત. આહાહા..! એ સમ્યગ્જ્ઞાનરહિત. આહાહા..! રાગની ક્રિયાની એક્તાવાળું ચિત્ત. આહાહા..! એ સમ્યગ્જ્ઞાન રહિત રાગથી રંગાયેલું ચિત્ત મલિન છે. આહાહા..! જેના જ્ઞાનમાં રાગના રંગ ચડી ગયા છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્જ્ઞાન રહિત છે. આહાહા..! સમ્યગ્જ્ઞાનીને રાગનો રંગ નથી. આહાહા..! એને જ્ઞાનનો રંગ-લીનતા છે. આહાહા..!

**'સમ્યગ્જ્ઞાન રહિત મલિન ચિત્ત હૈ,...'** મલિન ચિત્તનો આ અર્થ, હોં! રાગથી રંગાયેલું ચિત્ત એને મલિન ચિત્ત કહે છે. ચાહે તો શુભરાગ દયા, દાનનો હોય પણ એમાં એકાગ્રતા તે મલિન ચિત્ત છે. આહાહા..! આવું વીતરાગ શાસન. દૃષ્ટાંત દેશે એમ. **'અપની બડાઈ,...'** એમાં હું કાંઈક છું, હું કાંઈક છું. રાગમાં એવું એને અભિમાન હોય છે. **'પ્રતિષ્ઠા,...'** જુઓ! અમે આવી ક્રિયા કરીએ છીએ રાગની તો અમારી આબરૂ કેટલી બહારમાં! અમને કેટલા માને છે. હવે એમાં ધૂળ શું થઈ તને? **'પ્રતિષ્ઠા, લાભાદિ,...'** મોટા રાજાઓ નમે. શેઠિયાઓ નમે, હજારો શિષ્યો થાય, સાધુ થાય સાથે. મિથ્યાદૃષ્ટિને થાય એમાં તને લાભ શું છે? કહે છે. એ લાભમાં એને ગર્વ થઈ જાય છે. જુઓ! અમારા આવા આવા રાજા શેઠિયા. કરોડોપતિ તો અમારા શિષ્ય છે. આહાહા..!

એવા **'લાભાદિ, દુષ્ટ ભાવોંસે જિસકા ચિત્ત પરિણત હુઆ હૈ,...'** આહાહા..! રાગમાં જેનું જ્ઞાન એકાગ્ર થઈ ગયું છે એમ કહે છે. એ લાભ અને બડાઈની પ્રતિષ્ઠામાં અભિમાનમાં ચડી ગયો છે. **'મનમેં ઐસા જાનતા હૈ, કિ હમારી દુષ્ટતાકો કોઈ નહીં જાન સકતા,...'** આહાહા..! રાગની એક્તાની દુષ્ટતાને કોણ જાણે? અમારી કોઈ ન જાણે. બહારમાં આવી ક્રિયા કરીએ તો રાજા માને, શેઠિયા માને. કરોડો અબજો રૂપિયા આમ વાત કરીએ તો ઢગલા

થાય. પણ એમાં તને શું આવ્યું? રાગની એકતાની ચિત્તની મલિનતા, એને દુનિયા ન દેખે એટલે તને એમ થઈ ગયું, અમે કાંઈક છીએ. આહાહા..!

'**દુષ્ટતાકો કોઈ નહીં જાન સકતા, ઐસા સમજકર વીતરાગ પરમાનંદ સુખરસકે અનુભવરૂપ ચિત્તકી શુદ્ધિકો નહીં કરતા,...**' આહાહા..! અમે આ ક્રિયાઓ કરીએ છીએ ને વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા એમાંથી જુઓ! દુનિયા કેટલી માને છે અમને! આહાહા..! પણ ચિત્તમાં રાગની એક્તાની મલિનતાને તું જાણતો નથી. આહાહા..! ચિત્તમાં રાગની મલિનતા એ જ મહાપાપ મિથ્યાત્વનું છે. આહાહા..! સમજાણું કાંઈ? બહારની પુણ્યપ્રકૃતિને લઈને આમ માનનારા ઘણા નીકળે. આહાહા..! અને હોય ક્રિયા રાગની, .. (પરની) એકાગ્રતાની કર્તાની બધી. આહાહા..! આવો માર્ગ, સાંભળવા મળવો મુશ્કેલ છે. આહાહા..!

'**વીતરાગ પરમાનંદ સુખરસકે અનુભવરૂપ ચિત્તકી શુદ્ધિકો નહીં કરતા,...**' આહાહા..! ભાષા તો જુઓ! ચિત્તની મલિનતા, રાગની એક્તા. ચિત્તની શુદ્ધતા એ વીતરાગ પરમાનંદ સુખરસનો અનુભવ એ ચિત્તની શુદ્ધિ. આહાહા..! વીતરાગી આનંદનો અનુભવ એ ચિત્તની શુદ્ધિ. સમજાણું કાંઈ? ઓલા કહે છે ને કે ચિત્તમાં કાંઈક આવું હોય, ત્યાગ હોય, ફલાણું હોય તો ધર્મ સમજી શકે. પણ આ કહે છે કે ચિત્તશુદ્ધિ તો આને કહીએ. સમજાણું કાંઈ? '**વીતરાગ પરમાનંદ સુખરસકે અનુભવરૂપ...**' આહાહા..! એની ચિત્તની શુદ્ધિ નહિ કરતા '**બાહરસે બગુલાકાસા ભેષ માયાચારરૂપ લોકરંજન...**' આહાહા..! બહારમાં દેખાવો એવો કરે કે લોકરંજન થાય. એમાં તને શું થયું? આહાહા..! હજારો લાખો માણસ માને, એને મોટપ આપે. પણ કહે છે કે એ '**વીતરાગ પરમાનંદ સુખરસકે અનુભવરૂપ ચિત્તકી શુદ્ધિકો નહીં કરતા...**' આહાહા..! અને '**બાહરસે બગુલાકાસા ભેષ...**' બગલો-બગલો હોય છે ને બગલો? આમ ધ્યાન કરીને બેઠો હોય. માછલું આવે તો પકડે. બગલા કહે છે? માછલું આવે એટલે પકડે. ધ્યાન રાખે, ધ્યાન રાખે. આહાહા..! દુનિયા પસંદ કરે, દુનિયા રાજી થાય એવો ભેખ કર્યો છે એણે, કહે છે, બગલા જેવો. આહાહા..!

'**માયાચારરૂપ લોકરંજન...**' આહાહા..! લોક રાજી થાય રંજન-રંજન. આહાહા..! અરે..! 'તારણસ્વામી' તો એવું કહે છે કે લોકરંજન કરે એ મરીને નરક અને નિગોદ જાશે. 'તારણસ્વામી'માં આવે છે. આપણે 'મોક્ષપાહુડ'માં આવે છે. લોકરંજન. દુનિયા રાજી થાય. દસ-દસ હજાર, વીસ-વીસ હજાર, લાખ-લાખ માણસ ભેગા થાય. રાગની વાતું એવી કરે. એમાં રાગની એકાગ્રતાની ચિત્તની મલિનતા છે અંદર. આહાહા..!

મુમુક્ષુ :- સભામાં આવતા..

ઉત્તર :- સભામાં... એના આત્માને શું લાભ? આહાહા..! દુનિયામાં ... વાત સાચી. એવી ભાષા હોય અને એવો પુણ્યનો યોગ હોય.. આહાહા..! પણ અંદરમાં માયાચાર છે. રાગની એક્તા તૂટી નથી. વીતરાગી જ્ઞાન થયું નથી. અને આવી ક્રિયાથી મહિમા લોકરંજનને કરે. આહાહા..! ભારે ભગવાન! તારી વાત જો તો ખરો! સમજાણું કાંઈ?

**'બગુલાકાસા ભેષ માયાચારરૂપ લોકરંજનકે લિયે ધારણ કિયા હૈ,...'** આહાહા..! લોકરંજનને માટે બસ બરાબર. આ વહોરવા ને... જુઓને! અત્યારે તો આહાર લેવા વખતે માણસ ભેગા થાય છે બહુ. જાણે શું હશે આ જાણે. સાધુ વહોરવા જાય ત્યાં બધા ભેગા થાય જોવા માટે. એક લોચ વખતે બહાર ભેગા થાય. હવે એમાં શું છે પણ? દેખાવ.. દેખાવ... દેખાવ... આહાહા..! લોકરંજન છે એ તો, કહે છે. આહાહા..! અમે અહીં આહાર કરીએ એટલે દિગંબર માણસ જોવા આવે ત્યાં. જાણે શું હશે? હવે શું છે આહારમાં પણ? એ જાણે આહારની ક્રિયા એટલે જાણે ઓહોહો..! અને આમ કરીને આવીને ઊભા રહે. અને એનો અભિગ્રહ ધારણ કર્યો હોય એ પ્રમાણે ન હોય તો બીજે ઘરે જાય. પછી ત્યાં હોય તો ત્યાંથી લે. બેમાંથી એક પાસેથી લેવું પડે ને. કરેલું હોય ત્યાં. આહાહા..! અરે..! ભગવાન માર્ગ બહુ આકરો, બાપુ! હોં! એ વ્યક્તિને માટે નથી. આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે. વ્યક્તિના પરિણામની જવાબદારી તો એની છે. આહાહા..! અરે..! એ ભગવાન છે. વિપરીત પરિણામથી દુઃખી થશે. આહાહા..!

આચાર્ય પણ દિગંબર સંતો ખુલ્લી વાત મૂકે છે. શાંતિ... શાંતિ... શાંતિ... આહાહા..! ભાષા શું કરી જોઈ? **'વીતરાગી પરમાનંદ સુખરસકે અનુભવરૂપ ચિત્તકી શુદ્ધિ નહીં કરતા,...'** આહાહા..! શુભભાવ કરીને ચિત્તની શુદ્ધિ કરે છે એ નહિ, કહે છે. આમાં નથી આવતું? ચિત્તની શુદ્ધિ આવે છે ને? શુભભાવ. અહીં તો વીતરાગી જ્ઞાનથી આત્માની- ચિત્તની શુદ્ધિ કરતો નથી. આહાહા..! રાગથી રહિત દૃષ્ટિ થતાં આત્માનો વીતરાગી જ્ઞાનનો અનુભવ એ જ્ઞાનની શુદ્ધિ અને ચિત્તની શુદ્ધિ છે. આહાહા..! અન્યમતમાં કહેવાય, ચિત્તશુદ્ધિ વિના આમ ન થાય. એમ કહે કે અરીસામાં મેલ હોય તો મોઢું ન દેખાય. એમ અશુભભાવ હોય ત્યાં સુધી દેખાય નહિ. શુભભાવ હોય. પણ શુભભાવ પણ ચિત્ત શુદ્ધિ નથી અહીં તો કહે છે. આહાહા..! શુભમાં રંગાયેલું ચિત્ત છે એ મલિન ચિત્ત છે. આહાહા..!

અહીં તો રાગથી રહિત ભગવાન વીતરાગસ્વરૂપ જ છે અને વીતરાગી આનંદથી ભરેલો ભગવાન છે. એનો પર્યાયમાં વીતરાગી આનંદનો અનુભવ (થવો) એ જ્ઞાનની અને ચિત્તની શુદ્ધિ છે. આહાહા..! ભાઈ! આ તો આત્માના લાભની વાત છે ને? આહાહા..! નુકસાન કરીને તો મરી ગયો છે અનંતકાળ. એ શુભરાગની ચિત્તની એકાગ્રતા... આહાહા..! એ મલિન ચિત્ત છે, એમ કહે છે. રાગથી રહિત જ્ઞાનાનંદ સ્વભાવ ભગવાન, એના અનુભવથી ચિત્તની શુદ્ધિ જેણે કરી નથી તે બગલા જેવો ભેખ કરીને માયાચારથી.. આહાહા..! લોક રાજી થાય એવા ભેખ ધારણ કર્યા છે. એવા ક્રિયાના આચરણથી લોકો રાજી થાય. આહાહા..!

**'લોકરંજનકે લિયે ધારણ કિયા હૈ,...'** આહાહા..! અને એમ માને છે (કે) **'યહી સત્ય હૈ, ઈસી ભેષસે હમારા કલ્યાણ હોગા,...'** આહાહા..! નગ્નપણું ધારણ કર્યું, દીક્ષાની વૃત્તિઓ પણ વ્યવહાર રાગની મલિનતાવાળી. આમ રાગની એક્તાની મલિનતા જુદી, આ રાગ એ જુદું. એમાં એકાકાર છે ચિત્ત જેનું. આહાહા..! જ્ઞાનીને આહારનો વિકલ્પ હોય છે

પણ એને રાગની એકતાબુદ્ધિ નથી. આહાહા..! અહીં તો આવો જ્યાં આહાર કરેલો હોય એને માટે, પણ લે ત્યારે કઈ રીતે, આમ લે.. આમ લે.. આમ લે.. ત્યાં લોકો.. આહાહા..! શું મહારાજની ક્રિયા! તમે તો સ્થાનકવાસી હતા. તમારે ક્યાં આવ્યું છે? 'દેવીલાલ' સ્થાનકવાસી હતા. બૈરા શ્વેતાંબર. એના ભાઈ હજી સ્થાનકવાસી (છે). જે મળ્યું હોય એમાં રહે, શું થાય? આહાહા..! સ્થાનકવાસી અને શ્વેતાંબરમાં તો શુભરાગથી કલ્યાણ મનાવ્યું છે તો રાગથી એનું ચિત્ત મલિન છે. બાહ્ય તપ અને ત્યાગમાં રાજી રાજી થઈ જાય અને દુનિયા... આહાહા..!

'જૈનપ્રકાશ'માં એક લેખ આવ્યો છે મોટો. એક બાઈએ અઠમ કર્યું હશે, અઠમ. મોટા ગૃહસ્થ પૈસાવાળા મોટા ઘણા. અઠમ કે અઠ્ઠાઈ કરી હશે. અઠ્ઠાઈ હશે. એટલે દિકરાની ત્રણ વહુ બહુ સાચવે એને. અઠ્ઠાઈ કરેલી. અને ગૃહસ્થ માણસ મોટા પૈસા ખરચે. પૂછવા આવે બધા અઠ્ઠાઈ. કોણ કોણ પૂછવા આવે છે એનું ધ્યાન રાખે ઈ. પૂછવા નથી આવતા એનું ધ્યાન રાખે. કષાયનો રંગ એટલો બાઈને. એનું નામ આવ્યું છે. 'જૈનપ્રકાશ'માં આવ્યું છે. પછી ત્રણ વહુમાંથી મોટી વહુ માખણ ચોપડતી એને. એક બાઈ આવી એની બહેનપણી સગી. બહુ બહેનપણી ખાસ. બહેન! આ શું કરો છો તમે? આ એકલો કષાય કરો છો. આ અઠ્ઠાઈ કરીને આ બધા જોવા આવે એમાં રાજી થાવ છો અને ન જોવા આવે એનો તમને દ્વેષ થાય છે કે નથી આવ્યા સાંભળીને. ત્યાં તો રાગ એકલો કષાય પોષાય છે, હોં! એટલે એને ઠીક ન લાગ્યું. પણ મોટી બાઈએ મોટી વહુ હતી એણે વખાણ કર્યા. અરે..! બા બા. સારુ-સારું. પણ નાની વહુ હતી પાછી ઓલી બાઈ કહી ગઈ એ પ્રમાણે કીધું એને. એ 'મંછાબહેન' કહી ગયા એ બરાબર કહી ગયા છે. 'મંછાબહેન' છે. એમાં ઓલી તપી ગઈ. અઠ્ઠાઈ કરીને. એવી તપી તો ક્રોધ... ક્રોધ... ક્રોધ... ક્રોધ... ક્રોધ.. એ છોકરાની વહુ એટલે રસોડે વઈ ગઈ, અંદર વઈ ગઈ. આ અઠ્ઠાઈ ને આ શું કહેવાય? અઠ્ઠાઈ કરી. આહાહા..! એકલું કષાય અને મિથ્યાત્વનું પોષણ છે ત્યાં તો. ધર્મ નથી અને ધર્મ માને છે, અરે..રે..! શું થાય? જીવ પોતાનું બગાડે ત્યારે કઈ રીતે બગાડે છે એની એને ખબર પણ નથી. આહાહા..!

અહીં કહે છે... આહાહા..! '**હમારા કલ્યાણ હોગા,...**' આવી ક્રિયાથી, ભલે અમારા ચિત્તમાં રાગની એક્તા હો, પણ આવી ક્રિયા અમારી છે ને એથી અમારું કલ્યાણ થશે. આહાહા..! '**ઇત્યાદિ અનેક વિકલ્પોંકી કલ્લોલોંસે અપવિત્ર હૈ,...**' છે ને? એના બધા વિકલ્પ કર્યા, આનાથી કલ્યાણ થશે, આમાંથી અમે હળવે હળવે (આગળ) જાશું. આહાહા..! '**અનેક વિકલ્પોંકી કલ્લોલોંસે અપવિત્ર હૈ, ઐસે કિસી અજ્ઞાનીકે મોક્ષ-પદવી હે જીવ,...**' '**ઐસે કિસી અજ્ઞાનીકે...**' '**કસ્યાપિ**' કોઈપણ અજ્ઞાની. રાગથી જેનું ચિત્ત મલિન છે, રાગની એક્તાબુદ્ધિ છે અને ક્રિયાકાંડ બધી શુભની ઘણી છે. માયાજાળ (છે) અંદરમાં માયા છે. ખબર છે કે અંદર કાંઈ આનંદ છે નહિ. આહાહા..! સુખ તો છે નહિ. અને આ બધી ક્રિયામાં હું દુનિયામાં ધર્મ મનાવું છું અને મને પણ કલ્યાણ થશે આનાથી,

એમ માને છે. આહાહા..!

**'અપવિત્ર હૈ, ઐસે કિસી અજ્ઞાનીકે મોક્ષ-પદવી હે જીવ, મત દેખ...'** **'मा द्राक्षीः'** જો નહિ. એવાને મોક્ષ નથી, ધર્મ નથી. આહાહા..! **'બિના સમ્યગ્જ્ઞાનકે મોક્ષ નહીં હોતા.'** **'બિના સમ્યગ્જ્ઞાનકે મોક્ષ...'** સમ્યગ્જ્ઞાન એટલે આ. રાગની એક્તા તુટીને વીતરાગી જ્ઞાનનું થવું એવું જે સમ્યગ્જ્ઞાન, એ જ્ઞાન વિના આવી ક્રિયાકાંડથી જે (ધર્મ) માને છે એનો મોક્ષ છે નહિ.

**'ઉસકા દૃષ્ટાંત કહતે હૈં. બહુત પાનીકે મથનેસે ભી હાથ ચીકના નહીં હોતા.'** આપણે કહે છે ને અહીં? પાણી ઘણું હોય અને પાણી વલોવે તો હાથ ચીકણા થાય? પાણીમાં ચીકાશ છે? આહાહા..! એ પાણી વલોવે હાથ ચીકણા ન થાય. એમ અમારે કાઠિયાવાડમાં કહેવત છે એ તો. હિન્દીમાં હશે તમારે કાંઈક. બધે હોય ને. આહાહા..! શું કીધું? **'પાનીકે મથનેસે ભી હાથ ચીકના નહીં હોતા. ક્યોંકિ જલમેં ચિકનાપન હૈ હી નહીં.'** આહાહા..! એમ શુભરાગની ક્રિયામાં એકત્વબુદ્ધિ છે, એ જીવો શુભરાગની ક્રિયામાંથી ધર્મ કાઢવા માગે તો ધર્મ છે નહિ. આહાહા..! દુનિયા માને, દુનિયા રાજી થાય અને જેને એવી સ્થિતિ હોય એના પક્ષમાં માણસો પણ ઘણા હોય. આહાહા..! આપણને એમના તરફથી ઉપદેશ મળે છે. વીસ-વીસ હજાર માણસ ભેગા થાય. પચાસ હજાર. અહીં 'જવાહરલાલજી' આવ્યા હતા તો લાખ-બે લાખ ભેગા થયા હતા 'ભાવનગર'. 'જવાહરલાલજી'ના વખતમાં. 'જવાહરલાલ નહેરુ' 'ભાવનગર' આવ્યા હતા. એક લાખ કે બે લાખ માણસ ભેગું થયું હતું. સાંભળવા ભેગું થાય માણસ. ઓહોહો..! એથી શું થયું પણ? આહાહા..! દુનિયા રાજી થાય. જળમાં ચીકાશ નથી એ જળનું મંથન કરવાથી હાથ ચીકણા નહિ થાય.

**'જૈસે જલમેં ચિકનાઈ નહીં હૈ, વૈસે બાહિરી ભેષમેં સમ્યગ્જ્ઞાન નહીં હૈ.'** જોયું! આહાહા..! બહારનો ભેખ છે એ. અલિંગગ્રહણમાં તો કહ્યું નહોતું કાલે રાતે? સત્તરમો બોલ. સત્તર-સત્તર. યતિની બાહ્ય ક્રિયાનો જેમાં અભાવ છે ભગવાનઆત્મામાં. ૧૭મો બોલ છે. અલિંગગ્રહણ. યતિની બાહ્ય ક્રિયાથી આત્મા જણાય એવો નથી. આહાહા..! આવી વાત છે. જેને અઠ્યાવીશ મૂળગુણ, પંચમહાવ્રતની ક્રિયા, કહે છે કે એ અલિંગગ્રહણ એવું જે લિંગ એ આત્મામાં છે જ નહિ. વીસ બોલ છે ને? ૧૭૨ ગાથા. ૧૭મો બોલ છે એ. આહાહા..! ૧૮મો (બોલ) ગુણવિશેષને સ્પર્શતો નથી. ભગવાનઆત્મા ભેદને સ્પર્શતો નથી એવો અલિંગગ્રહણ છે. આહાહા..! ૧૯મો એમ છે કે પર્યાયને સ્પર્શતો નથી એવો અલિંગગ્રહણ છે. ૨૦માં એવો છે કે દ્રવ્યને સ્પર્શતો નથી એવી એની શુદ્ધ પર્યાય છે. આહાહા..! આવી વાત છે ક્યાં? જુઓને! એના શ્વેતાંબરના ૪૫-૩૨ વાંચી વાંચીને કરોડો શ્લોક વાંચે (પણ) ત્યાં ગંધ પણ નથી. આહાહા..!

દ્રવ્ય પર્યાયને સ્પર્શે નહિ, પર્યાય દ્રવ્યને સ્પર્શે નહિ. વીતરાગી પર્યાય પણ દ્રવ્યને સ્પર્શે નહિ. ગજબ વાત! એય..! આવી વાત તો વીતરાગ શાસનમાં હોય, ભાઈ! એના સ્વરૂપમાં

જ એવું છે. એનું સ્વરૂપ જ એવું છે. આહાહા..! વીતરાગી પર્યાયમાં પણ દ્રવ્ય અડતું નથી. આહાહા..! વીતરાગી પર્યાય પણ દ્રવ્યને સ્પર્શતી નથી. રાગની તો વાત જ શું કરવી? આહાહા..! વીતરાગી પર્યાય વીતરાગી પર્યાયમાં રહી અને વીતરાગી સ્વરૂપનું શ્રદ્ધા-જ્ઞાન કરે. એને અડે નહિ. આહાહા..! જુઓ તો વીતરાગી શાસન! આહાહા..!

મુમુક્ષુ :- આવા શબ્દ તો કોઈ દિ' કાને પડ્યા નથી.

ઉત્તર :- કાને પડતા નથી. આહાહા..! વસ્તુ છે નહિ ને એ. શ્વેતાંબરના કેટલા શાસ્ત્રો, કરોડો શ્લોકો જોયા, કરોડો જોયા, હોં! આ વાત ન મળે. આ એક શબ્દ-વીતરાગી પર્યાયને દ્રવ્ય અડે નહિ અને વીતરાગી પર્યાય દ્રવ્યને અડે નહિ. કેટલી શુદ્ધતાની સ્વતંત્રતા! આહાહા..! લોકોને દુઃખ લાગે. બીજું શું થાય પણ? સત્ય તો આમ છે, બાપુ! આહાહા..!

મુમુક્ષુ :- દયામાં ધર્મ માનીને સ્વદયાને ભૂલી ગયો.

ઉત્તર :- ભૂલી ગયો. પરની દયા તો રાગ છે. આહાહા..!

**'બાહિરી ભેષમેં સમ્યગ્જ્ઞાન નહીં હૈ. સમ્યગ્જ્ઞાન કે બિના મહાન તપ કરો,...'** લ્યો! સમ્યગ્જ્ઞાન એટલે કે આ શાસ્ત્રનું જ્ઞાન એ નહિ. આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેનું જ્ઞાન અડીને, સ્પર્શીને કરવું તે. આહાહા..! એવા સમ્યગ્જ્ઞાન વિના મહાન તપ કરો. **'તો ભી મોક્ષ નહીં હોતા.'** વિશેષ થોડું છે. વખત થઈ ગયો... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, માગશર સુદ ૧૪, રવિવાર
## તા. ૦૫-૧૨-૧૯૭૬, ગાથા-૭૪, ૭૫, પ્રવચન નં. ૧૫૧

૭૪-ગાથા. છેલ્લી બે લીટી છે. પાણીને મથવાથી હાથ ચીકણા નથી થતાં. એ વાત ચાલે છે. અહીં ગમે તે પાણી હોય અને મંથન કરે તો પાણીમાં ચીકાશ નથી તો ચીકાશ ક્યાંથી આવે? આહાહા..! **'જૈસે જલમેં ચિકનાઈ નહીં હૈ, વૈસે બાહિરી ભેષમેં સમ્યગ્જ્ઞાન નહીં હૈ.'** આહાહા..! નગ્નપણું કે પંચમહાવ્રત આદિના વિકલ્પ એ ભેખ છે, એમાં જ્ઞાન નથી-સમ્યગ્જ્ઞાન નથી. આહાહા..! **'સમ્યગ્જ્ઞાનકે બિના મહાન તપ કરો,...'** મહિના-મહિના અપવાસ કરો, મહિનાના સંથારા કરો. **'તો ભી મોક્ષ નહીં હોતા.'** આહાહા..! વીતરાગી અંતર સંવેદનજ્ઞાનમાં સાથે સમ્યગ્દર્શન છે. વીતરાગી સ્વરૂપ ભગવાનઆત્મા, એનું વીતરાગી જ્ઞાન, એની સાથે સમ્યગ્દર્શન, સ્વરૂપાચરણ ચારિત્ર છે. એ વીતરાગી સ્વસંવેદનજ્ઞાન વિના ચાહે ગમે તેટલી તપસ્યા કરે, મુનિપણું પાળે, પંચમહાવ્રત (લે), એ બધું વ્યર્થ છે. આહાહા..! કહો, અહીં તો એમ કહે છે અને ઓલા એમ કહે છે કે આપણે પંચમહાવ્રત પાળીએ, ચરણાનુયોગનું આચરણ કરીએ પછી નિશ્ચય પામશું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય ... નથી. આહાહા..!

આત્માના વીતરાગી સ્વસંવેદન જ્ઞાનને માટે પરની કોઈ અપેક્ષા નથી. જેને શાસ્ત્રજ્ઞાનની અપેક્ષા નથી. આહાહા..! એ આવશે પછી ૭૫માં. સમજાય છે કાંઈ? આહાહા..! વીતરાગી એટલે રાગ વિનાની આત્મા ચીજ છે. એવું આત્મજ્ઞાન થયું એ વીતરાગી જ્ઞાન છે. વીતરાગી આત્મજ્ઞાન વિના મહાન તપ કરો તોપણ મોક્ષ નથી થતો.

'**ક્યોંકિ સમ્યગ્જ્ઞાનકા લક્ષણ વીતરાગી શુદ્ધાત્માકી અનુભૂતિ હૈ,...**' આહાહા..! સમ્યગ્જ્ઞાનનું લક્ષણ વીતરાગી શુદ્ધાત્માની અનુભૂતિ (છે). વિકલ્પ વિનાની વીતરાગી અનુભૂતિ એ સમ્યગ્જ્ઞાનનું લક્ષણ છે. કહો, સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આ તો. સમ્યગ્દર્શનની વાત ચાલતી હોય ત્યારે એના વિના નહિ (એમ કહે), અહીં સમ્યગ્જ્ઞાનની પર્યાય એના વિના નહિ એમ ચાલે છે. આહાહા..! '**ક્યોંકિ સમ્યગ્જ્ઞાનકા લક્ષણ...**' સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ શું? શાસ્ત્ર ભણતર ભણ્યો કે આ થયું, આ વાર્તા આવડી, અગિયાર અંગ ભણ્યો, કહેતા આવડ્યું એ સમ્યગ્જ્ઞાનનું લક્ષણ છે? આહાહા..! સમ્યગ્જ્ઞાનનું લક્ષણ તો રાગરહિત વીતરાગી આત્મજ્ઞાન એનું નામ સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! સમજાય છે કાંઈ? આકરી વાત છે, બાપુ! મૂળ માર્ગ એવો છે. ચૈતન્ય ભગવાન આનંદકંદ પ્રભુ છે. સર્વજ્ઞે જોયો અને સર્વજ્ઞે પ્રગટ કર્યો. એ પરમાત્મા એમ કહે છે અને એ પરમાત્માની વાણી સંતની વાણી છે. આહાહા..!

'**સમ્યગ્જ્ઞાનકા લક્ષણ...**' ભાષા જુઓ! સમ્યગ્જ્ઞાનનું લક્ષણ શું? કે '**વીતરાગી શુદ્ધાત્માકી અનુભૂતિ હૈ,...**' આહાહા..! જોયું! ચોથે ગુણસ્થાને સમ્યગ્જ્ઞાન એને કહીએ... આહાહા..! રાગરહિત શુદ્ધ આત્મા વીતરાગી સ્વરૂપ, એની અનુભૂતિ (તે સમ્યગ્જ્ઞાન છે). ઝીણી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ બહુ ઝીણો છે, ભાઈ! આહાહા..! સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ અને લક્ષણ શું? સમ્યગ્જ્ઞાન કહીએ કોને? જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ મોક્ષનો માર્ગ. હવે એમાં સમ્યગ્જ્ઞાનનું લક્ષણ શું? શાસ્ત્રનું જાણવું એ સમ્યગ્જ્ઞાનનું લક્ષણ? બહુ ભણ્યો હોય એ સમ્યગ્જ્ઞાનનું લક્ષણ? આહાહા..! વીતરાગ શુદ્ધાત્માની અનુભૂતિ.. આહાહા..! ભગવાનઆત્મા નિર્વિકલ્પ વીતરાગસ્વરૂપ પ્રભુ, એની વીતરાગી અનુભૂતિ. પર્યાયમાં, હોં! એને અહીં સમ્યગ્જ્ઞાન કહીએ. એ સમ્યગ્જ્ઞાન મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

'**વહી મોક્ષકા...**' છે ને? '**મોક્ષકા મૂલ હૈ.**' આહાહા..! અહીં તો હજી બાહ્યના શાસ્ત્રના અર્થના ઠેકાણા નથી. પંચમહાવ્રતના પરિણામ છે એમાં ચોખ્ખું જોઈએ એ ન મળે. અને સમ્યગ્જ્ઞાન તો છે જ નહિ. આહાહા..! અને એ સમ્યગ્જ્ઞાન વિનાના મહાવ્રત ને તપ ને બધા મોક્ષના કારણ નથી, બંધના કારણ છે. આવું સ્વરૂપ છે. '**વહ સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શનાદિસે ભિન્ન નહીં હૈ,...**' સ્વરૂપ પૂર્ણાનંદની પ્રતીતિનું જ્ઞાન અને પ્રતીતિ અને સ્વરૂપાચરણ એનાથી સમ્યગ્જ્ઞાન જુદું નથી. શું કહ્યું? અરે..! આવી વાતું એમાં.. શુદ્ધ

સમ્યગ્દર્શન જે આત્માની નિર્વિકલ્પ પ્રતીતિ, આનંદના વેદનની સાથે (થાય) અને સ્વરૂપ આચરણ જે વીતરાગી સ્વરૂપની અંદર રમણતા, એ સમ્યગ્જ્ઞાનથી કાંઈ જુદી ચીજ નથી. સમ્યગ્જ્ઞાની સાથે હોય છે. આહાહા..! કહ્યું ને? ભાઈએ કહ્યું છે ને કે નિશ્ચય સમ્યગ્દર્શન વિના કંઈપણ છે નહિ વ્રતાદિ સાચા, એવી વાત ચાલે છે, પ્રરૂપણા ચાલે છે. આહાહા..! સમજાણું કાંઈ? 'હીરાભાઈ' આવ્યા છે? નથી આવ્યા. કાલે આવ્યા હતા. કાલે આવ્યા હતા એ. સમજાણું કાંઈ?

એક તો એ છે કે સમ્યગ્જ્ઞાન કોને કહીએ? કે રાગરહિત આત્માની વીતરાગી પરિણતિ થાય, એમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્રનો અંશ સાથે હોય એવા વીતરાગી સ્વસંવેદનજ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એ જ મોક્ષનું કારણ છે. બાકી બાહ્ય ભેખ, પાંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું જ્ઞાન એ કોઈ મોક્ષનું કારણ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવી ગયું બધું. હમણા કહેશે ને. હમણા કહેશે. ૭૫માં એ કહેશે. આહાહા..!

જેમાં આત્મા આનંદસ્વરૂપ ભગવાન, એવો જેને આનંદની પરિણતિ સહિતની પ્રતીતમાં આવ્યો નથી અને જેમાં વીતરાગી સમ્યગ્જ્ઞાન...આહાહા..! આ તો ચોથે ગુણસ્થાને સમ્યગ્જ્ઞાનને વીતરાગી સમ્યગ્જ્ઞાન કહ્યું. ઓલા કહે, ચોથે ગુણસ્થાને વીતરાગી ન હોય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે છે, એ ચોથે સ્વરૂપાચરણ એ બધું વીતરાગી છે. આહાહા..!

'**સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શનાદિસે ભિન્ન નહીં હૈ, તીનોં એક હૈં.**' વસ્તુ સ્વરૂપ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ અને વીતરાગની મૂર્તિ પ્રભુ આત્મા છે. એની સન્મુખની પ્રતીતિ પણ વીતરાગી પરિણતિ છે. એના સન્મુખનું એનું જ્ઞાન એ પણ વીતરાગી જ્ઞાન છે. એના સ્વરૂપમાં રમણતા, સ્વરૂપાચરણ ચારિત્ર એ પણ વીતરાગી ચારિત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ? એ મોક્ષનો માર્ગ છે. આહાહા..!

---

**अथ निश्चयनयेन यन्निजात्मबोधज्ञानबाह्यं ज्ञानं तेन प्रयोजनं नास्तीत्यभिप्रायं मनसि संप्रधार्य सूत्रमिदं प्रतिपादयति –**

**२०२) जं णिय-बोहहँ बाहिरउ णाणु वि कज्जु ण तेण।**
**दुक्खहँ कारणु जेण तउ जीवहँ होइ खणेण।।७५।।**

**यत् निजबोधाद्बाह्यं ज्ञानमपि कार्यं न तेन।**
**दुःखस्य कारणं येन तपः जीवस्य भवति क्षणेन।।७५।।**

**जं इत्यादि। जं यत् णिय-बोहहं बाहिरउ दानपूजातपश्चरणादिकं कृत्वापि दृष्टश्रुतानुभूतभोगाकांक्षावासितचितेन रूपलावण्यसौभाग्यबलदेववासुदेवकामदेवेन्द्रा-दिपदप्राप्तिरूपभाविभोगाशकरणं यतिदानबन्धस्तदेव शल्यं तत्प्रभृतिसमस्तमनोरथविकल्प-ज्वालावलीरहितत्वेन विशुद्धज्ञानदर्शनस्वभावनिजात्मावबोधो निजबोधः तस्मान्निजबोधाद्-**

बाह्यम्। णाणु वि कज्जु ण तेण शास्त्रादिजनितं ज्ञानमपि यत्तेन कार्यं नास्ति। कस्मादिति चेत्। दुक्खहं कारणु दुःखस्य कारणं जेण येन कारणेन तउ वीतरागस्वसंवेदनरहितं तपः जीवहं जीवस्य होई भवति खणेण क्षणमात्रेण कालेनेति। अत्र यद्यपि शास्त्रजनितं ज्ञानं स्वशुद्धात्मपरिज्ञानरहितं तपश्चरणं च मुख्यवृत्त्या पुण्यकारणं भवति तथापि मुक्तिकारणं न भवतीत्यभिप्रायः।।७५।।

---

आगे निश्चयकर आत्मज्ञानसे बहिर्मुख बाह्य पदार्थोंका ज्ञान है, उससे प्रयोजन नहीं सधता, ऐसा अभिप्राय मनमें रखकर कहते हैं –

गाथा – ७५

अन्वयार्थ :– [ यत् ] जो [ निजबोधात् ] आत्मज्ञानसे [ बाह्यं ] बाहर (रहित) [ ज्ञानमपि ] शास्त्र वगैरका ज्ञान भी है, [ तेन ] उस ज्ञानसे [ कार्यं न ] कुछ काम नहीं, [ येन ] क्योंकि [ तपः ] वीतरागस्वसंवेदनज्ञान रहित तप [ क्षणेन ] शीघ्र ही [ जीवस्य ] जीवको [ दुःखस्य कारणं ] दुःखका कारण [ भवति ] होता है।

भावार्थ :– निदानबंध आदि तीन शल्योंको आदि ले समस्त विषयाभिलाषरूप मनोरथोंके विकल्पजालरूपी अग्निकी ज्वालाओंसे रहित जो निज सम्यग्ज्ञान है, उससे रहित बाह्य पदार्थोंका शास्त्र द्वारा ज्ञान है, उससे कुछ काम नहीं। कार्य तो एक निज आत्माके जाननेसे है। यहाँ शिष्यने प्रश्न किया, कि निदानबंध रहित आत्मज्ञान तुमने बतलाया, उसमें निदानबंध किसे कहते हैं ? उसका समाधान–जो देखे, सुने और भोगे हुए इन्द्रियोंके भोगोंसे जिसका चित्त रंग रहा है, ऐसा अज्ञानी जीव रूप–लावण्य सौभाग्यका अभिलाषी वासुदेव चक्रवर्ती–पदके भोगोंकी वाँछा करे; दान, पूजा, तपश्चरणादिक भोगोंकी अभिलाषा करे, वह निदानबंध है, सो यह बड़ी शल्य (काँटा) है। इस शल्यसे रहित जो आत्मज्ञान उसके बिना शब्द–शास्त्रादिका ज्ञान मोक्षका कारण नहीं है। क्योंकि वीतरागस्वसंवेदनज्ञान रहित तप भी दुःखका कारण है। ज्ञान रहित तपसे जो संसारकी सम्पदायें मिलती हैं, वे क्षणभंगुर हैं। इसलिए यह निश्चय हुआ, कि आत्मज्ञानसे रहित जो शास्त्रका ज्ञान और तपश्चरणादि हैं, उनमें मुख्यताकर पुण्यका बंध होता है। उस पुण्यके प्रभावसे जगत्की विभूति पाता है, वह क्षणभंगुर है। इसलिए अज्ञानियोंका तप और श्रुत यद्यपि पुण्यका कारण है, तो भी मोक्षका कारण नहीं है।।७५।।

---

હવે, નિશ્ચયનયથી જે આત્મબોધરૂપ જ્ઞાનથી બાહ્ય (રહિત) જ્ઞાન છે તેનાથી કાંઈ પણ પ્રયોજન નથી, એવો અભિપ્રાય મનમાં રાખીને આ સૂત્ર કહે છે :

ભાવાર્થ : દાન, પૂજા, તપશ્ચરણાદિક કરીને પણ દેખેલા, સાંભળેલા અને

**અનુભવેલા ભોગોની આકાંક્ષાથી વાસિત ચિત્તથી રૂપલાવણ્યસૌભાગ્યરૂપ બળદેવ, વાસુદેવ, કામદેવ અને ઈન્દ્રાદિના પદની પ્રાપ્તિરૂપ ભાવી ભોગોની જે વાંછા કરવી તે નિદાનબંધ છે, તે જ શલ્ય છે. તે શલ્ય આદિથી માંડીને સમસ્ત મનોરથના વિકલ્પની જ્વાળાવલીથી રહિતપણે વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા નિજ આત્માનો અવબોધ તે નિજબોધ છે. તે નિજબોધથી બાહ્ય શાસ્ત્રાદિજનિત જે જ્ઞાન છે તેનાથી કાંઈ પણ કાર્ય નથી, કારણ કે વીતરાગસ્વસંવેદનરહિત તપ જીવને ક્ષણમાત્રમાં જ-તત્કાળ જ-દુઃખનું કારણ થાય છે.**

**અહીં, જોકે શાસ્ત્રજનિત જ્ઞાન અને પોતાના શુદ્ધ આત્માના જ્ઞાનથી રહિત તપશ્ચરણ મુખ્યપણે પુણ્યનું કારણ છે તોપણ મુક્તિનું કારણ નથી, એવો અભિપ્રાય છે. ૭૫.**

---

## ગાથા-૭૫ ઉપર પ્રવચન

'**આગે નિશ્ચયકર...**' હવે કહે છે, જુઓ! '**આત્મજ્ઞાનસે બહિર્મુખ...**' એમાં નથી ભાઈ. આ તો 'સમયસાર' છે. 'પરમાત્મપ્રકાશ'માં છે. અનંતા સિદ્ધનું જ્ઞાન અને લાખો કેવળીઓ બિરાજે છે. મહાવિદેહમાં ભગવાન (બિરાજે છે), પણ કહે છે કે એ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય તરફના જ્ઞાનનો ઝુકાવ દુઃખ છે. ગજબ વાત કરે છે. આહાહા..!

મુમુક્ષુ :- પંચમહાવ્રત...

ઉત્તર :- એ દુઃખ રાગ છે. આહાહા..! આવી વાત દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહિ. આહાહા..! ગજબ વાત છે. પરમસત્ય. પરમ સત્યનો પોકાર છે. આહાહા..!

**૨૦૨) जं णिय-बोहहँ बाहिरउ णाणु वि कज्जु ण तेण।**
**दुक्खहँ कारणु जेण तउ जीवहँ होइ खणेण॥७५॥**

**ભાવાર્થ :- 'નિદાનબંધ આદિ તીન શલ્યોંકો આદિ...'** મિથ્યાત્વ શલ્ય.

મુમુક્ષુ :- ત્રણે..

ઉત્તર :- એની સાથે બધું આવી ગયું ત્રણેય.

મિથ્યાત્વશલ્ય, નિદાનશલ્ય, માયાશલ્ય '**આદિ તીન શલ્યોંકો આદિ લે સમસ્ત વિષયાભિલાષરૂપ મનોરથોંકે વિકલ્પજાલરૂપી અગ્નિ જ્વાલાઓંસે રહિત...**' આહાહા..! એવી જે વિકલ્પની જાળરૂપી અગ્નિ, એની જ્વાળાથી રહિત '**નિજ સમ્યગ્જ્ઞાન હૈ,...**' આહાહા..! ભાષા દેખો! આત્માનું જ્ઞાન કેવું છે? આત્મજ્ઞાન, સમ્યગ્દર્શન સહિતનું જ્ઞાન કેવું છે? કૈસા હૈ? આહાહા..! કે ત્રણ શલ્યથી રહિત અને '**વિષયાભિલાષરૂપ મનોરથોંકે વિકલ્પજાલરૂપી અગ્નિકી જ્વાલાઓંસે રહિત...**' આહાહા..! ઈચ્છારૂપી અગ્નિની જ્વાળાથી રહિત '**નિજ સમ્યગ્જ્ઞાન હૈ,...**' આહાહા..! એ નિજ સમ્યગ્જ્ઞાન (છે). સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો પરમાર્થ તત્ત્વ છે. આત્મજ્ઞાનની વિદ્યા. વિદ્યા એને કહીએ કે જેનાથી ભવમુક્ત થાય. આહાહા..!

મુમુક્ષુ :- સા વિદ્યા યા વિમુક્તયે.

ઉત્તર :- વિમુક્તયે. કહ્યું હતું. ..માં. નાના છોકરા હતા અને લઈ ગયા .. છોકરાને. જુઓ! કીધું આ લખ્યું છે, 'સા વિદ્યા યા વિમુક્તયે.' વિદ્યા એને કહીએ કે બંધન અને રાગથી મુક્ત કરે તેને વિદ્યા કહીએ. આહાહા..! નિશાળમાં હોય છે ને? મોટી નિશાળમાં ઘણીવાર લઈ ગયા હોય ને .. સંભળાવવા. કીધું, આ છે અમારી પાસે તો. વિદ્યા એને કહીએ કે જેનાથી મુક્તિ મળે. આ તમારી કેળવણીની વિદ્યા તો સંસારમાં રખડવાનું કારણ છે. એમ.એ.ના પૂંછડા અને એલ.એલ.બી.ના ને વકિલાતના (પૂંછડા) બધા રખડવાના કારણ છે. વર્તમાન દુઃખરૂપ અને ભવિષ્યમાં દુઃખનું કારણ. અને આત્મજ્ઞાન એ વર્તમાન સુખરૂપ અને ભવિષ્યમાં સુખ અને આનંદનું કારણ. આહાહા..! માણસને આ એવું લાગે (છે), એ નિશ્ચય છે.. એ નિશ્ચય છે. પણ નિશ્ચય છે એટલે સત્ય છે. વ્યવહાર છે એટલે દુઃખ છે. સાંભળને! વ્યવહાર હોય તો... વ્યવહારથી થાય... વ્યવહારથી થાય. વ્યવહારથી થાય દુઃખ.

મુમુક્ષુ :- વ્યવહાર હતો જ ક્યાં નિશ્ચય વગર?

ઉત્તર :- આ તો માને ને કે અમે આ વ્યવહાર કરીએ છીએ. ધૂળેય નથી વ્યવહાર. સમ્યગ્દર્શન વિનાનો વ્યવહાર કેવો? એને વ્યવહારાભાસ છે. આહાહા..! સમ્યગ્દર્શન સહિતનો વ્યવહાર પણ દુઃખરૂપ છે. આહાહા..! આવો માર્ગ છે, બાપુ! આહાહા..! અને વીતરાગી અનાકુળ આનંદનો કંદ પ્રભુ આત્મા, એનું જ્ઞાન એ આનંદના નાથનું જ્ઞાન. આહાહા..! વર્તમાન સુખરૂપ, આનંદની દશાને પ્રાપ્ત કરાવે વર્તમાન અને ભવિષ્યમાં પૂર્ણાનંદરૂપી મોક્ષનું કાર્યનું એ કારણ છે. મોક્ષરૂપી કાર્યનું એ કારણ છે. પંચમહાવ્રત અને શાસ્ત્રજ્ઞાન એ મોક્ષના કારણ નથી. આહાહા..!

'**સમ્યગ્જ્ઞાન હૈ, ઉસસે રહિત...**' આહાહા..! આવી જે વિકલ્પ જાળની અગ્નિથી રહિત તે સમ્યગ્જ્ઞાન. એમ. આહાહા..! હવે એનાથી બીજું. '**બાહ્ય પદાર્થોંકા શાસ્ત્ર દ્વારા જ્ઞાન હૈ,...**' આહાહા..! એ વિકલ્પજાળની અગ્નિ છે, કહે છે. સમજાણું કાંઈ? 'સુજાનમલજી'! આહાહા..! આ તો વીતરાગી માર્ગનો મર્મ છે. આહાહા..! અરે..! શું થાય? બધા મરી ગયા કરી કરીને. કરોડોપતિ, અબજોપતિ મરી ગયા બિચારા દુઃખમાં. પણ બહારમાં ભણતર અને બહારના વ્રત ક્રિયાકાંડમાં પણ મરી ગયા દુઃખમાં. બે જ વાત કરી છે કે સમ્યગ્જ્ઞાન એ વિકલ્પજાળની અગ્નિથી રહિત છે. આહાહા..! રાગની અગ્નિથી સમ્યગ્જ્ઞાન રહિત છે. અને બાહ્ય પદાર્થ અને શાસ્ત્રનું જ્ઞાન '**ઉસસે કુછ કામ નહીં.**' એમાં કાંઈ મોક્ષના કારણમાં એનું કાંઈ કામ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણે કહ્યું પણ? ના પાડે છે ને અહીં. શાસ્ત્ર પર છે. પરનું જ્ઞાન તો રાગનું જ્ઞાન છે. એના દ્વારા આત્મા જણાય નહિ. અહીં ન કહ્યું એ? આગળ પહેલા વાત આવી ગઈ છે કે દિવ્યધ્વનિથી પણ આત્મા જણાય એવો નથી. આહાહા..! એ પહેલી કડી આવી ગઈ છે. ભગવાન સાક્ષાત્ ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ, (જેને) ઇચ્છા વિના ૐ ધ્વનિ નીકળે. ૐ.. ૐ.. એવો અવાજ 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' આહાહા..! સમજાણું કાંઈ? 'રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે.' આહાહા..!

મુમુક્ષુ :- ...ભવિક જીવ સંશય નિવારે.

ઉત્તર :- પણ એ તો પોતે નિવારે ત્યારે એને નિમિત્ત કહેવાય ને. નિમિત્ત કાર્ય કરી શકે નહિ ત્યાં. નિમિત્ત એને કહીએ કે પરનું કાર્ય કરે નહિ અને ઉપસ્થિતિ હોય. એનું નામ નિમિત્ત. જેમ કુંભારનું નિમિત્ત એ ઘડાનું કાર્ય કરે નહિ. ઘડાનું કાર્ય તો માટી કરે. આહાહા..! ગજબ વાત, બાપુ! કુંભારનું નિમિત્ત છે. નિમિત્ત એટલે કરે નહિ કાંઈ. એનું નામ નિમિત્ત.

મુમુક્ષુ :- .. આપ શાસ્ત્રજ્ઞાન દિશા બતાવે...

ઉત્તર :- બતાવે તો પણ એ નિમિત્ત, એ પોતે કરે ત્યારે એને નિમિત્ત કહેવાય. એ નિમિત્ત કાર્ય કરાવતું નથી. એવી વાત છે.

'પ્રવચનસાર'માં તો એમ આવે કે આત્મજ્ઞાનને લક્ષે શાસ્ત્રનો અભ્યાસ કર. એમ આવે 'પ્રવચનસાર'માં. આહાહા..! પણ આત્મજ્ઞાનને લક્ષે. આહાહા..! એનું લક્ષ રાખીને શાસ્ત્રજ્ઞાન કર. તને યથાર્થ જ્ઞાન થશે. એમ. વાત તો એવી છે, બાપુ! ત્યાં તો નિમિત્તપણું બતાવે છે. અહીં તો નિમિત્ત છે એનું જે જ્ઞાન એ દુઃખરૂપ છે એ સિદ્ધ કરે છે. આહાહા..! તાવ આકરો આવ્યો હોય ને તો એને કડવી દવા પાય. એને સાકર ન અપાય. આહાહા..! બાપુ! આવું છે. દુનિયા માનો ન માનો. સંખ્યા સત્‌ની હો ન હો બહારની, એની સાથે કોઈ સંબંધ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'કુછ કામ નહીં.'** **'કાર્ય તો એક નિજ આત્માકે જાનનેસે હૈ.'** આહાહા..! છે? આહાહા..! ભારે પણ 'પરમાત્મપ્રકાશ'!

મુમુક્ષુ :- પરમાત્મા થવાની વાત છે ને.

ઉત્તર :- એકલું પરમાત્મા થવાનું કારણ નિજ સ્વરૂપ છે. આહાહા..!

**'કાર્ય તો એક નિજ આત્માકે જાનનેસે હૈ. યહાં શિષ્યને પ્રશ્ન કિયા, કિ નિદાનબંધ રહિત આત્મજ્ઞાન તુમને બતલાયા, ઉસમેં નિદાનબંધ કિસે કહતે હૈં? ઉસકા સમધાન-જો દેખે, સુને ઔર ભોગે હુએ ઇન્દ્રિયોંકે ભોગોંસે જિસકા ચિત્ત રંગ રહા હૈ,...'** આહાહા..! જેના ચિત્તમાં રાગનો રંગ લાગી ગયો છે. આહાહા..! ચાહે તો શુભ કે અશુભરાગનો રંગ લાગ્યો છે. આહાહા..! છે ને? દેખેલું, સાંભળેલું અને મનથી ભોગવેલું, એવા જે ભોગો એનો રંગ **'ઐસા અજ્ઞાની જીવ...'** આહાહા..! **'લાવણ્ય સૌભાગ્યકા અભિલાષી વાસુદેવ ચક્રવર્તી-પદકે ભોગોંકી વાંછા કરે; દાન, પૂજા, તપશ્ચરણાદિકર ભોગોંકી અભિલાષા કરે, વહ નિદાનબંધ હૈ, સો યહ બડી શલ્ય (કાંટા) હૈ.'** આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૫૦૨, માગશર વદ ૧, મંગળવાર**
**તા. ૦૭-૧૨-૧૯૭૬, ગાથા-૭૫, ૭૬, પ્રવચન નં. ૧૫૨**

**(પ્રથમ ૨૩ મિનિટ અવાજની ક્વૉલિટી બરાબર ન હોવાથી સભામાં ન વગાડવું)**

'પરમાત્મપ્રકાશ' ૭૫ ગાથા. '**બડી શલ્ય (કાંટા) હૈ.**' ત્યાં સુધી આવ્યું છે. '**દાન, પૂજા, તપશ્ચરણાદિકર ભોગોંકી અભિલાષા કરે વહ નિદાનબંધ હૈ, સો યહ બડી શલ્ય (કાંટા) હૈ.**' શલ્ય અભિલાષા સુખબુદ્ધિએ કરે એ તો નિદાન છે, બંધનું કારણ છે. '**ઈસ શલ્યસે રહિત જો આત્મજ્ઞાન...**' નિદાનશલ્યથી રહિત, મિથ્યાત્વશલ્યથી રહિત '**આત્મજ્ઞાન ઉસકે બિના...**' એવું જે આત્મજ્ઞાન એના વિના '**શબ્દ-શાસ્ત્રાદિકા જ્ઞાન મોક્ષકા કારણ નહીં હૈ.**' શબ્દ-શાસ્ત્રાદિક જ્ઞાન, શબ્દનું જ્ઞાન, શાસ્ત્રાદિનું જ્ઞાન એ મોક્ષનું કારણ નથી.

'**ક્યોંકિ વીતરાગસ્વસંવેદનજ્ઞાન રહિત તપ ભી દુઃખકા કારણ હૈ.**' ... આવે છે ને. તમે તો વ્રત, તપ ઉડાવો છો. છોડવા લાયક છે. બાહ્ય તપ, આત્મજ્ઞાન વિનાની ચીજ એ બધું પુણ્યબંધ હો પણ હેય છે-છોડવાલાયક છે. દૃષ્ટિમાંથી એને છોડવા લાયક છે. શાસ્ત્રજ્ઞાન, તપ, વ્રત .. દીક્ષા, દિગંબર દીક્ષા પણ આત્મજ્ઞાન વિના છોડવાલાયક છે, એમ કહે છે. તપ એટલે કલ્યાણક કહે છે ને? દીક્ષા કલ્યાણકને. એટલે .. આત્મજ્ઞાન વિના.. આહાહા..! ઝીણી વાત બહુ. લોકોને અત્યારે આકરું પડે.

'**આત્મજ્ઞાન ઉસકે બિના...**' એમાં નિજ આત્માનું જ્ઞાન નથી. સુખનું વેદન (નથી). આહાહા..! વીતરાગી જ્ઞાન ... આત્મા વીતરાગસ્વરૂપ છે, એથી તેનું જ્ઞાન પણ વીતરાગી સ્વસંવેદનજ્ઞાન કહેવાય છે. આહાહા..! એવું જેને સ્વ (આત્માનું) સ્વસંવેદન વીતરાગી જ્ઞાનથી .. એને. શાસ્ત્ર આદિ. અનેક પ્રકારના જ્ઞાન એ મોક્ષનું કારણ નથી. આહાહા..! '**આત્મજ્ઞાન ઉસકે બિના...**' ચાર અંગનું જ્ઞાન પણ મોક્ષનું કારણ નથી એમ કહે છે. કારણ કે પ્રયોજન તો આત્માના આનંદને અનુભવવો, એ આત્મજ્ઞાનનું પ્રયોજન છે. આત્માને સમ્યક્ દૃષ્ટિ દ્વારા અહં કરીને અનુભવવો. આહાહા..! એ તો આત્માનું પ્રયોજન છે. એ પ્રયોજન જ્યાં નથી ત્યાં આગળ શાસ્ત્ર જ્ઞાનાદિ, જે સ્વસંવેદનજ્ઞાન પોતાના વેદનના જ્ઞાન રહિત '**તપ ભી દુઃખકા કારણ હૈ.**' આહાહા..! અનશન, ઉણોદરી, રસપરિત્યાગ આદિ કરે, મુનિપણું ધારણ કરે, દિગંબર મુનિ એ દુઃખનું કારણ છે. આહાહા..! આવી વાત ભારે આકરી. એમ કે આ ઉપવાસ કરે, વ્રત પાળે એ છોડવાલાયક છે? એમ કહે. કરવું નહિ ત્યારે અમારે? કરે. રાગ દ્વેષ કરે. .. છે. મિથ્યાત્વશલ્ય છે માટે પુણ્ય, પાપનું બંધન છે. આહાહા..! આકરી વાત છે.

જેને સ્વસંવેદનજ્ઞાન નથી. સ્વ એટલે પોતાનું જ્ઞાન અને આત્મા, એના સ્વનું પોતાને પોતાનું જ્ઞાન જેને નથી એ તપ પણ દુઃખનું કારણ છે. તપ એટલે મુનિપણું, દીક્ષા, દિગંબર દીક્ષા, પંચમહાવ્રતનું પાલન દુઃખનું કારણ છે. શું કહ્યું? વ્યવહાર બધા કરે, અપવાસ કરે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વર્તમાન દુઃખનું કારણ અને ભવિષ્યમાં પણ દુઃખનું કારણ. (સમયસાર) ૭૪ ગાથામાં ન આવ્યું? કે આસ્રવ વર્તમાન દુઃખરૂપ છે, ભવિષ્યમાં દુઃખનું કારણ છે. ૭૪. કેમકે એનાથી બંધન થશે અને એનાથી સંયોગ મળશે. સંયોગ ઉપર લક્ષ જશે તો રાગ થશે. આહાહા..! માર્ગ બહુ ઝીણો. લોકો બિચારા ઉંધા રસ્તે ચડી ગયા છે. ... અને માને કે એ ધર્મ નથી. અરે..! બાપુ! અશુભથી બચવા આવા ભાવ હોય. સમજાય છે કાંઈ? અને વ્યવહારે ઠીક પણ કહેવાય. પણ વસ્તુ બંધનું કારણ છે એ. અને આવ્યા વિના રહે નહિ અને હોય એટલે આદરણીય છે એમ નથી. એ બધી મોટી ગડબડ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. હતું અહીં. .. છે. .. ફોટો હોય ત્યાં. આત્મધર્મમાં. એ અહીં છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમાં લખ્યું છે. પાખંડીઓ .. બિચારા એને.. એના પરિણામની શું જવાબદારી છે એને ખબર નથી. .. શું થાય? પ્રભુ! એ કાંઈ .. કરતો નથી. એના પ્રત્યે દ્વેષ કરવા જેવો નથી. .. આહાહા..! એની શ્રદ્ધામાં જે બેઠું હોય એ વાત કરે.

અહીં તો મહાપ્રભુ એમ કહે છે કે આત્મજ્ઞાન, સ્વનું જ્ઞાન, સ્વનું સમકિત-સ્વની શ્રદ્ધા અનુભવમાં... આહાહા..! એના વિનાની દીક્ષા જે દિગંબરી છે એ પણ દુઃખનું કારણ છે કહે છે. તપ કીધું ને? તપ કહો, કલ્યાણક કહો, દીક્ષા કલ્યાણક કહો. આહાહા..! આ 'પરમાત્મપ્રકાશ' છે. ભગવાન પરમાત્મસ્વરૂપ.. આહાહા..!

'**તપ ભી દુઃખકા કારણ હૈ. જ્ઞાન રહિત તપસે જો...**' આત્મજ્ઞાન વિનાની દીક્ષા અને તપસ્યા... આહાહા..! '**સંસારકી સંપદાયેં મિલતી હૈ,...**' સંસારની સંપદા મળે છે. સમજાણું કાંઈ? '**જ્ઞાન રહિત તપસે...**' સમ્યગ્જ્ઞાન વિનાના મુનિપણાથી... આહાહા..! '**સંસારકી સંપદાએ મિલતી હૈ,...**' પુણ્ય સંયોગીભાવ છે એટલે સંયોગ મળે. આહાહા..! આકરી વાતું પડે છે માણસને. શું થાય? '**વે ક્ષણભંગુર હૈં.**' જ્ઞાનરહિત તપ, મુનિપણું, દીક્ષા, સંસારની સંપદા (આપે) એ તો ક્ષણભંગુર છે. આહાહા..! એને .. પણ મરીને બિચારા ક્યાંય જશે. એ તો સંયોગી ચીજ છે. કોઈ પુણ્યને લઈને (મળે). ..માં પણ એવા સુખ હોય છે કે ... કરોડોની પેદાશ થાય એવા હોય તોપણ તેથી શું? આહાહા..!

અહીંયાં તો પવિત્ર પ્રભુ, એની નિજ સંપદા, પરમાત્મસ્વરૂપ એનું જ્ઞાન, એના વિનાની દીક્ષા અને તપ આદિ બધું સંસારની સંપદાને મેળવે. એ તો ક્ષણભંગુર છે. આહાહા..! આ .. જુઓ! ચાલ્યા જાય. આહાહા..! મિથ્યાદૃષ્ટિ નવમી ગ્રૈવેયકે જાય, જુઓ! કેટલી એની શુભની ક્રિયા. શુક્લલેશ્યા. શુક્લલેશ્યા તો છઠ્ઠા દેવલોકમાં પણ હોય છે. તો એના ઉપર સાત,

આઠ, નવ, દસ, અગિયાર, બાર, .. ગ્રૈવેયકે જાય એને શુક્લલેશ્યા કેવી? શુક્લલેશ્યા, હોં! આહાહા..! પણ એ તો સંપદાને આપે.. દુઃખનું કારણ ... આહાહા..!

'**ઈસલિયે યહ નિશ્ચય હુઆ કિ, આત્મજ્ઞાનસે રહિત...**' આહાહા..! પણ એ સાધન છે ને, એમ કહે છે. પંચમહાવ્રત પાળવા, વ્રત પાળવા, શુભભાવ એ સાધન છે ને. તને ખબર નથી, બાપુ! એ તો ... દુઃખનું કારણ કહ્યું પછી તને શું છે? '**આત્મજ્ઞાનસે રહિત જો શાસ્ત્રકા જ્ઞાન ઔર તપશ્ચરણાદિ હૈ,...**' દીક્ષા આદિ, પંચમહાવ્રત પરિણામ આદિ બધા... આહાહા..! '**ઉનમેં મુખ્યતાકર પુણ્યકા બંધ હોતા હૈ.**' પાઠમાં એમ છે. મુખ્યતાથી પુણ્યબંધ છે. ગૌણપણે એવા શુભભાવમાં ... રસ પડ્યો હોય. તીવ્રતાથી વધારે પડે. પછી .. અઘાતિનું પુણ્યનું કામ થઈ ગયું. સમજાય છે કાંઈ? શુભભાવ હોય તો ઘાતિકર્મનો રસ પણ કંઈક ઓછો પડે. અભાવ ન થાય. ઓછો-વત્તો એ તો કર્મની જાત છે. આહાહા..! '**मुख्यवृत्त्या**' કીધું છે ને? ગૌણપણે એને અઘાતિમાં રસ ઓછો થાય એ કંઈ વસ્તુ નથી. આહાહા..! અને શુભભાવમાં કંઈક ઉત્કૃષ્ટપણે હોય તો અશુભકર્મની જરી નિર્જરા પણ થાય, પણ એ મૂળ નિર્જરા સંવર સહિતની નહિ. સમજાણું કાંઈ? એ વિપાક નિર્જરા થાય. આહાહા..! '**मुख्यवृत्त्या**' કહીને આ નાખ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

અરે..રે..! એને જન્મ-મરણ રહિત થવાની કળા (આવડી નહિ). બાકી બધું કર્યું અનંતવાર. આહાહા..! તેથી કહ્યું ને? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' એનાથી ગ્રૈવેયક મળે. પુણ્યની લક્ષ્મી મળે બહારની. એમ કહ્યું. આત્મજ્ઞાન નથી એટલે ક્ષણભંગુર સંપદામાંથી નીકળી જશે, પાછો નરકમાં, ઢોરમાં જશે. અરે..! જેને જન્મ-મરણના અંત ન હોય, બાપુ! એ શું ચીજ છે? 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે..' 'શ્રીમદ્' કહ્યું છે ને? શુભભાવને પોતાનો માનવો, લાભ માનવો એ તો ક્ષણ ક્ષણ જીવનું મરણ છે, ભાવમરણ છે. ભયંકર ભાવમરણ છે, ભાઈ! .. ભગવાન! તું ગમે તે કહે, ગમે તે માન, વસ્તુ આ છે.

જેને આત્મવસ્તુ દૃષ્ટિમાં નથી આવી, જેને સ્વ તરફનું વેદન સ્વસંવેદનજ્ઞાન નથી થયું એ બધી ક્રિયાકાંડવાળા લક્ષ્મી સંપદા ક્ષણભંગુરને પામશે. ક્ષણે નાશ થઈ જાય. આહાહા..! 'બ્રહ્મદત્ત' ચક્રવર્તીને છ ખંડના રાજ, છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ. આહાહા..! એક ક્ષણભંગુર. હીરાનો ઢોલિયો... શું કહે તમારે? પલંગ. એકલા હીરા જડેલા. મરીને ક્ષણભંગુર ચીજ (છોડીને) સાતમી નરકે પોઢ્યો. સાતમી નરકમાં અત્યારે (છે). હજી તો થોડા વખત ગયા. ૮૫ હજાર વર્ષ. બાકી તો અસંખ્ય અબજ વર્ષનું તો એક પલ્યોપમ, એવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો સાગરોપમ, એવા ૩૩ સાગર છે. આહાહા..! ભાઈ! એણે દીર્ઘકાળનો વિચાર કર્યો નથી. અનંતકાળ ક્યાં ગાળ્યો? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અનંતવાર ગયો છે. અનંતા પુદ્ગલ પરાવર્તન કર્યા છે. નવમી ગ્રૈવેયકના અનંતા પુદ્ગલ પરાવર્તન કર્યા છે. આહાહા..! સાતમી નરકે અહીં, અહીં નવમી ગ્રૈવેયકે. પુણ્યને કારણે અનંતા પુદ્ગલ પરાવર્તન અનંતા ભવ કર્યા. પાપને કારણે અનંતા પુદ્ગલ

પરાવર્તન સાતમી નરકના કર્યા. .. આહાહા..! એમ ને એમ ગયો કાળ.. ગયો કાળ... ગયો કાળ... ભૂતકાળ લ્યો તો ક્યાંય અંત છે? આહાહા..! એવા અનંતકાળમાં આવું ગાળ્યું. આહાહા..!

જુઓને! ઓલા તો મુસલમાન છે. આરબ. મુસલમાન આરબ. એને એક કલાકની બે કરોડની ઉપજ. હવે ગજબ વાતું! લોકોને તો એમ લાગે કે આ.. આહાહા..! મૂડી બે કરોડ હોય. આ તો પેદાશ એક કલાકની આટલી. એ કાંઈ વસ્તુ નથી. સમજાણું કાંઈ? આહાહા..! એવું તો અનંતવાર પામ્યો છે. એને એક કલાકના બે કરોડ શું? એક કલાકના અબજ રૂપિયા (મળે) એવો મોટો રાજા પણ અનંતવાર થયો છે. આહાહા..! જેના દેશમાં એકલા હીરા પાકે, સમુદ્રમાં જેને સાચા મોતી પાકે એવી પુણ્યપ્રકૃતિના ફળ તરીકે અનંતવાર આવ્યો છે. એ કોઈ નવી ચીજ નથી. આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, સત્ એટલે શાશ્વત જ્ઞાન અને આનંદનો સાગર. આહાહા..! એક અકાર્યકારણ નામનો ગુણ ભગવાનઆત્મામાં (છે). આહાહા..! એ અકાર્યકારણ ગુણમાં કર્તા, કર્મ, સંપ્રદાન આદિનું રૂપ અંદર છે. આહાહા..! અનંતગુણ તો છે, શક્તિરૂપે, સંખ્યારૂપે, પૃથક્ક એવા અનંતગુણ છે. પણ એક અકાર્યકારણ નામનો ગુણ કે જે એની પર્યાયમાં... આહાહા..! એ પર્યાયમાં અકાર્યકારણ નામનું પરિણમન, દ્રવ્યની દૃષ્ટિ થતાં, આત્મજ્ઞાન થતાં.. આહાહા..! જેની પર્યાયમાં અનંતું પરનું કારણ નહિ અને પરનું કાર્ય નહિ. આહાહા..! પરનો કર્તા નહિ અને પરથી પોતામાં કર્તાપણું નહિ. એવી અનંતી શક્તિનો ભંડાર.. આહાહા..! એક એક ગુણમાં અનંત રૂપ. આહાહા..! એને પછી એક એક રૂપમાં બહુ વ્યાખ્યા કરી છે ને. 'સમયસાર નાટક'.. અને ઓલામાં 'અધ્યાત્મ પંચસંગ્રહ' એમાં. જ્ઞાનદર્પણમાં. 'દિપચંદજી'એ બહુ વિસ્તાર કર્યો છે. એક આવું રૂપ અને એનું આવું સાધન અને એનું આ, એમ કરીને એક પર્યાયમાં અનંતુ અનંત સામર્થ્ય વર્ણવ્યું છે. આહાહા..! એમ કે જ્ઞાનની પર્યાયમાં અનંતા ગુણોનું રૂપ એની પર્યાયમાં છે. કારણ કે ગુણમાં જ્યારે અનંત ગુણનું રૂપ છે તો પર્યાયમાં પણ અનંતી પર્યાયનું રૂપ અંદરમાં છે. પરની અનંતી પર્યાયનું રૂપ આ પર્યાયમાં છે. આહાહા..! મોટો જ્ઞાનનો ભંડાર એવા ચૈતન્યસ્વભાવનો જેને નિજજ્ઞાનથી... આહાહા..! એની ... આદિ પુણ્યબંધનું કારણ છે મુખ્યપણે. ગૌણપણે થોડો કર્મનો રસ ઓછો થાય ક્યાંક, એ કાંઈ વસ્તુ નથી. એ તો અભવિને પણ મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો રસ મંદ હોય છે. સમજાણું? અનંતાનુબંધી અને મિથ્યાત્વનો રસ અભવીને પણ મંદ હોય છે. ત્યારે નવમી ગ્રૈવેયકે જાય છે. આહાહા..! એ કોઈ ચીજ નથી. આહાહા..! એટલે અહીં '**मुख्यवृत्त्या**' શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ? આહાહા..!

આવો ઉપદેઈ. હવે માણસને હરખ આવે, હોંશ આવે, દયા કરવી ને આ કરવું, મોટા ગજરથ ચલાવવા ને મંદિર બનાવે મોટા. લાખ-લાખ માણસો આમ સાથે રથયાત્રામાં (જોડાય). એ તો બહારની ચીજ છે, બાપુ! એમાં કદાચ ભાવ હોય તો શુભ હો. પણ આતમજ્ઞાન વિનાનો એ શુભભાવ એ ક્ષણિક સંપદાને આપી નાશ થઈ જશે. આહાહા..!

એમાં શાશ્વત ચિદાનંદ પ્રભુ, જેની શક્તિઓ એટલે ગુણો જેનો સ્વભાવ નિત્ય શાશ્વત છે. આહાહા..! એવા શાશ્વત પદાર્થને જેણે પકડયો અને જાણ્યો... આહાહા..! એને તો શાશ્વતપણે રહે એવી દશા પ્રગટ થશે. એટલે મોક્ષ (થશે). આહાહા..! સમજાણું કાંઈ? શાશ્વત ભગવાનઆત્મા અનંત શક્તિનો ભંડાર, એવી શાશ્વત શક્તિને, સાગરને પકડતા... આહાહા..! એનું જ્ઞાન થતાં એના ફળ તરીકે તો કાયમ શાશ્વત રહેશે મોક્ષની પર્યાય એવું એનું ફળ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એના વિના આત્મજ્ઞાન, શાશ્વત સ્વભાવના ભાન વિના, એની પ્રતીતિ વિના, એને સ્વના જ્ઞાનમાં વેદન આવ્યા વિના... આહાહા..! એ બધી પુણ્યની ક્રિયાઓ ક્ષણિક ફળને આપી અને પાછા ક્ષણિક દુઃખમાં ચાલ્યો જશે. આહાહા..!

'**ઉસ પુણ્યકે પ્રભાવસે જગતકી વિભૂતિ પાતા હૈ,...**' લ્યો! એ જગતની રાખું-વિભૂતિ. ઓલો વિભૂતિ કાઢે છે ને? સાંઈબાબા. એ વિભૂતિ એટલે રાખ આ બહારની. ઓલા કાઢે છે નહિ? સાંભળ્યું નથી સાંઈબાબો? ઢોંગ કરે છે ને? રાખ કાઢે. આમ કરીને રાખ કાઢે. પકડ્યો છે એને બધાએ હવે કે તારો બધો ઢોંગ છે. આવી જા બહાર હવે તું. આમ રાખે અંદર રાખ.. એ તો ભાઈ કહેતા હતા. 'કે.લાલ' મોટો જાદુગર છે ને આપણો? આ 'જગજીવનભાઈ'નો સાળો છે. 'જગજીવન બાવચંદ' 'કુંડલા'. અહીં દીકરી છે ને? એનો મામો થાય છે. કાકાનો દીકરો. એવો હોંશિયાર છે પણ એવો હોંશિયાર. પાંચ, દસ-દસ હજાર રૂપિયા એક રાતના લ્યે. અને પોતે આવે મારી પાસે. મહારાજ! આ અમારા ધતીંગ છે. બાર મહિનામાં તો કેટલા લાખો પેદા કરે. ઘણા લાખો. આવે છે, અહીં પણ આવ્યો હતો. અહીં અમને બતાવ્યું હતું. 'હિંમતભાઈ' હતા. ઢોંગ પણ. 'રાજકોટ' આવી. પાંચ-પાંચ હજાર એક રાતના. મોટો. આમ તો એકવાર ત્રણ કલાકના પાંચ લાખ લીધા હતા. આમ કાંઈક બતાવીને. શું કહેવાય એને?

મુમુક્ષુ :- ટેલિવિઝન.

ઉત્તર :- ટેલિવિઝન. હા. એમાં. પાંચ લાખ. એ બિચારા આવીને કહે, મહારાજ! ધતીંગ છે અમારું બધું. 'રાજકોટ' હતા. પછી અહીં 'ઈંદોર' પણ આવ્યા હતા. જ્યાં હોય ત્યાં આવે. ગામમાં સાંભળે કે મહારાજ અહીં છે. આવ્યા છે. જાદુગર કરે. એની જાદુગરમાં તો માણસો ફીદા-ફીદા. એવો હોંશિયાર છે. ઉંમર તો કાંઈક ૫૧ કે કાંઈક છે. ૫૦-૫૧ ઉપર. પણ માથે બાંધી અને નીકળે છે. એવી ચાલાકી કે મોટા કરોડોપતિ-અબજોપતિ એકવાર .. એ કહેતો હતો, આનું 'રજનીશ'નું. એ રજનીશ તો જાદુગરીયો છે. ઓલો સાંઈબાબા પણ જાદુગરીયો છે. એમ કહે. આની જાદુગરી પ્રસિદ્ધ મોટી. બહારની.

મુમુક્ષુ :- રજનીશ પણ જાદુગર હતા?

ઉત્તર :- જાદુગર હતો. કારણ કે 'વડોદરા'માં એ બે ભેગા થઈ ગયેલા. એમાં એણે ઘોડાગાડી મોકલેલી. મોટર મોકલી. રજનીશે. આને (તેડવા). શીખવા માટે. રજનીશ. તમારો રજનીશ. એ તારણસ્વામી... એણે મોટર મોકલી. પણ હું ગયો નહિ. એને જાદુ શીખવું.

અને ઓલો સાંઈબાબો પણ જાદુગર છે. એની સામે અત્યારે બહુ ... આહાહા..! અરે..! એ બધા જગતને ... કરીને લાખો રૂપિયા ભેગા કરવા. મરીને ક્યાં જવાના?

મુમુક્ષુ :- જાદુગરી તો આપની પાસે પણ છે.

ઉત્તર :- અહીં તો ચૈતન્યની જાદુગરી છે. લાકડીની વાત તો થઈ ગઈ છે નહિ હમણાં? લાકડીમાં છે. લાકડીમાં કાંઈ નથી, બાપા! આ તો પ્લાસ્ટીકની લાકડી છે. પહેલા સુખડની લાકડી રાખતા. હમણાં 'ચંદુભાઈ' ડોક્ટર લાવ્યા છે. આ તો હાથમાં પરસેવો થાય એટલે શાસ્ત્રને અડાય નહિ. એ માટે (રાખીએ છીએ). અહીં ચમત્કાર બીજો અમારી પાસે કાંઈ નથી. પૈસા-પૈસા મહારાજને માને અને હાથ ફરે અને રૂપિયા થઈ જાય જાણે. એ બધી ગપ છે.

અહીં તો ચૈતન્યચમત્કારની વાત છે, ભાઈ! આહાહા..! જેનો ચમત્કાર એક ક્ષણ લાગ્યો જેને... આહાહા..! ભવનો અંત (આવી જાય). અહીં તો એવી વાત છે, બાપુ! બાકી બધા થોથા છે.

'**ઉસ પુણ્યકે પ્રભાવસે જગતકી વિભૂતિ પાતા હૈ,...**' એ ઓલાને વિભૂતિ કહે છે. રાખને. વિભૂતિ છે. ધૂળેય નથી વિભૂતો, સાંભળને! આહાહા..! વૈભવ અને વિભૂતિ તો ભગવાને એને કીધી ને 'કુંદકુંદાચાર્યે'? અમારો વૈભવ... આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ એનો જે અનુભવ, એમાં જે આનંદની મહોરછાપ, અતીન્દ્રિય આનંદની મહોરછાપ.. આહાહા..! જેના જ્ઞાનમાં આનંદ આવે, જેની પ્રતીતિમાં આનંદ વેદાય, જેની રમણતામાં આનંદની વૃદ્ધિ થાય. આહાહા..! એ અમારો વૈભવ અને અમારી સંપદા છે એમ કહે છે. 'કુંદકુંદાચાર્ય' કહે છે. પાંચમી ગાથામાં કહ્યું ને. આહાહા..! અમને બહુ માને અને અમે બહુ જાણપણાવાળા અને એ અમારો વૈભવ, એ નહિ. આ વૈભવ છે. આહાહા..! પણ આકરું (લાગે). અત્યારે આ બધું ચાલતું નહોતું ને એટલે લોકોને એવું લાગે છે કે એકાંત છે... એકાંત છે.. એમ કહે છે બિચારા. બાપુ! ...

મુમુક્ષુ :- તો અનેકાંત શું છે?

ઉત્તર :- અનેકાંત આ ક્રિયા કરે, તપ કરે, વ્રત કરે એનાથી પણ પમાય. એમ કહો તો અનેકાંત થાય. નિમિત્તથી પણ એને લાભ થાય. આત્માથી પણ થાય અને નિમિત્તથી પણ થાય એમ બેય નાખો તો અનેકાંત કહેવાય. ભગવાનની વાણીથી લાભ થાય એમ કહો. અને તમે કહો છો, ભગવાનની વાણીથી જ્ઞાન થાય નહિ. દિવ્યધ્વનિથી પણ આત્માનું જ્ઞાન થાય નહિ, 'પરમાત્મપ્રકાશ'માં એમ કહ્યું. બાપુ! તારી પાસે ક્યાં ખજાને ખોટ છે કે તારે પરની સામું જોવું પડે? આહાહા..!

મુમુક્ષુ :- શાસ્ત્રમાં એમ લખ્યું છે, તીર્થની પ્રવૃત્તિ બે નયને આધીન હોય છે.

ઉત્તર :- બે નયને આધીન કીધું ને. વ્યવહારનયનો વિષય નથી? વિષય હોય છે. રાગની મંદતા, ભક્તિ, પૂજા વસ્તુ હોય છે. બે નય હોય છે. (નય) બે છે તો નયનો વિષય પણ બે છે. પણ એથી બીજી નયનો વિષય બીજી નયના વિષયને મદદ કરે (એમ નથી). આહાહા..! એટલી વાત છે. વ્યવહારનયનો વિષય તો બંધનું કારણ છે. નિશ્ચયનયનો વિષય

તો અબંધસ્વરૂપ ભગવાન એના પરિણામ અબંધ છે. આહાહા..! બેય છે ખરું. છે ખરું. દ્રવ્ય અને પર્યાય બે નિશ્ચય અને વ્યવહાર છે. દ્રવ્ય પોતે નિશ્ચય છે અને પર્યાય પોતે વ્યવહાર છે. વ્યવહાર નથી એમ છે? પણ પર્યાયને આશ્રયે લાભ થાય એમ નથી. આહાહા..! અરે..! એને પણ બિચારાને સુખનો કામી તો છે ને. પણ રસ્તામાં ભૂલ પડે છે ત્યાં. કોઈ પ્રાણી બિચારા દુઃખના અર્થી તો છે નહિ, પણ દુઃખના કારણો શું છે એની ખબર નથી. .. સુખ. સુખ બધા ઈચ્છે છે. પણ સુખના કારણને જાણતા નથી. નિચ્છંતી દુઃખં. દુઃખને ઈચ્છતા નથી પણ દુઃખના કારણ છોડતા નથી. આહાહા..! પ્રભુ! પ્રભુ! ભગવાન! આહાહા..!

'**ईसलिये अज्ञानियोंका तप...**' શુભભાવવાળું. આહાહા..! '**और श्रुत यद्यपि पुण्यका कारण है,...**' એ ખુલાસો કર્યો છે. '**तो भी मोक्षका कारण नहीं.**' આહાહા..!

---

अथ येन मिथ्यात्वरागादिवृद्धिर्भवति तदात्मज्ञानं न भवतीति निरुपयति –

**२०३) तं णिय-णाणु जि होइ ण वि जेण पवड्ढइ राउ।**
**दिणयर-किरणहँ पुरउ जिय किं विलसइ तम-राउ।।७६।।**

तत् निजज्ञानमेव भवति नापि येन प्रवर्धते रागः।
दिनकरकिरणानां पुरतः जीव किं विलसति तमोरागः।।७६।।

तं इत्यादि। तं तत् णिय-णाणु जि होइ ण वि निजज्ञानमेव न भवति वीतरागनित्यानन्दैकस्वभावनिजपरमात्मतत्त्वपरिज्ञानमेव न भवति। येन ज्ञानेन किं भवति। जेण पवड्ढइ येन प्रवर्धते। कोऽसौ। राउ शुद्धात्मभावनासमुत्पन्नवीतरागपरमानन्दप्रतिबन्धक-पञ्चेन्द्रियविषयाभिलाषरागः। अत्र दृष्टान्तमाह। दिणयर-किरणहं पुरउ जिय दिनकरकिरणानां पुरतो हे जीव किं विलसइ किं विलसति किं शोभते अपि तु नैव। कोऽसौ। तम-राउ तमो रागस्तमोव्याप्तिरिति। अत्रेदं तात्पर्यम्। यस्मिन् शास्त्राभ्यासज्ञाने जातेऽप्यनाकुलत्वलक्षण-पारमार्थिकसुखप्रतिपक्षभूता। आकुलत्वोत्पादका रागादयो वृद्धिं गच्छन्ति तन्निश्चयेन ज्ञानं न भवति। कस्मात्। विशिष्टमोक्षफलाभावादिति।।७६।।

---

आगे जिससे मिथ्यात्व रागादिककी वृद्धि हो, वह आत्मज्ञान नहीं है, ऐसा निरूपण करते हैं –

**गाथा – ७६**

**अन्वयार्थ :–** [ जीव ] हे जीव, [ तत् ] वह [ निजज्ञानम् एव ] वीतराग नित्यानंद अखंडस्वभाव परमात्मतत्त्वका परिज्ञान ही [ नापि ] नहीं [ भवति ] है, [ येन ] जिससे [ रागः ]

**परद्रव्यमें प्रीति [ प्रवर्धते ] बढ़े, [ दिनकरकिरणानां पुरतः ] सूर्यकी किरणोंके आगे [ तमोरागः ] अन्धकारका फैलाव [ किं विलसति ] कैसे शोभायमान हो सकता है? नहीं हो सकता।**

**भावार्थ :– शुद्धात्माकी भावनासे उत्पन्न जो वीतराग परम आनंद उसके शत्रु पंचेन्द्रियोंके विषयोंकी अभिलाषी जिसमें हो, वह निज (आत्म) ज्ञान नहीं है, अज्ञान ही है। जिस जगह वीतरागभाव है, वही सम्यग्ज्ञान है। इसी बातको दृष्टांत देकर दृढ़ करते हैं, सो सुनो। हे जीव, जैसे सूर्यके प्रकाशके आगे अन्धेरा नहीं शोभा देता, वैसे ही आत्मज्ञानमें विषयोंकी अभिलाषा इच्छा नहीं शोभती। यह निश्चयसे जानना। शास्त्रका ज्ञान होने पर भी जो निराकुलता न हो, और आकुलताके उपजानेवाले आत्मीक–सुखके वैरी रागादिक जो वृद्धिको प्राप्त हों, तो वह ज्ञान किस कामका? ज्ञान तो वह है, जिससे आकुलता मिट जावे। इससे यह निश्चय हुआ, कि बाह्य पदार्थोंका ज्ञान मोक्ष–फलके अभावसे कार्यकारी नहीं है।।७६।।**

---

**હવે, જેના વડે મિથ્યાત્વ, રાગાદિની વૃદ્ધિ થાય છે તે આત્મજ્ઞાન નથી, એમ કહે છે :**

**ભાવાર્થ : જે જ્ઞાન વડે શુદ્ધાત્મભાવનાથી ઉત્પન્ન એવા વીતરાગ પરમાનંદના પ્રતિબંધક પાંચ ઈન્દ્રિયોના વિષયોની અભિલાષારૂપ રાગની વૃદ્ધિ થાય તે નિજ જ્ઞાન નથી. વીતરાગ નિત્યાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા નિજ પરમાત્મતત્ત્વનું જ્ઞાન જ નથી. અહીં દષ્ટાંત કહે છે. સૂર્યના કિરણોની સામે શું અંધકારનો ફેલાવ શોભે છે? નથી શોભતો.**

**અહીં, એ તાત્પર્ય છે કે શાસ્ત્રના અભ્યાસથી જ્ઞાન થવા છતાં પણ જેમાં અનાકુળતા જેનું લક્ષણ છે એવા પારમાર્થિક સુખથી પ્રતિપક્ષભૂત આકુળતાના ઉત્પાદક એવા રાગાદિ વૃદ્ધિ પામે છે (રાગાદિની વૃદ્ધિ થાય છે) તે ખરેખર જ્ઞાન જ નથી. કારણ કે તેના વડે વિશિષ્ટ મોક્ષફળની પ્રાપ્તિ થતી નથી. ૭૬.**

---

## ગાથા-૭૬ ઉપર પ્રવચન

**'આગે જિસસે મિથ્યાત્વ રાગાદિકકી વૃદ્ધિ હો, વહ આત્મજ્ઞાન નહીં હૈ,...'** આહાહા..! જેનાથી ભ્રમણા વધે, પાંચ ઈન્દ્રિયના વિષયની બુદ્ધિ સુખબુદ્ધિ વધે.. આહાહા..! પાંચ ઈન્દ્રિયના વિષયોમાં સુખબુદ્ધિ રહે અને આત્મજ્ઞાન હોય, એમ હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એનો અર્થ એવો નથી કે વિષયની વાસના જ એને ન હોય. પણ સુખબુદ્ધિ નથી એમાં. આહાહા..! જેને આત્મજ્ઞાન છે તેને પરપદાર્થના પાંચ ઈન્દ્રિયના વિષયોમાંથી હિતબુદ્ધિ, સુખબુદ્ધિ ઊડી ગઈ છે. પણ જેને આત્મજ્ઞાન નથી એને પાંચ ઈન્દ્રિયના વિષયોમાં સુખબુદ્ધિ છે. એના કારણમાં પુણ્ય છે તેમાં એને સુખબુદ્ધિ છે.

આહાહા..! સમજાણું કાંઈ? સુખબુદ્ધિ જુદી ચીજ છે અને આસક્તિ જુદી ચીજ છે. આસક્તિ જ્ઞાનીને હોય છે પણ એને સુખબુદ્ધિ હોતી નથી. જેને આત્મજ્ઞાન થયું અને આત્મજ્ઞાન સુખરૂપ છે, આત્મામાં સુખ છે એવી બુદ્ધિ, દૃષ્ટિ થઈ એને પરમાં સુખબુદ્ધિ ઊડી જાય છે. અને જેને પરમાં સુખબુદ્ધિ છે તેને આત્મજ્ઞાન નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- પાંચ ઈન્દ્રિયોમાં સુખબુદ્ધિ નથી...

ઉત્તર :- એ ક્યાંય સુખબુદ્ધિ નથી. સુખબુદ્ધિ આત્મામાં છે. મહાવ્રતમાં પણ સુખબુદ્ધિ નથી. એ તો દુઃખરૂપ છે. આહાહા..! આવું કામ ભાઈ! આ તો. આહાહા..! સમજાણું કાંઈ?

**'જિસસે મિથ્યાત્વ રાગાદિકકી વૃદ્ધિ હો, વહ આત્મજ્ઞાન નહીં હૈ, ઐસા નિરૂપણ કરતે હૈં–'** ૭૬.

**२०३) तं णिय–णाणु जि होइ ण वि जेण पवड्ढइ राउ।**
**दिणयर–किरणहँ पुरउ जिय किं विलसइ तम–राउ।।७६।।**

**અન્વયાર્થ :– 'હે જીવ, વહ વીતરાગ નિત્યાનંદ અખંડસ્વભાવ પરમાત્મતત્ત્વકા પરિજ્ઞાન હી નહીં...'** આહાહા..! કહે છે કે જેને નિજ વીતરાગ અખંડનું જ્ઞાન નથી. **'જિસસે પરદ્રવ્યમેં પ્રીતિ બઢે,...'** આહાહા..! દેખો! પરદ્રવ્યમાં પ્રીતિ વધે તેને અખંડ આત્મજ્ઞાન નથી. આહાહા..! સ્વદ્રવ્યનો જેને અનુભવ અને આનંદ થયો એને પરદ્રવ્યની પ્રીતિ રહેતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવી વ્યાખ્યા પણ. સ્વ અને પર બે દ્રવ્યના .. કહે છે. આહાહા..!

જેને વીતરાગ નિત્યાનંદ પ્રભુ અખંડ સ્વભાવ પરમાત્મતત્ત્વ. ૭૬ છે ને? નિત્યાનંદ એક સ્વભાવ એમ છે. નિજ પરમાત્મતત્ત્વ. એક શબ્દ પડ્યો રહ્યો છે. **'વીતરાગ નિત્યાનંદ અખંડસ્વભાવ...'** એમ લીધો. એકનો અર્થ નથી કર્યો. ટીકામાં છે. **'वीतराग–नित्यानन्दैकस्वभाव'** એનો ઓલો એકનો અર્થ અખંડ કર્યો, ભાઈ! એકસ્વભાવ કહો કે અખંડ કહો. એક તો ઘણે ઠેકાણે વાપરે છે. પણ અહીં એકનો અર્થ કાઢી નાખ્યો ઘણે ઠેકાણે. અહીં રાખ્યો. આહાહા..!

પ્રભુ! વીતરાગ આત્મા નિત્યાનંદ એકસ્વરૂપી, અખંડસ્વરૂપી પરમાત્મતત્ત્વ દ્રવ્યસ્વભાવ. આહાહા..! એનું જેને પરિજ્ઞાન નથી, એનું જેને જ્ઞાન નથી, એમાં જેને સુખબુદ્ધિ થઈ નથી. આહાહા..! ભગવાનઆત્મામાં આનંદબુદ્ધિ જેને થઈ નથી. એટલે નિત્યાનંદ સ્વભાવ જેને નથી થયો. એમ કહે છે. આહાહા..! **'જિસસે પરદ્રવ્યમેં પ્રીતિ બઢે,...'** એને લઈને એને પરદ્રવ્યમાં રુચિ વધે છે. જેને સ્વદ્રવ્યનું પરિજ્ઞાન નથી તેને પરદ્રવ્યમાં રુચિ વધે છે. ઈ પ્રેમનો આ અર્થ છે. રુચિ છે પરદ્રવ્યમાં એને. પરદ્રવ્ય એને પોષાણમાં છે. સ્વદ્રવ્યનું પોષાણ નથી એને પરદ્રવ્યનું પોષાણ છે, એમ કહે છે. આહાહા..! આવી વાતું હવે. સાધારણ માણસ તો બિચારા ગામડાના હોય હવે આમાં શું સમજે? એ

કરતા આપણે અપવાસ કરીએ, વ્રત કરીએ, તપ કરીએ. ભાઈ! આ તો ધર્મની વાત છે, બાપુ! ધર્મ ચીજ એવી છે કે વીતરાગ નિત્યાનંદ એક સ્વભાવનું જ્ઞાન, એની પ્રતીતિ અને રમણતા એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? હવે એ કોણ છે એની પણ ખબર ન મળે. વીતરાગી નિત્યાનંદ એકસ્વભાવી પ્રભુ આત્મા છે. ઓલો આનંદ પરમાં માને છે ને? એને અહીં વીતરાગી આનંદમાં લઈને... જેને વીતરાગી આનંદના નિજ સ્વભાવનું ભાન નથી એ આ ક્ષણિક બહારની સુખબુદ્ધિમાં દોરાઈ જાય છે. પરપદાર્થની રુચિમાં એ ચાલ્યો જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જિસસે પરદ્રવ્યમેં પ્રીતિ બઢે, સૂર્યકી કિરણોંકે આગે અન્ધકારકા ફૈલાવ કૈસે શોભાયમાન હો સકતા હૈ?'** સૂર્યના કિરણના વિસ્તારમાં અંધકારની શોભા કેમ હોય? જેને ભગવાન પરમાત્મા આનંદસ્વરૂપ પ્રભુ, એમાં જેને આનંદની રુચિ થઈ અને આનંદની સુખબુદ્ધિ થઈ, એવા સૂર્યના કિરણ આગળ અંધકારની શોભા ન હોય, એમ આના ફેલાવ આગળ, રુચિ આગળ પરપદાર્થની રુચિનો ભાવ અંધકાર છે. એ કેમ હોય એને? આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું. અજ્ઞાનીને તો ચોવીસે કલાક પરમાં હિતબુદ્ધિ, ઠીકબુદ્ધિ, સુખબુદ્ધિથી કામ કરતો હોય છે. આહાહા..! ચોવીસે કલાક પરમાં સુખબુદ્ધિ એ મિથ્યાત્વભાવ છે. અને જ્ઞાનીને ચોવીસે કલાક સ્વ નિત્યાનંદમાં સુખબુદ્ધિ છે. એવા સૂર્યના કિરણ આગળ અંધકાર કેમ હોય? એમ નિત્યાનંદની જેને રુચિ અને અનુભવ થયો, એનું ભાન થયું એને વિષયમાં સુખ છે એવી બુદ્ધિ ક્યાંથી હોય? એમ કહે છે. આહાહા..! એટલે એનો અર્થ એવો નથી કે વિષય છોડી દીધા એટલે એની સુખબુદ્ધિ છૂટી ગઈ. છોડી દયો આ બાયડી છોકરા માટે (સુખબુદ્ધિ ન રહે), એમ નથી. એમાં સુખબુદ્ધિ છે તેને છોડવા જેવું છે. એ વસ્તુ તો છૂટી જ પડી છે. આહાહા..! આવો ઉપદેશ કઈ જાતનો?

સૂર્યના કિરણ આગળ અંધકાર કેમ શોભે? એમ નિત્યાનંદ ભગવાનઆત્માના જ્ઞાનની રુચિ આગળ પરપદાર્થની રુચિ કેમ શોભે? પરપદાર્થની રુચિ એને હોઈ શકે નહિ. આહાહા..! તો આ છ ખંડના રાજ છે ને સમકિતીને? છન્નું હજાર સ્ત્રી છે, એક સ્ત્રીની હજાર દેવ તો સેવા કરે છે. ત્યાંની સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? સુખબુદ્ધિ ઉડવી અને આસક્તિ થવી એ બેમાં ફેર (છે). આસક્તિ તો આવે પણ એમાં સુખબુદ્ધિ નથી. દુઃખબુદ્ધિ છે. આહાહા..! શુભભાવમાં પણ જેની સુખબુદ્ધિ છે એ અંધકાર છે. આત્મજ્ઞાનમાં જેની સુખબુદ્ધિ છે તેને શુભભાવમાં પણ સુખબુદ્ધિ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનાસક્તિ રુચિની વાત છે. અનાસક્તિનો અર્થ આ છે. રુચિ પરમાં એ આસક્તિ છે. રુચિ નહિ એ અનાસક્તિ છે. અનાસક્તિથી કરવું એ જે કહે છે એ વાત તો ખોટી છે. સમજાણું કાંઈ? આહાહા..!

નિત્યાનંદ વીતરાગ એક સ્વભાવી અખંડ સ્વરૂપ પ્રભુ, એનું જેને સુખબુદ્ધિનું જ્ઞાન અને આત્મજ્ઞાન છે, એને પરપદાર્થની રુચિ ઊડી ગઈ હોય છે. એને જો પરપદાર્થની રુચિની

વૃદ્ધિ હોય તો તેને આત્મજ્ઞાન છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ગાથાઓ પણ.

'પરમાત્મપ્રકાશ'. ઓલામાં 'મોક્ષમાર્ગપ્રકાશક'માં કહ્યું છે ને એ? 'પરમાત્મપ્રકાશ'માં, 'સમયસાર'માં, 'પ્રવચનસાર'માં એમ બધું કહ્યું છે. એને જાણ્યા હશે એણે. એ જાણનારો હું છું એમ પણ એ માને છે, પણ જાણનારને જાણ્યો નથી. છે ને? ભાઈ! 'મોક્ષમાર્ગપ્રકાશક'માં. એમ કે એને જાણ્યા છે એમાંથી અને એમ જાણે છે કે આનો જાણનાર હું છું. પણ એને જાણનારો હું છું પણ જાણનારો આ છે. છે ને એ? .. 'સમયસાર'માં એક જ જીવનું ધર્મનું શ્રદ્ધાન, અગિયાર અંગનું જ્ઞાન, મહાવ્રત .. નાખ્યું છે. 'પ્રવચનસાર'માં પણ એમ લખ્યું છે કે જેને આત્મજ્ઞાન એવું થયું કે જે વડે પદાર્થને હસ્તાવલંબ તુલ્ય જાણે. તથા એમ જાણે કે આનો જાણવાવાળો હું છું. પણ હું જ્ઞાનસ્વરૂપ છું એવો પોતાને પરદ્રવ્યથી ભિન્ન કેવળ ચૈતન્યદ્રવ્યને અનુભવતો નથી. 'ટોડરમલે' કહ્યું. આણે અધ્યાત્મની ભાંગ પીધી છે, એમ કહે છે. શું કરે છે તું? ભાઈ! અત્યારે લોકોને બહારની વાતું ઠીક પડશે. આહાહા..! બાપુ! તારા આત્માને હિત એમાં નથી. અહીં સુધી કીધું. આહાહા..! આનો જાણવાવાળો હું છું ત્યાં સુધી. પણ હું જ્ઞાનસ્વરૂપ છું એમ પરદ્રવ્યથી ભિન્ન કેવળ ચેતનદ્રવ્ય અનુભવતો નથી. માટે આત્મજ્ઞાન શૂન્ય આગમજ્ઞાન પણ કાર્યકારી નથી. 'પરમાત્મપ્રકાશ'માં એ છે. સમ્યગ્જ્ઞાનનો છેલ્લો અધિકાર. સમ્યગ્જ્ઞાનનો છે ને આમાં? શ્રદ્ધાનું પહેલું, નવ તત્ત્વનું, પછી સમ્યગ્જ્ઞાન, પછી સમ્યક્ચારિત્ર લેશે. સમ્યક્ ચારિત્ર .. બહુ લીધું છે. ઓહોહો..! 'ટોડરમલે'. 'વર્ણીજી'ને તો પ્રેમ હતો આમાં. બસ્સો વાર વાંચ્યું છે એમ કીધું. પણ એને મળેલું નહિ ને બિચારાને એટલે બિચારાને એ સ્થિતિ થઈ ગઈ. આહાહા..!

અહીં કહે છે, '**दिनकरकिरणानां पुरतः**' '**સૂર્યકી કિરણોંકે આગે અંધકારકા ફૈલાવ કૈસે શોભાયમાન હો સકતા હૈ?**' આહાહા..! એમ જેને ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાનઘન છે તેની રુચિ અને દૃષ્ટિ અનુભવ થયો, આત્મજ્ઞાન થયું એની આગળ પરદ્રવ્યની પ્રીતિની વૃદ્ધિ કેમ વધે? આહાહા..! સમજાય છે કાંઈ? લ્યો! ભગવાને એમ કહ્યું, પ્રભુ! મારી સામું જોતા પણ, અમે પરદ્રવ્ય છીએ (તો) તને રાગ થશે. તું તારી સામું જો. તું આનંદસ્વરૂપ છો, જ્ઞાનસ્વરૂપ છો. સમજાણું કાંઈ? જોયું! ક્યાં સુધી લીધું? કે આનો જાણનારો હું છું. આનો જાણનારો. પણ હું જ્ઞાનસ્વરૂપ છું. આહાહા..! એવું અસ્તિત્વનું જ્ઞાન ન કર્યું એણે. જ્ઞાનસ્વરૂપ એવી જેની સત્તા અને હયાતી... આહાહા..! આવી વાત આકરી વાત પડે માણસને, હોં! લોકોને બિચારાને શું થાય? પ્રથા આખી ઊડી ગઈ છે. અરે..રે..! આહાહા..!

મુમુક્ષુ :- પરસત્તાવલંબી જ્ઞાન છે ને?

ઉત્તર :- એ જ ને. પરસત્તાવલંબી જ્ઞાન એ બંધનું કારણ. જ્ઞાનીને પરસત્તાવલંબી હોય પણ એ મોક્ષનું કારણ નથી. આહાહા..!

**ભાવાર્થ :- 'શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન...'** જુઓ! ભગવાનઆત્મા શુદ્ધાત્મા, એના બધા ગુણો શુદ્ધ અને પોતે શુદ્ધ આત્મદ્રવ્ય. આહાહા..! એવો જે શુદ્ધાત્મા, એની

ભાવના-એકાગ્રતા, એનાથી ઉત્પન્ન '**જો વીતરાગ પરમ આનંદ...**' પહેલી વ્યાખ્યા કરી. '**શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન જો વીતરાગ પરમ આનંદ ઉસકે શત્રુ પંચેન્દ્રિયોંકે વિષયોંકી અભિલાષી...**' અભિલાષા હોં! એની. આહાહા..! પાંચ ઇન્દ્રિયના વિષયની અભિલાષ, ઝેર અને દુઃખની અભિલાષા. આહાહા..! '**વહ નિજ (આત્મ)જ્ઞાન નહીં હૈ,...**' આહાહા..! શુદ્ધાત્મા, ત્રિકાળી શુદ્ધ પ્રભુ, એની એકાગ્રતાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદ.. આહાહા..! એમાં એકાગ્ર થતાં પરમ આનંદ ઉત્પન્ન થાય. એને છોડીને '**ઉસકે શત્રુ પંચેન્દ્રિયોંકે વિષયોકી અભિલાષા જિસમેં હો, વહ નિજ (આત્મ) જ્ઞાન નહીં હૈ.**' આહાહા..! બહુ જ ટૂંકા શબ્દ અને એકલો મર્મ ભર્યો છે. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી ક્ષાયિક સમકિતી, છન્નું હજાર સ્ત્રી હતી. પણ વિષયની અભિલાષા નહોતી. સમજાય છે કાંઈ? એની રુચિ નહોતી કે આ હોય તો ઠીક. આહાહા..!

'**અભિલાષી જિસમેં હો, વહ નિજ (આત્મ)જ્ઞાની નહીં હૈ, અજ્ઞાન હી હૈ.**' ત્યારે એમ અર્થ કરે કે જેટલું છોડી દે એટલું જ્ઞાન હતું. એ નહિ. પાંચ ઇન્દ્રિયના વિષયની રુચિ છોડી દે અને નિત્યાનંદની રુચિ કરે તે જ્ઞાન સાચું. સમજાણું કાંઈ? આહાહા..! નહિતર તો ક્ષાયિક સમકિતી છે. છન્નું હજાર સ્ત્રી છે, રાગ છે, પણ અભિલાષ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આકરી વાતું ભારે. એમાં શું ફેર પડ્યો?

પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્તિ છે છતાં તેને આત્મજ્ઞાન હોય. પણ પાંચ ઇન્દ્રિયના વિષયની જેને સુખબુદ્ધિ અને અભિલાષા છે એને આત્મજ્ઞાન ન હોય. સમજાણું કાંઈ? જ્ઞાનીને વિષય વાસના છે પણ દુઃખરૂપ લાગે છે. અજ્ઞાનીને વિષયની અભિલાષામાં પ્રેમ અને સુખરૂપ લાગે છે. આહાહા..! એમાં એને હરખ આવે છે. અજ્ઞાનીને પાંચ ઇન્દ્રિયના વિષયોમાં હરખ આવે છે. એને આત્મજ્ઞાન નથી.

મુમુક્ષુ :- આસક્તિ છે?

ઉત્તર :- આસક્તિ જુદી વસ્તુ. હરખ, પ્રેમ આવે છે, રુચિ આવે છે કે આ ઠીક છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આસક્તિ તો અસ્થિરતા થઈ. છઠ્ઠે ગુણસ્થાને રાગ હોય છે છતાં જ્ઞાન અને ચારિત્ર છે. અને પહેલે ગુણસ્થાને રાગની રુચિ છે, અભિલાષ છે. અહીં ઈ કહેવું છે. એને આત્મજ્ઞાન નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આસક્તિ અજ્ઞાની લાગુ પડે ને?

ઉત્તર :- અજ્ઞાનીને લાગુ ન પડે. આસક્તિ અજ્ઞાનીને ન હોય અને જ્ઞાનીને હોય. જ્ઞાનીને આસક્તિ હોય પણ હરખબુદ્ધિ નથી, સુખબુદ્ધિ નથી. દુઃખબુદ્ધિ છે. આહાહા..! આવા ઝીણા કાંતણ. માર્ગ એવો (છે), બાપુ!

ભાષા કેવી કરી છે, જુઓને! '**શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન...**' રાગની એકાગ્રતાથી

ઉત્પન્ન તો દુઃખ છે. સમજાણું કાંઈ? '**શુદ્ધાત્માકી ભાવના...**' એટલે એકાગ્રતા, હોં! '**ઉત્પન્ન જો વીતરાગ પરમ આનંદ ઉસકે શત્રુ પંચેન્દ્રિયોંકે વિષયોંકી અભિલાષી જિસમેં હો, વહ નિજ (આત્મ) જ્ઞાન નહીં હૈ, અજ્ઞાન હી હૈ.**' આહાહા..! પાંચ ઈન્દ્રિયના કોઈપણ વિષયમાં જેને સુખબુદ્ધિ છે, અભિલાષા છે કે આ ઠીક છે, આ ભાવ કરવા જેવો છે એ આત્મજ્ઞાન રહિત છે. આહાહા..! થોડે ફેરે મોટો ફેર. આખી દૃષ્ટિનો ફેર છે ને? અજ્ઞાનીની રાગ ઉપર રુચિ અને દૃષ્ટિ છે, જ્ઞાનીની વીતરાગ પરમાનંદ ઉપર રુચિ છે. આહાહા..!

'**જિસ જગહ વીતરાગભાવ હૈ, વહી સમ્યગ્જ્ઞાન હૈ.**' દેખો! આહાહા..! રાગની રુચિ નથી, વિષયની અભિલાષા નથી એવો જે આત્માના સ્વભાવની દૃષ્ટિ વીતરાગભાવ, એ ત્યાં સમ્યગ્જ્ઞાન છે, લ્યો! વિશેષ કહેશે.... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, માગશર વદ ૨, બુધવાર
## તા. ૦૮-૧૨-૧૯૭૬, ગાથા-૭૬, ૭૭, પ્રવચન નં. ૧૫૩

**(આ પ્રવચનમાં અવાજ કપાતો હોઈ જાહેરમાં ન વગાડવું)**

'પરમાત્મપ્રકાશ'. ૭૬ ગાથા ચાલે છે. ભાવાર્થ ફરીને લઈએ છીએ.

'**શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન જો વીતરાગ પરમ આનંદ ઉસકે શત્રુ પંચેન્દ્રિયોંકે વિષયોંકી અભિલાષા જિસમેં હો, વહ નિજ (આત્મ) જ્ઞાન નહીં હૈ,...**' આહાહા..! જેને ધર્મ પ્રગટ્યો છે એને આત્મજ્ઞાનમાં આનંદનો સ્વાદ આવ્યો છે, એમ કહે છે. ધર્મી એને કહીએ કે જેને આત્મજ્ઞાન હોય. આત્મજ્ઞાન હોય એટલે? અનંતગુણનો પિંડ પ્રભુ, એની સન્મુખ થઈને જે જ્ઞાન થવું એમાં અતીન્દ્રિયના આનંદના સ્વાદનો પણ ભાવ આવ્યો. એવા આત્મજ્ઞાની-ધર્મીને પાંચ ઈન્દ્રિયના વિષયમાં સુખબુદ્ધિ ન હોય. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! કેમકે આત્માના સ્વાદની જ્યાં દૃષ્ટિ થઈ છે એને વિષયમાં દુઃખ છે એની અભિલાષા એને ન હોય. એની એને ભાવના ન હોય કે આ વિષયો મળે તો મને ઠીક. જ્ઞાનીની દૃષ્ટિ આત્મા ઉપર હોય છે અને આત્મજ્ઞાનીને આત્માના આનંદના સ્વાદનો નમુનો આવ્યો હોય છે. આહાહા..! ઝીણી વાત, ભાઈ! જ્ઞાનીને વિષયભોગમાં સુખબુદ્ધિ એની ઊડી ગઈ હોય છે. આહાહા..! એને આબરૂમાં સુખબુદ્ધિ ઊડી ગઈ હોય છે. પાંચ ઈન્દ્રિયોના વિષયોમાંથી એની સુખબુદ્ધિ નાશ થઈ જાય છે. કેમકે જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં આત્મામાં આનંદ છે એનો અનુભવ થયો. આહાહા..! સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર ન મળે અને ધર્મ થઈ જાય. આહાહા..!

જ્યાં આત્મજ્ઞાન કહો જ્ઞાનની અપેક્ષાએ, દૃષ્ટિની અપેક્ષાએ સમ્યગ્દર્શન કહો અને સ્વરૂપના આચરણની અપેક્ષાએ આનંદનું આચરણ કહો... આહાહા..! એવું જ્યાં આત્મજ્ઞાન

અને સમ્યગ્દર્શન છે એને પરમાં સુખબુદ્ધિ નાશ થઈ ગઈ છે. ચાહે તો ઈન્દ્રના ઈન્દ્રાસનો હો કે .. શરીરની સુંદરતા અને આબરૂની આ પ્રશંસા કરે તેમાં સુખબુદ્ધિ, ઠીકબુદ્ધિ એ ધર્મીને ઊડી ગઈ છે. સમજાણું કાંઈ? ઝીણી વાત.

મુમુક્ષુ :- થોડી રહે છે, થોડી ઊડી જાય છે.

ઉત્તર :- જરીએ રહેતી નથી. આસક્તિ રહે, સુખબુદ્ધિ ન રહે. આહા..! ઝીણી વાત છે. રાગ થઈ જાય પણ એમાં સુખબુદ્ધિ નથી. એવી વાત ઝીણી, બાપુ!

આત્મજ્ઞાન કહો કે સમ્યગ્દર્શન કહો. સમ્યગ્દર્શનમાં આત્મા દેહ, વાણી, કર્મથી ભિન્ન અને પુણ્ય-પાપના વિકલ્પના દુઃખથી ભિન્ન અને ભગવાન પોતાના આનંદના સ્વભાવથી અભિન્ન એવા આત્માના જ્ઞાન અને આત્માની શ્રદ્ધા થઈ... આહાહા..! એને પોતાના આનંદ સિવાય પુણ્યનો ભાવ થાય, દયા, દાન, પૂજા આદિ, એમાં પણ સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! સમ્યગ્દર્શન કોઈ ચીજ એવી છે કે... વર્તમાનમાં તો કોઈ માની લીધું કે આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અને નવ તત્ત્વની શ્રદ્ધા છે. હવે વ્રત લઈ લ્યો, ચારિત્ર લઈને પાળો. આહાહા..!

આચાર્ય 'યોગીન્દ્રદેવ' ૧૩૦૦ વર્ષ પહેલા દિગંબર સંત (થયા) એનું આ 'પરમાત્મપ્રકાશ' છે. આહાહા..! કેમકે આત્મા આનંદસ્વરૂપ છે, એના શત્રુ પાંચ ઈન્દ્રિયના વિષયો છે. આહાહા..! જ્યાં સમ્યગ્દર્શનમાં સ્વ આનંદનો વિષય આવ્યો... આહાહા..! સમ્યગ્દર્શન ચોથે ગુણસ્થાને. ભગવાનઆત્મા દર્શનનો વિષય આનંદસ્વરૂપ છે. આહાહા..! સમ્યગ્દર્શનનો વિષય કહો, સમ્યગ્દર્શનનું ધ્યેય કહો, જેને આશ્રયે સમ્યગ્દર્શન થાય એ આત્મા આનંદસ્વરૂપ છે. અનાકુળ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. આહાહા..! એનું જેને જ્ઞાન અને આનંદનું વેદન થયું, એને આત્માના આનંદ સિવાય પાંચ ઈન્દ્રિયના વિષયમાં સુખબુદ્ધિ એની ઊડી જાય છે. અભિલાષા નથી હોતી, એમ કહે છે. આહાહા..!

ચાહે તો છ ખંડના રાજમાં પડ્યો હોય સમકિતી દેખાય, પણ એને પોતાના આત્માના આનંદ સિવાય બીજામાં ક્યાંય સુખ છે એવી સુખ બુદ્ધિનો નાશ થઈ ગયો છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત, બાપુ! આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે. એ કોઈ સાધારણ, માની લે કે અમે તત્ત્વાર્થશ્રદ્ધાન માન્યું એ સમ્યગ્દર્શન. પણ તત્ત્વાર્થશ્રદ્ધાનમાં આત્માની શ્રદ્ધા થાય ત્યારે સમ્યગ્દર્શન થાય ને. આત્મા તો અનાકુળ આનંદનો કંદ છે. અનાકુળ શાંતરસની મૂર્તિ પ્રભુ છે. એની જ્યાં જ્ઞાન અને શ્રદ્ધા થઈ ત્યારે તો એને આનંદ અતીન્દ્રિય અપૂર્વ અનંતકાળમાં નહિ જાણ્યો એવો અનુભવ્યો. આહાહા..! એવા આનંદના અનુભવની આગળ આત્મજ્ઞાનીને સમ્યગ્દષ્ટિને ચોથે ગુણસ્થાને હોય તોપણ પાંચ ઈન્દ્રિયના વિષયોમાં સુખબુદ્ધિ એની નાશ થઈ ગઈ છે. આત્મામાં સુખબુદ્ધિ થઈ. આહાહા..!

આત્મામાં જ્યાં સુખબુદ્ધિ થઈ અને આનંદ પ્રગટ્યો, એની આગળ પાંચ ઈન્દ્રિયના વિષયોની અભિલાષા ઝેરની અભિલાષા છે. સમજાણું કાંઈ? એ અભિલાષા આત્મજ્ઞાનીને હોતી નથી. આહાહા..! ભારે વાત. ઈન્દ્રિયના વિષયથી નિવર્ત્યો ન હોય. આવે છે ને

'ગોમ્મટસાર'માં. ... પંડિતજી! .. નિવર્ત્યો ન હોય. આહાહા..! પણ ઈન્દ્રિયના વિષયોમાં સુખબુદ્ધિથી (વર્તતો નથી). આહાહા..! સમજાણું કાંઈ? ઈન્દ્રિયોના વિષયોથી નિવર્ત્યો નથી. કારણ કે રાગ છે. પણ તેમાં સુખબુદ્ધિ એની ઊડી ગઈ છે. આહાહા..! વિષયોમાં મજા છે, ઠીક છે એ બુદ્ધિ ધર્મીની સમ્યગ્દર્શન થતાં, આત્મજ્ઞાન થતાં એ બુદ્ધિ ઊડી જાય છે. આવી વાત છે. છે? શત્રુ.. આહાહા..! શું કહે છે? '**વીતરાગ પરમ આનંદ ઉસકે શત્રુ પંચેન્દ્રિયોંકે વિષયોં...**' ઝેર છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. સુખબુદ્ધિ એમાં રહેતી નથી. આહાહા..! ઝીણી વાત પણ મૂળની વાત છે, ભાઈ! આ અત્યારે કહે ને? (અમારે શ્રદ્ધા છે, હવે) વ્રત લઈ લ્યો ને તપ લઈ લ્યો. એકડા વિનાના મીંડા છે બધા.

જેમાં આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન છે તેમાં તો આત્માનો આનંદગુણ અને સમ્યગ્જ્ઞાનનો ગુણ પ્રગટ થયો છે. અરે..! સંખ્યાએ આત્મામાં જેટલા ગુણો છે એ બધા ગુણોનો અંશ વેદનમાં પ્રગટ થયો છે. આહાહા..! સર્વ ગુણાંશ તે સમકિત. એ 'શ્રીમદ્'નું વાક્ય છે. આપણે રહસ્યપૂર્ણ ચિઠ્ઠીનું, જ્ઞાનાદિ અનંતગુણનો એકદેશ પ્રગટ થયો છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. આહાહા..! બાપુ! એને તો હજી તો સમ્યગ્દર્શન કહીએ. ચારિત્ર તો ક્યાંય રહ્યું. એ તો પરમ પ્રચુર અનંત આનંદનું ઉત્કૃષ્ટ ઉગ્ર વેદન થઈ જાય ત્યારે એને ચારિત્ર કહેવાય. સમજાણું કાંઈ? પાંચ મહાવ્રતના પરિણામ અને નગ્નપણું એ કાંઈ મુનિપણું નથી. નગ્નપણું તો જડની દશા છે. પંચમહાવ્રતના પરિણામ તો આસ્રવની દુઃખદશા છે. આહાહા..! '**જ્ઞાન નહીં હૈ, અજ્ઞાન હી હૈ.**' આહાહા..!

'**જિસ જગહ વીતરાગભાવ હૈ, વહી સમ્યગ્જ્ઞાન હૈ.**' આહાહા..! જેમાં રાગનો પ્રેમ ઊડી ગયો છે. આહાહા..! રાગ હો પણ રાગની રુચિ ઊડી ગઈ છે. આહાહા..! એને અહીંયાં વીતરાગભાવ અને એને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! '**ઈસી બાતકો દૃષ્ટાંત દેકર દૃઢ કરતે હૈં, સો સુનો. હે જીવ, જૈસે સૂર્યકે પ્રકાશકે આગે અંધેરા નહીં શોભા દેતા,...**' સૂર્યના પ્રકાશ આગળ '**અંધેરા નહીં શોભા દેતા, વૈસે હી આત્મજ્ઞાનમેં વિષયોંકી અભિલાષા (ઈચ્છા) નહીં શોભતી.**' આહાહા..! ભારે વાત, ભાઈ! છ ખંડનો ધણી, છન્નું હજાર સ્ત્રીમાં પડ્યો દેખાય પણ એને આનંદની અભિલાષા છૂટી ગઈ છે. આહાહા..! વિષયના સુખમાં ઝેર દેખાય છે, દુઃખ દેખાય છે. આહાહા..! અહીંયાં એમ માને કે ઓહો..! આને છ ખંડના રાજ ને છન્નું હજાર સ્ત્રી, ઘણો સુખી. અજ્ઞાની એમ માને છે. આહાહા..!

ઓલામાં આવ્યું નથી ભજનમાં? 'ચિન્મૂર્તિ દગધારિકી મોહે રીતિ લગત હૈ અટાપટી' નારકીનો જીવ બાહરથી દુઃખ ભોગવે, અંતર સુખની ગટાગટી (છે). આહાહા..! લે! ત્યાં તો પીવાનું પાણી ન મળે, ખાવાનું અનાજ ન મળે, સૂવાનો ઓટલો ન મળે, ઓઢવાનું કપડું ન મળે. રોગ એટલા છે તો દવા ન મળે કાંઈ. આહા..! પણ જેને અંતર સમ્યગ્દર્શન થયું એને

આત્માના આનંદનો સ્વાદ (આવ્યો) અને સુખી થયો એ. આહાહા..! એ નરકમાં રહ્યો છતાં સુખી છે. જેટલે અંશે નિર્મળતા પ્રગટી એટલી. જેટલો રાગ છે તેટલું દુઃખ છે. આહાહા..! આવે છે ને? 'નારકી કૃત દુઃખ ભોગત અંતર સુખરસ ગટાગટી'. ગટાગટી. આહાહા..! અહીંયાં છ ખંડના રાજ હોય, છન્નું હજાર સ્ત્રી હોય પણ એમાં સુખબુદ્ધિ છે તે દુઃખી છે. આહાહા..! સમજાણું કાંઈ? દુનિયા એને સુખી માને તો ભગવાન કહે છે કે એ દુઃખી છે. મહા દુઃખી. જેને છ ખંડ અને છન્નું હજાર સ્ત્રીની સામગ્રી, એમાં જેને રુચિ છે પરદ્રવ્યની, બહુ દુઃખી છે. કહો, સમજાણું કાંઈ? વીતરાગદૃષ્ટિ અને સંસારદૃષ્ટિમાં મોટો ફેર છે. આહાહા..!

**'આત્મજ્ઞાનમેં વિષયોંકી અભિલાષા (ઇચ્છા) નહીં શોભતી. યહ નિશ્ચયસે જાનના. શાસ્ત્રકા જ્ઞાન હોને પર ભી...'** આહાહા..! શાસ્ત્ર જાણતો હોય. આ સંસારના વકિલાતના જ્ઞાન, ડૉક્ટરના જ્ઞાન, વૈદ્યના જ્ઞાન એ તો બધા દુઃખરૂપ છે. આહાહા..! ખેતીના જ્ઞાન. ન ખેતી કીધી? આપણો મોટો છે ને? 'કૃષિપંડિત' 'ઋષભસાગર' નામ શું કીધું? 'ઋષભકુમાર' એને 'ખુરઈ' માં મોટો કૃષિ પંડિત. કેટલી ઊપજ! દસ-દસ લાખ રૂપિયાના કપાસ અને મોટો ખેડૂત. સરકાર તરફથી કૃષિપંડિતની ઉપાધિ છે. દિગંબર છે. ત્યાં અમે એના ઘરે ઉતર્યા હતા તે દિ'. દિકરો-દિકરી કાંઈ નથી. મોટી પેદાશના ઢગલા અને જમીનનો તો પાર ન મળે. એટલી જમીન... જમીન... જમીન.. કે આમ ઢગ પડ્યા હતા. આહાહા..! લોકો એમ કહે કે આ સુખી છે.

કહે છે કે પરમાં જ્યાં પ્રેમબુદ્ધિ છે એ જ દુઃખી છે. અને ભગવાનઆત્મામાં જેની પ્રેમબુદ્ધિ અને આનંદબુદ્ધિ છે એ સુખી છે. આહાહા..! સમજાણું કાંઈ? હમણા ભરાણી હતી ને સભા ત્યાં? ભાઈ! સાંભળ્યું હતું ને? 'ખુરઈ' માં નહિ આ બધા આપણા મોટા મોટા દોઢસો માણસ ભેગા થયા. દોઢસો નહિ પચાસ? દોઢસો. દોઢસો માણસ ભેગું થયું. આમ બધા આપણા મોટા મોટા 'બાબુભાઈ' ને મોટા બધા. અને એ સિવાય કેટલાક બહારથી આવેલા. એ પ્રેમ છે અહીંનો. બહુ .. નથી પણ પ્રેમ છે. એની વહુ તો અહીં મહિનો મહિનો રહી જાય છે. મોટો કૃષિ, મોટો. ઘરે મોટા દેરાસર. પૈસાના ઢગલા. એ તો ક્યાંય રહ્યું. આ કીધું નહિ કાલે? ઈરાનનો બાદશાહ. જેની એક કલાકની બે કરોડની પેદાશ. અત્યારે છે. દુઃખી છે ઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને કારણે નથી. મારા છે એમ માન્યું છે એ દુઃખ છે. આહાહા..! એ વસ્તુને કારણે નહિ. એ વસ્તુ મારી છે અને હું પૈસાદાર છું, ધનાઢ્ય છું, મને મજા છે એ માન્યતા દુઃખરૂપ મિથ્યાત્વની છે. આહાહા..! સમજાણું કાંઈ? પૈસાવાળાના પાણી ઉતારી નાખે ત્યાં. એક કલાકમાં બે કરોડની ઊપજ. પુંજી તો કેટલી હશે! એક દિ'ની અડધા અબજની પેદાશ. ચોવીસ કલાસની. અડધા અબજ! એવી એવી ૧૩૦ વર્ષ સુધી ચાલે એટલી પેદાશ છે. આહાહા..! દુઃખી છે પણ ઈ. કેમકે એને આત્માના આનંદની ખબર નથી

અને આમાં મજા છે એ માન્યતા દુઃખરૂપ છે મોટી. મોટો દુઃખી છે ઈ.

અને સાતમી નરકનો નારકી જેને જન્મતા સોળ રોગ, પાણીનો કણ નહિ, અનાજનો દાણો નહિ. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ અંદરમાં સુખી છે. કેમકે જેને ભગવાન આનંદના નાથનું નિધાન ખુલી ગયું છે. રાગની એક્તામાં આનંદના નાથને તાળા માર્યા હતા. આહાહા..! એ રાગની એક્તા તૂટીને સ્વભાવની એક્તા થઈ ત્યાં નિધાન ખુલી ગયું છે. આહાહા..! એ સાતમી નરકનો નારકી સમકિતી સુખી (છે). એ સામગ્રીને લઈને નહિ. આહાહા..! સ્વભાવની દૃષ્ટિને લઈને સુખી છે. આહાહા..! આ બધા આવા મોટા રાજાઓ, ગૃહસ્થો અને અબજોપતિ ને કરોડોપતિઓ બિચારા દુઃખી છે. એમાં સુખ માન્યું છે, એમાં મજા માની છે, એ ઠીક છે એ માન્યતા જ મિથ્યાત્વનું દુઃખ છે. આહાહા..! ભગવાન ઠીક છે એ વાત ઊડી ગઈ અંદરથી. મારો આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે એ ઠીક છે, એ વાત ઊડી ગઈ. આ ઠીક છે એ વાત રહી ગઈ. સમજાણું કાંઈ? આહાહા..! છે? ક્યાં આવ્યું?

'**શાસ્ત્રકા જ્ઞાન હોને પર ભી...**' લ્યો! બીજી ચીજ તો ક્યાંય એકકોર રહી ગઈ. પણ શાસ્ત્રનું જ્ઞાન છે. '**જો નિરાકુલતા ન હો, ઔર આકુલતાકે ઉપજાનેવાલે આત્મીક-સુખકે વૈરી રાગાદિક જો વૃદ્ધિકો પ્રાપ્ત હોં,...**' આહાહા..! કહે છે કે સંસારના જ્ઞાન તો દુઃખરૂપ જ છે પણ શાસ્ત્રજ્ઞાન છે એને જો અનાકુળ આનંદનું ભાન નથી તો એ શાસ્ત્રજ્ઞાનમાં પણ રાગની વૃદ્ધિ કરે છે. આહાહા..! આ તો જગતથી અવલદોમની વાત છે, ભાઈ! આહાહા..! છે? '**શાસ્ત્રકા જ્ઞાન હોને પર ભી જો નિરાકુલતા ન હો,...**' અંતરમાં આનંદ પ્રભુ નિરાકુળતા.. નિરાકુળતાનો અનુભવ ન હો એટલે પર્યાયમાં વીતરાગતા ન હો.. આહાહા..! સમજાણું કાંઈ? '**ઔર આકુલતાકે ઉપજાનેવાલે આત્મીક-સુખકે વૈરી રાગાદિક જો વૃદ્ધિકો પ્રાપ્ત હોં,...**' આહાહા..! ત્યાં તો શાસ્ત્રજ્ઞાન દ્વારા પણ રાગની વૃદ્ધિ કરશે ઈ. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે. અમને આવડે છે અને અમને આવું ફડાક જવાબ દેતા આવડે અને આ આવડે. એનું એને અભિમાન અંદર હોય. રાગની વૃદ્ધિ થાય. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. આહાહા..!

'**શાસ્ત્રકા જ્ઞાન હોને પર ભી જો નિરાકુલતા ન હો,...**' અર્થાત્ સમ્યગ્દર્શન ન હો અર્થાત્ સમ્યગ્જ્ઞાન ન હો. સ્વ આત્માનું સમ્યગ્જ્ઞાન ન હોય તો '**શાસ્ત્રકા જ્ઞાન હોને પર ભી જો નિરાકુલતા ન હો, ઔર આકુલતાકે ઉપજાનેવાલે...**' આહાહા..! '**આત્મીક-સુખકે વૈરી રાગાદિક જો વૃદ્ધિકો પ્રાપ્ત હોં,...**' આહાહા..! શું કહે છે? જેને આત્માના આનંદનું આત્મજ્ઞાન અનુભવ ન હોય, આત્મજ્ઞાની જીવને સુખની વૃદ્ધિ થાય છે અને આત્મજ્ઞાન વિનાના શાસ્ત્રજ્ઞાનવાળાને રાગની વૃદ્ધિ થાય છે. આહાહા..! દુઃખની વૃદ્ધિ (થાય છે). કહો, 'દેવીલાલજી'! આવી વાત છે. જગતથી નિરાળી છે, બાપુ! આહાહા..!

અહીં તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ન હોય અને વ્રત અને ચારિત્રના ક્રિયાકાંડ કરે એને ચારિત્ર કહે. આહાહા..! મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એ શુભભાવમાં ધર્મ છે અને ધર્મનું કારણ છે એમ માનનારા રાગની વૃદ્ધિ, વિકારની વૃદ્ધિ કરે છે. એમ કહે છે. અને

રાગથી ભિન્ન ભગવાનઆત્માનું જ્ઞાન અને દર્શન થતાં એને સમ્યગ્જ્ઞાન અને શાંતિ અને આનંદની વૃદ્ધિ થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય બાપા! એને શું ખબર છે. આહાહા..! અત્યારે શુભઉપયોગ હોય. શુદ્ધ ન હોય. શુભ ઉપયોગ એ અધર્મ છે. પુણ્યનો વિકલ્પ એ રાગ છે. આહાહા..! અને રાગથી ધર્મ માને છે તે મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? જુઓને! કેટલી વાત કરી છે!

**'આકુલતાકે ઉપજાનેવાલે આત્મીક-સુખકે વૈરી રાગાદિક જો વૃદ્ધિકો પ્રાપ્ત હોં,...'** આત્માના આનંદની દૃષ્ટિ અને અનુભવ નથી, આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય અનાકુળ શાંતિનો રસકંદ એનો અનુભવમાં આનંદ નથી, એને શાસ્ત્રજ્ઞાન તો રાગની વૃદ્ધિનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? કારણ કે એ પરજ્ઞાન છે, પરાલંબી પરસત્તાવલંબી જ્ઞાન છે. સ્વઆશ્રયજ્ઞાન નહિ. એ પરસત્તાવલંબી દુઃખરૂપ છે. આહાહા..! અનંતવાર અગિયાર અંગ અને નવ પૂર્વ સુધી જ્ઞાન થયું છે, પણ એ દુઃખરૂપ છે. આત્મજ્ઞાન વિના એ જ્ઞાન દુઃખરૂપ છે એમ કહે છે. કારણ કે એને ઊંડે ઊંડે અભિમાન થયા વિના રહેશે જ નહિ. આહાહા..!

**'આકુલતાકે ઉપજાનેવાલે આત્મિક-સુખકે વૈરી રાગાદિક જો વૃદ્ધિકો પ્રાપ્ત હોં,...'** એમ પાઠ છે ને મૂળ તો? ૭૬. આહાહા..! **'होइ ण वि जेण पवड्ढइ राउ। दिणयर-किरणहँ पुरउ जिय किं विलसइ तम-राउ।'** **'तं णिय-णाणु जि होइ ण वि जेण पवड्ढइ राउ।'** અને નિજજ્ઞાનમાં વર્તે ...રાગ એમ કાઢ્યું એમાંથી. નિજજ્ઞાન ભગવાનઆત્મા અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ પ્રભુ અને અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા, એના જ્ઞાનમાં રાગની વૃદ્ધિ નથી એમ કહે છે. છે ને? **'तं णिय-णाणु जि होइ ण वि जेण पवड्ढइ राउ।'** એમાંથી આ કાઢ્યું છે. નથી જેને જ્ઞાન એને રાગની વૃદ્ધિ છે. જેને આત્મજ્ઞાન થયું એને રાગની વૃદ્ધિ નથી. એમ એ કાઢ્યું પાઠમાંથી. સમજાણું કાંઈ? **'तं णिय-णाणु जि होइ ण वि जेण पवड्ढइ राउ।'** લ્યો! આહાહા..! નિજજ્ઞાન હો. '...પરદ્રવ્યમેં પ્રીતિ બઢે.' એને પરદ્રવ્યની પ્રીતિ છે જ નહિ. આહાહા..! પ્રીતિ એટલે રુચિની વાત છે અહીં. આમ તો દેવ-ગુરુ-શાસ્ત્રની રુચિ કરે તો એ રાગ છે. પણ એમાં રુચિ કરે કે આ ધર્મ છે તો એ મિથ્યાત્વ છે. દેવ-ગુરુની માન્યતા એ મિથ્યાત્વ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતા એ રાગ છે, શુભરાગ છે. પણ એમાં એનાથી ધર્મ છે એમ માને તો મિથ્યાત્વ છે. આહાહા..! અરે..! મૂળ વાતની ખબર ન મળે. જિંદગી ચાલી જાય. આહાહા..! અરે..!

**'વહ જ્ઞાન કિસ કામકા?'** જેમાં રાગ અને દ્વેષની વૃદ્ધિ થાય એ જ્ઞાન શું કામનું? આહાહા..! સમ્યગ્જ્ઞાની ધર્માત્મા હોય, એને વિશેષ જ્ઞાન ન હોય, આનંદનું ભાન હોય, આનંદનું વેદન હોય, તો જેને વિશેષ જ્ઞાન છે એને આ આવું (ભાન) નથી એને એમ થઈ જાય કે આ શું? આ તો અમે જાણનારા છીએ. એના કરતા તો અમને વધારે જ્ઞાન છે. આહાહા..! 'ચેતનજી'! ભારે વાત. 'પરમાત્મપ્રકાશ' છે. આહાહા..!

મુમુક્ષુ :- પરસત્તાવલંબી જ્ઞાન છે.

ઉત્તર :- એ બધું પરસત્તાવલંબી જ છે ને. એ પરસત્તાવલંબી એટલે પરના લક્ષે થયેલું જ્ઞાન. સ્વના લક્ષે નહિ થયેલું. જ્ઞાનીને એ પરસત્તાવલંબી જ્ઞાન હોય છે પણ એ દુઃખરૂપ છે. એને મોક્ષમાર્ગ કહેતા નથી. હોય છે જરી. અને આ તો પરસત્તાવલંબી શાસ્ત્રનું જ્ઞાન એને મોક્ષનું કારણ છે, અમને ધર્મ થયો છે કાંઈક, એમ માને છે. આહાહા..! અજબગજબની વાતું છે. અત્યારે ચાલતા સંપ્રદાયથી તો તદ્દન વિરૂદ્ધ છે. આહાહા..!

દિગંબર સંતો, 'યોગીન્દ્રદેવ' પોકાર કરે છે. જેને આત્મજ્ઞાન છે તેને રાગની વૃદ્ધિ નથી. છે ને? પાઠ એ છે. **'जेण पवड्ढइ ण वि राउ'** આહાહા..! જેને આત્મજ્ઞાન અને આત્મદર્શન છે તેને રાગ વધતો નથી. તેને રાગ ઘટતો જાય છે અને શુદ્ધિ વધતી જાય છે. આહાહા..! એમાંથી આ .. એ પછી કહેશે. આ તો છે. વર્તમાન જ નથી એને. રાગની વૃદ્ધિ જ નથી એને. આહાહા..! અહીં શુદ્ધિની વૃદ્ધિ છે. ક્ષણે ક્ષણે નિર્મળ દૃષ્ટિ છે એથી આનંદના આશ્રયમાં, સ્વના આશ્રયમાં આનંદ આવ્યો છે. સ્વનો આશ્રય વધતો જાય છે. આહાહા..! હવે આવી વ્યાખ્યા. આ તે ધર્મ કઈ જાતનો? ઓલા કહે, વ્રત કરવા, અપવાસ કરવા, ફલાણું ખાવું નહિ. હવે એ તો બધી રાગની ક્રિયાઓની વાતું. જેને આત્મજ્ઞાન નથી તેને રાગની વૃદ્ધિ થશે. આહાહા..! અને જેને આત્મજ્ઞાન છે તેને રાગની વૃદ્ધિ નહિ થાય. પાઠ એમ છે ને? એને શુદ્ધિની વૃદ્ધિ થશે. આહાહા..! એને રાગ આસક્તિનો છે એ પણ ઘટતો જશે. પ્રેમનો રાગ તો નથી, રુચિનો રાગ તો જ્ઞાનીને છે નહિ. આહાહા..! ફક્ત આસક્તિનો રાગ જે છે એ પણ સ્વને આશ્રયે ઘટતો જશે. આહાહા..!

**'જ્ઞાન તો વહ હૈ, જિસસે આકુલતા મિટ જાવે.'** આહાહા..! સમજાણું કાંઈ? ખૂબ વાંચીએ અને ખૂબ યાદ કરીએ તેથી આપણને જવાબ દેતા આવડે, બીજાને કહેતા આવડે. એ બધી રાગની વૃદ્ધિ છે.

મુમુક્ષુ :- બીજાને જવાબ ...

ઉત્તર :- .. એમ કહે. બરાબર ધ્યાન એવું આપું, એવું ધ્યાન રાખું કે ફડાક જવાબ આવે અંદરથી. રાગની વૃદ્ધિ છે ત્યાં. આહાહા..! સ્વના આશ્રય કરવાનું ટાણું (આવ્યું) એમાં સ્વનો આશ્રય કરે નહિ અને એમાં ને એમાં રોકાઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'જ્ઞાન તો વહ હૈ, જિસસે આકુલતા મિટ જાવે. ઈસસે યહ નિશ્ચય હુઆ, કિ બાહ્ય પદાર્થોંકા જ્ઞાન...'** આત્મપદાર્થના જ્ઞાન વિના એકલા બાહ્ય પદાર્થના જ્ઞાન... આહાહા..! **'મોક્ષ-ફલકે અભાવસે કાર્યકારી નહીં હૈ.'** આહાહા..! ગજબ કામ કર્યું છે ને! દિગંબર સંતો જ એ કહે. એને જગતની પરવા નથી. આહાહા..! શાસ્ત્રનું સત્ય રહસ્ય છે એ ખુલ્લું મૂકતા એને કાંઈ જગતનો ડર નથી કે આ સમાજ માનશે કે નહિ? આ સમાજ અમને શું કહેશે? આ શું ઉડાડશે? નાગા બાદશાહથી આઘા છે એ તો. નગ્નમુનિ છે. અંતરમાં અને બાહ્યમાં બેય. આહાહા..! એનો પોકાર છે જગત પાસે.

જેને બાહ્ય પદાર્થનું જ્ઞાન, નિજ જ્ઞાન, આત્માના અનુભવના આનંદના જ્ઞાન વિના

બાહ્ય પદાર્થનું જ્ઞાન '**मोक्ष-फलके अभावसे कार्यकारी नहीं है.**' આહાહા..! ડોલાવી નાખે એવું છે ને આખું? હલાવી નાખે આખા. માનીને બેઠા હોય કે અમે આમ છીએ. આહાહા..! એ ૭૬ થઈ.

---

अथ ज्ञानिनां निजशुद्धात्मस्वरूपं विहाय नान्यत्किमप्युपादेयमिति दर्शयति –

**२०४) अप्पा मिल्लिवि णाणियहँ अण्णु ण सुंदरु वत्थु।**
**तेम ण विसयहँ मणु रमइ जाणंतहँ परमत्थु।।७७।।**

**आत्मानं मुक्त्वा ज्ञानिनां अन्यन्न सुन्दरं वस्तु।**
**तेन न विषयेषु मनो रमते जानतां परमार्थम्।।७७।।**

**अप्पा इत्यादि। अप्पा मिल्लिवि शुद्धबुद्धैकस्वभावं परमात्मपदार्थं मुक्त्वा णाणियहं ज्ञानिनां मिथ्यात्वरागादिपरिहारेण निजशुद्धात्मद्रव्यपरिज्ञानपरिणतानां अण्णु ण सुंदरु वत्थु अन्यन्न सुन्दरं समीचीनं वस्तु प्रतिभाति येन कारणेन तेण ण विसयहं मणु रमइ तेन कारणेन शुद्धात्मोपलब्धिप्रतिपक्षभूतेषु पञ्चेन्द्रियविषयरूपकामभोगेषु मनो न रमते। किं कुर्वताम्। जाणंतहं जानतां परमत्थु वीतरागसहजानन्दैकपारमार्थिकसुखाविनाभूतं परमात्मानमेवेति तात्पर्यम्।।७७।।**

---

**आगे ज्ञानी जीवोंके निज शुद्धात्मभावके बिना अन्य कुछ भी आदरने योग्य नहीं है, ऐसा दिखलाते हैं –**

**गाथा – ७७**

**अन्वयार्थ :– [ आत्मानं ] आत्माको [ मुक्त्वा ] छोड़कर [ ज्ञानिनां ] ज्ञानियोंको [ अन्यद् वस्तु ] अन्य वस्तु [ सुंदरं न ] अच्छी नहीं लगती, [ तेन ] इसलिये [ परमार्थम् जानतां ] परमात्म–पदार्थको जाननेवालोंका [ मनः ] मन [ विषयाणां ] विषयोंमें [ न रमते ] नहीं लगता।**

**भावार्थ :– मिथ्यात्व रागादिकके छोड़नेसे, निज शुद्धात्म द्रव्यके यथार्थ ज्ञानकर जिनका चित्त परिणत हो गया है, ऐसे ज्ञानियोंको शुद्ध, बुद्ध परम स्वभाव परमात्माको छोड़के दूसरी कोई भी वस्तु सुन्दर नहीं भासती। इसलिये उनका मन कभी विषय–वासनामें नहीं रमता। ये विषय कैसे हैं। जो कि शुद्धात्माकी प्राप्तिके शत्रु हैं। ऐसे ये भव–भ्रमणके कारण हैं, काम–भोगरूप पाँच इंद्रियोंके विषय उनमें मूढ़ जीवोंका ही मन रमता है, सम्यग्दृष्टिका मन नहीं रमता। कैसे हैं सम्यग्दृष्टि, जिन्होंने वीतराग सहजानंद अखंड सुखमें तन्मय परमात्मतत्त्वको जान लिया है। इसलिये यह निश्चय हुआ, कि जो विषय–वासनाके अनुरागी हैं, वे अज्ञानी हैं, और जो ज्ञानीजन हैं, वे विषय–विकारसे सदा विरक्त ही हैं।।७७।।**

**હવે, જ્ઞાની પુરુષોને નિજશુદ્ધાત્મસ્વરૂપ સિવાય બીજું કાંઈ પણ ઉપાદેય નથી, એમ દર્શાવે છે :**

**ભાવાર્થ : મિથ્યાત્વ, રાગાદિના ત્યાગ વડે (ત્યાગપૂર્વક) નિજશુદ્ધાત્મ-દ્રવ્યના પરિજ્ઞાનરૂપે પરિણત જ્ઞાનીઓને શુદ્ધ, બુદ્ધ જ જેનો એક સ્વભાવ છે એવા પરમપદાર્થ સિવાય બીજી કોઈ પણ વસ્તુ સમીચીન લાગતી નથી તેથી એક (કેવળ) વીતરાગ સહજાનંદરૂપ પારમાર્થિક સુખની સાથે અવિનાભૂત પરમાત્માને જાણનારનું મન શુદ્ધાત્માની પ્રાપ્તિથી પ્રતિપક્ષભૂત પંચેન્દ્રિયના વિષયભૂત કામભોગોમાં રમતું નથી. ૭૭.**

## ગાથા-૭૭ ઉપર પ્રવચન

૭૭. '**આગે જ્ઞાની જીવોંકે નિજ શુદ્ધાત્મભાવકે બિના અન્ય કુછ ભી આદરને યોગ્ય નહીં હૈ,...**' આહાહા..! એ શાસ્ત્રજ્ઞાન પણ આદરવા લાયક નથી. આહાહા..! 'પ્રવચનસાર'માં કહ્યું છે, પણ એ નિજ લક્ષે સમ્યગ્દર્શન, જ્ઞાન થયું છે એને નિજ લક્ષે શાસ્ત્ર અભ્યાસ કરવો એમ કહ્યું છે. 'પ્રવચનસાર'. પણ જેનું લક્ષ જ જ્ઞાનાનંદ અને સહજાનંદ પ્રભુ ઉપર નથી, એનો શાસ્ત્ર અભ્યાસ પરપદાર્થનો થયો. આહાહા..! ભાઈ! માર્ગ તો એવો અપૂર્વ છે. દુનિયા સાથે મેળ ખાય એવો નથી. આહાહા..!

'**નિજ શુદ્ધાત્મભાવકે બિના...**' એમ શબ્દ છે ને? '**જ્ઞાની જીવોંકે...**' સમ્યગ્દષ્ટિ જીવોને, ધર્મી જીવોને '**નિજ શુદ્ધાત્મભાવકે બિના...**' એક શુદ્ધાત્માની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાનો ભાવ એ '**બિના અન્ય કુછ ભી આદરને યોગ્ય નહીં હૈ,...**' આહાહા..! પંચમહાવ્રતના પરિણામ પણ આદરવા લાયક નથી. હોય છે. આદરણીય નથી. આહાહા..! સમજાણું કાંઈ? ગજબ વાત છે. 'પરમાત્મપ્રકાશ' છે ને. આહાહા..! '**જ્ઞાની જીવોંકે નિજ શુદ્ધાત્મભાવકે બિના અન્ય કુછ ભી આદરને યોગ્ય નહીં હૈ, ઐસા દિખલાતે હૈં-**'

**૨૦૪) अप्पा मिल्लिवि णाणियहँ अण्णु ण सुंदरु वत्थु।**
**तेम ण विसयहँ मणु रमइ जाणंतहँ परमत्थु।।७७।।**

આહાહા..! અમૃત રેડ્યા છે. '**अप्पा मिल्लिवि णाणियहँ**' જ્ઞાનીને આત્માને છોડીને '**अण्णु ण सुंदरु वत्थु**' આહાહા..! '**तेम ण विसयहँ मणु रमइ**' તેથી પાંચ ઇન્દ્રિયના વિષયમાં જેને રુચિથી રમત નથી, જેને રમત નથી. આહાહા..! '**जाणंतहँ परमत्थु**' પરમાર્થ વસ્તુ ભગવાનને જાણતા પરના વિષયમાં રમતી બુદ્ધિ નથી. આહાહા..!

**અન્વયાર્થ :-** '**આત્માકો છોડકર...**' ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદ સ્વરૂપ પ્રભુ સ્વઆશ્રય કરવા લાયક (છે). આહાહા..! એને છોડીને '**જ્ઞાનિયોં કો અન્ય વસ્તુ**

**અચ્છી નહીં લગતી,...**' આહાહા..! લ્યો, ઠીક! આત્માને છોડીને દેવ-ગુરુ-શાસ્ત્ર પણ નિશ્ચયથી સારા નથી લાગતા. આહાહા..! છે? પોતાની વસ્તુ વિના અન્ય વસ્તુ. અન્ય વસ્તુ બધી આવી ગઈ. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્ર આવી ગયા, પંચપરમેષ્ઠી આવી ગયા. આહાહા..! '**અન્ય વસ્તુ અચ્છી નહીં લગતી,...**' વ્યવહારે કહો, નિશ્ચયથી સુંદર છે નહિ. આહાહા..! આવો ધર્મ વળી કેમ થશે? એ 'સોનગઢ'વાળા તો નિશ્ચયની જ એક વાત કરે છે. પણ આ 'સોનગઢ'નું છે? આ તો દિગંબર શાસ્ત્ર છે. આહાહા..! નિશ્ચય એટલે સત્ય અને વ્યવહાર એટલે ઉપચારિક, આરોપિત કથન. આહાહા..!

મુમુક્ષુ :- નિશ્ચય અને વ્યવહારની વાત..

ઉત્તર :- અરે..! ક્યાં હતું એને? નિશ્ચયથી તો સમ્યગ્દર્શન જ જ્યાં નથી. એવી પ્રરૂપણા કરે છે કોઈ અત્યારે? કે નિશ્ચય સમ્યગ્દર્શન વિનાના વ્રત, તપ બધા નિરર્થક છે એમ ચાલે છે અત્યારે વાત? ભાઈએ લખ્યું છે, 'કૈલાસચંદજી'એ. હવે 'કૈલાસચંદજી'એ .. લખ્યું છે. અત્યારે કોઈ એમ કહે છે કે નિશ્ચય સમ્યગ્દર્શન વિનાના વ્રત અને તપ બધા નિરર્થક છે? એ તો આ કરીએ છીએ એટલે બધું સારું, બસ. વ્રત કરે ત્યાં સમકિત હોય. ઈ વિના વ્રત હોય? પણ તારા વ્રત ક્યાં છે? આહાહા..! વ્રતના પરિણામ છે એ તો રાગ છે અને રાગની રુચિ છે એ તો મિથ્યાત્વ છે. આહા..! ત્યાં સમકિત કેવું? સમજાણું કાંઈ? આહાહા..!

'**અચ્છી નહીં લગતી,...**' સુંદર-સુંદર. ભગવાન આનંદનો નાથ પ્રભુ સુંદર છે. આહાહા..! જેનો જ્ઞાનીને પ્રેમ અને આશ્રય છૂટતો નથી. સમજાણું કાંઈ? એના વિના બીજી ચીજ જ્ઞાનીને કંઈ સુંદર લાગતી નથી. આહાહા..! 'પરમાત્મપ્રકાશ' તો હશે ઘરે. આ 'પરમાત્મપ્રકાશ' છે કે નહિ ત્યાં? 'સાગર'. આ પુસ્તક-પુસ્તક. પુસ્તક તો છે ને ત્યાં?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વાંચે છે. એ તો વાંચે છે. ભાઈ ગુજરી ગયા સાંભળ્યું ને ભાઈ? 'અમરચંદભાઈ'. ચિઠ્ઠી આવીને? અહીંયાં આવી હતી. નહિ? અહીંયાં ગુજરી ગયા. એના ભાઈનો કાગળ છે. 'સુંદરલાલ'. 'સુંદરલાલ'ને? ભાઈ આવી ગયા. સાંભળતા-સાંભળતા.. બહુ એને રુચિ ઘણી. નિશ્ચયની રુચિનો પ્રેમ બહુ. અહીંથી નિશ્ચયની વાત આવે ત્યાં તો આમ ખુશી-ખુશી અભિનંદન દેવા આવે અંદર. આજ તો વાત બહુ સારી (આવી). એ તો અહીંથી ઓલો હુમલો આવ્યો હતો ને. એમાં ને એમાં પછી.. કાલે કાગળ આવ્યો હતો 'અમરચંદજી' ગુજરી ગયા. અહીં બેસતા બિચારા. સાંભળીને બહુ ... ઓહો..! કેટલાય ઊડી ગયા. એક કોર 'ચીમનભાઈ' બેસતા. આની કોર 'પોપટભાઈ', અહીં ડોક્ટર, 'અમરચંદ' કેટલાય (ચાલ્યા ગયા).

મુમુક્ષુ :- નગીરધરભાઈ'

ઉત્તર :- 'ગીરધરભાઈ'. એ તો હમણા આવવાના છે. ડોક્ટર ગયા. ..ભાઈએ કહ્યું હતું. 'ગીરધરભાઈ' બિચારા. એને બહુ પ્રેમ-રસ. આવવાના હતા અહીંયાં શનિવારે રાત્રે પચ્ચીસ જણા. આ શનિવારે આવવાના છે. કુટુંબ આવશે બધું ભાઈઓ ને એ લોકો. આપણા કોઈ

મુમુક્ષુ એકેય નથી. હશે કો'ક બીજા. બધા 'ગીરધરભાઈ'ને અહીં પ્રેમ હતો એને લઈને. આહાહા..! શેઠિયા માણસ અને અહીં કાર્યકર્તા. આબરૂ મોટી. છેલ્લે તો બહુ પ્રેમ અહીં બિચારાને. ઓહોહો..! આવી વાત! શ્રદ્ધાના પ્રશ્ન કરે. વિકલ્પથી કાંઈ ન થાય? અરે..! ભાઈ! કરવાનું તો આ છે. બાકી બધા થોથા. ઉકરડા ચુંથવાનું છે. ઉકરડા સમજો છો? ઢેર. કૂડા કા ઢેર. કૂડાના ઢેર. બળદ હોય ને બળદ? જબ્બર હોય એ માથું મારે. ભીંતમાં માથું મારે તો માથું લાગે નહિ. ઉકરડો પોચો હોય. કૂડા કા ઢેર. માથું મારે. આ સંસારના કૂડાના ઢેરમાં માથું મારે છે અજ્ઞાની. આનું કરું.. આનું કરું... આનું કરું.. બળદ જેવો છે. આહાહા..! શું કીધું?

**'અચ્છી નહીં લગતી, ઈસલિયે પરમાત્મ-પદાર્થકો જાનનેવાલોંકા મન...'** આહાહા..! પરમાત્મસ્વરૂપ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એને જાણવાવાળો આત્મા, પરમાત્મસ્વરૂપ એટલે પોતે, હોં! '**પરમાત્મ-પદાર્થકો જાનનેવાલોંકા...**' જોયું! પરમાત્મ છે ને આ? 'પરમાત્મપ્રકાશ' છે ને આ? '**મન વિષયોંમેં નહીં લગતા.**' આહાહા..! વિષયોમાં પ્રેમ નથી હોતો. આહાહા..!

**ભાવાર્થ :- 'મિથ્યાત્વ રાગાદિકકે છોડનેસે, નિજ શુદ્ધાત્મ દ્રવ્યકે યથાર્થ જ્ઞાનકર જિનકા ચિત્ત પરિણત હો ગયા હૈ,...'** આહા..! ભ્રમણા. પુણ્યમાં સુખ છે અને પુણ્યના ફળની સામગ્રીમાં સુખ છે એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! બહારની ચીજ આકર્ષણ કરે, અંદરની રહી જાય. આહાહા..!

મુમુક્ષુ :- આકર્ષણ માને છે.

ઉત્તર :- એ માને છે પણ આકર્ષણ.. આહાહા..! આવે છે ને? લોટન બિલ્લી. બિલ્લી લોટન. એ જડીબુટ્ટી દેખીને આમ લોટ્યા જ કરે. એમ આ અજ્ઞાની બહારના પદાર્થની ચીજ અનુકૂળતા દેખીને એની પાછળ લોટ્યા જ કરે મિથ્યાત્વભાવથી.આહાહા..! અરે..રે..!

**'મિથ્યાત્વ રાગાદિકકે છોડનેસે, નિજ શુદ્ધાત્મ દ્રવ્યકે યથાર્થ જ્ઞાનકર...'** આહા..! જેણે મિથ્યાત્વ-પરમાં સુખબુદ્ધિ, પુણ્યમાં ધર્મ એવો મિથ્યાત્વ ભાવ જેણે છોડી દીધો છે. અને રાગાદિક સંબંધી છોડી દીધો છે. '**શુદ્ધાત્મ દ્રવ્યકે યથાર્થ જ્ઞાનકર...**' જોયું! ભગવાન નિજ શુદ્ધાત્મદ્રવ્ય, પાછું એમ. બીજા ભગવાન પરમાત્મા એ નહિ. '**નિજ શુદ્ધાત્મ દ્રવ્યકે યથાર્થ જ્ઞાનકર જિનકા ચિત્ત પરિણત હો ગયા હૈ,...**' જેનું જ્ઞાન નિર્મળ પરિણત થયું છે. પર્યાયમાં પરિણત થયું છે. એમ. '**ઐસે જ્ઞાનિયોંકો...**' આહાહા..! '**શુદ્ધ, બુદ્ધ પરમ સ્વભાવ પરમાત્માકો છોડકે...**' ૭૭ છે ને? શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ છે. છે પહેલી લીટી. '**शुद्धबुद्धैकस्वभावं**' છે. સંસ્કૃતની પહેલી લીટી. ૭૭ની. એક રહી ગયું છે.

**'નિજ શુદ્ધાત્મ દ્રવ્યકે યથાર્થ જ્ઞાનકર જિનકા ચિત્ત પરિણત હો ગયા હૈ, ઐસે જ્ઞાનિયોંકો શુદ્ધ, બુદ્ધ પરમ એક સ્વભાવ...'** ત્યાં એક (રહી ગયો છે). '**પરમાત્માકો છોડકે દૂસરી કોઈ ભી વસ્તુ સુંદર નહીં ભાસતી.**' આહાહા..! ધર્મીને, સમ્યગ્દૃષ્ટિને, ધર્મની

પહેલી સીઢીવાળાને આત્માના આનંદ સિવાય કોઈ બીજી ચીજ સુંદર લાગતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? શુદ્ધ બુદ્ધ પરમસ્વભાવ. લ્યો! શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ એમ લીધું. આહા..! '**દૂસરી કોઈ ભી વસ્તુ સુંદર નહીં ભાસતી. ઈસલિયે ઉનકા મન કભી વિષય-વાસનામેં નહીં રમતા.**' ત્યાં ક્યાંય એની રમણતા વિષયવાસના સુખબુદ્ધિથી હોતી નથી. આહાહા..! રમતો નથી ત્યાં. રાગ હોય છે પણ એને દુઃખ માને છે. આહાહા..! ભારે વાત, ભાઈ! ક્યાં વાત લઈ ગયા! નિજ શુદ્ધાત્મ ભગવાન સ્વભાવના આનંદ સિવાય ધર્મીને ક્યાંય રમતું દેખાતી નથી. ક્યાંય રમણતા આવતી નથી, એમ કહે છે. રમણતા તો આત્મામાં હોય છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આત્માની .. આહાહા..!

'**શુદ્ધ, બુદ્ધ પરમ સ્વભાવ પરમાત્માકો છોડકે દૂસરી કોઈ ભી વસ્તુ સુંદર નહીં ભાસતી. ઈસલિયે ઉનકા મન કભી વિષય-વાસનામેં નહીં રમતા.**' આહાહા..! '**યે વિષય કૈસે હૈં જો કિ શુદ્ધાત્માકી પ્રાપ્તિકે શત્રુ હૈં.**' આહાહા..! પાંચ ઈન્દ્રિયના વિષયનો પ્રેમ એ આનંદનો વેરી છે. આહાહા..! પરમાનંદ ભગવાન અતીન્દ્રિય અનાકુળ સ્વરૂપ, એને આ વિષયના ભાવ બધા આકુળતાસ્વરૂપ વેરી છે. આહાહા..! ત્યારે કોઈ એમ કહે કે એ બધા બહારના વિષયો છોડી દીધા. બાયડી, છોકરા એ વિષય છોડ્યા એ છોડ્યા નથી.

'પ્રવચનસાર'માં નથી આવતું ઓલું? છકાયમાંથી નિવર્ત્યો નથી. આવે છે. 'પ્રવચનસાર' કઈ ગાથા? જુઓ! 'જે જીવોને...' અંદર છે. 'સ્યાતકાર ચિહ્ન એવા આગમપૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણવાળી દૃષ્ટિથી તે શૂન્ય છે. તે બધાને સંયમ જ પ્રથમ તો સિદ્ધ હોતો નથી.' એને સંયમ જ ન હોય. 'સ્વપરના વિભાગના અભાવને લીધે કાયા અને કષાયો સાથે એક્તાનો વિષય કરતા એવા જીવો વિષયોની અભિલાષાનો નિરોધ નહિ થયો હોવાને...' જોયું! આહાહા..! જેને રાગનો પ્રેમ છે, રાગની રુચિ છે તે વિષયના અભિલાષથી રહિત છે જ નહિ. એ વિષયનો અભિલાષી છે જ. ભલે બહારથી છોડ્યું હોય. જોયું! 'વિષયની અભિલાષાનો નિરોધ નહિ થયો હોવાને લીધે છ જીવની કાયાના ઘાતી થઈને સર્વત્ર પ્રવૃત્તિ કરતા હોવાથી તેમને નિવૃત્તિનો અભાવ છે.' આહાહા..!

'જે જીવોને સ્વપરનું ભેદજ્ઞાન નથી.. રાગ અને ચૈતન્ય ભગવાન બે ભિન્ન છે એવું નથી તેમને ભલે કદાચિત પાંચ ઈન્દ્રિયના વિષયોનો સંયોગ ન દેખાય.' પાંચ ઈન્દ્રિયના વિષયનો સંયોગ દેખાય નહિ. 'છ જીવની દ્રવ્યહિંસા ન દેખાતી હોય અને એ રીતે સંયોગથી નિવૃત્તિ દેખાતી હોય, પણ કાયા કષાયો સાથે એક્તા માનનારા...' આહાહા..! આ શરીર અને કષાય આસ્રવ, અજીવ અને આસ્રવ બે લીધા. આહાહા..! 'એકતા માનનારા તે જીવોને ખરેખર પાંચ ઈન્દ્રિયના વિષયની અભિલાષાનો નિરોધ નથી.' પાઠમાં છે. પાઠમાં છે, જુઓ!

'સ્વપરના વિભાગના અભાવને લીધે કાયા અને કષાયો સાથે એકતાનો અધ્યવસાન

કરતા એવા જીવો વિષયોની અભિલાષાનો નિરોધ નહિ થયો હોવાને લીધે.' જોયું! નગ્નમુનિ છે, દિગંબર છે, પણ રાગનો પ્રેમ છે, સમ્યગ્દર્શન નથી. આહાહા..! એને પાંચ ઇન્દ્રિયના વિષયનો અભિલાષ નહિ હોવાને લીધે નિરોધ નથી. છ જીવનિકાયને એકેન્દ્રિયને પણ હણતો નથી બહારમાં. પણ કષાય સાથે પ્રેમ છે તે છકાયની હિંસાથી નિવર્ત્યો નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'દ્રવ્ય હિંસા ન દેખાતી હોય, સંયોગથી નિવૃત્તિ દેખાતી હોય પણ કાયા કષાયથી એકતા માનનારા તે જીવોને ખરેખર પાંચ ઇન્દ્રિયના વિષયની અભિલાષાથી રહિત નથી. હિંસાનો જરાય અભાવ નથી.' કહો, એને માટે નિર્દોષ આહાર લે. આ તો ચોકા કરીને લે છે એનો તો વ્યવહાર પણ જૂઠો છે. સમજાય? એ તો વ્યવહાર પણ જૂઠો છે. આહાહા..! પણ જે નિર્દોષ-એને માટે કરેલો આહાર ન લે. નિર્દોષ લે. છતાં જેને રાગની રુચિ છે તે છકાયની હિંસાથી નિવર્ત્યો નથી. આહાહા..! કેમકે પોતાની હિંસા કરે છે ને? આહાહા..! (છ કાયમાં) પોતે છે ને? આહા..! 'એ રીતે પરભાવથી બિલકુલ નિવૃત્તિ નથી.' છે? પાઠમાં છે. ટીકાનો અર્થ છે આ. 'ચરણાનુયોગ' 'પ્રવચનસાર.' (ગાથા ૨૩૬) સમજાણું?

'**પરમાત્માકો છોડકે દૂસરી કોઈ ભી વસ્તુ સુંદર નહીં ભાસતી. ઈસલિયે ઉનકા મન કભી વિષય-વાસનામેં નહીં રમતા. યે વિષય કૈસે હૈં? જો કિ શુદ્ધાત્માકી પ્રાપ્તિકે શત્રુ હૈં. ઐસે યે ભવ-ભ્રમણકે કારણ હૈં, કામ-ભોગરૂપ પાંચ ઈન્દ્રિયોંકે વિષય ઉનમેં મૂઢ જીવોંકા હી મન રમતા હૈ,...**' આહાહા..! રતિ માનીને મૂઢ જીવો એમાં રમે છે. જ્ઞાની વિષયોમાં રમતા નથી. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, માગશર વદ ૩, ગુરુવાર
## તા. ૯-૧૨-૧૯૭૬, ગાથા-૭૭ થી ૭૯, પ્રવચન નં. ૧૫૪

'પરમાત્મપ્રકાશ'. ૭૭નું છેલ્લું. '**કૈસે હૈં સમ્યગ્દૃષ્ટિ,...**' એ ને? સમ્યગ્દૃષ્ટિ કોને કહેવાય અને સમ્યગ્દૃષ્ટિ થાય તો ધર્મની દશા કેવી પ્રગટે? એને રાગની રુચિ અને અભિલાષા ન હોય એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિ '**જિન્હોંને વીતરાગ સહજાનંદ એક અખંડ સુખમેં તન્મય પરમાત્મતત્ત્વકો જાન લિયા હૈ.**' આહાહા..! સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી સીઢી, ધર્મની પહેલી શરૂઆત (કરનાર) કેવો છે એ? કે જેને વીતરાગ સહજાનંદ. રાગ વિનાનો સ્વભાવિક જે આનંદ આત્માનો. એક અખંડ, અખંડ અભેદ સુખ છે. આહાહા..! એ '**સુખમેં તન્મય પરમાત્મતત્ત્વકો જાન લિયા હૈ.**' આહાહા..! જોયું! આ સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા! આ તો કહે, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા એ સમ્યગ્જ્ઞાન. હવે વ્રત ને

સંયમ લ્યો. મૂળમાં આખા વાંધા.

સમ્યગ્દષ્ટિ એને કહીએ '**જિન્હોંને વીતરાગ...**' સ્વભાવિક આનંદ. ચૈતન્યમાં અતીન્દ્રિય આનંદ સહજસ્વરૂપ ભગવાનઆત્મા, એના એક '**અખંડ સુખમેં...**' આહાહા..! એકપણે સામાન્ય '**સુખમેં તન્મય...**' તેમાં તન્મય ભગવાનઆત્મા છે. આહાહા..! અતીન્દ્રિય આનંદમાં સુખનું તન્યમયપણું પ્રભુ આત્મા છે. એ ત્રિકાળની વાત કરી. એવા '**પરમાત્મતત્ત્વ કો...**' આ પરમાત્મતત્ત્વની વ્યાખ્યા કરી કે '**વીતરાગ સહજાનંદ (એક) અખંડ સુખમેં તન્મય...**' એવો જે આત્મા. આહાહા..! જે આ આત્મા છે એ સહજ આનંદ વીતરાગી આનંદ (સ્વરૂપ છે). ઇન્દ્રિયનો આનંદ એ તો રાગનો, ઝેરનો આનંદ છે. આહાહા..! અહીં તો વસ્તુ પોતે વીતરાગી સહજાનંદ એક અખંડ સુખમાં... આહાહા..! તન્મય એવો જે પરમાત્મા પોતાનો સ્વભાવ. આહાહા..! એને જેણે જાણી લીધો છે. જુઓ! આ સમ્યગ્દષ્ટિની વ્યાખ્યા અને આત્માની વ્યાખ્યા.

બે વાત (કરી છે). કેવો છે આત્મા? અને એની પ્રતીત કરનાર સમ્યગ્દષ્ટિ કેવો છે? એ વાત છે. આહાહા..! સ્વભાવિક વીતરાગ સહજાનંદ એક અખંડ સુખ, એમાં તન્મય ભગવાનઆત્મા અનાદિ છે. અતીન્દ્રિય આનંદના સ્વભાવથી તન્મય-તે રૂપે ભગવાનઆત્મા છે અંદર. આહાહા..! એવો જે આ આત્મા-એવો જે પરમાત્મા પોતે. આહાહા..! એવા તત્ત્વને '**જાન લિયા હૈ.**' એ પર્યાય. સમજાણું કાંઈ? વીતરાગી સહજાનંદ એક અખંડ સુખમાં તન્મય પરમાત્મા એ વસ્તુ-એ આત્મા. એને જાન લિયા એ પર્યાય-સમ્યગ્દર્શન. આહાહા..!

'**ઈસલિયે યહ નિશ્ચય હુઆ, કિ જો વિષય-વાસનાકે અનુરાગી હૈં,...**' વિષય-વાસનામાં રુચિ જેની છે એ અજ્ઞાની છે. છે? વિષય-વાસનાનો રાગ હોય, પણ રાગમાં રુચિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અનુરાગી નથી. એને રાગને કેડે.. કેડે... કેડે.. પ્રેમમાં બંધાઈ ગયો નથી. અને પ્રેમમાં બંધાણો તે અજ્ઞાની છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઈસલિયે યહ નિશ્ચય હુઆ, કિ જો વિષય-વાસનાકે અનુરાગી હૈં, વે અજ્ઞાની હૈં,** આહાહા..! **ઔર જો જ્ઞાનીજન હૈં, વે વિષય-વિકારસે સદા વિરક્ત હી હૈં.**' જ્ઞાની છે એ વિષય-વાસનાની રુચિથી વિરક્ત છે. વિષયની સામગ્રી હોય અને વિષયની વાસના પણ હોય, પણ એનો અનુરાગી નથી, એનો પ્રેમી નથી, એમાં પ્રેમ નથી એનો. આહાહા..! ભારે વ્યાખ્યા! કહો,

ઓલામાં આવ્યું હતું ને એ? ૨૩૬માં નહિ? 'પ્રવચનસાર'. જેને કાયા અને રાગ-કષાય, એની જેને રુચિ છે, એકતાબુદ્ધિ છે એ ભલે બાહ્યથી છકાયની હિંસા કરતો ન હોય, પાંચ ઇન્દ્રિયના વિષય પણ એ ભોગવતો ન હોય, નગ્ન દિગંબર હો, પંચમહાવ્રત પાળતો હો, પણ એ પંચમહાવ્રતનો રાગ છે તેની જેને રુચિ છે અને કષાયના ભાવની જેને રુચિ છે, એ અજ્ઞાની છકાયનો ઘાતક જ છે. બાહ્યમાં છકાયની બિલકુલ હિંસા કરતો ન હોય. પણ

સ્વરૂપનો ઘાતક છે તે છકાયનો જ ઘાતક છે એ. આહાહા..! સમજાણું કાંઈ? સહજાત્મસ્વરૂપ વીતરાગ સુખાનંદથી ભરેલો તન્મય ભગવાન, એનો જેને પ્રેમ નથી, રુચિ નથી, અવલંબન નથી, આશ્રય નથી.. આહાહા..! અને જેને રાગની રુચિ છે, રાગનો આશ્રય છે, રાગમાં અવલંબન છે, રાગમાં પ્રીતિથી બંધાઈ ગયો છે.. આહાહા..! એ છકાયનો ઘાતક છે. અને પાંચ ઈન્દ્રિયના વિષયનો એ અભિલાષી છે. લે! હજારો રાણી છોડી, વિષય છોડી, બાળબ્રહ્મચારી હોય, પણ જેને રાગ અને કષાયની એક્તાબુદ્ધિ છે.. આહાહા..! એ છકાયનો ઘાતક અને પાંચ ઈન્દ્રિયના વિષયનો અભિલાષી છે. 'ધન્નાલાલજી'! આહાહા..! આ વાત.

મુમુક્ષુ :- વિષય-કષાયનો અંકુર ન હોય પછી બાહ્યનો ત્યાગ પણ હોય.

ઉત્તર :- બાહ્ય ત્યાગ ન હોય. વિષય-કષાયની રુચિ નથી. બાહ્ય ત્યાગમાં છન્નું હજાર સ્ત્રી હોય. પણ અંદર વિષયની રુચિ, એના સ્વાદમાં મજા છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

રુચિ અને આસક્તિ બે ફેર છે. રુચિ જેને રાગની છે એને આત્મજ્ઞાન નથી અને તેને આત્માની શ્રદ્ધા પણ નથી. અને જેને આત્મા પરમાત્મ સહજાત્મ સુખથી તન્મયની રુચિ દૃષ્ટિ છે, એને રાગની રુચિ નથી. રાગનો ભાવ હોય. આહાહા..! ચોથે ગુણસ્થાને સમ્યગ્જ્ઞાનની વાત છે. તીર્થંકર જેવા ત્રણ જ્ઞાન અને ક્ષાયિક સમકિત લઈને આવે અને પછી પરણે, છન્નું હજાર સ્ત્રી પરણે ચક્રવર્તી, પણ વિષયમાં પ્રેમ નથી, રુચિ નથી. આહાહા..! દૃષ્ટિમાં દોલત આત્માની ભાળી છે. દૃષ્ટિએ ભગવાનને ભાળ્યો છે. આહાહા..! એથી એને વિષય પ્રત્યે અનુરાગ, અનુરાગ (કે) આ ઠીક છે એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત. ઘણો કેટલો ફેર ક્યાં પડે એની ખબર ન મળે. આહાહા..!

**'ઔર જો જ્ઞાનીજન હૈં, વે વિષય-વિકારસે સદા વિરક્ત હી હૈં.'** એનો અર્થ એવો નથી કે વિષયની વૃત્તિ જ એને નથી. અંદર વિષયના પ્રેમથી વિરક્ત, દૃષ્ટિથી છે. આહાહા..! સમજાણું કાંઈ? અને બહારના વિષયથી વિરક્ત હોવા છતાં રાગની જેને રુચિ છે તે વિરક્ત છે જ નહિ. આહાહા..! અને બાહ્યમાં ચક્રવ્રતીપદ, તીર્થંકરપદ છે ને? 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ'. એ કામદેવ પુરુષ હતા, તીર્થંકર હતા, ચક્રવર્તી હતા છતાં તેને વિષયમાં રુચિ અને પ્રેમ નહોતો. આહાહા..! એને વિષયમાં દુઃખ લાગતું. આહાહા..! છન્નું હજાર સ્ત્રી. એક સ્ત્રીની હજાર દેવ સેવા કરે. છતાં તેના સાથે રમતમાં તેને પ્રેમ નહોતો, રુચિ નહોતી. આહાહા..! અને જે બાહ્ય ત્યાગ કરીને બેઠો પણ જેને રાગની રુચિ અને પ્રેમ છે, એ પાંચેય ઈન્દ્રિયના વિષયનો અભિલાષી છે. આહાહા..! સમજાણું કાંઈ? આકરી વાતું, બાપુ! દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય, આસક્તિ અને એનું ફળ એ જુદી ચીજ છે. જ્ઞાનીને રાગની આસક્તિ આવે, એનું ફળ બંધ પણ હોય. સમજાય છે કાંઈ? પણ એ બંધમાં પણ અલ્પ સ્થિતિ અને અલ્પ રસ પડે. કેમકે રાગનો રસ નથી. રસ ભગવાનઆત્માનો છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ મૂળ વાતને ભૂલીને પછી આ બધી વાતું વ્રત ને તપ ને સંયમ ને, પણ ક્યાં હતા? હજી દૃષ્ટિમાં આનંદસ્વરૂપ ભગવાન, અતીન્દ્રિય આનંદમાં તન્મય પ્રભુ છે. તન્મય—તે સ્વરૂપે જ છે. અતીન્દ્રિય આનંદના સ્વરૂપે ભગવાનઆત્મા અંદર છે. એનો આશ્રય થઈને રુચિ થઈ નથી, એના બાહ્યના ત્યાગ શું કરે? સમજાણું કાંઈ? એ તો મિથ્યાત્વ છે. આહાહા..! આકરી વાતું, બાપુ! વીતરાગનો ધર્મ રુચિમાં સમજવો (એ) અલૌકિક વાત છે, ભાઈ! આહાહા..!

'**વિષય-વિકારસે સદા વિરક્ત હી હૈં.**' ઓલામાં અર્થ કરે છે ને ૭૨ ગાથા. કર્તા-કર્મમાં. વિષયથી નિવર્ત્યો નથી તે જ્ઞાની નથી. એનો અર્થ એ કરે છે કે આ બાયડી, છોકરા, કુટુંબ વિષય છોડે તો એ જ્ઞાની છે. ૭૨ ગાથા. એમ નથી. અભિપ્રાયમાંથી જેને વિષયની રુચિ છૂટી ગઈ છે. ૭૨. મોટો અર્થ એ કરે છે, 'રતનચંદજી મુખત્યાર' છે ને? આહાહા..! તો તો પછી ભગવાન તીર્થંકર છન્નું હજાર (સ્ત્રી સાથે) તો લગન કરે છે. એનો ત્યાગ હોય તો જ સમકિતી જ્ઞાની? ત્યાગ તો નથી એને. આહાહા..! સમ્યગ્દર્શન ક્ષાયિક સમકિતદૃષ્ટિ તો તીર્થંકર કેટલાક. કોઈ વળી આ ક્ષયોપશમ હોય, 'શ્રેણિક'રાજા જેવા. એ ક્ષાયિક છે. આ 'કૃષ્ણ' જેવા ક્ષયોપશમ લઈને આવે. આહાહા..! છતાં પરના પ્રેમની રુચિ-મજા છે એ વાત ઊડી ગઈ છે જ્ઞાનીને. આહાહા..!

'નોઆખલી'માં હતું ને? 'નોઆખલી' નહિ? મુસલમાનનું બહુ જોર હતું હિન્દુ ઉપર. 'ગાંધી' ગયા હતા પછી. 'ગાંધી' બિચારા. મુસલમાન... આહાહા..! ૨૫ વર્ષની બહેન અને ૨૫ વર્ષનો ભાઈ એનો. નાગા કરીને બેયને આમ ભેગા કરે. હાય.. હાય..! પૃથ્વી માર્ગ આપે તો સમાઈ જઈએ, એમાં શું કરીએ અત્યારે? રસ છે?

મુમુક્ષુ :- અભિપ્રાય નથી.

ઉત્તર :- અભિપ્રાય નથી. અરે..! આ નહિ, બાપુ! અર..ર..! જણેતા ચાલીસ વર્ષની અને પોતે વીસ વર્ષનો. એ બેને નાગા કરીને.. અરે..રે..! બેની ઈન્દ્રિયો જોડે. આંખમાંથી આંસુની ધારા ચાલે. રુચિ નથી. ક્રિયા પરાણે થાય છે આવી. આહાહા..!

એમ જેને આત્મા સહજાનંદ ભગવાનનો પ્રેમ જાગ્યો અંદરથી અને જેણે પરખીને પરમાત્માને દૃષ્ટિમાં લીધો છે,.. એ આવશે હમણાં.. એને રાગના ભલે ભાવ હોય પણ એની રુચિ નથી, મજા નથી દેખતા. દુઃખ દેખે છે. આહાહા..! અને અજ્ઞાની બહારથી છોડીને બેઠો પણ જેને અંદરમાં શુભરાગનો પણ પ્રેમ છે, રુચિ છે, હિતબુદ્ધિ છે, એ રાગથી મને કલ્યાણ થશે.. આહાહા..! રાગથી મને નિશ્ચય સમ્યગ્દર્શન થશે, વ્યવહારથી.. આહાહા..! એ અજ્ઞાની બાહ્યથી ત્યાગી હોય છતાં એ મિથ્યાદૃષ્ટિ છકાયનો ઘાતક, પાંચ ઈન્દ્રિયના વિષયનો અભિલાષી છે. વિષયોની સામગ્રીનું કારણ જે શુભભાવ, શુભભાવનો જેને પ્રેમ છે તેને સામગ્રીનો પ્રેમ છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેને પુણ્યના ફળ મીઠા લાગે છે એને પુણ્ય મીઠું લાગે છે. આહાહા..! જ્ઞાનીને પુણ્યના ફળ હો પણ એને ઝેર જેવા લાગે છે. અરે..! વિષયની અનુકૂળ સામગ્રીમાં ઘેરાઈ ગયો છું, દુઃખમાં છું એમ માને છે. દુઃખમાં છું. આહાહા..! સમજાણું કાંઈ? વાતમાં ફેર બહુ, ભાઈ!

દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય. આહાહા..!

**'વિકારસે સદા વિરક્ત હી હૈં.'** આ એની વ્યાખ્યા છે. જ્ઞાની વિષયના પ્રેમથી તો વિરક્ત જ છે. એમાં મજાથી તો વિરક્ત છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! આવો માર્ગ ભગવાન. ત્યાં સુધી લીધું. સહજાત્મ સુખના સાગરથી તન્મય પ્રભુ બિરાજે છે. આહાહા..! આનંદથી એકમેક સ્વરૂપ ભગવાનઆત્માનું છે. અતીન્દ્રિય આનંદથી. અતીન્દ્રિય આનંદથી ભગવાનઆત્મા તન્મય એકસ્વરૂપે છે. આહાહા..! એની જેને દૃષ્ટિ થઈ એને વિષયની અભિલાષા છૂટી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

'શ્રીમદ્'માં આવે છે ને 'જે નવ વાડ વિશુદ્ધથી, પાળે શિયળ સુખદાયી; ભવ તેનો લવ પછી રહે,... ' પણ એ તો સમ્યગ્દર્શન સહિતની વાત છે. સમજાણું કાંઈ? તત્ત્વવચન.. એ ભાઈ! એમ છે ને? તત્ત્વવચન ભવ તેનો... તત્ત્વ વસ્તુ. અને ત્યાં તો એમ પણ કહ્યું કે 'પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.' પાત્ર થવા સેવો સદા બ્રહ્મચર્ય. એ તે ક્યું બ્રહ્મચર્ય? રાગના પ્રેમની રુચિ છૂટી જવી તેને બ્રહ્મચર્ય કહેવાય. સમજાણું કાંઈ? 'પાત્ર થવા સેવો સદા બ્રહ્મચર્ય મતિમાન.' ત્યારે બ્રહ્મચર્ય પાળે એ પાત્ર થાય. ત્યારે અહીં છન્નું હજાર સ્ત્રી ભોગવે એ પાત્ર નથી? એ તો સમકિતી છે. સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુના અર્થમાં ફેર મોટો. પોતાની દૃષ્ટિએ ઊંધા અર્થ કરવા. આહાહા..! 'પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.' ક્યુ (બ્રહ્મચર્ય)? સમજાણું કાંઈ? એ રાગની એકતાબુદ્ધિનો વ્યભિચાર, એને છોડ. આહાહા..! આમ તો છન્નું હજાર સ્ત્રી (હોય). સમકિતી તીર્થંકર ત્રણલોકનો નાથ. આહાહા..! ક્યાંય સુખ નથી. મારા આત્માના આનંદ સિવાય કોઈ ચીજમાં મને સુખ ભાસતું નથી. સુખના કારણો મારામાં પડ્યા છે. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન એ સુખના કારણ છે. સુખસ્વરૂપ ભગવાન છે. આહાહા..! અને આ બધા સાધનો દુઃખના કારણો છે અને એમાં વૃત્તિ ઊઠે એ દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'પક્કડ પક્કડમેં ફેર હૈ.' મીંદડી એના બચ્ચાને પકડે અને મીંદડી ઉંદરને પકડે. છે તો બેય મોઢામાં. ઉંદર પણ મોઢામાં હોય અને એનું બચ્ચુ પણ મોઢામાં હોય. ઉંદરને પકડે તો ભીંસ દે છે. બચ્ચાને પકડે છે તો પોલું રાખે છે. બિલ્લી. આહા..! એ આવે છે. 'પક્કડ પક્કડમેં ફેર હૈ.' એ અમારે ગાતા ત્યાં. 'પોપટભાઈ' હતા એક, 'વઢવાણ'. 'બોટાદ'માં હતા. એના છોકરાની વહુને છોડી હતી એક નાની બિચારી. એ બોલતી, બહુ બોલતી આવું. પણ ક્ષયરોગ થઈ ગયો. સાત-આઠ વર્ષની છોડી મરી ગઈ. 'પક્કડ પક્કડમેં ફેર' એવું બહુ બોલતી ત્યાં. (સંવત) ૧૯૮૦ની સાલ. 'બોટાદ'. આહાહા..! મીંદડી ઉંદરને પકડે અને બચ્ચાને પકડે એમાં બેયમાં (ફેર છે). પક્કડ તો મોઢામાં છે આમ. એમ જ્ઞાનીને રાગ હોય છે પણ એની પક્કડમાં ફેર છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને રાગ છે અને એણે પકડ્યો છે સારો માનીને. આહાહા..! આવો માર્ગ છે. આહાહા..! કેટલી વ્યાખ્યા કરી છે!

**'કૈસે હૈ સમ્યગ્દૃષ્ટિ,...'** આહાહા..! **'જિન્હોંને વીતરાગ સહજાનંદ (એક) અખંડ સુખમેં તન્મય પરમાત્મા...'** એવો પોતાનો સ્વભાવ એટલે પોતાનું રૂપ એ પરમાત્મા.

આહાહા..! એને જેણે જાણી લીધો છે કે આ ભગવાન આનંદસ્વરૂપ છે. આહાહા..! એ વ્યવહારરત્નત્રયના રાગની પણ જેને રુચિ છુટી ગઈ છે. હોય છે. વ્યવહારરત્નત્રયનો રાગ હોય છે. આહાહા..! પણ એની રુચિ છૂટી ગઈ છે. પોષાણ પોષાણમાં નથી, એ રાગ પોષાતો નથી. આહાહા..! અને અજ્ઞાનીને રાગ શુભ હોય પણ એ પોષાય છે, એને ઠીક પડે છે. પોષાણ છે એનું. એના વેપારમાં પોષાણ લાગે છે, લાભ લાગે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ '**સદા વિરક્ત હી હૈં.**' એની વ્યાખ્યા. ઓલા કહે, વિષય છોડીને બેસે એ સદા વિરક્ત છે. ભાઈ! એમ નથી, બાપુ! તો આખો સિદ્ધાંત ફરી જાય. ત્રણલોકના નાથ તીર્થંકર ક્ષાયિક સમકિત લઈને આવે અને છન્નું હજાર સ્ત્રીના વિષય-વાસનાની વૃત્તિ છે, મીઠાશ નથી. મીઠાશ ઊડી ગઈ છે. મીઠાશ આત્મામાં છે. અજ્ઞાની છોડીને બેઠો છે પણ વિષયમાં રાગમાં મીઠાશ છે. રાગમાં મીઠાશ છે એને પાંચ ઇન્દ્રિયના વિષયમાં મીઠાશ જ છે એને. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ છે, પ્રભુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, સંતો દિગંબર સંતો આમ ફરમાવે છે. આહાહા..!

---

**अथ तमेवार्थं दृष्टान्तेन समर्थयति –**

**२०५) अप्पा मिल्लिवि णाणमउ चित्ति ण लग्गइ अण्णु।**
**मरगउ जें परियाणियउ तहुँ कच्चें कउ गण्णु।।७८।।**

**आत्मानं मुक्त्वा ज्ञानमयं चित्ते न लगति अन्यत्।**
**मरकतः येन परिज्ञातः तस्य काचेन कुतो गणना।।७८।।**

**अप्पा इत्यादि। अप्पा मिल्लिवि आत्मानं मुक्त्वा। कथंभूतम्। णाणमउ ज्ञानमयं केवलज्ञानन्तर्भूतानन्तगुणमयं चित्ति मनसि ण लग्गइ न लगति न रोचते न प्रतिभाति। किम्। अण्णु निजपरमात्मस्वरूपादन्यत्। अत्रार्थे दृष्टान्तमाह। मरगउ जें परियाणियउ मरकतरत्नविशेषो येन परिज्ञातः। तहुँ तस्य रत्नपरीक्षापरिज्ञानसहितस्य पुरुषस्य कच्चें कउ गण्णु काचेन किं गणना किमपेक्षा तस्येत्यभिप्रायः।।७८।।**

---

**आगे इसी कथनको दृष्टांतसे दृढ़ करते हैं –**

**गाथा – ७८**

**अन्वयार्थ :– [ ज्ञानमयं आत्मानं ] केवलज्ञानादि अनंतगुणमयी आत्माको [ मुक्त्वा ] छोड़कर [ अन्यत् ] दूसरी वस्तु [ चित्ते ] ज्ञानियोंके मनमें [ न लगति ] नहीं रुचती। उसका दृष्टांत यह है, कि [ येन ] जिसने [ मरकतः ] मरकतमणि (रत्न) [ परिज्ञातः ] जान लिया, [ तस्य ] उसको [ काचेन ] काँचसे [ किं गणनं ] क्या प्रयोजन है ?**

**भावार्थ :– जिसने रत्न पा लिया, उसको काँचके टुकड़ोंकी क्या जरूरत है ? उसी तरह जिसका चित्त आत्मामें लग गया, उसके दूसरे पदार्थोंकी वाँछा नहीं रहती।।७८।।**

**હવે, દૃષ્ટાંત વડે તે જ અર્થનું સમર્થન કરે છે :-**

**ભાવાર્થ :- જેને રત્ન પ્રાપ્ત થઈ ગયું, તેને કાચના ટુકડાઓની શું જરૂર છે? તે રીતે જેનું ચિત્ત આત્મામાં લાગી ગયું તેને બીજા પદાર્થોની વાંછા રહેતી નથી. ૭૮.**

## ગાથા-૭૮ ઉપર પ્રવચન

'**આગે ઈસી કથનકો દૃષ્ટાંતસે દૃઢ કરે છે-**' એ વાતને દાખલો આપીને દૃઢ કરે છે . ૭૮.

**૨૦૫) अप्पा मिल्लिवि णाणमउ चित्ति ण लग्गइ अण्णु।**
**मरगउ जें परियाणियउ तहुँ कच्चें कउ गण्णु।।७८।।**

આહાહા..! દૃષ્ટાંત તો જુઓ! '**કેવલજ્ઞાનાદિ અનંતગુણમયી આત્માકો...**' કેવળજ્ઞાન કેવળ એટલે ઓલી પર્યાય નહિ. એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલો આનંદ આદિ અનંતગુણમય ભગવાન. જ્ઞાનમય શબ્દ લીધો છે ને? એથી પછી જ્ઞાન આદિ અનંતગુણ એમ લેવું. જ્ઞાનની પ્રધાનતાથી આખું કથન આવે છે. જ્ઞાન તે જ આત્મા એમ. બાકી તો અનંતગુણ નથી? આહાહા..!

'**કેવલજ્ઞાનાદિ અનંતગુણમયી આત્મા...**' અનંતગુણવાળો પણ નહિ, અનંતગુણમય. આહાહા..! ભગવાનઆત્મા કેવળજ્ઞાન-એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલો આનંદ, એકલી સ્વચ્છતા, એકલી પ્રભુતા. આહાહા..! એવા જ્ઞાન આદિ અનંતગુણમય, ગુણમય તન્મય, ગુણમય છે. ગુણવાળો એમ પણ નહિ. આહાહા..! અરે..! આત્મા કોને કહેવો એની ખબરું ન મળે. અને આ ધર્મ કરો, સંયમ પાળો અને આ કરો. એકડા વિનાના મીંડા છે બધા. આહાહા..!

'**કેવલજ્ઞાનાદિ અનંતગુણમયી આત્માકો છોડકર દૂસરી વસ્તુ જ્ઞાનિયોંકે મનમેં નહીં રુચતી.**' જોયું! મનમાં રુચતી નથી. આહાહા..! એક રુચિ ભગવાન આનંદસ્વરૂપ. ધર્મી સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને જ્ઞાન કેવળજ્ઞાનમય આદિ અનંતગુણમય પ્રભુ, એનો જેને અનુભવ અને દૃષ્ટિ થઈ છે, એને ભગવાનઆત્મા સિવાય કોઈ વાત રુચતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**દૂસરી વસ્તુ...**' ભગવાન આનંદમય, જ્ઞાનમય એવા અનંતગુણમય પ્રભુ, એની રુચિમાં, પોષાણમાં તો ભગવાન જ છે. એ સિવાય કોઈ વાત શુભરાગ, શુભરાગ કે શરીરની અનુકૂળ સામગ્રી, એમાં ક્યાંય એનું મન લાગતું નથી એટલે રુચતું નથી. લાગતું નથી એમ કહ્યું. જોયું! '**न लगति**' મન લાગતું નથી ક્યાંય. આહાહા..!

રાજકુંવર હોય છે, હજારો રાણી હોય છે અને નીચે નીલમણીના.. શું કહેવાય તમારે? લાદી હોય છે. નીલમણીની લાદી. જ્યારે આત્માના આનંદના સ્વાદ આવ્યા છે. આહાહા..! અને એ આનંદનો સ્વાદ ઉગ્ર લેવા ચારિત્ર ગ્રહણ કરે છે. આનંદનો વિશેષ સ્વાદ લેવા ચારિત્ર

છે. એ માતાને કહે છે. માતા જ્યારે આમંત્રણ કરે છે, બેટા! ઉંમરું નાની, રાણીઓ ૩૨ વર્ષની જુવાન સેંકડો હજારો. ભાઈ! તને દુઃખ થશે. બહારમાં કોણ તને મદદ કરશે? આહાર-પાણી કેવા મળે? તું રાજકુમાર. આ રાણીઓ છોડીને ભાઈ! દુઃખી થઈશ. માતા! મારું મન બીજે ક્યાંય રુચતું નથી. મારો નાથ મને મળ્યો છે, આનંદનો નાથ. આહાહા..! એની સિવાય મને ક્યાંય પોષાતું નથી. એ સ્ત્રીઓ, આબરૂ, કીર્તિ... આહાહા..! માતા! મને અંદર રુચતું નથી. આહાહા..! મારું રુચવું પોષાણ તો પ્રભુ આનંદમાં આવી ગયું છે. આહાહા..! ભાઈ! તને ટાઢા-ઊના. જોતા હશે ઊના અને મળશે ટાઢા. જોતું હશે ટાઢા અને મળશે ઊના. ખાવા બેસે ત્યારે આ રોટલી ઊની તાજી કરીને આપે ને? હું આવીશ ત્યારે રોટલી કરજો, કહે. દુકાનેથી આવું ત્યારે કરજો એટલે પાધરી તાવડીમાંથી ઊની-ઊની થાળીમાં પડે. આહાહા..! બેટા! આવી સગવડતા જાશે, ભાઈ! તને ક્યાં મળશે? બાપુ! માતા! મને પ્રેમ ક્યાંય નથી હવે. મારો પ્રેમ તો ભગવાનમાં છે. એને પુષ્ટ કરવા માટે તો હવે નીકળું છું. આહાહા..! રાગ પાળવા માટે એમ નહિ. મારો અતીન્દ્રિય આનંદનો નાથ, એને પર્યાયમાં પુષ્ટ કરવા હું તો નીકળું છું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

આનંદ ભાસે છે. અમે તો જંગલમાં આનંદમાં રહેશું. જંગલમાં પણ આનંદમાં રહેશું, માતા! તારી આ બધી સગવડતાઓ, તાજા-તાજા રોટલા અને દાળ અને ચુરમાના લાડવા એ બધું એ તાજામાં દુઃખ છે, માતા! અમારો નાથ અંદર આનંદથી ભર્યો. એ આનંદને ચાટવા નીકળીએ છીએ હવે. શેઠ! આહાહા..! ચારિત્ર એટલે શું? આનંદમાં રમણતા કરવી એનું નામ ચારિત્ર. આહાહા..! એકલા ચાલી નીકળે છે આમ. આહાહા..! અરે..! આઠ-આઠ વર્ષના બાળકો, આત્મઅનુભવ થાય છે અને આગળ વધવા માગે છે. આહાહા..! એક મોરપીંછી નાની, એક કમંડળ, જંગલમાં ચાલ્યા જાય એકલા. આહાહા..! વાઘ અને વરુ, સિંહ (હોય એ જંગલમાં) આનંદની લહેર કરતો ચાલ્યો જાય. આહાહા..! શરીર નગ્ન, કપડાનો કટકો નહિ.. આહાહા..! આહાર લેવાનું પાત્ર નહિ. હાથ...

આત્મા શું ખેલ કરે! ઓલું આવે છે ને? અતિમુક્તકુમારનું. શ્વેતાંબરમાં. નાની ઉંમરમાં દીક્ષા લે છે. બધું બનાવ્યું છે કલ્પિત. નાની ઉંમર, બાળક દીક્ષા લે છે પછી જંગલ જાય છે. સાધુની સાથે બહાર જંગલ-દિશા (જાય છે). જ્યાં વળતા આવે ત્યાં વરસાદ બહુ. પાણી... પાણી... પાણી... હવે બાળક છે નાની ઉંમરનો. આઠ વર્ષનો, નવ વર્ષનો. એટલે હાથમાં ઓલું પાત્ર (હતું)... એ તો શ્વેતાંબર છે ને? એમ માનતા હતા ને. પાત્ર સાથે હતું તો પાણી ચાલતું હતું ને? એને પાળ બાંધી. અને પાત્ર મૂક્યું એમાં. 'નાવ તરે રે મોરી નાવ તરે એમ મુનિવર જળ સુ ખેલ કરે.' આહાહા..! 'મુનિવર દોહી નાનડિયા બાળા' એ ગજસુકુમાર અને યતિ. એ 'રાણપુર'માં આવ્યું હતું એક ફેરી (સંવત) ૧૯૮૪માં ત્યાં. ભાઈ હતા ત્યાં. ઓલા શું કહેવાય? છાપનારા.

મુમુક્ષુ :- 'અમૃતલાલ શેઠ'.

ઉત્તર :- 'અમૃતલાલ શેઠ' 'અમૃતલાલ-અમૃતલાલ'. ૮૪ની વાત છે. 'રાણપુર'. એ

બિચારાને તો કાંઈ ખબર નહિ. પણ આવી વાત આવે તો જરીક આમ.. કીધું, જુઓ તો ખરા શું ચાલે છે આ? એ તો શ્વેતાંબરની વાત છે.

પણ છતાં અહીં હવે અમારે તો બીજું કહેવું છે. આનંદમાં ખેલતો આત્મા નાવ અંદરમાં ચાલે છે જ્યારે... આહાહા..! મુનિવર ખેલ કરે. આમ શરીરથી બાળક હોય પણ અંદર આનંદની લહેરમાં ખેલ કરતો હોય છે. સમજાણું કાંઈ? એ ચારિત્ર એ દુઃખદાયક નથી. આવે છે ને? ત્યાગ વૈરાગ્ય. શું? દુઃખદાયક દેખે.. નહિ? 'છ ઢાળા'માં. 'આતમ હિત હેતુ ત્યાગ ને વૈરાગ્ય' એને દુઃખદાયક માને. આહાહા..! અહીં તો આનંદનો નાથ જ્યાં જાગે છે... આહાહા..! એને દૃષ્ટિમાં જ્યાં ભગવાન પરમાત્મા સહજાત્મ સુખથી તન્મય પડ્યો છે... આહાહા..! એના વિશેષ અનુભવ માટે નીકળે છે.. આહાહા..! કહે છે એને પરમાં ક્યાંય રુચિ લાગતી નથી. છે?

ભગવાન આનંદમયને છોડીને... આહાહા..! '**દૂસરી વસ્તુ જ્ઞાનિયોંકે મનમેં નહીં રુચતી.**' આહાહા..! '**ઉસકા દૃષ્ટાંત યહ હૈ, કિ જિસને મરકતમણિ (રત્ન) (પરીક્ષા કરીને) જાન લિયા,...**' સંસ્કૃતમાં પરીક્ષા શબ્દ પડ્યો છે અંદર, ભાઈ! પરીક્ષા શબ્દ આમાં રહી ગયો છે. સંસ્કૃતમાં છે. '**रत्नपरीक्षापरिज्ञानसहितस्य**' રત્નની પરીક્ષા જ્ઞાનસહિત કરી છે જેણે. આહા..! સંસ્કૃતમાં છે. જ્ઞાન દ્વારા રત્નની પરીક્ષા કરી છે, જાણીને કે આ રત્ન. મરકત મણિ. આહાહા..! '**જિસને મરકતમણિ (રત્ન) (પરીક્ષા કરીને) જાન લિયા,...**' જોયું! પરીક્ષા કરીને જાણી લીધું છે. આહાહા..! મણિરત્ન. એમ ને એમ નહિ એમ. આહાહા..! એમ ભગવાનને પરીક્ષા કરીને જાણી લીધો છે, એમ કહે છે. આહાહા..! આ તો દૃષ્ટાંત છે, હોં! પછી સિદ્ધાંત આવશે. '**ઉસકો કાંચસે ક્યા પ્રયોજન** હૈ?' છે? '**कच्चें कउ गण्णु**' છે ને? '**कच्चें कउ गण्णु**' કાચની શું ગણતરી? આહાહા..! કાચના કટકા પડ્યા હોય હજારો-લાખ, પણ જેણે મણિરત્નને પરીક્ષા કરીને જાણી લીધું છે હવે એને કાચનું શું કામ છે? આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બાપુ! એવો છે. આહાહા..! પરીક્ષા કરીને જેણે મણિરત્નને જાણી લીધું છે, પરીક્ષા કરીને જાણી લીધું છે.. આહાહા..! એને કાચના કટકાથી શું કામ છે હવે? લાખો-કરોડો કાચના કટકા હો. આહાહા..!

**ભાવાર્થ :-** '**જિસને રત્ન પા લિયા,...**' પણ આ રીતે, હોં! પરીક્ષા કરીને, જાણી લીધું ઈ. આહાહા..! ભગવાનઆત્માને આનંદના અનુભવથી પરીક્ષા કરીને જાણી લીધો છે, એમ કહે છે. સમજાણું કાંઈ? જેમ કાચની પરીક્ષા કરીને જાણ્યો છે, એમ ભગવાનઆત્માને સમ્યગ્દૃષ્ટિએ પરીક્ષા કરીને જાણ્યો છે. અંદરમાં એકાગ્ર થઈને આનંદનો સ્વાદ આવ્યો (તેનાથી) જાણ્યો છે કે આ આત્મા. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું, ભાઈ! લુખ્ખીલસ લાગે. ઓલું કાંઈક કરે, આમ કરો, તેમ કરો, બાપુ! જ્ઞાનસ્વરૂપ કરે શું? ભગવાન જ્ઞાનસ્વરૂપ જાણે કે કરે કો'કનું? આહાહા..! અરે..રે..! શું થાય? અનાદિથી સ્વસ્વરૂપની પરીક્ષાથી જાણ્યા વિના તે હેરાન-હેરાન છે. એ વ્રત ને નિયમ ને સંયમ પાળે પણ એ બધા

દુઃખી છે બિચારા. આહાહા..! અને પાછા ફળમાં સ્વર્ગાદિમાં જશે તો દુઃખી છે. આહાહા..!

**'જિસને રત્ન પા લિયા, ઉસકો કાંચકે ટૂકડોંકી ક્યા જરૂરત હૈ?** આહાહા..! **ઉસી તરહ જિસકા ચિત્ત આત્મામેં લગ ગયા,...'** આહાહા..! જેનું ચિત્ત એટલે જ્ઞાન જેના આત્મામાં લાગી ગયું. આહાહા..! પરીક્ષા કરીને આત્માને જાણ્યો છે. એનું ચિત્ત તો ત્યાં ચોંટ્યું છે હવે. આહાહા..! **'ઉસકે દૂસરે પદાર્થોંકી વાંછા નહીં રહતી.'** છે? એને બીજા કોઈપણ પદાર્થની, શુભરાગની પણ વાંછા નથી. આહાહા..! દયા, દાન, ભક્તિનો ભાવ આવે ખરો, પણ એની વાંછા નથી કે આ હોય તો ઠીક. તો તો એ તો રાગની ભાવના થઈ ગઈ. એ તો આસ્રવની ભાવના થઈ. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ કઈ જાતનો? કેટલાક એમ કહે છે, આ નવો કાઢ્યો. અરે..! નવો નથી, બાપા! અનંત ભગવાન તીર્થંકરો કહી ગયા. આહાહા..! અનંત સર્વજ્ઞનો કહેલો માર્ગ છે આ તો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આત્મા જૂનો અને સમ્યગ્દર્શન નવું.

ઉત્તર :- એ વસ્તુ અનાદિની છે એનું ભાન થયું એ પછી નવું કહો. પર્યાયથી. આહાહા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નથી લખ્યું? કે તમે તો આ નવો માર્ગ કાઢ્યો. નવીન માર્ગ. એમાં છે, ભાઈ! ત્યારે એનો ઉત્તર આપ્યો છે કે, ભાઈ! અનાદિનો સત્ માર્ગ છે એમાં ખોટો માર્ગ ચલાવ્યો હતો, એમાંથી અમે સાચો કાઢ્યો એ કાંઈ નવો નથી. છે એમાં? 'પરંપરા છોડી નવીન માર્ગમાં પ્રવર્તવું યોગ્ય નથી.' મેં કીધું, ક્યાં હશે? એ પાનું આવ્યું. ઓહોહો..! જુઓ! અરે..! કુદરત સાથે છે ને! આહાહા..! જુઓ!

**'પ્રશ્ન :- પરંપરા છોડી નવીન માર્ગમાં પ્રવર્તવું યોગ્ય નથી?**

**ઉત્તર : જો પોતાની બુદ્ધિથી નવીન માર્ગ પકડે તો યોગ્ય નથી. જે પરંપરા અનાદિનિધન જૈનધર્મનું સ્વરૂપ શાસ્ત્રમાં પ્રરૂપણ કર્યું છે, તેની પ્રવૃત્તિ છોડી વચ્ચે કોઈ પાપી પુરુષોએ અન્યથા પ્રવૃત્તિ ચલાવી હોય,...'** આહાહા..! કેટલામું છે? ૨૧૯ પાનું છે. ગુજરાતી. શું કરે છે? કેવળ વ્યવહારાલંબી જૈનાભાસનું નિરૂપણ. એમાં છે આ. આહાહા..! **'કોઈ પાપી પુરુષોએ અન્યથા પ્રવૃત્તિ ચલાવી હોય, તેને પરંપરા માર્ગ કેવી રીતે કહેવાય? તથા તેને છોડી પુરાતન જૈનશાસ્ત્રોમાં જેવો ધર્મ પ્રરૂપ્યો હતો તેમ પ્રવર્તે તો તેને નવીન માર્ગ કેમ કહેવાય?'** 'દેવીલાલજી'! આહાહા..! લ્યો! આ કાઢવા માટે એ જ પાનું આવ્યું. ભાઈ! આ નવીન નથી. વચ્ચે વિરૂદ્ધ માર્ગ ચલાવ્યો હતો એને છોડીને આ સત્ય હતું એ બહાર મૂક્યું, આવ્યું છે. શેઠ! આહાહા..! વચમાં નાખ્યું, પુણ્યથી ધર્મ થાય અને વ્યવહારથી થાય. એવું ચલાવ્યું હતું પાપી પુરુષોએ. આહાહા..! પાનું એ અને સામું એ આવ્યું. એટલો ભાગ. આહાહા..! જોયું!

**'શાસ્ત્રોના અર્થને વિચારીને જો કાળદોષથી જૈનધર્મમાં પણ પાપી પુરુષોએ કુદેવ-કુગુરુ-કુધર્મ સેવનાદિરૂપ તથા વિષય-કષાય પોષણાદિરૂપ...'** જોયું! રાગને પોષવા આદિરૂપ **'વિપરીત પ્રવૃત્તિ ચલાવી હોય તો તેને ત્યાગ કરી જિનઆજ્ઞાનુસાર પ્રવર્તવું**

**યોગ્ય છે.**' આહાહા..! અહીં પાપી લખ્યું છે. ઓલામાં દુષ્ટ છે. જ્યાં શ્વેતાંબરનું પહેલું કહ્યું છે ને? એ પહેલું જ્યાં લખ્યું છે ત્યાં દુષ્ટ પુરુષોએ ચલાવ્યું એમ લખ્યું છે. ઓલું શ્વેતાંબરનું કાલે.. અંદર છે ને? એ પાંચમાં અધ્યાયમાં છે. એ પાંચમામાં છે. આહાહા..! સાતમું અધ્યયન તો... સાતમો અધ્યાય અમે લખી દીધું હતું. પુસ્તક રાખતા નહોતા. પુસ્તક તો બિચારા બહુ આપે અમને તો. પણ અહીં કોણ એ ઉપાધિ રાખે? પછી સાતમું અધ્યયન... (સંવત) ૧૯૮૨ની સાલમાં આખું 'મોક્ષમાર્ગ પ્રકાશક' વાંચ્યું. પછી પુસ્તક હાથમાં સાથે રાખતા નહિ અને સાતમું અધ્યયન રાખ્યું, ઓહો..! પછી અહીં 'બગસરા' છે. ૮૪ની વાત છે 'બગસરા' ગામ. ઓલા 'કલ્યાણજીભાઈ' હતા. એની પાસે 'મોક્ષમાર્ગ પ્રકાશક' હતું. એ કહે, લઈ જાવ. કીધું, પુસ્તક ક્યાં લઈ જાય? આ સાતમું અધ્યયન લખી લીધેલું પડ્યું હતું અમારી પાસે. ૮૪ની સાલ. આહાહા..! ગજબ કામ કર્યા છે.

મુમુક્ષુ :- એ પાના અત્યારે કબાટમાં પડ્યા છે.

ઉત્તર :- પડ્યા છે અંદર. હા, પડ્યા છે ને. ૮૪ની સાલ. ૧૬ અને ૩૩. ૪૯. આહાહા..! એમાં આ છે. બાપુ! માર્ગ તો આ છે ને, ભાઈ! આહાહા..! જુઓ! છે ને? એ નવીન માર્ગ કેમ કહેવાય? આહાહા..!

'**બીજું, કુળમાં જેવી જિનદેવની આજ્ઞા છે તેવી જ ધર્મની પ્રવૃત્તિ હોય તો પોતે પણ તે જ પ્રમાણે પ્રવર્તવું યોગ્ય છે, પરંતુ તેને કુળાચરણ ન જાણી, ધર્મ જાણી તેના સ્વરૂપ-ફળાદિનો નિશ્ચય કરી અંગીકાર કરવો.**' ઓળખાણ કરવી જોઈએ. કુળમાં જન્મ્યા-જન્મ્યા દિગંબરમાં માટે (સાચું) એ નહિ. દિગંબર શું? હજી દિગંબર કોને કહેવા? વાડામાં જન્મ્યા એટલે (દિગંબર) થઈ ગયા? એ માટે તો આ કહે છે. કુળના મનુષ્યો જો આચરણને છોડશે તો પોતે પણ છોડી દેશે. કુળધર્મ પ્રમાણે કરવું એ છે નહિ. દિગંબર કુળમાં જન્મ્યા માટે એ નહિ. પરીક્ષા કરીને આત્મા શું? પુણ્ય શું? આસ્રવ શું? આહાહા..! બહુ સારી વાત લીધી છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'. આહાહા..!

'**જિસને પરીક્ષા કરકે રત્ન પા લિયા,...**' એમ નાખવું, પરીક્ષા શબ્દ એક વધારે. સંસ્કૃતમાં છે માટે. '**જિસને પરીક્ષા કરકે રત્ન પા લિયા, ઉસકો કાંચકે ટુકડોંકી ક્યા જરૂરત? ઉસી તરહ જિસકા ચિત્ત (-જ્ઞાનપર્યાય) આત્મામેં લગ ગયા,...**' આહાહા..! મારો ભગવાન અતીન્દ્રિય આનંદમય પ્રભુ, એની જેને રુચિ જામી ગઈ. આહાહા..! ભલે પછી આઠ વર્ષની બાલિકા હો. અને પછી લગન પણ કરે. સમજાય છે? પણ રુચિ નથી ત્યાં. આહાહા..! આ વાત. આનંદસ્વરૂપમાં રુચિ જામી ગઈ છે. આહાહા..!

'**ઉસકે દૂસરે પદાર્થોંકી વાંછા નહીં રહતી.**' આહાહા..! એક સ્વપદાર્થની ભાવના સિવાય.. આહાહા..! '**દૂસરે પદાર્થોંકી વાંછા નહી રહતી.**' વ્યવહારરત્નત્રયની પણ ભાવના નથી રહેતી, એમ કહે છે. આહાહા..! દૂસરામાં બધું આવી ગયું કે નહિ? આહાહા..! આવે ખરો. વ્યવહાર હોય ખરો. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી નિશ્ચય સાથે વ્યવહાર હોય. પણ

એની ભાવના ન હોય કે આ રહેજો અને ટકજો. એની હોંશ ન હોય. આહાહા..! સમજાણું કાંઈ? એ ૭૮ થઈ. આજ તો સાડા આઠથી હતું ને? સાડા નવ છે. પાંચ-છ મિનિટ છે.

---

अथ कर्मफलं भुञ्जानः सन् योऽसौ रागद्वेषं करोति स कर्म बध्नातीति कथयति –

२०६) भुंजंतु वि णिय-कम्म-फलु मोहइँ जो जि करेइ।
भाउ असुंदरु सुंदरु वि सो पर कम्मु जणेइ।।७९।।
भुञ्जानोऽपि निजकर्मफलं मोहेन य एव करोति।
भावं असुन्दरं सुन्दरमपि स परं कर्म जनयति।।७९।।

भुंजंतु वि इत्यादि। भुंजंतु वि भुञ्जानोऽपि। किम्। णिय-कम्म-फलु वीतरागपरमाह्लादरूपशुद्धात्मानुभूतिविपरीतं निजोपार्जितं शुभाशुभकर्मफलं मोहइं निर्मोहशुद्धात्मप्रतिकूलमोहोदयेन जो जि करेइ य एव पुरुषः करोति। कम्। भाउ भावं परिणामम्। किंविशिष्टम्। असुंदरु सुंदरु वि अशुभं शुभमपि सो पर स एव भावः कम्मु जणेइ शुभाशुभं कर्म जनयति। अयमत्र भावार्थ। उदयागते कर्मणि योऽसौ स्वस्वभावच्युतः सन् रागद्वेषौ करोति स एवः कर्म बध्नाति।।७९।।

---

आगे कर्म-फलको भोगता हुआ जो राग-द्वेष करता है, वह कर्मोंको बांधता है –

गाथा – ७९

अन्वयार्थ :– [ य एव ] जो जीव [ निजकर्मफलं ] अपने कर्मोंके फलको [ भुंजानोऽपि ] भोगता हुआ भी [ मोहेन ] मोहसे [ असुंदरं सुंदरम् अपि ] भले और बुरे [ भावं ] परिणामोंको [ करोति ] करता है, [ सः ] वह [ परं ] केवल [ कर्म जनयति ] कर्मको उपजाता (बाँधता) है।

भावार्थ :– वीतराग परम आह्लादरूप शुद्धात्माकी अनुभूतिसे विपरीत जो अशुद्ध रागादिक विभाव उनसे उपार्जन किये गये शुभ-अशुभ कर्म उनके फलको भोगता हुआ जो अज्ञानी जीव मोहके उदयसे हर्ष-विषाद भाव करता है, वह नये कर्मोंका बंध करता है। सारांश यह है कि, जो निज स्वभावसे च्युत हुआ उदयमें आये हुए कर्मोंमें राग द्वेष करता है, वही कर्मोंको बाँधता है।।७९।।

---

હવે, કર્મફળને ભોગવતો થકો જે રાગદ્વેષ કરે છે તે કર્મ બાંધે છે એમ કહે છે :

ભાવાર્થ : જે પુરુષ વીતરાગ પરમ આહ્‌લાદરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિથી વિપરીત સ્વોપાર્જિત (પોતે ઉપાર્જિત કરેલા) શુભાશુભકર્મના ફળને ભોગવતો થકો પણ નિર્મોહ એવા શુદ્ધ આત્માથી પ્રતિકૂળ મોહોદયથી શુભ-અશુભ (સારા-નરસા)

**પરિણામને કરે છે તે જ (તે ભાવ જ) શુભાશુભ કર્મ ઉપજાવે છે.**

**અહીં, એ ભાવાર્થ છે કે જે કોઈ સ્વભાવભાવથી ચ્યુત થતો ઉદયાગત કર્મમાં રાગ-દ્વેષ કરે છે તે જ કર્મ બાંધે છે. ૭૯.**

## ગાથા-૭૯ ઉપર પ્રવચન

'**આગે કર્મ-ફલકો ભોગતા હુઆ...**' જુઓ! '**જો રાગ-દ્વેષ કરતા હૈ, વહ કર્મોંકો બાંધતા હૈ-**' એમ કહે છે. જ્ઞાનીને કર્મના ફળ આવે તેમાં રુચિ અને પ્રેમ નથી, એમ કહે છે. એથી એને એ પ્રકારનો રાગ-દ્વેષ થતો નથી. રુચિ પ્રત્યેનો. રુચિનો જે રાગ-દ્વેષ એ એને હોતો નથી. તેથી એને બંધન છે નહિ. આહાહા..! અજ્ઞાનીને તો કર્મના ફળ આમ સામગ્રી (જોઈને)... આહાહા..! (થઈ જાય છે). ૭૯.

**૨૦૬) भुंजंतु वि णिय-कम्म-फलु मोहइँ जो जि करेइ।**
**भाउ असुंदरु सुंदरु वि सो पर कम्मु जणेइ।।७९।।**

**અન્વયાર્થ :- '**જો જીવ અપને કર્મોંકે ફલકો ભોગતા હુઆ ભી મોહસે ભલે ઔર બુરે પરિણામોંકો કરતા હૈ,...**' આહાહા..! શુભ અને અશુભભાવ કરે, કર્મના ઉદયમાં જોડાઈને. આહાહા..! સામગ્રી મળી, ચક્રવર્તીનું રાજ મળે. 'બ્રહ્મદત્ત'ને મળ્યું. મોહ અને રાગ-દ્વેષ કરીને મરીને નરકે ગયો. આહાહા..! 'ભરત' ચક્રવર્તી, છ લાખ પૂર્વ સુધી ચક્રવર્તીપદમાં રહ્યા. છ લાખ પૂર્વ કોને કહે? એક પૂર્વમાં સીત્તેર લાખ અને છપ્પન હજાર કરોડ વર્ષનું એક પૂર્વ. એવા એક પૂર્વ, બે પૂર્વ એવું એને હજાર પૂર્વ નહિ પણ લાખ પૂર્વ. એવા છ લાખ પૂર્વ. છ લાખ પૂર્વ. આહાહા..! રાગનું પરિણમન થોડું આસક્તિનું હતું. એ દીક્ષા લઈને જ્યાં અંદર ઉતર્યા, તોડી નાખ્યું. આહાહા..! અંતર્મુહૂર્તમાં છ લાખ પૂર્વનું જે ચારિત્રના આસક્તિ અને રાગનું પાપ હતું (એ તોડી નાખ્યું). અંદર ઉતર્યા. એક અંતર્મુહૂર્તે છ લાખ પૂર્વનું પાપ નાશ કરી નાખ્યું. ચક્રવર્તીનું.. રાગ ને એ બધું. એ તો અસ્થિરતાનો રાગ (હતો). રુચિનો રાગ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**निजकर्मफलं**' ભાષા એમ છે ને? પોતે બાંધેલા કર્મ એનું ફળ. એમ. '**ભોગતા હુઆ ભી મોહસે ભલે ઔર બુરે પરિણામોંકો કરતા હૈ,** આહાહા..! **વહ કેવલ કર્મકો ઉપજાતા (બાંધતા) હૈ.**' આહાહા..! નવા કર્મ બાંધે છે. કર્મના ફળમાં પ્રેમ છે ને? અમે કર્યા અને જુઓ આવ્યા છે આ. આહાહા..! જુઓને! આ આરબને એક કલાકમાં બે કરોડની પેદાશ. એના ફળ ભોગતા તીવ્ર પાપ બાંધશે. ગજબ વાતું, બાપા! અને પોઢશે નર્કમાં જશે. આહાહા..! એને તો પરલોકની શ્રદ્ધા પણ ન હોય, મુસલમાન છે તો. આહાહા..! '**ભલે**

**ઔર બુરે...**' ભાવ. જોયું! '**કર્મકો ઉપજાતા (બાંધતા) હૈ.**' આહા..!

**ભાવાર્થ :- 'વીતરાગ પરમ આહ્લાદરૂપ શુદ્ધાત્માકી અનુભૂતિસે વિપરીત...**' આહાહા..! એ અશુદ્ધ રાગાદિ ભાવ. અશુદ્ધ પુણ્ય અને પાપનો ભાવ એ વીતરાગ પરમાનંદરૂપ શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત છે. આહાહા..! '**વીતરાગ પરમ આહ્લાદરૂપ...**' ભગવાન વીતરાગસ્વરૂપે બિરાજે છે પ્રભુ બધા. આહાહા..! અતીન્દ્રિય આનંદમાં તન્મય-તન્મય પ્રભુ છે બધા. આહાહા..! અતીન્દ્રિય આનંદથી રસબોળ છે. આહાહા..! એવી જે '**વીતરાગ પરમ આહ્લાદરૂપ શુદ્ધાત્માકી અનુભૂતિસે...**' એનો જે અનુભવ. આહાહા..! એનાથી વિપરીત '**અશુદ્ધ રાગાદિક વિભાવ...**' આહાહા..! શુભ અને અશુભભાવ બેય એનાથી વિપરીત છે.

'**ઉનસે ઉપાર્જન કિયે ગયે શુભ-અશુભ કર્મ ઉનકે ફલકો ભોગતા હુઆ જો અજ્ઞાની જીવ મોહકે ઉદયસે હર્ષ-વિષાદ ભાવ કરતા હૈ,...**' મોહના ઉદયથીનો અર્થ વિકારને પ્રગટ કરીને '**હર્ષ-વિષાદ ભાવ કરતા હૈ,...**' આહાહા..! '**નયે કર્મોંકા બંધ કરતા હૈ. સારાંશ યહ હૈ કિ, જો નિજ સ્વભાવસે ચ્યુત હુઆ...**' આહાહા..! '**ઉદયમેં આયે હુએ કર્મોંમેં રાગ દ્વેષ કરતા હૈ, વહી કર્મોંકો બાંધતા હૈ.**' લ્યો! વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે



... પ્રકાશક...

**શ્રી સીમંધર–કુંદકુંદ–કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**

રાજકોટ